॥ શ્રી સ્વામિનારાયણ વિજયતેતરામ્ ॥

અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા તથા આશીર્વાદથી

# શ્રીજી સમકાલિન ભક્તોની પૂર્વ સ્મૃતિઓ તથા મુસ્લીમ ભક્તો




-:: પ્રકાશક ::-

Midwest Shree Swaminarayan Temple
(Under Nar Narayan Dev Diocese)
International Swaminarayan Satsang Organisation

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતી
પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
આજ્ઞા તથા આશીર્વાદથી

# શ્રીજી સમકાલિન ભક્તોની પૂર્વ સ્મૃતિઓ તથા મુસ્લીમ ભક્તો

-:: પ્રકાશક ::-

**Midwest (Itasca) Shree Swaminarayan Temple**
(Under Nar Narayan Dev Diocese)
International Swaminarayan Satsang Organisation
21 W 710 Irving Park Road, Itasca. IL-60143
Ph. : (866) 838 - 4778 Fax : (630) 351 - 1885
Live Darshan : http://www.issochicago.org

# શ્રીજી સમકાલિન ભક્તોની પૂર્વ સ્મૃતિઓ તથા મુસ્લીમ ભક્તો

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
આજ્ઞા તથા આશીર્વાદથી

સર્વહક્ક પ્રકાશનને સ્વાધીન છે.

પ્રકાશન તિથિ : ૨૦મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે (દ્વિદશાબ્દી મહામહોત્સવ)
સંવત ૨૦૭૪ અષાઢ વદ-૮, તા. ૫ ઓગષ્ટ-૨૦૧૮, રવિવાર

પ્રથમ આવૃતિ :

પ્રત : ૧૦૦૦

સંકલન કર્તા : સ.ગુ.શા. સ્વામી યજ્ઞપ્રકાશદાસજી (શિકાગો)
પ.ભ.શ્રી હિંમતભાઈ માવજીભાઈ મોરશિયા - (રતનપર)

મૂલ્ય : વિના મૂલ્ય

પ્રકાશક : મિડવેસ્ટ શ્રી સ્વામિનારાયણ મંદિર ઈટાસ્કા, શિકાગો,
યુ.એસ.એ. (ISSO)

મુદ્રક : હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા. લી. - અમદાવાદ
મો. ૯૮૨૫૮ ૫૦૫૫૯, મો. ૯૮૭૯૯ ૬૧૭૮૯



શ્રી નરનારાયણદેવ - અમદાવાદ



શ્રી રાધાકૃષ્ણદેવ - શ્રી હરિકૃષ્ણ મહારાજ



શ્રી ધર્મકુળ પરિવાર

His Holiness Acharya Maharaj
Shri Koshalendraprasadji Pande

॥ શ્રી સ્વામિનારાયણ નમઃ ॥

Per.Sec./21/17-18

Dt : 30/03/2018

# આજ્ઞાપત્ર

પ્રતિ
શ્રી સ્વામિનારાયણ મંદિર,
(I.S.S.O.)
શિકાગો (અમેરિકા)

જયશ્રી સ્વામિનારાયણ.

વિ. આપણા શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરના ૨૦ વર્ષ પૂર્ણ થતા "દ્વિદશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં "શ્રીજીના સમકાલીન ભક્તોની પૂર્વ સ્મૃતિઓ અને મુસ્લિમ ભક્તો" નામના પુસ્તકનું પ્રકાશન દરેક હરિભક્તો માટે ખૂબજ ઉપયોગી બનશે. પુસ્તકમાં શ્રીહરિના અનેક મુક્તોના લીલા પ્રસંગોમાંથી કોઈ પ્રસંગ અંતકાળે યાદ આવે તો ગમે તેવા જીવનું પણ રૂડું થશે. પ્રકાશનમાં યેનકેન પ્રકારે સેવા કરનાર હરિભક્તોને અનેકાનેક ધન્યવાદ સહ અમારા અંતઃકરણ પૂર્વકના રૂડા આશીર્વાદ છે.

રૂડા આશીર્વાદ સહ

આજ્ઞાથી,

પર્સનલ સેક્રેટરી
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ શ્રી
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર-અમદાવાદ.

Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070

# પ્રસ્તાવના

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની અસીમ કૃપાથી તથા **પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશિર્વાદથી** શ્રીજી મહારાજના સમયે દુર્વાસા મુનિના શ્રાપ અને સમગ્ર બ્રહ્માંડથી મોક્ષ મેળવવા માટે પ્રગટ થયેલા અનેક ઋષિઓ તથા ભક્તોની અનુપમ ગાથા આ પુસ્તકમાં લખવામાં આવી છે. જેનું શ્રવણ મનના ચિંતવન સર્વે દોષ માત્રને ટાળીદે તેવું છે. ભક્તોની અનુપમ ગાથાઓ અનેક સત્તશાસ્ત્રોમાં જુદી-જુદી જગ્યાએ જુદી-જુદી રીતે લખાયેલી છે. સર્વે શાસ્ત્રોમાંથી તે ભક્તોની કથાઓને એકત્રીત કરી અને એક ગ્રંથના રૂપે પ્રકાશિત કરવાનો પ્રયત્ન મેં મારી બુદ્ધિ પ્રમાણે કર્યો છે.

આ પુસ્તકમાં જે કથાઓ લખવામાં આવી છે. તે આપણા સ્વામિનારાયણ સંપ્રદાયના નંદ સંતો દ્વારા રચિત ધર્મ ગ્રંથનો સંદર્ભ લઈને જ લખેલી છે.

આ પુસ્તક લખવાનું કારણ માત્ર એટલું જ છે. કે આપણા સત્સંગમાં પ્રગટ થયેલ એ ભક્તોના પૂર્વના ઈતિહાસ અને મુસ્લીમ ભક્તો જેમને મહારાજ વખતે તેમને પ્રાપ્ત થયેલ શ્રીહરિનો રાજીપો તેનું અખંડ આપણે શ્રવણ કરતા રહીએ. અને આપણે પણ તે પ્રમાણે ભક્તિ ભાવથી શ્રીહરિને રાજી કરીએ તેજ છે.

આ પુસ્તક લખવામાં અને પ્રુફ રીડીંગ કરવામાં કોઈ ક્ષતી રહી ગઈ હોય તો તે ભુલને સુક્ષ્મ ગણી સત્સંગનો એક નાનો સેવક (દાસ) જાણીને ક્ષમ્ય ગણાશો. એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

**લિ.**

**સાધુ યજ્ઞપ્રકાશદાસ**

**(શિકાગો)**

# નિવેદન

**હરિભક્ત તણા આખ્યાન, સુણીયે થઈને સાવધાન**
**તેથી તેના જેવા ગુણ આવે, પ્રીતિ પ્રભુપદમાં ઉપજાવે**
**જેણે ભક્તિ કરી શિર સાટે, સહ્યાં સંકટ સત્સંગ માટે**
**થયા સત્સંગી આ સમે એવા, ધ્રુવજી અને પ્રહલાદ જેવા**
**આવાં આવાં સુણે જે આખ્યાન, થાય પવિત્ર તેહના કાન**
**તન શુદ્ધિ તો તીરથ સ્નાને, મન શુદ્ધિ આવાં આખ્યાને**
*(હરિલીલામૃત)*

હરિલીલામૃતમાં જે ઉપરોક્ત પંક્તિઓ આપેલ છે. જેમાં શ્રીહરિના મોટા ભક્તોના આખ્યાન સાંભળવા - વાચંવાથી પરિવર્તન - જીવનશુદ્ધિ-ધ્યેયશુધ્ધિ અને આત્યાંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય છે. શ્રીજી સમકાલિન ભક્તોની પૂર્વ સ્મૃતિઓ તથા મુસ્લિમ ભક્તો ગ્રંથમાં અનેક ભક્તોની અલૌકિક કથા લખવામાં આવી છે. વાંચવા અને સાંભળવાથી આપણા જીવનમાં પણ ભગવાનને પ્રાપ્ત કરવાની તાલવેલી અતી તીવ્ર બની જાય અને ભગવાનમાં હેત અતી થાય.

આપણા સત્સંગમાં પૂર્વ દુર્વાસાના શ્રાપને ગ્રહણ કરીને અનેક ઋષિ મહાત્માઓ એ જન્મ ધારણ કર્યા છે. જેમાં કોઈ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કુળમાં પ્રગટ થઈ શ્રીહરિને પામ્યા છે. એવા સંતો-ભક્તોની વાતો આ ગ્રંથમાં લખવામાં આવી છે.

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. ગાદીવાળાશ્રી, પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી આદિ સમગ્ર ધર્મકુળ અને સંતોના યર્થાથ પ્રયત્નથી આજે વિદેશની ધરતી પર શ્રી સ્વામિનારાયણ નામનો ડંકો વાગી રહ્યો છે. આ ધોર કળીકાળમાં વિદેશી સંસ્કારોની વચ્ચે જન્મેલ બાળકોને આજે પણ ભારતીય સંસ્કૃતિના સંસ્કારોનું જ્ઞાન આપવામાં આવે છે. તે ખરેખર ખુબજ આનંદની વાત છે. અને આપણા સત્સંગનું યર્થાથ જ્ઞાન સર્વ સુધી પહોંચી રહે માટે જ આ ગ્રંથ પ્રકાશીત કરવામાં આવી રહ્યો છે.

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું નામ આજે વિશ્વમાં ગુજતું થઈ ગયુ છે. ભગવાન શ્રીહરિએ સર્વ પ્રથમ અમદાવાદમાં શિખરબંધ મંદિરનું નિર્માણ કરી સારાએ ગુજરાત પ્રાંતને સત્સંગના રંગે રંગી દીધો. તેમ શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના પીઠાધિપતી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા અમેરિકાની ધરતી પર ISSO સંસ્થાનું સર્વપ્રથમ શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરનું શિકાગો પ્રાંતમાં નિર્માણ થયું અને ત્યારબાદ અનેક મંદિરોના નિર્માણ અધ્યપિ પર્યન્ત થઈ રહ્યા છે. જે સત્સંગ સમાજ માટે ખુબજ ગૌરવની વાત છે.

મિડવેસ્ટ શ્રી સ્વામિનારાયણ મંદિર - શિકાગોમાં વિક્રમ સંવત ૨૦૫૪ શ્રાવણ સુદ-૯ તા.૨ ઓગષ્ટ ૧૯૯૮ના શુભ દિવસે બીરાજમાન શ્રી રાધા-કૃષ્ણ દેવ, શ્રી ઘનશ્યામ મહારાજ મહાપ્રતાપી અને સંકલ્પમૂર્તિ છે. જેમને જોતજોતમાં પાંચમી ઓગષ્ટે ૨૦ વર્ષ પૂર્ણ થતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ અને નિજ મંદિરમાં સેવા આપતા સ.ગુ.શા. સ્વામી યજ્ઞપ્રકાશદાસજી, ગુરૂ સ.ગુ.શા.સ્વામી ગુરૂપ્રસાદદાસજી (અમદાવાદ), સ.ગુ. પૂજારી સ્વામી શાંતિપ્રકાશદાસજી, ગુરૂ સ.ગુ.શા.સ્વામી યોગેશ્વરદાસજી (મૂળીધામ) આદી સંત મંડળના માર્ગદર્શનથી તથા સર્વ હરિભક્તોના સંપૂર્ણ સાથ સહયોગથી શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો નો ૨૦માં વાર્ષિક પાટોત્સવ(દ્વિ દશાબ્દિ મહા મહોત્સવ) અતી ધામ ધુમથી ઉજવીએ છીએ.

ત્યારે આ પ્રસંગના ઉપલક્ષમાં અનેક વિધ ધાર્મિક અને સમાજિક આયોજનો પૈકી સંપ્રદાયના ઉત્કર્ષ વિકાસ માટે એક સાહિત્યનું પણ પ્રકાશન થાય તે વાતને ધ્યાનમાં રાખીને. અમારા શિષ્ય. સ.ગુ.શા.સ્વામી યજ્ઞપ્રકાશદાસજી તથા પ.ભ.શ્રી હિંમતભાઈ માવજીભાઈ મોરસીયા (રતનપર) બંન્નેએ સાથે મળી ‘‘શ્રીજી સમકાલીન ભક્તોની સ્મૃતિઓ તથા મુસ્લીમ ભક્તો’’ નામનો ગ્રંથ તૈયાર કરી શ્રી સ્વામિનારાયણ મંદિર - શિકાગો દ્વારા પ્રકાશિત કરી સત્સંગ સમાજને ભેટ આપતા ખૂબજ આનંદની લાગણી અનુભવીએ છીએ. આ ગ્રંથને પ્રકાશિત કરવામાં જે - જે હરિભક્તો દ્વારા સેવા પ્રાપ્ત થઈ છે. તેમને શ્રીહરિ સેવા કરવાનું વિશેષ બળ આપે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**લિ. સ.ગુ.શા.સ્વામી ગુરૂપ્રસાદદાસજી ગુરૂ**
**સ.ગુ.શા. સ્વામી હરિગોવિંદદાસજી (અમદાવાદ)**

# અનુક્રમણિકા


**૧. લોમેશ મુનિનો અવતાર આત્માનંદ સ્વામી ........ ૨૨**
- સ્વામીનો બીજો જન્મ ........ ૨૩
- ભટ્ટજીના વચને યુદ્ધમાં વિજય ........ ૨૩
- વાસુકી નાગનું દર્શન કરાવ્યું. ........ ૨૪
- વિશ્વંભર ભટ્ટનું વિચરણ ........ ૨૫
- વિશ્વંભર ભટ્ટે વીંછીમાંથી સોનામહોર કરી ........ ૨૫
- વાલબાઈને ત્યાગી કર્યા ........ ૨૬
- ગોકુળ-મથુરામાં વૈરાગીને તેમની ભૂલ ઓળખાવી ........ ૨૮
- રામાનંદ સ્વામીએ રામદાસજીને ત્યાગી કર્યા ........ ૨૯
- ધ્રાફાનો મેળો ભાંગ્યો ........ ૨૯
- વિઠ્ઠલજીનાં સ્તનમાં દૂધ મૂક્યું ........ ૩૧
- શેરડીના ખેતરવાળાને ઐશ્વર્ય દેખાડ્યું ........ ૩૧
- આત્માનંદસ્વામીનો દેહત્યાગ ........ ૩૩

**૨. વાલ્મીકી ઋષિ ........ ૩૫**
- ગોપાળ બ્રહ્મચારી (વાલ્મીકિ ઋષિ)ની પરંપરા ........ ૩૬

**૩. ઉદ્ધાતાર રામાનંદ સ્વામી ........ ૩૮**
- રામાનંદ સ્વામીને રામાનુજાર્યજીનું દર્શન ........ ૩૯
- સ્વામીએ સાત સદાવ્રત અને અભ્યાગતને આશરો આપી જમાડયા .. ૩૯

**૪. કશ્યપ ઋષિ તથા અદિતી માતા ........ ૪૦**

**૫. બાલશર્મા ........ ૪૪**

**૬. ભક્તિ માતાના માતા - ભવાની દેવી ........ ૪૮**

**૭. પરિક્ષિત રાજા એભલ ખાચર થયા ........ ૫૧**
- ઉન્નડ ખાચર આત્માનંદ સ્વામીના શિષ્ય હતા ........ ૫૨
- રાણદેબાને પુત્રપ્રાપ્તિનું વરદાન ........ ૫૩
- બાવા ખાચરનો જન્મ ........ ૫૬
- કાઠી વિષેની માહિતી ........ ૫૬
- વાળા, ખાચર અને ખુમાણનો ઈતિહાસ ........ ૫૭
- ગઢપુરની સ્થાપના ........ ૬૧
- આ લીંબડા નીચે ભગવાન આવીને બેસશે ........ ૬૩
- શ્રીહરિનું પ્રથમ આગમન ગઢપુરમાં ........ ૬૪
- આજે લાપસીના આંધણ મૂકો ........ ૬૬
- એભલબાપુને મનુષભાવ ટાળવા ચતુર્ભુજરૂપે દર્શન ........ ૬૮

- એભલ ખાચરને સમાધિમાં શિવદર્શન ............................ ૬૯
- મહારાજે એભલ ખાચરની મહાકાળથી રક્ષા કરી તે વૃત્તાંત ........ ૭૦

**૮. પાંચ પાંડવનો સત્સંગમાં જન્મ ............................................ ૭૩**

- અર્જુન ............................................................ ૭૪
- શ્રેષ્ઠ વિદ્યાર્થી .................................................. ૭૫
- દ્રૌપદી ............................................................ ૭૬
- વૈવાહિક જીવન .................................................. ૭૭
- ગાંડિવ............................................................. ૭૮
- યુદ્ધ પછી ........................................................ ૭૯
- અન્ય નામો ...................................................... ૮૦
- અર્જુન દાદાખાચર બની અવતર્યા ................................ ૮૦
- દાદો તમારું ઘર ઉજાળશે ......................................... ૮૧
- દાદો તો ખરેખર મહાન ભક્ત છે ................................ ૮૨
- શ્રીહરિ મારા દાદાનું પળપેળ ધ્યાન રાખે છે ..................... ૮૩
- દાદા ખાચર! તમારે ત્યાં અમે નિરંતર રહેશું...................... ૮૫
- દાદા ખાચરનું કાળ દ્વારા અપહરણને શ્રીહરિએ કરેલ રક્ષણ ....... ૮૫
- દાદા ખાચર માથે ભગવાનનું છત્ર છે ............................ ૮૮
- દાદાને અમારી મૂર્તિ સિવાય કોઈ પદાર્થ છે જ નહિ............... ૯૧
- વચનામૃતનો પ્રારંભ દાદાના દરબારમાં .......................... ૯૩
- વચનામૃતમાં દાદા ખાચર............................................ ૯૩
- દાદાએ બહેનોને ગરાસ લખી આપ્યો ............................ ૯૪
- તમે દાદા ખાચરમાં બંધાય ગયા છો ............................ ૯૫
- દાદા ખાચરે લક્ષ્મીવાડી મંદિરને અર્પણ કરી ....................... ૯૫
- દાદા ખાચર નો દેહત્યાગ............................................ ૯૬

**૯. મરૂતરાજા અમરા ખાચર રૂપે અવતર્યા ...................................... ૯૭**

- શ્રીજી મહારાજે અમરા ખાચરજી ને ભવિષ્ય કહ્યું ................ ૯૯

**૧૦. પ્રેમાનંદ સ્વામી....................................................... ૧૦૦**

- પ્રેમાનંદ સ્વામીનો પૂર્વજન્મ ....................................... ૧૦૦
- પ્રેમાનંદ સ્વામીનો બીજો જન્મ ...................................... ૧૦૦
- ડોસાભાઈનો પરિચય અને પુત્ર પ્રાપ્તિ ............................ ૧૦૧
- સ્વામીના જન્મ વિષે તર્ક વિર્તક .................................. ૧૦૨
- નુરતાંઈ............................................................ ૧૦૨
- નુરતાઈમાંથી નિજબોધાનંદ ........................................ ૧૦૪
- નિજબોધાનંદથી પ્રેમાનંદ સ્વામી થયા............................. ૧૦૪

- પ્રેમાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી ........................ ૧૦૬
- મહાન ત્યાગ ........................................ ૧૦૭
- દિવાનની સ્ત્રીનો કામ બાળ્યો ................................ ૧૧૨
- પ્રેમસખી ભાવ ભજવી ગઈ ................................ ૧૧૨
- સ્વામીનો અક્ષરવાસ........................................ ૧૧૬

**૧૧. સનકાદિકોનો સત્સંગમાં જન્મ ........................................ ૧૧૭**

- બ્રહ્મચારીઓનું પૂજન, ભોજન અને સનકાદિકોની ઓળખ ......... ૧૧૯
- એક સનકાદિક સ.ગુ. શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારી રૂપે ............. ૧૨૦
- વાસુદેવ બ્રહ્મચારીને મોટેરા કર્યા ................................ ૧૧૨
- બીજા સનકાદિક આનંદાનંદ બ્રહ્મચારી રૂપે જન્મ્યા ............... ૧૨૩
- આનંદાનંદ બ્રહ્મચારીએ ત્યાગી થવાની માત-પિતા પાસે રજા માંગી ... ૧૨૫
- અમદાવાદ સેવામાં જવા તૈયાર થયા, મહારાજે ગુલાબના ચાર હાર પહેરાવી ને કહ્યું જે, આ તો મૂળજી બ્રહ્મચારી જેવા છે. ........... ૧૨૫
- સાત મહિના અમદાવાદ સેવા કરીને લોયા આવ્યા ને સંઘા પટેલને ત્યાં જમ્યા........................................ ૧૨૬
- પંચાળામાં મહારાજે ચાર સનકાદિકની આરતી કરી .............. ૧૨૭
- પીપરડીમાં આનંદાનંદ બ્રહ્મચારીએ કૂવેથી સિંચી મહારાજને પાણી પાયું ૧૨૭
- મહારાજે આનંદાનંદ બ્રહ્મચારીને સાકરની પ્રસાદી આપી .......... ૧૨૮
- જોટીંગડામાં આનંદાનંદ બ્રહ્મચારીએ મહારાજએ ઠંડુ પાણી પાયું..... ૧૨૮
- આનંદાનંદ બ્રહ્મચારીએ ગઢપુરમાં ઘણી સેવા કરાવી .............. ૧૨૮
- આનંદાનંદ બ્રહ્મચારીને પાઘ આપીને જૂનાગઢ સેવામાં મોકલ્યા .... ૧૨૯
- મહારાજે આનંદનંદ બ્રહ્મચારીને ધોલેરા સેવામાં મોકલ્યા .......... ૧૨૯
- ઝાંઝમેરમાં જેરામ બ્રાહ્મણને સ્વામીના આશીર્વાદથી દશ હજાર રૂપિયા થયા ........................................ ૧૨૯
- આનંદાનંદ બ્રહ્મચારીએ વાવડીના નાનભાની આંખનો મસ આંગળી અડાડીને મટાડ્યો ........................................ ૧૩૦
- બ્ર. આનંદનંદજીએ વાવડીના ભગવાન પટેલના વીર ભગાડ્યા ..... ૧૩૦
- રેવા ગામમાં બ્ર. આનંદાનંદજીએ અમીચંદ શેઠને ધીરજ આપી..... ૧૩૧
- ઉમરાળાના રળિયાતબાને સ્વામીએ આશિષ આપ્યા ................ ૧૩૧
- નથુ શ્રીમાળીને સ્વામીનાં વચને ત્રણ દીકરા થયા................. ૧૩૨
- ઉમરાળા મંદિરને નડતો લીંબડો કપાવ્યો ......................... ૧૩૨
- ઉમરાળામાં સ્વામીનો વિદ્યાર્થી દયો સત્સંગ છોડીને ગયો .......... ૧૩૩
- ઉમરાળાનાં જેશંકર સ્વામીના વચને દેખતા થયા.................. ૧૩૩
- ગઢાળી મંદિર વખતે સ્વામીએ ગોવિંદ શેઠને ચમત્કાર દેખાડ્યો .... ૧૩૪

- ગઢાળીમાં સ્વામીએ વાણિયાની ઘરવાળીની દોષદૃષ્ટિ ટાળી ......... ૧૩૪
- ગઢાળીમાં સ્વામીનાં વચને ગિરધર વાણિયાની ભેંસ મરી ગઈ અને આરતીનો મહિમા કહ્યો ........................................ ૧૩૫
- ગઢાળીમાં આણંદ ભાવસારની કોઠી અખૂટ કરી આપી ............ ૧૩૫
- પાટણના જૂઠા શેઠનું અનિદ્રાનુ દર્દ સ્વામીએ ટાળ્યું ................ ૧૩૬
- કરિયાણાના ખોડા ખાચરને વળગેલો મહાવીર કાઢ્યો ............. ૧૩૬
- નિંગાળાના ગોયા આહિરે રઘુવીરજી મહારાજને બળદ આપ્યા, તે મહારાજને પહોંચ્યા .............................................. ૧૩૭
- ખોપાળાના નારણ સોનીને સ્વામીના વચને પાંચ પુત્ર થયા ........ ૧૩૮
- સ્વામીએ ગઢપુરના પીતાંબરને આશીર્વાદથી સુખિયા કર્યા ......... ૧૩૮
- અમરા ખાચરના પુત્રને અંતકાળે સ્વામીએ દર્શન આપ્યા ........... ૧૩૯
- હરજી લુહારને ભોંયે લીધા હતા છતાં સ્વામીએ બેઠા કર્યા ......... ૧૩૯
- ઉગામેડીના રૂડાભાઈના દીકરાને સ્વામીએ સાજો કર્યો ............. ૧૪૦
- લાઠીદડના અમરશી પટેલના કોરા કૂવામાં સ્વામીના વચને છ કોશનું પાણી થયું ............................................. ૧૪૦
- ઝમરાળામાં બ્રાહ્મણનાં માતા-પિતાનો સ્વામીએ ઉદ્ધાર કર્યો ........ ૧૪૧
- ઝમરાળાના અજા પટેલના કૂવામાં સ્વામીના વચને પાણી થયું ...... ૧૪૨
- કારિયાણીના દલાભગતને સ્વામીએ સાજા કર્યા .................. ૧૪૨
- ભાવનગરના હરિશંકરને સ્વામીના આશિષથી ત્રણ પુત્ર થયા ...... ૧૪૩
- ભાવનગરના છગન ઝીણા સ્વામીની કૃપાથી ધનાઢ્ય થયા ......... ૧૪૩
- રોહિશાળામાં સ્વામીએ ભગવાનજીની આગળ ચૂડાના કહેવાતા ભગવાન હરિશંકરના મૃત્યુની આગાહી કહી .................... ૧૪૫
- દેવા ભટ્ટે જેટલી વંડી ચણી તેટલી સ્વામીના વચને પડી ગઈ....... ૧૪૬
- પછે ગામના ઝંડુ ભટ્ટ બ્રહ્મરાક્ષસ થયા અને અંતે સ્વામીએ તેને બદરિકાશ્રમમાં મોકલ્યા ........................................ ૧૪૬
- સ્વામીએ સારંગપુરના વાણિયાની સારણગાંઠ મટાડી .............. ૧૪૭
- આનંદાનંદસ્વામીએ બગડમાં વેદસ્તુતિની કથા કરી............... ૧૪૭
- ગઢપુરમાં ભાવનગરના ગગા ઓઝાને સ્વામીએ કહ્યું, હવેલીને નળિયાં ચડે પછી વરસાદ થશે .......................................... ૧૪૭
- અમદાવાદમાં સ્વામીએ સારંગપુરના કાઠીનો બાર વરસથી ચાલતો ગરાસનો કેસ જીતાડીને સુખી કર્યા.............................. ૧૪૮
- ગઢપુરમાં ઠાકોરજી જળ ઝીલે તેટલીવાર વરસાદ રોક્યો .......... ૧૪૯
- સારંગપુરમાં સ્વામીએ એક માસ મહારાજને જમાડવાની સેવા કરી . ૧૫૦
- સ્વામીએ વારણાના ભક્તોની મરકીના રોગથી રક્ષા કરી.......... ૧૫૦

- ભાવનગરના ન્યાયાધીશ વિદ્યારામભાઈને નિશ્ચય કરાવ્યો ........ ૧૫૦
- સ્વામીએ વિહારીલાલજી મહારજના કહેવાથી વરસાદ કર્યો ........ ૧૫૧
- બગડના દેહા ખાચરના પ્રેમને કારણે પ્રાંત અધિકારીને આનંદાનંદસ્વામી વર્તમાન ધરાવ્યાં ........ ૧૫૨
- આનંદ બ્રહ્મચારી અને વાસુદેવ બ્રહ્મચારીની પ્રશંસા ........ ૧૫૨
- આનંદાનંદ બ્રહ્મચારીજીની આંખોની દવા કરી ........ ૧૫૩

**૧૨. શુકદેવજી મહારાજ ........ ૧૫૪**
- શુકદેવજી છપૈયામાં દર્શને આવ્યા ........ ૧૫૮
- શુકદેવજી મહારાજનો બીજો જન્મ ........ ૧૫૯
- શ્રીહરિએ શુકમુનિની સેવાને બિરદાવી રાજીપો આપ્યો ........ ૧૬૬

**૧૩. ઈન્દ્ર અવતાર મહામુક્ત સદ્‌ગુરુ શ્રીયોગાનંદ સ્વામીનું જીવન ........ ૧૭૨**
- ઈન્દ્ર અવતાર યોગાનંદ સ્વામીની ઓળખ ........ ૧૭૨
- સ્વામીનો જન્મ તથા પૂર્વાશ્રમનો પરિચય ........ ૧૭૨
- વિદ્યાભ્યાસ તથા ભગવત્ કૃપા ........ ૧૭૪
- સ્ત્રોત રચના અને શ્રીહરિની પ્રસન્નતા ........ ૧૭૪
- સુંદરગાન સર્વોત્તમ રાજીપો ........ ૧૭૬
- યોગાનંદ સ્વામીની અલૌકિક ભાવના ........ ૧૭૭
- યોગાનંદ સ્વામીએ કૂવો ગાળવાની જગ્યા બતાવી ........ ૧૭૮
- શ્રીહરિએ નાડી બતાવી ........ ૧૮૦
- શ્રીહરિની ચરણસેવા તથા ગાનથી પ્રસન્નતા ........ ૧૮૧
- સ્વામી દ્વારા ઓઘડ ખુમાણને સત્સંગ ........ ૧૮૨
- યોગાનંદ સ્વામીનો યોગ, ટાળે ભવરોગ ........ ૧૮૪
- ખુમાણોનું ગઢપુર આગમન ........ ૧૮૬
- નિષ્ઠાનો રણકાર ........ ૧૮૮
- ચાપા ખુમાણને સત્સંગ અને નિષ્ઠા ........ ૧૯૦
- આલા ખુમાણની અલૌકિકતા ........ ૧૯૧
- યોગાનંદસ્વામી પાસે સંતોને જોગવિદ્યા શીખવા મોકલ્યા ........ ૧૯૩
- યોગાનંદસ્વામી વંટોળિયારૂપે શ્રીહરિનાં દર્શને આવ્યા ........ ૧૯૩
- યોગાનંદસ્વામીએ વરસાદ વરસાવ્યો ........ ૧૯૪
- સ્વામીનો અક્ષરવાસ ........ ૧૯૫

**૧૪. માર્કંડેય ઋષિ મહાનુભાવાનંદ સ્વામી રૂપે અવતર્યા ........ ૧૯૬**
- સ. ગુ. મહાનુભાવાનંદ સ્વામી રૂપે જન્મ ........ ૧૯૯

**૧૫. નિષ્કુળાનંદ સ્વામીનું જીવન કવન ........ ૨૦૩**
- ઋષભદેવ ભગવાને ભરતજીને રાજ્ય શાસન સોંપી દીધું ........ ૨૦૩

- ભરતજી તપ કરવા ગયા ને બંધાણા મૃગલીમાં .................. ૨૦૪
- ભરતજી મૃગલીમાંથી જડભરત થયા .................................. ૨૦૫
- શરભંગમુનિના અવતાર શ્રી નિષ્કુળાનંદ સ્વામી ................. ૨૦૭
- સુથાર જ્ઞાતિનું ગૌરવ શ્રી રામજીભાઈ .......................... ૨૦૮
- આત્માનંદ સ્વામીએ વર આપ્યો ..................................... ૨૦૮
- આત્માનંદ સ્વામીએ ભલામણ કરી .................................. ૨૦૯
- લાલજી સુથારની સાધુ થવાની ઈચ્છા ............................. ૨૧૦
- લાલજી સુથારના લગ્ન આધોઈ ગામે થયા ........................ ૨૧૦
- પૂર્વના ચાર મુક્તોનું નવાનગર (જામનગર)માં મિલન ............ ૨૧૧
- લાલજી સુથાર ભૂજ રામાનંદ સ્વામીના દર્શને ગયા ............... ૨૧૧
- લાલજી ભક્તને જીવાડ્યા ................................................ ૨૧૩
- શ્રીહરિના ભોમિયા લાલજી સુથાર થયા ને દીક્ષા આપી ........... ૨૧૪
- બાપ-દીકરો બંને સાધુ થયા .............................................. ૨૧૭
- સિંહના તો સિંહ જ હોય ! ................................................. ૨૧૮
- ગોપાળાનંદ સ્વામીએ ગોવિંદ સ્વામીની પ્રશંસા કરી ............. ૨૧૯
- સદ્.શ્રી નિષ્કુળાનંદ સ્વામીના નિઃસ્વાદી વ્રતમાન ................. ૨૧૯
- બરફીના પડિયા જોઈ સ્વામી વડોદરા છોડવા તૈયાર થયા .......... ૨૧૯
- પૂ. સ્વામી દશ-બાર રોટલા કરીને સુકવી નાખતા ................. ૨૨૧
- પૂ. સ્વામીએ દ્રાક્ષના દાણા ફળીયામાં ફેંકી દીધા ................. ૨૨૧
- સ્વામી કહે આજ વાત સમજાણી ! ...................................... ૨૨૧
- પૂ. સ્વામીએ કરેલી શાસ્ત્રોની રચના .................................. ૨૨૩
- પૂ. સ્વામીશ્રીની કાર્ય કુશળતા ........................................... ૨૨૪
- ધોલેરામાં પૂ. સ્વામીએ અમલદારને સત્સંગી બનાવ્યા ............. ૨૨૪
- ધોલેરા મંદિરની પથ્થરની અદ્‌ભૂત કમાન ........................... ૨૨૫
- શ્રીહરિએ સ્વમૂખે વચનામૃતમાં કરેલી સ્વામીની પ્રશંસા ........... ૨૨૫
- સ્વામી પોતે વૈરાગ્ય મૂર્તિ હતા ........................................... ૨૨૫
- ગઢપુર મંદિરની સેવામાં પૂ. સ્વામી........................................ ૨૨૬
- શ્રીહરિ સ્વધામ પધાર્યા ને વિમાન સ્વામીને બનાવ્યું હતું ........... ૨૨૭
- પૂ. સ્વામીને મોટાઈ ગમતી ન હતી ........................................ ૨૨૭
- પૂ. સ્વામીને મહારાજ આવીને તેડી ગયા ................................ ૨૨૭

૧૬. **ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજીરૂપે બ્રહ્મચારી સ્થાપ્યા ................... ૨૨૯**

- હે બ્રહ્મચારી ! તમે પણ પૂજાશો ............................................ ૨૨૯
- મૂળજી બ્રહ્મચારી શ્રીહરિને પાણી પાવા બ્રહ્મચારીએ શરીર પડતું મેલ્યું . ૨૩૦
- મૂળજી બ્રહ્મચારીની બ્રહ્મરૂપ સ્થિતિ ? ...................................... ૨૩૦
- મૂળજી બ્રહ્મચારીની અદ્‌ભૂત આત્મીયતા ..................................... ૨૩૦

**૧૭. માંડવ્ય મુનિ ગોવિંદનંદ સ્વામી રૂપે અવતર્યા ........ ૨૩૩**
- માંડવ્ય ઋષિનું તપ ........ ૨૩૩
- શ્રી ગોવિંદાનંદ સ્વામીનું પૂર્વ વૃત્તાંત ........ ૨૩૪
- મહારાજ સાથે મિલન ........ ૨૩૪
- દાળ ભાતનું બંધન મુકાવ્યું ........ ૨૩૭
- શ્રીહરિને પ્રાર્થના ........ ૨૩૮

**૧૮. આરૂણી - સ્વયંમપ્રકાશાનંદ સ્વામી થયા ........ ૨૩૯**
**૧૯. ભગવદાનંદ સ્વામી ........ ૨૪૨**
**૨૦. શ્વેતવૈકુંઠાનંદ સ્વામી ........ ૨૪૭**
**૨૧. શૌનક મુનિ શ્રીધરાનંદ સ્વામી રૂપે ........ ૨૫૧**
- શ્રીધરાનંદ સ્વામી સ્વતંત્રપણે ધામમાં ગયા ........ ૨૫૩

**૨૨. ભારદ્વાજ ઋષિનું અવતરણ પ્રભાનંદ સ્વામી રૂપે ........ ૨૫૩**
- પ્રભાનંદસ્વામી ........ ૨૫૪

**૨૩. ત્રિતમુનિ અચિત્યાનંદ સ્વામી રૂપે અવતર્યા ........ ૨૫૮**
**૨૪. શામળિયા ચૈતન્યાનંદસ્વામી દત્તાત્રેયનો અવતાર ........ ૨૬૫**
**૨૫. અનંતાનંદ વર્ણી ........ ૨૬૫**
**૨૬. ચૈતન્યદાસજી તથા ઉદ્ધવદાસજી ........ ૨૬૯**
**૨૭. ચાર વેદ ........ ૨૭૧**
**૨૮. પૂજ્ય શ્રી ઈશ્વરચરણ સ્વામીનું આખ્યાન ........ ૨૭૨**
**૨૯. ગરૂડજી માણકી ઘોડી રૂપે ........ ૨૭૫**
- મહારાજે કહ્યું માણકી તો ગુરૂડજી પોતે છે ........ ૨૭૫
- માણકી ઘોડી નો જન્મ ........ ૨૭૫

**૩૦. પંચાળાના ઝીણાભાઈ ........ ૨૮૦**
- પંચાળાના ઝીણાભાઈ રૂપે જન્મ ........ ૨૮૧
- જીતેન્દ્રીય ઝીણાભાઈ ........ ૨૮૨
- કમરશીભાઈની સેવા ........ ૨૮૨
- ઝીણાભાઈના ખેતરની રક્ષા કરી ........ ૨૮૬
- ઓગણોતેરાકાળમાં રક્ષા ........ ૨૮૯
- રાસોત્સવ ........ ૨૯૦
- ઝીણાભાઈએ કાઠીની રમૂજી વાત કહી ઠેકડી કરી ........ ૨૯૩
- ઝીણાભાઈએ કાઠીની ઠેકડી કરી સુરા ખાચરને મૌન કર્યા ........ ૨૯૪
- ભક્તનું ઋણ ભગવાને અદા કર્યું ........ ૨૯૪

**૩૧. વિશ્વામિત્ર સુરાખાચર રૂપે અવતર્યા ........ ૩૦૦**
- ગામ લોયાના શાક - ઉત્સવ લીલાની વાત ........ ૩૦૨

- હળદરવાળાં વસ્ત્ર સુરા ખાચરે માગી લીધાં ........................ ૩૦૪
- જસદણમાં સુરા ખાચરને એકાંતમાં સ્ત્રીનો યોગ થયો છતાં ડગ્યા નહિ.. ૩૦૫
- સુરા ખાચર ઉપર પ્રસન્ન થઈને મહારાજે દારિદ્ર ટાળ્યું ............ ૩૦૫
- મહારાજે કહ્યું, ત્યારે સુરાખાચરે ઘોડી બાંધી .................. ૩૦૬
- ઓગણતેરા કાળમાં સુરા ખાચરે સંતની સેવા કરી ................ ૩૦૭
- સુરા ખાચરે સાધુની વાત કરી ઉદાસ મહારાજને હસાવ્યા ......... ૩૦૭
- સુરા ખાચર કોઈકના ચાર બળદ લઈ આવ્યા .................... ૩૦૭
- મહારાજે સુરા ખાચર સાથે રમૂજ કરી તથા ધોલેરામાં મીઠું ને સેવ જમ્યા ૩૦૮
- સુરા ખાચરે સાખી બોલીને મહારાજની ઉદાસીનતા ટાળી ......... ૩૧૧
- સુરા ખાચરે રમૂજી કીર્તન બોલીને ઉદાસીનતા ટાળી .............. ૩૧૧
- સુરા ખાચરે બાવાની રમૂજી વાત કરી મહારાજની ઉદાસી ટાળી ... ૩૧૧
- મહારાજે થાળ આપી સુરા ખાચરને જમાડ્યા .................... ૩૧૨
- સુરા ખાચરે મહારાજને ગરાસિયાની રમૂજી વાત કરી ............ ૩૧૨

**૩૨. ભક્તરાજા અલૈયા ખાચર તથા ભગુજીનો ઈતિહાસ........................ ૩૧૩**

- ગોરખનાથ અને મચ્છંદરનાથ ........................................... ૩૧૪
- મચ્છંદરનાથ સાત્યકિ રૂપે અવતર્યા ..................................... ૩૧૬
- પાટણના મહારાજા સિદ્ધરાજ ભગુજી રૂપે પ્રગટ થયા .............. ૩૧૭
- ગોરખનાથ અલૈયા ખાચર રૂપે અવતર્યા .......................... ૩૨૧
- અલૈયા ખાચરે કુંભારની જમદૂતથી રક્ષા કરી ...................... ૩૨૧
- અલૈયા ખાચરને સંતમંડળ સાથે વાતો કરવા મોકલ્યા ............. ૩૨૨
- અલૈયા ખાચરે જેસલાને ધામમાંથી પાછો બોલાવ્યો.................. ૩૨૨
- અલૈયા ખાચરને મૂર્તિના અખંડ દર્શનનો વર ......................... ૩૨૩
- અલૈયા ખાચર જ્યાં અમે ત્યાં તમે ...................................... ૩૨૩
- મહારાજા જાર જમ્યા ને અગણોતેરા દુષ્કાળની આગાહી કરી ...... ૩૨૬

**૩૩. ઉત્તાનપાદ જેઠસુર ખાચર રૂપે અવતર્યા ...................................... ૩૨૭**

- મહારાજે જેઠસુર ખાચરને પૂર્વજોના કલ્યાણની ખાતરી કરાવી ...... ૩૩૧

**૩૪. ડાકોરના બોડાણા ભક્ત દામોદર ભક્ત થયા ................................ ૩૩૨**

- દામોદરભાઈની સર્વોત્તમ ભક્તિ............................................. ૩૩૫
- શ્રીજીમહારાજનું નામ લઈને દામોદર ભક્તે માંદા વૈરાગી માટે જમવાનું બનાવરાવ્યું ................................................. ૩૩૬
- શ્રીહરિએ દામોદરને દરવાણી બનાવ્યા .............................. ૩૩૭
- દામોદર ભક્તે શ્રીહરિ સાથે ત્રીસ વર્ષ સુધી રહીને સેવાનો લાભ લીધો હતો ................................................................ ૩૩૮
- દામોદર ભક્તે નથુ ભટ્ટને સર્વોપરી નિશ્ચય કરાવ્યો.................. ૩૩૯

- નિર્માની દામોદર ભક્ત ...................................... ૩૪૧
- ''લાવો, હું ગાંઠ છોડી દઉં ...................................... ૩૪૧
- દામોદર ભક્તે શ્રીહરિનું કણું કાઢ્યું ...................................... ૩૪૨
- શ્રીહરિ સાથે દામોદરભાઈની એકતા ...................................... ૩૪૩
- દામોદરભાઈના નિયમની દઢતા ...................................... ૩૪૪
- દામોદરભાઈ તથા જેરામ બ્રહ્મચારીને શ્રીહરિએ મનાવ્યા .......... ૩૪૪
- શ્રીહરિ અને ભકતની એકતા ...................................... ૩૪૫

**૩૫. મહાત્મા જાજળીરૂષિ મયારામ ભટ્ટ રૂપે અવતર્યા ........................ ૩૪૬**

- મયારામ ભટ્ટ બીજું ઘર કરું ? તે પૂછવા લોજ ગયા .............. ૩૪૮
- મયારામ ભટ્ટે વેપાર ન કરવાનું નિયમ લીધું ...................... ૩૪૮
- મયારામ ભટ્ટ તથા બાઈની કડલા નિમિત્તે પ્રામાણિકતા ............ ૩૪૮
- ધર્મનિષ્ઠ ભટ્ટજીને સંશય થયો. મહારાજે મને અભડાવ્યો ........... ૩૪૯

**૩૬. બોટાદના શિવલાલ શેઠ ...................................... ૩૫૦**

- સિરપુરમાં રાજા તથા સિદ્ધો શ્રીહરિના આશ્રિત થયા ............... ૩૫૦
- શિવલાલ શેઠના પૂર્વજોની કથા ...................................... ૩૫૨

**૩૭. જોબનપગી ...................................... ૩૬૩**

- જોબનપગીનો બીજો જન્મ ...................................... ૩૬૪
- જોબન વડતાલના સદ્‌ગુણો ...................................... ૩૬૪
- ગોરક્ષક ...................................... ૩૬૫
- જોબન પગીની કળાઓ ...................................... ૩૬૬
- જોબનપગીના સાથીદારો ...................................... ૩૬૬
- નારાયણગિરી બાવા ...................................... ૩૬૬
- જોબન પગીનો પરિવાર ...................................... ૩૬૮
- જોબન પગીને પ્રથમવાર શ્રીહરિનું દર્શન ...................................... ૩૬૮
- પહેલીવાર ચોરીમાં નિષ્ફળતા મળી ...................................... ૩૬૯
- જોબનને સત્સંગ ...................................... ૩૬૯
- ડભાણ યજ્ઞના સમાચાર અને લાખો વડગામી ...................................... ૩૭૦
- ડભાણયજ્ઞમાં જોબન પગીનું હૃદય પરિવર્તન ...................................... ૩૭૧
- જોબનપગીના ઘરે મહારાજ ...................................... ૩૭૩

**૩૮. રામાયણનાં સુમંત ભાઈચંદશેઠ બન્યા ...................................... ૩૭૪**

- સુંમત ભાઈચંદ્ર શેઠ થયા ...................................... ૩૭૫

**૩૯. રંતિદેવરાજા બોચાસણના કાશીદાસ રૂપે થયા ...................................... ૩૭૮**

- કાશીદાસનો જન્મ ...................................... ૩૮૦
- વર્ણી વેશે પ્રથમ દર્શન ...................................... ૩૮૦

- મહારાજનાં સ્વરૂપમાં દઢનિશ્ચય ........ ૩૮૨
- બાર ગામમાં સત્સંગ ........ ૩૮૩
- હરિદાસ બાવો ........ ૩૮૪
- ભૂલની ઓળખાણ ........ ૩૮૫
- કાશીદાસ જેલમાં ........ ૩૮૭
- દિવ્યરૂપે આગ ઓલાણી ........ ૩૮૯

**૪૦. ઋભું ઋષિ નારાયણાનંદ વર્ણી રૂપે અવતર્યા ........ ૩૯૦**

**૪૧. સેવકરામ ઝીંઝરના ખોળાભાઈ થયા ........ ૩૯૨**

**૪૨. રતા બસિયાનું ત્રણ જન્મનું અલૌકિક આખ્યાન ........ ૩૯૭**

**૪૩. બંગાળના રાજા કૃષ્ણચંદજી (લાલાબાબુ) ........ ૪૦૪**

**૪૪. મુરદાનવ ........ ૪૧૪**

**૪૫. ઈડર ના મહારાજા ગંભીરસિંહનું આખ્યાન ........ ૪૧૬**

- ઈડરનો ઈતિહાસ ........ ૪૨૦
- ખુશાલ ભટ્ટનો પ્રતાપ ........ ૪૨૫
- રાજા ગંભીરસિંહજીને સત્સંગ થયો ........ ૪૨૬

**૪૬. સુદામાગોપ દાનાભગત રૂપે થયા ........ ૪૩૦**

- નિંગાળાના ગોયો અને દાનભગત સત્સંગી થયા ........ ૪૩૦
- દાનાભગતની પત્નીને સ્વામિનારાયણ નામથી સર્પનું ઝેર ઊતર્યું ... ૪૩૧

**૪૭. જોધો ગોપ જોધો ભરવાડ થયો ........ ૪૩૨**

- જોધા ભરવાડની હોશીંયારી ........ ૪૩૪
- જોધા ભરવાડે મહારાજ ઉપર દૂધની સેડ્ય નાંખી ને દૂધ પાયું ...... ૪૩૮
- મહારાજે જોધા ભરવાડને નિશ્ચય કરાવ્યો ........ ૪૩૮
- મહારાજે જોધા ભરવાડ સાથે વલોણું કર્યું ........ ૪૩૯

**૪૮. કૃપાચાર્ય ઉમરેઠના નંદુભાઈ રૂપે જન્મ્યા ........ ૪૪૧**

- નંદુભાઈએ મહારાજને રસમાં ખાંડ ન આપી ........ ૪૪૫
- નંદુભાઈ ઠાકરની સિપાઈના રૂપમાં રક્ષા કરી ........ ૪૪૫
- નંદુભાઈની સર્વોપરિ નિષ્ઠા ........ ૪૪૬

**૪૯. રઘુ મહારાજા પૂંજાજી દરબાર બન્યા ........ ૪૪૮**

- ધોલેરામાં પૂજાભાઈએ મંદિર કરવાની પ્રાર્થના કરી. ........ ૪૫૦

**૫૦. પૂર્વ જન્મના સુરગુપ્ત શ્રી રામજી વૈશ્ય થયા ........ ૪૫૧**

**૫૧. જૈમિની ઋષિ દિનાનાથ ભટ્ટ થયા ........ ૪૫૩**

- દીનાનાથ ભટ્ટની શંકાનું સમાધાન ........ ૪૫૫
- દીનાનાથ ભટ્ટની દીકરીનું ભૂત મયારામ ભટ્ટ દ્વારા કાઢ્યું ........ ૪૫૬
- કલ્યાણના શ્લોક કેટલા ગોત્યા ? ........ ૪૫૭

૫૨. ધૌમ્ય ઋષિ વલ્લરામ ભક્ત બની અવતર્યા ........ ૪૫૭

૫૩. ઝુમખરામ અને મુગટરામ ........ ૪૬૦

- વડનગરના ઝુમખરામે મહારાજને કોઠું જમાડ્યું. ........ ૪૬૨

૫૪. વિશ્વકર્મા નારાયજી સુથાર થઈ અવતર્યા ........ ૪૬૩

- વિશ્વકર્માજી પારણીયુ લાવ્યા ........ ૪૬૪

૫૫. સોમફઈના સાત જન્મની વાત ........ ૪૬૫

૫૬. મુનિ ઋષિ ........ ૪૬૭

૫૭. ઋષિઓ ઉમરેઠમાં બ્રાહ્મણરૂપે અવતર્યા ........ ૪૬૮

૫૮. મૂળજી લુવાણો ........ ૪૬૯

- શેરગઢનો મૂળજી લુહાણો ........ ૪૭૦

૫૯. સત્યવતી સંતોકબેન બની અવતર્યા ........ ૪૭૯

૬૦. રતનજી પાર્ષદ ........ ૪૮૧

- વટામણના રતનજી બાપુનો અદ્‌ભુત ત્યાગ ........ ૪૮૩
- રતનજી અને મિયાંજીને ઘરના ધણી કહ્યા ........ ૪૮૪

૬૧. છાપરીના જાનબાઈનું આખ્યાન ........ ૪૮૫

૬૨. શ્રીકૃષ્ણ સમયનો મલ્લ શલ્લ ........ ૪૮૮

- ભુવાનાદિન અને દિનાસંગનો અક્ષરવાસ ........ ૪૯૧

૬૩. સિદ્ધ ધુંધળીનાથ ........ ૪૯૩

૬૪. માણકીનો વછેરો ........ ૪૯૮

- શ્રીહરિએ વછેરાના પૂર્વ જન્મની વાતથી સૌની ઉદાસી ટાળી ........ ૪૯૯

૬૫. સૂર્યના સપ્તમુખી ઘોડાએ અવતાર ધર્યો ........ ૫૦૦

- સપ્તમુખી ઘોડાનો મહારાજે ઉદ્ધાર કર્યો ........ ૫૦૧

૬૬. રામબાઈ જળદેવકીનો અવતાર હતા ........ ૫૦૧

૬૭. ગોપીઓ કચ્છમાં સત્સંગી થયા ........ ૫૦૨

- કૃષ્ણ અવતારની ગોપીઓ ........ ૫૦૩

૬૮. શ્વેતદ્વીપ - બદરિકાશ્રમના મુક્તો ........ ૫૦૪

૬૯. નુરસિંહ ભગવાન તથા શંકર ભગવાન ........ ૫૦૫

૭૦. હિરુબાઈ ........ ૫૦૬

૭૧. સમઢિયાળાના હરિભાઈ સોની ........ ૫૦૮

૭૨. રીંછ ને સાધુ બનાવ્યા ........ ૫૦૯

૭૩. ઘુવડનો અવતાર ........ ૫૧૦

૭૪. ઋષિ ........ ૫૧૨

૭૫. કૃષ્ણ અવતારના ઋષિ દેવશી ભક્ત થયા ........ ૫૧૩

૭૬. ઉગામેડીનો ઉગો રાજપૂત ........ ૫૧૫

**૭૭. ધરમપુરના કુશળ કુંવરબાઈ ........................................ ૫૧૮**

- અડાલજના રાણી રૂડબાઈ ........................................ ૫૧૮
- રૂડબાઈનો બીજો જન્મ ........................................ ૫૧૯
- કુશળકુંવરબાઈને ધર્મપુરમાં સત્સંગનો યોગ ........................................ ૫૨૨
- કુશળકુંવરબાઈએ ધર્મપુરમાં રહ્યા થકા. શ્રીહરિની કરેલી સેવા ..... ૫૨૩
- કુશળકુંવરબાઈએ નખે ફોલીને ચોખા ગઢડા મોકલાવ્યા ............ ૫૨૪
- શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને ધર્મપુર મોકલ્યા ........................................ ૫૨૪
- કુશળકુંવરબાઈએ શ્રીહરિને ધર્મપુર આવવા પત્ર મોકલ્યો .......... ૫૨૫
- કુશળકુંવરબાઈએ શ્રીહરિને ૧૦૦ ગામનું રાજ્ય આપવા કહ્યું : પરંતુ શ્રીહરિએ ના પાડી. ........................................ ૫૨૬
- કુશળકુંવરબાઈએ શ્રીહરિની મૂર્તિ અંતરમાં પલટાવીને અઢારમાં દિવસે દેહત્યાગ કર્યો ........................................ ૫૨૭

**૭૮. દેવહૂતિમાતા મીણબાઈ રૂપે અવતર્યા ........................................ ૫૨૮**

- માતા દેવહૂતિજીની જીવન ગાથા ........................................ ૫૨૮
- કર્દમ ઋષિ તથા માતા દેવહૂતિથી નવ કન્યા અને પુત્રરૂપે કપિલ ભગવાનનું પ્રાગટ્ય થયું ........................................ ૫૨૯
- સિદ્ધપુર ધામ (નવ) ઋષિમુનિઓનું સાસરૂં બન્યું ........................................ ૫૩૦
- માતા દેવહૂતિજી બીજા જન્મે મીણબાઈ રૂપે થયા ........................................ ૫૩૦
- મીણબાઈની નિરાવરણ સ્થિતિ ........................................ ૫૩૨
- મીણબાઈની સમજણ ........................................ ૫૩૩
- મીણબાઈને ધ્યાનમાં દર્શન થતાં તે જ દર્શન શ્રીહરિએ ફરેણીમાં આપ્યાં ૫૩૩
- મીણબાઈએ રાજબાઈને ભલામણ કરી ........................................ ૫૩૪
- મીણબાઈએ સ્વતંત્રપણે દેહ ત્યાગ કર્યો ........................................ ૫૩૪
- મીણબાઈની અંતિમ યાત્રામાં શ્રીહરિ જોડાયા ........................................ ૫૩૬
- શ્રીહરિ હજાર ઘોડાની સવારી સાથે મીણબાઈના ખર્ચમાં .......... ૫૩૬

**૭૯. લક્ષ્મીજી - સરસ્વતિજી - રાધિકા - બ્રહ્માણી ........................................ ૫૩૭**

- લક્ષ્મીજી ........................................ ૫૩૭

**૮૦. શ્રીજી સમકાલિન મુસ્લિમ ભક્તો ........................................ ૫૪૮**

**૮૧. જમાદારને સમાધિ ........................................ ૫૪૮**

**૮૨. મુસલમાન મેમણ ........................................ ૫૫૦**

**૮૩. અબડાસા (કચ્છ)ના મુસલમાન ફકીર ........................................ ૫૫૧**

**૮૪. આલશી ઘાંચી ........................................ ૫૫૧**

**૮૫. નવાબે ધ્યાન રાખવાનું કહ્યું ........................................ ૫૫૫**

**૮૬. ગણોદ ગામના અલીભાઈ ........................................ ૫૫૮**

૮૭. મુસ્લિમ ભક્તને સમાધિ ........ ૫૫૯
૮૮. ઘાંચીને દર્શન ........ ૫૬૦
૮૯. મિયાંજીની સેવા ........ ૫૬૦
૯૦. મહારાજના મંદવાડમાં કરિમભાઈની સેવા ........ ૫૬૧
- કરીમભાઈ ........ ૫૬૧
- શેઢાડીને કરિમભાઈ પકડી લાવ્યા ........ ૫૬૨

૯૧. મુસલમાન પઠાણ ........ ૫૬૩
૯૨. હસનભાઈ મુસલમાન ........ ૫૬૪
- હસનભાઈની સેવા ........ ૫૬૪
- સરધારના હસન - નાથા ઉપર શ્રીહરિની કૃપા થઈ ........ ૫૬૬
- શ્રીહરિનો હસન ઉપર રાજીપો ........ ૫૬૭
- હસનભાઈને ગોપાળાનંદ સ્વામીએ સમજાવ્યા ........ ૫૬૭

૯૩. મહારાજે શેખજીને ઐશ્વર્ય આપ્યું પણ ........ ૫૬૯
૯૪. શેખ વલીભાઈ ........ ૫૭૧
૯૫. ફકીરને સમાધિ ........ ૫૭૩
૯૬. હૈદ્રાબાદનો પઠાણ ઝીંઝાવદર ........ ૫૭૩
૯૭. રતનજી તથા મિંયાજી ........ ૫૭૪
૯૮. કામવાસના બહુ ભૂંડી છે ........ ૫૭૫
૯૯. પઠાણે સમાધિમાં મુક્તો તથા રામાનંદસ્વામીને શ્રીહરિની સેવામાં જોયા. ૫૭૫
૧૦૦.ભૂજના મુસલમાનને શ્રીહરિની ચાલ જોઈને નિશ્ચય થયો ........ ૫૭૬
૧૦૧.ભુજમાં ફતેહ મહંમદની મહારાજ સાથે મુલાકાત ........ ૫૭૬
૧૦૨.મીરસાહેબ ........ ૫૭૭
- મીરસાહેબ ગઢપુર આવ્યા અને શાંતિ થઈ ........ ૫૭૭
- મીર સાહેબને અલ્લારૂપે દર્શન ........ ૫૮૪
- સફરાઅલી મીરસાહેબ ........ ૫૮૪

૧૦૩.મહમદપીરને મહારાજનાં દિવ્ય દર્શન તથા ગૃહત્યાગ ........ ૫૮૭
૧૦૪.અલી મહંમદ ગઢડામાં ઘોડો લેવા આવ્યો ........ ૫૮૭
૧૦૫.શ્રીહરિએ મુસલમાન બાલાપીરનો ઉદ્ધાર કર્યો ........ ૫૮૭
૧૦૬.બાટવાના નવાબ બુલેખાંએ શ્રીહરિને ઓળખ્યા ........ ૫૮૯
૧૦૭.બાટવાના બુલેખાં જમાદારે સુબાને સ્વામિનારાયણનો મહિમા કહ્યો ..... ૫૮૯
૧૦૮.ખંભાતના નવાબની સત્સંગમાં સેવા ........ ૫૯૦
૧૦૯.કૌકા ગામમાં બે મુસલમાન સત્સંગી થયા ........ ૫૯૦

૧૧૦.અમદાવાદના ડોસાભાઈ ........ ૫૯૧
૧૧૧.બોદા કમાનગર ........ ૬૦૦
૧૧૨.શૂરવીર ભક્ત કેશરમિયાં ........ ૬૦૩
૧૧૩.ભક્ત કાયાભાઈ ........ ૬૦૬
૧૧૪.આદમ અને મકન ........ ૬૧૧
૧૧૫.માગરોળનો ઘાંચી ........ ૬૧૬
૧૧૬.સાઈઠ મિયાણાંને દર્શન ........ ૬૧૭
૧૧૭.કરીમ ભકત ........ ૬૧૯
૧૧૮.જાળિયામાં હિરબાઈના મનમાં સંકલ્પ થયો ........ ૬૧૯
૧૧૯.ગોંડલના શેખમિયા ........ ૬૨૧
૧૨૦.શ્રીહરિએ દરિયાખાનનું કલ્યાણ કર્યું ........ ૬૨૩
૧૨૧.જાનબાઈ અને મુસ્લીમ ઘાંચણ ........ ૬૨૪
૧૨૨.ગોંડલના રવજી મુસલમાન ........ ૬૨૭
૧૨૩.પોલારપુરના ફકીરાણી ફરીદાબાઈ ........ ૬૨૮
૧૨૪.ભાદરાગામનો જમાદાર ........ ૬૩૦
૧૨૫.વડોદરાના આરબ સિપાઈ ........ ૬૩૦
૧૨૬.જુનાગઢના નવાબ ........ ૬૩૨
૧૨૭.ખમીસાને મૂર્તિ મળી ........ ૬૩૩
૧૨૮.સફરાઅલી તથા નવાબ સાહેબ ........ ૬૩૪
૧૨૯.બાવદીન મુસલમાન ........ ૬૩૮
૧૩૦.ફકીરને દર્શન ........ ૬૪૧
૧૩૧.પીથલપરના જાનબાઈ ........ ૬૪૧
૧૩૨.મેઘપુરમાં ફકીર ........ ૬૪૩
૧૩૩.વડોદરાના મુસલમાન ........ ૬૪૫
૧૩૪.સદ્.શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો ગુણ લેવાથી અક્ષરધામની પ્રાપ્તિ થઈ ...... ૬૪૮
૧૩૫.ધોરાજીમાં મુસ્લિમ બિરાદરને ગુણ આવ્યો ........ ૬૪૮
૧૩૬.માંગરોળનાં નવાબ વજુદીનને ઐશ્વર્ય બતાવી પોતાને આધીન કર્યો ...... ૬૪૮
૧૩૭.જૂનાગઢમાં રાજાએ મંદિરની જગ્યાનો લેખ કરી આપ્યો ........ ૬૫૨
- બ્રહ્માનંદ સ્વામીએ ઘોડાને નિર્વાસનિ કર્યો ........ ૬૫૩
- જુનાગઢના નવાબનો દેહ ત્યાગ ........ ૬૫૪

# પુસ્તકમાં સેવા આપનાર મુખ્યદાતાશ્રી

પ.ભ.શ્રી અ.નિ. ઈચ્છાબેન રેવાભાઈ મોહનદાસ પટેલ પરિવાર (ડાંગરવા)
હસ્તે. પ.ભ.શ્રી વિષ્ણુભાઈ અને ભારતીબેન પટેલ પરિવાર

પ.ભ. અ.નિ. શ્રી કમળાબેન કાલીદાસ મોહનદાસ પટેલ પરિવાર (ડાંગરવા)
મહેન્દ્રભાઈ અને મંજુલાબેન પટેલ, પ્રજ્ઞેશભાઈ અને હેમાબેન પટેલ
મહેશભાઈ અને શિલ્પાબેન પટેલ - સાગર, સાહિલ, કિર્ના તથા ચેષ્ટા

પ.ભ.શ્રી ભાવેશ ગાંધી તથા રેનુ ગાંધી
અમીષા ગાંધી તથા જય ગાંધી

પ.ભ.શ્રી વિઠ્ઠલભાઈ (દાસ) તથા કમળાબેન પટેલ
અનુપ તથા ભાવિકા પટેલ - અર્જુન, વિરા

પ.ભ.શ્રી ડાહ્યાભાઈ અને જશુમતીબેન પટેલ (સાપડ) (saugatuck)
પ.ભ.શ્રી પંકજભાઈ તથા હીનાબેન પટેલ
ધારા, કિશન, જેતલ, વિવેક

# શ્રીજી સમકાલિન ભક્તોની

## લોમેશ મુનિનો અવતાર આત્માનંદ સ્વામી

રામાયણ કાળમાં લોમેશ મુનિ પરમ પવિત્ર અને તપસ્વી તથા વિદ્વાન ઋષિ હતા. એકવાર જ્યારે તે કથા કરતા હતા ત્યારે કોઈ શ્રોતા વારેવારે પ્રશ્ન પુછતો હતો તેથી તેમનું ધ્યાન ખંડિત થતું અને ક્રોધમાં આવી શ્રાપ આપી દીધો. તું ક્યારનો કાગડાની જેમ બોલ બોલ કરે છે તો કાગડો થઈ જા. શ્રાપ મળવા છતાં પણ તે શ્રોતા વિચલીત ન થયો. ત્યારે લોમેશ મુનિને પસ્તાવો થયો. અને કહ્યું કે મેં તને શ્રાપ આપ્યો તો પણ તું શાંતિથી બેઠો છે તેનું કારણ શું ? ત્યારે તે શ્રાપિત કહે કે જે થાય છે તે ભગવાનની ઈચ્છાથી સારુ થાય છે. આટલા શબ્દો સાંભળી લોમેશ મુનિનું હૃદય ભરાઈ ગયું ને આશીર્વાદ આપતા બોલ્યા કે, જા તું પક્ષીઓ માં સર્વે શ્રેષ્ઠ ભક્ત થઈશ. અને તને કળિયુગનો પ્રભાવ સ્પર્શી નહીં શકે. લોમેશ મુનિના આશીર્વાદથી તે શ્રાપિત બીજા જન્મે કાગભુશુંડીરૂપે થયા છે. જેમને ગરુડજીને રામાયણની કથા સંભળાવી હતી.

લોમેશ મુનિએ મહારાજા દશરથને જ્ઞાનઉપદેશ આપીને એક સર્વોત્તમ રાજા બનાવ્યા હતા. લોમેશમુનિએ ઘણાં વર્ષો સુધી શિવજીની આરાધના કરી હતી અને કહ્યું કે જ્યારે શિવજી પ્રસન્ન થયા ત્યારે વરદાન માંગવા કહ્યું - ત્યારે લોમેશ મુનિ કહે મને ચિરંજીવી બનાવો. ત્યારે મહાદેવજી કહે હે ! મુનિ આ લોકમાં જે જન્મે તેનું મૃત્યુ નિશ્ચિત છે માટે બીજુ વરદાન માંગો. ત્યારે લોમેશ મુનિએ કહ્યું જે તો મને એવું વરદાન આપો કે મારા શરીર પર જેટલી રુવાટી છે તે પડી જાય ત્યારે મારું મૃત્યુ થાય. શિવજીએ તથાસ્તુ કહીને આશીર્વાદ આપ્યા.

લોમેશ મુનિએ આ ધરતી પર ઘણાં યુગો સુધી વિચરણ કરીને બદરિકાશ્રમમાં શ્રીનરનારાયણ દેવના દર્શને ગયા ત્યારે દુર્વાસા મુનિના

શ્રાપને પામી. બીજા જન્મમાં વિશ્વંભર ભટ્ટ (આત્માનંદ સ્વામી) બનીને અવતાર ધારણ કર્યા.

**● સ્વામીનો બીજો જન્મ**

જામનગર (નવાનગર)ની બાજુમાં ધુંવાવ ગામે જગજીવનભાઈ અને નાની બાઈની કુખે સંવત. ૧૭૩૦ના વિજયાદશમીને દિવસે શ્રવણ નક્ષત્રને ગુરુવારે સાંજે વિશ્વંભર ભટ્ટનો જન્મ થયો. જ્યારે વિશ્વબંર ભટ્ટ છ વર્ષના થયા ત્યારે પિતા જગજીવને દેહત્યાગ કર્યા. તેથી માતા નાનીબાઈ પુત્રને લઈને શેત્રુજા પર્વતની નજીક ગારિયાધારમાં આવીને નિવાસ કર્યો. આઠ વર્ષની ઉંમરે યજ્ઞોપવિત્ર મેળવીને ગોળાનંદ બ્રહ્મચારી પાસે. ગોપનાથ મહાદેવના મંદિરે રહી વેદોનો અભ્યાસ કર્યો. અભ્યાસપૂર્ણ થયા બાદ આણંદજી વિપ્રની કન્યા રુક્મિણી સાથે તેમના લગ્ન થયા. અને તેમને ચાર દિકરાની પ્રાપ્તી થઈ. (૧) ગોપી ભટ્ટ (૨) ભાનુ ભટ્ટ (૩) જયદેવ ભટ્ટ (૪) આત્મારામ ભટ્ટ અને એક દિકરી આનંદિની નામે હતી.

આસોદર ગામના બધા કણબી ખેડૂતો પણ તેમને પોતાના 'ગોર' ગણવા લાગ્યા. 'ગોર'ને જે કાંઈ વસ્તુ જોઈએ, તે તરત જ આપતા હતા. આવું હોવા છતાં વિશ્વંભર ભટ્ટ રોજ આખા ગામમાં ભિક્ષા (લોટ) માગવા જતા. તે અરસામાં ગામમાં એક અટક ચાળા સ્વભાવવાળી સ્ત્રી રહેતી હતી. ભટ્ટ જ્યારે લોટ માગવા આવે ત્યારે તે સ્ત્રી તેમને ખીજવવા માટે લોટ તો ન આપે, પણ ઘરકામમાં લાગી ગઈ હોય એવો દેખાવ કરે. આવું છ માસ સુધી ચાલ્યું પણ તે સ્ત્રીએ લોટ આપ્યો નહીં. ભટ્ટે મનમાં વિચારીને તેનાં આંગણામાં બાંધેલી ગાયની એક વાછડી હતી તે છોડી લીધી અને પોતાને ઘેર લઈ આવ્યા. ત્યારે તે સ્ત્રીએ દરબાર પાસે ફરીયાદ કરી. ત્યારે દરબાર ભટ્ટજીને ઘેર આવ્યા. અને છેવટે સમાધાનના રૂપમાં ભટ્ટજીએ જેટલું માગ્યું એટલું અર્થાત્ માસની ભિક્ષાનું અન્ન ભટ્ટને કણબી સ્ત્રીના ઘરેથી અપાવ્યું.

**● ભટ્ટજીના વચને યુદ્ધમાં વિજય**

એક દિવસ સીમાડાના વિવાદમાં પાડોશી રાજા યુદ્ધ કરવા તૈયાર થઈને આવ્યો. ગામધણી દરબારે વિશ્વંભર ભટ્ટને માથું નમાવી પગે લાગીને પૂછ્યું

કે, 'તોપ વગેરે સામગ્રી લઈને શત્રુએ ચઢાઈ કરી છે. હવે યુદ્ધમાં વિજય કોનો થાશે ? આપ કહો તો અમે સામનો કરવા જઈએ, નહિ તો ઘરમાં જ બેસી રહીએ. સામે શત્રુ રાજા તો ઘણો શક્તિશાળી છે તેની આગળ અમે કાંઈ જ નથી. ત્યારે ભટ્ટજીએ વિચાર કરીને કહ્યું, આ વખતે તમારો વિજય થશે. પછી ગામધણી દરબારે તત્કાળ શત્રુનો સામનો કર્યો. અચાનક આકાશમાં વિશાળ વાદળાંઓ ચઢી આવ્યા. વરસાદ થયો. તોપ કે બંદૂક કાંઈ કામ ન આવ્યા. તેથી ભાલાઓ અને તલવારોથી યુદ્ધ થયું. તેમાં શત્રુપક્ષનું લશ્કર સામેથી ભાગ્યું. એક ખેતર સુધી તેને તગડી મૂક્યું. ગામધણીએ ભટ્ટજીનાં વચનને માન્યું તો વિજય મેળવીને પાછા આવ્યા.'

**● વાસુકી નાગનું દર્શન કરાવ્યું**

થાનમાં થાણેશ્વર મહાદેવજીનું મંદિર છે. ત્યાં મેળામાં દેશ દેશના લોકો ભેળા થયા હતા.વિશ્વંભર ભટ્ટ તે મેળો જોવા ગયા હતા. ત્યારે મહાદેવના મંદિરમાં જ હતા. પરમ વિવેકી ખેમગર નામે એક અતીત સાધુ પણ ત્યાં સાથે રહ્યો હતો. મહાદેવજીનું નામ થાણેશ્વર કહેવાતું અને ગામનું નામ થાન હતું. વરસમાં એક વાર મેળો થતો. અપાર લોકો મેળામાં ભેળા થાતા હતા. ત્યાં કોઈ ધર્મ કે નિયમ જેવું કશું હતું નહિ. ફક્ત બળેવ-શ્રાવણ સુદિ પુનમને દિવસ લોકો ભેળા થતા. વિશ્વંભર ભટ્ટ મંદિરમાં ગયા. શિવજીના દર્શન કર્યા. ત્યાં એક નાનું સાપોલિયું મંદિરની અંદરના ભાગમાં ફરતું દેખાયું. તેના મસ્તક ઉપર નાનું લાલ રંગનું બિંદુ હતું. તેને જોઈને વિશ્વંભર ભટ્ટ બોલ્યા. જે વાસુકી નાગે દિવ્યનાગ કહેવાય છે, તેનું આ સ્થાન છે અને જે આ નાનું સાપોલિયું ફરતું દેખાય છે તે ખુદ વાસુકીનાગ છે. ત્યારે તે વાત કોઈને મનાણી નહિ. તેથી લોકોએ તે વાતને હસી કાઢીને ઉડાવી દીધી. ત્યારે ભટ્ટે કહ્યું, આ વાત હસી કાઢવા જેવી નથી આ હકીકત છે માટે તમારે આ વાતને સત્ય માનવી.

હું ક્યારેય ખોટું બોલતો નથી. પણ તમે અભાગ્યાઓ દેખતા નથી પણ જે સત્ય છે તેને હું દેખું છું. આ સાપોલિયાની રેખાઓને તો જુઓ.' આ વાત કહી તેટલીવારમાં તો તે સાપ ખૂબ જ વધી ગયો. મંદિરની અંદરનો જે અવકાશ હતો તે બધો સાપના શરીરથી ભરાઈ ગયો. અને તે સર્પે ફેણ વધારી ત્યારે બધા લોકોએ તે સત્ય માન્યું. પછી બધા ભટ્ટના

પગમાં પડ્યા અને બોલ્યા કે હવે તમારી વાત સાચી થઈ. હે વિપ્ર ! આ આપનો જ પ્રતાપ છે અને તેનાથી જ અમને આ દિવ્ય સર્પનાં દર્શન થયાં છે. આપ કોઈ જગતનું કારણ તત્ત્વ છો. તે સિવાય અમને આવાં દર્શન ક્યાંથી થાય ? પછી જ્યારે રાત થઈ ત્યારે તે સર્પ અદૃશ્ય થયો. આ પ્રતાપ તો બહુ પ્રસિદ્ધ થયો હતો. તેઓ ઘણી રમૂજ પણ કરતા. તેમાંએ અધર્મ માર્ગની તો વારેવારે રમૂજ કરતા. યુક્તિઓ આપી આપીને અધર્મ માર્ગને પાછો પાડી દેતા.

અધર્મના ઉપર કટાક્ષ જણાવતા. કટાક્ષથી વાત કહેવામાં કોઈથી દબાતા નહિ. ઉપર ઉપરથી તો સહુની સાથે ભળતા રહેતા, પણ અંદરથી તો અધર્મથી ડરતા રહેતા. આત્માનંદસ્વામીને કથા-વાર્તા અને કીર્તનમાં બહુ રુચિ ન હતી. હંમેશા ધ્યાન કરવામાં રુચિ રહેતી. તેમનું મન રાત દિવસ ધ્યાનમાં જ રહેતું. આત્માનંદસ્વામી જ્યારે ધ્યાન કરતા ત્યારે તેમના મિથ્યા સંકલ્પ બધા બંધ થઈ જતા હતા અને રામાનંદસ્વામી જ્યારે પ્રેમભાવથી કથા-કીર્તન કરતા હોય. ત્યારે તેમના જે મિથ્યા ઘાટ સંકલ્પો હોય તે બધા બંધ થઈ જતા હતા.'

**● વિશ્વંભર ભટ્ટનું વિચરણ**

દક્ષિણના એક ગોપાલ બ્રહ્મચારી ગોપનાથ આવ્યા. ને ત્યાં ગોપનાથ મહાદેવ પધરાવ્યા. ત્યાં તેના શિષ્ય આનંદ બ્રહ્મચારી થયા, ને તેના શિષ્ય બીજા આનંદ બ્રહ્મચારી થયા, ને તેના શિષ્ય બીજા ગોપાલ બ્રહ્મચારી થયા. તે સદ્‌ગુરુનો અવતાર હતા. ને તેના શિષ્ય વિશ્વંભર ભટ્ટ શ્રાવણ માસમાં પાલીતાણેથી પૂજા કરવા સારું ગોપનાથ જતા હતા. તે વિશ્વંભર ભટ્ટને તે ગોપાલ બ્રહ્મચારીનો જોગ થયો. ને ગોપાલ બ્રહ્મચારીનો ઉપદેશ વિશ્વંભર ભટ્ટને લાગ્યો ને તે થકી સિદ્ધદશાને પામ્યા. ને પછી વિશ્વંભર ભટ્ટ ત્યાંથી ચાલ્યા, તે તેમના યજમાન ઓઢા ખુમાણ આસોદરમાં હતા, ત્યાં આવ્યા ને ત્યાં રહેણાક કરી. પછી ઓઢા ખુમાણને તેમને હેત થયું.

**● વિશ્વંભર ભટ્ટે વીંછીમાંથી સોનામહોર કરી**

એક દિવસ બંને ગામતરે થી પાછા આવતા હતા ત્યારે રસ્તામાં

વીંછી ઘણાક ચાલ્યા જતા હતા. એટલામાં ઓઢા ખુમાણે પૂછ્યું જે, "આ શું ચાલ્યા જાય છે ?" ત્યારે વિશ્વંભર ભટ્ટ કહે જે, "શાહુકારનું ધન જાય છે. તે લેવું હોય તો લ્યો." ત્યારે 'ઓઢા ખુમાણે કહ્યું જે, "તમે લ્યો." ત્યારે ભટ્ટે ચામડાનો થેલો ત્યારે વીંછીનો ભરી લીધો. ને એક જગ્યાએ પાણી આવ્યું, ત્યાં સર્વે દાતણ કરવા સારુ ઊતર્યા. ને ત્યાં પછેડી પાથરીને થેલો ઠલવ્યો. એટલે સોનામહોરનો ઢગલો થઈ ગયો. ત્યારે કાઠીઓએ કહ્યું કે, "આમાંથી ભાગ સર્વે લેશું." એ સાંભળીને ભટ્ટે પછેડી ઉડાડી તે તમામ સોનામહોરના પાછા હતા તેવા જ વીંછી થઈને પેલા કાઠીઓ પર પડ્યા. ને સર્વેને કરડ્યા. પછી ત્યાંથી આસોદર આવ્યા.

### ● વાલબાઈને ત્યાગી કર્યા

તે આસોદરમાં તેના યજમાનની દીકરી વાલબાઈ કરીને હતી. તે ભગવાનને ગોતતી હતી. તેવામાં કોઈએ કહ્યું કે, 'ભેખમાં ભગવાન છે, માટે જો ભેખની ચાકરી કરે તો ભગવાન મળે. પછી માનગર અતીત કરીને વિશ્વંભર ભટ્ટનો શિષ્યહતો. તેને તે બાઈ હંમેશા જઈને જમાડી આવે. ને કોઈ દિવસ તે માનગર આવીને જમી જાય.'

પછી થોડા દિવસ તે માનગર રોટલા જમ્યા. ને પછી બાઈને પૂછ્યું કે, "તું મને શા સારુ રોટલા જમાડે છે ?" ત્યારે બાઈએ જવાબ દીધો જ, "મહારાજ, હું જાણું છું કે ભેખમાં ભગવાન હોય છે, તે જો સાધુ-સંતની ચાકરી કરીએ તો (તે) ભગવાનને ભેટાડે." પછી તે માનગરે કહ્યું જે, "તારો ગોર વિશ્વંભર ભટ્ટ છે, તે જ ઈશ્વરનો અવતાર છે." ત્યારે તેને સાચું મનાણું.

પછી વિશ્વંભર ભટ્ટ તે બાઈને ઘેર ભિક્ષા કરવા ગયા. તેવામાં તે બાઈ તેને પગે પડી, ને કહ્યું જે, "મને ભગવાન મેળાવો, ને તમે ઈશ્વરનો અવતાર છો !" ત્યારે વિશ્વંભર ભટ્ટ કહે જે, "પગ મેલી દે, અમે બ્રાહ્મણ તો ઈશ્વર જ હોઈએ." એવું કહ્યું તોપણ તે બાઈએ તેના પગ મૂક્યા નહિ. એવું જોઈ વિશ્વંભર ભટ્ટે તેના કપાળમાં અંગૂઠો દાબ્યો, એટલે તેને ખટચક્રની સમાધિ થઈ. ત્યારે તે ભટ્ટે પૂછ્યું જે, "આ વાલબાઈને કાંઈ થાય છે ?" ત્યારે તેની મા કહે જે, "આજે જ કાંઈ થયું છે." ત્યારે

ભટ્ટે કહ્યું કે, "તેને સુવાડી મૂકો." પછી તેને સુવાડી મૂકી.

પછી ત્રણ દિવસ થયા ત્યારે ભટ્ટ પાછા ભિક્ષા કરવા સારુ આવ્યા. ત્યારે તેને કહ્યું જે, "વાલબાઈને હજી સુધી સુવાણ નથી થઈ." પછી ભટ્ટ કહે, 'જોઉં.' એમ કહીને ભટ્ટે પાછો અંગૂઠો દાબીને સમાધિમાંથી ખેંચી તે બાઈ બેઠી થઈ.

તેને થોડા દિવસ થઈ ગયા. ને તેને સાસરેથી કોઈ તેડવા આવનાર હતા. એવામાં વાલબાઈએ કહ્યું, "મહારાજ, મારું મોત આવ્યું. મને મારે સાસરેથી તેડવા આવનાર છે ને મારે સાસરે જાવું નથી ને સંસાર ભોગવવો નથી." તે સાંભળી વિશ્વંભરભટ્ટ કહે જે, "ચાલ ત્યારે આપણે કાશીએ જઈએ." એમ કહી બંને જણ ત્યાંથી ચાલ્યાં, તે લાઠીએ આવ્યાં.

ને ભગવાં પહેરીને વિશ્વંભર ભટ્ટનું 'આત્માનંદસ્વામી' એવું નામ ઠરાવીને બંને જણ ચાલ્યાં તે કાશીએ ગયાં. ત્યાં એક બાઈ નાઘેરની દરબાઈ કરીને વૈરાગ્યવાન હતી. તે તમામ ભેખમાં ભમતી ભમતી કાશીમાં આવી ને વાલબાઈના ભેગી થઈ. પછી બંને જણ ઉતારા પર ગયાં. તે વખત આત્માનંદસ્વામી ભિક્ષા કરવા ગયા હતા. (પછી) તે હરબાઈ વાલબાઈને કહે જે, 'ક્યાં રહેવું ?' ત્યારે તે કહે જે, 'રહેવું તો ગિરનારની છાયામાં.' ત્યારે વાલબાઈ કહે જે, 'તમારે ક્યાં રહેવું ?' ત્યારે કહે જે, 'અમારે પણ ગિરનારની છાયામાં રે'વું. ત્યારે કહે જે, 'આંહી કેમ ફરો છો ?' ભગવાન સારુ કે પુરુષ સારુ ? ત્યારે હરબાઈ કહે જે, પુરુષ સારુ નહિ, પણ ભગવાન સારુ ફરું છું. હાલના વખતમાં ભેખ કે સાધુ એ સર્વે તો કામી, ક્રોધી, લોભી એવા છે, પણ ખરા સંત મળતા નથી. પણ જો ખરા સંત મળે તે થકી ભગવાન પણ મળે એવું ધારીને સર્વે દેશમાં તથા ધામમાં ફરું છું. પણ ખરા સંત ક્યાંય મળતા નથી.'

ત્યારે વાલબાઈ કહે જે, 'મારી ભેગા રહો, હું તમને ખરા સંત બતાવું ને ભગવાન પણ મળશે.' એવું સાંભળીને હરબાઈ ત્યાં રહ્યા. તેટલામાં ઘડી બેઘડીમાં આત્માનંદસ્વામી ભિક્ષા કરી ગામમાંથી ઉતારા પર આવ્યા. ત્યારે હરબાઈને આત્માનંદસ્વામીનું દર્શન થયું. ત્યારે ધારણા થઈ ને (પછી) એ બાઈએ પણ ભગવાં પહેર્યાં.

## ● ગોકુળ-મથુરામાં વૈરાગીને તેમની ભૂલ ઓળખાવી

તે ત્રણેય જણ ત્યાંથી ચાલ્યાં તે ગોકુળ-મથુરામાં આવ્યાં. ત્યાં અભ્યાગતની જગ્યામાં ઉતારો કર્યો. તે જગ્યામાં લોકોને રસોઈ આપવાનો વારો ન આવે, ત્યારે પાકું સીધું આપીને જાય. ને એમ ભલામણ કરે કે, 'જ્યારે વારો આવે ત્યારે રસોઈ કરીને તમે જમજો તથા અભ્યાગતને પણ જમાડજો.' પણ તે જગ્યાવાળા એમ કરે નહિ. અભ્યાગતને દાળ-રોટલા આપીને કાઢી મૂકે ને પોતે સારું સારું કરીને ખાય. પછી લોકોમાં બહુ અપકીર્તિ થવા લાગી કે, 'અભ્યાગતની જગ્યા બગડી.' તેવામાં આત્માનંદસ્વામી તથા બે ડોસીઓએ ત્રણેય જણ તે જગ્યામાં આવી ઊતર્યા. ને આત્માનંદસ્વામીએ પગે ગોળના પાટા બાંધ્યા ને માખ્યો બમણવા માંડી.

પછી તે જગ્યાના સાધુએ આવીને તે જ પ્રમાણે કાચું સીધું આપ્યું ને રજા આપી કે, 'તમે જાઓ.' તોપણ આત્માનંદસ્વામી ઊઠ્યા નહિ. પછી સાંજે મંદિરમાં સાધુ આવીને કહે, 'તમે કેમ હજી જતા નથી ?' પછી આત્માનંદસ્વામી કહે, 'હું માંદો છઉં, તે હું ઉઠનાર નથી.' પછી વેરાગીઓએ હાથ ઝાલીને ઉઠાડવા માંડ્યા. પછી આત્માનંદ સ્વામીએ બૂમ નાખી, એટલે મંહતજીએ સાંભળી પછી મહંતજી કહે, 'એને રહેવા દ્યો, ભલે પડ્યો.'

તે જ દિવસે માલપૂવા તથા દૂધપાકની રસોઈ હતી. તે છાની બનાવેલી. તે સૌના ભાણામાં પીરસ્યા. પછી મહંતજીએ આવીને આત્માનંદ સ્વામીને અત્યંત આગ્રહ કરીને જમવા તેડી ગયા. પછી એમને પણ દૂધપાકને માલપૂવા મેલ્યા. ત્યારે આત્માનંદસ્વામી કહે, 'એ શું છે ?' ત્યારે કહે, 'દૂધપાક છે.' ત્યારે આત્માનંદસ્વામી કહે, 'આમાં તો જીવડાં છે.' એવું સાંભળી સર્વેએ જોયું તો ઘણાંક જીવડાં દૂધપાકનાં વાસણોમાં જોવામાં આવ્યાં. ત્યારે તમામ જણાએ દૂધપાક જમીનમાં દાટી દીધો ને સર્વે રાત્રીએ વાળુ વિના સૂઈ રહ્યા. અને ત્રણે જણ સવારે વહેલા ઊઠીને ચાલ્યા ગયા. પછી સવારે જગ્યાવાળાને ખબર પડી ને બોલ્યા જે, 'એ કોઈ મોટા પુરુષ તો ખરા. એમણે આપણામાં ખોટ હતી તે ટાળવાને સારુ ને આપણને શિક્ષાને સારુ આ પરચો કરી બતાવ્યો.'

ને પછી ત્યાંથી વડનગર ને વિસનગરમાં આઠ-દસ નાગરના ઘરોમાં સત્સંગ થયો. ત્યાંથી અમદાવાદ આવ્યા. ને ત્યાં તેમણે નાગરોનાં આઠ-દસ ઘરોમાં સત્સંગ કરાવ્યો. ત્યાંથી ચાલ્યા તે મછિયાવ ગામ આવ્યા. ત્યાં ભરવાડો ત્યાંના દરબારમાં બાઈને સત્સંગ થયો. ત્યાંથી ચાલ્યા તે રાજકોટ તથા આસપાસનાં ગામોમાં સત્સંગ થયો તથા આંબા આખું ગામ સત્સંગી થયું. ને ત્યાં જુક્તાનંદ, મુક્તાનંદ બે સાધુ કર્યા. તેમાં જુક્તાનંદ સમાધિવાળા થયા ને મુક્તાનંદ અનુવૃત્તિવાળા થયા. તે ત્યાંથી પાંચે જણ ચાલ્યાં, તે સત્રાહા ગામમાં આવ્યાં.

**● રામાનંદ સ્વામીએ રામદાસજીને ત્યાગી કર્યા**

તે કાનમમાં એક સારંગ કરીને ગામ છે. ત્યાં ભાઈ રામદાસજી હળ હાંકતા હતા. ત્યારે રામાનંદસ્વામીએ પૂછ્યું કે, 'અમારી ભેળા આવશો?' ત્યારે તેમણે અકસ્માત કહ્યું જે, 'હા, ચાલીશ.' એમ કહીને તુરત હળ મેલીને રામાનંદસ્વામી ભેગા ચાલી નીકળ્યા.

પછી રામાનંદસ્વામીએ એમને સાધુ કરીને ભાઈ રામદાસજીએ એવું નામ પાડ્યું. તે ફરતાં ફરતાં તળાજે આવ્યા. ત્યાં રામાનુજની જગ્યામાં રહ્યા ને ત્યાં સર્વ ગ્રંથ ભણી લીધા. પછી રામાનંદસ્વામીના મનમાં એમ થયું જે, 'હવે રજા આપે તો ઠીક, આપણી મેળે ચાલી નીકળવું એ કાંઈ ઠીક નહીં.' એવામાં એ બાવે ઘર બનાવા માંડ્યું. ત્યારે રામાનંદસ્વામીને બોલાવીને કહ્યું કે, 'વળીઓ આપો.' ત્યારે રામાનંદ સ્વામીએ અણિયોવાળાં પીછાં આપવા માંડ્યાં. ત્યારે બાવે કહ્યું જે, 'વળીઓ આમ કેમ આપો છો ? થડ દ્યો.' તોય પણ રામાનંદ સ્વામીએ તે જ પ્રમાણે પીછાં દેવાં માંડ્યા. પછી બાવો ધખ્યો કે, 'આવી અવળી ક્રિયા કરવી હોય તો મારી જગ્યામાંથી ચાલી નીકળો.' પછી ત્યાંથી ચાલી નીકળ્યા, તે ફરતાં ફરતાં ગિરનાર થઈને સત્રાહામાં આવ્યા.

**● ધ્રાફાનો મેળો ભાંગ્યો**

ત્યાં આત્માનંદસ્વામી નો ભેટો થયો પછી તે પાંચ જણ ને બે ડોસીઓ એ સાતેય જણ ત્યાંથી ચાલ્યાં, તે મેખાર્ટીબીમાં ગયાં. ને ત્યાં આયરો સત્સંગી હતા ત્યાં રહ્યાં. ને ધ્રાફામાં માર્ગીનો મેળો થાતો હતો,

તે મેખાર્ટીબીમાં આયરો ઉપર કંકોતરીઓ આવી. પછી આયર કહે, 'અમારા ગુરુને કંકોતરી આપો.' પછી આત્માનંદસ્વામી તથા રામાનંદસ્વામીને કંકોતરી આપી. પછી આત્માનંદસ્વામીને રામાનંદસ્વામી કહે, 'અમે સૌ આવીએ ?' ત્યારે આયરો કહે, 'હા, તમે સૌ આવજો.'

પછી મેળામાં જાવાનો દિવસ આવ્યો. ત્યારે રામાનંદસ્વામીને હિરકોરનાં ધોતિયાં તથા લાંબી ચાળનું અંગરખું તથા માથે નગરનું ઊંચી કિંમતનું ધોતિયું વગેરે ભારે પોશાક પહેરાવી કેડે ઢાલ, તલવાર ને હાથમાં બરછી દીધી. ને આત્માનંદસ્વામી તથા રામાનંદસ્વામીને ઘોડે ચડાવ્યા. ને બીજા પચ્ચીસ સવાર ભેગા થઈને ધ્રાફામાં મેળો કરવા ગયા. ત્યાં સૌને ખબર પડી કે ભરમી બાવો આવે છે, ત્યારે સૌ માર્ગીઓ કહે, 'હવે તો મેળો ભાંગશે.' પછી તેણે આત્માનંદ સ્વામી ને રામાનંદસ્વામીને સામું માણસ મોકલીને કહેવરાવ્યું કે, 'તમને કોણે તેડાવ્યા છે ? વગર તેડ્યા આવો છો, તે વાસ્તે પાછા ભાગી જાઓ.' ત્યારે આત્માનંદસ્વામી તથા રામાનંદસ્વામી કહે કે, "અમે પાછા ખસવાવાળા નહિ. 'સોએ સમા ને એકે પારોઠા' એવા છીએ વાસ્તે પાછા નહિ જાઈએ." એમ કહીને ગામમાં ગયા. ને બરછી ઉગામીને કહે કે, 'પ્રશ્ન પૂછો' એમ કહેતાં સૌ ભાગી ગયા. ને કહે, 'લાવો અમને જમવા દ્યો.'

ત્યારે મેળાવાળા બોલ્યા જે, 'તમને કેણે તેડાવ્યા છે ?' ત્યારે આત્માનંદસ્વામી તથા રામાનંદસ્વામી કહે જે, 'જો આ કંકોતરી રહી.' ત્યારે મેળાવાળા કહે જે, 'આ તો આયરોની ઉપર કંકોતરી છે.' ત્યારે આત્માનંદસ્વામી કહે જે, એ અમારા સેવકો છે, માટે એમણે કંકોતરી અમને આપી છે, તે વાસ્તે અમને જમવા દ્યો.' પણ મેળાવાળાએ જમવા ન દીધાં. ત્યારે આત્માનંદસ્વામી કહે જે, 'ત્યારે તું પણ મેળો કરજે.' એમ કહી પાછા ગામ બહાર નીકળીને પાછી ગામ સામી નજર કરી, એટલે ગામના ચોકમાં પૃથ્વીમાંથી એક શેડ્યા નીકળી. તેમાંથી ગોળીઓ જેવી કાંકરીઓ એવા જોરથી નીકળવા માંડી કે, આખા ગામનાં માણસો નાસી-ભાગી ગયાં, ને કેટલાંક નાશ પામી ગયાં. ઘર-ખોરડાં કેટલાંક ભાંગી ગયા, ને મેળો અધુરો રહ્યો ને ધૂળધાણી કરી નાખ્યું. એ પ્રમાણે ધ્રાફામાં મેળો ભાંગ્યો.

## ● વિઠ્ઠલજીનાં સ્તનમાં દૂધ મૂક્યું

પછી ત્યાંથી ચાલ્યાં તે લોઢવાગામે આવ્યાં. ને ત્યાં વિઠ્ઠલજી બ્રાહ્મણ તથા લખુચારણ સત્સંગી થયાં હતાં. તે લખુચારણને ત્યાં રહ્યા. પછી વિઠ્ઠલજીને મળ્યા. તે વિઠ્ઠલજી અને ત્રણ માસનો એક છોકરો મુકીને તેની સ્ત્રી દેહ મૂકી ગઈ. એ દુઃખની વાત આત્માનંદસ્વામી પાસે કહી. ત્યારે આત્માનંદસ્વામી કહે, 'તું છોકરાને ધવરાવ.' ત્યારે વિઠ્ઠલજી કહે, 'મહારાજ, એ કેમ થાય !' પછી આત્માનંદસ્વામીએ વિઠ્ઠલજીની છાતી ઉપર હાથ ફેરવ્યો, એટલે બે સ્તન થયાં. પછી સ્વામી કહે, 'છોકરો અનાજ ખાવા શીખશે એટલે આળસી જાશે ને પુરુષ જેવો થઈશ.' એમ કહીને કહે, 'હમણાં છોકરાને મોટો કર. ને છોકરો દસ વર્ષનો થાશે ત્યારે સાધુ કરશું.' પછી છોકરો મોટો થયો એટલે છોકરાનું નામ બાલાનંદ. અને વિઠ્ઠલજીનું નામ વિઠ્ઠલાનંદ પાડ્યું. ને બેયને સાધુ કરીને લઘુચારણને સોંપ્યો.

## ● શેરડીના ખેતરવાળાને ઐશ્વર્ય દેખાડ્યું

પછી નાઘેરમાં ગામ રામપર આવ્યા ને ત્યાં સત્સંગ કરાવ્યો. એ વગેરે ઘણેક ઠેકાણે સત્સંગ કરાવ્યો. પછી માવજી વાણિયો તથા ડોસો કુંભાર એ બે નાઘેરમાં આત્માનંદસ્વામીને તેડવા ગયા. તે તેડીને પાછા આવતા હતા. ત્યાં રસ્તામાં નાના તથા મોટા માંડવા ગામમાં આવ્યા. તે વખતે તેમની સાથે જુક્તાનંદ તથા મુક્તાનંદ તથા રામાનંદ સ્વામી તથા રામદાસજીભાઈ તથા વાલબાઈ, હરબાઈ ડોસીઓ તથા આત્માનંદસ્વામી તથા માવજી વાણિયો તથા ડોસો કુંભાર તે સર્વે ચાલ્યાં આવતા હતાં. તે માંડવામાં આવ્યા. ત્યાં સર્વેને શેરડી ચૂસવાનું મન થયું. પછી એ નવે જણ એક વાડીમાં ગયાં. ત્યાં શેરડીનો ઢગલો પડ્યો હતો. ત્યાં પૂછ્યા વિના શેરડી ચૂસવા મંડી ગયાં. પછી આ વાડીનો ધણી કહે, 'આ કેનો ગુરુ છે' તે આમ પૂછ્યા વિના શેરડી ચૂસે છે ને નુકસાન કરે છે.' ત્યારે કહે કે, 'આત્માનંદસ્વામી મારું નામ છે ને આ વાડીનો ધણી હું છઉં ને આ પૃથ્વીનો ધણી હું છઉં. બીજા કેને પૂછવું હતું ?'

તેવામાં એ વાડીમાં રહેનારો એક અતીત આવ્યો તે બોલ્યો કે

'મહારાજ ! આબરૂ સોતા આ વાડી બહાર નીકળો. નકર તમારી ભેખની આબરૂ નહિ રહે.' એમ કહીને પરાણે બહાર કાઢ્યા. ત્યારે આત્માનંદ સ્વામીએ ચાલતી વખતે કહ્યું જે, 'હવે શેરડી પીલજે, ને ગોળ કરજો. તું તો શું પણ તારો બાપ આવે તોપણ ગોળ નહિ થાય.' એમ કહીને ચાલતાં થયાં. તે આગળ એક નેરુ આવ્યું. ત્યાં સર્વે નાવા રોકાણાં ત્યાં પેલો ખેડું વાડીમાં ચિચોડો ફેરવવા માંડ્યો. પણ રસ કુંડીમાં પડે નહિ ને બાર પડવા માંડ્યો. પછી પેલો અતીત આવીને ધૂપ-દીપ કરીને ઘણી મહેનત કરીને છેવટમાં અતીતે પોતાની જીભ કાપીને ચિચોડાને ચોડી, પણ રસ કુંડીમાં પડે નહીં.

પછી અતીતે વાડીના ધણીને કહ્યું કે, 'એ ભેખની પાસે કોઈ મેલા મંતર નો'તા, પણ એ કોઈ મોટા પુરુષ હતા. તે એનું બોલ્યું ખરું પડશે. માટે હવે એને પાછા લાવો તો રસ કુંડીમાં ઊતરે ને ગોળ થાય, નહિ તો નહિ થાય.' પછી વાઢનો ધણી ઘોડે ચઢીને ગયો ને જ્યાં આત્માનંદસ્વામી હતા. ત્યાં જઈ તેણે મોઢામાં ખાસડું લઈ પગે લાગીને બોલ્યો કે, 'મહારાજ ! તમે મોટા પુરુષ છો તે તમારે આમ ઘટે નહિ.' એ વગેરે ઘણીક તરેહથી સ્તુતિ કરી ને કહે કે, 'મારા વાડી સુધી પધારો.'

પછી આત્માનંદસ્વામી કહે, 'જો, અમે નહિ આવીએ, તું તારી મેળે પીલી ખા.' પછી તે પસ્તાવો કરી ઘણો દીલગીર થયો. પછી સ્વામી કહે, 'અમારે હવે શેરડી ખાવી નથી, પણ આ પત્તર ભરીભરીને ઘી આપ. પછી એ ઘી આ બધાના ગળામાં ઊતરશે, એટલે તારી કુંડીમાં રસ ઊતરશે. માટે સારું ઘી લાવ પણ જો નરસું હશે તો નાખી દેશું. માટે સારું ઘી લાવજે.' પછી વાડીનો ધણી ઘી લાવ્યો. પછી આત્માનંદસ્વામી કહે, 'હવે ચોખા રાંધો.' પછી તે કણબીએ સારો ગોળ આપ્યો, એવામાં કણબીને નિશ્ચય થયો કે, આ તો કોઈ મોટા પુરુષ છે. એમ જાણીને આત્માનંદસ્વામીને હાથ જોડીને બોલ્યો જે, 'હે મહારાજ ! તમે તો મોટા પુરુષ છો, તમે કાંઈ ગોળ ઘી સારું આવ્યા નો'તા; પણ મારા કલ્યાણને અર્થે આંહી આવ્યા છો.' એમ કહ્યું ને પછી આસ્તા થઈ.

પછી આત્માનંદ સ્વામી વગેરે થોડા થોડા ચોખા, ગોળ ને ઘી જમ્યા; બાકીનું ઘી-ગોળ વધ્યું તે પાછું આપ્યું. ને કુંડીમાં રસ ઊતર્યો. પછી એ કણબી આત્માનંદસ્વામીને કહે જે, 'મારે ત્યાં ચાર માસ રહેવું એવો કોલ આપો.' પણ કોલ ન આપ્યો. ને એક માસ સુધી ત્યાં રહેવાને સારુ હા પાડી. પછી એ કણબીએ એક ઓરડો કરાવ્યો ને સાત જણને સારુ સાત ઢોલિયા તથા ગાદલાં, ગોદડાં પણ કરાવ્યાં ને કોઈ કોઈ વખત પંદર-પંદર, વીસ-વીસ દિવસ રહેતા.

**● આત્માનંદસ્વામીનો દેહત્યાગ**

પછી ફરતાં ફરતાં પાછા સત્રાહામાં આવ્યાં ને ત્યાં સવારે નદીએ નાવા ગયાં. ત્યારે આત્માનંદસ્વામી કહે કે, 'મારો દેહ વૃદ્ધ થયો ને મને એકસો ને પચ્ચીસ વર્ષ થયાં; વાસ્તે દેહનો કાંઈ નિર્ધાર નથી. ત્યારે વાલબાઈ ને હરબાઈ બે ડોશીઓ કહે, 'તમારા દેહનો નિર્ધાર નહીં, ત્યારે અમારે શું કરવું ?' ત્યારે આત્માનંદસ્વામી કહે જે, 'તમારે આ રામાનંદસ્વામીની આજ્ઞામાં રહેવું.'ને વળી એમ કહ્યું જે, "હું તથા જુક્તાનંદ, મુક્તાનંદ એ ત્રણેય જણ નાઘેરમાં જઈએ છીએ; તે દેહ પડી જાય અથવા તો દેહ રહે તોપણ હવે તમારે અમારી વાંસે આવવું નહીં." એમ કહીને નાઘેરમાં લોઢવે એ ત્રણેય જણ ગયા ને રામાનંદસ્વામી તથા રામદાસજીભાઈ તથા હરબાઈ, વાલબાઈ તે સત્રાહામાં રહ્યાં.

આત્માનંદસ્વામી લોઢવામાં રહેતા હતા. ત્યાંથી પચ્ચીસ ગાઉને છેટે એક રામપર નામે ગામ છે. ત્યાનાં હરિભક્તને સમાધિમાં કહે જે, "તું તારું ગાડું લઈને મને તેડવા આવ." એટલે તે હરિભક્ત ગાડું લઈને તેડવા આવ્યો. એટલે આત્માનંદસ્વામીએ ગાડામાં બેસીને રામપર ગયા. ને જુક્તાનંદ, મુક્તાનંદને ત્યાં રહેવાની આજ્ઞા કરીને પોતે રામપર ગયા. ને રાજુલાના બાબરિયો કાઠી તથા રાજગર એ બે જણને તેડાવ્યા ને ઘાતરવડીમાં સવારે નાવા ગયા. ને નાઈને તમરને છાંયે બેઠા ને બાબરિયા તથા રાજગરને કહ્યું જે, "અમને એકસો ને પચ્ચીસ વર્ષ થયાં છે, તો હવે અમારા દેહનો નિર્ધાર નથી. માટે કદી દેહ પડી જાય તો બાળશો નહીં. તેમ દાટશો નહીં. પણ આ જગ્યામાં આ નદીના કાંઠા

ઉપર આ તમરનું ઝાડ છે ત્યાં મૂકી જાજ્યો.'' એમ કહી એ બેનેના પોતાના પગ ઝલાવ્યા ને નક્કી કર્યું ને પછી સવારે દેહ મૂકી દીધો.

પછી તેમના કહેવા પ્રમાણે ઘાતરવડીને કાંઠે ગાજતે-વાજતે એ આત્માનંદસ્વામીના દેહને તમરનાં ઝાડ તળે મૂકી આવ્યા. પછી આત્માનંદસ્વામીએ દેહ મૂક્યા પછી જુક્તાનંદ, મુક્તાનંદને લોઢવામાં આવીને કહ્યું કે, 'તમારે ધામમાં આવવું છે ?' તે સાંભળી તેણે હા કહી. ને બીજા લોકોને ભલામણ કરી કે, અમારો દેહ પડી જાય તો અમારા દેહને બાળશો નહીં. તેમ દાટશો પણ નહીં, ને આ પર્વતમાં મૂકી આવજો.' પછી તેણે સમાધિ કરીને દેહ છોડી દીધો ને ધામમાં ગયા. ને તેમનો દેહ તે ગામના માણસો પર્વતમાં મૂકી આવ્યા.

એ સર્વે વાત રામાનંદસ્વામી તથા રામદાસભાઈ તથા હરબાઈ વાલબાઈ સત્રાહામાં હતા ત્યાં તેમણે સાંભળી; પણ આત્માનંદ સ્વામીની આજ્ઞા નો હતી એટલે ત્યાં તો જવાય નહીં. પછી ત્યાં ન ગયા. ને ડોસીઓએ કહ્યું કે, હવે આપણે કેમ કરવું ત્યારે રામાનંદસ્વામી કહે કે, સ્વામીની આજ્ઞા પ્રમાણે ચાલવું વાસ્તે અમે તમને એમ કહીએ છીએ કે તમે ડોસીઓ છો માટે તમારે પુરુષને વાતો કરવી નહીં ને સ્ત્રીઓને વાતો કરો. એમ રામાનંદસ્વામીએ કહ્યું, ત્યારે ડોસીઓ બોલ્યાં જે, 'પુરુષ અમને શું કરનાર છે ?' અમે પિસ્તાળીશ વરસથી આત્માનંદસ્વામી ભેગાં રહ્યાં ને સાત વરસ સુધી તમારી ભેગાં રહ્યાં, તો હવે અમારે કાંઈ પુરુષની ગણતી નથી. માટે પુરુષ અમને શુ કરનાર છે ?'

ત્યારે રામાનંદસ્વામી કહે કે, ''અમારું વચન માનવું હોય તો અમારી ભેગા રહો ને ન માનો તો તમે નોખાં રહો.'' ત્યારે એક તરફ બે બાઈઓ રહેતી હતી ને રામાનંદસ્વામી તથા રામદાસજીભાઈએ બંને જણ પણ ત્યાંથી ચાલી નીકળ્યા. ને ભગવાં ઉતારીને રામાનુજનો વેશ ધારણ કર્યો ને પછી દેશોમાં ફરતાં ફરતાં લોજ, માંગરોળ, સરધાર, ધોરાજી વગેરેમાં સાત સદાવ્રત બાંધ્યાં. એ પ્રમાણે રામાનંદસ્વામી તથા રામદાસજીભાઈ એ સાત વરસ સુધી આત્માનંદસ્વામી ભેગા રહ્યા ને ડોશીઓ પિસ્તાળીસ વરસ સુધી આત્માનંદસ્વામી ભેગી રહી.

# વાલ્મીકી ઋષિ

રામાયણના રચયિતા મહર્ષિ વાલ્મીકિ પ્રાચેતસ (પ્રચેતા) નામના એક બ્રાહ્મણને ત્યાં જન્મ્યાં હતાં. માતા-પિતા જંગલમાં તપ કરવા ગયા ત્યાંજ તેમને મૂકી દીધા. તેથી કોઈ ભીલની દૃષ્ટિ પડતા પોતાને ઘેર લાવી ઉછેરીને મોટા કર્યા. અને ધનુર્વિદ્યામાં પારંગત થયા. અને ચોર-લૂંટારુંનું કાર્ય કરવા લાગ્યા એકવાર મહર્ષિ નારદજીનો ભેટો થયો. અને નારદજીએ કહ્યું પરિવારજનોને પૂછ્યું કે તમે આ પાપના ભાગીદાર ખરા ? ત્યારે પરિવારજનો કહે ક્ષમા કરો તારા કર્મ તું ભોગવે. આટલું સાંભળતા વૈરાગ્ય ઉદ્‌ભવ્યો. નારદજીને ગુરુ બનાવીને રામ નામનો જપ કર્યો. અને તપ કરતાં કરતાં શરીરનો રાફળો થયો તેથી તેમને વાલ્મિકીના નામથી ઓળખે છે. તમસાનદીના કિનારે તેમનો આશ્રમ હતો. અને ભરદ્વાજ ઋષિ તેમના મુખ્ય શિષ્ય હતાં.

રામાયણના રચયિતા ત્રિકાળદર્શી શ્રી વાલ્મિકીજી ઋષિ જેઓ નારદજીના સમાગમે કરીને વાલીયા લુંટારામાંથી મરા-મરા નામનો જપ કરતા કરતાં રામ નામમાં મગ્ન બની ગયા. જેમને ભગવાન શ્રીરામચંદ્રજીના જન્મ પહેલા રામાયણ નામનો ગ્રંથ સંપૂર્ણ ભગવાન શ્રી રામચંદ્રજીના જીવંન પર લેખીત કર્યો. આવા મહાન ઋષિવર્ષને ત્યાં માતા સીતાજીએ બે પુત્રો લવ અને કુશને જન્મ આપ્યો. શાસ્ત્રોના આધારે તે વાલ્મિકી ઋષિ કલીયુગમાં ગોપાળ બ્રહ્મચારી રૂપે અવતરીત થયા હતા. જેમને ભાવનગર જિલ્લાનું તળાજા ગામમાં આવીને નિવાસ કરેલો. આમતો તેમની જન્મભૂમિ તૌમાં દેશમાં આવી છે.

એકવાર કોઈ એક શેઠ સુરતથી ખૂબ ધન કમાઈ પોતાને ગામ તળાજા પાછા આવેલા એ સમયે શેઠની ગાયો રોજ વનમાં ચરવા જતી જેમાં

એક ગાય દરરોજ સમુદ્રના ઉંડા પાણીમાં જાય ત્યાં ટેકરી પર ઊભી રહીને દૂધ બધું વહાવી દે તેથી એ ગાય સાંજે કોઈ દિવસ દુધ આપે નહીં. શેઠને સમાચાર મળતા. એક દિવસ જ્યારે તેમને જોયું કે ગાય સમુદ્રના ઉંડા પાણીમાં જઈ ટેકડી પર ઊભી રહીને દુધ બધુ વહાવી દીધું. તો તેમને આશ્ચર્ય થયું. ને ઘરે આવ્યા એજ વખતે તળાજામાં ગોપાળ બ્રહ્મચારી આવેલ. શેઠે બ્રહ્મચારીને વાત કરી. ત્યારે ગોપાળ સ્વામી કહે કે શેઠ ત્યાં એક શીવલીંગ છે તે તમે બહાર કઢાવો અને મંદિર બનાવો. તો શિવજીની બધી કૃપા તમારી ઉપર રહેશે. ગોપાળ બ્રહ્મચારીની વાત માની શેઠે ત્યાં ખોદકામ કરાવી જોયું તો ટેકરી નીચે શિવલિંગ નીકળ્યું. તે જગ્યામાં મંદિર બનાવ્યું. તેથી ગોપાળ બ્રહ્મચારીએ એક દિવસ આ જગ્યા પર મોટા પુરુષ આવી નિવાસ કરશે. આમ આશીર્વાદ આપી યાત્રાએ નિકળી ગયા. તેમના આશીર્વાદ પ્રમાણે ત્યાં આત્માનંદ સ્વામી - રામાનંદ સ્વામી અને સ્વંયમ્ શ્રીજી મહારાજ શ્રી નિલકંઠ વર્ણી રૂપે પધાર્યા હતા. તે જગ્યાનું નામ ગોપનાથ મહાદેવ છે.

**● ગોપાળ બ્રહ્મચારી (વાલ્મીકિ ઋષિ)ની પરંપરા**

જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી જ્ઞાન લઈ ઉદ્ધવજી બદરિકાશ્રમ બાજુ જવા નિકળ્યા ત્યારે તે સમયે વિષ્ણુપુરી (વિષ્ણુકાંચી) ગામના કૃષ્ણ શર્મા બ્રાહ્મણના પુત્ર સોમશર્મા બ્રહ્મવિદ્યા શીખવા માટે ઘરનો ત્યાગ કરી. નાસીકમાં ગોદાવરી નદીના કિનારે આવીને બેઠા હતા. ત્યારે તેમને વેદ ભણેલા. નિલકંઠ બ્રહ્મચારીનો યોગ થયો. તે ખૂબ જ જ્ઞાની અને અતિ સદાચારી હતા. માટે તેમને ગુરુ બનાવી. સોમ શર્માએ વેદોનો અભ્યાસ કર્યો. ત્યાર બાદ સોમ શર્માએ કહ્યું હે ગુરુદેવ મારે પ્રગટ ભગવાનનું જ્ઞાન જોઈએ છે. ત્યારે નિલકંઠ બ્રહ્મચારી કહે વેદ ભણાવી શકું પરંતુ પ્રગટ ભગવાન મેળવવા માટે સદ્‌ગુરુની જરૂર પડે. એવા વચન સાંભળી સોમ-શર્મા વનવાસી થઈ સદ્‌ગુરુની શોધ કરતા કરતા બદરિકાશ્રમ બાજુમાં અસ્ત્રતીર્થમાં જઈને નિવાસ કર્યા. ત્યાં ઉદ્ધવજીનો મેળાપ થયો. સોમશર્માને ઉદ્ધવજીએ અષ્ટાકાર મંત્ર આપ્યો. તેથી સોમશર્માને ખૂબ જ શાંતી થઈ. ઉદ્ધવજીએ તેમને ચાર ચતુષ્યકનું મનન કરવાનું કહ્યું. (૧) નિત્ય અને

અનિત્ય વસ્તુનો વિવેક (૨) ષટસંપત્તિ (સત્ત, દત્ત, ઉપરોતી, તીતીરગ, વૃદ્ધા, સમાધાન) (૩) ઈહા મુત્ર ફલ ભોગ વિલાસ આલોક અને પરલોકના ભોગમાં વૈરાગ્ય (૪) મુમુક્ષ દરરોજ ચતુષ્ટનું મનન કરવા લાગ્યા. ઉદ્ધવજી પાસે કકવલ્લી ઉપનિષદ સાંભળ્યું. ઉદ્ધવજી પાસેથી મૂર્તિનું ધ્યાન કરતા શીખ્યા. તે ધ્યાનમાં પ્રથમ હૃદયમાં તેજ દેખાયું ત્યારબાદ ગોલોકમાં રાસરમતા ભગવાન શ્રીકૃષ્ણના દર્શન થયા. શ્વેતદ્વીપ - વૈકુંઠ આદિ ધામાના દર્શન બાદ છેલ્લે અક્ષરધામના દર્શન થતા. પરમાત્માનો સાક્ષાત્કાર થયો. સમાધિમાંથી જાગીને ઉદ્ધવજીના પગ પકડ્યા કે હવે મને આ સંસાર અસાર છે માટે કૃપા કરી દીક્ષા આપો ત્યારે ઉદ્ધવજીએ સોમ શર્માને દિક્ષા આપીને તેમનું નામ આત્માનંદ સ્વામી રાખ્યું. અને કહ્યું જે જ્ઞાન અને ભક્તિ મે તમને શીખવી છે તેવી તમે જગતમાં પ્રસરાવો. જેવી મારી સિદ્ધિ છે તેવી તમારામાં સિદ્ધિ રહેશે અને તમારા અનુયાયી પણ સમાધિ નિષ્ઠ થશે. ગુરુદેવ ઉદ્ધવજીના વચન શીર પર ચઢાઈ આત્માનંદ સ્વામી જગતમાં વિચરવા લાગ્યા. ફરતાં ફરતાં દ્વારિકા આદિની યાત્રા કરવા લાગ્યા. તેમને એક શિષ્ય હતા ગોવિંદાનંદજી તેમના શિષ્ય આનંદાનંદજી તેમના શિષ્ય. ગોપાળ બ્રહ્મચારી (વાલ્મીકી ઋષિ) તેમના શિષ્ય વિશ્વભર ભટ્ટ (આત્માનંદ સ્વામી) તેમને એક પુત્ર હતો. ગોપીભટ્ટ (જેમને મહારાજે અમદાવાદ નર-નારાયણ દેવની પૂજામાં રાખેલા) આત્માનંદ સ્વામી દામનગર તથા આસોદરના વિસ્તારમાં રહેતા હતાં. અને તેમને ઈશ્વરીય અવતાર કહેવામાં આવતા અને તેમને બધા ભગવાનની પેઠે માનીને તેમના આશ્રિત થયા હતા. અને તે આત્માનંદ સ્વામીને અક્ષરધામમાં બ્રહ્મજ્યોત સ્વરૂપે ભગવાનનું દર્શન થાતું હતું. તેમને પોતાના સંપ્રદાયના ચાર મુખિયા કર્યા હતા. રામાનંદ સ્વામી જેઓ સાકાર પ્રતિપાદના મુખિયા હતા. અને બ્રહ્મજ્યોતિના મુખ્ય મુક્તાનંદ અને મુક્તાનંદ એ બંને હતા. હરબાઈ અને માતાજી કરીને બે ડોસીઓ જેઓ તેમની ઈચ્છા પ્રમાણે તે જાતના મુખ્ય કર્યા હતા.

- જેમાં સાકાર સ્વરૂપ પ્રતિપાદનના મુખ્ય રામાનંદ સ્વામીના શિષ્ય સહજાનંદ સ્વામી મહારાજ હતા....

## ઉદ્ધાતાર રામાનંદ સ્વામી

ભગવાન શ્રીકૃષ્ણએ જ્યારે આ ધરતી પરથી લીલા સંકેલવાનો નિર્ણય કર્યો ત્યારે ઉધ્ધવજીને પાસે બોલાવી જ્ઞાનોપદેશ કર્યા અને કહ્યું, આ જગતમાં તમે મારા સ્વરૂપનું જ્ઞાન પ્રવર્તાવજો. ત્યાર બાદ ભગવાન શ્રીકૃષ્ણએ પોતાની લીલા સંકેલી લીધી અને ઉધ્ધવજી આ જગતમાં શ્રીહરિનું જ્ઞાન આપવા નીકળ્યા છે. પરંતુ જ્યારે કોઈની સામે ભગવાનની વાત કરે ત્યારે હૃદય ભરાઈ આવે અને ચોધાર આંસુએ રડવા લાગે. આમ જ્યારે અનેક વાર પ્રયત્નો કરતા છતાં જ્યારે કોઈને પણ ભગવાનની વાત ન કહી શક્યા ત્યારે તેમને ગંગા નદીના કિનારે શ્રીપુર નગરમાં તપ કર્યું અને ત્યાંથી આગળ ચાલી નીકળ્યા તે વિષ્ણુપુરીમાં સોમ શર્મા બ્રાહ્મણનો યોગ થયો. જેને બ્રહ્મવિદ્યા શીખવી અને ભગવાનનું જ્ઞાન આપ્યું અને દીક્ષા આપી. આત્માનંદ સ્વામી નામ આપ્યું. (આત્માનંદ સ્વામીના શિષ્ય ગોવિંદાનંદજી તેમના શિષ્ય આનંદાનંદજી તેમના શિષ્ય ગોપાળ બ્રહ્મચારી (જે વાલ્મીકિ ઋષિનો અવતાર હતા) તેમના શિષ્ય વિશ્વબર ભટ્ટ (આત્માનંદ સ્વામી બીજા) અને તેમના શિષ્ય રામાનંદ સ્વામી (જે ઉધ્ધવજીનો અવતાર હતા)

સોમ શર્મા બ્રાહ્મણને દીક્ષા આપીને ઉદ્ધવજી બદ્રરિકાશ્રમની પાવન કારી ભૂમિમાં પ્રવેશ કર્યા જ્યાં તેમને શ્રી નરનારાયણ દેવના દર્શન થયા. ઉધ્ધવજી એ શ્રીનરનારાયણ દેવને ભારત વર્ષની ભૂમિ પર ધર્મ સ્થાપન અને શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન પર્વતાવવા માટે પ્રાર્થના કરી. અનેક ઋષિ મહાત્માઓ પણ ત્યાં આવ્યાં. અને દુવાસામુનિનો શ્રાપ થયો જેથી ઉધ્ધવજી આ ધરતી પર રામાનંદ સ્વામી ના રૂપે પ્રગટ થયા. શ્રી રામાનંદ સ્વામીનો જન્મ સંવત ૧૭૯૫ના શ્રાવણ વદ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના દિવસે અયોધ્યાનગરમાં અજય અને સુમતિ વિપ્ર પરિવારને ત્યાં થયો હતો. તેમનું પ્રથમ નામ રામ શર્મા રાખવામાં આવ્યું હતું. જેઓ ૧૦ વર્ષની નાની ઉંમરે ઘર ત્યાગી પ્રગટ ભગવાન મેળવા માટે નીકળ્યા હતા ત્યારે તેમને સૌરાષ્ટ્રના

તળાજા નજીક ગોપનાથ મહાદેવના મંદિરે આત્માનંદ સ્વામીનો યોગ થયો. જેમના પાસેથી દીક્ષા લઈ ને રામાનંદ સ્વામી નામ ધારણ કર્યું.

**● રામાનંદ સ્વામીને રામાનુજાર્યજીનું દર્શન**

એક વાર જ્યારે આત્માનંદ સ્વામીએ ભગવાનના સ્વરૂપને નિરાકાર કર્યું તેથી તેમનો ત્યાગ કરી શ્રીરંગક્ષેત્રમાં કાવેરી નદીના કિનારે નિવાસ કર્યા જ્યાં તેમને સ્વપ્નમાં શ્રી રામાનુજાચાર્યના દર્શન થયા અને શ્રી રામાનુજાચાર્યજીએ તેમને જ્ઞાનમુદ્રા અને ગુરુમંત્ર આપી દીક્ષા આપી. ત્યાર બાદ ઉધ્ધવાતાર શ્રી રામાનંદ સ્વામી ભૂમિ પર વિચરણ કરીને જગતને શ્રીહરિની ઓળખાણ કરાવા લાગ્યા.

**● સ્વામીએ સાત સદાવ્રત અને અભ્યાગતને આશરો આપી જમાડયા**

મુક્તાનંદ સ્વામી સુખાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી આદિક સંતોનું મંડળ બનાવી ભગવાનના સ્વરૂપનું આ જગતને જ્ઞાન આપવા લાગ્યા. એક વાર શ્રીહરિના માતા-પિતા શ્રી ધર્મદેવ ભક્તિ માતાનો પ્રયાગમાં ત્રિવેણી સંગમના કિનારે યોગ થયો ત્યારે ધર્મ દેવને શ્રી રામાનંદ સ્વામીએ દીક્ષા આપી અને આજ્ઞા કરી કે, તમે પુરુષ ભાઈઓને દીક્ષા આપજો અને ભક્તિમાતાને કહ્યું જે તમે બહેનોને દીક્ષા આપજો ને ધર્મનો પ્રચાર કરજો.

શ્રી નિલકંઠ વર્ણી રૂપે શ્રીહરિ લોજમાં પધાર્યા ત્યારે રામાનંદ સ્વામી ભુજ નગરમાં બિરાજમાન હતા. મુક્તાનંદ સ્વામી શ્રીહરિએ કાગળ લખાવીને રામાનંદ સ્વામીને મોકલ્યો ત્યારે સ્વામી એ ભક્તોને કહ્યું જે હુતો ડુગડુગીનો વગાડનારો શું ખરા ખેલના ભજવનાર આવી ગયા છે.

શ્રીહરિ અને રામાનંદ સ્વામીનો પીપલાણાની અંદર પ્રથમ મેળાપ થયો ત્યારે શ્રીહરિ બોલ્યા, તમે પૂર્વના ઉધ્ધવજી છો તે આ ધરતી પર અમારા જ્ઞાન અને સ્વરૂપનો પ્રચાર કરવા પધાર્યા હતા. ત્યારે રામાનંદ સ્વામી કહે, હે પ્રભુ હવે મારું કાર્ય પૂર્ણ થયું. આ ધર્મધુરા તમે સંભાળો. એમ કહી ને શ્રી નિલકંઠ વર્ણીને દીક્ષા આપી અને સહજાનંદ સ્વામી તથા નારાયણ મુનિ નામ આપ્યા. ત્યાર બાદ જેતપુરમાં શ્રીહરિને ગાદી સોંપીને ફરેણી ગામે વિ.સં. ૧૮૫૮ના માગસર સુદ-૧૩ના દિવસે ગુરુવારે શ્રી રામાનંદ સ્વામી દુર્વાસા મુનિના શ્રાપથી મુક્ત થઈ શ્રીહરિના પરમધામને પામ્યા.

## કશ્યપ ઋષિ તથા અદિતી માતા

પૂર્વે બદરિકાશ્રમની ભૂમિમાં શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ૮૮ હજાર ઋષિઓ ભેગા થયા ત્યારે દુર્વાસા મુનિનો સર્વેને શ્રાપ થયો જે તમે સર્વે પૃથ્વી પર મનુષ્ય અવતાર ધારણ કરી અસુરો થકી ખૂબ પીડાને પામો. ત્યાર બાદ સર્વે ઋષિમુનિઓ યથાયોગ્ય જગ્યાએ જન્મ ધારણ કરવા લાગ્યા, જેમાં બ્રહ્માના દશપુત્રોમાં મરીચિ નામના પુત્ર હતા - જેમનું સપ્તર્ષિના સાત તારા મંડળમાં સ્થાન છે તેમના પુત્ર કશ્યપ મુનિ જે સર્વ ઋષિમુનિઓમાં શ્રેષ્ઠ સ્થાન ધરાવે છે. જેમને અદિતી-દિતિ-દનુ-દનાયુ-કાલા-કપિલા-ક્રોધા-પાશ્વા-ઈલા-વનિતા-સિંહીકા-મુનિ-કદ્રુ આમ તેર પત્નીઓ હતી, જે દક્ષ પ્રજાપતિની દીકરીઓ કહેવાય છે. આ સર્વે પત્નીઓમાં તેમને અદિતી ખૂબ જ પ્રિય હતાં. જેમના થકી આદિત્ય-ઈન્દ્ર આદિ દેવતાઓ તથા ભગવાન વિષ્ણુના અવતાર શ્રી વામન ભગવાનનો જન્મ થયો હતો - તેમના સંતાનોમાં દિતિ થકી દૈત્યોની ઉત્પત્તિ થઈ - કદ્રુ થકી નાગ જાતિની ઉત્પત્તિ થઈ મનુષ્ય, પક્ષી ઈત્યાદિક પ્રાણીઓના પિતા સ્થાને મહર્ષિ કશ્યપ મુનિ હતા, જેમને ભગવાન પરશુરામ તથા શ્રીરામ ભગવાનના ગુરુપદે સ્થાન પ્રાપ્ત થયું છે. કશ્યપ નામનું ગોત્ર છે. જ્યારે કોઈ માનવીને પોતાના ગોત્રનો ખ્યાલ ન હોય ત્યારે પુરોહિતો કશ્યપ નામના ગોત્રનો ઉચ્ચારણ કરી આપે કારણ આ ગોત્ર બહુ જ પ્રચલિત છે માટે... જેમનો આશ્રમ મેરુ પર્વતના શિખર પર (શ્રીનગરથી ૩ માઈલ દૂર) હતો - ઈતિહાસ જોતા એવું લાગે છે કે કાશ્મીર નામ પણ કશ્યપ મુનિના નામ પરથી પડ્યું હશે... જ્યારે પરિક્ષિત

મહારાજને શ્રાપ થયો પછી ભાગવતનું રસપાન કર્યા બાદ તક્ષક નાગ પરિક્ષિતને દંશ દેવા જતો હતો ત્યારે કશ્યપ મુનિ રસ્તામાં મળ્યા તક્ષક કહે ક્યાં જાઓ છો - પરિક્ષિતને દંશ થશે પછી રાજાને નિવિર્ષ કરી જીવંત કરીશ તક્ષક કહ્યું તો લો આ વૃક્ષને જીવંત કરો એમ કહી વૃક્ષ પર ફૂંક મારી ... એ લીલુછમ વૃક્ષ સુકાઈ ગયું. તે સમયે કશ્યપ મુનિએ પોતાની ચિકિત્સા (મંત્ર) દ્વારા વૃક્ષને પુનઃ લીલું બનાવી દીધું, તેથી તક્ષક નાગે તેમને રસ્તામાં જ ખૂબ જ ધન-દક્ષિણા આપી પાછા વાળી દીધા હતા. જેવો આયુર્વેદ શાસ્ત્રને ખૂબ જાણતા હતા.. જેમને સ્મૃતિગ્રંથની પણ રચના કરેલી છે. આવા મહાન ઋષિ કશ્યપજીનો જન્મ બોનાપાર ગામમાં બાલકરામ તરવાડીના રૂપે થયો હતો અને તેમના પત્ની અદિતીનો જન્મ જીવરાણી દેવી રૂપે થયો.

**“મારો મહિમા મોટો પ્રમાણો, પૂર્વનો છું હું કશ્યપ જાણો.”**

જેમની પત્નીનું નામ જીવરાણી દેવી હતું જે અદિતી માતાનો અવતાર છે અને તેમને બે પુત્રો હતા : (૧) દુંદ તરવાડી (૨) કૃષ્ણ-શર્મા તરવાડી. એક વાર બંને દંપતી નિવૃત્તિ ધર્મ અંગિકાર કરી સરયુ કિનારે શેષ જીવન વ્યતિત કરવા નીકળ્યા. તે કેટલાક દિવસે અયોધ્યા નજીક છપિયા ગામે નારાયણ સરોવરના કિનારે રાત્રિ રોકાણ કર્યું અખંડ ભગવાનના નામનો જપ કરતા રાત્રિ વ્યતીત થઈ ત્યારે તેમને પોતાના પૂર્વજન્મની સ્મૃતિ થઈ કે અમે તો કશ્યપ અને અદિતી છીએ. પોતાને ત્રિકાળ જ્ઞાનની સ્ફુરણા થઈ ત્યારે ખબર પડી કે, આ ભૂમિનો પ્રતાપબળ મોટો છે તેથી આગળ જવાનું બંધ રાખી ત્યાં પોતાની પર્ણકુટિર બાંધી નિવાસ કર્યા ને એક વાર બંને દંપતી ભગવાન નારાયણનો જાપ કરતા હતા ત્યારે સાક્ષાત્ ચતુર્ભુજ રૂપે ભગવાન શ્રીહરિનું દર્શન થયું. ત્યારે જીવરાણી દેવી કહે, પ્રભુ અમને મુક્તિ આપો. ત્યારે શ્રીહરિ કહે, હે દેવી આ સરોવરમાં અમારા ચરણના અંગૂઠા વડે ગંગાજી પ્રગટ થયા છે અને અમે અહીં માકેન્ડ મુનિના આશ્રમે વટપત્ર શાહી બાલમુકુંદ રૂપે અખંડ નિવાસ કરીએ છીએ અને

આ જગ્યાએ તમારા દીકરાની દીકરીના ઘરે અમે સ્વયમ્ અક્ષરધામના અધિપતિ પુત્ર સ્વરૂપે પ્રગટ થઈશું અને તમારું કલ્યાણ થશે. આમ કહી શ્રીહરિ અદશ્ય થયા તેથી પોતાના બંને પુત્રોને પરિવાર સાથે ‘લોનાપર ગામથી છપિયા બોલાવી લીધા અને બાલકરામ તરવાડીના સારાએ પરિવારે નારાયણ સરોવરના કિનારે છપિયામાં નિવાસ કર્યા.

એક વાર જ્યારે બાલકરામ તરવાડી બીમાર પડ્યા ત્યારે બંને પુત્રોએ પિતાના કલ્યાણ અર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરાવી - કથાની પૂર્ણાહુતિ બાદ પિતાશ્રીને અયોધ્યા સરયુ કિનારે લઈ જવાનો વિચાર કર્યા - ત્યારે બાલકરામ તરવાડી બોલ્યા કે, હે સંબંધીજનો તમે મને સરયુ ગંગા લઈ જશો નહીં. કારણ કે હું અહીં જ દેહત્યાગ કરવા માંગું છું ત્યારે કુંદ તરવાડી બે હાથ જોડી બોલ્યા, હે પિતાશ્રી પિતૃલોકમાં અમારી ખૂબ જ નિંદા થશે માટે તમને સરયુ કિનારે અયોધ્યા જરૂર લઈ જવા પડશે. ત્યારે બાલકરામ તરવાડી બોલ્યા, હે પુત્ર તમારી પિતૃલોકમાં નિંદા નહીં થાય. કેમકે

**“કહે બાલકરામજી પ્રિતે, સુણો પુત્ર કહુ રૂડી રીતે**
**ઉત્પાપન કરીને અધર્મ, સ્થાપવાને સનાતન ધર્મ**
**છપૈયા પુર માંહી પાવન, થાશે પ્રગટ શ્રી ભગવાન**
**અક્ષરાતીત જે અધિકારી, અવતારતણા અવતારી**
**પુરુષોત્તમજી નારાયણ, પુત્ર થાજો તેને પરાયણ**
**માટે અહીં તજુ શરીર, જાવું નથી સર્જુ ગંગાતીર**

અહીં ભગવાન આ ભૂમિ પર જન્મ ધારણ કરવાના છે અને આ ભૂમિને પાવન કરશે માટે આ બહુ મોટું તીર્થ છે એટલે હું અહીંયા દેહત્યાગ કરીશ. ત્યારે બાલકરામના પત્ની જીવરાણી દેવીએ કહ્યું, એ પુત્ર સાંભળો. આ તમારા પત્ની ભવાનીદેવીને ત્યાં એક પુત્રી ભક્તિ નામે કરીને થશે. જેમના લગ્ન મોટી સરવાઈમાં ઈટાર ગામે બાલશર્મા નામના વિપ્રને ઘરે ધર્મદેવ પોતે અવતાર ધારણ કરશે તેમની સાથે થશે અને ધર્મદેવ ભક્તિ સાથે અહીં છપૈયામાં નિવાસ કરીને રહેશે

તેમને ઘેર ભગવાન શ્રીહરિ પોતે પુત્ર સ્વરૂપે પ્રગટ થઈ આપણા કુળને પાવન કરશે માટે હે પુત્ર તમારા પિતાશ્રીને અહીં જ દેહત્યાગ કરવા દો અને હું પણ તેમની સાથે સતિ થઈશ. આમ વાત કરી પૂર્વના કશ્યપ મુનિએ ભગવાનનું સ્મરણ કરી પોતાના દેહનો ત્યાગ કર્યા અને નારાયણ સરોવરની પૂર્વ દિશામાં પોતાના આંબાવાડિયામાં અગ્નિ સંસ્કાર કર્યા જેમાં જીવરાણી દેવી પણ પતિ પાછળ સતિ થઈ ગયા. આજે પણ છપિયામાં નારાયણ સરોવરના કિનારે તેમનું સ્મૃતિ સ્થાન આવેલું છે.

બાલકરામ તરવાડી (કશ્યપ મુનિ) શ્રી ઘનશ્યામ મહારાજના નાના કૃષ્ણ શર્મા અને તેમના પિતારૂપે આ ભૂમિ પર જન્મ ધારણ કરી દુર્વાસા મુનિના શ્રાપથી મુક્ત થયા હતા.

## બાલશર્મા

ભગવાનશ્રી કૃષ્ણના વખતમાં ઈન્દ્રપ્રસ્થ નગરમાં એક શ્રુતવ્રત નામે બ્રાહ્મણ રહેતો હતો. જે અત્યંત પવિત્ર અને ઋષિમુનિઓના જેવો ગુણધર્મોવાળો હતો. ઘણી વાર ભગવાન શ્રીકૃષ્ણ ઈન્દ્રપ્રસ્થ પધારતા ત્યારે શ્રુતવ્રત બ્રાહ્મણ વારે વારે પ્રભુના દર્શન કરવા આવતો - એક વાર જ્યારે શ્રીહરિ ઈન્દ્રપ્રસ્થ પધારેલા ત્યારે યુધિષ્ઠિરના વખાણ કરતા કહ્યું કે, આ મહારાજા યુધિષ્ઠિર ધર્માત્મા છે અને ધર્મ જેવા છે. આવા વચન સાંભળીની શ્રુતવ્રતના મનમાં સંકલ્પ થયો કે આવા ધર્મવાન પુત્ર મેળવવા શું કરવું જોઈએ ? ત્યારે શ્રુતવ્રતને બ્રહ્માની સ્તુતિ થઈ આવી અને મનમાં નક્કી કર્યું કે પિતામહ બ્રહ્માજી મારો મનોરથ પૂર્ણ કરશે.

હું કયા તીર્થમાં રહીને રોજ બ્રહ્માજીની આરાધના કરું ? કે જે તીર્થના પ્રભાવથી તેઓ મારા ઉપર પ્રસન્ન થઈને મને અભીષ્ટ વરદાન આપે. શ્રુતવ્રત આવો વિચાર કરતા હતા ત્યારે ત્યાં ‘‘આકાશવાણી’’ થઈ. તેમાં કહેવાયું કે, ‘‘ઉન્મત્તગંગાને કિનારે રહીને બ્રહ્માજીની અર્ચના આરાધના કરો. ભવિષ્યમાં તે ગંગાને સાક્ષાત્ શ્રીહરિનો જોગ થવાનો છે માટે બ્રહ્મા દ્વારા એ ગંગા તમારા નિશ્ચિત સંકલ્પને પૂર્ણ કરશે.

આજે જે દ્વારકાનું મનોહર શાખાનગર છે તે ભવિષ્યમાં ‘‘ગઢપુર’’ નામે પ્રસિદ્ધ નગર થશે.

તે નગરથી દક્ષિણ ભાગમાં નિર્મળ જળવાળી દિવ્ય નદી વહે છે. જેમાં શ્રીકૃષ્ણ ભગવાન પોતાના પરિવારની સાથે જળ ક્રીડા કરવા આવે છે. ભવિષ્યમાં તે નદી ‘‘ઉન્મત્તગંગા’’ આવા નામે પ્રખ્યાત થશે અને તેમાં અક્ષરાધીશ શ્રીહરિ પ્રસન્ન થઈને સંત હરિભક્તોની સાથે સ્નાન કરશે.

ગંગાને ઉત્તર કિનારે જે નગર છે તેની નજીક રહીને બ્રહ્માજીની

મૂર્તિની પૂજા તમારે વૈદિક વિધિથી કરવી.'' આવું આકાશવાણીએ કહ્યું ત્યારે તે બ્રાહ્મણવર્ય શ્રુતવ્રતને પોતાના ઘરપરિવાર આદિને તજી દીધા અને તે સર્વોત્તમ નગરમાં આવ્યા.

પછી તેણે વૈદિક વિધિ પ્રમાણે સારા શિલ્પિ (કારીગર) પાસે સુંદર પથ્થરમાંથી બ્રહ્માજીની મૂર્તિ કરાવી કે જે મૂર્તિને કાળાન્તરે શ્રીહરિ પ્રેમથી ભેટ્યા હતા. શ્રુતવ્રત નિત્ય ત્રણ વાર સ્નાન કરતા, તેમનું હૃદય નિર્મળ હતું, માથે જટા વધારી, અનેગૃહ્યસૂત્રમાં કહ્યા મુજબનો નિત્યવિધિ શ્રદ્ધાભાવથી કરતા હતા.

શ્રદ્ધાવાન બ્રાહ્મણ શ્રુતવ્રત નિત્ય યોગ્ય પૂજાપો એકઠો કરીને વૈદિક વિધાન પ્રમાણે બ્રહ્માજીની મૂર્તિને પૂજતા હતા. પૂજા પૂરી થાય ત્યારે વિપ્રવર્ય પોતાની દૃષ્ટિ સ્થિર રાખતા, મૂર્તિમાં મનને પરોવતા પછી બંને હાથ જોડતા. અને સારા સ્તોત્ર તથા પ્રાર્થનાના શ્લોક બોલીને સ્તુતિ પ્રાર્થના કરતા હતા. પછી તે બ્રહ્માજીની મૂર્તિ આગળ એવી માગણી કરતા કે ''શ્રીધર્મદેવ મારા પુત્ર થાય.''

શુદ્ધ ભાવનાવાળા અને સદ્બુદ્ધિમાન તે શ્રુતવ્રત ઉનાળામાં પંચાગ્નિ તાપતા, શિયાળામાં ઠંડા પાણીમાં બેસતા અને ચોમાસામાં ખુલ્લી જગ્યામાં રહીને વરસાદની ધારાઓને સહન કરતા, આમ તેણે પોતાના શરીરને એકદમ કૃશ કરી નાખ્યું હતું. આ રીતે તપસ્યા કરતા શ્રુતવ્રતને ઘણા વરસ વીતી ગયા. પછી બ્રહ્મા પ્રસન્ન થયા અને શ્રીધર્મદેવને સાથે લઈને તેની પાસે આવ્યા. બંને દેવોને પાસે આવેલા જોયા. શ્રુતવ્રત તુરંત આસન ઉપરથી ઊભા થયા. આંખોમાં આનંદના આંસુઓ ઉભરાયા. હરખઘેલા શ્રુતવ્રતે તે બંનેને આસન આપ્યા. વિનયથી બેસાડ્યા. નમ્ર થઈને યોગ્ય ઉપચારોથી તેમની પૂજા કરી.

બ્રાહ્મણશ્રેષ્ઠ શ્રુતવ્રતે પોતાને કૃતાર્થ માનીને અત્યંત આદરથી વિનીત ભાવે બંને દેવોની સ્તુતિ કરીને પ્રાર્થના કરી.

મારું અબજ ધન્ય ભાગ્ય છે કે લૌકિક દૃષ્ટિથી પરે અને અપાર પુણ્યને વધારનારા શ્રીબ્રહ્મા અને શ્રીધર્મદેવ બંને દેવોને હું મારી દૃષ્ટિ આગળ જોઈ રહ્યો છું. ખરેખર તે અહો !! અહો !! છે. જે લોકોના

પૂર્વનો કોઈ મહાન પુણ્યનો પુંજ એક સામટો પ્રકટ થાય તે લોકોના સર્વ મનોરથોને પૂરે એવા આપના દર્શન થાય છે.

હે બ્રહ્મન્ ! જેને માટે મેં ભક્તિભાવથી આપની પૂજા કરી છે તે જગતના આધાર અને સુખશાંતિને આપનારા સાક્ષાત્ શ્રીધર્મદેવને આપ પોતાની સાથે જ લાવ્યા છો. તે સમસ્ત સમૃદ્ધિને આપનારા શ્રીધર્મદેવ મારે ઘેર પુત્રભાવે પ્રકટ થાય, આવા મારા સંકલ્પનો સિંધુ (સાગર) પૂર્ણ થવાથી હું પૂર્ણકામ બનીશ.

આ રીતે જ્યારે શ્રુતવ્રતે પ્રાર્થના કરી ત્યારે બ્રહ્માજી હસ્યા પછી તેમણે નતમસ્તક તે વિપ્રને શાંતિ થાય એવી શુભ અને મનોહર વાણી ધીમેથી કહી.

બ્રહ્માજીએ કહ્યું, ''હે વિપ્રેન્દ્ર ! તમે ઘણી દુર્લભ વસ્તુને માટે આકાંક્ષા રાખી છે. સત્પુરુષોની ગતિરૂપ ભગવાન શ્રીનારાયણ જેમ ભક્તોના સંકલ્પને પૂરા કરે છે તેમ હું પણ તમે સેવેલા તીર્થના પ્રભાવથી અને અન્ય કાર્યના નિમિત્તથી તમારા સંકલ્પને પૂર્ણ કરીશ, કારણ કે તમે મારા અંશથી જન્મ્યા છો અને ભવિષ્ય કાળમાં પણ ઘણા જ વિખ્યાત થશો.

અત્રિનંદન દુર્વાસા મુનિ જ્યારે નિર્દોષ તથા મહાન્ યશસ્વી આવા આ ધર્મ દેવને શાપ દેશે ત્યારે તે તમારા પુત્રભાવને પામશે. તમે આ જગ્યાએ શ્રીધર્મદેવને પુત્રના રૂપમાં પ્રાપ્ત કરવા માટે મહાન્ તપ કર્યું છે તેટલા માટે જ આ શ્રીધર્મદેવ પ્રેમથી મારી સાથે આવ્યા છે.

તેથી ભવિષ્યમાં ''ધર્મનામે'' તીર્થથી યુક્ત ''ધર્મદેવ ઘાટ'' આ સ્થળે થશે અને આ તીર્થના અધિષ્ઠાતા દેવ અભીષ્ટફળ પ્રદાતા બ્રહ્મપુર (અક્ષર)ના અધિપતિ મહાપ્રભુ શ્રીહરિ થશે. જે કોઈ પણ મનુષ્ય આ સ્થળે તમારી જેમ તપોનિષ્ઠ બની મારી પૂજા કરશે તો હે સજ્જન વિપ્રેન્દ્ર ! તે મનુષ્યના બધા જ સંકલ્પ તમારી જેમ પૂર્ણ સિદ્ધ થશે, હું આવું સત્ય વચન અત્યારે અહીં કહું છું.

આ સ્થળે તીર્થ સેવન કરનારાને જો પોતાના મનના સંકલ્પ પૂરા થાય તો તેમણે બ્રહ્મપુરાધિપતિ શ્રીહરિને શુભ લક્ષણવાળી સારી ગાયો દાનમાં આપવી. આજીવિકા પૂરી થાય તેટલી જમીન અને પોતાની શક્તિ

પ્રમાણેનું ધન પણ દાનમાં આપવું. બ્રાહ્મણોને અને સાધુઓને સરસ સ્વાદુ ભોજન તૈયાર કરાવીને જમાડવા.

પ્રસન્ન થયેલા બ્રહ્માજીએ શ્રુતવ્રતને આવી સરસ વાત કહી, પછી ભગવાનનો યોગ પામનારાના મહિમાને સમજતા સ્વયં બ્રહ્માજી અને શ્રીધર્મદેવ, બંનેએ ભવિષ્યમાં જેને શ્રીહરિનો યોગ થવાનો હતો આવા ધર્મ તીર્થમાં સ્નાન કર્યું.

''અક્ષરાધિપતિ મહાપ્રભુ તમારે ઘેર જન્મ પામીને, પોતાના ભક્તોને અને મુક્તોને સાથે રાખીને, સ્વયં પૂર્ણકામ હોવા છતાં, ભક્તોએ સંભારી શકાય અને ગાઈ શકાય એવી જાત જાતની દિવ્ય લીલાઓને અહીંયા કરશે.'' આવું બોલતા શ્રીબ્રહ્માજી માનો સાક્ષાત્ શ્રીહરિને પોતાની નજર આગળ દેખતા હોય તેમ તેમની મૂર્તિમાં મન જોડીને શ્રીધર્મદેવને સાથે લઈને પોતાના શુભ ધામમાં ગયા.

બ્રાહ્મણ શ્રુતવ્રતનો મનોરથ પૂરો થયો એટલે તેણે પોતાનું વ્રત પૂર્ણ કર્યું, પછી પોતે પોતાને કૃતકૃત્ય માનીને પોતાને ઘેર ગયા. પોતે બ્રહ્માજીની જે મૂર્તિની પૂજા કરીને આરાધના કરી હતી તે મૂર્તિને પોતે ઘેર જતી વેળાએ નગરા (તા. ખંભાત) નામે ગામમાં શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે હર્ષથી પધરાવી. જ્યારે અક્ષરાધિપતિ શ્રીહરિ પધાર્યા હતા ત્યારે નગરા ગામ જઈને તે મૂર્તિને બાથમાં લઈને ભેટ્યા હતા.

વિપ્ર શ્રુતવ્રતે પોતાને ઘેર રહીને પરમેશ્વરની ભક્તિ કરી અને કાળે કરીને શરીર છોડી દીધું. પછી કાળે કરીને તેઓ ફરી વાર જન્મીને શ્રીબાલશર્મા થયા અને સર્વ સદ્‌ગુણોને લીધે જગતમાં પ્રખ્યાત થયા.

તે પછી શ્રી બાલશર્માની પત્ની ભાગ્યવતી થકી શ્રી ધર્મદેવ પુત્રરૂપે જન્મ્યા.

# ભક્તિ માતાના માતા - ભવાની દેવી

મહાત્મા જનક રાજાની મિથિલાનગરીમાં શ્રતવિત્ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો તે ભગવદ્ ભક્ત શ્રતદેવનો પરમ મિત્ર હતો. તેને સત્કીર્તિનામે સદ્ગુણ વિભૂષિત પત્ની હતી. પતિવ્રતાના ધર્મને લીધે યથેષ્ટ સંતાન મેળવવાની કળાથી તે દુનિયામાં જાણીતી થઈ હતી. શ્રુતદેવની પત્નીના સત્સંગથી સત્કીર્તિ કૃષ્ણ ભક્તિ પરાયણ થઈ. તે રોજ અનેક રીતે કૃષ્ણભક્તિનો મહિમા સાંભળતી હતી. તેણે શ્રીમદ્ ભાગવતના ચતુર્થ સ્કંધમાં સાંભળ્યું કે ''ધર્મની પત્ની મૂર્તિથી ભગવાન નર અને નારાયણ, આમ બે સ્વરૂપે પ્રકટ થયા હતા.'' તે સાંભળ્યા પછી સત્કીર્તિના મનમાં એક સંકલ્પ થવા લાગ્યો કે ''ધર્મના પત્ની શુભ મૂર્તિ મારે ત્યાં પુત્રીરૂપે શું કરું તો જન્મે ? મનોવાંછિત ફળ આપનારા એવા કયા દેવ છે કે જેની ઉપાસના કરવાથી મારો મનોરથરૂપ વૃક્ષ સફળ થાય ?

નિરંતર આવો વિચાર કરતાં કરતાં તેના મનમાં લક્ષ્મીજીનું શુભ સ્મરણ થયું. તેણે મનોમન નક્કી કર્યું કે લક્ષ્મીજી મારી ઇચ્છા પૂર્ણ કરશે. સત્કીર્તિએ પતિની આજ્ઞા લીધી. પછીથી તો તે લક્ષ્મીજીની આરાધના કરવામાં સતત લાગી ગઈ. તેને ભૌતિક સુખમાંથી હેત તૂટી ગયું. શરીરરૂપ વેલીને કૃશ કરી નાખી. ઉનાળામાં સૂર્યના ઉગ્ર તાપથી નવી ઊગેલી સારી વેલ જેમ કરમાઈ જાય તેમ તે એકદમ ઝાંખી થઈ ગઈ. તે ક્યારેક ફલાહાર કરતી. તો ક્યારેક દૂધ પીતી. ક્યારેક માત્ર પાણી પીતી તો ક્યારે નિર્જળા રહીને આરાધના કરતી હતી. શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે લક્ષ્મીજીનું વ્રત અને પૂજન કરતાં કરતાં તેને ઘણા વરસ વીતી ગયા. પછી શ્રીવિષ્ણુ ભગવાનની આજ્ઞાથી શ્રીવિષ્ણુના જેવા જ દિવ્યભાવ સંપન્ન લક્ષ્મીજી તેના ઉપર પ્રસન્ન થયા અને તેને દર્શન આપ્યા. લક્ષ્મીજીના દર્શન થવાથી સત્કીર્તિના હૃદયમાં અપાર આનંદ થયો. તેની આંખોમાં પ્રેમના આંસુઓ ઉભરાયા, શરીર રોમાંચિત થઈ ગયું. આસન ઉપરથી તે ઊભી થઈ ગઈ. પ્રેમથી બંધાયેલી વિનયનમ્ર સત્કીર્તિએ લક્ષ્મીજીને પ્રણામ કર્યા. પછી પૂજા, સ્તુતિ અને પ્રાર્થના કરી તથા

નમ્રભાવે મધુર વચન કહ્યું.

સત્કીર્તિ બોલી, હે શુભે ! ઘણા સમયથી મને આપના દર્શનની ઇચ્છા હતી. આજે તે દર્શન થયા, હું મહાન્ ભાગ્યવતી થઈ છું. જેનું સ્મરણ પરમ પવિત્ર છે આવા હે દેવી ! આપના દર્શન તો દેવીઓને પણ દુર્લભ છે. તે જ આપ સ્વયં જો મને દર્શન આપવા પધાર્યા છો તો મારું પરમ મંગળ થશે. સત્કીર્તિ જ્યારે આ રીતે પ્રાર્થના કરી રહી ત્યારે લક્ષ્મીજીએ મુખ ઉપર આછું મીઠું હાસ્ય પ્રકટ કરીને પ્રથમ સત્કીર્તિને સારા પ્રશંસાના વચન કહ્યા અને પછી બોલ્યા. લક્ષ્મીજીએ કહ્યું, ''ભક્તિમારી પુત્રી થાય'' આવો તમારો જે મનોરથ છે તે ઘણો જ કઠણ છે છતાં કોઈ સારો સુદૃઢ ઉપાય કરો તો થઈ શકે, પ્રથમ તે ઉપાય-સાધન નક્કી કરો.

શું ઉપાય કરવો? ક્યાં તે ઉપાય (સાધન) કરવાથી સફળતા મળે? આવી શંકા થતી હોય તો હે સન્મતે ! હું તે ઉપાય કહું છું. તમે સાંભળો.

પશ્ચિમ પંચાલ પ્રદેશમાં દ્વારકાનું શાખાનગર (ઉપનગર) ગઢપુર નામે એક સુંદર ગામ છે. તે ગામને દક્ષિણ પડખે નિર્મળ જળવાળી એક રમણીય નદી વહે છે. તે ગામના અધિપતિ (ગામધણી)ની પ્રાર્થનાથી ત્યાં રહેલા મહાપ્રભુ શ્રીહરિ તે નદીમાં સ્નાન કરશે. તે સમયે તે નદી 'ઉન્મત્તગંગા' આવે નામે વિખ્યાત થશે. તે ગામના નજીકના સ્થળમાં મારા નામથી એક ઘાટ ''લક્ષ્મીઘાટ'' થશે. તમારું તપ અને દાન આદિ કાર્ય ભક્તિને રાજી કરનારું છે. મારો ઘાટ તથા તીર્થની મહત્તાથી તે તમને દર્શન આપશે. તમને મનગમતું વરદાન તેમની પાસેથી માગજો. તપ અને તીર્થના પ્રભાવથી રાજી થયેલા ભક્તિ તમને વરદાન આપશે. લક્ષ્મીજીએ જ્યારે આમ કહ્યું ત્યારે અતિ ઉત્સાહી સતી સત્કીર્તિએ તે આરાધના સમાપ્ત કરી અને પછી પોતાના પતિની આજ્ઞા લઈને સખીઓની સાથે આ સ્થાને આવ્યા.

પછી લક્ષ્મીજીએ કહ્યું હતું તે સ્થળે તીર્થને યોગ્ય બધો વિધિ શરૂ કર્યો. તપમાં રુચિ રાખીને ભક્તિની આરાધના કરવા લાગ્યા. સત્કીર્તિએ સારા ઉપચારોથી ભક્તિની પૂજા કરી. ભક્તિમાં મન સ્થિર કર્યું. આંખોને અચળ કરી. તેઓ ભક્તિમાં હેતથી જોડાએલા હતા. તેમના મહિમાને સમજતા હતા અને મહાન્ વ્રત શરૂ કરીને સ્તુતિ કરી. પછી પોતાની દૃષ્ટિની આગળ ભક્તિદેવી પ્રકટ થયા હોય અને સ્વયં દેખતા હોય તેવી ભાવનાથી ગદ્‌ગદ્

કંઠે પ્રાર્થના પણ કરી. અન્ન અને જળ છોડી દીધું હોવાથી સત્કીર્તિનું શરીર રુધિર અને માંસ વિનાનું થઈ ગયું. સૂકાં હાડકાં ઉપર માત્ર ચામડી ચોંટી હતી. આવી સ્થિતિ પામેલી સત્કીર્તિનો ભાવ ભક્તિ જાણતા હતા. એટલે તેના ઉપર પ્રસન્ન થઈને ભક્તિએ તેને પોતાના દર્શન આપ્યા. પોતાની સમીપમાં આવેલા ભક્તિદેવીને દેખીને સત્કીર્તિ ઉત્સાહથી તુરંત ઊભા થઈ ગયા. તેમના ચરણકમળમાં નતમસ્તક થઈને પ્રણામ કર્યા. ભક્તિદેવીએ સત્કીર્તિના બંને હાથ પકડીને તેને ઊભી કરી અને આશીર્વાદ આપ્યા. ભક્તિદેવી બોલ્યા, મારે માટે તમે ઘણી જ મહેનત કરી છે અને તેથી પ્રસન્ન થઈને અત્યારે હું તમને દર્શન દેવા આવી છું.

દુર્વાસાના શાપથી મારા પતિ ધર્મદેવ જ્યારે મરીચિ વગેરે ઋષિઓની સાથે ભૂમિ ઉપર જન્મ ધારણ કરશે ત્યારે છપૈયા ગામમાં કૃષ્ણ શર્મા વિપ્રથી ભવાની નામે તેમના પત્ની થયેલા તમારી કૂખે હું જન્મ લઈશ. અક્ષરાધિપતિ મહાપ્રભુ શ્રીહરિ સમસ્ત મુક્તોને સાથે લઈને પધારશે ત્યારે મારી કૂખે પ્રકટ થશે. ભક્તોએ ધ્યાન કર્યા જેવી વિવિધ લીલીઓ આ ગઢપુર ગામમાં અને ઉન્મત્તગંગામાં કરશે.

જે આસ્તિક સજ્જનો આ ભક્તિ તીર્થમાં વિધિ પૂર્વક સ્નાન કરશે. "ભક્તિવશ્ય" આવે નામે શ્રીહરિનું પૂજન કરશે અને શાસ્ત્રોક્ત તપ, વ્રત અને દાન કરશે, તેના ઉપર મનથી પ્રસન્ન થયેલી હું તમને જેમ મેં દર્શન આપ્યા છે. તે તેઓને પણ દર્શન આપીશ.

આ તીર્થના પ્રભાવથી તેમજ ભવિષ્યમાં થનારા શ્રીહરિના સંબંધથી અને આદરભાવથી વશ થયેલી હું તેને અભીષ્ટ ફળ આપીશ. આટલું કહ્યાં પછી રાજી થયેલા ભક્તિદેવીએ તે તીર્થમાં સ્નાન કર્યું. અને ભવિષ્યમાં થનારા શ્રીહરિના યોગ સંબંધનો વિચાર કરતા કરતા પોતાના નિવાસ સ્થાને ગયા. પોતાનો મનોરથ સફળ થયો એટલે સતી સત્કીર્તિએ, સખીઓની સાથે વ્રત વગેરે પૂરા કર્યાં. પતિએ પ્રેમથી આદર આપ્યો. પછી તે પોતાને ઘેર રહી, પછી શેષ જીવનમાં શ્રીહરિની નવધા ભક્તિ કરવા લાગી.

સત્કીર્તિએ કાળે કરીને પોતાનું શરીર છોડ્યું અને બીજે જન્મે ભવાની આવે નામે ભૂમિ ઉપર પ્રસિદ્ધ થઈ. પછી તેને કૃષ્ણશર્મા નામે પતિ મળ્યા અને પછી તેનાથી ભક્તિ માતાનો જન્મ થયો.

# પરિક્ષિત રાજા એભલ ખાચર થયા

અર્જુનના પૌત્ર પરિક્ષિત યુધિષ્ઠિર બાદ હસ્તિનારપુરના રાજા બન્યા. પરીક્ષિત અર્જુનના પુત્ર અભિમન્યુ અને મત્સ્ય રાજકુમારી ઉત્તરાનો પુત્ર હતો. તેનો જન્મ મહાભારતના યુદ્ધ પછી થયો હતો. જ્યારે કૌરવોએ અભિમન્યુને ક્રૂરતાથી કત્લ કર્યો ત્યારે ઉત્તરા ગર્ભવતી હતી. બાદમાં અશ્વત્થામાએ ઉત્તરાના ગર્ભનો નાશ કરવા તેનું બ્રહ્માશસ્ત્ર યુદ્ધ મેદાનથી દૂર ઉત્તરાના તંબૂ ભણી દોર્યું. જેને ભગવાન શ્રીકૃષ્ણએ બચાવી હતી. (અર્જુનની પત્ની સુભદ્રા શ્રી કૃષ્ણની બહેન અને અભિમન્યુની માતા હતી.)

ધૌમ્ય મુનિએ પરિક્ષિત વિષે આગ્રાહી કરતાં યુધિષ્ઠિરને જણાવ્યું હતું કે પરીક્ષિત વિષ્ણુનો મહાન ભક્ત બનશે અને તેને શ્રીકૃષ્ણ દ્વારા બચાવવામાં આવ્યો છે તે વિષ્ણુરતા (પ્રભુ દ્વારા સંરક્ષિત) નામે ઓળખાશે. ધૌમ્ય ઋષિ આગળ ભાંખે છે કે પરિક્ષિત સદ્ગુણ ધાર્મિક નિયમો અને સત્યને સમર્પિત રહેશે. તે ઈશ્વાકુ અને આયોધ્યાના રાજાશ્રી રામની હરોળનો કાર્યકુશળ રાજા બનશે. તે તેના દાદા અર્જુન જેવા જ અજોડ યોદ્ધા બનશે અને તેના પરિવારની કિર્તી ચોમેર ફેલાવશે. તેને પરિક્ષિત નામ એટલા માટે અપાયું કે તે સમગ્ર વિશ્વમાં દરેક વ્યક્તિમાં વિષ્ણુને શોધશે.

એક વખત પરિક્ષિત શિકાર કરવા ગયા હતા ત્યારે તેને કળિયુગને એક બળદ ઉપર મારમારતા જોયો. જે બળદરૂપે ધર્મ હતા. જેમના ત્રણ પગ કાપી નાખેલા બાજુમાં ગાય ઊભી-ઊભી રડતી હતી. જે પૃથ્વી દેવી હતા. તે સમયે ધર્મને કલિયુગના પાપમાંથી મુક્ત કર્યો ત્યારે કલીયુગે તેમના રાજ્યમાં પ્રવેશવાની રજા માંગી જે તેમણે આપી...

ઘણી વિનંતિ કરવા પછી રાજાએ તેને ચાર સ્થળે રહેવાની

પરવાનગી આપી જે આ મુજબ હતા. જુગાર, મંદિરાપાન, વેશ્યાગમન અને સુવર્ણ. કળીએ ચતુરાઈ વાપરી અને પરિક્ષિતના મુગટમાં ભરાઈ બેઠો અને પરિક્ષિતના વિચારોને ભ્રષ્ટ કર્યા. પરિક્ષિત તરસ્યો હોવાથી ઋષિ શ્રુંગીની ઝૂંપડીમાં પ્રવેશ્યો. તેણે જોયું તો ઋષિ ઊંડા ધ્યાનમાં મગ્ન હતાં. તેને તેમને ઘણીવાર વંદન કર્યા પણ કાંઈ પણ પ્રત્યુત્તર ન મળવાથી એક મરેલો સાપ તેમણે ઋષિના ગળામાં નાખી દીધો. પછી જ્યારે ઋષીના પુત્રએ આ વિષે સાંભળ્યું ત્યારે તેણે પરિક્ષિતને શાપ આપ્યો કે તે સાતમા દિવસે સર્પ દંશથી મૃત્યુ પામશે. આ સાંભળી પરિક્ષિતે પોતાનું રાજ્ય પુત્ર જનમજયને સોંપી અંતિમ સાત દિવસો સંત શુકદેવના સાનિધ્યમાં રહી ભાગવત સાંભળી. અંતે સર્પના રાજા તક્ષકે પરિક્ષિતને ડંખ દીધો અને તેઓ પોતાના શરીરને છોડી મુક્તિ પામ્યા. આ સાંભળી પરિક્ષિતના પુત્ર જનમજયે એક અઠવાડિયામાં સૌ નાગોનો સંહાર કરવાની પ્રતિજ્ઞા લીધી જનમજેયે નાગ સહાર શરૂ કર્યો તેને ક્રૂરતા પૂર્વક તક્ષકને મારી નાખ્યો. જનમજેયનો મિત્ર મંત્રી અને તત્ત્વચિંતક આસ્થિકે આ વિશે સાંભળ્યું અને જનમજેયને તેમ કરતાં અટકાવ્યો. આ મહારાજા પરિક્ષિતને ભગવાનના ચરિત્રમાં સંશય થયો હતો. તેથી તે બીજા જનમમાં ગઢપુરમાં એભલ ખાચર રૂપે પ્રગટ થયા હતા.

**● ઉન્નડ ખાચર આત્માનંદ સ્વામીના શિષ્ય હતા**

સમુદ્રના કિનારે દક્ષિણ દિશામાં ગોપનાથ કરીને મહાદેવ છે. ત્યાં વાલ્મિકી ઋષિનો અવતાર ગોપાળ બ્રહ્મચારી કરીને રહેતા હતા. તે મહા પવિત્ર અને મોક્ષદાયક હતા. તેણે ઘણાં વર્ષ સુધી આયુષ્ય ભોગવી હતી. તેના શિષ્ય આત્માનંદસ્વામી કરીને હતા. તેનું પૂર્વાશ્રમમાં વિશ્વંભર ભટ્ટ કરીને નામ હતું. તે દામનગર તથા આસોદર એટલામાં રહેતા. ને તે ઈશ્વરીય અવતાર હતા. અને તેને ભગવાનની પેઠે માનીને ઘણાક માણસો તેના આશ્રિત થયા હતા. અને તે આત્માનંદસ્વામીને અક્ષરધામમાં બ્રહ્મજ્યોતિ સ્વરૂપે દર્શન થાતું હતું.''

એક વખત તેમણે પોતાના સંપ્રદાયના ચાર મુખિયા કર્યા હતા. તેમા

સાકર પ્રતિપાદનના મુખિયા રામાનંદસ્વામીને કરેલા હતા. અને બ્રહ્મજ્યોતિના મુખ્ય જુક્તાનંદ અને મુક્તાનંદ એ બેયને કર્યા હતા. અને એક હરબાઈ નામે ડોશી હતી ને એક માતાજી કરીને ડોશી હતા, તેને તેની ઈચ્છા પ્રમાણે તે મતના મુખ્ય કર્યા હતા.

અને મેનનાથજીનું પ્રથમ નામ મેનગર એવું હતું. અને આત્માનંદસ્વામીએ તેને મહાશંકરરૂપ દર્શન કરાવીને નારાયણ એવો મહામંત્ર આપ્યો. અને તેને બ્રહ્મદીક્ષા આપીને મેનનાથજી એવું નામ પાડ્યું. તે મેનનાથે ઘણાં વરસ આવરદા ભોગવેલી હતી. અને તેમને ઉન્નડ ખાચર અને તેમની પત્ની રાણદેબાઈને શિષ્ય કર્યા હતા.

**● રાણદેબાને પુત્રપ્રાપ્તિનું વરદાન**

એક વખત એ રાણદેવબાઈના માવતર માલો કરીને દામનગરમાં રહેતા હતા. તેણે મેનનાથની ઘણી સેવા કરેલી. ઉનડ ખાચરને પુત્ર નહતો. તેથી તે ઘણા ઉદાસ રહેતા. તે વખતે તેની સ્ત્રી રાણદેબાઈ તેના માવતરે ગયાં હતાં. ત્યારે મેનનાથજી દામનગરથી દક્ષિણાદું અને પાંડરશીંગાને દામનગરના મારગથી ઉગમણી કુંભનાથ મહાદેવની જગ્યા છે, તે મહાદેવ પરશુરામના પધરાવેલા છે ને અનાદિકાળના કહેવાય છે. તે જગ્યાએ તે મેનનાથજી રહેતા. અને તે જગ્યાએ એક વખત રાણદેબા ત્યાં ઉદાસ થઈને બેઠાં હતાં. તે મેનનાથજીએ તેમને ભાળી. પછી કહે જે, ‘બેટા કેમ ઉદાસ છો ?’ ત્યારે રાણદેબાઈ કહે જે, ‘સર્વ વાતે સુખી છીએ પણ પુત્ર નથી.’ એમ કહી રોઈ પડી. તે વખત પ્રસન્ન થઈને મેનનાથજી કહે જે, ‘તમારો પતિ સાક્ષાત્ કરણનો અવતાર છે અને તેને શ્રીકૃષ્ણ ભગવાનમાં ઘણી પ્રીતિ હતી, પણ દુર્યોધનનો પક્ષ હતો તેથી દુર્યોધનની પેઠે અસુરગતિને પામ્યા. અને તે દુષ્ટના સંગથી સાત જન્માંતર સુધી જન્મ લેવો પડ્યો. હવે અમારી જ્યારે મુલાકાત થાશે ત્યારે તેનો મોક્ષ થાશે ને હું દ્રોણાચાર્યનો અવતાર છું ને મારે પણ પૃથ્વીને વિશે એ દુર્યોધનના પાપથી ફરી ફરી અવતાર લેવા પડ્યા છે.’

ને હવે શ્રીકૃષ્ણરૂપે નીલકંઠ નામે કરીને ભગવાન પ્રગટ થનાર છે. તેના ઉપાસક ગોપાળ બ્રહ્મચારીને તેના શિષ્ય આત્માનંદજી છે તે

ભગવાનનો અવતાર છે તે મને મળ્યા, માટે મારો મોક્ષ થયો છે. ને સૂરજના અંશરૂપી ઉનડ ખાચર કરણનો અવતાર છે, તેને પણ હવે હું મહામંત્ર આપીશ તેણે કરીને તેનો મોક્ષ થશે ને જન્મરણથી છૂટી જાશે. ને તમે પણ નાગકન્યા છો ને શ્રીકૃષ્ણ ભગવાનને વિશે ઘણાક પ્રીતિવાળા છો. તેથી તમારો પણ મોક્ષ થશે ને જન્મમરણથી છૂટી જાશો. ને તમારે આજથી નવ મહિને પુત્ર આવશે. અને બે પુત્રીઓ થશે. તેમાં જે એક પુત્ર થશે તે વૃષકેતુનો અવાતર છે. બાવાના આશિર્વાદથી જન્મ થશે. તેથી તેનું નામ બાવો એવું પાડજો. ને માંડવ ઋષિના પૂજેલા સત્‌યુગ વખતના શ્રીનીલકંઠ મહાદેવ છે. તે મહાદેવ તમારી ગૌશાળાના વંડાના ફળીમાં દટાઈ ગયેલા છે. તે ફળિયામાં રહેલા પીપરના ઝાડથી બત્રીશ હાથ ઉપર છેટે છે. તે જગ્યાએ ખોદશો એટલે તે મહાદેવ નીકળશે. તેની પ્રતિષ્ઠાઘેલા નદીને સામે કાંઠે પીપળાનું વૃક્ષ છે તે જગ્યાએ દેવળ બંધાવીને કરજો. અને બ્રાહ્મણને જમીન આપજો. તથા મારો મોટો શિષ્ય ગોમતીગર છે તેને તે શંકરની પૂજા કરવા રાખજો. ને તેને જમીન આપજો તથા સદાવ્રત બાંધજો. અને મહારુદ્ર યજ્ઞ કરજો. તે વખતે હું ગુરુ આત્માનંદજીને લઈને ત્યાં આવીશ. ને તમે મારી ઈચ્છાથી અહીં આવ્યા છો ને આ વાત તમારા પતિને પણ મેં સ્વપ્નમાં દર્શન દઈને કહેલ છે. તેથી તે પણ હમણા અહીં આવશે. માટે તે આવે ત્યાં સુધી તમે અહીં રહો.

ને તમારા પતિ ઉનડ ખાચરના પિતા દાના ખાચર મહા ધર્મવાળા અને સોમદત રાજાનો અવતાર હતા. તેને પણ દુષ્ટ દુર્યોધનના સંગથી જન્મ લેવો પડ્યો છે. ને તેને મારો સત્સંગ થયો ને મારો શિષ્ય થયો તેથી તે મોક્ષ પામી ગયા છે. ને તમારા પતિના ભાઈ જીવા ખાચર ભુરિશ્રવાનો અવતાર છે. તે મહા શૂરવીર છે, રામના ઉપાસક છે ને મહાપવિત્ર છે અને તેના ભાઈ દેવાયત તથા સાંગો ખાચર પણ ભગવદીય છે. આ બધા દુર્યોધનના સંગમાં આવેલા તેથી જન્મ લેવા પડ્યા છે, પણ હવે તમારા પવિત્ર કુળમાં અવતર્યા ને મારા શિષ્ય થયા તેથી તે સર્વનો મોક્ષ થાશે.'

એમ વાત કરી તેટલામાં ઉનડ ખાચર મેનનાથજી પાસે પહોંચ્યા. તેણે

પરસ્ત્રી, દારૂ તથા માંસ વગેરે અભક્ષ્ય વસ્તુ હરામ કરી હતી. અને તેણે ચાર ધામની વચ્ચેના તમામ તીર્થોની યાત્રા કરી હતી. તેને મેનનાથજીએ ઉપર મુજબ બધી જ પૂર્વજન્મના વૃત્તાંતની વાત કરી. તે સાંભળીને ઉનડ ખાચર મેનનાથજી પાસેથી મહામંત્ર લઈ તેના શિષ્ય થયા.

પછી મેનનાથજી કહે, 'હે ઉનડ ખાચર !' તમે જે ઘેલા નદીને કાંઠે વસો છો તે નદી તો સાક્ષાત્ ગંગાજી છે. તે ઘેલા નદીને કાંઠે સોમનાથ નામે જે જ્યોતિર્લિંગ છે તે મહાપ્રતાપી છે. ને તે માંડવ્ય ઋષિએ સ્થાપીત કરેલ છે. તે સોમનાથજીની ઉપલી કોરે ફૂલઝર નામે વન હતું. તે જગ્યાએ હાલ ગામ છે. તેની ઉત્તર તરફ એક ડુંગર છે તે જગ્યાએ માંડવ્ય ઋષિ તપ કરતા હતા. તે તપ પૂરું થયું ત્યારે સ્નાન કરવા વાસ્તવે ઋષિએ ગંગાને યાદ કર્યા. પણ ગંગાને આવતા વાર લાગી તેથી ઋષિએ ભગવાનનું ધ્યાન કરીને વામનજીના મહામંત્ર જપ્યા. એટલે વામનજીએ પાતાળમાંથી પાટું માર્યું. તેથી મહાચમત્કારી ગંગા ગાંડાની પેઠે નીકળ્યા એટલે તેનું નામ ઘેલો પડ્યું છે.

પછી એ માંડવ્ય ઋષિ માંડવધાર વચ્ચે ભોંયરુ છે ત્યાં રહેતા. તે જગ્યાએ ઘેલાનું પાણી ઉન્મત્તની પેઠે જોશથી ચાલતું. તે ગંગાને સોમનાથજીના આશ્રમ પાસે થઈને ઋષિ પોતાના આશ્રમે લાવ્યા. અને એ આશ્રમની નજીકમાં એક મોટું પાંડેરા એવે નામે દશ જોજનનું તળાવ હતું. તે તળાવ પાંડવો જે વખતે તપ કરવા વનવાસ નીકળ્યા તે વખતે યક્ષોએ બાંધેલું હતું. તે તળાવમાં સાપને કારણે એક મોટો યક્ષ રહેતો હતો. તે યક્ષે ધર્મરાજાને સો પ્રશ્ન પૂછ્યા. પછી તે છૂટ્યા. એવું તે જૂનું તળાવ છે. તેને કાંઠે નાળિયેરીનું વન હતું. તે વન હેડિંબા રાક્ષસીનું હતું. તેમાં ભીમસેન ઘણીવાર વિચરતો.

ને જે તમારા ગામને પાદર મઘરિયો ડુંગર છે તે તળાવ વચ્ચે હતો. તે તળાવમાં મોટા મોટા મગર રહેતા તેથી મઘરિયો ડુંગર કહેવાય છે. હાલ, જે જગ્યાએ તમારો દરબારગઢ છે તે જગ્યાએ માંડવ્ય ઋષિને સંધ્યાપૂજન કરવાનું સ્થાન હતું. એવી એ જગ્યા મહાપ્રતાપી છે. ત્યાં અમારે છ માસ નિવાસ કરવો છે માટે જે વખતે તમારે પુત્રનો જન્મ થાય તે પછી હું મારા

ગુરુ આત્માનંદસ્વામી સાથે ત્યાં આવીશ. ને તમારું સર્વે વૃત્તાંત કહીશ. ને હવે તમારા કુળમાં તમારા પુત્રનો પુત્ર એભલ ખાચર નામે થશે તે પરીક્ષિતનો અવતાર થશે. તેને શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્રમાં સંશય થયો હતો, તેથી તે હવે અવતાર લઈને પૂર્ણબ્રહ્મ પરમાત્માને મળશે ને મોક્ષ પામશે. ને તેમની પુત્રીરૂપે રાધાને લક્ષ્મીને પુત્રરૂપે નર જે અર્જુન તે અવતરશે. ને તેની સાથે સાક્ષાત્ સરસ્વતી (રાજબાઈ) પણ અવાતર લેશે. ને તે સર્વે પ્રગટ પુરુષોત્તમની સાથે રહેશે. ને તેથી હજારોને હજારો જીવોનો મોક્ષ થશે. આવી વાત મેનનાથજીએ કહી હતી.''

### ● બાવા ખાચરનો જન્મ

જે વખતે બાવા ખાચરનો જન્મ થયો તે પછી બે વર્ષે ઘેલાને સામે કાંઠે શંકરનું દેવળ કર્યું ત્યારે મહારુદ્ર યજ્ઞ કરાવ્યો હતો. અને બ્રાહ્મણોને ખૂબ દાન આપ્યું હતું. ને ત્યારે દશ હજાર બ્રાહ્મણો ભેગા થયા હતા. તેને જમાડીને એક એક રૂપિયો દક્ષિણા આપી હતી. અને તે સમયે બ્રાહ્મણોને તથા કુળગોર રાજગરોને ગઢડા તથા તેના પરગણામાં જમીન કૃષ્ણાર્પણ કરી હતી. તે તેઓ હજુ સુધી ખાય છે. એવી ધામધૂમથી નીલકંઠ મહાદેવનું સ્થાન કર્યું હતું.''

તે વખતે ગુરુ આત્માનંદજી સાથે મેનનાથજી આવ્યા હતા ને તેમણે ઘણા પ્રસન્ન કર્યા હતા. તે વખતે આત્માનંદસ્વામી બોલ્યા હતા જે, અમે તો વેશ લાવનારા છીએ, પણ તમારા પુત્રના પુત્રનો મોક્ષ કરવા પુરુષોત્તમ નારાયણ અવતાર લઈને થોડા કાળમાં આવશે ને તે અહીં નિવાસ કરીને રહેશે. તેની નિશાનીને વાસ્તે આ નીલકંઠ મહાદેવ પધરાવેલા છે. એ મેનનાથજીના શિષ્ય ગોમતીગર હતા. તેનો શિષ્ય ભવાનીગર હતો. તે બાવા ખાચર સાથે ઘોડે ચડી હથિયાર બાંધીને ચાલતા. અને તેનો શિષ્ય બાવા ભોજગર હતો. તે ઉનડ ખાચરે આપેલી બસો વિઘા જમીન વાવતો હતો.''

### ● કાઠી વિષેની માહિતી

**''વ્રતકેતુ વંશ ઉજળો, ત્યાંથી વાળાજાત**
**કૌરવોએ કળ ખોયું. અળ રાખી અખ્યાત્''**

મહાભારતમાં વિરાટ રાજાની ગાયો વાળવા ક્ષત્રિયોએ ના કહી તેથી મહારથી કર્ણએ પૃથ્વી ઉપર લાકડી પછાડી અને તેમાંથી એક મનુષ્ય ઉત્પન્ન થયો. જે કાષ્ટ માંથી ઉત્પન્ન થયો માટે કાષ્ટિક કહેવાયો. તેનું અપ્રભ્રશ કાઠી થઈ ગયું. તેને કચ્છ માં પાવર નામનું રાજ્ય મળ્યુ હતું.

કર્ણનો ચોથો પુત્ર વ્રતકેતું વંશ વૃધ્ધિ માટે મહાભારતના યુદ્ધમાંથી પાછો વળી ગયો. વ્રતકેતુનાં પુત્રો (૧) પરગીર (૨) પાવટા (૩) માજરિયા (૪) તોરિયા (૫) બેલ (૬) જેબલિયા (૭) નરટેરા (૮) નાથો. થયા. જેમના પ્રત્યેક કુળમાંથી એક એક શાખા ઉત્પન્ન થઈ જે સર્વે કાઠીઓ કહેવાયા, કુલ ૨૧૧ શાખાઓ છે. જેમાં ખાચરની ૨૮ શાખાઓ તથા ખુમાણની ૨૫, વાળાવંસની ૩૦, અવરિયાની(આડા કાઠી) ૧૦૬, ધાધલની ૧૩ શાખા અને સખાપત અને ઐરતિયા આમાં કુલ મળીને ૨૧૧ શાખાઓ છે.

**● વાળા, ખાચર અને ખુમાણનો ઈતિહાસ**

પુરાણોમાં સૂર્યવંશી પ્રસિદ્ધ રાજાઓનાં નામ લખાયેલાં છે. તે મુજબ સૂર્યના મનુ થયા. તેમના ઈશ્વાકુ થયા. જેણે અયોધ્યા વસાવ્યુ હતું. તેમની ૩૫મી પેઢીએ હરિચંદ્ર થયા. તેમની ૧૦મી પેઢીએ સગર રાજા થયા તેમની પાંચમી પેઢીએ ભગીરથ થયા. જે ભાગીરથી - ગંગાને પૃથ્વી ઉપર લાવ્યા હતા. તેમની ૨૨મી પેઢીએ રામચંદ્ર ભગવાન થયા. તેમના વંશમાં દ્વાપરના અંતમાં બૃહદબલ રાજા થયા. જે મહાભારતમાં કૌરવપક્ષે લડતાં અભિમન્યુંને હાથ મરાયા હતા.

સૂર્યવંશી બૃહદબલનાવંશમાં લગભગ ૨૭મી પેઢી એ ગૌત્તમબુદ્ધ થયા. ગૌત્તમબુદ્ધ (સિદ્ધાર્થ) ના ભાઈ લાંગલના પુત્ર પ્રસેનજીત બીજા થયા. તેની પાંચમી પેઢીએ સુમિત્ર થયા તેને ત્રણ પુત્ર હતા (૧) વિશ્વરાજ (૨) કૂર્મ અને (૩) વ્રજનાભ. આ ત્રણ પૈકી વિશ્વરાજના રાઠોડસિંહે જોધપુરમાં મુખ્ય ગાદી સ્થાપી. તેના વંશજો રાઠોડ કહેવાય. કૂર્મના પુત્ર કચ્છાવાહાએ જયપુરમાં મુખ્ય ગાદી સ્થાપી અને વજનાભે મગધ દેશમાં પોતાની ગાદી સ્થાપી. અને તેના પુત્ર મૈત્રકે કાઠિયાવાડના વલ્લભીપુરમાં મુખ્ય ગાદી સ્થાપી. તેથી તેઓ મૈત્રકવંશીઓ કહેવાયા આ મૈત્રકની

૩૧મી પેઢી ઈ.સ. ૫૫૫માં ગુહસેન રાજા થયા તેને બે પુત્ર હતા. (૧) ધરસેન (૨) ગુહાદિત્ય. આ ગુહાદિત્યએ ઈ.સ. ૫૮૦માં ઈડર વસાવ્યું અને તે ત્યા નાં રાજા થયા. તેના વંશજ બાપા રાવણે ઈ.સ. ૭૨૮માં માનસિંહ પરમાર પાસેથી ચિત્તોડનું રાજ્ય જીતી લીધું. તેમના વંશજમાં ઉદેસિંહ થયા. જેણે ઈ.સ. ૧૫૭૦માં ઉદેપુર વસાવ્યુ.

ઉદેસિંહના પુત્ર મહારાણા પ્રતાપ થયા. આ ચિત્તોડના રાજવંશમાંથી એક યુવરાજ મહારાષ્ટ્રમાં ગયા. ત્યાં પોતાની સત્તા સ્થાપી. તેમના વંશમાં સતારા અને કોલ્હાપુર નરેશ શાહજી અને જીજાબાઈ થકી ઈ.સ્. ૧૬૨૭માં છત્રપતિ શિવાજી નો જન્મ થયો. ધરસેન વલ્લભીપુરની ગાદીએ રહ્યા. ઈ.સ. ૭૬૫માં આરબોએ વલ્લભીપુરનો નાશ કર્યો. ત્યારે બચેલું કુટુંબ ખંભાત ગયું. પછી ઈ.સ. ૭૯૪માં શીલાદિત્ય સાતમાં એ પાછા આવી ખંડેર થયેલા વલ્લભીપુરને ફરી વસાવ્યું અને વાળા તથા તળાજામાં પોતાની ગાદી સ્થાપી. ત્યારથી આ સૂર્યવંશી કુળ ‘વાળા’ તરીકે પ્રસિદ્ધ થયું. શીલાદિત્યની ચોથી પેઢીએ ઝાંઝરશી વાળા થયા. તેણે ઈ.સ. ૧૮૬૦માં ઝાંઝમેર વસાવ્યું. આ રીતે તેમનો વંશ કાઠિયાવાડમાં વિસ્તર્યો. આ ઝાંઝરશી વાળાની ચૌદમી પેઢીએ એભલવાળા(ચોથા) થયા. તેમને ત્રણ પુત્ર હતા. (૧) ધાનવાળા (૨) ચાંપરાજ વાળા અને (૩) અમરજી વાળા. તેમાં ચાપરાજ વાળા જેતપુરના રાજા થયા. તે મહા શૂરવીર હતા. ઈ.સ. ૧૩૬૭માં દિલ્હી બાદશાહ શમશખાન સાથેના યુદ્ધમાં વીરગતિ પામ્યા. જેનું માથું જેતપુરમાં પડયું અને ધડ લડતું લડતું લાઠી સુધી આવેલું. તેથી તેમની મસ્તકની ખાંભી જેતપુરમાં અને ધડની ખાંભી લાઠીમાં છે. એભલ વાળાના ત્રીજા પુત્ર અમરજીને ધાતરવડ વિસ્તાર જાગીરમાં મળ્યો.

અમરજીને બે પુત્ર થયા. (૧) જશવંતસિંહ તેના પુત્ર વીર માંગડાવાળો થયો. જે ધૂમળી તથા ભાણવડના રાજા ભાણ જેઠવા (ચોથા)નો ભાણેજ હતો. કાઠીઓએ ધૂમલીથી ગાયોનું ધણ વાળ્યું. ત્યારે માંગડાવાળો ગાયોની વારે ચઢ્યો અને બાયલ ચાવડા નામના કાઠીની બરસીથી વીંધાઈને વીરગતિ પામ્યો. (૨) એભલ વાળાના મોટા પુત્ર

ધાનવાળા ઢાંકાની ગાદીએ આવ્યા. તેમના પુત્ર વેરાવળજી થયા. આ વેરાવળજી સૂર્યના મહાન ભક્ત હતા. તેમણે કાઠીઓને સાથે રાખી કચ્છના રાજા મૂળવાજી સાથે યુદ્ધ કર્યું. તેને મારી નાંખી કચ્છને જીતી લીધું. પરંતુ તે યુદ્ધમાં વેરાવળજી ધાયલ થયા. ત્યારે અમરા(વિહળ) પટગીરની પુત્રી રૂપાદેએ તેમની ખૂબ સેવા કરી. પછી કાઠી અમરા પટગીરે પોતાની પુત્રી રૂપાદેને ઈ.સ. ૧૩૧૬માં વેરાવળજીને પરણાવ્યા. તેથી તેમના ગરાસદાર ભાઈઓએ તેને નાત બહાર મૂક્યા. તેથી તે કાઠી બની ગયા. તેમને રૂપાદે થકી ત્રણ પુત્ર થયા. (૧) વાળાજી (૨) ખુમાજી (૩) લાલાજી અને એક સોનબાઈ નામે પુત્રી થઈ. ત્યારબાદ મુળવાજીના પુત્ર કાયાજીએ પિતાનું વૈર લેવા વેરાવળજી તથા અન્ય કાઠીઓ સાથે યુદ્ધ કર્યું . તેમાં કાઠીઓના મુખ્ય સેનાપતિ માર્યા ગયા. સૈન્ય ભંગાણ થયું. તેથી મેદાન છોડી કાઠીઓ ભાગ્યા તે મોરબી થઈ થાન આવ્યા. તેમની પાછળ સસૈન્ય કાયાજી આવ્યા.

ત્યારે વેરાવળજી અને અન્ય કાઠીઓએ હવે શું કરવું ? તે વિચાર્યું. તે સમયે મારવાડથી રાઠોડ રજપૂત કાળુસિંહ, વડસુરસિંહ અને જેતસિંહ દ્વારકાની યાત્રાએ જતા. કાઠીઓએ તેમની ખૂબ મહેમાન ગતિ કરી. પછી પોતાની મુશ્કેલી જણાવી એટલે મહાશૂરવીર તે ત્રણેય ભાઈઓ કાઠીઓના પક્ષે યુદ્ધ કરવા તૈયાર થયા. આ સમયે વેરાવળજી વગેરે મળી કુલ બાર મહાશૂરવીરો હતા. વેરાવળજીએ અન્ન-જળ છોડી ત્રણ દિવસ સૂર્યની આરાધના કરી. ત્રીજે દિવસે રાત્રીએ સૂર્યદેવે તેમને સ્વપ્નમાં સંકેત આપતા કહ્યું, ‘તમે કચ્છના લશ્કર સામે લડાઈ કરો. હું તમારી મદદે છું. તમારો વિજય થશે.’ અને તમે અહીંથી થાન પહોંચો ત્યારે તમારા બાર વ્યક્તિ સાથે તેરમો વ્યક્તિ અચાનક આવી જાય તો સમજજો કે, ‘હું તમારી સાથે છું.’ સૂર્યદેવે કહ્યું તે વાત સત્ય ઠરી તેથી અતિ વિશ્વાસ લાવી અમુક કાઠીઓને સાથે રાખી કચ્છના કાયાજી સાથે યુદ્ધ કર્યુ. તેમાં વેરાવળજીનો ભવ્ય વિજય થયો. પછી તેણે ભાણવડ ગામના ભાણજેઠવા (ચોથા)ના સાડા મિયાત બાબરિયા પાસેથી થાન રાજ્ય જપ્તે કર્યું. અને ત્યાં  સૂર્યદેવનું ભવ્ય મંદિર બંધાવ્યું. પછી વેરાવળજીએ પોતાની પુત્રી સોનબાને ચૌહાણ વાલેરા જળ

સાથે પરણાવ્યાં અને સોનગઢ ગામ બાંધી આપ્યું અને તેમને સૂર્યદેવની સેવા સોંપી. આજે પણ તેમના વંશજો ત્યાં સૂર્યદેવની પૂજા કરે છે. રાઠોડ કાળુસિંહને લાખામાસી ગામ આપ્યું. તેઓ કાઠીની પુત્રીને પરણ્યા તેના પુત્ર ધાધલજી થયા. તેનો વંશજ ધાધલ કહેવાયા.

આ વેરાવળજીએ જ ઈ.સ. ૧૩૩૨માં વેરાવળ બંદરની સ્થાપના કરી. તેમનું સોળસો ઉપરાંત ગામમાં રાજ્ય હતું. પ્રથમ વાર આવડું મોટું રાજ્ય સ્થપાણું તેથી તે આ આખો પંથક કાઠિયાવાડ તરીકે પ્રસિદ્ધ થયો. વેરાવળજીના મોટા પુત્ર વાળાજીના વંશજો વાળા કાઠી કહેવાણા. વચેટ પુત્ર ખુમાજીનો વંશજો ખુમાણ કહેવાયા. આ ખુમાજીની ૨૦મી પેઢીએ હાદા ખુમાણ થયા. તેમના પુત્ર જોગીદાસ ખુમાણ હતા. વાળાજીને જેતપુર વિસ્તારના આઠસો ગામ ભાગમાં આવ્યાં. તેથી તે પંથકનું નામ વાળાક કહેવાણું. ખુમાજીને શેત્રુંજીથી લઈ ધાતરવડી નદી સુધી ના આઠસો ગામ ભાગમાં આવ્યાં. આ ખુમાજીના પુત્ર નાગપાળના ખાચરજી થયા. તેમના વંશજો ખાચર કહેવાયા. માણસુરના પુત્ર ખુમાજી હતા. તે બંનેને ચારસો ચારસો ગામ ભાગમાં આવ્યાં. તે પણ વાળાક પ્રાંતમાં જ ગણાય છે. અને ખાચરને જશદણથી લઈ વલ્લભીપુર સુધીના ચારસો ગામ ભાગમાં આવ્યાં. તે કાઠિયાવાડ તરીકે પાછળથી પ્રસિદ્ધ રહ્યો. આ ખાચરજીની ૧૨મી પેઢીએ કાળા ખાચર અને નાગપાળ ખાચર આ બે ભાઈ થયા. તેમાં નાગપાળ ખાચરના મોકા ખાચર(પહેલા) થયા. તેના વંશજો મોકાણી ખાચર કહેવાણા.. કરિયાણા, વાંકિયા, ખંભાળાના દેહા ખાચર, મોકા ખાચર વગેરે.. કાળા ખાચરે કાળાસર ગામ વસાવ્યું. તેમને પાંચ પુત્ર હતા. (૧) બોડા ખાચર (૨) સામત ખાચર (૩) દાના ખાચર (૪) ઠેબા ખાચર અને (૫) વેજાણંદ ખાચર. તેમાં સામત ખાચરે સેજકપુર અને શાહપુર ગામ વસાવ્યાં. સામત ખાચરના પુત્ર દેવાયત ખાચર તથા રામ ખાચર થયા. આ રામ ખાચરના વંશજો રામાણી કહેવાણા. તેઓ ચોટીલા પ્રાંતમાં રહે છે. જેમાં સારંગપુના જીવા ખાચર વગેરે દેવાયત ખાચરના ગોદડ ખાચર થયા. તેમના વંશજો ગોદડકા કહેવાણા. ગોદડ ખાચરની ત્રીજી

પેઢીએ ઉન્નડ ખાચર થયા. તેણે ઈ.સ. ૧૬૭૫ (સં. ૧૭૩૨) માં ગઢપુર વસાવ્યું. અને તેમના ભાઈ જીવા ખાચરે હાડીકા ગામ વસાવ્યું પરંતુ બંને ગઢપુર રહેતા.

● **ગઢપુરની સ્થાપના**

ઉન્નડદાના અને જીવાદાનાએ સંવત ૧૭૩૦ (ઈ.સ. ૧૬૭૪)ના વર્ષમાં કારતક સુદ-૨ (ભાઈબીજ)ના દિવસે ગઢપુરમાં ઘેલા નદીના ઉત્તરાદા કાંઠે સાંગા રાજગરની વાડીમાં ખીજડે નવા ગઢડાનું તોરણ બાંધ્યું અને હનુમાનજી પધારાવ્યા. (આ હનુમાનજી હાલ રામજી મંદિરમાં છે એમ કહેવાય છે.) આ સમયે ઉન્નડખાચરની સાથે સોમાણી સાખનું એક ભાવસારનું કુટુંબ હતું. કાઠીગાર સાંગા રાજગરનું કુટુંબ હતું. ત્રીજું કામદારનું કુટુંબ હતું જેને ઉન્નડખાચર પોતાનું કારભારું કરવા સાથે લાવેલા તે ચોથું કુટુંબ કોલી ડાભી લખમણનું હતું. શરૂઆતમાં આટલા જ ખોરડા વસાવેલા.

ગઢડા કેમ કહેવાયું ? તો જુનાગઢના રાજ રા'ના વંશમાં આવતા રા'કાનનો ચણાવેલો ગઢનો કોઠો ઘેલા નદીના કાંઠે એક ટેકરા ઉપર એકલવાયો ઊભેલો હતો. (જે ટેકરો દાતારની ધાર તરીકે ઓળખાતો) ગઢની તળેટીમાં આ નવું ગામ વસાવ્યું માટે ગઢડા નામ પાડ્યું.

સમય જતાં એકવાર ગઢડાના ગામધણી જીવાખાચર (પ્રથમ) અને તેના વૃદ્ધ મેમણ કામદાર સરૂડોસા બંને ગામમાં હતા. ગઢડાનો જુવાન વર્ગ મેલીકાર (ધાડ પાડવા) ગયો હતો. તેનો લાગ જોઈને નજીકના ગામ લાખણકાના ગોવાળીયા કાઠી ગઢડાનું ગૌધણ હાંકી ગયેલા. ધણ વાળવા જવા વૃદ્ધ જીવાખાચર તૈયાર થયા. તેમને વૃદ્ધ મેમણ સરૂડોસાએ ઘણી ના કહી, છતાં જીવાખાચર તૈયાર થયા. આથી તે મેમણ પણ સાથે ગયાં. લાખણકાના પાદરમાં ધીંગાણું થયું. તેમાં જીવાખાચર મૃત્યુ પામ્યા. સરૂડોસા પણ ત્યાં જ મૃત્યુ પામ્યા. લાખણકાને પાદર બંનેની ખાંભીઓ મોજુદ છે તેમ કહેવાય છે.

જ્યારે ઉન્નડદાનાઓ અને જીવાદાનાએ નવું ગઢડું વસાવ્યું તે સમયે દિલ્હીના તખત પર શહેનશાહ શાહજહા રાજ કરતો હતો. તેને ચાર

દીકરા હતા. તેમાં દારા સૌથી મોટો અને ઔરંગઝેબ સૌથી નાનો દીકરો હતો. દારા મહાન વિદ્વાન અને સંસ્કૃત ભાષાનો જાણકાર હતો. તેણે વેદ ઉપનિષદ વગેરે મહાન હિન્દુ શાસ્ત્રો - ફારસી - તરજુમાં કરેલા એમ કહેવાય છે. દિલ્હીની ગાદીનો ખરો વારસદાર સૌથી મોટો પુત્ર શાહજાદા હતો. પણ ઔરંગઝેબે પિતાને કેદ કરી રાજગાદી લઈ લીધી. પછી પોતાના ત્રણેય ભાઈઓને મારી નાખવાની યોજના બનાવી. દારાને આ વાતની માહિતી મળી જતા તે દિલ્હી છોડીને દેશ પરદેશ ફરતો ફરતો કચ્છ કાઠિયાવાડ થઈ ગઢડા આવ્યો ત્યાં ઉન્નડખાચરનું શરણું લીધું. લશ્કર તેમને શોધવા પાછળ પડ્યું. તે શોધતા શોધતા ગઢડા આવ્યું. શરણે આવેલા શરણાગત માટે લશ્કર સાથે ઉન્નડખાચરને યુદ્ધ થયું. ત્યાં યુદ્ધમાં ઉન્નખાચર મૃત્યુ પામ્યા.

જીવાખાચરને પુંજાખાચર નામે પુત્ર હતા. ઉન્નડખાચરના દીકરા બાવાખાચર હતા તે વાત સ્વયં સ્વામિનારાયણ ભગવાને એભલખાચરને આ પ્રમાણે કરી હતી. બાવાખાચર ગઢપુર સહિત ૧૩ ગામના ગામ ધણી હતા. તેમને એભલખાચર અને જીવાખાચર બે પુત્રો હતા. તે બન્નેના ભાગમાં સાડા છ ગામ ભાગમાં આવ્યા હતા. જેમાં એભલ ખાચરના ભાગમાં માંડવધાર, રળિયાણા, લાખણકા, નાના ઝીંઝાવદર, તાજપર, સુરકા અને અડધું ગઢડા આમ સાડા છ ગામ આપ્યા હતા. જ્યારે જીવાખાચરના ભાગમાં અડતાળા, ઉગામેડી, શિયાનગર, ખોપાળા, માળોદ, વનમાળી અને અડધું ગઢડા એમ સાડા છ ગામ આપ્યા હતા.

એભલ ખાચર, અભય ખાચર, અભયકુમાર, અભયરામ અમે અભયબાપુ એવે નામે ઓળખાતા હતા. એભલબાપુના લગ્ન કરિયાણાના રાજા નાગનેશની દિકરી સુરપ્રભાની સાથે થયેલા. તેમને ચાર દિકરા હતા. (૧) દાહાખાચર (૨) રૂખડખાચર (૩) ગોદડખાચર (૪) ભોજાખાચર પરંતુ તે એકેય જીવ્યા ન હતા. સમય જતા સંવત ૧૮૪૦માં જીવુબા નામે એક દિકરીનો જન્મ થયો. તે જીવીગયા માટે જીવુબા નામ રાખ્યું. પૂનમના દિવસે જન્મી માટે પૂનમવતી બાઈ પણ કહેતા અને સૌથી મોટા હતા માટે મોટીબા કહેતા. સત્સંગિજીવનમાં

તેમનો ઉલ્લેખ જયાદેવી તરીકે કરવામાં આવ્યો છે. બીજી દીકરીનો જન્મ સંવત ૧૮૪૪માં થયો તેમનું નામ લાડુબા રાખવામાં આવ્યું. સત્સંગિજીવનમાં તેમને લલિતા કહ્યાં છે. ત્રીજી દીકરીનો જન્મ સંવત ૧૮૪૭માં થયો તેમનું નામ પાંચુબાઈ રાખવામાં આવ્યું. તેમને પાંચાલી તરીકે પણ સંબોધતા. ચોથી દીકરીનો જન્મ સંવત ૧૮૫૪માં થયો. તેનું નામ નાનીબાઈ રાખવામાં આવ્યું છે. એભલબાપુને ચાર દીકરીઓ હતી. પરંતુ દીકરો ન હોવાથી તેમણે બીજું લગ્ન બાટોદના રણગામી રાજા રાઠોડ ધાધલની દીકરી સોમાદેવી સાથે કર્યા હતા. તેમના થકી દાદાખાચર જેવા ગુણિયલ દીકરા પ્રાપ્ત થયાં હતાં. દાદાનો જન્મ બોટાદમાં સંવત ૧૮૫૭ પોષ વદી ૬ ને દિવસે થયો હતો. દાદાનાં બીજા નામ ઉત્તમ અને ઉન્નડ પણ હતા.

સમગ્ર ગુજરાતમાં ગઢડા નામના કુલ ૧૭ ગામ છે અને ઘેલા નામની બે નદી છે. પરંતુ આ ગઢડામાં સ્વામિનારાયણ ભગવાન રહ્યા હતા તેથી સ્વામીના ગઢડા તરીકે પ્રખ્યાત થયું.

**● આ લીંબડા નીચે ભગવાન આવીને બેસશે**

એકવાર એભલબાપુ કાંઈક કામ પ્રસંગે બાબરિયાવાડ ગયા હતા. ફરતાં ફરતાં ઉમેદ ગામમાં લાખા આહિરની વાડીએ આવ્યાં. ત્યાં ઘોડીને પાણી પાઈને બાંધી. પછી બાપુએ હાથપગ ધોયાં અને પાણી પીધું. લાખે મોટા બાપુ જાણી ખાટલો ઢાળી દીધો. બાપુ ખાટલામાં આડે પડખે થયા.

આત્માનંદસ્વામીના શિષ્ય વિઠ્ઠલાનંદ અને બાળાનંદ ત્યાં હતા. તેમણે લાખા આહિરને કહ્યું : “લાખા ! આ લીંબડા નીચે ભગવાન બેસશે.” આ વાતમાં લાખાને કાંઈ ગમ પડી નહિ. લાખો પોતાના કામમાં મશગૂલ હતો. તેથી તેણે આ વાત વિચાર પર લીધી નહિ. આથી તે વાતનો મર્મ ચૂકી ગયો.

પરંતુ આ વાત છેટે ખાટલામાં સૂતા સૂતા એભલ ખાચરે સાંભળી. પ્રભુ પ્રાપ્તિ ને ઝંખતા બાપુને આ વાત હૃદયમાં ઉતરી ગઈ. આ સંકેત ઓલિયા પુરુષમાં રહી ભગવાને જ કર્યો છે. વળી પોતાના દાદી રાણદેબાને મેનનાથજીએ આપેલાં આશીર્વાદ યાદ આવી ગયા કે તમારા

દીકરાના દીકરાને ઘેર પ્રગટ ભગવાન આવશે. આથી એમને થયું આ લીંબડો હું જ લઈ જાઉં. જેથી મારા દરબારમાં રોપેલા આ લીંબડા નીચે ભગવાન આવીને બિરાજમાન થાય.

આ વિચારથી બાપુએ લાખા આહિરને પૂછ્યું : "લાખા ! આ લીંબડો હું લઈ જાવ ?"

લાખાને થયું કે આનાકાની કરીશ તો બાપુ થોટ થાપટ કરશે. તેથી તેણે કહ્યું : "ભલે બાપુ ! તમે રાજી થતાં હો તો લઈ જાવ." આથી બાપુએ તરત જ ઘોડાનો પાવરો સાફ કર્યો. પછી માટીના પિંડા સાથે લીંબડાને ઊચકી પાવરામાં મૂકી દીધો. બાપુએ પળનો પણ વિલંબ કર્યા વિના લાખાને રામ રામ કરીને ગઢપુર તરફ ઘોડી હાંકી મૂકી.

ગઢપુર આવી વિચાર કર્યો કે લીંબડાને ક્યાં રોપવો ? વિચાર કરતા નિર્ણય કર્યો કે જે ચારેય ઓરડાની વચ્ચે ફળિયામાં રોપવામાં આવે તો ભગવાનના દર્શન દરેક ઓરડામાંથી કરી શકાય. પછી દરબારગઢના ચારેય ઓરડાની મધ્યે ફળીયામાં લીંબડો રોપ્યો.

દિન પ્રતિદિન જેમ જેમ લીંબડો મોટો થતો ગયો તેમ તેમ એભલખાચરને ભગવાનના આગમનની પ્રતિક્ષા વધતી ગઈ.

**● શ્રીહરિનું પ્રથમ આગમન ગઢપુરમાં**

શ્રીહરિ રાજાધિરાજ બનીને સત્સંગની ધુરા સંભાળી ત્યારબાદ સત્સંગમાં વિચરણ કરતા થકા કરિયાણાથી પ્રથમવાર સંવત ૧૮૬૦માં આનંદ સ્વામીની સાથે ગઢપુરમાં મલેકશાહ ફકીરનાં બાગમાં આવ્યા હતાં. (મલેકશાહ સાંઈએ ભવિષ્યકથન કર્યું હતું કે અહિં હિંદુના ઓલિયા પુરુષ આવશે. તેને સત્ય કરવાં શ્રીહરિ તે જગ્યામાં આવ્યા હતા.) ત્યાં ઉતર્યા પછી આનંદાનંદસ્વામી ઘેલામાં નહાવા ગયા અને શ્રીહરિ એકલા જ ત્યાં બેઠા હતા. તે સમયે ત્યાં રમતાં થકા નાનાં નાનાં બાળકો શ્રીહરિ પાસે આવ્યાં. જેમ વ્રજમાં શ્રીકૃષ્ણે બાળકોને સમાધિ કરાવી હતી તેમ આ બાળકોને શ્રીહરિએ દૃષ્ટિમાત્રથી સમાધિ કરાવી. તેમાં કેટલાક બાળકો કૈલાસમાં, કેટલાક વૈકુંઠમાં, કેટલાક ગોલોકમાં, કેટલાક અક્ષરધામમાં ગયા. આ બાળકો સમાધિમાં દિવ્ય સુખ માણતા હતા.

શ્રીહરિની વાત સાંભળી ગામના કેટલાક લોકો આવવા લાગ્યા. બાળકોને જડવસ્તુની જેમ પડેલા જોઈ તેમને લાગ્યું : “આ બાવાએ કંઈક જાદુ કર્યું છે.” આથી તેમણે શ્રીહરિને પૂછ્યું : “તમે આ બધા છોકરા ઉપર શું જાદુ કર્યું છે ? તેઓ સહુ જડની જેમ કેમ સૂઈ ગયા છે ? આમને ઝટ જગાડો નહિ તો આખા ગામમાં વાત જાશે તો જોયા જેવી થાશે.”

લોકોના આવા શબ્દો સાંભળી શ્રીહરિએ હસીને કહ્યું : “અમે કાંઈ જાદુ નથી કર્યો. તેઓ સમાધિમાં ગયા છે અને દિવ્ય સુખ ભોગવે છે. થોડીવારમાં જ બેઠા થશે.” પરંતુ આ વાત આખા ગઢડામાં પ્રસરી ગઈ. આથી લોકો લાકડીઓ અને ડાંગો લઈને આવવા લાગ્યા.

જીવા ખાચર પણ મૂળુ ખાચરને લઈને ત્યાં આવ્યા. તેમણે આ સમાધિવાળા છોકરાઓને જોયા. પછી શ્રીહરિ ભણી દૃષ્ટિ કરી. તેમને લાગ્યું કે આ કોઈ સામાન્ય પુરુષ નથી. તેમણે હાથ જોડી પ્રાર્થના કરી : “પ્રભુ ! હું ગામધણી છું. આ ગામનાં છોકરાને કાંઈ થાય તો મારી આબરૂ જાય. માટે આ બધાને બેઠા કરો.”

શ્રીહરિએ તે બાળકો તરફ દૃષ્ટિ કરી સૌને જગાડ્યાં. સૌ ઊઠીને શ્રીહરિને ચરણમાં પડ્યાં. આ જોઈ સૌને આશ્ચર્ય થયું. શ્રીહરિએ તેમને કહ્યું : “તમે એમને પૂછો કે તેમણે સમાધિમાં શું જોયું છે ?”

પછી જીવાબાપુએ બાળકોને પૂછ્યું : “એલા છોકરાઓ ! તમે સમાધિમાં શું જોયું ? તે કહો.”

પછી તે બાળકોમાંથી કોઈકે કહ્યું : “અમે ગોલોક જોયો, તો કોઈકે કહ્યું અમે વૈકુંઠ જોયો, તો કોઈકે કહ્યું અમે કૈલાસ જોયો, તો કોઈકે કહ્યું અમે અક્ષરધામ જોયું. પછી તે તે ધામનું વર્ણન તેમણે કર્યું.” તે સાંભળી સૌને આશ્ચર્ય થયું કે “નાના બાળકાએ આવું ક્યારેય જોયું ન હોય છતાં પણ આ બધી ખબર કેમ પડી !”

આ બધું જોઈ જીવાખાચરને શ્રીહરિ મહાન લાગ્યા. તેમણે હાથ જોડીને કહ્યું : “પ્રભુ ! આપ મારા દરબારમાં પધારો. અમારું ઘર અને અમારા પરિવારને પાવન કરો.”

શ્રીહરિએ તેમનો ભાવ જોઈને કહ્યું : “તમારું આ ગામ, આ ભૂમિ,

આ નદી, આ વૃક્ષો તે સર્વે અમને અક્ષરધામ તુલ્ય પવિત્ર દેખાય છે. આથી સમય આવશે ત્યારે અમે આવશું અને અહીં રોકાશું પણ અત્યારે તો અમારે આગળ જવું છે માટે રોકાશું નહીં.''

આમ વાત કરી ત્યાં આનંદાનંદસ્વામી ઘેલેથી નાહીને આવ્યા. શ્રીહરિએ ચાલવાની તૈયારી કરી ત્યારે જીવાખાચરે પ્રાર્થના કરી. ''પ્રભુ ! થોડીવાર રોકાવ તો હું આપના માટે કંદોઈ પાસેથી ચોખ્ખી સુખડી લઈ આવું. આમ કહી જીવાખાચર સુખડી લેવા ગયા અને લખુ કંદોઈને ત્યાંથી પેંડા બરફી લઈને શ્રીહરિ પાસે આવ્યા અને શ્રીહરિના ચરણે ધરી દીધા.''

પ્રભુ તેમાંથી થોડું જમ્યા અને આનંદાનંદ સ્વામી તથા જીવાખાચર વગેરેને પ્રસાદી આપી. પછી શ્રીહરિ ત્યાંથી નીકળી ગયા.

એભલ ખાચરને પણ આ વાતની જાણ થઈ. આથી તેઓ પણ તરત જ ત્યાં આવ્યા, પરંતુ શ્રીહરિ તો તરત જ ત્યાંથી નીકળી ગયા હતા. આથી એભલખાચરને શ્રીહરિના દર્શન ન થયા. આથી તેઓ ખૂબ ઉદાસ થઈ ગયા. તેમની દિલગીરી, જોઈ તેમના કારભારીએ વાત કરી કે, ''બાપુ ! તમારો ભાવ હશે તો ગમે ત્યારે જરૂર તેમનો ભેટો થશે.'' પછી એભલબાપુ દર્શન વિના જ ઉદાસ થઈને પાછા દરબારમાં પધાર્યા.

**● આજે લાપસીના આંધણ મૂકો**

સંવત ૧૮૬૧નો ચાતુર્માસ ચાલે છે. શ્રીહરિ સરધારમાં બિરાજમાન છે. શ્રીહરિને માંચા ખાચરે કારિયાણી પધારવા પ્રાર્થના કરી. આથી શ્રીહરિએ તેમને ચાતુમાર્સ પૂર્ણ કરી કારિયાણી પધારવા વચન આપ્યું.

આથી માંચાખાચર શ્રીહરિની આગતા - સ્વાગતા કરવા તથા સામૈયાની તૈયારી કરવા કારિયાણી આવતા હતા. રસ્તામાં ગઢપુરમાં એભલખાચરના દરબારમાં રાત રોકાયા.

એભલખાચરનો સમગ્ર પરિવાર ભગવાન પરાયણ જીવન જીવતો હતો. દરરોજ રાતે કથા વંચાતી તે મુજબ તે રાત્રે પણ શ્રીમદ્ ભાગવતની કથા વંચાતી હતી. તે કથા સાંભળવા માંચા ખાચર પણ બેઠા.

જીવુબાએ પૂછ્યું : ''બાપુ ! અધર્મ વધે ત્યારે ભગવાન પ્રગટ થાય એવું કથામાં આવ્યું તો અત્યારે પારાવાર અધર્મ વધી રહ્યો છે તો પરમાત્મા

પ્રગટ થયા છે કે પ્રગટ થશે ?"

ત્યારે માંચાખાચર બોલ્યા કે, "ભગવાન પ્રગટ થઈ ગયા છે અને હું તેમના દર્શન કરીને અહિ આવ્યો છું. તે પ્રગટ ભગવાન અમારે ઘેર કારિયાણી પધારવાના છે. તેના દર્શન કરવા માટે આવવાનું આપને આમંત્રણ દેવા માટે જ આવ્યો છું. તે ભગવાનનો પ્રગટ પ્રતાપ સર્વપ્રથમ મેં માંગરોળમાં જોયો અને ત્યારબાદ સરધારમાં જોયો. તેમના પ્રતાપ માત્રથી જ મને નિશ્ચય થઈ ગયો કે તેઓ ભગવાન છે. આખું સોરઠ તેમનો પ્રતાપ જોઈ તેમની પાછળ ગાંડુ થયું છે. તેમની મૂર્તિ સિવાય મને બીજું કાંઈ નથી દેખાતું. શું એ મૂર્તિની લાવણ્યતા ! કેવું એનું આકર્ષણ ! નજર કરીએ ત્યાં ચિત્ત તેમાં ચોંટી જાય ! મન સ્થિર થઈ જાય ! અર્જુન જ્યારે દિવ્ય દૃષ્ટિને પામ્યો ત્યારે તેને ભગવાનનું દિવ્ય સ્વરૂપ જોવામાં આવ્યું. પરંતુ સ્વામિનારાયણ ભગવાનને જોતા તો અર્જુન જેવા કેટલાય ભક્તો દિવ્ય દૃષ્ટિને પામી ગયા અને પ્રગટ ભગવાનને ઓળખી લીધા. એ જ ભગવાન મને ઓળખાય ગયા છે. એભલબાપુ ! તે ભગવાનને અમારા ઘેર કારિયાણીમાં પધરાવી સેવા, સમાગમ અને દર્શનનો લાભ લેવો છે. એ ભગવાન થોડા જ દિવસમાં અમારે ત્યાં પધારવાના છે તો હું કારિયાણી જઈ તૈયારી કરવા જાઉં છું. પરંતુ રસ્તામાં ગઢપુર આવ્યું એટલે મને થયું કે એભલબાપુ અને એમના પરિવારને પણ આ મંગલ સમાચાર આપી તેમને પણ અમારે ગામ તેડાવું. એટલે બાપુ હું અહીં આવ્યો છું."

આ વાત સાંભળી એભલખાચરે પોતાની બંને દીકરીઓ જીવુબા અને લાડુબાને કહ્યું : "ભગવાન પ્રગટ થયા છે તે સમાચાર માંચાએ આપ્યા એથી બીજી રૂડી વધામણી કઈ હોય ? માટે લાપસીના આંધણ મૂકો."

બાપુની આજ્ઞાથી જીવુબા - લાડુબાએ લાપસી બનાવી સહુને જમાડીને તૃપ્ત કર્યા. માંચાખાચર ત્યાં રાત રોકાયને સવારે બાપુને વાત કરી : "બાપુ ! ભગવાન જ્યારે કારિયાણી પધારશે ત્યારે આપને હું સમાચાર મોકલાવીશ. આપ કુટુંબ સહિત કારિયાણી પધારજો." આમ વાત કરી બાપુની રજા લઈ તે કારિયાણી આવ્યા. એભલબાપુએ શ્રીહરિને

પામવા ધારણાપારણા વ્રત કર્યું. જ્યારે મહારાજ કારિયાણી પધાર્યા ત્યારે એભલબાપુને મહારાજ સાથે પ્રથમ મિલન થયું અને શ્રીજીમહારાજનું ભવ્ય સ્વાગત કરી ગઢપુરમાં પધારાવ્યા.

**● એભલબાપુને મનુષભાવ ટાળવા ચતુર્ભુજરૂપે દર્શન**

શ્રીગઢડા મધ્યે શ્રીજીમહારાજ જીવા ખાચરના દરબારમાં અને દાદા ખાચરના દરબારમાં આવતા-જાતા. ને એભલ ખાચર પોતાના દરબારમાં થોડું ઘણું રહેતા ને પોતાની વાડી તથા બીડ તેમાં ઘણું કરીને રહેતા. તે એભલ ખાચરને કોઈકી કીધું જે, "આ સ્વામિનારાયણ તમારા દરબારમાં બહુ આવે છે ને તમારી દીકરીઓ મોટી મોટી છે, તે તમારું કામ બગડી જાશે ને તમે એ વાતનો કાંઈ વિચાર રાખતા નથી. તે પછી તમારું વિચાર્યું કાંઈ કામ આવશે નહીં." એવી રીતે એભલ ખાચરને કહીને કાંટો ચડાવ્યો.

ત્યારે એભલ ખાચરે એવા વિચાર કર્યો જે, 'સ્વામિનારાયણને મારે મારવા.' પછી એક દાડે ઢાલ-તરવાર લઈને પોતાની ડેલીમાં આવીને બેઠા જે, 'સ્વામિનારાયણ દરબારમાં છે, તે આંહી આવે ત્યારે ઝટકે મારવા છે.' ત્યારે તે ટાણે મહારાજ એમના દરબારમાં હતા. તેમને કોઈકે કીધું જે, "એભલ ખાચર તમને મારવા ઢાલ-તરવાર લઈને ડેલીએ બેઠા છે." ને દરબારમાં બાઈઓ હતી, તેમને પણ એ વાતની ખબર પડી.

પછી સર્વે બાઈઓએ મહારાજને કીધું જે, "તમારે ડેલીએથી જાવું નહિ. આણીકોરથી જાઓ." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમને મારે નહિ, માટે તેની તમારે કાંઈ ફિકર રાખવી નહીં." એમ કહીને મહારાજ ડેલીએ થઈને નીકળ્યા. ત્યારે એભલ ખાચરે દીઠા. તે શંખ ચક્ર, ગદા, પદ્મ એ ચારે આયુધ ચારે ભુજાઓમાં લીધેલાં, એવી ચતુર્ભુજ મૂર્તિ દેખી ! ને મસ્તક ઉપર મુગટમણિ જડેલો, કાનમાં મકરાકૃત કુંડળ, કોટમાં કૌસ્તુભમણિની માળા, ને પીળાં સુવર્ણય પીતાંબર પહેરેલાં, ને મહા તેજસ્વી મૂર્તિ એવા એ શ્રીજીમહારાજને દેખ્યા.

ત્યાં તો ઢાલ, તલવાર હાથમાં હતાં તે નાંખી દીધાં ને બે હાથે કરીને મહારાજનાં ચરણારવિંદ ઝાલ્યાં ને પોતાનું માથું મહારાજના

પગમાં મૂકીને એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો ભગવાન છો. મને તો કોઈકે અવળું બતાવ્યું હતું, તેથી તમને મારવા સારુ હું આંહી આવીને બેઠો હતો. તે હું ભૂલી ગયો. મારો ગુનો માફ કરજો." એમ વારેવારે કહેવા માંડ્યું. ત્યારે મહારાજે પોતાના બે હાથ એભલ ખાચરના માથા ઉપર મૂકીને કીધું છે, "તમે કાંઈ ફિકર રાખશો નહીં." એવી રીતનો મહારાજનો પ્રતાપ એભલ ખાચરે દીઠો.

**● એભલ ખાચરને સમાધિમાં શિવદર્શન**

એકવાર એભલ ખાચરને સમાધિ થઈ. તેમાં શ્વેત પોઠિયો જોયો. ને તેના ઉપર ચંદ્ર જેવું મોટું સિંહાસન હતું. તેના ઉપર અષ્ટભુજાવાળી શંકરની મૂર્તિ ભાળી. તે મૂર્તિએ પીળું પીતાંબર પહેર્યું હતું. માથે મોટી જટા હતી ને કંઠમાં રૂદ્રાક્ષમાળ તથા નાગ ધારણ કરેલાં હતાં. ને એક ભુજામાં ધનુષ, બીજીમાં ત્રિશુળ, ત્રીજીમાં ચક્ર, ચોથીમાં પાશ, પાંચમામાં કાળદળ, છઠ્ઠામાં તલવાર, સાતમામાં ડાકલું અને આઠમામાં કમળની માળા ધારણ કરી હતી અને શિવજી સાથે પાર્વતી પણ પોઠિયા ઉપર બેઠાં હતાં. એવી રીતનો તે પોઠિયો અક્ષરઓરડી પાસે આવ્યો. એટલે શંકર હેઠા ઊતર્યા અને મહારાજને સાષ્ટાંગ પ્રણામ કર્યા.

પછી બંને જણાએ પૂજન કરી, પ્રદક્ષિણા કરી મહારાજને પગે લાગ્યા અને શંકર નૃત્ય કરી ઘણા રાજી થયા. પછી મહારાજને બાથમાં લઈને ભેટ્યા અને બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો અક્ષરધામના અધિપતિ છો, અનેક બ્રહ્માંડના કર્તા છો, સર્વના આધાર છો અને આપ એક જ સાક્ષાત્ પરમેશ્વર છો. તે તમે મને દયા કરીને સંભાર્યો તેથી હું આજ તમારાં દર્શન કરી કૃતાર્થ થયો છું." એમ કહી તે મહારાજના ચરણમાં પડ્યા. તે સમયે દિવ્યરૂપે આત્માનંદરૂપી, મેનનાથજી, ઉનડ ખાચર, બાવા ખાચર તથા રાણદેમા એ સર્વે જોવામાં આવ્યાં. તે સર્વેએ મહારાજની સ્તુતિ કરી પ્રણામ કર્યા. તેવું જોઈને એભલ ખાચર મહા વિસ્મય પામ્યા અને અહો ! અહો ! એમ શબ્દ કરવા લાગ્યા.

તે વખતે મહારાજ પાસે સુરબાઈ, સોમબાઈ, જીવુબા, લાડુબા, રાજબા, રાજબાઈ વાણિયા, અમરબાઈ બ્રાહ્મણ, દાદા ખાચર, પાંચુબા,

મૂળજી બ્રહ્મચારી વગેરે હતાં. તે સર્વને પણ ઉપરોક્ત સર્વે પ્રત્યક્ષ જોવામાં આવ્યું. તેથી સહુ અતિ રાજી થયા. તે સમયે શંકરે સ્તુતિ કરીને કહ્યું કે, ''હે મહારાજ ! મારે તમારું આ સ્વરૂપ નખથી શિખા પર્યંત નીરખવું છે. માટે આપ ઊભા થઈને મને દર્શન આપો.'' એમ તે કહે છે તેવામાં એક તને કરીને મહાપુષ્ટ અને આજાન બાહુ તથા પ્રસન્નતાએ યુક્ત તેજોમય મૂર્તિ ભાળી. તેથી મહારાજે તેને દંડવત્ પ્રણામ કરી હાથ જોડ્યા. તે વખતે શંકર બોલ્યા, ''હે ઉદ્ધવજી ! તમે રામાનંદ સ્વામી રૂપે આ નારાયણમુનિના ગુરુ થયા હતા. પરંતુ આ મૂર્તિ તો કોઈ દિવસ આ બ્રહ્માંડમાં આવી નથી. માટે આ મૂર્તિ નખશીખ પર્યંત મારે હૃદયમાં ધ્યાન કરવા માટે ધારવી છે.''

તે સાંભળી મહારાજ બોલ્યા, ''હે શંકર ! તમે અને હું આજ ઘણા દિવસે ભેળા થયા છીએ. એક વખત તમે મને વનમાં સાથવો આપ્યો હતો.'' એમ કહી મહારાજ હસ્યા. પછી એક કોપીનભર ઢોલિયા ઉપર ઊભા રહ્યા અને શંકર, પાર્વતી, રામાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, મેમનાથજી તથા એભલ ખાચર વગેરેએ મહારાજની મૂર્તિ નખથી શિખા પર્યંત અંતરમાં ધારી લીધી. તે વખતે તે સર્વને મહારાજની મૂર્તિ અતિ તેજસ્વી, પ્રકાશમાન તથા મહા સુગંધથી ભરેલી હોય તેવા મહા દિવ્ય અલૌકિક દર્શન થયાં. એટલે તેઓ કાયમ મહારાજની એ મૂર્તિનું જ ધ્યાન કરતા હતા.

**● મહારાજે એભલ ખાચરની મહાકાળથી રક્ષા કરી તે વૃત્તાંત**

એક વાર એભલ ખાચરને મહાકાળ પકડીને લઈ ગયો. ત્યારે મહાકાળના દુઃખથી એભલ ખાચર અતિશય ત્રાસી ગયા. તેમનું શરીર ધ્રૂજવા લાગ્યું. પછી તેમણે મહારાજને યાદ કર્યા. તે વખતે મહારાજે એભલ ખાચરની કાળના મુખ થકી રક્ષા કરી. ત્યારે તેમને મહારાજની ઈચ્છાથી સમાધિ થઈ. ને તેમાં સર્વોત્તમ અક્ષરધામમાં ગયા. ત્યાં દિવ્ય સિંહાસન ઉપર મહા તેજોમય મહારાજની મૂર્તિના અદ્ભુત, અલૌકિક દર્શન થયાં. તે મૂર્તિ દિવ્ય અને સ્વતંત્ર હતી. અને અનેક તેજોમય દિવ્ય, અક્ષરધામના મુક્ત તેની પૂજા કરતા હતા. આવાં દર્શન થવાથી જેમ

ગરીબના હાથમાં ચિંતામણિ આવે ને રાજી થાય તેમ એભલ ખાચર બહુ રાજી થયા અને તેમનું શરીર રોમાંચિત થઈ ગયું ને ખૂબ જ રાજી થયા. પછી દર્શનમાત્રથી અપાર સુખના આપનારા અને સર્વે અવતારોનું કારણ એવા મહારાજને ભક્તિભાવથી પગે લાગ્યા. તે જ સમયે મહારાજે તેમને સમાધિમાંથી જાગ્રત કર્યા.

એટલે તેઓ કહે જે, ''હે મહારાજ ! તમે મને કાળના મોઢામાંથી છોડાવ્યો એ જ મૂર્તિ તમે સાક્ષાત્ પૂરણબ્રહ્મ પરમાત્મા છો.'' ત્યારે મહારાજ કહે જે, ''અમે તમને શી રીતે છોડાવ્યા ? તે આ બધાને કહી બતાવો.'' ત્યારે એભલ ખાચર કહે જે, ''આ અમારી ચાર દીકરીઓ મધ્યે જીવુબાઈ તથા લાડુબાઈ ને અમારી ધરમની દીકરી રાજબાઈ એ ત્રણે કુંવારકાઓ છે ને તેમને કેવળ હથેવાળાનો સંબંધ છે અને તમારા પ્રતાપથી એ ત્રણેએ તથા રાજુબાઈ વાણિયાણ અને અમરબાઈ બ્રાહ્મણી, એ પાંચે જણ અગિયાર અગિયાર વરસની અવસ્થાએ માથા મુંડાવી સાંખ્યજોગી ડોશીઓ થઈ, તે વખત ગામમાં તથા દેશમાં મોટો ઉદ્‌ઘોશ થયો. (કહેતા કુસંગી લોકોએ મિથ્યા અપવાદ મૂકી ઉપાધિ કરી.)

તે સાંભળી મારું અંતઃકરણ ઘણું તપી ગયું. ને મેં એમ વિચાર કર્યો કે, 'આ બાલ અવસ્થાની અંદર સાંખ્યયોગના નિયમ શી રીતે પાળી શકશે ? ને રૂપિયાભાર લોટ પીવા માંડ્યો છે તે નિયમ પણ કેટલા દિવસ ટકશે ? આથી તો મારા વેરી લોકોમાં ચોક્કસ મારી અપકીર્તિ થશે. માટે આ બધી દીકરીઓને મારી નાંખીને મારે પણ દેહનો નાશ કરવો.' આમ મનમાં વિચારી નક્કી કરી હું ચોરામાં બેઠો હતો. તે વખત મને ખાટલામાંથી ઊંધો નાંખી એક પુરુષ અધ્ધર લઈ ચાલ્યો. એ વખત મને એમ ભાસ્યું કે, હું સર્વ લૂગડાં પહેરીને હથિયાર સહિત છું. ને મને ક્રોધ ચડ્યો હતો.

તે વખત મેં એક કાળરૂપી મોટો સર્પ ભાળ્યો. તે સર્પનો એક હોઠ પાતાળમાં ને એક હોઠ આકાશમાં હતો અને તેના મોઢાના ગલોફા ગુફાઓ જેવા હતા. આંખ્યો સળગતા દાવાનળ જેવી હતી, ફાડેલું મોઢું અતિ ભયંકર હતું. તથા પહાડોના શિખર જેવી મોટી દાઢો અતિ ભયાનક

હતી અને મોટા ડુંગરની ગુફામાં રહેલા અંધારા જેવો તેના મુખનો ભાગ હતો તથા તે પોતાના ફાડેલા મુખથી આખા જગતને ગળી જવા માગતો હોય તેમ લાગતું હતું.

હે મહારાજ ! તે વખતે મને આ બ્રહ્માંડની સર્વ રચના જોવામાં આવી હતી અને એ સર્પ જીભના લવકારા કરી શ્વાસ-ઉચ્છ્‌વાસ મૂકતો અને તેના મોઢામાંથી અગ્નિની જવાળાઓ નીકળતી હતી. એ જવાળાઓ જ્યારે પાછો શ્વાસ ખેંચતો ત્યારે તે ભેગા નદીના પ્રવાહની પેઠે હજારો પ્રકારનાં જીવો, દેવતાઓ, દૈત્યો, મનુષ્યો તથા પશુ-પક્ષીઓ તેના મોઢામાં આવ્યાં હોય તેમ જોવામાં આવ્યું ને હું પણ તેના મોઢામાં ભરાણો. તે વખતે મેં મારી તરવાર ખેંચેલ હતી અને મને ઘણો ભય હતો. ને તે સર્પના ડાચામાં પ્રવેશ થાવા વખતે આકાશવાણી થઈ કે, ‘તારી પુત્રી જીવુબા સાક્ષાત્ લક્ષ્મીનો અવતાર છે અને બીજી પુત્રીઓ પણ સરસ્વતી તથા લાડુબા રાધાજી છે. તેને તમે દુ:ખ દો છો તેથી તમે કાળના ફાંસામાં પડ્યા છો. માટે તમારી દીકરીયુંનું સ્મરણ કરો એટલે તમને પરમેશ્વર સ્વામિનારાયણ બચાવશે. એટલે મેં મારી દીકરીયુંનું સ્મરણ કર્યું; તેથી તમે મને ત્યાં બ્રહ્મચારીરૂપે જણાણાં.

પછી તે વખતનું મહારાજની નખથી શિખા પર્યંત સર્વ મૂર્તિનું વર્ણન એભલ ખાચરે કરી દેખાડ્યું. ને પછી કહે જે, ‘તે મૂર્તિએ મને કાંડે ઝાલી કાળના મોઢામાંથી બચાવ્યો ને તે વખતે આ જીવુબાઈને પણ ત્યાં મેં તેજસ્વી દેવીના રૂપમાં દેખ્યાં. એ રીતે હું જાગૃત અવસ્થામાં બેશૂધ થયેલો હતો તેવું તે વખતે જણાણું.

# પાંચ પાંડવનો સત્સંગમાં જન્મ

એક સમયે દશેરાના દિવસે ત્રીજા પહોરને સમયે, ધર્મદેવ પોતે પોતાના ત્રણે પુત્રો સહિત આંગણામાં આંબલીના વૃક્ષ નીચે ઓટા ઉપર જાજમ પાથરી બેઠા હતા. તે સમયે વશરામ તરવાડી, મોતી તરવાડી આદિક બે-ચાર જણા ભેગા થઈને ધર્મદેવ પાસે આવી પૂછવા લાગ્યા જે, હે હરિપ્રસાદજી ! દશેરાના દિવસે લોકમાં જે રાજા હોય તે ખીજડાનું પૂજન કરવા જાય છે, તેનું શું કારણ હશે ? ત્યારે બોલ્યા જે, પાંચ પાંડવ વનમાં ગયા હતા. તેમને બાર વર્ષ વનમાં રહેવું અને એક વર્ષ ગુપ્ત રહેવું, એવો ઠરાવ હતો. તેથી બાર વર્ષ વનમાં થઈ ગયાં. પછી એક વર્ષ ગુપ્ત રહેવા માટે પોતાનાં હથિયાર સર્વે વનમાં ખીજડાના વૃક્ષ ઉપર મૂકીને પોતાનો વેષ બદલી વિરાટનગરમાં રાજાને ત્યાં રહેવા માટે ગયા હતા. પછી જ્યારે વર્ષ પૂરું થયું ત્યારે ખીજડાની પૂજા કરીને પોતાનાં હથિયાર લીધાં. ત્યારથી લોકમાં પ્રસિદ્ધ થયા. તે દિવસથી વર્ષોવર્ષ દશેરાના દિવસે રાજા આદિક શસ્ત્ર ધારણ કરનારા હોય તે ખીજડાનું પૂજન કરે છે. તેવું સાંભળીને વશરામ તરવાડી બોલ્યા જે, આપણે તો સર્વે હથિયારવાળા છીએ. માટે ચાલો આપણે ખીજડાને પૂજીએ. તેવું સાંભળીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે મામા ! આજે દશેરાના દિવસે ખીજડાને પૂજે તેને પાંચ પાંડવનાં દર્શન થાય એવું પોતાના ભાણેજનું વચન સાંભળીને સર્વે પોતપોતાના ઘેર જઈને સારાં સારાં વસ્ત્ર અલંકાર તથા હથિયાર બાંધીને ધર્મદેવને ઘેર પોતપોતાનાં વાહન જે ઘોડા તે ઉપર સવાર થઈને આવ્યા. ત્યારે ધર્મદેવે પણ ત્રણ પુત્રને તૈયાર કરીને રામપ્રતાપભાઈ સહિત ઈચ્છારામજીને તે હાથી ઉપર બેસાડતા હતા અને ઘનશ્યામ મહારાજને બટ ઘોડા ઉપર બેસાડ્યા. એવી રીતે વાજતે-ગાજતે

અસવારી લઈને ધર્મદેવ ચાલ્યા તે મીનસાગરના ઉત્તરાદે કાંઠે ત્રણ ખુણિયા ખેતરમાં ખીજડાનું પૂજન કર્યું. તે સમયે અનંત દેવો આવીને ઘનશ્યામ મહારાજની અસવારીનાં દર્શન કરીને ચારે તરફ પોતપોતાના વિમાનો સહિત ઊભા રહ્યા. તેટલામાં તો પાંડવ પોતાનાં પત્ની જે દ્રૌપદીજી તેમને સહિત આવીને પોતાનાં હથિયાર સર્વે નીચાં મૂકી, ઘનશ્યામ મહારાજને વિનંતીપૂર્વક પગે લાગ્યા. પછી તો હથિયાર લઈને અસવારી ભેગા ચાલ્યા તે નારાયણ સરોવરના કાંઠા ઉપર સર્વે બેસીને ચકોર નામના પક્ષીને ખોળીને તેનાં દર્શન કરતા હતા. તે સમયે સર્વે છપૈયાપુરના વણિક ભેગા થઈને વર્ષ દાડાનો સામટો અનાજનો ભાવ બોલતા હતા અને તે સભામાં બેઠેલા હજારો વિપ્ર સર્વે વેદના ધ્વનિ કરતા સતા, ઘનશ્યામ મહારાજને પ્રસન્ન કરવા માટે ગાન કરતા હતા. આવી રીતે સર્વે જ્ઞાતિના માણસો પોતપોતાના વેપારનો ભાવ કરી દેખાડતા હતા. ત્યારે ધર્મદેવ પ્રસન્ન થઈ જેમને જે ઘટે તેવો સત્કાર કરી બ્રાહ્મણોને દક્ષિણાઓ આપીને પોતાના ઘેર આવતા હતા અને પાંચ પાંડવો ઘનશ્યામ મહારાજ પ્રત્યે બોલ્યા જે, હે અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ! હવે અમોને શી આજ્ઞા આપો છો ? ત્યારે અતિ પ્રસન્ન થઈ બોલ્યા જે,

**હરિ હરખીને બોલિયા, આવજ્યો સત્સંગમાંય**
**પરમહંસ કરી અમારા, સમીપે રાખશું ત્યાંય**
**અમુતાનંદ સુવ્રતાનંદ, નરહર્યાનંદજી નામ**
**એ સંજ્ઞા આપીશું તમને, ઠરશો રૂડે કામ**
**શુભ આશીર્વાદ આપી, આજ્ઞા અશરણશરણ**
**પાંડવો તો અદશ્ય થયા, કર્યું ત્યાંથી વિચરણ**

તમો સત્સંગમાં આવજો. તમોને અમૃતાનંદ સ્વામી, સુવ્રતાનંદ સ્વામી, નરહર્યાનંદ સ્વામી એ આદિક અમારા પરમહંસો કરીને સમીપે રાખીશું. એવી રીતે આશીર્વાદ પામીને અદશ્ય થઈ ગયા. તે પાંચ પાંડવો પૈકી એક અર્જુન સત્સંગમાં દાદાખાચર બનીને અવતર્યા હતા.

### ● અર્જુન

અર્જુન એ મહાભારતના મહાનાયકમાંનો એક હતો. તેની ગણના

કર્ણ તથા એકલવ્યની જેમ સર્વેશ્ર ધનુર્ધર તરીકે થાય છે. કુંતીનો પુત્ર તથા વાસુદેવ શ્રીકૃષ્ણનો મિત્ર હોવાની સાથે પાંચ પાંડવોમાં અર્જુન ત્રીજો હતો.

પાંડુ તેમને મળેલા શાપ અને રોગને કારણે પિતા બનવા સક્ષમ ન હતા. તેમની પત્ની કુંતીને તેની મુગ્ધાવસ્થામાં દુર્વાસા મુનિ દ્વારા વરદાન મળ્યું હતું. જેના થકી તેણે કોઈ પણ દેવનું આવાહન કરી તેમના દ્વારા પુત્ર પ્રાપ્તિ કરી શકતી. પાંડુ અને કુંતીએ આ વરદાનનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો. કુંતીએ વારાફરથી ધર્મરાજ યમ. વાયુ અને ઇંદ્રનું આવાહન કરી ત્રણ પુત્રને જન્મ આપ્યો. અર્જુન તેનો ત્રીજો પુત્ર હતો. જે દેવોના રાજા ઇંદ્રની મદદ વડે ઉત્પન્ન થયો હતો.

અર્જુન એક અજોડ ધનુર્ધર હતો. તે પાંડુ રાજાનો પુત્ર હતો. પાંડવો અને તેમના શત્રુઓ વચ્ચેના યુદ્ધમાં તેણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. શરૂઆતમાં અર્જુન કુરુક્ષેત્રના યુદ્ધમાં ભાગ લેવા તૈયાર ન હતો કેમકે શત્રુ પક્ષે લડનારા સૌ તેના સગા જ હતાં. તેમના મિત્ર અને સારથિ ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા અર્જુનનું વિચાર પરિવર્તન કરાવવામાં આવ્યું. આ વાર્તાલાપ ભગવદ્‌ગીતા તરીકે ઓળખાય છે. ભગવદ્‌ગીતા મહાભારતનો એક મુખ્ય વિષય છે. અર્જુનને કુલ ૧૦ નામ મળ્યા છે અર્જુન ફાલ્ગુન, જીષ્ણુ, કીર્તી, શ્વેતવાહન, વિભત્સુ, વિજય, પાર્થ, સાવ્ય સાચી અને ધનંજય જ્યારે તેને પોતાની ઓળખ આપવાનું કહેવાયું ત્યારે તેણે ઉપર મુજબ નામ જણાવ્યા હતા.

● **શ્રેષ્ઠ વિદ્યાર્થી**

એક વખત ગુરુ દ્રોણાચાર્યએ તેના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. તેમણે ઝાડ પર એક લાકડાનું પક્ષી લટકાવ્યું. તેમણે દરેકને પક્ષીની આંખનું લક્ષ્ય લેવા કહી તેને વીંધવા તૈયાર રહેવા કહ્યું. જ્યારે તેઓ તૈયાર થયા ત્યારે તેમને દરેકને શું દેખાય છે તે વર્ણન કરવા જણાવ્યું. વિદ્યાર્થીઓએ બગીચો. વૃક્ષ, ફૂલો, શાખા અને પક્ષી આદિ દરેક વસ્તુ દેખાતી હોવાનું જણાવ્યું. તે દરેકને ગુરુ દ્રોણાચાર્યએ એક તરફ હટી જવાનું જણાવ્યું. જ્યારે અર્જુનને પૂછવામાં આવ્યું કે તેને

શું દેખાય છે તેણે કહ્યું કે તેને માત્ર પક્ષીની આંખ જ દેખાય છે.

● **દ્રૌપદી**

પાંચાલ નરેશ દ્રુપદ રાજાએ પોતાની પુત્રીના વરની શોધ માટે એક સ્પર્ધાનું આયોજન કર્યું હતું. એક લાકડાની માછલીને નાનકડા કુંડની ઉપર બાંધવામાં આવી હતી અને તે ગોળ ગોળ ફરતી હતી. ઉમેદવારોએ ધનુષ્ય પર ફણશ ચડાવીને તે માછલીની આંખ વીંધવાની હતી આ કામ તેમણે પાણીમાં પડતી માછલીની છાયાને જોઈને કરવાનું હતું. પાંચાલની રાજકુમારીના હાથ જીતવા માટે ઘણાં રાજા અને રાજકુમારો આવ્યાં હતાં. તેમાં કર્ણ સહીત અમુક અન્ય રાજકુમારો પણ હતા. તે સમયે ભલે પાંડવો અજ્ઞાત વાસમાં હતાં છતાં પણ અર્જુને એક ઉચ્ચ કુળના સ્નાતક બ્રાહ્મણનું રૂપ ધરેલ હોવાથી તેને ભાગ લેવામાં રજા મળી. તેમની માતા કુંતીને જણાવ્યા વગર પાંચેય ભાઈઓએ સ્વયંવરમાં ભાગ લીધો હતો. સ્વયંવરમાં દ્રૌપદીને જીતીને ઘેર આવ્યાં. બહારથી જ તેમણે પોતાની માને બૂમ પાડીને કહ્યું, "માતા, તને વિશ્વાસ નહીં આવે અમે શું લઈ આવ્યાં છીએ. અનુમાન કરો." પોતાના કામમાં વ્યસ્થ કુંતી ન માન્યા. તેણીએ કહ્યું, જે હોય તે તમે ભાઈઓ વહેંચી લો અને તે માટે ઝઘડાના કરશો." સામાન્ય રીતે કહેલી પોતાની માની આ વાતને ભાઈઓએ ગંભીરતા પૂર્વક લીધી અને દ્રૌપદીને તેમની સામાન્ય પત્ની બનાવી દીધી. જોકે પાંચે ભાઈઓને વરવા છતાં દ્રૌપદી અર્જુનને સૌથી વધારે ચાહતી હતી અને હંમેશાં તેનો પક્ષ લેતી. અર્જુન પણ તેની ચારેય પત્નીમાંથી દ્રૌપદીને વધુ ચાહતો હતો.

એક અન્ય કથા એવી છે કે દ્રૌપદીના પાંચ પતિ હોવાનું કારણ તેના પૂર્વ ભવમાં મળેલ વરદાન હતું જેમાં તેણે પાંચ સૌથી વધુ લાયક પતિ મેળવવાની ઈચ્છા કરી હતી. શરૂઆતમાં દ્રૌપદીના વડીલો તેના પાંડવોના વિવાહ માટે સહમત ન થયા. પણ જ્યારે તેના આ વરદાન વિશે જણાવાયું ત્યારે દ્રુપદ માની ગયાં. દ્રૌપદીના સાથેના તે ભાઈઓના સંબંધ વિષે એક સામાન્ય વર્તણૂક આપસમાં નક્કી કર્યું હતું. તેમાંનો મહત્ત્વનો મુદ્દો એ હતો કે જ્યારે કોઈ એક ભાઈ દ્રૌપદી સાથે એકાંતમાં

હોય ત્યારે અન્ય કોઈ ભાઈએ તેમને ખલેલ ન પહોંચાડવી અને આમ કરવાની સજા હતી એક વર્ષ સુધીનો દેશવટો એક વખત હજી જયારે પાંડવો વૈભવી ઇન્દ્રપ્રસ્થ નગરી પર રાજ કરતાં હતાં ત્યારે એક બ્રાહ્મણ ખૂબ જ ઉતાવળે અર્જુનની મદદ માટે આવ્યો. એક પશુ ચોરની ટુકડીએ તેના પશુઓને ચોરી લીધા હતાં તેણે મદદ માટે અર્જુન સિવાય અન્ય કોઈ યોગ્ય ના લાગ્યો. અર્જુન ઘણી મોટી અગવડમાં હતો તેના શસ્ત્ર સરંજામ તે ઓરડામાં હતાં જ્યાં દ્રૌપદી અને યુધિષ્ઠિર સાથે હતાં. તેમને ખલેલ પહોંચાડવાનો અર્થ હતો એક વર્ષનો દેશવટો. અર્જુન એક ક્ષણ માટે અચકાયો પણ પ્રજાની રક્ષા (અને તેમાં પણ ખાસ કરીને બ્રાહ્મણની) તે તો એક રાજકુમારનું પ્રથમ કર્તવ્ય છે દેશવટાનો ભય તેના કર્તવ્ય પરાયણતાની આડે ના આવ્યો. તેણે બન્નેને ખલેલ પહોંચાડી. શસ્ત્રો લઈને પશુ ચોરને પકડવા નીકળી પડ્યો. તે કાર્ય પૂરું થયે. તેમના કુટુંબીજનો અને યુધ્ધિષ્ઠીર કે જેમને તેના દ્વારા ખલેલ પહોંચી હતી તેમના વિરોધ છતાં તેણે દેશવટો વહોરી લીધો.

● **વૈવાહિક જીવન**

દ્રૌપદી સિવાય અર્જુન ચિત્રાંગદા. ઉલુપિ અને સુભદ્રાનો પણ પતિ હતો. આ ત્રણે મહિલા સાથે તેના વિવાહ ત્યારે થયાં જયારે તે દ્રૌપદી અને યુધિષ્ઠિરના એકાંતમાં ખલેલ પહોંચાડવાને સજા રૂપે દેશવટો ભોગવી રહ્યો હતો. ચિત્રાંગદા તેના દેશવટાના કાળ દરમિયાન અર્જુને ભારત ભ્રમણ કર્યું. ભ્રમણ કરતા કરતા તે પૂર્વી હિમાલયની તળેટીમાં વસેલ પ્રાચીન ત્રિપુરામાં પહોંચ્યો જે પોતાના પ્રાકૃતિક સૌંદર્યો માટે પ્રસિદ્ધ હતું. ત્યાં તે મણીપુરના રાજકુમારી ચિત્રાંગદાને મળ્યો. તેનાથી મોહીત થઈ તે તેણે રાજા પાસે ચિત્રાંગદાનો હાથ માંગ્યો. આ વિનંતી સામે રાજા એ કહ્યું કે તેના અને ચિત્રંગદાની સંતાન મણીપુરના રિવાજ અનુસાર પાટેવી કુંવર બને અને તે અર્જુન સાથે પાછા ન જઈ શકે. જો તેને આ શરત માન્ય હોય તો જ તે વિવાહ માટે સહમતિ આપે. અર્જુન આ માટે તૈયાર થયો. વિવાહ પછી તેમને બબુવાહન નામનો પુત્ર જન્મ્યો જે તેના નાનાનો અનુગામી બન્યો. ઉલિપ જયારે અર્જુન મણીપુરમાં હતો ત્યારે એક નાગ રાજકુમારી

હતી તે અર્જુન પર મોહી પડી. તેણે યુક્તિપૂર્વક અર્જુનને કોઈ અર્ક પાઈને અપહરણ કરાવી દીધો. અને તેને પોતાની દુનિયામાં લઈ ગઈ. ત્યાં તેણે અર્જુનને પોતાને પરણવા વિવશ કર્યો. જો કે પાછળથી મોટું હૃદય ધરાવતી ઉલુપિએ અર્જુનને પાછો ચિત્રાંગદાને સોંપી દીધો એટલું જ નહીં પણ એ માત્ર અર્જુન જ નહીં પણ ચિત્રાંગદાની સંભાળ લેવા લાગી. બબ્રુવાહનના લાલન પાલનમાં પણ તેનો મોટો ફાળો રહ્યો. પાછળના જીવનમાં બબ્રુવાહન તેના વશમાં હતો એક વખત બબ્રુવાહન સાથેના યુદ્ધમાં જીવ ખોઈ દીધાં પછી અર્જુનને જીવન દાન પણ ઉલુપિએ જ અપાવ્યું. સુભદ્રા અર્જુને દેશવટાનો અંતિમ સમય દ્વારકા પાસે આવેલ એક વાટિકામાં વ્યતિત કરવાનું નક્કી કર્યું જ્યાં તેમના મામા ભાઈ બહેન બલરામ, કૃષ્ણ અને સુભદ્રા રહેતા હતાં. તેઓ તેમના મામા વસુદેવની સંતાન હતાં. અહીં અર્જુન અને સુભદ્રા એક બીજાના પ્રેમમાં પડ્યાં. અને કૃષ્ણએ પ્રોત્સાહન આપ્યું હતું. કેમકે તેમને અર્જુન ખૂબ પ્રિય હતો. અને તેઓ તેમની બહેન સુભદ્રા માટે સર્વોત્તમ વર ઈચ્છતાં હતાં. સમગ્ર પરિવાર સુભદ્રાના અર્જુનની ચોથી પત્ની બનવાના પ્રસ્તાવનો વિરોધ કરશે તેમ જાણતા તેમણે આ યુગલને ઈન્દ્રપ્રસ્થ ભાગી જવાની વ્યવસ્થા કરી આપી. સુભદ્રાનું હરણ નથી થયું તે સાબિત થાય માટે તેમણે રથ હંકારવાનું સુભદ્રાને કહ્યું. આમ ઉલટુ સુભદ્રાએ અર્જુનનું હરણ કર્યું એમ કહેવાયું. અર્જુન સુભદ્રાને અભિમન્યુ નામે એક જ પુત્ર થયો. અભિમન્યુ અને તેની પત્ની ઉત્તરાને પરિક્ષિત નામે એક પુત્ર થયો જેનો જન્મ યુદ્ધભૂમિ પર અભિમન્યુના મૃત્યુ પછી થયો. પરિક્ષિત કુરુકુળનો એક માત્ર વારસદાર રહ્યો અને તે યુધિષ્ઠિર પછી પાંડવ રાજ્યનો રાજા બન્યો.

### ● ગાંડિવ

ઈન્દ્રપ્રસ્થ પાછા ફરવાના ટૂંક સમય પછી. અર્જુન શ્રીકૃષ્ણ સાથે ખાંડવાના વનમાં ગયા. ત્યાં તેમને અગ્નિદેવ મળ્યાં. તેમની તબિયત ખૂબ ઢીલી થઈ ગઈ હતી. કોઈ એક રાજા ખૂબ યજ્ઞ કરતો હતો અને તેમાં અગ્નિને ખૂબ ઘી પાતો હતો. તેને લીધે તેમની તબિયત બગડી હતી. આમાંથી ઠીક થવા માટે તેમને જંગલ સ્વાહા કરવાની જરૂર હતી. પણ તે જંગલમાં તક્ષક નામના નાગ-રાજ રહેતા હતાં. તે ઈન્દ્રના મિત્ર

હતા. જ્યારે અગ્નિદેવ તે જંગલને બાળવા જતા ત્યારે ઇંદ્ર ત્યાં વરસાદ પાડતા અર્જુને અગ્નિદેવને કહ્યું તે ઇંદ્રનો સામનો કરી શકે તેવા શસ્ત્રો ચલાવવામાં નિપુણ છે પણ તે માટે તેને દિવ્ય ધનુષ્યની જરૂર છે જે ઇંદ્રના શક્તિશાળી શસ્ત્રોનો સામનો કરી શકે અને તે દરમિયાન તૂટે નહીં. અગ્નિદેવ ત્યારબાદ વરુન દેવનું આવાહન કર્યું અને અર્જુનને દિવ્ય ધનુષ્ય 'ગાંડીવ' અર્પણ કર્યું. તેને વાપરનારનો યુદ્ધમાં વિજય થતો. ભવિષ્યમાં થનારા તમામ યુદ્ધમાં તેણે અર્જુન માટે મહત્ત્વનો ભાગ ભજવ્યો. વધારામાં તેમણે અર્જુનને કદી ના થાકે અને સામાન્ય શસ્ત્રોથી ઘાયલ ન થાય એવા સફેદ અશ્વ જોડેલો દિવ્ય રથ પણ આપ્યો. અર્જુને અગ્નિદેવને આગળ વધવા કહ્યું અને તે તેના પિતા ઇન્દ્ર સાથે યુદ્ધે ચડ્યો. આ યુદ્ધ ઘણાં દિવસ અને રાત સુધી ચાલ્યું. આકાશવાણી થઈ અને તેમાં અર્જુન અને કૃષ્ણને વિજયી ઠરાવાય અને ઇંદ્રને ચાલ્યા જવા જણાવ્યું.

મય સભા જંગલના દાવાનળમાં અર્જુને મય નામના એક અસુરને બચાવી લીધો જે એક મશહૂર વાસ્તુ કાર હતો. આ ઉપકારના બદલામાં મયએ યુધિષ્ઠિર માટે એક વૈભવી રાજકક્ષ બનાવ્યો. જેવો વિશ્વમાં ક્યાંય ન હોય. એ આ કક્ષ હતો જે દુર્યોધનની ઈર્ષ્યાની ચરમ સીમાનું કારણ બન્યો. જેને કારણ દ્યુત રમાયું.

● **યુદ્ધ પછી**

યુદ્ધ પછી પાંડવો અખંડ હસ્તિનાપુરના રાજા બન્યા. ત્યારબાદ યુદ્ધમાં તેમના સાથી રાજાઓનો સાથ અને વિરોધી રાજાઓની હાર થકી તેમને લાગ્યું કે તે અશ્વમેધ યજ્ઞ માટેનો ઉચિત સમય છે જેના પછી તેઓ પોતાને ચક્રવર્તી ઘોષિત કરી શકે. આ યજ્ઞની વિધિ અનુસાર મંત્રોચ્ચાર પછી એક ઘોડાની આહુતિ અપાય છે અર્થાત યજ્ઞ પછી એક ઘોડાને તેની ઈચ્છા અનુસાર ભટકવા છૂટો છોડી દેવામાં આવે છે તે ઘોડો જે જે ભૂમિ પર જાય ત્યાંના રાજાએ યા તો તેના માલિક અર્થાત્ યુધિષ્ઠિરનું આધિપત્ય સ્વીકારવું અથવા તેની સામે યુદ્ધ કરવું. આ મુક્ત વિહરતા ઘોડા પાછળ અર્જુન ગયો. ક્યાંક રાજાઓએ સમર્પણ કર્યું તો ક્યાંક તેને શસ્ત્ર પ્રતિરોધનો સામનો પણ કરવો પડ્યો. આમ પાંડવોના રાજ્યની સીમા

વધારવામાં તેનો મોટો ફાળો રહ્યો. તેની ઉત્તરપથની કૂચમાં લગભગ ૩૦ જેટલાં રજવાડાઓનો અંત થયો જેવા કે પ્રજ્યોતિશા, ઉલુકા, મોડાપુરા, વામદેવ, સુડામણ, સુશાંકુળ, ઉત્તર ઉલ્લુકા, પુરુકુળ વિશ્વગાસ્વ, ઉત્સવ સંકેત, લોહીત, ત્રિગર્તા, દારવ, અભિસર, કોકોંડાણા, ઉર્સા, સિંહપુર, સુહ્યા, સુમલા બલ્હિકા, કમ્ભોજ, ત્યાર પછી અર્જુન શકદ્વીપ ક્ષેત્રમાં પ્રવેશ્યો અને તેણે લોહા, પરમ કુમ્ભોજ, ઉત્તર રિશિક, લીમ્પુરુષ, હરતક, ગાંધર્વ અને ઉત્તરકુરુ આદિને હરાવ્યાં. તે સમય પછી ઉંમર થતાં પાંડવ ભાઈઓએ સંસારની માયાઓ છોડી દેવાનો નિર્ણય કર્યો. તેમને રાજપાટ અભિમન્યુના પુત્ર પરીક્ષિતને સોંપી દીધું. ત્યારબાદ તેમણે હાડ ગાળવા હિમાલય તરફ પ્રયાણ કર્યું.

● **અન્ય નામો**

- પાર્થ (કુંતીનું અન્ય નામ - ‘‘પૃથા’’નો પુત્ર)
- જીષ્ણુ (અજેય)
- કિરીત (ઇંદ્ર દ્વારા ભેટમાં મળેલ-ચમકતું મુગટ)
- શ્વેતવાહન (એક ચમકતો દેવી ઘોડો)
- ભીભસ્તુ (ગોરો લડવૈયો)
- વિજય (જીતેલો)
- ફાલ્ગુણ (ઉત્તર ફાલ્ગુણ નક્ષત્રમાં જન્મેલ)
- સવ્યસાચી (બંને હાથે બાણ છોડી શકનાર)
- ધનંજય (મહા સંપત્તિનો ધની)
- ગાંડીવ (ગાંડીવના નામના ધનુષ્યનો ધારક)
- કૃષ્ણ (શામ ચામડી વાળો, પાંડુ દ્વારા અપાયેલ નામ જેને કૃષ્ણ પ્રિય હતો.)
- કપીદ્વજ (વાનરના ધ્વજવાળો)
- ગુડકેશ (નિદ્રાને જીતનાર, ભયંકર કાળી રાત્રે ધનુર્વિધ્યાના અભ્યાસ કરતા આ નામ મળેલ)

● **અર્જુન દાદાખાચર બની અવતર્યા**

દાદા ખાચરનો જન્મ વિ.સં. ૧૮૫૭ પોષદવદ-૬ના દિવસે સોમ

પ્રભાની પવિત્ર કૂખે બોટાદ ગામમાં થયો હતો. તેમનું નામ ઉત્તમ (ઉન્નડ) હતું. છતાં શ્રીહરિ વ્હાલમાં તેમને દાદો કહીને બોલાવતા હતા.

દાદા ખાચરના પ્રથમ લગ્ન બોટાદના કુમદાબાઈ સાથે થયા હતા. દાદાને કોઈ સંતાન ન હોવાથી શ્રીજી મહારાજે આગ્રહ કરીને સં. ૧૮૮૧માં ભટવદરના નાગપાલ વરૂની કન્યા 'જસુબા' સાથે બીજા લગ્ન કરાવ્યા હતા અને સ્વયં શ્રીહરિ સંતો સાથે દાદાના સારથી અને જાનૈયા બન્યા હતા.

**● દાદો તમારું ઘર ઉજાળશે**

સંવત ૧૮૬૪ની સાલનો વસંતોત્સવ શ્રીહરિને ગઢપુરમાં કરવો હતો. આથી પ્રભુ સત્સંગમાં વિચરણ કરીને ઉત્સવ ઉપર ગઢપુર પધાર્યા. શ્રીહરિ અક્ષર ઓરડીમાં વિરાજમાન હતા ત્યારે એભલબાપુ દાદાને સાથે લઈ શ્રીહરિના દર્શને આવ્યા. બાપુએ તથા દાદાએ શ્રીહરિને દંડવત્ પ્રણામ કર્યા. શ્રીહરિએ તેમને દંવડત્ રખાવી પોતાની પાસે બેસાર્યા.

બાપુએ કહ્યું : "પ્રભુ ! આ દાદો તો રોજ પૂછ્યાં કરતો કે "પ્રભુ ક્યારે આવશે ?" અમે એનું મન મનાવવા કહીએ : "આજે આવશે." એટલે તે ફોઈ પાસે જાય. તેની મા પાસે જાય અને કહે : "સારી રસોઈ બનાવો, પ્રભુ આજે આવશે." તેમ રસોઈ બનાવરાવે. પછી ડેલીએ બેસીને આપની રાહ જુએ. બાર ઉપર એક વાગે એટલે ઓરડામાં આવે ને કહે : "પ્રભુ તો ન આવ્યા ?" તેમને તેમ બોલતા જોઈને ફોઈની આંખમાંથી આંસુ પડી જાય." આપ ન આવો એટલે દાદો કહે : "શ્રીહરિ માટે રસોઈ કરી હોય તે લાવો. વાસુદેવ નારાયણને ધરાવીને સાધુઓને આપી આવું." એભલ બાપુની વાત શ્રીહરિ સાંભળતા જાય અને દાદાની સામે જોતા જાય.

દાદાખાચર પણ શ્રીહરિ સામે સ્થિર દૃષ્ટિએ જોઈ રહ્યા હતા. શ્રીહરિએ તેના વાંસા ઉપર હાથ ફેરવ્યો. બાપુએ કહ્યું : "પ્રભુ ! તેની મા કે તેની ફોઈ તેને કહે કે દાદા ! ઠાકોરને ધરાવેલી પ્રસાદી તું જમી લે. ત્યારે દાદો તરત કહેતા કે એ તો સાધુને જ આપવાની. આપણે તો શ્રીહરિનાં દર્શન ન થાય ત્યાં સુધી રોટલાને દાળ જ જમવાનું."

બાપુની વાત સાંભળતા જ શ્રીહરિએ દાદાખાચરને ઊંચકી લઈ પોતાના ખોળામાં બેસારી દીધા. તેને માથે હાથ ફેરવતાં શ્રીહરિ બોલ્યા : ''બાપુ ! આ દાદો તો તમારું ઘર ઉજાળશે, ગામની દિશા ઉજાળશે, દેશ અને પરદેશમાં ગવાશે એવો એ ઉત્તમ ભક્ત થશે. તેનું ઉત્તમ નામ ખરેખર તે સાર્થક કરશે.''

શ્રીહરિએ કહ્યું: ''બાપુ ! તમારું કુટુંબ તો ખરેખર પવિત્ર છે. તેમાં આ દાદો તો કૂળ ઉજાળશે. આ તમારો દીકરો અને દીકરીઓ અમારી દીકરા દીકરીઓ છે. આ દાદા માટે તો અમે અહીંયા આવ્યા છીએ.''

શ્રીહરિનું દાદાખાચર પ્રત્યેનું આવું હેત જોઈ એભલખાચર ગદ્‌ગદ્‌ થઈ ગયા. થોડીવારે તેઓ ઊઠ્યા. દાદાને આંગળીએ લીધા અને શ્રીહરિની રજા લીધી. પછી વસંતનો ઉત્સવ કરીને સત્સંગમાં વિચરણાર્થે પ્રયાણ કર્યું.

**● દાદો તો ખરેખર મહાન ભક્ત છે**

વસંતના ઉત્સવ બાદ સત્સંગમાં વિચરણ કરી ફૂલદોલનો ઉત્સવ કરવા પ્રભુ ગઢપુર પધાર્યા. એભલ પરિવારનો નિષ્કામ અને વિશુદ્ધભાવ જોઈ શ્રીહરિ ગઢપુરને પોતાનું ઘર માની વિશેષ ગઢપુરમાં રહેતા. નાના બાળ દાદાખાચરને જોઈને શ્રીહરિ અતિ પ્રફુલ્લિત થતાં. તેમને પાસે બેસાડતા, વાતો કરતા. ક્યારેક અવતારોની વાર્તા કરતા.

દાદા શ્રીહરિને પૂછતાં કે, ''પ્રભુ ! આપે અવતારની વાર્તા કરી પણ આપ કોણ છો? તે વાત ન કરી.'' આથી શ્રીહરિ દાદાને પોતાની ઓળખાણ કરાવતા. ''અમે તો અક્ષરાધિપતિ અને સર્વે અવતારના અવતારી છીએ.'' શ્રીહરિના આવા વચન સાંભળી દાદા અત્યંત પ્રસન્ન થતાં.

આમ શ્રીહરિ સાથે જ્ઞાનગોષ્ઠી કરતા હતા ત્યાં સૂરપ્રભાદેવી ત્યાંથી નીકળ્યા તેમણે દાદાને શ્રીહરિની સાથે વાતો કરતાં જોયા એટલે તરત જ કહ્યું : દાદા પ્રભુને મળવા મોટા મોટા ભક્તો આવે તે આમ ન બેસાડી રખાવ્યું.

આ શબ્દો સાંભળી શ્રીહરિએ કહ્યું : ''સુરપ્રભાબા ! આ દાદો તો ખરેખર મહાન ભક્ત છે. એટલે જ તેમની સાથે અમને વાતો કરવી ગમે છે. દાદો તો ગગનમાં ઘોડા ખેલવે એવો થશે.''

શ્રીહરિને પોતાના પુત્ર દાદા ઉપર કેવો રાજીપો છે તે અનુભવી અતિ હર્ષના ભાવમાં સૂરપ્રભાદેવીની આંખો ભીંજાઈ ગઈ.

**● શ્રીહરિ મારા દાદાનું પળપેળ ધ્યાન રાખે છે**

એકવાર એભલ ખાચરની સાથે સુરપ્રભાદેવીને કાંઈક મન દુઃખ થવાથી દાદાખાચરને તથા ચાર દીકરીઓને લઈને ચાલી નીકળ્યા. તેમની સાથે ૮૦ રૂપિયા લીધા અને રસ્તામાં તેમની ભેંસો ચરતી હતી ત્યાંથી એક સારી દૂઝણી ભેંસ સાથે લીધી અને રણીયાળે જઈને રાત રહ્યાં.

પછી સાંજે ભરવાડે આવી એભલબાપુને કહ્યું : "દાદાખાચર સાથે આપનો પરિવાર આવ્યો હતો તે આપણી એક દૂઝણી ભેંસ લઈ ગયા છે."

આ સાંભળી એભલબાપુએ કહ્યું : "આ પાડી પણ મૂકી આવ્ય, કારણ કે પાડી વિના ભેંસ દૂધ દોહવા નહિ દે તો છોકરાં દૂધ વિના શેમાં ખાશે ?" આથી ભરવાડ રાતે જઈ પાડી મેલી આવ્યો. સવારે દાદાખાચર વગેરે ગોખલાણે આવ્યા. ત્યાં થોડા દિવસ રોકાયા.

શ્રીહરિને આ સમાચાર મળતા જ ગુજરાતમાંથી તેમની પાસે આવ્યા. પ્રભુને જોતા જ સહુની આંખમાં અશ્રુઓની ધારા વહેવા લાગી.

શ્રીહરિએ સહુને સમજાવીને શાંત કર્યા અને તેમની ભેગા રોકાયા. બીજે દિવસે શ્રીહરિએ કહ્યું : "અમો અહીંથી જઈશું. કારણ કે અમે અહીંયા રહીએ તો મહેમાન આવે તો તેમને શું ખવરાવીએ ?"

આ સાંભળી દાદાખાચર બોલ્યાં : "પ્રભુ ! ચાલતી વખતે ૮૦ રૂપિયા લીધા હતા. તેમાંથી ૧૨ રૂપિયા વધ્યા છે." શ્રીહરિ : "અમારે દર્શને કાઠી આવે તો તેને દૂધ, ચોખા અને સાકર જમાડવા પડે. તેથી અમે રોકાશું નહિ." આટલી વાત કરી ત્યાં શ્રીહરિ માટે થાળ તૈયાર કર્યો હતો તે આવ્યો. આથી પ્રભુ જમવા બેઠા. તે વખતે એક દસ વર્ષની એક કન્યા હાથમાં રૂપાની થાળી લઈ શ્રીહરિ જમતા હતા ત્યાં આવી. થાળીમાં ૧૨૫ રૂપિયા, તુલસીપત્ર અને કંકુ હતું. આ કન્યાને જોઈ જીવુબા અને લાડુબા એકબીજાની સામું જોવા મંડ્યા.

આથી શ્રીહરિએ તેમને કહ્યું : "શું જોવો છો? તે કન્યા થાળ આપવા આવી છે, તો તેમના હાથમાંથી થાળ લઈ લ્યો."

શ્રીહરિની મરજી જાણી લાડુબાએ તે કન્યાના હાથમાંથી થાળી લઈ લીધી. તેથી તે કન્યા તરત જ અદૃશ્ય થઈ ગઈ. પછી શ્રીહરિએ જમી ચળુ કરતાં કહ્યું : "તમો આટલા રૂપિયા વાપરો ત્યાં સુધીમાં તમને ગઢપુર પહોંચાડવાની વ્યવસ્થા કરાવીશ."

પછી શ્રીહરિએ સુરાખાચરને કહ્યું : તમે ગઢપુર જાઓ અને એભલબાપુને સમજાવો."

શ્રીહરિની આજ્ઞા લઈ સુરાખાચર ગઢપુર આવ્યા. તે ઘોડીએથી નીચે ઉતરીને તરત જ નીચે બેસી પોક મૂકી રડવા લાગ્યા. એભલખાચર : "શું છે સુરાબાપુ? કેમ રડો છો?"

સુરાખાચર : "બાપુ ! માઠા સમાચાર સાંભળી હું એકદમ લોયાથી આવ્યો છું."

એભલખાચર : "શું માઠા સમાચાર છે?"

સુરાખાચર : "બાપુ ! દાદાને કોઈએ મારી નાખ્યો છે."

બાપુનું હૈયું પણ હાથ રહ્યું નહિ અને પોક મૂકી રડવા લાગ્યા અને કહ્યું : "સુરાબાપુ ! મારા દાદાને ગમે ત્યાંથી ગોતી લાવો."

પછી સુરાખાચરે બાપુને શાંત કર્યા અને કહ્યું : "બાપુ ! આપ કહો છો એટલે હું તપાસ કરું છું અને જો મળે તો બધાને અહીં તેડી લાવું."

પછી સુરાખાચર ગોખલાણે ગયા અને સર્વેને તેડીને ગઢપુર લાવ્યા.

એભલબાપુએ પોતાના દીકરા દાદાખાચર આદિક સહુને જોઈને બોલ્યા : "સુરાખાચર જો દાદો આવ્યો ન હોત તો હું પણ આજે જીવતો ન હોત, તમે સહુને લાવીને મને આજે જીવનદાન આપ્યું છે."

પછી બાપુ અને દાદા મળ્યા. બીજે દિવસે શ્રીહરિ પણ ગઢપુર આવી ગયા. સહુને આનંદ થયો.

પછી એભલબાપુને સુરાખાચરે કહ્યું : શ્રીહરિએ જ દાદાખાચર આદિક સહુને ગઢપુર લઈ જવા માટે મને આજ્ઞા કરી હતી. તેથી હું અહીં આવ્યો હતો."

આ વાત સાંભળતાં જ એભલખાચરને થયું : 'શ્રીહરિ મારા દાદાનું પળે પળ ધ્યાન રાખે છે.'

**● દાદા ખાચર! તમારે ત્યાં અમે નિરંતર રહેશું**

એક વખત મહારાજ સવારે રિસાઈને ચાલ્યા. ત્યારે દાદા ખાચરને ખબર પડી, એટલે દરબારમાંથી નીકળતા હાલમાં જે ગણપતિની દેરી છે તે પાછળ રસ્તામાં દોડીને પૂગ્યા ને મહારાજને પગે બાધ્યા ને બથ ભરી. ત્યારે મહારાજે કેડે ઝાલીને ફેંકી દીધા ને આગળ ચાલ્યા. ત્યારે બજારમાં આગળ જઈને ફેર મહારાજને બાધ્યા, તોય ફગાવી દીધા ને ચાલ્યા. ત્યારે થોડેક છેટે જઈને ફરીથી બાધ્યા ને સારી પેઠે બાથ ભરી, પણ ઝાલ્યા રહ્યા નહીં ને ફંગોળી નાંખ્યા; વળી ચાલ્યા. એમ કરતાં હોળાયાના માર્ગે વોકળી સુધી દાદોખાચર પગે બાઝે ને મહારાજ ફેંકી દે. પછી વોકળીને કાંઠે તો ખૂબ છેટે નાખી દીધા. ત્યારે દાદાખાચરને બહુ વાગવાથી ત્યાં ઊભા રહ્યા ને રોવા લાગ્યા ને હૈયું ભરાઈ ગયું.

તે મહારાજ ચાલતાં ચાલતાં થોડે છેટે જઈને પાછું મુખારવિંદ કરીને જોયું, ત્યારે દાદાખાચરને ઊભેલા દીઠા; અને થરથર કાંપતા જોઈને પોતાને દયા આવી. પછી પાછા વળીને છાતીમાં દાબીને બોલ્યા જે, 'હવે બીશો નહીં, તમારે ત્યાં અમે નિરંતર રહેશું.' એમ કહીને બેય જણા દરબારમાં આવ્યા. ને મહારાજ વાસુદેવનારાયણને ઓરડે બિરાજ્યા અને લાડુબા તથા મોટીબાને બોલાવીને બધી હકીકત કહી ને કહ્યું જે, 'અમો રહેવાના નો'તા, પણ દાદાખાચરે બહુ પ્રયાસથી રાખ્યા ને જવા દીધા નહીં, જેથી હવે દાદાખાચરને વશ થઈ ને નિરંતર આ દરબારમાં રહેશું.' એમ કહીને દાદાખાચર ઉપર બહુ જ રાજી થયા.

**● દાદા ખાચરનું કાળ દ્વારા અપહરણને શ્રીહરિએ કરેલ રક્ષણ**

એક સમયે શ્રીહરિ માંદા થયા. તેજ સમયે દાદાખાચર પણ માંદા થયા. આથી ભક્તવત્સલ પ્રભુએ દાદાખાચરનો ઢોલિયો પોતાની પાસે અક્ષર ઓરડીથી આથમણા બારનું એક ઘર હતું. તેને ફરજા તરીકે ઓળખવામાં આવતું તેમાં રખાવ્યો. દાદા ખાચરના શરીરમાં સખત તાવ વ્યાપી ગયો હતો. થોડા દિવસમાં તો માંદગીએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું. સૌને લાગ્યું કે જો શ્રીહરિ રાખવા ઈચ્છે તો જ દાદાખાચરનો દેહ ટકશે. નહિતર ટકશે નહિ. આખા દરબારમાં વિષાદ વ્યાપી ગયો.

જીવાખાચર તથા મૂળુખાચર ખબર કાઢવા આવ્યા. દાદાની ખબર કાઢી જીવાખાચર પોતાના સ્વભાવ અનુસારે બોલ્યા : "દાદા હવે બચશે નહિ."

તે સમયે દાદાખાચરની માતાએ સુરપ્રભા અને સોમાદેવી તથા ચાર બહેનો તેમજ સોમબાફઈ શ્રીહરિ પાસે આવ્યા. શ્રીહરિ તે વખતે ઢોલિયા ઉપર બિરાજ્યાં હતાં.

સોમબાફઈ બોલીમાં આકરા હતા. તેમણે શ્રીહરિને કહ્યું : "પ્રભુ! દાદાને જો કાંઈ થઈ જશે તો તમારી લાજ જશે અને લોકો તમને ભગવાન કહેતા મટી જશે. અમારી વચ્ચે દાદો સાત ખોટનો એકનો એક છે. તે છે એટલે અમે શાંતિથી તમારા ભજનનું સુખ લઈ શકીએ છીએ. પછી આ ગરાસના ઝઘડામાં સુખે ભજન થઈ શકશે નહીં. દાદાને ગમે તેમ તમે જલદી સાજો કરી દ્યો."

શ્રીહરિ પણ આ સાંભળી ગળગળા થઈને કહે : "તમે જેમ દાદાને આધારે ભજન-સ્મરણ કરો છો તેમ અમે પણ દાદાને લઈને અહીં આવી રહ્યાં છીએ." અમે ઘેરથી નીકળ્યા તે કોઈ ઠેકાણે ટક્યા નહિ. પણ અભયરાજાના ભાવથી અને આ દાદાની ભક્તિથી અહીં રહ્યાં છીએ. દાદો છે તો અમે છીએ માટે કોઈ ફિકર કરશો નહીં. દાદાનો વાળ પણ વાંકો થશે નહિ અને જલદી સુવાણ થઈ જશે. અસત્ સંકલ્પ કરવાવાળા છે તેના બધા જ સંકલ્પ નિષ્ફળ થશે. તમે કાંઈ ફિકર રાખશો નહીં."

આમ વાત કરતા કરતા શ્રીહરિ બેઠા થઈ ગયા ને તરત જ તલવાર ખેંચીને બોલ્યા : "આ દાદાખાચરને અમારે કાળ થકી બચાવવા છે જેટલા પાપી છે તે બધાનો આજ રાત્રિને વિશે આ તલવાર વતે સંહાર કરી નાખવો છે. કેટલાક ગઢ કોઠાને આ તલવારે કરીને પાડી નાખવા છે. પૃથ્વી ઉપર ભાર છે, તેથી આજ રાત્રિએ પૃથ્વી કંપશે ને તે પાપરૂપી ભારને હું ઉતારીશ અને આ તલવારે કરી પાપનો નાશ કરીશ."

આમ કહી આઠ વખત તલવાર ખેંચીને બોલ્યા : "આ મારી તલવાર સો સુદર્શન ચક્ર જેવી છે અને દાદાખાચરને કાળ થકી બચાવવા છે."

શ્રીહરિનું આવું રૌદ્ર સ્વરૂપ જોઈને જીવાખાચર અને મૂળુખાચર ઉઠીને જતા રહ્યા.

તે જ સમયે દાદાખાચરને કાળ ઉપાડીને ગણપતિના સ્થાનકે લઈ ગયો. દાદાખાચરએ ત્યાં પ્રણવનો નાદ સાંભળ્યો. આઠ પાંખડીનું કમળ જોવામાં આવ્યું. તે કમળ ઉપર ગણપતિનું સ્થાન જોયું. ત્યાં રિદ્ધિ, સિદ્ધિ, શુભ, લાભ સહિત ગણપતિને દેખ્યા. ગણપતિ દાદા ખાચરને જોઈ ઊભા થયા. દાદાખાચરે શ્રીહરિને હાથમાં તલવાર સહિત ઉભેલા જોયા. તે જ વખતે કાળને હજાર હસ્તકમાં હજાર શસ્ત્રવાળોને ત્રણ નેત્રે યુક્ત જોયો. તે શ્રીહરિને જોઈ થરથર ધ્રુજવા લાગ્યો. સ્તુતિ કરતો તે પ્રભુની પાસે ઊભો રહ્યો.

શ્રીહરિએ તેને કહ્યું : ‘‘આ દાદાખાચર તારા ભક્ષમાં આવે તેમ નથી. તે તો મુક્ત છે, માટે શા સારુ તેને અહીં લાવ્યો ?’’

શ્રીહરિના વચનો સાંભળી કાળ ધ્રુજતા બોલ્યો : ‘પ્રભુ ! તમારા ચરણારવિંદ આ ગણપતિના અને મારા સ્થાનને વિશે ક્યાંથી હોય ? તે માટે હું અલોપ રીતે અહીં લાવ્યો છું. તમે અહીં પધાર્યા તેથી અમારા સ્થાનક પવિત્ર થયા છે.’’

ગણપતિએ પણ શ્રીહરિને સ્તુતિ કરીને નૃત્ય કર્યું. પછી શ્રીહરિને જમાડ્યા. ત્યારપછી શ્રીહરિએ દાદાખાચરને વૈકુંઠધામ દેખાડ્યું. ત્યાં લક્ષ્મી અને નારાયણે શ્રીહરિની ઘણી સ્તુતિ કરી. પછી સૂર્યનાં મંડળને વિશે હિરણ્યગર્ભ ભગવાનનું સ્થાન દેખાડ્યું. તેમણે પણ શ્રીહરિની સ્તુતિ કરી શ્રીહરિની મૂર્તિમાં લીન થઈ ગયા. પછી બાર સૂર્ય તથા વાલખિલ્ય ઋષિએ પણ સ્તુતિ કરી.

ત્યારબાદ ગોલોકધામ દેખાડ્યું. ત્યાં રાધારમણે શ્રીહરિની પૂજા કરી, નૃત્ય કર્યું અને શ્રીહરિને જમાડ્યાં.

પછી શ્રીહરિએ અક્ષરધામ દેખાડ્યું ત્યાં મુક્તોએ શ્રીહરિની પૂજા કરી. પછી શ્રીહરિએ દાદાખાચરને સર્વે અવતારો પોતાના ચરણારવિંદમાં લીન થતાં દેખાડ્યાં.

ત્યારબાદ તેમને શ્વેતદ્વિપ દેખાડ્યું. ત્યાંના મુક્તો સહિત વાસુદેવનારાયણે શ્રીહરિની પૂજા કરીને ચરણમાં પડી નમસ્કાર કર્યા.

ત્યાંથી બદ્રિકાશ્રમ પધાર્યા. ત્યાં નરનારાયણદેવ શ્રીહરિની પૂજા-સ્તુતિ કરીને ચરણને વિશે લીન થયા અને પાછા નીસર્યા.

પછી દાદા ખાચરે નરનારાયણદેવને પૂછ્યું : "સર્વ અવતારના કારણ તમે છો કે આ શ્રીહરિ છે ?"

નરનારાયણદેવે કહ્યું : "હું તો આ શ્રીહરિનો અવતાર છું અને આ શ્રીહરિ જ સર્વ અવતારોનું કારણ છે, સ્વતંત્ર છે, સર્વજ્ઞ છે. સહુથી પર અને અક્ષર થકી પર એવા શ્રીહરિની તમને પ્રાપ્તિ થઈ છે માટે તમને ધન્યવાદ છે."

એમ જ્યાં વાત થાય છે. ત્યાં જ હરિની ઈચ્છાથી દાદાખાચરને દેહનું ભાન થયું ને જાગ્રત થયાં. ત્યાં તો તેમને ફરજો જોવામાં આવ્યો. શ્રીહરિએ દેખાડેલા સર્વે આશ્ચર્ય દાદાખાચરે સભામાં સહુને કહી દેખાડ્યાં.

પછી શ્રીહરિએ દાદાખાચરને કહ્યું : "તમારા મોટા ભાગ્ય છે, તે તમારા નેત્રની આગળ અનેક બ્રહ્માંડનો પતિ હું આવી બેઠો છું. માટે કોઈ તરેહની ચિંતા રાખશો નહીં. અંબરીષ રાજાએ પરોક્ષપણે ભગવાનની સેવા કરી હતી. તો તેની રક્ષા સારુ સુદર્શન ચક્ર ભગવાને મોકલ્યું હતું. પરંતુ અત્યારે હું પ્રત્યક્ષ તમારા નેત્ર આગળ ઊભો છું. માટે કાળ વિષમ હોય અથવા કર્મ વિષય હોય તો તેના પણ હું ભૂક્કા કરી નાખીશ. માટે તમે કોઈ જાતની મનમાં ચિંતા કરશો નહીં."

આમ વાત કરીને શ્રીહરિને દાદાખાચરના માથા ઉપર હાથ મૂક્યા. શ્રીહરિના આશીર્વાદથી દાદાનો તાવ ધીરે ધીરે મોળો પડવા માંડ્યો. તેર દિવસે તાવ તદ્દન ઊતરી ગયો. છતાં અશક્તિ ઘણી હતી. શ્રીહરિ તેમને પોતાની પાસે રાખતા અને પોતાની રુચિ પ્રમાણે જમાડતા. દૂધ અને માખણ વિશેષ જમાડતા. થોડા વખતમાં તેમને સંપૂર્ણ સારું થઈ ગયું.

**● દાદા ખાચર માથે ભગવાનનું છત્ર છે**

એભલાખાચર ધામમાં ગયા પછી કેટલાક સમય પછી જેઠા ગોવાળિયાએ અને મેરામણ ગોવાળિયાએ દાદાખાચરનું છત્ર ગયું એમ સમજીને દાદા ખાચરનું માંડવધાર પચાવી પાડવાનું નક્કી કર્યું. બંને ભાઈઓ માથાભારે હતા અને ભરવાડોનો તેમને સાથ હતો. વળી કાઠીઓને દાદા ખાચર સાથે વેર હતું. તેથી તેમણે પણ ગામની

ઉપજમાંથી ભાગ પડાવવાનું શરૂ કરી દીધું. આમ માંડવધાર ગામની ઉપજ આવતી બંધ થઈ ગઈ. લાધા ઠક્કરે શ્રીહરિને આ વાત કરી.

શ્રીહરિ : “જીવાખાચરને બોલાવો.” પછી જીવાખાચરને બોલાવવા માણસ મોકલ્યો. તેથી જીવાબાપુ શ્રીહરિ પાસે આવ્યા. શ્રીહરિએ તેમને કહ્યું : “બાપુ ! આ જેઠો અને મેરામણ ગોવાળિયાએ અને બીજા ભરવાડો તથા કાઠીઓએ આપણું માંડવધાર ગામ કબજે કરી લીધું છે અને ઉપજનો એક દાણો પણ દાદાના કોઠારમાં આવતો નથી. તો આપણે શું કરીશું ?” એમ કહીને શ્રીહરિ જીવાખાચર તરફ ઝીણી નજરે જોવા લાગ્યા.

જીવાખાચર તરત જ નીચું જોઈ ગયા. પરંતુ શ્રીહરિ તેમનો ભાવ પરખી ગયા. જીવાખાચરે હળવેકથી કહ્યું : “પ્રભુ ! જેઠો અને મેરામણ બંને માથાભારે છે. વળી તેમને ત્યાંના ભરવાડો અને કાઠીઓનો સાથ છે એટલે તેમને છંછેડવા જેવા નથી. વળી, તેઓ એમ પણ બોલે છે કે સ્વામિનારાયણ અહીં આવે તો તેમને પકડી લેવા છે. માટે મારું કહેવું છે કે આપણે એક ગામ ઓછું પણ સુખેથી ભજન થાય એવું રાખવું.”

શ્રીહરિ તેમનો અભિપ્રાય સમજી ગયા. એટલે ધીરેથી કહ્યું : “આખું ગામ જવા દેવું ? દાદાનો પક્ષ રાખીએ અને તેને મદદ કરીએ એ જ ભજન ! તેના જેવો ભક્ત ક્યાં આ બ્રહ્માંડમાં મળવાનો છે ?”

જીવાખાચરે કહ્યું : “પ્રભુ ! તેમની વાત તો અમે જ જાણીએ. વળી, કાઠીઓ જો છંછેડાશે તો બીજા ગામની ઉપજ પણ ખાવા નહિ દે.” શ્રીહરિ જીવાખાચરનો આવો ભાવ જોઈ કાંઈ બોલ્યા નહિ.

થોડીવાર પછી કહ્યું : “ભલે ત્યારે, જેવી ઈશ્વરની ઇચ્છા.”

જીવાખાચરે કહ્યું : “પ્રભુ ! મારું માનો તો તમે પણ થોડા દિવસ ગઢડાની બહાર જતાં રહો તમને પકડવાના તેમના મનસૂબા હેઠા પડે. મને ખબર મળ્યા છે કે એકાદ બે દિવસમાં જ તે ગઢડા ઉપર ત્રાટકવાના છે. અમે તો સૌ સાવધાન છીએ પણ તમે અહીં ન હોય તો ભારે ધિંગાણું થાતાં અટકી જાય.”

શ્રીહરિ આ સાંભળી તરત જ બોલ્યા : “ઠીક કહ્યું બાપુ ! તમે અમને ચેતવ્યા એટલે અમારે નીકળી જવું જોઈએ. શ્રીકૃષ્ણ પણ જરાસંધની ઉપાધિથી

મથુરામાં ઉપાધિ ન થાય એટલે ભાગ્યા હતા. અમારે લીધે જ જો ગામમાં ઉપાધિ મટતી હોય તો અમે આજે રાત્રે જ અહીંથી નીકળી જઈએ.''

શ્રીહરિએ ભગુજી તથા નાજા જોગિયાને બોલાવ્યા અને તેમને કહ્યું : ''જુઓ મજબૂત ગાડુ તૈયાર કરો. બળદ મજબૂત જોડાવજો. તમારે બંનેએ ઘોડા લઈને અમારી સાથે આવવાનું છે. આજે રાત્રે આપણે નીકળી જવું છે.''

રાત્રિએ શ્રીહરિ ગઢપુરથી નીકળી માંડવધાર તરફ ગયા. ત્યાં જેઠા અને મેરામણના ઓરડાનાં પગથિયાની કાળી છીપર હતી તેના ઉપર ગાડાનો ઊંટડો જોરદાર પછાડ્યો.

શ્રીહરિએ કહ્યું : ''આવો સ્વામિનારાયણને પકડવા છે ને ?''

પછી હાથમાં તલવાર લઈને વીંઝવા માંડ્યા અને કહેવા લાગ્યા કે દાદાની ઉપજ ખાવ છો તે આજે ભારે પડી જશે. ભગુજી અને નાજા જોગિયા શ્રીહરિની પડખે ખુલ્લી તલવાર લઈને ઊભા રહી ગયા.

બંને ભાઈઓ અને બીજા ગોવાળિયાઓ આ બધું જોઈને ભાગી ગયા. પછી તે બંને ભાઈઓની સ્ત્રીઓ આવી શ્રીહરિના પગમાં પડી ગઈ. શ્રીહરિ માટે આંગણામાં જ તેમણે ઢોલિયો ઢાળી દીધો. શ્રીહરિ તેમના ઉપર બિરાજમાન થયા.

શ્રીહરિએ તેમને કહ્યું : ''જેઠા અને મેરામણને કહી દેજો કે માંડવધારની ઉપજ ઉપર હવે હાથ નાખ્યો છે. તો અમારા પાર્ષદો તેમના માથા ઉતારી લેશે. એભલબાપુ ધામમાં ગયા એટલે તેમનો રખેવાળ કોઈ નથી એમ ના સમજે.''

પછી તે બાઈઓએ શ્રીહરિની માફી માંગી એટલે શ્રીહરિએ તેમને આશીર્વાદ આપ્યા. પછી મોડી રાત્રે ગઢપુર આવી પોઢી ગયા.

બીજા દિવસે સવારે શ્રીહરિએ બાપુ જીવાખાચરને બોલાવ્યા. તેમને આશ્ચર્ય થયું કે શ્રીહરિ તો ગઢડા છોડી નીકળી ગયા હતા તો અત્યારે કેવી રીતે આવ્યા ! આમ વિચારી તેઓ શ્રીહરિ પાસે આવ્યા.

શ્રીહરિએ તેમને કહ્યું : ''બાપુ ! તમે કહેતા હતા ને કે જેઠો અને મેરામણ તો બહુ માથાભારે છે, અમને પકડવા ફરે છે, પણ અમે સામા તેની ઘેર ગયા તે પાછલાં બારણેથી ભાગી ગયા. પછી બધી વાત

વિસ્તારથી જીવાખાચરને કહી.'' આથી જીવાબાપુ ઉઘાડા પડી ગયા ને પોતાના દરબારમાં ગયા. આ ઘટનાથી સૌને લાગ્યું કે દાદાખાચરને માથે ભગવાનનું છત્ર છે.

શ્રીહરિએ પછી વિચાર કર્યો કે કારિયાણીમાં રહેતા ઝાલાવાડી એક કણબી દસ જણને ભારે પડે તેવા છે. તેથી તેમનો વસવાટ થશે અને દાદાખાચરની જમીન ખેડશે એટલે તેમનું સૌનું ગુજરાન થશે અને દાદાખાચરની ઉપજ આવતી થશે.

શ્રીહરિએ લાધા ઠક્કરને બોલાવ્યા અને તેમને કહ્યું : ''કારિયાણી પત્ર લખો. ત્યાં ઝાલાવાડી કણબી આવીને રહ્યા છે તે બધા ત્યાંથી ઉચાળા ભરીને માંડવધાર રહેવા જાય. ભરવાડ બધા ભાગી ગયા છે તેમના વાસ ખાલી પડ્યા છે ત્યાં આ કણબીઓને રહેવાની ગોઠવણ કરી આપો. ભગુજી અને બીજા હથિયાર બંધ પાર્ષદોને પણ મોકલો. જેઠો અને મેરામણ હવે માંડવધારની હદમાં દાખલ થશે નહીં. પરંતુ તેમના બૈરા છોકરાઓને કોઈ પજવશો નહીં. આમ માંડવધારમાંથી બંધ થયેલી ઉપજ શ્રીહરિએ ચાલુ કરાવી. આમ શ્રીહરિ દાદાના રખવાળા કરતાં તથા તેમના વ્યવહારનું ધ્યાન રાખતાં.''

**● દાદાને અમારી મૂર્તિ સિવાય કોઈ પદાર્થ છે જ નહિ**

સંવત ૧૮૭૦ના ભાદરવા માસથી ફૂલદોલ ઉત્સવ સુધી ગઢપુરમાં જ રોકાયા હતા. ફૂલદોલનો ઉત્સવ કરી શ્રીહરિ ગઢપુરથી વડતાલ જવા તૈયાર થયા હતા અને શ્રીહરિ માણકી ઘોડી ઉપર અસવાર થયા અને બીજા સખા તથા પાર્ષદ સૌ અસવાર થઈ ઊભા રહ્યા.

પછી શ્રીહરિ બોલ્યા : ''દાદો ક્યાં ?'' દાદાખાચર ખંભે ખડિયો લઈ ઓસરીની કોરે ઊભા હતા.

વળી ફરી શ્રીહરિએ પૂછ્યું : ''દાદો ક્યાં ?'' પછી દાદાખાચરનાં મામા બોલ્યા : ''પ્રભુ ! દાદો શા ઉપર બેસે ?'' શ્રીહરિ બોલ્યા : ''દાદાને દશ ઘોડા છે.'' ઘેલા ધાધલ : જૂઓ, આ બધા પાર્ષદ ચઢીને ઊભા. પછી શ્રીહરિએ ભીમ ડાબી દાદાખાચરની ઘોડી ઉપર બેઠા હતા તેમને નીચે ઉતાર્યા.

પછી શ્રીહરિએ આજ્ઞા કરી. એટલે દાદાખાચર ઘોડી ઉપર બેઠા. સૌ અસવાર ચાલતા થયા. ફાગણ વદ-૬ના દિવસે વડતાલ પહોંચ્યાં. વડતાલમાં જોબન પગીની ભાવનાથી શ્રીહરિએ રંગ પંચમીનો ઉત્સવ વડતાલમાં તેમની મેડીએ જ કર્યો. ત્યાં પાંચ-છ દિવસ રોકાયા પછી એકાએક ગઢપુર જવા પ્રયાણ કર્યું.

શ્રીહરિને એક ભક્તે પૂછ્યું : "પ્રભુ ! ગઢપુરમાં તો આપ છ માસ રોકાયા અને ગુજરાતમાં તો માત્ર પાંચ-છ દિવસ રોકાઈને ફરી ગઢપુર કેમ પધારો છો ?"

આ સાંભળી શ્રીહરિ હસ્યા અને કહ્યું : "દાદા ખાચર નાના છે પણ તેમની અમારા પ્રત્યે ભક્તિ મોટી છે. તેમના અંતરમાં અમારી મૂર્તિ સિવાય ગરાસ, સગા-સંબંધી કે જગતના અન્ય કોઈ પદાર્થ છે જ નહિ. અમારું ચિંતવન કરવામાં એમણે ગરાસની ચિંતા વિસારી દીધી છે. એટલે અમારે માથે તે ચિંતા આવી પડી છે. તેથી તેમના વ્યવહારનું ધ્યાન રાખવા ગઢપુર આટલા જલદી જવું પડે છે."

આ સાંભળી તે ભક્તો વિચારમાં પડી ગયા. દાદા ખાચરની ભક્તિ અપ્રતિમ છે. તેની તુલનામાં આટલા બીજા ભક્તો આવી શકે નહિ. એભલખાચર ધામમાં ગયા પછી જીવાખાચરે દાદાખાચરની ઉપર ઉપાધિની આંધી વરસાવવામાં બાકી રાખી ન હતી. શ્રીહરિની દૃષ્ટિથી અને દાદાખાચરના કારભારી હરજી ઠક્કર તથા લાધા ઠક્કરની કુશળતાથી આ ઉપાધિમાંથી દાદાખાચરનું સર્વ પ્રકારે રક્ષણ થતું હતું. છતાં લાડુબા, જીવુબા તથા સુરપ્રભાદેવી અને સોમાદેવીના અંતરમાં ઉપાધિના ઓળા અછતા રહેતા ન હતા. તેમને એક શ્રીહરિનો આશરો હતો. શ્રીહરિનું અખંડ ચિંતવન થતું.

શ્રીહરિએ ગઢપુર પધારી તરત જ લાધા ઠક્કરને માંડવધારના સમાચાર પૂછ્યા. તેમણે કહ્યુંઃ "પ્રભુ ! ઝાલાવાડી કણબીઓના વસવાથી ત્યાંની ઉપાધિ ઓછી થઈ ગઈ છે."

તે સાંભળી શ્રીહરિએ કહ્યું : "છતાં ત્યાંનાં લોકો કોઈ દિવસ માથું ઊંચુ કરશે. માટે લોયાથી પણ કણબી હરિભક્તોને તેડાવી માંડવધારમાં

વસાવો તેમજ કચ્છના બે હરિભક્તો ઉકો અને હરજી તેમને પણ તેડાવો અને માંડવધાર તો ત્રાંબાની હેલ જેવું ગામ છે. તેના ઉપર બધાની નજર પડે, પણ આવા શૂરવીર ભક્તોને ત્યાં વસાવ્યા હોય તો પછી કોઈ માંડવધાર તરફ નજર પણ કરી શકે નહિ.''

લાધા ઠક્કરને દાદા પ્રત્યે શ્રીહરિના ભાવમાં ભક્તિ દેખાણી. તેને થયું દાદો તો શ્રીહરિનું રતન છે. તેથી શ્રીહરિ તેને રોળાવા કેમ દે ! વાલમની ભક્તવત્સલતાથી લાધા ઠક્કરની શ્રીહરિ સાથેની ભક્તિ દૃઢ થવા લાગી અને શ્રીહરિની આજ્ઞા પ્રમાણે તેમણે બધી જ વ્યવસ્થા કરી દીધી.

**● વચનામૃતનો પ્રારંભ દાદાના દરબારમાં**

સંવત ૧૮૭૬નાં માગશર સુદ -૪નાં દિવસે દાદાખાચરનાં દરબારમાંથી વચનામૃતનો પ્રારંભ કર્યો.

વચનામૃતનો પ્રારંભ પણ દાદાખાચરના દરબારમાંથી જ થયો હોવાથી દાદાખાચરનો દરબાર એ વચનામૃત પ્રાગટ્યની ભૂમિ છે, વચનામૃતનું જન્મસ્થાન છે. ગઢડાના તમામ વચનામૃતમાં દાદાખાચરનું નામ આવે છે.

**● વચનામૃતમાં દાદા ખાચર**

વચનામૃતમાં શ્રીહરિના નામ પછી સર્વપ્રથમ નામ આવતું હોય તો તે છે એવા એક દાદાખાચર. વચનામૃતમાં સહુથી વધુ નામનો ઉલ્લેખ જો કોઈનો થયો હોય તો તે છે એવા એક માત્ર દાદાખાચર.

મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! કાલ્યને દિવસ તમે દાદાખાચર આગળ બહુ રૂડી વાર્તા કરી હતી તે વાર્તા સાંભળવાની અમારે સર્વેને ઘણી ઈચ્છા છે.'' (વચ.ગ.પ્ર.-૭૨)

''આ દાદાખાચરને થોડું જ આપત્કાળ જેવું આવ્યું હતું, તેમાં પણ જેનું અંતઃકરણ જેવું હશે તેવું સૌને જણાતું હશે.'' (વચ. ગ.પ્ર. ૭૪)

''અહીંની ત્રણ બાઈઓ તથા ગોપાળાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકમુનિ, સોમલાખાચર, દાદાખાચર એ તમે જેમ હમણાં આ વર્તમાનકાળે કેવા રૂડી રીતે વર્તો છો. તથાપિ દેશ, કાળ, સંગ એ ચારને વિષે વિષમપણું થાય તો એમનો એમ રંગ

રહે નહિ. એ વાતમાં કાંઈ સંશય નથી. વિષયમાં બંધાઈ ગયો પણ જો જેને જેટલો જ્ઞાનાંશ વધારે હોય તો તે વિષયના બંધનને તોડીને નીકળે.'' (વચ.ગ.અં.-૨૪) ''જેમ દાદાખાચરના ઘરના માણસોને અમને રાખવાનો સ્વાર્થ છે તો અમને જે પ્રકૃતિ ન ગમે તે રાખતા નથી.'' (વચ.ગ.અં. ૨૪)

''વળી જે હરિભક્તને વિષે જે અંગ હોય તે સરસ હોય તે કહીએ છીએ, દાદાખાચરને વિશ્વાસનું અંગ.'' (વચ.ગ.અં. ૨૪).

**● દાદાએ બહેનોને ગરાસ લખી આપ્યો**

એકવાર શ્રીહરિએ દાદાખાચરને કહ્યું : ''દાદા ! આ તારો ગરાસ તારી બે બેનોને લખી આપ્ય.''

ત્યારે દાદા ખાચર કહે : ''બહુ સારું પ્રભુ, હમણા જ લખી આપું છું.''

પછી લાધા ઠક્કરને બોલાવીને ગરાસ લખી આપ્યો. તેમાં દાદાખાચરે સહી કરી દીધી.

શ્રીહરિ : ''દાદાખાચર ! તમે હવે શું ખાશો ?''

દાદાખાચર : ''હું ભાવનગર જઈ વજેસંગજીનો લેખ લખાવી આ ગઢડામાં ચાકર રહીશ. તે મને વરસના એકસો રૂપિયા આપશે. તેમાં અમે બે માણસ નિભાવ કરશું.''

શ્રીહરિ : ''તમે ભાવનગર જઈ લેખ કરાવો.''

શ્રીહરિની આજ્ઞાથી દાદાખાચર ઘોડે ચડીને ભાવનગર ચાલ્યા.

શ્રીહરિએ લાડુબા તથા જીવુબાને કહ્યું : ''આ તમારા ગરાસનું કામ કોણ કરશે ?''

જીવુબા : ''પ્રભુ ! અમને કોઈક માણસ રાખી આપો.''

શ્રીહરિ : ''આ દાદાખાચરને ચાકર રાખો, એટલે તમારુ કામ કરશે. તેને વરસ દિવસના સો રૂપિયા પગાર આપજો એટલે એનો નિભાવ પણ થાશે.''

જીવુબા તથા લાડુબાએ શ્રીહરિની આજ્ઞાને સ્વીકારી.

આથી દાદાખાચરને પાછા તેડાવીને વરસ દિવસના એકસો રૂપિયા ઠરાવી લેખ કરી આપ્યો પછી બાર મહિના સુધી એ ગરાસની ઉપજ એ

બે બાઈએ લીધી.

પછી બીજુ વરસ આવ્યું ત્યારે શ્રીહરિએ બે બાઈઓને કહ્યું : "તમે સાંખ્યયોગી બાઈઓ છો તે તમારે આ ગરાસની કડાકૂટ શા સારૂ કરવી જોઈએ ? દાદા ખાચરને ગરાસ પાછો આપો."

ત્યારે બાઈઓ કહે : "બહુ સારુ પ્રભુ."

પછી એ ગરાસ દાદા ખાચરને પાછો આપ્યો. એવી રીતે શ્રીહરિ દાદાખાચરનું દાસત્વપણાનું અને વિશ્વાસનું અંગ જોઈને બહુ રાજી થયા.

**● તમે દાદા ખાચરમાં બંધાય ગયા છો**

એકવાર ગામ વસોના ગીરધરભાઈ પાટીદાર તથા સીંજીવાડાના જગરૂપ બારોટ બંને જણ ગઢપુર શ્રીહરિના દર્શન માટે આવ્યા. દરબારમાં આવી શ્રીહરિને દંડવત્ પ્રણામ કરી પગે લાગ્યા. તે સમયે ગીરધરભાઈ બોલ્યા : "તમે તો દાદા ખાચરમાં બંધાઈ ગયા છો."

શ્રીહરિ : "ગીરધરભાઈ ! તમારી છત મારે શા કામમાં આવે ? તમે કોઈ દિવસ મારા સંતને પાણી ગાળવા ગરણું પણ આપ્યું નથી. મારા સંત ધજાના ગરણાં કરે છે. દાદાખાચર તો સર્વસ્વ મને અર્પણ કરીને બેઠા છે તેની ભેંસોનું દૂધ, તેની ગાયોનું દૂધ તથા દહીં તે મારા અર્થે તથા મારા સંતને અર્થે આપે છે. તેથી તેની ભક્તિભાવથી હું તેના દરબારમાં બંધાઈને રહ્યો છું.

**● દાદા ખાચરે લક્ષ્મીવાડી મંદિરને અર્પણ કરી :**

એકવાર મહારાજ ઘોડીએ અસવાર થયા, ને વાડીમાં ઘોડી ફેરવીને દરબારમાં પધાર્યા. ને ઘોડીએથી ઊતરીને અક્ષરઓરડીએ આવીને ગાદીતકિયે બિરાજ્યા. ને કથાનો આરંભ કરાવ્યો. પછી થાળ પણ થયો તે જળના કોગળા કરીને બાજોઠ ઉપર જમવા બિરાજ્યા. તે જમતા જાય ને 'હરે' એવા શબ્દનું ઉચ્ચારણ કરતા જાય. પછી ચળુ કરીને મુખવાસ લઈને આસન ઉપર બિરાજ્યા ને કથાની સમાપ્તિ કરાવી. ને તે સમયે જીવુબાઈને લાડુબાઈને દાદા ખાચરને સુરબાઈ આદિ સર્વે પગે લાગીને બેઠાં. ને એમ બોલ્યાં જે, "લક્ષ્મીવાડી મંદિરમાં આપીએ છીએ." ત્યારે મહારાજ કહે, "મુક્તાનંદસ્વામીને લાધો ઠક્કરને હરજી ઠક્કર તેમને

બોલાવો.'' પછી તે આવ્યા ને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે, ''દાદા ખાચર લક્ષ્મીવાડી મંદિરમાં આપે છે.'' ત્યારે નિત્યાનંદસ્વામી કહે, ''કરો લેખ.'' પછી સભાને રજા આપીને જળપાન કરીને પોઢ્યા.

વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને કથા વંચાવવા માંડી ને 'હરે' એવા શબ્દનો ઉચ્ચારણ કરતા જાય. પછી સમાપ્તિ કરાવીને થાળ જમવા બિરાજ્યા. ચળુ કરીને મુખવાસ લઈને સંતને જમવા બોલાવ્યા. ને પલવટ વાળીને લાડુ પીરસવા લાગ્યા. તે પીરસતા જાય ને તાણ કરતા જાય. ને જળે કરીને હાથ ધોવરાવ્યા ને ઢોલિયે પોઢ્યા. ને જાગીને જળના કોગળા કરીને જળપાન કરીને ઘોડીએ અસવાર થઈને લક્ષ્મીવાડીએ પધાર્યા. ને ઘોડીએથી ઊતરીને ઓટા ઉપર ઢોલિયે બિરાજ્યા. ને સંત, પાળા ને હરિજન તે સર્વે પગે લાગીને બેઠા. પછી વાડીવાળે ફૂલના હાર પહેરાવ્યા. પછી લાધે ઠક્કરે વાડીનો લેખ વાંચ્યો. પછી મહારાજ અંજીર જમ્યા ને વાડીવાળાને આપ્યાં.

પછી ઘોડીએ અસવાર થયા ને વાડીમાં ઘોડી ફેરવીને દરબારમાં પધાર્યા. ને ઘોડીએથી ઊતરીને અક્ષરઓરડીએ ઢોલિયે બિરાજ્યા. ને ગાજવીજ થાવા લાગી. પછી વસ્ત્ર ઉતારીને જળના કોગળા કરીને થાળ જમવા બિરાજ્યા. ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. ને વરસાદ પણ વરસવા માંડ્યો ને ઉન્મતગંગામાં પૂર આવ્યું. ને મહારાજ પોઢ્યા.

### ● દાદા ખાચર નો દેહત્યાગ

સં. ૧૯૦૯ પોષ વદ-૭ના રોજ બાવન વર્ષની ઉંમરે દાદા ખાચરે ગોપીનાથજી મહારાજના સાનિધ્યમાં ગઢપુરની પવિત્ર ભૂમિ પર ભૌતિક શરીરનો ત્યાગ કરીને શ્રીહરિની સેવામાં અખંડ અક્ષરધામમાં સિધાવ્યા હતાં.

## મરૂતરાજા અમરા ખાચર રૂપે અવતર્યા

શ્રીદાદા ખાચરના નાના પુત્રનું નામ શ્રીઅમરા ખાચર હતું. તેઓ નાના હતા. છતાં ગુણોથી ઘણા મોટા હતા અને સજ્જનો પણ તેમને માન આપતા હતા. પૂર્વ ભક્તવર્ય અક્રૂરજી થયા હતા તેના જેવા (નવધા ભક્તિમાં) છઠ્ઠી વંદન ભક્તિમાં તેઓ મુખ્ય હતા.

તે દરબાર શ્રી અમરા ખાચરે જ પોતાને રહેવાના દરબાર વગેરે બધુંજ આચાર્ય શ્રીભગવત્પસાદજી દ્વારા શ્રી ગોપીનાથજી મહારજને કૃષ્ણાર્પણ કર્યું હતું. જ્યાં રહીને શ્રીહરિએ અનેક ઉત્સવ સમૈયા કર્યા હતા. તે અક્ષરભવન (શ્રીહરિનું નિવાસ સ્થાન અક્ષર ઓરડી) પણ સમર્પણ કરી દીધું. પ્રભાવશાળી પ્રસાદીના ઘરવાળો પોતાનો ભાગ શ્રી ગોપીનાથજી મહારાજને અર્પણ કરી દીધો અને સાધારણ માણસની જેમ બીજે સ્થળે રહેવા ચાલ્યા ગયા હતા.

આ અમરાખાચર પૂર્વ મરુત્ત નામે એક મહાન્ યશસ્વી ચક્રવર્તી રાજા હતા. તેણે બીજાથી ન થઈ શકે તેવા, પુષ્કળ દક્ષિણા આપીને ઘણા મોટા યજ્ઞો કર્યા હતા. તેણે કરેલા યજ્ઞોની પ્રસિદ્ધિ આજ દિવસ સુધી બધે કહેવાય છે. ઘણું જ ઘી હોમીને તૃપ્ત કરેલો યજ્ઞાત્મક અગ્નિ પણ ઘણોજ મદમત્ત થઈ ગયો હતો. ઈતિહાસમાં એવી એક પ્રસિદ્ધ વાત છે કે મહાન્ તપસ્વી અને અત્યંત નિઃસ્પૃહ આવા સંવર્ત નામે મુનિ બૃહસ્પતિના ભાઈ હતા. મરુત્ત રાજાની પ્રાર્થનાથી તેણે તે યજ્ઞ કરાવ્યા હતા.

તેનો યજ્ઞ ચાલુ હતો ત્યારે સૈન્ય લઈને યુધ્ધ કરવા લંકાપતી રાવણ ત્યાં આવી પહોંચ્યો. તે સમયે ત્યાં યજ્ઞમાં ભાગ (આહુતિ-પૂજા) લેવા આવેલા દેવતાઓ રાવણને દેખીને ભય વિહ્વળ થઈ ગયા. એવું સાંભળ્યું છે કે તે બધા દેવો પક્ષીઓના રૂપ લઈને ભાગ્યા અને બચી ગયા.

તેમાં દુષ્ટ રાક્ષસોએ કેટલાક ઋષિઓને હેરાન કર્યા. તે જોઈને ખિન્ન થયેલા મરુત્ત રાજા તેમનો સામનો કરવા ઊઠ્યા પણ સંવર્ત મુનિએ તેને રોકી રાખ્યા. અત્યારે ક્રોધને શમાવી દેવાનો સમય છે, ક્રોધ કરવાનો સમય નથી. એમ સારી રીતે સમજાવીને ને સહન કરવાનું બીજું એક કારણ પણ બતાવ્યું. બ્રહ્માના વરદાનથી તે શક્તિશાળી થયો છે. તમે તેને રોકી શકશો નહિ. જ્યારે તેનો સમય આવશે ત્યારે તે રામ રૂપી અગ્નિમાં પતંગિયાની જેમ આપોઆપ નાશ પામશે.

રાવણ મરુત્તનો તિરસ્કાર કરીને ચાલતો થયો. ત્યારે મરુત્તના મનમાં ઘણીજ ચિંતા થવા લાગી અને પછી દુઃખી થયા. પછી યાજ્ઞિકોમાં સર્વોત્તમ સંવર્ત ઋષિએ યથાવિધિ યજ્ઞને પૂર્ણ કર્યો.

ત્યાર બાદ મરુત્ત રાજા પણ કાળે કરીને દેહ તજીને સ્વર્ગમાં ગયા. સ્વર્ગમાં એવું ઉત્તમ સ્થાન પામ્યા કે જ્યાં તેને બ્રહ્માજીનો સુયોગ થયો. એક દિવસ દેવતાઓની સાથે બ્રહ્મા બેઠા હતા ત્યારે મરુત રાજા તેમની પાસે ગયા. અને સર્વોત્તમ આસન ઉર વિરાજેલા બ્રહ્માજીના તેમણે દર્શન કર્યા. બ્રહ્માને પગે લાગ્યા. ત્યારે બ્રહ્માએ તેનો સત્કાર કર્યો. પછી તેમની આગળ  બેસીને ભગવદ્‌વાર્તા સાંભળી. બ્રહ્માએ રાજાને વખાણ્યા અને મનમાં ભગવાન શ્રીહરિને સંભારીને ભવિષ્યમાં પ્રકટ થનારા શ્રી સ્વામિનારાયણ ભગવાનની વાત કહી.

આ બ્રહ્માંડમાં પધારવા માટે અમે જ્યારે પ્રાર્થના કરી ત્યારે તે સ્વરાટ્ પુરુષોત્તમે અઠયાવીશમાં કળિયુગમાં હું  અવતરીશ - આમ કહ્યું હતું. બ્રહ્માનું આવું વચન સાંભળી ને ઘણાજ પુણ્યશાળી તે મરુત રાજાએ મનમાં વિચાર કર્યો અને એક દૃઢ સંકલ્પ કર્યો. કે મારે તે પ્રગટ ભગવાને પામવું  છે.

બીજા જન્મમાં તે મરુત્ત રાજા દરબાર શ્રી દાદા ખાચરના પુત્ર થઈને અમરા ખાચર (અંબરીષ) આવે નામે પ્રસિદ્ધ થયા. જેઓ મહાન ધીર અને પરાક્રમી હતા. તેમને પૂર્વ જન્મનો સંકલ્પ હતો તેથી તેને અનુસારે આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ (દ્વારા શ્રી ગોપીનાથજી મહારાજ) ને પોતાના ભાગના પ્રસાદીના ઘર વગેરે અને જમીન પણ દાનમાં અર્પણ કરી.

**● શ્રીજી મહારાજે અમરા ખાચરજી ને ભવિષ્ય કહ્યું.**

એકવાર શ્રીદાદા ખાચરે શ્રીગોપીનાથજી મહારાજને (મૂર્તિ પ્રતિષ્ઠા સમયે) શ્રી ભક્તિબાગની જમીન કૃષ્ણાર્પણ આપી હતી. ત્યારે તે જમીન જોવા માટે કેટલાક ભક્તોને સાથે લઈને ત્યાં ગયા હતા.

ચારે બાજુથી તે જમીનને જોઈને શ્રીહરિ ભક્તો સાથે ઉન્મત્તગંગાને કિનારે આવ્યા અને શ્રીદાદા ખાચરને કહ્યું "તમારા જે નાનાપુત્ર થશે તે અંબરીષ રાજાની જેમ જગતમાં પ્રસિદ્ધ થશે.

પૂર્વના પુણ્યરૂપ સર્વોત્તમ સંસ્કાર યુક્ત તેમને નામ પ્રમાણે જ સમગ્ર શ્રેષ્ઠ ઉપમાઓ અપાશે. તેઓ અમારા પૌત્ર આચાર્ય શ્રીભગતવત્પ્રસાદજીના હસ્તે પોતાના (પ્રસાદીના) ઘર વગેરે શ્રીગોપીનાથજી મહારાજ ને કૃષ્ર્ણાપણ કરશે. અહીં આ ઉન્મત્તગંગાનો ઘાટ પણ તેમને નામે "અંબરીષ ઘાટ (અમરઘાટ)" કહેવાશે. "પુણ્યોચ્છ્રપદ" નામે અહીંયા તીર્થ થશે અને તેમાં અધિષ્ઠાતા દેવ "પરમાત્મા" કહેવાશે. અહી યથાવિધિ તીર્થ યાત્રા કરનારાને સારા પુત્ર અને પૌત્ર આદિની પ્રાપ્તિથી તેની વંશવૃદ્ધિ થશે.

## પ્રેમાનંદ સ્વામી

### ● પ્રેમાનંદ સ્વામીનો પૂર્વજન્મ

પૂર્વ સંગીતકળામાં તુંબરુના જેવા નિષ્ણાત અને ભગવાનના સ્વરૂપમાં અખંડ મનને જોડી રાખનાર એક પવિત્ર બ્રાહ્મણ હતા. તે જ્યારે ભગવાનની મૂર્તિ આગળ બેસીને કિર્તનનું ગાન કરે ત્યારે સાંભળનાર તમામના મન શ્રીહરિમાં જોડાઈ જતા. તેથી જ્યારે આ બ્રાહ્મણ કીર્તન ભક્તિનો આરંભકરે સારુએ નગર તે ભક્તિનો આનંદ માણવા લાગ્યું તેથી નગરનો રાજા તેને આ વાતગમી નહી અને બ્રાહ્મણને કહ્યું આજથી તમારે આ ભજન ગાવા નહી. અને તીરસ્કાર કર્યો તેથી ભુદેવો નગરનો ત્યાગ કરી જંગલમાં જઈ તપનો પ્રારંભ કર્યો અને રાજાને અપરાધ લાગવાથી તેને ભયંકર રોગ થયો અને મરીને બીજા જન્મમાં કાચબો થઈ વર્ષો સુધી તે શરીરમાં રહી મહાદુઃખને પામ્યો.

જગંલની અંદર તપશ્ચર્યા કરતા ભુદેવને શ્રીહરિનું દર્શન થયું અને ભગવાને તેમને વરદાન માગવા કર્યું. ત્યારે તે પવિત્ર બ્રાહ્મણ કહે. હું આપની અખંડ પ્રેમ મગ્ન બની. સંગીત સાથે ભક્તિ ઉપાસના કરી શકું એવી કૃપા કરો. ત્યારે શ્રીહરિ કહે હે ભુદેવ હુ તમારા પર અતિ પ્રસન્ થઈને વરદાન આપું છું કે આવતા જન્મે તમે આ ધરતી પર જન્મ ધારણ કરજો તે વખતે હું તમને કાયમ ને માટે મારી સાથે રાખીને અનુપમ સુખ આપીશ આટલું કહી ભગવાન શ્રીહરિ અદશ્ય થયા. ત્યારબાદ કાળે કરી ભૂદેવનું શરીર પડી ગયું અને બીજા જન્મમાં એક બ્રાહ્મણને ઘરે જન્મધારણ કર્યો.

### ● પ્રેમાનંદ સ્વામીનો બીજો જન્મ

વિરમગામ તાલુકાના ઓગણ ગામમાં એક મોતીરામ નામના

પવિત્ર બ્રાહ્મણને બે પુત્રો હતા. (૧) આનંદરામ (૨) સુરજરામ જેમાં આનંદરામ તીર્થ યાત્રા કરતા-કરતાં અમરેલીમાં સંત મૂળદાસનીજગ્યા માં રહ્યા હતા. અને તેમને એક પુત્ર હતો. જે આપણા સત્સંગમાં મુક્તાનંદ સ્વામી નામે પ્રસીધ્ધ હતા.

સુરજરામ જીવન નિર્વાહ ચલાવા તેમની પત્ની સુનંદાને સાથે લઈ અમદાવાદ કડવા શેઠની પોડમાં આવી રહેવા લાગ્યા. સમય વ્યવતીત થતા સંવત ૧૮૩૬ની સાલમાં તેમને ત્યાં એક પુત્રનો જન્મ થયો. પરંતુ ભોળા હૃદયના સુરજરામને કોઈએ મશ્કરીમાં કહ્યું આ તો તમારું બાળક નથી. તેથી મશ્કરીને સાચી માની કાચા મનના સુરજરામે તે ત્રણ દિવસના બાળકને માતા સુનંદાની ગોદમાંથી લઈ દરિયાવખાનનો ઘુંમટના પગથીયે મુકી દીધું. માતા સુનંદા ખુબ રડતા રહ્યા પરંતુ કાચા કાનના સુરજરામના હૃદયમાં જરા પણ દયા ન આવી. તેથી સુનંદાજી પુત્ર વિયોગમાં ઝુરી ઝુરીને મૃત્યુ પામ્યા.

**● ડોસાભાઈનો પરિચય અને પુત્ર પ્રાપ્તિ**

ઈરાનમાં ૫૫૦ વર્ષ પહેલા તાઈ નગર (અત્યારનું તાઈવાન - કેપીટલ છે) ત્યાં હાથીભાઈ કરીને બહુ પ્રામાણિક અને ભલા માણસ રહેતા જેમની ભલાઈના કારણે તેમનું ઈરાન પ્રદેશમાં ખુબ જ માન સન્માન વધતું હતું. તેથી ત્યાંના નવાબ. નોફેલને આ વાત ગમતી નહી. જેથી તે હાથીભાઈને ખુબજ હેરાન કરીને તકલીફ આપવા લાગ્યો. નવાબના ત્રાસથી થાકી જઈ હાથીભાઈ ઘણાં બધા માણસો અને બે ફકીરો ઈમાનશાહ અને મહમદ જોનપુરી (જેઓ ૨૪ પંયગંબરોમાં મહેંદી નામના પૈંગબરના અનુઆઈ હતા)ની સાથે ભારતમાં આવીને નિવાસ કર્યા. તે સમયે ભારત દેશ પર મહમદ બેગડો શાસન કરતો. હાથીભાઈની સાથે આવેલા આ બંને ફકીરો મજીદમાં જઈ અહિંસાના પ્રવચનો કરે. જેથી મુસ્લિમ સમાજને આ વાત ગમી નહી.

તેથી મહમહ બેગડાના મોલવીઓએ બેગડાને ફરીયાદ કરી. જેથી બેગડાએ પ્રતિતી કરવા માટે ગ્લાવીયરથી ગોસ ગ્વાલીયર નામના એક સંગીતજ્ઞ પંડિતને બોલાવ્યા અને કહ્યું તમે ઈમામશાઈ અને મહમદ

જોનપુરીની પરીક્ષા કરો. ગોસ ગ્વાલીયરની પરીક્ષાના અંતે તેમને બેગડાને કહ્યું એ બંને જે વાતો કરે છે. તે સત્ય છે. કુરાનને આધારિત છે તો પણ મહંમદ બેગડાએ વિરોધ કર્યો જેથી તેઓ હૈદરાબાદમાં જઈને વસ્યા. જ્યાં તેમને મહેંદવી સંપ્રદાયની સ્થાપના કરી. આ સંપ્રદાયમાં જે લોકો જોડાતા તેમને તાઈ નામથી સંબોધવામાં આવતા કારણ કે ઈમામશાહ અને મહમહ જોનપુરી તાઈવાનથી આવેલા માટે. આજે પણ તેમની પરંપરામાં ઘણા નિયમો હિંદુ પરપરાને મલતા આવે છે. જેમાં એક નામ હિંદુનું રાખવામાં આવે છે અને બીજુનામ મુસલમાનમાં રાખવામાં આવે છે. આ સંપ્રદાય સાથે ડોસાભાઈ જોડાયેલા હોવાથી ડોસાતાઈ તરીકે ઓળખાવા લાગ્યા હતા.

ડોસાતાઈને કોઈજ સંતાન ન હતું દરરોજ દરિયાવખાનના ઘુંમટે જઈ ખુદાને બંદગી કરીને એક પુત્રની માંગણી કરતા. એક દિવસ વહેલી સવારે સુરજરામથી તરછોડાયેલા આ પુત્ર રત્નની ડોસાતાઈને પ્રાપ્તી થઈ જેનું નામ નુરતાઈ રાખવામા આવ્યું.

- **સ્વામીના જન્મ વિષે તર્ક વિર્તક**

  - મુસ્લિમ જ્ઞાતીમાં જન્મ્યા હતા.
  - મુસલમાનને ત્યાં મોટા થયા હતા.
  - જેતપુરના બાવા ડોસાભાઈને ત્યાં મોટા થયા હતા .
  - ગાંધવ જ્ઞાતિમાં જન્મ્યા હતા અને વૈરાગી ભેગા જતા રહતા હતા.

એવું પણ કહેવાય છે કે દોરા ગામમાં વૈરાગીઓ સાથે રહેતા ત્યારે તેમને જેરામદાસ (જીજ્ઞાસાનંદસ્વામી) નો યોગ થવાથી સાથે દ્વારિકાની યાત્રા એ જાવું છે એમ કરીને નિકળ્યા અને કારિયાણીમાં મહારાજનો યોગ થયો. પરંતુ આ બાબત બહુ સત્ય લાગતી નથી. જો વૈરાગીઓ પાસેથી આવ્યા હોય તો સ્વામી મુસલમાનને ત્યાં મોટા થયા ને એવો વિરોધ થયો ન હોત. કારણ કોઈને પણ ખબર ના હોય કે તેમના પિતા ડોસાભાઈ છે. માટે સ્વામીના જીવનકવન પરથી સૂરજરામને ત્યાં જન્મ પામી ડોસાભાઈને ત્યાં મોટા થયા તે વાત સત્ય જણાય છે.

- **નુરતાંઈ**

અમદાવાદમાં ડબગરવાડમાં એક સંગીતની શાળા હતી. જ્યાં

સંગીતના સાધનો પણ બનતા હતા જ્યારે વિદ્યાર્થીઓ સંગીત શીખવા આવે ત્યારે નુરતાઈ બારીમાં બહાર ઊભા રહીને સંગીત સાંભળતા. અને ઘરે જઈ તે પ્રમાણે રાગ શીખતા એકવાર જ્યારે વિદ્યાર્થીઓની પરીક્ષા ચાલતી હતી ત્યારે એક વિદ્યાર્થી એ ખોટો રાગ ગાયો ત્યારે નુરતાંઈએ તરતજ સાથળપર હાથ પછાડી આલાપ કરીને સુરને પૂર્ણ કર્યા. આ સાંભળી સંગીત વિદ્યા શીખવનાર શિક્ષકોએ તેમને સંગીતનું જ્ઞાન આપ્યું. (આ શાળા પુષ્ટી સંપ્રદાયના આચાર્ય ૧૦૦૮ શ્રી નટવરલાલજીએ બનાવેલી. જ્યાં અત્યારે અચલેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. અને રાધાકૃષ્ણ બીરાજે છે.)

ત્યારબાદ વડોદરામાં પણ સંગીતની તાલીમ પ્રાપ્ત કરી હતી. પિતા ડોસાભાઈ ખુબ ગરીબ હતા એટલે જ્યાં ઉત્સવ સમૈયા હોય કે મેળા હોય ત્યાં ગોળ-ધાણીના લાડુ બનાવી વેપાર કરવા જતા. એક વાર પુત્ર નુરતાઈને સાથે લઈને વેપાર માટે ઉજ્જૈનમાં શ્રીપા નદીના કિનારે ગયેલા. ત્યાં તેમને એક સંગીત વિદ્યાલયના વિદ્યાર્થી સાથે મિત્રતા થઈ અને તેની સાથે તેઓ સંગીત શીખવા લાગ્યા એ સમયમાં તેમને અનેક વૈરાગીઓનો પણ ભેટો થયો હતો. ત્યાર બાદ બે વર્ષ પછી અમદાવાદ પાછા આવ્યા. ત્યારે તેમને પ્રગટ ભગવાન મેળવવાની તાલાવેલી જાગી.

સંવત ૧૮૫૮માં શ્રીજી મહારાજને શ્રી રામાનંદ સ્વામીએ જેતપુરમાં ગાદી પટ્ટાભિષેક નો સમૈયો બહુજ ધામધુમથી કરેલ જેમાં મહારાજનું ફૂલેકું આખા ગામમાં ફર્યું હતું. તે વખતે ડોસાભાઈ તેમના પુત્ર સાથે ત્યાં શ્રીહરિના દર્શને આવેલા. ત્યાં પ્રભુની મૂર્તિને જોતા તેમનું ચિત્ત પરોવાઈ ગયું અને આખા ફુલેકામાં સાથે ફર્યા. પિતાએ ઘરે લઈ જવા ખુબ જ પ્રયત્ન કર્યા પણ તે ગયા નહી. બીજા દિવસે ગાદી પટ્ટાભિષેકના દર્શન કરીને નુરતાઈ બેઠા છે. તે વખતે રામાનંદ સ્વામીએ આવીને તેમને ભૂખ્યા જાણી જમાડ્યા ત્યાં ડોસાભાઈ એ આવીને કહ્યું મારાપુત્રને તમે કેમ અહીં રાખી લીધો, સ્વામી કહે અમે રાખ્યો નથી તમે લઈ જાઓ. નુરતાઈ ને બળજબરી પૂર્વક ઘરે લઈ ગયાં.

શ્રીજી મહારાજ જ્યારે અમદાવાદ પધાર્યા તે વખતે નુરતાઈ

મહારાજના દર્શને પહોંચી ગયા. તે વખતે નવાવાસમાં સભા ભરાઈ ને બેઠી હતી. ડોસાભાઈ નુરતાઈને શોધતા-શોધતા સભામાં આવી પહોંચ્યા. તે વખતે નૂરતાઈ એ મહારાજ ને કહ્યું કે મારે હવે સાધુ બની તમારી સેવામાં રહેવું છે. તે સમયે ડોસાભાઈ એ નાપાડી. ત્યારે મહારાજ કહે ડોસાભાઈ આ બાળક તમારુ છે ? ડોસાભાઈ આવાક બની ગયા. મહારાજ કહે આતો અલ્હાનો દિધેલો છે. અલ્લાને આપી દો. આમ કહી મહારાજે ડોસાભાઈને દિવ્ય રૂપે દર્શન આપ્યા તેથી ડોસાભાઈ ને નિશ્ચર્ય થયો ને નુરતાઈને મહારાજની સેવામાં અર્પણ કર્યા.

**● નુરતાઈમાંથી નિજબોધાનંદ**

મહારાજ નુરતાઈને લઈને ગઢપુર આવ્યા અને સમય જતા દીક્ષા આપવાની વાત સંતો આગળ રજુ કરી ત્યારે સર્વે સંતોએ ના પાડી. ત્યારે મહારાજ કહે અમે એમને તમારી સાથે જમવાનો વ્યવહાર નહી રાખીએ તેમની જમવાની વ્યવસ્થા અમે કરી આપીશું. આમ કહી મહારાજે નુરતાઈને દીક્ષા આપીને નિજબોધાનંદ નામ આપ્યું. તેમને સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ કરાવ્યો.

સ્વામી સારસ્વત ભણેલા એકવાર મહારાજ કહે તમે હવે ભણવાનું રેવાદો અને કીર્તન બનાવો. કારણ કે તમને સ્વરનું સંપૂર્ણ જ્ઞાન છે. ત્યારે સ્વામી કહે મહારાજ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદનું કામ કિર્તન રચના કરવી, એમની આગળ મારી કોઈ ગણતરી નહી. ત્યારે મહારાજ કહે તેમના કરેલા તે ગાય આપણે બનાવેલા આપણે ગાવા. પછી સ્વામીએ કિર્તનોની રચના કરી ગાવા લાગ્યા. "ફૂલન હીંડોરે ઝુલત લાલ" સે પ્રથમ રચના કરી. મહારાજ આગળ ગાન કર્યું મહારાજ ખુબજ રાજી થયા.

**● નિજબોધાનંદથી પ્રેમાનંદ સ્વામી થયા**

નિજબોધાનંદ રે પ્યારા વદન દેખાડો વહાલા.
રસિયાજી રાખોને હજૂર રે...

જ્યારે મહારાજે સ્વામીની આ રચના સાંભળી પોતે પહેરેલી પુષ્પમાળા કાઢી તમને પહેરાવીને કહ્યું નિજબોધાનંદ નામ અટપટુ છે

અને કાવ્ય પ્રાસમાં બરાબર બંધ બેસતુ નથી માટે તે બદલવું છે. એમ કહીને હાથમાં માળા હતી તેનો એક મણકો મૂક્યોને 'મુક્તા' 'બ્રહ્મા' 'નિત્યા' 'પરમા' અને 'પ્રેમા' એમ કહીને પ્રેમાનંદ સ્વામી નામ પાડ્યું. અને કહ્યું હવે એ નામથી કીર્તન કરવા. પૂર્વજન્મમાં ભગવાને આપેલ વરદાન સાર્થક કર્યું.

એક સમયે સ્વામી મહારાજ પાસે કીર્તન ગાતા હતા તેમાં ''ચંદ્રસખી'' એવું નામ આવ્યું ત્યારે મહારાજે પૂછ્યું કે 'ચંદ્રસખી કોણ થઈ ગયા ? ' ત્યારે સ્વામી કહે. તે રાજસ્થાનના શ્રીકૃષ્ણ ભક્ત અને કવિ હતા.

તેમણે કીર્તનોના અંતિમ પદમાં 'ચંદ્રસખી ભજ બાળકૃષ્ણ છબી' એવા ભાવવાળાં પદો કર્યા છે. ત્યારે મહારાજ કહે એ અવતારમાં ચંદ્રસખી તો આ અવતારમાં આ મારા ''પ્રેમસખી'' આજથી તમારા બે નામ ''પ્રેમાનંદ'' અને ''પ્રેમસખી'' એ બેય નામથી અમારાં કીર્તનો ગાવા. ત્યારબાદ સ્વામીએ આ બંને નામથી કિર્તનો મહારાજની આગળ ગાયા અને મહારાજે રાજી થઈને પ્રસાદીનો થાળ વસ્ત્રો અને પ્રસાદીનો હાર આપ્યા છે.

એકવાર સ્વામીને બુરાનપુર તાપસીબાવાને ત્યાં શાસ્ત્રીય સંગીત શીખવા મોકલ્યા હતા. ત્યાં રામમંદિરમાં રહી સંગીત શીખતા હતા. ત્યાં એકવાર નિવિક્લ્પાનંદ સ્વામી આવ્યા અને પ્રેમાનંદ સ્વામી સાથે રહ્યા તે તેમનામાં સત્સંગનો અભાવ નાખી દીધો. તેથી સ્વામીએ પાછા ગઢપુર નહી જવાનો સંકલ્પ કર્યા. એકવાર હાથીની અંબાળીયે બેસીને સ્વામી ફરવા નિકળ્યા હતા ત્યાં અદ્‌ભૂતાનંદ સ્વામી કંજબારીથી ઉજ્જૈન થઈ ને બરાનપુર આવ્યા સાથે નરોનારાયણ સ્વામી કૃષ્ણાનંદ સ્વામી અને પૂર્ણાનંદ સ્વામી આમ ચારે સંતોએ બગીચામાં ઉતારો કર્યા ત્યાં પ્રેમાનંદ સ્વામીને હાથીની અંબાડીયે જોયા સ્વામીની નજર પણ તે સંતોપર પડી. પરંતુ નમસ્કાર કર્યા વિના જતા રહ્યા. તે રાત્રે અદ્‌ભૂતાનંદ સ્વામી તેમને મળવા રામમંદિરે ગયા. અને કહ્યું સ્વામી હું કંજબારી માં નરસિંહરાવ રાજાને ત્યાં ગયો હતો. તેમને મને દિકરી અને રાજ્ય આપવાનું કહ્યું પરંતુ હું ત્યાંથી નિકળી ગયો તે મેથી ગામમાં એક બાવાજીના મઠમાં ગયો. તો તેને મને રૂપિયા મઠ-દિકરી આપવાનું કહ્યું. ત્યારે મે કહ્યું હું

સવારે જવાબ આપીશ આમ કરીને નીકળી ગયો. આટલા શબ્દો સાંભળતા પ્રેમાનંદ સ્વામીની આંખમાં આસું આવ્યા ને કહ્યું મને મહારાજ પાસે ગઢપુર લઈ જાઓ. અને સ્વામીને લઈ ગઢપુર આવ્યા. અને પાંચભાષાનું ''મોહન બેન બજાઈ'' એ પર શ્રીજી મહારાજ પાસે સિતાર વગાડીને ગાયું તે મહારાજે રાજી થઈને બુરાનપુરી સેલું આપ્યું તે ભક્તો કહે સંતોને ન રખાય. તે મહારાજે સુરતની જરિયાની ટોપી આપી તે પણ ભક્તો કહે ન રખાય માટે મહારાજે આમ રાજી થઈને કચ્છી ટોપી આપી તે સ્વામીએ સુખીથી રાખીને સંતોષ પામ્યાં.

**● પ્રેમાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી**

ગઢપુરના ચોકમાં છત્રીઓ છે ત્યાં સંતોની ઓરડીઓ હતી. બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીની વચ્ચે કાયમ મીઠો કલહ રહેતો કારણ જો મહારાજ બ્રહ્માનંદ સ્વામીના ઓરડે જાય તો પ્રેમાનંદ સ્વામીને ન ગમે અને પ્રેમાનંદસ્વામીને ત્યાં જાય તો બ્રહ્માનંદ સ્વામીને ન ગમે આમ બંને વચ્ચે સૌખ્ય ભાવ રહેતો તેથી કિર્તન પણ ઘણીવાર સૌખ્યાભાવના બંન્ને સંતો બનાવતા અને ગાતા.

સ્વામી વડતાલથી બોરછલીનો છોડ માથે ઉપાડીને લાવેલા અને લક્ષ્મીવાડીમાં વાવેલો મહારાજ કાયમ તેના નીચે બેસીને સ્વામી થકી કિર્તન સાંભળતા અને અનેક લીલાઓ પણ કરતા.

એકવાર મહારાજે કહ્યું સ્વામી અમને કેવા જાણો છો ત્યારે સ્વામી કહે મહારાજ ગાઈને સંભળાવું કે કહીને સંભળાવ્યું ત્યારે મહારાજ કહે સ્વામી ગાઈને સંભળાવો ત્યારે સ્વામી બોલ્યા..

આ પ્રગટ તમારો આકાર છે. સહજાનંદજી
સર્વે સાર તણો આ સાર છે. સહજાનંદજી
તમે રઘુકુળ પ્રગટી રે, રાવણકુળ નાશ કર્યું
તમે કંસ નિકંદન રે હે કૃષ્ણ સ્વરૂપ ધર્યુ
એમ જુગ - જુગ માહી રે, ધરો રૂપ બહુનામી
તમે કારણ સહુના રે, પ્રેમાનંદના સ્વામી

● મહારાજની સ્વાભાવિક ચેષ્ટા શ્રી પ્રેમાનંદસ્વામીની અદ્‌ભૂત

અને અલૌકિક રચના છે.

“પ્રથમ શ્રીહરિને રે ચરણે શીશ નમાવું નૌત્તમ લીલા રે”

● ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી “નિવિકલ્પ ઉત્તમઅતી” પ્રાર્થનાની રચના કરી.

**● મહાન ત્યાગ**

સ્વામી કોઈ શિષ્ય બનાવે નહિ. અને જો કોઈ શિષ્ય થવા આવે તો તેને મુક્તાનંદ સ્વામીને સોંપતા કારણ સ્વામી મુક્તાનંદ સ્વામીમાં ગુરૂ ભાવ રાખતા મુક્તાનંદ સ્વામીના ધામમાં ગયા પછી તેમની પાસે જે શિષ્યો થવા આવે તે ગોપાળાનંદ સ્વામીને સોંપતા અને ગોપાળાનંદ સ્વામીમાં ગુરુ ભાવ રાખતા હતા.

એક વાર જૂનાગઢના નવાબે શ્રીજીમહારાજની પધરામણી પોતાના રાજમહેલમાં કરાવેલી ત્યારે શ્રીહરિની આજ્ઞાથી સ્વામીએ ‘દિખલા દીદાર પ્યારા મહેબુબ હમારા’ એ બે પદો સંભળાવ્યાં. તેને સાંભળીને નવાબ આશ્ચર્ય પામ્યા ને કહ્યું કે, “સ્વામિનારાયણ ભગવાનના સંત પ્રેમાનંદસ્વામીનું સંગીત સાંભળ્યા પછી મને બીજાનું સંગીત સાવ રસ વિનાનું લુખ્ખુ લાગે છે. તેથી હવે બીજાનું સંગીત સાંભળવાની રૂચિ જ થાતી નથી.” આ સાંભળી ગવૈયાઓ ગઢપુરમાં આવ્યા અને પ્રેમાનંદસ્વામીનું સંગીત સંભળાવવા મહારાજને વિનંતી કરી. એટલે શ્રીહરિએ સ્વામીને ભૈરવી રાગ ગાવાની આજ્ઞા કરી.

બપોરનો સમય હતો. ગવૈયાઓ વિચાર કરવા લાગ્ય કે, ‘ભૈરવી તો સવારમાં ગવાય, પણ આમને રાગની ખબર નહી હોય ?’ વગેરે મનમાં તર્ક કરવા લાગ્યા. પરંતુ સ્વામી તો શ્રીહરિની આજ્ઞા મુજબ સારંગીના સૂરનો સાથ મીલાવીને ગાવા લાગ્યા. ‘દરશ બિના મોરે તરસન નૈન...’ એ ગીત જેમ જામતું ગયું તેમ બપોર સમયે પણ સૌને પ્રભાત લાગવા માંડ્યું અને બપોરની ભૂખ સૌની ભાંગી ગઈ, મંગળા આરતીનો મંગળ સમય દેખાવા લાગ્યો, મંદ શીતળ પવન વહેવા લાગ્યો. આ પ્રમાણે પ્રેમાનંદસ્વામીનું આશ્ચર્યકારી સંગીત સાંભળી ગવૈયાઓ મહા વિસ્મય પામ્યા. પછી શ્રીહરિ તથા પ્રેમાનંદ સ્વામીની બહુ પ્રશંસા કરીને કહ્યું કે, “નવાબે જે વાત કરી હતી

તે સાચી છે.'' એમ કબુલ કરી પોતાને ઘેર ગયા.

એક સમયે સ્વામીના પૂર્વાશ્રમના પિતા સુરજરામ વિપ્ર ટેલ નાંખતાં ગઢપુર આવી ચડ્યા. ગામમાં બે-ત્રણ દિવસ ટેલ નાંખી ત્યારે તેમને કોઈએ કહ્યું કે, ''ભૂદેવ ! આમ નકામાં આંટા માર્યે તમારું કાંઈ નહી વળે. આ ગામમાં દાદા ખાચર ના દરબારમાં પ્રગટ ભગવાન સ્વામિનારાયણ બિરાજે છે. ત્યાં જાઓ તો તમારો આંટો સફળ થઈ જશે.''

પછી તે વિપ્ર દાદા ખાચરના દરબારમાં આવ્યા. ત્યારે વિ.સં. ૧૮૮૦ ના મહાસુદ ૧૪ નો દિવસ હતો. તે વખતે શ્રીહરિ ઉગમણાબારના ઓરાની ઓસરીએ બિરાજ્યા હતા. શ્વેત વસ્ત્રો ધાર્યા હતા. કંઠમાં તુલસીની નવી કંઠીઓ ને પુષ્પના હારા ધાર્યા હતા. પાઘમાં પીળા પુષ્પનો તોરો શોભતો હતો. સંત તથા દેશદેશના સત્સંગીની મોટી સભા ભરાઈને બેઠી હતી. તે સભામાં વિપ્ર સુરજરામ આવ્યા. શ્રીહરિજીને પગે લાગ્યા. શ્રીહરિએ પ્રેમથી પુછ્યું કે ''બ્રહ્મદેવ, ક્યાં રહો છો ?'' તો કહે, ''પ્રથમ તો હું ઓગળ ગામમાં રહેતો. હમણાં ઘણા વખતથી અમદાવાદમાં રહું છું.'' શ્રીહરિ કહે, ''શું કરો છો ? ને કેટલું ભણ્યા છો ?'' ત્યારે તેમણે કહ્યું કે, ''ટેલ નાખીને ગુજરાન કરું છું. બહુ ભણ્યો નથી, પણ દેવીના ગરબા બહુ આવડે છે. તે ગાઈને લોકોને રાજી કરૂં છું.'' ''મહારાજ ! કહે અમને સંભળાવો. ત્યારે ભૂદેવ કહે તે તમારે સાંભળવા જેવો નથી. તેમાં તો દેવીનું સર્વોપરી પણું આવે.'' શ્રીજીમહારાજ કહે, ''ભલે આવે, પણ અમારે સાંભળવો છે.'' પછી તેઓ ગરબો બોલ્યા કે,

**માડી તારું મુખડું જોઈને આજ, મરોડ મટ્યો ચંદનો રે લોલ;**
**માડી તારું મુખડું જોવાને કાજ, આવે છે કુંવર નંદનો રે લોલ.**
**માડી તારા ગુણસાગરનો પાર, પામે નહીં શેષજી રે લોલ;**

આ આખો ગરબો સાંભળીને શ્રીહરિ બોલ્યા કે, ''બ્રહ્મદેવ ! તમે તો ગરબો બહુ સારો ગાયો.'' એ પછી શ્રીહરિએ સંતોને કહ્યું કે, ''આમાં દેવીનો સર્વોપરી મહિમા કહ્યો છે એમ અમારો સર્વોપરી મહિમા તો તમે કોઈએ ગાયો જ નહીં.'' ત્યારે મુક્તિમુનિ બોલ્યા, ''એમ કેમ કહો છો ?

અમે તો તમારો સર્વોપરી મહિમા જ ગાઈએ છીએ.'' તેવામાં પ્રેમાનંદસ્વામી બોલ્યા કે, ''મહારાજ !'' આજ્ઞા આપો તો આપના મહિમાના પદો હું ગાઉ.'' ત્યારે મહારાજ કહે, ''ગાઓ.'' એ પછી સ્વામી ગાવા લાગ્યા,

**વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ.**
**જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ.**

એ આઠ પદ ગાયાં, તેને સાંભળીને શ્રીહરિજી બોલ્યા જે, ''બહુ સારાં કીર્તન ગાયાં. આ કીર્તન સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે આવી રીતે જેને ભગવાનની મૂર્તિનું ચિંતન છે. માટે એ સાધુને ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ. અને જેને ઘેર આવા પુરુષે જન્મ ધર્યો તેનાં માતા-પિતા પણ કૃતાર્થ થયાં જાણવાં.''

પછી મહારાજે સુરજરામને કહ્યું, ''બીજું કોઈ પદ આવડે છે ? આવડતું હોય તો ગાવો.'' તેથી સુરજરામે બીજી ગરબી ઉપાડી.

**મા પાવા તે ગઢથી ઉતર્યા, મહાકાળી રે.**

ગરબી પૂરી થતાં જ મહારાજે પ્રેમાનંદસ્વામીને રાગનું કીર્તન ગાવા કહ્યું. તરત જ સ્વામીના કંઠમાંથી કાવ્યથી સરવાણી વહેલા લાગી.

**પુરુષોત્તમ પુરુણ બ્રહ્મ, સહજાનંદ સ્વામી;**
**જેને ભજતાં છૂટે કર્મ, સહજાનંદ સ્વામી;**

એમ સ્વામીએ ગરબીના આઠ પદો ગાયા. તેમના પર શ્રીહરિની પ્રસન્નતાનો પાર ન રહ્યો. પછી શ્રીહરિએ સુરજરામને પૂછ્યુ, ''આ પ્રેમાનંદસ્વામીને તમે ઓળખો છો ?'' ત્યારે તેણે કહ્યું કે, ''હું ઓળખતો નથી.'' ત્યારે શ્રીહરિએ કહ્યું કે, ''તમારે કોઈ સંતાન છે કે નહીં ?'' ત્યારે સુરજરામનું મુખ પડી ગયું ને દુઃખી સ્વરે કહ્યું કે, ''હે નાથ ! ભગવાને એક બાળક આપેલો પણ ખોટી શંકા થવાથી એને મેં તજી દીધો. પરમેશ્વરનું એક દાન શંકાને કારણે પાછું ઠેલ્યું પછી બીજું પુત્રદાન કેમ મળે ? માટે હું નિઃસંતાન છું.'' એમ કહેતાં જ સુરજરામની આંખો આંસુથી ભરાઈ ગઈ.

શ્રીહરિએ કહ્યું , ''તજી દીધેલા એ બાળકને તમે ઓળખો ખરા ?''

સુરજરામે કહ્યું, "ચહેરો તો કેમ કરી ઓળખું ? પરંતુ ત્રણ દિવસના એ નાના બાળકને તજતા પહેલા મેં કુતૂહલથી તેના હાથ-પગની રેખાઓ જોઈ હતી. તેના હાથમાં ધ્વજ અને ચંદ્ર તથા ચરણમાં ઉર્ધ્વરેખા હતી એટલું યાદ છે." શ્રીહરિએ કહ્યું, "આ પ્રેમાનંદસ્વામીના હાથ-પગની રેખા તમે જુઓ તો !"

સુરજરામે સ્વામીના હાથ-પગની રેખા જોઈ. હાથમાં ધ્વજ અને ચંદ્ર તથા ચરણમાં ઉર્ધ્વરેખા અને ભાલમાં ઉન્નત ભાગ્યરેખા જોઈ સુરજરામની મતિ મુંજાઈ ગઈ, 'શું આ મારો જ બાળક હશે.. ?!' કોઈ નિર્ણય ન કરી શક્યા તેથી ધીરે રહી કહ્યું, "હે મહારાજ ! કાંઈ સમજ્યામાં આવતું નથી. કેમ જે, તજી દીધેલો નાનો બાળ જીવતો ક્યાંથી હોય..?" પરંતુ રેખાઓ જોતા તો એ જ લાગે છે. માટે આપ જ કૃપા કરી સત્ય વાત કહો."

પછી શ્રીજીમહારાજે પ્રેમાનંદસ્વામીના જન્મની પૂરેપુરી વિગત તેને ઓળખાણ સાથે કરાવી કે, "આ પ્રેમાનંદસ્વામી તમારા પુત્ર છે અને આ મુક્તાનંદસ્વામી એ તમારા મોટાભાઈ આણંદરામભાઈના પુત્ર છે." તે સાંભળીને સુરજરામને આંખો ભીંજાઈ ગઈ ને શ્રીહરિનાં ચરણમાં પડીને પોતાની થયેલ ભૂલની કબૂતાલ કરી. પોતાનો પુત્ર જીવતો છે અને પ્રગટ શ્રીહરિનો સંત બનેલો છે તેવું જાણી મનમાં ખૂબ આનંદ પામી બોલ્યા, "હે મહારાજ ! તમે મારી પ્રથમની બધી જ વાત કહી બતાવી, માટે તમે તો સાક્ષાત્ અંતર્યામી પરમેશ્વર છો. મને પૂર્વનાં પાપથી મુક્ત કરજો અને અંત વખતે મારી સંભાળ લેજો." પછી શ્રીહરિજીએ તેમને પોતાના આશ્રિત બનાવ્યા ને આજ્ઞા કરી કે, "આજ થી 'સ્વામિનારાયણ' એ નામનો જપ કરજો. અંત સમયે હું તમારી સંભાળ લઈશ."

ત્યાર બાદ શ્રીહરિએ તેમને મિષ્ટાન્ન જમાડીને ઘણું દ્રવ્ય આપી પ્રસન્ન કર્યા. પછી વિપ્ર સુરજરામ શ્રીજીમહારાજને તથા પ્રેમાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી વિગેરે સંતોને પગે લાગીને પોતાને ઘેર ગયા. થોડા દિવસો પછી મહારાજ તેને દર્શન આપી પોતાના ધામમાં તેડી ગયા.

એકવાર શ્રીહરિ પ્રેમાનંદ સ્વામીને સાથે લઈ ઘેલાના ઘાટે સ્નાન કરવા ગયા. સ્વામીનો હાથ પકડી હરિવરે ઘેલામાં સ્નાન કર્યું. પછી કાંઠે સભા ભરાણી, પ્રેમાનંદ સ્વામી પાસે શ્રીહરિએ કીર્તન-ભક્તિ કરાવી. તે સમયે આકાશમાં અનંત દેવતાઓ તે ભક્તિ-સંગીત સાંભળવા પધાર્યા. નારદજી અને તુંબરું વગેરે પણ આવ્યા. સ્વામીનું સંગીત સાંભળી તેમનો ગર્વ ગળી ગયો. સ્વામી કિર્તન-ભક્તિમાં ગુલતાન બની દેહનું ભાન ભૂલી ગયા. આવો તેમનો વિશુદ્ધ ભાવ જોઈ શ્રીહરિ અતિ પ્રસન્ન થયા.

તે સમયે નારદજીએ પ્રત્યક્ષ આવી શ્રીહરિને કહ્યું, “હે પ્રભુ ! દેવોના ગાયકરૂપે રહેલાં એવા મેં આવું સંગીત પહેલા ક્યારેય કોઈની પાસે સાંભળ્યું નથી, તો બીજાઓએ તો સાંભળ્યું જ ક્યાંથી હોય ?!” ત્યારે શ્રીહરિ કહે, “હે નારદ ! આ પ્રેમાનંદમુનિએ પૂર્વ અતિ હર્ષથી મારી ઘણી જ આરાધના કરી હતી. હું જ તેમને વરદાન આપવા ગયો હતો. અને મારા તે વરદાનને કારણે તેમને આવો મારામાં ગાઢ પ્રેમ છે. ભક્તિ છે. કેમ જે, મારાં ચરણની સેવા કરનારા માટે શું દુર્લભ હોય ?! ” શ્રીહરિનાં આવાં વચન સાંભળી તમામ દેવો રોમાંચિત થઈ ગયા. પછી શ્રીહરિ અને સ્વામીને વંદન કરી પોતપોતાનો સ્થાને ગયા.

પછી શ્રીહરિ કહે, “પ્રેમમૂર્તિ આ સંત સાથે અમે આંહી સ્નાન કર્યું તેથી આ ઘાટનું ‘પ્રેમાનંદઘાટ’” નામ પડશે. જે કોઈ અહીં સ્નાન કરી, અમારી મૂર્તિ સંભારી કીર્તન-ભક્તિ કરશે, સંગીતના વાજિંત્રોનું દાન કરશે તેમને મારું અખંડ સાનિધ્ય મળશે; તેના તમામ મનોરથો પૂર્ણ થશે. જેમ ગરૂડ આવતા જ સર્પો ભાગી જાય છે, તેમ ભક્તિ પૂર્વક અહીં કોઈ સ્નાન કરશે તેના તમામ દોષો નાશ પામશે.

વરસાદ વરસાવ્યો...

એક વાર ગઢપુરમાં વરસાદ ન હતો તેથી દુકાળ આવે એવી સ્થિતી થઈ. તેથી ખેડુતોએ આવીને મહારાજને પ્રાર્થના કરી. જે હે મહારાજ વરસાદ વરસાવો નહીં તો દુકાળ પડશે. ત્યારે મહારાજ કહે પૂર્વે નરસિંહ મહેતા એ મલહાર રાગ ગાઈને વરસાદ બોલાવ્યો હતો તેમ અહીં કોણ બોલાવશે ? ત્યારે પ્રેમાનંદ સ્વામી કહે હે મહારાજ હું વરસાદ બોલાવીશ. અને પછી સ્વામીએ મલહાર રાગ ગાઈને વરસાદ વરસાવ્યો.

**● દિવાનની સ્ત્રીનો કામ બાળ્યો...**

એકવાર ઘોડાસરમાં સુરતના ભક્તોએ મહારાજને ૧૮૦૦૦ રૂપિયાનો મોંઘો પોષાક પહેરાવ્યો હતો. ત્યારે ત્યાં ધરમપુરના કુંશળકુંવરબાએ તેમના દિવાન અને તેની પત્નીને કહ્યું- આ મોઘા વસ્ત્રો મહારાજને ભેટ આપી આવો. તેથી દિવાન અને તેની પત્ની ઘોડાસર ગામે મહારાજને વસ્ત્રો અર્પણ કરવા માટે આવ્યા. પણ મહારાજે પહેરેલા વસ્ત્રો જોઈ નવા ન આપ્યા પણ એના ભારો ભાર રૂપિયા આપ્યા. દિવાનની પત્નીને થયું જો ભગવાન હશે તો જમતા આવડશે તેથી તેને મહારાજને ઘેર જમવા બોલાવ્યા - મહારાજે એવી લીલા કરી અને જમ્યા કે હાથ પણ બગડવા ન દીધા.

આ દશ્ય અને મહારાજનું સ્વરૂપ જોઈ ધરમપુરના દિવાનની સ્ત્રીને કામ વળગ્યો. અને વિચારવા લાગી કે આ મહારાજ મારી સાથે વિહાર કરે તો કેટલું સારું ? આવા વિચારો કરતી દિવાનની સ્ત્રીને જાણી મહારાજે ઉલટી કરી નાખી. પછી મહારાજ અમદાવાદ આવ્યા. ત્યાં સાંખ્યાયોગી બહેનોએ જમવાનું પુછ્યું ત્યારે મહારાજે કહ્યું તમે થાળ બનાવો. અમે પિરસવા આવી છું. થાળ તૈયાર થયો પછી મહારાજે અદ્‌ભૂત શણગાર સજ્યા છે. અદ્‌ભૂત રૂપ ધારણ કર્યું. તમામ સ્ત્રીઓને પીરસવા માટે મહારાજ પોતે આવ્યા છે. તે સમયે બધી સ્ત્રીઓ મોહ પામી તે વખતે મહારાજનું સ્વરૂપ જોઈને તમામ સ્ત્રીઓની વાસના બળી ગઈ એમાં દિવાનની સ્ત્રી પણ બેઠેલી તેનો પણ મોહ નાશ થયો ને પુરુષને જોવે ને ઉલ્ટી થઈ જાય.

એક સ્ત્રી માટે એકજ વારમાં મહારાજે ૩૫૦ સ્ત્રીઓને નિષ્કામી કરી દીધી. પ્રેમાનંદસ્વામી એ આ લીલા જોઈને તેથી સ્વામીથી રહેવાયું નહીં.

તેરી સાવરી સુરત છટાંદાર... લગ ગઈ અખિયા હમારી હરિશું... ચરિત્રના સ્વામિએ ચાર પદ રચ્યા.

**● પ્રેમસખી ભાવ ભજવી ગઈ**

ગઢપુરમાં રંગોત્સવ કરી રાત્રે ઘણાં સંતો મહારાજ પાસે બેઠેલા અને બીજા સંતો સુઈ ગયા ત્યારે મહારાજ કહે, મુક્તાનંદ સ્વામી માલ કંઈ વાતમાં છે ? અમારા દર્શનમાં કે ઉંઘમાં ? ક્યો ઉપાય કરીએ તો બધાની ઉંઘ ઉડે ?

ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે બધાને ભેટો તો એમને સવારે ખબર પડે તો પસ્તાવો થશે એટલે વેલા ઉંઘે નહી ત્યારે મહારાજ ઢોલીયા પર ઉભા થઈ બધાને ભેટે છે. તે વખતે પ્રેમાનંદ સ્વામી ભેટવા ગયા ત્યારે મહારાજનો ખેસ હટી ગયો અને સ્વામીએ નાભીએ ચુંબન કર્યું ત્યારે મહારાજ કહે. પ્રેમસખી ભાવ ભજવી ગઈ. બ્રહ્માનંદ સ્વામી કહે ગાંડી લાગ આવે તો મુકે નહી. પેટ ઢાંકો નહી તો અમને પણ ઈચ્છા છે.

પ્રેમાનંદસ્વામીનો પ્રેમ અને કવિત્વશક્તિ અદ્‌ભૂત હતી. જ્યારે શ્રીહરિ દાદા ખાચરને પરણાવવા ભટવદર જતા હતા. ત્યારે બારપટોળી ગામના પાદરે પીપળાના વૃક્ષ નીચે બપોરે રોકાયા. ત્યાં એક ભરવાડ ઝાડ પર ચડી મસ્તીથી લલકારતો હતો.

**જાંબુડે જાઈશ મા ઘાયલ જાંબુડે જઈશ મા;**
**જાંબુડે જા'તો ઘાયલ, જાંબુડા ખાઈશ મા.**

આ રાગ સાંભળી શ્રીહરિ પ્રેમાનંદસ્વામીને કહે, ''સ્વામી ! આ રાગ અમને બહુ જ ગમે છે. મહારાજની મરજીને પળવારમાં પરખી જનારા'' પ્રેમાનંદસ્વામી સમજી ગયા અને તરત જ સ્વામીએ શ્રીહરિની મૂર્તિ હૈયામાં ધારી કિર્તન ઉપાડ્યું -

**સોનેરી મોળિયું સુંદર, સોનેરી મોળિયું; સોનેરી મોળિયું, ધર્મકુંવરનું.**

વળી, એકવાર શ્રીહરિ ગઢપુરમાં અક્ષર ઓરડીમાં બિરાજતા હતા. પ્રેમાનંદસ્વામી પાસે બેઠા હતા. તે સમયે જીવુબા, લાડુબા, રાજબા વગેરે બહેનો મહારાજ પાસે આવ્યા અને પ્રશ્ન કર્યો જે, ''હે નાથ ! તમે ધામમાંથી શા માટે અહીં પધાર્યા છો ? તે અમને કહો.''મહારાજે તેનો જવાબ આપ્યો. પ્રેમાનંદ સ્વામીએ મહારાજની મૂર્તિ તથા તે વાતને કાળજામાં કોરી લીધી.

આ વાત કાવ્યમાં લખવાનું સ્વામી વિચારતા હતા. પરંતુ કેવી રીતે લખવું ? તે પ્રશ્ન હતો. સ્વામીના અંતરની વાત જાણી અંતર્યામી શ્રીહરિ એકવાર સામે ચાલી તેમની ઓરડીએ પધાર્યા. તરત જ હરકતા હૈયાના શબ્દો મુખમાંથી સરી પડ્યા.

**આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ.**

આ રીતે પોતાની ઓરડીએ પધારેલા પ્રિયતમ શ્રીહરિનાં સ્વરૂપનું

વર્ણન બે પદમાં લખ્યું. ત્યાં તો મોટીબા આગળ મહારાજે નિજસ્વરૂપની વાત કરેલી તે યાદ આવી. તે કેમ લખવું..? એ વિચારમાં હતા ત્યાં પંક્તિનો સમય થયો. સ્વામી ઠાકોરજીનો પ્રસાદ લેવા પધાર્યા. ત્યાં પ્રેમીના કોડને પૂરનારા લાડકવાયા શ્રીહરિએ આવી બે પદ એ જ ઢાળમાં લખી નાખ્યા.

**બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન.**

આ પ્રેમાનંદસ્વામીની જીવનમૂડી જેવી સ્મૃતિ હતી. એકવાર તેમણે અહો ભાવ સાથે આ વાત નિષ્કુળાનંદસ્વામીને કરેલી. જેથી પ્રેમાનંદ સ્વામીની પ્રેમભક્તિના દર્શન કરાવતા આ પદો સત્સંગમાં અમર બન્યા.

શ્રીહરિ સ્વધામ જવા તૈયાર થયા ત્યારે દિલગીર હૃદયે જીવુબાએ મહારાજને પ્રાર્થના કરતા કહ્યુ, “હે નાથ ! આપના અંતર્ધાન થયા પછી મારે ભોજનનો થાળ કોને જમાડવો ?” ત્યારે કરુણાભીના હૃદયે શ્રીહરિએ કહ્યું, “હે મોટીબા ! આપ દિલગીર ન થાઓ. અત્યારની જેમ જ નિત્ય ઠાકોરજી માટે થાળ તૈયાર કરજો. અને પ્રથમ ગોપીનાથજી મહારાજને જમાડીને તે પ્રસાદી આ પ્રેમાનંદસ્વામીને જમાડજો, પછી તમે જમજો.” આ આજ્ઞા મુજબ શ્રીજીમહારાજ સ્વધામ ગયા બાદ મોટીબા કાયમ દેવોને થાળ ધરાવી પ્રથમ પ્રેમાનંદસ્વામીને પ્રસાદીનો થાળ જમાડ્યા પછી જ જમતા.

શ્રીજીમહારાજ સ્વધામ ગયા પછી પ્રેમાનંદસ્વામી ગઢપુરમાં શ્રીગોપીનાથજી મહારાજ પાસે વિરહના પદો ગાતા. શ્રીહરિ પાસે સ્વામી જ્યારે પ્રેમથી સંગીત સાથે કીર્તન ગાતા ત્યારે મહારાજ ખસતાં ખસતાં સ્વામી પાસે પહોંચી જતા ને સ્વામી સાથે તાલ લેતા.

ક્યારે હવે દેખું રે હરિ હસતા;<br>
પ્રેમાનંદ આગે ગાયે જયારે આવે ઓરા ઓરા ખસતા.

આ પદ પુરું થતાં સ્વામીની આંખમાં અશ્રુની ધારા વહેતી. તે સમે મૂર્તિમાંથી શ્રીજીમહારાજ પ્રગટ થઈ પ્રેમાનંદસ્વામીને પ્રેમથી હાર પહેરાવતા અને ભાવથી ભેટતા ને કહેતા કે, “હું ગયો નથી, આ મૂર્તિમાં અખંડ રહ્યો છું.”

શ્રીજી સ્વધામ ગયા પછી એક પ્રસંગે સ્વામી વડતાલ કાર્તિકી

સમૈયામાં આવ્યા હતા. તે પ્રસંગે એક સત્સંગી ત્યાં હાજર હતા. તેમણે વાત કરેલી કે, તે સમૈયામાં વીસ હજાર સત્સંગીઓ આવ્યા હતા. મંદિરની પાછળના ચોકમાં મંડપ બાંધ્યો હતો. તેમાં મંચ ઉપર બેસીને સ્વામીએ પોતાની સિતાર અને સારંગી સાથે 'સજની શ્રીજી મુજને સાંભળ્યા રે..' એ પદો ગાયા હતા. જેમ જેમ સ્વામીના સૂરની ગતિ વધતી ગઈ તેમ તેમ ત્યાં બેઠેલા- ઊભેલા શ્રોતાઓનાં હૃદય ચિરાવા લાગ્યાં અને સૌના નેત્રોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યા હતા. ચારેય પદ પૂર્ણ થયા ત્યાં તો સ્વામી પણ નિશ્ચેત થઈને પૃથ્વી ઉપર ઢળી પડ્યા હતા. તે સભામાં એક વ્યક્તિ એવો ન હતો કે જેની આંખોમાં આંસુ ન હોય. આમ પ્રેમાનંદસ્વામીએ પોતાના હૈયામાં ઉભરાતા પ્રેમરૂપી પ્રવાહમાં સહુને સ્નાન કરાવી પરાભક્તિથી તરબોળ કર્યા હતા.

એ જ પદોના સંબંધમાં કવિ દલપતરામભાઈની નોંધ પણ આ પ્રમાણેની છે. તેમને સ્વામીનો મેળાપ થયો હતો. સન્. ૧૮૬૧માં કવિ દલપતરામે લખેલ 'બુદ્ધિપ્રકાશ' ગ્રંથમાં પ્રેમાનંદસ્વામીના જીવન વિશે તેમણે લખ્યું કે, "અમદાવાદમાં ભરાયેલા એક સમૈયામાં પ્રેમાનંદસ્વામીએ શ્રીજીના વિરહમાં 'સજની શ્રીજી મુજને સાંભર્યા રે..' એ ગરબીઓ એવા ભાવ સાથે ગાઈ હતી કે ત્યાં એકઠા થયેલા હજારો સત્સંગીઓનાં નેત્રોમાંથી અશ્રુપ્રવાહ વહ્યો હતો, ને સ્વામીનો કંઠ પણ રૂંધાઈ ગયો હતો, તથા પોતે પણ પૃથ્વી ઉપર ઢળી પડ્યા હતા. એવો હતો એમનો નિષ્કામ પ્રેમ !!" આવા પ્રેમે જ તેમનું 'પ્રેમસખી'નામ સાર્થક કર્યું હતું.

પ્રેમાનંદસ્વામી સમય સમય પ્રમાણેનાં અસંખ્ય પદો રચ્યાં છે.

(૧) ધ્યાનમંજરી (૨) વિવેકસાર (૩) શિક્ષાપત્રી (દોહાવલી) (૪) સર્ગનિસરણી (૫) ચોવીસ એકાદશી માહાત્મ્ય (૬) ઉન્મત્તગંગા માહાત્મ્ય (૭) શ્રીમદ્ભાગવત માહાત્મ્ય (૮) સત્યભામાનું રુષણું (૯) ગોપીનાથજીનો ગરબો (૧૦) શિવજીનો ગરબો (૧૧) શ્રીહરિસ્વરૂપધ્યાનસિદ્ધિ (પદ-૩૦). આટલા સ્વામીના અપ્રસિદ્ધ ગ્રંથો છે. તુલસી વિવાહનાં પદો પ્રસિદ્ધ છે.

સ્વામીશ્રીએ પોતાની છેલ્લી ઉંમરમાં સં. ૧૯૧૦, ચૈત્ર વદ

અમાસ, ગુરુવારે ગઢપુરમાં રચેલો ગ્રંથ એટલે 'ધ્યાનમંજરી' જેમાં કુલ ૯૨૭ દોહા, સોરઠા ને છંદ-છપ્પઈ છે. (૧૬) 'શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્ર.' આ ગ્રંથના ૬૮ અધ્યાય છે. ૩૮૫૭ દોહા-છંદ છે. સં. ૧૯૧૧, કારતક વદ એકાદશી, સોમવારે ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં આ ગ્રંથ પુરો થયો છે.

આ સમયમાં ગઢપુરમાં કોઠારી પદે પરમાનંદસ્વામી હતા. મંદિરનો આર્થિક-વ્યવહાર ચલાવવો મુશ્કેલ હતો તેથી તેમણે રઘુવીરજી મહારાજને જે મંદિરનો વહિવટ ચલાવવા માટે પૂજા શેઠ ને રાખ્યા હતા. પ્રેમાનંદ સ્વામી માટે જુદો થાળ જતો એ વાત અમુક લોકોને ન ગમી તેથી પૂજા શેઠની કાન ભંભેણી કરી. ત્યારે પૂંજા શેઠે પ્રેમાનંદ સ્વામીને કહ્યું કે આ યોગ્ય નથી. સ્વામી કશું બોલ્યા નહી. પરંતુ જીવુબાને ખબર પડતા બહું દુઃખી થયાને જીવુબા બોલ્યાં કે મને તો મહારાજ ધામમાં ગયા ત્યારે આજ્ઞા કરતા ગયા છે કે, પ્રેમાનંદસ્વામીને જમાડીને જમજો." આ વાતમાં પૂંજાને શું ખબર પડે પૂંજા એટલે કચરો આટલું બોલી મોટીબા મૌન રહ્યા. તે દિવસે સ્વામી અને મોટીબા બન્નેને ઉપવાસ થયા અને પૂંજા શેઠને બરડામાં મોટું ગુમડું થયું. રાત્રે ખબર મળતા પુંજા શેઠ બન્ને પાસે ગયા અને માફી માગીને સમાધાન કર્યું, પરંતુ નિત્ય વહાલાના વિરહે ઝૂરતા પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામીને હવે જગત ઝેર બની ગયું, દેહ અને દુનિયા વેરાન વન જેવી લાગવા મંડી.

**● સ્વામીનો અક્ષરવાસ**

'શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્ર' ગ્રંથ પૂરો થયા બાદ ચોથે દિવસે સં. ૧૯૧૧ના કારતક વદ-૩૦ને દિવસે સવારે ૧૦:૦૦ વાગે સ્વામી બોલ્યાઃ "આ મહારાજ અનંત મુક્તો સાથે મને તેડવા આવ્યા છે. હું હવે સદા શ્રીહરિની સેવામાં જાઉં છું." એમ કહી આંખો મીંચી ગયા. આશરે ૭૫ વર્ષની ઉંમરે ભૌતિક દેહનો ત્યાગ કરી, દિવ્ય દેહ ધરી અખંડ મહારાજની સેવામાં પહોંચી ગયા. હાજર રહેલા ઘણા સંતો-ભક્તોને શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન થયાં. આમ સ્વામીશ્રી ગઢપુરમાં જ અક્ષરવાસી થયા હતા.

# સનકાદિકોનો સત્સંગમાં જન્મ

સનકાદિક ઋષિ બ્રહ્માના ચાર માનસ પુત્રો છે. જેમને સનત, સનન્દન, સનાતન, સનતકુમારના નામથી ઓળખવામાં આવે છે. પુરાણોમાં જેમની ખૂબ જ મહત્તા છે, જેમને ભગવાનના અવતાર પણ કહેવામાં આવે છે, જેમની ઉંમર હંમેશાં માત્ર પાંચ વર્ષની રહે છે.

શ્રીમદ્ ભાગવત સપ્તમ સ્કંદમાં જેમની કથાનું વિસ્તારપૂર્વક વર્ણન કરતા લખવામાં આવું કે એક વાર સનકાદિકો જેવો હંમેશા દિગંબર અવસ્થામાં છે જે શ્રી ભગવાન વિષ્ણુના દર્શન કરવા માટે વૈકુંઠમાં ગયા ત્યાં જય અને વિજય નામના પાર્ષદોએ ચારે મુનિયોને વૈકુંઠમાં જતા અટકાવ્યા અને મજાક કરવા લાગ્યા. જેથી ક્રોધે ભરાઈ ચારે મુનિઓએ જય અને વિજયને વૈકુંઠ લોકમાંથી પડવાનો શાપ આપી દીધો. જે જય-વિજય આ ધરતી પર ભગવાનના આશીર્વાદથી હિરણાક્ષ અને હિરણ્યકશ્યપુનો પ્રથમ જન્મ્ પામ્યા. બીજા જન્મમાં રાવણ-કુંભકર્ણ રૂપે થયા અને ત્રીજા જન્મમાં શિશુપાલ તથા દંતવર્કનો જન્મ લેવો પડ્યો. જેમના ઉદ્ધાર માટે ભગવાન શ્રીહરિએ આ ધરતી પર વરાહ, નૃસિંહ, શ્રીરામ તથા શ્રીકૃષ્ણ રૂપે જન્મ લીધા હતા. ભગવાન શ્રીવિષ્ણુએ ચાર સનકાદિકોને દ્વાર પર જ દર્શન આપીને ત્યાંથી જ વિદાય આપી... સનકાદિક ઋષિઓ યુગોથી બ્રહ્માંડોમાં વિચરણ કરી ભગવાનના ગુણ ગાય છે. નારદજીને શ્રીમદ્ ભાગવતનું રસપાન પણ આ ચાર ઋષિઓ દ્વારા પ્રાપ્ત થયું હતું.

શ્રીહરિના ગુણોને ગાતા-ગાતા વિચરતા મુનિઓને જયારે છપૈયામાં શ્રીહરિના પ્રાગટ્યની વાત મળી, એટલે પ્રભુના દર્શન કરવા ચારે સનકાદિકો દર્શન માટે આવ્યા છે... જેનો પ્રસંગ શ્રી ઘનશ્યામ

લીલામૃતમાં આ રીતે વર્ણન કરવામાં આવ્યો છે.

શ્રી રામપ્રતાપજી મહારાજ તથા ઘનશ્યામ મહારાજ વાળુ કરીને આંબલીના વૃક્ષ નીચે ચોતરા ઉપર બેસીને વાતો કરતા શ્રીહરિ બોલ્યા, હે મોટાભાઈ અમારે તો બ્રહ્મચારી થઈને સનકાદિક જેવા સાધુનો સમાગમ કરવો છે. ત્યારે રામપ્રતાપજી મહારાજ બોલ્યા, હે ઘનશ્યામ ! હજી તો તમે નાના છો. ને બ્રહ્મચારીના ધર્મ પાળવા તે તો બહુ જ કઠણ છે. ત્યારે શ્રીહરિ કહે હે ભાઈ ! પાળે તેને કોઈ કઠણ નથી. એવી વાતો કરતા-કરતા માતાએ પથારી કરી આપી તેથી સુઈ ગયા. તે સમયે શ્રીહરિની ઈચ્છાથી ચાર સનકાદિક બાળ સ્વરૂપે આવીને બોલ્યા હે અક્ષરાધિપતિ પુરુષોત્તમ ભગવાન ! અમે તમારા દર્શન કરી ખૂબ જ કૃતાર્થ થયા છીએ. ત્યારે પ્રભુ કહે, હે બાળયોગીઓ તમે તો કૃતાર્થ જ છો. હે પ્રભુ આ પૃથ્વી પર ભગવાનના અનંત અવતાર થયા છે, પરંતુ તમે તો અક્ષરધામના પતિ પુરુષોત્તમ આ બ્રહ્માંડની અડધી આવરતા થઈ ત્યારે પોતાના એકાંતિક ભક્તોને લાડ લડાવવા માટે પ્રગટ થયા છો. તેથી તમારી કૃપાથી અમને આપના દર્શન થયા એટલે અમે કૃતાર્થ થયા છીએ. અત્યાર સુધી આપના અવતારના ગુણો ગાતા હતા. હવે અવતાર સહિત અવતારી એવા તમારા ગુણોનું ગાન કરીશું. આમ સ્તુતિ કરી પૂજા કરી. તેથી ચોકમાં ઘણો પ્રકાશ થયો એટલે ધર્મદેવ અને રામપ્રતાપજી ભાઈ જાગીને બોલ્યા જે આટલો બધો પ્રકાશ શાનો છે ? ધર્મદેવ કહે, એ તો સનકાદિક છે પણ એમને વસ્ત્ર કેમ પહેર્યા નથી ? એ તો પાંચ વર્ષના ઉધ્ધરેતા બ્રહ્મચારી છે એ આદિ કલ્પથી આવાને આવા જ છે અને જ્યાં સુધી સૃષ્ટિ રહેશે ત્યાં સુધી આવી જ અવસ્થામાં રહેશે ! જ્યારે ભગવાનના અક્ષરધામમાં જશે ત્યારે કિશોર અવસ્થા પ્રાપ્ત કરશે. તેથી રામપ્રતાપજી મહારાજ પગે લાગ્યા, સનકાદિક કહે, હે પ્રભુ હવે આપની આજ્ઞા હોય તેમ અમે કરીએ ત્યારે ઘનશ્યામ મહારાજ કહે,

**"તેણે પૂજાની સમાપ્તિ કરી, બોલે છે શ્રીહરિ પ્રત્યે ફરી**
**આજ્ઞા શું આપો છો જી અમને, પ્રભુ કે સુણો કહુ તમને**

**અમે સત્સંગમાં જૈયે જ્યારે, તમે આવજ્યો ત્યાં ભાઈ ચારે**
**તમને દીક્ષા આપીશું ત્યાંયે, રાખીશુ અક્ષરમુક્તમાંયે.**
**વાત પ્રગટ કેરી કરજો, મમ આજ્ઞાને અનુસરજો.**

અમે જ્યારે સત્સંગમાં જઈએ ત્યારે તમે ચારે ભાઈ આવજો. અમે તમને દીક્ષા આપી ગુણાતિત મુનિ તથા આનંદાનંદ વર્ણી એવા નામ પાડીને પરમહંસ બનાવીશું. અત્યારે તમે જે તીર્થમાં લોકાન્તરમાં જાઓ ત્યાં અમારી પ્રગટની વાતો કરજો. શ્રીહરિની આજ્ઞા શીરે ચઢાવી દર્શન કરી લોકાન્તરમાં પ્રભુની પ્રગટની વાતો કરવા લાગ્યા.

અને ચારે સનકાદિક સત્સંગમાં વૈકુંઠાનંદ બ્રહ્મચારી, વાસુદેવાનંદ બ્રહ્મચારી, આનંદાનંદ બ્રહ્મચારી અને ગુણાતિતાનંદ બ્રહ્મચારી (ગોવિંદાનંદ બ્રહ્મચારી) રૂપે રહી મહારાજની ખૂબ જ સેવા કરી.

**● બ્રહ્મચારીઓનું પૂજન, ભોજન અને સનકાદિકોની ઓળખ**

મૂળજી બ્રહ્મચારીની ઓરડીથી ઉગમણું બ્રહ્મચારીનું રસોડું હતું. તે જગ્યાએ બધા બ્રહ્મચારીએ મળીને એક દિવસ મહારાજની પધરામણી કરી. પછી મહારાજની ચંદન-પુષ્પે કરીને પૂજા કરી અને પછી તરધારી લાપસી (ઘી, ગોળ અને લોટ ત્રણેય સરખા વજને નાખીને બનાવેલી લાપસી) કરીને મહારાજ તથા ઉત્તમરાજાને પ્રેમથી જમાડ્યા.

પછી મહારાજે બધાય બ્રહ્મચારીની બુદ્ધિની પરીક્ષા પ્રશ્ન પૂછીને કરી લીધી. પછી મહારાજે ચારને કહ્યું કે, ''આ વૈકુંઠાનંદ બ્રહ્મચારી, વાસુદેવાનંદ બ્રહ્મચારી, આનંદાનંદ બ્રહ્મચારી ને ગોવિંદાનંદ બ્રહ્મચારીએ ચાર તો સનકાદિકના જેવા છે.'' એમ કહી એ ચારેને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

પછી તે જગ્યાએ સભામાં બેઠેલા કેટલાકને સંશય થયો કે, શું આ ચાર વર્ણીઓ સનકાદિક જેવા હશે'? ત્યારે તે જગ્યાએ સચ્ચિદાનંદ સ્વામીને સમાધિ થઈ અને તેમાં ચાર બ્રહ્મચારીઓને સનકાદિકના જેવા જોયા. પછી સમાધિમાંથી મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને ઉઠાડ્યા. પછી તે બોલ્યા જે, ''હે મહારાજ ! આ ચાર બ્રહ્મચારી સનકાદિક જેવા છે. એમ મેં જોયું. અને આટલા જણાને તેનો સંશય થયો હતો, તેના સંકલ્પ

મેં કળ્યા છે.'' પછી જેને સંશય હતો તે સંકલ્પવાળા મહારાજને પગે લાગી કહે જે, ''અમારો અપરાધ માફ કરો.'' પછી મહારાજ સર્વને 'જય સચ્ચિદાનંદ' કહીને ઉતારે પધાર્યા.

**● એક સનકાદિક સ.ગુ. શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારી રૂપે**

સાબરકાંઠા જીલ્લામાં મોડાસા પાસે માલપુર ગામ છે. તે વાસુદેવાનંદ સ્વામીની જન્મભૂમિ છે. જ્ઞાતિએ ત્રિવેદી (ત્રવાડી) બ્રાહ્મણ હતા. પૂર્વાશ્રમનું નામ જીવત શર્મા હતું. નાંદોલમાં લક્ષ્મીરામ શાસ્ત્રી પાસે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. શાસ્ત્રીજી એકવાર જેતલપુર મહારાજનાં દર્શનાર્થે ગયા ત્યારે આ જીવત શર્મા સાથે લેતા ગયા હતા. મહારાજનાં દર્શન થતાં પૂર્વની સ્મૃતિ જાણે થઈ હોય તેમ પ્રાર્થના કરીને મહારાજની સાથે જ રહ્યા. અને પ્રભુએ દીક્ષા આપી ગોપાળાનંદ નામ પાડ્યું.

અને મુકુંદાનંદ બ્રહ્મચારી પાસે રાખ્યા અને મુક્તાનંદ સ્વામી પાસે ભણવાની આજ્ઞા થઈ. તે મુજબ ભણતા. એકવાર મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું કે પ્રભુ, આ નાના બ્રહ્મચારી તો ચમત્કારી મૂર્તિ છે. જે કાંઈ ભણાવું છું તે તર્ત જ મોંઢે રહી જાય છે. મહારાજ કહે એ તો પૂર્વના મોટા છે. પછી નિત્યાનંદ સ્વામી પાસે વધુ અભ્યાસ કરાવ્યો વેદ, શાસ્ત્ર પુરાણ, ઈતિહાસ વગેરેમાં અજોડ વિદ્વાન થયા.

એકવાર મહારાજે લોયા ગામમાં આજ્ઞા કરી કે આજે તો નાના બ્રહ્મચારી ગોપાળાનંદ કથા વાંચે. એક તો ઉંમર નાની હતી અને વળી શરીરે બેઠી દડિના (ઠીંગણા) હોવાથી મહારાજ કહે ઊભા ઊભા વાંચો. પછી ઊભા ઊભા કથા સંભળાવી. એ કથામાં આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. સૌની વૃત્તિઓ જાણે એમાં જોડાઈ ગઈ. પછી અધ્યાય પૂરો થયો ત્યારે મહારાજે તેમને ઉપાડીને પોતાના ઢોલિયા પર બેસાડ્યા. ને પોતાનાં વસ્ત્રો પહેરાવ્યાં. ચન્દન ચર્ચ્યુ, આરતી ઉતારી, ચરણ ધોઈને પોતે પીધું અને સૌને પાયું. પછી મહારાજે સભા સમક્ષ કહ્યુંકે - આજથી અમે આમને અમારી ગાદી ઉપર બેસાડીએ છીએ. એમની પાસેથી સૌ ગુરુમંત્ર લેજો. સભામાં આવે ત્યારે ઉભા થવું અને સૌને આમનો ચરણ સ્પર્શ કરવો. અને આ તો શ્વેતદ્વીપના વાસુદેવ છે. માટે આજથી એમનું નામ

વાસુદેવનંદજી રાખીએ છીએ. સૌએ આ નામથી બોલાવવા.

એ રીતે એમનું નામ વાસુદેવાનંદજી પડ્યું. પોતે નાના અને શરમાળ હોવાથી મહારાજે સભામાં પ્રશંસા કરી એટલે ખૂબ શરમાઈ ગયા અને ગળગળા બની ગયા. સભામાંથી આસને જઈને રોવા લાગ્યા.

પછી મુળજી બ્રહ્મચારી મહારાજ પાસે ફરિયાદ લાવ્યા કે "ઓલ્યા નાના બ્રહ્મચારીની તમે પૂજા કરી, આરતી કરી, ગાદી સોંપી અને તેમના પગ ધોયેલુ પાણી તમે પીધું. બધા ને પાયું તેથી દુઃખી થઈ ગયા છે ને ખૂબ રડ્યા કરે છે ને ખાતાં-પીતાં નથી."

મહારાજ કહે શરીરે નાના છે પણ બહુ મોટા છે. એમને મુક્તાનંદ સ્વામી પાસે લઈ જાઓ. તે શાંત કરી દેશે. અને થયું પણ તેમજ. મુક્તાનંદ સ્વામીએ બે ત્રણ વાક્યો જ સંભળાવ્યાં કે જુઓ બ્રહ્મચારી, તમને તો માન મોટપ કંઈ જ ગમતું નથી પણ મહારાજ તો આપણા માતા-પિતા છે. તે આપણને ગમે તેવા લાડ લડાવે તેથી રાજી રહેવું, મુંઝાવું નહિ. મા-બાપ પોતાનાં છોકરાંને ખવરાવે, પીવરાવે, માથે બેસારે, ખોળામાં બેસારે એમાં કંઈ છોકરાંને અપરાધ થતો નથી. તેમ તમે નિર્દોષ છો. અને મહારાજ ગમે તેવા લાડ લડાવે તેમાં રાજી રહેવું. કારણ કે આપણ તો એમનાં છોકરાં છીએ." સ્વામી ના આટલાં વચનોથી જ બ્રહ્મચારીને શાંતિ થઈ.

મોટા મોટા વિદ્વાનો અને રાજાઓ સ્વામીની વાણી સાંભળી સત્સંગી થઈ જતા, એક વાર પ્રાંતિજના હરિશંકર બ્રાહ્મણે કહ્યું કે - સ્વામી ! આપની વાણી સાંભળીને સહજાનંદ સ્વામીની ભક્તિ કરવાની ઈચ્છા થાય છે પણ આખી જીંદગી શંકરની ઉપાસના કરી છે તે હવે છોડું તો પતિવ્રતા ભક્તિમાંથી પડ્યો કહેવાઉં માટે કેમ કરૂં ? સ્વામી કહે તને મહાદેવજી કહે તો વર્તમાન ધારણ કરજે. પછી રાત્રે બોખ પર મહાદેવનાં દર્શને ગયો. પ્રત્યક્ષ દર્શન આપીને ભોળાનાથે કહ્યું કે - તેં આખી જીંદગીથી મારી ભક્તિ કરી છે તેથી હું પ્રસન્ન થયો છું અને કહું છું. કે સ્વામી કહે તે વાત સત્ય છે. માટે કલ્યાણ મેળવવા માટે સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરો. આમ હરિશંકરભાઈ ને સ્વામી દ્વારા સત્સંગ થયો.

એકવાર મહારાજ સંતોની પંક્તિમાં પીરસતા હતા તે પીરસવાનું મુકી બ્રહ્મચારી પાસે આવીને કહ્યું જુવોને મારા કાનમાં કીડી ચડી છે. સ્વામીએ મહારાજના ડાભા કાનમાં જોયું તો એક તલનું દર્શન થયુ ને સ્વામી એ તે તલનું ધ્યાન કર્યું. ''વહાલા તારા વામ કરણમાં તીલ તેને મનડા હર્યા રે લોલ'' સ્વામીએ જ્યારે આ તલનું દર્શન કર્યું તે દિવસથી મહારાજ સાથે રહીને કાયમ ડાભા કાનમાં તલનું ધ્યાન પણ કરતા.

**● વાસુદેવ બ્રહ્મચારીને મોટેરા કર્યા**

લોયામાં મહારાજ કહે, ''કરો પ્રશ્ન.'' પછી સંત પ્રશ્ન પૂછે તેનો ઉત્તર મહારાજ કરે ને એમ બોલે જે, ''કરો શંકા.'' ત્યારે સંત કહે જે, ''મહારાજ ! જરાય શંકા નથી.'' પછી મહારાજ બોલ્યા જે, ''અમે વાસુદેવ બ્રહ્મચારીને મોટેરા કરીએ છીએ.'' ત્યારે દેવાનંદસ્વામી સંન્યાસી બોલ્યા જે, ''એ મોટેરા કરવા યોગ્ય છે.'' પછી મહારાજ મંચ ઉપરથી ઊતરીને પગે લાગ્યા. પછી મહારાજ પાછા મંચ ઉપર બિરાજ્યા. પછી મશાલો થઈ ને આરતી-ધૂન કરીને શ્લોક બોલ્યા ને પગે લાગીને બેઠા.

ત્યારે મહારાજ કહે, ''સામસામા શ્લોક બોલો.'' પછી સંત બોલવા લાગ્યા. પછી મહારાજ કહે, ''કેના પક્ષમાં જીત થઈ ?'' ત્યારે સંત બોલ્યા જે, ''બેય બરોબર છીએ.'' ત્યારે મહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને શયન કરવા પધાર્યા ને જળપાન કરીને વસ્ત્ર ઉતારીને પોઢ્યા.

સ્વામીના શિષ્ય બ્ર. યોગેશ્વરાનંદજીએ ધ્રાંગધ્રાના શાસ્ત્રી કૃપાશંકરભાઈ પાસે સત્સંગી ભૂષણ ગ્રંથની ટીક લખાવી. **વિદ્યાવતાં ભાગવતે પરિક્ષા** એ ઉક્તિને ભુલાવે એવા આ વિદ્વત્તાપૂર્ણ ગ્રંથની ટીકા લખી. લખતાં લખતાં કૃપાશંકરભાઈ પણ મુંઝાઈ જતા. ત્યારે એવા અઘરા શ્લોકોના અર્થો સ્વામી દર્શન આપીને કૃપાશંકરને બતાવી જતા. કૃપાશંકરભાઈ કહેતા કે સ્વામિનારાયણ તો ભગવાન છે પણ હું તો આ ગ્રંથકર્તાને ભગવાન માનું છું. આવી રચના તો વ્યાસજીની પણ નથી. આવો અદ્વિતીય ગ્રંથ ભક્તિશાસ્ત્ર સત્સંગિભૂષણની સંપ્રદાયને ભેટ આપીને સં. ૧૯૨૦ના કારતક વદ-૧૩ના દિવસે મોટી સભા બોલાવી.

સૌ સંત હરિભક્ત તથા શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને સત્સંગની ભલામણ કરીને ધામમાં પધાર્યા. સ્વામીના શરીરને જ્યાં અગ્નિસંસ્કાર કર્યો ત્યાં નારાયણઘાટ ઉપર છત્રી છે.

**● બીજા સનકાદિક આનંદાનંદ બ્રહ્મચારી રૂપે જન્મ્યા**

એક સમે મેઉ ગામને વિષે સદ્‌ગુરુ રામાનંદસ્વામી પધાર્યા હતા. અને ત્યાં બેચરભાઈ પંચોળી કરીને એક પવિત્ર બ્રાહ્મણ ને વળી વિદ્વાન અને પૂર્વના મુમુક્ષુ એવા રામાનંદસ્વામી ના સેવક, તે ગામમાં રહેતા હતા. ત્યાં રામાનંદસ્વામી પધાર્યા અને બેચરભાઈએ સ્વામીને વિનંતી કરી જે, "સ્વામી ! કાલે મારે ત્યાં જમવાનું આમંત્રણ કરું છું." સ્વામીએ એ પોતનો શુદ્ધ ભક્ત જાણીને આમંત્રણ સ્વીકાર્યું.

પછી બીજે દિવસે સવારમાં રસોઈ તૈયાર કરી બેચરભાઈ પોતે સ્વામીને તેડવા માટે તેમને ઉતારે ગયા. સ્વામી વાહનમાં બેસી બેચરભાઈને ઘેર જમવા પધાર્યા. પછી ત્યાં સ્વામીને બાજોઠ ઉપર બેસારીને ઉષ્ણ જળથી સ્નાન કરાવ્યું. પછી સ્વામીને પીતાંબર પહેરાવી બાજોઠ ઉપર જમવા બેસાર્યા. પછી સ્વામી પોતાના શિષ્યો સહિત જમવા બેઠા. ત્યારે બેચરભાઈએ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોસ્ય; એ ચાર પ્રકારનાં ભોજન સ્વામીને પીરસ્યાં અને ખૂબ મનુવાર (આગ્રહ) કરીને સ્વામીને જમાડ્યા. પછી શુદ્ધ (જળ વડે) આચમન કરાવી પોતાની ઓસરીમાં ગાદીતકિયો નંખાવી ને ઉપર સ્વામીને પધરાવ્યા. પછી ધૂપ દીપ વિગેરે ષોડશોપચારથી સ્વામીની પૂજા કરી દંડવત અને પરિક્રમા કરીને સ્વામીને પાય લાગ્યા.

પછી સ્વામી પ્રસન્ન થઈ પોતાના શુદ્ધ ભક્ત જાણી બોલ્યા જે, "તમારે ઘેર સનંદન નામના સનકાદિક અવતાર લેશે અને તે આ પૃથ્વીને વિષે મહા પ્રખ્યાતિને પામશે. અને જીવનપર્યંત બ્રહ્મચર્યવ્રત પાળીને સ્વામિનારાયણ ભગવાનની સેવા કરશે;" એવા મહપ્રતાપી થાશે." એવાં સ્વામીનાં આશિષવચન સાંભળીને તે બન્ને દંપતી (સ્ત્રી-પુરુષ) બહુ જ પ્રસન્ન થયાં. અને સ્વામી થોડાક દિવસ ત્યાં રહીને ગામડામાં ફરવા પધાર્યા.

પછી સંવત્ ૧૮૫૪ ના માઘ સુધી પંચમીને દિવસે બેચરભાઈને ઘેર સદ્ગુરુ રામાનંદસ્વામીના આશીર્વાદથી પુત્ર જન્મ્યા. તે વખતે માતા-પિતાએ ચૌલ સંસ્કાર કર્યા અને તેમનું નામ દલસુખ રાખ્યું હતું. એવા એ પુત્રને જોઈને તેઓ ઘણા પ્રસન્ન થયાં. અને પોતે બાલચંદ્રની પેઠે વૃદ્ધિને પામ્યા. અને માતા-પિતા પણ પોતાના પુત્રના સદ્ગુણ જોઈને ઘણા પ્રસન્ન થયાં. અને સદ્ગુરુ રામાનંદસ્વામીએ જેવા કહ્યા હતા તેવા જ પુત્રના ગુણ જોઈને બહુ જ આનંદ પામતાં હવાં. પછી આઠ વરસના થયા ત્યારે વેદોક્ત વિધિથી પિતાએ ઉપવીત સંસ્કાર કરાવ્યા. અને બ્રહ્મચારીના ધર્મ કહી સંભળાવ્યા. અને પોતાને પણ એવો જ વિચાર હતો જે, મારે બ્રહ્મચર્યવ્રત પાળીને વિદ્યાભ્યાસ કરવો છે.

એક વખત દલસુખરામભાઈ મછિયાવ પોતાના મામા (મૂળજી બ્રહ્મચારી) ને ઘેર ભણવા માટે ગયા હતા. તે સમયે શ્રીજીમહારાજ મછિયાવ પધારેલા હતા. અને દલસુખરામ ગામને પાદર બાળકો ભેળા રમતા હતા. ત્યાં શ્રીજીમહારાજ સખા સહિત પધાર્યા. પછી મહારાજે દલસુખરામભાઈનું નામ લઈને બોલાવ્યા. પોતાનુંનામ સાંભળી તુરત તેઓ પાસે આવીને પગે લાગ્યા. ત્યારે મહારાજ કહે, “દલસુખ ! ફઈબાને કહી આવ્ય જે, રોટલા લાવે.’ અને રંગા ફઈને કહેજે, માખણ લાવે.” તે સાંભળી દલસુખભાઈ એકદમ દોડ્યા ગયા અને ફઈબાને કહ્યું જે, “મહારાજ સખા સહિત ગામને પાદર પધાર્યા છે તે રોટલા મંગાવ્યા છે.” તે સાંભળીને ફઈબાએ એક માણસને માથે રોટલાનું તપેલું ભરીને મહારાજ પાસે મોકલ્યા અને પોતે પણ સાથે ગયાં. પછી દલસુખભાઈ રંગા ફઈને ઘેર ગયા અને કહ્યું જે, “મહારાજ સખા સહિત ગામને પાદર પધાર્યા છે, તે માખણ મંગાવે છે.” તેથી રંગા ફઈ માખણનું મોટું તપેલું ભરીને મહારાજ પાસે લઈને ગયાં. એટલે મહારાજે તળાવની પાળે સખાની પંક્તિ કરીને તેમનાં રોટલા તથા માખણ અને દૂધ સૌને જમાડ્યાં. અને દલસુખભાઈની ઉપર શ્રીજીમહારાજ બહુ જ પ્રસન્ન થઈને તેમના માથા ઉપર પોતાનાં બે હાથ મૂક્યા.

**● આનંદાનંદ બ્રહ્મચારીએ ત્યાગી થવાની માત-પિતા પાસે રજા માંગી**

એક વખત દલસુખભાઈએ પોતાના માતા-પિતાને કહ્યું જે, "મારે ઘરનો ત્યાગ કરીને સ્વામિનારાયણ ભગવાન પાસે જવું છે અને આ જીવન તેમની સેવામાં ગાળવું છે. કેમ કે, મારે સંસારમાં રહેવું નથી. પછી તેમનું વચન સાંભળીને તેમનાં માતા-પિતા બહુ વિચારમાં પડ્યાં જે, 'હજુ બાલ્યાવસ્થામાં આટલો બધો વૈરાગ્ય છે તો રામાનંદસ્વામીના કહેવા પ્રમાણે આ તો સનંદન નામના સનકાદિક જરૂર હશે !'

પછી પોતે ગૃહનો ત્યાગ કરી સંવત્ ૧૮૬૪ની સાલમાં સ્વામિનારાયણ ભગવાનની સેવામાં દાખલ થયા. અને પોતે સ્વામિનારાયણ ભગવાન થકી ભાગવતી દીક્ષા લઈ 'આનંદાનંદ' નામ ધારણ કર્યું અને સ્વામિનારાયણ ભગવાનની કેટલીક પ્રસન્નતા મેળવી. અને કેટલીક વખત સ્વામિનારાયણ ભગવાન સદ્ગુરુ આનંદાનંદ બ્રહ્મચારીને બાથમાં ઘાલીને મળ્યા હતા. અને કેટલીક વખત છાતીમાં ચરણારવિંદ આપ્યાં હતાં.

**● અમદાવાદ સેવામાં જવા તૈયાર થયા, મહારાજે ગુલાબના ચાર હાર પહેરાવી ને કહ્યું જે, આ તો મૂળજી બ્રહ્મચારી જેવા છે.**

સંવત્ ૧૮૭૮ની સાલમાં અમદાવાદમાં (મહારાજે) નરનારાયણ દેવ પધરાવ્યા અને મોટા આનંદાનંદસ્વામીને ત્યાં અમદાવાદમાં રાખ્યા હતા. પછી પ્રથમ વરસનો અન્નકૂટ આવ્યો ત્યારે મોટા આનંદસ્વામીએ વિચાર કર્યો જે, 'આ મોટું શહેર છે, માટે બ્રહ્મચારી જો હોય તો સારું.' તે સમે શ્રીજીમહારાજ ગામ કારિયાણીમાં વિરાજમાન હતા. ત્યાં અમદાવાદથી મોટા આનંદસ્વામી આવ્યા ને શ્રીજીમહારાજને વંદના કરી કહ્યું જે, "મહારાજ અમદાવાદ જેવું શહેર છે. માટે ત્યા બ્રહ્માચારી મોકલો તો સારું." તે સમે શ્રીજીમહારાજ વસ્તાખાચરના દરબારમાં સભા કરીને વિરાજમાન હતા.

પછી મહારાજે સંતની સભા સામું જોયું એટલે સભામાં સદ્ગુરુ આનંદાનંદ બ્રહ્મચારી બેઠા હતા. તેમને મહારાજે તર્જની આંગળીની સાને કરીને બોલાવ્યા; પણ સ્વામી કાંઈ સમજી શક્યા નહીં જે, મને

બોલાવે છે. પછી એક સંત પાસે બેઠા હતા તેણે કહ્યું જે, "બ્રહ્મચારી ! તમને મહારાજ બોલાવે છે." પછી સ્વામી તરત ઊભા થઈને મહારાજ પાસે જઈ હાથ જોડી ઊભા રહ્યા ત્યારે મહારાજે કહ્યું જે, "આનંદાનંદ ! તમો અમદાવાદ જશો ?" ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું જે, "મહારાજ ! તમો જ્યાં આજ્ઞા કરો ત્યાં જાઉં." પછી મહારાજ ઊભા થઈને આનંદ બ્રહ્મચારીને બાથમાં ઘાલીને મળ્યા. અને પોતની ડોકમાં ચાર ગુલાબના હાર પહેર્યા હતા તે આનંદ બ્રહ્મચારીની ડોકમાં પહેરાવ્યા. અને મહારાજે કહ્યું, "જા તુ એકલો ચાલજે." પછી મોટા આનંદસ્વામીને બોલાવીને મહારાજે કહ્યું જે આ આનંદ બ્રહ્મચારી તમારી સાથે અમદાવાદ આવે છે, તે મૂળજી બ્રહ્મચારી જેવા છે."

**● સાત મહિના અમદાવાદ સેવા કરીને લોયા આવ્યા ને સંઘા પટેલને ત્યાં જમ્યા**

પછી બીજે દિવસે મોટા આનંદસ્વામી સાથે આનંદ બ્રહ્મચારી અમદાવાદ ગયા. અને ત્યાં સાત મહિના સુધી નરનારાયણ દેવની સેવા કરી. અને રૂગનાથ ગોર કરીને બ્રાહ્મણ હતા. તેમને મહારાજે મંદિરની સોંપણી કરી હતી. અને રૂગનાથ ગોરનાં ઘરનાં મનુષ્ય થાળ કરતાં હતાં. તે થાળ ધરીને પાછો પોતાની મેળે લઈ જાય અને સ્વામી દેવની સેવા કરતા હતા. અને પોતે ચોવીશ કલાકમાં એક વખત જમતા હતા.

પછી શ્રીજીમહારાજે લોયામાં જ્યારે શાકોત્સવ કર્યો ત્યારે પોતાને વિચાર થયો જે, 'હું પણ લોયે દર્શન જાઉં.' પછી મોટા આનંદસ્વામીની રજા લઈને પોતે ચાલવાને માટે તૈયાર થયા. ત્યારે ગોકળ ચોક્સીએ એક હાથ માદરપાટ આણી દીધો અને જે દિવસે સ્વામી લોયે આવ્યા તેની અગાઉથી શ્રીજીમહારાજ પંચાળે પધાર્યા હતા. અને ગોપાળાનંદસ્વામીનું મંડળ સવારમાં ગામ પીપરડીએ ગયું હતું. સ્વામીએ લોયે આવીને સંઘા પટેલને પૂછ્યું જે, "મહારાજ ક્યાં ?" ત્યારે સંઘો ભગત કહે, "મહારાજ તો પાંચ દિવસ થયા ગામ પંચાળે પધાર્યા છે અને ગોપાળાનંદ સ્વામી આજ પીપરડીએ રાત રહ્યા છે."

તે દિવસે એકાદશી હતી એટલે સંઘા પટેલે કહ્યું જે, "બ્રહ્મચારી

કાંઈ ફરાળ કરશો'' ત્યારે આનંદસ્વામી કહે, ''હા.'' સંઘો પટેલ કહે ''શેનું ફરાળ કરશો ?'' ત્યારે સ્વામી કહે, ''સુખડીનું ફરાળ કરું.'' પછી પોતે સુખડી કરીને ઠાકોરજીને જમાડીને પછી પોતે જમ્યા અને બાકીની સુખડી વધી તે સંઘા પટેલને આપવા માંડી. ત્યારે સંઘો પટેલ બોલ્યા જે, ''સ્વામી ! કાલે બારસ છે તે તમારે પારણું કરવા થાશે, માટે તમો રાખો.'' પછી સુખડીનો લોટો ભરી લીધો.

**● પંચાળામાં મહારાજે ચાર સનકાદિકની આરતી કરી**

પછી બારસના રોજ સ્વામી (આનંદા. બ્ર.) વહેલા ઊઠીને ચાલતા થયા અને ગામ પીપરડીએ ગોપાળાનંદસ્વામી ભેળા થયા. પછી સ્વામીને દંડવત કરીને પગે લાગ્યા. અને પછી સ્વામી સાથે ગામ પંચાળે ગયા. ત્યાં પંચાળે જઈને શ્રીજીમહારાજને દંડવત કરીને પગે લાગ્યા. ને પ્રથમ મહારાજ ગોપાળાનંદસ્વામીને મળ્યા. ને પછી આનંદસ્વામીને મળ્યા અને બાથમાં ઘાલીને મહારાજ બોલ્યા જે, ''આનંદાનંદ ! આવ્યા ? ત્યારે સ્વામી કહે, ''હા, મહારાજ.'' પછી સભામાં મહારાજે વાત કરી જે, ''આ સાત મહિના સુધી અમદાવાદમાં રહ્યા, પણ સ્ત્રી-ધનમાં ફેર પડ્યો નહીં; માટે આ મૂળજી બ્રહ્મચારી જેવા છે.'' એમ કહીને મહારાજ બીજીવાર બથમાં ઘાલીને મળ્યા અને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

પછી મહારાજે એક ગાલીચો મંગાવ્યો અને તે ઉપર ચાર જણને બેચાર્યા. તેમા એક તો સદ્‌ગુરુ આનંદાનંદજી બીજા સદ્‌ગુરુ વાસુદેવાનંદજી સદ્‌ગુરુ બ્રહ્મચારી વૈકુંઠાનંદજી, ચોથા સદ્‌ગુરુ બ્રહ્મચારી ગોવિંદાનંદજી, એ ચાર જણને મહારાજે પોતાના ઢોલિયા સન્મુખ બેસાર્યા. અને પછી મહારાજ બોલ્યા જે, ''મુક્તાનંદ સ્વામી ! ગોપાળાનંદસ્વામી ! આ ચારે સનકાદિકની જોડ થઈ.'' એમ કહીને મહારાજે તેમની આરતી ઉતારી અને તેમને જોઈને મહારાજ બહુ જ રાજી થયા.

**● પીપરડીમાં આનંદાનંદ બ્રહ્મચારીએ કૂવેથી સિંચી મહારાજને પાણી પાયું**

એક વખત શ્રીજીમહારાજ જૂનાગઢ પધારતા હતા. અને ગામ પીપરડીને પાદર શ્રીજીમહારાજ પધાર્યા. ત્યાં મહારાજ બહુ જ તરસ્યા થયા હતા અને આનંદાનંદસ્વામી ખંભે લોટો લઈને કૂવને કાંઠે ઊભા

હતા. ત્યારે મહારાજ બોલ્યા જે, "બ્રહ્મચારી ! શું ઊભા છો ? પાણી કાઢો પાણી !" પછી સ્વામીએ લોટો અને અબખોરો ઊટકીને કૂવામાંથી પાણી કાઢીને મહારાજને પાયું. તે મહારાજ ચાર અબખોરો પાણી પી ગયા. પછી સૌ સંતને પાણી પાયું અને પછી માણકી ઘોડીને પાણી પાયું. પછી મહારાજ બોલ્યા જે, "ભલે આનંદાનંદ ભલે ! તમારી જુવાની કામ આવી."

**● મહારાજે આનંદાનંદ બ્રહ્મચારીને સાકરની પ્રસાદી આપી**

એક સમે મહારાજ શ્રીવાસુદેવનારાયણને ઓરડે થાળ જમતા હતા. અને મુક્તાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી વિગેરે સદ્‌ગુરુ પાસે બેઠા હતા. પછી મહારાજે પોતાની જનોઈ દેખાડીને સૌને કહ્યું જે, "આનું સૌને અભિમાન છે." પછી ગોપાળાનંદસ્વામી વિગેરે સદ્‌ગુરુઓ શ્રીજીમહારાજની પ્રસાદી લેવા માટે ગયા. પછી મહારાજે સૌને પ્રસાદી આપી. તે વખતે મૂળજી બ્રહ્મચારી તથા આનંદાનંદ બ્રહ્મચારી તે પ્રસાદી લેવા ઊઠ્યા. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમને તો બ્રહ્મચારી રાખવા છે, માટે તમને પ્રસાદી નહીં આપું." પછી મહારાજે તેમને સાકરની પ્રસાદી આપી.

**● જોટીંગડામાં આનંદાનંદ બ્રહ્મચારીએ મહારાજએ ઠંડુ પાણી પાયું**

શ્રીજીમહારાજ બોટાદથી ચાલ્યા તે ગામ જોટીંગડાને પાદર આવ્યા. ત્યાં આનંદાનંદસ્વામીએ મહારાજને માટે ઠંડા પાણીનો લોટો તથા અબખોરો ભરીને તૈયાર કરીને રાખ્યો હતો. તે શ્રીજીમહારાજ ત્યાં પધાર્યા ત્યારે ત્યાં આઠવડી ધાબળી પાથરીને તે ઉપર પધારાવ્યા. ત્યાર પછી ઠંડું જળ પાયું. મહારાજ જળ પીને બહુ જ પ્રસન્ન થયા ને માથે હાથ મેલ્યા.

**● આનંદાનંદ બ્રહ્મચારીએ ગઢપુરમાં ઘણી સેવા કરાવી**

ગઢપુરમાં જ્યારે ગોપીનાથજી મહારાજ પધરાવ્યા ત્યારે શ્રીજીમહારાજે સદ્‌ગુરુ આનંદાનંદ બ્રહ્મચારીને (ગોપીનાથજી મહારાજની) સેવામાં રાખ્યા હતા. તે ઘણાંક વરસ સુધી સ્વામીએ શ્રીગોપીનાથજી મહારાજની સેવા કરી. શ્રી ગોપીનાથજી મહારાજની વસ્ત્ર તથા અલંકાર વિગેરેની હરિજન પાસે ઘણી જ સેવા કરાવી.

**● આનંદાનંદ બ્રહ્મચારીને પાઘ આપીને જૂનાગઢ સેવામાં મોકલ્યા**

જૂનાગઢ જ્યારે દેવ પધરાવ્યા ત્યારે શ્રીજીમહારાજે ગઢપુરમાં સભામાં કહ્યું જે, ''જૂનાગઢ જાય તેનો જામીન હું'' એમ કહ્યું. તે વખતે સદ્‌ગુરુ આનંદાનંદ બ્રહ્મચારી તથા ગુણાતીતાનંદસ્વામી તથા જોરાભાઈ એ ત્રણે જણા ઊભા થયા ને મહાહરાજને પગે લાગ્યા. પછી મહારાજે આનંદાનંદસ્વામીને પોતાને ખેસ આપ્યો અને જોરાભાઈને અંગરખુ આપ્યું: એવી રીતે ત્રણેને ત્રણ વસ્ત્ર આપ્યાં. પછી સમાધિવાળા નારાયણદાસ સાબદા થયા. અને પછી ત્રણે જણા અક્ષરઓરડીમાં શ્રીજીમહારાજને દર્શને ગયા.

ત્યારે ગુણાતીતાનંદસ્વામી બોલ્યા જે, ''મહારાજ ! આ નારણદાસજી સાથે આવે છે.'' તે વખતે શ્રીજીમહારાજ જમીને અક્ષરઓરડીમાં ટહેલતા હતા. પછી મહારાજ પાસે તે વખતે કાંઈ વસ્ત્ર નહોતું એટલે નારણદાસને પોતાની પાસે બોલાવ્યા અને નારણદાસના પેટ ઉપર મહારાજ હાથ ફેરવીને બોલ્યા જે, ''સ્વામી ! ''આ નારણદાસનું પેટ પ્રસાદીનું કરી દીધું.'' પછી એ ચારે જણા જૂનાગઢ ગયા. અને આનંદસ્વામીએ જૂનાગઢમાં ઘણાંક વરસ સુધી દેવની પૂજા કરી હતી.

**● મહારાજે આનંદનંદ બ્રહ્મચારીને ધોલેરા સેવામાં મોકલ્યા**

ધોલેરામાં જ્યારે મદનમોહનજી મહારાજ પધરાવ્યા ત્યારે શ્રીજીમહારાજે આનંદસ્વામી ગઢપુરુમાં હતા. ત્યાં અક્ષરઓરડીમાં બોલાવીને કહ્યું જે, ''તમો ધોલેરે મદનમોહનજીની સેવામાં જાઓ.''

ત્યારે સ્વામી કહે, ''બહુ સારું મહારાજ ! પણ હું અત્યારે ભણું છું. ત્યારે મહારાજ બોલ્યા જે, ''તમને ભણવાનો જોગ કરી આપશું .'' પછી મહારાજને મળીને તેઓ ધોલેરા દેવની સેવા કરવા ગયા. એમ શ્રીજીમહારાજ કેટલીક વખત પ્રસન્ન થઈને મળ્યા હતા તથા કેટલીક વખત છાતીમાં ચરણાવિંદ આપ્યાં હતાં.

**● ઝાંઝમેરમાં જેરામ બ્રાહ્મણને સ્વામીના આશીર્વાદથી ૧૦,૦૦૦ રૂપિયા થયા**

એક વખત ગઢપુરમાં સ્વામી પોતાને આસને બેઠા હતા. તે વખતે

ગામ ઝાંઝમેરના જેરામ બ્રાહ્મણ સ્વામીને દર્શને આવ્યા. તે દંડવત કરીને પગે લાગીને સ્વામીની સન્મુખ બેઠા. ત્યારે સ્વામીએ કહ્યું જે, "જેરામ, ગામમાં સત્સંગ કરાવ્ય ને !" ત્યારે બ્રાહ્મણે કહ્યું જે, "સ્વામી ! ગરીબ બ્રાહ્મણનું કોણ માને ? ત્યારે સ્વામી કહે કે, "કેમ હોય તો માને ? ત્યારે બ્રાહ્મણ કહે, "સ્વામી ! દશ હજાર રૂપિયા હોય તો હમણાં સૌ માને અને સૌને સત્સંગ કરાવું." પછી સ્વામી કહે, " જા, તારે દશ હજાર રૂપિયા થાશે." પછી સ્વામીનાં વચન પ્રમાણે તેને તેટલા રૂપિયા થયા અને ગામમાં તેણે સત્સંગ પણ કરાવ્યો.

**● આનંદાનંદ બ્રહ્મચારીએ વાવડીના નાનભાની આંખનો મસ આંગળી અડાડીને મટાડ્યો**

એક વખત સ્વામી ગજાભાઈની વાવડીએ પધાર્યા હતા અને ત્યાંના દરબાર નાનભા હતા, તેમને આંખ નીચે મસ નીકળ્યો હતો. તે નિરંતર વૃદ્ધિ પામતો હતો. પછી તે દરબાર સ્વામીને દર્શને આવીને પગે લાગ્યા ને બેઠા. પછી સ્વામીને દૃષ્ટિ માંડીને જોયું ત્યાં તો તે મસ જોવામાં આવ્યો. તે જોઈ સ્વામીએ કહ્યું જે, "દરબાર ! આ શું છે. ? " ત્યારે દરબાર કહે, "સ્વામી ! એ તો મસ નીકળ્યો છે." તે દિનપ્રતિદન વધતો જાય છે. અને આંખને જોખમ કરે એમ જણાય છે." પછી સ્વામીએ પોતાની પાસે બોલાવીને મસ ઉપર પોતાની તર્જની આંગળી ફેરવી અને પછી તેઓ ઘેર ગયા. પછી રાત્રે સૂતા અને સવારે ઊઠીને જુવે ત્યાં તો મસ ક્યાંઈ જોવામાં આવ્યો નહીં અને મોઢા જેવું મોઢું થઈ ગયું. તે જોઈ સૌ આશ્ચર્ય પામ્યા જે, આશું ? મસ ક્યાં ગયો ?

**● બ્ર. આનંદનંદજીએ વાવડીના ભગવાન પટેલના વીર ભગાડ્યા**

ગામ વાવડીના ભગવાન પટેલને કોઈકે વીર વળગાડ્યા હતા. તે તેને અહોનિશ દેખાયા જ કરે. તેની ચિંતાએ કરીને પોતે બહુ જ દુઃખી હતા. પછી તે સ્વામી પાસે આવીને બેઠા. તેને સ્વામીએ પૂછ્યું જે, "ભગવાન ! કેમ બહુ દુબળો થઈ ગયો છે ?" ત્યારે ભગવાન કહે કે, "સ્વામી ! " મને કોઈકે વીર વળગાડ્યા છે, તે રાત-દિવસ દેખાયા જ કરે છે. તેથી મને ચિંતા રહ્યા કરે છે, તેથી શરીર સુકાઈ ગયું છે."

પછી સ્વામી કહે, “આજ રાતે મારી પાસે રહે અને તેના શા ભાર છે તે તારી પાસે આવી શકે ?” પછી તે રાતે સ્વામી પાસે રહ્યા ને રાત્રે બે વીર દેખાણા. ત્યારે સ્વામીએ પૂછ્યું કે, “ક્યાં છે ?” ત્યારે ભગવાન કહે, “ખડકીની બહાર ઊભા છે.” પછી સ્વામીએ બેઠા થઈને હાંક મારી એટલે તે નાસી ગયા અને દેખાતા બંધ થયા અને તે પાકા સત્સંગી થયા.

**● રેવા ગામમાં બ્ર. આનંદાનંદજીએ અમીચંદ શેઠને ધીરજ આપી**

એક વખત સ્વામી રેવે પધાર્યા હતા અને ત્યાં આઠ-દશ દિવસ રહ્યા. ત્યાં હરિજનોએ સારી સેવા કરી. પછી સ્વામી બીજે ગામ જતા હતા, ત્યારે સૌ હરિજનો સ્વામીને વળાવવા નીકળ્યા. તે વખતે ત્યાં ના શેઠ અમીચંદ નામે કરીને હતા, તેણે સ્વામીને હાથ જોડીને પૂછયું જે, “સ્વામી ! મારા જેઠાભાઈનું બૈરું બહુ જ બીમાર રહે છે.” તે સાંભળીને સ્વામીએ હાથમાં માળા લઈને કહ્યું જે, “પાછો વળ પાછો ! અને તને ભોંય લીધેલ છે !” ત્યાં તો તેનો દીકરો પછવાડેથી દોડતો આવીને કહ્યું જે, “બાપા ! ઘેર ચાલો, મારી કાકીને ભોંય લીધી છે !” તે સાંભળીને વાણિયો ઘણો જ દિલગીર થઈ ગયો અને ત્યાં લમણે હાથ દઈને પોક મેલીને બેસી ગયો. કેમ કે, બાવીસસો રૂપિયા ખરચીને પરણાવ્યો હતો.

**● ઉમરાળાના રળિયાતબાને સ્વામીએ આશિષ આપ્યા**

ગામ ઉમરાળામાં હીરા શેઠ કરીને વાણિયા હતા. એને ફક્ત એક દીકરી હતી તે વિધવા થઈ. તેથી તે શેઠ બહુ જ કલ્પાંત કરતા હતા. અને તે વખતે સ્વામી તેનો ખરખરો કરવા પધાર્યા હતા. તે વખતે તે વાણિયે બહુ જ કલ્પાંત કરવા માંડ્યું. ત્યારે સ્વામી કહે, “શા માટે કલ્યાંત કરો છો ? પરમેશ્વરે જે કર્યું હશે તે ઠીક જ કર્યું હશે ! તારે દીકરો નથી, તે આ તારો દીકરો ! અને તે તમારી બન્ને જણની સેવા કરશે . અને તમો બન્નેને તે તારશે. એટલું જ નહીં, પણ તે બાઈ આખા ગામને તારશે; એવા ભક્ત થાશે.” શેઠે કહ્યું જે, “સ્વામી ! તે કાંઈ ભણેલી નથી.”

તે સાંભળીને સ્વામીએ પોતાની પાસે ઉદ્ધવગીતાનું પુસ્તક હતું તે શેઠને આપ્યું ને કહ્યું કે, “ આ પુસ્તક આપજે, તે વાંચશે.” ત્યારે શેઠ

કહ્યું, "સ્વામી ! ભણ્યા વિના શું વાંચે ?" સ્વામીએ આશીર્વાદ દઈને કહ્યું જે, "તું તેને પુસ્તક આપજે એટલે વાંચશે." હીરા શેઠે તે પુસ્તક લઈને તેની દીકરીને આપ્યું. અને તે પુસ્તક તેની દીકરી રળિયાતબાં વાંચવાં મંડ્યા; તે જોઈ સૌ આશ્ચર્ય પામ્યાં. અને તેણે સ્વામીની આશિષ મુજબ આખા ગામને તાર્યું. અને સાધુની તથા મંદિરની ખૂબ સેવા કરીને બાઈયુંને મહામુક્ત જેવી બનાવી હતી.

**● નથુ શ્રીમાળીને સ્વામીનાં વચને ત્રણ દીકરા થયા**

એક વખત સ્વામી ઉમરાળામાં મંદિર કરવા પધાર્યા હતા. અને ત્યાંના હરિજન બહુ જ દૂબળા હતા. અને એક નથુ શ્રીમાળી કરીને શ્રીમંત બ્રાહ્મણ હતા, પણ તેને કાંઈ પ્રજા નહોતી, અને સૌ હરિજનોએ પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે મંદિરની સેવા કરી. પછી નથુ શ્રીમાળીએ સ્વામીને કહ્યું જે, "સ્વામી ! જો મારે દીકરો થાય તો તમે કહો તે સેવા કરું !" ત્યારે સ્વામી કહે, "વધ-ઘટનો ધણી તું થા ને મંદિર પૂરું કરાવી આપ, તો તારે દીકરો થાય."

પછી તેણે અધૂરુ મંદિર પુરું કરતાં જે ખર્ચ થયો તે તેણે આપ્યો અને મંદિર પુરું કરાવ્યું પછી તેને દીકરો થયો, તે અષ્ટવંકો હતો. પછી નથુ શ્રીમાળીએ સ્વામીને કહ્યું જે, "સ્વામી ! આ તો આઠવાંકો આવ્યો" ત્યારે સ્વામી કહે, "જા, તારે બીજા બે દીકરા સારા થાશે." પછી સ્વામીનાં વચન પ્રમાણે તેને બીજા બે સારા દીકરા થયા.

**● ઉમરાળા મંદિરને નડતો લીંબડો કપાવ્યો**

જે વખતે ઉમરાળાના મંદિરનું કામ ચાલતું હતું અને ત્યાં આથમણી જગ્યામાં એક લીંબડો હતો. તે મંદિર ચણાવતાં અડચણ કરતો પછી સ્વામીએ કહ્યું જે "તેની એક ડાળ પાડી નાંખો" પછી સૌ હરિજનોએ કહ્યું જે, "સ્વામી ! દરબારની રજા સિવાય આપણાથી લીંબડો કપાય નહીં." ત્યારે સ્વામી કહે, "હું કહું છું ને પાડો ! અને પૂછશે તો હું જવાબ આપીશ." પછી પોતે પાસે રહીને એક મોટી ડાળ કપાવી નાંખી. તે વાતની ત્યાંના ન્યાયાધીશને ખબર પડી, એટલે એક માણસને મોકલીને કહ્યું જે, "જે માણસે લીંબડો કપાવ્યો હોય તેને આંહી બોલાવો."

તે વખતે સ્વામી સોળે હતા, તે પૂજા કરવા બેઠા હતા. ત્યાં દરબારી માણસે આવીને કહ્યું જે, "આ લીંબડો કોણ કાપ્યો છે ? જેને કાપ્યો હોય તેને ન્યાયાધીન બોલાવે છે ! એટલે સ્વામી ન્યાયાધીશ પાસે પધાર્યા ત્યારે સ્વામીને જોઈ. ન્યાયાધીશ કહે, "આજે મારો ઠાકોરજીને થાળ છે અને તમે અહીંયા પધાર્યા, તે જોઈ મને બહુ જ ભીતી લાગી છે, મારી ઉપર કૃપાદૃષ્ટિ રાખજો ! પછી તેણે પાંચ દિવસ સુધી જેટલા માણસ હતા તેને સૌને રસોઈ આપી અને સ્વામીનો આશીર્વાદ લઈને સ્વામીને રજા આપી. એટલે સ્વામી મંદિરમાં પધાર્યા.

**● ઉમરાળામાં સ્વામીનો વિદ્યાર્થી દયો સત્સંગ છોડીને ગયો**

ઉમરાળામાં બે બ્રાહ્મણ હતા. તે બાલ્યાવસ્થામાં સ્વામી પાસે વિદ્યાભ્યાસ કરતા હતા. તેમાં એકનું નામ નાનો દયો અને બીજાનુ નામ મોટો દયો હતું. અને સૌ હરિજનો સ્વામીની હાજરીમાં મદિરની સેવામાં રહેતા. પછી એક દિવસ સ્વામીને પૂછ્યું જે, "મોટો દયો કેમ દેખાતો નથી. ?" ત્યારે કોઈકે કહ્યું જે, "સ્વામી ! મોટો દયો તો બગડી ગયો છે." ત્યારે સ્વામી કહે, જો બગડી ગયો હશે તો ઝાઝા દિવસ નહીં રહે. પછી "જો થોડાક દિવસ થયા ત્યાં તો તેનું મૃત્યું થઈ ગયું.

**● ઉમરાળાનાં જેશંકર સ્વામીના વચને દેખતા થયા**

ગામ ઉમરાળામાં જેશંકર કરીને શ્રીમાળી બ્રાહ્મણ હતા. તેમને પોતાની વૃદ્ધાવસ્થાને લીધે આંખે ઝામર થયા હતા. તેઓ એક વખત ગઢડે શ્રીગોપીનાથજી મહારાજને દર્શને આવ્યા હતા. પછી દેવનાં દર્શન કરીને સ્વામીના આસને દર્શને ગયા. તે મેડે ચડીને સ્વામી પાસે જતા હતા એટલામાં થાંભલે ભટકાણા. ત્યારે સ્વામી બોલ્યા જે, "જે શંકર ! તું થાંભલે ભટકા છો, તે ભાળતો નથી કે શું ?" ત્યારે જેશંકર કહે, "ના સ્વામી !" ત્યારે સ્વામી કહે, "નથી ભાળતો ?" એમ કહીને સ્વામી બોલ્યા જે, "જા, આજથી જીવનપર્યંત સારી રીતે દેખાશે !" પછી તે વખતે સ્વામીને દંડવત કરીને પાસે બેઠા. અને બોલ્યા જે, "સ્વામી ! હું તો બધુંય ભાળું છું અને તમારાં દર્શન પણ સારી રીતે થાય છે." એમ સ્વામીના આશીર્વાદથી જીવન પર્યંત આંખે દેખાણું.

**● ગઢાળી મંદિર વખતે સ્વામીએ ગોવિંદ શેઠને ચમત્કાર દેખાડ્યો**

સ્વામી ગઢાળીમાં મંદિર કરાવવા સારુ પધાર્યા હતા. અને ત્યાંના હરિજનોને ભેળા કરીને સ્વામીએ મંદિરનો ખરડો કરવા માટે કહ્યું. ત્યારે હરિજનોએ મળીને કહ્યું જે, "સ્વામી ! જેમ તમે આજ્ઞા કરો તેમ કરીએ." તેમાં જેમ જેની શ્રદ્ધા હતી તેમ સ્વામીએ કહ્યા પ્રમાણે સૌએ રૂપિયા નોંધાવીને આંકડો કર્યો. અને ત્યાંના શેઠ તારાચંદ ભાવનગર ગયા હતા. એટલે સ્વામીએ કહ્યું જે, "તારાચંદના રૂપિયા એકસો ને પાંચ ભરો." અને ત્યાંના શેઠ ગોવિંદ આંબા કરીને હતા, તેમને સ્વામીએ પૂછ્યું જે, તારા શું ભરું ? ત્યારે શેઠ બોલ્યા જે, "મારા ત્રણ રૂપિયા. " તે સાંભળી સ્વામી કહે, "તારા ત્રણ રૂપિયા હોય ?" પછી બહુ કહ્યું ત્યારે કહે, "મારા પાંચ રૂપિયા ભરો !" સ્વામી કહે, "જા, તારો એકે રૂપિયો જોતો નથી !"

પછી તે રાત્રીએ ઘેર જઈને સૂતા, એટલે રાતના બાર વાગ્યે બે યમદૂત આવીને દેખાણા. તેને જોઈને પોતે ભયભીત થઈ ગયા. પછી તેનો નોકર નરસીદાસ કરીને વાણિયો હતો તેને જગાડ્યો, અને કહ્યું જે, "અત્યારે ને અત્યારે ઝટ સ્વામી પાસે ચાલ." પછી બન્ને જણ રાત્રીએ બાર વાગ્યે મંદિરમાં આવ્યા ને ત્યાં સ્વામીને દંડવત કરીને પગે લાગીને કહ્યું જે, "સ્વામી ! તમે કહો તેટલા રૂપિયા ખરડામાં ભરું, પણ આ બે મને દેખાય છે તે દેખાતા બંધ થાય એમ કરો." સ્વામીએ જરા આકરા થઈને કહ્યું જે, "જા, તારું કાંઈ જોતું નથી !"

પછી તેણે હાથ જોડી ને કહ્યું જે, "સ્વામી ! મંદિર ચણવાના ખર્ચમાં વધઘટનો ધણી હું, પણ આ બે જમ દેખાય છે તે દેખાતા બંધ કરો !" પછી રૂપિયા એકસોને પાંચ ખરડામાં ભર્યા એટલે યમદૂત દેખાતા બંધ થયા. એમ ચમત્કાર જ્યારે દેખાડ્યો ત્યારે માન્યા.

**● ગઢાળીમાં સ્વામીએ વાણિયાની ઘરવાળીની દોષદૃષ્ટિ ટાળી**

ગઢાળીમાં એક વાણિયણ બાઈ બહુ સારાં સત્સંગી થયાં હતાં. પણ તેમને દૃષ્ટિદોષ હતો જે, કોણ સારું ઢોર કે સારું માણસ ભાળે તેમાં તેની વૃત્તિ ચોંટી જતી. પછી એક દિવસ બ્રહ્મચારી ઝોળીએ ગામમાં ગયા હતા અને તે શેઠને ઘેર ઝોળી માગવા ગયા. ત્યારે તે બાઈએ કહેવરાવ્યું જે,

"હું અહીંથી બધું સીધું મોકલાવું છું. અને સ્વામીને વાત કરજો જે, મારે આવી રીતે દૃષ્ટિદોષ છે જે, મને કાંઈ ખબર નથી પણ મારું નામ લે છે તે નાશ પામે છે;" માટે કૃપા કરો !" પછી તેમના દીકરા સાથે બધું સીધું મંદિરમાં મોકલાવ્યું અને બ્રહ્મચારી ઝોળીએ ગયા હતા તે પાછા આવ્યા. તેમને સ્વામી બોલ્યા જે, "કેમ પાછા આવ્યા ?" ત્યારે બ્રહ્મચારી કહે જે, "આ શેઠનો દીકરો કહે તે સાંભળો." પછી સ્વામીએ કહ્યું જે, જા, હવે નહીં થાય !" પછી તે બાઈની દોષદષ્ટિ હતી તે મટી ગઈ.

**● ગઢાળીમાં સ્વામીનાં વચને ગિરધર વાણિયાની ભેંસ મરી ગઈ અને આરતીનો મહિમા કહ્યો**

એક સમે સ્વામી ગઢાળી પધાર્યા હતા અને રાતે સંધ્યા આરતી કરતા હતા. પછી ત્યાંનો ગિરધર કરીને વાણિયા હરિજન હતા, તેને સ્વામીએ પૂછ્યું જે, "ગિરધર ! કેમ તું કોઈ દિવસ આરતી વખતે દેખાતો નથી ?" ત્યારે ગિરધર કહે, "સ્વામી ! આરતી વખતે તો નિત્યે મારે ભેંશ પાવા જવી પડે છે !" ત્યારે સ્વામી કહે, "મૂઈ તારી ભેંસ...! અલ્યા, આરતી વખતે ધામમાત્રના મુક્ત ભગવાનને દર્શને આવે અને આરતી વખતે તું ભેંશ પાવા જા છો !? " સ્વામીએ મંદિરમાં વાત કરી ત્યાં તો તેને ઘેર ભેંશ મૃત્યુ પામી, અને છોકરો એકદમ મંદિરમાં આવ્યો અને તેના બાપને કહ્યું જે, "બાપા બાપા ! ઝટ ઘેર ચાલો ! અને ભેંસ તો લાંબી થઈને સૂતી છે !" ત્યારે ગિરધર કહે કે, "હમણાં સ્વામીએ અહીંયા ભેસને 'મૂઈ' કીધુ" અને પછી તે ઘેરે ગયો, ત્યાં તો ભેંસ મરી ગઈ. પછી તેણે એવો નિયમ રાખ્યો જે, આરતી વખતે ક્યાંય આડું અવળું જાવું નહીં.

**● ગઢાળીમાં આણંદ ભાવસારની કોઠી અખૂટ કરી આપી**

એક વખત સ્વામી ગઢાળી પધાર્યા હતા. અને સૌ હરિજનોએ સ્વામીની પ્રાર્થના કરીને જે, "સ્વામી ! અમારે ઘેરે પગલાં કરવા પધારો." પછી સૌ હરિજનોનો આગ્રહ જોઈને તેમને ઘેર પધારવાની હા પાડી. અને સૌએ પોતપોતાના ઘેર સ્વામીની પધરામણી કરી. અને સૌની શ્રદ્ધા પ્રમાણે વસ્ત્ર ઓઢાડ્યાં તથા દેવની પણ કેટલીક સેવા કરી. પછી આણંદ કરીને ભાવસાર હરિભક્ત હતા તેણે સ્વામીને કહ્યું જે,

"સ્વામી ! મારે ઘેર પગલાં કરો." પછી સ્વામી તેને ઘેરે પધાર્યા અને ઓસરીમાં બેઠા. પછી સ્વામીને એક વસ્ત્ર ઓઢાડ્યું.

ત્યારે સ્વામીએ કહ્યું જે, "આણંદ ! તારે પટારો નથી ?" આણંદભક્ત કહે, "સ્વામી ! હું તો ગરીબ છું અને આ પાંચ માણા (૧ માણું = ૯ શેર અનાજ) જારની કોઠી મારા ઘરમાં છે." પછી સ્વામી કહે, "ચાલ, તારી કોઠી ઉપર હાથ મેલુ !" પછી સ્વામીએ તેની જારની ભરેલી કોઠી ઉપર હાથ મેલ્યો અને કહ્યું જે, "આનું મોઢું છાંદી દ્યો અને સાણેથી અનાજ કાઢી કાઢીને ખાજો." પછી બે-ચાર વર્ષ સુધી એમ સાણેથી કાઢીને નિર્વાહ કર્યો. પછી એક દિવસ ઉપરથી કોઠીનું મોઢું ઉઘાડ્યું, એટલે માથા સુધી ભરેલી દીઠી અને પછી છાંદી દીધી. પણ સ્વામીએ મોઢું ઉઘાડવાની ના પાડી હતી તેથી અનાજ નીકળતું બંધ થઈ ગયું.

**● પાટણના જૂઠા શેઠનું અનિદ્રાનુ દર્દ સ્વામીએ ટાળ્યું**

ગામ પાટણના શેઠ જૂઠા કરીને વાણિયા હતા. તેને છ મહિનાથી નિદ્રા આવતી નહોતી, તેથી તેને ગઢપુર સ્વામી પાસે લાવ્યા. અને ગઢપુરમાં ગોરધનદાસ કરીને તેના સંબંધી વાણિયા હતા. તેમણે સ્વામીને વાત કરી જે, "સ્વામી ! આ જૂઠા શેઠને છ મહિના થયાં, નિદ્રા આવતી નથી," તેથી સ્વામીએ કહ્યું જે, "તેને મારી પાસે લાવો." પછી તેમને સ્વામી પાસે લાવીને બેસાર્યા. પછી સ્વામીએ તેના સામું જોઈ રહીને બે-ચાર સાદ કર્યા, ત્યારે જરા હુંકારો આપ્યો. તે વખતે સ્વામી જમવા બેઠા હતા. તે જમી રહ્યા પછી પોતાની પ્રસાદીની થાળી જૂઠા શેઠને આપી અને જૂઠા શેઠને કહ્યું જે, "આ જમીને આંહી સૂઈ જા !" પછી તે આસને મેડા ઉપર સ્વામીની પ્રસાદી જમીને સૂઈ ગયા, તે દિવસના ચાર વાગે જાગ્યા. અને તેમનો જે રોગ હતો તે ટળી ગયો. અને શ્રી ગોપીનાથજી મહારાજની સેવા ઘણી જ સારી કરી.

**● કરિયાણાના ખોડા ખાચરને વળગેલો મહાવીર કાઢ્યો**

ગામ કારિયાણાના ખોડા ખાચર કરીને કાઠી હતા. તેને મહાવીર વળગ્યો હતો. તેને કાઢવાને માટે તેણે ઘણા ઘણા ઉપાય કર્યા, પણ તે

નીસર્યો નહીં. પછી સૌએ કહ્યું જે, "ગઢડે સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદસ્વામી પાસે લઈ જાઓ." તે ગાડું જોડાવી ગઢપુર આવ્યા અને ગોપીનાથજી મહારાજનાં દર્શન કરીને તે સ્વામી પાસે આવ્યા અને પાસે બેઠા. એટલે મહાવીર ચીસો પાડવા લાગ્યો અને કહ્યું જે, "હું બળું છું... બળું છું." એમ કહીને બહુ પ્રાર્થના કરવા લાગ્યો જે, "ડોસા ! મારું દૂધ, ચોખા અને સાકર શા માટે ખોટું કરો છો ?" તે વખતે એક જણે ઊભા થઈને ડારો કર્યો જે, "જા છો ?" નીકર મારું છું !" ત્યારે તે મહાવીર બોલ્યો જે, "હું તમારા કોઈથી બીતો નથી ! હું તો આ એક ડોસાથી બીઉં છું." પછી તેને સ્વામીએ તે કાઠીના શરીરમાંથી બહાર કાઢ્યો અને તે સોગન ખાઈને ચાલ્યો ગયો. પછી તે કાઠીએ ગોપીનાથજી મહારાજની સ્વામીએ કહ્યા પ્રમાણે સેવા કરી.

**● નિંગાળાના ગોયા આહિરે રઘુવીરજી મહારાજને બળદ આપ્યા, તે મહારાજને પહોંચ્યા**

ગામ નિંગાળામાં ગોયો કરીને આહિર હરિભક્ત હતા. તેણે રઘુવીરજી મહારાજને બળદ આપ્યા હતા. તેમના મનમાં એમ સંકલ્પ રહેતો જે, 'મેં રઘુવીરજી મહારાજને બળદ આપ્યા છે તે મહારાજને પહોંચ્યા હશે કે નહીં ?' એમ તેમના મનમાં સંકલ્પ રહ્યા કરતો હતો. પછી એક દિવસ સવારમાં શ્રીજીમહારાજ તેના બળદને રથે જોડીને ગામ નિંગાળાને પાદર રંઘોળી નદી છે ત્યાં આવ્યા ને ઊતર્યા. અને સાથે કેટલાક સંત તથા પાર્ષદ પણ હતા. તે વખતે ગોયા ભગતનો દીકરો પુજો સાંતી લઈને ખેતર જતો હતો. તે આનંદાનંદસ્વામીનો સેવક હતો. પછી તેને સ્વામીએ નામ દઈને બોલાવ્યો જે, "પુજા એ પુજા ! જો આ તારા બળદિયા છે તે મહારાજની વેલ્યે જોડ્યા છે ! અને તારા" બાપને કહેજે જે, તમે રઘુવીરજી મહારાજને બળદ આપ્યા છે તે બળદ શ્રીજીમહારાજને પહોંચ્યા છે !" પછી તેણે શ્રીજીમહારાજનાં તથા સંતનાં દર્શન કર્યાં. અને મહારાજને તથા આનંદસ્વામીને પગે લાગ્યો.

પછી પોતાને ઘેરે જઈને તેના બાપને વાત કરી જે, "તમે રઘુવીરજી મહારાજને બળદ આપ્યા છે. તે બળદને વેલે જોડીને શ્રીજીમહારાજ તથા

આનંદબ્રહ્મચારી અહીંયા નદીએ પધાર્યા હતા. તેમનાં દર્શન કરીને હું આંહી આવ્યો. અને મહારાજે મને કહ્યું જે, 'તું તારા આતાને કહેજે જે, તમે રઘુવીરજી મહારાજને બળદ આપ્યા છે તે બળદ મને પહોંચ્યા છે.'' પછી પોતાનો સંકલ્પ હતો તે ટળી ગયો.

**● ખોપાળાના નારણ સોનીને સ્વામીના વચને પાંચ પુત્ર થયા**

ખોપાળા ગામમાં નારણ સોની કરીને હરિભક્ત હતા. તેને દીકરીઓ હતી પણ દીકરો નહોતો. પછી પુત્રને માટે ગામ વીંછિયે તે બીજી વખતે લગ્ન કરીને પરણ્યા. પછી તે જાન લઈને ગઢપુર આવ્યા, અને ઠાકોરજીનાં દર્શન કરીને સ્વામીને આસને દર્શને ગયા. પછી સ્વામીને દંડવત્ કરીને પગે લાગ્યા. ત્યારે સ્વામીએ કહ્યું જે, ''નારણ, નવાં લૂગડાં કેમ પહેર્યા છે ?'' નારાયણ કહે, ''સ્વામી ! મારાં લગ્ન કર્યા છે.'' ત્યારે સ્વામી કહે, ''હજી પરણ્યો નથી ?'' નારણભાઈ કહે, ''પરણ્યો તો છું, પણ દીકરીઓ છે પણ દીકરો નથી.'' સ્વામી કહે, ''હવે પાછો વળ દીકરો થાશે !''

નારણભાઈ કહે,''સ્વામી ! હવે પાછું ન વળાય ! '' સ્વામી કહે, ''દીકરો થાય તો શું કર ?'' નારણભાઈ કહે, ''સ્વામી ! તમે કહો તેમ કરું. સ્વામી કહે, ''કેટલા રૂપિયા આપ્યા છે, બાવીસો રૂપિયા આપ્યા છે. ત્યારે સ્વામી કહે, ''અર્ધા રૂપિયા ગોપીનાથજી મહારાજને આપ તો તારે દીકરો થાશે.'' નારણભાઈ કહે, એક જ સ્વામી કહે પાંચ થાય ત્યારે નારણભાઈ કહે ''પહેલો જૂનીને થાય.'' પછી તેમણે અગ્યારસેં રૂપિયાનું ઘર ગઢપુરમાં વેચાતું લઈને ગોપીનાથજી મહારાજને કૃષ્ણાર્પણ કર્યુ અને લગ્ન પછી પહેલો પુત્ર જૂનીને થયો. એવી રીતે પાંચ પુત્રો સ્વામીના વચનથી તેની બન્ને સ્ત્રીઓને થયા.

**● સ્વામીએ ગઢપુરના પીતાંબરને આશીર્વાદથી સુખિયા કર્યા**

ગઢપુરમાં એક હરિભક્ત વાણિયા હતા. તે વહેવારે બહુ દુર્બળ હતા. પછી તેણે સ્વામીની પ્રાર્થના કરી જે, ''મારું પ્રારબ્ધ ફરે એવી મારા ઉપર કૃપા કરો.'' પછી સ્વામીએ મહારાજની મૂર્તિ ધારીને પ્રાર્થના કરી. અને તેના નિમિત્તે જનમંગલના પાંચસો પાઠ કર્યા, પણ તેનું પ્રારબ્ધ

કાંઈ ફર્યું નહીં. પછી સ્વામીએ તેને બોલાવીને કહ્યું જે, પીતાંબર વોરા ! મારા જનમંગલના પાઠથી આ પાણાના બે કટકા થઈ જાય; એવા મારા પાઠ છે. પણ તારું પ્રારબ્ધ તે પથ્થર કરતાં પણ કઠણ છે ! તેથી ફરે તેમ જણાતું નથી. માટે જા, હું તને આશીર્વાદ દઉં છું કે તું વહેવારે સુખિયો થઈશ !'' પછી તે સ્વામીના આશીર્વાદથી વહેવારે સુખિયા થયા. પછી ગોપીનાથજી મહારાજની તથા સદ્‌ગુરુઓની બહુ સેવા કરી.

**● અમરા ખાચરના પુત્રને અંતકાળે સ્વામીએ દર્શન આપ્યા**

ગઢપુરમાં દાદા ખાચરનો દીકરા અમરો ખાચર હતા. તેને એક જ દીકરો હતો. તે બાલ્યાવસ્થાથી જ પોતે દેવનાં દર્શન કર્યા વિના અન્ન-જળ લે નહીં. અને દૂધ પીવું હોય, તોપણ તેમાં પ્રસાદીનું પતાસું નાંખે તો જ દૂધ પીવે; નીકર દૂધ પણ પીવે નહીં. પાંચ વખત હંમેશાં દેવને દર્શને આવવું. પછી તે પાંચ વર્ષના થયા ત્યારે તેને શરીરે મંદવાડ આવ્યો અને તે વખતે અમરો ખાચર પણ ઘેરે નહોતા.

પછી તેમનો મંદવાડ વિશેષ જાણીને મંદિરમાંથી સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદસ્વામી તથા સદ્‌ગુરુ સિદ્ધાનંદસ્વામી વિગેરે જોવા સારુ તેમને ઘેર ગયા. અને ખુરશીઓ નાંખી આપી તે ઉપર બે સદ્‌ગુરુ બેઠા. અને બેયનાં ચરણારવિંદ લઈને બાળકની છાતીમાં આપ્યાં. પછી બન્ને જણા એક દૃષ્ટિએ તેના સામું જોઈ રહ્યા અને પછી મંદિરમાં આવ્યા. અને પછી ઘડીક થયું એટલે તે છોકરો દેહ મેલી ગયો. ત્યારે સૌ સંતોએ તથા હરિજનોએ પૂછ્યું જે, ‘‘એ કોણ હતો ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે, ‘‘અમુક સંત હતા. તેમને વાસના હતી તેથી દેહ લીધો હતો.''

**● હરજી લુહારને ભોંયે લીધા હતા છતાં સ્વામીએ બેઠા કર્યા**

ગઢપુરમાં હરજી લુહાર બહુ માંદા હતા. પછી તેને ભોંય લેવા વખતે થયો. તે વખતે તેનો ભાઈ લખો, સ્વામી પાસે આવીને બહુ દિલગીર થયો. પછી સ્વામીને કહ્યું જે, ‘‘મારા ભાઈને ભોંય લીધો છે.'' તે સાંભળીને સ્વામીએ ગોપીનાથજી મહારાજની પ્રસાદીનું જળ આપીને કહ્યું જે, ‘‘આ પ્રસાદીનું જળ લઈ જઈને પા, એટલે સારું થઈ જશે !'' તેથી તે જળ ઘેરે લઈ જઈને તેના ભાઈને પાયું અને તુરત તેને આરામ થયો.

**● ઉગામેડીના રૂડાભાઈના દીકરાને સ્વામીએ સાજો કર્યો**

એક વખત સ્વામી વરતાલથી ગઢપુર પધારતા હતા અને ગામ ઉગામેડીને પાદર આવ્યા. તે વખતે ત્યાંના હરિજન સૌ સ્વામીને દર્શને આવ્યા. અને રૂડો કરીને એક હરિભક્ત હતો. તેણે સ્વામીને હાથ જોડીને કહ્યું જે, "સ્વામી ! મારો દીકરો બહુ માંદો છે, માટે તેને દર્શન દેવા પધારો. " પછી સ્વામી તેને ઘેર જઈને ઢોલિયા ઉપર બેઠા અને માંદા છોકરા સામું જોઈને બોલ્યા જે, "રૂડા ! આને સારું થઈ જશે અને ગોપીનાથજી મહારાજ આગળ પચીસ રૂપિયા મૂકજો. કેમ કે, દેવ બહુ બળિયા છે, માટે તેમનો વિશ્વાસ રાખજો." પછી થોડાક દિવસે તે છોકરો સાજો થયો. ત્યારે માનતાના રૂપિયા પચીસ ગોપીનાથજી મહારાજ આગળ મૂકી ગયા અને પગે લાગીને ઘરે ગયા.

**● લાઠીદડના અમરશી પટેલના કોરા કૂવામાં સ્વામીના વચને છ કોશનું પાણી થયું**

ગામ લાઠીદડમાં અમરશી પટેલ કણબી હરિભક્ત હતા. તેણે એક વાડીમાં કૂવો કરાવ્યો હતો. તે કૂવો વીશ હાથ ઊંડો ખોદ્યો, પણ બિલકુલ પાણી આવ્યું નહીં. તેથી ગામના સૌ લોક કહેવા લાગ્યા જે, "આમાં પાણી નહીં થાય." તે વખતે સદ્‌ગુરુ આનંદાનંદસ્વામી તે ગામમાં હતા. પછી તે અમરશી પટેલે મંદિરમાં આવી બ્રહ્મચારી અક્ષરાનંદજીને કહ્યું જે, "આનંદ સ્વામીને મારી વાડીએ નહાવા સારુ લઈ જવા છે. માટે સાંજે હું ગાડી લઈને આવીશ. કેમ કે, મેં વાડીમાં કૂવો ગળાવ્યો છે પણ તેમાં પાણી આવતું નથી. માટે સ્વામી ત્યાં પધારે અને પાણી થાય એવી કૃપા કરો તો સારું !"

પછી સાંજે ગાડી જોડીને સ્વામીને વાડીએ તેડી ગયા. અને કૂવાને કાંઠે એક ખાટલો ઢાળી તે ઉપર ગોદડું પાથરીને સ્વામીને બેસાર્યા. પછી સ્વામીએ કહ્યું જે, "પાણી લાવો, મારે જંગલ જવું છે." પછી બ્રહ્મચારી અક્ષરાનંદજીએ દોરી લોટો લઈને કૂવામાં મૂક્યો, એટલે લોટો પથરા સાથે અથડાણો તેનો રણકો વાગ્યો. તે સાંભળી આનંદ સ્વામી બોલ્યા જે, "લોટો ફૂટી જશે." ત્યારે અમરશી પટેલે હાથ જોડીને કહ્યું જે "સ્વામી !

આમાં પાણી થતું નથી.'' સ્વામી કહે, ''પાણી નથી ત્યારે મને અહીંયા શા માટે લાવ્યો ?'' પટેલ કહે, ''તમે કહો તે હું ગોપીનાથજી મહારાજની સેવા કરું અને આમાં એક કોશનું પાણી થાય તો મારી લાજ રહે; એવી કૃપા કરો !''

ત્યારે સ્વામી કહે, ''કૂવામાંથી એક પાણો લાવો.'' પછી કૂવામાંથી એક શેરનો પાણો લાવીને સ્વામી પાસે મેલ્યો. પછી સ્વામીએ તે પાણો હાથમાં લઈને જોયો અને બોલ્યા જે, ''અમરશી આમાં તો નર્યું પાણી જ ભર્યું છે !'' સ્વામી કહે, ''આ કૂવામાં પાણી થાય તો તું શું સેવા કર ?'' ત્યારે પટેલ કહે, ''જો એક કોશનું પાણી થાય તો તમે કહો તે હું સેવા કરું.'' સ્વામી કહે, ''એક કોસનું નહીં પણ છ કોસનું થાશે !'' એમ કહીને સ્વામીએ કહ્યું જે, ''આ ઉગમણો ખૂણો છે ત્યાં લગારેક ખોદો.''

પછી સ્વામી કૂવાને કાંઠે બેઠા હતા અને કૂવો ખોદનારે સ્વામીના કહેવા પ્રમાણે તે ઠેકાણે ખોદ્યું. એટલે પાણીનો મોટો બંબ(ધોધ) આવ્યો. પછી સ્વામીએ પટેલને કહ્યું જે, ''તમો ગઢપુર જઈને સંતને મોતૈયા જલેબીની રસોઈ આપી આવો. તે પ્રમાણે પટેલ ગઢપુર આવીને સંતોને રસોઈ આપી ગયા. અને કૂવામાં હજી પણ તેટલું પાણી અખૂટ રહેલું છે.

**● ઝમરાળામાં બ્રાહ્મણનાં માતા-પિતાનો સ્વામીએ ઉદ્ધાર કર્યો**

ગામ ઝમરાળામાં એક વખત સ્વામી પધાર્યા હતા. અને એક બ્રાહ્મણે આવીને સ્વામીને કહ્યું જે, ''મારે ઘેર કાલે શ્રીઠાકોરજીને થાળ કરવાને પધારો.'' પછી સવારે સૌ પૂજાપાઠ કરીને તેને ઘેરે રસોઈ કરવા ગયા. અને સ્વામીને આસન નાંખી દીધું એટલે સ્વામી તો ઓસરીમાં બેઠા. અને તે બ્રાહ્મણનાં માતા-પિતા બંને અધોગતિને પામ્યાં હતાં. અને તે બ્રાહ્મણની સ્ત્રી જ્યારે રસોઈ કરવા જાય ત્યારે તે બાઈની આગળ નાગ તથા નાગણી સામાં આવે. અને કેટલાંક પરડોતરાં (નાના સાપ) પણ ઘરમાં ફર્યા કરે, તેથી તેનુ આખું ઘર કંટાળી ગયું હતું. તેથી તે ઘરમાં સંતોને તેડી ગયા.

અને ઘરમાં જઈને સંતો છાણાં ભાંગીને જ્યાં આડ કરવા ગયા ત્યાં નાગ તથા નાગણી બન્ને દેખાણાં. પછી બ્રહ્મચારી અક્ષરાનંદજીએ

કહ્યું, "સ્વામી ! અહીંયાં તો નાગ અને નાગણી મોટાં છે." પછી તે બ્રાહ્મણે હાથ જોડીને સ્વામીને કહ્યુ જે, "સ્વામી ! હું ઘેરે ન હતો અને પછવાડેથી ડોસો ગુજરી ગયા. તેથી મારાં બન્ને મા અને બાપ અધોગતિને પામ્યાં છે. તેથી મારી ઘરવાળી જ્યારે રસોઈ કરે છે ત્યારે ત્યાં સામાં આવીને નાગ તથા નાગણી લડ્યા કરે છે." તે સાંભળીને સ્વામીએ પોતાના ઠોકરજીને નવરાવીને તે જળ તેના ઘરમાં 'સ્વામીનારાયણ... સ્વામિનારાયણ' એમ નામ લઈને છાંટ્યું. અને સ્વામીનાં દર્શન તે નાગને તથા નાગણીને થયાં. ત્યારથી દેખાતાં બંધ થઈ ગયાં. અને તેમની સદ્‌ગતિ થઈ.

**● ઝમરાળાના અજા પટેલના કૂવામાં સ્વામીના વચને પાણી થયું**

ગામ ઝમરાળામાં અજો કરીને એક કણબી હરિભક્ત હતા. તેણે પોતાની વાડીમાં કૂવો ગળાવ્યો હતો; પણ તેમાં છાંટોય પાણી થયું નહીં. પછી ગાડી જોડીને સ્વામીને પોતાની વાડીમાં તેડી ગયા. અને સ્વામીએ તે કૂવો જોઈને કહ્યું જે, "આ કૂવામાં પાણી થાય તો શ્રી ગોપીનાથજી મહારાજ સારુ બે પીતાંબર કરાવજે." પછી સ્વામીના કહેવાથી તે કૂવામાં પુષ્કળ પાણી થયું. અને પછી તેણે બે પીળા પીતાંબર લઈને ગોપીનાથજી મહારાજને અર્પણ કર્યા.

**● કારિયાણીના દલાભગતને સ્વામીએ સાજા કર્યા**

કારિયાણીમાં દલા પટેલ બહુ જ માંદા થયા હતા. અને તેને ભોંય લે એવો મંદવાડ વધી ગયો હતો. પછી સૌ હરિજનોએ કાગળ લખીને એક હરિજન સાથે ગઢપુર સ્વામી પાસે મોકલ્યો. પછી તેણે ગઢપુર આવીને તે કાગળ સ્વામીને આપ્યો અને કહ્યું જે, "સ્વામી ! દલા પટેલનો દેહ રહે તેવું લાગતું નથી." પછી સ્વામીએ માળા લઈને જોઈને કહ્યું જે, "જાઓ, દલા પટેલને અત્યારથી સારું થઈ જાશે ! અને અહીંયા આવીને પછી સંતને જલેબી-મોતૈયાની રસોઈ આપી જજો !" એમ સમાચાર તે હરિજને કારિયાણીમાં જઈને કહ્યા. અને સ્વામી બોલ્યા ત્યારથી જ તેને આરામ થવા લાગ્યો. તે જ્યારે બરાબર સારું થયું ત્યારે ગઢપુર આવીને સંતોને જલેબી અને મોતિયા લાડવાની રસોઈ આપી ગયા.

**● ભાવનગરના હરિશંકરને સ્વામીના આશિષથી ત્રણ પુત્ર થયા**

એક વખત સ્વામી ભાવનગર પધાર્યા હતા. અને રગનાથ ગોરનો દીકરો હરિશંકર કરીને હતો. તેને દીકરો નહોતો, તેથી તેણે પોતાને ઘેર જમવા માટે સ્વામીને આમંત્રણ કર્યું. બીજે દિવસે પોતાને ઘેર પોતાને હાથે રસોઈ કરીને મંડળ સહિત સ્વામીને પોતાને ઘેર જમવા તેડી ગયા. અને તમામ બ્રહ્મચારીઓને સારી રીતે જમાડ્યા. અને પછી પૂજા કરીને વસ્ત્ર ઓઢાડ્યાં. તે વખતે રગનાથ ગોરનાં ઘરનાં મનુષ્યે કહ્યું જે, “હરિશંકર ! તારે જો દીકરો જોતો હોય તો આનંદસ્વામીના ચરણારવિંદ ધોઈને પી, તો તારે દીકરો થાય !” પછી તે દૂધ તથા દહીં તથા મધ તથા ઘી અને સાકર; એ પાંચ વાનાં લાવ્યો અને એક તાંસ લાવ્યો.

ત્યારે સ્વામીએ કહ્યું જે, “આ શું કરવા લાવ્યો ?” ત્યારે હરિશંકર કહે, “મારી મા કહે છે કે, તું સ્વામીનાં ચરણારવિંદ ધોઈને પી, તો તારે દીકરો થાય.” ત્યારે સ્વામી કહે, “તારી મા હજી છે ?” એમ સ્વામી બોલ્યા. ત્યારે તે બાઈ ઘરમાં રડવા લાગી અને બોલી જે, “સ્વામી સાત મહિના અમદાવાદમાં રહ્યા પણ મેં ક્યારેય સ્વામીને સારું ખાવાનું આપ્યું નહીં. અને તેમની ને મારી ક્યારેય એકદષ્ટિ થઈ નથી. માટે એ તો બહુ મોટા સમર્થ પુરુષ છે.” પછી હરિશંકર કહે, “સ્વામી ! મારી મા બહુ રોવે છે.” સ્વામી કહે, “શા સારું રોવે છે ?” ત્યારે તેણે કહ્યું જે, “મેં અમદાવાદમાં સ્વામીને સારી રીતે ખાવા-પીવામાં સાચવ્યા નથી.” સ્વામીએ કહેવરાવ્યું જે, “તારી માને કહે જે, મારું તો તમે બહુ રાખ્યું છે અને તારે ત્રણ દીકરા થશે !” એમ સ્વામીનાં આશિર્વચનથી તેને ત્રણ પુત્ર થયા.

**● ભાવનગરના છગન ઝીણા સ્વામીની કૃપાથી ધનાઢ્ય થયા**

એક વખત સંવત્ ૧૯૩૩ ની સાલમાં સ્વામી ભાવનગર પધાર્યા હતા. અને ત્રણ માસ સુધી ત્યાં રહ્યા. પણ સ્વામીને ત્યાંના હરિજનો ગઢપુર આવવા દે નહીં. પછી એક દિવસ સ્વામી જંગલ જવા પધાર્યા હતા. અને રસ્તે જતાં છગન ઝીણા કરીને કડવા કણબી ભેળા થયા. અને તેઓ સ્વામીને પગે લાગ્યા. પછી છગનભાઈએ સ્વામીને કહ્યું જે,

"મારી રસોઈ લ્યો." સ્વામી કહે, "મારે ગઢપુર જવુ છે, તે તું તારું ગાડું લાવ, તો તારી લાખું રસોઈ માનીશ !" જીવનું પ્રારબ્ધ જ્યારે સારુ થાય તેમ હોય ત્યારે મોટાપુરુષ કહે તે તરત માને. પછી છગનભાઈએ કહ્યું જે, "બહુ સારું સ્વામી !" તમે રાજી થશો તેમ કરીશ. પછી સ્વામી કહે, "રાતના ચાર વાગે ગાડી લાવજે."

પછી સવારે ચાર વાગે ગાડી લાવીને હાજર થયા. અને સ્વામીની સાથે પોતાના પાંચ-સાત બ્રહ્મચારી હતા. તેથી સૌને સાથે લઈને ભાવનગરથી ચાલ્યા. અને બળદિયા બહુ દુર્બળ હતા તેથી સાંજના ચાર વાગે ગામ આંબલે આવ્યા. અને પછી આંબલાને પાદર નદીને કાંઠે આંબાવાડી છે ત્યાં ગાડી છોડી. પછી સ્વામીએ કહ્યું જે, "આ ગામમાં સત્સગી બ્રાહ્મણ છે, તે બહુ દડાહાથી આગ્રહ કરે છે; માટે તેમને ખબર કરો એટલે સીધું લાવે." પછી છગનભાઈએ ત્યાં હાથ જોડીને સ્વામીને કહ્યું જે, "સ્વામી ! હું બધું સીધું સાથે લાવ્યો છું. ફક્ત ઘી નથી લાવ્યો. તે હું ગામમાં જઈને લઈ આવું. અને રાંધવાનાં તપેલાં તથા તાંસ વિગેરે વાસણો સાથે લાવ્યો છું. માટે મારા સીધાની રસોઈ કરાવો."

પછી સ્વામીએ આજ્ઞા કરી એટલે છગનભાઈના સીધાની રસોઈ કરી અને છગનભાઈ ગામમાં જઈને ઘી લઈ આવ્યા. પછી ઠાકોરજીને જમાડીને સ્વામી જમવા બેઠા. અને બીજા સૌ બ્રહ્મચારીઓને પણ જમાડ્યા. અને છગનભાઈ હાથ જોડીને સ્વામી સામા બેઠા હતા. પછી સ્વામીએ પૂછ્યુ જે, "છગન ! તમારો વ્યવહાર શી રીતે ચાલે છે ?" ત્યારે છગનભાઈ કહે, "સ્વામી ! ઘરમાં દશ-પંદર મનુષ્ય છે. અને સૌ ઉદ્યમ કરીને કમાય તે સાંજે માંડ માંડ પૂરું થાય. અને હું આ ગાડી બળદનાં ભાડાં કરું છું, તે સાંજે રૂપિયો દોઢ રૂપિયો કમાઉં; એમ કરીને નિર્વાહ ચલાવીએ છીએ."

પછી સ્વામીએ જમીને પોતાની પ્રસાદીની થાળી છગનભાઈને આપી. અને સ્વામીએ રાજી થઈને આશીર્વાદ આપ્યો જે, "તેં મને અત્યારે જમાડ્યો, માટે જા, આજથી તારું દારિદ્રમાત્ર નાશ પામી ગયું. અને આજથી તમારું ત્રણ ભાઈનું નાતમાં તથા રાજદરબારમાં માન

વધશે.'' એમ સ્વામીએ આશીર્વાદ દીધો. એટલે થોડો દિવસમાં તેઓ ઘણા જ મોટા આબરૂદાર અને સદ્‌ગૃહસ્થ થયા. એવી રીતે મોટાને પ્રસન્ન કર્યા તો તેમનો બેય લોકમાં જય થયો. અને તેમના નાનાભાઈ ગિરધરભાઈએ ભાવનગર મંદિરમાં શ્રીજીમહારાજની પ્રતિમાં ચાંદીના પત્રામાં તથા આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજશ્રી પ્રતિમા તથા સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદસ્વામીની પ્રતિમા પરમ ભગવદી ગિરધરભાઈએ પોતાના ગુરુનો મહિમા જાણીને કરાવી છે. અને તેમના ત્રણે ભાઈનું કુટુંબ અદ્યાપિ પર્યંત એમ જ માને છે જે, અમારે સુખ, સંપત્તિ અને સારો વહેવાર છે તે સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદનંદજીના પ્રતાપથી અને આશીર્વાદથી જ છે.

**● રોહિશાળામાં સ્વામીએ ભગવાનજીની આગળ ચૂડાના કહેવાતા ભગવાન હરિશંકરના મૃત્યુની આગાહી કહી**

એક વખત સ્વામી ગામ રોહિશાળે પધાર્યા હતા અને બળેવનો દિવસ હતો. પછી તે ગામના બ્રાહ્મણ ભગવાનજી કરીને હતા. તે જનોઈઓ પહેરીને સ્વામીની પૂજા કરવા માટે ચંદન તથા પુષ્પના હાર લઈને મંદિરમાં આવ્યા. તે વખતે સ્વામી પૂજા કરવા બેઠા હતા. અને ભગવાનજી ત્યાં આવીને સ્વામીને દંડવત કરીને પગે લાગ્યા ને સ્વામીને કહ્યું જે, ''સ્વામી ! મારે તમારી પૂજા કરવી છે.'' ત્યારે સ્વામી કહે કે, ''તું મને કેવો જાણે છે ?'' ત્યારે ભગવાનજી કહે કે, ''સ્વામી તમે સનકાદિક છો અને શ્રીજીમહારાજે તમારી આરતી ઉતારેલી છે.'' પછી સ્વામી કહે, ''ચૂડાવાળા હરિશંકરને તું કેવો જાણે છે ?'' ત્યારે ભગવાનજી હરિશંકરનો સેવક હતો તેથી સ્વામીએ પૂછ્યું. પછી ભગવાનજીએ કહ્યું જે, ''સ્વામી ! તે તો ભગવાનનો અવતાર છે.''

તે સાંભળીને સ્વામી એકદમ પૂજામાંથી ઊભા થયા. અને તેને સ્વામીએ કહ્યું જે, ''આજથી ત્રીજે દહાડે તે મૃત્યુને ન પામે તો હું સ્વામિનારાયણનો બ્રહ્મચારી નહીં !'' એમ કહીને સ્વામીને તેને મેડેથી હેઠે ઉતારી મેલ્યો. અને પછી ત્રીજે દિવસે મેલો લઈને કોઈ માણસ ચૂડેથી રોહિશાળે આવ્યો. તે વખતે સ્વામી રોહિશાળાની નદીમાં સવારમાં નાવા

પધાર્યા હતા. પછી ભગવાનજી આવીને સ્વામીને પગે લાગ્યો અને બોલ્યો જે, "સ્વામી ! તમારા કહેવા પ્રમાણે હરિશંકરભાઈ મૃત્યુને પામ્યાના ખબર આવ્યા છે."

**● દેવા ભટ્ટે જેટલી વંડી ચણી તેટલી સ્વામીના વચને પડી ગઈ**

એક વખત સ્વામી પછે ગામ પધાર્યા હતા અને ત્યાંના હરિજનો સૌ દર્શને આવ્યા હતા, પણ ત્યાં દેવા ભટ્ટ કરીને એક પ્રશ્નોરા બ્રાહ્મણ હતા. તે ત્રણ દિવસ સુધી સ્વામીને દર્શને આવ્યા નહીં અને ચોથે દિવસે દર્શને આવ્યા. ત્યારે સ્વામીએ પૂછ્યું જે, "દેવા ભટ્ટ ! ક્યાંઈ ગામ ગયા હતા ?" ત્યારે ભટ્ટજી કહે, "ના બાપજી ! હું તો વંડી ચણતો હતો." સ્વામી કહે કે, "હું અહીંયા આવ્યો તેની ખબર હતી ?" ત્યારે ભટ્ટ કહે, "હા બાપજી." સ્વામી કહે કે, "હું આવ્યા પછી તમે જેટલી વંડી ચણી હશે તે પડી જશે." એમ સ્વામીએ કહ્યું અને ભટ્ટ તો સ્વામી પાસે જ બેઠા હતા. તે વખતે તેમનો દીકરો પરષોત્તમ ઘેરથી દોડતો આવ્યો અને કહ્યું જે, "બાપા, બાપા ! આપણી વંડી પડી ગઈ." ભટ્ટજી કહે, "હમણાં સ્વામીએ આશીર્વાદ દીધો એટલે પડી ગઈ."

**● પછે ગામના ઝંડુ ભટ્ટ બ્રહ્મરાક્ષસ થયા અને અંતે સ્વામીએ તેને બદરિકાશ્રમમાં મોકલ્યા**

પછેગામના ગણેશ ભટ્ટનો બાપ ઝંડુ ભટ્ટ કરીને હતો. તેમની દીકરી ગામ વારણામાં આપી હતી. તે બાઈ વારણા થી પછેગામ ફક્ત ત્રણ લૂગડાંભેર (પાછી) આવેલી. તે વખતે ઝંડુ ભટ્ટ ગામને ચોરે બેઠા હતા અને કેટલાક બ્રાહ્મણો પણ ત્યાં હતા. પોતાની દીકરીને એમ ત્રણ વસ્ત્રભેર સાસરેથી આવતી જોઈને ભટ્ટજી બોલ્યા જે, "કેમ દીકરી ! આમ ત્રણ વસ્ત્રભેર આવી ?" ત્યારે કોઈકે કહ્યું જે, "તમારો અવિશ્વાસ, તેથી તેના સાસરાના પક્ષવાળાએ બધું ઉતારી લીધું હશે !" તે સાંભળીને ભટ્ટને ક્રોધ ચડ્યો જે, 'મે મારી દીકરીનો ચોખાનો દાણો ઘેરે પડવા દીધો નથી અને શું હું તેનાં વસ્ત્ર-ઘરેણાં લઈ લેત ? વળી મને આમ વચન માર્યું?'

પછી પોતે ઘેરે જઈને ગળે ફાંસો ખાધો. પછી પોતે બ્રહ્મરાક્ષસ થયો અને પોતાના દીકરા ગણેશ ભટ્ટને વળગ્યો. તેને રાત્રી-દિવસ

મહાદુઃખ દીધા કરતો હતો. પછી તેને લઈને તે સ્વામી પાસે ગઢપુર આવ્યા. અને સ્વામીનાં દર્શન કર્યા, એટલે તે બળવા લાગ્યો. ત્યારે સ્વામી કહે, "તું કોણ છો ?" પછી તેણે નામ આપ્યું. ત્યારે સ્વામી કહે, "આંહીં શું છે ? જ્યાં તારું અપમાન કર્યું હોય ત્યાં જાને !" પછી તે વારણામાં ગયો ને ચાળીસ મનુષ્યનાં જીવ લીધા.. અને વારણાવાળાને ખબર પડી એટલે તેઓ સૌએ મળીને સ્વામી પાસે ગઢપુર આવીને પ્રાર્થના કરી જે, "એને વારણે મોકલવાથી અમોને સૌને નિર્વંશ કરી દીધા છે !" પછી સ્વામીએ કહ્યું જે, "તું બદરિકાશ્રમમાં ચાલ્યો જા." એમ કહીને તેને સદ્‌ગતિ આપી.

**● સ્વામીએ સારંગપુરના વાણિયાની સારણગાંઠ મટાડી**

એક વખત સ્વામી સારંગપુર પધાર્યા હતા. ત્યાંના વાણિયાને સારણગાંઠનો રોગ હતો. પછી તેણે આવીને સ્વામીની બહુ પ્રાર્થના કરી અને કહ્યું જે, "સ્વામી ! આ મારો મોટો રોગ મટી જાય એવી કૃપા કરો." પછી સ્વામીએ ગોપીનાથજી મહારાજની માનતા કરાવી અને તેનો રોગ મટી ગયો અને સ્વામી તેના ઉપર બહુ રાજી થયા.

**● આનંદાનંદસ્વામીએ બગડમાં વેદસ્તુતિની કથા કરી**

ગામ બગડમાં સ્વામી પધાર્યા હતા. અને તે ગામના દરબાર દેહાખાચર કરીને હતા. તેમણે સ્વામીની પ્રાર્થના કરી જે, "સ્વામી ! તમો અમારા ગામમાં એક માસ સુધી રહો અને અમને કથા-વાર્તા સંભળાવો." પછી સ્વામી ત્યાં એક માસ રહ્યા અને વેદસ્તુતિની કથા કરી. તે નિરંતર વેદસ્તુતિનુ એક ગદ્ય પૂરું થાય.અને ફરતા ગામના કેટલાક હરિજનો પણ સ્વામીનો સમાગમ કરવા આવ્યા હતા. પછી સ્વામી ચાલવાને માટે તૈયાર થયા. ત્યારે દેહા ખાચરે દેવની તથા સ્વામીની કેટલીક સેવા કરી તથા કેટલાક નવા સત્સંગી થયા.

**● ગઢપુરમાં ભાવનગરના ગગા ઓઝાને સ્વામીએ કહ્યું, હવેલીને નળિયાં ચડે પછી વરસાદ થશે**

ગઢપુરમાં સાધુની હવેલીનાં નળિયાં ઉતાર્યા હતાં ને જેઠ માસ ચાલતો હતો. અને નળિયાં પણ નહોતાં. તેવા વખતમાં ભાવનગરથી

ગગા ઓઝા (ભાવનગરના દીવાન ગૌરીશંકર ઓઝા) ગઢપુર આવ્યા હતા. અને તે મંદિરમાં ગોપીનાથજી મહારાજનાં દર્શન કરવા આવ્યા હતા. ને કેટલાક અમલદાર અને મનુષ્ય સાથે આવેલ; તે મંદિરની ફળીમાં ઊભા હતા. પછી તેમણે કહ્યું જે, "આ મંદિરમાં કોઈ ડાહ્યું માણસ છે કે નહિં? કેમ કે, માથે અષાઢ માસ આવ્યો છે અને એક હવેલી નળિયાં ચડાવ્યાં વગરની પડી છે અને બીજીનાં નળિયાં ઉખેળ્યાં છે !"

તે વખતે સ્વામી ફળિયામાં ચાલ્યા જતા હતા. ત્યાં ગગો ઓઝો આવીને સ્વામીને પગે લાગ્યો. અને સ્વામીને કહ્યું જે, "આ મંદિરમાં કોઈ ડાહ્યું માણસ છે કે નહીં ? કેમ કે, માથે ચોમાસું આવ્યું અને વળી બીજી હવેલી ઉખેળી છે." ત્યારે સ્વામી કહે, "ગગા ઓઝા ! વરસાદ કોના હાથમાં છે ? વરસાદ તો સ્વામિનારાયણના હાથમાં છે. તે જ્યારે આ હવેલીને નળિયાં ચડશે ત્યારે વરસાદ થશે." પછી આખો અષાઢ માસ કોરો ગયો. અને જ્યારે બધી હવેલી ચણાઈ ગઈ ત્યારપછી વરસાદ થયો. અને ગગે ઓઝે પણ ભાવનગર ગયા પછી માણસ મોકલીને ખબર કઢાવ્યા જે, "સ્વામિનારાયણની હવેલી પૂરી થઈ રહી કે નહીં?" હવેલી તો પૂરી થઈ ગઈ ને બન્ને હવેલીને નળિયાં ચડી ગયાં છે." તે સાંભળીને ગગા ઓઝાના મનમાં નિશ્ચય થયો જે, 'સ્વામી તો સાક્ષાત્ ત્રિકાળદર્શી છે !'

**● અમદાવાદમાં સ્વામીએ સારંગપુરના કાઠીનો બાર વરસથી ચાલતો ગરાસનો કેસ જીતાડીને સુખી કર્યા**

સ્વામી અમદાવાદ સમૈયો કરવા પધાર્યા હતા. ત્યાં એક દિવસ રહીને તૈયાર થયા. પછી ત્યાંના બ્રહ્મચારી તથા હરિજનો સૌ મળીને કહેવા લાગ્યા જે, "સ્વામી ! અમારી રસોઈ જમ્યા વગર અહીંથી જવાય નહીં." સ્વામી કહે, "મારે રામનવમી વડતાલ કરવી છે, માટે હું રોકાઈશ નહીં." પછી પોતાનાં પોટલાં લઈને સૌ બ્રહ્મચારીઓએ ઓસરીની કોર ઉપર મૂક્યાં. અને ગાડાવાળો જ્યાં પોતાના બળદિયા લેવા ગયો ત્યાં તો એક બળદિયાનો પગ સૂજી ગયો હતો. તેને દોરીને

સ્વામી પાસે ચોકમાં લાવ્યા. અને સ્વામીને કહ્યું જે, "આ બળદ ચાલી શકે તેવો નથી." પછી સૌ તે પોટલા આસને મેલી આવ્યાં.

તે વખતે ગામ સારંગપુરના કાઠી હરિભક્ત મંદિરમાં સ્વામીને દર્શને આવ્યા. તેને સ્વામીએ પૂછ્યું જે, "તમે આંહી ક્યાંથી ?" ત્યારે કાઠી કહે, "સ્વામી ! અમારા ગરાસ માટે અમે આંહીં અઢાર વર્ષ થયાં આંટા મારીએ છીએ, પણ તેનો કાંઈ નીવાડો આવતો નથી." ત્યારે સ્વામી કહે, "આ બળદનું ઔષધ કરતાં તમને આવડે છે ?" કાઠી કહે કે, "હા." ત્યારે સ્વામી કહે કે, "આજ સારો થાય તો આજ તમારો ગરાસ ઘેર આવે અને કાલ બળદ સારો થાય તો કાલ તમારો ગરાસ ઘેર આવે !" પછી આંબલી, આવળ, આંબાહળદર, મેંદાલકડી અને સાજીખાર વિગેરે વાટીને ખૂબ ખદખદાવ્યું અને બળદિયાને પગે બાંધ્યું. અને બીજે દિવસે સવારમાં બળદિયાને દોરીને સ્વામી પાસે લાવ્યા. સ્વામી બળદને જોઈને રાજી થયા અને આશીર્વાદ આપ્યો અને કહ્યું જે, "જાઓ, આજ દિવસના બાર વાગ્યે તમારા કામનો ફેંસલો થઈ જશે !"

પછી સ્વામીએ જમીને પોતાની પ્રસાદી સૌ કાઠીને આપી. તે વખતે સરકારી મનુષ્ય બોલાવવા આવ્યું જે, "આંહીં સારંગપુરના કાઠી છે કાઠી ? તેમને સાહેબ બોલાવે છે." પછી સ્વામીને પગે લાગીને સાહેબને બંગલે ગયા. ત્યાં સાહેબે કાગળ લખી આપ્યો જે, જાઓ, સૌ સૌના ગરાસ સુખેથી ખાઓ. પછી તે સૌ પાછા મંદિરમાં આવીને સ્વામીને પગે લાગ્યા અને બોલ્યા જે, "સ્વામી ! તમારા આશીર્વાદથી ફેંસલો અમારા લાભમાં થયો."

### ● ગઢપુરમાં ઠાકોરજી જળ ઝીલે તેટલીવાર વરસાદ રોક્યો

ગઢપુરમાં સંવત્ ૧૯૩૫ ની સાલમાં શ્રીઠાકોરજીને જળ ઝીલવા જવું હતું. અને વરસાદ બહુ વરસતો હતો. પછી કોઠારી ભક્તિવલ્લભદાસજી તથા બ્રહ્મચારી મહારાજ અનંતાનંદજી, એ બે જણાએ સદ્ગુરુ બ્રહ્મચારી આનંદાનંદજી પાસે આવીને પ્રાર્થના કરી જે, "ઠાકોરજીને જળ ઝીલવા જવું છે અને વરસાદ બિલકુલ રહેતો નથી, માટે કેમ કરવું ?" પછી સ્વામીએ કહ્યું જે, "જાઓ, ઠાકોરજી જળ

ઝીલીને આવશે ત્યાં સુધી એક છાંટો નહીં પડે !'' પછી ઠાકોરજીને ગંગાજીમાં જળ ઝીલાવવા લઈ ગયા. અને જળ ઝીલીને સાંજના ચાર વાગ્યે મંદિરમાં પધાર્યા. ત્યારપછી વરસાદ થયો.

**● સારંગપુરમાં સ્વામીએ એક માસ મહારાજને જમાડવાની સેવા કરી**

શ્રીજીમહારાજ એક માસ સુધી સારંગપુરમાં રહ્યા હતા. તે વખતે બ્રહ્મચારી આનંદાનંદસ્વામીએ મોટી વાડીએથી પાણી લાવીને જીવા ખાચરના દક્ષણાદા બારના ઓરડાની ઓસરીમાં, ઉગમણે ખૂણે શ્રીજીમહારાજ સારુ થાળ બનાવીને એક માસ સુધી જમાડ્યા હતા.

**● સ્વામીએ વારણાના ભક્તોની મરકીના રોગથી રક્ષા કરી**

સ્વામી વડતાલ પધારતા હતા અને ગામ વારણાને પાદર ગયા. તે વખતે તે ગામમાં મરકીનો રોગ આવેલો હતો. અને ગામને પાદર ગાડી છોડાવીને સ્વામી ત્યાં ઊતર્યા હતા. ત્યાં સૌ હરિજન સ્વામીને દર્શને આવ્યા અને પ્રાર્થના કરીને સ્વામીને કહ્યું જે, ''આ ગામમાં મરકીનો રોગ બહુ જ આવ્યો છે અને વૈદ દારૂ પાય છે.'' તે સાંભળીને સ્વામીએ શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને કહ્યું જે, ''તમે સૌ ગોપીનાથજી મહારાજીને પાંચ પાંચ રૂપિયાનો થાળ કરજો. અને જેને દારૂ પાયો હશે તે મરશે.'' પછી સ્વામીના આશીર્વાદથી જેટલા જેટલાને રોગ થયો હતો તે સૌ સાજા થયા. અને પછી ગઢપુર આવીને સૌએ ગોપીનાથજી મહારાજને પાંચ પાંચ રૂપિયાના થાળ કર્યા.

**● ભાવનગરના ન્યાયાધીશ વિદ્યારામભાઈને નિશ્ચય કરાવ્યો**

એક વખત ભાવનગરના ન્યાયાધીશ વિદ્યારામભાઈ ગઢપુર આવ્યા હતા. તેઓ ગોપીનાથજી મહારાજનાં દર્શન કરવા મંદિરમાં આવ્યા હતા. તે દેવનાં દર્શન કરીને પોતે તથા અમલદાર સૌ પ્રદક્ષિણામાં બેઠા હતા અને સ્વામી પણ પોતાને આસને બેઠા હતા. ત્યાં કોઈક સંતે આવીને વાત કરી જે, ''સ્વામી ! મંદિર ઉપર વિદ્યારામભાઈ આવ્યા છે ને પ્રદક્ષિણામાં બેઠા છે.'' તે સાંભળીને સ્વામી સાધુનો હાથ ઝાલીને મંદિર ઉપર આવ્યા.

તેમને દેખીને વિદ્યારામભાઈ તથા અમલદાર સૌ ઊભા થઈ હાથ જોડીને સ્વામીને પગે લાગ્યા. તે વખતે સ્વામી બોલ્યા જે, "આમાં વિદ્યારામ કોણ, વિદ્યારામ ?" તે સાંભળીને વિદ્યારામભાઈ હાથમાં પાઘડી લઈને સ્વામીને પગે લાગીને બોલ્યા જે, "મારું નામ વિદ્યારામ." સ્વામી કહે, જ્ઞાની કે અજ્ઞાની ? જો તું જ્ઞાની હો તો જ્ઞાની પ્રમાણે વાત કરું અને જો અજ્ઞાની હો તો અજ્ઞાની પ્રમાણે વાત કરું." ત્યારે વિદ્યારામભાઈએ હાથ જોડીને સ્વામીને કહ્યું જે, "બીજા પાસે તો હું જ્ઞાની છું, પણ આપ જેવા મહાત્મા પુરુષની આગળ તો હું અજ્ઞાની છું."

પછી સ્વામીને ધાબળી પાથરી આપી તે ઉપર બેઠા. અને ગીતા તથા ભાગવતના શ્લોકનાં પ્રમાણ આપી આપીને 'સ્વામિનારાયણ ભગવાન છે,' એમ તેમને મોઢે હા પડાવી. પછી વિદ્યારામભાઈ બોલ્યા જે,સ્વામી ! આવા ખરા અક્ષર (શબ્દો, વાત) મને કોઈએ કહ્યા નહોતા." એમ કહીને પાઘડી ઉતારીને સ્વામીનાં ચરણમાં પડ્યા.

**● સ્વામીએ વિહારીલાલજી મહારજના કહેવાથી વરસાદ કર્યો**

આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજ ગાદીએ બેઠા પછી ગઢપુર પધાર્યા હતા. અને હાલ બ્રહ્મચારીની જગ્યા છે ત્યાં પાંચુબાઈના બે ઓરડા હતા. તેમાં એક ઓરડામાં આનંદાનંદસ્વામી રહેતા. અને તે વખતે વરસાદે તાણ્યું હતું. પછી વિહારીલાલજી મહારાજે સ્વામીને કહ્યું જે, "વરસાદ કરો, વરસાદ !" ત્યારે સ્વામી બોલ્યા જે, "તમે ભગવાનના પુત્ર છો અને ભગવાનની ગાદીએ બેઠા છો; માટે વરસાદ તો તમે કરો કે હું ?"

પછી વિહારીલાલજી મહારાજ બોલ્યા જે, "મને કાંઈ ભગવાન મળ્યા છે ? અને તમને તો ભગવાન મળ્યા છે ! આરતી ઉતારી છે અને સનકાદિક કહ્યા છે; માટે તમો કરો તો થાય !" પછી સ્વામી હાથમાં માળા લઈને, ફળિયામાં જઈને 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ' એમ ધૂન કરવા લાગ્યા; એટલે વાદળાં થયાં અને ખૂબ વરસાદ થયો. અને ઘેલો નદી બે કાંઠામાં પાણી આવ્યું.

**● બગડના દેહા ખાચરના પ્રેમને કારણે પ્રાંત અધિકારીને આનંદાનંદસ્વામીએ વર્તમાન ધરાવ્યાં**

ગામ બગડમાં દેહા ખાચર કરીને કાઠી હતા. તેમણે પ્રાંતસાહેબ સાથે ઘણી જ પ્રીતિ હતી. પછી તેમણે કહ્યું જે, ‘‘તમને મારા ગરુનાં દર્શન કરાવવાં છે. કેમ કે, તેઓ બહુ સમર્થ પુરુષ છે અને વળી દીર્ઘ દષ્ટિવાળા છે.’’ પછી તેમને તેડીને દેહા ખાચર ગઢપુર આવ્યા. અને મંદિરના અધિકારીને ખબર કરી. અને પાથરણાં વિગેરેની સગવડ કરી અને સાહેબને માટે ખુરશી નંખાવી. પછી ગોપીનાથજી મહારાજનાં દર્શન કરાવ્યાં. પછી સૌ સભામાં આવ્યા. તે વખતે સ્વામી સભામાં ગાદીતકિયા ઉપર વિરાજમાન હતા.

સ્વામીને ભાળીને સાહેબે પોતાની ટોપી હાથમાં લીધી અને કેટલીકવાર સ્વામીને પગે લાગ્યા. પછી પોતે સભામાં મોદિયા ઉપર બેઠા, પણ ખુરશી ઉપર બેઠા નહીં. પછી સ્વામીએ શ્રીજીમહારાજનાં ઐશ્વર્યની કેટલીક વાર્તા, શ્લોક બોલીને કરી. સાહેબને અર્ધો કલાક બેસવાનું હતું. પણ બે કલાક સુધી બેઠા. અને ચાલ્યા ત્યારે સ્વામીને પગે લાગ્યા. અને દેહા ખાચરને કહ્યું જે, ‘‘તમે કહેતા હતા તેવા આ ડોસા બહોત બડા હે ! આપણે એક દિવસ રહેવું હતું પણ ત્રણ દિવસ રહેશું. અને કાલથી ડોસાને આસને વાતો સાંભળવા જવું, પણ મહાત્મા પુરુષને અહીંયાં સભામાં તસદી ન આપવી.’’ એમ ત્રણ દિવસ સુધી રહી સ્વામીની વાતો સાંભળીને સ્વામીને હાથે વર્તમાન ધારીને ઘેર ગયા.

**● આનંદ બ્રહ્મચારી અને વાસુદેવ બ્રહ્મચારીની પ્રશંસા**

મહારાજ સવારમાં ઊઠી દરબારમાં આંબલી નીચે ઓટા ઉપર બેસી દાતણ કરતા હતા. અને આનંદ બ્રહ્મચારી તથા વાસુદેવ બ્રહ્મચારી બન્ને ઝોળી માગવા નીકળ્યા હતા. ત્યારે મહારાજ કહે, ‘‘ક્યાં જાઓ છો ?’’ બન્ને જણ હાથ જોડી બોલ્યા જે, ‘‘મહારાજ ! ઝોળી માગવા જઈએ છીએ.’’ મહારાજ કહે, ‘‘મને એકેય પ્રશ્ન પૂછો, પછી જાઓ.’’

પછી આનંદ બ્રહ્મચારીએ પૂછ્યું, તે સાંભળી મહારાજ બોલ્યા જે,

"આ મૂળજી બ્રહ્મચારી જેવો થશે જે, સ્ત્રી-ધનમાં લેવાશે નહીં." પછી વાસુદેવાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યું. તે સાંભળી મહારાજે કહ્યું જે, "આ શુકસ્વામી જેવો બુદ્ધિવાન થશે." એમ મહારાજે બેઉની પ્રશંસા કરી. રજા આપી એટલે પગે લાગીને ચાલી નીકળ્યા.

### ● આનંદાનંદ બ્રહ્મચારીજીની આંખોની દવા કરી

ગઢપુરમાં સદ્‌ગુર બ્રહ્મચારી આનંદાનંદસ્વામીની આંખો બહુ દુઃખવા આવી હતી. પછી મહારાજે લીંબુ મંગવાવીને માંહે વડાગરું મીઠું વટાવીને નાંખ્યું. પછી આનંદાનંદ બ્રહ્મચારીને બોલાવીને વાસુદેવનારાયણના ઓરડે તે રસ સ્વામીની આંખોમાં નાંખ્યો અને બીજો દિવસ થયો એટલે આંખો દીવા જેવી સારી થઈ ગઈ. અને પછી જીવનપર્યંત ક્યારેય પણ આંખો દુઃખવા આવી નહીં.

## શુકદેવજી મહારાજ

એક વાર ભગવાન શિવજી માતા પાર્વતી સાથે કૈલાશ પર્વત પર બીરાજમાન હતા. તે સમયે માતાએ કહ્યું, હે પ્રભુ ! તમે જેમનું ધ્યાન કરો છો એ પ્રભુ કેવા છે ? સતિ પાર્વતીજીનો પ્રશ્ન સાંભળી શિવજી કહે છે, દેવી જો એ પ્રભુની તમારે વાત સાંભળવી હોય તો શંખનાદ કરી આજુબાજુ વસતા તમામ જીવોને દૂર કરો, કારણ કે આ તો પાત્ર હોય તેને જ સંભાળાવાય એવી વાતો છે. એટલે સતિ પાર્વતીજીએ શંખનાદ કર્યો તેથી તમામ જીવો આજુબાજુથી દૂર થયા એવા સમયે એક પોપટનું ઇંડું નીચે પડીને ફૂટ્યું, એમાંથી એક જીવ બહાર આવી તડફડીને મૃત્યુ પામ્યો. શિવજીએ સતિને જે ચરિત્રો શ્રી વેદવ્યાસજીએ ભાગવતમાં લખ્યા છે તેનું શ્રવણ કરાવવાનો પ્રારંભ કર્યો ત્યારે કહ્યું, દેવી કથા સાંભળતા સાંભળતા તમે હરેનો નાદ આપજો, જેથી મને ખ્યાલ રહે કે તમે કથાનું શ્રવણ કરો છો - એમ કહી શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ કર્યા. ૯ સ્કંદ સુધી સતિએ હરેનો હોકારો આપો અને પછી નિદ્રા આવી. ભાગવતના ચરિત્રોનું શ્રવણ કરી પોપટનું બચ્ચું જે મૃત્યુ પામ્યું છે તે જીવંત થયું ને કથાનું શ્રવણ કરવા લાગ્યું. સતિનો હોકારો બંધ થયો ત્યારે શુક (પોપટ) હોકારો દેવા લાગ્યું. કથા પૂર્ણ થતા સતિ જાગ્યા ને પ્રભુને હાથ જોડી કહ્યું, મેં તો પ્રભુ શ્રીરામના ચરિત્રો સુધી સાંભળ્યું પછી મને નિદ્રા આવી ગઈ. આટલું સાંભળતા મહાદેવજીને ક્રોધ આવ્યો, તો કથાનું શ્રવણ કોણ કરી ગયું ? જોયું ત્યાં તો પોપટ બચ્ચું ક્રોધાવેશમાં હાથમાં ત્રિશુળ લઈ શુકની પાછળ દોડ્યા કથાનું શ્રવણ કરી જે પરિપક્વ થયું છે એવું શુક બચ્ચું ઊડતા-ઊડતા ગંગા નદીના કિનારે શ્રી વેદવ્યાસજીના પત્ની અરૂણી દેવીના ગર્ભમાં સંતાઈ ગયું. ત્યારે મહાદેવજી ત્રિશૂળ લઈ

દેવી અરુણીને મારવા ગયા વ્યાસજીએ રોક્યા છે. ત્યારે મહાદેવજી કહે, તમારા પત્નીએ મારો ચોર સંતાડ્યો છે. ત્યારે વ્યાસજી કહે, પ્રભુ ચિંતા ન કરો આની કુખે જેનો જન્મ થશે તેને હું ભાગવતનો મહાન વક્તા બનાવીશ. આટલા વચનો સાંભળી મહાદેવજીને સાંતવના મળી અને પુનઃ કૈલાશ પર જઈ શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા.

સમય જતાં તેમનાં પત્ની અરૂણી દેવીને ગર્ભ રહ્યો. બાર વર્ષનો સમય વ્યતીત થયો છતાં, ગર્ભમાં રહેલ પુત્ર બહાર આવતા નથી. વ્યાસજી બોલે છે; ''બેટા ! તું બહાર આવ. તારી માતાને બહુ પીડા થાય છે.'' પુત્ર બોલે છે : ''પ્રભો ! હું બહાર આવું તો જગતની માયા મને લાગી જાય. મને નારાયણ ભૂલાઈ જાય. માટે હું બહાર નહિ આવું. હે પિતાજી ! આ જગતમાં કાંઈ સાર છે નહિ. જે કંઈ છે એ નારાયણના સ્વરૂપમાં છે'' જેને જગતમાં શ્રીનારાયણ સિવાય કશું દેખાતું નથી એટલે મહાત્માઓએ બાળકનું નામ ''શુક'' પાડ્યું છે. અને ''શુક'' શબ્દને-ઉલટાવો તો ''કશુ'' બની જશે. વ્યાસજી શુકદેવજીને કહે છે : ''બેટા ! તું કહે છે એ સત્ય છે. જગત નાશવંત છે અને તુચ્છ છે, પરંતુ તેના આદિ, મધ્ય અને અંતમાં ભગવાન સમાઈને રહ્યા છે, માટે તે મંગળમય પણ છે,'' ગીતાજીમાં કહ્યું છે :

**सर्गाणामादिरन्तश्च मध्यं चैवाहमर्जन ।** (૧૦-૩૨)

જે જગતના આદિ, મધ્ય અને અંતમાં શ્રીનારાયણ બિરાજે છે, તે જગતમાં રહીને જ મહાત્માઓ નારાયણને મેળવી શક્યા છે. તું, જો જન્મ નહિ લે તો, ભાગવતજીનો વક્તા કોને બનાવીશ ? તું અનંત જીવોના ઉદ્ધારને વાસ્તે જન્મ લે. તારા જન્મથી ઘણા જીવોનું શ્રેય થશે. તારા જન્મથી ઘણા જીવોના જન્મ-મરણના ફેરા ટળી જશે. ત્યારે ગાયના શીંગ પર રાઈ નો દાણો ટકે તેટલો સમય માયાને ખેચી લીધી અને '' અન્તે શુકદેવજીનો જન્મ થયો છે. જન્મ થયો કે તરત તપશ્ચર્યા માટે તેમણે વનગમન કર્યું.

એમ કહેવાય છે કે નારીઓમાં શ્રેષ્ઠ રંભા એક વાર શુકદેવજીને ચલાયમાન કરવા ચાલી હતી. શુકદેવજીને કહે : ''વૃથા ગતં તસ્ય નરસ્ય

જીવનમ્ - મનુષ્યજીવન ભોગ માટે છે, સંતોનું-સાધુ-સંન્યાસીઓનું જીવન વૃથા છે.'' શુકદેવજી કહે છે : ''દેવી, સાંભળો, કોનું જીવન વૃથા છે-

**નારાયણઃ પંકજ લોચન પ્રભુઃ કેયૂરહારૈ પરિશોભમાનઃ।**
**ભક્ત્યા યુતો ચેન સુપૂજિતો ન હિ વૃથા ગતં તસ્ય નરસ્ય જીવનમ્ ॥**

રંભાએ સ્ત્રી-દેહના વખાણ કર્યા ત્યારે શુકદેવજી કહે : ''સ્ત્રીનો દેહ આટલો બધો સુંદર હોય છે, એ વાત મેં આજે જાણી. મને ખબર ન હતી. હવે જ્યારે મારે જન્મ લેવાનું થશે ત્યારે તારા જેવી સુંદર માતા શોધીશ.''

શુકદેવજી જન્મથી જ નિર્વિકાર છે. એટલે તેમણે જન્મતાવેંત પિતાને કહી દીધું : ''તમે મારા પિતા નથી, હું તમારો પુત્ર નથી. કોઈ કોઈના પિતા કે પુત્ર નથી.'' આવા શુકદેવજી ઘેર કેમ આવે ?

શુકદેવજી જે વનમાં ભ્રમણ કરતા તે વનમાં આ શ્લોકોનું ગાન કરતાં વ્યાસજીના શિષ્યો ફરે છે. શુકદેવજી સ્નાન-સંધ્યા કરી સમાધિમાં બેસવાની તૈયારી કરતા હતા, એવા સમયે તેમના કાને આ શ્લોક સંભળાયો :

**બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણિકારં ॥**
**બિભ્રદ્વાસઃ કનકકપિશં વૈજયન્તીં ય માલાય્ ॥**
**રન્ધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન્ ગોપવૃન્દૈ- ॥**
**વૃંન્દારણ્યં સ્વપદરમણં પ્રાવિશદ્ ગીતકીર્તિઃ ॥**

(ભા.૧૦-૨૧-૫)

કનૈયો ગોપબાળકો સાથે વૃંદાવનમાં પ્રવેશ કરી રહ્યો છે. મસ્તક ઉપર મોરમુગટ ધારણ કરેલ છે. ગળામાં વૈજયંતીમાળા પહેરેલ છે. કાનમાં કરણનાં પીળાં પુષ્પો ધારણ કર્યાં છે. પીળું પીતાંબર છે. શ્રેષ્ઠ નટ જેવો વેશ છે. વાંસળીનાં છિદ્રોને પોતાના અધરામૃતથી ભરી રહ્યા છે. પાછળ-પાછળ ગોવાળો શ્રીકૃષ્ણની કીર્તિનું જયગાન કરે છે. આ વૃંદાવનધામ શ્રીકૃષ્ણનાં ચરણચિહ્નોથી શોભાયમાન છે.

શ્રીકૃષ્ણનું સ્વરૂપ અદ્‌ભુત-અલૌકિક છે. જેનું સ્વરૂપ યોગીઓના ચિત્તને પણ આકર્ષે છે, એવા શ્રીકૃષ્ણ શુકદેવજી જેવા યોગીજનને કેમ ન આકર્ષી શકે?

શુકદેવજીના મન:પ્રદેશ પર ભાગવતના શ્લોકો જડાઈ ગયા. શ્રીકૃષ્ણનાં મધુર મનોહર સ્વરૂપનું ચિત્તવૃત્તિમાં પદાર્પણ થયું. શુકદેવજીને દ્વિધા હતી કે, 'સગુણ કનૈયો ઘણું બધું માંગશે ! એ બધું હું ક્યાંથી લાવી દઈશ ?' શુકદેવજીને દ્વિધા જાગી કે – 'નિરાકારને ભજું કે સાકાર પ્રભુને !' ત્યાં બીજો શ્લોક તેમના કાને પડ્યો :

**અહો બકી યં સ્તનકાલકૂટં જિઘાંસયા પાયયદપ્યસાધ્વી ।**
**લેભે ગતિં ધાત્ર્યુચિતાં તતોન્યં કં વા દયાલું શરણં વ્રજેત ॥**

(ભા. - ૩-૨-૨૩)

સ્તનમાં ઝેર ભરીને મારવાની ઈચ્છાથી આવેલી પૂતનાએ તેમને ધવરાવ્યા હતા, એટલે માતા ગણી સદ્‌ગતિ આપી. આવા ભગવાન શ્રીકૃષ્ણ સિવાય બીજો કોણ દયાળુ હોઈ શકે, જેનું શરણ ગ્રહણ કરીએ ? શ્રીકૃષ્ણે ઝેર પાનાર પૂતનાને પણ યશોદામા જેવી ગતિ આપી છે.

મહાભારતમાં કથા આવે છે : ભીષ્મ પિતામહે કુરુક્ષેત્રના યુદ્ધમાં શ્રીકૃષ્ણને બાણ માર્યા છે, અને તે છતાં ભીષ્મ પિતામહના અંતકાળ સમયે શ્રીકૃષ્ણ તેમની સમક્ષ આવ્યા છે. શ્રીકૃષ્ણ તો બાણ મારનાર સાથે પણ પ્રેમ કરે, ઝેર પાનાર સાથે પણ પ્રેમ કરે. શ્રીકૃષ્ણને માખણ, મિસરી આદિ કોઈ વસ્તુની જરૂર નથી, એ તો માંગે છે ફક્ત મનનો શુદ્ધ પ્રેમ. પદાર્થથી પ્રસન્ન થાય તે જીવ, પ્રેમથી પ્રસન્ન થાય તે પરમેશ્વર.

શુક્રદેવજીની દ્વિધાનું સમાધાન થયું કે – 'કનૈયો કંઈ જ માંગવાનો નથી. આપણે કશું આપવાનું આવશે નહિ.'

શુકદેવજી વ્યાસજીના શિષ્યોને પૂછે છે : ''તમે કોણ છો ? તમે બોલો છો તે શ્લોકો કોના બનાવેલા છે ?'' શિષ્યો ઉત્તર આપે છે : ''અમે મહર્ષિ વ્યાસજીના શિષ્યો છીએ. વ્યાસજીના આ મંત્રો છે. આ તો કેવળ નમૂના છે. વ્યાસનારાયણે આવા અઢાર હજાર શ્લોકોનું 'ભાગવત પુરાણ' રચ્યું છે.''

શુકદેવજીને 'ભાગવત પુરાણ' સાંભળવાની ઈચ્છા થઈ. કનૈયાની લીલા સાંભળી તેમનું ચિત્ત આકર્ષાયું. આંખ ઉઘાડી હોવા છતાં આ શ્લોકથી સમાધિ લાગે છે. નેત્ર બંધ હોય ને સમાધિ લાગે તે સામાન્ય;

આ તો નેત્રો ઉઘાડાં હોય અને સમાધિ લાગે. ગોપીઓને પણ આવી સમાધિ લાગી હતી. શુકદેવજીને ભાગવત ભણવાની ઈચ્છા થઈ.

શુકદેવજીના ચિત્તને ઘેલું લાગ્યું. શુકદેવજી વિચારે છે - 'વ્યાસજી મારા પિતા છે. હું તેનો ઉત્તરાધિકારી છું. હું પિતા પાસેથી આ ભાગવત પુરાણ સાંભળીશ.' અને નિર્ગુણ બ્રહ્મઉપાસક એવા શુકદેવજી સગુણ બ્રહ્મની પાછળ પાગલ બન્યા.

આજે બાર વર્ષ બાદ શુકદેવજી વ્યાસાશ્રમમાં પાછા ફર્યા છે. વ્યાસજીને સાષ્ટાંગ પ્રણામ કરે છે. પછી ઈચ્છા વ્યક્ત કરી કે - 'પિતાજી ! મને આ શ્લોકો ભણાવો.' વ્યાસજી શુકદેવજીને ભાગવત ભણાવે છે. શુકદેવજી કથા સાંભળી કૃતાર્થ થયા છે. આમ, ભાગવત પુરાણનો પ્રચાર-પ્રસાર કેવી રીતે કરવો, તે વ્યાસજીની ચિંતાનો અંત આવ્યો. અને પરિક્ષિતને યોગ્ય શ્રોતા જાણી ભાગવત ચરિત્રોનું રસપાન કરાવી. પરિક્ષિતને મોક્ષગતિ અપાવી અને અનેક જીવોને શ્રીમદ્ ભાગવત સંભળાવીને મોક્ષના અધિકારી બનાવ્યા હતા.

**● શુકદેવજી છપૈયામાં દર્શને આવ્યા**

ત્યારબાદ ભારતદેશની પ્રવિત્ર ભુમિ પર વિચરણ કરતા ત્યારે કલીયુગમાં શ્રી હરિ છપૈયાપુરને વિષે પ્રગટ થઈ ને બાલલીલાઓ કરી રહ્યા છે તે સમયે શુકદેવજી દર્શન કરવાને અર્થ છપૈયા પુરમાં ધર્મદેવના આંગણે આવ્યા. ત્યારે ધર્મદેવ પોતાના બંને પુત્ર સહિત નારાયણ સરોવરમાં સ્નાન કરવા માટે ગયા. તે સમયે પાણી થોડું હતું તેથી માછલાં આદિક જીવો તપીને સરોવરમાં મરતાં જોઈને ધર્મદેવના મનમાં ઘણી દયા આવી ગઈ અને એમ બોલ્યા જે, અરે ભગવન્ ! વરસાદને હજી વાર છે. અને આ બિચારા જીવો તાપે તપીને મરી જાય છે. એવો સંકલ્પ પોતાના પિતાનો અન્તર્યામીપણે જાણીને ઘનશ્યામ મહારાજ તળાવના વચ્ચે ઊભા રહીને પોતાના જમણા પગથી પૃથ્વી ઉપર અંગુઠો દબાવતા હતા કે તત્કાળ પાતાળગંગા ધારા રૂપે આવતાં હતાં. ત્યારે ધર્મદેવ તે પ્રવાહને ઊંચો ઉછળતો જોઈને મહા આશ્ચર્ય પામ્યા જે, આ તે શું ? ત્યારે શ્રીહરિ બોલ્યા જે, હે દાદા ! તમારા અંતઃકરણનો ઘાટ જોઈને

પાતાળમાંથી ગંગાજીને અમોએ બોલાવ્યાં છે, તે જ્યાં સુધી તમારી મરજી હોય ત્યાં સુધી રાખીએ. એવું સાંભળીને પ્રસન્ન થયા થકા બોલ્યા જે, નારાયણ સરોવરમાં ત્રણ ધનુષ્યવા પાણી થાય એટલે બંધ કરો. ત્યારે તેવી રીતે પાણી ભરાઈ ગયા પછી ઘનશ્યામ મહારાજ પોતાની ઈચ્છા થકી બંધ કરતા હતા. હજારો પક્ષીઓ તરસ્યાં થયેલાં તે ભગવાનની પ્રસાદી જાણીને તત્કાળ નારાયણ સરોવરમાં આવીને જળપાન કરીને પોતપોતાની જાતિના શબ્દ બોલીને શ્રીહરિને પ્રસન્ન કરતાં હતાં. ત્યારે તેમાં કેટલાક પોપટ, મેના આદિક ચતુર પક્ષીઓને જોઈને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે દાદા ! આ પોપટમાં શુકદેવજી પોપટનું રૂપ ધારણ કરીને અમારાં દર્શન કરવા સારું આવ્યા છે. એવું સાંભળીને તત્કાળ પોપટ રૂપી શુકદેવજી આવીને ધર્મકુંવર પાસે બેસતા હતા. ત્યારે તે પોપટને પોતાના હાથમાં લઈને આખા શરીરે હાથ ફેરવતા થકા બોલ્યા જે, હે શુકદેવજી ! તમો પાછા સત્સંગમાં આવજો. તમારું શુકમુનિ એવું નામ ધરાવીને મારી સમીપ રાખીશ.

**લીધો પોપટને નિજ હાથ, કર ફેરવે છે તેને નાથ**
**બોલ્યા પ્રેમસહિત વચન, સુણો શુકદેવ ધરી મન**
**તમે આવજ્યો સત્સંગમાંય, રાખીશું મમ સમીપ માંય**
**શુકમુનિ ધરાવીશું નામ, સદાકાળ રેજ્યો તેહ ઠામ**
**પછી પોપટને છોડી દીધો, એનો જન્મ કૃતાર્થ કીધો.**

**● શુકદેવજી મહારાજનો બીજો જન્મ**

શ્રી નિલકંઠવર્ણીના આશીર્વાદ મળ્યા બાદ શુકદેવજીએ આ ધરતી પર સત્સંગમાં જન્મ ધારણ કર્યા. ગુજરાત પ્રાંતમાં ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના ડભાણ ગામમાં પ્રભાશંકરભાઈ અને સદાબા નામના પવિત્ર બ્રાહ્મણ રહેતા હતા. આ બંને દંપતી ખૂબ જ ધાર્મિક-પ્રભુ પરાયણ જીવન જીવતા. ભિક્ષાવૃત્તિ કરી પોતાનો જીવન નિર્વાહ ચલાવતા. ગામના એક જેસંગભાઈ પટેલે તેમને એક આંબો દાનમાં આપેલ જે આંબાને જ્યારે કેરીઓ આવતી ત્યારે સદાબા રસ કાઢીને પોતે ઘરે એક પૂજામાં લાલજી રાખતા તેમને શ્રદ્ધાથી ધરાવતા હતા.

એક દિવસ રાત્રે સદાબાને અલૌકિક સ્વપ્નું આવ્યું. જેમાં તેમને જોયું કે પોતાને ઘરે કોઈ મહાયોગી આવ્યા છે અને રાત્રિ રોકાયા છે. અને આશીર્વાદ આપ્યા જે તમારા ઘરે થોડા દિવસમાં શુકદેવજી જન્મ લેશે અને તે તમારા સારાએ કુળનો ઉધ્ધાર કરશે. આમ, સ્વપ્નમાં શ્રીહરિએ દર્શન આપી આશીર્વાદ આપ્યા તે જાગીને સવારે પોતાના પતિ પ્રભાશંકરભાઈને વાત કરી ને બહુ રાજી થયા.

પછી સદાબા સર્વ ક્રિયામાં શ્રીહરિએ આપેલા સ્વપ્નની વાતને યાદ કરી પોતાના ઘરે પુત્ર જન્મ થવાની રાહ જોતા હતા. એક દિવસ હરિઈચ્છાથી સદાબાના ગર્ભમાં સ્વયંમ્ શુકદેવજી મહારાજ પધાર્યા. ગર્ભમાં સાત માસ થયા ને એક દિવસ અચાનક પ્રભાશંકરભાઈને નાકમાં નાની ફોડકી થઈ તે ફૂટી એમાં તે ભગવાનના ધામમાં જતાં રહ્યા. તે સમયે સદાબા ખૂબ જ દુઃખી થયા, પરંતુ શ્રીહરિએ તેમને અંતરમાં પ્રવેશ કરી ખૂબ જ ધીરજ આપી.

સદાબાને નવ માસ પૂર્ણ થતાં સંવત ૧૮૫૨ શ્રાવણ વદ પૂનમ (રક્ષાબંધન)ના દિવસે મધ્યાહ્ન સમયે શુકદેવજી મહારાજે જન્મ ધારણ કર્યા. તેમનું નામ જગન્નાથ રાખવામાં આવ્યું. જ્યારે જગન્નાથ અઢી વર્ષના થયા ત્યારે સદાબા વડોદરા પોતાના પિયર ગયેલા તે સમયે ફાગણસુદ આઠમના રોજ શ્રી નિલકંઠવણી વડોદરા પધાર્યા હતા. અને ત્યાં સદાબા ને વર્ણીની પ્રસાદીની ખીચડી જમ્યા તે દિવસથી તેમના અંતરમાં બધાજ વિચારો શમી ગયા હતા. પુનઃ ડભાણ આવી પુત્ર જગનાથનો ઉછેર કરતા.

જ્યારે જગનાથ ચૌદ વર્ષના થયા તે વખતે શ્રીજી મહારાજે ડભાણમાં મોટો યજ્ઞ કરેલો. તે સમયે જગન્નાથ સામે પ્રેમથી જોઈ મહારાજ બોલ્યા કે - તારે હવે ક્યાં સુધી ઘરમાં રહેવું છે ? આમ કહી મહારાજ ગામમાં આવતા હતા ત્યારે રસ્તામાં પોતાના ઘરના ફળીયામાં સદાબા ઉભેલા તેમને બે હાથ જોડી મહારાજને વંદન કર્યા. ત્યારે મહારાજ બોલ્યા જે સદાબા અમને ઓળખો છો ? અમે એજ યોગી છીએ જેમને તમને સ્વપ્નમાં આવીને બધી વાત કરી હતી ત્યારે સદાબા કહે હા

મહારાજ મને બધુ જ યાદ છે. આપે મારી સર્વે પ્રકારે રક્ષા કરી છે. ત્યારે મહારાજ કહે તો હવે તમારા પુત્રને અમને અર્પણ કરો ત્યારે સદાબા એ પોતાનો એકનો એક દિકરો મહારાજ ને આપવાનો સંકલ્પ કરી લીધો.

એક દિવસ મહારાજ ડભાણમાં મયારામ ભટ્ટ પાસે ભાગવતની કથા કરાવતા હતા. અને શ્રીહરિને ભક્તો પ્રશ્ન પૂછતા તેના ઉત્તર કરતા. એ જોઈ જગન્નાથને પણ મનમાં સંકલ્પ થયો કે હું પણ આમ મહારાજને કથા સંભળાવું ને રાજી કરૂં. ત્યારે શ્રીજી મહારાજે સંતો ને કહ્યું કોઈ વિધ્વાન છોકરો હોય તો જણાવો. ત્યારે સંતો કહે મહારાજ આ જગન્નાથ વિધ્વાન છે. મહારાજને કહે તું અમારી સાથે આવીશ. હા મહારાજ હું અત્યારેજ આવું. મહારાજ કહે ના અત્યારે નહી અમે જયારે ગઢપુર જઈએ ત્યારે ત્યાં આવજે આમ કહી મહારાજ ગઢપુર ગયા થોડા દિવસ પછી જગન્નાથ ગઢપુર જવા ઘરનો ત્યાગ કરીને નિકળ્યા ને બોટાદ આવ્યા ત્યાં તેમને એક સત્સંગી અદાભાઈ વણિકનો ભેટો થયો. સંધ્યાનો સમય થઈ ગયો હતો માટે અદાશેઠ જગન્નાથને વિપ્ર બાળક જાણીને પોતાને ઘરે લઈ ગયા ત્યાં દૂધ ઢેબરા જમાડીને કહ્યું. બેટા અત્યારે અહીં સુઈ જા. કાલે સવારે મારા બે માણસો નાગલપર જાય છે તે તેમની સાથે ચાલ્યો જાજે તે તને ગઢપુરનો રસ્તો બતાવશે. રાત્રિ રોકાણ કરી સવારે અદાભાઈના બે માણસો સાથે ચાલીને જગન્નાથ ગઢપુરના પાદરે પહોંચ્યા ત્યારે મહારાજે દરબારગઢમાં મૂળજી બ્રહ્મચારીને કહ્યું, બ્રહ્મચારી કંકુ, ચોખા, બાજોટ, હાર જલદી લાવો - દાદાખાચર અહીં ભક્તો-સંતોને બોલાવો આજ તો શુકદેવજી અમારા દર્શન કરવા આવી રહ્યા છે.

પછી મહારાજ દશ-બાર સવારો ને દશ-બાર સાધુઓ તથા બે બ્રહ્મચારી વગેરેને સાથે લઈ સામૈયું કરવા માટે ગઢપુરની બજારમાંથી નીકળ્યા. તે ભક્તિબાગે જતાં સૂરા ખાચર અને અલૈયા ખાચર શુકદેવજી કેવા હશે ? એમ ધારી ઘોડા દોડાવીને બધાની આગળ સીમ સુધી ગયા.

આ બાજુ જગન્નાથજી ચાલ્યા આવે છે. તે તેને સામા મળ્યા પણ ઓળખી શક્યા નહિ અને જગન્નાથને મનમાં એમ થયું કે દરબારો ઘોડા દોડાવીને આવે છે તે હું એને નડીશ. એમ માની તેને માર્ગ આપી એક

બાજુ પાળે ચડી ગયા. તેથી તે બંને ઘોડા દોડાવીને આગળ નીકળી ગયા. પછી તે જગન્નાથ આગળ ચાલ્યા. ત્યાં તેમને મહારાજ, સંતો તથા સવારો સામા મળ્યા.

ત્યારે શ્રીજી મહારાજ કહે, 'સોમલા ખાચર ! ઓલ્યો સૂરો ને અલૈયો ઘોડા દોડવે જાય છે અને શુકજી તો અહીં આવી ગયા; માટે તેને બૂમ પાડીને તમે પાછા બોલાવો.' ત્યારે સોમલા ખાચરે બૂમ પાડી. ને કહ્યું, 'એ સૂરા...! તમે ક્યાં ધોડ્યા જાઓ છો ? શુકદેવજી તો અહીં આવી ગયા છે. માટે મહારાજ ભણે તે જ સાચું છે.' એમ કહી પાછા આવ્યા.

મહારાજે સ્વયં જગન્નાથની પૂજા કરી સ્વાગત કર્યું ને સંતો ભક્તોને કહ્યું આ જગન્નાથ તો પોતે જ શુકદેવજી છે. તે અમારી સેવા કરવા આવ્યા છે. એમ કહી મહારાજ તેમને દરબારગઢમાં તેડી ગયા અને મૂળજી બ્રહ્મચારી પાસે રહેવા અને જમવાની વ્યવસ્થા કરી આપી. દરરોજ સંતોની સેવા કરતા. એક દિવસ મહારાજે તેમને પાર્ષદ બનાવ્યા. એક વાર જગન્નાથજીએ મૂળજી બ્રહ્મચારીને વાત કરી કે મારે બ્રહ્મચારી થઈને સેવા કરવી છે. ત્યારે મૂળજી બ્રહ્મચારીએ શ્રીજી મહારાજને કહ્યું, તેથી મહારાજ ખૂબ જ રાજી થયા. સંવત ૧૮૬૮માં પ્રબોધિની ઉત્સવ પર અનેક સંતો-ભક્તો આવ્યા હતા. તે સમયમાં શ્રીહરિએ જગન્નાથને બ્રહ્મચારીની દીક્ષા આપી. અને 'ગોવિંદાનંદ બ્રહ્મચારી' એવું નામ રાખ્યું. સહુને ખૂબ આનંદ થયો. તે નિમિત્તે સહુ ભક્તોએ પોતાના અલૌકિક ભાગ્ય માની મહારાજની તથા નવા બ્રહ્મચારીની પૂજા કરી.

જ્યારે શ્રીહરિએ તેમને બ્રહ્મચારીની દીક્ષા આપી ત્યારે તેમની ઉંમર ૧૫ વર્ષ હતી. ગોવિંદાનંદ બ્રહ્મચારી નિત્ય શ્રદ્ધાથી સેવા-ભક્તિ કરતા. તેમની નમ્રતા, દાસત્વ અને સાધુતા જોઈ-મહારાજે સદા તેમને પોતાની પાસે રાખ્યા હતા.

પછી એક વાર મહારાજ ગઢપુરથી વડતાલ જતા ત્યારે કહ્યું કે, 'નિત્યાનંદસ્વામી ! તમારે અમારી સાથે આવવાનું છે. કારણ કે, આ ગોવિંદાનંદ બ્રહ્મચારી નાના છે; તેને વિદ્યાભ્યાસ કરાવવાની જરૂર છે.' આમ, શ્રીહરિએ નિત્યાનંદસ્વામી પાસે તેમને ભણવા બેસાડ્યા હતા.

નિત્યાનંદસ્વામી પાઠ આપે અને ગોવિંદાનંદ બ્રહ્મચારી તરત જ કડકડાટ પાઠ તૈયાર કરી આપતા. આવી તેમની પ્રતિભા તથા યાદશક્તિ જોઈ સ્વામી બહુ રાજી થયા.

આમ, શ્રીહરિને ગઢપુરથી વડતાલ જવું હતું ત્યારે લહિયા તરીકે નાની-મોટી સેવા કરવા ગોવિંદાનંદ બ્રહ્મચારીને સાથે લીધા. અને તેમનું ભણતર ખોટી ન થાય તેથી ભણાવવા માટે નિત્યાનંદ સ્વામીને પણ સાથે લીધા. આમ તો જગતમાં જ્યાં વિદ્યાગુરુ રહેતા હોય ત્યાં ભણનારાએ જવાનું હોય, પરંતુ આ ભણતરની રીત પણ અલૌકિક છે. શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને ગોવિંદાનંદ બ્રહ્મચારીને ભણાવવા માટે સાથે લીધા. નવા બ્રહ્મચારીને અને શ્રીહરિને કેવી અલૌકિક પ્રીતિ હશે ? પ્રભુને તેમાં કેવો વિશ્વાસ હશે ? તે સમજવા જેવું છે. આવી રીતે શ્રીહરિએ તેમને ભણાવ્યા. એમ કરતાં ચાર વર્ષ ગયા.

ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી વગેરે મોટા સંતોની રહેણી-કહેણી, ભજન-ભક્તિ તથા જ્ઞાન-વૈરાગ્ય વગેરે સદ્‌ગુણો જોઈને ગોવિંદાનંદ બ્રહ્મચારીના મનમાં ઘણી વાર વિચાર થાય કે 'હું બ્રહ્મચારી છું તેથી મારે સંતો ભેળું રહેવાતું નથી, સંતોની પંક્તિમાં બેસાતું નથી અને મોટા મોટા સંતોની પ્રસાદી પણ મળતી નથી. વળી, મોટા સંતો બ્રહ્મચારીની પંક્તિમાં પીરસવા આવતા નથી. માટે આ અલૌકિક લાભ મળતો નથી. માટે સાધુ થવાય તો રંગ રહે. વળી, હું સાધુની દીક્ષા લઈને આ મોટા મોટા સંતોની સેવા-સમાગમ કરું તો સારું. જેથી તેઓ બધા મારી ઉપર રાજી થાય તો તેમની કૃપાથી મારામાં પણ તેમના જેવા સદ્‌ગુણો આવે અને મહારાજ રાજી થાય.'

સં. ૧૮૭૨માં શ્રીહરિએ ધર્મપુરમાં કુશળકુંવરબાને રાજી કરવા વસંતપંચમીનો ઉત્સવ કર્યો. પછી મહારાજ ફરતા ફરતા ગઢપુર પધાર્યા. ત્યારે એક વાર ગોવિંદાનંદ બ્રહ્મચારીએ સોમલા ખાચરને કહ્યું, ''મારે સાધુ થવાની ઇચ્છા છે, પણ મહારાજ આગળ મારાથી કાંઈ બોલાતું નથી. માટે તમે મહારાજના સખા છો; સદા શ્રીહરિની સાથે રહો છો; માટે તમે કહો તો મહારાજ મને સાધુ કરે.'' સોમલા ખાચરે કહ્યું, 'બ્રહ્મચારી, ચિંતા કરતા

નહિ. હું તમારું આટલું કામ ચોક્કસ કરી આપીશ.'

પછી સોમલા ખાચરે મહારાજને કહ્યું, 'હે મહારાજ ! ભણે ઓલ્યા ડભાણવાળા બ્રહ્મચારીને સાધુ થાવું છે. માટે તમે સાધુ કરો તો સારું.' ત્યારે મહારાજ કહે, 'તેમને મુક્તાનંદ સ્વામી પાસે લઈ જાવ. તેઓ એમને સંતની દીક્ષા આપી દેશે.'

પછી સોમલા ખાચર હરખાતાં ગોવિંદાનંદ બ્રહ્મચારી પાસે આવ્યા ને કહ્યું, 'બ્રહ્મચારી ! હાલો...' ત્યારે ગોવિંદાનંદજી કહે, 'પણ કઈ બાજુ ?' ત્યારે સોમલા ખાચર કહે, 'મહારાજે તમને સાધુ થવાની છૂટ આપી છે; તેથી ચાલો ધર્મશાળામાં જઈએ; ત્યાં મુક્તાનંદસ્વામી તમને સાધુ બનાવશે.'

એમ કહી સોમલા ખાચર ગોવિંદાનંદ બ્રહ્મચારીને સાધુની જાયગામાં મુક્તાનંદ સ્વામી પાસે લઈ ગયા. પછી સ્વામીને કહ્યું, 'ભણું, આ બ્રહ્મચારીને સાધુ બનાવી દેવાની મહારાજની આજ્ઞા છે. માટે સ્વામી, આને દીક્ષા આપો.' એટલે મુક્તાનંદ સ્વામીએ તે જ સમયે મહારાજની આજ્ઞા માની તેમને રાજી થઈને સાધુની દીક્ષા આપી.

સ્વામીએ તેમનું 'શુકાનંદસ્વામી' નામ પાડ્યું. તરત જ શુકમુનિએ મુક્તાનંદસ્વામીનો મોટો ઉપકાર માની સ્વામીને દંડવત્ કર્યા. સ્વામીએ તેમને તેડી લીધા અને કહ્યું, 'હવે તમે મહારાજ પાસે અક્ષરઓરડીમાં જઈ મહારાજને દંડવત્ કરો.' તેથી શુકમુનિ મહારાજ પાસે આવ્યા અને દંડવત્ કરવા લાગ્યા. તરત જ મહારાજ પલંગ ઉપરથી ઊભા થયા અને અતિ ભાવથી ભેટી પડ્યા ને પૂછ્યું, 'શું નામ પાડ્યું ?'

ત્યારે તે કહે, 'મારું નામ શુકાનંદ પાડ્યું.' ત્યારે મહારાજ કહે, મુક્તાનંદ સ્વામી પણ પૂર્વનું નામ જાણતા લાગે છે. પછી મહારાજે શુકસ્વામીને કહ્યું, 'તમે હવે સદા અમારી પાસે રહો.' ત્યારે શુકસ્વામી કહે, 'ભલે મહારાજ, હું સદા આપની પાસે રહીશ.' પછી મહારાજ જ્યાં સુધી પૃથ્વી ઉપર પ્રગટ રહ્યા ત્યાં સુધી સ્વામી મહારાજની સાથે જ રહ્યા અને નિત્યે શ્રદ્ધાથી સેવા કરતા. નાની મોટી તમામ આજ્ઞા પાળતા. તેથી શુકસ્વામી મહારાજનો જમણો હાથ કહેવાયા.

શુકમુનિનો સાહિત્ય ક્ષેત્રે બહુ મોટો ફાળો છે. સ્વામીએ અનેક ગ્રંથો રચ્યા છે, અનેક ગ્રંથો ઉપર ટીકાઓ કરી છે, અનેક પત્રો લખ્યાં છે. પ્રસાદાનંદ સ્વામીની વાતોમાં ૧૬ જગ્યાએ મહારાજે શુકમુનિ પાસે પત્રો લખાવ્યા છે અને દસબાર વખત સ્વામીએ મહારાજને સ્નાન કરાયું છે. ૬ વાર શ્રીહરિનાં ચરણારવિંદ ધોયેલા છે. મહારાજે ૧૧ વખત સ્વામીને રાજી થઈને થાળનો પ્રસાદ આપ્યો છે. ૩ વાર છાતીમાં ચરણારવિંદ આપ્યાં છે. (બીજા ગ્રંથોમાં પણ વિશેષ ઉલ્લેખ હશે.) જેમ કે, શુકમુનિએ પાંચ ગ્રંથ સંસ્કૃતમાં રચ્યાં છે. અને ત્રણ ગ્રંથની સંસ્કૃતમાં ટીકા કરી છે. તેમજ સાત ગ્રંથની ગુજરાતીમાં ટીકા કરી છે. અને 'શ્રીવાસુદેવવિમલામૃતધામ...' એ સ્તોત્ર ઉપર બે વાર સંસ્કૃતમાં ટીકા કરેલી છે. જે અતિ અનુપમ અને જિજ્ઞાસુઓએ વાંચવા જેવી છે. એમાં પણ બીજી વાર સ્વામીએ ટીકા કરી છે તે તો મહારાજનો અતિશય મહિમા સમજાવનારી અને રહસ્યપૂર્ણ છે. વળી, સ્વામીનું એક કીર્તન પણ મળ્યું છે, જે નિર્મળ પ્રેમભાવથી ભરેલું છે. એ સિવાય વચનામૃત, વેદરસ, દેશ-વિભાગનો લેખ, ખગોળ-ભૂગોળનો ખરડો જેવા અનેક શ્રીહરિના લેખસંગ્રહોમાં શુકમુનિનો મોટો ફાળો છે. આ બધું અનુપમ સાહિત્ય આજ સત્સંગને માટે અનુભવી ભોમિયાની ગરજ સારે છે.

સ્વામીએ લખેલાં પુસ્તકોની નોંધ આ પ્રમાણે છે :

સંસ્કૃત ગ્રંથોમાં (૧) બુદ્ધિપ્રદીપ : સ્વામીએ આ ગ્રંથ સંસ્કૃતમાં રચ્યા બાદ તેનું ગુજરાતી પણ પોતે જ ખૂબ સરસ રીતે અને સરળ ભાષામાં કર્યું છે. (૨) જ્ઞાનદીપ : આ ગ્રંથમાં સ્વામીએ મહારાજનાં અસાધારણ તેર લક્ષણોની વિગત સહિત વાત કરી છે. આ ગ્રંથ નાનો છતાં અભ્યાસ કરવા જેવો છે. (૩) પ્રાર્થનામાળા : આ ગ્રંથમાં મહારાજને શું પ્રાર્થના કરવી ? તથા કેવી રીતે પ્રાર્થના કરવી ? વગેરે સુંદર વાતો લખી છે. અને તેનું ગુજરાતી પણ સ્વામીએ પોતે જ સહુ સંતો-ભક્તોની સુગમતા માટે કરેલું છે. (૪) 'લોકમંગલાખ્ય' નામે શ્રીહરિકૃષ્ણસહસ્રનામસ્તોત્ર લખ્યું છે. જેમાં સર્વમંગલસ્તોત્રની જેમ જ શ્રીહરિકૃષ્ણ મહારાજનાં સ્થાન, ગુણો, ઐશ્વર્ય અને કાર્યને અનુરૂપ હજાર નામો લખ્યાં છે. વળી, (૫)

'વિશ્વમંગલઅષ્ટોત્તરશતનામસ્તોત્ર' પણ સંસ્કૃતમાં લખ્યું છે. આ સ્તોત્રમાં જનમંગલસ્તોત્રની જેમ મહારાજના મુખ્ય ગુણ, પ્રતાપ અને કાર્યને અનુરૂપ ૧૦૮ નામ લખેલાં છે.

યોગીરાજ ગોપાળાનંદસ્વામી તથા મુર્ધન્ય વિદ્વાન અને સર્વોપરી નિષ્ઠાવાન નિત્યાનંદસ્વામીની આજ્ઞાથી શુકમુનિએ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના નામે સંસ્કૃતમાં (૧) હરિવાક્યસુધાસિંધુની 'સેતુમાળા' નામની ટીકા રચી છે. આ ટીકા અતિ અનુપમ છે અને અનેક જગ્યાએ વચનામૃતોનાં રહસ્યોને સમજાવનારી છે. વળી, (૨) શિક્ષાપત્રીની 'અન્વયાર્થપ્રકાશિકા' નામની ટીકા કરી છે. તે પણ રહસ્યપૂર્ણ છે. અને (૩) સત્સંગિજીવનની 'હેતુ' નામની ટીકા કરી છે.

સ્વામીએ ગુજરાતી ભાષામાં જે સાહિત્ય પ્રદાન કર્યું છે. (૧) સ્વામીએ શ્રીમદ્‌ભાગવત ગ્રંથના 'દશમ સ્કંધ'નું ગુજારતીમાં ભાષાંતર કર્યું છે. જે ભાગવતના રહસ્યને સમજવા માટે ખૂબ જ ઉપયોગી છે. (૨) શ્રીમદ્‌ભાગવત અંતર્ગત છઠ્ઠા સ્કંધમાં આવેલ 'નારાયણકવચ'નું પણ સ્વામીએ ગુજરાતીમાં ભાષાંતર કરેલું છે. (૩) તથા સત્સંગિજીવનના પ્રથમ પ્રકરણમાં આવેલ 'હરિગીતા' એટલે કે ઘનશ્યામ મહારાજે અયોધ્યામાં નાની ઉંમરમાં ભક્તિમાતાને અંતિમ અવસ્થામાં નોમની રાત્રિએ આપેલ ઉપદેશની ટીકા. (૪) દ્વિતીય પ્રકરણમાં ૫૧માં અધ્યાયમાં આવેલ ભક્તિનો મહિમા. આ અધ્યાયમાં સુરતના ભાલચંદ્ર શેઠને ઉદ્દેશીને શ્રીહરિએ અતિ ઉપયોગી વાતો કરેલી છે તેની ટીકા. (૫) તૃતીય પ્રકરણમાં આવેલા સત્સંગપ્રદીપ તથા (૬) ચતુર્થ પ્રકરણમાં આવેલું ત્યાગી સંતો માટે અતિ ઉપયોગી ધર્મામૃત; આ તમામ સત્સંગિજીવન ગ્રંથમાં રહેલા નાના ગ્રંથોની સ્વામીએ ગુજરાતી ભાષામાં સુંદર ટીકાઓ કરેલી છે. (૭) તેમજ ભાગવતના દશમસ્કંધમાં ઉત્તરાર્ધના ૮૯માં અધ્યાયમાં રહેલી 'વેદસ્તુતિ'ની પણ સ્વામીએ અતિ ગૂઢાર્થપૂર્ણ ગુજરાતીમાં ટીકા કરેલી છે.

**● શ્રીહરિએ શુકમુનિની સેવાને બિરદાવી રાજીપો આપ્યો**

વાસુદેવનારાયણના ઓરડાથી ઉગમણા ખંડમાં મહારાજ ઘણાં વરસ

બપોરે ત્યાં સૂતા. શુકસ્વામી પાસે ભાગવતની કથા ત્યાં વંચાવતા. એક વખત મહારાજ સૂઈને ઊઠ્યા, તે વખત લાડુબાઈએ તાંજળિયાની ભાજીને પૂરી ને કેરીના મરવા (ખાખઠી) નાખેલ ચટણીનો થાળ કરાવેલ તે જમ્યા. ને તે પ્રસાદી શુકસ્વામીને આપી. અને પોતે જેટલાં વસ્ત્ર પહેર્યાં હતાં, તેટલાં તે શુકસ્વામીને આપ્યાં. ને શુકસ્વામીને મળી હૃદયમાં ચરણારવિંદ આપ્યાં, ને ઘણા પ્રસન્ન થઈ ઉત્તમરાજા વગેરે પાસે શુકસ્વામીનાં ઘણાં વખાણ કર્યાં. ને એમ બોલ્યા જે, ''આ સાધુ અમારા હાથ છે અને શુકદેવજી જેણે ન જોયા હોય, તે આ શુકસ્વામીને જોઈ લો.''

એમ કહી ઢોલિયા ઉપર ઊભા થઈ કછોટોવાળી શુકસ્વામીને કહે જે, ''આ અમારી મૂર્તિ તમે નખથી શિખા પર્યંત હૃદયમાં ધારો.'' પછી શુકસ્વામીએ તથા ત્યાં બેઠેલી સભાએ સર્વેએ એ મૂર્તિનાં ચિહ્ન ધાર્યાં. અને મહારાજ બોલ્યા જે, ''આજ અમે આ શુકસ્વામી તથા ઉત્તમરાજા ઉપર ઘણા પ્રસન્ન થયા.'' અને કહે જે, ''સર્વ સાધનમાં આ સાધન મોટું છે જે પ્રત્યક્ષ ભગવાનની નખથી શિખા પર્યંત મૂર્તિ ધારવી. તેથી અનંત કોટી જનમનાં પાપ છે, તે બળી જાય છે. આ અમારા અંતરનો રહસ્ય અભિપ્રાય અમે આ બેની ઉપર રાજી થઈ બતાવ્યો છે. સર્વ સાધન કરી આ સાધન કરવાનું મુખ્ય છે.'' એમ બોલી જય સચ્ચિદાનંદ કહી અક્ષરઓરડીમાં પધાર્યા.

૫ વર્ષ ગોવિંદાનંદ બ્રહ્મચારી તરીકે રહી સહુની ખૂબ સેવા કરી. સં. ૧૮૭૨માં ગઢપુરમાં સંતની દીક્ષા લઈ શુકાનંદસ્વામી થયા. ૧૪ વર્ષ સંતરૂપે અને ૫ વર્ષ બ્રહ્મચારી તરીકે. આમ, ત્યાગાશ્રમમાં કુલ ૧૯ વર્ષ મહારાજ સાથે રહ્યા.

જ્યારે મહારાજે સ્વધામગમનલીલા કરી ત્યારે સ્વામીની ઉંમર ૩૩ વર્ષની હતી. અને મહારાજ ધામમાં ગયા બાદ ૩૯ વર્ષ સુધી પૃથ્વી ઉપર રહ્યા; સહુને શ્રીહરિનો મહિમા સમજાવતા રહ્યા અને સત્સંગની તથા ઉપાસનાની દૃઢતા કરાવતા રહ્યા.

સં. ૧૯૧૨માં સ્વામીએ પ્રભુને આર્તનાદે પોકાર કર્યો. મહારાજે દર્શન દીધાં ત્યારે પ્રાર્થના કરીને તાવ માગ્યો. પછી સ્વામીના તનમાં

૧૨ વર્ષ સુધી તાવ રહ્યો હતો.

સ્વામી નાના-મોટા તમામ સંતો-ભક્તોની સેવા કરતા. મમત્વ રાખી ઘરધણીની જેમ સહુની સારસંભાળ લેતા. સ્વામીએ જીવનમાં ક્યારેય કોઈનો પણ અભાવ લીધો નથી. કોઈ વૃદ્ધ હોય, બીમાર હોય, અશક્ત હોય કે ભણનારા સંતો હોય, તેને સ્વામી પ્રેમથી દૂધ-સાકર પાતા. વળી પાપડ, અથાણા વગેરે આદરથી આપતા-અપાવતા. આમ, સ્વામીએ જૂના-નવા સહુ સંતો-ભક્તોનાં દિલ જીતી લીધાં હતાં.

શુકાનંદસ્વામીને ગોવિંદાનંદસ્વામી, ધર્મપ્રસાદસ્વામી, નારાયણજીવનસ્વામી, હરિસ્વરૂપસ્વામી, હરિદાસસ્વામી, કૃષ્ણદાસસ્વામી, ગોવિંદચરણસ્વામી, ધર્મનંદનસ્વામી, પ્રભુચરણસ્વામી વગેરે ૨૨ જેટલા શિષ્ય સંતો હતા. તેમાં ઘણા વિદ્વાન સંતો હતા. અને ગૃહસ્થમાં પણ કેટલાક વિદ્વાનો સ્વામીના શિષ્યો હતા. તે પૈકીના પીજના ભોળાનાથ શાસ્ત્રી તો અતિ ઉત્તમ વિદ્વાન અને મહાન ભક્ત હતા. તેમણે 'શ્રીહરિસંભવમહાકાવ્ય' ઉપર ટીકા રચી સંપ્રદાયનું ઉત્તમ કામ કર્યું છે. આમ, શ્રીહરિની પ્રસન્નતા અર્થે સ્વામી ૫૯ વર્ષ સુધી રાત્રિ-દિવસ સત્સંગની સેવા કરતા રહ્યા.

શુકમુનિએ તાવ માગ્યો હતો એટલે છેલ્લાં ચાર વર્ષ સુધી તો ઘણો વધારે તાવ રહ્યો અને એમાંય છેલ્લાં છ મહિનામાં તો તાવ અને ઝાડાનું અપાર દુઃખ રહ્યું હતું. પછી આ મંદવાડથી સ્વામી છેલ્લે અતિ કંટાળ્યા હતા અને સાધુ આગળ વાત કહેતા હતા કે, સ્વામી બહુ નિર્મળ અને નિખાલસ હૃદયના સંત હતા. તેથી સર્વે સંતો-ભક્તોને પોતાનો અનુભવ નિખાલસપણે કહ્યો અને ભલામણ કરતાં કહ્યું કે, ''કોઈ મહારાજ પાસે સામે ચાલીને તાવ કે દુઃખ માગતા નહીં. સુખ તો શ્રીહરિની મરજીમાં રહેવામાં જ છે. જેમ જળમાં પાંદડું વહે તેમ પ્રભુની ઈચ્છામાં આપણે વહેવું. મહારાજને આપણી તમામ કસર ટાળતાં સારી રીતે આવડે છે. તેઓ નિપૂણ સર્જન છે. માટે આપણા દોષો કોઈ પણ રીતે ટાળી દેશે. તેની ચિંતા ન કરવી. અને મેં જેમ મહારાજ પાસે રોગ માગ્યો તેમ કોઈ

પ્રભુ પાસે રોગ માગતા નહીં.'' એવી રીતે નિજ અનુભવ ઉપરથી નિખાલસપણે સહુને ભલામણ કરી હતી. આ પણ એમની અનુપમ મોટાઈ છે.

સં. ૧૯૨૫ના માગસર વદ અમાસના રોજ વડતાલમાં સ્વામીને શ્રીહરિનાં દર્શન થયાં. તેથી સહુને કહે, ''આ શ્રીસ્વામિનારાયણ ભગવાન અનેક મુક્તો સાથે મને તેડવા આવ્યા છે.'' એમ કહી શ્રીહરિનાં દિવ્યરૂપે પ્રત્યક્ષ દર્શન કરી શ્રીહરિ અને અનંત મુક્તો સાથે વિમાનમાં બેસી સ્વતંત્રપણે ધામમાં સિધાવ્યા.

સત્સંગના સ્થંભ જેવા શુકાનંદસ્વામી ધામમાં ગયા, તેથી સહુને અતિશય દુઃખ થયું. શ્રીહરિના હાથસમા અને અનુભવના ખજાના જેવા સ્વામી ધામમાં ગયા. તેથી આચાર્યશ્રી પણ અતિ ઉદાસ થઈ ગયા. સર્વે સંતો રડી પડ્યા. સર્વે ગૃહસ્થ બાઈઓ-ભાઈઓ પણ અતિશય આંસુ પાડતા હતા. પછી મહારાજના પ્રતાપે સૌએ ધીરજ રાખી અને મોટા સંતોએ સ્વામી માટે સુંદર વિમાન તૈયાર કરાવ્યું.

હાલ વડતાલમાં જ્યાં જ્ઞાનબાગમાં જવાનો દરવાજો છે, તેની સામે સ્વામીનો અગ્નિસંસ્કાર કર્યો હતો. તે સ્થળે સુંદર છત્રી બનાવી છે.

(૧) ડભાણિયો આંબો : વૈશાખ મહિનાના તાપમાં ડભાણના આંબાની કેરીઓનો ટોપલો મૂળજી બ્રહ્મચારી માથે ઉપાડીને લાવેલા. તે કેરીઓ અમે જમ્યા. તેનું એક ગોટલું અહીં વાવ્યું તે આ આંબો થયો. તેનો છાંયડો અને કેરિયું અમારા ઉપયોગમાં ખૂબ આવે છે.'' તેની પ્રશંસા કરતાં પ્રેમાનંદસ્વામીએ એક કીર્તનમાં તેનો ઉલ્લેખ કર્યો છે, સંતોએ પણ કરૂણા કરી આ બધી લીલાઓને પોતાનાં કીર્તનોમાં તથા ગ્રંથમાં ગૂંથી લીધી છે. તેથી આ વાતો અમર રહી છે. જે વાતો ગ્રંથમાં ન લખાય તે વાતો કાળે કરીને નાશ પામે છે અથવા ફરી જાય છે.

(૨) ''જેવો ડભાણિયો આંબો એવો જ ડભાણિયો બળદ.'' ડભાણ ગામનો 'વેલા' નામનો એક બળદ હતો. તે ત્યાંના નિષ્ઠાવાન વિષ્ણુદાસ પટેલે મહારાજને શ્રીકૃષ્ણાર્પણ કર્યો હતો. આ બળદ કેટલાય કિલોમીટર

સુધી એકધારી રેવાળ ચાલમાં ચાલતો. જેથી ગાડામાં બેઠેલાને સહેજ પણ આંચકા ન લાગે. એવો જ એક બીજો 'પારેવા' નામનો બળદ પણ ચાલમાં સારો હતો. જે પીપળીના દાદાભાઈ વણારે મહારાજને અર્પણ કર્યો હતો.

મહારાજને ગાડે બેસવું હોય તો આ બંને બળદ જોડતા. ક્યારેક એકા ઉપર બેસવું હોય તો માત્ર ડભાણ ગામનો વેલો બળદ જોડતા, કહેતાં પારેવા કરતાં પણ વેલા નામનો બળદ શ્રીહરિના ઉપયોગમાં વધારે આવ્યો છે. જયારે મદનમોહનજી મહારાજની મૂર્તિ લઈને ભાયાત્માનંદસ્વામી ધોલેરા જતા ત્યારે મહારાજે કહેલું કે, 'વેલો અને પારેવો આ બંને બળદની ચાલ બહુ સારી છે. માટે ગાડે તે બળદ જોડીને મૂર્તિઓ લઈ જાઓ. જેથી મૂર્તિને કાંઈ વાંધો ન આવે.'

વળી, એક વાર ગઢપુરમાં મહારાજે મુક્તાનંદ સ્વામીને ગાડીમાં બેસાડી, એક માસ સુધી સહસ્ત્રધરે સ્નાનાર્થે જવાનું નિયમ રાખ્યું હતું. ત્યારે મહારાજ રોજ આ ડભાણના બળદને ગાડે જોડતા. ને મુક્તાનંદ સ્વામીને ગાડીમાં બેસાડી પોતે ગાડી ચલાવતા. આવા અનેક અગત્યના કામમાં ડભાણનો વેલો બળદ ઉપયોગમાં આવ્યો હતો. એટલે મહારાજે તેનાં વખાણ કર્યાં છે.

(૩) ડભાણના શુકસ્વામી : આ ત્રણેય મહારાજની સેવામાં બહુ ઉપયોગી થયા. તેમાં પણ આંબા કરતાં બળદ વધારે ઉપયોગમાં આવ્યો અને બળદ કરતાં શુકમુનિ વધારે ઉપયોગમાં આવ્યા. બીજી રીતે કહીએ તો ઝાડમાં આંબો, પશુઓમાં વેલા નામનો બળદ અને મનુષ્યોમાં શુકસ્વામી વિશેષ ઉપયોગમાં આવ્યા છે.

મહારાજ કહે, ''આ શુકસ્વામી બહુ મોટા સાધુ છે, ને અમારા કામમાં બહુ જ આવે છે.'' એવી રીતે વાત કરીને સ્વામીનાં બહુ વખાણ કરીને કહે, ''જે દિવસથી અમારી પાસે સ્વામી રહ્યા છે તે દિવસથી ચઢતો ને ચઢતો રંગ છે, ને અમારાં ચરિત્ર-લીલા લખીને તથા અમારા કાગળ લખીને સ્વામીની આંગળી વાંકી થઈ ગઈ છે.''

એમ કહીને મહારાજે સ્વામીનો હાથ ઊંચો કરી, તેમની આંગળીઓ સૌને દેખાડીને બોલ્યા, ''કોઈ ચાંદ્રાયણ વ્રત કરે છે; કોઈ ધારણા-પારણા કરે છે; કોઈ અન્ય વ્રતો કરે છે; પણ આ શુકમુનિ તુલ્ય કોઈ થાય નહીં. કેમ જે, અમારા કાગળો લખવા અને અમારા ગ્રંથો લખવાની સેવા કરવાથી સ્વામીના હાથની આંગળીઓ સજ્જડ થઈ ગઈ છે. માટે આ શુકમુનિ તો અમારા હાથ છે.''

આ બિરુદ શુકમુનિને શ્રીહરિએ લક્ષ્મીવાડીમાં ડભાણિયા આંબા નીચે આપ્યું હતું. વળી, શ્રીહરિ કહે, ''સ્વામી તો મારો ઉછાળો, કહેતાં ઉતારો છે. આ તો મુક્તાનંદસ્વામી જેવા છે.'' એમ મહારાજે શુકમુનિનાં ઘણીકવાર સુધી સભામાં વખાણ કર્યાં. અને શુકમુનિને પણ ધન્ય છે કે શ્રીહરિએ કરેલ વખાણ પણ તેને સહજથી પચી જતાં.

મોટાનાં વખાણ પચાવવાં તે સીસું પચાવવા જેવું કઠણ છે. સામાન્ય જીવને મોટા વખાણે એટલે તરત અહંની ગાંઠ બંધાઈ જાય. પછી ગમે ત્યારે, ગમે તેની સાથે અથડાય અને કુરાજીપાનો ભોગ બને. જ્યારે શુકમુનિ સંપૂર્ણ અહંશૂન્ય સંત છે. તેથી શ્રીહરિએ કરેલું સન્માન પણ તેમને સહજમાં પચી જાય છે. અને તે સદા દાસના દાસ થઈને રહે છે અને બીજા તેમને મહાન લાગે છે.

# ઈન્દ્ર અવતાર મહામુક્ત સદ્‌ગુરુ શ્રી યોગાનંદ સ્વામીનું જીવન

**● ઈન્દ્ર અવતાર યોગાનંદ સ્વામીની ઓળખ**

આપણા સંપ્રદાયમાં યોગાનંદ નામના ત્રણ સંતોનો ઉલ્લેખ સદ્. શ્રી અખંડાનંદ બ્રહ્મચારી કૃત શ્રી હરિચરિત્રમ્ ગ્રંથ માં કરેલો છે. મંજુકેશાનંદ સ્વામી કૃત નંદમાળામાં બે યોગાનંદ સ્વામીનો ઉલ્લેખ જોવા મળે છે.

દોહા : **યોગાનંદ મોટા મુનિ, કહ્યા પ્રથમ શુભ રીત;**
**યોગાનંદ નામ એક, ગુણી ગવૈયા પુનીત.**

**● સ્વામીનો જન્મ તથા પૂર્વાશ્રમનો પરિચય**

યોગાનંદ સ્વામીનો જન્મ ઉત્તર ગુજરાતમાં ગળોધર ગામે સંવત્ ૧૮૪૧ ચૈત્ર સુદ-૧, ગુડી પડવાને દિવસે રાજવંશી રજપૂત જ્ઞાતિમાં થયો હતો. તેમના પિતાનું નામ ક્ષત્રિય રણજીતસિંહ હતું. માતાનું નામ રૂપવતીદેવી (રૂપબા) હતું. તેમનું પૂર્વાશ્રમનું નામ 'વનરાજ' હતું.

પૂર્વના પુણ્યને કારણે નાનપણથી જ વનરાજને દેવદર્શન, કથાશ્રવણ અને સંતોનો સમાગમ અતિ ગમતો. ગામમાં સંતો આવે તો સર્વ કામ છોડી સંતસમાગમ કરવા દોડી જતા. એક દિવસ તેણે માતા-પિતાને કહ્યું, મારે પ્રગટ ભગવાનને પામવું છે. અને સાચા સંતોની સેવા, સમાગમ કરી મારા જીવનને ધન્ય કરવું છે; માટે મને રજા આપો.'

આ વાત સાંભળી માતા રૂપબા તો અતિ રાજી થયા. પરંતુ પિતાને પુત્રમોહ હતો. તેથી તેણે સમજાવી. થોડા દિવસો ઘેર કામકાજમાં જોડ્યા.

પરંતુ એક દિવસ કોઈને પૂછ્યા વિના તીર્થયાત્રાના નિમિત્તે એકાકી ઘર છોડી ચાલી નીકળ્યા. અનેક તીર્થોમાં ફરતા-ફરતા વનરાજ

અમદાવાદ આવ્યા. ત્યાં તેમણે સાંભળ્યું કે, અત્યારે સ્વામિનારાયણ નામે પ્રગટ ભગવાન પૃથ્વી ઉપર વિચરે છે. તેમની પાસે જેને સ્ત્રી ધનનો ઘાટ ન થતો હોય એવા અનેક પરમહંસો છે. તે પ્રભુ અનંત ને સમાધિ કરાવે છે. કળિયુગમાં સતયુગ જેવો ધર્મ પ્રવર્તાવ્યો છે. અને તે સર્વાવતારી શ્રીહરિ મહામુક્ત નાથ ભક્ત તથા ઝવેર ભક્તના પ્રેમને કારણે અમદાવાદ પાસેના કણભા ગામે પધાર્યા છે. આજુબાજુના ગામના અનેક મુમુક્ષુઓ શ્રીહરિ અને સંતોનાં દર્શને ઊમટ્યા છે.

શ્રીહરિ સતં સહિત કણભા પધાર્યા છે. એ જાણ થતા વનરાજસિંહ પણ દોડતા હરિવરનાં દર્શને કણભા આવ્યા. પ્રગટ પ્રભુને પ્રણામ કર્યા. મસ્તકે પોતાનો વરદ હાથ મૂકતા વનરાજને સ્નેહથી બોલાવ્યા, પાસે બેસાડ્યો અને તેમનો પરિચય મેળવ્યો. વનરાજે ઈશ્વરમિલનની ઉત્કટ ઈચ્છા જણાવી. ત્યારે શ્રીહરિએ કહ્યું, બે ચાર દિવસ અહીં રહો. ભગવાન તમારી ઈચ્છા પૂરી કરશે.' શ્રીહરિનાં દર્શનથી જ પરમશાંતિ પામેલા વનરાજસિંહ સેવા અને સંતસમાગમ માટે રોકાયા. શ્રીહરિ, સંતો તથા સત્સંગીઓના સદાચાર નિયમો વગેરે નજરે જોયું.

વળી એક દિવસ વહેલા ઊઠી સંતો ભક્તો સાથે શ્રીહરિ ત્યાં આવેલી ખારી નદીમાં સ્નાનાર્થે પધાર્યા. વનરાજ પણ સાથે હતા. સ્નાન કરી કણભા ગામ વચ્ચે આવેલા સદ્નાથ મહાદેવના દર્શન કરી ઝવેર ભક્તને ઘેર રસોઈ જમવા પધાર્યા. પછી મહારાજે કહ્યું, 'હવે અમે અહીંથી રજા લઈશું.'ત્યારે ત્યાંના તુલસીભાઈ, સુરભાઈ, કાલીદાસ મુખી, જીજીભાઈ, ગલાભાઈ, ઉમાભાઈ, દલાભાઈ, જેચંદભાઈ, વખતબા વગેરે ભક્તોએ પ્રાર્થના કરી, 'હે નાથ ! અમારે ઘેર થાળ જમીને જજો.' શ્રીહરિએ સહુ ભક્તોને કહ્યું, 'તમે થાળ બનાવો, અમે સંતો ભક્તો સાથે જમવા આવશું.' કણભાવાસી બાવીશ ભક્તોએ પોતપોતાને ઘેર થાળ તૈયાર કર્યો. સહુ ભક્તોના માનોરથ પૂરવા મહારાજ સંતો ભક્તો સાથે બાવીશરૂપે થઈ થઈ સહુનાં ઘેર એક સાથે થાળ જમ્યા. શ્રીહરિનો પ્રતાપ વનરાજે નજરે નિહાળ્યો.

વળી મહારાજે વનરાજ તથા બીજા ઘણાંક ભક્તોને સમાધિમાં અક્ષરધામ દેખાડ્યું. ત્યાં અનંત મુક્તો, દેવો અને ઈશ્વરો સ્તુતિ કરતા, સર્વાવતારી શ્રીહરિનાં દર્શન થયાં. સમાધિમાંથી જાગ્રત થતા જ શ્રીહરિનો આ પ્રતાપ જોઈને વનરાજને પ્રગટ પ્રભુનો દૃઢ નિશ્ચય થયો અને ગદ્‌ગદ્‌ભાવે પ્રાર્થના કરતા કહ્યું, 'હે નાથ ! હવે મારે આપની સેવામાં જ રહેવું છે. બીજા ક્યાંય જવું નથી.' મહારાજે પણ તેમની મુમુક્ષુતા જોઈ.

જેતલપુરમાં યજ્ઞ કરી સંવત ૧૮૬૫માં શ્રીહરિ સંતો સાથે વિચરતા વહેલાલ ગામ આવ્યા. ત્યાં જેસંગભાઈના મેડા ઉપર અઢાર મુમુક્ષુઓને પરમહંસોની દીક્ષા આપી. તેમાં સહુ પ્રથમ વનરાજને દીક્ષા આપી અને યોગાનંદ સ્વામી એવું નામ રાખ્યું.

**● વિદ્યાભ્યાસ તથા ભગવત્ કૃપા**

એકવાર યોગાનંદ સ્વામીને શ્રીહરિએ કહ્યું સ્વામી, હવે તમે સંસ્કૃતનો અભ્યાસ કરો.' એમ કહી સંસ્કૃતના અભ્યાસ માટે સંતોની સાથે તેમને ધોળકા મોકલ્યા. ત્યાં હાલ આપણા સ્વામિનારાયણ મંદિરમાં સભામંડળની પાસે ચરણારવિંદ છે તે સ્થળે રેવાશંકર બ્રાહ્મણનું ઘર હતું. બાજુમાં જ એક પાઠશાળા જેવું સુંદર મકાન હતું. ત્યાં રહ્યા થકા ધોળકામાં રહેનાર વિદ્વાન બ્રાહ્મણ પાસે વિદ્યાભ્યાસ કરવા લાગ્યા. શ્રીહરિની કૃપાથી થોડા સમયમાં જ સુંદર શ્લોકોની રચનાઓ કરવા લાગ્યા. સાહિત્યની સાથોસાથ ત્યાં જ રહ્યા થકા સ્વામીએ સંગીતનો પણ અનુપમ અભ્યાસ કર્યો.

**● સ્ત્રોત રચના અને શ્રીહરિની પ્રસન્નતા**

પછી સ્વામીએ શ્રીહરિના વર્ણિરાજ સ્વરૂપનું વર્ણન કરતું સૌ પ્રથમ એક સ્તોત્ર બનાવ્યું.

**अथैकदा दिव्यतपास्तपस्तपंस्तपस्विनां कौतुककारकर्मकः ।**
**यशेष्टयोगाय वने वसने वशी स वर्णिवेशोऽवतु धर्मनंदनः ॥**

એકવાર દિવ્ય તપને કરતા એવા તપસ્વીઓને પણ આશ્ચર્ય ઉપજાવે એવા તપ કરનારા વર્ણિરાજ છે. વળી વનમાં વસીને યશેષ્ટ યોગસાધના કરી રહેલા અને સર્વ ઈન્દ્રિયોને વશ રાખનારા એવા વર્ણિરાજ ધર્મપુત્ર

શ્રીહરિ મારું રક્ષણ કરો આવા ભાવનું સુંદર અષ્ટક રચી યોગાનંદ સ્વામીએ અષ્ટપ્રકાશાનંદ સ્વામીને આપ્યું. અને કહ્યું, ''આ મારી પ્રાર્થના નિત્યાનંદ સ્વામી શ્રીજીમહારાજને સંભળાવે.''

પછી ગઢપુરમાં જઈ અષ્ટપ્રકાશાનંદ સ્વામીએ ઉપર્યુક્ત સ્તોત્ર નિત્યાનંદ સ્વામીને આપ્યું. સ્વામીએ આ સ્તોત્ર સ્વામિનારાયણ ભગવાનને સંભળાવ્યું. તે સાંભળી મહારાજ યોગાનંદ સ્વામી ઉપર બહુ જ પ્રસન્ન થયા.

**विहरति योऽक्षरेऽक्षरपदारमुक्तपतिः ।**
**पुरुषविद्यो विधिं विधिहरिश्वरमुख्यबुधाः ॥**
**शिरसि वहन्ति ते समुदितं किल येन मुदा ।**
**ह्यदि तमजं भजे भवहरं हरिकृष्णमहम् ॥ १ ॥**

જે સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન સદા અક્ષરધામમાં વિહાર કરે છે. વળી તે અક્ષરધામ અને અક્ષરમુક્તોના પતિ છે. પ્રકૃતિપુરુષ, પ્રધાનપુરુષ, વિરાટપુરુષ વગેરે ઈશ્વરો તથા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આદિક દેવો પણ જેમની આજ્ઞાને હંમેશા આનંદપૂર્વક શિરસાવંદ્ય વહન કરે છે. એવા ભવસાગરને હરનારા અને અજન્મા શ્રીહરિકૃષ્ણ મહારાજને હું હંમેશા હૃદયથી ભજું છું. આવું મહિમાસભર સ્તોત્ર રચ્યું. અને તે સ્તોત્ર પણ સંતો સાથે શ્રીહરિને મોકલાવ્યું. નિત્યાનંદ સ્વામીએ આ સ્તોત્ર પણ મહારાજને સંભળાવ્યું. તે સાંભળીને શ્રીજીમહારાજ બહુ જ પ્રસન્ન થયા.દ્

શ્રીહરિએ સારંગપુરના મોટા રાઠોડ ધાધલને ઘેર વસંતોત્સવ કરવાનું નક્કી કર્યું. મહારાજ તમને ઘેર આંબલીના વૃક્ષ નીચે ઢોલિયા પર બિરાજમાન હતા. ત્યાં સહુ સંતો આવ્યા એટલે શ્રીહરિ કહે 'ભણનારા યોગાનંદ સ્વામી તથા ભગવદાનંદ સ્વામીને બોલાવો. તેઓ વિદ્યા ભણ્યા છે માટે આજ અમારે પરસ્પર તેમની પાસે શાસ્ત્રાર્થ કરાવવો છે. તેમાં નિત્યાનંદ સ્વામી મધ્યસ્થ રહેશે.' તરત જ યોગાનંદ સ્વામી તથા ભગવદાનંદ સ્વામી આવ્યા. તેમને જોઈને મહારાજ કહે, 'સંતો, તમે શાસ્ત્રો ભણ્યા છો. માટે આજે મારે તમારી પરીક્ષા કરવી છે. તમારી

પાસે શાસ્ત્રાર્થ કરાવવો છે. તેમાં તમારા બંનેના ગુરુ આ નિત્યાનંદ સ્વામી મધ્યસ્થ રહેશે.'

એમ કહી શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને હાથ પકડી ખુરશી ઉપર બેસાર્યા અને તે બંને મહારાજની સન્મુખ બેઠા. શ્રીહરિની આજ્ઞા થતા બંને સંતોએ શાસ્ત્રાર્થ શરૂ કર્યો. મહારાજ પણ ઉચ્ચ આસને બિરાજતા થકા એકાગ્ર ચિત્તે શાસ્ત્રર્થ સાંભળવા લાગ્યા. એક કલાક સુધી બંને સંતોએ પરસ્પર શાસ્ત્ર ચર્ચા ચલાવી. અને નિત્યાનંદ સ્વામી નિર્ણય આપતા કહે, 'હે મહારાજ ! આ બંને સંતો-કુશળ શાસ્ત્રીઓ છે, આપની કૃપાથી તેમને વિદ્વતા વરી છે.' તે સાંભળી શ્રીહરિ બંને સંતો પર ખૂબ પ્રસન્ન થયા. ભાવથી ભેટ્યા અને બપોરે જમી પોતાના થાળની પ્રસાદી આપી.

સંવત્ ૧૮૭૫ના સારંગપુરના વસંતોત્સવમાં સુરત, અમદાવાદ, વડોદરા, બુરાનપુર વગેરે દેશદેશાવરના અનેક ભક્તોના સંઘ આવ્યા હતા. તેમને સુંદર વસ્ત્ર તથા આભૂષણો પહેરાવી મહારાજની સર્વોત્તમ પૂજા કરી હતી. ભક્તોની ભાવના સ્વીકારી રાજશાહી સુંદરતમ વસ્ત્રાભૂષણો પહેરી શ્રીહરિ સભામાં બિરાજમાન થયા. પોતાનાં હૃદયેશ્વર મહારાજની આવી અલૌકિક શોભા જોઈ યોગાનંદ સ્વામી એ એક કાવ્ય બનાવ્યું.

**जलधरसुन्दर ! मदरमनोहर ! ह्वदयतमोहर ! कृष्ण ! हरे !॥१॥**
**वृषकुलभूष ! दलितविदूषण ! दिव्यविभूषण ! दिव्यगते !॥१॥**
**जय जय जयकर ! दीनदयाकर ! जगति दिवाकर ! दिव्यपते !॥१॥**

શીઘ્ર સ્તોત્ર બનાવી, સભામાં ઊભા થઈ મધુર કંઠે શ્રીજીમહારાજને આ અષ્ટપદી સંભળાવી. તે સાંભળી મહારાજ અતિ પ્રસન્ન થયા. પોતાના ખભે ધરેલો ખેસ, સુંદર જામો અને રૂમાલ યોગાનંદ સ્વામીને ભેટ આપ્યા, ભાવથી ભેટ્યા, છાતીમાં ચરણારવિંદ આપ્યા.

યોગાનંદ સેવાનંદ સ્વામી, ઓઢાડ્યો ખેસ અંતરજામી.

**● સુંદરગાન સર્વોત્તમ રાજીપો**

એકવાર મહારાજ સાંજ વખતે દાદા ખાચરના દરબારમાં દક્ષિણાદિ કોરે પહેલા ખંડના ફળીમાં ઢોલિયા ઉપર હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ

કર્યા હતા અને ગુલાબના હાર કંઠને વિશે વિરાજમાન હતા. તે સમામાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, મોટા યોગાનંદ સ્વામી વગેરે વાજિંત્ર વગાડી કીર્તન ગાતા હતા. તે વખતે છ રાગ અને છત્રીસ રાગિણીઓ મૂર્તિમાન આવી. તેનું આકાશને વિશે મહા મીઠા સ્વરથી ગાવણું થવા લાગ્યું. તે શબ્દ સાંભળી પરમહંસોએ ગાવણું બંધ કર્યું અને આખી સભા એક ચિત્તથી સાંભળવા લાગી. તેમાં 'વંદુ સહજાનંદ રસ રૂપ અનુપમ સારને રે લોલ' એ પ્રેમાનંદ સ્વામીનાં કરેલાં કીર્તનો તે ગાતા હતા પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, 'હે મહારાજ ! આ આશ્ચર્ય જેવું શું છે ?'

ત્યારે મહારાજ બોલ્યા જે, 'આ વખતે તમારાં મોટાં ભાગ્ય છે. આવાં ભાગ્ય તો બીજા કોઈનાં નથી. કેમ જે, પ્રત્યક્ષ પુરુષોત્તમ જે અમે તે અમારા ગુણનું તમે કીર્તનો તથા સ્તોત્રોમાં વર્ણન કરેલ છે. તે કીર્તન ભક્તિ વાંજિત્રમાં દેવતાઓ પણ બજાવે છે, તે છ રાગ અને છત્રીશ રાગિણી મૂર્તિમાન અમને રાજી કરવા આ કીર્તન બોલે છે. તે તમે આખી સભા સાંભળો છો. માટે આ સમયને વિશે જે પાપી હશે તે પણ આ કીર્તનો બોલશે, આ સંતસભાને સંભારશે અને તે અંતકાળે સાંભરી આવશે તો તે પણ તમામ પાપથી છૂટી અમારા ધામને પામશે.' એમ શ્રીહરિ બોલ્યા પછી આકાશમાં શ્વેત પ્રકાશ થયો અને શબ્દ થયો તે સાંભળી સર્વે વિસ્મય પામ્યા અને દેવો તથા રાગિણીઓ શ્રીહરિ અને સભા ઉપર પુષ્પવૃષ્ટિ કરી અદૃશ્ય થઈ ગયા.

તે સમયે કીર્તન ગાનારા પ્રેમાનંદ સ્વામી તથા યોગાનંદ સ્વામી ઉપર શ્રીહરિ ખૂબ જ રાજી થયા. અને યોગાનંદ સ્વામીને પોતાના કંઠમાંથી ઉતારી પ્રસાદીનો હાર તથા ચરણારવિંદ આપ્યા હતા.

**પ્રેમાનંદજીને બહુ પ્રીત્યે, દીધો પ્રસાદ તે રૂડી રીત્યે ।**
**યોગાનંદ સ્વામીને જાઈ, દીધા હાર પોતે રાજી થાઈ ॥**

### ● યોગાનંદ સ્વામીની અલૌકિક ભાવના

એક વખત મહારાજ જેતલપુર ગામમાં પધાર્યા હતા. ત્યારે સાધુએ મહારાજનું પૂજન કરવા માટે ચંદનનાં બે તપેલા ઘસીને ભર્યા હતા.

પછી મહારાજ સરોવરમાં સ્નાન કરી ત્યાં બાદશાહી મહેલ ઉપર બિરાજ્યા. ત્યારે મહારાજને આખે શરીરે સંતોએ ચંદન ચરચ્યું અને પુષ્પની માળાઓ પહેરાવી.

એ સમયે ઘણા ભક્તો મહારાજને જમાડતા હતા. એટલે જેતલપુરના અતિ ગરીબ પરંતુ દિલના ઉદાર અને પ્રેમી એવા જીવણભક્ત તથા તેમની પત્નીને શ્રીહરિને જમાડવાની ભાવના થઈ પરંતુ ઘરમાં કાંઈ હતું નહિ. તેથી દિલમાં દુઃખ હતું. પછી જીવણ ભગતે તેની પત્નીને કહ્યું, “હું ડોડીની ભાજી લઈ આવું અને તું મઠનો રોટલો કર.” પછી બાઈએ મઠનો રોટલો કર્યો. અને ભગત સીમમાંથી ડોડીની ભાજી લઈ આવ્યા એટલે તેને બાફીને તેમાં મીઠું નાંખ્યું. અને એક થાળીમાં લઈ જીવણભગત દેવસરોવરને કાંઠે બાદશાહી મહેલ ઉપર આવ્યા અને મહારાજે સામે ચાલી જીવણ ભક્તનો મઠનો રોટલો જમવા લાગ્યા. તે સમયે યોગાનંદ સ્વામી ત્યાં જ ઊભા હતા. એટલે તરત જ તેમણે ની શ્લોક રચના કરી.

**स्नातं चन्दनचर्चितं निज्जनैःपुष्पस्त्रजालंकृतं**
**प्रातःसूर्यमयूखरेवितमुखं श्री चन्द्रशालोपरि ।**
**धृत्वा रोटकमेकपाणितलके भंक्त्वान्यहस्तेन तं**
**भुज्जानं प्रविलोक्य सेवकगणान् वन्दे सदा स्वामिनम् ॥**

‘પ્રાતઃ કાળે સ્નાન કરીને તૈયાર થયેલા શ્રીહરિને પોતાના ભક્તજનોએ ચંદનની અર્ચા કરી અને ફૂલના હાર પહેરાવીને સુશોભિત કર્યા છે. સવારના પહોરમાં સૂર્યના કિરણો જેમના મુખારવિંદ ઉપર આવી રહ્યા છે. અને જે સ્વયં અગાશીમાં આસન ઉપર વિરાજમાન છે. એક હાથની હથેળીમાં રોટલો રાખીને બીજે હાથે તેને ભાગીં અને ભક્તજનોની સામે કૃપાદૃષ્ટિ કરીને જમે છે તે આ શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું સદા વંદન કરું છું.’

**● યોગાનંદ સ્વામીએ કૂવો ગાળવાની જગ્યા બતાવી**

સ્વામી જેવા કવિ, ગાયક, વૈદ્ય અને વિદ્વાન હતા તેવા જ ભૂતશાસ્ત્રના પણ નિષ્ણાત હતા. સંવત્ ૧૮૭૮માં વૈશાખ મહિના માં

એકવાર અચાનક રાત્રિએ અક્ષરઓરડીની પાછળ બજારમાં એક વાણિયાની દુકાન સળગી. શ્રીહરિ તુરત જાગી ગયા. પાર્ષદોને ઉઠાડ્યા અને તેમને કહ્યું, 'જલ્દી આગ ઓલવી નાખો.' તેથી પાર્ષદોએ દરબારમાંથી પાણીના ઘડા લઈ જઈ છાપરાં ઉપર ચડી મહા મહેનતે આગ ઓલવી.

પછી બીજે દિવસે સવારે મહારાજે દાદાખાચર વગેરે ભક્તો તથા મોટેરા સંતો પાર્ષદોને બોલાવ્યા અને તેમને કહ્યું, "જેમ કાલે બજારામાં વાણિયાની દુકાનમાં આગ લાગી તેમ ક્યારેક અહીં પણ બને, માટે દરબારગઢની રક્ષા સારુ અહીં કાયમી પાણીની વ્યવસ્થા હોવી જોઈએ. આ વખતે તો દરબારગઢનું તમામ પાણી ખાલી કરી આગને આગળ વધતી અટકાવી અને પાર્ષદોએ ઓલવી નાખી; પરંતુ ભવિષ્યમાં આવી કોઈ મુશ્કેલીમાં પાણી પુરું પડે તે સારુ અહીં એક પાકો કૂવો ગળાવીએ. એમ કહી મોટા યોગાનંદ સ્વામીને કહ્યું , 'સ્વામી તમે ભૂસ્તરશાસ્ત્રના જાણકાર છો માટે એવી જગ્યા બતાવો કે ત્યાંથી અપાર મીઠું પાણી મળે.'

તરત જ યોગાનંદ સ્વામીએ શ્રીહરિની મૂર્તિ અંતરમાં ધારી જગ્યા બતાવતા કહ્યું, "અક્ષરઓરડીની બાજુમાં આ જગ્યાએ ચોક્કસ પાણી થશે અને એમાં ક્યાંય પથ્થર નહિ આવે તથા પાણી મીઠું ગંગાજળ થશે એમ યોગાનંદ સ્વામીની વાત સાંભળી શ્રીહરિ અતિ પ્રસન્ન થયા અને તરત જ કૂવો ખોદવાનું પ્રથમ મુહુર્ત શ્રીહરિએ કર્યું. પછી સૌ પાર્ષદએ કૂવો ગાળવાનું કામ શરૂ ક્યું. ત્યાં વર્ણીએ રસોઈ તૈયાર કરી એટલે શ્રીહરિ થાળ જમ્યા. તે સમયે યોગાનંદ સ્વામી પ્રસાદ જમતા હતા. પરંતુ તે ભૂખ્યા ન રહે એટલે શ્રીહરિએ અતિ રાજી થઈ ફરી તેમને પ્રસાદ આપ્યો. પછી સૌ પાર્ષદો ને પ્રસાદ આપ્યો.

બે દિવસમાં તો જ્યાં દસ હાથ જેટલો કૂવો ખોદ્યો ત્યાં તેમાંથી ગંગાજળ જેવું મીઠું પાણી નીકળ્યું. મહારાજે તે પાણી ગાળીને પીધું. પછી બોલ્યા, 'આ તો ગંગાજળ જેવું મીઠું પાણી છે. માટે આ કૂવાનું નામ આજથી ગંગાજળિયો રાખીએ.' પછી તે જ સમયે ગોંડલના દેવરાજ કડિયા ગઢપુરમાં જ રહેતા હતા. તેમને બોલાવી મહારાજે તે

કૂવા ને પાકો ચણી આપવાનું કહ્યું. શ્રીહરિની આજ્ઞા મુજબ દેવરાજભાઈએ થોડા દિવસમાં કૂવાના ચણતરનું કામ પુરુ કર્યું. પછી તે કૂવાની ઉપર શ્રીહરિ બેઠા અને તેના પાણીથી મૂળજી બ્રહ્મચારી તથા યોગાનંદ સ્વામી વગેરે સંતોએ શ્રીહરિને સ્નાન કરાવ્યું. પછી મહારાજ ભીના કપડે કૂવાની જગ્યા બતાવનાર યોગાનંદ સ્વામીને, કૂવો ગાળનાર ભક્તોને અને બાંધનાર દેવરાજભાઈ કડિયા વગેરેને ભાવથી ભેટ્યા અને અપાર રાજીપો જણાવ્યો હતો.

**● શ્રીહરિએ નાડી બતાવી**

વળી, સ્વામીશ્રી થોડું વૈદું પણ જાણતા હતા. પોતે અતિ સુજ્ઞ, વિવેકી અને વિચારવાન હતા. તેથી હરિવરને તેમના ઉપર અતિશય હેત રહેતું.

એકવાર ગઢપુરમાં શ્રીહરિ સવારે વહેલા જાગીને જાંબુડાનના થડે દાતણ કરવા બેઠા. ત્યારે રતનજીભાઈ ને લાખો ભગત પાણી લાવ્યા. તેનાથી શ્રીહરિએ સ્નાન કર્યું. પછી સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં ને હાર તોરા ધારણ કરી ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી મહારાજે ડાબા હાથની નાડી પોતાના જમણા હાથના અંગૂઠે કરીને જોઈ. ત્યારે શુકસ્વામીએ કહ્યું જે, 'મહારાજ ! કાંઈ કસર જેવું છે ?' ત્યારે મહારાજ કહે, 'હા કસર જેવું છે. માટે યોગાનંદ સ્વામીને નાડી દેખાડવા જઈએ છીએ.'

પછી મહારાજ દક્ષિણાદા બારના ઓરડાની ઓસરીમાં જ્યાં યોગાનંદ સ્વામીનું આસન હતું ત્યાં ગયા. પરંતુ તે ત્યાં ન હતા ને પૂર્ણાનંદ સ્વામી હતા. તેમને પૂછ્યું જે, "યોગાનંદ સ્વામી ક્યાં છે ? અમારે નાડી દેખાડવી છે ને તમે યોગાનંદ સ્વામી ભેળા રહો છો, માટે તમે કાંઈ નાડીમાં જાણો છો, તો અમારી નાડી જુઓ." ત્યારે પૂર્ણાનંદ સ્વામીએ નાડી જોઈને કહ્યું જે, "મહારાજ ! " તમારાં શરીરમાં વાયુનો ઉપદ્રવ છે ; માટે તમે બાજરાનો રોટલો ને રીંગણાનો ઓળો જમજો." પછી મહારાજ અક્ષરભુવનમાં પધાર્યા.

પછી મૂળજી બ્રહ્મચારીએ આવીને કહ્યું જે, "હે મહારાજ ! થાળ જમવા પધારો." ત્યારે મહારાજે કહ્યું જે, "આંહી લાવો." પછી ત્યાં થાળ લાવ્યા. તે વખતે યોગાનંદ સ્વામી આદિક દશ-વીશ સાધુ બેઠા

હતા. પછી મહારાજ કહે, “આજ અમારે બાજરાનો રોટલો ને રીંગણાંનો ઓળો જમવો છે.” એમ કહીને તે જમવા મંડ્યા.

ત્યારે યોગાનંદ સ્વામી બોલ્યા જે, “મહારાજ ! આજ બીજું કાંઈ કેમ જમતા નથી ?” ત્યારે મહારાજે કહ્યું જે, “અમે આજ તમારા આસન ઉપર નાડી દેખાડવા આવ્યા હતા. ત્યારે તમે નો’તા ને પૂર્ણાનંદ સ્વામી હતા. તેણે અમારી નાડી જોઈને ક્હ્યું જે, ‘તમારા શરીરમાં વાયું છે; માટે બાજરાનો રોટલો ને વૈંતાકનો ઓળો જમજ્યો. તે સારુ અમે તો જમીએ છીએ.”

ત્યારે યોગાનંદ સ્વામી બોલ્યા જે, “એના શરીરમાં વાયું છે ને તમે એને નાડી બતાવી, તેથી તમને પણ એ પ્રમાણે ક્હુઃ માટે તમે સર્વે થાળ જમો મહારાજ !” ત્યારે મહારાજ સર્વે થાળ જમ્યા. પછી પૂર્ણાનંદ સ્વામીને યોગાનંદ સ્વામીએ ખૂબ ઠપકો દીધો ને કહ્યું જે, “તમારાં શરીરમાં વાયું છે તેને તમે મહારાજમાં ક્યાં ઘાલ્યું ? ”

**● શ્રીહરિની ચરણસેવા તથા ગાનથી પ્રસન્નતા**

એકવાર સં. ૧૮૮૪માં શ્રીહરિ ગઢપુરથી વડતાલ જતાં વચ્ચે પોતે ગામ પીપળીએ ગયા. અને ત્યાં સંતો પાસે ગામમાં ખીચડી કરાવી ; પછી પોતે ત્યાં પધાર્યા. ત્યારે મોટા યોગાનંદ સ્વામી ચરણ દાબવા માંડ્યા. ત્યારે શ્રીહરિએ તેમને ના પાડી. એટલે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, ‘યોગાનંદ સ્વામી તથા નાના વિદ્યાર્થીને સેવા કરવા દો.’ ત્યારે મહારાજે કહ્યું જે, ‘કરો.’ ત્યારે સર્વે વિદ્યાર્થી મહારાજની સેવા કરવા માંડ્યા. તે એક કલાક થઈ ત્યારે પોતે બેઠા થયા ને બોલ્યા જે, ‘ખીચડી તૈયાર થઈ.’ ત્યારે સંતોએ ક્હ્યું જે, ‘હા મહારાજ.’ તેથી પોતે પંગત કરવાની આજ્ઞા કરી ને સહુ સંતોને સ્નેહથી જમાડ્યા.

એકવાર ગઢપુરમાં એક વાંસળી વગાડનારો આવ્યો હતો. ત્યારે નાજા જોગિયાએ શ્રીહરીને તેની વાત કહી, ગુણગ્રાહી શ્રીહરિએ અપાર કરુણા કરી તે વાદીને પોતાની પાસે દાદા ખાચરના દરબારમાં બોલાવ્યો. પછી પોતે ગંગાજળિયા કૂવા આગળ આવીને બેઠા. અને વાદીએ શ્રીહરિને રાજી કરવા મોરલી વગાડવા માંડી. ત્યારે મુક્તાનંદ સ્વામી,

પ્રેમાનંદ સ્વામી, યોગાનંદ સ્વામીને મહારાજે કહ્યું જે, 'તમે રસોદ દોકડ મંગાવો ને તે ભેળા તાલ વગાડો.' ત્યારે તેમણે વાજાં મંગાવીને તે ભેળા ગાવવા માંડ્યું.

પછી તેણે ઘણીકવાર સુધી મોરલી વગાડી શ્રીહરિને રાજી કર્યા. પછી શ્રીહરિએ તે વાદીને કલ્યાણનું વરદાન આપી પાંચ રૂપિયા ભેટ અપાવ્યા અને સંતોને રાજી થઈ છાતીમાં ચરણારવિંદ આપી ભેટ્યા. આમ શ્રીહરિ તેમના ઉપર પ્રસન્ન થતા અને તેમના અંતરને સુખ શાંતિથી ભરી દેતા અને સ્વામી પણ મહારાજની મરજી હોય તેમ જ સદા રહેતા.

**● સ્વામી દ્વારા ઓઘડ ખુમાણને સત્સંગ**

જોગીદાસ ખુમાણને ભાવનગર નરેશ વજેસિંહ ઠાકોર સાથે બહારવટું ચાલતું. આ બહારવટાને પાર પાડવા વજેસિંહ ઠાકોરે દાદા ખાચરને કાગળ લખી ભાવનગર તેડવ્યા. શ્રીહરિની આજ્ઞા લઈ દશ સવારો સાથે દાદા ખાચર ભાવનગર ગયા. દરબારને મળ્યા અને કહ્યું, 'શા માટે તેડાવ્યો ?' ત્યારે ભાવનગર નરેશ કહે, 'તમે બહુ બુદ્ધિશાળી છો, વિવેકી છો અને નીતિકુશળ છો. માટે અમારે અને ખુમાણોને વેર છે તેનું સમાધાન કરવા તમે જાઓ.'

ત્યારે દાદા ખાચર કહે, 'હે રાજન્ ! હું સ્વામિનારાયણ ભગવાનને પૂછ્યા વિના કાંઈ કામ કરતો નથી. માટે તેમને પૂછીને તમારું કામ સુખીથી કરી આપીશ' આમ કહી દાદા ખાચર ગઢપુર આવ્યા અને ઉપર્યુક્ત સર્વે વાત શ્રીહરિને કહી. જનહિતનું કાર્ય જાણી શ્રીહરિએ દાદા ખાચરને કહ્યું, 'તમે ભાવનગરથી સો ઘોડેસવારો બોલાવો અને આ ઝઘડો પતાવો.'

પછી શ્રીહરિના કહેવા મુજબ ભાવનગર પત્ર લખી સમાધાનના કાગળ સાથે સો ઘોડેસવારો બોલાવ્યા અને ચાલીસ સવારો પોતાની સાથે લઈ દાદા ખાચર બાબરિયાવાડમાં સાણાના ડુંગરામાં ગયા. ડુંગરાથી બે ગાઉ છેટે સહુને ઊભા રાખી દશ બાર સવારો સાથે દાદા ખાચર જોગીદાસ ખુમાણના થાણાની નજીક ગયા. તે વખતે અજાણ્યા માણસ જાણી ખુમાણે બંદૂકનો ભડાકો કર્યો તેમાં રાજાભક્ત મરણ પામ્યા. પછી

દાદા ખાચરે લૂગડું ઊંચુ કરી સમસ્યા કરી એટલે ભમોદરાના ઓઘડ ખુમાણ વગેરેએ દાદા ખાચરને ઓળખ્યા. પછી સહુ દાદા ખાચરને લઈ જોગીદાસ ખુમાણ પાસે ગયા. દાદા ખાચરે સમાધાનનો કાગળ આપ્યો. તે વાંચી સહુ રાજકોટ ગયા. ત્યાં લાંગ સાહેબને મળીને સમાધાનનો ઠેરાવ કર્યો.

પછી તે સહુ ખુમાણોને સાથે લઈ દાદા ખાચર ગઢપુર આવ્યા. સહુ મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે કહ્યું, 'આજ તમે બહુ સારું કામ કરીને આવ્યા છો. રાજ્ય તરફથી તમને અન્યાય થયો છે પરંતુ રાજાની અનીતિને કારણે ગરીબ પ્રજાને પીડવી. તેમના ખેતરને બાળી મૂકવા તે ન્યાયની રીત નથી. છતાં તમે સહુ એ મોટું મન રાખી ભાવનગર નરેશ સાથે સમાધાન કર્યું અને ભાવનગર બાપુએ પણ તમારી શરતો મંજૂર રાખી તેથી અમને ખૂબ જ આનંદ થયો છે માટે આજ તો તમને સહુને દાદા ખાચરનું નોતરું છે. માટે સહુને અમે જમાડશું.' એમ કહી શ્રીહરિએ સહુને જમાડ્યા.

પછી મહારાજે સભામાં મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'આ બધામાં એક મુક્ત અતિ બળિયો છે. જો તેને સત્સંગ થાય તો ખુમાણ પથકમાં બધાને સત્સંગ થાય.' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, 'જોગીદાસ કે નહિ ?' ત્યારે મહારાજ કહે, 'તે તો નહીં પણ આ ભમોદરાના ઓઘડ ખુમાણ અતિ બળિયા છે અને પૂર્વના સંસ્કારી છે. તેને સત્સંગ થાય તો અનેક જીવ ભગવાન ભજે.' તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ યોગાનંદ સ્વામીને કહ્યું, 'તમે બાબરિયાવાડાં ફરો છો. માટે આ ઓઘડ ખુમાણને સત્સંગ કરાવજો.' પછી શ્રીહરિએ પણ ખુમાણોને સત્સંગ કરાવવાની યોગાનંદ સ્વામીને ભલામણ કરી. સ્વામીએ શ્રીહરિની આજ્ઞાને મસ્તકે ચઢાવી અને ઓઘડ ખુમાણ વગેરેને સત્સંગી કર્યા તે જાણવા જેવું છે.

એકવાર યોગાનંદ સ્વામી સંતમંડળ સાથે ફરતા ફરતા ભાવનગર પધાર્યા. ત્યાં ફુલગર બાવાનો મઠ હતો. તેમાં ઓઘડ ખુમાણ ઊતરેલા. તેથી યોગાનંદ સ્વામી પણ ત્યાં જઈને ઊતર્યા. પછી શ્રીહરિને સંભારી મધુર કંઠે ગાવણું કર્યું. તેથી માણસ તણાઈ આવ્યા.

પછી થોડીવાર ગાવણું કરી વાતો કરતા કહ્યું, 'આજ ધરતી ઉપર પ્રગટ ભગવાન વિચરે છે અને મનુષ્યદેહ પણ ભગવાનને પામવા માટે છે. મલમલના કપડાંને માદરપાટના થીગડાં ન હોય. કાંટાળા બાવળને કપૂરની વાડ ન કરાય. તેમ મનુષ્યદેહથી ભોગ ભોગવાય નહીં. ભોગ ભોગવવા એ તો જન્મ વગોવવા જેવું છે. જેમ રાખના ઢગલામાં આપેલી આહુતિઓ વ્યર્થ જાય છે તેમ જે વિષય, વ્યસન અને વાસનામાં ફસાયેલા રહે છે તેનો જન્મ વ્યર્થ થઈ જાય છે.'

પૂર્વના સંસ્કારી એવા ઓઘડ ખુમાણને આ સદ્‌ગુરુના શબ્દો આરપાર ઊતરી ગયા. તરત જ સ્વામીના શરણે થયા. નિષ્પકટ પણે પોતાનાં પાપો કહ્યાં અને બોલ્યા, 'આવા સાધુ હજી મેં મારી જીંદગીમાં ક્યાંય જોયા નથી.' એમ કહી ત્યાં જ યોગાનંદ સ્વામીના હાથે ઓઘડ ખુમાણને વર્તમાન ધરાવ્યાં અને ખરેખરા એકાંતિક ભક્ત થયા. પછી તેમના પ્રસંગથી શ્રીહરિએ કહ્યું હતું તેમ તેમની જ્ઞાતિના બધા ખુમાણોએ દારૂ માંસ તજી દીધાં. અને સત્સંગ પ્રત્યે ગુણભાવવાળા થયા. આમ શ્રીહરિની કૃપાથી યોગાનંદ સ્વામીએ ખુમાણોમાં સત્સંગના શ્રીગણેશ કર્યા.

● **યોગાનંદ સ્વામીનો યોગ, ટાળે ભવરોગ**

પીઠવડી પાસે સેંજળ ગામ છે. ત્યાંના દરબાર માણસિયો ખુમાણ હતા. તે દારૂ, માંસ વ્યભિચાર આદિક અનેક દુર્ગુણોથી ભરપુર હતા. એકવાર યોગાનંદ સ્વામી તે ગામના પાદરમાં આવ્યા. તે સમયે માણસિયો ખુમાણ હાથમાં મરેલાં સસલાં લઈને નીકળ્યા. તે જોઈને યોગાનંદ સ્વામીએ મોઢા આડું કપડું રાખી દીધું.

તેથી દરબાર કહે, 'બાવાલિયા, મોઢે કપડું કેમ નાંખ્યું ?' ત્યારે સ્વામી કહે, "તમારા હાથમાં માંસ છે. તેને અમે શી રીતે જોઈ શકીએ ? વળી તમારું હૃદય પણ કબ્રસ્તાન જેવું છે; કબરમાં મરેલો મડદાં દાટે, જ્યારે તમે તો જીવતાને મારીને પેટમાં નાંખો છો. આનાં અંતે માઠાં ફળ ભોગવવાં પડશે. મનુષ્ય દેહ ભોગ માટે નહિ ભગવાનના યોગ માટે છે. તેજીને ટકોર પર્યાપ્ત છે.' શૂરવીર દરબારને સ્વામીની વાત

સાંભળતાં જ હૃદયમાં વિચાર આવ્યો. વર્તનશીલ સંતની વાણી અસર કરી ગઈ. તુરત જ શિકાર ફેંકી સ્વામીને શરણે આવ્યા અને કહ્યું, 'મને આ પાપથી બચાવો, આપનો ભક્ત બનાવો.' પછી યોગાનંદ સ્વામીએ વર્તમાન ધરાવ્યાં અને દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર આદિક સર્વે વ્યસનો તજાવ્યાં.''

પછી માણસિયા ખાચર સ્વામીને પોતાના દરબારમાં લઈ ગયા. સંતોને રસોઈ જમાડી એક દિવસ વાત કરતા કહ્યું, 'મારા નજીકના સબંધી વાજસુર ખુમાણ તથા ઓઘડ ખુમાણ આપના યોગથી સત્સંગી થયા ત્યારથી મને સત્સંગી થવાની ઈચ્છા હતી. ભગવાનને આપનો યોગ આપ્યો તેથી મારાં ભાગ્યનાં દ્વાર ખુલી ગયા.' પછી તો તેઓ સ્વામીનો સંગ કરીને પાકા ભક્ત બન્યા. અખંડ 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... જાપ કરતા.'

શ્રીહરિ અને સંતોનો અતિ વિશ્વાસ રાખતા. કેવા મહાન ભક્ત થયા ? તે જણાવતા અક્ષરાનંદ સ્વામી ૩૨૪મી વાતમાં કહે છે, ગામ સેંજળમાં માણસિયા ખુમાણને યોગાનંદ સ્વામીનો સમાગમ થયો તેથી પાકા સત્સંગી થયા. પછી ઘરે લાલજી રાખ્યા તેને થાળ કરવા સારુ એક બ્રાહ્મણને રાખ્યો હતો. તે થાળ લાલજીને ધરાવ્યા પછી જ ઘરના માણસથી જમાય. એવું તેમને નિયમ હતું અને પોતે જમવા બેસે ત્યારે અંજવાળે જઈને પોતાની થાળીમાં જુએ અને જો તેમાં કસ્તર હોય તો નાંખી દે અને રસોઈ કરનાર બ્રાહ્મણને ઠપકો દે. વળી, વર્ષમાં એક મહિનો સંતોનો સમાગમ કરવા જાય, એવા પોતે એકાંતિક સત્સંગી થયા.

આ દરબારના ઘરમાં એક કોળી નોકર હતો. તે હલકી વૃત્તિનો હતો. પોતે સત્સંગી થયા તેથી તેને રજા આપી. કોળી દશ વર્ષથી ત્યાં કામ કરતો, તેથી ઘરનો ભોમિયો હતો. એક ઓરડામાં દરબારે વીસ હજાર રૂપિયા દાટ્યા હતા તેની કોળીને ખબર હતી. એટલે થોડા દિવસ બાદ બીજા દસ કોળીને લઈ તે ચોરી કરવા આવ્યો. દરબાર સતત મહારાજનું ભજન કરતા; તેથી તેની મહારાજને ચિંતા થઈ. મહારાજે તે કોળીની બુદ્ધિ ફેરવી નાખી. એટલે જ્યાં રૂપિયા દાટ્યા

હતા, એ જગ્યા યાદ ન આવી. આખી રાત ખોદ્યું. છેવટે સવારે ભાગી ગયા. તેણે પાંચ છ ખાડા ખોદ્યા તેમાં એક ખાડામાંથી એક પથ્થરની શિલા હાથ આવી. એ શિલા નીચે ચાર આંગળ જ ઊંડા રૂપિયા હતા, પણ તે ખોદી ન શક્યા.

આમ મહારાજે માણસિયા ભક્તની રક્ષા કરી. સવારે ઓરડામાં ખોદેલું જોઈ દરબાર માળા હાથમાં લઈ ત્યાં ગયા. શિલા નીચે જોયું તો રૂપિયા એમના એમ હતા. તરત પોતાના પુત્ર જીવણા ખુમાણને કહે, "મહારાજે આપણા રૂપિયા બચાવ્યા, માટે આપણે અત્યારે જ દશમો ભાગ ગઢપુર મહારાજને ભેટ કરીએ." પછી તેણે તરત જ બે હજાર રૂપિયા ગઢપુર આવી મહારાજને ભેટ કર્યા. ગુરુદેવ યોગાનંદ સ્વામીને દંડવત્ પ્રણામ કરી ઉપરોક્ત વાત કરી. આમ જે સત્પુરુષનાં વચનમાં વિશ્વાસ રાખે છે, સત્સંગ અને ભજન કરે છે, તેની શ્રીહરિ અખંડ સંભાળ રાખે છે.

**● ખુમાણોનું ગઢપુર આગમન**

ઉન્મત્ત ગંગા માહાત્મ્ય અ. ૧૫૫માં આનંદાનંદ સ્વામી કહે છે, 'હે રાજન્ ! યોગાનંદ સ્વામી ખૂબ જ ઉદાર બુદ્ધિવાળા અને પ્રભાવશાળી સંત હતા. સ્વામી શ્રીહરિની આજ્ઞાથી મુમુક્ષુ જીવોને સત્સંગ કરાવવા માટે પોતાના શિષ્ય સંતમંડળને લઈને દેશાંતરમાં ગયા હતા. સત્સંગના ઉત્કર્ષ માટે વિચરણ કરતા સ્વામીએ બધી જ જાતિના અનેક મુમુક્ષુ લોકોને વિષય અને વ્યસનો છોડાવી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત કર્યા હતા. આ સર્વે ભક્તો શ્રેષ્ઠ નિયમધારી અને નિષ્ઠાવાન ભક્ત બન્યા હતા.

અનેક મુમુક્ષુઓને સત્સંગ કરાવી સેલણાના વાજસુર ખુમાણ, ભમોદરાના ઓઘડ ખુમાણ તથા સેંજળનાં માણસિયા ખુમાણ આદિક અનેક ખુમાણોને સાથે લઈ સ્વામી ગઢપુર આવ્યા. તે સમયે દર્શનમાત્રથી ભક્તોનાં દુઃખને દુર કરનાર અને સર્વ પ્રકારે સુખ આપનાર એવા શ્રીહરિ સંતો ભક્તો સાથે ઉન્મત્તગંગામાં સ્નાન કરવા ગયા હતા. એટલે યોગાનંદ સ્વામી સહુ ભક્તોને સાથે લઈ જયાં શ્રીહરિ સ્નાનાર્થે ગયા હતા ત્યાં

પધાર્યા. અનેક ભક્તોને સાથે યોગાનંદ સ્વામીને આવેલા જોઈ શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થયા. સ્વામીને ભાવથી ભેટ્યા અને તેમની નિષ્ઠા તથા સદ્‌ગુણોની મુક્તકંઠે પ્રસંશા કરી.

પછી શ્રીહરિએ કહ્યું, 'ભક્તો ! જુઓ યોગાનંદ સ્વામીએ કેવું અદ્‌ભૂત કામ કર્યું. આ ત્રણેય ગામધાણી ખુમાણ દરબારને દુઃખદ માયાના પાશથી આ સંતે છોડાવ્યા. વળી તેમના યોગે કરીને અનેક જીવો સહેજે ભવસાગનો પાર પામ્યા છે. કેમ જે, એવા સંતમાં હું નિરંતર વિચરણ કરું છુ. આ સંત ભવસાગરને પાર ઉતારવાની નૌકા છે. તેઓ મારાં સ્વરૂપનું જીવને જ્ઞાન આપી સર્વોત્તમ સેવા કરે છે. આ રીતે અન્ય સત્સંગ કરાવવા જેવું બીજું કોઈ પુણ્યકાર્ય નથી. કેમ જે, જીવને અનાદિનું વજ્જસાર જેવું અજ્ઞાન વળગ્યું છે. તે અજ્ઞાન થી છોડાવી જીવોને મોક્ષની પ્રાપ્તિ કરાવવી તેના જેવું મોટું કોઈ પુણ્ય નથી.

આ જગતમાં માણસને જ્યારે સાચા જ્ઞાનનું ફળ સમજાય છે ત્યારે તે બીજાને જ્ઞાન આપવા તત્પર થાય છે અને જ્યારે શ્રેષ્ઠ સમજણ આવે છે ત્યારે એક મને જ પ્રસન્ન કરવાની ઈચ્છા રહે છે. એવા સંત દ્વારા અનેક જીવનો સહેજે ઉદ્ધાર થાય છે. અનેક ને ભગવત્માર્ગે ચડાવવા અને દોષોથી મુક્ત કરવા એ જ મોટાપુરુષનું લક્ષણ છે. આ યોગાનંદ સ્વામી એવા મહાન સંત છે.' પછી સ્વામી દંડવત્ પ્રણામ કરી શ્રીહરિ પાસે બેઠા. તે જ સમયે સ્વામીના યોગથી યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન જેવા મહાન ધર્મનિષ્ઠ અને નિષ્ઠાવાન બનેલા એવા આ ત્રણેય ગામના ધણી દરબારો દંડવત કરી, પગે લાગી, લાવેલી શ્રેષ્ઠ ભેટો શ્રીહરિ પાસે મૂકીને બેઠા. મહારાજ તેમના ઉપર ખૂબ જ પ્રસન્ન થયા.

પછી શ્રીહરિએ કહ્યું, "હે દરબારો ! સત્સંગી થયા પછી તમો ને તમારા ગુરુ આ મોટા યોગાનંદ સ્વામી સાથે આ સ્થળે અમારો પ્રથમ મેળાપ થયો. માટે આજથી આ સ્થળનું નામ 'યોગાનંદ ઘાટ' કહેવાશે. સહુને સદ્‌બુદ્ધિ આપનાર પૂષણ નામે તીર્થ આ ઘાટ રહેશે. અને આ ઘાટના અધિષ્ઠાતા દેવ મોક્ષપ્રદ ભગવાન છે. જે કોઈ અહીં સ્નાન કરી આ પ્રસંગને સંભારશે તેને અમારાં સ્વરૂપમાં નિર્દોષ પ્રેમ થશે. પવિત્ર

બુદ્ધિ થશે એને છેલ્લો જન્મ થશે કહેતા સંસારનાં તમામ બંધન તેને છૂટી જશે.'' એમ કહી શ્રીહરિએ યોગાનંદ સ્વામી તથા સહુ ભક્તો સાથે ત્યાં સ્નાન કર્યું. પછી સહુ દાદા ખાચરના દરબારમાં આવ્યા. આવો સર્વાવતારી શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત થવાથી યોગાનંદ સ્વામી તથા સહુ દરબારો પોતાની જાતને ધન્ય ધન્ય માનવા લાગ્યા.

### ● નિષ્ઠાનો રણકાર

યોગાનંદ સ્વામીએ પોતાના યોગમાં આવેલા ભક્તોને માત્ર શ્રીહરિનો જ નહિ પરંતુ સાથોસાથ શ્રીહરિના યોગમાં આવેલા સંતો ભક્તોનો પણ અપાર મહિમા સમજાવ્યો હતો. મોટીબા વગેરે બહેનો પણ સાક્ષાત્ રાધા અને લક્ષ્મી સમાન દેવીઓ મહામુક્તનો અવતાર છે; એવું સમજાવ્યું હતું. તેથી એકવાર સેલણા ભમોદરાના ઓઘડ ખુમાણ તથા વાજસુર ખુમાણ ગઢપુર આવ્યા. ત્યારે તેમનાં મનમાં થયું કે, 'એભલ ખાચરની દીકરીઓ દેવીનો અવતાર છે, માટે આપણે તેમને દર્શને જવું.'

પછી ઓઘડ ખુમાણ તથા વાજસુર ખુમાણ તથા રામ ખુમાણએ ત્રણે જણા દાદા ખાચરના દરબારમાં ઊતર્યા. ત્યાં તેની સહુ આગતા સ્વાગતા કરી અને સારી રીતે પરોણાગત કરીને જમાડ્યા. પછી ત્રણે જણાએ કહ્યું અમારે જીવુબા આદિ ત્રણના દર્શન કરવા છે. ત્યારે દાદાખાચર કહે, 'બહુ સારું, પણ તેઓ કોઈ પરપુરુષ સાથે બોલતાં નથી.' ત્યારે તેઓ કહે, ''અમારે તો માત્ર તેમનાં દર્શન કરવાં છે. પછી દાદાખાચર તે ત્રણેયને લઈને વાસુદેવનારાયણને ઓરડે આવ્યા અને ત્રણ ચાકળા નાંખ્યા. તે ઉપર ત્રણે જણા બેઠા અને દાદા ખાચર ઓરડાના ઉંબરામાં બેઠા.

પછી ઓઘડ ખુમાણ બોલ્યા જે 'દાદા ! બાને કહો જે, ઓઘડ ખુમાણ તથા વાજસુર ખુમાણ નારાયણ કહે છે.' એટલે મોટીબા ઓરડામાંથી બોલ્યા જે 'દાદા ! ભાઈને કહો કે, જય સ્વામિનારાયણ' તે સાંભળીને ત્રણેના સંકલ્પ બંધ થઈ ગયા અને ભાવસમાધિમાં ડૂબી ગયા. અલૌકિક સુખ આવ્યું. ત્યારે તેમનાં મનમાં એમ થયું જે આ તો

આપણા ગુરુ યોગાનંદ સ્વામી કહેતા તેમ સાક્ષાત્ લક્ષ્મીજી તથા રાધિકાજી જેવાં છે. પછી ત્રણે જણા ફળીમાં લીંબડા નીચે આવીને દંડવત્ કરીને પગે લાગ્યા અને બીજે દિવસે પોતાને ઘેર ગયા.''

પછી ત્રણે જણા એક વખત ભાવનગર ગયા હતા. કેમ જે, ત્યાનાં ઠાકોર વજેસિંહજી સાથે તેમને ઘણો સ્નેહ થયો હતો. પછી વજેસિંહજી દરબારે તે વખતે દારૂના શીશા લાવીને પાવા માંડ્યા. ત્યારે તે ત્રણે જણે તરવારો ઉઘાડી કરીને આગળ મૂકી. ત્યારે દરબાર કહે, 'આમ કેમ કરો છો ' ત્યારે તે ત્રણેય નિષ્ઠાવાન ખુમાણોએ નિર્ભયતાપૂર્વક કહ્યું, 'અમે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા છીએ. યોગાનંદ સ્વામી અમારા ગુરુ છે. તેમણે અમને સત્સંગીનાં પાંચ વર્તમાન આપ્યાં છે. માટે અમારાં ત્રણેનાં માથાં હેઠાં પડે પછી જ દારૂ મોઢામાં જાય.'

આવી તેમની નિષ્ઠા અને સત્સંગની દૃઢતા જોઈ ભાવનગર ઠાકોરે આગ્રહ કરવાનો છોડી દીધો અને તેમને પણ સત્સંગીનો ગુણ લીધો. આમ જે ખરેખર સત્સંગી થાય તેનાથી આવી નિષ્ઠા અને આવો સત્સંગ રહે છે. પછી તેમની વાત સાંભળીને વજેસિંહજી દરબારને પણ હંમેશા સત્સંગનો ગુણ રહેતો હતો.

શેત્રુંજી પંથકના અનેક ગામડાઓ તથા ગામધણી દરબારોને સ્વામીએ સત્સંગના રંગે રંગ્યા છે. યોગાનંદસ્વામીના ઉપદેશમાં ચુંબક જેવી દિવ્ય શક્તિ હતી. તે જ્યાં જ્યાં જતા ત્યાં તેમનું વર્તન વાતો કરતું અને વાણી અનેક લોકોનાં જીવન પરિવર્તન કરતી. સત્ત્વગુણીને સત્સંગી કરાવવો સહેલો છે. પરંતુ તમો ગુણી અને ક્રૂર સ્વભાવનાં લોકોનાં જીવન પરિવર્તન કરવાં ઘણાં કઠણ છે. દુશ્મનોને દાસ બનાવા એ તો જે સંતરૂપે સાક્ષાત્ શ્રીહરિ વિચરતા હોય તેનાથી જ આ કામ થાય. સેલણા, ભમોદરા તથા સેંજલ ગામના દરબાર વાજસુર ખુમાણ, ઓઘડ ખુમાણ, રામ ખુમાણ, માણસિયા ખુમાણ અને ભાવનગર નરેશ સામે બહારવટે ચડેલા પ્રસિદ્ધ બહારવટિયા આંબરડીયાના જોગીદાસ ખુમાણ તેના જેવા અનેકનાં જીવન પરિવર્તન કરનાર અને તેમને પણ સત્સંગના રંગે રંગનારા મહામુક્ત યોગાનંદ સ્વામી હતા.

વળી સાવરકુંડલાના આલા ખુમાણ ને પણ યોગાનંદ સ્વામીએ જ સત્સંગ કરાવ્યો હતો.

**● ચાપા ખુમાણને સત્સંગ અને નિષ્ઠા**

યોગાનંદ સ્વામીના સંગનો રંગ અનેક લોકોને લાગ્યો હતો. એ સ્વામીની સર્વોપરિ નિષ્ઠા, શુદ્ધ વર્તન અને નિષ્કામ ભક્તિનો પ્રતાપ છે. જેમ આલા ખુમાણ સત્સંગના રંગે રંગાયા આ જ રીતે કુંડલામાં રહેલા ચાપા ખુમાણ પણ યોગાનંદ સ્વામીના યોગમાં આવતા સત્સંગના રંગે રંગાયા અને અતિશય નિષ્ઠાવાન તથા શૂરવીર હરિભક્ત થયા હતા. અતિશય શુદ્ધ જીવન જીવતા. તેમને શ્રીહરિમાં તથા પોતાના ગુરુમાં અતિ દૃઢ વિશ્વાસ હતો તથા આજ્ઞા ઉપાસનાની અતિશય દૃઢતા હતી.

એકવાર ચાપા ખુમાણ શરીરે માંદા બહુ થયા હતા પછી તેમના ભાઈ આલો ખુમાણ હતા. તેમને સૌએ કહ્યું જે, 'વૈદ્ય બોલાવો ને ચાપાભાઈની નાડી બતાવો ત્યારે ચાપાભાઈ કહે, 'મારે વૈદ્યનું શું કામ છે ? મારે તો સ્વામિનારાયણનું કામ છે.' તોપણ સૌ પરાણે પરાણે વૈદ્યને બોલાવી લાવ્યા અને ખુરશી નાંખીને ત્યાં ચાપાભાઈના ઢોલિયાની પાસે બેસાર્યા. પછી આલા ખુમાણ બોલ્યા જે, 'મોટાભાઈ ! વૈદ્ય આવ્યા છે. તે હાથ લાંબો કરો.' ત્યારે ચાપાભાઈ કહે, 'આ હાથ રઘુવીરજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી તથા મારા ગુરુ યોગાનંદસ્વામીના હાથમાં આપેલો છે. તે હાથ વૈદના હાથામાં હવે હોય નહિં.'

તે સાંભળી વૈદ્યને રીસ ચડી, તેથી તે ક્રોધ કરીને ઉઠ્યા પણ જતાં જતાં ઓસરીની કોરેથી પગથિયું ચુકી ગયા તેથી તે ભોંયે પડી ગયા અને તેમના તનનું ઢીંઢું ભાંગી ગયું. તેથી ડોળી કરીને ઉપાડીને તેને ઘેર લઈ જવા પડ્યા. અને ચાપા ખુમાણે શ્રીહરિ તથા મોટા સંતનો વિશ્વાસ રાખ્યો તો તેમની કૃપાથી તેમનો તનનો રોગ મટી ગયો. તથા કામ-ક્રોધાદિક દોષોરૂપી રોગ પણ મટી ગયો અને અંતે અગાઉ કહીને ડંકો વગાડીને ધામમાં ગયા હતા.

યોગાનંદ સ્વામીશ્રીએ શાસ્ત્રો, વ્યાકરણ અને શબ્દકોષોના પ્રમાણ લઈ શ્રીજીમહારાજ આ એક નામના અતિ મહિમા સભર એવા ૩૪ અર્થ

કર્યા. અને તે ગ્રંથનું નામ 'બુધરંજની' શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં સ્વરૂપને નિરૂપણ કરતો 'શ્રીહરિસ્વરૂપનિર્ણય' નામનો ગ્રંથ પણ રચ્યો. તથા અદ્વૈતમતના ખંડન પૂર્વક શ્રીજીમહારાજના સ્થાપિત વિશિષ્ટાદ્વૈતમતને પ્રતિપાદન કરનારો એવો 'વિશિષ્ટાદ્વૈતવિજયવાદ' નામે ગ્રંથ પણ સંસ્કૃતભાષામાં લખ્યો છે. વીશ ઉપરાંત સંસ્કૃત સ્તોત્ર તથા ભક્તિભાવપૂર્ણ અનેક કીર્તનોની રચના કરી છે.

**યોગાનંદ થયા કવિરાજ, ગ્રંથો તેણે રચ્યા જન કાજ ;**
**એ તો સંસ્કૃત ગ્રંથ ગણાવ્યા, મને જે કાંઈ સાંભરી આવ્યા.**

શંકરાચાર્યએ જેમ મણિરત્નમાળા નામનો ગ્રંથ રચ્યો છે. તેથી પણ અધિક ઉપયોગી એવો પ્રશ્નોત્તરીનાં રૂપમાં 'પ્રશ્નોત્તરસાગર' ગ્રંથ યોગાનંદ સ્વામીએ શ્રીહરિની આજ્ઞાથી શ્રીહરિની સાંનિધ્યમાં જ ગઢપુરમાં રહીને લખ્યો છે. આ ગ્રંથમાં શ્રીજીમહારાજે સંબોધેલા વચનામૃતનો સાર દોહન કરીને લખાયેલો છે.

જ્યારે '૨૨૩' પ્રશ્ન અને તેના ઉત્તરરૂપ આ 'પ્રશ્નોત્તરસાગર' ગ્રંથ લખીને યોગાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને સમર્પિત કર્યો ત્યારે મહારાજે અતિશય પ્રસન્ન થઈ સ્વામીની છાતીમાં ચરણારવિંદ આપ્યા. કંઠમાં રહેલા હાર પહેરાવ્યા અને યોગાનંદસ્વામીને પોતાને કંઠે લગાવ્યા. અતિ ભાવથી ભેટ્યા અને સ્વામીની સ્વયં શ્રીહરિએ પૂજા કરી.

### ● આલા ખુમાણની અલૌકિકતા

યોગાનંદ સ્વામીના યોગમાં આવતા સાવરકુંડલાના આલા ખુમાણ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ બન્યા. જ્યારથી તેમણે યોગાનંદ સ્વામી પાસેથી વર્તમાન ધારણ કર્યા. ત્યારથી શ્રીહરિની નાની-મોટી તમામ આજ્ઞાને શિરસાટે પાળતા; અખંડ ભજન કરતા. તે આલા ખુમાણની કુહાડીનો હાથો ભાંગી જવાથી સંકલ્પ કરતા હતા કે 'હાથો કાપી આવવો છે.' એવા સંકલ્પથી રાતે સૂતા પછી સ્વપ્ન આવ્યું. તેમાં તેઓ ઘોડે ચઢીને સીમમાં કુહાડીનો હાથો કાપવા જતાં રસ્તામાં તૈયાર હાથો દેખાયો. ત્યારે વિચાર કર્યો જે, 'લીલું ઝાડ કાપવા કરતાં આ તૈયાર હાથો લઈ લઉં.' એવો સંકલ્પ કરી ઘોડેથી નીચે ઉતરી તે હાથો લેવા

જાય છે. તેવામાં પોતાને સ્મૃતિ આવી જે 'હું સ્વામિનારાયણનો ભક્ત છું. તેથી મારાથી કોઈની વસ્તુ ચોરીને લેવાય નહીં.' એમ ધારીને સ્વપ્નમાં પણ કોઈની વસ્તુ લીધી નહીં, તો જાગ્રતમાં તો લે જ કેમ ? આવા તે યોગાનંદ સ્વામીની કૃપાથી પંચવર્તમાને પૂરા અને શ્રીહરિની નિષ્ઠા તથા સત્સંગ કરવામાં શૂરવીર હરિભક્ત બન્યા હતા.

આ આલા ખુમાણ 'સ્વામિનારાયણ' આ મહામંત્રના નામની ધૂનના પ્રતાપે કરીને અનેકનાં ભૂતોને કાઢતા હતા. પણ કુહાડીનો તૈયાર હાથો લેવાનો સંકલ્પ થયો તે દિવસથી ભૂત નીકળતું બંધ થયું. આવું પારકી વસ્તુ લેવાના સંકલ્પનું પાપ લાગ્યું.

પછી તરત જ ગઢપુર પોતાના ગુરુદેવ યોગાનંદ સ્વામી પાસે ગયા અને નિષ્કપટપણે સર્વે વાત કહી; આ પાપનું પ્રાયશ્ચિત કર્યું. તેથી ગુરુકૃપાથી પ્રથમથી પણ સવાઈ શક્તિ તેમાં આવી અને સંસારમાં રહ્યા થકા પણ જનકરાજાની જેવા નિર્મોહી અને નિર્બંધ બની ગયા.

ઉપરોક્ત પ્રસંગ બન્યા પછી તો આલા ખુમાણ કાયમ મંદિરમાં રહી ભજન સ્મરણ કરતા, ધર્મનિષ્ઠામાં પૂર્ણ હતા. તથા શ્રીજીમહારાજનો અને સંતોનો પૂર્ણ વિશ્વાસ હતો. તેથી કોઈને ભૂત વળગ્યું હોય તો આલા ખુમાણ શ્રીજીમહારાજનો મહામંત્ર જે, 'સ્વામિનારાયણ' તે નામનું ભજન કરે એટલે ગમે તેવું ભૂત હોય તોપણ નીકળી જતું. તે આલા ખુમાણે પોતાના ગુરુદેવ યોગાનંદ સ્વામી પાસે નિયમની એકાદશીને દિવસે નિયમ લીધો કે 'આજથી ભૂલથી પણ વિધવા સ્ત્રીને અડી જવાય તો સાવબોળ સ્નાન કરી એક ઉપવાસ કરવો.' આવા તે ગુરુકૃપાથી નિષ્કામી અને ટેકીલા ભક્ત બન્યા.

એક સમયે તેમનાં ફોઈ તેમને મળવા આવ્યાં. તેમના સમાચાર સાંભળી આલા ખુમાણ મંદિરમાંથી પોતાને ઘેર આવ્યા. તે આલા ખુમાણને આવતા જોઈને તેમના ફોઈ હસતાં હસતાં ઊઠ્યા ને આલા ખુમાણના મીઠડાં જ્યાં લેવા ગયા ત્યાં આલા ખુમાણ કહે જે, 'ફોઈબા, એટલે ઊભા રહીને મને જય શ્રી સ્વામિનારાયણ કહો. કારણ કે મેં મારા ગુરુ પાસે નિયમ લીધું છે; તેથી વિધવાને અડતો નથી.' આવું વચન

સાંભળીને તેમની ફોઈને રીસ ચઢી અને બોલ્યા જે, 'તારે માટે હું સાઈઠ વરસે બીજો પતિ કરું ?' એમ કહીને આલા ખુમાણને કેટલાક કડવાં વેણ કહ્યાં ને તેમને ઘેર ન રોકતાં જેમ આવ્યા હતા તેમ તુરત પાછાં ચાલ્યા ગયાં. તોપણ ટેકીલા અને નિષ્ઠાવાન આલા ખુમાણે તેમને રોકાવાની જરા પણ તાણ કરી નહીં ને પોતાનાં અંતઃકરણમાં ઘણા જ ખુશી થયા જે, કોઈનું મોઢું જોવું મટ્યું.

આલા ખુમાણને વિધવાને ન અડવાનો નિયમ હતો તો પોતાનાં સમીપ સંબંધી વિધવા કોઈને પણ અડ્યા નહિ ને પોતાનો વિધવા બાઈને ન અડવાનો નિયમ સાચવ્યો. તેથી શ્રીજીમહારાજ પ્રસન્ન થયા ને આલા ખુમાણે દેહ મૂક્યો ત્યારે તેમના ભાઈ દાનાખુમાણ તથા બીજા કેટલાક હરિભક્તોને શ્રીજીમહારાજે દર્શન આપ્યાં. પછી આલા ખુમાણ બોલ્યા કે, 'આ મહારાજ અનંત મુક્તો સાથે મને તેડવા આવ્યા છે. હું તેમની સાથે અક્ષરધામમાં જાઉં છું.' આમ કહીને શ્રીહરિ સાથે અક્ષરધામમાં ગયા. માટે આલા ખુમાણની ગુરુનિષ્ઠાની, ભગવત્‌ નિષ્ઠાની, સત્સંગની ગરજની તથા નિયમની બલિહારી છે.

**● યોગાનંદસ્વામી પાસે સંતોને જોગવિદ્યા શીખવા મોકલ્યા**

એકવાર ગઢડામાં શ્રીજીમહારાજે સાધુને કહ્યું કે જે, "આપણી વાડીમાં યોગાનંદસ્વામી રહે છે, તેમની પાસે જોગવિદ્યા શીખવા જાઓ." પછી સાધુ વાડીમાં ગયા ને યોગાનંદસ્વામીને કહ્યું જે, "મહારાજે તમારી પાસે અમને જોગવિદ્યા શીખવા મોકલ્યા છે, તે શીખવો."ત્યારે યોગાનંદસ્વામી બોલ્યા જે, "જોગવિદ્યા ને બ્રહ્મવિદ્યા એ સર્વેનું કારણ શ્રીજીમહારાજની મૂર્તિ છે. માટે એ મૂર્તિ સામું જોઈને બેસી રહો એટલે એ સર્વે વિદ્યા તમે શીખ્યા." એમ કહીને પછી યોગાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજને મારો એક સંદેશો કહેજો જે, આજ સાંજે સભા વખતે હું મારા રૂપે તમારાં દર્શન કરવા આવીશ."

**● યોગાનંદસ્વામી વંટોળિયારૂપે શ્રીહરિનાં દર્શને આવ્યા**

પછી સાધુએ તો એ સર્વે વાત મહારાજને કરી. પછી સાંજ વખતે મહારાજે દાદા ખાચરના દરબારના ચોકમાં સભા કરી. ત્યારે તે ટાણે

વાયુની ઘૂંચળી આવી ને તેની શેડ ઊંચી આકાશમાં ચડી. તેને જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે, "મુક્તાનંદસ્વામી, આ વાયુની શેડને તમે જાણી ?" ત્યારે સ્વામી કહે, "ના મહારાજ, અમે શું જાણીએ !" ત્યારે મહારાજ કહે, "યોગાનંદસ્વામી ઈન્દ્રનો અવતાર છે. તેમને વાયુ વૃષ્ટિ મુખ્યપણે છે, તે આ વાયુરૂપે તમારાં દર્શન કરવા આવ્યા છે, ને હમણાં વૃષ્ટિ રૂપે દર્શન કરવા આવશે."

એમ મહારાજ જ્યાં વાત કરે છે, ત્યાં તો યોગાનંદ સ્વામી કંકુનાં છાંટણાં કરતા, એ રૂપે થઈને સભા ઉપર ઝીણી બુંદે વરસ્યા. તે સર્વે સભાનાં વસ્ત્ર છાંટણે કરીને લાલઘૂમ થઈ ગયાં. ત્યારે મહારાજ બોલ્યા જે, "સંતો, આજ તમારી પૂજા યોગાનંદસ્વામીએ કરી."

**● યોગાનંદસ્વામીએ વરસાદ વરસાવ્યો**

એક દિવસ મહારાજની વાડીમાં જોધો માળી રહેતો. તે નિત્ય સવારમાં યોગાનંદસ્વામીનાં દર્શન કરવા જાતો. તે એક દિવસ મોડો દર્શન કરવા ગયો. ત્યારે યોગાનંદસ્વામી બોલ્યા જે, "જોધા ! દાડી વહેલો આવે છે ને આજ કેમ મોડો આવ્યો ?" ત્યારે જોધો બોલ્યો જે, "મેં ઘીસોડાં વાવ્યાં છે. તેના વેલા વરસાદ વગર સુકાઈ જાતા હતા, તેને પાણી પાવા રોકાણો તે વાર લાગી." ત્યારે યોગાનંદસ્વામી બોલ્યા જે, "વરસાદ વરસાવું ?"

ત્યારે જોધો કહે, "મહારાજ, ત્યારે તો રંગ રહે." ત્યારે યોગાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજની ગાડીઓ ઘેલાની ઓલીકોરે ગઈ છે તે આવી ? તે તું ખબર કાઢી આવ. કેમ જે, ગાડીઓ ન આવી હોય ને ઘેલામાં પાણી ભરાઈ જાય તો ગાડીઓ રોકાઈ જાય. માટે ગાડીઓ આવી હોય તો હું વરસાવું." ત્યારે જોધા જોઈ આવ્યો, તે ગાડીઓ આવેલ નહીં. ત્યારે જોધે સ્વામીને કહ્યું જે, "ગાડીઓ તો આવી નથી." ત્યારે યોગાનંદસ્વામી કહે, "હમણાં ગાડીઓ આવે ત્યારે મને ખબર કરજે."

પછી મોડી એ ગાડીઓ આવી, ત્યારે જોધે જઈને સ્વામીને કહ્યું જે, "ગાડીઓ આવી." ત્યારે સ્વામી કહે, "તું જાતો રે વરસાદ આ

આવ્યો, તે તું પલળી જઈશ.'' પછી તે જ ઘડીએ વરસાદ આવ્યો, તે ઘેલામાં પાણી બહુ આવ્યું. તે ગામ તે સીમ તેમાં ઘણું પાણી ભરાણું. એવો વરસાદ એ યોગાનંદસ્વામીએ વરસાવ્યો.

**● સ્વામીનો અક્ષરવાસ**

સ્વામીએ શ્રીહરિના પ્રસાદિભૂત એવા લોયાધામમાં સૌ પ્રથમ સુંદર હરિમંદિર બાંધ્યું હતું. અને ત્યાંના દરબારો તથા અન્ય ભક્તોના સત્સંગનું પણ ખૂબ જ પોષણ કર્યું હતું. વળી, મોટા ભમોદરા, સાવરકુંડલા જેવા ઘણાં ગામોમાં મોટા યોગાનંદ સ્વામી તથા તેમના સુજ્ઞ શિષ્યોએ સુંદર હરિમંદિરો બંધાવી અનેક મુમુક્ષુઓના મોક્ષરૂપી સદાવ્રતો ખોલ્યા હતા.

ધંધુકા ગામના પાદરમાં સરોવરને કિનારે સવારમાં ઊઠી સ્નાન કરી પૂજા પાઠ કર્યા. પછી સિદ્ધયોગીની જેમ આસન વાળીને બેસી ગયા.

સંવત્ ૧૯૦૨, જેઠ વદ-૪ ગુરુવારના રોજ સદ્. શ્રી મોટા યોગાનંદ સ્વામી એકસઠ વર્ષથી ઉંમરે સ્વતંત્ર રીતે ભૌતિક દેહનો ત્યાગ કરી અક્ષરવાસી થયા.

## માર્કંડેય ઋષિ મહાનુભાવાનંદ સ્વામી રૂપે અવતર્યા

પૂર્વ મૃગશ્રૃંગ નામના એક ઋષિ હતા. જેમના લગ્ન સુશ્રુતા નામની કન્યા સાથે થયા હતા ! જેમના ઘરે એક પુત્રનો જન્મ થયો પરંતુ જન્મતાની સાથે શરીરે ખંજવાડવા લાગ્યો તેથી મૃગશ્રૃંગ ઋષિએ તેમનું નામ મુકુન્દ રાખ્યું ! પિતાની આજ્ઞાથી વેદોનો અભ્યાસ કરી મૃદુગલ મુનિની દીકરી અરુંધતી સાથે તેમના લગ્ન થયા ! લગ્ન જીવન ખૂબ જ શાંતિ પૂર્ણ પ્રસાર થતું હતું, પરંતુ ઘણો સમય વ્યતિત થયો તોય પુત્રની પ્રાપ્તિ થઈ નહીં જેથી પુત્ર પામવા માટે તેમની પત્ની સાથે મળી શિવજીની કઠોર સાધના (તપ)નો આરંભ કર્યા ! અતિ કઠોર તપથી પ્રભાવિત થઈ શ્રી મહાદેવજીએ દર્શન આપી કહ્યું, ઋષિરાજ માંગો શું વરદાન જોઈએ ત્યારે મુકુન્દ મુનિ બોલ્યા હે શિવજી મને પુત્ર આપો. મહાદેવજી કહે, તમારે ગુણ વિનાનો અને લાંબી આયુષ્યવાળો પુત્ર જોઈએ કે પછી ગુણવાન અને ૧૬ વર્ષની આયુષ્યવાળો પુત્ર જોઈએ. ત્યારે મુકુંદમુનિ કહે મને ગુણવાન પુત્ર આપો પછી ભલે તેની આયુષ્ય ૧૬ વર્ષની હોય - ભગવાન શંકર તથાસ્તુ કહી અંતર્ધ્યાન થયા - ત્યાર બાદ સમય વિતતા એક પુત્રનો જન્મ થયો, જેનું નામ માર્કંડ ઋષિ રાખવામાં આવ્યું - જેમ-જેમ ઉંમર વધતી ગઈ તેમ તેમ પિતા પાસે જ્ઞાન પ્રાપ્ત કરતા ગયા. ૧૫ વર્ષની આયુષ્ય થઈ ત્યારે માતા-પિતાને ખૂબ જ ચિંતા થવા લાગી - માતા-પિતાને અતિ ઉદાસી જોઈ પુત્ર માર્કન્ડ બોલ્યા હે પિતાશ્રી હે માતાશ્રી તમારી આ ચિંતાનું કારણ હું જાણી શકું ? મુકુંદ ઋષિ અને અરુંધતી માતાએ માર્કન્ડને વાત કરી નહીં અતિ પૂછતાને અંતે કહ્યું કે, ભગવાન શંકરે તમને માત્ર ૧૬ વર્ષની આયુષ્ય આપેલી છે. હવે તે પૂર્ણ થવામાં એક વર્ષ બાકી છે માટે અમને ચિંતા થાય છે

- માતા-પિતાની ચિંતાને ટાળવા માટે એક દૂર જંગલમાં જઈ શિવલિંગની સ્થાપના કરીને મહાદેવજીની તપશ્ચર્યાનો પ્રારંભ કર્યા. પરંતુ કાળનો સમય આવ્યો માટે મૃત્યુ આવીને ઋષિને કહે, ચાલો હવે તમારો સમય પૂર્ણ થયો છે ! માર્કન્ડ મુનિને ગ્રાસવા ગયો તો મુનિરાજ શિવલિંગને બાથ ભરી લપેટાઈ ગયા. આથી શિવલિંગમાંથી શ્રી શંકરે પ્રગટ થઈ ને કાળની છાતીમાં લાત મારી તેને ભગાડી મુક્યો અને માર્કન્ડ મુનિને લાંબુ આયુષ્ય પ્રધાન કર્યું - ઘરે આવી ઘણા વર્ષો સુધી માતા-પિતાની સાથે રહી સેવા કરી ત્યાર બાદ પૃથ્વી પર વિચરણ કરવા લાગ્યા. ઘણાં યુગો સુધી વિચરણ કરતા રહ્યા. ત્રેતાયુગમાં તેમને તપ કરવાનો વિચાર કર્યો પરંતુ પૃથ્વી પર કોઈ તપ કરે તો દેવતાઓની ઊંઘ ઊડી જતી એટલે દેવો તપનો ભંગ ન કરાવે માટે તેમને એક જમીનમાં ગુફા બનાવીને અંદર છુપાઈ તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો દેવી-દેવતાઓ એ અપ્સરાઓએ મુનિના તપનો ભંગ કરવા અનેક ઉપાયો કર્યા, પરંતુ તેમના તપનો ભંગ થયો નહીં. તપશ્ચર્યાના અંતે વટવૃક્ષના પાંદળા પર બાલમુકુંદ ભગવાને જમણા ચરણનો અંગૂઠો બે હાથ વડે પકડીને મુખમાં રાખીને પોઢ્યા હતા. એવા અદ્‌ભુત દર્શન કરી માર્કન્ડ મુનિએ સ્તુતિ કરી ને પ્રાર્થના કરી કે હે પ્રભુ મને આપના બાલ સ્વરૂપના દર્શન થયા તેમ આ ભૂમિમાં આપના બાલસ્વરૂપના દર્શન અનંત જીવોને થાય એવી મારી પ્રાર્થના છે ત્યારે શ્રીહરિએ તેમને તથાસ્તુ કહી સાત કલ્પની દીર્ઘ આયુનું વરદાન આપ્યું.

જે જગ્યા પર માર્કન્ડ મુનિએ દસ હજાર વર્ષ સુધી ગુફામાં છુપાઈને તપ કર્યું તે જગ્યાનું નામ છુપિયા પડ્યું. કાળાન્તરે છુપિયામાંથી છપિયા નામે ઓળખાવા લાગ્યું. ગુજરાતમાં અપ્રભંશ થઈ છપૈયા પણ કહેવાય છે.

શ્રીહરિના વરદાન બાદ માર્કન્ડ મુનિએ કાયમ માટે છુપિયામાં જ પોતાનો આશ્રમ બનાવી નિવાસ કર્યા. (આજે પણ દિવ્ય રૂપે ત્યાં રહીને તપ કરે છે.) અને ત્યાં સાધુ-સંતો-ઋષિઓ-દેવી-દેવતાઓનો નિવાસ થયો. જ્યારે છુપિયામાં સરયુપારી બ્રાહ્મણોનો નિવાસ થયો તે દિવસથી માર્કન્ડ મુનિ તેમના કુલગુરુ તરીકે ઓળખાવા લાગ્યા. એક વાર માર્કન્ડ મુનિ પોતાના આશ્રમમાં હજારો ગાયોનું પાલન કરતા એવામાં દુકાળ

પડ્યો ત્યારે અનેક ગાયો મનુષ્યો પાણી વિના તરફળીને મૃત્યુ પામવા લાગ્યા ત્યારે ભગવાન નારાયણે બાલમુકુદ સ્વરૂપ ધારણ કરીને પગના અંગૂઠા વડે ગંગાજી પ્રગટ કર્યા અને ત્યાં સરોવર બની ગયું જેનું નામ નારાયણ સરોવર થયું.

કલિયુગના પ્રારંભમાં જ્યારે બદ્રિકાશ્રમની ધરતી પર ઋષિ મહાત્માઓ સાથે નરનારાયણ દેવે જ્યારે દુર્વાસા મુનિનો શ્રાપ અંગિકાર કર્યા ત્યારે માર્કન્ડ મુનિ પણ એ મુનિઓની સભામાં ઉપસ્થિત હતા અને તેમને પણ દુર્વાસા મુનિના શ્રાપનો સ્વીકાર કર્યા પછી શ્રી નરનારાયણ દેવની આજ્ઞાથી સર્વ ઋષિઓ ધરતી પર વિચરવા લાગ્યા. શ્રી માર્કેન્ડ મુનિ પોતાના આશ્રમમાં આવી પ્રભુ પ્રગટ થવાની પ્રતિક્ષા કરવા લાગ્યા. સમય વિતતા ત્યાં વસ્તીનો વાસ થયો એટલે માર્કન્ડ મુનિ ધરતી પર દિવ્ય રૂપે વિચરણ કરવા લાગ્યા. જ્યારે ભગવાને આપેલા વચન પ્રમાણે શ્રીહરિનું પ્રાગટ્ય છુપિયાની ધરતી પર થયેલું જાણી શ્રી માર્કેન્ડ મુનિ પ્રભુ દર્શનની અંતરમાં અભિલાશા લઈ પોતાના આશ્રમે પાછા આવ્યા તો જોયું જે જગ્યા પર પોતે તપ કર્યું હતું તે જ ભૂમિ પર શ્રી ધર્મદેવ ભક્તિ માતાનું નિવાસસ્થાન હતું અને ત્યાં જ પ્રભુ શ્રી ઘનશ્યામરૂપે પ્રગટ થયા હતા. આ જોતા મુનિરાજના અંતરમાં ખૂબ જ આનંદ વધી ગયો અને ધર્મદેવના આંગણામાં માર્કન્ડ મુનિએ પ્રવેશ કર્યો.

ત્યારે શ્રી ધર્મદેવે તે ઋષિનું આદરથી સન્માન કર્યું અને તેમને જ્યોતિષી જાણી કહ્યું કે હે મહારાજ ! મારા પુત્રના નામકરણ સંસ્કાર કરો. મારા પુત્રને ત્રણ માસ પૂર્ણ થયા છે તેવું સાંભળી માર્કંડેય મુનિ રાજી થઈ શ્રીહરિના નામકરણ કર્યા. હરિ, કૃષ્ણ - હરિકૃષ્ણ આદિ નામાભિદાન કર્યા તેથી ધર્મદેવે તેમને ખૂબ સારી દક્ષિણાઓ આપી ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી તેમને સમાધિ થઈ તે સમાધિના માધ્યમે કરી શ્રીહરિએ તેમને આશીર્વાદ આપતા કહ્યું, હે મુનિરાજ તમે ભારત દેશની ધરતી પર જન્મધારણ કરો. તમને અમારો યોગ થશે અને તમને અમારા સંત બનાવી પરમપદની પ્રાપ્તિ કરાવીશું. શ્રીહરિના આવા વચન સાંભળી મુનિરાજ આનંદિત થતા-થતા સમાધિમાંથી જાગ્રત થઈ પોતાના

સ્થાને ગયા અને ભારત દેશમાં જન્મ લેવા માટે યોગ માતા-પિતાની શોધ કરવા લાગ્યા.

**● સ. ગુ. મહાનુભાવાનંદ સ્વામી રૂપે જન્મ**

સંવત ૧૮૪૨માં કુરૂક્ષેત્રથી ૧૨૫ ગાઉ દૂર કડા નામે ગામ છે. ત્યાં મહાનુભાવાનંદ સ્વામીનો જન્મ થયેલો. કિશોરાવસ્થામાં વૈરાગ્ય ભાવનાથી પ્રેરાઈને ઘરનો ત્યાગ કર્યો. તીર્થોનું અટન કરતા કરતા કોઈ ગામમાં એક સ્ત્રી દ્રવ્યના ત્યાગી એક મહાત્મા મલ્યા. સ્વામી એમની સેવા - સમાગમ કરવા ત્યાં રોકાયા. પેલા મહાત્મા વૃધ્ધ હોવાથી પોતાની ગાદી સ્વામીને સોંપવાની વાત કરી એટલે મનમાં ઉદાસ થયા. પણ છૂટવાની યુક્તિ કરી કે, "મારે દ્વારિકાની યાત્રા કરવી છે. એ કરી - આવું પછી કહેશો તેમ કરીશ."

રજા મલી એટલે ચાલતા થયા. આવ્યા દ્વારકામાં, ઠાકોરજીના દર્શન કરીને અહીં બાર વર્ષ રહું અને સેવા કરૂં પછી પૂજારી સાથે બાર વર્ષ સેવા કરવાનું નક્કી કર્યું. પૂજારીએ પ્રભૂની સેવા સોંપી . બે ત્રણ દિવસ પછી ઠાકોરજીએ દર્શન દઈને કહ્યું કે "સાધુરામ અહીંથી ચાલ્યા જાઓ. તમને પ્રત્યક્ષ ભગવાન મલશે." સ્વામી ચાલતા થયા. અને આવ્યા દરીયા કિનારે. ત્યાં જેમની સાથે સેવાનું નક્કી કર્યું હતું તે પૂજારી મલી ગયો. અને વઢવા લાગ્યો કે બાર વર્ષનું નક્કી કરીનેબાર દિવસ પૂરા કર્યા વગર ક્યાં ઉપડ્યા ? મને રણછોડજીએ રજા આપી છે. સ્વામીએ જવાબ આપ્યો.

પેલા પૂજારીએ ઓલીયા - મસ્તરામ સમજી જવા દીધા. સ્વામી વહાણમાં બેસી જામનગર ઉતર્યા. ત્યાં સ્વરૂપાનંદ સ્વામી આદી ૨૫૦ સંતો રહેતા હતા. તેમનો ભેટો થયો. સંતોએ મહારાજના પ્રત્યક્ષપણાની, નિશ્ચયનીવાતો કરીને કહ્યું કે એમનો આશ્રય કરો.

ત્યારે સ્વામી કહે- હમ તો શ્રીકૃષ્ણ કે ઉપાસી હૈ અન્ય આશ્રય કભી નહિ કરેગા, ત્યાં એક દિવસ મહારાજનો પત્ર આવ્યો કે ચૈત્ર પૂનમનો સમૈયો સિદ્ધપુર કરશું. સૌ આવજો. સંતોની સાથે સ્વામી પણ મહારાજના દર્શનાર્થે ચાલ્યા. ઊંઝામાં મહારાજનાં દર્શન થયાં. દર્શન થતાની સાથે

નિશ્ચય થઈ ગયો કે - યહીં સબ અવતાર કે અવતારી હૈ એમ બોલી દંડવત્ - સ્તુતિ કરવા લાગ્યા.

શ્રીજી મહારાજે ઊંઝાના તલાવનાં ગરનાળાં પર સ્વામીને દીક્ષા આપી. મહાનુભાવાનંદ નામ ધારણ કરાવ્યું. ત્યાંથી સિદ્ધપુર પધારીને મોટો મહોત્સવ કર્યો. પછી ફરતા ફરતાં વડતાલ પધાર્યા. ત્યાં મહાનુભાવાનંદ સ્વામીને સદ્ગુરુની પદવી આપી.

આઠુંજામ અખંડ સ્વામિનારાયણનું ચિંતવન કરવાની જેમને ટેવ હતી એવા આ સંત ભગવાન તથા સત્સંગીની સેવામાં જ પોતાનું જીવન વિતાવવા લાગ્યા. અમદાવાદ દેશમાં સ્વામીએ ગામોગામ ફરીને કેટલાંક મંદિર કરાવ્યાં. હજારોને સત્સંગીઓ બનાવ્યા હતા. સ્વામી વચનસિદ્ધિમાં તો ગોપાળાનંદ સ્વામી જેવા હતા. એ જેમ બોલતા તેમજ થતું. એકવાર માણસા પધારેલા ત્યારે ઠાકોરસાહેબ દર્શને આવ્યા. સ્વામીએ કહ્યું કે ઠાકોર સાહેબ સાધુને ઘણી અગવડ છે તો આ મંદિર પાસેની જગ્યા આપો તો ભંડાર થાય.

ત્યાંતો તેમનો દિવાન બોલી ઉઠ્યો કે તમારૂં મંદિર જ બીજે લઈ જવું પડશે આ ઠેકાણે તો અમારે ઘોડશાળ કરવી છે. ત્યારે સ્વામી કહે ક્યા બોલતા હૈ ? ઘોડશાળ હોગી ? ઘોડાશાળ તો તેરે ઘરમેં હોગી થોડાક માસ પછી એ દિવાન કંઈ એવા ગુનામાં આવ્યો તેથી તેને રાજ્ય બહાર કાઢી મૂક્યો. માલમિલ્કત જપ્ત કરી અને તેને ઘેર જ ઘોડાશાળ કરી.

જ્યારે મૂળી મદિરનું કામ ચાલતું હતું ત્યારે સ્વામી ત્યાં હતા. તે રામપરના એક પટેલે ખૂબ સેવા કરેલી જોઈને "મહારાજ તેરા અચ્છા કરેગા એમ આશીર્વાદ આપ્યો. ત્યારે પટેલ કહે સ્વામી - મહારાજ શું સારું કરશે." ઘરમાં રાતું લુગડું પણ નથી. એકલો છું. સ્વામી કહે - સબ ઠીક હોગા. પછી આ ગરીબને કોઈ સામું જુવે તેમ હતુ નહિ પણ સંત વચન બળે લગ્ન થયા. ને ત્રણ પુત્રો થયા... સારી સમૃદ્ધિ એકઠી થઈ. સ્વામીના વચનસિદ્ધ પણાના આવા તો અનંત બનાવો છે. પોતે કોઈને સારાં કાર્ય કરતો જોઈને રાજી થઈ જતા અને કોઈ સત્સંગનો દ્વેષ કરનાર આવી જાય તો કુરાજી પણ થતા.

કઠલાલ પાસે મહીશા ગામ છે ત્યાં સ્વામી મંદિર કરાવતા હતા. રસ્તા પર જ મંદિરનો પાયો હતો. તે વખતે ગામના આગેવાનો ચાર જણાએ આવીને કહ્યું કે તમે ગામનો રસ્તો દબાવ્યો છે તેથી તમારો પાયો ઉખેડવો પડશે. સ્વામી કહે ‘‘હમારા પાયા તો નહીં ઉખડેગા ઔર જો એસા વિચાર કરેગા ઉનકા ઉખડ જાયેગા’’ પછી તો એ ચારેનો વંશોચ્છેદ થઈ ગયો. અ બધા ગામોમાં સ્વામીનો પ્રતાપ અત્યારે પણ હજારો માણસો યાદ કરે છે.

એકવાર ઝાલાવાડના સત્સંગીઓના આગ્રહથી સ્વામી હળવદ પધાર્યા, ત્યાં મંદિરમાં રાતે કથા વાર્તા ચાલતી હતી. પાસે જ રાજાના કારભારીનું મકાન હતું. તેણે પોલીસને મોકલીને કહેવરાવ્યું કે - ઘોંઘાટ બંધ કરો. રાતે ઘોઘાટ ન કરશો. સ્વામી કહે અમે તો ભજન કરીએ છીએ. ‘‘તો તે ભજન પણ બંધ કરો.’’ પોલીસે કહ્યું. સ્વામી કહે તમારા કારભારી કું બોલો તમારા ઘરમેં બી ભજન હોગા.

પછી તે કારભારી મૃત્યું પામ્યા. વાસના થી સર્પ થયો. ને તેના ઘરમાં નિશાળ થઈ. અને સાંજસવાર ભજન પણ થતું. સ્વામીએ બલદાણાના અરજણ ભકતને કહેલું કે ચાર દિવસ પછી તારૂં શરીર પડશે. હું તને ધામમાં લઈ જઈશ. તે દિવસે સ્વામી લીંબડી હતા, ભણનારા સાધુઓને કહ્યું કે અરજણ ભક્તને ધામમાં મૂકી આવ્યો. ત્યારે સાધુઓ કહે સ્વામી, અહીં તો ઉંબરો પણ ઊલ્લંઘી શક્તા નથી અને ઠેઠ ધામમાં કેવી રીતે મૂકી આવ્યા? ત્યારે સ્વામીએ જવાબ આપ્યો કે ‘‘હમારા તો દોદો દેહ હૈ એક દેહે અક્ષરધામમેં મહારાજની સેવામાં ઔર દૂસરા દેહે ઈધર સત્સંગ કી સેવામાં રહેતે હૈ.’’

એકવાર બલદાણાથી સ્વામી પધારતા હતા. તે જુઠો આહીર ગાડું જોડી મૂકવા ગયા હતા. રસ્તામાં બળદ ભડક્યા. જુઠો આહીર પડી ગયા અને તેના પેઢુ ઊપર પૈડું ફરી ગયું. સ્વામીએ હાથ ફેરવીને કહ્યું કે અચ્છા હો જાયેગા. પણ એમાં જુઠાને ચમત્કારી ફાયદો થયો. આખી જીંદગીનું સારણગાંઠનું દર્દ મટી ગયું.

કોઈકે પૂછેલું જુઠા તે શું દવા કરી હતી ? ત્યારે કહેતો કે ‘‘નવા

બળદ જોડ્યા હોય, મહાનુંભાવાનંદ સ્વામી જેવા ગાડે બેઠા હોય પછી બળદ ભડકે. આપણે પડી જઈએ. ગાડાનું પૈડું શરીર પર ફરી વળે પછી સ્વામીનો હાથ ફરે અને સારણગાંઠ મટી જાય.''

શ્રી મહાનુભાવાનંદ સ્વામી એવા સમર્થ સંત થયા કે જેમના વચને અનેક જીવોના કલ્યાણ થયા છે ચીખલોડ ગામમાં મંદિરનું નિર્માણ કાર્ય ચાલતું હતું. ત્યારે મંદિરના કાર્યમાં લાકડાની જરૂર પડી. ગામના લોકોના કહેવા પ્રમાણે સ્વામીએ ગામના મુખી અંબરદાસ પટેલને વાત કરી કે તમારા ખેતરમાં ખૂબ સારા લીંબડા છે તો અમને મંદિર કાર્યમાં આપો. પટેલ લીંબડા આપવા તૈયાર થયા એક હરિભક્તે કહ્યું સ્વામી એમને ઘરે પારણીયું બંધાય એવા આશીર્વાદ આપો ત્યારે સ્વામી કહે, પટેલ જેટલા લીંબડા આપશો એટલા દીકરા આપીશું. અંબયદાસ પટેલ ખૂબ રાજી થયા. સ્વામી લો ત્યારે સાત લીંબડા દીધા મહાનુભાવાનંદ સ્વામી કહે તો લ્યો ત્યારે પટેલ સાત દીકરા દીધા પણ જો જો હો અડધા તમારાને અડધા અમારા ! સ્વામીએ અંજલિમાં પાણી લઈને લીંબડાને વર્તમાન ધરાવી કહ્યું જાઓ પટેલને ઘરે દીકરા રૂપે જન્મ ધારણ કરો પટેલને સમય જતા સાત દીકરાનો જન્મ થયો. સ્વામીના વચન પ્રમાણે ચાર દીકરા સંસારમાં રહ્યા ત્રણ દીકરા મોટા બની સ્વામી પાસે આવી દીક્ષા લીધી. જેમાં સ.ગુ. નારાયણ સેવકદાસજી સ્વામી, સ.ગુ. ઘનશ્યામ જીવનદાસજી સ્વામી તથા સ.ગુ. કૃષ્ણજીવનદાસજી સ્વામી આ ત્રણ બાલ્ય અવસ્થાથી દીક્ષા ગ્રહણ કરી સંત થયા અને સ.ગુ. મહાપુરુષદાસજી સ્વામી ૩૫ વર્ષ સુધી ઘરે રહ્યા અને ત્યાર બાદ દીક્ષા લીધી અને ૩૫ વર્ષ સુધી સંતમાં રહી ભગવાનના ધામને પામ્યા આમાં મહાનુભાવાનંદ સ્વામીનું વચન સત્ય થયું. અમદાવાદમાં સ્વામીની શિષ્ય પરંપરા હજુ પણ લીંમડાવાળા મંડળ તરીકે ઓળખાય છે.

આ પ્રમાણે અનેક રીતે સત્સંગની સેવા કરી કરીને સ્વામીએ સં. ૧૯૧૩ જેઠ સુદ ૧૪ના અમદાવાદમાં દેહ ત્યાગ કર્યો. નારાયણઘાટ ઉપર સ્વામીશ્રીનું સમાધિસ્થાન (સ્મારક) છે.

# નિષ્કુળાનંદ સ્વામીનું જીવન કવન

**● ઋષભદેવ ભગવાને ભરતજીને રાજ્ય શાસન સોંપી દીધું**

પ્રથમ સત્યયુગમાં આજથી આશરે ૧૧ કરોડ વર્ષ પહેલા ઋષભદેવ ભગવાનને ૧૦૦ પુત્ર હતા તેમાં ભરતજી જેષ્ઠ પુત્ર હતા અને વળી સર્વથી શ્રેષ્ઠ પણ હતા જેથી તેમને રાજ્ય શાસન સોંપી ઋષભદેવજી જંગલ તરફ ચાલી નીકળ્યા છે. તેમનો વેષ અવધૂત જેવો છે. તેમને કપડાંનો પણ ખ્યાલ નથી. જ્યારે, ભૂખ લાગે ત્યારે મોઢામાં પથ્થરને મૂકી આત્માને કહે; લે બટકુ ભર ખાઈ જા; તને ખવરાવી ખવરાવી થાકી ગયો. ત્યાંથી ઋષભદેવજી કર્ણાટકના જંગલમાં પધાર્યા છે. આ જંગલમાં સળગતા દાવાનળમાં તેમનું શરીર ભસ્માવશેષ બન્યું છે.

હવે ભરતજી રાજ્ય કરે છે. પોતાના રાજ્ય કારભાર દરમ્યાન પોતાનો પરિવાર તથા પ્રજા ખૂબ સુખી છે. આ રીતે રાજ્ય કરતાં ઘણાંક વર્ષોને અંતે ભરતજીએ વિચાર કર્યો; “હવે આ રાજ્ય - કારભાર છોડી, મારા આત્માનાં શ્રેયનું કંઈક કરું. આવા વિચારે, પુત્રને રાજ્ય કારભાર સોંપી, ભરતજી રાજ્યનો ત્યાગ કરી નેપાળમાં ગંડકી નદીને કિનારે પુલહાશ્રમમાં આવ્યા છે.આ પુલહાશ્રમમાં વિષ્ણુભગવાને તપ કરેલું છે. તેથી આ સ્થાનનું મુક્તિનાથ નામ પડયું આ સ્થળે પ્રથમ સતયુગમાં બ્રહ્માજીના માનસપુત્ર પુલહઋષીનો આશ્રમ હતો તેથી આ સ્થાનનું નામ પુલહાશ્રમ પડ્યું છે. ને તેમાં ભરતજીએ તપ કરવાનું શરૂ કર્યું. આ પુલહાશ્રમે શ્રીજીમહારાજે નીકલંઠવર્ણી સ્વરૂપ ચાર માસ હાથ ઉંચા રાખી એક પગે ઉભા રહીને વર્ષાઋતુમાં તપ કર્યું છે. તેથી આ ભૂમિ અતિ પવિત્ર અને તપોભૂમિ છે. ને અતિ પ્રસાદીની દર્શનીય છે.

## ● ભરતજી તપ કરવા ગયા ને બંધાણા મૃગલીમાં

હવે, ભરતજી મહેલ છોડી ઝુંપડાવાસી બન્યા છે, સારાં કપડાં છોડી વલ્કલધારી બન્યા છે. દરરોજ પ્રાતઃકાળમાં બ્રાહ્મમુહૂર્તમાં ગંડકી નદીમાં સ્નાન કરી, સંધ્યા-પૂજા વગેરે નિત્ય કર્મ કર્યા પછી, જંગલમાંથી કંદમૂળ ફળફૂલ લાવી એક વખત ગ્રહણ કરે છે. અને સારોએ દિવસ પ્રભુના સ્મરણમાં વ્યતીત કરે છે.

એક દિવસનો સમય છે, ભરતજી ગંડકીમાં સ્નાન કરે છે, તેવા સમયમાં તેમના અગ્રભાગે એક ગર્ભિણી તૃષાતુર મૃગલી પાણી પીએ છે. એવામાં સિંહે ત્રાડ મારી. સિંહના અવાજને સાંભળતા જ મૃગલી ધ્રુજી ઉઠી. ભયમાં અને ભયમાં નદીને કૂદવા ગઈ તો, નદીના મધ્ય ભાગમાં પોતાનો ગર્ભ સ્રવી ગયો; અને નદી કાંઠે જઈને મૃગલી મૃત્યુને શરણ થઈ. હવે પાણીના પ્રવાહમાં તણાતું મૃગબચ્ચું, રાજર્ષિ ભરત, જ્યાં જળની અંજલિ ભરવા જાય ત્યાં, હાથમાં આવ્યું. ભરતજીને વિચાર થયો. "આની મા મૃગલી મરી ગઈ છે. આ બચ્ચાને જો હું નહિ પાળુ - પોષુ તો મરી જશે." ભરતજીને દયા આવી. ભરતજી મૃગબચ્ચાને ઝુંપડીમાં લાવ્યા. ભરતજી મૃગબચ્ચાંને લીલુ ઘાસ ખવરાવે, તેને પાણી પાય. આ રીતે તેનો ઉછેર કરવામાં ભરતઋષિ તન્મય બની ગયા. કેવળ દયાયે કરીને મૃગ બચ્ચામાં મમતા બંધાણી અને પરિણામ ઈશ્વર સ્મરણ ભૂલાતું ગયું. અન્તે પરિણામ એ આવ્યું કે સારો દિવસ મૃગ બચ્ચાંના લાલન-પાલન અને પોષણમાં જ વ્યતીત થવા લાગ્યો. ભરતજીએ મૃગ બચ્ચાને ઝુંપડીમાં રાખ્યું હોત, તો વાંધો ન હતો. પણ તેમણે તો પોતાના મનમાં તેને સ્થાન આપ્યું. તેથી તેમનું મોત બગડ્યું. પરિણામે બીજો મૃગનો જન્મ આવ્યો.

ભરતજી મનુષ્ય શરીર થકી ભ્રષ્ટ થયા, ને મૃગલીને પેટે મૃગ-શિશુ તરીકે જન્મ્યા. નાની શિંગડીઓ ટુકી પૂંછડી, ચાર પગ થઈ ગયા છે.

મૃગનો આકાર મળ્યો ખરો; પણ તેમને પૂર્વ જન્મનું જ્ઞાન નાશ નથી પામ્યું. પૂર્વ જન્મના જ્ઞાનના કારણે ભરતજીને પસ્તાવાનો પાર ન રહ્યો. તેમને વિચાર આવે છે. "ક્યાં મારો પહેલાનો દુર્લભ માનવ

જન્મ ! અને ક્યાં મારો આ પશુનો જન્મ ! અરે ! અરે ! મેં કોને માટે રાજ્ય, પરિવાર બધું છોડ્યું હતું ?'' આના કરતા તો ઘરમાં રહ્યો હોત તો સારુ.

પૂર્વના જ્ઞાનને લીધે મૃગ જન્મમાં પણ ખૂબ પશ્ચાતાપ કરવા લાગ્યા. હવે તો જલ્દીથી, ભૂલ કેવી રીતે સુધારી લેવી, ભગવાનની સાથે કેવી રીતે પોતાના મનની અખંડવૃત્તિ રાખવી, એ માટે અખંડ આલોચ રહેવા લાગ્યા. આથી ભરતજી મૃગના શરીરમાં કાળંજર પર્વતની ગુફામાં બેસી પોતે પશ્ચાતાપથી રડ્યા કરે છે. તેમને ખાવાનું મન થાય તો, મનને ના પાડે અને મનને ઠપકો આપે; ને સુકા પાંદડાં ખાય અને પૂર્વ જન્મનાં પાપ માટે પસ્તાવો કરે.

**● ભરતજી મૃગલીમાંથી જડભરત થયા**

જતે કાળે મૃગ શરીરની અવધિ આવી ગઈ. મૃગ શરીરમાંથી છૂટેલો ભરતજીનો આત્મા પવિત્ર બ્રાહ્મણને ત્યાં જન્મ લે છે. આ બ્રાહ્મણના જન્મમાં પણ એમને પૂર્વ જન્મનું જ્ઞાન રહે છે. ભરતજીને આ બ્રાહ્મણ કુટુંબમાં બીજા નવ ભાઈઓ છે તે ભરતજી તો કુટુંબ-પરિવારમાં ક્યાંય ધ્યાન આપતા નથી ને જાણીને ગાંડાની પેઠે વર્ત્યા કરે છે. ક્યારેક ગામમાં આંટો મારવા નીકળે. ગામની જનતા પાછળથી ભરતજીને કહે છે ; જુઓ ! જુઓ ! પેલો ગાંડો , પાગલ ભરત જાય ! ભરત રડી લે, મનથી અંતરાત્માને સમજાવે ' 'આ ગામના લોકો મને ગાંડો કહે છે. જડ કહે છે, એમાં ખોટું શું છે ? બાળકો મશ્કરીમાં મને ગાંડો - ગાંડો કહે છે એ ખરી રીતે જોતા સાવ સાચું છે, ગાંડો નહિ તો શું હું ખરેખર ડાહ્યો છું. ? ડાહ્યો હોત તો, પરમાત્મા ને મેળવવા માટે, પરિવાર છોડી, મૃગલીના બચ્ચામાં હેત ન કરત.' ભરતજીને રડવું આવ્યા કરે છે. કે, ''દુનિયામાં ગાંડા માણસો તો ઘણા હશે, પરંતુ ઈશ્વર જો ગાંડાઓની એક યાદી કરે તો, લાગે છે કે ગાંડાની હારમાળામાં, મારું નામ સૌથી મોખરે હશે. હું ગયા જન્મમાં પૂર્વે ઋષભદેવ ભગવાનનો પુત્ર હતો. એ મારા પિતાના સંસ્કારો ક્યાં ગયા ? મેં રાજ્ય શા માટે છોડ્યું હતું. ?'' એ બધુ યાદ કરતાં ભરતજી મનમાં ગાંઠ વાળે છે. ''આ

જન્મમાં તો મારે ભૂલા નથી પડવું . આ સંસાર, આ સંસારનું ડહાપણ ડહોળવા જઈશ તો, નારાયણ ને ફરી ક્યારે પામીશ ? માટે હવે તો મારે કોઈની સાથે બોલવું નથી, મારે તો ખૂબ સાવધાન થઈ અંતદષ્ટિ કેળવી મારા પ્રભુ એક નારાયણનો જ જપ કરી લેવો છે.'' ભરતજીની આવી નિષ્ક્રયતાને જોઈ, ભરતના નવેભાઈઓ ભેગા થઈ ભરતને કહે છે. ''આ પાવડો લઈને ખેતરમાં જા, અને ત્યાં પાળો બાંધજે અને સાંજે પાછો ઘરે આવજે'' ભરત ખભા પર પાવડો લઈ ખેતરમાં ગયા. જમીન ઉપર પાવડો મૂકતાં, આંખોમાંથી આંસુઓની ધારા થઈ. એમના આત્મામાંથી અવાજ આવ્યો; ''ભરત ! તું કોનો પાળો બાંધીશ ? ખેતરનો પાળો બાંધીશ, કે જિંદગીનો પાળો બાંધીશ ? તું કોનો પાળો બાંધીશ ? આનો બરાબર ઊંડો વિચાર કર.'' તેમનાં અંતરમાંથી અવાજ આવે છે. ''ભરત ! પાળાને બાંધવાની જરૂરિયાતો તારી જિંદગીને છે. જિંદગીના પાળાને નહિ બાંધી લે, તો આ વખતે બધું જ ઢોળાઈ જશે. માટે ચેત અને અખંડ ભગવાનના નામ-જપ કર્યા કર. હવે તો મનનો જરા પણ વિશ્વાસ કરીશ નહિ. નહિ તો તારું મન અતિ દુઃખદાયક છે, તે તને ક્યાં ફેંકી દેશે તેની ખબર નહિ પડે.'' વિચારોના તરંગોમાં ભરતજી સવારથી સાંજ સુધી ખેતરમાં બેસી રહ્યા છે, સાંજે ઘેર આવે છે. ભાઈઓ પૂછે છે.; ''કેટલો પાળો બાંધ્યો'' ભરતજીએ હાથ જોડ્યા છે. કહે છે. ''ભાઈઓ ! મને કાંઈ સમજાણું નહિ મને તમે શેનો પાળો બાંધવાની ભલામણ કરી હતી. ?'' અને ક્યો પાળો બાંધવો જરૂરી છે અને ગુંચવણમાં ને ગુંચવણમાં મારો આખો દિવસ પસાર થઈ ગયો; મેં કાંઈ બાંધ્યું નથી.'' ભાઈઓ ખીજાઈને ધમકાવવા લાગ્યા, ''તું તો સાવ મૂર્ખ છે. તારા જેવા પાગલ અને મૂર્ખને પાલવવાથી શું ફાયદો છે ? હે ભરત ! સાંભળી લે. જો તું કામ નહિ કરે તો, ખાવાનું નહિ મળે. તારા જેવા પાગલને સાચવવાથી અમને શું મળવાનું છે? રોટલા પણ માથે પડે.'' ખેતરમાં ચકલા ઉડાડવા મોકલે છે તે પણ ઉડાડતા નથી. આમ ભરતજીને ઘરમાંથી જાકારો મળ્યો ને ગાંડા જેવી દશામાં ફરતા ફરતા ચોરના સરદારો મળ્યાને ભદ્રકાળીને બલિદાન દેવા માટે ઉપાડી ગયા. ત્યાં પણ ભદ્રકાળીએ

ભરતજી ને ન માર્યા ને ચોરને માર્યા.

ફરીવાર ત્યાંથી જતા એવા સમયમાં સિંધુ અને સૌવીર દેશનો રાજા રહુગણ પાલખીમાં જતો હતો ને તેમાં એક મજુર બિમાર પડતા તેની જગ્યાએ ભરતજીને પકડીને લાવ્યા. ને પાલખી ઉપડાવી. તે નીચે કીડા મંકોડી આવે તેથી ઠેકડો મારે તેથી રાજાને માથે ડંડો ભટકાય તેથી તેને પૂછ્યું કે કેમ સરખા ચાલતા નથી. ત્યારે નોકર બોલ્યા કે આ નવો આવ્યો છે તે સરખો ચાલતો નથી. રહુગણ રાજા ભરતજીને ઠપકો આપે છે સીધો ચાલ ત્યારે ભરતજી અંતર આત્માથી આત્મબોધ આપતા કહે છે હે રાજન હું તો સીધો ચાલુ છું. પણ તું સીધો ચાલ અને આ પાપી પંડને લાડ લડાવે છે. આમ પિંડ બ્રહ્માંડમાં બંધાયેલું તું મને સીધો ચાલવાનું કહે છે ? ત્યારે રાજાએ પાલખીમાંથી નીચા ઉતરીને ભરતજીને વંદન કરી ક્ષમા માગે છે. અને ભરત રહુગણને ઉપદેશ આપે છે સમય જતાં પછી ભરતજીનો દેહ પડી જાય છે અને પછી શરભંગઋષીના રૂપે જન્મ ધારણ કર્યો.

**● શરભંગમુનિના અવતાર શ્રી નિષ્કુળાનંદ સ્વામી**

એક શરભંગ નામે મુનિ હતા. તેઓ હંમેશા તપ પરાયણ હતા અને નિત્ય હોમ કરતા રહેતા.

તેઓ સૂકાં પાંદડાંનો અને વાયુનો આહાર કરતા હતા. તેમને માયિક ભાવો-પદાર્થોની સ્પૃહા ન હતી. જેઓ સદ્ભાવથી પોતાની પાસે આવતા હતા તેના અજ્ઞાન રૂપ અંધારાને જ્ઞાનોપદેશરૂપી સૂર્યપ્રકાશથી નિવારતા હતા.

વનવાસી શ્રીરામચંદ્રજીની સાથે શરભંગને મેળાપ થયો હતો. રાક્ષસ કુળોનો વિનાશ કરતી વેળાએ શ્રીરામ તેની ઝુંપડીમાં રહ્યા હતા. જ્યારે શ્રીરામ બીજા વનમાં ગયા ત્યારે શરભંગ તેમના વિયોગની આગમાં તપીને તેમનો પુનઃ સમાગમ થાય તેટલા માટે બીજાથી ન થઈ શકે તેવું તેમણે ઘણું જ તપ કર્યું હતું. તે સમયે આકાશવાણી દ્વારા ભગવાને કહ્યું, ‘‘હે તપસ્વિવર્ય ! અત્યારે તમે મને નહિ મળી શકો. અત્યારે હું દેવતાઓની પ્રાર્થનાથી રાક્ષસોના વિનાશરૂપ તેમનું કાર્ય કરવા પ્રકટ થયો છું. પરંતુ સર્વ અવતારોનું કારણ અને સર્વનિયંતા અક્ષરધામના અધિપતિ

પુરુષોત્તમ લોકોનો ઉદ્ધાર કરવા સ્વેચ્છાથી જ્યારે અવતરશે. ત્યારે મારા એકાંતિક ભક્ત આવા તમારે તેમનો યોગ થશે અને તમે જે જે સંકલ્પ કરશો, મનોરથ કરશો તે બધાને તેઓ પૂર્ણ કરશે.''

પરમાત્માએ શરભંગ ઋષિને જ્યારે આમ કહ્યું ત્યારે તેમણે તેમને સામેથી કહ્યું, ''હે પ્રભો ! આ માયિક પંચ વિષયનું મને બંધન ન થાય. વિષય એટલે ''ભોક્તાને ભોગમાં બાંધવો'' માટે તે વિષય મને બંધન કરતા ન થાય આવું વરદાન આપો.''

ત્યારે પરમાત્માએ તેને કહ્યું કે, ''મારા પ્રતાપથી બંધન કરવા રૂપ વિષયનું નામ તમારી આગળ સાર્થક નહિ થાય. સતત મારું ધ્યાન ભજન કરનારા તમને માયિક પંચ વિષય બંધન કરતા નહિ થાય.

આ રીતે ભગવાન શ્રીરામચંદ્રજીએ શરભંગના આશ્રમમાં આવ્યા તે પ્રસંગે કહ્યું હતું. મહાન્ બુદ્ધિશાળી મુનિરાજ શરભંગ જ ફરી વાર શ્રીનિષ્કુળાનંદ સ્વામીના રૂપમાં પ્રકટ્યા હતા. શ્રીરામચંદ્રજી ભગવાનના પ્રતાપથી તથા શ્રીઅક્ષરાધિપતિની કૃપાથી શ્રીનિષ્કુળાનંદ સ્વામી શરભંગ મુનિની જેમ માયાના વિષયની સાંકળથી-બંધનથી છૂટી ગયા.

**● સુથાર જ્ઞાતિનું ગૌરવ શ્રી રામજીભાઈ**

સૌરાષ્ટ્ર પ્રદેશના જામનગર જિલ્લાના લતીપર ગામના વતની રામજીભાઈ સુથાર પૂર્વ જન્મના પૂણ્યવંત મુમુક્ષુ હતા. જન્મજાત શુભ સંસ્કાર, શાંત સ્વભાવ, સદાચારમય જીવન, સંત સમાગમ, સંત સેવામાં સ્નેહ વગેરે શુભ ગુણવાળા રામજીભાઈને બ્રહ્મનિષ્ઠ આત્માનંદ સ્વામીનો સમાગમ થયો. સ્વધર્મપરાયણ યોગિવર્ય આત્માનંદ સ્વામીના જીવનવર્તનના અનુભવથી પ્રભાવિત થયેલા રામજીભાઈએ આત્માનંદ સ્વામીનું શિષ્યત્વ સ્વીકાર્યું. ''ગુરુ એજ પરબ્રહ્મ''આવી ભાવનાથી આત્માનંદ સ્વામીની સેવા, સમાગમ કરનાર રામજીભાઈ આત્માનંદ સ્વામીની આજ્ઞા મુજબ જીવન જીવીને તેઓના કૃપા પાત્ર બન્યા.

**● આત્માનંદ સ્વામીએ વર આપ્યો**

લતીપર ગામના નાગરિકો દ્વારા થતી પ્રતિ કુળતા (કનડગત) ના કારણે આત્માનંદ સ્વામીએ પોતાના શિષ્યોને અન્ય ગામમાં રહેવા

જવાની આજ્ઞા કરી, સ્વામીની આજ્ઞા શિરોમાન્ય રાખીને રામજીભાઈ શેખપાટ ગામે રહેવા ગયા. સદ્ભાવનાપૂર્વક સ્વામીની સેવા કરનાર રામજીભાઈને આશીર્વાદ આપતા આત્માનંદ સ્વામીએ કહ્યું કે, "રામજીભાઈ ! તમારે ત્યાં એક મહાન મુક્તનો જન્મ થશે અને તે ભગવાનની સેવા, સમાગમ કરીને તથા તેના ચરિત્રોનું ગુણગાન કરીને મહાન સંત સ્વરૂપે વિશ્વવંદ્ય બનશે." સ્વામીશ્રીના આશીર્વાદથી રામજીભાઈને ત્યાં સુપુત્રનો જન્મ થયો. રામજીભાઈએ તે પુત્રનું લાલજી નામ રાખ્યું. (તે સાલ હતી. સંવત્ ૧૮૨૨ના મહાસુદ ૫ પાંચમ તથા રામજીભાઈને એક પુત્રી થયા હતા. તેનું નામ રૂડીબાઈ હતું. તેમને ભાદરા ગામે પરણાવ્યા હતા. તેમને ચાર પુત્ર થયા ને બે પુત્રી તે સર્વે મુક્તો હતા. તેમના નામ (૧) વશરામભાઈ, જે કીડીઓનો ઉધ્ધાર કરેલો તે. (૨) માવજીભાઈ (૩) રણછોડભાઈ (૪) નારણભાઈ (૫) હરબાઈ (૬) લાડુબાઈ તેમાં હરબાઈ તે ત્યાગી થઈને ગઢડે મહારાજ પાસે રહ્યા હતા. તેને મહારાજે પરણવાનું પૂછ્યું ત્યારે તે બાઈ બોલ્યાં કે "હું તો તમારી ભક્તિ કરીશ" ત્યારે મહારાજ બહુ રાજી થયા. તે બાઈ પંચાસી વરસના થયા ને સંવત ૧૯૩૫ની સાલમાં ગામ જોડીઆમાં દેહ મેલ્યો હતો. આ છ મુક્તો લાલજી સુથારના ભાણેજ હતા. તેથી તેમને અવાર નવાર ભાદરા જવાનું થતું. તેથી ભાદરાના મુળજી શર્મા (ગુણાતીતાનંદસ્વામી) નો વારંવાર યોગ થતો ને બંને પૂર્વના મુક્ત હતા. તેથી અરસ પરસ સમાગમ પણ કરતાં.

### ● આત્માનંદ સ્વામીએ ભલામણ કરી

એક વખત પોતાના બધા શિષ્યોને આત્માનંદ સ્વામીએ છત્રાસા ગામે એકત્રિત કર્યા અને કહ્યું કે, "મારી સાથે રહેલા આ રામાનંદ સ્વામીએ અષ્ટાંગ યોગનો અભ્યાસ કરીને અષ્ટાંગયોગ સિધ્ધ કરેલ છે. બ્રહ્મનિષ્ઠ યોગીવર્ય આ રામાનંદ સ્વામી સમર્થ મહાપુરુષ છે. તમે બધા મારી પ્રત્યે જે ગુરુ ભાવના રાખીને મારી આજ્ઞા પાળો છો એ જ રીતે આ રામાનંદ સ્વામી પ્રત્યે તમે ગુરુભાવના રાખીને તેની આજ્ઞા પ્રમાણે રહીને તેની સેવા સમાગમ કરીને તેના કૃપાપાત્ર બનજો." આત્માનંદ

સ્વામીની આજ્ઞા મુજબ રામજીભાઈ રામાનંદસ્વામીને ગુરુમાનીને તેમની આજ્ઞા મુજબ રહીને રામાનંદ સ્વામીની સેવા સમાગમ કરીને સ્વામીના કૃપા પાત્ર બનેલા.

**● લાલજી સુથારની સાધુ થવાની ઈચ્છા**

રામજીભાઈના પુત્ર લાલજીભાઈએ પોતાની બાલ્ય અવસ્થામાં આત્માનંદ સ્વામીના દર્શન કરેલા. સંવત ૧૮૪૩માં રામાનંદ સ્વામી શેખપાટ પધારેલ ત્યારે લાલજીભાઈએ રામાનંદ સ્વામીનું શિષ્યત્વ સ્વીકારીને સ્વામીની રહેણી કહેણી ધર્માપદેશ પધ્ધતિ, બ્રહ્મસ્થિતિ, ઐશ્વપ્રતાપ વગેરે સદ્‌ગુણો અને સત્‌ક્રિયાનો પૂર્ણ અનુભવ કરીને લાલજીભાઈએ મનમાં નિશ્ચય કરેલ કે આ રામાનંદ સ્વામી ઈશ્વરનો અવતાર છે. અને સ્વામીશ્રીની સેવા કરવાથી આપણો મોક્ષ જરૂર થાય. એમ નિશ્ચય કરીને લાલજીભાઈએ સ્વામીને પ્રાર્થના કરી કે, “સ્વામી ! મને સાધુ દીક્ષા આપીને તમારી સેવામાં રાખો.” સ્વામીશ્રીએ કહ્યું કે, “લાલજીભાઈ ! તમારો વિચાર શુભ છે પરંતુ અત્યારે તો તમે ઘરે રહીને સત્સંગની સેવા કરો. યોગ્ય સમય આવ્યે હું તમને સાધુ દીક્ષા આપીશ.” સ્વામીશ્રીની આજ્ઞા શિરોમાન્ય ગણીને લાલજીભાઈ ઘેર રહીને સત્સંગની સેવા કરતા. સમય પ્રમાણે રામાનંદ સ્વામીના દર્શને જતા તેમજ સ્વામીશ્રી અને સંતોને પોતાને ઘેર પધરાવી સેવા સમાગમનો લાભ લેતા.

**● લાલજી સુથારના લગ્ન આધોઈ ગામે થયા**

સંસારના વ્યવહાર મુજબ રામજીભાઈએ તેમના દીકરા લાલજીનું સગપણ આધોઈ ગામે કંકુબાઈ સાથે કર્યું હતું. યોગ્ય ઉંમરે તેમના લગ્ન લેવાયા ધામધૂમ પૂર્વક જાન જોડીને આધોઈ જઈ વિધિવત લગ્ન કર્યા ને કંકુબાઈ જાન સાથે સાસરે શેખપાટ આવ્યા. પૂર્વના પુણ્ય વડે સાસરે આવીને પણ સદાચાર, સત્સંગ, નિત્ય નિયમ વગેરે ખૂબજ સારી રીતે પાળતા ને જીવન વ્યતીત કરતા હતા. લાલજી સુથાર અને કંકુબાઈના સંસ્કારોને લઈને ભગવાને તેમને ઘેર બે સંસ્કારી મુક્તોને જન્મ આપ્યો. તેમાં મોટા પુત્રનું નામ માધવજી તથા નાના પુત્રનું નામ કાનજી હતું.

## ● પૂર્વના ચાર મુક્તોનું નવાનગર (જામનગર)માં મિલન

ખાણ ગામમાં જેમનું પ્રાગટ્ય થયું છે એવા શ્રી લાડુદાનજી કચ્છભૂજમાં પીંગળ શાસ્ત્રનો અભ્યાસ પૂર્ણ કરી ત્યાંથી વિદાય લઈ બે વર્ષ ધમડકામાં રહીને ત્યાંથી માળિયા, ધ્રાંગધ્રા, જૂનાગઢ, દ્વારિકા થઈ જામનગરમાં કંઈ દાન ધર્માદો કરવાની પોતાની ઈચ્છા થતા, ત્યાંના "અણદા બાવાના અન્નક્ષેત્રમાં" (અણદાબાવાના ચકલામાં) ભિક્ષુકોનો ભંડારો કરાવ્યો (અન્નદાન આપ્યું) એ અણદા બાવાના અન્નક્ષેત્રમાં શેખપાટ ગામે રહેતા પરમ ભક્તરાજ લાલજી સુથાર દર વર્ષે એક ગાડું દાણાનું ભરી ત્યાં ધર્માદો આપવા આવતા, તેથી તેઓ પણ ત્યાં તે દિવસે આવેલા હોઈને મહાકવિશ્રીની પીછાન થતા તેઓ બહુજ સ્નેહથી આવી મળ્યા. ભવિષ્યના જીવન સંગાથી સદ્‌ગુરુશ્રી નિષ્કુળાનંદ મુનિનો પ્રથમ મિલાપ આવી રીતે જામનગરમાં થતાં મુક્તે મુક્ત હૃદય પારખ્યાં, બીજે દિવસે લાલજીભક્તના કહેવાથી જામનગરની નજીક આવેલા મોડા ગામના બે ક્ષત્રિય પુત્રો કવિશ્રીના દર્શન માટે ઉતારે આવીને મળ્યા, ચારણ રાજપૂતોના અનાદિકાળના સંબંધના આકર્ષણે એ બન્ને ક્ષત્રીય પુત્રો મહાકવિશ્રી ને મળી સંતોષ પામીને બન્નેએ મુક્ત હૃદયો પીછાની ભવિષ્યના જીવન સંગાથી અનાયાસે જામનગરમાં પ્રથમ મળ્યા, એ બન્ને શ્રત્રિય પુત્રો મામા ભાણેજ હતા. તેમાંના મોડાના રહીશ જાડેજા રણમલજી તે જ સદ્‌ગુરુ 'અક્ષરાનંદ સ્વામી' (વડતાલ મંદિરના પ્રથમ મહંત) થયા અને બીજા વાઘેલા શ્રી મોટાભાઈ નામે રણમલજીના ભાણેજ તે સદ્‌ગુરુશ્રી 'સચ્ચિદાનંદ સ્વામી' થયા આવી રીતે એ ચારે મહાન મુક્તો જામનગરમાં મળીને આનંદને પામ્યા. આમ જામનગરમાં અનાયાસે સદ્. શ્રી બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, અક્ષરાનંદ સ્વામી અને સચ્ચિદાનંદ સ્વામીનું મિલન થતા પૂર્વના ચારેય મુક્તોના અંતરમાં આનંદ છવાઈ ગયો.

## ● લાલજી સુથાર ભૂજ રામાનંદ સ્વામીના દર્શને ગયા

શ્રી નીલકંઠવર્ણી વનવિચરણ કરતા કરતા લોયેજ (લોજ) ગામ આવ્યા ને રામાનંદ સ્વામીના આશ્રમમાં રહીને અનેકવિધ ઐશ્વર્ય

ચમત્કાર બતાવ્યા. તે જોઈને મુમુક્ષુ લોકો નીલકંઠવર્ણીને આદર ભાવથી માનવા પૂજવા લાગ્યા. આ બધી માહિતી મયારામ ભટ્ટે લાલજીભાઈને આપીને વિશેષમાં કહ્યું કે, “આ નીલકંઠવર્ણીના દર્શન કરવા જવું એમ રામાનંદ સ્વામીએ કહેવડાવેલ છે.” તે સાંભળીને લાલજીભાઈએ વિચાર્યું કે, “ગુરુ કરતા શિષ્ય પ્રત્યે વધારે પૂજય ભાવ દર્શાવવો એ તો ગુરુના અનાદર સમાન છે. માટે આ બાબતમાં મારે રામાનંદ સ્વામીને જાણ કરવી જોઈએ.” આમ વિચારીને લાલજીભાઈ રામાનંદ સ્વામીને મળવા શેખપાટથી ભૂજ ગયા. ત્યાં આવીને સ્વામીના દર્શન કર્યા. સ્વામીશ્રીએ તેને આદરથી બોલાવીને પાસે બેસાર્યા. ત્યાર બાદ કુશળ સમાચાર પૂછીને કહ્યું કે, “લાલજીભાઈ ! નીકલંઠવર્ણીના દર્શન કરવા તમે લોયેજ ગયા નહીં? ભટ્ટજીએ તમને સમાચાર નથી આપ્યા ? ત્યારે લાલજીભાઈએ કહ્યું કે, “સ્વામી ! ભટ્ટજીએ તો સમાચાર આપેલા પરંતુ આપના દર્શન માત્રથી જ સર્વ અવતારો તથા અનેક ૠષિમુનિઓ અને સંતોના દર્શનનું ફળ મળે છે ને વળી, આપનાથી મહાન કોણ છે ? માટે હું તો આપના દર્શન કરવા અહીં આવ્યો છું.” વળી નીલકંઠવર્ણી આજ કાલના આવેલા છે. માટે હું ત્યાં ન ગયો. અને આપના દર્શન કરવા આવ્યો છું.

ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું કે, “તે તો બહુ મોટા છે. !” ત્યારે લાલજીભાઈ કહે, “રામદાસ જેવા ?” સ્વામી કહે તે તો તેમની પાસે કાંઈ નહિ, ત્યારે લાલજીભાઈ કહે, “રઘુનાથદાસ જેવા ?” ત્યારે સ્વામી કહે તે તો તેમની પાસે કાંઈ નહિ. ત્યારે લાલજીભાઈ કહે, “મુક્તાનંદ સ્વામી જેવા ?” રામાનંદ સ્વામી કહે તેતો તેમની આગળ કાંઈ નહિ, ત્યારે લાલજીભાઈ કહે, “ગુરુ તમારા જેવા ?” સ્વામી કહે, “મારા જેવા તો તેમની આગળ કાંઈ નહીં.” ત્યારે લાલજીભાઈ કહે, “રામકૃષ્ણાદિ જેવા ?”ત્યારે સ્વામી કહે તે પણ આમની આગળ કાંઈ નહિ. પણ લાલજીભાઈ ! આ વાત અત્યારે તમને નહી સમજાય. સમય આવ્યે જરૂર મનાશે (આ વાત સંવત્ ૧૮૫૬ની સાલમાં કરેલી છે ને તે વાત લાલજીભાઈ (નિષ્કુળાનંદસ્વામી) ને સંવત્ ૧૮૭૮ની સાલના અન્નકૂટ

ઉત્સવ પર કારિયાણીમાં જ્યારે ગોપાળાનંદ સ્વામી વડોદરાથી પધાર્યા ને શ્રીહરિ સામા ગયા ને અક્ષરઓરડીમાં જે એકાંતે વાત થઈ તે નિષ્કુળાનંદે સ્વામીએ બારણા ઓથે રહીને સાંભળી ત્યારે બોલ્યા કે આજ વાત સમજાણી.

**● લાલજી ભક્તને જીવાડ્યા**

સંવત્ ૧૮૬૨ની સાલમાં શ્રીહરિ, સંતો-પાર્ષદો સાથે મોડાથી ચાલ્યા તે અલૈયા થઈ શેખપાટ ગામ આવ્યા. ત્યાં પંદર દિવસ રોકાયા. ત્યાં લાલજી સુથાર નામે એક સારા હરિભક્ત રહેતા હતા. શ્રીહરિ ત્યાં આવ્યા તે પહેલા લાલજી ભક્ત લાકડું લઈને તેને ઘડવાનું કામ કરતા હતા. કામ કરતાં કરતાં તેમને માથામાં કુહાડો વાગ્યો. બેભાન થઈ ગયા અને પ્રાણ ચાલ્યા ગયા. લાલજી ભક્તની માતા ઘણા ઉત્તમ હરિભક્ત હતા. તેને આ એક જ પુત્ર હતા. જ્યારે પુત્રનું નિષ્પ્રાણ શરીર દેખ્યું ત્યારે તે માતાએ ઘણા જ પ્રેમથી શ્રીહરિને સંભાર્યા.

સંભારતાની સાથે જ તત્કાળ શ્રીહરિ પધાર્યા. ભક્ત વત્સલ અને પરમ દયાળુ શ્રીહરિએ લાલજી ભક્તને જોયા. ત્યારે પોતે અત્યંત ઉદાસ થઈ ગયા. તે ગામના બધા મોટા મોટા માણસો લાલજી ભક્તની ખબર કાઢવા આવ્યા. સહુએ બંને હાથ જોડીને શ્રીહરિને કહ્યું, મહારાજ, આપ આજ આ લાલજીને જીવાડો, આ બ્રહ્માંડમાં જેટલા જીવ કહેવાય છે. તે બધાની જીવનદોરી આપના હાથમાં છે. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું. અમે કોઈને મારનારા નથી. મરેલાને જિવાડવાનું અમને આવડતું નથી. અને ગુરુ રામાનંદ સ્વામી હતા. તેઓએ પણ આવા માનવ દેહનો ત્યાગ કરી દીધો હતો. મરેલાને જિવાડવાનું જો અમને આવડતું હોય તો પહેલા અમે અમારા ગુરુને જિવાડીએને ! જેને જિવાડયા પછી તે ક્યારેય ફરીને મરે નહિ, તેને જ અમે ખરેખર જિવાડયા માનીએ છીએ.

મરેલાને ફરીવાર જીવતા કરવું , તેને પણ અમે મરેલા જ માનીએ છીએ. આ ભૌતિક શરીરનું મરણ થવું. તે તેનો સ્વાભાવિક ગુણધર્મ છે. શરીરનું મરવું તે કાંઈ અતિ આશ્ચર્ય ઘટના નથી. જેમ શરીર મરે છે. તેમ ફરીને અનંત ઉત્પન્ન પણ થાય છે. જીવ ક્યારેય મરતો નથી.

સમજણની વાત જુદી જ છે. માયિક લોકો તેને જાણી શક્તા નથી. આટલું કહીને શ્રીહરિ ફરીવાર બોલ્યા, આ લાલજી ભક્ત મર્યા નથી. તેને ઘણી ભારે મૂર્છા આવી ગઈ છે. તેમાં કાંઈ ડરવાનું નથી. જેના શરીરનું જેટલું આયુષ્ય હોય, જે જ્યારે પૂરું થાય ત્યારે તે શરીરનો ત્યાગ કરે છે. તે વેળાએ આવું કહીને સર્વ જગતના દૃષ્ટા શ્રીહરિએ લાલજી ભક્તને માથે પાટો બાંધ્યો અને તેનો જીવ જ્યાં ચાલ્યો ગયો હતો ત્યાંથી તેને બોલાવ્યો. ભક્ત પતિએ તેની માતાની પાસે તે વખતે શીરો બનાવડાવ્યો અને તેને હાથે ખવડાવ્યો ત્યારે બધા લોકોને આશ્ચર્ય થયું. તેમને કુહાડાનો ઘા ઘણો ભારે વાગ્યો હતો. માથું ચિરાઈ ગયું હતું. તેને સારું થવામાં ઘણો સમય લાગે તેમ હતું. પણ તે પાટો શ્રીહરિએ બાંધ્યો હતો તેથી થોડા જ દિવસોમાં લાલજી ભક્ત સારા સાજા થઈ ગયા. છ મહિને પણ સારું ન થાય એવો 'ઘા' તેમને લાગ્યો હતો. તે પંદર દિવસમાં જ શ્રીહરિએ રુઝાવીને દીધો. પછી તેમને ગરમ પાણીથી નવડાવ્યા. તે પછી દયાળુ ચાલ્યા તે ભાદરા ગામ આવ્યા.

● **શ્રીહરિના ભોમિયા લાલજી સુથાર થયા ને દીક્ષા આપી**

સંવત્ ૧૮૬૩ની સાલમાં શ્રીહરિ બીજીવાર શેખપાટમાં પધાર્યા ત્યારે મહારાજ અઠાર દિવસ રોકાયા હતા. અને રાત્રિ દિવસ અખંડ સત્સંગ કર્યો હતો તેમાં લાલજી સુથારને ડોલુ આવ્યું એટલે કથા વાર્તા બંધ કરી.

શ્રીહરિ શેખપાટમાં વસંત પંચમીનો ઉત્સવ કરીને પછી લાલજી ભક્તને કહ્યું જે, અમારે કચ્છમાં જવું છે માટે તમારા જેવો ભોમિયો અમારી સાથે મોકલો. પછી લાલજી ભક્ત જવા તૈયાર થયા. અને મહારાજ માટે ભાતું તૈયાર કરાવ્યું અને પાણીની બતક પીવા ભરી લીધી તથા થોડીક કોરિયું જોડામાં ઘાલીને સાથે લીધી. એવી રીતે ભોમિયા થઈને મહારાજની સાથે ચાલ્યા. પછી એક ગાઉ ગયા ત્યારે કોઈએ ખાવાનું માગ્યું પછી મહારાજે બધું ભાતું તે ગરીબને અપાવી દીધું. પછી આગળ ચાલતા રસ્તામાં ચોર મળ્યા. તેમણે લાલજી ભક્તનાં લૂગડા તપાસ્યાં પણ કાંઈ મળ્યું નહિં તેથી મેલીને ચોર ચાલ્યા. પછી મહારાજે

ચોરોને પાછા બોલાવ્યા અને કહ્યું કે, તમને ચોરી કરતા પણ આવડતું નથી. કારણ કે આની પાસે કોરી (તે સમયનું નાણું) તો પગરખામાં ઘાલી છે. પછી ચોરોએ પગરખા કઢાવીને કોરી લઈ લીધી ને ચાલ્યા ગયા. પછી લાલજી ભક્ત મહારાજને જોઈને હસ્યા અને બોલ્યા જે હવે શું ખાઈશું ? ભાતું અપાવી દીધું તથા કોરી ચોરને આપી દીધી. ત્યારે મહારાજ બોલ્યા જે એ તો તમારે માથે વિઘ્ન આવનાર હતું તે અમે મટાડ્યું. અને આગળ જતા એક મહાપુરુષ મળ્યા તે અંતરિક્ષમાં જતા હતા. તેમણે મહારાજ પાસે પાણી માગ્યું. તે બતકમાં હતું તે આપી દીધું. પછી લાલજી સુતાર કહે હવે તરસે મારા પ્રાણ જાય છે. પાણી હતું તે તમે આપી દીધું. પછી મહારાજે કહ્યું ધીરજ રાખો અને આ સમુદ્રમાં પણ મીઠી સેર આવતી હોય છે. પછી મહારાજના કહેવાથી પાણી પીધુ તે બહું મીઠું હતું ને બતક પણ ભરી લીધી. ફરી લાલજી ભક્તે પાણી ચાખ્યું તો ખૂબ જ ખારુ હતું. ત્યાંથી આધોઈ ગામે આવ્યા. અને કહ્યું કે આપણે માટે તમે ગામમાં જઈને ભીક્ષા માગી આવો. ત્યારે લાલજીભક્ત બોલ્યા કે, “આ આધોઈ ગામ મારું સાસરું છે. મને અહીં ઘણા ઓળખે છે.” ત્યારે મહારાજ કહે; આવો “તમને ઓળખે નહીં તેવા કરું.” પછી મહારાજે કાતર વડે મૂછો કાતરી નાખીને માથે બાંધવાનું ધોતિયું ફાડીને લંગોટી વળાવી. અને ચાદર ફાડીને અલફી બનાવીને ગળામાં નાખી અને બોલ્યા જે આજથી તમારું નિષ્કુળાનંદ નામ પાડ્યું. પછી જોળી લઈને માગવા ગયા. તે તેમના સાસરાના ઘેર ગયા ને ભીક્ષા માગી. ત્યાં કંકુબાઈ તે વખતે પીયર પોતાના બે પુત્રો સાથે આધોઈ આવેલા ને તે ઘરમાંથી લોટ લઈને બહાર આવ્યા ને જોયું તો પોતાના પતિ ને ભીક્ષા માગતા જોયા ને બોલ્યા જે બા અહીં આવો, અહીં આવો, જુઓ આ તમારા જમાઈ બાવા બની ગયા છે. આવુ કરવુ હતું તો લગ્ન શા માટે કર્યા ? લાલજી ભક્તે કંકુબાઈને કહ્યું એ બધું પછી ! મારા ગુરુ ગામ બહાર ભૂખ્યા છે તો બે રોટલા કરી દ્યો. પછી કંકુબાઈએ બે રોટલા-અથાણુ-ગોળ વગેરે આપ્યું તે લઈને મહારાજ ને લાલજી ભક્ત જમ્યા.

પછી મહારાજે વાત કરી જે રામાનંદસ્વામી આવે તો તમો ઓળખો. ત્યારે સ્વામી કહે હા. પછી મહારાજ કહે તમો એ પાણી પાયું તે કોણ હતું ? ત્યારે સ્વામી બોલ્યા જે તેને ઓળખ્યા નહીં. ત્યારે મહારાજ કહે તે જ રામાનંદ સ્વામી હતા. અને તમને તરસ લાગી ત્યારે અમે પાણી મીઠું કર્યું. પછી મહારાજના પગમાંથી કાંટા કાઢ્યા અને ચરણમાં સોળ ચિહ્નો જોયાં.

મહારાજે નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું જે તમારે કાંઈ વાસના રહી છે ! અને તમને રામાનંદ સ્વામીએ કહ્યું હતું જે જ્યારે તમને સાધુ કરવા હશે ત્યારે અમો બોલાવી લઈશું. તે આજ છે. પછી ત્યાંથી ચાલ્યા તે એક ગામ આવ્યું. ગામના પાદરે છોકરા રમતા હતા. મહારાજે સ્વામીને કહ્યું કે આમાંથી બેને ઉપદેશ કરીને સાધુ કરો. એટલે એ તમારા છોકરા. ત્યાંથી મહારાજ ગામમાં હરિભક્તના ઘેર ગયા. ને મહારાજ જમ્યા. હરિભક્ત પૂછવા લાગ્યા જે તમારી સાથે કોણ છે. પછી મહારાજ બોલ્યા જે એક નવા સાધુ છે. ને એનું નામ નિષ્કુળાનંદ સ્વામી છે. અને કવિ છે. અમારે ભૂજ જાવું છે. તેથી તે સાધુને તમારા ઘેર મૂકી જઈશું અને તમો તેમની બરદાસ રાખજો.

પછી મહારાજે નિષ્કુળાનંદસ્વામીને યમદંડ કરવાની આજ્ઞા કરી. ત્યારે નિષ્કુળાનંદ સ્વામી કહે : મહારાજ હું ભણ્યો નથી ! મહારાજ કહે : તમે લખશો ઈ ગ્રંથ થશે ને બોલશો ઈ કાવ્ય થશે. એમ આશીર્વાદ આપીને ત્યાંથી મહારાજ ચાલ્યા તે કંથકોટ થઈ ભૂજ નગર પધાર્યા.

સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદસ્વામીએ આધોઈમાં રહીને શ્રીહરિની કૃપાથી યમદંડ ગ્રંથની રચના કરીને તેમને તેમના સગા ઘરે લાવ્યા પછી મહારાજ સ્વામીને સં. ૧૮૬૩માં લેવા આવ્યા હતા. ત્યારે ૧૮ દિવસ-રાત્રિ સત્સંગ ગાડાના પૈડા ઉપર બેસીને સ્વામીના જન્મ સ્થાનમાં સિંહાસન છે ત્યાં જ કરાવ્યો. આ પ્રસાદીના ગાડાનું પૈડુ હાલ છે. અને સ્વામીની બનાવેલી પથ્થરની તિજોરી પણ છે. આમ મહારાજ ભૂજ આવતા જતા ઘણી વખત શેખપાટ પધારેલા છે.

## ● બાપ-દીકરો બંને સાધુ થયા

સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ આધોઈમાં રહીને શ્રીહરિની કૃપાથી યમદંડ ગ્રંથની રચના કરી. ને તેમને તેમના સગા ઘરે પાછા શેખપાટ લાવ્યા.

શ્રીજીમહારાજ ભૂજથી ફરતા ફરતા ગઢડે પધાર્યા ને ત્યાં વાસુદેવ નારાયણને ઓરડે ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા ને સર્વે સંત હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી તે સમે નિષ્કુળાનંદ સ્વામી આવ્યા ને દંડવત્ કરીને પગે લાગ્યા ને તેનો દીકરો માધવજી પણ પગે લાગ્યો. પછી શ્રીજીમહારાજે પૂછ્યું "તમે શી રીતે ઉપાધિ ટાળીને આવ્યા તે વાત કરો." ત્યારે નિષ્કુળાનંદ સ્વામી વાત કરવા લાગ્યા કે, "હું તમારી પાસેથી નીકળીને શેખપાટ ગયો ને ઘરે ન જતા ચોરામાં ઉતર્યો. તે વખતે ગામના ગરાસિયા ઓળખીતા હતા તે આવીને બેઠા ને કહેવા લાગ્યા કે, "શું તમે આ ભગવા લુગડાં પહેરીને સાધુ થઈ ગયા ? શું આ તમારા લાકડાં તથા ઘડવાનાં હથિયાર તથા સગાં વહાલાને મેલી દીધા ? તે સાંભળીને મેં તેને એક કીર્તન કરીને સંભળાવ્યું કે મને સ્વપ્ને ન ગમે રે સંસાર કો'ને કેમ કીજીએ તથા બીજુ એક કીર્તન કરીને સંભળાવ્યું કે,

**મેં હુ આદિ અનાદિ આ તો સરવે ઉપાધિ**
**સદ્ગુરુ મીલીઆ અનાદિ મીટ ગઈ સરવે ઉપાધિ**
**કહાં કાષ્ટ ને કહાં કુહાડા કહાં હે ઘડનન હારાઃ**
**જબ સે મોહે સદ્ગુરુ મીલીઆ, મીટ ગયા સર્વે ચાળા મેં હુ આદિ....**
**કોણ કુળ ને કોણ કુટુંબી કોણ માત ને તાત.**
**કોણ ભાઈ ને કોણ ભગિની, બ્રહ્મ હમારી જાત મેં હુ આદિ....**
**તથા ત્રીજુ કીર્તન પણ શૂરવીરપણાનું કહ્યું;**
**જે નહિ ગામનો નહિ સંગ્રામનો શીદ તજ્યો ઘરબારજી**
**ક્યા ઘર કારણ જાઈએ વચમાં ન ખાઈએ મારજી**
**લાજ વામીએ ને ભોજન પામીએ લોક કરે ઉપહાસજી**
**વેષ શૂરાનો લઈ પછી રણ પહોંચ્યો તે જઈજી**
**દેખી તેને પાછા લીયે દાંતે તરણજી**

**ધીક ધીક એવા જનને ખોઈ લાજ કાજ ન કર્યું જી**
**ઢોલ દદામાં વાગીયા શરણાઈ ને તુરજી**
**તે દેખી કાયર લાગ્યા કંપવા, પછી કરે કેસરીયા શું રહીજી**
**શૂરાપણ પ્રથમ ઘટે, ભજે જઈ અવિનાશજી**
**સંસાર વિકાર મનથી પરહરે, તજી આ તનની આશજી**
**પાછો ઘેર આવે જીવતો, કાગ શ્વાન માંસ ન ખાયજી**

એમ ત્રણ કીર્તન કરીને સંભળાવ્યાં ત્યાં તો તે ગરાસીયાઓના રુંવાડા ઉભા થઈ ગયા ને બોલ્યા કે, ‘‘આનો ખરો વૈરાગ્ય છે.’’ પછી તેમાંથી એક જણો મારે ઘેર જઈને નાના છોકરાને નવા લૂગડા ઘરેણાં પહેરાવીને લાવ્યો ને મારી આગળ બેસાર્યો ને બોલવા લાગ્યો કે લ્યો આને રમાડો. ત્યારે મેં કહ્યું કે, ભેંસ પાડુ દેખીને પ્રાસવો (પાહરો) મેલે પણ હું તો સંસારની કોર પાડો થયો છું ને લાખો યોનીમાં ઘણી વાર છોકરા થયાં હશે ને રમાડ્યા હશે. તે સાંભળીને તે છોકરાને ઘેર જઈને તેણે સોંપ્યો. ત્યારે ઘરના માણસે (કંકુબાઈ) કહેવરાવ્યું કે ઘરમાં કાંઈ રોકડું નાણું તથા ઘરેણું હોય તે બતાવે. ત્યારે મેં તે ગરાસીયાની સાથે કહી મોકલ્યું કે બે દીકરા છે તેમાંથી જો મોટાને મારા ભેગો આવવા દીયે તો બતાવું ! ત્યારે તે ગરાસીયાએ તે પ્રમાણે ત્યાં જઈને વાત કરી ત્યારે તેણે કહ્યું કે ભલે મોટા દીકરાને સાથે લઈ જાય પછી મેં કહ્યું મેલ્યું કે પટારા હેઠે પાંચ હજાર કોરી ડાબલામાં છે ને ઘરના આથમણા કરાને ખુણે એક હજાર કોરીના દોકડા છે એમ આ મોટા દીકરા રામને સાથે લઈને ચાલ્યો ત્યારે ગરાસીયા વગેરે માણસો બોલવા લાગ્યા જે તમે ખરા વૈરાગ્યવાળા આમ કોઈથી ઘર તજાય નહિ. પછી હું ત્યાંથી આંહી આવ્યો એ પ્રમાણે નિષ્કુળાનંદસ્વામીએ વાત કરી તે સાંભળીને શ્રીજીમહારાજ બહુ રાજી થયા.

### ● સિંહના તો સિંહ જ હોય !

નિષ્કુળાનંદ સ્વામીના દીકરા ગોવિંદસ્વામી ત્યાગી થવા સારુ ગઢપુર આવ્યા હતા ત્યારે મહારાજે કહ્યું જે જાઓ આને રોટલા જમાડો. પછી દરબારમાં આવ્યા અને મોટીબાએ ત્રણ રોટલા જુવારના મૂકેલા તે થાળી લઈ

માધવ ભક્ત (ગોવિંદસ્વામી) પાસે મૂકી તે ઉપરથી જુવારનો રોટલો જમી ગયા. પણ નીચેના બે રોટલાને તે અડ્યા નહીં. પછી શ્રીજીમહારાજ જ્યારે થાળ જમવા ગયા ત્યારે મોટીબાએ કહ્યું જે મહારાજ આજ ભગત આવ્યા છે તેની આગળ ત્રણ રોટલા મૂક્યા હતા તે જુવારનો રોટલો જમી ગયા. પણ ઘઉંના ને બાજરાના રોટલાને જમ્યા નહીં. પછી મહારાજ કહેઃ “સિંહના તો સિંહ જ હોય ને ?” એમ મહારાજે પ્રશંસા કરી.

**● ગોપાળાનંદ સ્વામીએ ગોવિંદ સ્વામીની પ્રશંસા કરી**

પછી નિષ્કુળાનંદ સ્વામીના કહેવાથી મહારાજે રામ ભગત ને દીક્ષા આપીને ગોવિંદાનંદ નામ પાડ્યું. ને ગોપાળાનંદ સ્વામીને ગુરુ કર્યા. ગોવિંદ સ્વામીનો સ્વભાવ બહુ જ ગરીબ અને સાધુતાવાળો હતો અને એક વખત ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે ગોવિંદાનંદસ્વામી તમારી સાધુતા મને આપો ! કેમ કે તમારામાં સાધુતાના બધાય ગુણ રહેલા છે ! એમ ગોપાળાનંદ સ્વામીએ પણ ગોવિંદસ્વામીની પ્રશંસા કરી હતી.

**● સદ્.શ્રી નિષ્કુળાનંદ સ્વામીના નિઃસ્વાદી વ્રતમાન**

એક વખત સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામી સવારમાં ગામ બોટાદને પાદર નીસર્યા તે વખતે શિવલાલ વગેરે હરિજનો બહાર કૂવે નહાવા આવ્યા હતા. તેમણે સ્વામીને છેટેથી ભાળ્યા અને ત્યાં જઈને ખેંચતાણ કરીને ગામમાં લાવ્યા અને શેઠે બીરંજની રસોઈ કરાવી પછી ઠાકોરજીને જમાડીને સ્વામી જમવા બેઠા અને શેઠ વગેરે સૌ સ્વામીના દર્શન કરવા પાસે ઉભા હતા પછી સ્વામી બોલ્યા. જે જમ્ય નિષ્કુળાનંદ જમ્ય ! એમ વારંવાર બોલે ને કહે જે તું મોટાનો મહોબતી છું તે મહોબત નહીં મેલી શકે ! પણ એક ગ્રાસ પોતાના મોઢામાં મેલ્યો નહીં. પછી ભગા શેઠે હાથ જોડ્યા. જે સ્વામી તમો રાજી હો તે જમો પછી પોતાના સારુ જુવારનો રોટલો કરાવ્યો હતો તે જમ્યા પણ બીરંજ ઉપર હાથ મૂક્યો નહીં એવા ત્યાગી ને વૈરાગ્યવાન હતા.

**● બરફીના પડિયા જોઈ સ્વામી વડોદરા છોડવા તૈયાર થયા**

એક સમયે ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદસ્વામી, શુકમુનિ અને નિષ્કુળાનંદ સ્વામી વગેરે ભેગા હતા. નિષ્કુળાનંદ સ્વામી ઉપવાસી

હતા એટલે સૌ સદ્‌ગુરુઓએ સ્વામી માટે એકએક પડિયો બરફીનો એમને આસને મોકલ્યો. પોતાના આસને પાંચ તોપના ગોળા જેવા બરફીના પડિયા જોઈ વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી સાબદા થઈ વડોદરા છોડવાની તૈયારી રૂપે સભામાં આવી દંડવત્ કરવા લાગ્યા. સ્વામીની વડોદરા છોડવાની તૈયારી જોઈ ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે "આમ કેમ છે ?" તો નિષ્કુળાનંદ સ્વામી કહેઃ "હું રજા લઉં છું." એમ કહી સ્વામીએ સૌને વાત કરી જે એક ગામમાં એક ડોશી રહેતી હતી અને એક રાજાનો કુંવર હતો તે કુંવરને ડોશીની સાથે બાળપણાથી સ્નેહ હતો. ને તે કુંવર ડોશીને નિત્ય કહેતો જે ડોશીમાં મારા જેવું કાંઈ કામકાજ હોય તો કહેજો. ત્યારે ડોશી કહે ઠીક દીકરા કોઈક વખત વાત. એવા સમયમાં તે ડોશી પાણીનું બેડુ ભરવા ગઈ હતી તે વખતે ડોશીના ઘરનું બારણું ઉઘાડું પડ્યું રહેલું તે વખતે એક કૂતરી તેના છાપરામાં (કૂબામાં) પેસી ગઈ અને ઘંટીનું થાળું ચાટતી હતી અને ડોશી પાણી ભરીને આવી તે વખતે ડોશીએ બેડુ હેઠું મેલીને કુતરીને હડ હડ કર્યું પણ તોય કુતરી હુંકારા કરીને સામી થઈ ત્યારે ડોશીએ કહ્યું જે ઉભી રહે હમણા રાજાના કુંવરને બોલાવું છું પછી તારી વાત. ડોશી એકદમ ઉતાવળી ઉતાવળી રાજાના કુંવર પાસે જઈને ઉભી રહી ત્યારે રાજાના કુંવરે પૂછયું જે ડોશીમા કેમ આવ્યા ? ત્યારે ડોશી કહે મારા કુબામાં કુતરી પેસી ગઈ છે તે નીકળતી નથી. તરત કુંવરે તે સાંભળીને હુકમ કર્યો જે જાઓ તોપુ માંડો અને કુબાને ઉડાવી દ્યો. પછી તોપવાળા માણસે આવીને તોપ માંડી તે કુતરી સહિત કુબાને ઉડાવી દીધો. તેમ નિષ્કુળાનંદ સ્વામી કહે તમે સૌ રાજાના કુંવરના ઠેકાણે છો અને પેલી ડોશીને ઠેકાણે હું છું અને મારે ભૂખરૂપી કુતરી પેટમાં પેઠી છે માટે એક તોપે ડોશીનો કુબો ઉડી ગયો. તેમ મારા કુબા ઉપર પાંચ તોપો માંડીયું છે તે મારો કુબો રહેશે ખરો ? ઉડી જાશે ? એ વાત કહી ત્યારે સમજીને હસીને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે,; "જાઓ, તમારી મેળે રોટલા કરો અને સુખેથી જમો અને નિશ્ચિંત રહો." ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ કેડ્ય છોડી.

**● પૂ. સ્વામી દશ-બાર રોટલા કરીને સુકવી નાખતા**

શ્રીજીમહારાજની આજ્ઞાથી ધોલેરા મંદિરના બાંધકામની સેવામાં હતા અને ધમધોકાર કામ ચાલતું હતું. તે વખતે સ્વામી કડિયાકામ ચણતરની મોટી સેવા કરતા હતા. ને જાતે રોટલા કરતા હતા. ને તેમને એક સેવક હતો તેને ભણવાની ઈચ્છા હોવાથી રસોઈ કરતો ન હતો. તેથી સ્વામીને જાતે કરવું પડે. ને કામ ખોટી થાય તે સ્વામીને ગમતું નહિ. તેથી સ્વામી પોતે એક સાથે દસબાર રોટલા કરીને તેમાં કાણા પાડીને દોરીમાં રાખીને ટીંગાડતા હતા. પછી તે સૂકાયેલા રોટલાને જમવાના ટાઈમે પાણીમાં પલાળીને મહારાજને ધરાવીને જમી લેતા. આવુ તેમનું નિઃસ્વાદીપણું હતું.

**● પૂ. સ્વામીએ દ્રાક્ષના દાણા ફળીયામાં ફેંકી દીધા**

સ્વામીને ધોલેરાના મહંત કર્યા હતા ત્યાં એક દિવસ પોતે સવારમાં પૂજા કરવા બેઠા હતા તે વખતે પોતાની પૂજામાં લીલવા દ્રાક્ષના પાંચ દાણા ઠાકોરજીને ધર્યા હતા. તે પ્રસાદી મુખમાં મેલી. તે વખતે ત્યાંના ડોસા ન્યાલ શેઠ કરીને બેઠા હતા તેમણે જાણ્યું જે સ્વામી દ્રાક્ષ જમે છે. પછી તેમણે પોતાના દીકરા મૂળજીભાઈને કહ્યું જે, લીલવા દ્રાક્ષનો એક સારો પડો લઈ આવ્ય તે સ્વામીની પૂજામાં ધરવા આપીએ. મૂળજીભાઈએ દ્રાક્ષનો પડો લાવીને સ્વામી પાસે મેલ્યો. ત્યારે સ્વામી બોલ્યા જે “મૂળજી શું લાવ્યો?” મૂળજી કહે સ્વામી પૂજામાં ધરાવવા માટે મારા બાપુજીએ દ્રાક્ષ મોકલી છે. ! ત્યારે સ્વામી બોલ્યા ! જે મોરારચરણદાસ લાવ્ય મારી પૂજાની ઝોળી લાવ્ય. ઝોળી મગાવીને તેમાંથી ડાબલી કાઢી અને પાંચ દાણા દ્રાક્ષના હતા તે ઘા કરીને ફળિયામાં નાખી દીધા. સ્વામી કહે “તે મને મોઢામાં દ્રાક્ષ નાખતા ભાળ્યો ત્યારે તું લાવ્યો ના ?” એવું સાંભળીને દ્રાક્ષનો પડો પાછો ઉપાડી લીધો.

**● સ્વામી કહે આજ વાત સમજાણી !**

કોઈક સમયે મહારાજે ગામ કારિયાણીમાં સમૈયો કર્યો, તેમાં સર્વે સાધુ હરિભક્તો આવ્યા. વડોદરાથી ગોપાળાનંદ સ્વામી આવે છે. એમ ખબર સાંભળી શ્રીજીમહારાજ ઘણા રાજી થયા અને એમ બોલ્યા જે, “હજુ

કેમ આવ્યા નહિ?'' તે સાંભળીને નિષ્કુળાનંદ સ્વામીના મનમાં એમ થયું જે મહારાજને ગોપાળાનંદ સ્વામી ઉપર અતિશે હેત છે. પછી તે ગોપાળાનંદ સ્વામી આવ્યા ને તેમને મહારાજ મળ્યા અને એમ કહ્યું જે, ''ગોપાળાનંદ સ્વામીને બોલાવી લાવો.'' ત્યારે સોમલો ખાચર ગોપાળાનંદ સ્વામીને બોલાવી લાવ્યો. ત્યારે મહારાજ ઉગમણા બારના ઓરડામાં (હાલની અક્ષરઓરડી કારિયાણી) પધાર્યા અને પોતાની સાથે ગોપાળાનંદ સ્વામીને લઈ ગયા. તે વખતે નિષ્કુળાનંદ સ્વામી મહારાજને સ્નાન કરવા સારું કૂવા પાસે ચોકડી તથા કુંડી કરાવીને ચૂનો દેવરાવતા હતા. તે મહારાજ પાછળ ગયા. ત્યારે શ્રીજીમહારાજ કહે, ''નિષ્કુળાનંદસ્વામી તમે ચૂનો ટીપો'' ત્યારે નિષ્કુળાનંદ સ્વામી કહે, ''ચૂનો ઠર્યો નથી.'' ત્યારે શ્રીજીમહારાજ કહે, ''એ તો ઠર્યો જાઓ'' તો એ ન ગયા. પછી મહારાજ કહે, ''સ્વામી કુશળ છો ?''ત્યારે નિષ્કુળાનંદ સ્વામી કહે ''શહેરમાંથી આવે છે, તે કુશળ તો એવા જ હશે તો'' પછી શ્રીજીમહારાજ કહે, ''સ્વામીએ કાંઈ તમારા જેવા નથી કે એમને શહેર બાધ કરે.'' પછી શ્રીજી મહારાજ કહે, ''સ્વામી, અત્રે આવ્યા તેનું કારણ તમે જાણો છો ?'' ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે, ''ના નથી જાણતો'' ત્યારે શ્રીજી કહે, ''અક્ષરાધિપતિ સ્વયં શ્રીપુરુષોત્તમ જે અમે, તે તમો આદિક સર્વ અનાદિ મુક્ત આગળ એમ બોલ્યા જે બ્રહ્માંડ ઘણા કાળથી સજાર્યું છે, પણ કોઈ જીવ મુક્ત થઈને અક્ષરધામમાં કેમ આવતા નથી ? એમ કહીને અમો વૈકુંઠનાથને આજ્ઞા કરી જે તમે આ બ્રહ્માંડમાં અવતાર લઈને એકાંતિક ધર્મ પ્રવર્તાવીને જીવોને મુક્ત કરીને અક્ષરધામમાં મોકલો, ત્યારે વૈકુંઠનાથ પૃથ્વી ઉપર પધાર્યા અને ત્રેતાયુગમાં દશ હજાર વર્ષનું આયુષ્ય પણ પોતે તેર હજાર વર્ષ રહ્યા. તો પણ એકાંતિક ધર્મને પ્રવર્તાવ્યો નહિ. પછી ગોલોકાધિ પતિને આજ્ઞા કરી ત્યારે તે કળિયુગમાં સો વર્ષનું આયુષ્ય પણ પોતે સવાસો વર્ષ રહ્યા તો પણ એકાંતિક ધર્મને પ્રવર્તાવી શક્યા નહિ.'' પછી તમે બોલ્યા જે ''હે મહારાજ, જે જે ધામના અધિપતિ પૃથ્વી ઉપર પધાર્યા હોય અને તેમની ઉપાસના જેણે જેણે કરી હોય તેને તેને તે તે ધામના અધિપતિ હોય તે તે ધામમાં લઈ જાય, તે માટે અક્ષરધામમાં નથી આવતા,

જ્યારે સ્વયં અક્ષરધિપતિ તમો પધારો ત્યારે તેમને ભજીને તમારી ઉપાસના કરીને અક્ષરધામમાં આવે.'' ત્યારે અમે કહ્યું જે ''જ્યારે અમે પધારીએ ત્યારે તમારે પણ અમારા ભેળું આવવું પડશે'' ત્યારે તમે કહ્યું,'' જે અમારું શું કામ છે ?'' ત્યારે અમે કહ્યું જે, ''તમારુ તો કામ પડે કેમ કે તમે અમારા ભેળા આવીને એકાંતિક ધર્મ પાળો, અને બીજાને સમજાવો અને પળાવો ત્યારે બીજા જીવ તમને દેખીને પાળે, પછી એકાંતિક થઈને અક્ષરધામમાં આવે એ પ્રયોજન છે.'' ત્યારે તમે કહ્યું જે ''ઠીક મહારાજ, તમે કહેશો તે અમારાથી કાંઈ ના પડાશે ?'' અમે પણ આવશું.'' પછી તમ સરખા અક્ષરમુક્ત સાથે લઈને અત્રે આવ્યા છીએ.'' ત્યારે નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા જે, ''આજ વાત જાણી !'' ત્યારે મહારાજ કહે, ''શું વાત જાણી ?'' ત્યારે કહે, ''હું ભૂજમાં રામાનંદ સ્વામીને દર્શને ગયો ત્યારે સ્વામીએ મર્મ કરીને કહ્યું જે, ''લાલજી ભક્ત, અહીં શા સારુ આવ્યા ? લોજ જઈએ નહિ ?'' ત્યારે મેં કહ્યું જે, ''તમો અહિં બિરાજો છો અને ત્યાં કોના દર્શન કરવા જાઉં ?''ત્યારે સ્વામીએ કહ્યું જે, ''ત્યાં તો મોટા યોગી આવ્યા છે.''

### ● પૂ. સ્વામીએ કરેલી શાસ્ત્રોની રચના

શ્રીહરિની આજ્ઞાથી પૂ. સ્વામીશ્રીએ પ્રથમ યમદંડની રચના આધોઈ ગામે કરી ત્યાર બાદ કારિયાણીમાં ગોપાળાનંદ સ્વામી વડોદરાથી આવ્યા ને શ્રીહરિ સાથે અક્ષર ઓરડીમાં સર્વોપરીપણાની ગોષ્ટિ તથા અવતાર ધરવાનું કારણ વગેરે વાતો સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ બારણાની ઓથે રહીને સાંભળી ને પછી તેમને સમજાયું ને ત્યારબાદ નિષ્કુળાનંદ કાવ્ય મોટો ગ્રંથ બનાવ્યો. તેમાં પુરુષોત્તમ પ્રકાશ, સ્નેહગીતા, સારસિધ્ધિ, હરિબળ ગીતા, ધીરજ આખ્યાન, હરિસ્મૃતિ, હરિવિચરણમ્, કલ્યાણ નિર્ણય, લગ્ન શકુનાવલી, વગેરે વગેરેનો મહાન વિસ્તારથી ગ્રંથ બનાવીને સત્સંગ સમુદાયને ભેટ કર્યો.

ત્યાર બાદ શ્રીહરિની આજ્ઞાથી શ્રીભક્તચિંતામણી ગ્રંથની રચના કરીને તેનું લેખન કાર્ય ગઢપુર શ્રીલક્ષ્મીવાડીમાં બેઠક પાસે ઓરડીમાં કરતા અને તેના ઉપર માળમાં શ્રીહરિ બિરાજતા. તેમને એક પાનું લખતા જાય ને શ્રીહરિને વંચાવીને શ્રીહરિનો રાજીપો લેતા જાય. પૂ. સ્વામીએ

શ્રીહરિના આશ્રિત અને શ્રીહરિની માળાના મણકા સમાન ગામે ગામના ભક્તોના નામોની નોંધ કરીને એક અદ્વિતિય અજોડ ગ્રંથ બનાવ્યો છે.

**● પૂ. સ્વામીશ્રીની કાર્ય કુશળતા**

વડતાલમાં ૧૮૭૧ની સાલમાં જ્ઞાનબાગમાં છત્રીથી દક્ષિણ દિશામાં બે આંબા હતા તે વચ્ચે મોભ મૂકીને સદ્.શ્રી નિષ્કુળાનંદસ્વામી પોતાની કલા કૌશલ્યાને સુઝ બુઝથી સરસ બાર બારણાનો હિંડોળો બનાવ્યો હતો. તેનું વર્ણન પણ શ્રી વિહારીલાલજીમહારાજે સરસ કર્યું છે. કમાન, કૂદડીઓ સોનાની, સોનાના લીંબુ લટકતા મૂક્યા હતા. ઉપર કળશ મૂક્યા હતા. અને જરિયાનીનાં વસ્ત્રથી જડેલો ગાલીચો તેમાં પાથર્યો હતો. સરસ મજાનો પૂર્ણ શણગારથી હિંડોળાને સજાવીને પછી નિષ્કુળાનંદ સ્વામી મંદિરમાં આવ્યા ને પ્રભુને પ્રાર્થના કરી હે, મહારાજ ! જ્ઞાનબાગમાં સારો એવો હિંડોળો સજ્જ કરીને તેમાં આપશ્રીને ઝુલાવા માટે તમને તેડવા આવ્યો છું. શ્રીહરિ ખૂબ રાજી થઈને સવારી સાથે ત્યાં જ્ઞાન બાગમાં આવ્યા. હિંડોળાની રચના જોઈ સ્વામી ઉપર બહું રાજી થયા ને તે હિંડોળામાં બિરાજમાન થયા. તેની રચના બાર બારણાની હતી તેથી પ્રભુ બાર સ્વરૂપે થઈ બાર બારણામાં જુદા વેશમાં દર્શન આપવા લાગ્યા. સમૈયો બહુ મોટો હતો ને ખૂબ જ હરિભક્તો ત્યાં દર્શને આવ્યા ત્યારે હાર-ભેટ વગેરે લાવ્યા હતા. પરંતુ સાવ નજીક જઈને હાર-ભેટ થઈ શકે નહિ. તેથી શ્રીહરિ છડી દ્વારા તથા પોતાના હાથ લાંબા કરીને પણ દૂર ઉભેલા ભક્તોની સેવા સ્વીકારતા હતા. (હાલ તે પ્રસાદીના હિંડોળાના દર્શન મંદિરથી દક્ષિણ તરફ અક્ષરભુવનમાં થાય છે. આવી બેનમુન કલા કારીગરી પૂ. સ્વામી કરતા.)

**● ધોલેરામાં પૂ. સ્વામીએ અમલદારને સત્સંગી બનાવ્યા**

ધોલેરામાં કોઈ અમલદાર આવ્યો હતો તેણે ''જનુની જીવો રે ગોપી ચંદની'' એ કીર્તન સાંભળ્યું. ત્યારે તેણે કહ્યું જે આ કીર્તનના કરનારાને મારે જોવા છે. પછી ગામના હરિજનો તેમને તેડીને મંદિરમાં લાવ્યા તે વખતે સ્વામી બેઠાબેઠા પથ્થર ઘડતા હતા તે રજ ઉડીને પોતાના શરીર ઉપર પડી હતી પછી સૌએ કહ્યું જે જુઓ કીર્તન કરનારા આ બેઠા ! ત્યારે

અમલદાર કહે આ હોય નહીં. ત્યારે સ્વામી બોલ્યા જે મહેતા મણી તો છે. પણ રજે ભીંજાણી છે. ! પછી તે આવીને સ્વામીના પગમાં પડ્યો ને સ્વામીની વાતો સાંભળીને સ્વામીને હાથે વર્તમાન ધારીને સત્સંગી થયો.

**● ધોલેરા મંદિરની પથ્થરની અદ્‌ભૂત કમાન**

પૂ. સ્વામીએ ધોલેરા મંદિરમાં એક જ પથ્થરમાંથી બનાવેલી મંદિરના દ્વારની કમાન તથા રામાનંદ સ્વામીએ જ્યારે શ્રીહરિને ધર્મધુરા સોંપી તે સમે સ્વામીશ્રીએ પોત પોતાના હાથથી બનાવેલી અને શ્રીહરિને અર્પણ કરેલી ઉત્તમ કારીગીરીવાળી મંજૂષા (પેટી) એ સ્વામીશ્રીની કુશળ કારીગરીનાં ઉત્તમ નમુનાઓ છે.

**● શ્રીહરિએ સ્વમૂખે વચનામૃતમાં કરેલી સ્વામીની પ્રશંસા**

આત્માનંદ સ્વામી, રામાનંદ સ્વામી અને સહજાનંદ સ્વામી આ રીતે ગુરુ, પરમગુરુ અને પરમેષ્ટી ગુરુ એ સર્વના કૃપાપાત્ર નિષ્કુળાનંદ સ્વામીની પ્રશંસા શ્રીહરિએ વચનામૃતમાં આ મુજબ કરેલ છે :"જેમ મયારામ ભટ્ટ છે. તથા આ મૂળજી બ્રહ્મચારી છે તથા નિષ્કુળાનંદસ્વામી છે. તેને સ્ત્રી ધનાધિક પદાર્થનો જોગ થાય તો પણ એ ડગે નહીં."

પૂ. સ્વામીને મંદિરો બાંધવામાં ચણતર કામ વગેરેમાં બહુ રહેતા અને સાહિત્ય ગ્રંથો - કીર્તનો બનાવવામાં રત રહેતા તેથી તેમનું વિચરણ શાસ્ત્રોમાં બહુ ઓછું દેખાય છે. પરંતુ ૧૮૭૭ની સાલમાં આસો માસમાં કારિયાણીમાં શ્રીહરિ વસ્તાખાચરના દરબારમાં વિરાજતા હતા. ને તે વખતે કારિયાણી વચનામૃત ૩ માં પૂજ્ય સ્વામીએ એક પ્રશ્ન પૂછેલો છે. અને સંવત ૧૮૮૭ની સાલમાં પૂ. સ્વામીએ ભક્તચિંતામણી ગ્રંથ પૂરો કર્યો છે.

**● સ્વામી પોતે વૈરાગ્ય મૂર્તિ હતા**

સંવત ૧૮૮૧ની સાલમાં શ્રીહરિએ ગઢપુરમાં દાદાખાચરને બીજીવાર પરણાવ્યા હતા ને તેમાં સંતો તથા શ્રીહરિ જોડાયા હતા. ને આખુંગામ ધૂંમાડા બંધ જમાડ્યું હતું ને તે વખતે મહારાજે નિષ્કુળાનંદ સ્વામીને આજ્ઞા કરી જે કીર્તન ગાવ. ત્યારે સ્વામી પોતે વૈરાગ્ય મૂર્તિ હોવાથી તેમને બહુ આવા લગ્ન સંબંધી ગીત-કીર્તન ન ગાતા ને બીજુ

બોલ્યા જે "અવિદ્યા છે નકટી નાર તે પ્રભુથી પાછી ભાગે જો." તે ગાવા લાગ્યા ને સ્વામીને ગાતા બંધ રખાવ્યા ને કહ્યું કે, અત્યારે આવું ગવાય ? એક તો દાદાને માંડમાંડ મનાવીને પરણવા તૈયાર કર્યા છે ને પાછું આવું ગાશો તો ગાડેથી ઉતરી જાશે. પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામી ને કીર્તન ગાવા આજ્ઞા કરી તેથી સ્વામીએ "ગઈતી ગઈતી ભરવાને નીર, ગઈતી ગઈતી ભરવાને નીર કેસરીયે વાઘે રે નટવર દીઠડાજી મારા રાજ !" તથા સોનેરી મોળિયું સુંદર સોનેરી મોળિયું, સોનેરી મોળિયું સુંદરવરનું આવું કીર્તન પ્રેમાનંદ સ્વામીએ ગાયું ત્યારે મહારાજ રાજી થયા.

● **ગઢપુર મંદિરની સેવામાં પૂ. સ્વામી**

ગઢપુરમાં શ્રી ગોપીનાથજીમહારાજનું મંદિર ચણાતું હતું. અને રતના કડિયા પાસે સ્વામી પથ્થર દેવા માટે રહ્યા હતા. પછી સ્વામીએ એક મોટો પથ્થર ખંભે લઈને મંદિર ઉપર ચડાવ્યો અને અહીંયા હરેનો વખત થયો હતો પછી રતને કડીયે પાટું મારીને પથરો હેઠો પાડી નાંખ્યો. તે જોઈને સ્વામી બોલ્યા જે માળો કુસંગી દેખાય છે ? હું આટલી મહેનત કરીને પથ્થર ઉપર લાવ્યો ને તે પાડી નાંખ્યો. તારે અત્યારે અવકાશ નહોતો તો જમ્યા પછી બેસાડવો હતો. પછી હરે થયા એટલે સૌ જમવા ગયા સ્વામી તો જમીને પાછા તે પથ્થરને ખંભે ચડાવીને નીચેથી ઉપર લઈ ગયા અને રતનો કડિયો રીસાઈને પોતાને ઉતારે બેસી રહ્યો. પછી મહારાજને ખબર પડી જે રતનો કડિયો રીસાણો છે. પછી મહારાજ બોલ્યા જે રતના કડિયાને આ મંદિરનો જેટલો મમત છે. તેટલો નિષ્કુળાનંદ સ્વામીને કાંઈ મમત્વ હોય ? પછી રતના કડિયાને કોઈકે વાત કરી. જે મહારાજ તમારા આવી રીતે વખાણ કરે છે. અને મહારાજે કહ્યું : જે સાધુ તો લંગોટબંધ કહેવાય ! તે આજ આંહીં ને કાલ ક્યાંઈ ? તે સાંભળી રતનો કડિયો તરત કારખાના ઉપર ગયો અને નિષ્કુળાનંદ સ્વામી પથ્થર ઉપર ચડાવીને ત્યાં બેઠા હતા અને રતના કડિયાને પાણી ચુનો અને પથ્થર વગેરે જે જોઈએ તે આપવા લાગ્યા. પછી બીજે દિવસે સવારમાં અક્ષર ઓરડીમાં સ્વામી મહારાજને દર્શને ગયા ત્યારે મહારાજે

કહ્યું : જે સ્વામી તમે રતના કડિયાને મુક્તાનંદ સ્વામી જેવો જાણ્યો ?

જે એક રીંસ તો મુક્તાનંદસ્વામીને ન ચડે ! અને બીજાને તો રીસ ચડે પછી સ્વામી બોલ્યા જે મહારાજ એ તો મારી ભૂલ થઈ.

**● શ્રીહરિ સ્વધામ પધાર્યા ને વિમાન સ્વામીને બનાવ્યું હતું**

શ્રીજીમહારાજ ગઢપુરમાં જ્યારે ૧૮૮૬ની સાલમાં જેઠ સુદ દશમના રોજ અંતર્ધાન થયા ત્યારે તેમની દહન ક્રિયા લક્ષ્મીબાગમાં રાખી હતી. ને તેમનું વિમાન પૂ.સ્વામીએ બનાવ્યું હતું ને તેમાં મહારાજને બેસારી ધૂન-કીર્તન કરતા કરતા લક્ષ્મીબાગમાં જ્યાં નિષ્કુળાનંદ સ્વામીની ઓરડી હતી ત્યાંજ વિમાનને ઉતારવામાં આવ્યું હતું. ને ત્યાં તુલસી, ચંદન કાષ્ઠની ચિતા રચીને પછી વિધિ પૂર્વક દાદાખાચરે અગ્નિદાહ આપ્યો હતો.

**● પૂ. સ્વામીને મોટાઈ ગમતી ન હતી**

પૂ. સ્વામીએ ગઢપુરમાં ચૂનો - પથ્થર વગેરેની ખૂબ સેવા કરી હતી. અને સંવત ૧૮૮૫ના આસો સુદ બારશના રોજ શ્રીહરિએ સ્વહસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા કરી. ને ધામધૂમથી ઉત્સવ ઉજવ્યો હતો. પછી શ્રીહરિએ ગઢપુરની મહંતાઈ નિષ્કુળાનંદ સ્વામીને આપવાનું નક્કી કર્યું. તે વાતની સ્વામીશ્રીને ખબર પડતા તેઓ સવારે વહેલા ઉઠી ગઢાળી ચાલ્યા ગયા. બાદમાં શ્રીહરિને ખબર પડતાં શ્રીહરિએ સ્વામીશ્રીના નિસ્પૃહીપણાનાં વખાણ કર્યા અને સ્વામીશ્રીને પાછા ગઢપુર તેડાવ્યા ત્યારે સ્વામી પાછા આવ્યા પણ સ્વામીશ્રીએ મહંતાઈ ન લીધી એવા તેઓ નિસ્પૃહી હતા.

**● પૂ. સ્વામીને મહારાજ આવીને તેડી ગયા**

ધોલેરામાં એક સમયેને વિષે નિષ્કુળાનંદસ્વામી મંદિરમાં આરસનું કામ કરાવતા હતા ને બારસાખનું કામ બાકી હતું ત્યારે ગોંડલના કડીયા દામાને સ્વામીએ પૂછ્યું જે "કેટલુંક કામ અધુરું છે ?" ત્યારે દામા મીસ્ત્રીએ કહ્યું "સ્વામી ! આવતી કાલે કામ પુરું થઈ રહેશે પછી તેજ રાત્રિએ સદ્. શ્રી રામાનંદ સ્વામી નિષ્કુળાનંદ સ્વામીને તેડવા આવ્યા ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ ના પાડી જે "મને તો શ્રીજીમહારાજ તેડવા

આવશે ત્યારે તેમની ભેગો આવીશ'' પછી રામાનંદસ્વામી એક ઘંટીઓ બળદ હતો તેના જીવને લઈ ગયા. પછી વળતે દિવસે નિષ્કુળાનંદસ્વામીએ સવારમાંજ ભંડારી સાધુને બોલાવીને કહ્યું જે ''આજ વહેલી રસોઈ કરી લેજો ને વહેલા સહુ જમી લેજો બપોરે મારે દેહ મેલવો છે'' પછી દશ વાગવાને સમયે સ્વામી મંદિરમાં ગયા ને આરસની સાખું જોઈ હાથ ફેરવી ને રાજી થયા પછી મદન મોહનજીનાં તથા મહારાજનાં દર્શન કરીને આસને આવીને બેઠા પછી રાજભોગની આરતી થઈને હરે થયા એટલે સહુ સંત જમવા ગયા ને જમીને સ્વામી પાસે આવીને સહુ બેઠા પછી બાર વાગ્યા તે ટાણે શ્રીજીમહારાજ વિમાન લઈને સ્વામીને તેડવા આવ્યા તે વખતે મંદિરમાં બધે તેજ તેજ થઈ ગયું. તે સાધુ બ્રહ્માચારી તથા પાળા, હરિજનો સહુએ દેખ્યું તે વખતે શ્રીજીમહારાજે સ્વામીને દર્શન દઈને કહ્યું જે ''શ્વેતદ્રીપની ગાદી ખાલી થઈ છે તો ત્યાં તમે જાશો ?'' ત્યારે સ્વામી કહે ''મહારાજ ! હું તો પ્રથમ ત્યાં હતો માટે હવે ત્યાં જાવું નથી. હવે તો તમારી ભેગો અક્ષરધામમાં આવીશ'' એમ કહીને સંવત ૧૯૦૩ના અષાઢ વદી નોમને દિને દેહનો ત્યાગ કરી વિમાનમાં બેસીને મહારાજ ભેળા અક્ષરધામમાં ગયા.

સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ સ્વંતત્ર પણે દેહ ત્યાગ કર્યો ત્યારબાદ ધોલેરામાં ગામથી દક્ષિણ - અગ્નિ ખૂણામાં તેમના પાર્થિવ દેહને ત્યાં સંતો-હરિભક્તો ધૂન-કીર્તન કરતા કરતા લઈ ગયા ને અગ્નિ સંસ્કાર કર્યો. હાલ તે જગ્યાએ તેમની સ્મૃતિમાં છત્રી બનાવીને ચરણારવિંદ પધરાવ્યા છે.

## ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજીરૂપે બ્રહ્મચારી સ્થાપ્યા

મહારાજ ગઢડામાં બેસી થાળ જમતા ત્યાં ગોપાળાનંદ સ્વામી આવી બેઠા. પછી મહારાજ કહે જે, ''આ મુકુંદ બ્રહ્મચારી ઘરડા થયા. જ્યાં અમે ત્યાં બ્રહ્મચારી.'' ત્યારે બ્રહ્મચારી કહે, ''તમે તો ગોપીનાથજી રૂપે મંદિરમાં બેઠા, પણ મારું તો ઠેકાણું નથી.'' પછી મહારાજ કહે જે, ''આ જગ્યાએ અમારું સ્થાન થાશે ત્યાં તમારી હનુમાનજીરૂપે સ્થાપના થશે.'' એમ કહી ગોપાળસ્વામીને સ્થાપના કરવાની આજ્ઞા કરી. પછી જે જગ્યાએ હાલ હનુમાનજી છે, તે જગ્યાએ મહારાજ ઊભા રહેલ છે. ત્યાં ગોપાળસ્વામીએ તેની (હનુમાનજીરૂપે મૂળજી બ્રહ્મચારીની) સ્થાપના કરેલી છે.

અને મહારાજ મંદિરની ઉગમણી કોરની માંહ્યલી જાળીમાં બેઠેલા છે અને ત્યાં સૂતેલા છે. ઉગમણી કોરે ઉગમણા હાલ(ખંડ)માં મહારાજ બપોરે સૂતા હતા. આવી રીતે ત્યાં એક મોટું ચરિત્ર કરેલું છે ને ત્યાં પોતાની સૂવાની સજ્યા કરવાનો પોતે વિચાર કર્યો હતો. આવી રીતે એ સજ્યાની જગ્યા પ્રસાદીની છે.

### ● હે બ્રહ્મચારી ! તમે પણ પૂજાશો

એક દિવસ ગોપીનાથજી મહારાજના મંદિરમાં ઉગમણી કોરના પગથિયા ઉપર જ્યાં હનુમાનજી છે, તે જગ્યાએ ઉત્તરાદી કોર મહારાજ બેઠા હતા અને તે વખતે સચ્ચિદાનંદ સ્વામી કેળાં, જમરૂખ અને દાડમ લાવ્યા હતા. પછી મૂળજી બ્રહ્મચારીએ સુધારી મહારાજની આગળ મૂક્યાં. પછી મહારાજે જમીને બ્રહ્મચારીને આપ્યાં અને કહે જે, ''આ જગ્યાએ તમે અખંડ બેસશો ને તમે પણ પૂજાશો.''

**● મૂળજી બ્રહ્મચારી શ્રીહરિને પાણી પાવા બ્રહ્મચારીએ શરીર પડતું મેલ્યું**

એકવાર શ્રીજીમહારાજ વરતાલ ચોકમાં સભા કરીને બેઠા હતા. મૂળજી બ્રહ્મચારી મંદિરના પરથાર ઉપર બેઠા હતા. ત્યારે મહારાજે બ્રહ્મચારી પાસે પાણી માંગ્યું . ત્યારે બ્રહ્મચારીએ એ પરથાર ઉપરથી પડતું મેલીને મહારાજને પાણી લાવીને પાયું. ત્યારે મહારાજ એ સભામાં બોલ્યા જે, ‘‘આ મૂળજી બ્રહ્મચારીએ પડતું મેલ્યું તે હાડકા ભાંગી જાય એનો એને ડર લાગ્યો નહી. એક મારાં વચન સામીજ જ એની દૃષ્ટિ છે. જે, ‘રખે મહારાજને પાણી પાતાં વાર લાગે નહીં ! એવું મારી ઉપર એને અસાધારણ હેત છે.’’ એમ કહી બહુ વખાણ કર્યાં.

**● મૂળજી બ્રહ્મચારીની બ્રહ્મરૂપ સ્થિતિ ?**

એક દિવસ ગઢડામાં શ્રીજીમહારાજે મૂળજી બ્રહ્મચારી ને કીધું જે, ‘‘તમે બ્રહ્મચારી થઈને ડોસીઓ સાથે બોલો છો, તે ઠીક નહીં. હવે બોલશો નહીં.’’ ત્યારે બ્રહ્મચારી કહે, ‘‘હવે નહિ બોલું. પછી બીજો દાડો થયો ને મહારાજનો થાળ થયો. ત્યારે લાડુબાઈ કહે, ‘‘મૂળજી બ્રહ્મચારી, મહારાજને કહો જે થાળ થયો છે.’’ ત્યારે બ્રહ્મચારી કહે, ‘‘લાડુબાઈ, હવે તમારી સાથે હું નહિ બોલું, મહારાજે મને ના પાડી છે.’’

તે સાંભળીને મહારાજ મોઢા આડો રૂમાલ દઈને હસીને બોલ્યા જે, ‘‘આ બ્રહ્મચારી કાંઈ આ ડોસીઓ સાથે બોલે છે. અને એમ જાણે છે જે, ‘આ તો હું નથી બોલતો.’’ એમ કહીને મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, ‘‘તમો તો બોલજો. અમારી આજ્ઞા છે.’’ ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, ‘‘હું તો તમારી સારુ બોલું છું, નહિ તો મારે બાઈઓ સાથે બોલવાનું શું કામ જ હોય !’’ ત્યારે મહારાજ બોલ્યા જે, ‘‘ આની દૃષ્ટિતો બ્રહ્મસ્થિતિને પામી ગઈ છે.’’

**● મૂળજી બ્રહ્મચારીની અદ્‌ભૂત આત્મીયતા**

એક સમયે મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ સભા કરીને ઢોલિયા ઉપર ઉગમણે ખુમારવિંદે વિરાજમાન હતા અને મુક્તાનંદ સ્વામી આદિક સર્વે સાધુ ઢોલિયા પાસે બેઠા હતા. ત્યારે મહારાજે

મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, “અમારી કોઈ ખબર રાખતા નથી. કેમ જે, અમારે પાણી પીવું હોય, કોઈક સમયે અમારે કાંઈક જોઈતું હોય...” ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, “મહારાજ, બ્રહ્મચારી તમારી સેવામાં છે, તે ખબર નથી રાખતા ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “બ્રહ્મચારી તો અયોધ્યાવાસીમાં રોકાણા છે, તે અમારી પાસે આવતાયે નથી.” તેવા સમામાં મહારાજને જળપાન કરવું હતુ. તે કોઈક માણસે જઈ બ્રહ્મચારીને ખબર કરી.

ત્યારે બ્રહ્મચારીએ સુંદર જળ લોટામાં ભરી, તે લોટા ઉપર કળસલી મેલી, તે ઉપર જળ-ગરણું ઢાંકીને એક હાથમાં બદ્રરિનાથને તેડીને કેડે બેસાર્યા અને બ્રહ્મચારી ચાલ્યા. તે આગળ રઘુવીરજી મહારાજ તથા સીતારામજી મહારાજ તથા વૃંદાવનજી મહારાજ તથા અયોધ્યાપ્રસાદજી મહારાજ ચાલ્યા. એ રીતે બ્રહ્મચારી મહારાજને પાણી પાવા આવતા હતા. તે જોઈને મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “મહારાજ, તમે કહો છો એ પ્રકારે જ બ્રહ્મચારી અયોધ્યાવાસીમાં ગૂંથાણા છે.”

ત્યાં બ્રહ્મચારી આવ્યા, તે કેડમાંથી બદરિનાથજીને હેઠળે ઉતારીને મહારાજને જળપાન કરાવ્યું. ત્યારે મુક્તાનંદસ્વામી એ બ્રહ્મચારીને કહ્યું જે, “તમે મહારાજની પાસે કેમ રહેતા નથી ? અને જ્યાં ત્યાં ગૂંચાઈ રહો છો ? કેમ જે, કોઈક સમયે મહારાજની પાસે રહેવું જોઈએ અને તમે તો મહારાજની ખબર પણ રાખતા નથી !” એ રીતે મુક્તાનંદસ્વામીએ બ્રહ્મચારીને ઘણો ઠબકો દીધો.

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, “સ્વામી, તમે મને ઠબકો દિયો છો, પણ અયોધ્યાવાસીની ખબર કોણ રાખે ? એમને આપણા દેશની ભાષા ન આવડે, આ દેશની રીત ન જાણે અને આ દેશમાં એને ઓળખાણ નહીં. અને તેને કાંઈ જોઈતું-કરતું હોય ત્યારે તે કેમ કરે ? અને તેની ખબર પણ કોણ રાખે ? તે વાસ્તે એ અયોધ્યાવાસીની ખબર તો રાખવી પડે જ. અને મહારાજને કાંઈ જોઈતું-કરતું હોય તો એમને તો ઘણા લાવી દેવાવાળા છે; પણ આ અયોધ્યાવાસીને કોણ લાવી દે ? માટે

અયોધ્યાવાસીની ખબર રાખતાં મહારાજની ખબર રખાશે તો રાખીશ.'' એમ કહીને બદ્રરિનાથજી ને કેડે તેડ્યા અને અયોધ્યાપ્રસાદજી મહારાજ આદિને તેડીને બ્રહ્માચારી અયોધ્યાવાસીને ઉતારે ગયા.

ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, ''સ્વામી, બ્રહ્મચારી બહુ ડાહ્યા છે.'' ત્યારે મુક્તાનંદસ્વામીએ જાણ્યું જે, 'મહારાજનો બ્રહ્મચારી ઉપર બહુ રાજીપો છે. તે શા સારુ ? તો બ્રહ્મચારી' અયોધ્યાવાસીની ખબર રાખે છે; માટે રાજીપો છે' એમ જાણીને તે વાતની પુષ્ટિ કરીને મુક્તાનંદસ્વામી બોલ્યા જે, ''આ સભા સૌ અયોધ્યાવાસીની ખબર રાખજ્યો.'' અને દરબારમાં બાઈયુંને પણ કહેવરાવ્યું જે 'અયોધ્યાવાસીની સૌ ખબર રાખજ્યો.' ત્યાર પછી સર્વે અયોધ્યાવાસીની ખબર રાખવા મંડ્યા.

## માંડવ્ય મુનિ ગોવિંદનંદ સ્વામી રૂપે અવતર્યા

### ● માંડવ્ય ઋષિનું તપ

ઘેલા નદી તો સાક્ષાત ગંગાજી છે તે ઘેલા નદીને કાંઠે સોમનાથ નો જે જ્યોતિલિંગ છે તે મહાપ્રતાપી છે. ને તે માંડવ્ય ઋષિએ સ્થાપન કરેલ છે. તે સોમનાથજીની ઉપલી કોરે ફૂલઝર નામે વન હતું. તે જગ્યાએ હાલ ગામ છે. તેની ઉત્તર તરફ એક ડુંગર છે તે જગ્યાએ માંડવ્ય ઋષિ તપ કરતા હતા. તે તપ પૂરું થયું ત્યારે સ્નાન કરવા વાસ્તે ઋષિએ ગંગાને યાદ કર્યા. પણ ગંગાને આવતા વાર લાગી તેથી ઋષિએ ભગવાનનું ધ્યાન કરીને વામનજીના મહામંત્ર જપ્યા. એટલે વામનજીએ પાતાળમાંથી પાટું માર્યું. તેથી મહાચમત્કારી ગંગા ગાંડાની પેઠે નીકળ્યા એટલે તેનું નામ ઘેલો પડ્યું છે.

પછી એ માંડવ્ય ઋષિ માંડવધાર વચ્ચે ભોંયરુ છે ત્યાં રહેતા. તે જગ્યાએ ઘેલાનું પાણી ઉન્મત્તની પેઠે જોશથી ચાલતું તે ગંગાને સોમનાથજીના આશ્રમ પાસે થઈને ઋષિ પોતાના આશ્રમે લાવ્યા. અને એ આશ્રમની નજીકમાં એક મોટું પાંડેરા એવે નામે દશ જોજનનુ તળાવ હતું. તે તળાવ પાંડવો જે વખતે તપ કરવા વનવાસમાં નીકળ્યા. તે વખતે યક્ષોએ બાંધેલું હતું. તે તળાવમાં સાપને કારણે એ મોટો યક્ષ રહેતો હતો. તે યક્ષે ધર્મરાજાને સો પ્રશ્ન પૂછ્યા. પછી તે છૂટ્યો. એવું તે જૂનું તળાવ છે. તેને કાંઠે નાળિયેરીનું વન હતું. તે વન હેડિંબા રાક્ષસીનું હતું. તેમાં ભીમસેન ઘણીવાર વિચરતો.

ગામને પાદર મઘરિયો ડુંગર છે. તે તળાવ વચ્ચે હતો . તે તળાવમાં મોટા મોટા મગર રહેતા તેથી મઘરિયો ડુંગર કહેવાય છે. હાલ જે જગ્યા એ જ્યાં દરબારગઢ છે તે જગ્યાએ માંડવ્ય ઋષિને સંધ્યા પૂજન કરવાનું સ્થાન હતું. એવી એ જગ્યા મહાપ્રતાપી છે.

**● શ્રી ગોવિંદાનંદ સ્વામીનું પૂર્વ વૃત્તાંત**

શ્રી ગોવિંદાનંદ સ્વામીએ કહ્યું, "મહારાજ ! હું એક વખત ઋષિઓના સમુદાયની સાથે બદરિકાશ્રમ ગયો હતો ત્યાં શ્રીનારાયણ ભગવાનના મુખચંદ્રની સામે હું દૃષ્ટિ રાખીને તેમને જોઈ રહ્યો હતો."

હે પરમેશ્વર ! આપની જ કાંઈ એવી ઈચ્છા હશે કે સત્કાર નહિ થવાથી ખીજાયેલા દુર્વાસા ઋષીએ મરીચિ આદિ ઋષિઓને જે શાપ આપ્યો, તે મને પણ લાગ્યો.

હે ભૂમન્ ! તે પછી પુના શહેરમાં મહારાષ્ટ્ર કુળના શ્રીકૃષ્ણશર્મા નામે બ્રાહ્મણની લક્ષ્મીબાઈ નામે પત્નીથી મારો જન્મ થયો. હે ઈશ્વર ! હું ગોવિંદ શર્મા, આવે નામે લોકમાં પ્રસિદ્ધ થયો. ભગવાનના દર્શનની ઈચ્છાથી તીર્થોમાં યાત્રા કરતો હું લોજ ગામમાં આવ્યો. હે હરે ! સર્વથી મહાન એવા આપે મને ત્યાં દીક્ષા આપી અને આપ ભક્ત વત્સલતાના સાગરે મારું નામ 'ગોવિંદાનંદ' રાખ્યું.

હે વિભો ! ત્યારથી આરંભીને આજ સુધી હું આપની આજ્ઞાનું પાલન કરી રહ્યો છું કે જે આજ્ઞાને મોટા દેવેશ્વરો, ભક્તો અને સંતોના મંડળો પણ પાળે છે. મેં મન, વચન કર્મથી બધી જ રીતે આપની સેવા કરી છે. કારણ કે હું આપના ધ્યાન અને પૂજન વગેરેમાં પ્રેમથી તરબોળ થઈ ડૂબ્યો રહું છું.

**● મહારાજ સાથે મિલન**

શ્રી આનંદાનંદ સ્વામીએ કહ્યું,

હે રાજન્ ! 'મુનિ વિજયઘાટ' થી પાંસઠ-૬૫ ક્રમ દૂર 'ગુપ્તસાનું (જેમ શિખર બહાર દેખાતા ન હોય તે) નામે એક પર્વત છે. તેની ગુફામાં, માંડવ્ય મુનિએ ભગવાન્ શ્રીહરિને પ્રસન્ન કરવા લૌકિક ભોગ સુખ આદિ છોડી દીધા હતા અને ત્યાં ઘણા લાંબા સમય સુધી તપ કર્યું હતું.

હે રાજન્ ! તે ગુફાની આગળ એક વિશાળ શિલા પથરાયેલી છે, તેની આગળ ઘણા વિસ્તારવાળો સુંદર મોટો પાણીનો ધરો છે.' હે નૃપ ! તેથી પૂર્વ દિશામાં સત્યાવીશ - ૨૭ ક્રમ જેટલો છેટો એક બીજો પાણીનો ધરો છે. આ બે ધરાની વચ્ચેના ભાગને 'માંડવ્યઘાટ' કહેવાય

છે. ત્યાં નું તીર્થ ‘‘ગોવિંદ’’ નામે છે.

હે રાજન્ ! એક સમયે શ્રીહરિ આ ગોવિંદ તીર્થમાં સ્નાન કરવા માટે નીકળ્યા. સમગ્ર સંત હરિભક્તોની વચ્ચે શ્રીહરિ પ્રેમથી સુંદર અશ્વ ઉપર સવાર થઈને ચાલ્યા. શ્રીહરિ માંડવ્ય ઋષિની ગુફા આગળ આવીને અશ્વ ઉપરથી નીચા ઊતર્યા. ત્યાં વેદિકા જેવા સ્થળે તૈયાર કરેલા સુંદર આસન ઉપર વિરાજમાન થયા. પછી શ્રીહરિએ દરબાર શ્રીએભલખાચર આદિ ભક્તોની આગળ શાંતિ થાય એવી વાત કરી કે ‘‘અહીંયા પૂર્વે માંડવ્યનામના મુનિએ તપ કર્યું હતું.

માટે આ ભૂમિ ઘણીજ પવિત્ર છે.’’ આટલું બોલીને શ્રીહરિ પોતાના આસન ઉપર ઊભા થયા. બીજા બધા વસ્ત્ર ઉતારીને તેને સ્થાને સ્નાનમાં અનુકુળ હોય તેવા બે વસ્ત્ર પહેર્યા. પછી સ્થિર બુદ્ધિના ભક્તોની વચ્ચે શ્રીહરિ તે શિલા ઉપર બેઠા ત્યારે મિત્રોની વચ્ચે ચંદ્રમાની જેમ શોભતા હતા. તે પછી મૂળજી બ્રહ્મચારી (મુકુંદાનંદ વર્ણી) એ શ્રીહરિને એક સારુ કુણું દાતણ આપ્યું. શ્રીહરિએ તે દાતણથીમુખ શુદ્ધિ (દંત શુદ્ધિ) કરી ઊલ (ઓળ) ઉતારી શ્રીહરિએ દાતણ ના બન્ને ચીરીયાં ધોઈને દૂર ફેંક્યાં. ત્યાંતે છતાં પડ્યા ત્યારે તને દેખીને શ્રી એભલખાચરને કહ્યું દાંત અને જીભને સાફ કર્યા પછી ફેંકેલા દાતણના ચીરિયાં જો છતાં પડે તો તે દાતણ કરનારાને ‘‘તે દિવસ સારું મિષ્ટાન્ન ભોજન મળે અથવા તો પ્રિય મિત્ર ને મળવાનું સુખ મળે,’’ હે દરબાર ! લોકોમાં આવી કહેવત છે. આટલું કહીને મંદ હાસ્યથી મુખની વિશેષ શોભા ધારણ કરતા શ્રીહરિ તે વિશાળ શિલાની સમીપે રહેલા પાણીના ધરામાં સ્નાન કરવા માટે સહુ ભક્તોની સાથે ઊતર્યા.

હે નૃપ! પોતાના ભક્તોની વચ્ચે ઘેરાયેલા શ્રીહરિ જયારે સ્નાન કરતા હતા ત્યારે તેને સામે કિનારે સાધુઓનું મંડળ દેખાયું. ‘‘આ સંતોનું મંડળ આવ્યું તે ક્યાં સદ્‌ગુરુનું છે ?’’ આવા ધર્મપુત્ર શ્રીહરિએ લોકોને પૂછ્યું ત્યારે પાર્ષદ હક્કાજીએ પ્રણામ કરીને કહ્યું કે હે હરે ! હે સ્વામિન આ સંત મંડળ તો મોટા સદ્‌ગુરુ શ્રી ગોવિંદાનંદ સ્વામીનું છે તે આવે છે તે સાંભળીને શ્રીહરિ ખૂબ જ રાજી થયા. પછી સ્વયં શ્રીહરિ બોલ્યા, ‘‘અત્યારે અમને અમારા મિત્ર મળ્યા’’ ચાલો તેમની સામા જઈએ, આમ

કહીને પોતાના આશ્રિતોને સાથે લઈને શ્રીહરિ ઉન્મત્તગંગાને સામે (ઉત્તર) કિનારે પધાર્યા.

શ્રી ગોવિંદાનંદ સ્વામીની આંખોમાં પ્રેમના આંસુ ઊભરાયા, શિષ્યોએ સહિત પ્રથમ શ્રીહરિને પગે લાગ્યા, પોતાની ભુજાઓ લંબાવીને ભેટી પડ્યા. અને પછી સંતોને પગે લાગ્યા. હે નૃપ ! પછી શ્રીહરિ શ્રી ગોવિંદાનંદ સ્વામી તથા સંતો વગેરેની સાથે તે જગ્યાથી સત્યાવીશ - ૨૭ ક્રમ દૂર પૂર્વમાં રહેલા એક ધરા પાસે આવ્યા. જેમ ચંદ્ર પોયણાંને ખીલવીને પ્રસન્ન રાખે છે તેમ શ્રીહરિ સર્વ ભક્તોને આનંદ આપતા હતા. પ્રસન્ન મુખ શ્રીહરિ પછી તે ધરામાં સહુની સાથે શુભ જળક્રીડા કરીને નાહ્યા. નદીના પ્રવાહની સાથે ચાલતા ભક્તજનોની વચ્ચે શ્રીહરિ ચાલ્યા જ્યાં પહેલા નાહ્યા હતા ત્યાં આવ્યા. હે ભૂપ ! શ્રીહરિ પહેલા થોડીવાર પથ્થરની શિલા ઉપર ઊભા રહ્યા. ત્યારે વર્ણિવર્ય શ્રીમુકુંદાનંદ સ્વામીએ તેમને ઘણાં સારા ઉત્તમ વસ્ત્ર આપ્યાં.

શ્રીહરિએ ધોતિયું પહેર્યું પછી બીજું વસ્ત્ર ધારણ કર્યું જ્યાં ઉત્તમ મુકુટ ધારણ કરી શકાય તે મસ્તક ઉપર સુંદર પાઘબાંધી અને તે સિવાય કમર ઉપર ભેટવાળી અને બીજા સહુએ પણ યોગ્ય રીતે વસ્ત્ર પહેર્યાં.

તે શિલાથી પૂર્વદિશામાં એક મનોહર પીપળાનું ઝાડ હતું તેને જોઈને શ્રીહરિને સંતોષ થયો.

શ્રીહરિ લોકોનું હિત કરતા હોય છે, તેમની લીલાથી જીવપ્રાણીમાત્રને સુખ થતું હોય છે. સ્વયં સર્વ જગતના ઈશ્વર છે અને સાક્ષી પણ છે. પછી તેમણે અમૃત તુલ્ય વચન કહ્યું. આ સ્થળે જે કોઈ મનુષ્ય પવિત્ર જળમાં સ્નાન કરીને મારી પૂજા શાસ્ત્રમાં કહેલા વિધિપ્રમાણે કરશે તો મારી ભક્તિ કરવાના સ્વભાવવાળા તે મનુષ્યનો અક્ષરધામમાં નિવાસ થશે.

હે રાજન્ ! શ્રીહરિએ આટલી વાત કહી પછી તે 'ગુપ્ત સાનું' નામના પર્વતના ઉપર બ્રહ્મચારીઓએ રમણીય આસન તૈયાર કર્યું હતું. ત્યાં પધાર્યા અને રાજી થઈને તે આસન ઉપર વિરાજમાન થયા.

સાધુ, વર્ણી, પાર્ષદો અને હરિભક્તો સહુની નજર માનો શ્રીહરિના મુખારવિંદમાં બંધાઈ ગઈ હતી. ત્યાં તે સહુની એક સુંદર સભા થઈ

જે અનેક પ્રકારના પાપ, કલેશ અને પીડાઓને શમાવી દેતી હતી.

અનેક પ્રકારની પીડાઓનો વિનાશ કરનારા ધર્મપુત્ર શ્રીહરિએ પહેલા તો પોતાની અમૃત ઝરતી દૃષ્ટિથી સહુ ભક્તોની સામે જોયુ અને તે પછી સદ્‌ગુરુ શ્રી ગોવિંદાનંદ સ્વામીને કહ્યું.

હે મુને ! પરમ પવિત્ર અને શાંતિને આપનારો આ આશ્રમ કોનો છે ? સર્વજ્ઞ અને સર્વના સાક્ષી પ્રભુ શ્રીહરિ આટલું કહીને મૌન થઈ ગયા. શ્રીહરિએ જ્યારે શ્રીગોવિંદાનંદ સ્વામીને આવું પૂછ્યું તેટલી વારમાં તો ભગવદ્ ઈચ્છાથી સ્વામી અત્યંત ખુશ ખુશ થઈ ગયા. અને તેમને પોતાના પૂર્વ જન્મની સ્મૃતિ થઈ આવી. તે પછી શ્રી ગોવિંદાનંદ સ્વામી શ્રીહરિને બે હાથ જોડીને પગે લાગ્યા અને તેઓ બોલ્યા કે હે સુખદ સ્વામિન્ ! આપ સર્વજ્ઞ છો, આ આશ્રમ તો મારો છે.

હે સ્વામિન્ ! આગલા જન્મમાં ભૂમિ ઉપર હું જ માંડવ્ય નામે પ્રસિદ્ધ હતો અને મેં તપ કરીને બધા દોષોને ટાળી દીધા હતા. હે ભૂમન્ ! મને આપ પ્રાપ્ત થાઓ - મળો એટલા માટે મેં પૂર્વે આ ગુપ્તસાનું પર્વતની ગુફામાં ઘણો સમય ઉગ્ર તપસ્યા કરી હતી. હે સ્વામિન્ ! મારા તપથી સર્વ દેવતાઓ મારા ઉપર પ્રસન્ન થયા. તે પછી ઘણી શાંતિ થાય એવી આકાશ વાણી થઈ. જેમ આ લોકના મનુષ્યને અમૃતમય ભોજન મળે અને જેટલો આનંદ થાય તેમ તે આકાશવાણી સાંભળીને મારા મનમાં અપાર આનંદ થયો.

તે આકાશવાણીએ કહ્યું, “હે ભૂદેવ ! તમારું વર્તમાન જીવન પૂરું થયા પછી કેટલાએ વર્ષો વીતી જશે, ત્યારે ભવિષ્યમાં તમને બીજો જન્મ મળશે અને તે સમયે પોતાની માયાથી મનુષ્યલીલા કરવા પ્રકટ થયેલા અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ તમને લોજ ગામમાં મળશે.

**● દાળ ભાતનું બંધન મુકાવ્યું**

એક દિવસ ગોવિંદાનંદ સ્વામી ઘર મુકીને ભગવાન મેળવવા નિકળ્યા ત્યારે રસ્તામાં એક રાજાની દાસી ૧૦ હજાર રૂપિયા અને સોનું લઈને બેઠેલી. તેને ગોવિંદસ્વામીનું રૂપ જોઈને કહ્યું , આ સોનું-રૂપિયા અને હું આજથી તમારી, ત્યારે સ્વામીએ વિચાર કર્યા જે ભગવાન ભજવા નિકળ્યો ને

સિધ્ધિઓ આળી આવે છે. પછી તેમને પહેરવાના કપડા હતા તે પેલી દાસી ને આપીને કહયું તું હમણાં એહી બેસ. હું દિશાએ (જાજરૂ) જઈ આવું. એમ કહીને કપડાં આપી નિકળી ગયા તે પાછા વળીને જોયું પણ નહીં આવા દઢ વૈરાગ્ય વાળા હતા સ્વામી. પણ એકવાર શ્રીજીમહારાજે સ્વામીને કહ્યું જેતલપુર થી વહેલાલ સાથે જવાનુછે. પરંતુ સ્વામી કહે જે મહારાજ મારી તબીયત સારી નથી તે સાથે ન ગયા. મહારાજ બધુ જ જાણતા હતા તે સ્વામી જેતલપુર ના ગંગામાના દાળ ભાતમાં લોભાયા છે. એટલે મહારાજે એમને રીંગણા અને ગાજરની માળા પહેરાવી જેતલપુરમાં ઘરેઘરે ભીખ મંગાવી કોઈ કહે ગોવિંદસ્વામી કાંઈ જોઈએ? તો મહારાજે શીખવેલું કે હાઉ કહેવું એમ હાઉ કહેવા લાગ્યા લોકો કહે ગોવિંદ સ્વામી ગાંડા થયા ગાંડા થયા. આમ કહીને મહારાજે દઢવૈરાગ્યવાન ગોવિંદસ્વામીને એક દાળ-ભાતમાં બંધન થયું હતું તે મુકાવ્યું.

**● શ્રીહરિને પ્રાર્થના**

હે ઈશ્વર ! અત્યારે મારા જીવનના સો વર્ષ પૂરા થયા છે. આ કળિયુગમાં સામાન્ય મનુષ્યનું આયુ સો વર્ષનું જ કહેવાય છે. હે વિપ્ર, હું આપની પ્રાર્થના કરું છું કે હવે મને બીજો જન્મ ન મળે, કારણ કે હું આપના પ્રત્યક્ષ સાન્નિધ્યને નિરંતર પામ્યો છું. હવે મને આ શરીર છોડાવીને આપના અક્ષરધામમાં આપના ચરણકમળની નિત્ય સેંવામાં સતત રાખો.''

શ્રી આનંદાનંદ સ્વામીએ કહ્યું, ધર્મપુત્ર શ્રીહરિએ તેમની પ્રાર્થના ''બહુ સારું તેમ કરશું'' આમ કહીને સ્વીકારી અને તે સ્થળેથી ઊભા થયા. રસ્તામાં સર્વ ભક્તોની વચ્ચે ચાલતા શ્રીહરિ પોતાના ઉતારાને સ્થાને પધાર્યા. હે નૃપ ! સર્વના નિયામક અને શ્રી ગોવિંદાનંદ સ્વામીને મુક્તિ આપનારા શ્રીસહજાનંદ સ્વામી ભગવાન આ તીર્થના અધિષ્ઠતા દેવ છે.

પૂર્વે આ માંડવ્યઋષિના આશ્રમમાંજ અહીંની પ્રજા રહેવા લાગી હતી તેથી આ ગામનું નામ 'માંડવધાર' આવું થઈ ગયું.

## આરૂણી - સ્વયંમપ્રકાશાનંદ સ્વામી થયા

**'આરૂણી ઉપમન્યુ આપત્ ધૌમ્યના શિષ્યજી,**
**ગુરુ આજ્ઞામાં વર્તે અહોનીશ જી,**
**જાય અન્ન જાચવા હરખે હમેશ જી,**
**આણી આપે ગુરુને, ના આપે ગુરુ તેને લેશ જી.'**

ધૌમ્ય નામે એક ઋષિ થઈ ગયા, એમનો ખૂબ વિશાળ આશ્રમ ગુજરાતની ભૂમિ ઉપર હતો. મહિસાગર નદીના કિનારાનું વિશાળ જંગલ ધૌમ્ય ઋષિના નામે જ ઓળખાતું હતું. આશ્રમ જે જંગલમાં હતો તે આખો ધૌમ્યારણ્ય તરીકે પુરાણ પ્રસિદ્ધ હતો. (જેનો અપભ્રંશ શબ્દ ધુવારણ બન્યો છે. હાલમાં ત્યાં આશ્રમનો થોડો ભાગ બચ્યો છે.)

આ ધૌમ્ય ઋષિ ગાયોના પાલક હતા. હજારો ગાયો રાખતા. એટલે આજુબાજુના વિશાળ જંગલમાં એમની ગાયો ચરતી. આરૂણી અને ઉપમન્યુ આ ધૌમ્ય ઋષિના શિષ્યો બન્યા. ઋષિએ પહેલાં તો આરૂણીની કસોટી લેવાનું નક્કી કર્યું, એટલે ખેતરમાં પાણી વાળવા માટે તેને મોકલ્યો, પાણી ચાલુ થયું. આરૂણીને ખેતીનો અનુભવ નહિ. એક ક્યારો ભરાય એટલે પછી કઈ પદ્ધતિથી પાણી બીજા ક્યારામાં મોકલવું તે જાણતો નહોતો. છતાં ગુરુ આજ્ઞા શિરોધાર્ય કરીને પાણી વાળવાની સેવા પોતાની રીતે શરૂ કરી દીધી. એક ક્યારો ભરાય એટલે ક્યારાનાં મુખ પાસે કાદવ-કીચડમાં આડો સુઈ જાય, એટલે પાણી બીજા ક્યારામાં જાય. બીજો ક્યારો ભરાય એટલે ત્યાં ફરીથી આડો સુઈ જાય એટલે પાણી આગળ વધે. આખો દિવસ કાદવમાં અને પાણીમાં રહ્યો, સાંજ પડી અંધારું થયું છતાં પાણી તો ચાલુ જ રહ્યું એટલે આરૂણી આશ્રમમાં આવ્યો

નહિ. અડધી રાત થઈ ત્યારે ગુરુએ તપાસ કરાવી ત્યારે બીજાએ કહ્યું, તેને તો ખેતરમાં પાણી વાળવા મોકલ્યો છે ત્યાંથી હજુ આવ્યો નથી. બીજા શિષ્યોને સાથે લઈ ગુરુદેવ રાતના ખેતરમાં પહોંચ્યા. અંધારામાં કશું દેખાતું નહોતું. ગુરુએ આરૂણી, આરૂણીના ઉચ્ચારથી બૂમો પાડી, ત્યારે જવાબ આપ્યો કે અહીં પાણી વાળું છું. જોયું તો કાદવમાં લથબથ હતો. ગુરુના પૂછવાથી તેણે કહ્યું, એક ક્યારો ભરાય પછી બીજા ક્યારામાં પાણી લઈ જવા માટે હું આડો સૂઈ જતો હતો. ભૂખ્યો, તરસ્યો રહીને દિવસ-રાત સતત સેવા કરી તેની વચન પાલનની નિષ્ઠા જોઈને ઋષિ અત્યંત રાજી થઈ ગયા, આરૂણીને ભેટી પડ્યા. પછી રાજી થઈને શિષ્યને જ્ઞાનનું દાન કર્યું.

આ અરુણિ નૈષ્ઠિક બ્રહ્મચારીઓમાં શ્રેષ્ઠ ગણાતા અને તેથી મોટા મહાત્માઓ પણ તેમને માન આપતા હતા. તેઓ વનમાં પોતાના આશ્રમમાં રહેતા. તેણે તપ કરીને પાપ બાળી નાખ્યું હતું. નાના-મોટા બધા જ દોષો નિવૃત્ત થઈ ગયા હતા અને એકદમ શુદ્ધ સાત્ત્વિકભાવે રહેતા હતા.

એક વખત તેમના મનમાં એવો વિચાર આવ્યો. ‘‘અક્ષરાધિપતિ શ્રી પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ તો મન અને વાણીથી અગોચર છે. મને તેમના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન અને તેમનો સાક્ષાત્ સમાગમ, કઈ રીતે થાય ! હું કયા તીર્થમાં જઈને તપ કરું ? સર્વ ભૂતપ્રાણીના ઉપર અત્યંત દયા કરનારા તથા મનોવાંછિત ફળ આપનારા કોણ તે પરમેશ્વર છે કે જેના સ્વરૂપની હું આરાધના કરું ?’’

મહર્ષિ આરુણીના મનમાં આવો વિચાર ચાલતો હતો ત્યારે તેમને આકાશવાણીએ કહ્યું, ‘‘હે આરુણી ! અક્ષરાધિપતિ શ્રી પુરુષોત્તમના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન અને સાક્ષાત્ સમાગમ, આ બંનેની સિદ્ધિ તમને થશે. હું કહું તે અનુષ્ઠાન કરો. ઉન્મત્તગંગામાં ‘‘મંદાકિની’’ નામે તીર્થ છે. ત્યાં તમે તપ કરો. કાળે કરીને ભવિષ્યમાં તમે બીજા જન્મ બ્રાહ્મણ જ્ઞાતિમાં પામશો અને તે વખતે અક્ષર બ્રહ્મપુર ધામના અધિપતિ શ્રી

પુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન અને તેમનો સાક્ષાત્ યોગ તમને મળશે.''

આ રીતની આકાશવાણી મહર્ષિ આરૂણીએ પોતાને કાને સાંભળી. તેઓના મનમાં ઉત્સાહ વધ્યો. પ્રેમના આંસુઓથી વાણી રુંધાઈ ગઈ અને શરીર રોમાંચ થઈ ગયું. તેમણે અહો !! અહો !! ઉચ્ચારીને પોતાને ધન્ય માન્યા. જે દિશા તરફથી શબ્દ સાંભળ્યો હતો તે દિશા તરફ નમીને અક્ષરાધિપતિ શ્રી પુરુષોત્તમને પ્રણામ કર્યા.

તે આરૂણી મહર્ષિ જ શ્રીહરિના પ્રાકટ્ય સમયમાં ''સ્વયંપ્રકાશાનંદ સ્વામી'' આવે નામે મહાત્મા પ્રસિદ્ધ થયા અને તેઓ જ આગળ સમય જતાં શ્રીહરિની પાસે આવ્યા અને તેમના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પામ્યા તથા સદ્‌ગુરુવર્ય થયા.

એક સમયે શ્રી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ જગતના આદ્ય કર્તા શ્રીહરિની પ્રાર્થના કરીને કહ્યું કે મહારાજ આપ મારે ઘાટે સ્નાન કરવા પધારો. પછી શ્રીહરિએ સંતો અને હરિભક્તોને સાથે લીધા. સ્વયં ઘોડે સવાર થયા. વિવિધ પ્રકારના વાજિંત્રના ધ્વનિ સાથે ઉત્સવ કરાવતા શ્રીહરિ ''શ્રી સ્વયંપ્રકાશાનંદ ઘાટે'' પધાર્યા.

પછી પોતાના ચરણકમળના આશ્રિત ભક્તોની સાથે તે ઘાટ ઉપરના મંદાકિની તીર્થમાં શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શ્રીહરિએ સ્નાન કર્યું. નિજભક્તોની સાથે શ્રીહરિ પાછા પધારતા હતા અને ગઢપુરવાસી સર્વ ભક્તજનો રસ્તામાં આવીને પગે લાગતા હતા. આ રીતે સ્વયં ફરી વાર પોતાને નિવાસ સ્થાને અક્ષરભુવન પધાર્યા.

મહાપ્રભુ શ્રીહરિના સ્વરૂપની ભક્તિ કરનારા ભક્તો અહીં મનોહર મંદાકિની તીર્થમાં સકામભાવે જે સ્નાન કરે છે તેને ભગવાન ''શ્રીહરિના સ્વરૂપના યથાર્થ જ્ઞાનરૂપ'' ફળની પ્રાપ્તિ થાય છે.

## ભગવદાનંદ સ્વામી

પૂર્વે દુર્વાસા મુનિના શાપથી ખૂદ બ્રહ્મા ભૂમિ ઉપર જન્મ્યા અને જૈમિનિ મુનિના પૂર્વ મીમાંસા મતમાં સૂર્યના જેવા તેજસ્વી શ્રીમંડન મિશ્ર નામે પ્રસિદ્ધ થયા. તેની પત્નીનું નામ શારદા હતું. તે પતિ કરતાં પણ વિદ્યામાં અધિક વ્યુત્પન્ન (અનુભવી) હતી જેણે મહાન્ શક્તિશાળી શ્રીશંકરાચાર્યને પણ શાસ્ત્રાર્થમાં પરાજીત કર્યા હતા.

શૃંગારસની વિશેષ ચર્ચા કરતાં શ્રી શંકરાચાર્ય અનુભવ કરતા રાજાના શરીરમાં પ્રવેશ કર્યો અને તે દ્વારા પોતાના બ્રહ્મચર્યવ્રતનો ભંગ કર્યો. તે પછી જેમ શ્રીહરિએ દેવીવાળા મગ્નીરામને પરાજિત કર્યા હતા તેમ શ્રી શંકરાચાર્ય પત્નીએ સહિત પંડિતવર્ય શ્રીમંડન મિશ્રને પરાજિત કર્યા અને પછીથી જેમ મગ્નીરામ શ્રીહરિના શિષ્ય થયા તેમ મિશ્રજી શ્રીશંકરાચાર્ય શિષ્ય થયા.

પોતાના અદ્વૈતસિંદ્ધાંતનો પક્ષપ્રબળ કરવામાં અત્યંત દુરાગ્રહ રાખીને બીજા અનેક મતોનું ખંડન કરનારા, તેમજ મહાન તર્કપૂર્ણ બુદ્ધિ વાળા આવા શ્રી શંકરાચાર્યની સેવા શ્રીમંડન મિશ્ર નિરંતર કરવા લાગ્યા.

છતાં પણ શ્રીમંડન મિશ્રના હૃદયમાં, બદરિકાશ્રમમાં રહેનારાનું અપમાન કરનારા શ્રીશંકરની જેમ ક્યાંય સુખ શાંતિ થઈ નહિ.

શ્રીમંડન મિશ્ર પૂર્વના પુણ્યત્મા હતા. એક સમયે તેમની મનોવૃત્તિ સત્વગુણ પ્રધાન હતી ત્યારે તેને સંકલ્પ થયો કે સત્પુરુષોનું પાલન પોષણ કરનારા પરમાત્મા અમને કઈ રીતે મળે ? જો લક્ષ્મીપતિ સાક્ષાત્ નારાયણ મને મળે, તો મારી વિદ્યારૂપ ગાય સુખરૂપ પુષ્કળ દૂધ મને આપે. પરમાત્માનો મેળાપ મને નહિ થાય તો તે વિદ્યા, જેનું સૌંદર્ય નષ્ટ થઈ ગયું હોય એવી નપુંસકની સ્ત્રીની જેમ, તે જીવનભર પાપથી ભરેલી જ

રહેશે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રૂપ ચારે પુરુષાર્થને ચાહતા આવા બધાજ વર્ણના લોકોએ સર્વનું કારણ અને સર્વત્ર વ્યાપીને રહેતા આવા અક્ષરાધિપતિ પુરુષોત્તમનારાયણની ઉપાસના કરવી જોઈએ.

તે ઉપાસના કરીને મનુષ્ય જન્મને સફળ કરવો. એજ મહાન લાભ છે એવું શાસ્ત્રોના પારંગત વિદ્વાનો એ કહ્યું છે. તેમાં પણ જે સારું ભણેલા વિદ્વાન હોય તેણે તો ભગવદ્ઉપાસનાથી મનુષ્ય જન્મને સફળ કરવોજ જોઈએ.

જો તે રીતે માનવ જન્મને સફળ ન બનાવવામાં આવે તો તે નિષ્ફળ (વાંઝિયા) વૃક્ષની જેમ નિરર્થક ગણાય અને તે વ્યક્તિનો જન્મ વગેરે તો કેવળ ભૂમિના ભારરૂપ જ કહેવાય. શ્રીમંડન મિશ્રનું મન આ રીતે પરમાત્માના ચરણરૂપ કમળના ડોડામાં ભમરાની જેમ આસક્ત થયું હતું ત્યારે અપાર દયાળુ પરમાત્મા શ્રીહરિ તેની આગળ પ્રકટ થયા.

અક્ષરાધિપતિ શ્રીહરિના દર્શન થવાથી શ્રીમંડનમિશ્રની બુદ્ધિનું અંધારું ટળી ગયું અને તેમાં જ્ઞાનોદય થવાથી તેમાં રહેલો અપાર મોહ પણ ટળી ગયો. હરખના આંસુઓ તેમની આંખોમાંથી ઊભરાવા લાગ્યા. તેઓ ઝડપથી ઊભા થઈ ગયા. આસન છોડીને પરમાત્મા શ્રીહરિની સન્મુખ ગયા. તેમણે શ્રીહરિના ચરણોમાં જમીન ઉપર ઢળી પડીને વિનયથી દંડવત પ્રણામ કર્યા. અતિશય હર્ષને લીધે શરીર રોમાંચિત થઈ ગયું. ચહેરા ઉપર હાસ્ય સ્ફુરવા લાગ્યું અને આંસુઓથી કંઠ રુંધાઈ ગયો હોવા છતાં તેઓ ધીમે રહીને બોલ્યા.

હે હરે ! હું જૈમિની મુનિ પ્રવર્તિત પૂર્વમીમાંસા શાસ્ત્રને સારી રીતે સમજ્યો છું. અનેક પ્રકારની તર્કપદ્ધતિમાં અગ્રેસર થઈને મેં પરિશ્રમ કર્યો છે. તેથી મારા મનમાં એવા વિચારો આવે છે કે જે જે મનુષ્યોને પૂર્વ જન્મના પુણ્યોનો ઉદય થયો હોય, તે તે લોકો જ આપને દષ્ટિ ગોચર થાય છે.

હે દયાલો ! સમગ્ર સારા વિદ્વાનો ખુશ થાય આવી વિદ્યા હું ભણ્યો છું. તે વિદ્યાની સફળતા આપના ચરણયુગલની આરાધના કરવાથી જ થાય, એમ પણ હું જાણું છું. જો એમ ન હોય તો સારું મીઠું દૂધ નહિ આપતી, વાંઝણી ગાયના જેવી તે વિદ્યા અમાપ મહેનતરૂપ અને ભારરૂપ

જ જણાય અથવા તે વિદ્યા લંકાપતિ રાવણની જેમ ઘણી કુબુદ્ધિ સુઝાડે અને બીજાની સાથે સ્પર્ધામાં જ તેનો દુર્વ્યય થાય.

તેથી જો હું વિદ્વાન્ સંતોની જેમ આપના કલ્યાણકારી શુભ સદ્‌ગુણોનું અને તે ગુણરૂપ અલંકારોનું વર્ણન કરું અને આપના ચરણકમળના સાંનિધ્યમાં રહેવાનો મને સુયોગ મળે, તો જ હું સમસ્ત દોષ (મળ)થી રહિત થઈને પૂર્ણકામ બનું અને બ્રહ્મસ્થિતિને પામું. આપના સિવાય આ જગતના લોકભોગ્ય પદાર્થોમાં મને ક્યારેય અને ક્યાંય વાસના-ઈચ્છા રહેતી નથી.

શ્રીમંડનમિશ્રે જ્યારે આમ કહ્યું ત્યારે શ્રીહરિ તેમના ઉપર રાજી થયા અને દયા કરીને તેમના મનમાં બધા જ સંકલ્પ પૂરા કરવાનું વચન આપ્યું.

રૂડી બુદ્ધિવાળા તે શ્રીમંડનમિશ્ર જ જતે કાળે (યોગ્ય સમયે) રાજવંશમાં જન્મ્યા. તેમણે દૃઢ બ્રહ્મચર્યવ્રત પાળીને સમસ્ત વિદ્યાઓનું સારી રીતે અધ્યયન કર્યું. પ્રેમ અને અભ્યાસથી વશ થયેલી બધી વિદ્યાઓ ગોવાળની ગાયોની જેમ સંસ્કારના પડકારથી આવાહન પામીને તેમની સમીપે આવીને વસી ગઈ. કેટલાક વાદવિવાદ કરવા આવતા વિરોધી પંડિતો તે મેળવેલી વિદ્યાઓના પ્રભાવથી તેમની સામે, અર્જુનની સામે તેના શત્રુઓની જેમ પરાજિત થતા હતા.

તે પંડિત શ્રીમંડનમિશ્રજ ભૂમિ ઉપર ''શ્રીભગવદાનંદ સ્વામી'' આવા નામથી પ્રસિદ્ધ થયા અને પ્રત્યક્ષ શ્રીહરિ મળવાથી તેમના બધા જ મનોરથ પૂર્ણ થયા.

જ્યાં જ્યાં વિરોધી વિદ્વાનો વાદ-વિવાદ કરીને ઉપદ્રવ કરતા સંભળાય ત્યાં ત્યાં સ્વામી તુરંત પહોંચી જતા અને શ્રીહરિના પ્રતાપથી તેમના દ્વારા તે વાદીઓનો પરાજય થતો હતો. વાદીઓને જીતનારા સ્વામીને શ્રીહરિએ આજ્ઞા કરી હતી, તેથી તેઓ પોતાના મંડળના સંતોને સાથે લઈને ભાવનગર ગયા હતા. સ્વામીએ ત્યાં સાંભળ્યું કે વલ્લભીપુરના ઠાકોર સાહેબે શ્રીહરિને તેડાવ્યા છે, તેથી શ્રીહરિ પોતાના આશ્રિત સંત હરિભક્તોની સાથે વલ્લભીપુર પધાર્યા છે. પછી શ્રીભગવદાનંદ સ્વામી પોતાના સતમંડળને લઈને ભાવનગરથી નીકળ્યા

અને નિજભક્તોની સાથે શ્રીહરિ જે સ્થળે વિરાજતા હતા ત્યાં આવ્યા. સર્વજ્ઞ શ્રીહરિએ તેમને આવતા દૂરથી જોયા. પછી સભામાં બેઠેલા સાંભળનારા સૌને આનંદ થાય આવી વાત કહી.

શ્રીહરિ બોલ્યા, આવેલા શ્રીભગવદાનંદ સ્વામી અત્યારથી પહેલાના ત્રીજા જન્મમાં બ્રહ્મા હતા. તેમને દુર્વાસાનો શાપ થયો, તેથી ''મંડનમિશ્ર'' નામે બીજો જન્મ પામ્યા. હે ભક્તો ! અન્ય મતને છોડી દીધા પછી મારું ઘણું જ માહાત્મ્ય સમજીને તેમણે મને પ્રાપ્ત કરવા માટે ઘણો જ પરિશ્રમ કર્યો હતો. તેમણે સચ્છાસ્ત્રોના અભ્યાસમાં જે પુષ્કળ પ્રયાસ કર્યો હતો તેને હું જાણતો હતો, અને તેથી જ હું તે સમયે તેમની દૃષ્ટિ આગળ મારા અક્ષરાધીશ મૂળ સ્વરૂપમાં પ્રકટ થયો હતો. તે સમયે મેં તેમને વરદાન આપ્યું હતું, વચન આપ્યું હતું, તેથી જ આ મુનિ આ જન્મે મને પામ્યા છે અને મારા ચરણારવિંદનો આશ્રય કરવાથી તેમના બધા જ સંકલ્પ પૂર્ણ થયા છે. અત્યારે જે જે મારા યોગમાં આવ્યા છે તે બધા જ પૂર્વના શુભ સંસ્કારી પુણ્યશાળી છે. જો તેમ ન હોય તો તે બધાને મારા ચરણકમળને પામવાનો લાભ મળે જ નહિ.

તમે બધા પૂર્વના શુભ સંસ્કારી છો, પુણ્યશાળી છો. તમે સહુએ મને મળવા માટે ઘણા સાધનો કર્યા છે. એટલે અત્યારે જે તમે સહુ મારે શરણે રહ્યા છો તે બધાને હું અક્ષરધામના મુક્તોના જેવા માનું છું. અપાર ભાવભર્યા હૃદયવાળા શ્રીભગવદાનંદ સ્વામી સંતમંડળે સહિત શ્રીહરિની નજીક આવ્યા અને બદરીપતિ નારાયણની આગળ નારદજીની જેમ, જમીન ઉપર સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા.

શ્રીહરિના દર્શન થવાથી સદ્‌ગુરુ શ્રીભગવદાનંદ સ્વામીને એટલો બધો આનંદ થયો કે તેનાથી તેમનું હૃદયકમળ અને નેત્રકમળ સંપૂર્ણપણે ભરાઈ ગયા. શ્રીહરિના સ્વરૂપમાં તેમને એટલો બધો પ્રેમ ભાવ હતો કે તે સમયે પ્રકટેલા પ્રેમ ભાવને પોતે અને પોતાના સંતો જ સમજી શક્યા હતા. પછી પોતાના શિષ્યોને સાથે રાખીને શ્રીહરિની આગળ ઘણી સારી ભેટ સામગ્રી મૂકી અને પોતે જ રચેલા, શ્રીહરિના મહિમાથી ભર્યા એવા નવા અષ્ટકો બોલીને શ્રીહરિની સ્તુતિ કરી. તે સ્તુતિના અષ્ટકો સાંભળીને શ્રીહરિ

તેના ઉપર પ્રસન્ન થયા અને તેમને અભીષ્ટ વર આપ્યા. પોતાની ઈચ્છા મુજબની સેવા કરનારા તે સ્વામીની સભાવચ્ચે શ્રીહરિએ પ્રશંસા કરી. પછી શ્રીહરિએ શ્રીભગવદાનંદ સ્વામીને પોતાની સાથે લીધા અને ''સદ્વિદ્યા પ્રાપ્તિ'' નામે તીર્થમાં ભક્તોની સાથે જળક્રીડા કરીને સ્નાન કર્યું.

જળક્રીડા કરાવતા શ્રીહરિએ વલ્લભીપુરના ઠાકોર સાહેબના ઉપર તથા ત્યાંના ભક્તોના ઉપર ખોબે ખોબે પાણી ઉછાળીને સહુને સ્નાન કરાવ્યું.

એક સમયે નાસ્તિકોના આશ્રયમાં રહીને મહાપુરુષોના અપમાન રૂપ દોષ લાગવાથી જે ઘણા જીવો જ્યાં ત્યાં ભટકતા હતા અને ઉન્મત્તગંગાના જળપ્રવાહથી મોક્ષ પામેલા જીવો સાથે જેનો ઉદ્ધાર થયો ન હતો. તે બધા જીવોને પોતાના આત્માને શુદ્ધ કરવાની ઈચ્છા થઈ હતી. પછી શ્રીહરિને ત્યાં પધારેલા જાણીને તેઓ તેમની પાસે આવ્યા. તે બધા જીવો શ્રીહરિની આગળના ભાગમાં દૂર રહ્યા અને પછી ગદ્‌ગદ્‌વાણી ઉચ્ચારીને પોતાના પાપથી છૂટવા માટે પરમ આદરભાવે સ્તુતિ કરવા લાગ્યા.

''હે હરે ! અમે આપના ચરણને આશરે આવ્યા છીએ. અપાર પાપથી અમે (અમારો આત્મા) અત્યન્ત વિહ્‌વળ છીએ તો આપ અમને શુદ્ધ કરો. આપના સિવાય અમારે માટે બીજી કોઈ ગતિ અમે દેખતા નથી.''

પછી શ્રીહરિએ લીલામાત્રમાં ખોબામાં પાણી ભરી ભરીને સ્તુતિ કરતા અસદ્‌ગતિ પામેલા તે જીવોના ઉપર છાંટ્યું, તેમને શુદ્ધ કર્યા અને, ગાંફ ગામની પાસે, પૂર્વે પૂતનાએ મારેલા બાળકોનો ઉદ્ધાર કરીને તેમને જેમ અક્ષરધામમાં મોકલ્યા હતા તેમ, આ બધા અસદ્‌ગતિ પામેલા જીવોને પણ અક્ષરધામમાં મોકલ્યા. ત્યાં રહેલા સહુ લોકો દેખે તે રીતે તે અસદ્‌ગતિ પામેલા બધા જીવોને અપાર પાપોથી છોડાવ્યા પછી પરમેશ્વર શ્રીહરિ ઉન્મત્તગંગાના જળમાંથી બહાર આવ્યા. કોરાં વસ્ત્ર પહેર્યા અને આસન ઉપર બેસીને સર્વોત્તમ વાત કહી.

હે ભક્તજનો ! આ સ્થળે શ્રીભગવદાનંદ સ્વામીનો અને મારો મેળાપ થયો છે તેથી અહીંયા તેમને નામે ''ભગવદાનંદ ઘાટ'' ભૂમિ ઉપર પ્રસિદ્ધ થશે.

## શ્વેતવૈકુંઠાનંદ સ્વામી

શ્રી ત્રિત ઋષિના જેવા પૂર્વેના ઘણાજ પુણ્યશાળી ગાલવનામે મુનિ હતા, જે બીજા જન્મમાં દ્વિજ જાતિમાં મારવાડ દેશના જોધપુર ગામે જન્મ્યા હતા. તેઓ બાલ્ય અવસ્થામાં બધા સંસ્કારો પામ્યા. યજ્ઞોપવીત સંસ્કાર પણ થયો અને પૂર્વની અભ્યાસ કરેલી વિદ્યાઓ પણ આ જન્મમાં ફરીવાર મળી. પ્રશસ્ત બુદ્ધિમાન હોવાથી તેમણે બ્રહ્માની જેમ ચારે વેદોને ત્રણ વખત વિચારી જોયા. પછીતેમણે પોતાની બુદ્ધિમાં શાસ્ત્રોના સિદ્ધાન્તોનો પણ નિશ્ચય કરી લીધો. જીવોના આત્યંતિક કલ્યાણનું સાધન ભગવાન શ્રીહરિનો આશ્રય જ છે. તેને તજીને અન્યમાર્ગ-બીજા ઉપાય કરવામાં આવે તો તેનાથી જીવ શાંતિ પામી શક્તો નથી. જગતની રચના આદિ કાર્યોમાં જોડોયલા અને તેમના મહિમાને સમજનારા બ્રહ્મા આદિ દેવતાઓ પણ અવિરતપણે તે શ્રીહરિની જ ઉપાસના કરે છે.

પૂર્વે જેમ શુકદેવજી મહારાજે જેમ ઘરનો ત્યાગ કર્યો તેમ હું પણ ઘરનો ત્યાગ કરીને તે શ્રીહરિના ચરણોનું નિરંતર ભજન કરીશ. તેમની બાવીસ વર્ષની અવસ્થા થઈ ત્યારે તેમના પિતા દેહ મેલી ગયા પણ તેમને પોતાના પુત્રમાં હેત બહુ હોવાથી ભૂત થયા, તેથી એ સ્વામી રાત્રીએ સુવે ત્યારે ભૂતરુપી તેમના પિતા તેમને દેખાય ને તે ટાળવા સારુ તેમણે ઘણા ઘણા ઉપાય કર્યા પણ તે દેખાતા બંધ ન થયા. ત્યારે પોતાની ઓરમાન મા હતી તેનો તથા ઘરનો ત્યાગ કરીને પોતાના પિતાનું સારું થાય ને તેનો ઉદ્ધાર થાય તેવો વિચાર ધારીને ઘરમાંથી પાંચસો રૂપિયા લઈ કોઈ લુંટી ન જાય તે માટે ભગવાં વસ્ત્ર પહેરીને નુરસિંહહાનંદ નામ રાખી લીધું. અને ચાલી નિસર્યા ને ગોકુળ, મથુરાં, કાશી, હરદ્વાર અને ગયા વગેરે તીર્થોમાં જઈ સરાવણું કરાવ્યું તોપણ

ડોસો પોતાને રાત્રીયે દેખાતા બંધ થયા નહિ. ત્યારે પોતે જગન્નાથપુરી અને રામેશ્વર તરફ ગયા ને ત્યાં પણ સરાવણું કરાવ્યું ને બ્રાહ્મણોને જમાડી દાન દીધાં, તોપણ તે ડોસો રાત્રે દેખાયા. પછી તે દ્વારકા ગયા ને ત્યાં રણછોડજીનાં દર્શન કરીને ગોમતીમાં સ્નાન કરીને બ્રાહ્મણોને દાન દીધાં. પછી બેટમાં જઈ છાપો લીધી તથા રણછોડજી અને અષ્ટ પટ્ટરાણીનાં દર્શન કર્યાં ને રાત્રે સુતા ત્યારે પણ ડોસો દેખાયા. પછી પોતે ત્યાંથી સુદામાં પુરી ગયા ને ત્યાંથી પ્રભાસપાટણ જઈ ત્રિવેણીમાં સ્નાન કરી સરાવણું કરાવ્યું ને બ્રાહ્મણોને જમાડી દાન દીધાં. ને રાત્રીયે સુતા ત્યારે પણ ડોસો દેખાણા.

પછી તે સવારે ઊઠીને ચાલ્યા તે જુનાગઢ ગયા ને ત્યાં દામોદરકુંડમાં નાહીને દામોદરજીનાં દર્શન કર્યાં ને બ્રાહ્મણોને દાન દીધાં ને રાત્રીયે સુતા ત્યારે ડોસો દેખાયા ત્યારે પોતે વિચાર કર્યો કે, 'મેં આટલા બધાં તીર્થ કર્યાં તોપણ ડોસાનો ઉદ્ધાર ન થયો ? માટે હવે તો સવારમાં મારે ભૈરવજપ ખાઈને મરવું અથવા તો આંબાનું ડાળખું ભાંગીને તેનો ગળામાં ફાંસો દઈ પછી ડુંગરેથી પડીને મરવું અને એમ કરતાં ન મરાય તો હીમાળામાં ફાસં દઈ પછી ડુંગરેથી પડીને મરવું અને એમ કરતાં ન મરાય તો હીમાળામાં જઈને ગળી મરવું ને જો ભગવાન મળે તો ન મરવું. એમ મનમાં વિચારીને પાછા સુઈ ગયા, ત્યારે તે જ રાત્રીમાં તેને દ્વારિકાનાથ રણછોડજીયે દર્શન દીધા ને કહ્યું 'ગઢડા ગામમાં સ્વામિનારાયણ નામે પ્રગટ ભગવાન બિરાજે છે, ત્યાં તું જાજે તે તારા ડોસાનો ઉદ્ધાર કરશે ને તારો પણ મોક્ષ કરશે' એમ કહીને અંતર્ધાન થઈ ગયા તે પછી સવારે જાગ્યા ત્યારે આકાશવાણી થઈ જે 'તું ગઢડે જા, ત્યાં તને પ્રગટ ભગવાન મળશે ને તારા ડોસાનો મોક્ષ કરશે. એમ ત્રણ વાર થઈ તે સાંભળીને પોતે ભુખ્યાં ને તરસ્યા તુરંત ચાલી નીકળ્યા ને અતિવેગમાં ચાલ્યા જાય તે રસ્તો પૂછતા જાય.'

એમ કરતાં ઘેલા નદીને કાંઠે આવ્યા ને ત્યાં નાહીને ગામમાં દાદાખાચરના દરબારમાં સાધુની જગ્યામાં મુક્તાનંદ સ્વામી સત્સંગશિરોમણી બિરાજતા હતા. ત્યાં જઈને સ્વામીને પગે વળગી પડ્યા,

ત્યારે સ્વામી કહે 'અરે મહાપુરુષ ! પગ મુકી દીયો ને તમે કોણ છો ?' ત્યારે તે કહે 'હું તો એક ગૃહસ્થનો છોકરો છું ને આ ભગવાં લુગડાં તો કોઈ વાટમા ચોરો ચકાર લુંટે નહિ માટે રાખ્યાં છે.' એમ કહી પછી પોતાનું સઘળું વૃત્તાંત સ્વામીને કહી સંભળાવ્યું ને કહ્યું, 'મને તમે ઝટ સ્વામિનારાયણનાં દર્શન કરાવો' ત્યારે સ્વામી કહે, 'તમે ધીરા રહો, તમને દર્શન જરૂર થાશે.' એમ વાત કરે છે ત્યાંતો 'મહારાજ કારીયાણીથી આજ ચાર વાગ્યે અહીં પધારશે.' એવી વધામણી આવીને પછી મહારાજ ચાર વાગ્યે ગઢપુર પધાર્યા ને દાદાખાચરના દરબારમાં આવ્યા ત્યારે મુક્તાનંદ સ્વામી મહારાજનાં દર્શન કરવા ગયા, તે સાથે તે મુમુક્ષુ પણ ગયો. તે વખતે મહારાજે માણકી ઘોડી ઉપર બેઠેલા ને ચરણમાં નવીજ મોજડીઓ પહેરેલી હતી. તે સમે તે મુમુક્ષુ મહારાજનાં દર્શન કરીને પેગડે વળગી પડ્યો ને આંખોમાંથી આંસુની ધાર મોજડીઓ ઉપર પડવા માંડી. ત્યારે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, "આ કોણ છે ?" ત્યારે સ્વામી કહે "એ પ્રેમી ભક્ત છે તે તમારાં દર્શન કરવા આવેલો છે."

પછી મહારાજ માણકી ઘોડી ઉપરથી ઉતર્યા ને સ્વામી સાધુની જગ્યામાં ગયા અને મહારાજ અક્ષર ઓરડીએ પધાર્યા. ને બ્રહ્મચારી થાળ લઈને આવ્યાને મહારાજ નાહીને જમ્યા ને પછી ચળુ કરીને મુખવાસ જમ્યા ને ઢોલીયે બિરાજમાન થયા તે વખતે દાદાખાચર આવ્યા ને મહારાજને પગે લાગીને સામા બેઠાને મહારાજ તેમની સાથે વાતો કરવા માંડ્યા. તે વખતે ત્યાં મુક્તાનંદ સ્વામી આવ્યા તેને જોઈને મહારાજે પોતાના પાર્ષદોને કહ્યું, "સ્વામીને ચાકળો નાંખી આપો." એટલે રતનજી બાપુ ઉઠીને ચાકળો નાંખી આપ્યો એટલે તે ઉપર સ્વામી બેઠા ને પેલો મુમુક્ષુ આવીને સ્વામીની પાછળ બેઠો. ત્યારે મહારાજે સ્વામીને પૂછ્યું, "તમારે પાછળ બેઠો તે કોણ છે ?" ત્યારે સ્વામી કહે, "એ ખપવાળો પ્રેમી ભક્ત છે તે ભગવાન મેળવવા માટે ને પોતેના ડોસાનો ઉદ્ધાર કરવા માટે ઘણા તીર્થમાં ફર્યો પણ તેને જુનાગઢમાં રાત્રીને સમે દ્વારિકાનાથજીએ દર્શન દીધાં ને કહ્યું જે તમને ગઢડે પ્રગટ ભગવાન મળશે ને એ પ્રમાણે ત્રણવાર સવારે આકાશવાણી પણ થઈ. તેથી તે આંહી

આવેલ છે.'' ત્યારે મહારાજ કહે, તેમનો ડોસો તો દેહ મેલીને ભૂતયોનીને પામ્યો હતો પણ આ પ્રેમી આંહી લાવ્યો ત્યારે ઘેલામાં નાહ્યો ત્યારે જ તે ડોસીની સદ્‌ગતિ થઈ ને તેને અમે બદ્રરિકાશ્રમમાં મોકલી દીધો છે ને આ ત્રણ દિવસથી ભુખ્યો છે માટે બ્રહ્મચારીને કહો જે, એને અમારા થાળની પ્રસાદી જમાડે. પછી બ્રહ્મચારીએ તેને થાળની પ્રસાદી જમાડી તે જમીને મહારાજ પાસે આવ્યો.

ત્યારે મહારાજે તે ભક્તને પૂછ્યું, ''તમારે અમારી પાસે રહેવું છે ?'' ત્યારે તેમણે હા કહી એટલે મહારાજે તેને વર્તમાન ધરાવીને કંઠી બાંધી ભક્તનાં ધોળાં લુગડાં પહેરાવીને લક્ષ્મીવાડીએ જાવાનું કહ્યું જે, ''અમારા સારુ લક્ષ્મીવાડીએ થી ફળ ફૂલ મોકલજો.'' એમ કહીને ત્યાં મોકલ્યા ત્યારે તે વાડીમાં જઈને કામ કરવા લાગ્યા. એમ એ ભક્તે પાંચ વર્ષ સુધી વાડીમાં સેવા કરી ને છઠ્ઠે વર્ષે તે ભક્ત દાદાખાચરના દરબારમાં આવીને મહારાજે પગે લાગીને બોલ્યા, જે 'હે મહારાજ ! મને સાધુ કરો.' ત્યારે મહારાજે પૂછ્યું જે, ''શા સારુ સાધુ થાવું છે ?'' ત્યારે તેણે કહ્યું ''હે મહારાજ ! મારે તમારી કથા વાર્તા સાંભળવી છે કારણ કે વાડીમાં સેવા થાય પણ તમારી વાતોનું સુખ નથી આવતું . તેથી સાધુ થવાનું મનમાં રહે છે.'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''હજી બહુ જ સમજવાનું બાકી રહ્યું છે. એમ કહીને દિક્ષા આપીને સાધુ કર્યા ને શ્વેતવૈકુંઠાનંદસ્વામી નામ પાડ્યું. પછી તે નિત્ય મહારાજની વાતો સાંભળતા ને મહારાજ સ્વધામ પધાર્યા પછી તે વડતાલમાં રહ્યા હતા.

# શૌનક મુનિ શ્રીધરાનંદ સ્વામી રૂપે

શ્રીશૌનક મુનિએ લગભગ એક હજાર વરસ સુધી ભગવાનની શુભ કથા સાંભળી તેનાથી તેમના મનમાં કોઈ પણ જાતની માયિક ઈચ્છા જ ન રહી. માયાથી પરે પોતાના દિવ્ય ધામમાં પોતાના પાર્ષદો અને મુક્તો સાથે વિવિધ લીલા કરતા ઈશ્વરાધીશ્વર પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું જે શૌનકઋષિ અખંડ ધ્યાન કરતા હતા.

જે પરમાત્મા સ્વરાટ્ સ્વતંત્ર છે અને પોતાની ભ્રુકુટિના વિલાસ માત્રથી અનેક સંપૂર્ણ બ્રહ્માંડોની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય આદિ ક્રિયાઓને કરે છે. “તે પરબ્રહ્મ પુરુષોત્ત આ બ્રહ્માંડમાં ક્યારેય પધાર્યા નથી” આમ માનીને આ બ્રાહ્માંડનાં અધિપતિ બ્રહ્મા આદિ દેવો તેમને પોતાના બ્રહ્માંડમાં લાવવા માટે નિરંતર સ્તુતિ કરતા રહ્યા છે. તે સહુના પ્રાર્થના વચનોને સાંભળીએ સર્વેશ્વર પરબ્રહ્મ આ ભૂલોકમાં શ્રીધર્મદેવને ઘેર તેમના પુત્રરૂપે પ્રકટ થયા.

કાળે કરીને જેઓ શ્રીસહજાનંદ સ્વામી આવે નામે પ્રસિદ્ધ થઈને મહાન યશસ્વી થયા. તેમણે પોતાના દિવ્ય અને મનુષ્ય ચરિત્રોથી માતા પિતાને રાજી કર્યા. રાત દિવસ તે પરબ્રહ્મનું ધ્યાન કરનારા અને તપસ્યા કરતા ઋગ્વેદી શ્રીશૌનક મુનિના મનમાં તે પરમાત્માના દર્શન કરવાની ઈચ્છા ઓચિંતા થઈ આવી. દર્શનની ઈચ્છા રાખનારા તે શૌનક ઋષિના હૃદયમાં અપાર પીડા થઈ. અને શ્રી શૌનક મુનિને મધ્ય રાત્રિએ પણ એક ક્ષણવાર ઊંઘ આવતી નહિ.

શ્રી શૌનક મુનિના મનમાં સમસ્ત કષ્ટનું નિવારણ કરનારા પરમાત્માના દર્શનીજ ઈચ્છા હતી. તેમનું તપ તો ઘણું હતું. તેમની બધીજ ઈચ્છાઓ શમી ગઈ હતી. તેમના શરીરમાં હાડ માંસ અને રુધિર

બધું સૂકાઈ ગયું હતું. ધ્યેય શ્રીહરિના સ્વરૂપમાં સમાધિ થઈ હતી. તેમના પ્રાણ શરીર તજવા તૈયાર થયા હતા.

સર્વનું કારણ અને અક્ષરથી પણ પર આવા સર્વેશ્વર પરમાત્માએ શ્રી શૌનક મુનિનીઆવી અસ્વસ્થતા દેખી. એટલે યુગયુગમાં ધર્મની રક્ષા કરવા ભૂમિ ઉપર અવતાર ધારણ કરનારા શ્રી પુરુષોત્તમનારાયણ તુરંત તેમની આગળ જ પ્રકટ થયા.

પૂર્વે સ્વયંભૂ બ્રહ્માને જે પરમેશ્વરના કિંચિત માત્ર દર્શન થયા અને 'તપ' શબ્દ સાંભળીને સો વર્ષ પર્યંત તપસ્યા કરી અને વેદવાણી પ્રાપ્ત કરી હતી. તે દેવદુર્લભ દર્શન પોતાની નજર આગળ નિહાળી ને શૌનકઋષિતો હર્ષના પ્રવાહમાં માનો નાહવા લાગ્યા. શરીર કૃશ થઈ ગયું હતું પણ તે રોમાંચિત થઈ ગયું. તેઓ ઉત્સાહના આવેગમાં આસન ઉપરથી ઊભા થઈ ગયા અને ઝડપથી તેમની સામે ગયા. શ્રી શૌનક ઋષિએ તુરંત મહાપ્રભુના બન્ને ચરણકમળમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. હરખના આંસુઓથી તેમની આંખો ભરાઈ ગઈ. જાણે શરીરનું ભાન ન રહ્યું હોય તેમ સમાધિની સ્થિતિને પામી ગયા અને તેઓ ભગવદ્ દર્શન સુખના સમુદ્રમાં ડૂબી ગયા. અક્ષરાધિપતિ ભગવાન પુરુષોત્તમે શ્રી શૌનક મુનિનો અત્યંત ભક્તિભાવ જોયો, તેના ઉપર અત્યંત પ્રસન્ન થયા. અને તેને સુખની ખાણરૂપ પોતાના દર્શન દીધાં પછી સ્વયં બોલ્યા.

અક્ષરાધિપતિ કહ્યું, હે શૌનક ! હું સ્વરાટ્ સ્વતંત્ર છું. મારું સ્વરૂપ મન અને વાણીને અગોચર છે. છતાં તમારી ભક્તિથી અત્યંત ખેંચાયેલો હું ગંગાની જેમ તમારી પાસે આવ્યો છું. તમારી "દર્શન કરવાની ઈચ્છા" મેં પૂર્ણ કરી છે. હવે બીજી કાંઈ ઈચ્છા હોય તો બોલો. "હું આપીશ" પ્રભુએ આવું કહ્યું ત્યારે તે શૌનક તેમના પ્રત્યે બોલ્યા મને આપની સાથે વસવાની ઈચ્છા છે.

અક્ષરાધિપતિએ તેને "બહુ સારું, તમે ચાહો છો તેમ થશે." આટલું કહ્યું અને સ્વયં વીજળીના ઝબકારાની જેમ અદૃશ્ય થઈ ગયા. સમય જતા બદ્રરિકાશ્રમમાં દુર્વાસા મુનિના શાપ ને પામેલા શ્રી શૌનક મુનિ બીજા જન્મમાં શ્રીધરાનંદ સ્વામી આવે નામે થયા. શ્રીહરિના અપાર

મહિમાથી ભરી ઘણીજ પવિત્ર વાતો કરતા હતા. દેવર્ષિ નારદજીના જેવી શ્રીધરાનંદ સ્વામીએ કહેલી વાતો સાંભળીને ઘણા લોકો ભગવાનના ભક્ત થયા હતા.

**● શ્રીધરાનંદ સ્વામી સ્વતંત્રપણે ધામમાં ગયા**

એક સમયને વિષે ગામ ઠાસરામાં શ્રીધરાનંદ સ્વામીએ સર્વે હરિજનોને બોલાવીને કહ્યું જે, ''મારે આવતી કાલે દેહ મેલવો છે.'' એમ કહીને સુકા પીપાળાનાં તથા તુલસીનાં કાષ્ટ મંગાવ્યાં તથા સુતારને બોલાવીને પોતે માથે ઉભા રહીને પાલખી કરાવીને પોતાને હાથે રૂમાલ બાંધીને ખીંટીયે મેલ્યોને કહ્યું જે, જ્યારે મને પાલખીમાં બેસારો ત્યારે આ રૂમાલ મારે માથે મેલજો'' એમ વાત કરી સ્વતંત્રપણે દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં ગયા.

## ભારદ્વાજ ઋષિનું અવતરણ પ્રભાનંદ સ્વામી રૂપે

ભારદ્વાજ એ સપ્તર્ષિઓમાંના એક મહર્ષિ ગણવામાં આવે છે. તેમના દ્વારા રચિત વૈમાનિકમ્ શાસ્ત્રમ્માં વિજ્ઞાન બનાવવાની માહિતીનું સવિસ્તાર વર્ણન છે. યંત્ર સર્વસ્વ નામના ગ્રંથમાં ઉડ્ડયન વિજ્ઞાન અને વિમાન શાસ્ત્ર યંત્રાધિકરણ નામના ગ્રંથમાં વિમાનોના રક્ષણ અંગે વર્ણન કરાયું હતું.

ભારદ્વાજ મુનિના પિતા - બૃહસ્પતિ અને માતા ઉત્થયા હતા. તેમને દ્રોણાચાર્ય અને કાત્યાયની નામના બે સંતાનો હતા. ભારદ્વાજ મુનિ ગુરુ દ્રોણ (દ્રોણાચાર્ય)ના પિતા અને કળિયુગના સાત અમર મહાત્મા (ચિરંજીવીઓ) પૈકીના એક અશ્વત્થામાના દાદા હતા. ભારદ્વાજ મુનિના વંશજ ગણાતા ઉત્તર ભારતના અમુક બ્રાહ્મણો પોતાની અટક ભારદ્વાજ લખે છે. આ સિવાય મોટા ભાગના બ્રાહ્મણો અને દક્ષિણ ભારતના કેટલાક ક્ષત્રિયોમાં પણ ભારદ્વાજ ગોત્ર હોય છે. આ ભરદ્વાજ ઋષિને બદ્રરિકાશ્રણમાં દુર્વાસનો શાપ મળ્યા પછી ધરતી પર પ્રભાનંદસ્વામી રૂપે પ્રગટ થયા હતા.

● **પ્રભાનંદસ્વામી**

એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ લોજમાં વિરાજમાન હતા. એ સયમે દીવ બંદરનો એક વણિક એમના દર્શને આવ્યો. આ વણિકનો પૂર્વ પ્રસંગ ભારે આશ્ચર્યથી ભરેલો હતો. વણિક પરમ વૈષ્ણવ હતો. દ્વારિકાધીશ પ્રત્યે એમની ખૂબ શ્રધ્ધા અને આસ્થા હતી. વણિક વહાણવટું કરતો. દેશ-પરદેશમાં એનો વેપાર ચાલતો. એકવારએનું વહાણ દરિયાના તોંફાનમાં સપડાયું. વાણિયો અને ખારવાઓ ભયભીત થયા. વાણિયાને થયું. 'વહાણ તો ડૂબી જશે અને સાથે માણસો પણ મરી જશે.' વાણિયો આર્તસ્વરે ભગવાન દ્વારિકેશને પ્રાર્થના કરવા લાગ્યો; એણે મનોમન માનતા માની, "હે દ્વારિકેશ ! જો મારું વહાણ અને માણસો બચી જશે, તો વહાણની અડધી સંપત્તિ તારે ચરણે ધરીશ."

વાણિયાની શ્રધ્ધા અને હૃદયની પ્રાર્થનાથી, વહાણનો ચમત્કારિક બચાવ થયો. વહાણ સહીસલામત દીવબંદર પહોંચ્યું. મન બહુ ચંચળ છે, ભલભલાને ગોથા ખબરાવે છે. સહીસલામત કાંઠે પહોંચ્યા પછી વાણિયાના મને ઊથલો માર્યો. એના મનમાં લોભ જાગ્યો. એણે માનતા તો અડધી સંપત્તિ અર્પણ કરવાની માની હતી. પરંતુ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ વાણિયાના મન ઉપર લોભનો પ્રભાવ વધતો ગયો અને વાણિયાનું મન ફરતું ગયું. વાણિયાના મનમાં થયું ભગવાન તો ભાવના ભૂખ્યા છે, લક્ષ્મીના સ્વામી છે, અડધી સંપત્તિનું કાંઈ નહીં, અડધાની અડધી સંપત્તિ દ્વારિકેશને ચરણે ધરી માનતા પૂરી કરીશ.'

વાણિયો ધીરે ધીરે એમાં પણ કાપ મૂકતો ગયો. આખરે માનતા પૂરી તો કરવી જ પડે, એટલે થોડા માણસોનો સંઘ લઈ વાણિયો દીવથી દ્વારિકા જવા નીકળ્યો. રસ્તામાં લોજ ગામ આવ્યું. લોજમાં સદ્‌ગુરુ રામાનંદસ્વામી બિરાજતા હતા. રામાનંદસ્વામીની પ્રસિદ્ધિ સાંભળીને વાણિયો રામાનંદસ્વામીના દર્શને આવ્યો. વાણિયાના મનમાં રામાનંદસ્વામીની પરીક્ષા કરવાનું મન થયું. એણે સંકલ્પ કર્યો, "જો રામાનંદસ્વામી ખરેખર સમર્થ સંત હોય, તો હું શા માટે નીકળ્યો છું ?

એ મને અંતર્યામીભાવે જણાવે.'' વાણિયો રામાનંદસ્વામીને વંદન કરી સામે બેઠો. અંતર્યામી સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ દરિયામાં થયેલાં તોફાનથી માંડીને માનતા સુધીની બધી જ વાત કરી, પરંતુ શેઠની માનહાનિ ન થાય માટે સ્વામીએ જાણવા છતાંય એના મનની નબળાઈની વાત છતી ન કરી. રામાનંદસ્વામીના અંતર્યામીભાવને જોઈને વાણિયો આશ્ચર્યચક્તિ થયો. આવા મહાન સમર્થ સંતના ચરણમાં એણે અહે દ્વારિકા માની, રામાનંદસ્વામીનો શિષ્ય થયો.

રામાનંદસ્વામીની આજ્ઞા પ્રમાણે એમને પોતાની માનતા પૂરી કરી. માનતાનું જે કાંઈ દ્રવ્ય હતું. તે ગરીબોની સેવા અને ભૂખ્યાઓને ભોજન કરાવવામાં વાપર્યું. વાણિયો દીવબંદર પાછો ગયો. રામાનંદસ્વામીને ઈશ્વરમૂર્તિ સંત માની આરાધવા લાગ્યો.

સમય વીતતો ચાલ્યો. સદ્‌ગુરુ રામાનંદસ્વામી અંતર્ધાન થયા. નીલકંઠવર્ણી એમની ગાદીએ આવ્યા. વાણિયો નીલકંઠવર્ણીનાં દર્શને લોજ આવ્યો પણ એમના મનમાં સંકલ્પ હતો, 'રામાનંદસ્વામીએ જેવું અંતર્યામીપણું બતાવ્યું હતું. એવું જ અતર્યામીપણું જો નીલકંઠ બતાવે તો હું એમને ભગવાન માનું.'

ભગવાન નીકલંઠવર્ણી સભા ભરીને બેઠા હતા. એમને અંતર્યામીપણે વાણિયાના ઘાટસંકલ્પ જાણી લીધા હતા. વાણિયાના મનના ઘાટ કહેવા માટે નીલકંઠવર્ણીએ અનોખો માર્ગ અપનાવ્યો. સભામાં એક નાનો છોકરો બેઠો હતો. મહારાજે તેને કહ્યું ''છોકરા ! આ વાણિયાના મનમાં જે ઘટમાળ ચાલે છે, તેની તું વાત કર.''

ભગવાન નીલકંઠવર્ણીનાં પ્રતાપથી છોકરાને અંતર્યામીપણું પ્રાપ્ત થયું. છોકરો બોલ્યો, ''મહારાજ ! આ વાણિયો લોભિયો છે. એનું વહાણ ડૂબતું હતું ત્યારે એણે વહાણમાં રહેલી અડધી સંપત્તિ દ્વારિકેશને ચરણે ધરવાની માનતા માની હતી, પરંતુ પાછળથી એનું મન ફરી ગયું. અને થોડીઘણી સંપર્તિ દ્વારિકેશને ચરણે ધરી માનતા પૂરી કરવા નીકળ્યો હતો. રસ્તામાં આજ ગામે એને સદ્‌ગુરુ રામાનંદસ્વામીનાં દર્શન થયા હતા.''

"રામાનંદસ્વામીએ અંતર્યામીભાવે એમના મનના ઘાટ સંકલ્પ કહી દેખાડ્યા હતા, પરંતુ એ વિશાળ દિલના સંતે આ લોભિયાના લોભને ક્ષમા કરી દીધો હતો. આ વાણિયો રામાનંદસ્વામીનું ઐશ્વર્ય જોઈને એમનો આશ્રિત થયો. આ રીતે એક વાર એણે રામાનંદસ્વામીની પરીક્ષા કરી અને આજે હવે એ તમારી પરીક્ષા કરવા અહીં આવ્યો છે !" નાનકડો અબુધ છોકરો અંતર્યામીભાવે વાણિયાની વીતેલી ઘટના કહી રહ્યો હતો. સાંભળનારા સર્વે આશ્ચર્યચકિત થઈ રહ્યા હતા. આટલો નાનો છોકરો આ રીતે અજાણી ઘટના કહે, તે કોઈને મનાય તેવી વાત ન હતી. શરમિંદા બનેલા વાણિયાએ એકદમ ઊભા થઈ નીકલંઠવર્ણીના પગ પકડી લીધા અને કહ્યું, "વર્ણીરાજ ! તમે તો રામાનંદસ્વામી કરતાં પણ વધારે પ્રતાપી નીકળ્યા. રામાનંદસ્વામી સ્વયં અંતર્યામી હતા અને મનના સંકલ્પને જાણી જતા હતા, જ્યારે તમારાં ઐશ્વર્યથી તો નાના છોકરાઓને પણ અંતર્યામીપણું પ્રાપ્ત થયું."

મહારાજે મંદ મંદ હસીને કહ્યું, "શેઠ! મનના સંકલ્પ જાણવાથી જ મહાત્મા નથી થવાતું. મનના સંકલ્પને જાણવાની વિદ્યા તો ઘણા જાદુગરો પાસે પણ હોય છે. મહાત્માનું મહાત્માપણું તો મન ઉપર વિજય મેળવવાથી પ્રાપ્ત થાય છે."

"શેઠ ! લોભ ન કરાય. કંચન અને કામિનીનો મોહ ભલભલાને ભૂલા પાડે છે કાં તો માનતા માનવી નહીં અને માનીએ તો દિલથી પૂરી કરવી જોઈએ. ભગવાન સંપત્તિના ભૂખ્યા નથી, પરંતુ જીવના મનની નબળાઈ જીવ માટે જ હાનિકારક છે."

વણિકે બે હાથ જોડી ક્ષમા માગી અને કહ્યું, "મહારાજ ! મેં ઠાકોરજીને છેતર્યા છે એ અપરાધથી મુક્ત થવા માટે મારે હવે શું કરવું જોઈએ ?"

ભગવાન નીલકંઠવર્ણીએ કહ્યું, "તમે દીવબંદર પાછા જાવ અને તમારી સંપત્તિને સારા કામમાં વાપરો. ગરીબોની સેવા કરો. ભૂખ્યાને ભોજન કરાવો."

શેઠે નીલકંઠવર્ણીના આદેશને મસ્તક ઉપર ચડાવ્યો. તેઓ ભગવાન

નીલકંઠવર્ણીના અનન્ન આશ્રિત થયા. દીવબંદર પાછા ગયા. અત્યાર સુધી તેઓ રામાનંદસ્વામીનું ભજન કરતા હતા, હવે એમણે 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' મહામંત્રનું ભજન શરૂ કર્યું. 'પોતે માનતા અધૂરી રાખીને ભગવાનને છેતર્યા છે.' એ વાત એમના દિલને કોરી ખાતી હતી. આ અપરાધના પ્રાયશ્ચિતરૂપે તેઓ ભગવાન નીલકંઠવર્ણીના આદેશ પ્રમાણે 'પોતાની સંપત્તિ પોતાની નથી, પરંતુ પરમાત્માએ આપેલ પ્રસાદી છે' એમ માનીને સત્કાર્યો કરવાં લાગ્યાં. આમ ને આમ ચાર-પાંચ વર્ષ વીત્યાં. ધીરે ધીરે એમના અંતરમાં વૈરાગ્યનો ઉદય થયો. એમના મનમાંથી સ્ત્રી, સંતાન, સંપત્તિનો મોહ ઊતરી ગયો. સાધુ થવાના સંકલ્પ સાથે તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે આવ્યા અને વિનંતી કરી કે, “હે મહારાજ ! હવે મને સાધુ કરો અને તમારી સેવામાં રાખો.” ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને દીક્ષા આપી સાધુ કર્યા અને નામ રાખ્યું પ્રભાનંદસ્વામી

એક સમયને વિષે સુરતમાં આનંદસ્વામી પોતાના મંડળે સહિત રહેતા હતા તેમાં એક દિવ અને ઉનાના પ્રભાનંદ સ્વામી નામે સાધુ હતા. તે એક વખત બોલ્યા કે, ‘‘હમ તો ભારદ્વાજ ઋષિ હું તુમારી તુંબિકા જલ હમ નહિ પીવેગા’’ ત્યારે આનંદસ્વામીએ કહ્યું, ‘‘અબી તુમારા ઋષિપણા કહાઁ રહા હે દેખોતો સહિ સહજાનંદ સ્વામીને છબ છીનાઈ લીયા હૈ’’ તે સાંભળીને પ્રભાનંદ સ્વામીને સ્મૃતિ આવી ને બોલ્યા કે, ‘‘સ્વામી ! મને ખબર રહી નહિ ને હું તો ભૂલથી બોલી ગયો. એમ સહજાનંદ સ્વામીએ તો મોટા મોટા દેવતાઓ, ઋષિઓ અને કેટલાક ધામના મુક્તોને પણ તેમનાં ઐશ્વર્ય દાબી દઈને સાધુ બનાવી દીધા હતા.

## ત્રિતમુનિ અચિત્યાનંદ સ્વામી રૂપે અવતર્યા

પૂર્વ ત્રિત નામે એક મુનિ હતા. તેમનું મન શ્રીહરિના ચરણારવિંદમાં ભમરાની જેમ લાગ્યું રહેતું હતું.

તેઓ મહાન જ્ઞાની, ધ્યાની અને અંતઃશત્રુઓને જીતનારા ઉદાર મનના હતા. તેમના જીવનની વાત સાંભળીને તો ઘણા જીવોનો આ સંસારથી ઉદ્ધાર થઈ ગયો. મોરને જેવો પ્રેમ મેઘમાં હોય છે, ચકોરને જેવો સ્નેહ ચંદ્રમામાં હોય છે તેવો સ્વભાવ તેમને વિશ્વના આદિ કારણ પ્રભુ શ્રીશંકરમાં હતો. તેમનું ભક્તિભાવભર્યું જીવન (વર્તન) જોઈને સાક્ષાત્ ત્રિલોચન શ્રીશંકર પ્રસન્ન થયા. દેવી પાર્વતીની સાથે નંદી ઉપર સવાર થઈને તેઓ શ્રીત્રિત મુનિના આશ્રમમાં પધાર્યા.

ઓચિંતા પધારેલા શ્રીશંકરને દેખીને મુનિ વિહ્વળ થઈ ગયા. આસનેથી ઊભા થઈ ગયા. બંને હાથ જોડીને પગે લાગ્યા. તપસ્વી મુનિએ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શ્રીશંકરની પૂજા કરી. પોતાને ધન્યભાગ્ય માનીને ગદ્ગદ્વાણીથી તેમણે કહ્યું,

શ્રીત્રિતમુનિ બોલ્યા, આ ભવમાં આપના દર્શન થવાથી હું કૃતાર્થ થઈ ગયો છું. મહર્ષિઓએ મને જે આશીર્વાદ આપ્યા હતા તે પણ આજે સફળ થયા છે. આપે પૂર્વે દસ પ્રચેતાઓને ઉપદેશ આપ્યો હતો, તેમ મને પણ એવો ઉપદેશ આપો કે તે પ્રમાણે કરવાથી મને બ્રહ્મપુર ધામના અધિપતિ (અક્ષરાધીશ) ભગવાન પુરુષોત્તમની પ્રાપ્તિ થાય. આ પ્રમાણેની શ્રીત્રિત મુનિએ કહેલી વાત સાંભળીને, પાર્વતીએ સહિત સ્વયં શ્રીશંકર તેના ઉપર રાજી થયા. પછી તેમણે મહાન્ બુદ્ધિશાળી શ્રીત્રિત મુનિને કહ્યું,

શ્રીશંકર બોલ્યા, તમે માગેલું બધું સમય આવશે ત્યારે અવશ્ય

મળશે, જેનાથી તમને અક્ષરાધિપતિની પ્રાપ્તિ થાય એવું હું વચન આપું છું. આવું કહીને શ્રીશંકર પાર્વતીની સાથે નંદી ઉપર બેસીને સિદ્ધોએ સેવેલા કૈલાસ પર્વત ઉપર જતા રહ્યા.

આમ કહેલા મુનિવર્ય શ્રીત્રિતના મનમાં પણ પરબ્રહ્મને મેળવવાને લાલસા હતી. સર્વોત્તમ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત રાખીને શ્રીશંકરે કહ્યું હતું તે પ્રમાણે વર્તવા લાગ્યા. શ્રીત્રિતમુનિની જિંદગીના ઘણા વરસ આ રીતની આરાધના કરતા વીતી ગયા. બીજી બાજુ સર્વેશ્વર પરબ્રહ્મ પુરુષોત્તમે પણ પોતાના દર્શન ચાહનારા ભક્તોએ બોલાવ્યા હોય તેમ ભૂમિ ઉપર પ્રકટ થવાની પ્રવૃત્તિ શરૂ કરી. આ પછી અક્ષરાધિપતિ અપાર દયાએ કરીને અનેક જીવોનો ઉદ્ધાર કરવાની ઈચ્છાથી ભૂમિ ઉપર પ્રકટ થયા. શ્રીત્રિતમુનિ પણ ત્રિકાળજ્ઞાની હતા. ''શ્રીહરિ ભૂમિ ઉપર પ્રકટ થયા છે'' આવું જાણીને તેઓ ખૂબ જ રાજી થયા. પછી શ્રીત્રિતમુનિ પણ ચરોત્તર પ્રદેશમાં વડતાલને નજીક તરણોલ (તા. આણંદ) ગામમાં દ્વિજ જ્ઞાતિમાં જન્મ્યા.

તેઓ માતા-પિતાને બાળભાવથી રાજી કરીને શુક્લ પક્ષમાં ચંદ્રની જેમ વધવા લાગ્યા અને જાતકર્માદિ બધા સંસ્કારોને ક્રમ પ્રમાણે પ્રાપ્ત કર્યા. પૂર્વે વ્યાસપુત્ર શુકદેવજીને જેવો તીવ્ર વૈરાગ્ય થયો હતો તેવો વૈરાગ્ય થવાથી તેમણે વિદ્યાભ્યાસને નિમિત્તે પોતાના ઘરને અને કુટુંબને મળની માફ તજી દીધાં.

પછી તેમણે પેટલાદ ગામમાં સારા વિદ્વાનોની પાસે રહીને ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવે એવી શુભ વિદ્યાનો અભ્યાસ કર્યો. પેટલાદમાં પણ શુદ્ધબુદ્ધિવાળા આ મુનિને ભગવાનના ભક્તોના સત્સંગથી મોટા સંત પુરુષોના દર્શન તથા સમાગમ કરવામાં પ્રેમ થયો. તેવા સમયમાં તેમણે ત્યાં સાંભળ્યું કે ''શ્રીકૃષ્ણ ભગવાન, સ્વામિનારાયણ નામે અત્યારે વડતાલ ગામમાં પોતાના ભક્તોની સાથે વિરાજી રહ્યા છે.'' તેઓ દર્શન કરવાથી ઉત્કંઠાથી અધ્યયન છોડીને જવા તૈયાર થયા ત્યારે તેમની સાથે ભણનારા સહપાઠી વિદ્યાર્થીએ કહ્યું કે સદ્‌ગુણાધાર ગુરુબંધુ ! હું પણ હરિભક્ત છું. તમારી સાથે શ્રી સ્વામિનારાયણના દર્શન કરવા

હું પણ આવીશ. થોડું રોકાઓ. ચાલતા ન થાઓ. ગુરુબંધુના કહેવાથી તેઓ ત્યાં રોકાઈ ગયા અને આ તરફ મહાપ્રભુ શ્રીહરિ સમૈયો કરીને પોતાના સેવકોને સાથે લઈને વડતાલથી નીકળીને ગઢપુર પધાર્યા. આ બાજુ ગુરુભાઈને સાથે લઈને તે દ્વિજ શ્રીહરિના દર્શન કરવા માટે વડતાલ ગયા. પરંતુ શ્રીહરિના દર્શન થયા નહિ, ત્યારે તેણે લોકોને પૂછ્યું. કે ભગવાન શ્રીસ્વામિનારાયણ શ્રીહરિ અહીં વડતાલથી કયે ગામ પધાર્યા છે ? ત્યારે વડતાલ મંદિરના કોઠારી જે નિમાયા હતા તે શ્રીઅક્ષરાનંદ સ્વામીએ કહ્યું. શ્રી સ્વામિનારાયણ ભગવાન તો કેટલાક આશ્રિતોને સાથે લઈને રસ્તાના ગામોમાં ત્યાંના ભક્તોને દર્શન આદિથી આનંદ આપતા આપતા ગઢપુર પધાર્યા છે.

પણ મહાન્ સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી અત્યારે અહીંયાં વિરાજે છે, જેમણે અષ્ટાંગ યોગ વગેરે સાધ્યા છે અને જેઓ વેદોના રહસ્યાર્થ રૂપી કમળના વિકાસ માટે તો સૂર્યના સમાન છે. તમે મારી સાથે ચાલો. વિશાળ બુદ્ધિમાન્ તે મોટા સંતના હું તમને દર્શન કરાવું. આટલું કહીને શ્રીઅક્ષરાનંદ મુનિ તેમને સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામીની પાસે લઈ ગયા.

સ્વામી સંતોની વિશાળ ધર્મશાળામાં ડાભની છાદડી ઉપર બેઠા હતા. મનમાં ભગવાનનું અખંડ સ્મરણ કરતા હતા અને કાળજી રાખીને મુમુક્ષુ ભક્તોને પરમ એકાંતિક ધર્મનો સદ્‌બોધ કરાવતા હતા.

આવી રીતના સ્વામીના દર્શન કરતાની સાથે જ તે સુમતિ બ્રાહ્મણે જમીન ઉપર ઢળીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. બે હાથ જોડીને પગે લાગ્યા. ત્યારે યોગિરાજ સ્વામીએ તેમનું મીઠા શબ્દોથી સ્વાગત-કુશળ પ્રશ્ન આદિથી સન્માન કર્યું. પછી તેમને બેસવા માટે યોગ્ય આસન અપાવ્યું. સ્વામી ત્રિકાળ જ્ઞાની હતા. તેમણે જોયું, વિચાર્યું અને પછી સુખેથી બેઠેલા અને મહર્ષિના સમાન તેજસ્વી દેખાતા તે વિપ્રને કહ્યું. તમે ક્યાંથી આવ્યા છો ? અને શા માટે આવ્યા છો ? મને મનમાં એમ જણાય છે કે તમને સંસારથી વૈરાગ્ય થયો હોય.

વિપ્રે કહ્યું, હે સ્વામિન્ ! હું પેટલાદ ગામથી આવ્યો છું. જન્મમરણરૂપ સંસારના ભયથી છૂટવા ચાહું છું અને તેટલા માટે જ આપના ગુરુ

શ્રીસ્વામિનારાયણના દર્શન કરવા આવ્યો છું. જે સાક્ષાત્ ભગવાન છે, મને અત્યારે તેમના દર્શન થયા નહિ. આ ભૂમિ ઉપર તેમના ચરણારવિંદ જ ભજવા યોગ્ય છે, એમ તેઓમાં મને વિશ્વાસ આવ્યો છે.

સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામીએ તે વિપ્રના શબ્દ સાંભળ્યા. પછી તેમના પૂર્વ જન્મના વૃત્તાન્તને તેઓ જાણતા હતા એટલે તેને કહ્યું. તમારા પૂર્વના પ્રાચીન સંસ્કાર ઘણા સારા છે, તમારું મન ભગવાનને ચાહે છે, તમને એકાંતિક ધર્મ ગમે છે, અરે, તમે તો પૂર્વના શ્રીત્રિત મહર્ષિ છો. અક્ષરાધિપતિને સાક્ષાત્ મેળવવા માટે તમે ઘણા દિવસ સુધી મનને નિર્મળ રાખીને તેમની સર્વોત્તમ આરાધના કરી છે. અક્ષરાધિપતિ શ્રીપુરુષોત્તમનો ભૂમિ ઉપર આવિર્ભાવ થયો, તે જાણીને તમે બ્રાહ્મણ જાતિમાં જન્મ લીધો અને ઘણા શાસ્ત્રોનું અધ્યયન કર્યું છે. મનુષ્યજાતિમાં જન્મ્યા છો, તેથી તમારું પૂર્વનું જ્ઞાન લુપ્ત થઈ ગયું છે અને લૌકિક દષ્ટિએ તમે સામાન્ય બ્રાહ્મણના જેવા દેખાઓ છો.

આટલું કહીને પછી સ્વામીએ વેદશાસ્ત્રની પદ્ધતિથી તેમને જીવ, માયા અને પરમેશ્વરના લક્ષણ કહીને સદ્‌બોધ આપ્યો. તેને પૂર્વ જન્મનું જ્ઞાન થાય એટલા માટે અને તેણે ભગવાનને રાજી કરવા માટે જે જે કાંઈ કર્યું હતું તે બધું તેને દેખાડ્યું. પછી પોતાના મનથી કૃતકૃત્ય થયેલા તે વિપ્રે શ્રીહરિના પ્રત્યક્ષ દર્શનની અભિલાષા રાખી અને સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી આગળ મનોહર વચન કહ્યું.

વિપ્રે કહ્યું, સ્વામી, જે કાળ અને માયાના પણ નિયામક છે આવા પરાત્ પર પરબ્રહ્મના મને સાક્ષાત્ દર્શન આપ કરાવો કે જે પોતાની ઈચ્છાથી મનુષ્યરૂપે પ્રકટ થયા છે.

સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામીએ પરમદયાળુ હતા જ્યારે તે વિપ્રે ઉપર મુજબ તેમની પ્રાર્થના કરી ત્યારે તેમણે કહ્યું, તે સાક્ષાત્ પરબ્રહ્મ શ્રીહરિ તો અત્યારે ગઢપુરમાં વિરાજે છે. ચાલો હું તેમના દર્શન કરાવું છું. એમ કહી... અને પછી પોતાના સંતમંડળને સાથે લઈને તે વિપ્રની સાથે ગઢપુર આવ્યા.

ગઢપુર ગામમાં શ્રીહરિ જ્યાં રહેતા હતા ત્યાં સ્વામી આવ્યા. ત્યારે

નાગરિકો પાસે સાંભળ્યું કે શ્રીહરિ તો સેવકોને સાથે લઈને ઉન્મત્તગંગાના પ્રભાસ તીર્થમાં સ્નાન કરવા પધાર્યા છે. આથી સ્વામી તે સંતમંડળને અને વિપ્રને સાથે લઈને પ્રભાસ તીર્થમાં પધાર્યા. સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી, વિપ્ર અને સંતોએ પ્રભાસ તીર્થમાં મંદ હાસ્યથી સુશોભિત મુખવાળા શ્રીહરિના દર્શન કર્યા. નદીના નીરમાં પોતાના ભક્તોની વચ્ચે રહેલા શ્રીહરિ ખોબે ખોબે જળ ઉછાળતા હતા અને તેની શોભા અત્યંત બની હતી. પરમેશ્વર શ્રીહરિએ જોયું કે સંતોનું મંડળ અને એક વિપ્રની સાથે મુનિવર શ્રીગોપાળાનંદ સ્વામી આવ્યા છે, સ્વયં મનમાં પ્રસન્ન થયા અને સજ્જનોના અગ્રણી તે સ્વામીની પ્રશંસા કરતાં શ્રીહરિ ભક્તોની સાથે એકદમ ઉતાવળે પાણીમાંથી બહાર નીકળીને સામે ગયા. ત્યારે સંતોએ શ્રીહરિને પ્રણામ કર્યા.

પોતાના દર્શનથી ખુશ થયેલા સંતોની પરમેશ્વર શ્રીહરિએ સ્વાગત સત્કાર કરીને સંભાવના કરી અને પોતાને મેળવવા માટે ઘણા સમયથી અપાર પ્રયત્ન સાથેની આરાધના કરનારા વિપ્રના ઉપર ખુશ થઈને તેની પણ પ્રશંસા કરી. અમૂલ્ય શીલ-ચારિત્ર્ય સંપન્ન શ્રીહરિ તે આવેલા સંતમંડળને પણ સાથે લઈને ફરી વાર પ્રભાસ તીર્થમાં (જળમાં) ઊતર્યા. ખોબે ખોબે પાણી ઉછાળીને સહુને અભિષેક કર્યો-નવડાવ્યા અને મનોહર લીલા કરનારા તેમણે સહુને આનંદિત કર્યા. પછી શ્રીહરિ તે વિપ્ર વર્યના હાથનું કાંડું પકડીને તીર્થ-જળમાંથી બહાર નીકળ્યા.

સ્નાન કર્યા પછી સારા કોરાં વસ્ત્ર પહેર્યા. અંગો ઉપર આભૂષણોની શોભા ધારી, ભક્તોએ ચંદન અને ફૂલહારોથી પૂજા કરી. સેવકોએ તૈયાર કરીને ગાદી તકિયાથી સજાવેલી પાટ ઉપર શ્રીહરિ વિરાજ્યા. તેઓ સંત હરિભક્તોની સભા વચ્ચે તારામંડળમાં ચંદ્રમાની જેમ શોભતા હતા. અત્યંત પ્રસન્ન જણાતા ધર્મપુત્ર શ્રીહરિએ એકાંતિક ધર્મસંબંધી સુખકારી વાતો કરી. તે સાંભળ્યા પછી શ્રીહરિની ઈચ્છાથી જ તે વિપ્રને પૂર્વજન્મનું સ્મરણ થઈ આવ્યું. ''શ્રીહરિએ મને કૃતાર્થ કર્યો છે'' આમ માનવાથી અતિશય હર્ષ અને રોમાંચ થવાથી તે વિપ્રની આંખોમાં આંસુ આવી ગયા. તે ઘણા નિપુણ હતા. છતાં અક્ષરાધિપતિ શ્રીહરિની સામે દૃષ્ટિ

રાખીને લથડાતી વાણીથી બોલ્યા.

આપ મને શુભ ભાગવતી દીક્ષા આપો. જેને આશરી મનુષ્યો આ લોકમાં સુખી થાય છે. બીજી બધી પ્રવૃત્તિને છોડી દેનારા, આપના સ્વરૂપના ધ્યાનમાં જ મનને જોડી રાખનારા અને નિર્મળ અંતઃકરણવાળા યોગ નિપુણ યોગીઓ પણ જે દીક્ષાને ચાહે છે. ત્યારે પરમેશ્વર શ્રીહરિએ તેમને હાથથી ઈશારો કરીને પાસે બોલાવ્યા અને તેમને અભયદાન આપ્યું.

શ્રીહરિએ પછી તે વિપ્રને વૈષ્ણવી દીક્ષા આપી અને તેમનું નામ ''અચિંત્યાનંદ'' આવું રાખવામાં આવ્યું.

શ્રીહરિએ વચન કહ્યું કે આ વર્ણી અચિંત્યાનંદજી મારો મહિમા દર્શાવતા કાવ્ય કરવામાં ઘણા નિપુણ થશે. આટલું કહીને વળી ફરી વાર બોલ્યા કે ''તમારે શ્રીરઘુવીરજી મહારાજની આજ્ઞામાં રહેવું.'' ત્યારે તેમણે ''બહુ-સારું'' એમ કહ્યું.

એક વખત સદ્‌ગુરુ બ્રહ્મચારી શ્રીઅચિંત્યાનંદ સ્વામી પોતાને આસને બેસીને પોતાના પરમ-પ્રિય શ્રીહરિનું ધ્યાન કરી રહ્યા હતા. તે સમયે ગણોદ ગામ (તા. ઉપલેટા)ના રાજવંશીય દરબાર શ્રીભગવત્ સિંહજી સારા હરિભક્ત હતા તે આવ્યા. તેવા જ શ્રીહરિના સારા ભક્ત જૂનાગઢના નાગર બ્રાહ્મણ શ્રીપ્રભુદાસભાઈ પણ સ્વામી પાસે આવ્યા. બંને જણ દરવાજામાં જ ભેળા થઈ ગયા. એકબીજાના કુશળ સમાચાર પૂછ્યા-કહ્યા, બંને મજબૂત વિચારના હતા. પરસ્પર પોતાના વિચારો કહ્યા સાંભળ્યા. પછી તે બંનેએ યથાવિધિ ત્યાંના દેવોના દર્શન કર્યાં અને મનમાં હરખાએલા તેઓ વર્ણી શ્રીઅચિંત્યાનંદ સ્વામીની પાસે ગયા. તે બંનેએ જોયું તો સ્વામી ધ્યાનમાં હતા. તેમને પગે લાગીને ત્યાં પાથરેલી છાદડી ઉપર બેઠા અને ક્ષણવાર મૌન જ રહ્યા. પછી વર્ણીરાજ ધ્યાનમાંથી જાગ્યા. તે બંનેને દેખીને સ્વામી ઘણું રાજી થયા અને બોલ્યા.

તમે બંને અહીંયાં શા માટે આવ્યા છો ? મને કહો. સ્વામીનું વચન સાંભળીને તેઓએ પ્રણામ કરીને કહ્યું, અમે બંને પોતપોતાને ગામથી અહીંયાં દેવદર્શન કરવા માટે અને કાંઈક માગણી કરવા માટે આવ્યા છીએ. બંને હરિભક્તોએ જ્યારે આવું કહ્યું ત્યારે હસતા હસતા વર્ણીરાજ

બોલ્યા. તમારે મારી પાસે શી માગણી કરવી છે ? તમે મનમાં શંકા રાખ્યા સિવાય બોલો.

ત્યારે તે બંને ભક્તોએ કહ્યું, હે વર્ણિરાજ ! ભગવાનના સ્વરૂપમાં મન રાખે, શુદ્ધ અંતઃકરણવાળા, ધર્મસર્ગના સદ્‌ગુણોમાં પ્રેમ રાખનારા અને વંશની વૃદ્ધિ કરે તેવા બે પુત્ર (બંનેને એક એક) જોઈએ છે.

ત્યારે સ્વામીએ કહ્યું જે, તમે બંને હરિજયંતી (પ્રત્યેક મહિનાની સુદિ-૯)નું વ્રત કરો અને ઉન્મત્તગંગાના ''પ્રભાસ તીર્થ''માં સ્નાન કરો. આ બે સાધન કરવાથી તમને મનમાં ચાહો તેવા અને હરિભક્ત બે પુત્ર થશે ત્યારે તે બંને પ્રબુદ્ધ હરિભક્તો ખૂબ જ રાજી થયા. પછી તે બંને (દરબાર શ્રીભગવતસિંહજી અને નાગર પ્રભુદાસભાઈ) એ વ્રત અને તીર્થ સ્નાન કર્યું અને ધર્મ તથા અર્થના જેવા બે સદ્‌બુદ્ધિમાન પુત્રને પામ્યા. માટે જે કોઈ પણ મનુષ્યને પુત્ર પ્રાપ્તિની ઈચ્છા હોય તેણે હરિજયંતીનું વ્રત અને ઉન્મત્તગંગામાં રહેલા પ્રભાસતીર્થમાં સ્નાન કરવું. તેનાથી તેમના બધા જ મનોરથો પૂર્ણ થશે.

શ્રીઅચિંત્યાનંદ વર્ણીને શ્રીહરિએ જ્યાં શુભ ભાગવતી દીક્ષા આપી હતી તે જગ્યાએ ઉન્મત્તગંગાનો ઘાટ ''અચિંત્યાનંદ ઘાટ'' આવા નામથી ભૂમિ ઉપર પ્રસિદ્ધ થયો.

## શામળિયા ચૈતન્યાનંદસ્વામી દત્તાત્રેયનો અવતાર

એક વખત શ્રીજીમહારાજ જૂનાગઢ પધાર્યા હતા અને સાથે સંતમંડળ પણ હતું. પછી સૌ સખા ગુરુ દત્તાત્રયને પગલે દર્શને ગયા હતા. અને ખોડાભાઈને નિદ્રા આવીને સૂઈ રહ્યા. પછી સૌ દર્શનકરીને આવ્યા. ત્યારે ખોડાભાઈ બહુ પ્રશ્ચાત્તાપ કરવા લાગ્યા અને કહ્યું જો મને જગાડ્યો નહીં ? મારે પગલાંનાં દર્શન કરવાં હતા.'' પછી મહારાજ કહે, ''તમારે પગલાંનાં દર્શન કરવાં હતાં કે મૂર્તિમાનનાં ?'' ત્યારે ખોડાભાઈ કહે, ''મૂર્તિમાન હોય તો પગલાંનું કામ છે ?'' ત્યારે મહારાજ કહે, ''ગઢપુરમાં શામળિયા ચૈતન્યાનંદસ્વામી છે તે દત્તાત્રેયનો અવતાર છે.'' પછી ગઢપુર આવીને ચૈતન્યાનંદ સ્વામીનાં દર્શન કર્યા.

### અનંતાનંદ વર્ણી

પૂર્વે 'એક્ત' અને 'દ્વિત' આવા નામના ને ઋષિઓ હતા. તેઓ તપસ્વી હતા અને નિરંતર ભગવદ્ ધ્યાન પરાયણ રહેતા હતા.

એક દિવસ તેઓ પોતાના આશ્રમમાં બેઠા હતા. ક્રાંઈક ગૂઢથી ચિંતાથી તેમનું મન ડોળાઈ ગયું. પછી તેમણે વેદાંત (ઉપનિસદ્) ના વાક્યોમાં સાંભળેલા અક્ષરાધિપતિનું ધ્યાન કર્યું.

સમગ્ર કારણના પણ કારણ શ્રીહરિ ઋષિઓના ઉપર રાજી થયા. અને તેમના હૃદયકમળમાં પ્રકટ થયા.

બન્ને મુનિવરો ભગવદ્ દર્શનના આનંદ સાગરમાં ડૂબી ગયા. ! બે ઘડી તો તેમના પોતાના શરીરનું ભાન પણ રહ્યું નહિ. પછી પોતાની ઈચ્છાને અનુસારે સ્વરૂપ ધારણ કરનારા પ્રભુ શ્રીહરિ અદશ્ય થઈ ગયા. તેથી તે બન્ને વિહ્વળ થઈ ગયા અને દુઃખી થયા. દેવર્ષિ નારદની, પૂર્વ જન્મમાં અદશ્ય થયેલા શ્રીહરિને તુરંત પુનઃ નહિ જોઈને, જે સ્થિતિ થઈ

હતી. તેવી આ બન્ને ઋષિઓની પણ થઈ.

પછી તેમણે પોતાના મનને એકાગ્ર રાખી, ધારણા કરીને ધ્યાનમાં ભગવાનના દર્શન કરવા પ્રયત્નો કર્યા. પરંતુ મન અને વાણીને અગોચર તે મહાપ્રભુએ તેમનો શોક ટાળવા માટે આકાશવાણીના રૂપમાં કહ્યું.

"તમને બન્નેને અત્યારે ફરીવાર મારા દર્શન નહિ થાય હે સુજ્ઞ ઋષિઓ ! ભવિષ્યમાં જ્યારે તમે બ્રાહ્મણ જાતિમાં ફરીવાર જન્મ લેશો ત્યારે તમને મારો મેળાપ થાશે." આ રીતે સર્વાધીશ્વર પરમાત્માએ પુણ્ય બુદ્ધિવાળા તે ઋષિઓને કહ્યું ત્યારે જેના શરીર તપથી સૂકાઈ ગયા હતા આવા તે બન્ને મનમાં રાજી થઈને પોતાના આશ્રમમાં આવ્યા. આ પછી તો ઘણો સમય વીતી ગયો. બ્રહ્માંડના અધીશ્વરોની પ્રાર્થનાથી સર્વ કારણોના પણ કારણ આવા અક્ષરધામના અધિપતિ શ્રીહરિ પોતાની સ્વતંત્ર ઈચ્છાથી ભૂમિ ઉપર પ્રક્ટ થયા.

તે સમયે મહાન્ બુદ્ધિશાળી આ બન્ને ઋષિઓને જ્ઞાન દૃષ્ટિથી ખબર પડી કેમ મહાપ્રભુ અવતર્યા છે. આથી તેઓ એ પચ્છમ (તા.ધંધુકા, જિ.અમદાવાદ) ગામમાં શ્રીજાદવજી શર્મા નામના બ્રાહ્મણને ઘેર મહાશંકર આદિનામે જન્મ ધારણ કર્યો. તે બન્નેના જાતકર્મ આદિ સમસ્ત સંસ્કારો અનુક્રમે થયા. પૂર્વના ઘણાજ પુણ્યશાળી તેઓ અશ્વિનીકુમાની જેમ શોભતા જણાતા હતા. પછી યોગ્ય સમયે તેમને દ્વિજત્વ આપનારો યજ્ઞોપવીત સંસ્કાર થયો. મનમાં ઘણાજ આનંદિત થયા અને પોતાના પિતા પાસેથી જ વેદોનું અધ્યયન કર્યું.

એક વખત યાત્રિકોનો સંઘ ગઢપુર જતો હતો તેની સાથે શ્રીજાદવજીભાઈ પણ ગઢપુર જવા તૈયાર થયા. તેને દેખીને તેમના આ બન્ને પુત્રો પણ હરખ ભર્યે હૈયે તેમની સાથે ગયા.

જ્યારે તે બધા યાત્રિકોનાં સંઘ ગઢપુર પહોંચ્યો, તે દિવસે ગઢાળી ગામના હરિભક્તોની પ્રાર્થનાથી, શ્રીહરિ હરિભક્તોને સુખ આપવા માટે ગઢાળી પધાર્યા હતા. ત્યારે શ્રીહરિ ત્યાં એક રાત રોકાયા. સાંજે જમી અને સંતહરિભક્તો સહુને જમાડ્યા. પછી સભા થઈ. તેમાં સારી કથા વાર્તાથી તે હરિભક્તોને રાજી કર્યા. શ્રીહરિ બીજે દિવસ સવારમાં ઊઠીને

ઘોડે સવાર થયા અને સંતો તથા હરિભક્તોને સાથે લઈને ગઢાળીથી નીકળીને ગઢપુરને નજીક પહોંચ્યા.

ઉન્મત્તગંગાનું નિર્મળ પવિત્ર જળ જોયું. નદી ઊતરીને ઉત્તર કાંઠે આવ્યા. ત્યાં સ્નાન કરવા માટે ઊતર્યા.

પછી સ્નાન, સંધ્યા અને પૂજા વગેરે ષટ્કર્મ કર્યા. તે પૂરા કરીને સેવકો સુંદર આસન તૈયાર કર્યું. તેના ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. તે સમયે ગઢપુર ગામમાં ભક્તોને સમાચાર મળ્યા કે શ્રીહરિ પધાર્યા છે, આથી તે ભક્તો, ભાલના હરિભક્તોનો સંઘ અને તેમની સાથે આવેલા શ્રીજાદવજી ભાઈ તથા તેમના બન્ને પુત્ર, આ સહુ મનમાં ખૂબ જ ખુશી થઈને જ્યાં શ્રીહરિ વિરાજ્યા હતા ત્યાં આવ્યા. શ્રીહરિના દર્શન કરી.

જાદવજીભાઈ શર્મા આદિ બે પુત્ર પોતાનું મહાન ભાગ્યા માનવા લાગ્યા પછી શ્રીહરિએ તેમને પાસે બેસાડ્યા. ત્યારે તેમના હૃદયમાં ઉત્સાહ હતો, અને શ્રીહરિને રાજી કરવાની જ તેમના મનમાં એક ઈચ્છા હતી. પછી તેમણે શ્રીહરિની પૂજા કરી. કસ્તુરી, કેસર તથા કપૂર મેળવેલા સુગંધી ચંદનની લલાટમાં પત્રલેખા (આડ) કરી. સુંદર તિલક કરીને તેના મધ્યમાં ચાંદલો કર્યો. પછી સારા અમૂલ્ય વસ્ત્ર તથા ઘરેણાં ઘણાજ આદરભાવથી પહેરાવ્યા. પછી સુંગંધી સારા પુષ્પોના હાર, તોરા અને ગુચ્છ ધરાવ્યાં.

પછી શ્રીહરિની આગળ ઘણી જ ભેટ સામગ્રી મૂકી અને પાકાં ફળ ભરેલા પાત્ર પણ અર્પણ કર્યા. વૈદિક પદ્ધતિથી આરતી ઉતારીને સર્વ જગતથી મહાન આવા મહાપ્રભુને મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી.

પછી તેઓ શ્રીહરિની મૂર્તિ સામે જોઈ રહ્યા હતા. માનો તે અક્ષરધામમાં વિરાજમાન સ્વરૂપ હતું. તેમને શરીરનું અનુસંધાન રહ્યું નહિ. લગભગ એક મુહૂર્ત (૪૮ મિનિટ) સુધી આવું રહ્યું.

તે પછી શ્રીહરિની ઈચ્છાથી તેઓ ભાનમાં આવ્યા. શ્રીહરિના યથાર્થ સ્વરૂપનું જ્યારે જ્ઞાન થયું ત્યારે માનો તેમના ચિત્ત અપાર આનંદના સાગમાં ડૂબી ગયા. અને પૂર્વે જેમ પાંડવો એ ઉદાર લીલાવાળા શ્રીકૃષ્ણ ભગવાનની સ્તુતિ કરી હતી તેમ તે ત્રણેએ સ્તુતિ કરી.

પ્રાર્થના કરતા તે ત્રણેય વિપ્રોની ભાવના દેખીને શ્રીહરિ તેમના ઉપર રાજી થયા અને તેમને બન્ને હાથથી અભયદાન તથા વરદાન બન્ને આપ્યા. (જ્યારે ભક્ત ભગવાનને શરણે જઈને દર્શન કરે છે. ત્યારે ભગવાન પોતાના બન્ને હાથે આશીર્વાદ આપતા હોય તેમ સહેજ દર્શન કરે છે ત્યારે ભગવાન પોતાનાં બન્ને હાથે આશીર્વાદ આપતા હોય તેમ સહેજ હથેળી સન્મુખ દેખાય તેમ કરે છે. અને કૃપા કરીને કાંઈક આપે છે. તેમાં ડાબે હાથે અભયદાન કરે છે. અને જમણે હાથે હાથે વરદાન આપે છે, એમ સમજવું.)

પછી શ્રીહરિની આજ્ઞાથી તે ત્રણે સભામાં બેસી ગયા અને ચકોર પક્ષી જેમ ચંદ્રને નિહાળે તેમ હરખભર્યે હૈયે શ્રી હરિના દર્શન કરી રહ્યા હતા.

તે સમયે પરમેશ્વર શ્રીહરિ અમૃત ભીની નજરથી સહુ ભક્તો ની સામે દેખી રહ્યા હતા. પછી તેમણે શ્રીજાદવજી શર્માની સામે દેખીને મનોહર વાણીથી કહ્યું.

શ્રીહરિ બોલ્યા, ''હે બ્રહ્મન્ ! આ તમારા બન્ને પુત્ર પ્રાચીન યુગના કોઈ મોટા ઋષિઓ છે, એમ જાણજો. મને મેળવવા માટે જ આ જગ્યામાં તેઓ જન્મ્યા છે, તે સિવાય તેમને જન્મ લેવાનું કોઈ કારણજ ઘટતું નથી.''

વળી શ્રીહરિ બોલ્યા કે ''આ તમારા મોટા પુત્ર છે તેને હું શ્રીમુકુંદાનંદ વર્ણીના શિષ્ય તરીકે તમારી પાસેથી લઉં છું. તો તમે તેને આપો.''

શ્રીહરિના વચન સાંભળીને શ્રીજાદવજીભાઈ અક્ષરાધિપતિ શ્રીહરિને પગે લાગીને કહ્યું.

શ્રીજાદવજી શર્મા બોલ્યા, આ જન્મમાં આપના શરણને પામીને હું ઘણો જ ભાગ્યાશાળી અને ધન્ય બન્યો છું. કારણકે આપ પુરુષોત્તમ નારાયણ શ્રીમુકુંદવર્ણીની સેવા કરવા માટે મારા પુત્રને માગી રહ્યા છો.

શ્રીમુકુંદાનંદ સ્વામી શુદ્ધ ચારિત્ર્ય આદિ સદ્‌ગુણોને લીધે તો શ્રીનારાયણ ઋષિને સમાન છે અને અહીં આપની સેવા કરવામાં જે તેમને વૃદ્ધા અવસ્થા આવી ગઈ છે.

મારો પુત્ર ઘણોજ ભાગ્યશાળી છે કે જે આપના ચરણ કમળોને આશરે રહીને વર્ણિવર્ય શ્રી મુકુંદાનંદ સ્વામીની સેવા કરશે.

શ્રી જાદવજી શર્મા આમ બોલતા હતા ત્યારે શ્રીહરિએ તેના મોટા પુત્ર મહાશંકરને પોતાની પાસે બોલાવ્યા અને તેને વાસુદેવી મહાદીક્ષા આપી.

પછી પ્રભુ શ્રીહરિએ તેમનું "અનંતાનંદ"(વર્ણી) આવું નામ પાડ્યું. અને પછી સહુ સાંભળે તે રીતે બોલ્યા. શ્રીહરિએ કહ્યું, આ વર્ણી ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજની સેવા કરવી ઈત્યાદિ સત્સંગના કામમાં ઘણાજ યોગ્ય થશે.

હે સભાજનો ! સદ્‌ગુણોમાં સર્વ શ્રેષ્ઠ આ અનંતાનંદવર્ણી અમારી ગાદીએ રહેલા શ્રીરઘુવીરજી મહારાજની અનુવૃત્તિમાં રહીને તેમના કૃપાપાત્ર થશે.

આ વર્ણીને મારા સર્વોપરિપણાનું માહાત્મ્ય સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી અને શ્રી ચૈતન્યાનંદ સ્વામીના સત્સંગથી સમજાશે અને અનેક જીવોને સત્સંગ કરાવીને મારા ચરણ કમળના આશ્રિત કરશે તેમજ સદાચારમય ધર્મનું પાલન કરવામાં તો ધર્મપુત્ર યુધિષ્ઠિરના જેવા નિષ્ઠાવાન થશે.

શ્રીહરિએ આ રીતે પોતાના ચરણાશ્રિતોને અમૃતના જેવી મધુરવાત કહી. પછી પોતાના સુંદર અને શ્રેષ્ઠ અશ્વ ઉપર સવાર થયા અને નિજભકતોથી ઘેરાયા થકા દરબારગઢમાં પોતના નિવાસ સ્થાને અક્ષરભવન પધાર્યા.

શ્રી અનંતાનંદ વર્ણીને જે સ્થાને દીક્ષા આપી, તે ઘાટનું નામ "અનંતાનંદ ઘાટ" આવું પ્રખ્યાત થયું.

## ચૈતન્યદાસજી તથા ઉદ્ધવદાસજી

કંથકોટનો રાજા બહુ પાપી હતો. ગૌહત્યા કરાવે અને બ્રાહ્મણો પાસેથી કરવેરો લે. સ્વામિનારાયણ ભગવાને ઘણું સમજાવ્યું પણ સમજ્યો નહિ, ઊલટાનો ખીજાયો. સત્તાના બળથી ઉદ્ધત થઈ બોલ્યો, "સ્વામિનારાયણ ! તમે મને કોણ સમજાવનાર ? નીકળી જાઓ મારા

રાજમાંથી ફરીથી કંથકોટમાં આવશો તો જેલમાં પૂરીશ. તમને જે માને છે, ભજે છે, તેને પણ જેલમાં પૂરી દઈશ.''

શ્રીજીમહારાજે બધા ભક્તજનોને કહ્યું, ''તમને મારા જાણીને રાજા હેરાન કરશે, માટે બીજા ગામમાં રહેવા જતા રહેજો.''

કચરા ભગત ઘર સંપત્તિ લઈ બીજે ગામ જવા માટે રવાના થયા. પાપી રાજાએ મીંયાણાને કહ્યું, ''જાઓ કચરાને લૂંટી લ્યો. અને મારી કૂટીને કાઢી મૂકો.'' બે મીંયાણા ઊંડી ખાઈમાં સંતાઈને બેઠા અહીંથી પસાર થશે ત્યારે લૂંટી લેશું. કચરા ભગત અને એમનાં પત્ની ધનબાઈ દુઃખનાં માર્યા બીજે ગામ જાય છે. રસ્તામાં કીર્તન ગાતાં ગાતાં ચાલે છે.

**આવોને ઓરા છેલછબીલા મારી શેરીએ,**
**આવોને ઓરા મનની આંટી તે હવે મોલીએ**

ત્યાં તો ઓચિંતા મીયાણા એ બૂમ પાડી. ''એય !!! ક્યાં જાઓ છો ? ખબરદાર જો આગળ પગલું ભર્યું છે તો.'' ભગત ફફડી ગયા. સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્મરણ કરવા લાગ્યા. મીંયાણા જ્યાં હાથ ઝાલી મારવા જાય, ત્યાં ભગવાન આવી ગયા મદદમાં. તેજનો પૂંજ છવાઈ ગયો. ''આ શું ?'' એમ કહી જ્યાં ઊંચી નજર કરી ત્યાં શુદ્ધ સ્વરૂપ અલ્લા, પ્રભુની દૃષ્ટિ અને મીંયાણાની નજર એક થઈ. તુરંત વૃત્તિ બદલાઈ ગઈ. પાપી શુદ્ધ થઈ ગયા. વિચાર શુદ્ધ થઈ ગયા. મીંયાણા હાથ જોડી બોલ્યા, ''અલ્લા ! તમે આવી ગયા ?'' હા અમે આવ્યા છીએ. આ તમે શું કરો છો ?''

''અમે લૂંટ કરવા આવ્યા છીએ.'' ''કોને લૂંટશો ? કચરાને ? કોણે કહ્યું છે કે લૂંટો ?'' ''અમારા રાજાએ'' ''અરે રાજા તો મહાપાપી છે. તમને શું નરકમાં જાવું છે ?'' ''લૂંટારા બોલ્યા, અમારે નરકમાં નથી જવું પણ તમો જેમ કહેશો તેમ કરવું છે.'' ''તો એક કામ કરો, આ પોટલાં જે કચરા ભગતે ઉપાડ્યાં છે તે તમે ઉપાડીને એમને સહીસલામત બીજે ગામ મૂકી આવો, આટલી સેવા કરો.''

પ્રભુએ વચન દીધું ''જાઓ આજથી કોઈને લૂંટશો નહીં, દારૂ માંસનું ભક્ષણ કરશો નહિ. ગૌહત્યા કરશો નહીં.'' ''અચ્છા ખુદા !'' તો તમે

સુખી થશો. આટલું કહી પ્રભુ અદૃશ્ય થઈ ગયા.

શુદ્ધ સ્વરૂપનાં દર્શન થવાથી મુસલમાનનું જીવન બ્રાહ્મણ જેવું પવિત્ર થયું. જીવ્યા ત્યાં સુધી કોઈ પાપ કર્યું નહિ. તો એનો બીજો જન્મ શેઠ પદમશીને ત્યાં થયો. મોટા થયા પછી બે ભાઈ સાધુ થયા. એકનું નામ રાખ્યું ચૈતન્યદાસજી, બીજાનું નામ રાખ્યું ઉદ્ધવદાસજી. ગમે તેવો મલિન જીવ શરણે આવે છે તો તેનાં અંતઃકરણને પ્રભુ પવિત્ર કરે છે.

## ચાર વેદ

એક સમયને વિષે ઘનશ્યામ મહારાજ પોતાના પિતાની પાસે વેદ, પુરાણ, જ્યોતિષ, ઈતિહાસ એ આદિક ચૌદ વિદ્યાઓ તથા ચોસઠ કળાઓને સત્તર દિવસમાં પોતે ભણી લીધી. તે ચરિત્ર જોઈને અયોધ્યાપુરવાસી કેટલાક પંડિત, પુરાણી, શાસ્ત્રીઓ વિવેકી ડાહ્યા માણસો સર્વે મનમાં એમ જાણતા હતા જે, આ હરિપ્રસાદ પાંડેના પુત્ર ઘનશ્યામપ્રસાદ તે કોઈક દેવ છે અને કાં તો ઈશ્વર છે અથવા સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ છે, જો એમ ન હોય તો થોડા દિવસમાં આટલી વિદ્યા કોઈ દેવ મનુષ્ય ભણી શકે નહિ. એવી રીતની આખા શહેરમાં વાતો ચાલતી હતી. તેમાં પોતાના લોકમાં રહેલા ચાર વેદો વિચાર કરવા લાગ્યા જે, પુરુષોત્તમ ભગવાન ચાર વેદ ભણ્યા. ત્યારે ચાર વેદ તો આપણે છીએ, માટે ચાલો આપણે ભગવાનની પૂજા કરવા જઈએ. એમ ચાર વેદોએ વિચાર કરીને બ્રાહ્મણના વેષે આવીને ઘનશ્યામ મહારાજને પગે લાગીને ચંદન વડે યથાવિધિ પૂજા કરી. પછી સર્વે જમ્યા અને લીંબડા તળે ચોતરા ઉપર ચારે વેદે સહિત ઘનશ્યામ મહારાજ પોઢી ગયા. બીજે દિવસે પ્રાતઃકાળે પોતાના પિતા સહિત ચાર વેદને સાથે લઈને સરયૂગંગામાં રામઘાટે સ્નાન કરીને ચાલ્યા તે હનુમાનગઢીમાં દર્શન કરવા આવ્યા. ત્યાં એક પંડિત વાલ્મીકિ રામાયણની કથા વાંચતા હતા. તેની નજર બરાબર ઠીક ન દેખીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે, હે ભટ્ટ ! તમો અશુદ્ધ કેમ બોલો છો ? એમ કહીને હનુમાનજીની પરિક્રમા કરવા લાગ્યા. તે વખતે બ્રાહ્મણ ઘનશ્યામ મહારાજની અવજ્ઞા કરીને બોલ્યા જે, તમો શાસ્ત્રની વાતમાં શું જાણો ? તેવું સાંભળીને ચાર વેદમાંથી અથર્વવેદ

બોલ્યા જે આવો ગર્વિષ્ઠ સારો નહિ; એમ કહ્યું કે, તુરત પોતાના કર્મે કરીને તે બ્રાહ્મણ આંધળો થઈ ગયો. પછી હનુમાનજીએ, ઘનશ્યામ મહારાજની તથા ચાર વેદની ષોડશોપચારે કરીને પૂજા કરી. તેને દેખીને પૂજારીએ કહ્યું જે હે સ્વામી ! તમોએ કોની પૂજા કરી ? ત્યારે હનુમાનજી બોલ્યા જે, આ ઘનશ્યામ મહારાજ અક્ષરાધિપતિ પુરુષોત્તમ ભગવાન છે અને આ મૂર્તિમાન ચાર વેદો છે તેમની પૂજા કરી. એમ બોલે છે તે સમયમાં તો અંધ થયેલો બ્રાહ્મણ આવીને પગે લાગીને બોલ્યો જે, હે મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરો. ત્યારે ચાર વેદ બોલ્યા જે, આ પ્રત્યક્ષ પુરુષોત્તમનું ભજન કરવાથી સારું થશે. એમ કહીને ચાર વેદ તો ઘનશ્યામ મહારાજને નમસ્કાર કરી રજા માગીને ચાલવાની તૈયારી કરી, ત્યારે બોલ્યા જે,

**વેદ બોલ્યો છે એમ વિચારી, રજા માગીને કરી તૈયારી,**
**નમ્રતાથી કર્યો નમસ્કાર, આજ્ઞા કરે છે શ્રી ભગવાન,**
**આવજ્યો સત્સંગ મોઝર, કરીશું તમ માટે વિચાર,**
**સચિદાનંદ, ઉત્તમાનંદ, એવા નામો આપીશું આનંદ,**
**ત્યાં રાખશું. સમીપ અમારે, નથી આપૂર્ણ કોઈ તમારે**

તમો પાછા સત્સંગમાં આવજો, તે તમારાં સચ્ચિદાનંદ મુનિ તથા ઉત્તમાનંદ મુનિ એવાં નામ પાડીને અમારી સમીપે રાખીશું. એવી રીતની આજ્ઞા પામીને વેદ અદશ્ય થઈ ગયા. તે ચરિત્ર જોઈને ધર્મદેવ પોતાના પુત્ર સહિત ઘેર આવીને તે વાત રામપ્રતાપભાઈને કહેતા હતા.

## પૂજ્ય શ્રી ઈશ્વરચરણ સ્વામીનું આખ્યાન

શ્રીજી મહારાજ જ્યારે આ ભૂમિ પર અનંત જીવોનું કલ્યાણ કરવા પધાર્યા ત્યારે અનેક ધામના મુક્તો પણ મહારાજને પામવા માટે સાથે આવ્યા છે જેમાં ગોલોક ધામના મુક્ત. જેમને ભગવાન શ્રીકૃષ્ણની ઉપાસના છે. જેમને પાંત્રીસ બ્રહ્માંડનું રાજ્ય સોંપવામાં આવેલું. જેમને ૧૧૨૬ (એક હજાર એકસો છવ્વીસ) વૈરાટ નારાયણ થઈ ગયા. ત્યાં સુધી ૩૫ બ્રહ્માંડનું રાજ્ય કરેલું છે. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ આ ધરતી પર પધાર્યા ત્યારે તેમને એક લાખ એકસઠ હજાર એંસી પુત્રો હતા. જેમાં

એક પુત્ર રૂપે. શ્રી ઈશ્વર સ્વામીએ અવતાર ધારણ કર્યો હતો. ત્યારબાદ ગોલોકમાં નિવાસ કર્યો તે વખતે બદરિકાશ્રમમાં શ્રી નરનારાયણદેવ દેના સાંનિધ્યમાં ૮૮ હજાર ઋષિ મુનિઓને દુર્વાસા મુનિનો શ્રાપ થયો. અને ભગવાને આ ભૂમિ પર અવતાર લેવાનું નક્કી કર્યું. જેના સમાચાર મળતા અનંત ધામના મુક્તો પણ આ ધરતી પર શ્રીહરિને પામવા આવ્યા. ૩૫ બ્રાહ્મડનું સામ્રાજ્ય કરતા શ્રી ઈશ્વરચરણ સ્વામી પણ સર્વેનો ત્યાગ કરીને બીજો જન્મ સિદ્ધપુરની પાવન ધરતી પર લીધો. જે જગ્યાએ કપીલ ભગવાનનું અવતરણ થયું. માતા દેવહુતીને જ્યાં સાંખ્ય શાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત થયું એ જ પાવનકારી સિદ્ધપુરની ધરતી પર બ્રાહ્મણ કૂળમાં જન્મ લીધો. ત્યારબાદ શાસ્ત્રો પુરાણોનો અભ્યાસ પૂર્ણ કરી. ત્યાગી થઈને ત્યાગાશ્રમનો માર્ગ અપનાવ્યો. એકવાર ફરતા-ફરતા દેશોમાં અનેક મુમુક્ષોને ઉપદેશ આપતા શરોહી શહેરમાં આવ્યા. જ્યાં શરોહીના રાજાએ તેમને શ્રેષ્ઠ ત્યાંગી જાણી તેમનું ખૂબ જ સન્માન કર્યું અને રાજ્યમાં લાવ્યા. સમય વિતતા તેમને રાજ્યમાં હેત બંધાઈ ગયું. અને માયાથી પર એવા પુરુષને માયાએ પોતાના સંકજામાં પકડી લીધા. અને એજ રાજ્યમાં તેમનો દેહ ત્યાગી દીધો. અંતે યા મતી સા ગતીના ન્યાયે તેમને ત્રીજો જન્મ શિરોહી રાજ્યમાં લેવો પડ્યો. પરંતુ થોડા સમય બધા તેમને પૂર્વની સ્તુતિ થઈ આવી અને અતી ઉદાસ થઈ ગયા. રાજ્યમાં ઉદાસી મન રાખી પ્રભુ ભજન કરતા-કરતાં નાની ઉંમરમાં દેહનો ત્યાગ કરી દીધો. અને ચોથા અવતારમાં કચ્છ દેશમાં સુથાર જ્ઞાતીમાં જન્મ ધારણ કર્યો. તેમના માતાપિતા શ્રીજીમહારાજના આશ્રિત હોવાથી તેમને નાનપણથી જ સત્સંગનો યોગ થઈ ગયો. જ્યારે સ્વામીની ઉંમર ચાર વર્ષની હતી ત્યારે શ્રીજીમહારાજ મૂળજી બ્રહ્મચારી સાથે કચ્છ દેશમાં પધાર્યા તે વખતે તેમના માતા-પિતાના આગ્રહથી મહારાજ તેમને ઘરે થાળ જમવા આવ્યા. શ્રીજી મહારાજને જમતા જોઈ સ્વામી હાથમાં વાટકો લઈ પ્રસાદ લેવા દોડ્યા ત્યારે માતાએ તેમને અટકાવ્યા. મહારાજ બોલ્યા, કે બાઈ આવવા દો એમને એ તો મુક્ત છે.

અમને પામવા માટે જ આવ્યા છે. મહારાજના વચન સાંભળી માતાએ

બાળકને મહારાજ પાસે મોકલ્યા એટલે શ્રીજી મહારાજે તેમને બે માલપુવા અને દુધપાક આપ્યો. પ્રસાદ જમીને સ્વામીને નાની ઉંમરમાં ખૂબ જ જ્ઞાન થયું. એકવાર સ્વામીની ઉંમર આઠ વર્ષની થતા સમુદ્ર કીનારે વહાણ ચલાવતા હતા. ત્યારે શ્રીજી મહારાજ અને મૂળજી બ્રહ્મચારી બે સમુદ્ર કાંઠે આવ્યા. એટલે મહારાજને લઈ ઘરે આવ્યા અને માતાએ સીધુ આપ્યું તેથી મૂળજી બ્રહ્મચારીએ રસોઈ બનાવી મહારાજને થાળ જમાડ્યો. પછી મહરાજની સાથે સમુદ્ર કાંઠે આવ્યા. ત્યાં માહારાજ અદશ્ય થયા ત્યારે ખ્યાલ આવ્યો કે મહારાજ તો સ્વામીને માટે જ દર્શન દેવા આવ્યા હતા.

ત્યારબાદ અખંડ મહારાજનું સ્મરણ કરતાં કરતાં મોટી ઉંમરે દેહ ત્યાગ કરી દીધો. અને પાંચમો અવતારમાં માણસ ગામે પાટીદાર કુળમાં જન્મ ધારણ કર્યા. જ્યારે તે સાત વર્ષના થયા ત્યારે આકાશ માર્ગે બે સંતો એ તેમને દર્શન આપ્યાને કહ્યું કે તમે સાધુ થાઓ સંતવચન માની સંવત ૧૯૩૩ની સાલમાં મહાનુભાવાનંદ સ્વામીના શિષ્ય શ્રી રંગદાસજી સ્વામી ઇડરમાં રહેતા તેમની પાસે જઈને રહેવા લાગ્યા. સ્વામીના સમાગમથી ખૂબજ દઢ સત્સંગ થયો. અને એક દિવસ રાત્રે ભજનમાં તલ્લીન હતા તે વખતે શ્રી ગોપીનાથજી શ્રીજીમહારાજે દર્શન આપીને કહ્યું કે તમને તમારા સંબંધી તેડવા આવશે. તમે સાથે જાજો. પછી હું તમને સોનાનો રથ લઈને તેડવા આવીશ. એમ કહી શ્રીહરિ અદશ્ય થયા. અને તેમને સ્વામીને વાત કરી. બીજા દિવસે સંબંધીઓ ઇડર આવીને સ્વામીને ઘરે તેડી ગયા. થોડા દિવસ પછી ઇડરના બ્રાહ્મણ ગણપત માણસા આવ્યા ત્યારે તેમની સાથે પાછા ઇડર આવીને રહ્યા. ચોમાસાના ચાર મહિના પૂર્ણ કરી કાર્તિક માસનો સમૈયો કરવા અમદાવાદ આવ્યા ત્યારે અમદાવાદના આચાર્ય મહારાજશ્રી કેશવપ્રસાદજી મહારાજ થકી સંવત ૧૯૩૪ની સાલમાં મહા દીક્ષા લઈને સાધુ થયા અને ઈશ્વર ચરણ સ્વામી નામ ધારણ કર્યું. અને સ્વામી વધારે વડનગરમાં રહીને ભજન કરતા હતા. જેમને મહારાજે અનંતવાર દર્શન આપ્યા છે અને પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવી છે.

## ગરૂડજી માણકી ઘોડી રૂપે

### ● મહારાજે કહ્યું માણકી તો ગુરૂડજી પોતે છે

એક વાર શ્રીજી મહારાજ વડતાલ જાવા તૈયાર થયા ત્યારે દાદાખાચરને કહ્યું, 'તમે તથા બીજા સવાર તૈયાર થાઓ' ત્યારે દાદોખાચર ઘોડું લેવા ગયા પણ પાછા આવ્યા ત્યારે મહારાજ આવીને દાદાખાચરને કહે, 'આ બધા સવાર થયા ને તું કેમ ઊભો થઈ રહ્યો છો ?' એમ કહીને વઢવા લાગ્યા ત્યારે દાદોખાચર કહે 'ઘોડાસાર ઘોડું છોડવા ગયો ત્યાં તો બીજા કાઠીઓ ઘોડાં લઈને સવાર થયા' તે વખતે તેના મામા ઘેલોધાધલ ત્યાં ઊભા હતા તે કહે 'લ્યો મારી ઘોડી લાવી આપું એટલે તેણે ઘોડી પલાણ માંડીને લાવી આપી ત્યારે દાદોખાચર સવાર થયા. તે વખતે મહારાજે સુરાખાચરને કહ્યું 'અમારી માણકી ઘોડી તો અમારા ગરૂડ છે' ત્યારે સુરોખાચર કહે 'ગરૂડને તો પાંખુ હોય' ત્યારે મહારાજ કહે, 'જુઓ અમારી ઘોડીને પાંખું છે' ત્યાં તો માણકીને બેયકોરે પાંખું દેખાણી.

### ● માણકી ઘોડી નો જન્મ

પાળીયાદમાં એક કાઠી હતો. તેણે ઘોડી રાખી હતી. જેને રાયત ખવડાવતો અને કશ ખૂબ પીવડાવતો. તેથી ઘોડી ખૂબ જ પાવરદાર હતી. જ્યારે ઘોડાની હરીફાઈ થાય ત્યારે આ ઘોડી કાયમ જીતી જતી તેથી કાઠીને ખૂબ જ ગર્વ થઈ ગયો હતો, કે કાઠિયાવાડમાં મારી ઘોડી જેવી કોઈ ઘોડી નથી. તે સમયે પાળીયાદમાં એક કાઠિયાણી બાઈ હતી. તેને કહ્યું જે, તારી ઘોડી ભલે પાવરદાર હોય પરંતુ જાતિ તો ટારડાની માટે કોઈ દિવસ માથું કપાવશે. ત્યારે કાઠી કહે, મારી ઘોડી જાતવંત છે. ત્યારે કાઠિયાણી કહે. જો જાતવંત હોય તો જસદણમાં એક કાઠીના ઘરે જાતવંત

ઘોડી છે તેની સાથે પારખા લેવાજા. જો તારી ઘોડી જીતે તો માથે બેડું લઈને ગામ સોસરી થઈને તારા ઘરે આવી ને તારી સાથે લગ્ન કરું, પરંતુ જો તું હારી જાય તો માથે જોડા મુકીને ગામ વચ્ચેથી પસાર થવું પડશે. આમ બંને વચ્ચે શરતો થઈ ત્યારે કાઠી ઘોડી લઈ જસદણ આવ્યો. ને જસદણ વાડાને કીધું જે ઘોડીના પારખા કરવા છે. ત્યારે જસદણ વાડો વાતને સમજી ગયો ને સારા ઉતારા આપી. આગતા-સ્વાગતા કરી એક મહિના સુધી પોતાના ઘરે રાખી ખૂબ જ સરભરા કરી. રાત્રિનો સમય થાય ત્યારે જસદણવાળો પોતાની ઘોડીને રાત્રે ૧૦ ગાઉ ચલાવે. પાળીયાદવાળાની ઘોડી ખાઈને બેસી રહે તેથી ચાલવાનું પણ ભુલી ગઈ. એક મહિના પછી બંને પારખા લેવા જસદણથી જામનગર નીકળ્યા. તે જામનગરથી સાંજે બહેનોને લૂંટીને ધન લઈ ભાગ્યા તે પાછળ લોકો મારવા આવ્યા ત્યારે પાળીયાદ વાળાની ઘોડી થાકી ગઈ. જસદણવાળો કહે કાં તો માણસને પાછા વાળ અને કાંતો તારી ઘોડીને મારી મારી ઘોડી પર આવી જા - પાળીયાદવાળાએ પોતાની ઘોડીને તલવારના ઘા થી મારી નાખી અને પોતે જસદણવાળાની ઘોડી પર બેસી બંને ઘેર આવ્યા. ત્યારે કાઠિયાણીએ પાળીયાદ વાળાને માથે જોડા મુકાવી ગામ વચ્ચેથી પસાર કર્યા. આ વાતથી જસદણવાળાની જાતવંત ઘોડી સર્વ દેશમાં પ્રસિદ્ધ થઈ. તેથી કચ્છમાં એક મિયાણો રહેતો હતો, જે પાકો ચોર હતો. તેને મનમાં આ ઘોડી ચોરવાની ઇચ્છા પરંતુ ઘોડી ચોરવાનો યોગ ન મળ્યો. ને અંત સમય આવ્યો, પરંતુ જીવ નીકળે નહીં. તેથી તેના દીકરાએ કહ્યું, બાપુજી જીવ કેમ જતો નથી ? ત્યારે મિયાણો કહે, મારે જાતવંત ઘોડી જસદણવાળાની મનમાં ચોરવાની ઇચ્છા રહી ગઈ છે ત્યારે તેના દીકરાએ વચન આપ્યું, જે હું તે જાતવંત ઘોડી ચોરી લાવીશ. આટલું સાંભળી મિયાણો મૃત્યુ પામ્યો. ત્યાર બાદ મિયાણાનો દીકરો ઘોડી ચોરવા જસદણ આવ્યો, પરંતુ ચોરીને લેવાય એમ હતું નહીં તેથી બે વર્ષ સુધી કાઠીની સેવા કરી ને કાઠીનો વિશ્વાસ જીત્યો. તેથી એક વાર કાઠીએ તેને ઘોડીની સેવામાં રાખ્યો. તે એક દિવસ ઘોડીને ફેરવવા લઈ ગયો. ત્યાંથી બારોબાર ઘોડી ચોરી નીકળી ગયો અને

કચ્છમાં આવ્યો ને એક સમયે સમુદ્ર કિનારે ફરવા ગયો હશે ત્યારે દરિયામાંથી દેવતાઈ ઘોડો આવ્યો અને આ જાતવંત ઘોડીનો સંગ કર્યા. સમય જતા તે જાતવંત ઘોડી એ એક વછેરીને જન્મ આપ્યો જે માણકી નામે પ્રસિદ્ધ થઈ. ભુજના રાજાએ તે માણકી ઘોડી મિયાણા પાસેથી ખરીદી ને તે મીણાપરના સરતાનસિંહજી પાસે આવી હતી. આ વાત શ્રીજીમહારાજે એભલ બાપુને પણ કરી હતી.

મીણાપરના ગામધણી દરબારનું નામ સરતાનસિંહજી હતું. તેઓ ઝાલા ક્ષત્રિય હતા. દરબાર સરતાનસિંહજી ઘોડીઓના ભારે શોખીન હતા. એમને ત્યાં માણેકવર્ણી માણકી ઉછરી રહી હતી. આ વછેરીના રૂપ, રંગ અને ચાલ અદ્‌ભુત હતાં. માણકીને જોતાં જ અશ્વના જાણકારો મોઢામાં આંગળા નાખી જતા હતા અને આ દેવાંશી વછેરીના ભરપેટ વખાણ કરતા હતા. દરબાર સરતાનસિંહજીને માણેકવર્ણી માણકી ભારી વ્હાલી હતી. અનેક રાજા મહારાજાઓ મોં માંગ્યા દામ આપીને માણકી ખરીદવા માગતા હતા, પરંતુ દરબાર સરતાનસિંહજી માણકી આપવાની ઘસીને ના પાડી દેતા હતા. દરબાર સરતાનસિંહજીના મનમાં હતું, 'માણકી મોટી થાય પછી ગાયકવાડ સરકારને આપવી અને બદલામાં બક્ષિસ રૂપે આઠ-દસ ગામનું પરગણું લેવું.'

માણેકવર્ણી માણકીની કીર્તિ મહારાજ સુધી પહોંચી. મહારાજે કાઠી દરબારોને કહ્યું, ''આપણે કોઈ પણ રીતે મોં માગ્યા દામ આપીને માણકી લેવી છે.'' દરબારોએ કહ્યું, ''મહારાજ ! અમે કાઠીઓ છીએ અને સરતાનસિંહજી ગરાસિયા છે. અમારે અને ગરાસિયાઓને બહુ મેળ બેસે નહીં, એટલે સરતાનસિંહજી અમારું નહીં માને.''

મહારાજે કહ્યું, ''તો શું કરીશું ?''

દરબારોએ કહ્યું, ''મહારાજ ! મીણાપરની બાજુમાં જ ભેંસજાળ ગામ છે. ત્યાંના દરબાર કાળુભા અને સરતાનસિંહજી વચ્ચે ભારે ભાઈબંધાઈ છે. જો કાળુભા કહે, તો કદાચ સરતાનસિંહજી માને.'' દરબાર કાળુભા ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત હતા. મહારાજે એમને બોલાવ્યા અને કહ્યું, ''કોઈ પણ રીતે મોં માગ્યા દામ આપીને

પણ અમને માણકી લાવી આપો.'' મહારાજનો આદેશ થયો એટલે કાળુભા મીણાપર ગયા. સરતાનસિંહજીને ખૂબ સમજાવ્યા પણ તેઓ માન્યા નહીં અને કહ્યું, ''દરબાર ! માણકી તો કાં મારે ત્યાં શોભે અથવા તો ગાયકવાડને ત્યાં શોભે. ગાયકવાડને માણકી આપું તો ગાયકવાડ મને પરગણું ભેટ આપે, સ્વામિનારાયણ તો બાવા-સાધુ કહેવાય, એ મને આપીઆપીને શું આપે ?''

સરતાનસિંહજીએ મિત્રની વાત માની નહીં, એથી કાળુભાને ખૂબ જ ખોટું લાગ્યું. એમણે ઊભા થઈને કહ્યું, ''જો તમારે માણકી ન આપવી હોય, તો આજથી અમારે તમારા ઘરનું પાણી હરામ છે.'' આમ કહીને કાળુભા ચાલતા થઈ ગયા. સરતાનસિંહજીના ધર્મપત્ની ભારે ભાવિક હતા. એમણે સરતાનસિંહજીને કહ્યું, ''તમે જ્યાં-ત્યાં બાવળિયા વાવો છો ? ચારે બાજુ કાઠીઓથી ઘેરાઈને બેઠા છો. કાળુભાને લીધે આપણું રજવાડું સલામત છે. આજે તમે એને પણ તમારા શત્રુ બનાવ્યા. સ્વામિનારાયણ તો ભગવાન છે. ગાયકવાડ એની પાસે શું ગણતરીમાં ? માટે મહારાજને માણકી આપી કાળુભાને મનાવી લો.''

રાણીબાના કહેવાથી સરતાનસિંહજી ઢીલા પડ્યા. કાળુભાને પાછા તેડાવ્યા અને મહારાજને માણકી આપવાનો કોલ દીધો.

કાળુભા બોલ્યા, ''મહારાજે કહ્યું છે, માણકી મફતમાં ન જોઈએ; તમે કહો તે મૂલ ચૂકવીશું.''

આખરે મહારાજનું મન રાખવા ટોકન રૂપિયા ત્રણસોમાં વાત પાકી થઈ. સ્વયં મહારાજ પાર્ષદો સાથે માણકી લેવા મીણાપર પધાર્યા. દરબાર સરતાનસિંહજીએ મહારાજનું સ્વાગત કર્યું. મહારાજ માણકી જોવા પધાર્યા. એક બાજુ મહારાજ માણકીને જોઈને વાહ વાહ પોકારી ઊઠ્યા, બીજી બાજુ મહારાજનાં દર્શન કરતાં જ જાણે જુગ જૂની ઓળખાણ હોય, એમ માણકી હણહણાટ કરવા માંડી. મહારાજ દરબારગઢની બેઠકે બિરાજમાન થયા. ચાંદીનો ત્રાસ મંગાવી એમાં રૂપિયા ત્રણસો મુકાવ્યા. એ જમાનાની રીત પ્રમાણે દરબાર સરતાનસિંહજીની દીકરી મોંઘીબાએ રૂપિયાનો થાળને સ્વીકાર્યો, માણેકવર્ણી માણકીના લલાટમાં ચાંદલો કર્યો, માણકીને

મોતીડેથી વધાવી અને માણકીની લગામ મહારાજના હાથમાં સોંપી. મોંઘીબાનો જીવરો સ્વભાવ જોઈ મહારાજ અત્યંત રાજી થયા અને પૂછ્યું, ''દીકરી ! તમારું નામ શું ?'' નાની દીકરીએ ફૂલડાં ઝરે એમ હાસ્ય વેરતાં કહ્યું, ''મહારાજ ! બધા મને લાડમાં 'મોંઘી' કહીને બોલાવે છે.'' મહારાજે મોંઘીબાના માથા ઉપર હાથ મૂક્યો અને બોલ્યા, ''મોંઘીબા ! તમે તો ભારે મોંઘામૂલા થશો અને મોટા રાજ્યમાં જશો !''

આટલું કહી મહારાજે દરબાર સરતાનસિંહજીની સામે જોયું અને હસીને બોલ્યા, ''દરબાર ! તમે કાળુભાને કહ્યું હતું ને સ્વામિનારાયણ તો બાવાસાધુ છે, એ અમને શું આપશે ? અમે આ મોંઘીબાને ગાયકવાડ પણ ન આપી શકે એવું મોટું રાજ્ય આપીશું !'' આટલું કહી મહારાજ માણેકવર્ણી માણકીની સાથે ગઢપુર પધાર્યા.

માણકી મહારાજનું મન ગણાતી; મહારાજને ઈશારે ઈશારે ચાલતી; મહારાજ અને માણકીની જોડી એવી જામી હતી કે ન માણકીને મહારાજ સિવાય ચાલે, ન મહારાજને માણકી સિવાય ચાલે !

સમય જતાં મોંઘીબાને ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશીર્વાદ ફળ્યો હતો. ગોંડલ નરેશ સંગ્રામસિંહજીને પરણીને મોંઘીબા મોંઘામૂલા થયાં હતાં. મહારાજના આશીર્વાદને લીધે ગાયકવાડ પણ બક્ષિસમાં ન આપી શકે, એવું રાજ મોંઘીબાને મળ્યું હતું.

સંગ્રામસિંહજી અને મોંઘીબાને ત્યાં કોઈ સંતાન ન હતું, એટલે રાજ્યના વારસ તરીકે 'ગોંડલની ગાદીએ કોણ આવે ?' એ પ્રશ્ન હતો. સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીના આશીર્વાદથી એમને ત્યાં ભગવતસિંહજી નામના પુત્ર થયા હતા. ભગવતસિંહજી પ્રજાવત્સલ રાજવી હતા. એમની રાજ્યવ્યવસ્થા અંગ્રેજો કરતાં પણ સવાઈ હતી. આજે પણ લોકો ગોંડલ નરેશ ભગવતસિંહજીને ભારે આદરથી યાદ કરે છે.

આશરે વિ.સં. ૧૮૬૮, શ્રાવણ માસમાં મહારાજને પોતાનાં મન સમાન માણકી ઘોડી સેવામાં પ્રાપ્ત થઈ હતી.

શ્રીજી મહારાજના ધામમાં ગયા પછી તેરમાના દિવસે માણકી ઘોડીએ આ જગતમાંથી વિદાય લીધી અને મહારાજના પરમ ધામને પામી.

## પંચાળાના ઝીણાભાઈ

નીલકંઠ વર્ણીને ચાલતા રસ્તામાં કેટલેક દિવસે એક ગામ આવ્યું. તે ગામના રાજાએ આથમણી કોર ચોકી રાખેલી, ત્યાં જઈને મહારાજ આગળ ચાલ્યા, ત્યારે ચોકીવાળે સિપાઈએ તે રસ્તે જાવાની ના પાડીને કહ્યું 'તે રસ્તે આગળ એક વડના વૃક્ષ ઉપર માથા વિનાનો ખવીસ રહે છે. તે સહુને મારી નાખે છે. માટે તમે એ રસ્તે જાશો નહિ ને આ બીજે રસ્તે લોક જાય છે તે રસ્તે જાઓ.' ત્યારે મહારાજ કહે 'અરે ભાઈ ! અમે એ રસ્તે નહિ જાઈએ તો બીજું કોણ જાશે ?' એમ કહીને મહારાજ તો એ જ રસ્તે ચાલ્યા. ત્યારે સિપાઈઓ તો કાંઈ બોલી ન શક્યા. ને છાનામાના ઊભા થઈ રહ્યા, ને જોયું તો આગળ વડના વૃક્ષ ઉપર રહ્યો જે ખવીસ તે એકદમ કડેડાટ કરતો જેમ મોટો પર્વત તૂટી પડે તેમ હેઠો પડ્યો. ને મહારાજની સન્મુખ આવ્યો. તે જોઈને સિપાઈઓ તો છેટે રહ્યા થકા ત્રાસ પામી ગયા. ને પરસ્પર બોલવા લાગ્યા જે 'એ છોકરે આપણું કહ્યું માન્યું નહિ. હમણાં એ ખવીસ એને ભક્ષ કરી જાશે.' એમ વિચાર કરે છે તેવામાં મહારાજે તે સામો આવ્યો જે ખવીસ તેના સામું જરા કરડી દૃષ્ટિથી જોયું કે તરત તે હાથ પગ પછાડતો થકો બૂમો પાડવા લાગ્યો. જે 'ઓયરે બાપ હું બળી ગયો, બળી ગયો.' તે સાંભળીને ગામનાં કેટલાંક માણસો રાજાએ સહિત ત્યાં દોડી આવ્યાં. તે પછી બૂમો પાડતો થકો તે ખવીસ હાથ જોડીને મહારાજને વિનંતિ કરવા લાગ્યો જે 'હે બાળા જોગી ! તમે સાક્ષાત ભગવાન છો, ને હું ઘણા કાળથી જ્યાં ત્યાં આથડી આથડીને મહા દુ:ખ પામું છું. માટે હે મહારાજ ! તમે મારો ઉદ્ધાર કરો.' ત્યારે દયાના સાગર એવા શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ પોતાના પ્રતાપે કરીને તે ખવીસને

બદરિકાશ્રમને વિષે મોકલી દીધો. તે જોઈને રાજા તથા ચોકીવાળા સિપાઈઓ તથા જોવા આવેલાં સર્વે માણસો મહા આશ્ચર્ય પામતાં થકા તે બાળાજોગીની સમીપે આવીને વિનંતિપૂર્વક પગે લાગ્યાં. પછી રાજા પોતે બોલ્યો જે 'હે બાળાજોગી ! તમે તો સાક્ષાત પુરુષોત્તમ નારાયણ છો, ને અમારા સુખને અર્થે જ અહીં પધાર્યા છો, ને તમે આ અસુરનો ઉદ્ધાર કર્યો, પણ હે કૃપાનાથ ! હવે મારા ઉપર દયા કરીને મારે મહેલ પધારો, ને મારી સેવા અંગીકાર કરો તો મારા જીવનું કાંઈક રુડું થાય.' ત્યારે દયાળુ એવા શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે રાજાને પૂર્વનો મુમુક્ષુ જાણીને તે પ્રત્યે બોલ્યા, જે 'હે રાજન્ અમે ગામમાં તો નહિ આવીએ પણ તમને રાજી થઈને વર આપું છું કે તમે અમારું ધ્યાન કરજો. એટલે થોડા દિવસ પછી તમારો આ દેહ પડી જાશે ને ગિરનારાની છાયામાં પંચાળા ગામને વિષે ક્ષત્રિયકુળમાં જન્મ લઈને તમે ઝીણાભાઈ નામે પ્રસિદ્ધ થાશો ને ત્યાં તમને અમારો જોગ થાશે ને સદ્‌ગતિને પામશો.' એ પ્રમાણે વર આપીને મહારાજ ત્યાંથી ચાલી નીકળ્યા.

**● પંચાળાના ઝીણાભાઈ રૂપે જન્મ**

સોરઠ પ્રદેશના પંચાળા ગામે હઠીસિંહ દરબારના પુત્ર મનુભા દરબાર હતા. જેઓ રામાનંદ સ્વામીના સેવક હતા. તેમના પત્ની ગંગાબા હતા. જેમને હેમતસિંહ (જીણાભાઈ) આદિબા અને અનુપસિંહ (ગગોભાઈ) આમ ત્રણ સંતાન હતા.

એકવાર સં. ૧૮૫૮ માં સ.ગુ. રામાનંદસ્વામી પંચાળા પધાર્યા હતા. સ્વામી સાથે નિલકંઠ વર્ણી પણ હતા. ત્યારે મનુભા દરબાર પોતાના બન્ને પુત્રો ઝીણાભાઈ ગગાભાઈ બન્ને પુત્રો ને સાથે લઈ સ્વામીના દર્શને પધાર્યા. બન્ને પુત્રો ને પગે લગાડી આશીર્વાદ મેળવ્યા. અને નીલકંઠ વર્ણીને પણ વંદન કર્યા.

આ ભગવાન શ્રીહરિ અને ભક્તરાજનું પ્રથમ મિલન હતુ. આ સમયે જીણાભાઈની ઉંમર ૧૦ વર્ષની હતી. સમય વિતતા મુક્તાનંદ સ્વામી જેવા સંતોનો સમાગમ કરી. ઝીણાભાઈ ઉત્તમ ભક્તપણું મેળવ્યુ હતું. સંસારીક માઈક પદાર્થનો સારો એવો સંબંધ હોવા છતા તેમના

અંતરમાં સર્વ વિષ તુલ્ય જણાતું હતું. ભગવાન વિના બીજા પદાર્થોમાં વૃતિ ચોટે નહિ તેનો ખુબજ ધ્યાન રાખતા.

**● જીતેન્દ્રીય ઝીણાભાઈ**

એક વખત જૂનાગઢમાં નવાબ સાહેબની કચેરી માં ઝીણાભાઈ ગયા હતા. ત્યાં અફીણના કસૂંબા અને દારૂની રેલમછેલ ઊડતી હતી. ગણિકાઓ નાચ-ગાન કરી થૈથૈકાર કરી રહી હતી. સભાજનો નૃત્ય અને સંગીતમાં તલ્લીન થઈ હોંકારા-પડકારા કરી રહ્યા હતા. આવા વિષયી વાતાવરણમાં સિંહ જેવો શૂરવીર અને યોગી જેવો અલિપ્ત વાતાવરણની કોઇ પરવાહ કર્યા વિના ઝીણાભાઇ બેઠા હતા. અંતરવૃત્તિ કરી શ્રીજી મહારાજની મૂર્તિને ધારી પોતાની ખુરશી ઉપર આંખો બંધ કરી બેઠા હતા. આ દૃશ્યથી નવાબ સાહેબ ઝીણાભાઇની સ્થિતિ જોઇ મનમાં વિચાર થાય છે કે, આવી મહેફિલમાં ઝીણાભાઇ ઊંચી આંખ કરીને પણ જોતા નથી ! ખરેખર એ પુરુષનો આત્મા મહાન છે, એ ખરો અલ્લાહનો બંદો છે.

પોતાનાં આસનેથી ઊભા થઈ ઝીણાભાઈની ખુરશી પાસે જઈ વિવેકપૂર્વક તેમને ઊભા કર્યા અને સહુ સભાજનો વચ્ચે જ ભેટી પડ્યા.

આ પ્રસંગ પછી નવાબસાહેબ ઝીણાભાઈનો ખરો મહિમા સમજતા અને ઝીણાભાઈની ખુરશી કાયમ પોતાનાં સિંહાસનની પાસે રખાવતા.

**● કમરશીભાઈની સેવા**

માંગરોળમાં કમળશીભાઈ વાંઝા બહુ જ સારા સત્સંગી રહેતા હતા. પરંતુ કુટુંબમાં સત્સંગ નહીં હોવાથી સગાં-સંબંધીઓને કમળશીભાઈનું સદાચારી ને ધર્મમય જીવન ગમતું નહીં. કોઈપણ પ્રકારે સત્સંગ છોડી દે તો ઠીક, એ હેતુથી તેઓ વારંવાર મુશ્કેલીઓ ઊભી કરી ખૂબ દુઃખ દેતા રહેતા. છતાં અત્યંત નિર્માનીપણે અકળાયા વિના કમળશીભાઇ ભજન-સ્મરણ કરતા રહેતા, જેથી મહારાજ અને સૌ સંતો-ભક્તો એમના ઉપર ખૂબ રાજી હતા.

વૃદ્ધ અવસ્થામાં કમળશીભાઈ બિમાર થયા. બિમારી બે-ત્રણ મહિના સુધી ચાલી. શરીર બહુ અશક્ત થઈ ગયું. ખાટલામાંથી બેઠા

પણ થઈ શકે નહીં એવી સ્થિતિ ઊભી થઇ. ઘરના સભ્યો સેવા કરવાને બદલે મેણાંટોણાં મારે, ખાવાનું સરખું આપે નહીં, સેવા-ચાકરી કરે નહીં. આમ ભગતને ખૂબ કોચવે.

એવામાં કોઈ કામ પ્રસંગે ઝીણાભાઈને માંગરોળ જવાનું થયું. ત્યાં કોઈએ કહ્યું, "દરબાર ! તમારો સત્સંગી કમળશી વાંઝા બિમાર છે ને ભારે દુઃખ વેઠે છે." ભગવાનના ભક્તની બિમારીના સમાચાર સાંભળી ઝીણાભાઈ બધું વ્યવહારિક કામ છોડી તત્કાળ કમળશીભાઇના ઘરે ગયા. કમળશીભાઇ પાસે બેસી સમાચાર પૂછ્યા. તેમની ગંભીર માંદગી તથા સ્વાર્થી સંસારની રીત જોઇ ઝીણાભાઈને ભારે દુઃખ થયું.

કમળશીભાઈના માથા ઉપર હાથ ફેરવી ઝીણાભાઈ બોલ્યા, "ભક્તરાજ ! માફ કરજો, ત્રણ-ચાર મહિનાથી આવા બીમાર છો ને હું તમારી ખબર પૂછવા પણ ન આવી શક્યો !" કમળશીભાઈની આંખોમાંથી હર્ષના આંસુ વહેવા લાગ્યાં. "અરે બાપુ ! ક્યાં તમે રજવાડી પરિવારના ને ક્યાં આ કમળશી વાંઝો. છતાંય મારે ખાટલે બેસી આટલી હુંફ ઘો છો ઈ ક્યાં થોડું છે ?"

ઝીણાભાઈ કહે, "કમળશીભાઈ ! તમે ભગવાનના ખરા ભક્ત છો. જો તમારા પરિવારને વાંધો ન હોય તો ચાલો મારે ઘરે, હું તમારી સેવા કરીશ." "અરે બાપુ ! મારાથી તમારી સેવા કેમ લેવાય ? હું અહીં બરાબર છું. જે કંઇ મહારાજની ઇચ્છા હશે એટલું રહીશુ અને સુખેથી ભજન કરીશું. તમે મારી ચિંતા ન કરો." "પણ ભગત ! તમારું આ દુઃખ મારાથી જોવાતું નથી. તમે મારી સાથે ચાલો, મને કોઇ મુશ્કેલી નહીં પડે."

બારણાં પાછળ ઊભેલી કમળશીભાઇની ઘરવાળી ઝીણાભાઇની વાત સાંભળી બોલી, "હા.. હા.. બાપુ ! તમ તમારે લઈ જાઓ. એની વાંહે અમારે ક્યાંય જવાતુંય નથી." કરુણાભરી આંખે ભગત બોલ્યા, "ના.. ના.. બાપુ ! તમને તકલીફ આપવી નથી."

ત્યાં છોકરો બોલ્યો, "ઈમાં તકલીફ શેની ! બાપુ સામેથી ક્યે છે તો તમને શું વાંધો છે ? લઈ જાવ, બાપુ, લઈ જાવ." "હા ભગત,

ચાલો. હું તમને બધી સગવડ કરી આપીશ, જરાય મૂંઝાશો નહીં.''

ભગતનું દર્દભર્યું હૃદય બોલ્યું, ''તમારી બધી વાત સાચી બાપુ ! પણ હું ઘોડા ઉપર કે ગાડામાં બેસી શકું તેમ નથી. માટે રહેવા દ્યો બાપ ! મહારાજે જે ધાર્યું હશે તે થશે.'' ઝીણાભાઈ મુઝાયા કે ભગતને કઈ રીતે પંચાળા લઈ જવા ? વળી તકલીફ પણ પડવી ન જોઈએ. ત્યાં વિચાર આવ્યો કે જો ચાર જણ ખાટલો ઉપાડી લે, તો કંઈ મુશ્કેલી ન પડે. સામે ઊભેલા એના દીકરાઓને કહ્યું, ''છોકરાઓ ! ચાર જણા થઈ ખાટલો ઉપાડી પંચાળા પહોંચાડી દો, પછી તમે છૂટા.''

છોકરો કહે, ''બાપુ ! પંચાળા ઘણું છેટું થાય, ત્યાં સુધી ખાટલો કેમ ઊપડે ? અમારાથી એ ન થાય.''

પરિવારનો કોઇ સભ્ય ખાટલો ઊપાડી પંચાળા આવવા તૈયાર ન હતો. ખાટલો ઊપાડવા માટે મજૂરો શોધ્યા, તો માત્ર ત્રણ મજૂર મળ્યા. ઝીણાભાઈએ નિર્ણય કર્યો, 'ખાટલાનો ચોથો પાયો હું મારે ખભે રાખીશ.'

ત્રણ મજૂર અને ચોથા ઝીણાભાઈ પોતે, માંદાનો ખાટલો ખભે લઈને ચાલતા થયા. એક હાથમાં ઘોડીની લગામ અને બીજા હાથના ખભે માંદાનો ખાટલો. બીજે ગામ પહોંચ્યા.

ત્યાં કોઇ જાણીતા પટેલ મળ્યા. તે ઝીણાભાઈને આ રીતે જતાં જોઈ કહે, ''અરે ઠાકોર સાહેબ ! આ શું કહેવાય ? આપે કેમ આ ખાટલો ઊપાડ્યો ? ગામધણી થઈને ખાટલો ઊપાડો એ કાંઈ ઘટે ખરું ?''

ઝીણાભાઈ કહે, ''ભાઈ ! ચોથો મજૂર મળ્યો નહિ એટલે પછી હું ઊપાડી ચાલ્યો, કારણ કે મારો સાચો સગો બિમાર છે ! ભગવાનના ભક્તની સેવા તો બહુ મોટા પુણ્યશાળીને મળે, મારા ધન્ય ભાગ્ય કે આ સેવા મારા ભાગમાં આવી.'' પટેલ કહે, ''ઠાકોર સાહેબ ! આપ થોડીવાર અહીં બેસો, હું હમણાં જ મજૂર ખોળીને આવું છું.'' પટેલ તરત જ ગામમાં ગયા. પરંતુ ઝીણાભાઈ તો આગળ ચાલતા થયા. પાછળથી પટેલે મોકલેલ મજૂર આવ્યો. ઝીણાભાઈ ખાટલો મજૂરને સોંપી ઘોડી ઉપર સવાર થયા. આ રીતે માંદાનો ખાટલો ખૂબ સંભાળપૂર્વક પંચાળા પોતાના દરબારગઢમાં લાવ્યા.

થોડે દૂરથી ઊંચે અવાજે પોતાના બહેન અદીબાને પૂછ્યું, "બહેન ! આ માંદાનો ખાટલો આપણે ક્યાં રાખીશું ?"

અદીબાએ અણગમો વ્યક્ત કર્યો. "ભાઈ ! તમે તો આવાને આવા, ગમે એને જ્યાં-ત્યાંથી લઈ આવો ! તો શું એને માટે ઓરડા ખાલી રાખી મૂક્યા છે ?" "બહેન ! તમને પૂછું છું, આ માંદાનો ખાટલો ક્યાં રાખવો છે ?" અદીબા છણકો કરી બોલ્યા, "એ ભાઈ ! માંદાનો ખાટલો ડેલીનાં ખાનામાં રાખો."

ભગવાનના ભક્તને પોતાના પુત્રથી પણ પ્રિય માનનાર ઝીણાભાઈને આ વાતથી બહુ દુઃખ થયું. તેઓ બોલ્યા, "ના બહેન ! માંદાનો ખાટલો ડેલીમાં નહીં મારા ઓરડામાં રહેશે." અને પોતે પોતાના સૂવાના ઓરડામાં કમળશીભાઈનો ખાટલો રાખ્યો. ઝીણાભાઈ પોતે ભગવાનના ભક્તની સેવા કરવા લાગ્યા. ત્રણ-ચાર મહિના સુધી ઝીણાભાઈ જાતે સેવા કરીને કમળશીભાઈને સાજા કર્યા.

એક વખત કમળશીભાઈને થોડી શરદી હતી, તેથી ઝીણાભાઈએ અદીબાને કહ્યું, "બહેન ! ઘરમાં (મરી) હોય તો વાટીને લાવો, માંદાને શરીરે ઘસવા માટે જોઈએ છે."

અદીબા કહે, "મરી તો નથી ભાઈ...!" મનમાં વિચાર કર્યો કે, તીખાં તો છે પણ જેને તેને માટે થોડા છે !

ત્રણ-ચાર દિવસ પછી ઝીણાભાઈને શરદી થઇ અને માથું દુઃખતું હોવાથી સૂતા હતા. અદીબાને જાણ થતાં પોતાની મેળે મરી વાટી એક વાટકીમાં લાવ્યા અને કહ્યું, "લો ભાઈ ! આ મરી કપાળે લગાડી દઉં, એટલે જલ્દી સારું થઈ જાશે."

ઝીણાભાઈ કહે, "ત્રણ દિવસ પહેલા તો ઘરમાં મરી ન હતાં ને આજે ક્યાંથી લાવ્યા ?"

ત્યારે અદીબાએ કહ્યું, "એ તો થોડા રાખી મેલ્યા હતાં, તે તમારા માટે વાટીને લાવી છું."

આટલું સાંભળતાં જ ઝીણાભાઈનાં રૂવાડાં ઊભા થઈ ગયા, ખાટલામાં સૂતા હતા તે ઊભા થઇ બેનના હાથમાં રહેલા વાટકાને

ફળિયામાં ફેંકી દીધો અને આવેશમાં આવી કહ્યું, "આ ગરીબ અને ભગવાનના એકાંતિક ભક્ત માટે એક પૈસાના મરી આપવા તને કઠણ પડ્યા ? અત્યારે શું સમજીને મારી પાસે આવી છો ? જા અહીંથી દૂર ખસ, આજ પછી તારું મોઢું મને બતાવીશ નહીં."

આ બનાવ પછી ઝીણાભાઇ છ મહિના સુધી અદીબા સાથે બોલ્યા નહીં. ઝીણાભાઈ માટે બહેન કરતાંય ભગવાનના ભક્ત અધિક હતા. અદીબાએ પોતાની ભૂલ બદલ ખૂબ માફી માગી. અંતે મહારાજને પ્રાર્થના કરી વિનંતી કરી, પછી મહારાજની આજ્ઞાથી ઝીણાભાઈએ અદીબા સાથે વાત કરી.

**● ઝીણાભાઈના ખેતરની રક્ષા કરી**

એકવાર શ્રીજીમહારાજ પંચાળા પધાર્યા હતા. વહેલી સવારનો સમય હતો. મહારાજે ઝીણાભાઇના માતુશ્રી ગંગામાને કહ્યું, "મા ! અમારે જમવું છે."

ગંગામા કહે, "મહારાજ ! ઘડીક ખમો, હમણાં થાળ કરીને લાવું છું."

ત્યારે મહારાજ કહે, "ના, એવું નથી કરવું. અત્યારે જે હાજર હોય તે લાવો. અમારા માટે નવા થાળ કરો તો મારા સમ છે." મહારાજે ના પાડી એટલે ગંગામાએ ઘરમાં જઇ કોઠલામાંથી સાંજનો ખોરી જારનો ટાઢો રોટલો, ગાજરનું અથાણું થાળીમાં મૂક્યું અને ભેંસના દૂધની તાંસળી ભરી મહારાજને પીરસી.

મહારાજ એ ટાઢો રોટલો અને દૂધ જમ્યા. જમ્યા પછી ચળુ કરી પ્રસાદી ઝીણાભાઈને આપી અને પોતે બહાર આવી ઓટલે બેઠા. થોડી વાર થઇ, ત્યાં ઝીણાભાઈ પણ પ્રસાદી જમીને મહારાજને પગે લાગી સામે બેઠા.

મહારાજે ઝીણાભાઈને પૂછ્યું, "દરબાર ! તમે આવી ખોરી જાર કેમ ખાવ છો ? નવી જાર નથી મળતી ?" ત્યારે ઝીણાભાઇ કહે, "મહારાજ ! અમારી જમીન રબારી ખેડૂતોને ભાગવી આપી છે. પણ એ માથાભારે થઇ ગયા છે, તે ભાગ પૂરો આપતા નથી અને વેરાના પૈસા પણ પૂરા આપતા નથી. ઉપરથી અહીં અમારા ઘરે આવી ડારો

દેખાડે છે, તેથી ફરિયાદ પણ થઈ શકતી નથી અને અમારે ખોરી જાર ખાવી પડે છે.''

ઝીણાભાઈની વાત સાંભળી કરુણાસાગરની કરુણા પ્રગટી. પોતાના ભક્તનું દુઃખ દૂર કરવા એક પળમાં યોજના ઘડી કાઢી અને બોલ્યા, ''ઝીણાભાઈ ! તમે ત્રણસો કળશી દાણા સમાય એટલાં વાસણ તૈયાર કરો. અમે તમારા કોઠારો ભરાવવાની વ્યવસ્થા કરીએ છીએ.''

ત્યારે દરબાર કહે, ''અરે મહારાજ ! ત્રણસો પવાલાં દાણાય મળતા નથી ને તમે ત્રણસો કળશીની વાત કરો છો !''

''ઝીણાભાઈ ! અત્યારે અમે કહીએ એટલું કરો, બાકીની વાત અમારા વિશ્વાસે છોડી દો.'' એમ કહી મહારાજે નવલસંગ તથા શુકસ્વામીને બોલાવ્યા. તેઓ આવીને મહારાજને પગે લાગીને બેઠા એટલે મહારાજે કહ્યું, ''શુકસ્વામી ! પોરબંદરમાં વિદેશથી બાકર સાહેબ આવેલ છે, તેના ઉપર અમારે કાગળ લખાવવો છે. કલમ અને કાગળ લ્યો અને અમે કહીએ એમ લખો.''

મહારાજની વાત સાંભળી ઝીણાભાઈ કહે, ''મહારાજ ! તમને કેમ ખબર પડી કે પોરબંદરમાં બાકર સાહેબ આવ્યા છે ?'' મહારાજ કહે, ''બાકર સાહેબ બે આગબોટ લઈને પ્રવાસે જતા હતા, ત્યારે તે સમુદ્રમાં ભૂલા પડ્યા. તેઓને માર્ગ બતાવવા અમે સમાધિવાળા મૂળજીને મોકલ્યા હતા અને કહેવડાવ્યું હતું કે, તમે અહીંથી સીધા રાજકોટ જજો અને ત્યાં રાજા પાસેથી જમીન લઈ તમારો મુકામ કરજો. ઉપરાંત આ દેશના ગરાસિયાઓ દીકરીયું મારે છે તે તમે બંધ કરાવજો.''

આમ વાત કરી મહારાજ કાગળ લખાવવા માંડ્યા. પહેલા મહારાજે બાકર સાહેબની કેટલીક ઉપમાઓ લખાવી, ત્યારબાદ સમાજ કલ્યાણની કેટલીક ભલામણો લખી. સાથે સાથે પંચાળાના માથાભારે રબારીઓની હકીકત પણ જણાવી. આમ કાગળ પૂરો કરી શુકસ્વામીએ મહારાજના હાથમાં દીધો. મહારાજે પત્ર વાંચીને પોતાના નામની સહી કરી. મહારાજે તે પત્ર બીડીને નવલસંગજીને આપ્યો અને કહ્યું, ''નવલસંગ ! તમે પોરબંદર જઈ આ કાગળ બાકર સાહેબને હાથોહાથ આપી આવો.''

નવલસંગજી પત્ર લઈને પોરબંદર ગયા. ત્યાં સાહેબના ઉતારે જઈ સિપાઈને કહ્યું, ''અમારે સાહેબને કાગળ આપવો છે.'' ત્યારે તે સિપાઈએ અંદર જઈ સાહેબને કહ્યું, ''સ્વામિનારાયણના કોઈ માણસ કાગળ લઈને આવ્યા છે અને તમને મળવા માગે છે.'' સ્વામિનારાયણનું નામ સાંભળી સાહેબ તરત જ ઊભા થઈ ગયા અને કહ્યું, ''તેમને માન સાથે અંદર લઈ આવો.''

સિપાઈ નવલસંગજીને સાહેબ પાસે લઈ ગયો. સાહેબે નવલસંગજીનું સ્વાગત કર્યું. નવલસંગજીએ કાગળ સાહેબના હાથમાં આપ્યો અને કહ્યું, ''સાહેબ ! આ કાગળ ભગવાન સ્વામિનારાયણે આપને ઉદ્દેશીને લખ્યો છે.'' સાહેબે તે કાગળને લઈ માથે ચડાવ્યો અને આંખે અડાડ્યો. ત્યારબાદ કાગળ ખોલીને વાંચ્યો, વાંચીને ઘણા ખુશ થયા ને બોલ્યા જે, ''આ વખતે સ્વામિનારાયણે અમને બહુ સારી સલાહ આપી છે અને તેમણે પચાસ સિપાહી મંગાવ્યા છે, તો પચાસ શું ? આ બધા પોલીસો સ્વામિનારાયણના જ છે, માટે સુખેથી તે બધા લઈ જાઓ.''

ત્યારે નવલસંગજી કહે, ''ના સાહેબ, વધારે લઈ જવાની મહારાજે ના કહી છે, ફક્ત પચાસ જ જોઈએ છે.'' છતાં પણ સાહેબે સો પોલીસ નવલસંગજીની સાથે મોકલ્યા અને કામ પૂરું કરીને જ પાછા આવવાની ભલામણ કરી.

સાહેબની આજ્ઞા થતા સો પોલીસો પોતાનાં હથિયાર લઈને નવલસંગજી સાથે પંચાળા આવ્યા. એ અંગ્રેજ પોલીસોએ એક સરખા કાળા ડગલાં પહેરેલા હતા, કેડે પટ્ટા બાંધ્યા હતા, પટ્ટે પીસ્તોલ લટકતી હતી, માથે મોટા વિદેશી ટોપા પહેર્યા હતા અને સર્વે ઘોડેસ્વાર થયેલા એકસરખા જણાતા હતા.

પંચાળાની સરહદમાં આવ્યા એટલે પોલીસોને નવલસંગજીએ ઝીણાભાઈના ખેતરો બતાવ્યા. અમલદારોએ એ તરફ એક સાથે સો પીસ્તોલોના ધડાકા કર્યા. એક સાથે આટલો મોટો અવાજ થવાથી જે રબારીઓ ખળામાં કબજો લઈને બેઠા હતા તેમણે જાણ્યું જે, 'આ કાળા ડગલાંવાળા અંગ્રેજના માણસો આવેલા છે, તે જરુર આપણને પકડી

જાશે. એમ બીક પામીને સર્વે ખળાં પડ્યાં મૂકીને ભાગી ગયા.

તે વખતે મહારાજે ઝીણાભાઈને પૂછ્યું, “આ ભડાકા શેના થયા ?”

ત્યારે ઝીણાભાઇ કહે, “મહારાજ ! એ તો નવલસંગજી પોરબંદરથી આવ્યા હશે !”

એમ વાત કરે છે ત્યાં તો બધા અસ્વારો સાથે નવલસંગજી ઝીણાભાઈના દરબારમાં આવ્યા. નવલસંગજીએ મહારાજને દંડવત પ્રણામ કર્યા. એ જોઇ અંગ્રેજ અસ્વારોએ પણ મહારાજને સલામ કરી. ઝીણાભાઈએ તે સર્વેની સારી રીતે ઉતારા-પાણીની વ્યવસ્થા કરી આપી.

પછી નવલસંગજીએ કહ્યું, “મહારાજ ! આ સિપાઇઓએ બંદૂકોના ભડાકા કર્યા તેથી બીકના માર્યા એ રબારીઓ ખળાં મૂકીને ભાગી ગયા છે, માટે આપ ખળામાં પધારો.”

ત્યારે શ્રીજી મહારાજ તથા ઝીણાભાઈ કેટલાક સ્વારો સાથે ખળામાં પધાર્યા. આવીને જોયું તો ખળામાં જારના મોટા મોટા ગંજ પડ્યા હતા. એ જોઇ સિપાઈઓનો નાયક હતો તેણે કહ્યું, “કોઇ પણ ચિંતા વગર તમે આ બધી જ જાર ગામમાં લઈ જાઓ. જો કોઇ માણસ તકરાર કરવા આવશે, તો અમે તેને પકડીને પોરબંદર લઈ જાશું.”

અંગ્રેજોની વાત સાંભળી ઝીણાભાઈએ ગામમાંથી માણસોને બોલાવ્યા અને રબારીઓના બળદ તથા ગાડાં હતાં તે જોડાવીને બધી જાર ઓરડામાં ભરી દીધી. અંગ્રેજ પોલીસોને પાંચ દિવસ રોક્યા અને સારી પેઠે જમાડ્યા. પછી રજા દીધી, ત્યારે તેઓ મહારાજને નમસ્કાર કરીને પોરબંદર ગયા.

**● ઓગણોતેરાકાળમાં રક્ષા**

એક વખત મહારાજ ઝીણાભાઈના દરબારમાં ઓટલા ઉપર ઢોલિયો ઢળાવી બિરાજમાન થયા હતા. એ વખતે મહારાજે ગંગામાને કહ્યું, “અમને ભૂખ લાગી છે માટે જે હાજર હોય તે જમવાનું લાવો.”

ગંગામા જારનો રોટલો ને માખણ લાવ્યા, તે મહારાજ જમ્યા. પછી મહારાજે ઝીણાભાઈને કહ્યું, “ઝીણાભાઇ ! આ વરસે જાર ઘણી પાકી છે તે સાચવી રાખજો પણ વેચશો નહિ, કારણ કે આવતું વરસ બહુ જ

મોળું થાશે અને તમામ ઢોર તથા ઘોડા વેચી નાખજો, માત્ર એક ઘોડી તથા એક ભેંસ રાખજો.''

મહારાજની વાત સાંભળી ઝીણાભાઈ વિચારોમાં ખોવાઇ ગયા, કારણ કે દરબારોને ઘોડા ખૂબ વહાલા હોય, તે કેમ વેચવા ! વિચારના વંટોળમાં ઊડતા ઘરમાં આવીને ઝીણાભાઈએ મહારાજે કહેલી વાત ગંગામાને કરી, ત્યારે ગંગામા કહે, ''જો દીકરા ! મહારાજ કહેતા હોય તો બધાં પશુઓ વેચી નાખો, કારણ કે મહારાજ આપણા ભલા માટે જ કહેતા હોય. એમની આજ્ઞામાં સંશય એ આપણી નિષ્ઠાની કાચ્યપ કહેવાય. માટે બેટા ! મહારાજ જેમ કહે તેમ કરો.''

માની વાત સાંભળી ઝીણાભાઈએ પોતાના ગોવાળોને બોલાવ્યા અને કહ્યું, ''એક સારી ભેંસ ને એક સારી ઘોડી રાખો, બાકીના બધાં જ ઢોર માંગરોળ જઈને વેચી આવો.'' ઝીણાભાઇએ મહારાજની આજ્ઞા પ્રમાણે બધા પશુઓ વેચી નાખ્યા. તે જોઇ મહારાજ ખૂબ રાજી થયા અને જે જાર હતી તે પણ ખાણમાં નંખાવી.

મહારાજના કહેવા પ્રમાણે આગલા વરસે ઓગણોતેરો કાળ પડ્યો. કોઇ પણ પ્રકારનું અનાજ પાક્યું નહીં. પૈસા દેતાં પણ દાણા મળે નહીં એવી સ્થિતિ સર્જાઇ. તે સમયે ઝીણાભાઈ ખાણમાંથી જાર કાઢીને વેચવા લાગ્યા. તે વરસ પૂરું થયું ત્યાં સુધી વેચી તો પણ ખૂટી નહીં અને તેની પાંત્રીશ હજાર કોરી આવી.

દુષ્કાળનો સમય વીતી ગયો ત્યારે ઝીણાભાઇએ વિચાર્યું, મહારાજની કૃપાથી મારો પરિવાર કોઇ પણ દુઃખ વગર આ કપરા કાળમાંથી હેમખેમ પાર પડ્યો, ઉપરાંત જારના વેપારમાંથી ખૂબ કમાણી પણ થઇ. માટે મહારાજને સંતો-ભક્તો સહિત પંચાળા તેડાવવા અને હુતાશણીનો સમૈયો ખૂબ જ ધામધૂમથી કરાવવો.

**● રાસોત્સવ**

ઝીણાભાઈનો શુભ સંકલ્પ અને એમની નિષ્ઠાથી પ્રસન્ન થઈને વિ. સં ૧૮૮૦ના ફાગણ માસમાં મહારાજ પંચાળા પધાર્યા છે.

પંચાળામાં ફૂલદોલનો મોટો ઉત્સવ થવાનો છે એવા સમાચાર

સાંભળીને દેશ-દેશાંતરોમાંથી હજારો હરિભક્તો અને બારસો જેટલા સંતો, પાર્ષદો અને બ્રહ્મચારીઓના મંડળોએ પંચાળા તરફ પ્રયાણ કર્યું. જીવુબા, લાડુબા, ગંગામા વગેરે સત્સંગની અગ્રગણ્ય ઘણીક સાંખ્યયોગી બાઈઓ પણ આ મહોત્સવમાં પધાર્યા છે. ભારે ધામધૂમથી અપૂર્વ રીતે આ રંગોત્સવ ઉજવાવાનો છે, માટે અત્યારથી જ સહુના અંતરમાં એનો આનંદ છે.

મહામહોત્સવની તૈયારી ભારે ઉત્સાહ અને ઉમંગથી ઝીણાભાઈ કરાવવા માંડ્યા. ગામ બહાર આથમણી તરફ મોટા પ્રમાણમાં રાવટીઓ નાખવામાં આવી, નાવા-ધોવા માટે પાણીની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી. ઉત્સવમાં પધારેલા સર્વ સંતો-ભક્તો એક સાથે જમવા બેસી શકે એવી સુંદર સગવડ કરવામાં આવી.

વિવિધ દેશોના સંઘો આવવા લાગ્યા. સહુને ઉતારા અપાવા લાગ્યા અને સહુ ઉત્સવના દિવસની વાટ જોવા લાગ્યા. ઉત્સવમાં પધારેલા ભક્તજનો જમવા બેસે, તેની એટલી મોટી પંક્તિ થતી કે જેને પીરસવા માટે લાડુઓનાં ગાડાં ભરી ઠેર ઠેર ઊભા રાખી ટોપલાથી પંક્તિમાં પીરસવામાં આવતા. વિવિધ પ્રકારના મિષ્ટાન્ન ભોજનો મહારાજ પોતે સંતો- હરિભક્તોને આગ્રહથી પીરસીને સર્વને ખૂબ તૃપ્ત કરતા. સવાર-સાંજ ધૂન-કીર્તન થતા, કથાવાર્તા થતી. મહારાજ, સંતો તથા ભક્તોના દર્શન થતાં, જેથી બધાને અત્યંત હર્ષ અને ધન્યતાનો અનુભવ થતો.

આમને આમ ઉત્સવનો દિવસ આવી ગયો. પૂનમની રાત્રિએ પંચાળા ગામની આથમણી બાજુ વડના ઝાડ હતાં, ત્યાં વિશાળ મેદાનમાં રાસ રમવાની વ્યવસ્થા કરવામાં આવી. અનેક ભક્તો-સંતો એ વડલા નીચે એકઠા થઈ ગયા. આકાશમાં ચંદ્ર પણ જાણે પોતાની ગતિ રોકી અલૌકિક રાસનાં દર્શન કરવા થોભી ગયો. ભવબ્રહ્માદિક દેવતાઓ પણ તારાઓનાં રૂપ ધારણ કરી આકાશમાં હરોળમાં ગોઠવાઈ ગયા. વાતાવરણમાં આહ્‌લાદકતા સાથે અલૌકિકતા પ્રસરી ગઈ.

સર્વ સંતો-હરિભક્તો એકત્રિત થયા પછી શ્રીજી મહારાજ પધાર્યા. એ વખતે મહારાજે જરિયાની વસ્ત્રો પહેર્યાં હતાં, કેડીયાની કોરે ઘૂઘરીઓ

લટકતી હતી, સુવર્ણનાં વિવિધ આભૂષણો ઝગમગાટ કરી રહ્યા હતાં, બન્ને પગમાં ઘૂઘરીઓવાળા ઝાંઝર તથા ફૂમકાવાળી મોજડી પહેરી હતી. માથા ઉપર છોગલાવાળી પાઘ શોભતી હતી. આવી શોભાયે યુક્ત મહારાજ જેવા ભક્તોના સમૂહ વચ્ચે પધાર્યા ત્યાં 'સહજાનંદસ્વામી મહારાજની જય'ના નાદો ગૂંજવા લાગ્યા. મહારાજનાં દર્શન કરી અનેક અતૃપ્ત નેત્રોમાંથી પાણી વહેવા લાગ્યાં, અંતર આકાશ જેવા નિર્મળ થયાં અને મનમાં રાસ રમવાની અધીરાઇ જાગી ઊઠી. મહારાજ પણ આજે સહુને અક્ષરાતીત આનંદ આપવા પધાર્યા હતા.

મહારાજ પધાર્યા એટલે તરત રાસ રમવાની તૈયારીઓ થવા લાગી. ગવૈયા તથા સંગીતકાર સંતો ઝાંઝ, મૃદંગ, ઢોલ, નગારાના ચિત્તાકર્ષક અને મનમોહક ધ્વનિ સાથે મધુર ને ગંભીર કંઠથી કીર્તનો ગાવા લાગ્યા. મહારાજે સંતો સાથે રાસ રમવાની શરૂઆત કરી. એ સમયે મહારાજે પહેરેલાં ઝાંઝર અને કેડીયાની ઘૂઘરીઓનો મધુર ઘમકારો ભક્તોના મનને હરી લેતો હતો.

રાસ ત્રણ થરીમાં ગોઠવાયો. પ્રથમ હારમાં મોટા સદ્‌ગુરુઓ અને મહારાજ રહ્યા. બીજી હારમાં બીજા સાધુ, પાળા અને બ્રહ્મચારીઓ ગોઠવાયા અને તેમની ફરતી ત્રીજી હારમાં હરિભક્તો રહ્યા. જગતના ભાવો ભૂલી ઈશ્વરીય આનંદમાં મસ્ત બની જૂદી જ રીતના અને શ્રેષ્ઠ ઢબના રાસની બરાબર જમાવટ થઈ. જેમ યમુના કિનારે એક ગોપીને એક કૃષ્ણ એમ અનેક સ્વરૂપો ધારી રાસલીલા કરી હતી; તેમ જ અહીં મહારાજ પણ જેટલા સાધુ હતા તેટલાં રૂપે થઈને સાધુઓ સાથે રાસ લેવા લાગ્યા.

એ સમયે આકાશમાંથી દેવતાઓ દર્શન કરી પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. આ અદ્‌ભુત દૃશ્ય જોઈને હજારો નરનારીઓ આશ્ચર્યમુગ્ધ થઈને હર્ષઘેલા બની ગયા.

રાસ રમતાં રાત્રિના બાર વાગ્યા એટલે બ્રહ્માનંદ સ્વામીને થયું, મહારાજ ઘણાં સમયથી એકધારા રાસ રમે છે, માટે થાકી ગયા હશે. એમ વિચારી બ્રહ્માનંદ સ્વામી કહે, "મહારાજ ! હવે રાખો; સંતોને

રાસના કીર્તન કંઠસ્થ હતાં તે પૂરાં થયાં છે.''

મહારાજ કહે, ''કીર્તનનો ચોપડો મગાવો અને એમાંથી કીર્તનો બોલો.'' કીર્તનોનો ચોપડો લાવવામાં આવ્યો. તેમાંથી કીર્તનો ગવાવા લાગ્યા. ત્યારે ગવરાવનારને બ્રહ્માનંદ સ્વામીએ સાન કરી કે એક ચરણ એકવાર જ બોલજો. એમ કરતાં ચોપડામાંના કીર્તનો પૂરાં થયાં એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ ! ચોપડાનાં કીર્તનો પણ થઈ રહ્યાં.''

ત્યારે મહારાજ કહે, ''હવે પ્રેમાનંદ સ્વામીનાં કીર્તનોની ચોપડી લાવો.'' પછી તે લાવ્યા અને તેમાંથી કીર્તનો ગવરાવવા લાગ્યા. એમ કરતાં બે વાગ્યાનો સમય થયો. ફરીથી બ્રહ્માનંદ સ્વામીએ વિચાર કર્યો જે, મહારાજ તો આજ સવાર સુધી રમતા બંધ રહેશે નહિ, હજુ આવતીકાલે રંગે રમવાનું છે. મહારાજ તથા સંતો થાકી જશે. એમ વિચારી યુક્તિથી સ્વામીએ એક માણસને મોકલી ઝૂંપડાં પાસે પડેલો સૂકા ઘાસનો ઢગલો સળગાવ્યો અને 'દોડો...! દોડો...! આગ લાગી...' એમ ખોટો પોકાર કર્યો !

મહારાજે રમવાનું બંધ કર્યું. સંતો તૂર્ત જ પોતપોતાનાં ઝૂંપડાં સંભાળવા ગયા. ત્યારે મહારાજ કહે કે, ''આ કામ તો બ્રહ્માનંદ સ્વામીનું જણાય છે.'' એમ કહી ઝીણાભાઈ, દાદા ખાચર આદિ ભક્તજનો સાથે ગામમાં પધારી પોઢી ગયા. સહુ સંત-હરિભક્તો પણ પોતાનાં સ્થાને પધાર્યા.

**● ઝીણાભાઈએ કાઠીની રમૂજી વાત કહી ઠેકડી કરી**

ઝીણાભાઈ બોલ્યા જે, 'મહારાજ ! કાઠીએ એક ગરાસિયાનું ગામ ભાગ્યું અને પછી ભાગ્યા, તેની વાંસે વાર ચડી. તેમાં એક કાઠીનું ઘોડું દુબળું હતું, તે પાછળ રહી ગયો. તેથી તેણે જાણ્યું જે, 'ગરાસિયા મને નક્કી મારશે.' તેથી એક બાવળિયાનું મોટું ઝાડ આવ્યું ત્યાં બાજરાનું એક ખેતર હતું. તે ખેતરમાં ઘોડાને છૂટું મૂકી દીધું અને બાઈ ખડ લેતી હતી તેને પગે લાગીને તેનાં લૂંગડાં પહેરી લીધાં અને પછી બાવળિયા ઉપર ચડી ગયો. ત્યારે ગરાસિયાની વાર આવી પહોંચી અને સૌ તે બાવળિયા નીચે ઊભા રહ્યા. અને કહેવા લાગ્યા જે, 'હમણાં એક સ્વાર દેખાતો હતો તે ક્યાં ગયો ?' એમ વાતું કરે છે ત્યાં તો એક જણે ઉપર

જોયું. ત્યાં તો પેલા કાઠીને જોયો. ત્યારે ગરાસિયે પૂછ્યું જે, 'કોણ છો ?' ત્યારે કાઠી કહે, 'અબળા.' ત્યારે ગરાસિયો બોલ્યો જે, 'બાવળિયે શું કરે છે ?' ત્યારે કહે, 'બાવળિયે બોર વીણતી સું.' ગરાસિયો કહે, 'બાવળિયે બોર કેવાં ?' કાઠી કહે કે, 'ટવરાં ટવરાં જડતાં સે.' ગરાસિયે કહ્યું જે, 'મોઢે શું છે ?' મોઢે થોભા હતા. કાઠીએ કહ્યું જે, 'એ તો હું મારા બાપ ઉપર ઊતરી છું.'

પછી ગરાસિયો કહે, 'હેઠે શું છે હેઠે ?' ત્યારે કાઠી બોલ્યો જે, 'યાનું ભણો એ ભણો.' પછી ગરાસિયા બોલ્યા જે, 'ઊતર હેઠો, માળા કાઠા !'' ત્યારે સુરા ખાચર કહે, ''મહારાજ ! એ તો આડા કાઠીની વાત છે, ભણે અમારી નહીં.'' પછી મહારાજ મોઢા આડો રૂમાલ દઈને હસવા મંડ્યા અને બોલ્યા જે, ''ઝીણાભાઈએ તો ઠેઠથી મેલ્યું !'' ત્યારે સુરા ખાચર બોલ્યા જે, ''મહારાજ ! અમે તો એવા હોઈએ નહીં !''

**● ઝીણાભાઈએ કાઠીની ઠેકડી કરી સુરા ખાચરને મૌન કર્યા**

ઝીણાભાઈએ કાઠીની બીજી વાત કરી જે, ''કાઠીએ અમારું ગામ ભાંગ્યું અને ભાગ્યા. તેની પછવાડે વાર ચડી. પછી એક પગપાળો કાઠી હતો તે હળેલ (હળથી ખેડેલ) જમીનમાં દોડવા મંડ્યો. તેને જોઈને ગરાસિયો બોલ્યો જે, 'ઊભો રહે ઊભો રહે, આબરુના કાંકરા થાય છે.' કાઠી કહે, 'પાળિયા કરતાં કાંકરા સારા. કેમ કે, જો હું ઊભો રહું તો મને ઝાટકે દ્યો, તો ત્યાં મારો પાળિયો કરવો પડે.' એમ ઝીણાભાઈએ કાઠીની ઠેકડી કરી. તે સાંભળીને કાઠી સૌ ચૂપ થઈ ગયા.

**● ભક્તનું ઋણ ભગવાને અદા કર્યું**

વિક્રમ સંવત્ ૧૮૮૨ની સાલ હતી, માગસર માસ હતો, દરબાર શ્રી ઝીણાભાઈ બિમાર પડ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ ઝીણાભાઈને જોવા માટે ગઢપુરથી મારતે વેગે જૂનાગઢ આવ્યા.

ઝીણાભાઈની છેલ્લી અવસ્થાનો સમય છે. જૂનાગઢની મેડીએ એમનો ખાટલો ઢાળ્યો છે. મહારાજની મૂર્તિમાં મન પરોવી ઝીણાભાઈ ભજન કરી રહ્યા છે.

ઝીણાભાઈના માતુશ્રી ગંગાબા મહારાજનાં દર્શન કરી અતિ પ્રસન્ન થયા અને કહ્યું, "મહારાજ ! આજે આપે બહુ કૃપા કરી. આપ પધાર્યા એટલે હવે ઝીણાભાઈને સારુ થઈ જશે."

મહારાજ કહે, "હા બા ! અમે આવ્યા એટલે ઝીણાભાઈને નખમાંય રોગ નહીં રહેવા દઈએ, એમને અતિ સુખિયા કરીશુ."

ઝીણાભાઈનો ખાટલો બરાબર મંદિરની સામેની મેડી છે, તે ઉપર રહેતો. મહારાજ ઝીણાભાઈને દર્શન આપવા સીધા મેડી ઉપર પધાર્યા. ઝીણાભાઈના ઢોલિયા પાસે ખુરશી ઉપર બેસી મહારાજે ખબરઅંતર પૂછ્યા. મહારાજના અચાનક દર્શન થવાથી ઝીણાભાઈ ભાવવિભોર થઈ ગયા. આંખમાં ઝળઝળિયાં આવી ગયાં અને મહારાજને કહ્યું, "મહારાજ ! આજે આપે ખૂબ કૃપા કરી."

મહારાજ કહે, "ઝીણાભાઈ ! તમે અમારા નિયમ, નિશ્ચય અને પક્ષ ત્રણે વાનાં દૃઢ કરીને રાખ્યાં છે, માટે અમે તમારા ઉપર ખૂબ રાજી છીએ. આજે તમારે જે માગવું હોય તે માગો. તમે માગો એ અમે આપીએ."

મહારાજે આમ અચાનક માગવાનું કહ્યું એથી ઝીણાભાઈને કાંઈ સમજાણું નહીં, તેઓ મહારાજ સામું ટગર ટગર જોઈ રહ્યા. મહારાજ આજ પોતાના ભક્ત ઉપર ઓવારી ગયા હતા. મહારાજને આજે પોતાના ભક્તને ન્યાલ કરી દેવા હતા. મહારાજ કહે, "બોલો ઝીણાભાઈ ! ગોલોક, વૈકુંઠ કે અક્ષરધામ જ્યાં રહેવાની ઈચ્છા હોય તે ધામ આપું."

"ના, ના મહારાજ !" સંકોચ અનુભવતા ઝીણાભાઈ બોલ્યા.

"બોલો ભક્તરાજ ! બ્રહ્માંડો ચલાવવાનું ઐશ્વર્ય જોઈતું હોય, તો તેનો અધિકાર આપું."

ઝીણાભાઈ સ્વસ્થ મને બોલ્યા, "મહારાજ ! મારે કોઈ ધામની કે કોઈ અધિકારની ઈચ્છા નથી. મારાં મનમાં એક જ ઈચ્છા છે જે, આ મુકુંદાનંદ બ્રહ્મચારી, ભગુજી, રતનજી વગેરે જેમ નિરંતર તમારી સેવામાં રહે છે, તેમ મને પણ તમારી અખંડ સેવામાં રાખો અને બીજું, આ મેડી આગળ જે જમીન

છે ત્યાં તમે મંદિર કરાવો. બસ આટલી ઈચ્છા છે !"

નિઃસ્પૃહી ભક્તની ઈચ્છા સાંભળી મહારાજ રાજી થયા અને કહ્યું, "જાઓ આ વર તમને આપ્યો."

પછી મહારાજ કહે, "તમારા દીકરા હઠીને કંઈ ભલામણ કરવી છે ?"

ત્યારે ઝીણાભાઈ કહે, "મહારાજ ! હઠી તમારો થશે તો મારે કાંઈ ભલામણ નહીં કરવી પડે, અને જો તમારો નહિ થાય તો હું ગમે તેટલી ભલામણ કરીશ તો પણ નકામી જશે."

ઝીણાભાઈની સમજણભરી વાત સાંભળી મહારાજનાં મુખારવિંદ ઉપર પ્રસન્નતાની રેખાઓ ઊઠી. પોતાના બે હાથ ઝીણાભાઈના માથા ઉપર મેલ્યા અને નિજસ્વરૂપનાં દર્શન કરાવ્યાં.

ઝીણાભાઈને ધામમાં તેડી જવાનો કોલ આપી ભગવાન શ્રી સ્વામિનારાયણ માઢ-મેડીએથી નીચે ઊતર્યા. નીચે ઝીણાભાઈના મા આતુર હૈયે રાહ જોઈ રહ્યા હતા.

એમણે મહારાજને પૂછ્યું, "મહારાજ ! મારો ઝીણો સાજો થઈ જશેને ?"

મહારાજે ફરીથી ગૂઢ ભાષામાં કહ્યું, "મા ! આવતી કાલ બપોર સુધીમાં તમારો ઝીણો સાવ સાજો થઈ જશે, એના નખમાંય રોગ નહિ રહે."

બીજે દિવસે બપોરે ભગવાન શ્રી સ્વામિનારાયણ પાછા પધાર્યા અને પોતાની હાજરીમાં ઝીણાભાઈનો દેહ મેલાવ્યો. ઝીણાભાઈના શરીર ઉપર આછી ચાદર ઓઢાડી મહારાજ માઢ-મેડીએથી નીચે ઊતર્યા. નીચે ઝીણાભાઈના મા રાહ જોઈ રહ્યા હતા. એમણે પૂછ્યું, "મહારાજ ! મારા ઝીણાને કેમ છે ?"

મહારાજે એ જ ગૂઢ ભાષામાં કહ્યું, "મા ! અમે કહ્યું હતું એમ ઝીણાભાઈને હવે નખમાંય રોગ નથી અને રોગ થશે પણ નહિ."

મહારાજની વાતનો મર્મ સમજવો ડોશીમા માટે મુશ્કેલ હતો. મહારાજને થયું કે, 'આ ડોશીમા પોતાના વહાલસોયા દીકરાના

અક્ષરવાસનો આઘાત જીરવી નહિ શકે.' મહારાજે ડોશીમાને સમજાવવાની આગવી રીત અપનાવી.

મહારાજે ધીરે રહીને માને પૂછ્યું, "મા ! તમારા દીકરાને જૂનાગઢનું રાજ મળે તો તમે રાજી કે નહિ ?"

મા બોલ્યા, "મહારાજ ! દીકરો જૂનાગઢનો રાજા થાય તો કઈ માને હરખ ન થાય !"

મહારાજ બોલ્યા, "મા ! જૂનાગઢ કરતાંય વડોદરાનું રાજ બહુ મોટું છે. તમારો દીકરો વડોદરાનો રાજા થાય તો ?"

માએ કહ્યું, "મહારાજ ! મારા ઝીણાને વડોદરાનું રાજ મળે, તો તો હું બહુ રાજી થાઉં !"

મહારાજ બોલ્યા, "મા ! વડોદરા કરતાંય અંગ્રેજનું રાજ બહુ મોટું છે. તમારા દીકરાને અંગ્રેજનું રાજ મળે તો ?"

મા બોલ્યા,"મહારાજ ! તો તો મને અત્યંત આનંદ થાય."

મહારાજ બોલ્યા, "મા ! તમારા દીકરાને આખી પૃથ્વીનું રાજ મળે તો ?"

મા બોલ્યા, "તો તો મારા રાજીપાનો પાર ન રહે ! "

મહારાજ બોલ્યા, "મા ! તમારા દીકરાને ઇન્દ્રનું રાજ મળે તો ?"

મા બોલ્યા, "મહારાજ ! તો તો હું બહુ રાજી !"

મહારાજ બોલ્યા, "મા ! તમારા દીકરાને આખા બ્રહ્માંડનું રાજ મળે તો ?"

મા બોલ્યા, "મહારાજ ! તો તો હું એથી પણ વિશેષ રાજી ! "

મહારાજ બોલ્યા, "મા ! તમારા દીકરાને અનંતકોટિ બ્રહ્માંડનું રાજ મળે તો ?"

મા બોલ્યા, "મહારાજ ! તો તો મારો આનંદ મારા હૈયામાં માય નહીં !"

મહારાજ આવા પ્રશ્નોની પરંપરા શા માટે ચલાવી રહ્યા છે ? એ ડોશીમા સમજી શક્યા ન હતા. એ તો હા એ હા કરતા કરતા રાજી રાજી

કહ્યે જતા હતા.

મહારાજ બોલ્યા, “પણ મા ! તમારો દીકરો એટલે બધે દૂર રાજ કરતો હોય અને તમે અહીં હો, તમારો દીકરો તમને નજરે તો દેખાય નહીં, તોય તમે રાજી રહો ?”

મા બોલ્યા, “મહારાજ ! મને દેખાય કે ન દેખાય; મારો દીકરો અનંત બ્રહ્માંડનો રાજા છે, એ જાણીને જ મારા હૈયામાં આનંદ આનંદ વર્ત્યા કરે.”

મહારાજ ધીરે રહીને બોલ્યા, “મા ! તો અમે તમને ખુશખબર આપીએ છીએ કે તમારો દીકરો અનંતકોટિ બ્રહ્માંડની રાજગાદીએ બેસી ગયો છે.”

મહારાજ ગંગામાને મેડી ઉપર લઈ ગયા અને ઝીણાભાઈના દેહના દર્શન કરાવી કહ્યું, “મા ! ઝીણાભાઈને અમે સૌથી મોટું અમારું અક્ષરધામ રૂપી રાજ્ય અને અવિનાશી સુખ આપ્યું છે. હવે ઝીણાભાઈ તમને પણ ત્યાં તેડી જશે.”

એમ કહી મહારાજે ગંગામાને અક્ષરધામમાં પોતાની સેવા કરતા ઝીણાભાઈનાં દર્શન કરાવ્યા. અનંત કોટિ બ્રહ્માંડના ધણીની હાજરીમાં ગુણિયલ અને પ્રિય પુત્રનું અવસાન થયું એ અહોભાગ્ય માની ગંગામા જરા પણ દિલગીર ન થયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ઝીણાભાઈના અંતિમ સંસ્કારની બધી જ વિધિ માથે ઊભા રહીને કરાવી. ઝીણાભાઈની અંતિમ પાલખી મહારાજે સ્વયં પોતાને ખભે ઉપાડી દામોદર કુંડ સુધી પગપાળા ચાલ્યા.

એ સમયે સંતો-ભક્તોએ મહારાજને રોક્યા અને કહેવા લાગ્યા, “મહારાજ તમે રહેવા દો !”

ત્યારે મહારાજ કહે, “ભક્તો ! માંગરોળના કમળશીભાઈ બિમાર હતા, ત્યારે તેનો ખાટલો ઝીણાભાઈ પોતે ખભે ઉપાડી પંચાળે લઈ આવ્યા હતા અને મહિમાથી ખૂબ સેવા કરી હતી. અમારા ભક્તના એ ઋણનો બદલો અમે આજે અદા કરીએ છીએ.”

જૂનાગઢના નવાબ પોતાના ઝરૂખામાં ઊભા રહી પોતાના પ્રિય દરબારી ઝીણાભાઈને છેલ્લી સલામી આપી રહ્યા હતા. એમણે આ દૃશ્ય જોયું, એ આભા બની ગયા. સુવર્ણરેખા નદીને કિનારે મહારાજે સ્વયં ઝીણાભાઈના પાર્થિવ શરીરને અગ્નિદાહ દીધો.

દરબાર શ્રી ઝીણાભાઈ જૂનાગઢ રાજ્યના માનીતા હતા, તેથી જૂનાગઢના નવાબે ઝીણાભાઈને શોકાંજલિ અર્પણ કરવા માટે ખાસ કચેરી ભરી. ભગવાન શ્રી સ્વામિનારાયણને પણ એમાં તેડાવ્યા.

નવાબ સરકારે શોક વ્યક્ત કર્યો અને મહારાજને પૂછ્યું, "મહારાજ ! તમે સ્વયં ઝીણાભાઈની અંતિમ પાલખી તમારે ખભે ઉપાડી તો ઝીણાભાઈ તમારે શું સગાં થાય ?"

મહારાજે કહ્યું, "ઝીણાભાઈ અમારા અનન્ય ભક્ત હતા. જેવા આ ગઢડાના દાદા ખાચર, એવા જ અમારા પંચાળાના ઝીણાભાઈ. દાદા ખાચરે ગોપીનાથજીનાં મંદિર માટે પોતાનું સર્વસ્વ ધન, ધરા, ધામ અર્પણ કર્યું, એ જ રીતે ઝીણાભાઈએ પણ અહીં જૂનાગઢમાં મંદિર બનાવવા માટે પોતાની ધરા-ધામ અર્પણ કર્યાં."

આટલું કહી મહારાજ બોલ્યા, "નવાબ સાહેબ ! આ ઝીણાભાઈએ અમારા એક માંદા ભક્તની ખૂબ સેવા કરી હતી. કોઈ માંદાની સેવા કરે, એ અમને ખૂબ જ ગમે છે. ઝીણાભાઈએ માંદા ભક્તનો ખાટલો ખભે લીધો હતો, એ વાતને યાદ કરીને અમે ઝીણાભાઈની પાલખી અમારા ખભા ઉપર લીધી હતી."

ભગવાન શ્રી સ્વામિનારાયણની વાત સાંભળી નવાબ આફરીન પોકારી ઊઠ્યા અને બોલ્યા, "વાહ ! સ્વામિનારાણ વાહ ! આપને ઝીણાભાઈ કી રુહ કો તો અપને પાસ બુલા લિયા, લેકિન ઉસ કે શરીર કો ભી પાક બના દિયા !"

ઈચ્છારામભાઈ ધામમાં ગયા, ત્યારે મહારાજે તેઓની પાલખી ઉપાડી ન હતી. પરંતુ ઝીણાભાઈની પાલખી ઉપાડી.

## વિશ્વામિત્ર સુરાખાચર રૂપે અવતર્યા

પૂર્વે ધર્મ ભાવનાવાળા અને કુશિકના પુત્ર ગાધિનામે મહાન્ રાજા હતા અને તેમના પુત્ર વિશ્વામિત્ર રાજા થયા. તેમના શુભગુણો ઈતિહાસમાં પ્રસિદ્ધ છે. જેને માટે ખુદ બ્રહ્માએ ''માયાના જાણકાર'' અને ''માયાના પારંગત'' આવા શબ્દો કહ્યા હતા.

તેમણે ઈતિહાસ વગેરે ઘણા સદ્ગ્રંથ સાંભળ્યા. તે પ્રસંગે પંચરાત્ર આગમ ગ્રંથોને પણ સાંભળ્યા.

તેમાં તેમણે ભક્તિના નવ પ્રકારો અને લક્ષણો સાંભળ્યા પછી મહાન્ બુદ્ધિમાન્ વિશ્વમિત્રના મનમાં ઈચ્છા થઈ કે આઠમાં પ્રકારની સખિત્વ (સખા ભાવે ભગવાનને ભજવા તે) ભક્તિથી હું ભગવાનને ભજું.

"હું જ શ્રેષ્ઠ" આવી માયિક ભાવનાની સ્પૃહા રાખનારા તે રાજાએ કોઈ ઋષિરાજની આગળ સખ્ય ભક્તિનું સાધન હરખથી પૂછ્યું. તે સાંભળીને ઋષિવર્યે કહ્યું, "ભગવાન વિષ્ણુની આરાધના કર, કારણ કે તેઓ પરમ કરુણામય છે, રાજી થઈને તને વરદાન આપશે." આમ ઋષિએ કહ્યું તેથી રાજા વિશ્વામિત્ર વૃંદાવન ક્ષેત્રમાં ગયા. ત્યાં દઢ આસને બેઠા. પ્રાણાયામ કરીને દુષ્કર તપ શરૂ કર્યું.

રાજા ક્યારેક ફલાહાર કરતા તો ક્યારેક કંદમૂળ ખાતા, ખરી ગયેલા સૂંકા પાના ખાતા તો ક્યારેક માત્ર પાણી પીને રહેતા, ક્યારેક તો કેવળ વાયુભક્ષણને આધારેજ રહેતા હતા. મજબૂત મનોબળ વાળા, શ્રદ્ધાળુ અને વિષ્ણુની પ્રસન્નતા મેળવવા તપસ્યા કરનારા તે રાજાને ઘણા વરસ પસાર થઈ ગયા. તેના તીવ્ર તપને દેખીને ભગવાન વિષ્ણુને પણ આશ્ચર્ય થયું પછી તેઓ ગરુડ ઉપર સવારી કરીને રાજા વિશ્વામિત્રની પાસે આવ્યા.

તે રાજા ખુશ થાય એવું વચન કહીને ''તમારો જે મનોરથ હોય

તે માગો, તે દુર્લભ હશે તો પણ તમારા તપથી વશ થયેલો હું તે આપીશ.'' આવું બોલી રહેલા ભગવાન વિષ્ણુને રાજાએ ભૂમિ ઉપર ઢળીને દંડવત્ પ્રણામ કર્યા. તે સમયે ત્યાં જે ઉપચાર હાજર હતા તેનાથી તેમની યથાવિધિ પૂજા કરી. રાજાએ પોતાને ધન્યભાગ્ય માનીને ગરુડાસન ભગવાન વિષ્ણુને બંને હાથ જોડ્યા. પ્રેમના આંસુઓથી ગદ્‌ગદ્ કંઠે તેઓ બોલ્યા.

હે પ્રભુ ! આપ મન અને વાણીને અગોચર છો, છતાં અત્યારે મારી દૃષ્ટિ આગળ પ્રકટ થયા છો, તો આથી મોટું મારું સદ્‌ભાગ્ય હું શું ગણું ?

સમગ્ર પ્રાણીઓના સાચા સુહૃદ અને નિર્મળ અંતઃકરણાવાળા આવા મોટા મુનિવરો પણ આપના ચરણકમળના દર્શનની ઈચ્છાથી અલૌકિક બ્રહ્મચર્ય વ્રતને પાળે છે. હે પ્રભો ! અગ્નિમાં તપાવવાથી જેમ સોનું શુદ્ધ થાય છે તેમજ આપની સેવા કરવાથી જીવ પવિત્ર થાય છે. એક બાબત નિશ્ચિત છે કે પુણ્યશાળીઓને જ આપના દર્શન થાય છે.

આ રીતે પરમાત્મા વિષ્ણુની સ્તુતિ કરીને રાજા ફરી વાર બોલ્યા, ''આપની નવધા ભક્તિમાં આઠમી સખ્યભક્તિ સિદ્ધ થાય આવું વચન મને આપો, એમ હું આપની પાસે યાચના કરું છું.''

સર્વજ્ઞ વિષ્ણુ ભગવાને રાજા વિશ્વામિત્રની વાત સાંભળી અને તેને કહ્યું, ''હે રાજન્ ! અક્ષરાધિપતિ ભગવાન પુરુષોત્તમના સ્વરૂપમાં તમારે સખ્ય ભક્તિ થશે.''

આમ બોલતા ભગવાન શ્રીવિષ્ણુને રાજાએ કહ્યું, માયાના તમથી પર અક્ષરધામમાં રહેતા પુરુષોત્તમના સ્વરૂપમાં મને સખ્ય ભક્તિ ક્યાંથી મળે ?

પુરુષોત્તમની બાબતમાં જ્યારે રાજાએ સંશય કરીને પૂછ્યું, ત્યારે ભગવાન વિષ્ણુ બોલ્યા, હે રાજન્ ! ''મન વાણીથી અગોચર ભગવાન પુરુષોત્તમ સર્વથી પર-અક્ષરધામમાં રહ્યા છે છતાં સર્વ ઐશ્વર્ય સંપન્ન અને સર્વ અવતારોનું કારણ આવા તે પ્રભુનો આવિર્ભાવ થશે.'' તેમના આવિર્ભાવની વાત મનમાં સંઘરી રાખ્યા જેવી છે. શાંતિ આપનારી છે

અને શુભ છે, હું તેને ટૂંકમાં કહું છું તમે સાંભળો. ‘‘તે અક્ષરાધિપતિ પુરુષોત્તમના આવિર્ભાવ માટે અમારી સહુની સાથે બ્રહ્માજીએ સ્તુતિ કરી હતી. આથી હે ભૂપ ! તેઓ પોતાના મુક્તો અને ભક્તોને સાથે લઈને પ્રકટ થશે.

છપૈયા નામે ગામમાં શ્રીધર્મદેવ થકી તેમની પત્ની ભક્તિદેવીમાં જે પ્રાદુર્ભાવ પામશે, તે ‘સ્વામિનારાયણ’ આવા નામે પ્રસિદ્ધ થશે. જેમના ચરણારવિંદના આશ્રિતો મનુષ્યોને અક્ષરધામની પ્રાપ્તિ થશે. અક્ષરધામની પ્રાપ્તિ દુર્લભ હોવા છતાં જેના ઉપર તેમની કૃપાદષ્ટિ થશે તેને તે સુલભ થશે. સજ્જનોનું પાલન પોષણ કરનારા તે પરમાત્મા દિવ્યચરિત્રો અને મનુષ્ય ચરિત્રોથી માતા-પિતાને સુખી કરશે અને ઘણા જ જીવોને અક્ષરધામની પ્રાપ્તિ કરાવશે. અનેક પ્રદેશોમાં દિવ્ય વિચરણ કરશે. પોતાનું અલૌકિક ઐશ્વર્ય લોકોને બતાવશે અને સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામી પાસેથી શુભ વૈષ્ણવી દીક્ષા પામશે. પછી પશ્ચિમ પંચાળ પ્રદેશમાં આવેલા શુભ ગઢપુર ગામમાં પધારશે. ભૂમિ ઉપર પોતાનું દિવ્ય ઐશ્વર્ય અનેક રીતે પ્રસિદ્ધ કરીને ગઢપુરમાં રહેશે.

હે રાજન્ ! તે સમયે તમે નાગડકા ગામના દરબારશ્રીના પુત્રરૂપે જન્મશો અને સૂરાખાચર (સૂરવર્મા) આવે નામે લોકમાં પ્રસિદ્ધ થશો.’’

આવું કહીને શ્રીવિષ્ણુ ભગવાન અંતર્ધ્યાન થઈ ગયા અને તે રાજા બીજા જન્મમાં સુરાખાચરરૂપે થયા ત્યારે અક્ષરાધિપતિ પુરુષોત્તમમાં સખ્ય ભક્તિ પ્રાપ્ત થઈ અને મહારાજના મિત્ર કહેવાયા-

એકવાર સુરા ખાચર ગઢપુરમાં આવ્યા ત્યારે શ્રીહરિના સ્વરૂપમાંથી અપાર દિવ્ય તેજ પ્રકટ થયું તેને દેખીને શ્રી સુરાખાચર સમાધિની સ્થિતિને પામી ગયા. તેમને સમાધિમાં દિવ્ય અક્ષરધામમાં રમ્ય સિંહાસનમાં વિરાજમાન, સર્વ અવતારોનું કારણ આવા પરમેશ્વર શ્રીહરિના દર્શન થયા. પછી શ્રીહરિની ઈચ્છાથી તેમને પોતાના પૂર્વજન્મનું જ્ઞાન થયું. તેમણે પોતાનું ધન્યભાગ્ય માન્યું અને મનમાં તેમને ઘણો જ સંતોષ થયો.

**● ગામ લોયાના શાક - ઉત્સવ લીલાની વાત**

એક દિવસ સુરાબાપુના ઘરનો પટારો ચોર લોકો ઉપાડીને લઈ

ગયા. તે જંગલમાં જઈ જ્યાં પટારો તોડવાની તૈયારી કરે ત્યાં ઘોડા આવતા હોય તેવો અવાજ આવ્યો. થોડીવાર પછી ફરીથી જ્યારે પટારો તોડવા ગયા ત્યાં દસબાર માણસ આવતા હોય તેવો અવાજ થયો. આમ અવારનવાર થવા લાવ્યું તેથી ચોર પટારો મૂકીને જતા રહ્યા. જ્યારે સવારે સુરાખાચરને ખબર પડી કે ઘરે ચોરી થઈ છે. ત્યાં કોઈ માણસે કહ્યું બાપુ તમારો પટોર ગામને પાદરે પડ્યો છે. તે પટારો ઘરે લાવી જોયું તો બધું જ સહી સલામત હતું. તે જોઈ સુરાબાપુ કહે ! મહારાજે મારી સંપત્તીની રક્ષા કરી તે અડધી મહારાજ માટે વાપરું. ત્યારે તેમના ઘરના શાંતીબા કહે જો પટારો ખુલી ગયો હોય તો ચોર અડધુ રહેવા દેત ? માટે પૂરે પુરુ મહારાજ માટે વાપરો.

અને એક દિવસ મહારાજ બોટાદ હમીર ખાચરના દરબારમાં બિરાજમાન થયા હતા. તે સમે સુરા ખાચર નાગડકેથી મહારાજનાં દર્શન સારુ તૈયાર થયા. તે સમે એમના ઘરનાં બાઈ શાંતીબા ઘણા હેતથી કહે જે, “મહારાજને આપણે ઘેર તેડી લાવજો.” ત્યારે સુરો ખાચર કહે જે, “મહારાજ ના આવે તો હું કેમ કરું ?” ત્યારે બાઈ કહે જે, “તમે સાધુ થાજો.” એવું સાંભળીને સુરો ખાચર બોટાદ આવ્યા ને મહારાજનાં દર્શન કરીને પાસે બેઠા. અને મહારાજે બધી વાત કરી.

તે વચન સાંભળીને મહારાજે મોટીબાને બોલાવીને કહ્યું જે, “હવે અમે ગઢડે નહિ આવીએ, ને અમે લોયે જાશું.” એમ કહીને સંતમંડળે સહિત મહારાજ લોયે પધાર્યા. સંત તથા હરિજનો પણ આવ્યા તે રીંગણા ખૂબ જોઈ મહારાજ કહે લાવો ઉત્સવ કરીએ. તે ગાડેગાડાં રીંગણાં લાવ્યા. અને મહારાજ તે રીંગણાનું શાક કરે. ને હલદી-મસાલો પોતે નાખે ને સાઠ મણ રીંગણાં ને બાર મણ ઘી એવી રીતે વઘાર મેલે, તેથી એવું સ્વાદુ શાક થાય તે રાધા-લક્ષ્મીને પણ ના આવડે ! એવું શાક ને ઘઉંની રોટલીઓ મહારાજ ડંકો લઈને સર્વે સંતોને પોતે પીરસે ને હરિજનોને પણ પીરસે આમ સર્વે સંતો તથા હરિભક્તને જમાડે. અને કેટલાક હરિજનો એ શાકને પનવાડાંમાં સૂકવી પ્રસાદીનું જાણીને ઘેર લઈ જાતા હતા.

એવી રીતે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, ‘બે માસ પર્યંત રોટલીને

પડી મૂકીને શાક એકલું જમીએ, એવું સ્વાદુ થાતું.' ને એક દિવસે મહારાજ શાક પીરસીને જરા છેટે ગયા. તે સમે મુક્તાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામીને કહે જે, ''હે સ્વામી, આ શાકનાં વખાણ કેમ કરતા નથી ?'' ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે જે, ''જેને સંભળાવવું છે, તે તો છેટા ગયા.'' એ બ્રહ્માનંદસ્વામીનું વચન સાંભળીને મહારાજ કહે જે, ''જે તમારે કહેવું હોય તે કહો, હું સાંભળું છું.''

ત્યારે બ્રહ્માનંદ સ્વામી શાકનાં વખાણ કરવા મંડ્યા જે, ''આવું શાક તો રાધાને ના આવડે, લક્ષ્મીને ના આવડે. તથા કોઈ દેવને ના આવડે, કોઈ મુક્તને ના આવડે. જુવોને હે સ્વામી ! આ શાકના સ્વાદથી બ્રહ્માદિક દેવ તથા સર્વે ધામના મુક્ત તે પણ સ્વાદથી ખેંચાયા થકા પોતાના સ્થાનનો ત્યાગ કરીને આપણી જોડે પંગતમાં આવીને બેસીને જમે છે અને એવાં વખાણ કરે છે જે, 'આવું શાક તો કોઈ દિવસ જમ્યા નો'તા ને જમશું પણ નહીં.'' એમ કહીને શીશ ડોલાવે છે. એવી રીતે શાકનાં વખાણ કર્યાં.

તેને સાંભળીને મુક્તાનંદ સ્વામી કહે જે, ''હે સ્વામી ! રાધાલક્ષ્મી કંઈ અંતરયામી નથી. તેથી આટલું મીઠું-હળદર જોઈએ, તે જાણે નહીં. અને આ તો સર્વેના અંતરયામી છે. તેથી સ્વાદુ ઘણું થાય છે.''

એવી રીતે જમતાં જમતાં વખાણ કર્યાં. તેને સાંભળીને મહારાજ ઘણું રાજી થયા ને સંતોને પીરસીને પોતે પણ શાક જમવા બેસતા હતા. ને પછી શાક-રોટલાઓ જમીને તૃપ્ત થઈને ચળુ કરી પાન-બીડી લઈને સભામાં બિરાજમાન થાતા હતા. ને સંતોને તથા હરિજનોને ઘણીક વાતો કરીને સુખ આપતા હતા. એવી રીતે લોયામાં શાક-ઉત્સવની લીલા કરતા હતા.

**● હળદરવાળાં વસ્ત્ર સુરા ખાચરે માગી લીધાં**

પછી સવારે વહેલા જાગીને વતું કરાવ્યું અને સ્નાન કરીને નિત્યવિધિ કરી વસ્ત્ર પહેર્યાં. પછી પાસે રહીને શાક કરાવ્યું. એક દિવસ શાકમાં ઘી ને હળદર નાંખી, તેનાથી હળદર ચોંટેલા ચીકણા હાથ થયા; તે પહેરેલા ખેસ અને રૂમાલે લૂછ્યા, તેથી અંગ પીળું થયું. ત્યારે બ્રહ્માનંદ

સ્વામી બોલ્યા જે, ''કુબજાને ઘેર ગયા હતા ત્યારે પીઠી નહીં ચોળી હોય ?'' ત્યારે મહારાજ જરાક મરક્યા. પછી સુરા ખાચર બોલ્યા જે, ''એ ખેસ ને રૂમાલ તમે મને આપજો, હું તમને બીજો ખેસ ને રૂમાલ આપીશ.''

**● જસદણમાં સુરા ખાચરને એકાંતમાં સ્ત્રીનો યોગ થયો છતાં ડગ્યા નહિ**

એક વખત સુરા ખાચર જદસણ ગયા હતા અને ત્યાંના રાજાએ એકાંતવાસમાં તેમને ઉતારો આપ્યો હતો. તે વખતે જસદણના રાજાએ વિચાર કર્યો જે, 'સુરા ખાચર સ્વામિનારાયણના ભક્ત છે, માટે આજ મારે તેની પરીક્ષા લેવી.' એવું ધારીને એક નિર્લજ સ્ત્રીને બોલાવીને કહ્યું જે, ''તું સુરા ખાચરને આજ ધર્મમાંથી પાડ.'' પછી તે બાઈ રાત્રિના બાર વાગ્યે સુરા ખાચર જે ઘરમાં ઊતર્યા હતા ત્યાં ગઈ અને ખડકીએ જઈને બૂમ પાડવા માંડી જે, ''દરબાર...એ દરબાર ! મારો દીકરો બહુ માંદો છે અને ઘરમાં ઓસડ છે તે મારે લેવું છે; માટે ખડકી ઉઘાડો.''

પછી સુરા ખાચરે જઈને ખડકી ઉઘાડી અને બાઈ ઘરમાં જઈને નવસ્ત્રી થઈને ઊભી રહી. ત્યારે સુરા ખાચરે તલવાર કાઢીને તેનો ચોટલો ઝાલીને, તલવાર તેને ગળે અડાડીને કહ્યું જે, ''બોલ્ય ! કોણે શીખવ્યું છે ?'' પછી બાઈ બોલી જે, ''મને દરબારે શીખવીને મોકલી છે.'' પછી સુરા ખાચર તેને તે વખતે સવાર થઈને ચાલી નીસર્યા.

અને શ્રીજી મહારાજ ગઢપુર સવારમાં સભા કરીને બેઠા હતા ત્યાં મહારાજે વાત કરી જે, ''અમારા એવા ભક્ત છે જે, એકાંતમાં સ્ત્રીનો જોગ થયો તો પણ લેવાણા નહીં.'' ત્યારે સૌએ પૂછ્યું જે, ''આવા તમારા ભક્ત કોણ છે ?'' મહારાજ કહે, ''હમણાં દેખાડું.'' એમ વાત કરે છે ત્યાં તો સુરા ખાચર આવ્યા અને ઘોડી ઉપરથી ઊતરીને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. પછી મહારાજ બોલ્યા જે, ''જુઓ, આ અમારા ખરા ભક્ત ! તેમને એકાંતમાં સ્ત્રીનો જોગ થયો પણ લેવાણા નહીં.

**● સુરા ખાચર ઉપર પ્રસન્ન થઈને મહારાજે દારિદ્ર ટાળ્યું**

મહારાજ સુરા ખાચરને ઘેર પધાર્યા હતા અને સુરા ખાચર ઓરડામાં રોટલો જમવા બેઠા હતા. તેવામાં એક કૂતરી પૂંછડી હલાવતી

આવી. તે જોઈ સુરા ખાચર બોલ્યા જે, ''કાળુડી, તું પૂંછડી હલાવે તો પણ હું એક બટકોય ન નાખું બટકો ! હું તો બોટાદના વસ્તા બસીયા કઢારો (ઉછીનું) ખાઉં છું.'' પછી જમીને બહાર આવ્યા ત્યારે મહારાજે પૂછ્યું જે, ''સુરા ખાચર ! શું બોલતા હતા ?'' ત્યારે સુરા ખાચર કહે, ''મહારાજ ! એ તો આ કાળુડી કૂતરી પૂંછડી હલાવતી હતી, પણ મેં કહ્યું જે, તને એક બટકોય પણ નહીં નાખું ! કેમ કે, હું તો કઢારો ખાઉં છું.'' પછી મહારાજ રાજી થઈને કહે સુરા ખાચર ! જાવ આજથી તમારો કઢારો ટળ્યો.''

### ● મહારાજે કહ્યું, ત્યારે સુરાખાચરે ઘોડી બાંધી

અને સુરા ખાચર ગઢપુર આવ્યા અને ઘોડીની સરક ઝાલીને ઊભા રહ્યા. અને મહારાજ સભામાં વાતો કરતા હતા. પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા, જે, ''ભગત, ઘોડી બાંધો.'' એમ સ્વામીએ બે-ચારવાર કહ્યું પણ ઘોડી બાંધી નહીં અને બોલ્યા જે, ''સુરાખાચર ! તમને એક નિયમ દેવો છે.'' ત્યારે સુરા ખાચર બોલ્યા જે, ''ભણો મહારાજ !'' મહારાજ કહે, ''તમારે જમતાં જમતાં માગવું નહીં.'' પછી સુરા ખાચર કહે, ''ઠીક મહારાજ, નહીં માગું !'' પછી પોતે ઘેરે ગયા અને જમવા બેઠા. પછી ઘરના માણસને કહેવા લાગ્યા જે, ''આપાને દૂધ જોતો હશે, આપાને દહીં જોતો હશે, આપાને ઘી જોતો હશે, આપને ગોળ જોતો હશે, આપાને મીઠો મરચો જોતો હશે, આપાને અથાણો જોતો હશે, એ આદિક તમામ ચીજ માગીને લે અને પછી જમવા બેસે. અને ઘરના મનુષ્યને કહે જે, ''મહારાજે નિયમ આપ્યો છે જે, તારે જમતાં જમતાં માગવું નહીં.''

પછી કોઈ કે મહારાજને કહ્યું જે, ''મહારાજ ! આ તો બમણું માંગવા લાગ્યા !'' પછી તેઓ ગઢપુર મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, ''સુરા ખાચર ! અમે સાંભળ્યું છે કે, તમે બમણું માંગો છો.'' ત્યારે સુરાખાચર બોલ્યા જે, ''મહારાજ ! ઘરના માણસને ભણવો કે ન ભણવો જે મને મહારાજે નિયમ દીધો છે ? ને ઘરનાં માણસ અબુધ છે જે, આપાને ખાતાં ખાતાં મંગાશે નહીં.''

● **ઓગણતેરા કાળમાં સુરા ખાચરે સંતની સેવા કરી**

એકવાર સુરા ખાચર લોયેથી ગઢપુર આવ્યા અને અગણોતેરાની સાલમાં પોતાને ત્યાં સાધુ લઈ ગયા હતા. તે સાધુને દૂધનું બોઘરણું ભરીને આપતા ને રોટલા કરવા માટે લોટ આપતા. સાથે ઘી-ખાંડ પણ આપતા; પણ સંતને નિઃસ્વાદી વર્તમાન હતાં, તેથી એક માટલામાં પ્રથમ દૂધ નાંખે અને પછી માંહે લોટ નાંખે અને પછી માંહે ખાંડ નાંખે અને ઘી નાંખે અને હેઠે ખૂબ તાપ કરે. પછી લોટ હોય તે હેઠે ચોંટી જાય અને બીજો ઉપર જામી જાય. પછી સુરા ખાચરને મહારાજે પૂછ્યું જે, ‘‘સુરા ખાચર ! સાધુ શું કરે છે ?’’ સુરા ખાચર કહે, ‘‘મહારાજ ! સાધુ તો અકેકામાં ત્રે ત્રે વાનાં કરે છે.’’ મહારાજ કહે, ‘‘ત્રે ત્રે વાનાં શું ?’’ સુરા ખાચર કહે, ‘‘મહારાજ ! હેઠે રૂડા પૂડલા કરે છે અને વચ્ચે રૂડી કઢી અને ઉપર સાત પડા રોટલા !’’ એમ સુરા ખાચરે બધી વાત કહી દેખાડી.

● **સુરા ખાચરે સાધુની વાત કરી ઉદાસ મહારાજને હસાવ્યા**

એક વખત સુરા ખાચર સાધુની જગ્યામાંથી અક્ષરઓરડીમાં મહારાજનાં દર્શન કરવા સારું આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, ‘‘સુરા ખાચર ! ક્યાંથી આવો છો ?’’ સુરા ખાચર કહે, ‘‘મહારાજ ! સાધુની ધર્મશાળામાંથી આવું છું.’’ મહારાજ કહે, ‘‘સાધુ શું કરે છે ?’’ સુરા ખાચર કહે, ‘‘મહારાજ ! સાધુ તો છાશ તાણતાં ઘમ ઘમ કરે છે અને વાંસે લબુક લબુક થાતો સે.’’ પછી મહારાજ કહે, ‘‘એ શું ?’’ સુરા ખાચર કહે, ‘‘સાધુ છાશ તાણે છે તે વખતે તે સાધુની કોપીનના છેડા પછવાડે લબુક લબુક થાય છે.’’ તે સાંભળી મહારાજ હસ્યા.

● **સુરા ખાચર કોઈકના ચાર બળદ લઈ આવ્યા**

મહારાજ સવારના પહોરમાં સભા કરીને વિરાજમાન હતા અને સુરા ખાચર જરાક મોડા આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, ‘‘ કેમ મોડા આવ્યા ?’’ સુરા ખાચર કહે, ‘‘મહારાજ ! કોક બે બળદ લઈ ગયો.’’ ત્યારે મહારાજ કહે, ‘‘ત્યારે તો કોસ છૂટ્યો હશે ને ત્યારે સુરા ખાચર કહે, ‘‘હું કોકના ચાર બળદ લઈ આવ્યો છું ! બે કોસ ચાલતા કર્યા છે.’’ ત્યારે મહારાજ કહે, ‘‘તમે વર્તમાન ચૂક્યું ના ?’’ સુરા ખાચર

કહે, ''મારા બળદિયા લઈ ગયો તેને ઠબકો દો ! પહેલો તે વર્તમાન ચૂક્યો, ત્યાર પછી હું ચૂક્યો ના ?''

**● મહારાજે સુરા ખાચર સાથે રમૂજ કરી તથા ધોલેરામાં મીઠું ને સેવ જમ્યા**

હઠીભાઈને મહારાજ કહે જે, ''અમે અમારા દેશમાંથી એકાએકી અહીં આવ્યા હતા ને તમે જારનું સદાવ્રત દેતા હતા. તે અમે આવી સદાવ્રત માગ્યું ત્યારે અમને જાર આપવા માંડી. તે અમે જાર લીધી નહીં ને જે તૈયાર હોય તે માગ્યું. ત્યારે અમને કહે જે, 'તમારા જેવા ઘણાક તૈયાર લેવા સારું આવે છે ને તમે તો પાતળા છો, ને અહીં તો ઘાણીના થડિયા જેવા ને પાંચ હાથ ઊંચા એવા આવે છે. માટે જાર લેવી હોય તો લ્યો.'

ત્યારે અમે કહ્યું જે, જાર લાવો. ત્યારે તે આપનાર કહે જે, 'આ ઓસરીમાં પાંચ આંટા મારો ત્યારે આપીએ.' ત્યારે અમે આ ઓસરીમાં પાંચ આંટા મર્યા ને જારનું સદાવ્રત લઈને દશ-વીસ દાણા જમીને આ લીમડા હેઠે જાર વેરીને ચાલ્યા ગયા હતા. તે આજ આવ્યા.'' તે વાત સાંભળીને એ સર્વે હરિજનોએ ઘણો અફસોસ કર્યો. તેને જોઈને મહારાજ કહે જે, 'તે પુણ્યથી જ અમે તમારે ઘેર આવ્યા, તમારે કાંઈ શોક કરવો નહિ.' એમ કહી રાજી કરીને પોતે ત્યાંથી ઊઠીને સંતની તથા પાર્ષદની પંગત જમવા બેઠી હતી ત્યાં આવીને ઢોલિયા ઉપર બેઠા. ને સુરા ખાચર તથા સોમલા ખાચર એ સર્વને કહે જે, 'સારી પેઠે જમજો, આજે આપણે ચાલવું નથી.' એમ કહીને સર્વેને સારી પેઠે જમાડ્યા. અને સર્વે જમી રહ્યા ત્યાર પછી મહારાજ કહે જે, 'સર્વે તૈયાર થાઓ, આપણે ચાલવું છે.'

તે વાત સાંભળીને સર્વે સંત તથા પાર્ષદ તૈયાર થયા. ને સુરા ખાચર કહે જે, ''હે મહારાજ ! વગર મોતના કાણું મારી નાખતા છો ? હમણે તો એવું કહેતા હતા જે, 'આપણે ચાલવા નથી, ખૂબ જમો.'' એમ કહીને ચાલવાની તૈયારી કરી ને સર્વે પાર્ષદે સહિત પોતે સવાર થઈ ગામમાંથી ચાલ્યા. ને સર્વે ગામના હરિજન મહારાજને વળાવવા સારું પછવાડે છેટા સુધી જતા હતા. તેમને મહારાજ પાછા વાળીને કાઠીએ સહિત રસ્તામાં ચાલતા હતા અને તે સમે સુરો ખાચર મહારાજને કહે જે, ''હે મહારાજ !

પેટ ફાટું જાતો છે ને ડચુક ડચુક થાતો છે.'' તે વાત સાંભળી મહારાજ કહે જે, 'અન્ન પારકું હતું પણ પેટ તો પારકું નો'તું, શું કરવા બહુ ખાધું હતું ?' ત્યારે સુરા ખાચર કહે જે, ''તમે જૂઠું બોલીને કહ્યું હતું જે ચાલવું નથી.'' એવી રીતની રમૂજ કરતા થકા બે-ચાર ગાઉ ગયા. ત્યારે સુરો ખાચર કહે જે, ''હે મહારાજ ! ભણે ભૂખ બહુ લાગી છે ને પેટને ભૂખે ઉબાળા વળે છે.''

તે સાંભળી મહારાજ કહે જે, ''જો કાઠી, હમણે તો એમ કહેતો હતો જે, 'પેટ ફાટી જાય છે ને હમણે કહે છે ભૂખ લાગી છે.'' એમ કહીને મહારાજ કહે જે, ''ધોલેરા વિના ક્યાંય રાત રહેવું નથી અને તમારે સર્વેને જે જમવું હોય તે સંકલ્પ કરો.'' એમ મહારાજ સર્વે કાઠી સ્વારને કહેતા હતા.

પછી મહારાજનાં એવાં વચન સાંભળીને સુરો ખાચર વડાનો સંકલ્પ કરતા હતા ને સોમલો ખાચર ભજીયાનો એવી રીતે બીજા સર્વે કોઈ રોટલી, કોઈ દાળભાત, કોઈ કંસાર, કોઈ લાડુ, કોઈ પૂરી - એ આદિક સર્વે બહુ સંકલ્પ કરતા હતા અને મહારાજના પ્રતાપ થકી ધોલેરામાં ફુલીબા એવે નામે એક બાઈ હતા. તે અંતરજામીપણે કરીને સર્વેના સંકલ્પને જાણીને જુદી જુદી ભાતની સર્વે રસોઈ કરી ઢાંકી મેલતાં હતાં અને મહારાજના સારુ પરસુલીની સેવો તૈયાર કરી રાખી.

પછી મહારાજ તથા પાર્ષદ રાતના દસ વાગે પધાર્યા ને કહે જે, 'દરબાર, ઉઘાડો !' એવો મહારાજનો શબ્દ સાંભળીને તત્કાળ દરબાર ઉઘાડ્યો. ને ચોરામાં મહારાજને ઉતારો આપીને, ઘોડા બંધાવીને કહે જે, ''હે મહારાજ ! તમે જમવા સારું પધારો !'' ત્યારે મહારાજ કહે જે, ''સારું.'' એમ કહી પાર્ષદે સહિત જમવા પધાર્યા ને નાહી-ધોઈને ઉગમણે મુખારવિંદે બાજઠ ઉપર જમવા સારું બેઠા ને સર્વે પાર્ષદ મહારાજની સમીપે જમવા સારું બેઠા.

તે સમયે મહારાજ કહે જે, ''જેણે જેણે જેવા સંકલ્પ કર્યા હોય, તેને તે પ્રમાણે તેમને ભોજન આપો.'' એમ કહીને જેણે જે સંકલ્પ કર્યા હતા તેને તે દેવરાવતા હતા. ને સુરા ખાચરે વડાનો સંકલ્પ કર્યો હતો

તેને વડા દેવરાવ્યાં અને મહારાજને પરસુલીની સેવો થાળમાં પીરસી ને પ્રેમથી નિયમ રહ્યો નહીં, તેથી સાકરને ઠેકાણે દળેલું મીઠું હતું તે નાખતા હતા. ને ઘી પીરસીને કહે જે, ''હે મહારાજ ! જમો.'' તે સમે મહારાજ તથા પાર્ષદ જમવા માંડ્યા.

અને સુરો ખાચર વડા જમતા હતા, તે વડા જમતાં ગળે બાઝ્યાં. તેથી ઓ ! ઓ ! કરીને મહારાજને કહે જે, ''ભણું એકલા એકલા લાંબુ લાંબુ કા જમતા છો ? ને મારા તો પ્રાણ જાય છે, થોડા સા મને દ્યો !'' એમ બોલતા સત્તા મહારાજને ખડખડ હસાવતા હતા. એવાં સુરા ખાચરનાં વચન સાંભળીને મહારાજ બાઈને કહે જે, ''આ તારે ખવાય તેમ નથી ત્યારે બાઈ કહે જે હે મહારાજ થોડીક સાકર આપું.'' ત્યારે મહારાજ કહે, ''નહીં જોઈએ.'' એવી રીતે સેવો જમી પ્રસાદી સારું થોડીક રહેવા દઈને ભાત-દાળ જમીને ચળુ કરી, જળપાન કરી, મુખવાસ લઈને ઉતારા ઉપર જઈને પોઢી ગયા.

અને પછી બાઈએ પ્રસાદ લીધો. ત્યારે પોતાને ખબર પડી જે, 'હાય હાય, મેં તો મહારાજને મીઠું ને સેવો જમાડી ને સાકર તો રહી ગઈ !' એમ જાણી આખી રાત ઘણો પશ્ચાત્તાપ કરી મહારાજની ઘણીક પ્રાર્થના કરી. ને પોતાનો અપરાધ ક્ષમા કરાવવા સારું સવારે ઊઠીને જ્યાં મહારાજ પોઢ્યા હતા ત્યાં જઈને વિનંતીએ સહિત મહારાજની પ્રાર્થના કરીને કહે જે, ''હે મહારાજ ! ગઈ કાલે મેં તમારો ઘણો અપરાધ કર્યો ને તમે કહેશો જે, શો અપરાધ કર્યો ? તો મેં તમોને સેવો ને મીઠું જમાડ્યું. તેથી હવે મારા અંતરમાં ઘણી બળતરા થાય છે, ને શાંતિ થાતી નથી.''

એવાં બાઈનાં વચન સાંભળીને મહારાજ કહે જે, ''હવેથી તમે સો ફેરા સાકર જમાડશો તો પણ એવો સ્વાદ નહિ આવે.'' એમ કહીને પછી કહે જે, ''જાવ, થાળ કરો, અમે આજે જમીશું.'' એવાં મહારાજનાં વચન સાંભળી બાઈ રાજી થઈને ઘેર આવી. પછી નાહી-ધોઈ પવિત્ર થઈને સેવો-કંસાર-રોટલી-ભજિયાં ને વડાં - એ આદિક ભારે થાળ કરીને પછી મહારાજને જમવા સારું પ્રથમ જેમ બાજોઠ ઉપર બેસાડ્યા હતા તેવી રીતે બેસારીને ઘણા સ્નેહથી જમાડતાં હતાં ને

મહારાજ પણ તેમના પ્રેમથી જમીને એમને આગલા દિવસની બળતરા હતી તેને સારી પેઠે સમાવતા હતા અને પછી પોતે ચળુ કરી જળપાન કરીને મુખવાસ લઈને ઉતારે પધાર્યા. અને સર્વે પાર્ષદને પણ તેવી રીતે જમાડીને ઉતારા ઉપર મોકલતા હતા અને પછવાડેથી મહારાજના થાળની પ્રસાદી દરબારમાં સર્વેને જમાડીને પોતે (બાઈ) જમતાં હતાં અને મહારાજ તથા પાર્ષદ જમીને પોઢી ગયા.

**● સુરા ખાચરે સાખી બોલીને મહારાજની ઉદાસીનતા ટાળી**

ગઢપુરમાં મહારાજ એક વખત ઉદાસ થઈને બેઠા હતા અને કોઈને બોલાવે નહીં. પછી સુરા ખાચર આવીને મહારાજને પગે લાગ્યા, પણ મહારાજ બોલ્યા નહીં. પછી સુરા ખાચર બોલ્યા જે, ''હું સાખી શીખી આવ્યો છું, તે કેની આગળ બોલું ? મહારાજ તો અવળું જોઈને બેઠા છે.'' બ્રહ્માનંદ સ્વામી કહે, ''બોલો તો ખરા, કાને ક્યાં પુંમડાં દીધાં છે ? કાને તો સાંભળવું છે ને !'' પછી સુરા ખાચર સાખી બોલ્યા જે, ''નમો સરકારને, નમો સદ્‌ગુરુને, નમો સદ્‌ગુરુના છૈયાને, નમો સદ્‌ગુરુના લૈયાને, નમો રમતા-ભમતાને, નમો જુદું જમતાને, નમો રુઠાને, નમો હસના ઠૂંઠાને, નમો નાગમાલાના ચૂલાને, નમો નાગ ને નાગમાલાના કુલાને !'' એમ જ્યાં બોલ્યા ત્યાં તો મહારાજ હસી પડ્યા.

**● સુરા ખાચરે રમૂજી કીર્તન બોલીને ઉદાસીનતા ટાળી**

એક વખત મહારાજ ઉદાસ થઈને બેઠા હતા. તે વખતે સુરા ખાચર આવ્યા અને બ્રહ્માનંદ સ્વામીને કહ્યું જે, ''હું એક કીર્તન શીખીને આવ્યો છું, પણ ભણે મહારાજ તો સામું જોતા નથી !'' પછી બ્રહ્માનંદ સ્વામી કહે, ''કીર્તન બોલોને, મહારાજ સાંભળશે.'' પછી સુરા ખાચર કીર્તન બોલ્યા જે, ''વીહળો પીર રે પોતે પરિબ્રહ્મ છે અને એને રખડાવું હું...'' એમ જ્યાં બોલ્યા ત્યાં મહારાજ બોલ્યા જે, ''સુરા ખાચર, આ શું બોલ્યા ?'' સુરા ખાચર કહે, ''મહારાજ ! એ તો હું દોઢ્ય ભણતો શું અને મારા વિના તેને કોણ રખડાવે ?'' એમ કહીને મહારાજને રાજી કર્યા.

**● સુરા ખાચરે બાવાની રમૂજી વાત કરી મહારાજની ઉદાસી ટાળી**

મહારાજ ઉદાસ થઈને બેઠા હતા અને સુરા ખાચર આવ્યા, પણ

મહારાજ કોઈના સામું જુએ નહીં. પછી સુરા ખાચરે ચારણના નેહમાં બાવો રહેતો હતો, તેની વાત કહી દેખાડી જે, ''ચારણ્યો નિત્ય બાવાને દર્શને જાય ત્યારે સૌ ભેટ લઈને જાય. તે લઈ બાવો રાજી થાતો. અને એક દિવસ ચારણું ભેટ વિનાની ગઈ. તેને બાવે છેટેથી ભાળિયું જે, આજ ખાલી હાથે આવે છે, માટે સન્મુખનાં દર્શન દેવાં નથી. પછી બાવોજી અવળું જોઈને બેઠો. ત્યારે ચારણ્યો બોલી જે, 'બાવલિયા ! સન્મુખકા દર્શન દે.' ત્યારે બાવો બોલ્યો જે, 'ભેટ બેટ તો કુછ લાઈ નહીં હે અને સન્મુખ કા દર્શન માંગતી હૈ ? તો કર લે પૂંઠકા દર્શન !'' એમ કહીને સુરા ખાચરે તે બાવાની વાત કરી, ને મહારાજને રાજી કર્યા; એટલે મહારાજ મુખારવિંદ આડો રૂમાલ દઈને હસવા મંડ્યા ને ઉદાસી ટાળી.

**● મહારાજે થાળ આપી સુરા ખાચરને જમાડ્યા**

એક વખત સુરા ખાચર ગઢપુર આવ્યા. પછી મહારાજે પૂછ્યું જે, ''સુરા ખાચર ! ક્યાં જમ્યા છો ?'' સુરા ખાચર કહે, ''મહારાજ ! ત્રણ દિવસ થયા અનાજ કોણે દીઠો સે ?'' તે વખતે મહારાજ થાળ જમતા હતા. ત્યારે મહારાજ જમીને ઊઠીને બ્રહ્મચારીને કહ્યું જે, ''બ્રહ્મચારી ! સુરા ખાચરને પ્રસાદી આપજો.'' ત્યારે સુરા ખાચર બોલ્યા જે, ''બ્રહ્મચારી પ્રસાદી આપે તેમાં મારો ઉદર ભરાય ?'' પછી મોટો થાળ ભર્યો હતો તે મહારાજે સુરા ખાચરને આપ્યો.

**● સુરા ખાચરે મહારાજને ગરાસિયાની રમૂજી વાત કરી**

વળી એક બીજી વાત કરી જે, ''એક બંધાણી ગરાસિયા હતા અને તે લઘુશંકા કરવા બેઠા હતા. તે લઘુશંકા કરતાં કરતાં ડોલાં ખાવા મંડ્યા. અને તેની દાસી વાસીદું વાળવા આવી, એટલે તેના સાવરણાની ઝાપટ પાછળથી વાગી. ત્યારે તે બોલ્યા જે, 'મેઘરાજજી ! આ કઈ ઘોડી પૂંછ ઝાટકે છે ?' ત્યારે કહે, 'બાપુ, એ તો દાસી વાશીદું વાળે છે.' 'ત્યારે તો ઠીક.'' તે સાંભળી ઝીણાભાઈ બોલ્યા જે, 'મહારાજ, એવું હોય ? અમે તો શૂરવીર છીએ.' આ વાત ઝીણાભાઈને ને સુરા ખાચરને રમૂજને માટે મહારાજે કરાવી હતી.

## ભક્તરાજા અલૈયા ખાચર તથા ભગુજીનો ઈતિહાસ

પંચમ સ્કંધમાં પ્રથમ પ્રિયવ્રતની કથા આવે છે. પ્રિયવ્રતને સંસારમાં આશક્તિ ન હતી છતાં એ ગૃહસ્થ હતા. તેને પત્ની, બાળકો બધું જ હતું. બ્રહ્માના કહેવાથી ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરેલો.

પ્રિયવ્રત રાજા સંસારમાં અનાસક્ત રહીને જીવતા અને પ્રભુની ભક્તિ કરતા. એ પ્રિયવ્રત રાજાએ એકવાર વિચાર કર્યો. આ ધરતી ઉપર સૂર્યના ઉદય પછી દિવસ કહેવાય, સૂર્યના અસ્ત પછી રાત્રિ પડે તો આઠ પ્રહરમાંથી અડધો સમય જ પ્રજાજનોને પ્રકાશ મળે છે અને અડધો સમય અંધારુ સહન કરવું પડે છે. આવું શા માટે ? તેણે એક રથ તૈયાર કર્યો અને સૂર્યની સમાંતર વિરુદ્ધ કક્ષામાં ગોઠવ્યો. સૂર્યનો અસ્ત થાય અને આકાશમાંથી પ્રિયવ્રતનો તેજસ્વી રથ દેખાય. જેથી આખી રાત્રી પ્રકાશમય બની રહે. બ્રહ્માએ પ્રિયવ્રતને કહ્યું, આ પ્રવૃત્તિ બંધ કરી દો. સર્વશક્તિમાન ઈશ્વરે જાણી જોઈને દિવસ અને રાત્રિ એમ બે વિભાગ કર્યા છે તેમાં દિવસ પ્રવૃત્તિ માટે છે અને રાત્રિ જીવોને વિશ્રાંતિ માટે છે. તમે અખંડ અજવાળું રાખશો તો આ બધા જીવો સતત પ્રવૃત્તિ કરશે અને રોગી બની જશે. અને બધાનું મૃત્યુ વહેલું આવશે. માટે પરમાત્માએ જે આયોજન કર્યું છે એ જ યોગ્ય છે. પ્રિયવ્રતના રથે સાત આંટા લગાવી ચૂક્યા હતા. પછી બંધ કરી દીધું. પ્રિયવ્રતના રથનાં વિશાળ પૈડાંના ધરતીમાં મોટા ચીલા (ખાડા) પડી ગયેલા. ધરતી અલગ અલગ વિભાગમાં વહેંચાઈ ગઈ. પ્રિયવ્રતના રથના પૈડાંથી પડેલા ખાડામાં પાણી ભરાયું અને એ સાત સમુદ્ર બન્યા અને વિભાજિત થઈ ગયેલી પૃથ્વીને સાત ખંડો એવું નામ મળ્યું. ધરતીના સાત ખંડો અને સાત સમુદ્રો એ પ્રિયવ્રતના રથના પૈડાંના ચીલા છે.

આ પ્રિયવ્રતને દસ પુત્રો અને એક પુત્રી હતી. આ પ્રિયવ્રત રાજા પોતાના મોટા પુત્ર નાભીને રાજ્ય સોંપીને ચાલી નીકળ્યા. નાભિને ઋષભ નામે પુત્ર થયા હતા. તે ઋષભદેવને સો પુત્રો હતા, તેમાં ભરતજી સૌથી મોટા હતા. ઋષભદેવે બધા પુત્રોને સાથે બેસારી મોક્ષ માર્ગનો ઉપદેશ આપ્યો અને મોટા પુત્ર ભરતને રાજ્ય સોંપી પરમહંસોના ધર્મની સ્થાપના માટે ઘર છોડીને વનમાં ગયા અને ત્યાં અલક્ષપણે વિચરતા હતા. હરિઈચ્છાએ મળે તો ભોજન કરે, ન મળે તો દિવસો પર્યંત નિરાહાર રહેતા. કોઈ વખત ભોજન નિમિત્તે મુખમાં પથ્થર મૂક્યો હતો. કોઈવાર વનમાં ભયંકર દાવાનળ સળગ્યો. મનુષ્યો, પશુ પ્રાણી સૌ જીવ બચાવવા નાસવા લાગ્યાં અને ઋષભદેવતો સ્થિર મનથી બેસી રહ્યા અને એ અગ્નિમાં જ પોતાની લીલા સમાપ્ત કરી લીધી. આ મહારાજા પ્રિયવ્રત બીજા જન્મમાં ગોરખનાથ બનીને અવતાર લીધો હતો.

### ● ગોરખનાથ અને મચ્છંદરનાથ

એક મચ્છંદરનાથ કરીને એક તપસ્વી યોગી હતા. તપ કરીને સિદ્ધ દશાને પ્રાપ્ત કરી અને પોતાને જ્યાં સુધી જીવવું હોય ત્યાં સુધી જીવી શકે એમ ઈચ્છા મૃત્યુની શક્તિ પ્રાપ્ત કરી હતી અને પોતે સ્ત્રી તથા ધનના ત્યાગી હતા અને ગીરનારની ગુફામાં નિવાસ કરતા. તેમને એક શિષ્ય હતો જેનું નામ ગોરખનાથ હતું. તે પણ ગુરુની જેમ સિદ્ધ દશાને પામેલા. એક વાર પોતાના શિષ્યને સંપ્રદાયની ગાદી આપી મચ્છંદરનાથ બાર વર્ષની તપશ્ચર્યા કરવા સારું-નવલખા પર્વત ઉપર જવાની તૈયારી કરી. પોતાની સિદ્ધાઈના બળે આકાશમાર્ગે ચાલવા લાગ્યા. ને ચાલતા-ચાલતા નવલખા પર્વતની નજીક જ્વાળામુખી નામે એક તીર્થ છે તેની બાજુમાં દક્ષલાદી દિશે કામરૂ દેશ છે ને ત્યાં સોનાની ખાણો છે. ત્યાંથી મચ્છંદરનાથ નિકળતા તે મનમાં સોનાની ખાણો જોવાનો વિચાર આવ્યો તે જોવા માટે ત્યાં ઉતર્યા અને ત્યાં અનેક સુંદર રચનાઓ જોઈ પોતાનું સિદ્ધપણું ભૂલી ગયા અને ત્યાં જ એક રૂપ સુંદરી નામે કન્યા હતી. તેના ઉપર આશક્ત થઈ ગાંધર્વ વિવાહ કર્યા. સમય વિતતા તેને બે પુત્ર અને

બે પુત્રીઓ થઈ જેથી તેમાં બંધન થયું ને ૧૪ વર્ષનો સમય વ્યતીત થઈ ગયો. ગોરખનાથના શિષ્યને થયું કે ગુરુદેવ તો બાર વર્ષની તપશ્ચર્યામાં ગયા હતા અને આ તો ચૌદ વર્ષ વ્યતીત થઈ ગયા. લાવને જોવું તો ખરો કે ગુરુદેવ ક્યાં છે. આમ વિચારી ગોરખનાથે સમાધિના માધ્યમે કરીને જોયું તો ગુરુ મચ્છંદર નાથ તો સ્ત્રી પરિવારમાં બંધાઈ ગયા છે. સમાધિમાંથી જાગી સંસાર બંધનમાંથી ગુરુને મુક્ત કરવા માટે ગોરખનાથ કામરૂ દેશ તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં ચાલતા-ચાલતા તેમને એક ભવૈયાના સંઘનો ભેટો થયો તે તેમની સાથે ચાલ્યા અને જે ગામમાં મચ્છંદર નાથ રહેતાં ત્યાં આવી ગયા. ભવૈયાનો સંઘ ભવાઈ કરે અને ગોરખનાથ ઢોલકી વગાડે. ત્યાં મંચ્છરદર નાથ આવ્યા એટલે ઢોલકી વગાડતા-વગાડતા બોલ્યા કે, 'ચેત મચ્છંદર ગોરખ આવ્યો' અવાજ સાંભળતા મંચ્છદરનાથ ઓળખી ગયા આ તો મારો શિષ્ય ગોરખનાથ છે. શરમાઈને ઘરે ચાલી ગયા ત્યારે ગોરખનાથ ગુરુના નિવાસ સ્થાને આવ્યા. ત્યારે ગોરખનાથને જોઈ મચ્છંદરનાથ દિલગીર થઈ ગયા. શિષ્યએ ગુરુને કહ્યું હે ગુરુદેવ તમે આવા તુચ્છ બંધનમાં બંધાઈ ગયા. ગુરુની આંખ ખુલતા પોતાની પત્નીને કહે, હું તારા કામનો નથી મને મારો શિષ્ય લેવા આવ્યો છે માટે હું જાઉં છું. એમ કહ્યું એટલે તે સ્ત્રી, પુત્ર અને પુત્રીઓ સર્વે ગળે બાઝી પડ્યાં ને રોયા તે જોઈ ગોરખનાથે તીરસ્કાર કરી સર્વેનો ત્યાગ કરાવ્યો ને ગુરુને લઈ ચાલવા જતા ગુરુ મચ્છંદર નાથ કહે હું મારા ઘરમાં જઈ પાછો આવું એમ કહી. સોનાની ઈંટો તથા રત્ન ભેળા કરીને એક ઝોળીમાં નાખીને લઈ લીધા ને પોતાના છોકરાઓને ત્યાં પોતાની સિધ્ધાઈના બળે તે મલકના રાજા બનાવીને ચાલી નિકળ્યા પછી રસ્તામાં ગોરખનાથ પોતાના ગુરુને ઉપદેશ કરવા લાગ્યો - ત્યાં રસ્તામાં ચાલતા-ચાલતા જંગલ-ગામ આવે ત્યારે મચ્છંદર નાથ કહે કે, ''આગે રસ્તે મેં કુચ ભય હે ક્યાં ?'' આમ વારે વારે ગુરુ શિષ્યને પૂછે તેથી ગોરખનાથને થયું કે ગુરુદેવ આમ વારંવાર ભયની વાતો કેમ કરે છે ? પછી જ્યારે એક વાવ આવી ત્યારે ગુરુ શિષ્ય બંને ત્યાં સ્નાન કરવા રોકાયા એટલે ગુરુ મચ્છંદરનાથ બહિર્ભૂમિ ગયા ત્યારે

ગોરખનાથે પોટલું જોયું તેમાંથી સોનુને રત્ન નીકળ્યાં તેને વાવમાં નાખી દીધાં ને ઝોળીમાં પાણાં બાંધી દીધા. પછી બંને સ્નાન કરી આગળ નિકળ્યા તે એક કસબો આવ્યો તેને ઉલ્લંઘીને ચાલ્યા તે રસ્તામાં એક મનુષ્ય મળ્યો તેને મચ્છંદરનાથે પૂછ્યું જે ''આગે રાસ્તે મે કુચ ભય હૈ ક્યાં ? ત્યારે શિષ્ય ગોરખનાથ કહે કે 'ભય તો સબ વાવ મેં ડાલ દીયા' ત્યારે ગુરુએ ઝોળીમાં જોયું તો પથ્થર ભાળ્યો એટલે પોક મૂકી રોવા લાગ્યો ત્યારે ગોરખનાથે તે પથ્થર પર પેશાબની સેડ મારી એટલે સોનાની શીલા થઈ ને કહ્યું, ગુરુદેવ ! ઉઠાઈ' એટલે મચ્છંદર નાથ કહે ગોરખા ગુરુથી ચેલા આગળ હવા' ત્યારે ગોરખનાથ કહે વો સબ ગુરુ પ્રતાપ છે.' એમ કહી ગુરુની પ્રથમ કાળની સ્તુતિ કરાવી ને સિદ્ધપણાનું જ્ઞાન સિદ્ધ કરાવ્યું. પછી મચ્છંદર નાથ કહે, 'આપણો મોક્ષ કેમ થાશે ? પછી બંને સિદ્ધો ગંગા કિનારે ગયા ને ત્યાં ''ૐ શ્રી સ્વામિનારાયણઃ શરણં મમઃ'' એ મંત્ર જપી પ્રત્યક્ષ ભગવાન મેળવવાનો પ્રયત્ન શરૂ કર્યા ને બંને આમ તપ કરતાં કરતાં દેહ મૂકી દીધો તે બીજા જન્મમાં મચ્છંદરનાથ

**● મચ્છંદરનાથ સાત્યકિ રૂપે અવતર્યા**

યદુવંશી સાત્યકિ એક મહાન યોદ્ધા હતો જેને યુયુધાનના નામથી પણ ઓળખવામાં આવે છે.

સાત્યકિ કૃષ્ણ ભક્ત અને અર્જુનનો મિત્ર હતો જેણે અર્જુન સાથે જે દ્રોણ પાસે યુદ્ધ કૌશલ શીખ્યું હતું. તે વૃષ્ણી કુળમાં શીણીના પરિવારમાં જન્મ્યો હતો. તે સત્યકનો પુત્ર હતો. તેણે કૌરવો વિરુદ્ધ કુરુક્ષેત્રના યુદ્ધમાં પાંડવોનો સાથ આપ્યો હતો. યુદ્ધ પહેલાં શાંતિ સંદેશ લઈને ગયેલા શ્રીકૃષ્ણ સાથે સાત્યકી પણ ગયો હતો. પણ આ સંદેશ દુર્યોધને નકારી કાઢ્યો હતો.

સાત્યકિ ખૂબ જ બહાદુર વીર હતો અને એક વખત તો તેણે ૧૦૧ વખત દ્રોણના ધનુષ્ય તોડી પાડ્યા હતા. યુદ્ધના ૧૪મા દિવસે ભૂરિશ્રવા (જેની સાથે તેને પહેલેથી જ લાંબા સમયથી ચાલ્યો આવતો કૌટુંબિક કલેશ હતો.) સામે ખૂબ ઘમાસાણ યુદ્ધ કર્યું. લાંબા અને રક્તરંજીત યુદ્ધને લીધે સાત્યકિ થાકી ગયો. ભૂરિશ્રવાએ તેના પર પ્રહાર કર્યે રાખ્યા અને

તેને યુદ્ધભૂમિમાં ઘસડવા લાગ્યો. આ બાબતે કૃષ્ણે અર્જુનને સાવધાન કર્યો. ભૂરિશ્રવા સાત્યકિને મારવા તૈયારી કરે છે પણ અર્જુન તેના તીર દ્વારા ભૂરિશ્રવાની ભૂજા કાપી સાત્યકીને બચાવે છે.

ભૂરીશ્રવાએ તેને સાવધ કર્યા વગર તેના પર હુમલો કરવાથી રોકકળ કરી અને કહ્યું કે અર્જુન યોદ્ધાના નામ પર કલંક છે. તેના જવાબમાં અર્જુને કહ્યું સંરક્ષણ રહિત સાત્યકિ પર હુમલો કરવો પણ એક હિન કાર્ય છે. તેણે આગળ કહ્યું કે કોઈ પણ ભોગે પોતાના મિત્ર અને સાથી લડવૈયા એવા સાત્યકિને બચાવવો એ તેનું પહેલું કર્તવ્ય છે. સાત્યકિ પોતાની તંદ્રામાંથી બહાર આવી ચળપળતાથી શત્રુને પરવશ કરી દે છે.

સાત્યકિ અને કૃતવર્મા બંને યુદ્ધમાંથી ઉગરી ગયા. રાતના સમયે પાંડવોના પુત્રોની હત્યામાં અશ્વત્થામા અને કૃપાચાર્ય સાથે કૃતવર્મા પણ સામેલ હતો. યુદ્ધના ૩૬ વર્ષ પછી સાત્યકિ અને કૃતવર્મા આદિ યાદવો મંદિરા પીને આપસમાં ઝઘડવા લાગ્યાં. સૂતેલા સૈનિકો પર પ્રહાર કરવા બદલ સાત્યકિ કૃતવર્માની નિંદા કરવા લાગ્યો અને નિઃશસ્ત્ર ભૂરીશ્રવાનો શિરચ્છેદ કરવા બદલ ભૂરીશ્રવા સાત્યકિને કોસવા લાગ્યો. આ ઝઘડો ખૂબ જ વધી મારામારી થઈ અને ગાંધારીના શાપ અનુસાર યાદવકુળનો નાશ થયો. કૃષ્ણની ઈચ્છા હતી કે તેમનો અવતાર કાળ પૂરો થાય ત્યાં સુધી સમગ્ર યાદવકુળ પૃથ્વી પરથી નામશેષ થઈ જાય આથી પૃથ્વી પરથી પાપી આક્રમક લડવૈયાઓનો લોપ થાય તેથી યાદવાસ્થળી થઈ. અને તેમાં સાત્યકિ મૃત્યુ પામ્યો અને આ સાત્થકિ બીજા જન્મે પાટણના મહારાજ સિદ્ધરાજ જયસિંહ થયા.

**● પાટણના મહારાજા સિદ્ધરાજ ભગુજી રૂપે પ્રગટ થયા**

પાટણના મહારાજા સિદ્ધરાજ જયસિંહ થયા ને તેમને અનેક સારા કાર્યો કર્યા - વાવ-કુવા-તળાવ-સિદ્ધપુરનો રૂદ્રમાળ આદિ અનેક પવિત્ર સ્થાનોની રચના કરાવી જેને ૫૪ વર્ષની આયુષ્ય ભોગવી ને દેહના અંતે સ્વર્ગલોકને પામ્યા ત્યાર બાદ ત્રીજા જન્મમાં રાજસ્થાનમાં ઝાલોર પ્રદેશનું ભીલમાલ તાલુકાનું મોરશીમ ગામમાં હાડા ગરાસિયા જ્ઞાતિમાં ગામધણીના ઘરે ભગુજી રૂપે અવતાર ધારણ કર્યા. શરીર બેઠી ઘાટનું

હતું. પ્રથમથી જ સ્ત્રી-ધનમાં આશક્તિ ન હતી માટે લગ્ન કર્યા નહીં. માતા-પિતાના સ્વર્ગવાસ પછી ભાઈની સાથે રહેતા. તેમના ભાઈને એક દીકરો હતો તેના લગ્ન થયા બાદ તેમના ભાઈ પણ મૃત્યુ પામ્યા. પિતાના મૃત્યુ બાદ પુત્ર અતિ સ્વચ્છંદી થઈ ગયો. કુલટા સ્ત્રીઓનો સંગ કર્યા. ભગુજી તેને બહુ સમજાવતા પરંતુ તેને કુલટા સ્ત્રીઓનો સંગ મુક્યો નહીં. પોતાની પત્નીને એક દિવસ ખૂબ માર માર્યો. ભત્રીજાના પુત્ર એ ભગુજીને વાત કરી તેથી તેમને ખૂબ જ ક્રોધ ચઢ્યો. ને ઘરે આવીને તલવારનો ઘા કર્યા તેથી ભત્રીજાનું માથું ફાટી ગયું. ક્રોધમાં આવીને ભત્રીજાની હત્યા કરી તેથી તેમને ખૂબ જ પસ્તાવો થયો અને આખી રાત્રી રડવા લાગ્યા.

એક વાર સુખાનંદ સ્વામી રાજસ્થાનમાં સત્સંગ વિચરણ કરતાં કરતાં મોરશીમ ગામે ગયા ત્યાં ભગુજીનો ભેટો થયો. સ્વામીની આગળ પોતાનું હૃદય ખોલીને વાત કરી. તેથી સુખાનંદ સ્વામી એ આશ્વાસન આપી મહારાજની વાતો કરી ને નિશ્ચય કરાવ્યો. તે દિવસ તેમને ભગવાન મેળવવાની અને મહારાજના દર્શનની તલપ લાગી. આખી રાત્રિ મહારાજનું ભજન કર્યું ત્યારે રાત્રે શ્રીજી મહારાજે ભગુજીને દર્શન આપીને કહ્યું.

**“હરિ વરે દીધા દર્શન દાન, કહ્યું શું છોડવિદ મરજાદ**
**ભગુજી તમે મુક્ત મહાન, ક્યા ગયું એ પૂર્વનું જ્ઞાન**
**પરિવાર તમે પર હરો, ખોટી માયાનું સુખ ન ધરો.**
**સ્થિર થઈને મૂર્તિમાં ઠરો, સત્સંગની સેવા આચરો**
**આવશું સિદ્ધપુરમાં અમે, ત્યાં સમૈયે આવજો તમે**
**જીવ જગતના જગતે ભમે, મુક્ત મારી સંગાથે રમે**

ભગુજી ભગવાનની પ્રાપ્તિ કરવા સિદ્ધપુર આવ્યા ત્યાં મહારાજના દર્શન થયા પછી મહારાજ ને પામવાની તાલાવેલી લાગી તેથી મહારાજને ગોતવા માટે નિકળ્યા ને ફરતા-ફરતા ભીમનાથ થઈ ગઢપુર આવ્યા. તે સમયે સભામાં પ્રેમાનંદ સ્વામી કિર્તન ગાતા હતા કે “મેતો ગુનેગાર તેરા પ્રભુ” આ સાંભળી ભગુજી પાછળ - ઉભા - ઉભા ચોધાર આસુએ

રડવા લાગ્યા. તેમને રડતા જોઈ મહારાજે પાસે બોલાવ્યા. ત્યારે મહારાજ કહે હે ભગુજી હવે તમે અમારા શરણે છો માટે કોઈ વાતનો શોક કરશો નહી અને મહારાજે તેમને કાયમ માટે પોતાની પાસે રાખ્યા. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા સંતોનો યોગ થયો. અને સત્સંગ વધવા લાગ્યો.

એકવાર મહારાજે તેમને માણકી ઘોડીની સેવામાં રાખેલા તે વખતે માણકી ઘોડી પર હાથ ફેરવતા-ફેરવતા રડતા જાય અને બોલતા જાય કે હે માણકી તુ ખુબજ નશીબદાર છે. કે તને મહારાજ કાયમ માટે સાથે રાખે છે. એવા અમારા ભાગ્ય ક્યારે જાગશે કે મહારાજ અમને પણ અખંડ સાથે રાખે ? ત્યાં પાછળથી મહારાજ આવ્યાને ભગુજીના માથે હાથ મુકીને કહ્યું કે આજથી જેમ માણકી વિના અમને નથી ચાલતુ ને અખંડ સાથે રહે છે. તેમ આજથી અમારા પાર્ષદ તરીકે તમે અખંડ સાથે રહેશો.. તે દિવસથી ભગુજી મહારાજની અખંડ સેવામાં રહ્યા અને પાર્ષદ ભગુજી કહેવાયા.

એકવાર દાદાખાચરનું માંડવધારમાં એક ખેતર હતું. જેનાપર ભાણખાચર આદી નજરનાખીને બેઠેલા. અને ખુબજ હેરાન કરે. પાક લેવા દે નહી. તે ખેતરની રખેવાડી કરવા મહારાજે ભગુજીને રાખ્યા. તે સમયે ભાણખાચરે એલાન કર્યું કે જો કોઈ ભગુજીનું માથુ કાપી લાવે તો તેને ચાર કોષ જમીન આપુ. આ પડકારને સિંધુદેશના ખબળ અને મતારાએ જીલી લીધો. અને ભગુજી સાથે યુધ્ધ કર્યું. જેમાં ભગુજીને જનોઈ સોસરા અઠાર ઘા વાગ્યા. તોયે હિંમત દાખવીને ભગુજીએ ખબળ અને મતારાને ઘોડા સહિત તલવારના એકજ ઘા એ કાપી નાખ્યા.

જ્યારે મહારાજને સમાચાર મળ્યા કે ભગુજી ખુબજ ઘાયલ થયા છે. ત્યારે તેમની સાર સંભાળ સ્વંયમ મહારાજ પોતે રાખતા. એક દિવસ મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને ઓરડીના દરવાજે ઉભા રાખી ને વિર ભગુજી સાથે મહારાજ બેઠેલા. તે સમયે કાળ ભગુજીને તેડવા આવ્યો. ત્યારે સચ્ચિદાનંદ સ્વામી કહે ક્યાં જાય છે ? તે સમયે કાળ કહે હું ભગુજીનું મૃત્યુ છું. ભગુજીને લેવા આવ્યો છું. ત્યારે સ્વામીએ એ થપાટ મારીને

કાળનું માથું ફેરવી નાખ્યું. કાળે મહારાજને ફરિયાદ કરી તો મહારાજ કહે અમારી રજા સિવાય ભગુજીને લઈ જવા વાળો કોઈ છે નહી. ત્યારે મહારાજ ભગુજીને કહે કે હે ભગુજી તમારો સમય પૂર્ણ થયો છે. તમે કહો તો ધામમાં લઈ જાંઉ અને તમે કહો તો અહીં સેવામાં રાખુ. ત્યારે ભગુજી કહે મહારાજ ધામ જેવું તો કોઈ સુખ નથી પરંતુ જો અત્યારે લઈ જાશો તો દુનિયા એમ કહે છે કે સ્વામિનારાયણે પોતાના ભક્તની રક્ષા પણ ન કરી. ત્યારે મહારાજ કહે સારૂ ત્યારે હવે ભગુજી અહીંજ રહેશે. અને અમારી સેવા કરશે. આમ મહારાજે ભગુજીને જીવનદાન આપ્યું.

જ્યારે ભગુજી ખુબ જ ઘાયલ થયા ત્યારે ઈર્ષાના કારણે જીવાખાચરે વૈદને પાટા પર કબુતરની અગાર લગાવી આપીને કહ્યું આ પાટો ભગુજીને બાંધજો. જેવો વૈદે પાટો ભગુજીને બાંધ્યોને ભગુજીને વેદના ઉપડી ત્યારે મહારાજ આવ્યા અને પાટો ખોલીને જોયુ તો પાટા પર કબુતરની અગાર લગાવેલી મહારાજે તે ઘા ઉપર હાથ ફેરવી ભગુજીને થયેલી વેદના ને ટાળી દીધી. અને ભગુજીને સાજા કર્યા. અને જીવાખાચરને ખુબજ ઠપકો આપ્યો.

જ્યારે ભાવનગરના રાજા વજેસિંહ દરબારને ખબર પડી કે ભગુજીને અઠાર ઘા વાગ્યા છે. તોય હજી જીવે છે. તેથી તેમની શુરવીરતાને વખાણીને કાગળ લખ્યો કે હે ભગુજી તમે કહો તેટલો પગાર આપું પરંતુ તમે ભાવનગર આવી મારી નોકરી કરો ત્યારે ભગુજીએ જવાબ લખી મોકલાવ્યો કે હું સ્વામિનારાયણ ભગવાન નો નોકર છું એટલે મારાથી બીજે નોકરી કરવા જવાય નહી અને મહારાજ મને કલ્યાણરૂપી પગાર આપે છે. જે આ જગતમાં કોઈ આપવા સમર્થ નથી. જવાબ સાંભળી વજેસંગ દરબાર આવાક બની ગયા હતા.

જ્યારે સભામાં મહારાજે કહ્યું દાદાનું ખેતર આ રતનજીએ છોડાવ્યુ છે માટે અમે તેમનું સન્માન કરીએ. રતનજીનું સન્માન થયું. એટલે મુક્તાનંદ સ્વામી કહે મહારાજ ખેતરતો ભગુજીએ છોડાવ્યુ છે. ત્યારે મહારાજ કહે તો ભગુજી તમે બોલ્યા કેમ નહી ? ત્યારે ભગુજી કહે મહારાજ ખેતર તો રતનજી કે ભગુજીએ નહી પરંતુ ભગુજીમાં રહીને

તમે છોડાવ્યું છે માટે તમે જેનું સન્માન કરો તેનું પરંતુ કર્તા હર્તા તો તમે જ છો.

આવા શુરવિર અને સમજણ વાળા ભક્તરાજ ભગુજી એ મહારાજની ખુબ જ સેવા કરી મહારાજના ધામમાં ગયા પછી અયોધ્યાપ્રસાદજી દાદાની પણ ખુબજ સેવા કરીને મૂળીમાં પોતાના અંતીમ શ્વાસ લીધા. મહારાજના ધામને પામ્યા હતા. તે મૂળીમાં આજે પણ ઓટો છે.

**● ગોરખનાથ અલૈયા ખાચર રૂપે અવતર્યા**

ગોરખનાથ બીજા જન્મમાં ઝીંઝાવદરમાં અલૈયા ખાચર રૂપે પ્રગટ થયા જેમને આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળ્યું હતું.

**ભક્ત અલૈયે લગ્ન ન કીધું. ઉદ્ધરેતા તણુંવ્રત લીધું.** (હરિલીલામૃત)

તેમના પિતા સામત ખાચર સત્સંગી ન હતા, પરંતુ અલૈયા ખાચરની નિષ્ઠા અને ખુમારીનું તેજ એટલું હતું કે તેના પરિણામે તેમના પિતા ધર્મપરાયણ થયા હતા. ભક્તરાજ અલૈયા ખાચર જીવોને ઉપદેશ કરી સત્સંગ માર્ગે વાળતા.

**''કરી ઉત્સવને પછી માવ, આપ્યો અલૈયાને શિરપાવ''** (ભ. પ્રિય. પુ. ૬૨)

શ્રીજી મહારાજે ઝીંઝાવદરમાં ઉત્સવ કરી અલૈયા ખાચરને ઐશ્વર્ય પ્રદાન કર્યું હતું, જેના કારણ તેમને વાળાક દેશમાં સોટી અડાડીને જીવોને સમાધિ કરાવી સત્સંગી પણ બનાવ્યા હતા. જ્યારે મહારાજે ૧૮ ગામધણી દરબારોને આજ્ઞા કરી કે ઘર-બાર-પુત્ર-પરિવાર મુકી ભગવો ભેખ ધારણ કરી. અમારી પાસે આવો. એમાં એક નામ ભક્તરાજ અલૈયા ખાચરનું પણ હતું.

**● અલૈયા ખાચરે કુંભારની જમદૂતથી રક્ષા કરી**

એક વખત અલૈયા ખાચર પોતાને ઘેર ઢોલિયા ઉપર બેઠા હતા. તે વખતે એક કુંભાર તેમનાં ખોરડાં ઉપર નળિયાં ચાળતો હતો. તેને લેવાને જમ આવ્યા. તે જમને દેખીને તેણે બૂમ પાડી, ને કહ્યું કે, ''દોડજો બાપુ ..! મારી નાંખ્યો...!'' પછી તે કુંભાર લીંમડાની ડાળે લટક્યો અને લીંબડાની ડાળ ઉપર જમે પગ મેલ્યો એટલે કુંભાર ફળિયામાં પડ્યા.

પછી કુંભાર અલૈયા ખાચરના ઢોલિયા નીચે પેસી ગયો અને અલૈયા ખાચરને કહ્યું કે, ''ઓલ્યા જમ મને લેવા આવ્યા છે !'' પછી અલૈયા ખાચરે હાંકલ મારી, ને જમ નાસી ગયા. પછી તે કુંભાર સત્સંગી થયો ને જીવ્યો ત્યાં સુધી સાધુની સેવા કરી.

**● અલૈયા ખાચરને સંતમંડળ સાથે વાતો કરવા મોકલ્યા**

એક વખત મહારાજે અલૈયા ખાચરને પોતાનો પોશાક પહેરાવ્યાં વાળાક દેશમાં સ્વરૂપાનંદ સ્વામીના મંડળમાં વાતું કરવા મોકલ્યા હતા અને અલૈયા ખાચરને તે વખતે સમાધિ પણ થાતી હતી. તેવા તેઓ બળવાન હતા.

**● અલૈયા ખાચરે જેસલાને ધામમાંથી પાછો બોલાવ્યો**

એક વાર અલૈયા ખાચરનો સાથી જેસલો એવે નામે કરીને હતો. તે સાથી માંદો થયો ને બોલ્યા ચાલ્યા વગર દેહ મૂકી દીધો. તે ટાણે અલૈયા ખાચર વગડામાં ગયા હતા, ઘેરે નહોતા. પછી જેસલાનો દેહ છૂટ્યા પછી ઘેરે આવ્યા, ત્યારે અલૈયા ખાચરનો કાકો હતો તે બોલ્યો જે, ''અલૈયા, તું તો એમ કહે છે જે, 'જે સત્સંગી મરે, તે ભગવાનના ધામમાં જાય' ને આ જેસલો મરી ગયો તે કાંઈ બોલ્યો ચાલ્યો નહીં, ને પૂંઠની વાટે જીવ જાતો રહ્યો. માટે તમે તો સર્વે જૂઠાબોલા છો.''

પોતાના કાકાનું એવું વચન સાંભળીને એ અલૈયો રીસ કરીને બોલ્યો જે, ''અરે કાકા ! તું મસાણમાં મારા ભેગો ચાલ. વાર લાગશે તો જેસલાનો દેહ બાળી દેશે. પછી એ જેસલાને બોલાવીને તેની પાસે તને કેવરાવું.''

પછી અલૈયો ને પોતાનો કાકો એ બેય જણ મસાણમાં ગયા. ત્યાં તો જેસલાને લાકડામાં ખડકેલો ને અગ્નિ મૂકેલ નહીં. પછી તે જેસલાના થડમાં જઈને અલૈયે ઉતાવળે સાદે 'જેસલા... જેસલા... જેસલા...' એમ કહીને ચાર-પાંચ સાદ કર્યા. ત્યારે જેસલો એ લાકડામાંથી બેઠો થઈને બોલ્યો જે, ''તમે મને બોલાવ્યો ? મારે ભગવાનના ધામમાંથી પાછું આવવું પડ્યું.''

ત્યારે અલૈયે કહ્યું જે, ''આ મારો કાકો માનતો નહોતો, તે સારું તને

બોલાવ્યો.'' પછી જે જેસલો કહે જે, ''હવે સહુ સ્વામિનારાયણના નામની ધૂન કરો.'' પછી એ સર્વે માણસે ધૂન કરવા માંડી ને જેસલે પણ ધૂન કરવા માંડી. પછી જેસલે દેહ મૂકી દીધો, ને અલૈયાના કાકે વાત સાચી જાણી.

**● અલૈયા ખાચરને મૂર્તિના અખંડ દર્શનનો વર**

પછી મૂળુભાઈને પોતાના ગામ જાવું હતું, ત્યારે મહારાજ બોલ્યા જે, ''અલૈયા ખાચર ! તમારો ઘોડો મૂળુભાઈને આલો.'' ત્યારે કહે જે, ''સારું મહારાજ.'' પછી મૂળુભાઈ ઘોડે ચડીને ગયા ને પાંચ-છ દિવસે પાછા આવ્યા. ત્યારે અલૈયા ખાચર મહારાજને કહે, ''ભણે મહારાજ ! ઘોડાને ભાઠું નો'તું ને ભણે પાડીને આવ્યો.'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''ભાઠું હતું ને કેમ ના પાડો છો ?'' પછી મહારાજ ખીજ્યા ને કહ્યું જે, ''અમારી નજર આગળથી જતા રહો.''

ત્યારે અલૈયા ખાચર ગામથી દક્ષણાદી કોરે તળાવ છે, ત્યાં જઈને બેઠા. ત્યાર પછી પહોર વાર થઈ ત્યારે મહારાજ કહે, ''જ્યાં હોય ત્યાંથી અલૈયા ખાચરને અમારી પાસે બોલાવો.'' પછી બોલાવી લાવ્યા. ત્યારે મહારાજ કે, 'માગો.' ત્યારે અલૈયા ખાચર બોલ્યા જે, ''એ વર માગું છું જે, આ મૂર્તિ હૃદયને વિશે નિરંતર રહેજો.'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''સારું.'' આજથી અખંડ અમને દેખશો...

**● અલૈયા ખાચર જ્યાં અમે ત્યાં તમે**

લક્ષ્મી બાગથી આથમણો બળદ બાંધવાનો વોકળીમાં માંડવો હતો તે માંડવા નીચે સુંદર રેતી હતી તે જગ્યાએ મહારાજ અલૈયા ભક્ત આદીને લઈ ત્યાં પધાર્યા ને ત્યાં નાહીને એ રેતીમાં ઉતરાદે મુખારવિંદે બેઠા હતા તે વખતે મહારાજ બોલ્યા જે ''આજ રાત્રે અમે જમ્યા નથી માટે ભૂખ લાગી છે'' તે સાંભળીને કાળાભક્ત નામે પાળા હતા તેણે કહ્યું જે ''મારી પાસે કોઠીંબીઓ છે તે 'દિવાળી દિઠીને કોઠીંબી મિઠી' એમ કહીને કોઠીંબિનો ઢગલો કર્યો પછી મહારાજે ચપટી બજાવીને કહ્યું જે ''ઘી, લોટ વગેરે સામાન લાવો'' પછી તે એકદમ ગામમાં દોડ્યા ગયા ને લાડુબા પાસેથી સામાન લઈ આવ્યા પછી મહારાજે પોતાને હાથે કોઠીંબાનું શાક અને બાટિઓ કરી એટલામાં પિપળાવાડીથી સચ્ચિદાનંદ

સ્વામી કુણા કુણા મુળાની દાંડલિયો મોગરીને ફોદિનાની ચટણી લઈ આવ્યા ને બ્રહ્મચારી પણ પતરાની બરણીમાં ગોરસ ને પાપડ લઈ આવ્યા. પછી મહારાજ જમવા બેઠા તે પ્રથમ શાક ને બાટી જમ્યા પછી ચટણી ને બાટી જમ્યા ને તે ભેળી મૂળાની દાંડલિયો મોગરી જમ્યા. તે જમતા થકી પેટ ઉપર હાથ ફેરવતા જાય ને પાણી પીતા જાય ને તે પછી દહીં રોટલો ને પાપડ સારી રીતે જમ્યા પછી ચળુ કરી એલચીનો મુખવાસ લીધો ને તે થાળની પ્રસાદી કાળા તથા અલૈયા ભક્તને આપી પછી મહારાજે અલૈયા ભક્તને પૂછ્યું જે 'તમારે સંકલ્પ થાય છે ?' ત્યારે તે ભક્ત હાથમાં રેતી લઈ ઊભા થઈ રેતીની ધાર કરી ને બોલ્યા જે 'આ રેતીના કણ ગણતરીમાં આવે તો મારા સંકલ્પ ગણાય માટે તમે તારશો તો તરીશ' પછી તે ઉપર મહારાજે વાત કરી જે ''સંકલ્પ થાય છે તે જે પોતાને દેહરૂપ માને તેને થાય છે ને આ દેહ પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ એ પંચભૂતનો છે ને એ પંચભૌતિક દેહથી જીવાત્મા જુદો છે ને અનાદિ છે અને તે કોઈનો માર્યો મરતો નથી ને કોઈનો બાળ્યો બળતો નથી એવો સત્યસ્વરૂપ છે ને અનેક પ્રકારના દેહને કાળ ભક્ષ કરે છે અને માયાયે વિંટાણો થકો પોતે દેહરૂપ થઈ જાય છે ત્યારે સંકલ્પ વિકલ્પ દેહરૂપ પોતાને માનીને ચાળા ચૂંથતો ફરે છે તેમાં જે અસત્ય સંકલ્પ થાય છે તે દેહના છે ને જે સત્ય સંકલ્પ થાય છે ભગવાનના છે માટે જે ત્યાગી થયો તેણે અસત્ય સંકલ્પનો ત્યાગ કરવો ને દેહરૂપ પોતાને માનવું નહિ માટે જમણે અંગુઠે કરી તમારું હૈયું દાબો ને તમારી વૃત્તિ હૃદયને વિશે લાવો'' તેમ તે ભક્તે કર્યું એટલે ચાર પ્રકાર જણાણા જે દેહ અને આત્મા જુદા જણાણા ને પરમાત્મા એ આત્માના હૃદયને વિષે જણાણા ને સંકલ્પ પણ જુદો જણાણો પછી મહારાજ બોલ્યા જે 'બ્રહ્મરંધ્રને વિશે વૃત્તિ ખેંચો' પછી વૃત્તિ ખેંચી તેમાં તેજ જણાણું ને તે તેજમાં મહારાજ બેઠા જણાણા ને પોતાનો આત્મા જુદો જણાણો પછી મહારાજે કહ્યું જે 'અષ્ટાંગયોગ સાધે તેને પોતાનો આત્મા દેખાય છે તેમ તમારું સ્વરૂપ દેખો' પછી તે જોયું એટલે સ્મૃતિ આવી જે 'હું ગોરખનાથ હતો તે હું આ સંકલ્પ વિકલ્પ કરીને શું ચીથરાં ફાડું છું' પછી પોતે આત્મા રૂપ થઈ

સંકલ્પ ઉપર રીસ ચડાવી મહારાજની કૃપાથી યોગાનળ અગ્નિયે કરીને અસત સંકલ્પને બાળી નાખ્યા પછી દેહમાં આવી હાથ જોડી મહારાજની સ્તુતિ કરીને હેતે કરી વારંવાર હીંહોરા કરી મહારાજને બકિયો લીધી ને મળ્યા ને પોતાનું પૂર્વજન્મ સાંભર્યું ને બોલ્યા 'હે મહારાજ ! મેં મચ્છંદરનાથની ઠેકડી કરી હતી ને અભિમાન કર્યું હતું જે યોગીને શું સ્ત્રી ને પૈસા ? માટે મને આ સંકલ્પ વિકલ્પ રૂપ સ્ત્રી નડી પૈસા પણ મેં ભેળા કરી આ ખેતરમાં દાટ્યા છે' એમ કહી ઊઠીને દાટેલ કળશો કાઢી મહારાજ આગળ મૂક્યો ને પછી આંખ્યુમાંથી દડ દડ આંસુ ચાલ્યાં જાય ને મહા દિલગીર થયા પછી મહારાજ બોલ્યા જે 'હે અલૈયા ! જ્યાં અમે ત્યાં તું માટે કાંઈ ફિકર રાખીશમાં' પછી ખાટલો મગાવી તે ઉપર ગોદડું નાખી ઘોડીનો ઘાંશીયો નાખ્યો પછી મહારાજ તે ઉપર સૂતા અને અલૈયોભક્ત પગ ચાંપવા લાગ્યા ત્યારે મહારાજ બોલ્યા જે 'આજ બે દિવસથી નીંદર નથી આવતી માટે આજ સાંજ સુધી સૂવા દેજે ને બે ઘડી દિવસ રહે ત્યારે જગાડજે' એમ કહીને મહારાજ પોઢ્યા ને પછી બે ઘડી દિવસ રહ્યો ત્યારે જાગ્યા ને પછી દરબારમાં પધાર્યા ને વાસુદેવ નારાયણને ઓરડે રીંગણાનું ને વડીનું શાક, દહીને પાપડ જમ્યા પછી અલૈયાભક્તને પ્રસાદી આપી ને મુક્તાનંદ સ્વામી પાસે અલૈયાભક્તની તમામ વાત કહી દેખાડી એવી રીતે અલૌકિક ચરિત્ર મહારાજે કર્યું.

બીજે દિવસે મહારાજ લીંબડા હેઠે ઢોલીયા ઉપર બિરાજમાન થયા ને પોતાના મુખારવિંદની આગળ સાધુ પાળાની સભા ભરાઈને બેઠી હતી પછી મહારાજે વાત કરી જે 'આજથી કોઈ પાળાએ પૈસા રાખવા નહિ' પછી ભગુજીએ તથા અલૈયા ભક્તે પ્રથમ રૂપિયા કાઢ્યા ત્યારે મહારાજે કહ્યું જે 'આ રૂપિયાનાં પરમહંસ માટે વસ્ત્ર લીયો' ત્યારે વસ્ત્ર લીધાં તો પણ રૂપિયા વધ્યા એટલે પરમહંસોને સાટા જલેબીની રસોઈ આપી પછી મહારાજે થાળ જમીને ભગુજી તથા અલૈયા ભક્તને થાળની પ્રસાદી આપી પછી પરમહંસ પાળા તથા હરિજન સર્વેને જમાડ્યા ને પછી ઉગમણા બારના ઓરડાની ઓસરીએ બિરાજમાન થયા ને પોતાના મુખારવિંદની આગળ સંત તથા પાર્ષદની સભા ભરાઈને બેઠી હતી તે વખતે ભગુજી

તથા અલૈયાભક્તે મહારાજની પૂજા કરી ને ગુલાબી રંગનાં પાંચેય લૂગડાં પહેરાવીને આરતી ઉતારી પછી પાળા સર્વેને બોલાવીને ઉપદેશ કર્યો જે 'ત્યાગીયે પૈસા રાખવા નહિ ને જો પૈસા રાખે તો તેમાંથી જાજું ભૂંડું થાય' તે ઉપર ગોરખનાથ તથા મચ્છંદરની એક વિસ્તારથી વાત કરી તે આ ભગુજી તથા અલૈયા ભક્ત બંને ગુરુ શિષ્ય છો માટે આ ધનના ફંદથી છુટ્યા, ને અલૈયા ભક્ત ને ધન વળગ્યું જ નથી'' એમ કહીને બંનેને ચરણારવિંદ આપી મહારાજ મળ્યા પછી ઘણા વખાણ કર્યા ને હસીને મહારાજ બોલ્યા જે 'ભગુજીની ભેટ તો ઘેલામાં નાખી દીધી.'

**● મહારાજા જાર જમ્યા ને અગણોતેરા દુષ્કાળની આગાહી કરી**

એક વખત શ્રીજીમહારાજ ઝીંઝાવદરમાં હતા. તે સં. ૧૮૬૮ ની સાલમાં ચાસટિયા (ઉનાળુ જાર) બહુ પાક્યા હતા. પછી મહારાજ વ્હેલા ઊઠીને લોકની વાડીયુંમાં છાનામાના પેસી જતા અને જુવારનાં જારિયાં (જુવારનાં ડૂંડાં) મહારાજ જમતા. વળી તેમને ખોળવાને માટે લોક ઘણી ઘણી ગોત્ય કરે, પણ ક્યાંય પત્તો જડે નહીં. પછી સૌ કે અલૈયા ખાચર પાસે આવીને અરજ કરી જે, ''દરબાર ! એક રંક સીમમાં આવ્યું છે. તે વાડીયુંમાં જારિયાં બધાં ખાઈ જાય છે.'' અરે અલૈયા ખાચર બોલ્યા જે, ''હું તેનો તપાસ કરાવી તેને પકડશું.'' તે સૌ લોક ગયા.

પછી અલૈયા ખાચર મહારાજની પ્રાર્થના કરે જે, ''હે મહારાજ ! તમે કહો તો હું અહીંયાં જારિયાં લાવીને તમોને પોંક પાડી આપું પણ આ લોક બોલે છે તે સંભળાતું નથી.'' મહારાજ કહે છે, અલૈયા ખાચર ! ત્યાં જેવાં મીઠાં લાગે છે તેવાં અહીં નથી લાગતાં !'' એમ કહી મહારાજે વાત કરી જે, ''અલૈયા ખાચર ! આગળ ઓગણતેરો કાળ પડશે ને મનુષ્યને જાર નહીં મળે.'' એમ કહીને પોતે એક મહિના સુધી ત્યાં દરબારમાં શીરાબંધ (ચૂનાથી બાંધેલ) કોઠો છે ત્યાં છાના રહ્યા હતા અને માથે જટા વધારી હતી. એમ બધાં ભવિષ્યના ચિહ્ન અલૈયા ખાચરને જણાવતા હતા જે, આવતા વર્ષમાં સૌ લોકની આવી સ્થિતિ થશે. અને પોતે મૃતિકાના વાસણે જળ પીતા. પછી ઓગણતેરા કાળમાં મહારાજનાં કહેવા પ્રમાણે સૌની એવી સ્થિતિ થઈ હતી.

# ઉત્તાનપાદ જેઠસુર ખાચર રૂપે અવતર્યા

"મનુ મહારાજ અને શતરૂપાને બે પુત્રો પ્રિયવ્રત અને ઉત્તાનપદ હતા જેમાં મહારાજા ઉત્તાનપાદને બે રાણીઓ હતી. એકનું નામ સુરુચિ અને બીજીનું નામ સુનીતિ છે. સુરુચિને એક પુત્ર હતો. તેનું નામ ઉત્તમ હતું. જ્યારે સુનીતિને પણ એક પુત્ર હતો તેનું નામ ધ્રુવ હતું." મહારાજાને સુરુચિ ખૂબ જ પ્રિય રાણી હતી જ્યારે સુનિતી અણમાનીતી હતી. કારણ સુરુચિનાં સૌંદર્યમાં રાજાનું મન ફસાયું હતું તેથી સુરુચિના કહેવાથી રાજાએ સુનીતિનો ત્યાગ કર્યો. રાજા ઉત્તાનપાદ સુરુચિ સાથે રાજમહેલમાં રહેતો હતો. જ્યારે સુનીતિ રાજમહેલની બહાર રહેતી હતી.

એક દિવસ ઉત્તાનપાદ સિંહાસન ઉપર બેઠા છે. તેની નજીક સુરુચિ બેઠેલ છે. રાજા ઉત્તમને ખોળામાં બેસાડી લાડ કરે છે. એવામાં ધ્રુવ ત્યાં આવી પહોંચે છે. ઉત્તમને પિતાના ખોળામાં બેઠેલ જોઈ, તેની ઈચ્છા પણ પિતાના ખોળામાં બેસવાની થઈ. તે દોડતો દોડતો પિતા પાસે આવી પહોંચ્યો અને કહે છે : "મને પણ તમારા ખોળામાં બેસાડો."

રાજા ઉત્તાનપાદને ધ્રુવને ખોળામાં લેવાની ઈચ્છા થઈ તો ખરી, પણ સુરુચિને બાજુમાં બેઠેલ જોઈ થોડો સંકોચ થયો. સુરુચિની આંખમાં ઈર્ષાનો કીડો સળવળ્યો. તેનાથી આ સહન થયું નહિ, તે કહે છે : "ખબરદાર ! એને ખોળામાં લીધો છે તો ! તમારો દીકરો તો ઉત્તમ છે."

રાજા રાણીનો દાસ છે, રાણીને આધીન છે. તેને તેનામાં દોષ દેખાતો નથી, તે તેનામાં અતિવિશ્વાસ રાખે છે. રાજા વિચાર કરે છે કે - 'ધ્રુવને ખોળામાં લઈશ તો સુરુચિ રાણી નારાજ થશે. બાળકનું દિલ દુભાય છે, તેનો વિચાર થતો નથી. ધ્રુવ પ્રેમથી પિતાને નિહાળતો ઊભો છે. સુરુચિને આ સહન ન થયું અને તે બાળકનો તિરસ્કાર કરતાં કહે

છે : "તું અહીંથી ચાલ્યો જા. રાજાના ખોળામાં બેસવા તું લાયક નથી. તું અણમાનીતી સુનીતિનો પુત્ર છે." ધ્રુવ કહે છે : "મા ! હું રાજાનો બાળક નથી ?" ત્યારે સુરુચિ મહેણું મારે છે : "જો તારે રાજાના ખોળામાં બેસવાની ઈચ્છા હોય તો તું મારા પેટે જન્મ લે, પછી તું ખુશીથી રાજાના ખોળામાં બેસી શકીશ. તું વનમાં જા. ત્યાં પરમાત્માનું આરાધન કર, તપશ્ચર્યા કર અને પરમાત્માને પ્રસન્ન કરી તું મારા પેટે જન્મ માંગ. તું રાણીનો દીકરો નથી, પણ દાસીનો દીકરો છે. ચાલ્યો જા અહીથી." છતાં ધ્રુવ ત્યાં થોડો સમય ઊભો રહ્યો. તેને આશા હતી કે પિતાજી તેને ખોળામાં લેશે. રાજાએ મોં ફેરવી લીધું.

માને દાસી કહી, તેથી ધ્રુવને બહુ દુઃખ થયું. તેના હૃદયમાં તે શબ્દ બાણ જેવો લાગ્યો. મારી માને 'દાસી' કહે છે ? અને પિતાએ મુખ ફેરવી લીધું, મારી સામું જોયું પણ નહિ. તે રડવા લાગ્યો. દોડતો દોડતો તે માની પાસે ગયો. સુનીતિ પૂછે છે : બેટા ! તને શું થયું ? તું કેમ રડે છે ?" છતાં ધ્રુવ બોલતો નથી. તે વિચારે છે - 'ઓરમાન માએ મારો તિરસ્કાર કર્યો અને પિતાએ મોં ફેરવી લીધું.' એમ કહીશ તો માતા-પિતાની નિંદા કરવા જેવું મને પાપ લાગશે. તે રડે છે, પણ બોલતો નથી. પરંતુ એક દાસીએ આવીને સુનીતિને બધી વાત કહી દીધી. તે જાણીને સુનીતિને પારાવાર દુઃખ થયું.

સુનીતિએ દુઃખના વેગને દબાવીને ધીરજ ધારણ કરી. પછી કહે છે : "તારી સુરુચિ માએ તને જે કહ્યું તે ખોટું નથી. હું પણ તને એ જ કહું છું કે - 'બેટા, ભીખ માંગવી હોય તો ભગવાન પાસે જ માંગવી, મનુષ્ય પાસે માંગશો ઘણું ત્યારે તે આપશે ઓછું. તે કોઈવાર તિરસ્કાર કે અપમાન પણ કરશે, માટે ભગવાન પાસે જ માંગવું. તે આપવા બેસે છે ત્યારે અઢળક આપે છે. બેટા ! ભગવાન તારા ઉપર કૃપા કરશે. તને ગોદમાં લેશે. તારા સાચા પિતા પરમાત્મા છે. મેં તને નારાયણને સોંપ્યો છે. જે પિતા તારી સામે જોવા તૈયાર નથી, એના ઘરમાં રહેવામાં સાર નથી. આ ઘરમાં રહીશ તો તારી ઓરમાન મા તને હંમેશાં દુઃખ દેશે.

એટલે તું ના રડીશ. જેથી મને પણ દુઃખ થશે. જો તું ઉત્તમની જેમ રાજસિંહાસન પર બેસવા ઈચ્છતો હોય, તો તું પરમાત્માનું આરાધન કર. તારા ચિત્તમાં પુરુષોત્તમ ભગવાનની સ્થાપના કર ને બીજા બધાનું ચિંતન છોડીને કેવળ તેમનું ભજન કર.'' માટે વનમાં જઈ તપ કર ભગવાન મળશે.

ધ્રુવ પૂછે છે : ''મા ! મારા જેવા બાળકને ભગવાન દર્શન આપશે ?''

સુનીતિ કહે છે : ''ભગવાન ઉંમર જોતાં નથી, વેશ જોતાં નથી, તે તો માત્ર હૃદય જુએ છે. તે ભાષા જોતા નથી, ભાવ જુએ છે. જે પ્રેમથી પરમાત્માને પોકારે, તેની સમક્ષ પ્રગટ થાય છે. આતુરતા વગર ભગવાન મળતા નથી.'' અને ધ્રુવજી વનમાં જવા તૈયાર થયા ત્યારે માતાએ કહ્યું- તું તારી ઓરમાન માને અને પિતાજીને વંદન કરવા જજે. ઓરમાન માને વંદન કરીને જઈશ તો ભગવાન જલ્દી પ્રસન્ન થશે. કોઈ સાથે દ્વેષ રાખી પરમાત્માની આરાધના કરવા ન જવાય. તેવી આરાધના સફળ ન થાય.''

બંને માતાઓ અને ઉતાનપાદના આશિર્વાદ લઈ ધ્રુવજીએ વન તરફ પર્યાણ કર્યું.

આ બાજુ ઉત્તાનપાદ રાજાએ સાંભળ્યું કે - ધ્રુવ ઘર છોડીને વનમાં ગયો છે. રાજાને આશ્ચર્ય થયું. પાંચ વર્ષનો બાળક વનમાં જાય. રાજાએ ધ્રુવની શોધમાં પોતાના સિપાઈઓને મોકલ્યા. રાજાની અંદરની આંખ ઊઘડી તે વિચારે છે - ''પાંચ વર્ષનો બાળક બધું છોડી શકે છે. જ્યારે હું એક સ્ત્રીને છોડી શકતો નથી ? સુરુચિના કહેવાથી મેં સુનીતિનો ત્યાગ કર્યો છે. સુનીતિનો કોઈ દોષ નથી હું અધમ છું.''

પછી રાજા સુનીતિના આવાસે આવ્યા. તે સમયે બાળક ધ્રુવને યાદ કરી તે રડતી હતી. એક દાસી આવીને સુનીતિને રાજા આવ્યાની જાણ કરી. રાજા એનાં ચરણોમાં વંદન કરવા જાય છે. સુનીતિ તેમ કરતાં અટકાવીને કહે છે : ''તમે મારા ભગવાન છો, હું તો તમારી દાસી છું. મને વંદન ન કરો.'' રાજાની આંખમાં આંસુ આવ્યાં તેમને પોતે કરેલાં

પાપ માટે પસ્તાવો થયો. "મેં મોટી ભૂલ કરી છે. તું દાસી નથી. દેવી છો. હું તને ઓળખી શક્યો નહીં."

ઘણા દિવસ પછી રાજાના મનમાં જે પાપ છે, તે બધું આંખમાંથી બહાર આવ્યું. રાજાનું હૃદય હવે શુદ્ધ થયું. તેને ધ્રુવ યાદ આવે છે ને દુઃખ થાય છે. તે સમયે નારદજી ત્યાં આવ્યા. ત્યારે રાજા કહે છે : "મહારાજ ! હું કામી છું. એક સ્ત્રીના કહેવાથી મેં મારા બાળકનો તિરસ્કાર કર્યો. જેથી મારો દીકરો ઘર છોડીને વનમાં ગયો છે."

"હવે મને કોઈ માર્ગ બતાવો, જેથી મારા મનને શાંતિ રહે. તમે જે કહેશો તેમ હું કરીશ."

નારદજી કહે છે : "છ મહિના સુધી તું અનાજ લઈશ નહિ. છ મહિના સુધી ફક્ત દૂધ ઉપર રહેવાનું છે." છ મહિનાનું અનુષ્ઠાન બતાવ્યું.

મહામંત્રનો છ મહિના તારે જપ કરવાનો છે. દૂધ ઉપર રહીને તું જપ કરીશ તો છ મહિના પછી તારો બાળક પાછો આવશે."

ધ્રુવજીએ વનમાં છ મહિના સુધી કઠોર તપ કર્યું. ભગવાનના દર્શન થયા અને શ્રીહરિએ અભયવર આપ્યો. ધ્રુવજી ઘરે આવ્યા છે ત્યારે મહારાજ ઉત્તાનપાદ અનુષ્ઠાનમાં બેઠા છે ત્યારે સેવક આવીને કહે છે. મહારાજ ! ધ્રુવકુમાર આવ્યા છે. આ સાંભળતાં જ ઉત્તાનપાદ ઊભા થઈને દોડવા લાગ્યા. છ માસ પહેલાં ધ્રુવજી પિતાને મળવા ગયા તો પિતા એને ગોદમાં લીધો નહીં. અને છ મહિના પછી ધ્રુવજી આવ્યા ત્યારે તેમને મળવા રાજા દોડે છે. પરમાત્મા પાછળ જે પડે છે, તેની પાછળ જગત પડે છે. પરમાત્મા જેને અપનાવે છે. તેને શત્રુઓ પણ વંદન કરે છે.

ઉત્તાનપાદ આજે ધ્રુવજીનું સ્વાગત કરવા દોડ્યા છે. એમની આંખમાંથી આનંદમાં આંસુ નીકળે છે. હવે તે ધ્રુવજીને છાતીસરસો ચાંપે છે. પછી ધ્રુવજી માતાજીનાં દર્શન કરવા ગયા. ઓરમાન માને વંદન કરી પછી સુનીતિને વંદન કર્યા છે. ત્યારે સુનિતીને લાગ્યું કે ખરેખર આજે પુત્રવતી થઈ છું. કારણ મારો પુત્ર ભગવાનને મળીને આવ્યો છે.

મહારાજા ઉત્તાનપાદે ધ્રુવજીને ગાદી સોંપીને વન તરફ બંને રાણીઓ સાથે પ્રયાણ કર્યું અને વનમાં તપશ્ચર્યા કરતા કરતાં પોતાના દેહનો ત્યાગ કરી દીધો. અને ભગવાનના ભક્તનો ગુણ લીધો. પુણ્યના પ્રતાપે મહારાજા ઉત્તાનપાદ બીજા જન્મમાં સામત ખાચરના પુત્ર જેઠસુર ખાચર બનીને અવતાર ધારણ કર્યો. જેઓ અલૈયા ખાચરના ભાઈ હતા. અને મહારાજની ખૂબ જ સેવા કરેલી.

**● મહારાજે જેઠસુર ખાચરને પૂર્વજોના કલ્યાણની ખાતરી કરાવી**

એક વખત મહારાજ અલૈયા ખાચરના દરબારમાં વિરાજમાન હતા અને અલૈયા ખાચરના ભાઈ જેઠસુર ખાચરે મહારાજને કહ્યું જે, મહારાજ ! જેના કુળમાં એક ભક્ત થાય તો તેના એકોતેર પરિયાનો ઉદ્ધાર થાય. એમ કહ્યું છે. તે અમારા કુળમાં અમારા બાપદાદા મહાન હતા. તેનો ઉદ્ધાર થયો હશે કે કેમ ?'' પછી મહારાજ કહે, તારે જોવું છે ? જોવું હોય તો દેખાડીએ.'' પછી જેઠસુર ખાચરને મહારાજે સમાધિ કરાવીને અક્ષરધામમાં મોકલ્યા. ત્યાં તેમના વડવાઓને જાતે દીઠા. ત્યારે તેમણે કહ્યું જે, ''તમે અહીં કેવા ?'' ત્યારે તે સૌ બોલ્યા જે, ''અમારા કુળમાં અલૈયા ખાચર સ્વામિનારાયણનો ભક્ત થયા તે પ્રતાપે કરીને અમે અહીંયાં આવ્યા છીએ.'' જેઠસુર ખાચર કહે જે, ''કાંઈક નિશાની આપો તો સાચું મનાય.'' ત્યારે તેમના વડવાઓએ કહ્યું જે, ''તળાવને કાંઠે પીપર છે, તેથી નવ હાથ છેટે ઉગમણું નવસેં રૂપિયાનો ભરેલો એક દેગડો દાટ્યો છે, તે લઈ લેજો.''

પછી તેણે સમાધિમાંથી બહાર આવીને મહારાજને કહ્યું, ''વડવા ધામમાં તો પહોંચ્યા છે, પણ એક નિશાની મળે તો તે પછી તળાવની પાળે મહારાજ પધાર્યા. ત્યાં ઢોલિયા ઉપર મહારાજ વિરાજમાન થયા અને કહેવા પ્રમાણે તે જગ્યાએ ખોદયું. એટલે ત્યાંથી રૂપિયાનો દેગડો નીકળ્યો. તે રૂપિયા કટાઈ ગયેલા હતા. તે મહારાજ પાસે લાવીને મેલ્યા. મહારાજ કહે, ''તમારે તો બે લાભ થયાં એક તો પીત્રી ધામમાં ગયાં તેની ખાતરી થઈ અને વળી રૂપિયા મળ્યા !''

## ડાકોરના બોડાણા ભક્ત દામોદર ભક્ત થયા

દ્વાપરયુગમાં ડંક મુનિ એ ડાકોરમાં આશ્રમ બનાવ્યો હતો. તે જમાનામાં ડાકોર ખાખરીયું વન હતું, પરંતુ ડંક મુનિએ તપ કરી ભગવાન શંકર ને પ્રસન્ન કર્યા. ભગવાને ડંક મુનિને આશીર્વાદ આપ્યા કે કૃષ્ણ ભગવાન અહીં આવશે અને પોતે પણ ડંકેશ્વર નામે લિંગ સ્વરૂપે અહીં રહેશે. આજે પણ ગૌમતી કિનારે ડંકેશ્વર મહાદેવ છે જે એ બાબતની સાક્ષી પુરાવે છે. આજ ડંક મુનિએ મંદિર પાસે નાનો કુંડ બનાવ્યો હતો જેમાં પશુ-પંખી નિર્ભિય પણે પાણી પીતા હતા.

એક વાર ભગવાન કૃષ્ણ અને ભીમ પ્રસંગોપાત્ત ડંક મુનિના આશ્રમ પાસેથી પસાર થતા હતા ત્યારે ભીમને તરસ લાગતા કુંડમાંથી પાણી પીધું અને ઝાડ નીચે વિશ્રામ કરવા બેઠો. અચાનક વિચાર આવ્યો કે આટલા સુંદર જળનો કુંડ જો મોટો હોય તો ઘણાને પાણી સુગમતાથી મળે અને ગદાના એક જ પ્રહારથી ભીમે તે કુંડ ૯૯૯ વિઘા મોટો કર્યો. આ કુંડ આજે ગોમતી ના નામે ઓળખાય છે. વર્ષો વીતતા ગોમતીકુંડ અને ડંકેશ્વર મહાદેવ મંદિર આસપાસ લોકો આવી વસ્યા અને પહેલા ડંકપુર અને ત્યાર બાદ આજનું ડાકોર ગામ બન્યું.

ડાકોર ગામમાં કૃષ્ણ ભક્ત બોડાણો રહેતો હતો, જે દર છ માસે પુનમે ડાકોરથી દ્વારકા રસ્તેથી ચાલીને હાથમાં તુલસી રોપેલું કુંડુ લઈ. ભગવાનના દર્શનાર્થે જતો હતો. ભક્ત બોડણો ૭૨ વર્ષની ઉંમર સુધી રાબેતા મુજબ આ ક્રમ કરતો રહ્યો પરંતુ ત્યાર બાદ ઉંમરના કારણે એમને તકલીફ પડવા લાગી. પોતાના ભક્તની આ તકલીફ કૃષ્ણ ભગવાનથી જોઈ ના ગઈ. આથી તેમણે ભક્તને સપનામાં આવીને કહ્યું કે હું દ્વારકાથી ડાકોર આવીશ. તું બીજી વખત આવે ત્યારે ગાડું સાથે લાવજે. બોડાણા બીજી વખત સાથે ખખડધજ ગાડું લઈને દ્વારકા આવ્યો. પુજારીઓએ

પુછતાં નિખાલસતાથી જવાબ આપ્યો કે ભગવાન મારી સાથે ડાકોર આવવાના છે. દ્વારકાનાં પૂજારીઓએ રાત્રે મંદિરને તાળા મારી દીધા, પરંતુ ભગવાન કોઈનાં બંધનમાં રહેતા નથી. તેમણે આ તાળા તોડીને બોડાણાની જોડે ડાકોર જવા પ્રયાણ કર્યું. દ્વારકાથી થોડા દૂર નીકળ્યા બાદ ભગવાને બોડાણાને કહ્યું કે હવે તું ગાડાંમાં આરામ કર હું ગાડું ચલાવીશ. ફક્ત એક રાતમાં ભગવાન રાજા રણછોડરાય ડાકોરમાં આવી ગયા. સવારમાં બિલેશ્વર મહાદેવ નજીક લીમડા ડાળ પકડી બોડાણાને જગાડ્યો ને ગાડું ચલાવવા કહ્યું. ભગવાનના સ્પર્શથી લીમડાની એક ડાળ મીઠી થઈ ગઈ. ભગવાનને દ્વારકામાં ના જોતા પાછળ-પાછળ આવી પહોંચેલા ગુગળીઓથી ભગવાનને બચાવવા બોડાણાએ મૂર્તિ ગોમતીમાં પધારવી દીધી અને જાતે ગુગળીઓને મળવા ગયા. ગુગળીઓએ ગુસ્સામાં આવી બોડાણા પર ભાલાથી પ્રહાર કર્યો જેના કારણે બોડાણાનું મૃત્યુ થયું ને ગોમતી મા મૂર્તિ હતી ત્યાં પાણી લોહીથી લાલ થયું. દ્વારકાના પુજારીઓએ એક યુક્તિ અજમાવી કે જો ભગવાનને ડાકોરમાં રાખવા હોય તો, મૂર્તિના વજન જેટલું સોનું મૂકવું. તેઓ જાણતાં હતાં કે બોડાણો ખૂબ ગરીબ માણસ છે, એટલે સોનું આપી નહીં શકે અને કૃષ્ણ ભગવાનની મૂર્તિ દ્વારકામાં જ રહેશે.

બોડાણા પાસે સોનાના નામે તેની પત્નીએ પહેરેલી ફક્ત નાકની વાળી હતી. જ્યારે મૂર્તિની સામે ત્રાજવામાં તેને મૂકવામાં આવી ત્યારે તેનું અને મૂર્તિનું વજન બરાબર થયું. આવી રીતે કૃષ્ણ ભગવાનનું સ્થળાંતર દ્વારકાથી ડાકોરમાં થયું આજે ડાકોરમાં તે જ અસલ મૂર્તિ છે જે પહેલા દ્વારકામાં હતી.

અનેક નામે ઓળખાતાં ભગવાન કૃષ્ણ, દ્વારકામાં દ્વારકાધીશ અને ડાકોરમાં રણછોડરાયનાં નામે ઓળખાય છે. તેમને મળેલ નામ પાછળ પણ એક કથા છે. જરાસંઘના મિત્ર કાલયવને જ્યારે કૃષ્ણ ભગવાન પર આક્રમણ કર્યું ત્યારે તેઓ મથુરા વાસીઓનાં રક્ષણ માટે તેમને સાથે લઈને રણ છોડીને ભાગી ગયા અને નવી નગરી દ્વારકા બનાવીને ત્યાં વસ્યા આથી જ તેમને દ્વારકા અને ડાકોરમાં

રણછોડરાયના નામે ઓળખવામાં આવે છે.

આ ડાકોરના બોડાણા ભક્ત બીજા જન્મમાં અમદાવાદમાં દામોદર ભક્તના રૂપે પ્રગટ થયા હતા.

અમદાવાદ શહેરમાં દામોદર નામના એક મુમુક્ષુ પાટીદાર રહેતા હતા. તેઓ સંતોના સમાગમથી સત્સંગનાં વર્તમાન ધારણ કરી શ્રીજી મહારાજના એકાંતિક ભક્ત થયા હતા. સાધુ સત્સંગીઓની સેવા કરવી એ એમનું મુખ્ય અંગ હતું. શ્રીજીમહારાજ જ્યારે જ્યારે અમદાવાદ પધારતા ત્યારે દામોદર ભક્ત પોતાનું બધું કામકાજ છોડી દઈને. શ્રીજી અને સંતની સેવામાં અખંડ હાજર રહેતા અને સવાર-સાંજ સંત હરિભક્તોની મોટી સભામાં હાજર થઈ જેટલો સમય મહારાજ દર્શન આપે, ઉપદેશ કરે, તથા ધૂન-કીર્તન - કથા-વાર્તા થાય અને મહારાજની પૂજા થાય, તેટલો સમય દામોદર ભક્ત અતિશય આસક્તિપૂર્વક એકાગ્ર દૃષ્ટિથી એક ક્ષણવાર પણ આમતેમ જોયા સિવાય મહારાજનાં દર્શન વારંવાર નીરખી નીરખી કરતા. સેવા-સમાગમ તથા દર્શન કરવાનો એમના મનમાં બહુ જ મહિમા હતો. શ્રીજીમહારાજને વિષે એમને અત્યંત ગાઢ સ્નેહ હતો તેથી સેવા કરવા માટે તો દામોદર ભક્ત કેટલીકવાર શ્રીજીમહારાજની સાથે ગામડાંમાં ફરવા જતા અને હંમેશાં બહુ ખંતથી કાળજી રાખી હળવામાં હળવી સેવા પણ પ્રેમથી કરતા.

એક વખત શ્રીજી મહારાજ મહોત્સવ પ્રસંગે ભક્તજનોની વિશાળ સભામાં વિરાજી જ્ઞાનોપદેશ આપી રહ્યા હતા. ચોતરફ અત્યંત ભીડ હતી. ક્યાંય જઈ શકાય તેમ હતું નહિ. એ સમયે મહારાજને ઉધરસ આવવાથી જરા થૂંકવાની ઇચ્છા જાણી, એટલે દામોદર ભક્તે તુરત જ પોતાની પાઘડી આગળ ધરીને તેમાં થૂંકવા કહ્યું. મહારાજે હાથની સાનથી બહુ બહુ ના પાડી, છતાં તેમણે મહારાજને પાટ ઉપરથી ઊઠવા દીધા નહિ, પાઘડીમાં જ ષ્ઠીવન કરાવ્યું. આ રીતે જ્યાં જેમ ઘટે તેમ તેઓ ઉત્સાહથી સેવા કરતા !

શ્રીજી મહારાજ, હરવખત ઠેર ઠેર સમૈયો-મહોત્સવો કરતા, ત્યારે દામોદર ભક્ત સાફસૂફી કરવી, વાસણો માંજવા વગેરે એક પછી એક

સેવા કર્યા જ કરતાં. કોઈ ગમે ત્યારે ગમે તેવી સેવા બતાવે તે તેઓ ધન્ય ભાગ્ય માનીને અતિ ઉત્સાહથી કરતા. તથા દેશદેશાંતરથી આવેલા સત્સંગી બાઈઓને ઉતારા આપવા અને તેમની દરેક પ્રકારે સંભાળ રાખવી એ સેવા ખાસ તેઓ કરતા.

### ● દામોદરભાઈની સર્વોત્તમ ભક્તિ

દામોદરભાઈ બહુ જ સારા સત્સંગી અને ખૂબ સેવાભાવી, સંતો પ્રત્યે પણ કુટુંબી જેવો ભાવ રાખે. આ દામોદરભાઈનું જીવન બહુ નિરાળું હતું. એ આઠ મહિના સુધી મહેનત કરીને પૈસા રળે. પછી ચાર મહિના મહારાજની સેવામાં જોડાઈ જાય. આમ ઘણાં વર્ષો સુધી ભગવાનની સેવા કરી. પોતાના કુટુંબ માટે, પરિવાર માટે કે પોતાના દેહ માટે માણસ ઘાણીના બળદની જેમ રાત-દહાડો પરિશ્રમ કરે છે, પણ જ્યારે ભગવાન કે સંતોની સેવાની વાત આવે ત્યારે હાથ ઊંચા કરી દે છે. એવા કાચા ભક્તો માટે દામોદર ભક્તની ભક્તિ ઉદાહરણ રૂપ છે.

દામોદરભાઈને શ્રીહરિની સેવા કરવામાં બહુ આનંદ આવતો. સ્વામિનારાયણ ભગવાન એમની ભક્તિથી એમને ઘેર રાત રોકાયેલા. દામોદરભાઈનો સ્વભાવ એવો કે જો કોઈ બજારમાં નવી વસ્તુ ભાળે તો તરત જ શ્રીહરિ માટે ખરીદી લેતા. નવી વસ્તુ જોઈને એને ભગવાન યાદ આવે. સંતો યાદ આવે. એ વખતે નવાં નવાં ઘડિયાળો-ઘટિકાયંત્રો શોધાયાં હતાં. કોઈ પણ ચીજ નવી શોધાય તો એ પહેલી શહેરમાં મળે. અમદાવાદમાં આવાં ઘડિયાળ જોયાં. એટલે અમદાવાદના દામોદર ભક્તને સંકલ્પ થયો. આવાં સરસ ઘડિયાળ ભગવાનને પહોંચાડું. ભક્તના હૃદયની એક ખૂબી હોય છે. કોઈ સારી વસ્તુ દેખે ત્યારે એને ભગવાન યાદ આવે. ચાર ઘડિકાયંત્રો લીધાં. લઈને અમદાવાદથી છેક ગઢપુર પહોંચ્યા. મહારાજની આગળ મૂક્યાં.

શ્રીજીમહારાજ રાજી થયા. આ તો બહુ સરસ છે. એક ઘડિકાયંત્ર દરબારગઢમાં, જ્યાં બહેનો રહેતાં હતાં ત્યાં મોકલ્યું. સવારે ક્યારે જાગવું, ક્યારે ધ્યાન કરવું, ક્યારે ભજન કરવું એમાં કામ લાગે. એક ઘડિકાયંત્ર સંતોના આશ્રમમાં મોકલ્યું. શ્રીજીમહારાજે ત્રીજું ઘડિકાયંત્ર

અક્ષર ઓરડીએ લગાવડાવ્યું અને ચોથું ઘડિકાયંત્ર દાદાખાચરને સોંપ્યું. ચાર ઘડિકાયંત્ર દામોદર ભક્તે અમદાવાદથી મહારાજને પહોંચાડેલાં. સ્વામિનારાયણ ભગવાને આ રીતે બધાને અનુરૂપ ઉપયોગમાં લીધાં.

**● શ્રીજીમહારાજનું નામ લઈને દામોદર ભક્તે માંદા વૈરાગી માટે જમવાનું બનાવરાવ્યું**

ઠાકોરજીની સંધ્યા આરતી થયા પછી શ્રીજીમહારાજ અક્ષર ઓરડીને વિશે બિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા ચૈતન્યાનંદ સ્વામી આદિ પરમહંસોની સભા ભરાઈને બેઠી હતી. તે રાત્રિના અગ્યાર વાગતાં સુધી સભા પ્રસંગ ચાલ્યો. ત્યારે શ્રીજી મહારાજે સહુને ઊઠવાની આજ્ઞા કરી. ત્યારે સહુ ઊઠ્યા. તેટલામાં દર્શને આવતા દામોદરને ડેલી પાસે એક વૈરાગી મળ્યો. તેણે દામોદરને દીન વચનથી કહ્યું જે, ''હું માંદો છું, ને ક્ષુધા બહુ વ્યાપી છે.''

ત્યારે દામોદરને સાંભળીને મોટીબા તથા લાડુબા પાસે જઈને બોલ્યા જે, 'મહારાજને જમવું છે. માટે જમવાનું કરો.' ત્યારે તુરત બાજરાનો રોટલો ને તાંદળજાની ભાજી તૈયાર કરીને દામોદરના હાથમાં આપી. તે લઈને વૈરાગીને આપવા જતા મહારાજે ભાળ્યો. ત્યારે પૂછ્યું જે, 'કોણ એ ?' ત્યારે જવાબ દીધો જે 'હું દામોદર.' ત્યારે મહારાજે કહ્યું, જે, 'હાથમાં શું છે ?' ત્યારે દામોદરે જવાબ દીધો, જે 'રોટલો લઈ જાઉં છું.'

પછી મહારાજે કહ્યું જે, લાવો, અમારે જમવું છે.' પછી ત્યાં જમવા બેઠા ને બોલ્યા જે, 'અત્યારે રોટલો ને ભાજી ક્યાંથી વારું ?' ત્યારે તેણે કહ્યું જે, 'એક માંદો વૈરાગી ડેલીએ આવીને બેઠો છે. તે ભૂખ્યો હોવાથી તમારું નામ દઈને રોટલો લાડુબા પાસે મેં કરાવ્યો.' ત્યારે મહારાજ ચોથિયું રોટલો જમીને બાકીનો રોટલો તથા ભાજી (પ્રસાદીનો કરીને) દામોદરને આપ્યાં ને બોલ્યા જે, 'જાઓ, તે વૈરાગીને ઝટ જમાવી દ્યો.' ત્યારે તે ત્યાં જઈને ખવરાવી આવ્યા. ને વળી ફેર દામોદરને તેડી (મહારાજ) વૈરાગીને દર્શન દેવા ગયા. તે પછી અક્ષર ઓરડીએ પધાર્યા.

ને ચાર ઘડી રાત્રી ગયા પછી ખબર કઢાવી તો વૈરાગીએ દેહ છોડી દીધેલો. પછી દામોદરને કહ્યું જે, 'સવારે તેની દેહ ક્રિયા કરાવજો.' એમ કહીને પછી મહારાજ પોઢ્યા અને તે વૈરાગીને અક્ષરધામમાં લઈ ગયા. ને અલૌકિક આશ્ચર્ય તે જ રીતે દામોદરને શ્રીજી મહારાજે દેખાડ્યું.

**● શ્રીહરિએ દામોદરને દરવાણી બનાવ્યા**

બીજે દહાડે સવારમાં ઉદાસ થઈને એકાએકી ચાલી નીકળ્યા. તે દામોદરે સામા આવતા મહારાજને દેખ્યા ત્યારે દામોદરને એમ જણાયું જે, 'મહારાજ આજ ઉદાસી છે.' ત્યારે દામોદર વાંસે ચાલ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, ''પાછા વળી જાવ.'' તોય દામોદર પાછા ના વળ્યા ને ચાલ્યા તે ખીમા સુતારને ત્યાં ગયા. ને ખીમે સુતારે ઢોલિયો ઢાળ્યો તે ઉપર મહારાજ બેઠા. તે મહારાજે દામોદરને કહ્યું જે, ''ખડકી દઈને તું ઊભો રહેજે ને કોઈને આવવા દેશોમા.'' પછી ખીમો સુતાર હાથ જોડીને ઊભો રહ્યો ને કહ્યું જે, ''મહારાજ, આજ ભલે પધાર્યા ને બહુ સારું થયું તે મારું ઘર પવિત્ર કર્યું.'' એ રીતે મહારાજની સ્તુતિ કરી.

ત્યારે મહારાજે કહ્યું જે, ''કાંઈ જમવાનું છે ? ભૂખ લાગી છે.'' ત્યારે ખીમે સુતારે કહ્યું જે, ''તમે જમો એવું તો કાંઈ નથી ને રસોઈ કરાવું.'' ત્યારે મહારાજ કહે, ''રસોઈ નથી કરવી ને જે તૈયાર હોય તે લાવ્ય.'' ત્યારે ખીમો સુતાર બાજરાનો રોટલો ને ગોરસ લાવ્યા. તે પ્રથમ ઘી-ગોળ ને રોટલો જમ્યા ને પછી ગોરસ ને રોટલો જમ્યા ને પછી ચળુ કર્યું. ત્યારે ખીમો સુતાર બોલ્યા જે, ''તમે કહેતા જે, ભૂખ્યા છીએ'' પણ કાંઈ જમ્યા નહિ.'' એમ કહીને મહારાજને સોપારીના કટકા દીધા. તે મહારાજ જમ્યા ને પછી ઢોલિયા ઉપર બેઠા.

ત્યાં મુક્તાનંદ સ્વામી આવ્યા. તેમણે દામોદરને કહ્યું જે, ''મહારાજ અહીં છે ?'' પણ મહારાજે ના પાડેલી જે, 'કોઈને આવવા દેશો મા' તેથી દામોદરે કહ્યું જે, ''સ્વામી, અહીંયા ઊભા રહો ને હું મહારાજને પૂછી આવું.'' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ''જાવ, પૂછી આવો.'' ને મહારાજની મરજી હોય તો જઈએ, નહિ તો પાછા વળી જઈએ.''

પછી દામોદર કમાડ ઉઘાડીને મહારાજ પાસે ગયા ને કહ્યું જે, ‘‘મુક્તાનંદ સ્વામી આવ્યા છે, તેને તમારી પાસે આવવા દઉં ?’’ ત્યારે મહારાજે કહ્યું જે, ‘‘આવવા દ્યો, ને બીજાને આવવા દેશો માં.’’ ત્યારે સ્વામી મહારાજ પાસે આવ્યા ને મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે કહ્યું જે, ‘‘કાંઈ જમશો ? અમે અરધો રોટલો જમ્યા છીએ ને અરધો રોટલો છે, તે તમે જમો.’’ ત્યારે સ્વામીએ કહ્યું જે, ‘‘હા, મહારાજ જમું.’’ ત્યારે અરધો રોટલો ને ગોરસ સ્વામીની આગળ મૂક્યું. ત્યારે સ્વામીએ કહ્યું જે, ‘‘ગોરસ તો નહિ જમાય ને બાજરાનો રોટલો જમું.’’

પછી ખીમો સુતાર ઘી લાવ્યા તે સ્વામી જમ્યા. પછી હાથ ધોવરાવ્યા. ને પછી સ્વામી મહારાજની પાસે બેઠા ને દરબારમાંથી મોટીબા, લાડુબા ને દાદો ખાચર ને બીજી બહેનો - એ સર્વે ખીમા સુતારની ખડકીએ આવ્યાં ને દામોદરને પૂછ્યું જે, ‘‘મહારાજ અહીંયા છે ?’’ ત્યારે દામોદરે કહ્યું જે, ‘‘મહારાજ તો અહીંયાં છે, ને મને મહારાજે કહ્યું છે જે, ‘કોઈને અમારી પાસે આવવા દેશોમાં.’ ને લ્યો હું મહારાજને પૂછી આવું ને મહારાજ કહે તો તમે આવો.’’

પછી પૂછવા ગયા ને તેણે મહારાજની આગળ જઈને કહ્યું જે, ‘‘દાદો ખાચર, મોટીબા, લાડુબા, બીજી બહેનો આવ્યાં છે, તે તમે કહો તો અહીં આવે ?’’ ત્યારે મહારાજ કહે, ‘‘ચાલો, આપણે જઈએ.’’ એમ કહીને મહારાજ ઊઠ્યા ને દાદો ખાચર ને બાઈઓ સર્વે ભેળા થઈને દરબારમાં ગયા. ને મહારાજ આવીને લીંબડા તળે ઘડીક બેઠા ને પછી અક્ષર ભુવનમાં પધાર્યા. ત્યાં મહારાજ પોઢ્યા.

**● દામોદર ભક્તે શ્રીહરિ સાથે ત્રીસ વર્ષ સુધી રહીને સેવાનો લાભ લીધો હતો**

દામોદરભાઈ શ્રીહરિની ઘણી સેવા કરતા હતા. એટલે તેઓ પણ શ્રીહરિને પોતાને ઘેર લઈ ગયા અને શ્રીહરિની સેવા પૂજા કરીને તેમને રાજી કર્યા. દામોદરભાઈએ શ્રીહરિની પાસે ત્રીશ વર્ષ સુધી રહીને પોતાના શરીરથી સેવા કરી હતી. ઘરના વરસ દિવસના ખર્ચ માટે તેઓ આઠ માસ ઘરમાં રહીને ઉધમ-ધંધો કરતા હતા. પછી બાકીના ચાર માસ

શ્રીહરિની સેવા કરતા હતા. તેઓ એવા હતા કે શ્રીહરિની સેવા સિવાયનું તેમને બીજું લગાર પણ સુખ ન માનતા. તેનો ભાવ જોઈને શ્રીહરિ એક-બે વખત તેને ઘેર આવીને રાત રહ્યા હતા. શ્રીહરિ તો ભાવના સિવાય ક્યાંય ટકતા નહિ.

**● દામોદર ભક્તે નથુ ભટ્ટને સર્વોપરી નિશ્ચય કરાવ્યો**

અમદાવાદમાં વિપ્ર નથુ ભટ્ટ બહુ ઉત્તમ કોટિના એક વિદ્વાન બ્રાહ્મણ રહેતા હતા. તેઓ મુક્તાનંદ સ્વામી આદિ સંતોની સાધુતા તથા વર્તન જોઈને અને શ્રીજીમહારાજના કેટલાક ઐશ્વર્યો પ્રત્યક્ષ જોઈને ચુસ્ત સત્સંગી થયા હતા. પહેલાં તેઓ હવેલીમાં કથા કરતા, વૈષ્ણવ સમાજમાં તેમની ઉત્તમ પ્રતિષ્ઠા હોવાથી શહેરના શેઠિયાઓ તરફથી નથુભટ્ટને ઘણી સારી આવક હતી. સત્સંગી થયા તેથી કેટલાક લોકોને એમના તરફ અણગમો થયો. અંદરોઅંદર ચર્ચા-વિચારણા થતાં એમ નક્કી થયું કે, ‘‘સ્વામિનારાયણનો તિલક-ચાંદલો અને કંઠીનો નથુ ભટ્ટ ત્યાગ કરે તો જ આપણે એમના મુખની કથા સાંભળવી અને સંબંધ રાખવો’’ પછી બધા વતી કોઈ મારફતે નથુ ભટ્ટને કહેવરાવ્યું કે, ‘‘તમે સ્વામિનારાયણને ભલે માનો-પૂજો અને મંદિરે જાઓ પણ તિલક ને કંઠી રાખવાં જોઈએ નહીં. આમ કરશો તો તમારું બધી રીતે માન--સન્માન વધશે અને યશ-આબરૂ સાથે સૌની જોડે મીઠો સ્નેહ-સંબંધ બરાબર જળવાઈ રહેશે’’ છતાં નથુ ભટ્ટે માન્યું નહિ અને આ રીતે અનેક પ્રકારના કાયમી લાભો જતા કરી નથુ ભટે મોટી આવકનો ત્યાગ કર્યો પણ સત્સંગ છોડ્યો નહિ તેમ તિલક-ચાંદલાનો પણ ત્યાગ કર્યો નહિ. નાત-જાતની પૂરેપૂરી મુશ્કેલી સહન કરીને પણ એમને નીડરપણે સત્સંગ રાખ્યો હતો.

આ પ્રમાણે નથુ ભટ્ટે સત્સંગ રાખ્યો હતો તેથી દામોદર ભક્ત એમની સાથે ખૂબ સ્નેહભાવ રાખતા ને સાથે બેસી જ્ઞાન ગોષ્ઠી કરતા. હરવખત થતી વાતચીત ઉપરથી દામોદર ભક્તને જણાયું કે ભટ્ટજીને જેવો જોઈએ તેવો સર્વોપરી નિશ્ચય નથી. પણ એ વિદ્વાન છે તેથી આપણી વાત તેમને મનાશે નહિ પરંતુ હિતની વાત દુઃખ લગાડીને પણ કહેવી જોઈએ. આ ન્યાયે એક દિવસ દામોદર ભક્તે કહ્યું કે, ‘‘ભટ્ટ બાપા !

તમે વિદ્વાન અને વૃદ્ધ છો તેથી તમને કહેવા લાયક હું નથી, છતાં એક વાત બહુ જરૂરની છે તે તમને ખાસ સમજવા માટે કહું છું.''

''સ્વામિનારાયણના જેવું બીજે ક્યાંઈ નથી. સર્વથી શ્રેષ્ઠ એ છે એમ આપણે નક્કી કરી બીજું બધું છોડી દઈને સ્વામિનારાયણના આશ્રિત થયા છીએ. પરંતુ જો સમજણમાં ખામી હોય તો સર્વથી પર અને જેમાં સર્વથી અતિ અધિક મહાસુખ રહેલું છે એવા પ્રભુના અક્ષરધામમાં જઈ શકાય નહિ. માટે આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન એ પોતે સર્વ નિયંતા, સર્વ કારણના કારણ ઈશ્વરોના પણ ઈશ્વર છે, અને અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય એમની ઈચ્છા અને પ્રેરણાથી થાય છે. તથા રામ, કૃષ્ણ, દત્ત, કપિલ, નૃસિંહ વગેરે સર્વ અવતારો પણ સ્વામિનારાયણ મહા પ્રભુ પાસેથી જ શક્તિ-સામર્થ્ય અથવા ઐશ્વર્ય પ્રતાપ પામેલા છે માટે સ્વામિનારાયણ પ્રભુ સર્વોપરી છે. આ પ્રમાણે આપણી સ્વરૂપનિષ્ઠાની દૃઢ સમજણ હોવી જોઈએ.'' દામોદર ભક્તની વાત સાંભળીને નથુ ભટ્ટ એકદમ ગુસ્સે થઈ આવેશમાં આવી બોલ્યા : ''અલ્યા કણબા, તું શું સમજે ?'' એમ કહી દામોદર ભક્તના ગાલ ઉપર જોરથી થપાટ લગાવી દીધી અને બોલ્યા કે, ચાલ્ય મહારાજ પાસે' પછી ગાડું જોડાવી તેમાં દામોદર ભક્તને બેસાડી વડતાલ ગયા. ત્યાં મહારાજનાં દર્શન કરી નથુ ભટ્ટે કહ્યું : ''મહારાજ, આ દામોદર તો શાસ્ત્રમાં ન મળે તેમ તમને સર્વોપરી એટલે અવતારોના પણ ઉપરી એમ કહે છે તો એ કેમ સમજવું ?'' ત્યારે મહારાજે કહ્યું : ''તમે ધ્યાનમાં બેસો, જેવું હશે તેવું સમજાઈ જશે.'' પછી નથુ ભટ્ટ ધ્યાનમાં બેઠા એટલે સમાધિ થઈ ગઈ ને અક્ષરધામનાં દર્શન થયાં. ત્યાં અનંત કોટિ મુક્ત મંડળના મધ્યમાં દિવ્ય આસન ઉપર વિરાજેલા શ્રીજીમહારાજને જોયા અને રામકૃષ્ણાદિક અવતારો મહારાજની સ્તુતિ કરે છે એવા નથુ ભટ્ટને દર્શન થયાં. આથી તેઓ અતિશય આશ્ચર્ય પામ્યા પછી સમાધિમાંથી બહાર આવ્યા ત્યારે બહુ સંતોષ પામી પ્રસન્ન ચિત્તથી મહારાજને દંડવત્ પ્રણામ કર્યા. અને વિનયથી દામોદર ભક્તને રાજી કરી પોતાના ગુના બદલ તેમની માફી માગી, અભિમાન દૂર કર્યું. આ

રીતે દામોદર ભક્તને નિશ્ચયની અડગ દૃઢતા હતી. તેથી તેઓ કોઈના પ્રસંગથી નિશ્ચયથી ચલાયમાન થતા નહિ એટલું જ નહિ પણ નથુ ભટ્ટ જેવા વિદ્વાનને પણ પોતાનો રંગ લગાડી ગઈ સર્વોપરી સ્વરૂપનિષ્ઠાવાળા બનાવી દીધા. આવી અતિ ઉત્તમ સ્થિતિ જોઈને સ્વયં શ્રીજીમહારાજે એમની પ્રશંસા કરેલી છે.

**● નિર્માની દામોદર ભક્ત**

એક સમય દામોદર ભક્ત અને એક સાધુ એ બંનેયને પરસ્પર વાતચીતનો પ્રસંગ ચાલતાં જ્ઞાનચર્ચા થયેલી. તેમાં તે સાધુએ તમોગુણના આવેશથી દામોદરભાઈને ધોલ મારી દીધી છતાં તે કાંઈ પણ બોલ્યા નહિ, તેમ ક્રોધ પણ કર્યો નહિ. પછી જ્યારે વાત મહારાજે જાણી ત્યારે તે સાધુને બોલાવીને ઘણો ઠપકો આપ્યો. પછી દામોદર ભક્તને કહ્યું કે, ‘‘મહારાજ ! એ સાધુ તો મારા પિતા તુલ્ય છે. પિતા હોય તે દીકરાને મારે ખરા. એ તો એમનો હક્ક છે. કોઈ ધખે-વઢે, ટોકે અગર મારે તો જ આ જીવ સરખો ચાલે એવો છે. સાધુ વિના અમને બીજા કોણ શુદ્ધ બનાવી શકે તેમ છે ? મારા સાચા હિતૈષી સાધુઓને જ્યારે તમે ઠપકો આપશો ત્યારે અમારી ખોટ-ખામી દૂર થશે ?’’ આ પ્રમાણે દામોદર ભક્તની સાધુ-સત્સંગીઓને વિષે આત્મબુદ્ધિ જોઈને શ્રીહરિ તેમના ઉપર ખૂબ પ્રસન્ન થયા.

**● ‘‘લાવો, હું ગાંઠ છોડી દઉં**

એક વખત શ્રીજીમહારાજ કેટલાક ભક્તજનો સહિત ગુજરાત પ્રદેશનાં ગામડાંમાં વિચરણ કરી રહ્યા હતા. દામોદર ભક્ત પણ સાથે હતા. એક દિવસ શ્રીજીમહારાજ માણકી ઘોડી ઉપર બેસી સૌ ભક્તજનો સહિત એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા. માર્ગમાં મહારાજ લઘુ કરવા માટે ઘોડીએથી નીચે ઊતર્યા અને નાડીની ગાંઠ છોડવા લાગ્યા પણ છૂટી નહિ. હીરની નાડી હતી, ગાંઠ ખૂબ જ બેસી ગયેલી, બે-ત્રણ જણાએ ગાંઠ છોડવાનો પ્રયાસ કર્યો પણ ગાંઠ છૂટતી ન હતી અને શ્રીજી મહારાજ મનુષ્યભાવ દર્શાવી વિશેષ અકળામણ બતાવી રહ્યા હતા. હવે શું કરવું એ વિચારમાં સૌ હતા. ત્યાં અચાનક દામોદર ભક્ત

પાસે આવ્યા અને કહ્યું : ''લાવો હું ગાંઠ છોડી દઉં,'' એમ કહી બહુ ઝડપથી પોતાના દાંતથી નાડી તોડી નાખી. આ રીતે દામોદર ભક્તની સમયસૂચકતા જોઈને સહુ એમની પ્રશંસા કરવા લાગ્યા.

**● દામોદર ભક્તે શ્રીહરિનું કણું કાઢ્યું**

એક વખત શ્રીજીમહારાજની આંખમાં કણું પડ્યું તે ખૂબ ખટકવા લાગ્યું. એક-બે ભક્તજનોએ કણું કાઢવાની કોશિશ કરી પણ નીકળ્યું નહિ. કણું ખૂબ જ ખટકતું હતું, તેથી મહારાજને ઘણું કષ્ટ થઈ રહ્યું હતું, એ જોઈને દામોદર ભક્તે કહ્યું : ''મહારાજ હું કણું કાઢવામાં બહુ હોશિયાર ગણાઉ છું. તમે કહો તો એક ક્ષણ વારમાં કણું કાઢી આપું. આપને જરાય તકલીફ નહિ થાય.'' મહારાજે હા કહી એટલે તરત જ દામોદર ભક્તે આંખની પાંપણ હાથથી ઉથલાવી પોતાની જીભના ટેરવાથી ચતુરતાપૂર્વક ઝડપથી કણું કાઢી લીધું. શ્રીજીમહારાજની આંખ તુરત જ હળવી ફૂલ જેવી થઈ ગઈ, એટલે હસીને બોલ્યા કે ''તમે કામ તો બહુ સરસ કર્યું, પણ અમારી આંખ અભડાવી'' ત્યારે તેણે કહ્યું : 'જગત અભડાય પણ પરબ્રહ્મ તે વળી ક્યાંય અભડાતા હશે ! કણું આંખમાં ખૂંચી ગયું હતું. તે જો મેં ન કાઢ્યું હોત તો તમને ત્રણ દિવસ સુધી નિંદર પણ ન આવે એવો આકરો ખટકો ઊપડત, માટે મારે આ રીતે કણું કાઢવું પડ્યું છે.

પછી દામોદર ભક્તે સખાભાવથી શ્રીજીને કહ્યું : ''લોકમાં કોઈ સારું કામ કરી આપે તો તેનાં વખાણ થાય ને ઈનામ મળે, અને તમે તો ઊલટા સારા કામમાં ખોટ કાઢો છો તે ફરીથી તમારું કામ કરશે કોણ ?'' આ રીતે દામોદર ભક્તની પ્રેમપૂર્ણ મર્મભરી વાણી સાંભળીને મહારાજ પ્રસન્ન થયા અને તેમને સ્વહસ્તે પુષ્કળ પ્રસાદ આપ્યો. ત્યારે તેમણે એ પ્રસાદ સહુ ભક્તજનોને વહેંચી આપ્યો પછી વિનયપૂર્વક બોલ્યા કે -

''મહારાજ ! તમે ખાલી પ્રસાદ આપીને કામ પતાવી લો એમ નહિ ચાલે, જેમ અમે તમારું કામ કર્યું તેમ તમારે પણ અમારું કામ કરી આપવું પડશે'' ત્યારે મહારાજે કહ્યું, ''ભક્તવર્ય ! તમે અમને જે કામ બતાવશો તે અમે ચોક્કસ કરી આપીશું, બોલો, તમારે શું કામ છે ?''

ત્યારે દામોદર ભક્તે કહ્યું - ''કૃપાનાથ ! અમારી હૃદયરૂપી આંખમાં માયારૂપી મોટું કણું પડ્યું છે તે તમે કાઢી નાખજો. અહં-મમત્વરૂપ એ માયારૂપી કણું ખૂબ જ ખટકે છે અને એવું દુઃખ આપે છે કે જેથી અમે બેભાન બની ગયા છીએ. કણા જેટલી વાસના કે આસક્તિ હોય તોપણ મોક્ષ બગાડી દે, માટે અમારા ગુના માફ કરી એ અમારું કણું કાઢી નાખવાની તમે જરૂર કૃપા કરજો, નહિતર એ કણું અમને તદ્દન આંધળા બનાવી ભવાટવીમાં ગોથાં ખવરાવ્યા કરશે. હૃદયમાં અતિ ઊંડું પેસી ગયેલું એ માયારૂપી કણું આપની કૃપા વિના કેવળ અમારા દાખડાથી નીકળે તેવું નથી, માટે જરૂર કૃપા કરજો.'' આ પ્રમાણે ભક્તની સમયોચિત પ્રાર્થના સાંભળીને શ્રીજી અને સૌ સંતો તેમના ઉપર ઘણા પ્રસન્ન થયા, એ દામોદર ભક્તના પુત્ર દયારામ હતા, તેમના મફતભાઈ હતા અને એમના પુત્ર કાંતિભાઈ હાલમાં વિદ્યમાન છે. દામોદર ભક્તની વંશપરંપરામાં અત્યાર સુધી સત્સંગ અને સેવાભાવ ઉત્તમ પ્રકારે જળવાઈ રહેલ છે.

**● શ્રીહરિ સાથે દામોદરભાઈની એકતા**

એક વાર દામોદરભાઈ સુરત ગયેલા ને ત્યાં બાઈ ભક્તોએ શ્રીહરિ માટે સારા ચોખા મોકલ્યા કે ચોખા ગઢપુર શ્રીહરિને પહોંચાડજો જેથી તેમના થાળમાં રોજ વપરાય અને શ્રીહરિ રાજી થાય.

સુરતથી ચોખા લઈને દામોદરભાઈ સીધા જ અમદાવાદ પોતાને ઘેર આવ્યા... ને વિચાર કર્યો કે આ ચોખા શ્રીહરિ ગઢપુરમાં જમવાના છે. ને તે ચોખા અહીં જમે તો પણ શું ફેર પડવાનો ! ત્યાં જમે કે અહીં જમે, આમ વિચાર કરીને અમદાવાદમાં રહ્યા થકા. બધા જ ચોખા રોજે રોજ રસોઈ બનાવીને શ્રીહરિને થાળ જમાડીને તે પ્રસાદી જમી જતા.

સુરતના હરિભક્તો બાઈ-ભાઈ સંઘ લઈને ગઢપુર મહારાજનાં દર્શને આવ્યા. ને પછી શ્રીહરિને પૂછ્યું કે, મહારાજ ! અમે મોકલાવેલા ચોખા મળી ગયા ? ત્યારે શ્રીહરિ કહે : કોની સાથે મોકલ્યા હતા ? ત્યારે બાઈઓ કહે : મહારાજ અમે દામોદરભક્ત સાથે મોકલાવ્યા હતા. ત્યારે મહારાજ બોલ્યા કે હા. મળી ગયા.

થોડા સમય પછી દામોદરભાઈ ગઢપુર શ્રીહરિના દર્શને ગયા ને શ્રીહરિને સભામાં પગે લાગ્યા. ત્યારે મહારાજે દામોદર ભક્તને કહ્યું : ‘‘દામોદર ! પેલા સુરતનાં બહેનોએ મોકલેલા ચોખાનું શું થયું.’’ ત્યારે દામોદરભાઈ બોલ્યા કે, મહારાજ ! જમી ગયા છો તોય પૂછો છો ? તમને જમાડીને તો હું રોજ પ્રસાદી જમતો હતો. આવી હતી મહારાજ અને મુક્તોની એકતા.

**● દામોદરભાઈના નિયમની દૃઢતા**

દામોદરભાઈનાં ધર્મપત્ની દેહ મૂકી ગયા ને શ્રીહરિ સાથે અક્ષરધામમાં ગયા. દામોદરભાઈ વિધુર થયા. તેમને રોજ રામપ્રતાપભાઈનાં દર્શન કરીને પછી જ જમવું. આવો તેમને રામપ્રતાપભાઈ સાથે દૃઢ સ્નેહ હતો. એક વાર દામોદરભાઈ. રામપ્રતાપભાઈ પાસે બોલી ગયા કે હવે આ જગતમાં જેટલી સ્ત્રીઓ છે તે મારે મા-બેન છે. પછી તેમને રહેવાયું નહિ તેથી તેમણે બીજા લગ્ન કર્યા. ને રોજ તેમના નિયમ મુજબ રામપ્રતાપભાઈના દર્શને જાય. દામોદરભાઈએ બીજું લગ્ન કર્યું તે વાત રામપ્રતાપભાઈના જાણવામાં આવી. પછી જ્યારે દામોદરભાઈ નિયમ મુજબ દર્શને આવ્યા ત્યારે રામપ્રતાપભાઈ હાથમાં લાકડી લઈ રીસ કરીને મારવા પાછળ દોડ્યા ને બોલ્યા : સસુર કિસ બ્રહ્માંડ સે પત્ની લાયે હો ! તે સાંભળી દામોદર એકદમ દોડીને જતા રહ્યા. પરંતુ તેમણે જે દર્શને જવાનો નિયમ હતો તે તોડ્યો નહિ. તે જ્યારે રામપ્રતાપભાઈ સ્નાન કરતા હોય કે જમતા હોય ત્યારે બારણે રહીને દર્શન કરી જય સ્વામિનારાયણ કહીને ભાગી જતા.

**● દામોદરભાઈ તથા જેરામ બ્રહ્મચારીને શ્રીહરિએ મનાવ્યા**

કોઈ સમયે મહારાજ વડતાલમાં રામપ્રતાપભાઈના બંગલામાં બિરાજમાન હતા તે વખતે સમૈયે આવેલા હરિજનો માટે મહારાજે દામોદર ભક્તને કહી રાખેલું હતું કે ‘જેના થાળ હોય તેને પૂજા કરવા આવવા દેવા’ તેથી દામોદર તે બંગલાના દાદરા પાસે ઊભા હતા ને જેનો થાળ હોય તેને જ મહારાજ પાસે જવા દે પણ બીજા કોઈને જાવા દે નહિ. તેવામાં ગામ મેઉના ભાવસાર ભૂખણદાસના દીકરા મંછારામ

અને તુલસીદાસ તે મહારાજની પૂજા કરવા સારું ચંદન, પુષ્પ, વસ્ત્ર આભૂષણ ઈત્યાદિક સામગ્રી લઈને જેરામ બ્રહ્મચારીને ભેળા લઈ આવ્યા પણ દામોદર ભક્તે રોક્યા ને કહ્યું 'જેનો થાળ હોય તે જ પૂજા કરવા જાય એવી આજ્ઞા છે' ત્યારે જેરામ બ્રહ્મચારી કહેઃ 'આની તો રસોઈ છે ને થાળ પણ છે' તો પણ દામોદર ભક્તે ન જાવા દીધા ને ખેંચતાણ કરતાં બેય જણા બાથોબાથ આવ્યા ને જે-રામ બ્રહ્મચારી દામોદરને હેઠો પાડીને ઉપર ચડી બેઠા ત્યારે તે બધું મહારાજ ઊભા ઊભા જોતા હતા. પછી જેરામ બ્રહ્મચારી ઊભા થઈને બોલ્યા જે "મહારાજ તો રૂપિયા રૂપિયાનો થાળ કરાવે તેને પૂજા કરવા દે છે ને તમે તો બસો રૂપિયાની રસોઈ આપી તેમાં શું પૂજા કરાવે ?" એમ કહીને ચાલી નીસર્યા ત્યારે મહારાજ બોલ્યા જે "એ જેરામ બ્રહ્મચારી ! આવો આવો પૂજા કરાવો" ત્યારે તે હરિભક્તો એ જઈ મહારાજની પૂજા કરી.

પછી બીજે દિસવે નિત્યાનંદ સ્વામીના બંગલાના મહારાજે જેરામ બ્રહ્મચારીને બોલાવીને કહ્યું જે "તમારે પાડોશમાં સંગ કેનો હતો ?" કેમ જે બ્રાહ્મણને આટલો ક્રોધ હોય નહિ માટે કોળી કે મુસલમાનનો પાડોશ હશે ?" ત્યારે બ્રહ્મચારી લાલચોળ થઈને રિસાઈ ગયા. પછી મહારાજને દામોદરને કહ્યું : "જેરામ બહ્મચારી આકારા છે તે કૂવે પડીને મરશે તેની બ્રહ્મહત્યા તમને લાગશે" ત્યારે દામોદર આકુળ વ્યાકુળ થઈને બ્રહ્મચારીને ખોળવા માંડ્યા પણ ક્યાં મળ્યા નહિ. પછી સાંજને વખતે કોઈકે કહ્યું : "બ્રહ્મચારી ધર્મશાળાના ભંડકિયામાં સૂતા છે ત્યારે દામોદર ત્યાં જઈને તેને તેડી લાવ્યા પછી મહારાજે તે બેયને અરસપરસ દંડવત્ કરાવીને મનાયા."

## ● શ્રીહરિ અને ભકતની એકતા

એક વખત શ્રીનગરમાં દામોદરે શ્રીજીમહારાજ પાસે માંગ્યું કે "હે મહારાજ! તમારે હોઠે જે શ્વેત બિંદુ છે તે મને આપો ને તમને એ મટી જાય" ત્યારે મહારાજે એ તેમને આપ્યું તેથી એને થયું નેમહારાજ ને મટી ગયું.

## મહાત્મા જાજળીરૂષિ મયારામ ભટ્ટ રૂપે અવતર્યા

પ્રાચીન સમયમાં જાજળી નામના એક ઋષિ થઈ ગયા. પુરાણમાં તેની કથા આવે છે. જાજળી ઋષિએ એક પગે ઊભા રહીને તપ કર્યું. ન હાલે, ન ચાલે, ન પાણી, ન ખોરાક. માથે મોટી જટા વધી ગઈ, દાઢીના, મુછના અને માથાના વાળથી આખું મસ્તક ઘટાટોપ દેખાવા માંડ્યું. આજુબાજુમાં ઉડતાં પક્ષીઓએ ત્યાં બેસવા માંડ્યું. સુગરી નામના પક્ષીએ ઋષિમસ્તકને વૃક્ષનું સ્થિર ડાળખું માનીને કાનમાં બંને બાજુ માળા લટકાડ્યા, તેમાં ઈંડાં મૂક્યાં. જાજળી ઋષિએ નક્કી કર્યું હવે સ્નાન કરવા નથી જવું, દૈહિકી ક્રિયા કરવા પણ નહિ જવાય. કારણ કે પક્ષીઓએ ઈંડાં મૂક્યાં છે ને હાલચાલ કરું તો એ પક્ષીને દુઃખ થાય, એટલે અખંડ ઊભા રહ્યા. પછી તો ઈંડાં મૂકીને બચ્ચાં થયાં અને આ પક્ષીઓએ કલરવ કરી મૂક્યો. જ્યારે ઈંડામાંથી બચ્ચાં બહાર આવે ત્યારે પક્ષીઓ આનંદનો કલરવ કરતાં હોય છે.

**"સુગરીએ મળી માળા ઘાલ્યા, વળી બેઉ કાનની કોર,**
**ઈંડાં મૂકીને અહોનીશ, કરે છે શોર બકોર."**

જાજળી ઋષિની કેવી દશા થઈ હશે ! કાન પાસે અખંડ શોરબકોર ને કલરવ ચાલે, છતાં આડાઅવળા ન થાય, જરા પણ ખસે નહિ. ધીમે ધીમે આ નવાં બચ્ચાં મોટા થયાં, એ ઉડતાં થયાં. ચારો કરીને સાંજે પાછાં માળામાં આવી જાય. કેટલાક દિવસો પછી આ બચ્ચાં ઊડીને જતાં રહ્યાં. પક્ષીઓ પણ માળો ખાલી કરીને ઊડી ગયાં. પક્ષીઓમાં માણસ કરતાં કેટલું વિરકતપણું છે ! કેટલી મહેનત, માથાકુટ કરી માળો બનાવ્યો હોય એમાં ઈંડાં મૂકે, પછી બચ્ચાંને પાંખો આવે પછી ઊડી જાય અને પક્ષીઓ પણ ઊડી જાય. માળો એમને એમ

ખુલ્લો પડ્યો રહે. જ્યારે માણસ તો થોડા દિવસ બહાર જાય તો ત્રણ તાળાં મારીને જાય. પોતાનો માળો ક્યારે પણ ખાલી ન કરે. જાય ત્યારે છોકરાને ભલામણ કરે, જાગતો રહેજે, નજર કરતો રહેજે, પાછલી બારી તરફ જો તો રહેજે. માણસને પોતાના માળાની કેવી ચિંતા છે ? પક્ષીને એવું કંઈ નથી. માળો એમને એમ મૂકીને જતાં રહે છે. જ્યારે બીજી વખત જરૂર પડે ત્યારે બીજો માળો બાંધી લે છે. એવી રીતે પક્ષીઓ જતા રહ્યા પછી પણ જાજળી ઋષિએ કેટલાય દિવસ સુધી રાહ જોઈ. જ્યારે પક્ષીઓ પાછાં ન જ આવ્યાં એટલે પછી માળાનું ઘાસ ફેંકી, સ્નાન કરી ચોખ્ખા થઈ ગયા.

જાજલિ ભયભીત પ્રાણીઓને નિર્ભય કરતા હતા. તે અતિ દયાળુ અને પ્રાણિ રક્ષક હતા. માયિક પદાર્થમાં તે નિઃસ્પૃહ હતા અને ધર્મમાં દૃઢ નિષ્ઠાવાળા હતા. તપસ્વીઓમાં શ્રેષ્ઠ આ જાજલિ ઋષિએ ઘણું જ તપ કર્યું, તેઓ નિરાહાર રહ્યા. તેને પોતાના શરીરનું પણ ભાન રહ્યું ન હતું. તેના સુકાઈ ગયેલા શરીરમાં નાડીઓ ઉપર ઊપસી આવી હતી. પરમ ધર્મનિષ્ઠ જાજલિનું તપ દેખીને શ્રીહરિ પ્રસન્ન થયા અને કહ્યું- મને મળવાની ઈચ્છાથી તમે દુષ્કર તપ કરી રહ્યા છો. હે દ્વિજ ! તમારો સંકલ્પ મેં જાણ્યો છે. તેને હું અનુમોદન આપું છું, તે તમારો સંકલ્પ સફળ થશે. હે બ્રાહ્મણ ! બ્રહ્મા અને શંકર આદિ દેવતાઓની પ્રાર્થનાથી મારા મુક્તો અને ભક્તોને સહુને સાથે લઈને ભૂમિ ઉપર જ્યારે પ્રકટ થઈશ ત્યારે તમે પણ બ્રાહ્મણના રૂપમાં જન્મ લેશો.

જેને મુમુક્ષુઓ ચાહે છે આવો આપણો સંબંધ-સમાગમ ઘણા વર્ષ સુધી રહેશે. જે મારો અને તમારો સંયોગ ઘણી આપત્તિરૂપી રાત્રિને ટાળનારા સૂર્યના જેવો તેજસ્વી હશે.'' આટલું કહી શ્રીહરિ અદૃશ્ય થયા.

જાજલી ઋષિ બીજા જન્મમાં માણાવદર ગામે મયારામ ભટ્ટના રૂપે જન્મ ધારણ કર્યા. જે મને શ્રીજી મહારાજ પ્રત્યે અપારહેત હતું. મહારાજે શિક્ષાપત્રીમાં સર્વે ગૃહસ્થોમાં મયારામ ભટ્ટને શ્રેષ્ઠ બતાવ્યા છે.

गृहस्थाश्च मयाराम भट्टायां ये मयाश्रयाः।

### ● મયારામ ભટ્ટ બીજું ઘર કરું ? તે પૂછવા લોજ ગયા

એક વખત મયારામ ભટ્ટ ઘરભંગ થયા. પછી સૌ સંબંધીઓ આગ્રહ કરવા લાગ્યા જે, ફેર તમારું ઘર કરીએ. ત્યારે મયારામ ભટ્ટ બોલ્યા જે, "હું રામાનંદસ્વામીને પૂછીને પછી જવાબ દઈશ." પછી મયારામ ભટ્ટ રામાનંદસ્વામીને પૂછવા માટે લોજ ગામે ગયા. તે સમે સ્વામી સભામાં વાતું કરતા હતા અને મયારામ ભટ્ટ દંડવત કરીને પગે લાગીને સભામાં બેઠા. પછી સ્વામીએ વાત કરતાં કરતાં વાત કરી જે, "અમારો તો એવો અભિપ્રાય છે. જે, ત્રણ ફેરા ફર્યા હોય અને ત્રીજે ફેરે જો હું પૂગું તો ચોથો ફેરો ફરવા દઉં નહીં !" પછી મયારામ ભટ્ટે વિચાર કર્યો જે, સ્વામીનો તો અભિપ્રાય આવો છે, ત્યારે તેમને હું શી રીતે પુછું જે ઘર કરું ? પછી બે દિવસ વાતો સાંભળીને ભટ્ટજી ઘેર ગયા ને જીવંતપર્યંત ઘર ન કર્યું.

### ● મયારામ ભટ્ટે વેપાર ન કરવાનું નિયમ લીધું

એક વખત મયારામ ભટ્ટ તથા ગોવિંદરામ ભટ્ટ, એ બે ભાઈએ વિચાર કર્યો જે, આપણે કાંઈક વેપાર કરીએ.' પછી રાત્રીએ પોતાનુ નિયમ પરવારીને વિચાર કરવા બેઠા. પહેલાં કહે, "આપણે અનાજનો વેપાર કહીએ." ત્યારે કહે, "એમાં તો હિંસા બહુ થાય." પછી કહે, "ઘી વિગેરે રસનો વેપાર કરીએ." ત્યારે કહે, "તે તો બ્રાહ્મણને નિષેધ છે." એમ દરેક જાતના વેપાર નો ગુણ-દોષ જોતાં સવારે ચાર વાગ્યા અને કૂકડો બોલ્યો. ત્યારે મયારામ ભટ્ટે પૂછયું જે, "ગોવિંદરામ ! આ શું થયું ?" ત્યારે ગોવિંદરામ કહે;"ભાઈ, ચાર વાગ્યા." મયારામ ભટ્ટ કહે, "વેપાર કરવાની હજી તો વાતો કરીએ છીએ, ત્યાં આખી રાત પ્રભુ ભૂલ્યા, તો માલ ઘરમાં આવીને પડશે ત્યારે તો શું થાશે ? માટે આજથી વેપાર કરે તેના બાપને માથે પિસ્તાલીશની સાલના દુકાળનું પાપ" એમ નિયમ લીધું.

### ● મયારામ ભટ્ટ તથા બાઈની કડલા નિમિત્તે પ્રામાણિકતા

એક વખત કોઈક હરિભક્ત બાઈ પોતાનું પહેરવાનું કડલું ગીરવે

મૂકી ગઈ હતી; પણ તેને વરસ બે વરસ થયાં, તો પણ તે બાઈ કડલું લેવા આવી નહીં. પછી ભટ્ટજીએ તે કડલા જેવડું બીજું કડલું કરાવ્યું અને ભટ્ટના મનમાં એમ થયું જે, 'એક કડલું કહેવાય, બે કડલાં જોઈએ.' તેથી તેટલાં જ વજનનું બીજું કડલું કરાવ્યું. પછી તે બાઈ કડલું લેવા આવી. તેણે ભટ્ટજીને કહ્યું જે, ''લ્યો, તમારા રૂપિયા અને લાવો મારું કડલું.'' પછી ભટ્ટજીએ તે બેય કડલાં લઈને બાઈને પાસે મેલ્યાં. ત્યારે બાઈ કહે, ''મારું તો એક જ કડલું છે.'' ભટ્ટજી કહે, ''ના, તારા છોકરાના સોગન ખા.'' બાઈ કહે કે, ''મારા છોકરાના સોગન છે જે, મેં તો એક જ કડલું તમોને આપ્યું હતું. માટે મારું એક કડલું છે તે એક મને પાછું આપો.'' પછી તેને તેનું કડલું દીધું. તે આવા ધર્મવાળા હતા ને બાઈ પણ ધર્મવાળી હતી. તે સત્ય જ બોલી.

**● ધર્મનિષ્ઠ ભટ્ટજીને સંશય થયો. મહારાજે મને અભડાવ્યો**

એક વખત મહારાજ સારુ મયારામ ભટ્ટે થાળ કર્યો હતો અને પોતાના મનમાં એક સંકલ્પ થાય જે, 'હું મહારાજને પ્રથમ જમાડીશ તો મારી બધી રસોઈ અભડાશે અને જો હું પહેલો જમીશ તો કહેશે જે, મહારાજને જમાડ્યા પહેલા જમ્યો.' પછી મહારાજ તેમનો સંકલ્પ જાણીને બોલ્યા જે, ''મયારામ ભટ્ટ ! તમે લાલજીને જમાડીને જમી લ્યો.'' ભટ્ટજી કહે, ''ઠીક મહારાજ,'' પછી લાલજીને જમાડીને પોતે જમ્યા. પછી સુરા ખાચર બોલ્યા જે, ''મહારાજ ! તમે કહો છો જે ''ભટ્ટ બહુ સારો, ભટ્ટ બહુ સારો, પણ તેમને જમાડ્યા વગર જમ્યો.'' ત્યારે મહારાજ કહે, ''અમને જમાડીને જમ્યા છે.'' ભટ્ટજી કહે, ''ક્યાં તમને જમાડ્યા છે ?'' મહારાજ કહે, ''અમે લાલજીમાં રહીને જમ્યા.'' પછી ભટ્ટજી કહે, ''અરેરે.. !'' મહારાજે મને અભડાવ્યો !'' તે એવા પોતે સંશયવાળા હતા.

# બોટાદના શિવલાલ શેઠ

**● સિરપુરમાં રાજા તથા સિદ્ધો શ્રીહરિના આશ્રિત થયા :**

શ્રીહરિ અનેક પહાડને ઉલ્લંઘન કરીને સિરપુર નામે શહેરમાં આવ્યા અને તે શહેરનો સિદ્ધવલ્લભ નામે જે રાજા તેણે પ્રાર્થના કરી, તેથી શ્રી નિલકંઠ બ્રહ્મચારી તે ચોમાસાના ચાર મહિના ત્યાં નિવાસ કરીને રહ્યા.

અને તે શહેરને વિશે તૈલંગ દેશનો એક બ્રાહ્મણ વેદશાસ્ત્રનો ભણેલો હતો. તેણે રાજા પાસેથી હસ્તી (હાથી) આદિકનું મહાદાન લીધું. તેણે કરીને તરત શ્યામવર્ણનો થઈ ગયો. અને તે બ્રાહ્મણ પોતાના પાપની શાંતિને સારું શ્રી નિલકંઠ બ્રહ્મચારીને શરણે આવ્યો. ત્યારે પોતાને સામર્થ્યે કરીને તે બ્રાહ્મણનો દોષ નિવારણ કર્યો. ત્યારે તે બ્રાહ્મણ કાળો મટીને પ્રથમના જેવો ગૌર વર્ણનો થયો.

એવી રીતનો ઘણોક વર્ણીનો પ્રતાપ જોઈને તે રાજા મહારાજનો શિષ્ય થયો. અને વર્ણીને શરીરનું ભાન નથી, અને અનિમેષ દૃષ્ટિ છે, તેથી રાજાએ એક ગોપાલદાસ નામના સાધુને વર્ણીની સેવામાં રાખ્યો. અને બીજા પણ ઘણાક મહારાજના શિષ્ય થયા. તે જોઈને બીજા ઘણાક અસુરાંશ તે શહેરમાં હતા, તે દાઝે બળવા લાગ્યા. અને તેમાં કેટલાક તો વામી ને કૌલ મતવાળા હતા. તે મંત્રજંત્રને કૃત્યાઓ સાધીને સિદ્ધ કહેવાતા હતા ને લોકને ડરાવતા હતા. એવા કેટલાક મહામાની ને કપટી સિદ્ધ થઈને બેઠા હતા. તે શ્રી નિલકંઠ બ્રહ્મચારીને મારવાનો ઉપાય કરતા હતા.

તેવા સમયમાં ભારે વરસાદ થયો તેથી ઘણાંક ઘર પડી ગયાં અને

ધર્મશાળા પણ પડી ગઈ, તેથી સર્વે સિદ્ધ નાશી ગયા. અને એક બ્રહ્મચારી બેસી રહ્યા અને તે વરસાદ ત્રણ દિવસ સુધી વરસ્યો હતો. ચોથે દિવસે રાજાએ ખબર કાઢી ત્યારે સર્વે સિદ્ધ નાસી ગયા છે, ને એક બ્રહ્મચારી બેઠા છે અને શરીર ઉપર ચાર આંગળ રેતી ચડી છે, તો પણ ધ્યાનમાંથી ઊઠ્યા નહીં. તેને જોઈને રાજા તથા બીજાં મનુષ્ય કહેવા લાગ્યા જે, ''સિદ્ધ તો આ બ્રહ્મચારી ખરા ! તે બેસી રહ્યા છે અને બીજા પાખંડી હતા, તે સર્વે નાસી ગયા છે.''

અને તે વાર પછી તે મહારાજના સેવક જે ગોપાળદાસ સાધુ તેણે આવીને રેતીમાંથી કાઢ્યા ને સારી જગ્યાને વિશે આસન કરાવ્યું. અને પોતે પાસે રહીને સેવા કરતો હતો. પછી માનભંગ થયા એવા જે બીજા સિદ્ધ તે બ્રહ્મચારીના ઉપર પોતાના જંત્રમંત્ર આદિક અભિચાર કરવા લાગ્યા, પણ તેણે કરીને કાંઈ પરાભવને ન પામ્યા. ત્યારે તે બ્રહ્મચારીનો સેવક ગોપાલદાસ સાધુ તેના ઉપર કાળભૈરવની મૂઠ નાંખી. તેણે કરીને તે સાધુ મૂર્છાગત થઈ ગયો.

ત્યારે રાજાએ સિદ્ધોને કહ્યું જે, ''સાધુને કૃપા કરીને સાજો કરો.'' ત્યારે સિદ્ધ બોલ્યા જે, ''બ્રહ્મચારીને કહો, તે સાજો કરે.'' ત્યારે રાજાએ બ્રહ્મચારીની પ્રાર્થના કરી જે, ''હે મહારાજ ! આ સાધુને સાજો કરો.'' ત્યારે બ્રહ્મચારીએ કૃપાદષ્ટિએ સામું જોયું તેથી તે સાધુ તત્કાળ બેઠો થયો અને મૂઠ નાખનાર સિદ્ધ પડી ગયો. અને મુખમાંથી રુધિરની ધારા ચાલી. પછી બીજા સિદ્ધ હતા, તે સર્વે મળીને પોતપોતાના મંત્રજંત્ર કરવા લાગ્યા, તો પણ તેણે કરીને કાંઈ સિદ્ધિ ન થઈ. ત્યારે પોતાનું માન મેલીને શ્રી નિલકંઠ બ્રહ્મચારીને શરણે આવ્યા અને કહેવા લાગ્યા જે, ''હે મહારાજ ! તમે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છો. અમે તો મહાપાપી જીવ છીએ. તે અમારા ગુના સામું જોશો મા. અને આ જે સિદ્ધ તેણે પાપ કર્યું, તે પાપે કરીને મૃત્યુતુલ્ય પડ્યો છે. તેને તમે કૃપા કરીને ઉઠાડો.''

ત્યારે મહાદયાળુ છે સ્વભાવ જેમનો એવા શ્રી નિલકંઠ બ્રહ્મચારીએ સિદ્ધોનાં વચન સાંભળીને પોતાની દષ્ટિમાત્રે કરીને તે સિદ્ધને ઉઠાડ્યો.

પછી મૃત્યુમાંથી ઊઠેલો સિદ્ધ મહારાજના ચરણમાં આવીને પડ્યો. અને પછી બીજા સિદ્ધ પણ મહારાજની સેવા કરવા લાગ્યા. એવી રીતે પોતાને પ્રતાપે કરીને સર્વે સિદ્ધનો ગર્વ ઉતારીને પોતાના શિષ્ય કર્યા. પછી જ્યારે ચતુર્માસ વીત્યો ત્યારે સર્વે સિદ્ધ રાજા થકી વિદાયગીરી માગીને શ્રી નિલકંઠ બ્રહ્મચારીની સાથે ચાલતા થયા. એ જ સિદ્ધવલ્લભ રાજા બીજા જન્મમાં બોટાદના શિવલાલ શેઠ થયા.

**● શિવલાલ શેઠના પૂર્વજોની કથા**

બોટાદમાં ભાઈચંદભાઈ દોશી નગર શેઠ હતા. તેમને સંવત ૧૮૪૭માં એક પુત્રનો જન્મ થયો હતો, જેનું નામ ભગા દોશી હતું. ભાઈચંદ શેઠ ચુસ્ત જૈન મતને માનનારા વિસાવાણિયા હતા. બોટાદના ગામધણી હમીર ખાચર હતા, જેમને એક પુત્ર હતા જેનું નામ દાહા ખાચર હતું અને બીજા પુત્રનું નામ જસા ખાચર હતું.

દાહા ખાચર અને ભગા દોશી બંને નાનપણથી સારા મિત્ર હતા. એક વાર હમીર ખાચરની તાજણ ઘોડી મૃત્યુ પામી. તેથી હમીર ખાચરને દાહા ખાચર ખૂબ રોતા હતા. તે જોઈ વ્યાપકાનંદ સ્વામીએ તે ઘોડીને જીવંત કરી. તે વખતે દાહા ખાચર અને ભગા દોશીની ઉંમર આશરે ૧૫ વર્ષની હતી. આ ચમત્કાર જોઈ ભગાદોશીને ગુણ આવ્યો ને વ્યાપકાનંદ સ્વામી પાસે વર્તમાન ધારણ કરી. સ્વામિનારાયણના આશ્રિત થયા. જોકે સત્સંગ સ્વીકાર્યા પછી તેમને ખૂબ જ તકલીફ પડી છે, પરંતુ દરેક તકલીફમાં ભગવાન શ્રીહરિએ તેમની મદદ કરી છે અને ભાઈચંદ શેઠનો સત્સંગ મજબૂત થયો છે.

ભગા દોશી દરરોજ સંતો પાસે બેસતા વચનામૃત સાંભળતા એક દિવસ વચનામૃત સાંભળીને ઉભા થયા ત્યારે સંતોએ કહ્યું શેઠ આજે ત્રીજું વચનામૃત સાંભળો. શેઠ કહે ના સ્વામી હવે મારે ઘરે જાવુ ંછે બાકીના વચનામૃત કાલે સાંભળીશ ત્યારે સંતોએ શેઠનો હાથ પકડીને નીચે બેસાડ્યા ને કહ્યુ ના અમારે તો તમને આજે ત્રીજું વચનામૃત સંભળાવવું જ છે. ત્યારે ભગાશેઠ બેસી ગયા ને વિચાર કર્યા જે આ સંતો મારુ

ભલું કહે છે. એમ વિચારી વચનામૃત સાંભળવા લાગ્યા. ત્યાં થોડી વાર થઈ કથા પૂર્ણ થઈ શેઠ ઘરે જવાની તૈયારી કરે છે ત્યાં કોઈ માણસે આવીને કહ્યું શેઠ. તેમ ક્યાં હતા ? ત્યારે શેઠ કહે હું તો મંદિરે વચનામૃત સાંભળું છું કેમ શું થયું. અરે શેઠ ગામમાં ધાડું આવ્યા છે અને તમારા પિતરાઈભાઈને મારી નાખ્યાં છે. હવે તમને શોધે છે. ત્યારે શેઠ ને થયું કે ખરેખર શ્રીજીમહારાજે સાધુમાં પ્રવેશ કરીને મને રોક્યો ને મારી રક્ષા કરી છે. પછી જ્યારે મહારાજ પાસે આ વાત પહોંચી ત્યારે મહારાજે ભગા દોશીનું વિશ્વાસ અને ભગવાનનાં બળનું અંગ વખાણ્યું.

એકવાર મહારાજ બોટાદ પધાર્યા. હમીર ખાચરના દરબારમાં મહારાજે ઉતારા કર્યા છે. અદભૂત સંતો અને હરિભક્તોની સભા ભરાણી છે. પછી સભા પૂરી થયા બાદ ગામધણી હમીર ખાચરે મહારાજ પાસે વાત શરૂ કરી, ‘‘મહારાજ, આ ભગો શેઠ ભારે હરિભગત પણ એના બાપ ભાઈચંદ શેઠ જ્યારથી ભગો શેઠ તમારો આશ્રિત થયા છે. ત્યારથી એને બહુ કનડગત કરે છે. મોઢેથી કડવા વેણ બોલે છે. જો કે ભાઈચંદ શેઠને આ એક જ પુત્ર છે. અને ભાઈચંદ શેઠ તો કરોડપતિ છે. એમને મોટા મોટા શહેરના વેપારી ઓળખે છે. એમના નામની લાખો રૂપિયાની બધે હૂંડી ચાલે છે. એમને મોટા મોટા રાજાઓ પણ ઓળખે છે. પણ એમના જીવનમાં મોટી ખોટ એ છે કે એમને સત્સંગ ઉપર ભાવ નથી. એટલે એમના એકના એક પુત્રને અપાર દુઃખ દે છે. તે અમારાથી જોઈ શકાતું નથી. એટલે તમને કહીએ છીએ. પણ ભગા શેઠને આપની સાથે પ્રીત બંધાણી છે. એટલે એમના પિતાને પણ કીટ જોવા ગણે છે.’’

ભગા શેઠના સદ્‌ગુણી સ્વભાવને જોઈને તે સમયના બીજા બાળકોને પણ બોટાદમાં સત્સંગ થયો હતો.

મૂળચંદ શેઠ એમના બંને મોટા ભાઈઓ હીરાચંદ, કેશવલાલ, ભગવાનજી, હકાભાઈ, ચકુભાઈ, રામચંદભાઈ, કરશનજીભાઈ, અદા શેઠ, પાનાચંદ, ધનજી પરજી સોની, નારાયણજીભાઈ, તુલસીભાઈ,

વાઘજીભાઈ, શ્રીમાળી સોની, પુજાભાઈ, રૂડાભાઈ, કીકાભાઈ વગેરે સુતાર, લાધાભાઈ વગેરે ભાવસાર, દસ-બાર દરજી, કણબી, કુંભાર, લુહાર, કેટલાક સથવારા, રાજગુરુ અને કાઠીઓનો કંઈ પાર નથી. મુસ્તફા નામનો સિપાઈ આ બધા ભગા શેઠની નીતિ અને પ્રીતિ જોઈને સત્સંગ રાખે છે. આ બધું જોઈને ભગા શેઠના બાપા ભાઈચંદ શેઠ સત્સંગ પર ઈર્ષ્યા રાખે છે.

હમીર ખાચરની વાત સાંભળીને શ્રીહરિ કરૂણારસથી તરબોળ થઈને બોલ્યા, ''જ્યારે સુખ સગવડ હોય ત્યારે સૌ કોઈ નિષ્ઠા રાખે ને સત્સંગ રાખે અને મનમાં ભક્તિભાવ પણ અપાર બતાવે પણ વિપત્તિના સમયમાં જ વિશ્વાસ, નિષ્ઠા અને સત્સંગ રાખે ત્યારે ખરી પરીક્ષા થાય. સત્સંગની કસોટી વિપત્તિ છે. વિપત્તિરૂપ કસોટીમાં જેવા અંતરના ગુણ હોય તેવા તરત જ પ્રગટ થઈ આવે.''

એમ કહીને ભગા શેઠ ને મહારાજે બહુ વખાણ્યા અને એમની પર બહુ રાજી થયા. પછી ભાઈચંદ શેઠને મહારાજનો ગુણ આવ્યો અને મહારાજે એમનું ઘણું સારું કર્યું.

ભગાશેઠના સદ્‌ગુણી સ્વભાવને જોઈને તે સમયના બીજા બાળકોને પણ બોટાદમાં સત્સંગ થયો હતો.

સંવત ૧૮૮૨માં ભગવાનની કૃપાથી ભગા દોશીને ત્યાં પુત્રનો જન્મ થયો જે શિવલાલ શેઠ. કહેતા સિદ્ધવલ્લભ રાજા હતા.

ભગા શેઠે બોટાદમાં ઉત્સવ કરાવ્યો અને પેંડા વેચ્યા. જ્યારે શિવલાલ સવા વર્ષનના થયા ત્યારે એમને લઈને ભગા દોશી ગઢડા ગયા. ભગવાન સ્વામિનારાયણને પગે લગાડવા.

મહારાજ ગઢપુરમાં બિરાજમાન છે. ભગવાન સ્વામિનારાયણનાં ચરણોમાં એ નાનકડો પુત્ર મૂક્યો. મહારાજ કહે, 'આવો, આવો શેઠ !' ભગા દોશી કહે, 'મહારાજ દીકરાને પગે લગાડવા આવ્યો છું, કૃપાદૃષ્ટિ કરો. મારા કરતાં સવાયો સત્સંગી થાય એવા આશીર્વાદ આપો.' મહારાજે કરૂણાદૃષ્ટિથી સામું જોયું અને માથે હાથ મૂક્યો અને પછી

બોલ્યા, 'આ તો સિદ્ધવલ્લભ રાજા છે. એણે અમારી વનમાં ઘણી સેવા કરેલી છે. પણ કાંઈક ખામી રહી, તેથી તમારે ત્યાં જન્મ આવ્યો છે.' ત્યારે ભગા દોષીને બહુ નવાઈ લાગી અને સામે ને સામે જોઈ રહ્યા.

પછી ભગા દોશી કહે, 'મહારાજ ! આ દીકરાનું નામ તમે પાડો.' મહારાજ કહે શિવલાલ રાખો. શેઠ રાજી થઈ ગયા. મહારાજને ૫ રૂપિયા એ જમાનામાં ભેટ મૂક્યા અને મહારાજને ફૂલનો હાર પહેરાવ્યો. મહારાજે એ હાર શિવલાલને પહેરાવ્યો. શિવલાલને પગે લગાડી ભગા દોશી પાછા બોટાદ આવ્યા છે.

શિવલાલ નાનપણથી સમૃદ્ધિમાં આળોટે છે. નવલખા શેઠને ત્યાં જન્મ અને પાછા એકના એક લાડકવાયા પુત્ર. લાડકોડથી મોટા થાય છે. છતાં જીવન બહુ જ સાદુ છે અને સરળ સ્વભાવ ! નાનપણથી ભગવાન નિષ્ઠ, સંત સ્નેહી અને આચાર-વિચાર યોગી પુરુષ જેવા !!

શિવલાલ પૂર્વજન્મમાં મોટો રાજા અને મહાન ભગત હતો અને એને સિદ્ધો બહુ વહાલા હતા. એટલે જ એનું નામ સિદ્ધવલ્લભ પડ્યું હતું. તેથી આ જન્મે નાનપણથી સંતોમાં સ્નેહ થયો છે. તેથી જ બાળપણથી ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, સિદ્ધાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી વગેરે મોટા મોટા સંતોના દર્શન, સેવા, સમાગમ કર્યો છે. ધ્યાન કરવાનું અને દેહથી પર વર્તવાનું શિખ્યા છે.

એક વાર પિતા સાથે ગઢડા આવ્યા હતા. ગઢપુર સમૈયામાં ઉતારા કર્યા પછી એકાંત મળતા શિવલાલ આચાર્ય રઘુવીરજી મહારાજની પાસે પહોંચી ગયા અને ધીમે રહીને કહે, 'બાપજી ! મને સંસારમાં રહેવું ગમતું નથી. મારે ત્યાગી થઈ જવું છે. આપશ્રી મને સાધુની દીક્ષા આપો.' એટલે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે કહ્યું, 'શિવલાલ, તારી ઉંમર નાની છે. તારા પિતાજીનો એકનો એક લાડકવાયો દીકરો છો અને ભાવનગર રાજ્યમાં તમારા પિતાનું વિશેષ માન છે. માટે લોકમાં ઠીક ન કહેવાય. વળી, પિતાજી નારાજ થાય. માટે સંસારમાં રહેશો તો પણ સત્સંગની

ઘણી સેવા થશે. એટલે વડીલોને પ્રસન્ન રાખી પ્રભુભક્તિ કરો. એમાં અમે રાજી છીએ. એમની ઈચ્છા અને પિતાની લાગણીને માન્ય રાખી શિવલાલ ઘરે આવ્યા.

કૃષ્ણચરણદાસજી સ્વામીની વાતોમાં એક વાત લખી છે. એક વાર શિવલાલ શેઠે ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે, 'સ્વામી, રઘુવીરજી મહારાજને મેં પૂછ્યું હતું તો એમણે મને સાધુની દીક્ષા આપવાની ના પાડી હતી. પછી એક વાર મેં અયોધ્યાપ્રસાદજી મહારાજને પણ સાધુની દીક્ષા આપવા માટે પૂછ્યું હતું પણ એમને પણ ના પાડી હતી. તો મેં સ્વામી એવા તો શું પાપ કર્યા છે તો મને સાધુની દીક્ષા નથી આપતા ?'

એટલે ગોપાળાનંદ સ્વામીએ કીધું, 'તમે પાપ નહિ પણ પુણ્ય બહુ કર્યા છે. શિવલાલ તમે પૂર્વ સાધુની બહુ સેવા કરી છે. તમે શ્રીપુરના સિધ્ધવલ્લભ રાજા હતા. અને જ્યારે ભગવાન નીલકંઠ ફરતા ફરતા શ્રીપુર પધાર્યા ત્યારે તમે ભગવાન નીલકંઠની મોટા પુરુષ જાણીને સેવા કરી હતી. પરંતુ તમે શ્રીહરિને સર્વોપરી જાણ્યા નહી માટે બીજો જન્મ આવ્યો છે.' આ વાત જાણ્યા પછી શિવલાલ શેઠે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરી કરીને સર્વોપરી નિષ્ઠા અતિ દૃઢ કરી.

જ્યારે જ્યારે શિવલાલ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીના દર્શને આવતા ત્યારે સ્વામી કહેતા, 'લો આ સિદ્ધવલ્લભ આવ્યા.' સત્સંગ સમૈયામાં જાય તો સંતોની સાથે જ રહેતા સગવડ-અગવડ જોયા વિના !!

સમય વિતતા ભગા દોશીએ શિવલાલને પરણાવ્યા. અને સંસાર-વ્યવહાર ચાલુ થયો. દિવસો જતાં બાપ-દીકરાને ધીમે ધીમે બધો વ્યવહાર સોંપવા માંડ્યા. છતાં શ્રીહરિની નિષ્ઠા અને સત્સંગના પ્રતાપે શિવલાલ અનાસક્ત રહ્યા. શ્રીમંતાઈનો લેશમાત્ર ગર્વ નથી. વાણિયાબુદ્ધિની ખોટી કુનેહ પોતાનામાં ઘુસવા નથી દીધી. કૂટનીતિ અડવા નથી દીધી. મોજશોખનો પહેલેથી ત્યાગ રાખ્યો છે. અપાર વૈભવ હોવા છતાં સરળ અને સાદુ જીવન જીવ્યા છે. નિત્ય સવારે એકાગ્રતાથી પૂજા કરતાં. સવાર-સાંજ ધ્યાન ધરતાં ભજન-કથા-કીર્તનનું વ્યસન ! સેવા અને સમાગમમાં આગળ

હોય. સર્વ ક્રિયામાં હરિ સ્મરણ કરવું અને અખંડ વૃત્તિ રાખવી એ એમનું અંગ હતું. મહારાજની મૂર્તિમાં રહેવાનો નિત્ય અભ્યાસ કરતાં.

શિવલાલ શેઠ માર્ગમાં ચાલ્યા જતાં હોય તો પણ વૃત્તિ બીજે ક્યાંય ન હોય. દુકાને બેઠા હોય ત્યારે પણ જરૂર પૂરતી વાત કરે. હાથમાં વચનામૃત રાખીને વાંચે અને માળા અખંડ હાથમાં હોય. દુકાનમાં પોતાની દૃષ્ટિ સામે ભગવાનની સુંદર મૂર્તિ રાખતા. વારે વારે સામું જોયા કરે અને અંતરમાં ઉતાર્યા કરે. આમ મોટે ભાગે મૂર્તિમાં વૃત્તિ રહે એવું અખંડ અનુસંધાન રાખતા.

લોધિકા નરેશ અભેસિંહ મહારાજાએ કવિ દલપતરામને એક વાર એમ વાત કરેલી કે, 'કવિરાજ, મારા ગુરુ ગોપાળાનંદ સ્વામીએ મને બોટાદના શ્રીમંત નગરશેઠ ભગા દોશીના પુત્ર શિવલાલને ધ્યાનની રીતિ શીખવાડી છે. અને ગોપાળાનંદ સ્વામીની કૃપાથી મારે બે પહોરનું ધ્યાન સિદ્ધ થયું અને શિવલાલને દોઢ પહોરનું ધ્યાન સિદ્ધ થયું છે. અમને ધોળે કપડે ત્યાગી જેવા કર્યા. અમારા પર ગુરુકૃપા થતાં અંતરમાં અત્યંત શાંતિ વર્તે છે. હું સંસારમાં રહીને રાજ્ય કરું છું અને ભજનમાંથી પાછો પડતો નથી. અને શિવલાલ શેઠ લાખોનો વેપાર ખેડે છે પણ ભજન સારધાર રાખે છે. છતાં ગુરુ ગોપાળાનંદ સ્વામીએ આશીર્વાદ આપ્યા છે. તમને વ્યવહાર બંધનકર્તા નહિ થાય. બસ, એમના આશીર્વાદના પ્રતાપે અમે નિર્બંધપણે અખંડ ભજન કરીએ છીએ.

ગોપાળાનંદ સ્વામી વડતાલથી જૂનાગઢ જતાં હોય, વચ્ચે બોટાદ આવે ત્યારે બે-પાંચ દિવસ બોટાદ પધારે ! વળી ગુણાતીતાનંદ સ્વામી દર વર્ષે બે વાર વડતાલમાં જતા હોય ત્યારે એ પણ અવશ્ય બોટાદ પધારતા. શ્રીમંતાઈ છોડીને દાસના દાસની સેવામાં લાગી જતા. સીધું સામાન પોતે લઈ આવતા. વળી, ગુણાતીતાનંદ સ્વામી સમૈયે જતા હોય તો એમની સાથે ક્યારેક ક્યારેક દશ-વીસ હરિભગત હોય એમને બહુ મહિમાથી સેવતા. ઘણીવાર પોતે શિવલાલ શેઠ સ્વામીની સાથે ગામડે ફરવા જતા. વડતાલ, ગઢડા, જૂનાગઢ, ધોલેરા વગેરે.

ગુણાતીતાનંદ સ્વામીએ એકવાર કહ્યું, 'વર્ષમાં એક મહિનો જે સાધુનો સમાગમ જે કરશે એનો સત્સંગ રહેશે.' ત્યારથી દર વર્ષે એક મહિનો જૂનાગઢ જવાનો નિયમ શિવલાલ શેઠે લઈ લીધો. એ સમયે ગુણાતીતાનંદ સ્વામી ભલે ગમે ત્યાં હોય ત્યાં જઈને સેવા-સમાગમ કરતાં. એકવાર તો શિવલાલ શેઠ જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા ગયા ત્યારે સ્વામી સાખડાવદરના બીડમાં ખડ કાઢવા ગયેલા તો શિવલાલ શેઠ ત્યાં પહોંચી ગયા. સ્વામી જ્યાં સુધી બીડમાં ખડ વાઢવા રોકાયા ત્યાં સુધી એ પણ ત્યાં વગડામાં રહ્યા. જંગલમાં કોઈ સગવડ નહિ તો પણ સેવા - સવાગમ માટે શેઠ ત્યાં રોકાયા. બપોરે રોટલા ને અડદની દાળ આવે એ સંતો ભેગા જમે. સવારે દૂધ, છાશ કે બીજું કાંઈ મળે નહિ. આવા કષ્ટ વેઠી સાધુના સમાગમ કર્યા. જંગલના ટાઢ-તડકા એમણે વેઠ્યા.

આવા શિવલાલ શેઠની એકાગ્રતા પણ અદ્ભુત હતી. એમણે ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીના સમાગમથી સર્વશ્રેષ્ઠ જ્ઞાન મેળવ્યું હતું. ઉત્તમ પ્રકારની એકાગ્રતા કેળવી હતી.

શિવલાલ શેઠને ઘરે કંઈક માંગલિક પ્રસંગ હોય, સગાં-સંબંધી બહુ આવે. પ્રસંગ પૂરો થતાં સહુ પોતપોતાને ઘરે જતા રહે. પણ શિવલાલ શેઠની એકાગ્રતામાં ફેર ન પડે. એમની સ્થિતિ એવી ને એવી રહે. એક વાર એવું બન્યું શિવલાલ શેઠના સાળી કોઈ કારણસર ઘરે આવેલા. થોડા સમયથી રોકાયેલા. શેઠને બહોળા કુટુંબના કારણે ખબર નહિ અને કોઈ અગત્યના કારણ વિના સ્ત્રીઓને મળતા જ નહિ. તેમજ ઘરમાં પણ ખાસ કામ વિના રસ લે નહિ. હંમેશા ભજન-ભક્તિમાં જ રહેતા. એટલે ઘરનાં માણસોને એમના સ્વભાવનો ખ્યાલ હોવાથી માઠું લગાડતા નહિ. નિત્ય માનસી-પૂજા કરે, ધ્યાન કરે, સંધ્યા સમયે મંદિર જાય, નિત્ય-નિયમ કરે, સ્વભાવિક ચેષ્ટા કરે અને બધુ પૂર્ણ કરી મોડી રાત્રે ઘેર આવતા. આ એમનો નિયમ. દિવસે પેઢીના કામમાં રહેતા હોય ત્યાં જળકમળવત રહી ભજન અને ભગવદ્ સ્મરણ સાથે જ વ્યવહાર કરતાં અને ઊંચા સ્વરે સ્વામિનારાયણ સ્વામિનારાયણ

કરતા કોઈની લાજ-શરમ રાખતા નહિ.

હવે એમના સાળી ૩-૪ મહિનાથી ઘરે હતા ! શિવલાલ શેઠને પીરસતા હશે પણ શિવલાલ શેઠ તો ભગવાનને સંભારીને જમી લેતા. એક દિવસ થોડું વધારે પીરસાઈ જતા એમણે ઊંચુ જોયુ એટલે સાળીને જોયા એટલે પૂછ્યું, કયારે આવ્યા ? એટલે સાળીને ખોટું લાગી ગયું, જવાબ આપ્યા વિના ઘરમાં જતા રહ્યા. ત્યાં જઈને બધાને કહેવા લાગ્યા, ૩-૪ મહિનાથી આવી છું છતાંય પૂછો છે ક્યારે આવ્યા ? ઘરનાંએ કીધું કે એમની તો ભગવાનમાં જ વૃત્તિ રહે છે અને કાયમ નીચી દૃષ્ટિ રાખીને ભોજન કરે છે એટલે ખ્યાલ ન હોય.

શિવલાલ શેઠને રસ્તે આવતા-જતાં ક્યાંય આજુબાજુ દૃષ્ટિ જતી નહિ. શિવલાલ શેઠને મંદિર-દુકાન-ઘર સિવાય ક્યાંય પણ આઘાપાછા જાય નહિ. અને વૃત્તિ ભગવાન સિવાય ચળે નહિ. એકવાર ભરબજારે શિવલાલ શેઠ જતા હશે ત્યારે રસ્તામાં કોઈએ જૂની મેડી તોડી બે માળની હવેલી કરી હતી. કામ પુરું થયું એને થોડા મહિના થયા હશે. શિવલાલ દરરોજ રસ્તે જતા પણ એકવાર એમને છીંક આવી અને ઊંચુ જોયું ત્યાં તો બે માળની હવેલી જોઈ એટલે બોલ્યા, લે ! આ ક્યારે બની ? ત્યાં આજુબાજુ ઊભેલા લોકો હસવા લાગ્યા. છ મહિનાથી મકાન થતું હતું ને પુરું થઈ ગયું. નિત્ય અંહિયાથી ચાલે છે તો નહિ દેખાતું હોય !

એકવાર ભગા દોશી ગામડામાં બેસી સહપરિવાર ગઢડા દર્શને જતા હતા. ભગા દોશી અને શિવલાલ ગાડામાં સાથે બેઠા છે. ભગા દોશી માર્ગમાં આવતા ખેતરો અને સારા-મોળા મોલની વાતોએ ચડ્યા. સાથે બીજા એક-બે શેઠિયાઓ છે. ‘આ જુઓ ! આ જમીન કેટલી સારી પણ આ જમીનમાં કાંઈ નથી. આ જમીન સોનું પાકે એવી છે. આટલા મણ બાજરો જરૂર થશે. આટલો ભાવ આવે તો આટલા રૂપિયા ખેડુતને મળશે. આમ આખા રસ્તે બીજાના લાભ-ગેરલાભની વાતો કરી પણ શિવલાલ શેઠે તો હાથમાં માળા રાખી અખંડ મહારાજનું સ્મરણ કર્યું. એમને આ બધી વાત નિરર્થક લાગતી. આ બધું જોઈને શિવલાલ શેઠે

નમ્રતાથી કહ્યું, 'પિતાજી, આપ તો જૂના અને પીઢ સત્સંગી છો અને આપ જૂના અને અનુભવી વેપારી છો. વેપારી એને કહેવાય જે ખોટનો ધંધો કરે નહિ. આપને એક વાત પૂછું ? વેપારીની દૃષ્ટિમાં તો શું કરવાથી લાભ મળે એ અખંડ ઉદ્દેશ હોય. આપ મારા વડીલ છો, પણ આપે રસ્તે માત્ર અન્ય વાતો કરી. એમાં તમારા કામનું શું અને નફો શું ? એમાંથી આપણા ઘેર કેટલો બાજરો આવશે ?

આપણે ગઢપુર મોટા સંતની સેવા-સમાગમ કરવા જઈએ છીએ. કથા-વાર્તાનો લાભ લેવા જઈએ છીએ. મહારાજના દર્શન કરવા જઈએ છીએ. રસ્તામાં આવી જગતની વાતો છોડી મહારાજના લીલા ચરિત્રો યાદ કરો અને એવી રીતે જો આપણે ભગવાનમય રહીએ તો જ આપણને સાચો સત્સંગનો લાભ મળ્યો કહેવાય. આમ, દીકરાએ બાપને ટકોર કરી. ભગા દોશીએ પણ ભૂલ સ્વીકારી પુત્રની સ્થિતિ અને સમજણને માન્ય રાખી. પછી બધા ભગવાનના મહિમા અને ચરિત્રની વાતો કરતાં કરતાં ગઢડા આવ્યા અને પાંચ દિવસ રોકાયા. સંતોને રસોઈ આપી સેવા-સમાગમનો અલભ્ય લાભ લીધો.

ભગા દોશીને એવી ટેવ હતી કે ભગા દોશી ગઢડે જાય, પછી મહારાજ કંઈક કહે તો માને નહિ. એક-બે વાતે ડહાપણ મૂકતા નહિ. મહારાજ કહે, આપણે આની નહિ આની રસોઈ કરવી તો કહે મોતૈયા જ બનાવો. પછી મહારાજ કહે અત્યારે તો સાધુ રોટલા-દાળ જમે છે અને આ તમે સંતોની રસોઈ માટે ૩૦૦-૫૦૦ રૂપિયા લાવ્યા છો તો ગોપીનાથજીના મંદિર માટે કડિયાના પગાર ચડ્યા છે તેમાંથી ચૂકવી દઈએ. તો ભગા દોશી ના પાડે કે મારે તો સંતોને રસોઈ જ આપવી છે. તો પછી મહારાજ કહે કે આ પાળા અને હરિભક્તો પણ બહુ સેવા કરે છે તેમને પણ રસોઈ આપો તો ના સાધુ જ જમાડવા છે પાળા નહિ. પછી મહારાજ કહે સારું ખાલી સાધુને જ જમાડીએ. પછી મહારાજે બહુ વધારે બનાવડાવ્યુ અને સંતોને દસ-દસ લાડવા વધારે મૂકવા મંડ્યા પછી સંતો કહે મહારાજ બસ કરો નથી જમાતું અને લાડવા પત્તરમાં પડ્યા

રહ્યા. પછી મહારાજે ભગા દોશીને કીધું હવે શું કરશું તાંસડા ફેરવશું ? ભગા દોશી કહે, ભલે મહારાજ પછી તો ત્રાંસ ફેરવ્યા તો ૨-૩ ત્રાંસ ભરાયા. મહારાજ ભગા દોશીને કહે આ લઈ જાઓ સંતોની પ્રસાદી. ત્યારે ભગા શેઠ કહે અમે વાણિયા અમારાથી પટેલનું ન જમાય. તો મહારાજ કહે પાળાને આપી દઈએ ? તો કે હા. એમ મહારાજે પાળા જમાડ્યા. પણ શિવલાલ શેઠના જીવનમાં આવું ક્યારેય બન્યું નથી. મહારાજ પછી ધામમાં ગયા. પણ ભગા દોશી જ્યારે આવા પ્રસંગ યાદ આવે ત્યારે ઉદાસ થઈ જતા કે હું મહારાજની મરજી સમજી શક્યો નહિ અને પોતાનું ડહાપણ મૂકી શક્યો નહિ.

એક દિવસ ભગા શેઠે શિવલાલને કીધું, 'બેટા, મને ઉદાસી રહ્યા કરે છે અને મારું મન ક્યારેક ક્યારેક ડંખ્યા કરે છે.' શિવલાલ શેઠ કહે, 'પણ પિતાજી શાથી ? તમને અઢળક સંપત્તિ મળી છે, દીકરો મળ્યો છે અને તો આપણા પર મહારાજ, આચાર્ય, સંતો બધા રાજી છે. તો ઉદાસ કેમ થઈ ગયા ?' ભગા દોશી કહે, 'મેં જ્યાં હોય ત્યાં ડહાપણ બહુ કરેલું અને મહારાજની વાત પણ નહોતી માની. એ વાત યાદ આવે ત્યારે મન ઉદાસ થાય છે. એટલે કંઈ શાંતિ થાય એવો ઉપાય કહે. ત્યારે શિવલાલ શેઠ કહે, ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી શાંતિ થાય. એના સિવાય બીજો કોઈ ઉપાય નથી. પછી બાપ-દીકરો જૂનાગઢ આવ્યા. ગોપાળાનંદ સ્વામીને મળીને બધી વાત કરી. ત્યારે ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીએ કીધું કાલે સંતોને રસોઈ આપો એટલે તમારી ઉદાસી ટળશે અને અંતરમાં શાંતિ થશે. પછી બીજા દિવસે રસ-પૂરીની રસોઈ આપી. શેઠની ભાવના જોઈ ગોપાળાનંદ સ્વામી પોતે પીરસવા પધારવાના હતા અને બધાને જાણ કરી આજે ભગા દોશીની રસોઈ છે અને ગોપાળાનંદ સ્વામી પીરસવા પધારશે. પછી રાધા-રમણ દેવના થાળ થયા અને રાજભોગની આરતી થઈ રહી પછી ગોપાળાનંદ સ્વામી બ્રહ્મચારીની જગ્યામાં પધાર્યા. બ્રહ્મચારી મહાપુરુષાનંદજીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું, 'આવો, આવો સ્વામી આ રસની કોઠીમાં

આપનો હાથ બોળીને રસ પ્રસાદીનો કરી આપો. ત્યારે સ્વામીએ પ્રસન્ન થઈ રસની કોઠીના તળિયા સુધી પોતાનો જમણો હાથ બોળ્યો અને પછી જ્યારે સ્વામીએ હાથ બહાર કાઢ્યો ત્યારે મહાપુરુષાનંદજીએ એ રસવાળો હાથ લુછીને બધો રસ પોતાના પત્તરમાં લઈ લીધો. પછી સ્વામીએ ગોપાળાનંદ સ્વામીનો હાથ જળથી ધોઈ દીધો. પછી ત્યાંથી સ્વામી સાધુના ભંડારમાં પધાર્યા. પછી ભંડારી સ્વામીએ કીધું, 'સ્વામી, ઠાકોરજીને થાળ ધરાઈ ગયો છે, તો તમે પ્રથમ જમી લ્યો. ત્યાર પછી હરે કરીએ. પછી સ્વામી બાજોઠ પર બેસીને રસ-રોટલી જમ્યા. ચળુ કરીને પછી કીધું ચાલો અમે પીરસવા આવીએ પછી હરે શબ્દ થયા. સંતોની પંક્તિ થઈ. નારાયણ ધૂન થવા લાગી. પછી ગોપાળાનંદ સ્વામી પોતાનું પત્તર લઈ સાધુને પીરસવા પધાર્યા અને એ પત્તર તપેલામાં બોળી પોતાના પત્તરથી સાધુના પત્તરમાં શેઠે અને ગુણાતીતાનંદ સ્વામી રસમાં દળેલી સાકર પીરસવા લાગ્યા. શુકાનંદ સ્વામી રસમાં ધારે ઘી પીરસવા લાગ્યા. એવી રીતે પીરસી સૌ સંતોને તૃપ્ત કર્યા. આમ, બધાને જમાડી બધા સંતો સભામાં આવ્યા. પછી ભગા દોશી અને શિવલાલ શેઠે સૌ સંતોની પૂજા કરી અને સંતોને દંડવત કર્યા. પછી ભગા દોશીના અંતરમાં સંતોના આશીર્વાદથી તરત જ શાંતિ થઈ ગઈ.

શિવલાલ શેઠ ખૂબ જ સંત પ્રેમી હતા. સત્સંગમાં તેમને ખૂબ જ સેવા કરી અને મહારાજ સર્વોપરી નિશ્ચય દૃઢ રાખ્યો. જ્યારે ભાયાત્માનંદ સ્વામી બીમાર થયા ત્યારે શિવલાલ શેઠ સ્વામીની સેવામાં પહોંચી ગયા સેવાથી રાજી થયેલા સ્વામીએ કહ્યું શેઠ માંગો શું જોઈએ ત્યારે શિવલાલ શેઠ કહે, મને તમારી સાથે ધામમાં લઈ જાઓ. ત્યારે ભાયાત્માનંદ સ્વામીએ તેમને વચન આપ્યું. હું ધામમાં જાઉં પછી ૧૪ દિવસે તને ધામમાં મહારાજ સાથે તેડવા આવીશ. આ વચન સત્ય થયું ને સંવત ૧૯૧૬ અષાઢ સુદ-૫ના દિવસે ૩૩ વર્ષની ઉંમરે શિવલાલ શેઠ આ લોકના ભોગને છોડીને શ્રીજી મહારાજના પરમધામને પામ્યા.

## જોબનપગી

જોબનપગીના પૂર્વજન્મની કથા ઉન્મત્ત ગંગા માહાત્મ્ય ગ્રંથના અધ્યાય-૧૨૩ માં નોંધાયેલી છે. તે પૂર્વ જન્મમાં એક ક્ષત્રીય હતા. પ્રારંભમાં તો બહુ જ ધાર્મિક અને પ્રામાણિકજીવન જીવતા. એકવાર રૂપિયા કમાવવા માટે પરદેશ બાજુ ગમન ક્યું. ત્યાં તેમને દુરાચારી-કુસંગીઓ ઓનો યોગ થવાથી પ્રમાણિકતા અને સજ્જન પણું નાશ થઈ ગયુ અને દુર્ગોણો નો ભંડાર થઈ ગયા. સંપૂર્ણ ધર્મ મર્યાદાઓનો ત્યાગ કરી અધર્મના માર્ગે ગયો અને અભક્ષ વસ્તુ ખાવા પીવા લાગ્યો. પછી તો પોતાની ધાકધમકીથી લોકોને ખુબજ ડરાવા લાગ્યો લુટવાનું ચાલુ કર્યું. ચાર-પાંચ માણસને સાથે રાખીને ગામ-કસબા લુંટવાનું શિકાર કરવાનો આવી અતીશય પાપી પ્રવૃત્તિ કરવા લાગ્યો.

સમય વિતતા ગામ મુકીને જંગલમાં નિવાસ કર્યા અને અધર્મને કારણે એક દિવસ ભયંકર દુઃખ ના દિવસો આવી ગયા. ખાવા-પીવાનું મળે નહી પોતાના જે માણસો હતા તે મુકીને ચાલ્યા ગયા. શરીરમાં રોગ-વેદના વધતી જતી હતી. તે સમયે પોતાનું પ્રારંભનું ધાર્મિક જીવન-પરિવાર ને યાદ કરીને ખૂબ જ રડવા લાગ્યો. આવા કુસંગના માર્ગે જવાથી તેને પોતાનો પરિવાર પણ ગુમાવી દીધો. પોતાના કર્મોને યાદ કરીને રડતા રડતાં બેભાન થઈ ગયો. જ્યારે ભાન આવ્યું ત્યારે ઉભો થઈ ને ભગવાને પોકારવા લાગ્યો તે સમયે તેના અંતરનો નાદ શ્રીહરિએ સાંભળીને ભગવદ્ ઈચ્છાથી તેને ચાર સંતોના દર્શન થયા ને અંતરમાં શાંતિનો છેરડો ફૂટ્યો. સંતો પાસે જઈ પોતાનું મસ્તક નમાવીને ચોંધાર આસુંએ રડવા લાગ્યો. ને પોતાના કર્મોનો ખુલાસો કર્યા તે સમયે સંતોએ

આશ્વાસન આપતા કર્યું ભાઈ ચિંતા ન કરીશ પ્રાયશ્ચિત એ ગંગા છે જે તને શુદ્ધ કરી રહી છે. માટે હવે ગામમાં જઈને નિવાસ કર તને આવતા જન્મે પ્રગટ ભગવાનનો યોગ થશે. આ જન્મે જેટલું શેષ જીવન બાકી છે તે પ્રભુ ભજનમાં વિતાવ.

સંતોના આશિર્વાદ લઈ ગામમાં આવીને એક જુના મકાનમાં નિવાસ કર્યો અને ભગવાન શ્રીહરિનું ભજન કરતા કરતા. કાળે કરીને તેનું શરીર પળી ગયું. અને મૃત્યુ પામ્યો.

### ● જોબનપગીનો બીજો જન્મ

આ ક્ષત્રીય બીજા જન્મમાં ભાયાભાઈ પગી અને વખતબાઈની કુખે વડતાલમાં સં. ૧૮૩૧માં જોબનપગીના નામે જન્મ ધારણ કર્યો. ભાયાભાઈ પગીને સં. ૧૮૩૪માં શંકરજી કરીને બીજા પુત્રનો જન્મ થયો. ત્યાર બાદ સુંદરજી અને દલાજી આમ ચાર પુત્રો હતા.

વડતાલ ગામમાં સારી એ પ્રજા ખુબજ ધાર્મિક અને પ્રામાણિક જીવન જીવનારી હતી. એકવાર ગામમાં વામમાર્ગી - મતપંથવાદીઓના બાવાઓ આવી પહોંચ્યા. અને સારાએ ગામમાં અધર્મના બીજ વાવી દીધા. આ બાવાઓના સંગે કરીને પગી જ્ઞાતીના લોકો અધર્મના માર્ગે વળી ગયા. જેમાં જોબનપગી ને પણ કુંસગનો પાસ લાવવાથી બુદ્ધિ ભષ્ટ્ર થઈ ગઈ. અને ચોરોનો સરદાર બની પ્રજાને લુંટવા લાગ્યો અને થોડા સમયમાં તો જોબન વડતાલનું નામ સારાએ ચરોતર પ્રાતમાં બાહરવટીયાની ગણતરીમાં આવી ગયું. સારો એ મલક આ જોબનના નામથી થર - થર ધ્રુજતો.

### ● જોબન વડતાલના સદ્‌ગુણો

જોબનપગી બહાવટીઓ હોવા છતા પૂર્વ જન્મના સંસ્કારોને લઈને તેનામાં હજી હૃદયનાં ઉંડે ખુણે થોડો સદાચાર હતો. જેમાં તે ક્યારેય સાધુ સંતોને લુટતો નહી. પોતાના આશરે કોઈ દુઃખી આવેતો તેને પોતાની પાસે રાખીને તેનું ભરણ પોષણ કરતો. વહુ-દીકરી ની ક્યારેય પણ આબરૂ લુંટવી નહી. પરસ્ત્રીનો ક્યારેય પણ સમાગમ ન કરવો. કોઈની ક્યારેય જાન લુટવાની નહી. એને જેને પોતાની બહેન માની

હોય તેને દર વર્ષે ભેટ મોકલતો. ભલે ગામને લુટે પરંતુ બ્રાહ્મણોને જમાડીને ગાયોને ઘાસચારાનું દાન કરતો. ભગવાનના મંદિરોમાં શીવાલયમાં દીપમાળાઓ કરાવીને સાધુને સીંગ સાકરનો પ્રસાદ વહેચતો અને વેપારી ઓની દુકાને જે હિસાબના ચોપડા હોય જેમાં ગરીબ લોકો વર્ષો સુધી તેનો ભરપાઈ ન કરી શકે એવા ચોપડા બજાર વચ્ચે ઠગલો કરી સળગાવી દેતો. તેથી ગરીબ લોકામાં તેની ખુબ ચાહના પણ હતી. જો પોતાના કોઈ પણ સગાસંબંધી આ નિયમોનું ઉલ્લંઘન કરે તો બંદુકની ગોળી થી તેને વીંધી નાખતો.

એકવાર જોબનપગી પોતાના સાથીદારો સાથે ખંભાતથી વડતાલ જતા હતા. એવામાં રસ્તામાં કોઈ ઉદેલ ગામનો વરરાજા પરણીને પોતાને ગામ પાછો આવતો હતો જ્યાં કોઈએ સમાચાર આપ્યા કે પાછળ જોબનપગી જાન લુંટવા આવે છે. ત્યારે જાનૈયાએ ગાડા ઝડપી દોડાવા લાગ્યા. જેમાં એક વૃધ્ધ જીવણદાસ ગાડામાંથી પડી ગયા તે વખતે જોબન પગી ત્યા આવી પહોંચ્યા અને જીવણદાસને લઈ ઉંદેલ ગામ આવ્યા. તેથી ગામ વાસી ડરી ગયા. ત્યારે જોબનપગી કહે હું ગામ લુંટવા નથી આવ્યો પરંતુ તમારા ગામના વૃધ્ધ જીવણદાસને મુકવા આવ્યો છું. જોબનપગીની આવી પ્રમાણીકતા જોઈ ગામવાસી ઓને પગી પર ખુબજ આદરભાવ થયો.

### ● ગોરક્ષક

એક દિવસ યાકુબખાન પઠાણ અને અલારખા મલેક આ બન્ને મુસલમાનોએ વડતાલના વીરા ભરવાડ અને બીજા ગામના લોકોની ગાયોના ઘણ ઉમરેઠ બાજું હાંકી ને લઈ ગયા. ત્યારે જોબનપગીનાં રૂવાડાં ઉભા થઈ ગયા અને ગાયોની રક્ષા માટે ઉમરેઠ આવ્યા પણ સમાચાર મળ્યા કે યાકુબખાન ગાયોને પોતાના દેશ બાલાસિનોરના કતલખાને લઈ જઈ રહ્યો છે.

અતિક્રોધમાં આવી ડભોલી ગામે યાકુબખાનના સૈન્યને જોબનપગીના સૈન્યએ આંતરી લીધું અને નક્કી કર્યું આજ તો કાં ગાયો પાછી લઈ જઈએ અને કાં તો ગાયો માટે કુરબાન થઈ જવું આવો નિર્ણય કરી ધીંગાણે રહ્યા તે યાકુબખાનને સૈન્ય સાથે

હરાવીને ગાયોના ધણને લઈને વડતાલ પાછા આવ્યા.

**● જોબન પગીની કળાઓ**

૧. સારા રાગ ગાઈ શક્તા
૨. પાઘડી સુંદર બાંધતા
૩. બીજાને ઓળખવાની અપાર શક્તિ, પારખુ લઈ શક્તા
૪. નાડી તપાસીને રોગને પારખી લેવાતા
૫. ન્યાય પણ ખુબ જ પ્રામાણિક કરતા.
૬. પાણીમાં સહેલાઈથી તરી શક્તા
૭. અને વાંજીત્રો પણ સુંદર વગાડતા.
૮. તસ્કર (ચોરી) કરવામાં પણ ખુબ જ નિપુણ હતા.

**● જોબનપગીના સાથીદારો**

ચરોત્તર અને ગુજરાત પ્રાંતમાં જોબનપગીના ૩૦૦ થી વધુ ગુપ્ત મથકો હતા જેમાં પ્રતેક જગ્યાએ પોતાના વિશ્વાસુ ગુપ્તચરો રાખેલા જે જોબનપગીને તમામ માહિતી આપતા અને તેના માટે પોતાનો જીવ પણ આપી દેવા તૈયાર થતા. દ્વારકાથી માંડી ને દક્ષિણમાં પુના સુધી તેના બહારવટા ચાલતા હતા.

(૧) મહીકાંઠા - ગમો અનગઢ (૨) કાનવાડી - કાનો કારસ્થાની (૩) ઓખામંડળમાં વસઈ - ભોજો ભરાડી (૪) પ્રભાસ પાટણ - સોમો સોરઠીઓ (૫) લીંબડી - કાળો કામળીઓ (૬) ગોહિલવાડ - ગેમો ગરડી (૭) લુણાવાડા - ઉકો ઉઠાણે (૮) સાંબરકાંઠા - લાખો વડગામો આમ તેના વિશ્વાસું ગુપ્તચરો આટલા વિસ્તારમાં ફેલાયેલા હતા. જોબનપગી નો અતિ નજીકનો વિશ્વાસુ રૂડિયો રખડું હતો. જે આગળ જતા ખુબજ મોટો સત્સંગી બન્યો જેમને રૂડા ભગત તરીકે ઓળખવામાં આવે છે.

**● નારાયણગિરી બાવા**

જોબન પગીના નાનપણના મિત્ર વડેઉ માતાના મઠના પુજારી નારાયણ ગિરિજી બાવા હતા. જેમની પાસેથી જોબન શુકન વિધા શીખેલા, જ્યારે કોઈ જગ્યા એ લુંટ કરવા જવાનું હોય અથવા લુંટનો માલ આવ્યો હોય તે બધુ કાર્ય આ વડેઉ માતાના મંદિરમાં થતું. બાવાજી ગામમાં

જઈ માતાજીના ગુણગાન ગાય અને જોબન પાછળથી ગામ લુટી આવતો. આમ નારાયણગિરિ બાવા અને જોબન પગી વચ્ચે ગાઢ મિત્રતા હતી.

વડોદરાના દિવાન બાબાસાહેબ અને બાપુભાઈ ગારદી જેવો ગાયકવાડ સરકારના પ્રધાનો હતા. અને ગાયકવાડ સરકારનું ૨૪૦૦ ગામમાં રાજ્ય હતું. જેમાંથી ૫૦૦-૫૦૦ ગામની ખંડણી આ બંને ઉઘરાવતા. એક વાર અમરેલી પંથકની ખંડણી ઉઘરાવી. અને ગાયકવાડની તીજોરીમાં ભરવા વડોદરા જતો હતો ત્યાં રસ્તામાં ગેમાં ગરાડીએ જોબન પગીને સમાચાર આપ્યા કે આઠ લાખની ખંડણી કરી વડોદરાના દિવાન બાબા સાહેબ ગાયકવાડની તીજોરીમાં જમા કરવા જાય છે. ત્યાં રસ્તામાં બાલાદિવાન ના સૈન્ય સાથે યુધ્ધ કરીને ગાયકવાડનું ખડણી કરેલુ ધન લુટીં લીધું. એવી જ રીતે ઓખામંડળની ખંડણી કરીને તિજોરી વડોદરા જતી હતી ત્યારે ભોજો ભરાડી એ જોબનપગીને સમાચાર આપ્યા કે ઓખામંડળનું ધન વડોદરા જાય છે. રસ્તામાં ઓખામંડળની તીજોરીને પણ પગી એ લુંટી લીધી.

વડોદરાની તીજોરી લુટવાના સમાચાર ગાયકવાડ સરકારને મલતા તેમને સુપરિટેન્ડેન્ટ ઘાટગે સાહેબ ને જોબન પગીને પકડવા મોકલ્યા ત્યાં બાતમીદારો થી ખબર પડતા. જ્યારે ઘાટગે સાહેબ દારૂપીને તંબુમાં સુતો હતો ત્યારે એક માણસે રીંછનું ચામડું ઓઢાડીને રાત્રે તંબુમાં મોકલીને ભરનિંદામાં સુતા ઘાટકેનું ગળુ કાપીને હત્યા કરી નંખાવી. આ પ્રસંગથી વડોદરાની સરકારમાંથી કોઈએ જોબન ને પકડવાનું બીડું ન ઝડપાયું અને સર્વેમાં જોબન પગીની ધાક વાગવા લાગી.

સરકારે એકવાર જાહેરનામું બહાર પાડ્યું કે જો જોબન પગી એકવાર પાઘ ઉતારીને મને પગે લાગે તો તેના તમામ ગુના હું માફ કરીશ અને મારો ઉપરી અધીકારી બનાવીશ. પરંતુ જોબનપગીને તેની વાત પર વિશ્વાસ ન આવ્યો. તેથી તેમણે સરકારને મળવાનું ટાળી દીધું. જો કોઈ જોબનપગીને મારવાની કોશીશ કરે તો રૂડિયો રખડું દ્વારા તે તેની હત્યા કરાવી દેતો. આમ જોબન પગીના નામથી સર્વેમાં ત્રાસ થઈ ગયેલો.

## ● જોબન પગીનો પરિવાર

જોબન પગીનાં લગ્ન ૧૪ વર્ષની ઉંમરે નાંદોલી ગામની માવજી રાઠોડની દીકરી તેજાબા સાથે થયા હતા. તેના પરિવારમાં પાંચ સંતાન હતા જેમાં મોટી પુત્રી ઉજતબા (૨) રળિયાતબા (૩) પુત્ર જગમાલજી (૪) પુત્ર અમરસંગ અને (૫) પુત્રી સુરજબા (સુરતબા) હતા જેમાં રળિયાતબા અને સુરજબા લગ્ન પછી પતીનો ત્યાગ કરીને આ જીવન બ્રહ્મચર્યનું પાલન કરી શ્રીહરિનું ભજન કર્યું હતું. મોટા પુત્ર જગમલજીના લગ્ન ભૃમેલના ક્ષત્રિય નાનાજીની દિકરી ઈજ્જતબા સાથે થયા હતા. ને નાનાપુત્ર અમરસંગના લગ્ન લીંબાસીના ચાવડા માલાજીની પુત્રી નાથીબા સાથે થયા હતા આ સમગ્ર પરિવાર શ્રીજીમહારાજ મળ્યા પછી ખુબજ મોટા સત્સંગી થયા હતા.

## ● જોબન પગીને પ્રથમવાર શ્રીહરિનું દર્શન

સંવત ૧૮૫૫ ફાગણસુદ-૧૨ના રોજ શ્રીહરિ વડતાલ પધાર્યા અને વહેલી સવારે તળાવમાં સ્નાન કરી હનુમાનજીની ડેરીએ બેઠેલા તે વખતે જોબન પગી સવારે વહેલો ત્યાંથી પસાર થતો હતો. ત્યાં તેને વર્ણીના દર્શન થયા અને તે સ્વરૂપમાં તેનું મન ખેંચવા લાગ્યું. પ્રભુ પાસે જઈ વંદન કર્યા. પરંતુ પાપના કારણે મનમાં એમ થયું કે આતો સાવ સુકાઈ ગયેલ છે તેમાં શું બળ હોય ? ત્યારે વર્ણી બોલ્યા જોબન અમારું માપ આ બ્રહ્માંડમાં કોઈ કાઢી શકે એમ નથી પોતાનું નામ દઈને બોલાવ્યો તેથી જોબન ને આશ્ચર્ય થયું દિવ્ય પુરુષ જાણી ઘરે લઈ જવાનો આગ્રહ કર્યા. ત્યારે વર્ણી કહે ઘરે આવું પરંતુ તારા પાપ એટલા બધા છે કે હું તમારા ઘરે કાંઈ જમીશ નહી. ત્યારે જોબન કહે આપને ઠીક લાકે તેમ કરો. શ્રીહરિ જોબનના ઘરે મેડી પર ગયા અને માટીની કોઠી જોઈ પૂછ્યું. જોબન આમાં શું ભર્યું છે ? ત્યારે જોબન કશુ બોલી શક્યો નહીં. તે જ્યારે એક માણસ મારે ત્યારે કોઠીમાં એક કાકરો નાખે. કોઠી ભરાઈ જવા આવી હતી. એટલી હત્યાઓ જોબને કરેલી. શ્રીહરિ અંતર્યામી રૂપે જાણીને બોલ્યા જે દિવસે ભગવાન લેખા લેશે તે દિવસે ત્રાહિમામ્ પોકારવો પડશે. આટલું કહીને વણીરાજ આગળ નિકળી ગયા.

## ● પહેલીવાર ચોરીમાં નિષ્ફળતા મળી

એકવાર વડતાલના ગામ ધણી બાપુભાઈના આમંત્રણને માન આપી શ્રીહરિ વડતાલ પધાર્યા ત્યારે જોબનને ખબર પડતા તેને મહારાજની ઘોડી ચોરવાનો સંકલ્પ કર્યો. કારણ કે એકવાર બાડરોલના પટેલે જોબનને કહેલું તું સ્વામિનારાયણની ઘોડી ચોરે તો સાચો તેથી જોબને એ પકડારને જીલી લીધો અને રાત્રીના સમયે ઘોડી ચોરવા ગયો ત્યારે બાપુભાઈના મોટા દિકરા રાયજીભાઈ હાથમાં તલવાર લઈ સામે આવ્યા ને કહ્યું જોબન અહીં કેમ આવ્યો છે ? ઘોડી ચોરવા માટે આવ્યો છું. ત્યારે રાયજીભાઈ કહે તું તો સાધુ બાવાને લુંટતો નથી ને હવે તારી નીતી ક્યાં ગઈ એમ તેને પડકાર કર્યા કે જો જોબન અમે તારાથી ડરતા નથી માટે પાછો વળી જાજે નહીં તો અહીં જ યુદ્ધ રમાઈ જશે. જોબનની જીંદગીમાં પહેલીવાર આવો કોઈએ પડકાર નાખ્યો તે જોબન ચોરી કરવા ગયેલોને પહેલી વાર ખાલી હાથે પાછો વળ્યો. પરંતુ હૈયામાં અતિ આઘાત લાગ્યો ને મનોમન નિશ્ચય કર્યા ગમેતે કરીને સ્વામિનારાયણની ઘોડી ચોરું તો હું જોબન વડતાલો ખરો.

જોબન ચોરી કરવા આવેલો તે સમાચાર બાપુભાઈને મળતા તે વડોદરા ફરિયાદ કરવા જતા હતા પરંતુ મહારાજે તેમને રોક્યા પટેલ રહેવા દો હવે જોબન ના પરિવર્તનના દિવસો નજીક છે તે મોટા ભક્ત બની અને વડતાલમાં મોટું ધામ બનાવીને વડતાલનું નામ વિશ્વમાં પ્રસિદ્ધ કરશે. આટલું સાંભળતા બાપુભાઈ અતિ રાજી થયા અને મહારાજ ત્યાંથી વિદાય થયા.

## ● જોબનને સત્સંગ

મહારાજે જેતલપુરમાં મુક્તાનંદ સ્વામીને કહ્યું કે વડતાલમાં મુમુક્ષો રહે છે માટે તમે ત્યાં જઈને સત્સંગ કરાવો. મહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી વડતાલ આવી કુબેરદાસભાઈ (બાપુભાઈ)ના ઘરે ઉતારો કર્યા ને કથા વાર્તા કરતાં હતાં ત્યાં નારાયણગર બાવો આવ્યો તેને સ્વામીમાં ભાવ થયો ને પોતાના માતાજીના મઠમાં લઈ ગયો. ત્યાં

સ્વામી કથા વાર્તા કરતા તે વખતે જોબન પણ ત્યાં આવ્યો ને સ્વામીની કથા સાંભળી હૃદયમાં મુક્તાનંદ સ્વામીનો ગુણ આવ્યો તેને સ્વામી પાસે વર્મમાન પણ ધારણ કર્યા પરંતુ તેના પાપ એટલા બધા હતા કે તેને અંતરમાં બહું શાંતી લેવા દે નહીં પણ સત્સંગની અસર હૃદય પરિવર્તન થવા લાગ્યું.

**● ડભાણ યજ્ઞના સમાચાર અને લાખો વડગામી**

શ્રીજીમહારાજે વિ.સ. ૧૮૬૬માં ડભાણમાં યજ્ઞનું આયોજન કરેલ જેમાં દેશો દેશથી અનંત હરિભક્તો આવેલા તે સમાચાર મહિસાગરના કિનારે રહેતા લાખો વડગામી અને રૂડિયો રખ્ડુ એ જોબન પગીને આપ્યા ત્યારે જોબન કહે આજે અવસર મળ્યો મારે સ્વામિનારાયણની માણકી ઘોડી ચોરવી છે. ત્યારે લાખો કહે જોબન બીજા કાઠી દરબારો પણ આવશે તેમને લુંટી શું. તો ઘણો માલ મળશે. ત્યારે જોબન કહે, મારે તો માત્ર માણકી ઘોડી ચોરવી છે. બાકી તમારે જેમ ઠીક લાગે તેમ કરો. કારણ ત્યાં અંગ્રજે સરકારની ચોકી અને ઘોડાસરના જાલમસિંહ રાજાની દસહજાર ભીલોની ચોકી છે. માટે જો ચોરી કરતા પકડાયાતો ઘીંગાણું થશે માટે વેષ પલટો કરીને સર્વે ચોરી કરવા જાઓ.

આવા સારા સમાચાર મળવાથી જોબન પગીએ રૂડીયા રખ્ડુ અને લાખા વડગામીને કહ્યું તમે પંખી મારી ને લઈ આવો આજ તો આ ડાયરાને જલસો કરાવો છે ત્યારે લાખો વડગામી કહે જોબનભાઈ મને માફ કરો. મારાથી આ પાપ નહી થાય કારણ ૧૦ વર્ષ પહેલા મને એક બાલુડા જોગી સાબરમતી નદી ના કિનારે હું માછલા મારીને જોળીમાં ભરતો હતો. ત્યારે વર્ણી મળેલા અને કહ્યું કે આવા પાપ છીદ ને કરે છે. એમ કહી બધા જ માછલા જીવતા કરી. નદીમાં મોકલી દીધા. ત્યારે મે કહ્યું અમે શું ખાઈએ તો ત્યારે જોગીએ કહ્યું. પેલા શિકોતરના મંદિરની ઉગમણી કોરે ખોદજે એમાંથી જેટલી જોઈએ એટલી જાર મળશે તેના રોટલા કરી બીજી વહેચી લાવીને જમજે. ને ગરીબોને ખવડાવજે. જ્યાં સુધી દુકાળ ચાલશે ત્યાં સુધી તને ઝાર મળશે. ત્યારે મે ં તે જોગીને ઘરે

આવવા બહુ જ આગ્રહ કર્યા. પરંતુ તે ઘરે ન આવ્યા ને સાબરમતીના પ્રવાહમાં ચાલી ગયા. તે આજ સુધી એ મનોહર મૂર્તિ વિસરાતી નથી. તેમને મને જતાં-જતાં કહેલું કે ક્યાંય પણ જીવડા મારતો નહી માટે તે દિવસથી મે નિયમ લીધો છે કે ક્યારેય પશુ, પંખીની જીવહિંસા હું કરતો નથી. એ જોગીના પ્રતાપે મને કાયમ અન્ન મળી રહે છે. ત્યારે આ વાત સાંભળી જોબન પગી કહે મને પણ આશરે ૧૦ વર્ષ પહેલા એક જોગી મળેલા તે આજ સુધી ભુલાતા નથી ને મળતા પણ નથી. એમ કહી રૂડીયા રખડું ને પક્ષી મારવા મોકલ્યો તે અંનંત પક્ષીઓની હતા કરીને લાવ્યો ને બધાએ ભેગા મળીને દારૂ, માંસ, ખાંધુ-પીધું અને ડભાણયજ્ઞમાં ચોરી કરવા માટે પહોચ્યા.

**● ડભાણયજ્ઞમાં જોબન પગીનું હૃદય પરિવર્તન**

ડભાણમાં યજ્ઞનો પ્રારંભ થયો અને ત્રણ ચાર દિવસ પછી જોબન પગી માણકી ચોરવા માટે ડભાણમાં આવ્યો. રાત્રીનો સમય થયો એટલે ડભાણીયા આંબાની ઘાટી છાયામાં વેશ પલટો કરીને જોબન પગી સંતાઈ ગયો જયારે મધ્ય રાત્રીનો સમય થયો ત્યારે ઘોડી ચોરવા ઘોડશાળમાં પ્રવેશ કર્યા ત્યાં તો મહારાજ ને ઘોડીની બાજુમાં ઉભા દર્શન થયા. જોબન આ દશ્ય જોઈ પાછો જઈને સંતાઈ ગયો કલાક પછી જયારે પાછા આવીને જોય તો મહારાજને ફરીથી માણકી ઘોડી પર હાથ ફેરવતા જોયું એમ કરતાં કરતાં સવાર થઈ ગયું. ત્યાં પોતાના ઉતારે પાછો ગયો. બીજા દિવસે મધ્યરાત્રીએ ઘોડી ચોરવા માટે આવી ગયો અને એજ પ્રમાણે મહારાજનું દર્શન થયું. સાત વખત રાત્રે પ્રયત્ન કર્યા પરંતુ માણકી ચોરવાનો કોઈ જ ઉપાય ન મળ્યો. ને જોબનને એમ થયું કે હજી સ્વામિનારાયણ સુતા નથી ? માટે પ્રતિતી કરવા ઉતારે જઈને જોયું તો મહારાજ સુતા હતા. ઘોડશારમાં આવીને જોયું તો મહારાજ માણકી ઘોડી પર હાથ ફેરવતા હતા. આવુ દર્શન કરી જોબનપગી આવાક બની ગયા. એમ કરતા સવાર થવા આવ્યું ને અંતરમાં અફસોસ થવા લાગ્યો.

ત્રીજા દિવસે તો મરણીયો પ્રયાસ કરીને પણ ઘોડી ચોરવી એવો

સંકલ્પ કરી જોબન રાત્રીના સમયે આવ્યો નક્કી કર્યું આજ તો જો માણકી ન મળે તો બીજી ચાર-પાંચ ઘોડી ચોરી લઉ. જ્યાં મધ્ય રાત્રીએ ઘોડશાળામાં પ્રવેશ કર્યા ત્યાંતો ઘોડીએ ઘોડીએ મહારાજનું દર્શન થયું ને જોબનનું મન વિભાંત થઈ ગયું. આંખો ચોળવા લાગ્યો. કે આ સત્ય છે કે સ્વપ્નુ છે. પ્રતિતી કરવા ઉતારે ગયો તો મહારાજ સંતો ભક્તો સાથે વાતો કરે. યજ્ઞશાળામાં ગયો ત્યાં દર્શન, રસોડામાં ગયો ત્યાં મહારાજનું દર્શન, સર્વે જગ્યાએ મહારાજના દર્શન થતા અને જોબન પગીના અંતરની આંખો ઉઘડી ગઈ. ત્રણે અવસ્થાના કરેલા પાપ ત્રણ દિવસ મહારાજનું સતત દર્શન કરીને બળી ગયા. આંખમાંથી આંસુઓ વહેવા લાગ્યા ત્યારે જોબન પગીના ભાઈ સુંદરજી પગી બોલ્યા જોબનભાઈ તમે જ્યારે બાપુભાઈના ઘરે ઘોડી ચોરવા ગયા હતા. ત્યારે મેં કહેલું આ મનુષ્ય નથી ભગવાન છે માટે આમના શરણે જઈ ગુનાઓથી છુટવાનુ હોય ગુનાઓ કરાય નહી. આટલી વાત સાંભળી ને જોબનપગીનું હૃદય પરિવર્તન થયું. અને બીજા દિવસે વિ.સ. ૧૮૬૬ પોષ સુદ-૧૦ ના રોજ સવારે જોબન પગી જે સભામાં મહારાજ બીરાજમાન હતાં ત્યાં ગયા ત્યાં તો કાઠી દરબારોએ હોકારો પાડ્યો ચેતજો જોબન આવે છે સર્વે કાઠીઓએ તલવારો ખેંચી ત્યારે મહારાજ કહે કાઠીઓ આજે જોબન લુંટવા નહી લુંટાવા આવે છે. આંખમાં ચોધાર આસુંએ જોબન મહારાજના પગમાં આવીને પડ્યા ને મહારાજને વિનંતી કરી કે મારા ગુનાને માફ કરી તમારા શરણે લો.

ત્યારે શ્રીહરિ કહે જોબન અમે એક વાર તને વર્ણી વેષે મળેલા તે દિવસથી તારા ભાગ્યનો ઉદય થયેલો આજે તારા તમામ ગુના માફ છે. એમ કહી મહારાજે જોબન પગીને વર્તમાન ધરાવ્યા ને કહ્યું આજથી પાપનો માર્ગ મુકીને સત્સંગના માર્ગ જોડાઈ જાઓ. આમ જોબન પગી બહારવટીયું મૂકીને ભક્તરાજ જોબનપગી થયા. શ્રીજી મહારાજે ભગુજી પાસે લાડું મંગાવીને કહ્યું- લો ભક્તરાજ જોબન જમો.''

## મહાપ્રભુ છેકેવા ઉદાર, ચોર ચોરનો જેસરદાર
## લાડુ આપી કર્યું બહુ માન, એવો કોણ બીજો ભગવાન

### ● જોબનપગીના ઘરે મહારાજ

ડભાણ યજ્ઞમાં સત્સંગી થયા પછી જોબનપગીએ મહારાજને પ્રાર્થના કરી કે મારે ઘરે પધારો. ત્યારે શ્રીજીમહારાજ કહે જોબન અમે તમને વણી વેષે વચન આપ્યું હતું કે તમારા ઘેર જરૂર આવીને રાત્રી રહીશું. અત્યારે તમે અહીં યજ્ઞની ચોકી કરો પછી વડતાલ આવશું.

યજ્ઞની પૂર્ણાહુતી થઈ પછી મહારાજ કહે જોબન તમે વડતાલ જાઓ અમે વડતાલ આવશું. મહારાજની રજા લઈ જોબન પગી વડતાલ જવા નિકળ્યા રસ્તામાં વિચાર આવ્યો કે જો ખરેખર શ્રીહરિ ભગવાન હોય તો હું જાઉં એ પહેલા મારા ઘરની મેડીએ મને દર્શન આપે તો ભગવાન સાચા.

જ્યાં જોબન પગીએ વડતાલમાં પ્રવેશ કર્યા અને પોતાનાં ઘર તરફ ગયા તો મહારાજને મેડીએ જોયા ને મહારાજ બોલ્યા જોબન વહેલા નિકળ્યા છતાં મોડા કેમ આવ્યા ? આ શબ્દ સાંભળી જોબન ને અતિ આનંદ થયો. ને ઘોડી પરથી કુદકો મારી મહારાજને દંડવત કરવા લાગ્યા.

બજારમાં નાચવા લાગ્યા તે જોઈ આખું ગામ જોવા આવ્યું. ત્યારે જોબનપગીના પત્ની તેજાબાએ પોતાની દિકરીઓને કહ્યું આ શેનો અવાજ છે. ત્યારે બંને દિકરીઓ કહે કોઈ બાવો મેડીએ બેઠો છે. ત્યારે જોબન પગીના માં વખતબા કહે એ બાવો નહીં પણ પ્રગટ ભગવાન છે. જેને આપણા જોબનને સત્સંગી બનાવ્યો.

ત્યારે જોબનપગીએ શ્રીજીમહારાજનું ભવ્ય સ્વાગત કરી વડતાલમાં પોતાના ઘરે પધરાવ્યા ને સારાએ વડતાલમાં સમાચાર ફેલાઈ ગયા કે સ્વામિનારાયણે જોબન બહારવટીયાને ભગત બનાવી દીધો. ને ગધેડાની ગાય કરી દીધી.

## રામાયણનાં સુમંત ભાઈચંદશેઠ બન્યા

પૂર્વે સુમંત્ર નામે એક શ્રીરામચંદ્ર ભગવાનના પ્રિય મિત્ર હતા. તેઓ વ્યાવહારિક કામકાજમાં હોશિયાર હતા અને શ્રીરામને માટે તો પ્રાણ આપવા પણ તત્પર હતા. જેઓ વનવાસ વખતે શ્રીરામ સાથે ગયેલા અને પ્રભુએ તેમને ગંગાકિનારેથી પાછા મોકલ્યા હતા.

રજોગુણી મનુષ્યોના સંપર્કથી તેમની પ્રકૃતિ પણ રજોગુણી થઈ ગઈ હતી. અને તેથી જ તેમને શ્રીરામના ચરણારવિંદ ની પૂજાનો સમય ન રહ્યો. જ્યારે અંત સમય આવ્યો ત્યારે ખૂબજ પસ્તાવો કરવા લાગ્યા કે હું શ્રીરામ ચરણની સેવા કરી શક્યો નહી. તે વખતે શ્રીરામ ત્યાં પધાર્યા. તેમનાં દર્શન માત્રથી પીડા બધી શમી ગઈ. ઉત્તમ આસન ઉપર ભગવાન શ્રીરામને પધરાવીને તેઓ વિનયથી પગે લાગ્યા.

પછી બોલ્યા, હું અત્યારે કૃતાર્થ થઈ ચૂક્યો છું કારણ કે મારી દૃષ્ટિ આગળ મને આપના દર્શન થી રહ્યા છે. હું દેહત્યાગ કરી રહ્યો છું. પણ છેલ્લે મારા મનમાં એક પ્રકારે ઘણું દુઃખ રહી જાય છે. ''મારાથી આપના ચરણકમળની પૂજા - સેવા થઈ શકી નહિ.'' આટલું બોલ્યા પછી બે ઘડી સુધી શ્રીરામના ચરણકમળમાં માથું મૂકીને તેઓ ઊંચેથી રડવા લાગ્યા. ભગવાન શ્રીરામે જ્યારે સુમંત્રને અત્યંત ખિન્ન (દુઃખી) જોયા ત્યારે તેમનું ગળુ પણ સ્નેહના આંસુઓથી ગદ્‌ગદ્ થઈ ગયું. સર્વોત્તમ શ્રીરામે ધીમે રહીને સુમંત્રને આશ્વાસન આપ્યું અને ''અતિ શોક કરવો સારો નથી'' તેમ કહીને તેઓ અમૃત કરતા પણ સુમધુર વાણી બોલ્યા.

શ્રીરામ કહ્યું, ''આ ભૂમિ ઉપર મનુષ્ય દેહધારીને સાક્ષાત્ ભગવાન'' વિચરતા હોય ત્યારે તેમના મહિમાને યથાર્થ રીતે સમજનારા તો કોઈ વિરલાજ હોય છે. તમને અત્યારે જે અમારી પ્રાપ્તિ થઈ છે. તેનું ફળ ભવિષ્યનાં જન્મમાં થશે. આવતા જન્મે જયારે હું આ ભુમિ

પર પ્રગટ થઈશ ત્યારે મારી સેવા - સમાગમનો સંપૂર્ણ યોગ પ્રાપ્ત થશે. શ્રીરામના આટલા વચનો સાંભળી હૃદયમાં શાંતી થઈ અને શ્રીરામનું દર્શન કરતાં - કરતાં સુમંત્રે પોતાના દેહનો ત્યાગ કર્યો. અને બીજા જન્મમાં સુરતની અંદર ભાઈચંદ શેઠ રૂપે અવતર્યા.

### ● સુંમત ભાઈચંદ્ર શેઠ થયા

શ્રી રામના અનન્ય સેવક સુમંત બીજા જન્મે જયારે સુરતમાં ભાઈ ચંદ શેઠ રૂપે જન્મ ધારણ કર્યો ત્યારે વૈશ્ય વણીક ના ઘરે જન્મેલા, સુરતની બજારમાં શેઠની દુકાન હતી. શેઠને સત્સંગ હતો નહી માટે જયારે સ્વામિનારાયણ ભગવાનના સંતો ભીક્ષાવૃત્તિ કરવા શેઠની દુકાન આગળથી નિકળે ત્યારે શેઠ તેમને ગાળો આપી તીરસ્કાર કરતા પરંતુ સંતો કાયમ તેમના જીવનું કલ્યાણ થાય એવી મહારાજને પ્રાર્થના કરતા એક દિવસ જયારે સંતો ભિક્ષા વૃત્તિ કરવા જતાં હતા ત્યારે શેઠ ને કોધ આવ્યો ને પોતે ત્રાજવામાં વજન કરવાના પાંચ શેરીયા નો છુટો ઘા કર્યા પ્રભુ કૃપાથી તે પાંચશેરીયો સંતો ના મસ્તક ઉપરથી નિકળી ગયોને સંતોને વાગ્યું નહી. સંતોએ આવીને મુક્તાનંદ સ્વામીને વાત કરી હે સ્વામી આ ભાઈચંદ શેઠનો ત્રાસ દિવસે દિવસે વધતો જાય છે. ત્યારે સ્વામી કહે જો હવે શેઠ કોઈપણ વસ્તુ છુટી મારે તો તમે ભીક્ષા સમજીને સાથે લેતા આવજો.

બીજા દિવસે જયારે સંતો ત્યાંથી પ્રસાર થયા ત્યારે શેઠે સંતોને ભાજીના ડાંલખા છુટા માર્યાને તે લઈ સંતો મુક્તાનંદસ્વામી પાસે આવ્યાને સ્વામીએ તેને લોટમાં નાખી ગોળા કરી મહારાજને ધરાવિને સંતોને કહ્યુ જમતા- જમતા સંકલ્પ કરો કે ભાલચંદ શેઠ ને સત્સંગ થાય અને જીવનું રૂડું થાય. તેથી સર્વે સંતોએ મહારાજને પ્રાર્થના કરી. આ બાજુ જયારે ભાલચંદ શેઠ ઘરે જઈને સુવાની તૈયારી કરે ત્યારે અંતરની આંખ ઉગડી ગઈને પસ્તાવો થવા લાગ્યો કે આવા પવિત્ર સંતોનું મે અપમાન કર્યું હવે તો આવતી કાલે એમને સીધુ આપીને રાજી કરું. બીજા દિવસે જયારે સંતો ત્યાંથી પ્રસાર થતા હતા ત્યારે શેઠ લોટ લઈ સંતો સામે આવ્યા. પહેલી નજરે તો સંતો ને થયું આજતો શેઠ સામેથી માર

મારવા આવ્યા છે પરંતુ શેઠની આંખમાં મમતા જોઈ સંતો ઉભા રહી ગયાને શેઠે સંતોને લોટ આપ્યો.

તોય હજી શેઠને મનમાં શાંતી ન થઈ મેં આવા પવિત્ર સંતોને કાચુ સીધુ આપ્યું ? કાલે તો લાડવા જમાડું તો જ શાંતી થાય અને બીજા દિવસે લાડુની રસોઈ આપી અને મુક્તાનંદ સ્વામીએ મહારાજની વાત કરીને શેઠ સત્સંગના રંગે રંગાઈ ગયા.

ભાઈચંદ્રશેઠના પિતા જાદવજીભાઈ શેઠ ચુસ્ત વૈષ્ણવ હતા પ્રથમ તો તેમને આ વાત ગમી નહી પરંતુ જ્યારે ભાઈચંદ્ર શેઠે મહારાજની વાતો કરી ત્યારે તેમને પણ કંઠી ધારણ કરી સત્સંગી બનીગયા. જ્યારે તેમના સમાજને નાત ને આ ખબર પડી તે દિવસે બધાએ ભેગા મળી શેઠના ઘરે આવી સત્સંગ-મુકાવા ખુબ પ્રયત્નો કર્યા પરંતુ શેઠે સત્સંગ મુક્યો નહિ અંતે નાતીલાઓએ ભાઈચંદ શેઠ - લાભચંદ શેઠ, લલ્લુભાઈ ચોક્સી આદી અનેક વણીક સત્સંગીઓને નાત બહાર મક્યા. આ ભક્તોએ નાતની બહાર રહેવાનું પસંદ કર્યું પણ સત્સંગ મુક્યો નહી.

એકવાર અમદાવાદમાં જ્યારે લોલંગર બાવાઓના ત્રાસથી મહારાજે સંતોને સુરત મોકલ્યા ત્યારે મુક્તાનંદ સ્વામીને મહારાજે નાના લાલજી આપીને એમ કહ્યું સ્વામી અમે આ લાલજીમાં રહીને તમને દર્શન આપી તમારા મનોરથ પૂર્ણ કરીશું. એ લાલજીનું સ્વરૂપ લઈ સંતો સાથે સ્વામી સુરત શહેર આવ્યા ત્યાં આઠમહિના સુધી રોકાઈ સત્સંગ કરાવ્યો. જ્યારે ગઢપુરથી મહારાજનો કાગળ આવ્યો ત્યારે સંત મંડળ સાથે મુક્તાનંદ સ્વામી ગઢપુર જવાની તૈયારી કરતા ત્યારે સુરતના ભક્તો દુઃખી થયા એટલે સ્વામીએ તેમને મહારાજના આપેલા લાલજી પૂજવા આપ્યા સંતો ગઢપુર આવી ગયા. ભાલચંદ શેઠના મનમાં વિચાર આવ્યો આતો પ્રસાદીના લાલજી કહેવાય એટલે શેઠે ભક્તોને સાથે રાખી રામપરા વિસ્તારમાં નાનુ મંદિર બનાવી અને લાલજીની સ્થાપના કરી જે આજે પણ દર્શન આપી રહ્યા છે.

એક દિવસ દિવળીના સમયમાં લાલજી મહારાજનો અન્નકુટ કરવાનો હતો તેથી ભાઈચંદ શેઠ બજારમાં શાકભાજી લેવા ગયા. જેમાં

સુરતી પાપડી લેવા એક બકાલી પાસે ગયા બજારમાં બીજે ક્યાંય સુરતી પાપડી હતી નહી એજ સમયે બીજા એક શેઠ ત્યાં આવી ગયા બંને એ પોતાના ઈષ્ટદેવ માટે સુરતી પાપડી નીમાંગ કરી બકાલી પાસે માત્ર ૧ કિલો પાપડી હતી અને તેના બે આના ભાવ હતો. ભાઈચંદ શેઠ કહે મને આપ તને હું ત્રણ આના આપું. બીજા એક કહે મને આપ તને તું ચાર આના આપુ. આમ કરતા બોલી બોલાવા લાગી અને બે આનાની પાપડી પચ્ચાસ રૂપિયે પહોચી ગઈ. પણ ભાઈચંદ શેઠ પાછા નવવ્યા બીજા શેઠ પાપડી લીધા વિના પાછા વળ્યા ભાઈચંદ શેઠે પચ્ચાસ રૂપિયા આપી પાપડી મહારાજના અન્નકૂટ માટે લીધી ત્યારે બીજા ભક્તો કહે શેઠ આવું કેમ કર્યું ? ત્યારે શેઠ કહે ભગવાન અર્થે આખું બ્રહ્માંડ બોળવું પડે તો એ પણ સસ્તુ કહેવાય, આ પચ્ચાસ રૂપિયાની શું કિમ્મત ? જેનો ઉપયોગ ભગવાન અર્થે ન થાય એ કશું જ આપણા કામનું નથી.

સુરતના અદરેશર પારસી કોટવાળા હતા. જ્યારે તેમને સુરત શહેર મુકવાનું થયું ત્યારે ભાઈચંદ શેઠ તેમના મિત્ર હોવાથી મળવા ગયા. તે સમયે અદરેસર પારસીને બરાસ કપુરના હાર ભાઈચંદ શેઠને આપ્યા ત્યારે શેઠને થયું આ તો મહારાજને અર્પણ કર્યા હોય તો ? ત્યારે શેઠનો હૃદયનો પવિત્ર ભાવ જોઈ બીજા ભક્તો પણ શેઠ સાથે ગઢપુર આવ્યા અને મહારાજને બરાસ, કપુરના હાર પહેરાવ્ય ત્યારે મહારાજના આ સ્વરૂપનું પ્રેમાનંદ સ્વામીએ વર્ણન કર્યું છે. બરસકપુરના હારથી મહારાજ ખુબ રાજી થયા અને અદરેસર પારસી ભાઈચંદ શેઠના યોગે કરી સત્સંગી બન્યા.

ભાઈચંદભાઈ શેઠને મહારાજમાં ખુબ જ ભાવ હતો માટે વારે વારે સંતો અને મહારાજને રસોઈ આપી જમાડતા.

**"શેઠ સુરતના ભાઈચંદે' હતી દીધી રસોઈ આંનદે** (હરિ લીલામૃત)
**જલેબી અને મોતીયા લાડુ, બીજા શાક લાવ્યા ભરી ગાડું** (હરિ લીલામૃત)
**પ્રભુ પોતે જીવન જમી થાળ, પછી સંતને પીરસેકુપાળ,** (હરિ લીલામૃત)

સદ્‌ગુરુ વર્ય નિષ્કુળાનંદ સ્વામીએ ભાઈચંદશેઠને ખુબ જ વખાણ્યા છે.

**"વડાજન છે વણિક, ધન્ય ધન્ય ભક્ત ભાઈચંદ શેઠ"**

## રંતિદેવરાજા બોચાસણના કાશીદાસ રૂપે થયા

ચંદ્રવંશી રાજાઓમાં એક સંકૃતિ નામે રાજા થયા હતા. તેના પુત્ર રંતિદેવ નામે રાજા થયા હતા કે જેનો પવિત્ર યશ જગતમાં ઘણો જ પ્રસિદ્ધ છે. બધી જગ્યાએ લોકો પાસેથી આજે પણ સાંભળવા મળે છે કે રંતિદેવ રાજા ખૂબજ દયાળુ હતા. સ્વયં ભૂખ્યા રહીને પણ દુઃખી માણસના દુઃખને સ્વયં સમજતા હતા અને જે પોતા પાસે હોય તે આપીને તેના દુઃખોને ટાળતા હતા. પોતના ઔરસ (પરણેલી પત્નીથી જન્મેલી પ્રજા ઔરસ કહેવાય છે.) સંતાનોની જેમજ રાજ્યની બધી જ પ્રજાનું તેઓ રક્ષણ કરતા હતા. સૂર્યવંશી રઘુરાજાની જેમ તેણે યજ્ઞમાં પોતાનું સર્વસ્વ આપી દીધું. તેથી તે નિષ્કિંચન થઈ ગયા. તેથી પાસે કાંઈ ન રહ્યું. વસ્તુના અભાવથી દુઃખી થઈ ગયેલા રંતિદેવને ખાધા પીધા સિવાયના અડતાલીશ દિવસ વીતી ગયા. ઓગણ પચાસમે દિવસ કુટુંબવાળા રંતિદેવ રાજાને સવારમાં સારું ભોજન મળ્યું.

રાજાનું કુટુંબ દુઃખી હતું. ભૂખ અને તરસથી શરીર ધ્રુજતું હતું. આવેલું ભોજન જમવા ચાહતા હતા. તેવા સમયમાં એક બ્રાહ્મણ અતિથિ આવ્યો. રાજાના હૃદયમાં શ્રદ્ધા હતી, તેણે સર્વત્ર ભગવાનની ભાવનાથી અને આદરભાવથી બ્રાહ્મણને ભોજન આપ્યું. તે જમીને ચાલ્યો ગયો. વધેલું અન્ન જમવા ઈચ્છા કરી, તેટલી વારમાં વળી બીજો એક ભૂખ્યો શૂદ્ર આવ્યો. પોતાને માટે તૈયાર કરેલું ભોજન ભગવાનને સંભારીને તેને આપી દીધું. તે શૂદ્ર જમીને ગયો તેટલીવારમાં કેટલાક કૂતરાંને સાથે લઈને એક અન્ય શૂદ્ર આવ્યો અને તેણે કહ્યું કે હે રાજન્ ! હું અને મારા કૂતરાઓ બધા ભૂખ્યા છીએ. અમને ભોજન આપો. પછી રંતિદેવ રાજાએ બચેલું બધુંજ અન્ન આદરભાવથી તેને આપી દીધું અને કૂતરાઓને

તથા કૂતરાના માલિકને પ્રમાણ કર્યા.

હવે રાજા પાસે કેવળ પ્રાણને સંતોષવા માટે થોડું પાણી જ બચ્યું હતું. તે પાણી પીવા ઈચ્છા કરે છે તેટલી વારમાં એક ચંડાળ આવ્યો અને તેણે કહ્યું મહારાજ ! હું અશુભ છું, તરસ્યો છું, મને પાણી આપો.

અત્યંત દીનહૃદયવાળા એ માણસની કરુણાજનક માગણી સાંભળીને રાજાના મનમાં એકદમ દયા વ્યાપી ગઈ. પછી તેણે અમૃતના જેવું અત્યંત સુંદર વાક્ય ઉચ્ચાર્યું.

‘‘હું પરમેશ્વર પાસે કોઈ ઊંચી સદ્ગતિ નથી માગતો, કોઈ સિદ્ધિ નથી માગતો. અરે ! ચાર પ્રકારની મુક્તિને પણ નથી માગતો. હા, હું એક જ બાબત માગું છું કે સમગ્ર પ્રાણીઓના હૃદયમાં મને નિવાસ મળે, જેનાથી તે તે દેહધારીના બધા દુઃખોને હું ભોગવું અને તે સહુ નિર્દુઃખ અર્થાત્ ઘણા જ સુખી રહે. જે દુઃખોથી જન સમુદાય પીડાય છે અને શરીરમાંથી પ્રાણ નીકળી જાય છે, જીવવા ચાહતા આ દયનીય મનુષ્યને મેં જીવનરૂપ પાણી આપ્યું. તેથી તેના બધા જ દુઃખ ટળી ગયા છે. કરુણામય, પૃથ્વી જેવા ધીર અને તરસથી પીડાતા રંતિદેવ રાજા મરી જાય તેવી સ્થિતિમાં હતા છતાં તેણે ઉપર કહ્યા તેવા વચન બોલીને તે પાણી માગનારા તરસ્યા માણસને તે પીવાનું પાણી આપ્યું.

આ રીતનો રાજાનો પ્રાણીઓમાં આત્મવત્ ભાવ જોઈને ત્રિલોકીના ઈશ્વરો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરે રાજી થઈને તેને પોતાના સ્વરૂપનાં દર્શન આપ્યા. રાજાએ ત્રણે દેવોને પ્રણામ કર્યા. તેમણે યથેષ્ટ વરદાન માગવા કહ્યું પણ રાજા અન્ન કે જળના પ્રત્યે નિઃસ્પૃહ રહ્યા. નિઃસંગ થઈને તેણે ત્રણે દેવો પાસે ‘‘મને ભગવાન વાસુદેવના સ્વરૂપમાં ભક્તિ થાય’’ આવો વર માગ્યો. રંતિદેવ રાજાએ પરમેશ્વરના સ્વરૂપમાં ચિત્ત જોડ્યું. બીજી બધી ભાવનાઓ-વાસનાઓ તજી દીધી. તેથી તેજસ્વી સૂર્ય આગળ જેમ રાતનો નાશ થાય છે તેમ તેની અનાદિ કાળની રહેલી બધી જ માયા-અવિદ્યા નષ્ટ થઈ ગઈ. જેમ જનકરાજાની સાથે રહેતો તેનો અનુયાયી વર્ગ જ્ઞાની થઈ ગયો હતો તેમ રાજા રંતિદેવનો અનુચરવર્ગ પણ રાજાના સમાગમથી ભગવદ્ભક્ત થઈ ગયો હતો.

રંતિદેવ પરોક્ષરૂપમાં પરમાત્મા શ્રીહરિનું ભજન કરતા હતા, તેના મનમાં આવો સંકલ્પ થયો કે ''મને સર્વ સુખદાતા તે પરમાત્માના સાક્ષાત્ દર્શન કઈ રીતે થાય ? જે સર્વબીજોનાકારણોના પણ કારણ છે, જેનું સ્વરૂપ મન અને વાણીને અગોચર છે, જેના અસંખ્ય અવતાર પ્રત્યેક યુગમાં થાય છે. સામાન્ય જનતા જેમ વરસાદની માગણી કરે છે અથવા ગામડાના લોકો પોતાના સમ્રાટને પોતાને ગામ-ઘેર લઈ જવા ચાહતા હોય છે તેમ બ્રહ્મા આદિ દેવેશ્વરો પુરુષોત્તમને પોતાના બ્રહ્માંડમાં પધારવા પ્રાર્થના કરતા હોય છે. ભગવાનનું ધ્યાન ભજન પૂજા ઈત્યાદિ કરવાવાળા જ મોટા ભક્ત છે. જો પરબ્રહ્મ પુરુષોત્તમ મને મળે તો હું મહાન ભાગ્યશાળી કહેવાઉ અને તેમનું ભજન કરું. તે સમયે આકાશવાણીએ જવાબ આપ્યો તમે પ્રગટ ભગવાન આવતે જન્મે પ્રાપ્ત થશે. આવી આકાશવાણી સાંભળીને રંતિદેવ રાજા ખૂબ જ પ્રસન્ન થયા. તે કાળે કરીને ભૌતિક શરીરને છોડીને દિવ્ય ગતિ પામ્યા.

જ્યારે અક્ષરાધિપતિ પુરુષોત્તમ પોતાના મુક્તોને સાથે લઈને ભૂમિ ઉપર પ્રકટ્યા ત્યારે તે જાણીને તે રંતિદેવ પણ તે સમયમાં જ બોચાસણ ગામમાં વૈશ્ય પરિવારમાં કાશીદાસ પટેલ રૂપે જન્મ ધારણ કર્યો.

## ● કાશીદાસનો જન્મ

ચરોતર પ્રદેશમાં બોચાસણ ગામે પાટીદાર કાનદાસ પટેલ રહેતા હતા. તેમના ઘરે એક મુમુક્ષુ પુત્રનો જન્મ થયો, જે કાશીદાસના નામથી ઓળખાયા. (તેઓ પૂર્વના રંતીદેવરાજા હતા) ગુજરાત પ્રદેશના અગ્રગણ્ય ભક્તોમાં કાશીદાસની ગણના થતી હતી.

## ● વર્ણી વેશે પ્રથમ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ વર્ણીવેશે તીર્થાટન કરતા કરતા બોચાસણ પધાર્યા. ગામથી બહાર એક રળિયામણું તળાવ હતું. એ તળાવની પાસે જ નાનકડી ઝૂંપડી હતી.એ ઝૂંપડીમાં એક બાવાજી રહેતા હતા. વર્ણીએ આજની રાત્રિ આ સુંદર જગ્યામાં જ વિતાવવી એવું નક્કી કર્યું.

બીજા દિવસે સવારના સમયે કાશીદાસના પિતાજી કાનદાસભાઈએ

પોતાને ઘરે બ્રાહ્મણોની ચોરાશી કરેલી, એટલે તળાવના કિનારે રહેતા બાવાજીને જમવાનું નોતરું આપવા માટે પોતાના પુત્ર કાશીદાસને મોકલ્યા. કાશીદાસ તળાવે આવ્યા, ત્યાં એમની નજર બાવાજીની સાથે ધ્યાનાવસ્થામાં બેઠેલા બટુક બ્રહ્મચારી ઉપર પડી. મૃગચર્મ ઉપર ધ્યાનાવસ્થામાં બેઠેલા વર્ણીનું સ્વરૂપ જોઇ કાશીદાસ થોડીવાર ત્યાં જ ઊભા રહી ગયા. વર્ણીનાં દર્શન કરતાં જ અંતરમાં કંઇક અલૌકિક અનુભવ થવા લાગ્યો.

નાનકડા બટુક બ્રહ્મચારી પણ આપણા ઘરે જમવા પધારે, એવા વિચાર સાથે કાશીદાસે બાવાજીની સાથે સાથે નીલકંઠવર્ણીને પણ નોતરું આપ્યું. જમવાના સમયે બાવાજી અને નીલકંઠવર્ણી કાશીદાસને ઘરે પધાર્યા. કાશીદાસના માતુશ્રી નાનીબાઈ સારા મુમુક્ષુ હતા. એમની નજર નાનકડા બ્રહ્મચારી ઉપર પડી. બ્રહ્મચારીના દર્શન માત્રથી જ એમનું ચિત્ત આકર્ષિત થઈ પરમ શાંતિને પામ્યું. મનમાં થયું, આ કોઈ સાધારણ બ્રહ્મચારી નથી, કોઈ અલૌકિક મહાપુરુષ છે. પછી સૌની સાથે વર્ણી જમવા બેઠા. બ્રાહ્મણોએ લાડુ, શાક, દાળ-ભાત વગેરે ભોજન પીરસ્યું. ભોજનમાં લસણની ગંધ આવવાથી વર્ણી કંઇ જમ્યા નહીં, ફક્ત ભાતના બે ગ્રાસ લઇ ઊભા થઇ ગયા.

નાનીબાઈ કારણ જાણી ગયા તેથી ઘરમાંથી દૂધ લેવા ગયા, પરંતુ દૂધ ન હતું તેથી ખાલી હાથે બહાર આવ્યા. ત્યાં નીલકંઠ બોલ્યા, “મા ! તાજું દૂધ દોહીને આપો.” નાનીબાઇ કહે, “પણ, કવેળાએ ભેંસ થોડું દૂધ આપે ?” વર્ણી કહે, “તમે વાસણ લઇને જાઓ, ભેંસ જરૂર દો’વા દેશે.” વર્ણીના વિશ્વાસે નાનીબાઇ ભેંસ દોહવા ગયા. આંચળ પકડી જ્યાં ખેંચ્યા ત્યાંતો દૂધની શેડ્યો ફૂટી. થોડીવારમાં આખી તપેલી ભરાઇ ગઇ. આશ્ચર્ય સાથે નાનીબાઇએ તાંસળીમાં દૂધ ગાળી નીલકંઠને આપ્યું. નીલકંઠ દૂધ અને ભાત જમ્યા અને વિદાય લીધી.

નીલકંઠ તો કાશીદાસના ઘરેથી નીકળી ગયા, પણ સાથે સાથે ઘરના સભ્યોનું ચિત્ત પણ લેતા ગયા. કાનદાસ, કાશીદાસ તથા નાનીબાઇના મનમાં સતત એ ભૂરી જટાનો માથે અંબોડો, અણિયાળી આંખો, આજાન

ભૂજાઓ, મુખ ઉપરના આછા આછા હાસ્યવાળી એ મૂર્તિ જ રમ્યા કરે છે. ખાવું- પીવું- સૂવું સર્વ ક્રિયામાં એ વર્ણીની મૂર્તિ જ દેખાયા કરે છે. અહોર્નિશ એમને એક જ રટના લાગી હતી કે "એ બ્રહ્મચારીનાં દર્શન ફરીથી ક્યારે થશે ? આટલી નાની બાલ્યાવસ્થામાં આવા તેજસ્વી તપસ્વી કોઈ પણ સ્થળે જાણ્યા-જોયા નથી.

**● મહારાજનાં સ્વરૂપમાં દૃઢનિશ્ચય**

સમય જતાં ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો વિચરણ કરતા બોચાસણ પધાર્યા. સંતોની ક્રિયાઓ જોઈ કાશીદાસને ગુણ આવ્યો. બીજા બાવાઓ કરતાં આ સાધુઓ સારા છે, એવું માની કાશીદાસ સંતોની વાતો સાંભળવા સભામાં આવ્યા. સંતોના મુખે થતી પ્રગટ ભગવાનની વાત સાંભળી કાશીદાસના અંતરમાં અજવાળા થવા લાગ્યા.

સંતો પાસે વર્તમાન ધરાવી સત્સંગ સ્વીકાર્યો. થોડા દિવસ રહી સંતો નીકળી ગયા, પણ કાશીદાસના અંતરમાં એ પ્રગટ પુરુષોત્તમનાં દર્શનની ઝંખના લાગી. તેથી બોચાસણના થોડા ભક્તોને સાથે લઈ કાશીદાસ મહારાજનાં દર્શને ઉપડ્યા. રસ્તામાં જાણ્યું કે ભગવાન શ્રી સ્વામિનારાયણ અત્યારે લોયામાં બિરાજે છે, તેથી કાશીદાસ લોયા આવ્યા. એ સમયે લોયામાં શાકોત્સવ ચાલી રહ્યો હતો.

મહારાજ પોતાના હાથે રીંગણાનું શાક બનાવતા હતા. મોટા મોટા તપેલામાં વઘાર લેવાતો હતો. મહારાજ વઘાર દેતા જાય, હલદર-મરચું નાંખતા જાય અને હાથ વસ્ત્રોએ લૂછતા જાય. આ પ્રમાણે કોઈ રસોઈયો હોય તેવી સ્થિતિમાં મહારાજનાં દર્શન કરતાં કાશીદાસને વિચાર થયો કે, આમને ભગવાન કેમ કહેવાય ? મારો ફેરો નિષ્ફળ ગયો. આવા સંકલ્પના તરંગો મનમાં ઉછળવા લાગ્યા.

અંતર્યામી પ્રભુ કાશીદાસના સંકલ્પને પારખી ગયા. થોડીવાર પછી મહારાજ સભામાં પાટ ઉપર બિરાજમાન થયા. દેશ-દેશાતંરના ભક્તો મહારાજનાં દર્શને આવે છે, દર્શન કરી સભામાં બેસી રહ્યા છે. એ વખતે કાશીદાસ સભામાં આવ્યા.

કાશીદાસને જોઈ મહારાજે તેમનું નામ લઈ બોલાવ્યા, પાસે બેસાર્યા

અને વાત કરવા લાગ્યા, “ભક્તો ! કોઈક માણસ પગે ચાલી માર્ગમાં અનેક દુઃખો સહન કરતો હજાર ગાઉનું અંતર કાપી કાશીની યાત્રાએ ગયો હોય, ત્યાં ગંગાજીનું પાણી ડોળાયેલું જોઈને તેમાં સ્નાન ન કરે, પાણી પીએ નહીં અને પાછો ઘેર ચાલ્યો આવે, તેને કેવો જાણવો ?”

મહારાજની આ રીતની વાત સાંભળીને કાશીદાસના મનમાં આશ્ચર્ય થયું. આ તો મારાં અંતરની વાત જાણી ગયા. માટે આ સ્વામિનારાયણ પોતે જ સાક્ષાત્ ભગવાન છે, મારો સંશય દૂર કરવા જ આ વાત કરી છે. જો આટલી વાત મેં ન સાંભળી હોત, તો હું મોટો મૂર્ખ ગણાત.

એ જ વખતે મહારાજનાં શરીરમાંથી દિવ્ય પ્રકાશ નીકળવા લાગ્યો. મહારાજનાં દિવ્ય તેજસ્વી રૂપનાં દર્શન કરીને ભક્તજનો ધન્ય થઇ ગયા અને ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા.

પછી કાશીદાસ મહારાજના દઢ નિશ્ચય સાથે ઘરે ગયા. પોતાનાં માત-પિતા વગેરે સગા-સંબંધીઓને મહારાજના પ્રતાપની બધી વાતો કરી અને તેમને પણ શ્રીજી મહારાજનાં સ્વરૂપનો દઢ નિશ્ચય કરાવ્યો.

**● બાર ગામમાં સત્સંગ**

કાશીદાસ મહારાજના એકાંતિક ભક્ત બન્યા. હવે તેઓ વધારે ને વધારે મહારાજ તથા સંતોના દર્શન-સમાગમમાં પોતાનો સમય વિતાવવા લાગ્યા. અવારનવાર પોતે મહારાજનાં દર્શને જાય અથવા સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી જેવા મોટા મોટા સંતોને બોચાસણ તેડાવે અને પોતે સત્સંગ કરે તથા ગામના લોકોને પણ સત્સંગ કરાવે.

આમ કાશીદાસ પોતે તો સત્સંગે રંગાયા, પરંતુ શ્રીજી મહારાજ તથા સંતોના રાજીપાથી પોતાનાં દિલમાં સત્સંગ ઉત્કર્ષની અદ્‌ભૂત ભાવના જાગી. આ જગતમાં જે સજ્જન-ધનવાન મનુષ્યો હોય એ હમેશા પોતાને પ્રાપ્ત થયેલી સંપત્તિનો ઉદાર મને સદ્‌વ્યય કરી, જે રીતે લોકોનું હિત થાય તેમ કરતા રહે છે. એ જ રીતે પ્રભુના સાચા ભક્તો પણ આ દુઃખાલયમાં ખદબદતા સાંસારિક જીવોને ભગવાન સન્મુખ કરવાનું સાચું

માર્ગદર્શન આપી, સર્વદુઃખનાં મૂળ રૂપ માયિક બંધનો તથા આસક્તિ તોડાવી શાશ્વત સુખના અધિકારી બનાવે છે. એ ન્યાયે ભક્ત કાશીદાસે પણ અનેક જીવોને ભગવત્ સન્મુખ કરવા લોકોને સત્સંગનો મહિમા સમજાવી સત્સંગપ્રચાર કરતા રહેતા.

ઘરકામ, ખેતીકામ વગેરે વ્યવહારના જે કાંઈ કામ હોય તે ઝડપથી આટોપી, પોતાનો એકો લઈ ચરોતરનાં ગામોમાં સાધુની માફક ફરતા. અજાણ્યા, સગાં-સંબંધી કે મિત્રો, જે મળે તેને મહારાજના પ્રગટપણાની વાતો કરતા, મહારાજનો મહિમા સમજાવતા અને મનુષ્યદેહની દુર્લભતા કહી દેખાડતા.

બળભરી અને નિષ્ઠાપૂર્વકની વાતો કરી કાશીદાસે બાર ગામમાં મહારાજની પધરામણી કરાવી સત્સંગ કરાવ્યો હતો અને મહારાજના રાજીપાના અધિકારી બન્યા હતા.

**● હરિદાસ બાવો**

ચરોતર વિસ્તારમાં એક બહુ પ્રતિષ્ઠિત હરિદાસ નામે બાવો હતો. મંત્ર-તંત્ર-જંત્ર-કામણ-ટુમણ જાણનારો આ બાવો ભારે ઠાઠ-માઠ સાથે ગુજરાતમાં ફરતો. તેની જમાતના ૬૦ ગાડાં સાથે રહેતા. ઊંટગાડી અને ઘોડાગાડીની સવારી કરતો, સાથે મોટી ફોજ રાખતો અને ગામડે-ગામડે વિચરણ કરતો. ગામડાંના અભણ અને અજ્ઞાની લોકોને મંત્ર-તંત્રના પ્રયોગો કરી હેરાન કરતો. મેલી સાધનાના મેલા પ્રયોગો કરી, લોકોને ડરાવી એમણે અનેક લોકોને વશ કર્યા હતા.

એ હરિદાસ બાવો ફરતો ફરતો જમાત સાથે બોચાસણ આવ્યો. કાશીદાસના સત્સંગપ્રચારના આવા વિશાળ કાર્યના સમાચાર સાંભળી હરિદાસ બાવાને થયું, ‘કાશીદાસની સમાજમાં સારી પ્રતિષ્ઠા છે. જો એ મારો શિષ્ય બને, તો કાશીદાસને માનનારા લોકો પણ મારા શિષ્ય બને અને સમાજમાં મારી પ્રતિષ્ઠા વધે.’

પોતાની પાસે રહેલી મેલી વિદ્યાનો એને ગર્વ હતો. એના મનમાં એમ કે કાશીદાસને બોલાવી મંત્ર-તંત્ર વડે વશ કરી લઉં અને મારા ટોળામાં ભેળવી દઉં. એવા વિચાર સાથે એમણે કાશીદાસને બોલાવ્યા.

કાશીદાસે આવી સાધુ જાણી નમસ્કાર કર્યા. બાવાએ કાશીદાસને પાસે બેસાડ્યા અને મંત્રના પ્રયોગ કરવા માંડ્યો.

મેલી વિદ્યાના પ્રયોગો કરતો બાવો કાશીદાસ ઉપર મંત્રેલા દાણા નાખે છે, પણ કાશીદાસને કશું થતું નથી. પોતાની પાસે જે અવિદ્યા હતી તે તમામનો પ્રયોગ કરી જોયો, પણ મહારાજની કૃપાથી કાશીદાસને કશું થયું નહીં. તેથી હરિદાસ બાવાને અત્યંત ક્રોધ ચડ્યો. ક્રોધના આવેશમાં તેણે પોતાની સૌથી શ્રેષ્ઠ જીવલેણ મેલીવિદ્યાનો પ્રયોગ કરી કાશીદાસ ઉપર દાણા નાખ્યા અને ધૂધકારી મારી જોરથી પોતાની જટા ધુણાવી ત્યાં તો મેલી શક્તિ નાની બાળકીનું ભયંકર રૂપ ધરી બાવા સામે હાજર થઈ. બાવે ભ્રકુટી ચઢાવી હાકલ મારી કહ્યું, 'શું જોઈ રહી છો, આ કાશીદાસને આખે આખો ભરખી જા.'

બાવાની આજ્ઞા થતા તે શક્તિ કાશીદાસ પાસે દોડીને ગઈ. કાશીદાસ તો બાવાના ખેલને જોતા જોતા, મનમાં મહારાજને સંભારતા સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરતા હતા. એ મંત્રના જપથી કોઈ અલૌકિક તેજ કાશીદાસના શરીરમાંથી પ્રગટી રહ્યું હતું. એ તેજના સામર્થ્ય સામે શક્તિને પોતાનું સામર્થ્ય સાવ ફિક્કું લાગ્યું. કાશીદાસની રક્ષામાં રહેલા અલૌકિક તેજને જોઇ તે શક્તિ ડરી ગઇ અને દોટ મૂકી હરિદાસ બાવા ઉપર પડી. પોતાની વિદ્યા વડે બોલાવેલી શક્તિ પોતાના ઉપર જ પડી, તેથી તે બાવો બળીને ખાખ થઈ ગયો. પોતાના ગુરુને આમ ભડ ભડ સળગતો જોઇ તેની આખી જમાત જીવ બચાવીને ભાગવા લાગી. થોડીવારમાં બાવાનું ટોળું વેરવિખેર થઇ ગયું. આ રીતે મંત્ર-જંત્ર ને કામણ-ટુમણ જાણનાર બાવા થકી મહારાજે કાશીદાસની રક્ષા કરી.

**● ભૂલની ઓળખાણ**

કાશીદાસને શ્રીજી અને સંતો ઉપર અત્યંત પ્રેમભાવ હતો. જો થોડા દિવસ મહારાજ તથા સંતોનાં દર્શન ન થયા હોય તો કાશીદાસને દર્શનની તડપ લાગે. તેથી કોઈને કોઈ ઉત્સવમાં કે ધંધાને નામે ગઢડા પહોંચી જતા અને થોડા દિવસો રોકાઇ સેવા-સમાગમ કરતા.

કાશીદાસ તમાકુનો વેપાર કરતા હતા. એક દિવસ તમાકુના ગાડાં

ભરી વેપાર કરવા ગઢડા આવેલા. ગઢડાની બજારમાં તમાકુ વેચે અને સમય મળે ત્યારે મહારાજનાં દર્શન-સમાગમ કરે. આ વખતે કાશીદાસને આવ્યાના ઝાઝા દિવસ થઈ ગયા એટલે શ્રીજી મહારાજે પૂછ્યું, "કેમ કાશીદાસ ! તમાકુ વેચાઈ ગઈ ?"

કાશીદાસ કહે, "હા મહારાજ ! સાથે લાવ્યો હતો તે બધી તમાકુ વેચાઈ ગઈ." મહારાજ કહે, "તો પછી હવે ઘરે જાઓ." કાશીદાસ કહે, "મહારાજ ! તમાકુ તો વેચાઈ ગઇ છે, પરંતુ હજુ ઉઘરાણી બાકી છે." આમ બહાના કાઢીને કાશીદાસ મહારાજનાં દર્શને બે-ચાર દિવસ વધારે રોકાયા.

એક વખત મહારાજ વડતાલ પધારેલા. અહીં મહારાજે વીસ દિવસ રહી મોટો ઉત્સવ કર્યો. ઉત્સવમાં દેશદેશાંતરથી અનેક ભક્તો પધારેલા. ઉત્સવ પૂરો થયો, પણ કાશીદાસ દેખાણા નહીં. વીશ દિવસ વિત્યા પછી કાશીદાસ બોચાસણથી વડતાલ દર્શન કરવા આવ્યા ને મહારાજને કહેવા લાગ્યા, "મહારાજ ! આપ ઘણા સમયથી બોચાસણ પધાર્યા નથી, માટે આ વખતે તો તમારે જરૂર પધારવું પડશે."

મહારાજ મીઠો ઠપકો આપતા કહે, "તમે તો ચોર કોટવાલને ડાંટે એવી વાત કરો છો. અમે અહીં વીશ દિવસથી આવ્યા છીએ. અહીં મોટો સમૈયો પણ કર્યો, પરંતુ તમે તો અહીંથી નજીક રહો છો છતાં ઉત્સવમાં આવી શક્યા નહીં. અને હવે અમને બોચાસણ તેડાવો છો ?" કાશીદાસને પોતાની ભૂલ સમજાણી એટલે તે કહે, "માફ કરજો મહારાજ ! પણ..."

મહારાજ કહે, "હવે પણ ને બણ નહીં ચાલે. તમે સમૈયામાં જેટલા ભક્તો આવ્યા હતા તેનાં દર્શન ગામડે ગામડે જઈને કરી આવો." કાશીદાસ હસીને કહે, "મહારાજ ! કોઈ કચ્છના તો કોઈ કાઠિયાવાડના એમ દેશદેશના સત્સંગીઓ હોય, એ દૂર દૂરના ગામોમાં હું ક્યાંથી જઈ શકું !" મહારાજ કહે, "કાશીદાસ ! તમને ખબર છે, કે તમારે કેટલી ખોટ ગઈ? સમૈયામાં આવ્યા હોત તો અનેક એકાંતિક સંતો-ભક્તોના સહેજે દર્શન થાત !"

કાશીદાસે બે હાથ જોડી નમ્રતાથી મહારાજ પાસે માફી માગતા કહ્યું,

"કૃપાનાથ ! તમે બહુ કૃપા કરીને મારી ભૂલ ઓળખાવી. હવે આવી ભૂલ ક્યારેય નહિ થાય." આ રીતે મહારાજે કાશીદાસની ભૂલ ઓળખાવી.

**● કાશીદાસ જેલમાં**

કાશીદાસ ભાગીદારીમાં તમાકુનો વેપાર કરતા. એકવાર ભાગીદાર સાથે પૈસા બાબત મોટો વાંધો પડ્યો. કહેવાય છે ને કે 'ભગતને ને જગતને ફાવે નહીં.' ભગત વ્યવહારે ભોળા અને સામેનો વ્યાપારી થોડો માથાભારે. તેણે ખેડા પોલીસમાં કાશીદાસ વિરુદ્ધ ખોટી ફરિયાદ કરી. કાશીદાસને કોર્ટનું તેડું આવ્યું અને અંતે એમને જેલની સજા થઈ.

કાશીદાસ જેલમાં પૂરાયા. ધર્મ-નિયમની અચળ દઢતાવાળા એકાંતિક ભક્તને ભક્તિમાં વિઘ્ન થવા લાગ્યું. જેલમાં ના'વાની અસુવિધાને કારણે પૂજા-પાઠ થયા નહીં. પૂજાપાઠ વિના સાત દિવસ પસાર થઈ ગયા. પૂજા વગર તેમણે અન્ન-જળ પણ લીધું નહીં.

એ વખતે ગઢપુરમાં સમૈયો હતો. કાશીદાસ વારંવાર શ્રીહરિનું સ્મરણ કરી આર્તસ્વરે પ્રાર્થના કરતા હતા. 'હે મહારાજ ! મને આપનાં દર્શનનો લાભ નહિ મળે ? અરે વ્યવહારની ચુંગાલે મને કેદમાં ધકેલ્યો. અહો...પ્રભુ ! તમારી મનોહર મૂર્તિનાં હવે મને ક્યારે દર્શન થશે ? જો આ જેલમાં ન પૂરાણો હોત તો સંતો-ભક્તોનાં દર્શન થાત, આપની અમૃતવાણીનું શ્રવણ થાત. એ દિવ્ય સુખનો અલૌકિક અદ્‌ભૂત આનંદ આજે મારા ભાગ્યમાં નથી.' આ રીતે કાશીદાસ એકાગ્રવૃત્તિથી મહારાજની મૂર્તિમાં જોડાઈ પ્રાર્થના કરતા રહેતા.

પોતાના ભક્તની પ્રાર્થના સાંભળી ભક્તવત્સલ ભગવાને જેલના અધિકારીઓના હૃદયમાં પ્રેરણા પૂરી. અધિકારીને એમ થયું કે, કાશીદાસે સાત સાત દિવસથી અન્ન-જળ લીધાં નથી. આમ ભૂખ્યા અને તરસ્યા ક્યાંક મરી જશે તો કોર્ટમાં શું જવાબ દેશું ?

એમ વિચારી અધિકારીઓએ બે પોલીસની સાથે કાશીદાસને ખેડી નદીમાં નાહવા મોકલ્યા. પોલીસો કાંઠે બેઠા અને કાશીદાસ નદીના ધરામાં નાહવા લાગ્યા. પોતાની મનોવૃત્તિ તો શ્રીહરિની મૂર્તિમાં જોડાયેલી હતી. પાણીમાં ડૂબકી મારીને જેવા બહાર નીકળી આંખો

ખોલી, ત્યાં તો સામે ગઢડું શહેર અને પોતે ઘેલાના ધરામાં ઊભા હતા. આ દૃશ્ય જોઇ કાશીદાસને આશ્ચર્યનો કોઈ પાર ન રહ્યો. પછી કાશીદાસ દાદાના દરબાર તરફ જવા નીકળ્યા.

આ બાજુ દાદા ખાચરના દરબારમાં સમૈયો ચાલી રહ્યો છે. દેશદેશના હરિભક્તો મહારાજના દર્શને આવે છે. એમાં કાશીદાસના માતા-પિતા પણ મહારાજનાં દર્શન કરવા આવ્યાં. અંતર્યામી મહારાજ કાનદાસ અને નાનીબાઇને જોઇ બોલ્યા, "ભક્તો ! કાશીદાસ કેમ દેખાતા નથી ! એ તમારી સાથે નથી આવ્યા ?"

માતા-પિતા દુઃખી હૃદયે બોલ્યા, "મહારાજ ! કાશીદાસ માથે મોટી આફત આવી છે અને અત્યારે એ જેલમાં છે." આ વાત ચાલે છે, ત્યાં કાશીદાસ સભામાં આવી મહારાજને દંડવત્ કરવા લાગ્યા. કાશીદાસને જોઇ તેમના માત-પિતા ખૂબ રાજી થયા. કાશીદાસે પોતે કઇ રીતે અહીં પહોંચ્યા તેની વાત કરી.

થોડા દિવસ કાશીદાસ અહીં જ રોકાયા. સમૈયો પૂરો થયો. સર્વ સત્સંગીઓ પોતપોતાને ગામ જવા લાગ્યા. પણ કાશીદાસ પાછા જાય નહીં.

મહારાજ કહે, "કાશીદાસ ! હવે તો સમૈયો પૂરો થયો, તમારા માત-પિતા સાથે ઘરે જાવ."

"નહિ મહારાજ ! હું બોચાસણ જઈશ, તો તૂર્ત જ પોલીસ પકડીને પાછો મને જેલમાં પૂરી દેશે."

મહારાજ કહે, "તમે ઘરે જાવ, અમે તમારી રક્ષા કરીશું."

કાશીદાસ મહારાજની આજ્ઞાથી ઘેર ગયા. અધિકારીઓને ખબર પડતા,

તેમને પકડીને સીધા ખેડા લઈ ગયા. ત્યાં અમલદારોએ પૂછ્યું, "કાશીદાસ ! જે હોય તે સાચી વાત કહેજો. તમે નદીમાં ડૂબકી મારી પછી દેખાણા જ નહીં ને ભાગી ગયા. તે ક્યાં ગયા હતા ?"

કાશીદાસ નમ્રભાવે બોલ્યા, "સાહેબ ! હું ભાગી ગયો નહોતો, પણ સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી ખેડી નદીમાં ડૂબકી મારી અને નીકળ્યો ગઢડા ઘેલા નદીમાં. આ વાત સાચી છે. આપને મનાય કે ન

મનાય, પરંતુ આ તો મારા ઉપર ભગવાનની કૃપા થઈ. અને જો હું ભાગી જ ગયો હોત, તો પાછો શા માટે આવું ?'' અમલદારોએ કાશીદાસની વાત ઉપર પૂરેપૂરો વિશ્વાસ રાખી સામાવાળાને કહી દીધું કે, ''કાશીદાસ પાસે તમે લેણું માગતા હતા, તે હવે ભૂલી જાવ.''

વ્યપારી કહે, ''એમ કેમ ભૂલાય ! કાશીદાસ પાસેથી વસૂલ કરાવો.''

અમલદાર કહે, ''કાશીદાસ ભગવાનનો સાચો ભક્ત છે, માટે ભગવાન સ્વામિનારાયણે તેની રક્ષા કરી. અને હા, જે કાશીદાસ પાસે તમે પૈસા માગો છો તે તો ખેડી નદીમાં ડૂબીને મરી ગયો એમ માનો. આવો માણસ ક્યારેય ખોટો વ્યવહાર કરે નહીં. તમે લોકો જ પ્રપંચી છો, માટે આ કેસ કાઢી નાખવામાં આવે છે.''

આ રીતે શ્રીહરિની કૃપાથી કાશીદાસની આબરૂ જળવાઈ રહી અને વિપત્તિ દૂર થઈ.

**● દિવ્યરૂપે આગ ઓલાણી**

મહારાજની કૃપાથી કાશીદાસ વ્યવહારે સુખી થયા હતા. એમણે પોતાને રહેવાની ત્રણ માળની લાકડાની સુંદર હવેલી બનાવી હતી. એક દિવસ કોઈ કારણવશાત્ કાશીદાસની એ હવેલી ભડભડ સળગવા લાગી. હવેલી લાકડાની, તેથી અગ્નિ એટલો ઝડપથી વધી ગયો કે આખી હવેલીને ઝપટમાં લઈ લીધી. કાશીદાસ અને તેમના પરિવારના સર્વ સભ્યો તો બહાર નીકળી ગયા, પણ એ લોકોએ હવે આ હવેલી બચશે એવી આશા છોડી દીધી.

એ સમયે કાશીદાસ મહારાજનું આર્તસ્વરે કરીને ભજન કરવા માંડ્યા અને અગ્નિ ઠારવાના જે કાંઈ ઉપાય સૂઝે એ કરવા લાગ્યા. ગામના માણસો પણ હાથમાં જે વાસણ આવ્યું તે લઈ પાણી ભરી ભરીને આગ ઓલવવા દોડ્યા, પણ આ લાકડાની આગ એમ થોડી ઓલવાય !

ગામલોકોએ પણ હવેલીને બચવાની આશા છોડી દીધી અને કાશીદાસ તથા એમના પરિવારને આશ્વાસન આપવા લાગ્યા. પરંતુ આ બાજુ કાશીદાસ તો આર્તસ્વરે મહારાજની પ્રાર્થના કરે છે.

એ જ વખતે સર્વ ગામ લોકો જૂએ એમ આકાશમાંથી પાણીના ધોધ

વછૂટ્યા. બધા લોકો ઉપર જોવા માંડ્યા કે આ પાણીના ધોધ આવે છે ક્યાંથી ? ત્યાં સર્વ લોકોને આકાશમાં સેંકડો સાધુઓ તથા ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતે મોટા મોટા તુંબડામાંથી પાણી રેડીને દિવ્ય રૂપે આગ ઓલવતા હોય એવાં દર્શન થયાં. લોકોને તો અતિ આશ્ચર્ય થયું કે, આટલા બધા સંતો આવ્યા ક્યાંથી ?

થોડીવારમાં આગ ઓલવાઇ ગઇ. કાશીદાસની હવેલીની રક્ષા થઇ. આ પ્રસંગ પ્રત્યક્ષ નિહાળ્યા બાદ ગામલોકોને કાશીદાસ પ્રત્યે અધિક પ્રેમભાવ પ્રગટ થયો. આવી રીતે શ્રીજી મહારાજે કાશીદાસની અનેક વખત રક્ષા કરી હતી.

## ઋભું ઋષિ નારાયણાનંદ વર્ણી રૂપે અવતર્યા

પૂર્વે બ્રહ્માને એક ઋભુ નામે પુત્ર હતા. સ્વયં તપસ્વી હતા. તપસ્વીઓમાં સર્વોત્તમ હતા અને તેમનું વ્યક્તિત્વ સર્વ સદ્ગુણોથી સુશોભિત હતું. તેમણે નિરંતર સર્વશ્રેષ્ઠ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત પાળ્યું હતું. તેઓ જ્ઞાન અને વિજ્ઞાનથી પરિપૂર્ણ હતા તથા અહંતા મમતાથી રહિત હતા. પરમેશ્વરના સ્વરૂપમાં પોતાના મનને એકાગ્ર રાખીને તે મહાત્મા બેઠા હતા ત્યારે એક એવો સંકલ્પ થયો. બ્રહ્માદિ ઈશ્વરો પણ જેની પ્રાર્થના કરે છે અને જેની મનુષ્યલીલા પણ દિવ્યતાથી ભરી હોય છે, આવા અક્ષરાધિપતિ ભગવાન પુરુષોત્તમનો સમાગમ મને કઈ રીતે થાય ? લક્ષ્મીજી આદિ પણ જેને ચાહે છે એવી તેમની સેવા છે, કે જે મનના મેલને ધોઈ નાખે છે અને જીવાત્માનો સંસારથી મોક્ષ કરે છે, તે સેવા મને કેમ પ્રાપ્ત થાય ?

તેઓ આવો પવિત્ર વિચાર (સંકલ્પ) કરતા હતા તેને અક્ષરાધિપતિ પરાત્ પર પુરુષોત્તમ શ્રીહરિએ જાણ્યો અને તેમને આકાશવાણી દ્વારા કહ્યું. શ્રીઅક્ષરાધિપતિએ કહ્યું, ‘‘બ્રહ્મા આદિ દેવોની પ્રાર્થનાથી મારા એકાંતિક ભક્તોને સુખી કરવા, સમસ્ત ઐશ્વર્ય શક્તિ લઈને, ધર્મદેવથી ભક્તિદેવીમાં હું જ્યારે પ્રાદુર્ભાવ પામીશ. ત્યારે તમે મુમુક્ષુઓને ઉપદેશ આપવા બ્રાહ્મણના રૂપમાં જન્મશો અને હું તે સમયે ગઢપુરમાં રહેતો

હોઈશ. ત્યાં તમે મને મળશો.

ભગવાને જ્યારે આવું કહ્યું ત્યારે શ્રીઋભુ ખૂબ જ રાજી થયા. પોતાને ધન્ય ભાગ્ય માનવા લાગ્યા અને પોતાના આશ્રમ સ્થાનમાં જ રહ્યા અને શ્રીહરિના પ્રાદુર્ભાવની પ્રતીક્ષા કરવા લાગ્યા.

ભગવાન શ્રીહરિના વહાલા ઋભુ ઋષિ સ્વયં ત્રિકાળજ્ઞાની હતા. તેથી તેમને ખ્યાલ આવ્યો કે ભગવાન પુરુષોત્તમ ભૂતળ ઉપર અવતર્યા છે. પછી તેઓ ભાલ પ્રદેશના ખસ્તા (તા. ધંધુકા જિ. અમદાવાદ) ગામના બ્રાહ્મણ પરિવારમાં જન્મ્યા. જન્મ પછીના તેમના પરંપરાગત જાતકર્માદિ બધ સંસ્કાર અનુક્રમે થયા. અને "શ્રીનારાયણ શર્મા" આવે નામે દુનિયામાં પ્રખ્યાત થયા. યજ્ઞોપવીત સંસ્કાર પામ્યા પછી તેઓ અંગોએ સહિત વેદ ભણ્યા. પૂર્ણ શુભ સંસ્કારી તેઓ, ચુંબક તરફ ખેંચાતા લોહની જેમ સત્વરે શ્રીહરિના સ્વરૂપમાં આકર્ષાર્યા અને તેમની પાસે જઈને રહ્યા.

શ્રીહરિને પોતે પૂર્વે કહેલું વચન સત્ય કરવું હતું. વળી શ્રીનારાયણ શર્માના શુભાશયને સ્વયં જાણવા હતા. તેથી તેમને વાસુદેવીય ભાગવતી દીક્ષા આપી અને તેમનું "શ્રીનારાયણનંદ વર્ણી" આવું નામ રાખ્યું. પછી શ્રીહરિએ તેમને પોતાની સેવામાં રાખ્યા. અને પિતા જેમ પોતાના ઔરસપુત્રને સુખી રાખે તેમ શ્રીહરિ શ્રીવર્ણી નારાયણાનંદજીને પોતના સાન્નિધ્યનું સુખ આપવા લાગ્યા.

એક સમયે શ્રીહરિને "સ્નાન કરવા પધારો" એવી પ્રાર્થના કરી. પછી શ્રીહરિએ પોતાના સંત હરિભક્તોને સાથે લીધા. ચપળ અશ્વ ઉપર સવાર થયા અને તે ઘાટે સ્નાન કરવા પધાર્યા.

નિત્ય સંભાર્યા જેવી લીલા કરતા મહાપ્રભુએ નિજભક્તોની સાથે તે ઘાટે વિધિ પ્રમાણે સ્નાન કર્યું અને પછી કોરાં વસ્ત્ર પહેર્યા.

શ્રીનારાયણાનંદ વર્ણીએ ત્યાં શુભ આસન તૈયાર કર્યું હતું. તેના ઉપર શ્રીહરિ બેઠા અને નક્ષત્ર મંડળમાં ચંદ્રમા શોભે તેમ પોતાના સંત હરિભક્તોની વચ્ચે શ્રીહરિ શોભતા હતા.

## સેવકરામ ઝીંઝરના ખોળાભાઈ થયા

શ્રીહરિ વેંકટાદ્રિના મહાવનમાં ચાલ્યા જતા હતા. ત્યાં રસ્તામાં અયોધ્યાજીના જન્મસ્થાનકનો મૂળ વતની અને ભૂતપુરીમાં કોઈ મંદિરનો મહંત બનીને રહેતો અને ભાગવતનો પ્રખર પંડિત સેવકરામ નામનો એક સાધુ શ્રીહરિને મળ્યો. શ્રીહરિ જ્યારે અયોધ્યામાં રહેતા ત્યારે જન્મસ્થાનકે દર્શન કરવા જતાં તેથી આ સાધુ શ્રીહરિને ઓળખતો. તેથી વાતચીત ઉપરથી તેણે શ્રીહરિને ઓળખ્યા. અને કહ્યું કે ઘનશ્યામજી ! તમો આશરે પાંચેક વર્ષથી ઘરનો ત્યાગ કરીને વનમાં ફરો છો છતાં હજી પણ તમારા મોટા ભાઈ રામપ્રતાપજી વગેરે સંબંધીઓ તમને સંભારીને રડે છે અને ચારેય ધામના યાત્રાળુ સંતો અયોધ્યાજી આવે છે તેમને તમારી માહિતી મેળવવા પૂછે છે. પણ કોઈની પાસે કાંઈ પણ ખબર મળતા નથી તેથી તેઓ અકળાયા છે. આપ તો મોટા ત્યાગી છો. આવી વાત તો કોઈની સાંભળી નથી. હવે આપણે સાથે અયોધ્યા જઈએ. મારા હાથમાં આવ્યા છો તે હવે હું આપને દૂર થવા દેવાનો નથી. સેવકરામની વાત સાંભળી વર્ણી હસીને બોલ્યા કે હવે તમારે ને અમારે નહિ બને. ત્યાગી થઈને પૂર્વાશ્રમના સંબંધીઓને સંભારે તેને બંધન થયા વિના રહે નહિ. એટલા માટે જ અમે એકલા રહીએ છીએ પણ કોઈ ત્યાગીને ભેગા રાખતા નથી અને કોઈના ભેગા રહ્યા પણ નથી; કારણ કે કોઈ અમને ઓળખે અથવા પરિચય થતાં બધું જાણે અને પછી ત્યાં જઈને વાત કરે તો સંબંધીઓ આવીને અમોને પાછા લઈ જવા ઉપાધિ કરે અને સુવાણ રહેવા દે નહિ. એમ કહી શ્રીહરિ તે સેવકરામનો ત્યાગ કરી ચાલતા થયા. આથી સેવકરામને બહુ દુઃખ થયું. તો પણ શ્રીહરિ સાથે બોલ્યા નહિ. તે દરમિયાન તેને ખૂબ ઝાડા થઈ ગયા. તે જેની સંગે યાત્રાએ ચાલ્યો હતો તે બધા જુદા પડી ગયા હતા. કોઈ પણ તેની સાથે સેવા કરનારું રહ્યું ન હતું, તેથી નિરાધાર થઈને તે વલોપાત કરતો હતો. પ્રભુને તેના ઉપર દયા આવી એટલે તેને કહ્યું કે તમે ત્યાગી છો માટે ભગવાન વિના બીજી કોઈ વાત ન કરો તો તમારી સેવા કરીએ. તેણે તેમ કરવાનું

સ્વીકાર્યું. પછી શ્રીહરિ તેને સાથે લઈને આગળ એક ગામ આવતું હતું ત્યાં જવા ચાલ્યા. પણ તેને ઝાડા (મરડો) વધારે થઈ ગયા હતા. ગામ સુધી પહોંચે તેમ ન લાગવાથી ગામની સમીપે એક બગીચો હતો તેમાં ગયા. ત્યાં એક વડનું વૃક્ષ હતું. તે વડના વૃક્ષમાં એક હજાર ભૂતો રહેતાં હતાં. શ્રીહરિને તો ભૂતોની બીક હતી જ નહિ. એટલે તે વૃક્ષ નીચે કેળનાં પાંદડાંની હાથ એક ઊંચી પથારી કરી તે સાધુને સુવાર્યો. દયાળુ પ્રભુએ તેના પર દયા લાવી તેને સાધુ માની અસંગપણે બે મહિના તેની ખૂબ સેવા કરીને તેને સાજો કર્યો. તે સાધુ પોતાની પાસે પૈસા હતા તેનું સીધું પોતાના જેટલું જ ગામમાંથી શ્રીહરિ પાસે મંગાવતો અને શ્રીહરિ રસોઈ બનાવી તેને જમાડતા. અને પોતે ગામમાં જઈ ભિક્ષા માગીને જમતા. ક્યારેક ભિક્ષા ન મળે તો ઉપવાસ પણ થતો. પણ તે સાધુએ કોઈ દિવસ એમ ન કહ્યું કે આજે સીધું વધારે લાવો અને તમે પણ અમારી સાથે જમો. વખત જતાં તે પૂરેપૂરો સાજો થયો અને ત્યાંથી બંને ચાલ્યા ત્યારે તેની પાસે મણ એક ભાર હતો તે વર્ણી પાસે ઉપડાવ્યો અને પોતે એક માળા લઈને ચાલ્યો. શ્રીહરિ તો પોતા પાસે કાંઈ પણ વજન રાખતા જ નહીં. છતાં આ સાધુનો ભાર ઉપાડી ચાલ્યા. પણ તેણે કોઈ દિવસ વર્ણીની ખબર-અંતર રાખી નહિ. તેથી વર્ણીએ કૃતઘ્ની જાણી તેનો ત્યાગ કર્યો. શ્રીહરિએ શિક્ષાપત્રીમાં લખ્યું છે કે कृतघ्नसंगस्त्यक्तव्यो । કર્યા કૃત્યને જાણે નહિ તેનો સંગ તજવો. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણના ૧૦માં આ વાત પોતે સ્વમુખે વિગતથી કહી છે. પછી શ્રીહરિ એકલા જ વેંકટાદ્રિના વનમાં ચાલ્યા અને પેલો કૃતઘ્ની સેવકરામ સાધુ પણ એકલો આગળ ચાલતાં ભૂતપુરીમાં પોતાના સ્થાનકે ગયો. તે સ્થાનકનો (મંદિરનો) તે મહંત હતો. તેને ચાર-પાંચ શિષ્યો હતા. મંદિર સારું હતું. તેમાં જઈને રહેવા લાગ્યો. સમય જતાં તે બીમાર પડ્યો. તેના શિષ્યો સેવા કરતા હતા, પરંતુ બરાબર નહિ. તેથી યાદ આવ્યું કે મારી સેવા વનમાં નીલકંઠ બ્રહ્મચારીએ જેવી કરી હતી તેવી કોઈ કરે તેમ નથી. તેથી મનમાં ઉદાસ થઈ શ્રીહરિનું સ્મરણ કરવા લાગ્યો. બીમારી છેલ્લી હતી. દેહ રહે તેમ હતું નહિ. તેથી દયાળુ પ્રભુએ સ્મરણ માત્રથી તેને

દર્શન આપ્યાં અને કહ્યું કે અમને ઓળખો છો ? વનમાં અમોએ તમારી સેવા કરી હતી તે યાદ છે ? હાલમાં અમો સૌરાષ્ટ્ર અને ગુજરાત વગેરે દેશોમાં સ્વામિનારાયણ ભગવાન એવા નામથી પ્રસિદ્ધ થયા છીએ અને વનમાં અમોએ તમારી ખૂબ સેવા-સુશ્રુષા કરી પણ તમોએ અમારી કંઈ દરકાર રાખી નહિ. છતાં પણ અમારાં દર્શન, સ્પર્શ વગેરે નિષ્ફળ જતાં નથી. તેથી અમો આ તમારા અંત વખતે દર્શન દેવા આવ્યા છીએ. આ તમારો દેહ હવે પડી જશે અને ભાલ પ્રદેશમાં ઝીંઝર નામના ગામમાં તમારો જન્મ થશે, ખોડાભાઈ નામે તમો પ્રસિદ્ધ થશો. એટલું કહી શ્રીહરિ અંતર્ધ્યાન થયા. ત્યાર પછી તે સેવકરામે પોતાના શિષ્યોને પાસે બોલાવી કહ્યું કે, મારી એક વાત સાંભળો. મારું છેલ્લુ વચન તમારે પાળવું પડશે. સુજ્ઞ શિષ્યોએ હા પાડી. એટલે તેણે કહ્યું કે હું અયોધ્યાજીથી અહીં આવતો હતો ત્યારે રસ્તામાં ઘણો જ બીમાર થઈ ગયો હતો ત્યારે તે વખતે એક નીલકંઠ બ્રહ્મચારી મને મળ્યા હતા અને તેમણે મારી જેવી સેવા કરી હતી તેવી સેવા તમો પણ કરી શકતા નથી. તે બ્રહ્મચારી હાલમાં સ્વામિનારાયણ ભગવાન નામે પ્રસિદ્ધ થયા છે. અને હમણાં જ મને દિવ્યરૂપે દર્શન આપીને ગયા. હવે મારો દેહ રહેશે નહીં. મારી છેલ્લી ઈચ્છા એ છે કે અહીંયાં કોઈ સ્વામિનારાયણના સેવકો આવે તો તેમને તમારે આદરથી સત્કાર કરીને પાકાં સીધાં આપીને જમાડવા. આ મારી છેલ્લી આજ્ઞા અને ઈચ્છાને તમો માન આપીને યથાર્થ પાળજો; કારણ તેમણે મારી ઘણી સેવા કરી હતી. છતાં મેં તેમને કાંઈ પણ આપ્યું ન હતું. એટલું જ નહીં, પણ જમવા અન્ન પણ આપ્યું ન હતું તેનો અત્યારે મને ઘણો પસ્તાવો થાય છે. તો તેમના ઋણમાંથી થોડી મુક્તિ મળે તે માટે આટલું જરૂર કરજો. એટલું કહી તે શાંત થયો અને પછી થોડી વારે તેનો દેહ પડી ગયો.

ત્યાર બાદ ઘણો સમય વ્યતીત થયો પણ કોઈ સ્વામિનારાયણના ભક્તો ભૂતપૂરીમાં ગયા નહીં તેથી તેના શિષ્યો પેલી વાત ભૂલી ગયા હતા, પરંતુ એક વખતે ગામ શિહોરના બ્રાહ્મણ હરિભક્તો નામે લાલજીભાઈ તથા રણછોડભાઈ દવે બેય જણા રામેશ્વરની યાત્રા કરવા

ઘરેથી ચાલ્યા તે ફરતા ફરતા ભૂતપુરીમાં આવ્યા અને રાતવાસો રહેવા માટે સેવકરામના મંદિરમાં ઊતર્યા. રાતે તેમને છીંકો આવી. છીંકો આવે ત્યારે સ્વામિનારાયણ એમ બોલે. તે સાંભળી સેવકરામના શિષ્યોને તેના ગુરુએ અંત વખતે કહેલી વાત યાદ આવી. એટલે તુરત જ તેઓ હરિભક્તો પાસે ગયા, અને પૂછ્યું કે તમો કોણ છો ? ક્યાં રહો છો ? ક્યાં જવું છે ? અને કહ્યું કે તમો જરા પણ ગભરાશો નહીં. જે હોય તે સાચી વાત કરો. ત્યારે દવે બોલ્યા કે અમો કાઠિયાવાડમાં આવેલા શિહોર ગામના છીએ, અને રામેશ્વર યાત્રા કરવા જઈએ છીએ. રસ્તામાં સાંજ પડી જવાથી અહીંયાં રાત રોકાયા છીએ. અમો શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ, તે સાંભળી તે બાવાએ બોલ્યા કે, અમો સેવકરામના શિષ્યો છીએ અને અમારા ગુરુએ અમને છેલ્લી વખતે આજ્ઞા કરી છે કે સ્વામિનારાયણના કોઈ પણ આશ્રિતો આવે તો તેમને સત્કારપૂર્વક રાખજો અને જમાડજો. એમ કહીને સેવકરામની શ્રીનીલકંઠવર્ણીએ જે સેવા કરી હતી ત્યાંથી આરંભીને છેલ્લે અંત વખતે તેને શ્રીહરિએ દર્શન આપ્યાં હતાં ત્યાં સુધીની તમામ વાત કરી અને પછી પ્રેમથી તેમને પાકું સીધું આપ્યું. તેની રસોઈ બનાવી ઠાકોરજીને થાળ ધરાવી બેય જણા જમ્યા. પછી રામેશ્વરનાં દર્શન કરી તે બંને પાછા શિહોર આવ્યા.

પછી કોઈ વખત શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ સંતો-હરિભક્તો સાથે ગામ ઝીંઝર પધાર્યા હતા. ત્યાંના ભક્તોએ શ્રીહરિની ખૂબ સેવા કરી. પછી શ્રીહરિ સંતો તથા હરિભક્તોની સભા કરીને બિરાજ્યા હતા. તે સમયે શ્રીહરિને ઝીંઝર ગામના હરિભક્તોએ કહ્યું કે, આ ખોડાભાઈ સત્સંગી ઘણા સારા છે, પરંતુ તેમને પેટ ભરીને ક્યારેય અન્ન ખાવા નથી મળતું તેથી ઘણા દુ:ખી છે, તેનું શું કારણ છે ? ત્યારે શ્રીહરિએ કહ્યું કે, આ ખોડાભાઈ પૂર્વજન્મમાં સેવકરામ પોતે હતા. અમોએ તેમની બે માસ સેવા કરી પણ તે વખતે તેમણે અમોને એક પૈસાભાર અન્ન આપ્યું નહિ. તેથી આ ખોડાભાઈને જીવશે ત્યાં સુધી આવું જ રહેશે અને અંતે મારું ભજન કરી મોક્ષને પામશે અને તેમના દીકરાઓ સુખી થશે.

આ પ્રમાણે ગામ ઝીંઝરમાં સભામાં શ્રીહરિ વાત કરે છે, તે સમયમાં ગામ શિહોરના દવે લવજીભાઈ તથા રણછોડભાઈ બંને શ્રીહરિનાં દર્શન કરવા ઝીંઝર આવેલા અને સભામાં બેઠેલા તેઓ ઉપરોક્ત ખોડાભાઈનો પ્રસંગ સાંભળી બોલ્યા કે, હે પ્રભુ ! આ ખોડાભાઈના પ્રસંગમાં અમોએ થોડી વધારે વાત જાણી છે; તે આપ તો જાણો છો છતાં આ સભામાં બેઠેલા સંતો-હરિભક્તોને જાણવા માટે કહીએ છીએ તે સાંભળો. અમો રામેશ્વરની યાત્રાએ ગયા હતા ત્યારે રસ્તામાં અમો ગામ ભૂતપુરીમાં એક મંદિરમાં રાતવાસો રોકાયા હતા. ત્યાં અમને છીંક આવી ત્યારે અમોએ સ્વામિનારાયણ એવું કહ્યું. તે સાંભળીને તે મંદિરમાં રહેતા બે-ચાર બાવાઓ અમારી પાસે આવ્યા અને અમને અમારી બધી માહિતી પૂછી. અમોએ અમારી બધી વાત કરી. ત્યારે તે બાવાઓ બોલ્યા કે, અમો સેવકરામના શિષ્યો છીએ અને અમારા ગુરુએ અંત વખતે કહ્યું છે કે અહીં સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત ગમે તે આવે તો એમને સારી રીતે જમાડી સત્કાર કરજો. ત્યારે અમોએ પૂછ્યું કે તેનું શું કારણ ? ત્યારે તેમણે તેમના ગુરુની વનમાં સ્વામિનારાયણ ભગવાને (આપે) ખૂબ સેવા કરી હતી, ત્યાંથી લઈને અંત વખત સુધીની બધી વાત કરીને કહ્યું કે આ વાત અમારા ગુરુ સેવકરામે અમને કરી હતી તે વાત તમોને કહી. ત્યારે અમોને ખબર પડી કે આ સેવકરામનું જ મંદિર છે. આ વાત સાંભળી શ્રીહરિ તથા સભામાં બેઠેલા બધા જ ખૂબ આનંદ પામ્યા અને ભક્તોએ શ્રીહરિનો ખૂબ મહિમા જાણ્યો.

એક વાર સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી ગઢડેથી બોટાદ ગયા ને ત્યાંથી ભીમનાથ ગયા ને ત્યાં મહાદેવનાં દર્શન કર્યા તે સમે ત્યાંના મહંતે સ્વામી વગેરે ત્રીશ સાધુ હતા તે સારું ત્રીશ શેર લોટ સદાવ્રતમાંથી આપ્યો તે લેવરાવીને સ્વામી ગામ ઝીંઝર પધાર્યાને ત્યાંના મંદિરમાં ઉતર્યા તે વખતે દરબાર ખોડોભાઈ આવીને પગે લાગ્યા ને રસોઈ કરવાનું પૂછ્યું ત્યારે સ્વામી કહે ''અમે ભીમનાથથી લોટ તો લેતા આવ્યા છઈએ ને દાળ હોય તો લાવો'' તે ખોડોભાઈ વ્યવહારે જરા દુર્બળ હતા તેથી ઘરમાં તેટલીએ દાળ નહોતી તેથી પોતાની તલવાર વાણિયાની દુકાને મૂકીને

ત્રણ રૂપિયા લીધા ને કહ્યું જે ''એક મહિનામાં જો રૂપિયા ન ભરું તો તલવાર તમોને રહી'' એમ કહીને તે રૂપિયાનાં ઘી, ગોળ તથા દાળ લઈને મંદિરે આવ્યા ને તે બધો સામાન પુરુષાનંદ સ્વામીને આપ્યો તેની સાધુએ રસોઈ કરી તે ઠાકોરજીને ધરાવીને સ્વામી વગેરે સહુ જમ્યા પછી સાંજે ગોડી આરતી વગેરે કરીને રાત્રીયે સભામાં કથા વાર્તા કરી પછી નિયમ કરી રહ્યા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ''સહુ પચીશ પચીશ માળા ફેરવજો' ત્યારે શુકસ્વામી બોલ્યા જે 'હે સ્વામી ! શાની માળા એ ફેરવવાની છે ?' ત્યારે સ્વામી કહે ''દરબાર ખોડોભાઈ વ્યવહારે દુર્બળ છે ને ખાવા પૂરું મળતું નથી માટે સહુ માળા ફેરવો તો તે સુખી થાય' ત્યારે વળી શુકસ્વામીએ પૂછ્યું, ''દરબાર સત્સંગી તો સારા છે ને વ્યવહારે દુર્બળ કેમ છે ?'' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ''એ દરબાર પૂર્વજન્મમાં શ્રીજી મહારાજને વનમાં મળેલ તે સેવકરામ નામે સાધુ હતા તેણે તે વખતે મહારાજ પાસે સેવા કરાવી ને મહારાજને એક પૈસાભાર પણ અન્ન ન આપ્યું તેથી તેને આ અવતારે પૂરું ખાવા મળતું નથી'' પછી સહુ સાધુઓ પચીશ પચીશ માળા ફેરવી ને તે પછી સુતા ત્યારથી આરંભીને ખોડાભાઈને વ્યવહારે સારું થયું. એમ જે ભગવાન કે ભગવાનના સંતની સેવા કરે ને તેને રાજી કરે તેના ભુંડા પ્રારબ્ધ હોય તે સુધરી જાય.

## રતા બસિયાનું ત્રણ જન્મનું અલૌકિક આખ્યાન

બંગાળ દેશમાં એક ઋષિ તપશ્ચર્યા કરતા હતા અને માત્ર દૂધ પીને રહેતા હતા. તેમના શિષ્યો ગુરુની ખૂબ જ સેવા કરતા. એક વાર ભૂલથી શિષ્યે ગુરુને ગાળ્યા વિનાનું દૂધ પીવળાવી દીધું. સવાર થતાં ગુરુને શિષ્યએ કહ્યું, હે ગુરુદેવ મેં ગઈ રાત્રિએ ભૂલથી તમને ગાળ્યા વિનાનું દૂધ પીવળાવી દીધું હતું મારા અપરાધને ક્ષમા કરજો ! તપસ્વી ગુરુ કહે, હે જોગી આ તો મને દોષ લાગ્યો. હવે મારે આ દોષના કારણે ફરીથી જન્મ ધારણ કરવો પડશે. આટલું બોલી ગુરુ નિરાશ થયા. થોડા દિવસમાં તપસ્વી ગુરુનો દેહ પડી ગયો ને બીજા જન્મમાં બંગાળ દેશના રાજા

બનીને અવતર્યા - રાજયગાદી પર આવ્યા પછી પુત્રવત પ્રજાનું પાલન કરતા, પરંતુ એક વાર રાજ્યની અંદર એવો બનાવ બન્યો કે જયદેવ નામનો બ્રાહ્મણ હતો તેની કન્યાના લગ્ન મુકુંદ નામના બ્રાહ્મણના પુત્ર સાથે નક્કી થયેલા - પરંતુ લગ્ન થાય પછી કન્યા-વિગ્રહનો ડખો હતો, તેથી બંને બ્રાહ્મણો ફરિયાદ લઈ રાજા પાસે આવ્યા ત્યારે રાજાએ ન્યાય જયદેવ બ્રાહ્મણના પક્ષમાં કર્યા, તેથી મુકુંદ બ્રાહ્મણે રાજાને શ્રાપ આપ્યો કે જા આજથી નવ મહિને તું બ્રહ્મ રાક્ષસ થઈશ - રાજા ઘણો દુઃખી થયો. મુકુંદ બ્રાહ્મણ શ્રાપ આપીને જતો રહ્યો, પછી જયદેવ બ્રાહ્મણે કહ્યું, રાજન દુઃખી ન થશો. તમને બ્રહ્મ રાક્ષસના દેહમાં ઘણાં વર્ષો પછી સાક્ષાત્ પરમાત્માની પ્રાપ્તિ થશે તે દિવસે તમારો મોક્ષ થશે. આ સાંભળી રાજા ઘણા આનંદિત થયા.

સમય વિતતા મુકુંદ બ્રાહ્મણના શ્રાપ પ્રમાણે નવ મહિના પછી રાજા મૃત્યુ પામ્યો ને બ્રહ્મ રાક્ષસના દેહને પામ્યો - ઘણાં બધા ભૂતોનો રાજા થયો. એક વાર તમામ રાક્ષસ રાક્ષસીયો વૈતાલને મળવા ગયેલ તે દિવસે આ બ્રહ્મ રાક્ષસ ગયો નહીં. ત્યારે ત્યાં તે વખતે ચતુર્ભુજ નામનો એક બ્રાહ્મણનો છોકરો શિવકાંચી વિષ્ણુકાંચીની જાત્રાએ જતાં રસ્તામાં ભૂલો પડેલ. તેને આ બ્રહ્મરાક્ષસે પકડ્યો. ચતુર્ભુજ બ્રાહ્મણ કહે, મને તું મૂકી દે મારે હજી મારી બે બેનોને પરણાવવાની છે. તેના માટે હું ધન કમાવવા શિવકાંચી - વિષ્ણુકાંચી જાઉં છું. માટે મારો ભક્ષ ન કરીશ અને જો તું મારો ભક્ષ કરીશ તો તારે ઘણાં વર્ષો સુધી બ્રહ્મરાક્ષસના દેહમાં રહેવું પડશે ને તારો દેહ ક્યાંય ચાલવાની શક્તિવાળો નહિ રહે ને અજગરની પેઠે પડ્યો રહીશ. તોય બ્રહ્મરાક્ષસ માન્યો નહીં અને ચતુર્ભુજ બ્રાહ્મણનો ભક્ષ કરી ગયો. તેથી બ્રાહ્મણના શ્રાપે કરી તેનો દેહ અજગરની જેમ પડ્યો ને ચાલવાની શક્તિ રહી નહીં. તેથી તેની પાસે જેટલા રાક્ષસ-રાક્ષસી-ભૂતો હતાં તે બધા તેને ત્યાં પડતો મૂકી ભાગી ગયા - બ્રહ્મરાક્ષસના દેહમાં તે ઘણો દુઃખી-દુઃખી થઈ ગયો - મારગમાં પળ્યો રહેતો. પડ્યો-પડ્યો કોઈ જીવ ત્યાંથી નિકળે તો ભક્ષ કરે નહીં તો દિવસોના દિવસો સુધી ભૂખ્યો તરફડવા લાગ્યો. એક દિવસ તેના

દુ:ખોનો અંત કરવા શ્રી નિલકંઠવર્ણી વનવિચરણ કરતાં કરતાં વિકટ વનમાં આવી ચડ્યા. વર્ણીની યાત્રાનો એ વનમાં રાત્રિનો પડાવ જાણે બ્રહ્મરાક્ષસના ઉધ્ધારનો જ હતો. મધ્ય રાત્રિએ પ્રભુ ત્યાંથી પસાર થતા રસ્તામાં સુતેલા આ બ્રહ્મરાક્ષસના બ્રહ્મરંધ (મસ્તક)માં લાત મારી તેથી તેમાં સચેતતા જાગી એકદમ શક્તિ આવીને બેઠો થઈ ગયો. મનોહર મૂર્તિને જોઈને આંખમાંથી ચોધાર આંસુએ રડવા લાગ્યો. ત્યારે શ્રી નિલકંઠવર્ણી બોલ્યા, હે બ્રહ્મરાક્ષસ આજે અમે તારો ઉધ્ધાર કરવા આવ્યા છીએ. આટલું સાંભળતા બ્રહ્મરાક્ષસ આનંદિત થઈ ગયો. હે પ્રભો, મારું કલ્યાણ કરો ત્યારે વર્ણી કહે જા તું સત્સંગમાં જન્મ ધારણ કરીશ અને અમને પામીશ. ત્યારે બ્રહ્મરાક્ષસ કહે પ્રભુ હવે તો હું સત્સંગમાં જન્મ લઈશ અને જ્યાં તમે ત્યાં હું. શ્રી નિલકંઠવર્ણી આમ બ્રહ્મરાક્ષસને કલ્યાણનો વર આપી આગળ ચાલવા લાગ્યા. ત્યાર બાદ બ્રહ્મરાક્ષસે પોતાનો દેહ મૂકી દીધો ને બીજા જન્મમાં સોરઠ દેશમાં તોરી ગામમાં કાઠી જ્ઞાતિમાં રાજબાઈના સગા તરીકે રતા બસીયાના નામે જન્મ ધારણ કર્યો. પૂર્વ થયેલ ભૂલોના કારણે ગાંડપણ આવ્યું, પરંતુ મહારાજની પૂર્વની ઓળખાણ અને તપશ્ચર્યાના કારણે શ્રીજી મહારાજમાં ખૂબ જ હેત રહ્યું અને મહારાજ પણ તેને ખૂબ વહાલથી સાચવતા.

એક દિવસ ગઢપુરમાં શ્રીજી મહારાજ સાધુની ધર્મશાળે પધાર્યા હતા. ત્યાં નૌતમ મહા રમણિક એક માંચડો મંચ જેવો ધર્મશાળાના ફળિયામાં નાખ્યો હતો તે ઉપર વાંઘાબર એટલે સાવજનું ચાંબડું નાખ્યું હતું અને તેની નીચે મૃગચર્મનો ઉનનો ભરેલો ચાકળો નાખ્યો હતો. તે ઉપર શ્રીજી મહારાજ બિરાજમાન હતા તે વખતે રતો બસિયો ત્યારે તેની ઉંમર ૧૫-૧૬ વર્ષની હતી. ત્યાં આવીને સીધો મહારાજ સાથે બેસી ગયો. એ જ વખતે ત્યાં જીવો ખાચર - સુરો ખાચર - મુળુ ખાચર - એભલ ખાચર બધા મહારાજ પાસે વાતો સાંભળવા આવેલા ત્યારે આ જોઈ જીવો ખાચર કહે, આ ગાંડો મહારાજ ભેગો શા સારું બેઠો ?

ત્યારે મહારાજ હસીને બોલ્યા કે એ રતો બસીયો તો ચક્રવતી રાજા હતો અને તેને શ્રાપ થવાથી બ્રહ્મરાક્ષસ થયો. તે બ્રહ્મરાક્ષસના દેહમાં

રહીને માણસોનું ભક્ષણ કરતો તે જ્યારે અમે વનમાં વિચરણ માટે ગયા ત્યારે તેને મસ્તકમાં લાત મારી જગાડ્યો અને તેને ભક્ષ કરવાની વૃત્તિ નાશ પામી ને થરથર ધ્રુજવા લાગ્યો અને અમારા આશીર્વાદથી તોરી ગામમાં રતા-બસિયાના નામે જન્મ્યો છે, માટે અમારો જૂનો મિત્ર છે.

ત્યારે રતો બસિયા કહે, એ જીવા ખાચર તને પાંચ માણસે માન્યો એટલે તુ બાપુ કહેવાણો, પરંતુ હું તારા તેજમાં દબાઈ રહું એવો નથી. માટે હું નહીં તું ગાંડો છે. એમ કહી મંચ પરથી કૂદકો મારી એભલ ખાચરની તલવાર લઈ ફળીમાં કુંડાળું કરી તલવાર ખેંચીને ઊભો રહ્યો ને કહે, આવ આપણે લડાઈ કરીએ જો પછી કોણ જીતે છે. ત્યારે જીવો ખાચર કહે, તું બહુ બહાદુર હોય તો જા મહાદેવની દેરીએથી પીપળાનું પાન લઈ આવ. ત્યારે રતો કહે, જો હું પાન લઈ આવું તો તારી વાંગળી ઘોડી મને આપવી. ત્યારે જીવો ખાચર કહે, ત્યાં પીપળાના ઝાડમાં હજારો ભૂત રહે છે તે તને ખાઈ જાશે. જો પાછો આવે તો ઘોડી તને આપું. રતો જવા તૈયાર થયો ત્યારે કોઈએ શંકા કરી કહ્યું કે, આ તો ગામમાંથી પાન લઈ આવે તો ? ત્યારે મહારાજ કહે, લક્ષ્મીરામને અને બેચરને જોવા મોકલીયે - ત્યારે આનંદાનંદ સ્વામી કહે કે, મહારાજ લક્ષ્મીરામ તો બહુ બીકણ છે. એક વાર લઘુશંકા કરવા ઊઠ્યા ને વાડામાં જઈ પાછા આવ્યા ને કમાડ બંધ કરી દીધું ને થર-થર ધ્રુજવા લાગ્યા. માટે એવાને મોકલશો નહીં ત્યારે મહારાજે પોતાના કંઠમાંથી હજારી ફૂલનો હાર કાઢી કહ્યું, જો નિલકંઠ મહાદેવજીના નંદીને હાર પહેરાવે તો તમે સાચું માનશો કે કેમ ? એ સાંભળી સર્વેએ હા પાડી.

ત્યારે મહારાજે આ બસીયાને કહ્યું, આ શ્રાવણ માસ ચાલે છે અને નદીમાં પુર બહુ આવ્યું છે ને સામે કાંઠે શિવની પૂજા માટે જોઈતો સામાન આપવા જવું હતું, પણ નદી ઉતરાય એમ નથી. તો તું સામે કાંઠે જઈશ ? ત્યારે રતો કહે, મારી સાથે કોઈકને મોકલો તો જાઉં. પછી મહારાજે પ્રાગજી દવેને આજ્ઞા કરી જે તમે આ રતા ભેગા જાઓ. ત્યારે પ્રાગજી દવે કહે, 'મહારાજ, મને આ ગાંડા ભેગો ક્યાં મોકલશો ? એ તો ગાંડો છે.' ત્યારે રતો કહે - અરે પ્રાગલા મારાથી બીવે છે કે કેમ ? પણ મહારાજે

આજ્ઞા કરી છે માટે હાલ્ય' પછી મહારાજ કહે પ્રાગજી દવે તમે તેની સાથે જાઓ ને તમને કાંઈ હરકત નહીં કરે તમારે આ કાંઠે ઊભા રહેવાનું. સામે કાંઠે તે એકલો જાશે. ત્યારે પ્રાગજી દવે ભેગા ચાલ્યા. તે રસ્તામાં રતો બૂમો પાડવા લાગ્યો. અંધારી રાત્રિ બહુ થયેલી એટલે પ્રાગજી દવે કહે, ઠાલો ભૂલ્યો ગાંગરમાં છાનોમાનો ચાલ્યો આવ્ય તો પણ રસ્તામાં કીર્તન બોલતો આવે ને એક ચરણ કીર્તનનું બોલે એક ચરણ દોહાનું બોલે એક પ્રભાતીયાનું ચરણ તો એ ગોડીનું ચરણ બોલે એટલે પ્રાગજી દવેને હસવું આવ્યું. એમ કરતા નદીએ આવ્યા ત્યારે રતો કહે, પ્રાગજી તું અહીં બેઠો રહે હું એકલો કાંઠે જઈ આવું. એમ કહી રતો સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલતો પાણીમાં પડ્યો ને સામે કાંઠે શિવજીના દેરા પાસે જઈ પૂજારીને જગાડીને કહ્યું, આ પૂજાપાનો સામાન બિલિપત્ર આદિ મહારાજે મોકલ્યા છે. તે શિવજીને ચડાવજો અને સવારે મહારાજને કે જો કે રતો આવ્યો તો એમ કહી મહારાજે આપેલો હજારીનો હાર નંદીને પહેરાવી નદીમાં પીપળાનું વૃક્ષ હતું તે પીપળાની ડાળ લેવા નદીમાં પડ્યો ને ડાળ તોડી રાડ્ય પાડીને બોલ્યો કે એ ભૂતો-પ્રેતો-પીશાચો, ડાકણી, સાકણી વગેરે સર્વે આ પાગલાને ખાઈ જાજો તે સાંભળી પ્રાગજી ધ્રુજવા લાગ્યા ને કહે શું ખોટો ગાંગર્ય છે ચાલ જલદી. એવામાં તો બધા ભૂતો, પ્રેતો આવ્યા ને પ્રાગજી ધ્રુજવા લાગ્યા. ભૂતો-પ્રેતો રતાને કહે હે રતનમૂર્તિ ! તમે અમારો મોક્ષ કરો. ત્યારે રતો કહે, લો વર્તમાન ધરાવું એમ કહી નદીમાં જઈ ધોત્યું પલાડી પીપળાના ઓંટા પર ચઢી દીગંબર થયો ને ધોતીયું નીચોવી ભૂતો ઉપર છાંટવા લાગ્યો. આમ વર્તમાન ધરાવ્યા જે જેના પર પાણીના છાંટા પડ્યા તે તેજના ભડકા થઈ તમામ ભૂતો મોક્ષને પામ્યા અને રતો નદીમાં પડીને કહે, કોઈને કલ્યાણ કરવું હોય તો આવો. આમ ચમત્કાર બતાવી બંને જણા મહારાજ પાસે આવ્યા ને સવારે રતાએ મહારાજને કહ્યું જે, હે મહારાજ ! હું પૂજાપાનો સામાન દઈ આવ્યો અને નંદીને હાર પહેરાવ્યો ને આ પીપળાની ડાળખી લાવ્યો છું. તે જોઈ મહારાજ ખૂબ રાજી થયા ને કહ્યું જે માંગે તે આપું. ત્યારે સુરો ખાચર તથા બુઠો ધાંધાલ જે રતા બસીયાની

માનો મામો થતો તે કહે, મહારાજની માણકી માંગી લે ત્યારે મહારાજ કહે, રતા શું કહે છે, બંને મહારાજ તે એમ કહે છે કે મહારાજની માણકી માંગ. તે હું કાંઈ ગાંડો છું કે માણકી ઘોડી માંગુ. મહારાજ કહે, માંગ તું માણકી માંગે તો તે પણ આપી દઉં ને મહારાજ મારે માણકી ના લેવાય - પછી સુરો ખાચર કહે, રતા મહારાજના માથે સોનેરી નવઘટુ છે તથા કેડ્યે સોનેરી રેટો છે તે માંગ્ય. ત્યારે રતો કહે, મહારાજ આ મને પાઘ અને રૈટો માંગવાનું કહે છે. ત્યારે મહારાજ કહે, આ રહ્યા લઈ જા. ત્યારે રતો કહે, ના મહારાજ મારે નથી જોઈતું. કારણ કે તમે ભગવાન છો તે તમારું ન લેવાય. જો રાજી થયા હોય તો તમે જમો તેમાંથી થોડોક પ્રસાદ આપજો. ત્યારે મહારાજ કહે, 'બહુ સારું' તને પંદર દિવસ સુધી થાળની પ્રસાદી જમાડીશું. અમે જમીએ ત્યારે તું આવજે. ત્યારે રતો કહે, તમારો મીંયાજી અને ભગુજી મને આવવા દેતા નથી. તે તમે હુકમ કરો તો આવવા દે ત્યારે મહારાજે બંનેને કહ્યું, જે રતાને આવવા દેજો - પછી તો સવારે વહેલો આવી અક્ષર ઓરડીની ઓસરીએ બેઠો ને પ્રભાતિયાં બોલે - દુહા ગાય, કીર્તન બોલે, ગોડી બોલે, ને ભોજા ભગતના ચાબખા પણ ગાય. એમ બોલાબોલ કરે તે ઘડીમાં દાંત કાઢે અને ગાંડા કાઢે તેથી સંતોને ધ્યાન કરવામાં વિક્ષેપ પડ્યો. બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું, આ રતા ગાંડાને બોલાવીને નકામી ઉપાધી કરી. સવારે રાગળા તાણે છે તે ધ્યાન થતું નથી. મહારાજ કહે, રતા હવે તારે બોલવું નહીં ત્યારે રતો કહે, મહારાજ હવે મારું અંતકરણ ઘણું ખૂલ્યું છે માટે હું તો ગાઈશ પછી મહારાજ કશું બોલ્યા નહીં. બપોરે મહારાજ જમી રહ્યા પછી પ્રસાદ લઈને ગયો ત્યારે મહારાજે ભગુજીને કહ્યું, કાલથી એને બપોરે થાળના ટાઈમે આવવા દેજો. આમ, મહારાજે ૧૫ દિવસ સુધી રતાને પ્રસાદ આપ્યો ત્યારે સંતો-હરિભક્તોને થયું મહારાજ આ બધો પ્રસાદ ગાંડાને આપી દેશે તે આપણાં હાથમાં કશું આવતું નથી. તે મહારાજને બીજો મળતો નથી ? ત્યારે મહારાજ સભામાં બોલ્યા જે 'હે સંતો-હરિભક્તો કોઈ જામ સાહેબ કે વડોદરાના રાજા સયાજીરાવ જેવાને જમાડવા હોય ત્યારે કેટલી સામગ્રીની તૈયારી

કરવી પડે ? ત્યારે સભાસદો કહે, એક વરસ સુધી સામાન ભેળો કરીએ ત્યારે માંડ તેની સરભરા થાય. પછી મહારાજ કહે, 'ત્યારે ચક્રવતી રાજાને નોતરવો હોય તો ?' ત્યારે સર્વે કહે, હે મહારાજ એ તો ભગવાન જેવા હોય તે પૂરું કરી શકે ત્યારે મહારાજ બોલ્યા, જે આ રતો તો ચક્રવતી રાજા હતો એમ કહી બધાને રતાનો પૂર્વજન્મ કહી સંભળાવ્યો. તેથી સર્વે સંતો-હરિભક્તોને રતાનો મહિમા સમજાણો.

એક વાર શ્રીજીમહારાજ અક્ષરઓરડીએ સભા કરીને બિરાજમાન હતા તે વખતે ત્યાં રતો આવ્યો ત્યારે મહારાજ કહે, 'આ રતો અમારો ભાઈબંધ છે' એમ કહીને રતાને કહ્યું કેમ છે રતા ? ત્યારે રતો કહે, મહારાજ આજ હું નદીએ ગયો હતો ત્યાં પડછંદા સાથે મેં બહુ લડાઈ કરી માટે ભૂખ લાગી છે, પછી મહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યું - આને શેર ઘી ને શેર સાકર આપો. એટલે બ્રહ્મચારીએ આખું તે લઈને રતો જમવા લાગ્યો - ત્યારે સુરા ખાચર બોલ્યા, જે મહારાજ ! આ રતાને ઘી ને સાકર કેમ દીધા ? આ તો ગાંડો છે ! ત્યારે રતો કહે, મહારાજ હું ગાંડો ને આ સુરો બહુ ડાહ્યો ! જે ઘેર તેમને ઘરવાડી માથામાં રોજ ખાસડાં મારે છે ને ઘરમાં તો આ ઢીંગલાની આબરું નથી ને મોટો પાઘડો બાંધી તમારી આગળ બેઠો છે. ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, રતા ગાંડાં દરબારને આમ ન કહેવાય ! રતો કહે મહારાજ ! હું ગાંડો ને આ તમારો બ્રહ્માનંદ ડાહ્યો. તે બે ચરણ અહીંથી લીધા ને બે ચરણ અહીંથી લીધા ને પછી ભણે મારો બ્રહ્માનંદ પણ હે મહારાજ ! તેની ચોપડીમાં કાંઈ તમારું નામ વાળ્યું નથી કેવળ પોતાનો પનો વધારે છે. તે સાંભળી મહારાજ ને સર્વે સભાસદો હસવા લાગ્યા.

એક વાર મહારાજે કહ્યું, રતા તું જે માંગે તે આપીએ. ત્યારે રતો કહે, હે મહારાજ આ જીવા ખાચર, બુઢા ઘાઘલ જેવા કુસંગીમાંથી આ દેહનો ત્યાગ થાય એ માંગુ છું. પછી મહારાજે સાધુ પાસે કીર્તન બોલાવ્યા અને બીજા દિવસે શિવરાત્રી હતી. તે દિવસે બપોરે રતાને પરમહંસની ધર્મશાળામાં મહારાજે બોલાવ્યો અને રતો આવીને મહારાજ સામે પલોઠી વાળીને બેઠો ને મહારાજનું ધ્યાન કર્યું. એટલે બ્રહ્મરંધ્ર ફાટ્યું ને દેહ પડી

ગયો અને મહારાજના ધામમાં નિવાસ કર્યો. પછી મહારાજે સર્વે ભેળા જઈ તેના દેહનો અગ્નિસંસ્કાર કર્યા અને તેરમાના દિવસે એક હજાર સાધુ તથા બ્રાહ્મણ જમાડ્યા. આમ, રતા બસીયાનું મહારાજે કલ્યાણ કર્યું.

## બંગાળના રાજા કૃષ્ણચંદજી (લાલાબાબુ)

**''બ્રહ્મમુની કહે પ્રિતથી, શુણો રામસિંહજી એક વાત**

(શ્રીહરિ ચરિત્ર રત્નાકર ગ્રંથ)

**મુમુક્ષુ જન ને હૃદયમાં, સંભારવા જેવી સાક્ષાત્**

(શ્રીહરિ ચરિત્ર રત્નાકર ગ્રંથ)

કલકત્તામાં જનરલ ગવર્નર વોરન હેસ્ટિંગના દિવાન ગંગા ગોવિંદસિંહજી હતા. તેમને ગવર્નર તરફથી સદાવ્રતની સ્થાપના કરીને અભ્યાગત - ગરીબોને સદાવ્રત પ્રેમથી આપતા. એવામાં એક વાર શ્રીહરિ નિલકંઠવર્ણી રૂપે તેમના બગીચામાં આવીને બેઠા એ સમયે ગંગા ગોવિંદસિંહજી બગીચામાં ફરવા માટે નિકળ્યા ને તેમની નજર શ્રીહરિ પર પડતાની સાથે જ એ મૂર્તિમાં આકર્ષણ થયું તેથી પોતાના પૌત્ર લાલાબાબુ (કૃષ્ણચંદ) (કરશનજી કાયસ્થ)ને બોલાવી ને કહ્યું કે, બેટા પેલા સામે બગીચામાં જે વર્ણી બેઠા છે એમને ઘરે બોલાવી લાવ આપણે તેમને પ્રેમથી જમાડીએ. એ સમયે લાલાબાબુ દોડીને શ્રીહરિ પાસે આવી પ્રણામ કર્યા જાણે જૂની ઓળખાણ હોય તેમ થોડીકવાર સુધી પ્રભુને જોતા જ રહ્યા અને પ્રાર્થના કરી કહ્યું, મારા દાદા આપને અમારા ઘરે જમવા સારું બોલાવે છે, તો તમે ભોજન કરવા પધારો ત્યારે શ્રી નિલકંઠવર્ણી કહે, અમે વસ્તીમાં જતા નથી. જો તમારે જમાડવાની ઈચ્છા હોય તો મારી પાસે વિષ્ણુ શાલિગ્રામ ભગવાન છે, તો જે તૈયાર હોય તે લાવો. અમે અહીં જ જમાડીશું. શ્રીહરિનું આવું વચન સાંભળી લાલાબાબુ ઘરે આવી દાદાને વાત કરી એટલે ગંગા ગોવિંદસિંહજી એ ફળ લાવી આપ્યા તે ફળ લઈ લાલાબાબુ વર્ણી પાસે આવ્યા ત્યારે શ્રીહરિ એ ફળો ધોઈને શાલિગ્રામ પ્રભુને ધરાવી પોતે જમ્યા તે સમયે લાલાબાબુ પર દૃષ્ટિ કરી તેથી લાલાબાબુની વૃત્તિ શ્રીહરિમાં ખેંચાઈ અને તે જ ક્ષણે તેમનું મન

સંસારમાંથી પાછું વળવા લાગ્યું. શ્રીહરિએ પોતાની યાત્રાનો પ્રવાહ આગળ વધાર્યો. લાલાબાબુ પણ પાછા પોતાના દાદાની સાથે વ્યવહાર કાર્ય કરવા લાગ્યા અને તેમની ઉંમર વધતી ગઈ. કલકત્તામાં તેમને કૃષ્ણચંદના નામથી ઓળખતા હતા. દાદા ગંગા ગોવિંદસિંહજીના સ્વર્ગવાસ પછી ઈ.સ. ૧૮૦૩ (વિ.સં. ૧૮૬૦)ના વર્ષમાં ગવર્નર જનરલે તેમને ખંડણી વસુલાતના કાર્યમાં નિયુક્ત કર્યા અને જ્યારે ઓડિસ્સા પ્રાંતની સ્થાપના થઈ તે સમયે તેમને ખંડણી વસૂલ કરવાનો પરવાનો (જવાબદારી પત્ર) આપ્યો. તેથી તેમને લોકો રાજા કૃષ્ણચંદના નામથી ઓળખવા લાગ્યા. તેમના લગ્ન થયા બાદ તેમને દિવાનપદ પર કે પછી સંસારમાં રુચિ ન હતી. કારણ તેમનું મન તો અખંડ ભગવાનમાં તલ્લીન હતું. તેથી બધુ જ કામકાજ મૂકી ઓડિસ્સાથી પોતાના ઘરે કલકત્તા પાછા આવી ગયા અને ત્યાં નાનું-મોટું કામ સંભારવા લાગ્યા ને ભગવાનનું ભજન કરવા લાગ્યા.

એક વાર સંધ્યાનો સમય હતો ને પોતાનું કામકાજ પૂર્ણ કરીને પોતાના ઘરે પાછા આવતા ગામને પાદર એક ધોબીના ઘરમાંથી શબ્દો સંભળાયા :

**“તેવામાં પર્યટ કન્યાએ, વચન કહ્યું નીજ તાતને**
**વેળા થઈ ગઈ દીપક પ્રગટાવો, સાંભળી મારી વાતને**
**આવો શબ્દ ધોબી કન્યાએ, નીજ તાત પ્રત્યે કહ્યો**
**શર પેઠે લાલાબાબુને, હૃદયમાં પ્રવેશી ગયો.**

પર્યટ કન્યા (ધોબીની દીકરી) એ પિતાને કહ્યું, હે પિતાશ્રી ! રાત્રિનો સમય થઈ ગયો છે તો દીવો કરી અજવાળું કરો. આવો શબ્દ જ્યારે લાલાબાબુના કાને સંભળાયો ત્યારે જાણે એમને ગુરુમંત્ર મળી ગયો ને વિચાર કર્યો કે મારે પણ વેળા થઈ ગઈ છે, પરંતુ હજી મેં દીવો પ્રગટાવો નથી. હવે જો અંતરમાં દીવો પ્રગટે તો ભગવાન મળે. તે ભગવાન મેળવવાની (આગ) તાલાવેલી જાગી ઘરે આવી બધો જ વ્યવહાર મૂકીને વૃંદાવનમાં આવી ગયા ત્યાં તેમને છાતીમાં વર્ષોથી દુઃખાવો રહેતો. રાત્રે ઊંઘ પણ આવતી નહીં. તેમને કોઈ બ્રાહ્મણને પૂછ્યું ત્યારે તેણે કહ્યું,

જે તમે એક મોટું મંદિર કરાવો ને તેમાં દેવ પધરાવો તે દેવનાં દર્શન કરવા કોઈ સત્તપુરુષ આવશે ને તેનાં તમને દર્શન થાશે. તેથી બધી શાંતિ થઈ જઈ. પછી તેમને એક બાંકે બિહારીનું મંદિર બનાવ્યું અને તે જગ્યામાં એક પવિત્ર સંત શ્રીહરિદાસજી હતા તેમની પૂજામાં એક શ્રી બાંકે બિહારીની મૂર્તિ રાખતા, જ્યારે તેમને ભગવાનના ધામમાં જવાનો સમય થયો તે વખતે તે સ્વરૂપને લાલાબાબુએ બનાવેલા મંદિરમાં પધરાવ્યું. ત્યાર બાદ તેમને મંદિરના પગથિયાંમાં પોતાની મૂર્તિઓ કોતરાવી કે કોઈ સત્તપુરુષની ચરણરજનો સ્પર્શ થાય. ધર્મશાળા, સદાવ્રત - વાવ બંધાવીને સમાજ સેવાનું કાર્ય ચાલુ કર્યું. એ સમયમાં બંગાળના રાજા કૃષ્ણચંદ (લાલાબાબુ) એ ભેખ ધારણ કરી પોતે સદાવ્રત ચલાવતા, પરંતુ પોતા માટે ભિક્ષા માંગવા આજુબાજુના ગામમાં જતાં ને વૈરાગ્ય દૃઢ કરતા અને મનમાં તાન હતું કે એક દિવસ ભગવાનની પ્રાપ્તિ થશે, એવા સમયમાં ૧૨ વર્ષનો સમય વ્યતિત થઈ ગયો ત્યારે.

**“વૃંદાવનમાં લાલાબાબુ જે સમે, અભ્યાગતને અપાવતા અન્ન જો,**
**તે સમયમાં સુખાનંદ મુનિ તણુ, સત્સંગમાંથી થયું ઉદાસી મન જો.**

એક વાર મોટા સુખાનંદ સ્વામીને મહારાજે કહ્યું, આ તો અનાદિ કાળના મુક્ત છે. જો અમારી સેવામાં આવે તો અમે રાખીએ ત્યારે સુખાનંદ સ્વામી કહે, હે મહારાજ ! મેં તમારી આજ્ઞા લોપી નથી ને લોપવી પણ નથી, પણ એક સંકલ્પ રહે છે. જે તમે પુરુષોત્તમનારાયણ મને મળ્યા તે મારું તો કલ્યાણ થયું છે, પણ મારા મા-બાપનું, સગાં-સંબંધીનું કલ્યાણ કરવા માટે ગ્વાલિયર જાવું છે અને તમારા સ્વરૂપનો નિશ્ચય કરાવવો છે. એટલો સંકલ્પ છે. ત્યારે મહારાજે કહ્યું, સ્વામી ચોરાશી લાખ યોનિમાં ઘણાં મા-બાપ થઈ ગયા છે, માટે જેને વર્તમાન ધરાવ્યાં તેને મા-બાપ જાણવા’ એમ ઘણા સમજાવ્યા પણ સમજ્યા નહિ ત્યારે મહારાજે કહ્યું, પણ સ્વામી તમારી આવરદા એક વર્ષની જ છે. તમે ત્યાં સુધી પહોંચી નહીં શકો. પછી તમારી મરજી તો પણ સંકલ્પ મટ્યો નહિ ને સંવત ૧૮૬૯માં શ્રાવણ માસમાં જેતલપુરથી ગ્વાલિયર સગાંઓને સત્સંગ કરવા નિકળ્યા. તે ત્યાંથી ચાલ્યા તે એક ગામ આવ્યું

ને ત્યાં ચોરામાં જઈ ઉતારો કર્યો. અને સ્વામિનારાયણ એવું નામ લીધું ત્યાં તો ચોરામાં પ્રકાશ થઈ ગયો ત્યારે ત્યાં બે વૈરાગી બાવા રહેતા હતા, તેમને વિચાર થયો જે જેનું નામ લેતા આવો પ્રકાશ થઈ ગયો તે કોણ હશે ? પછી તે પ્રકાશ બંધ થઈ ગયો ત્યારે તે બેય વૈરાગી બાવા સ્વામી પાસે આવીને પગે લાગ્યા ને કહ્યું, હે મહારાજ ! એ સ્વામિનારાયણ કોણ છે ? ત્યારે સ્વામીએ કહ્યું, ‘એ તો સાક્ષાત ભગવાન પ્રગટ થયા છે ને હું તેમનો સાધુ છું’ તે વાત બંનેને સાચી મનાણી તેથી સ્વામી પાસે બંને સાધુ થયા. એનું નામ રામાનુજાનંદ પાડ્યું (જે જૂનાગઢમાં રહેતા) અને બીજાનું નામ ગોપાળાનંદ પાડ્યું (જે બોટાદમાં રહેતા). આમ, બંને શિષ્યોને લઈ સ્વામી વૃંદાવન આવ્યા જોયું સદાવ્રત અપાય છે પરંતુ ભીડ ખૂબ હતી અને સ્ત્રીઓ પણ હતી, માટે દૂર એક બાજુ બેસી ભજન કરવા લાગ્યા. ત્યારે સેવકોની નજર તેમના પર પડી. તેથી સેવકો નજીક ગયા ને સ્વામીએ જય સ્વામિનારાયણ કહ્યા ત્યાં તો પ્રકાશ-પ્રકાશ થઈ ગયો - બધા સેવકોને આશ્ચર્ય થયું અને સદાવ્રત આપ્યું.

**“અન્ન આપ્યુ લાલા બાબુ કેરા નોકરે, પછી પૂછીયું સંતોને વરતંત જો**
**કયાના રહેવાસી ને ક્યાંથી આવ્યા, તમે છો કોણ સંપ્રદાયના સંત**
**સ્વામિનારાયણના છીએ સંતે કહ્યું, ગુર્જર દેશથી આવ્યા તીરથ કાજ જો**
**અષ્ટ પ્રકારે સ્ત્રી દ્રવ્યના ત્યાગી અમે, આજ્ઞા લોપે જાય અમારી લાજ જો.**
**ત્યારે સેવકો કહે, તમે પહેલા સદાવ્રત લેવા કેમ ન આવ્યા ?**
**“લુગાઈ અડે તો ઉપવાસ કરવો પડે, અને દ્રવ્ય રાખવાથી વાધે મોટું પાપ જો**
**તેથી ભીડ દેખી છેટે બેઠા હતા, બેઠા બેઠા જપતા તા હરિ જાપ જો**
**વાત સુણીને જન આશ્ચર્ય પામ્યા, સંતોને લઈ ગયા બાબુજી પાસ જો**
**સાચા સાધુના દર્શનથી બાબુજીને, અંતરમાંથી ઉપજ્યો અતિ ઉલ્લાસ જો.**

જ્યારે સેવકો સંતોને લઈ લાલાબાબુ પાસે આવ્યા અને સ્વામીના દર્શન થતા છાતીમાં બળતું હતું તે બંધ થઈ ગયું. શેઠે સ્વામીનું કાડું પકડીને કહ્યું, તમે તો ભગવાન છો. ત્યારે સ્વામી કહે, અમે તો ભગવાનના સાધુ છીએ. પછી શેઠે સ્વામીને ઠાકોરજીના દર્શન કરાવીને પોતાની મેડી

ઉપર પાથરણાં પાથરીને તે ઉપર બેસાડ્યા પછી સ્વામીએ શેઠને બે ઘડી મહારાજની વાતો કરી અને અંતરમાં શાંતિ થઈ ત્યારે શેઠ કહે, હે સ્વામી મને તમારા દર્શનથી અંતરમાં શાંતિ થઈ ગઈ ને ઊંઘ આવે છે, ત્યારે સ્વામી કહે તમે બે ઘડી ઊંઘી જાઓ અમે બેઠા છીએ. પછી બે કલાક ઊંઘ લઈને ઊઠ્યા ને રસોઈ કરવા સારું સાકરના સીધા મંગાવ્યા ત્યારે સ્વામીએ ના પાડી ને કહ્યું, અમારા ગુરુની આજ્ઞા ભિક્ષાવૃત્તિ કરી લાવી જમવું એવી છે. ત્યારે શેઠે માગવા જવાની તો ના પાડી ને બાજરાનો લોટ ને ભાજી મગાવી તેની બાટીઓ ને ભાજી સાધુએ બનાવ્યા પછી તે ઠાકોરજીને ધરાવીને સ્વામી બંને સંતો સાથે જમ્યા ને ત્રણ મહિના સુધી રોકાઈને વાતો કરી શેઠને મહારાજનો નિશ્ચય કરાવ્યો. એક વાર સ્વામી સંતો સાથે યમુનામાં સ્નાન કરવા ગયા હતા ત્યાં સ્વામીએ સંતોને કહ્યું, હવે મારો દેહ પડવા આડા પંદર દિવસ રહ્યા છે માટે આજે લાલાબાબુને વાત કરી પાછા વળીએ એમ નક્કી કરીને શેઠ લાલાબાબુને વાત કરી ત્યારે લાલાબાબુ કહે, હમણાં રોકાઓ ત્યારે સ્વામી કહે, ના શેઠ અમારે શ્રીહરિના દર્શન કરવા જાવું છે કારણ હવે થોડા દિવસમાં મારી આયુષ્ય પણ પૂર્ણ થાય છે. ત્યારે લાલાબાબુ કહે સ્વામી મહારાજને તમે અહીં તેડાવો હું બધો જ ખર્ચ આપીશ ને મોટું સમૈયું કરીશ.

**"વચન સુણી સંત સુખાનંદ બોલિયા, હરિને મલવાનો તમને ખપ જો હોય તો,**
**તો ચાલો તમને હરિ ભેળા કરું, પુરુષોત્તમ પર હુકમ કરે નહીં કોય જો.**

સુખાનંદ સ્વામી કહે, લાલાબાબુ ભગવાન પર હુકમ આપણો ન ચાલે જો દર્શનનો ખપ હોય તો ચાલે મારી સાથે ગુજરાત હું તમને ભગવાનનો ભેટો કરાવું.

**"સંત વચન સુણીને બાબુ બોલીયા, મારે તો મંદિરનું છે કાંઈ કામ જો**
**જઈ શકાશે નહીં મુજથી ગુજરાતમાં, દયા કરીને આવે પુરણ કામ જો.**

શેઠ જો મહારાજને મળવું હોય તો વ્યવહાર મુકવો પડે પણ શેઠ મંદિર મૂકી શક્યા નહીં. એક બાજુ મહારાજને મળવાની ઈચ્છા પરંતુ બીજી બાજુ વ્યવહારે રૂંધી રાખ્યા માટે જઈ ન શક્યા ને કહ્યું, હું જ્યારે દ્વારિકાની યાત્રા કરવા જાઉં ત્યારે મહારાજના દર્શન કરવા આવીશ.

અત્યારે તમે મહારાજ માટે આ ૪૦ હજાર રૂપિયા લઈ જાઓ ને તેમાંથી મહારાજ માટે સોનાના ઘરેણાં કરાવજો ત્યારે સંતો એ ના કહી. એટલે શેઠે ૧૫૦ રૂપિયાની ભારે અત્તરની શીશી અને સાથે એક પત્ર લખી આપ્યો ને કહ્યું લો મહારાજને આપજો. એ અત્તરની શીશી અને પત્ર લઈ સુખાનંદ સ્વામી સંતો સાથે ગુજરાત આવવા નિકળ્યા ત્યારે રસ્તામાં સ્વામીનું આયુષ્ય પૂર્ણ થયું. બંને સંતોને પાસે બોલાવી કહ્યું, લો આ અત્તરની શીશીને પત્ર મહારાજને આપજો ત્યારે બંને સંતો કહે હે ગુરુદેવ.

**"નવા સંત કહે અમે અજાણ્યા છીએ દેશના,**
**વિના ઓળખે કોને દઈએ આ ચીજ જો**
**આવો સુખાનંદ સંતે તમને મોકલ્યા,**
**એમ કહે ત્યાં દેજ્યો વણ તજવીજ જો.**

અમે બંને નવા સંતો છીએ. મહારાજને ઓળખતા નથી તો આ વસ્તુ કેમના આપીએ ત્યારે સુખાનંદ સ્વામી કહે, જે તમને એમ કહે કે આવો તમને સુખાનંદ સ્વામીએ મોકલ્યા છે ને તેમને આપી દે જો એ જ પુરુષોત્તમ નારાયણ હશે. એમ કહી એક શહેરને પાદર નદીને કાંઠે બાગ હતો ત્યાં ગયા પછી સ્વામી એ બળતણ ભેગુ કરાવીને બપોરે દેહ મેલ્યો તે વખતે મહારાજ તેમને વિમાન લઈ તેડવા આવ્યા પછી બંને સંતોએ સુખાનંદ સ્વામીના દેહનો અગ્નિ સંસ્કાર કરી ગુજરાત તરફ પ્રયાણ કર્યું.

**"પછી સુખાનંદ અક્ષરપદને પામિયા,**
**ક્રિયા કરીને ચાલી નિકળ્યા સંત જો**
**ફરતા ફરતા સંત કંઈક દેશે ગયા,**
**દીઠા ઉત્તમ નૃપને ત્યાં ભગવંત્**
**લીંબ તણે શ્રીહરિને સંતે નિરખ્યા,**
**દૂર રહીને મનમાં કર્યા વિચાર**
**આવો સુખાનંદ સંતે તમને મોકલ્યા**
**એમ કહીને બોલાવ્યા કરી પ્યાર**
**ચિઠ્ઠી શીશી આપી હરિના હાથમાં,**

**સંતો પ્રેમે લાગ્યા હરિને પાયજો**
**ચિઠ્ઠી વાંચી શ્રીહરિએ શીશ ડોલાવીયું**
**તે દેખી વિચાર્યા સૌ મનમાંય જો**

બંને સંતો મહારાજને શોધતા-શોધતા ગઢપુર આવ્યા ત્યાં લીંબતરુ નીચે મહારાજના દર્શન થયા અને સુખાનંદ સ્વામીના કહેવા પ્રમાણે મહારાજે કહ્યું, તમને સુખાનંદ સ્વામીએ મોકલ્યા છે ને એ વાત સત્ય થઈ એટલે ચિઠ્ઠી અને અત્તર મહારાજના ચરણમાં મુક્યા ત્યારે મહારાજે ચિઠ્ઠી વાંચી મસ્તક ડોલાવ્યું તે સંતોએ કહ્યું, મહારાજ આ સંતો કોણ છે અને કોની ચિઠ્ઠી છે ? ત્યારે મહારાજે વાત કરી જે બંગાળના રાજા કૃષ્ણચંદ ભેખ લઈ ભગવાન મેળવવા વૃંદાવનમાં મોટું મંદિર બાંધી રહેતા એક વાર તેમને અમારું દર્શન થયેલ પછી સુખાનંદ સ્વામીનો યોગ થયો ને અમારો નિશ્ચય થયો છે, પરંતુ તેમના હજી એટલા પુણ્ય ઉદય નથી થયા કે અમારો યોગ થાય માટે એ સત્સંગમાં જન્મ લેશે અને અમારું દર્શન તથા સત્સંગ કરીને અમારા ધામને પામશે અને આ બંને સંતો વૈરાગી બાવા હતા તે સ્વામીના યોગે કરી સત્સંગ થયો છે ને સંત થયા તે હવે આપણી સાથે એ સત્સંગમાં રહેશે. આમ વાત કરી જેથી બધા ખૂબ રાજી થયા. પછી અત્તર સર્વે સંતોની નાસિકાએ ચરચીયું ને કહ્યું જે હે સંતો આલોકમાં તમારી આબરૂ દિવસે-દિવસે વધશે ને બીજા ભેખ માત્ર ધુળધાણી થઈ જાશે.

એક વાર સરકારી માણસો અને રાજાઓ સાથે તકરાર થઈ તેમાં લાલાબાબુની સલાહથી રાજાઓએ કોલ કરારમાં સાહી ન કરી તે અંગ્રેજ સરકારને ખબર પડતા. સર ચાલસર રેસીડેસે લાલાબાબુને પકડીને દિલ્હી લઈ ગયા. પછી જ્યારે સંપૂર્ણ તપાસ કરવામાં આવી તેમાં લાલાબાબુ નિર્દોષ નિકળ્યા અને દિલ્હીના બાદશાહે તેમને ઈનામ આપવાનું નક્કી કર્યું ને ગવર્નરે તેમને મહારાજાની પદવી દેવાનું જાહેર કર્યું, પરંતુ તેમની રૂચિ તો ભગવાનમાં હતી માટે કોઈ જ પદવીનો કે ઈનામનો સ્વીકાર કર્યા વિના પાછા દિલ્હીથી મથુરા આવી ગયા ત્યાં તેમને મનમાં વિચાર આવ્યો કે મેં જે મંદિર બનાવ્યું છે તેના નિભાવ ખર્ચ માટે મારે ૧૫

ગામ ખરીદવા છે તેથી તેમને મથુરા પ્રાન્તમાં વિચરણ ચાલુ કર્યું. એ જ સમયમાં જયપુરના લક્ષ્મીચંદ શેઠ જેઓ જૈન વાણિયા હતા. આ લક્ષ્મીચંદ શેઠનો જન્મ ઈ.સ. ૧૭૬૫-૨૬ એપ્રિલના રોજ થયેલો તેમના પિતા વલ્લભ જૈન હતા અને ખૂબ જ પ્રમાણિક હતા તેથી જયપુરના રાજા માનસિંહે સાધુ સંતોના આશ્રમમાંથી લૂંટીને દ્રવ્ય ભેગુ કરેલું તે દ્રવ્યને ગરીબ-સદાવ્રતોમાં વાપરવા માટે લક્ષ્મીચંદ શેઠને નિયુક્ત કર્યા અને કહ્યું, આ ધનનો સદ્‌ઉપયોગ કરજો તેથી શેઠે તેમાંથી દેરાસરો - સદાવ્રતો - વાવ-કુવા બનાવળાવ્યા. શેઠની ઉંમર મોટી થઈ પરંતુ કોઈ સંતાનનો જન્મ ન થયો ત્યારે એક બ્રાહ્મણે કહ્યું, તમે દ્વારિકાધીશની માનતા રાખો - એટલે શેઠ માનતા રાખી કે જો શેર માટીની ખોટ પૂર્ણ થાય ને પુત્રની પ્રાપ્તિ થાય તો હે દ્વારિકાધીશ મથુરામાં તમારું મોટું મંદિર બનાવડાવીશ. ભગવાનની કૃપાથી શેઠને ત્યાં મોટી ઉંમરે પુત્રની પ્રાપ્તિ થઈ તેથી શેઠ પરિવારની સાથે મથુરા આવ્યા ને ત્યાં તેમને હોલી ગેટની અંદર વિશ્રામ ઘાટની નજીક દ્વારકાધીશની મોટી હવેલીનું નિર્માણ કર્યું (જ્યાં ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામ પ્રથમ વાર મથુરા મામા કંસનો વધ કરવા પધાર્યા અને વિશ્રામ લીધેલો તે જગ્યાને વિશ્રામઘાટથી ઓળખે છે, જ્યાં અત્યારે આપણું શ્રી સ્વામિનારાયણ મંદિર છે) અને મંદિરના નિભાવ ખર્ચ માટે જમીન શોધે છે એવામાં લાલાબાબુ અને લક્ષ્મીચંદ શેઠ બંનેને એક જ જમીનમાં વાદ-વિવાદ થયો ને લડાઈ થઈ, પરંતુ લાલાબાબુ મુમુક્ષુ હતા માટે વિચાર આવ્યો કે જો ભગવાન મેળવવા માટે બંગલાનો ત્યાગ કર્યા ને હવે એક જમીનના ટુકડા માટે હું ઝગડો કરું તે કેમ શોભે ? આમ, મનમાં વિચાર કરીને બધો જ વ્યવહાર મુકી વ્રજમાં એક કૃષ્ણદાસ બાબાજી જે બહુ જ મોટા સમર્થ સંત હતા, તેમનો સમાગમ કરવા માટે આવ્યા. સંતના સાનિધ્યમાં સમાગમ કરીને વ્યવહાર ને સંસારને હૃદયમાંથી કાઢી નાખ્યો ને દીક્ષા લેવાનો મનમાં વિચાર ઉપજ્યો અને સંત કૃષ્ણદાસજી પાસે આવીને કહ્યું, હે ગુરુદેવ ! મને દીક્ષા આપીને સંત બનાવો ત્યારે સંત બોલ્યા :

''દીક્ષામાં બહુ સાર છે પણ બેટા દીક્ષા લેવામાં હજુ થોડી વાર છે.''

સંતના આવા વચનો સાંભળી લાલાબાબુ ખૂબ જ દુ:ખી થયા અને પોતાના દોષ શોધવા લાગ્યા કે મને સંતે ક્યાં દોષના કારણે દીક્ષા આપવાની ના પાડી પછી વળતો વિચાર આવ્યો છે હજી મારા મનમાંથી મેં મંદિર બનાવ્ય એવો અહમ્ ગયો નથી, એ અહમ્‌ને તોડવા હવે ઘરે ઘરે ભિક્ષા માંગવા લાગ્યા.

આમ, ભિક્ષા માંગતા-માંગતા તેમને સંપૂર્ણ અહમ્ ઓગળી ગયો ને ફરીથી ગુરુદેવ પાસે જઈ વિનંતી કરી કે હવે મને દીક્ષા આપો, પરંતુ તોય ગુરુદેવે કહ્યું હે પુત્ર હજી તું દીક્ષા માટે પરિપૂર્ણ થયો નથી ત્યારે ઘરે આવીને નિરાશ થઈ વિચારવા લાગ્યા ત્યારે વળતો વિચાર આવ્યો જે હજી હું લક્ષ્મીચંદ શેઠના ઘરે ભિક્ષા લેવા ગયો નથી. જો હું ત્યાં ભિક્ષા લેવા જાઉં ત્યારે મારો અહમ્ ઓગળે ! દ્વેષભાવને હૃદયમાંથી કાઢીને એક વાર સવારે યમુનાજીમાં સ્નાન કરી લક્ષ્મીચંદ શેઠના ઘરે ભિક્ષા માંગવા માટે આવ્યા ત્યારે નોકરોએ લક્ષ્મીચંદ શેઠને વાત કરી જે શેઠજી બંગાળના રાજા લાલાબાબુ ભિક્ષા માંગવા આવ્યા છે. આ સાંભળતા લક્ષ્મીચંદ શેઠ દોડીને દરવાજે આવ્યા ને લાલાબાબુને જોતા આંખમાંથી આંસુઓની ધારા થઈ ને લાલાબાબુના પગમાં પડી ગયા ત્યારે લાલાબાબુ કહે શેઠ મને ભિક્ષા આપો હું સાધુ છું. ત્યારે શેઠે તેમને ભિક્ષા આપી તે લઈ ઘરે પાછા વળતા રસ્તામાં સંત કૃષ્ણદાસજીને સામે આવતા જોય અને દોડીને ગુરુના ચરણમાં શીશ નમાવ્યા ત્યારે સંત કૃષ્ણ દાસે તેમને ઊભા કરી ભેટ્યા ને કહ્યું જે હવે તું દીક્ષા લેવાને યોગ્ય થયો છે. ત્યાર બાદ સંત કૃષ્ણદાસ સાથે આશ્રમે જઈને દીક્ષા ગ્રહણ કરી દીક્ષા લીધા બાદ પોતે જ્ઞાની હોવા છતાં પણ મૌનવ્રત ધારણ કર્યું. એક વાર મૌન અવસ્થામાં ભગવાનનું સ્મરણ કરતાં કરતાં રાજમાર્ગથી પ્રસાર થતા હતા. ત્યાં ગ્વાલિયરના મહારાણી વૃંદાવનમાં આવ્યા હતા. તેમને સેવકે કહ્યું કે, રાણી બા આ લાલાબાબુ બહુ જ મોટા સંત છે. દર્શન કરવા જેવા છે. તેથી રાણી દર્શન કરવા આવ્યા ત્યારે લાલાબાબુને થયું આ સ્ત્રી કોણ છે ? પોતાની નજીક આવતી જાણી પાછા ખસવા ગયા ત્યારે કોઈ ઘોડેસવાર ત્યાંથી પ્રસાર થતો હતો તે ઘોડાએ પાછળથી લાત મારી અને

લાલાબાબુ નીચે પડી ગયા. ભક્તો તેમને લઈ સંત કૃષ્ણદાસજી પાસે આવ્યા ને ગુરુદેવના ખોળામાં મસ્તક મૂકી ઈ.સ. ૧૮૨૨માં (વિ.સં. ૧૮૭૮)ને જેઠ સુદ-૨ના દિવસે ૪૬ વર્ષની ઉંમરે દેહનો ત્યાગ કરી દીધો.

**"ઈસવીસન અઢારસોને, બાવીશમાં વર્ષ ભર્યું**
**છેતાલીશ વર્ષની વયે, દિવ્યધામમાં ગમન કર્યું**
**જેઠ સુધી બીજને દીને, વ્રજમાંહી શોક વ્યાપી ગયો**
**અહો આ દુનિયા થકી, એક ઉજ્વલ હીરો ગયો**
**બીજે જન્મે સત્સંગમાંય, થયા ભક્ત પાવન.**

બીજા જન્મમાં કપડવંજમાં ધનેશ્વર ભટ્ટ અને જયકુંવરબાને ત્યાં પુત્ર રૂપે પ્રગટ થયા એમનું નામ છોટુભાઈ રાખવામાં આવ્યું. માતા-પિતાને ખૂબ જ સત્સંગ હતો તેથી એક વાર મનમાં વિચાર આવ્યો જે મારા પુત્રને શ્રીહરિના દર્શન કરાવી મહારાજના હાથે વર્તમાન ધરાવું તો મારા પુત્રનું કલ્યાણ થાય. આમ, મનમાં વિચાર કરી પોતાપુત્રને લઈ બંને દંપતી વડતાલ આવ્યા જ્યાં શ્રીજીમહારાજ ગોમતી નદીના કિનારે સભા ભરીને બેઠા હતા ત્યારે માતા જયકુંવર બાએ પુત્રને મહારાજ પાસે મોકલ્યો એટલે મહારાજે મૂળજી બ્રહ્મચારી પાસે પાણી મંગાવીને વર્તમાન ધરાવ્યા અને બંને હાથ છોટુભાઈના મસ્તક પર મુક્યા ત્યાર બાદ મહારાજ બોલ્યા જે હે બાઈ આ તમારા પુત્ર તો પૂર્વના મુમુક્ષુ છે આ ખૂબ જ મોટા સત્સંગી બની અને સત્સંગમાં સેવા કરશે. આમ આશીર્વાદ આપી મહારાજે પ્રસાદ આપ્યો અને તેમનું નામ છોટુભાઈમાંથી ભુદર રાખ્યું તેથી માતા જયકુંવરબા ખૂબ જ રાજી થયા અને પુત્રને લઈ ઘરે આવ્યા. ત્યારે સંતોએ કહ્યું, મહારાજ આ છોકરાનું એવું કર્યું ભાગ્ય કે તમારા બંને હસ્ત તેના મસ્તક પર ફર્યા ત્યારે મહારાજ કહે, સંતો આ તો વૃંદાવનવાળા લાલાબાબુ છે જેમને અમારા માટે અત્તરની શીશી મોકલાવી હતી. તે હવે સત્સંગમાં જન્મ લઈને આવ્યા છે તે અમારું ભજન કરીને અમારા ધામને પામશે.. તે સાંભળી સર્વે ખૂબ રાજી થયા.

ભુદરભાઈ કપડવંજમાં માતા-પિતા સાથે રહેતા રોજ માતા જયકુંવર

બા તેમને મહારાજના ચરિત્રોની વાતો કરતા આમ કરતા કરતા ખૂબ જ દૃઢ સત્સંગ થયો. એક વાર મહારાજને ભુદરભાઈ કહે હે મહારાજ !

**"હે કેશરબેલી મારો તે જાલ્યો છે હાથ ભુદરમાં દેશ્યો મેલી."**

ત્યારે મહારાજ કહે, ભુદર હવે તો તને આ જન્મે દેહ મુકાવીને અમારા ધામમાં અમારી સાથે રાખીશું. તે સાંભળી ભુદરભાઈ ખૂબ જ રાજી થયા ને મહારાજનું અખંડ ભજન કરતા... કરતા અંતે શ્રીજી મહારાજના ધામને પામ્યા.

## મુરદાનવ

**"જ્યારે પ્રગટ હોય ભગવાન રે ત્યારે મનુષ્ય તરે કે તરે કોય રે,**
**તરે દેવ-દાનવાદિ વળી રે, તે તો પ્રગટ પ્રભુને મળી રે**
**રાક્ષસ યક્ષભૂત ભૈરવ રે, મળે પ્રગટ તો તરે એ સર્વ રે."**

તૈલગ દેશમાં બ્રાહ્મણ કુળમાં એક આસુરી વૃત્તિનો ગજકર્ણ મહાન તાંત્રિક - મેલીવિદ્યાને જાણનારો અને મલીન દેવી-દેવતાનો ઉપાસક થઈ ગયો - સર્વ દેશના રાજા-ભેખધારી-બ્રાહ્મણો - ગૌસ્વામી આદિક મત અને પંથના સર્વ મનુષ્યોને પોતાની મેલી વિદ્યા તંત્ર-મંત્રથી જીતી લીધા ત્યાર બાદ મેવાડ-મરૂત-મગધ આદિ દેશમાં રહેલા જેટલા જૈન મતના અનુયાયી હતા તે સર્વને જીતી લીધા અને સાબરમતી નદીને ઉતરી ભાલ પ્રદેશમાં પોતાનો પ્રચાર વધારતો-વધારતો સૌભીર દેશ (સુરેન્દ્રનગર)માં આવ્યો ત્યાં પોતાની વિધાથી અનેક લોકોને પોતાના વશમાં કર્યા. એ સમયે અનેક બ્રાહ્મણો અને સાધુ સંતોએ કહ્યું, અમારા જેવા મગદરાને જીતીને તું શું વિજયી કહેવાય. જો સ્વામિનારાયણને જીતે તો તને સાચો વિજયી માનીએ, લોકોના કહેવાથી ગજકર્ણ સ્વામિનારાયણ ભગવાનને જીતવા માટે ગઢપુર આવ્યો અને મહારાજને પડકારવા લાગ્યો. ગામના માણસોએ મહારાજને સમાચાર આપ્યા કે કોઈ તૈલગી બ્રાહ્મણ આપને પડકારી રહ્યો છે. ત્યારે મહારાજે મયારામ ભટ્ટ, પાગજી દવે, પ્રભાશંકર, બેચરભાઈ નાનાભાઈ - કુબેરસિંહ ચોપદારને કહ્યું, જાઓ તે તૈલગી બ્રાહ્મણને અહીં તેડી લાવો. મહારાજની આજ્ઞા થતાં ભક્તો ગજકર્ણ પાસે

આવીને કહે, હે ગજકર્ણ ! તમને ભગવાન સ્વામિનારાયણ બોલાવે છે. તમે તમારી સાથે રહેલા વિપ્રો સાથે પધારો. ગજકર્ણ કહે, અમે સ્વામિનારાયણ ભગવાન થઈને પૂજાય છે, તેનો પાખંડ તોડવા માટે અને તેની સામર્થિની પરીક્ષા કરવા આવ્યા છીએ. ભક્તો કહે, હે વિપ્ર ! એ તો તમે ત્યાં આવો પછી દૂધનું દૂધ અને પાણીનું પાણી થશે. ગજકર્ણ ભયંકર ઉચ્ચારો કરતો દરબાર ગઢમાં આવ્યો ત્યારે મહારાજે તેને બેસવા માટે આસન આપ્યું ને કહ્યું, હે વિપ્ર તમે ભોજન જમો. ત્યારે ગજકર્ણ કહે, ના મારે નિયમ છે જ્યાં સુધી હું તમને હરાવું નહીં ત્યાં સુધી જમીશ નહીં. ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, હે ગજકર્ણ સ્વામિનારાયણ અજિત પુરુષ છે. તે તારાથી નહીં જીતાય. તોય પાખંડી ગજકર્ણ મંત્રતંત્રનો ઉપયોગ કરવા લાગ્યો, પરંતુ તે તાંત્રિક વિદ્યાની કોઈ જ અસર શ્રીજી મહારાજ પર થઈ નહીં. ત્યારે મહારાજ કહે, તારા આ મંત્ર-તંત્ર અમને તો શું અમારા સંતો અને ભક્તોને પણ અસર કરવા સમર્થ નથી અને તું જે મલીન દેવી-દેવતાની સાધના કરતો હોય તેમને બોલાવ એ અમારું કશું બગાડવા સમર્થ છે નહીં. મહારાજના વચનો સાંભળી ગજકર્ણ ક્રોધિત થયો અને પગ પછાડતો - પછાડતો પોતાના ઉતારે આવ્યો અને રાત્રે પોતાના મલીન ઈષ્ટને પોકાર્યા. સર્વ દેવી-દેવતાઓએ આવીને કહ્યું, તારી કોઈ જ તાંત્રિક વિદ્યા તે સ્વામિનારાયણ આગળ નહીં ચાલે. કારણ તે સર્વ અવતારના અવતારી અજીત પુરુષ ભગવાન છે. તેમની સામે અમારું બળ નહીં ચાલે માટે તું એમના શરણે જા અને સર્વ લોકોની જેમ તારું કલ્યાણ સાધી લે ! તોય બીજા દિવસે મહારાજને મારવાનો મનસુબો કરીને દરબારગઢમાં આવ્યો. પણ મહારાજે તેને સમાધિ કરાવી અને કહ્યું પૂર્વનો સ્વભાવ હજુ ગયો નથી. ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, મહારાજ એનો પૂર્વનો કયો સ્વભાવ છે એવો જે હજી ગયો નથી ? ત્યારે મહારાજ કહે, સ્વામી આ પૂર્વજન્મમાં નાડીજંઘનો દીકરો મુરુ દાનવ હતો. લોકોને મુરપાસ (પોતાના બંધનમાં)માં રાખવા અને તેના પર અત્યાચારો ગુજારવા આવું એનું કાર્ય હતું. અતિ પાપી-દુરાચારી હતો. દેવોની સાથે યુદ્ધ કરી સ્વર્ગ પડાવી લીધું. તેને પોતે ચંદ્રાવતી નગરીનો રાજા હતો.

દુઃખી થયેલા દેવો ભગવાન વિષ્ણુ પાસે સહાયતા માગવા ગયા. ત્યારે તેમના દુઃખને દૂર કરવા માટે દેવો સહિત ભગવાન વિષ્ણુએ તેની ચંદ્રાવતી નગરી પર ચઢાઈ કરી અને ભગવાન વિષ્ણુ અને મુરુ દાનવ વચ્ચે હજાર વર્ષ સુધી બાહુયુદ્ધ ચાલ્યું, જેથી ભગવાન થાકી ગયા અને બદ્રિકાશ્રમમાં હેમવતી નામની બાર યોજન લાંબી ગુફામાં જઈને સૂઈ ગયા. તે વખતે પ્રભુને મારવા માટે મુરુ દાનવ આવ્યો અને ભગવાનની જાંઘમાંથી એક સુંદર સ્ત્રી ઉત્પન્ન થઈ ત્યારે મુરુ દાનવ કહે, મારી સાથે લગ્ન કર. સ્ત્રી કહે, મને જે યુદ્ધમાં હરાવે હું તેની સાથે પરણીશ. બંને વચ્ચે યુદ્ધ થયું. એ યુદ્ધમાં મુરુ દાનવ તે સ્ત્રીના હાથે મરાયો. પ્રભુ જ્યારે આરામ કરી જાગ્યા મુરુ દાનવને મરેલો જોઈ બાજુમાં ઊભીલી સ્ત્રીને પૂછ્યું, તું કોણ છે ? હું તમારી એકાદશ ઇન્દ્રીઓમાંથી ઉત્પન્ન થયેલ એકાદશી શું અને ભગવાન વિષ્ણુ દ્વારા એકાદશીના દિવસે વ્રત ઉપવાસ કરનારને અનેક વરદાનોની પ્રાપ્તિ થઈ.

મુરુ દાનવ મૃત્યુ પામ્યા પછી લાખો વર્ષ સુધી નરક યાતનાને ભોગવી આ જન્મે તૈલગ દેશમાં બ્રાહ્મણના ઘરે ગજકર્ણ રૂપે જન્મ લીધેલો. ત્યારે સ્વામી કહે, મહારાજ કહ્યા પુણ્યના પ્રતાપે આ પાપીને આપના દર્શન થયા ! સ્વામી પૂર્વે તેને ભગવાન વિષ્ણુના દર્શન કર્યા અને તેના કારણે એકાદશીનો જન્મ થયો એ પૂર્ણ કરી અમારી પ્રાપ્તિ થઈ છે. ગજકર્ણને સમાધીમાં પડેલો જોઈ તેના બીજા શિષ્યો ડરી ગયા. મહારાજ કહે, આને ઉપાડીને લઈ જાઓ તમારે ઘરે. બધા ત્યાંથી ભાગી ગયા અને મહારાજે તેને સમાધિમાંથી જગાડ્યો. જાગતાની સાથે મહારાજના પગ પકડી રડવા લાગ્યો. અને કહે, મને તમારા શરણે લો. મહારાજે તેને આશ્રિત બનાવી કલ્યાણનો કોલ આપ્યો.

## ઈડરના મહારાજા ગંભીરસિંહનું આખ્યાન

જ્યારે ભગવાન શ્રીકૃષ્ણને શિશુપાલે એક સો ગાળો દીધી ત્યારે પોતાની ફોઈબાને આપેલ વચન પૂર્ણ થયું, એટલે ભગવાન શ્રીકૃષ્ણએ સુદર્શન ચક્રથી શિશુપાલનો શીર છેદ કરી નાખ્યો. તેથી પોતાનો મિત્ર

મરાણો એવું જાણી પોડ્રક, શાલ્વ, દંતવક્ર અને વિહરથ ભગવાન શ્રીહરિ સાથે યુદ્ધ કરવા આવ્યા. દ્વારિકામાં આવી પ્રજાજનો સામે ભગવાન શ્રી કૃષ્ણને ગાળો દેવા લાગ્યા ત્યારે સૈનિકે આવી સમાચાર આપ્યા કે, હે પ્રભુ ! પાપીષ્ટ અસુરો આપની સાથે યુદ્ધ કરવા માટે દ્વારિકામાં આવી ને નગરની શાંતિનો ભંગ કરી રહ્યા છે. તે સમયે દ્વારિકાધીશ રથ પર સવાર થઈ યુદ્ધ કરવા માટે સમરાંગણમાં આવ્યા એ વખતે દ્વારિકાધીશને જોઈ ચારે અસુરો ખૂબ જ ગાળો દેવા લાગ્યા. સૌપ્રથમ દંતવક્ર પ્રભુ સાથે યુદ્ધ કરવા આવ્યો એટલે ગદાના પ્રહારથી દંતવક્રનો વધ કરી દીધો. વિદૂરથ ને બલરામજીએ હળનો પ્રહાર કરીને મૃત્યુશૈયા પર સુવડાવી દીધો. આમ, એક પછી એક જે ભગવાન શ્રીહરિ સાથે યુદ્ધ કરવા આવ્યા હતા તે ભયથી રણ છોડીને ભાગી ગયા. આવા મહાન યોદ્ધાઓના વધની વાત જ્યારે પૃથ્વી પર ચારે દિશામાં ફેલાઈ ગઈ ત્યારે કૌરવો અને પાંડવો મહાભારતના યુદ્ધ માટે ભગવાન શ્રીકૃષ્ણ પાસે મદદ માંગવા માટે આવ્યા. મહાભારત યુદ્ધના રણશિંગા ફુકાવાની તૈયારી હતી. ત્યારે બલદેવજીએ વિચાર કર્યો જે એક બાજુ શ્રીકૃષ્ણ પાંડવોના પક્ષમાં છે, તો બીજી બાજુ દુર્યોધન મારો પ્રિય શિષ્ય છે. આમાંથી મારે કોના બાજુ રહેવું ? હું કોનો પક્ષ રાખું ? ત્યારે તેમને ઊંડો વિચાર કરીને નક્કી કર્યું કે, જો હું તીર્થયાત્રા કરવા માટે નીકળી જાઉં તો મારે કોઈના પક્ષમાં રહેવું ન પડે. મનમાં આવો વિચાર કરી મહાભારતના યુદ્ધ પહેલા શેષજી (બલદેવજી) તીર્થયાત્રા કરવા માટે દ્વારિકાનો ત્યાગ કરી તીર્થાટન કરવા લાગ્યા - પ્રભાસ પાટણના સમુદ્રમાં સ્નાન કરી, ત્યાંથી આગળ ચાલ્યા ને સરસ્વતી નદીમાં સ્નાન કરી બિંદુ સરોવર - ત્રિતકૂપકર આદિ તીર્થોમાં વિધિપૂર્વક સ્નાન કરી દર્શન કરતાં અને મનમાં રાજી થતાં થકા દેવ નદી ગંગાજીમાં સ્નાન કર્યું. ત્યાંથી એક દિવસ તેઓ નૈમિષારણ્ય ક્ષેત્રમાં આવ્યા ત્યાં અઠ્યાસી હજાર ઋષિઓએ ભેગા મળી શ્રીમદ્ ભાગવતકથા જ્ઞાન સત્રનું આયોજન કર્યું હતું. બલદેવજી ત્યાં પધાર્યા એવું સાંભળી ઋષિઓએ ઊભા થઈ તેમને સાદર સત્કાર આપ્યો ને બેસવા માટે આસન આપ્યું. તે સમયે સુતજી શ્રીમદ્ ભાગવત કથાના વક્તા સ્થાને હતા માટે

તે વ્યાસરૂપ કહેવાય. તેથી તેમનું સ્થાન સર્વથી શ્રેષ્ઠ હોય અને ખૂબ જ પૂજનીય હોય. આ વ્યાસ પરંપરાનો આદર જળવાઈ રહે તે માટે સુતજી ઊભા ન થયા. તેથી બલદેવજી ક્રોધાતુર થયા અને કઠોર વચન કહેવા લાગ્યા. આ તો અભિમાનથી પોતાની મોટાઈ બતાવે છે. બીજાની માનમર્યાદા સાચવતો નથી. થોડુંક જ્ઞાન મળી ગયું એટલે અભિમાન આવી ગયું ? વ્યાસજીના શિષ્ય થયા એટલે એનો અર્થ એવો નથી કે કોઈનું સન્માન ન થાય. હવે મારે તેને દંડ આપીને શિક્ષા કરવી જ પડશે. આમ બોલી હાથમાં દર્ભ લઈને સામા આવ્યા અને સુતજી ઉપર દર્ભની અણીથી પ્રહાર કર્યા. હૃદયમાં વ્રજ સમાન બાણ (અણી) વાગ્યું તેથી સુતજી મરણ પામ્યા. તેથી સર્વે ઋષિ મુનિઓમાં હાહાકાર મચી ગયો. સર્વ ઋષિઓ બોલ્યા : હે રામ ! તમે આ કામ સારું નથી કર્યું. અમે એમને વ્યાસના આસને નક્કી કરીને બેસાડ્યા હતા અને પુરાણ શાસ્ત્રની કથા કરાવતા હતા. તમે પવિત્ર વક્તાને મારી ઉચિત નથી કર્યું. તમારાથી ઉતાવળમાં દુષ્ટ કામ થઈ ગયું છે. માટે તમને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું. હે બલરામજી ! ગમે તેવો બ્રહ્મરૂપ હોય, તો પણ જ્યાં સુધી પાપનું પ્રાયશ્ચિત્ત ન કરે ત્યાં સુધી તેને તે પાપ ભોગવવું પડે છે અને આપ તો મોટા થઈને જો આ ભૂલ કરો તો જગતના જીવો તરત જ તેનું અનુકરણ કરે માટે હે હલધારી ! તમારે બ્રહ્મહત્યાના પ્રાયશ્ચિત્ત રૂપ બધા તીર્થોની યાત્રા કરવી પડશે.

ઋષિ મહાત્માઓનું વચન માની બળદેવજી બ્રહ્મહત્યા પાપનું નિવારણ કરવા માટે તીર્થોમાં દાન કર્યું. ત્યાર બાદ સર્વે ઋષિઓ સાથે ભેગા મળી સુતજીના પુત્ર ઉગ્રશ્રવાને મોટા જ્ઞાની અને પવિત્ર જાણી બળદેવજીએ તેમને વ્યાસગાદી પર બેસાડ્યા અને દીર્ઘાયુષ્ય પ્રદાન કર્યું. તેથી ઋષિઓ ખૂબ જ રાજી થયા અને બળદેવજીએ કહ્યું, હે ઋષિઓ ! તમારા અંતરમાં બીજી ઇચ્છા હોય તે કહો. ત્યારે સર્વે ઋષિઓ બોલ્યા, હે સંકર્ષણ ! ઇલ્વલનો પુત્ર બિલ્વવ અતિ દુષ્ટ અને ભયંકર અસુર છે અને અમારા યજ્ઞોમાં દારૂ, માંસ, હાડકાં નાખી અને યજ્ઞ ભંગ કરે છે. તો પણ તે પાપી અતિ શક્તિશાળી હોવાથી કોઈ તેનું કાંઈ જ કરી શકતું

નથી. તેને યુદ્ધ કરી દેવોને પણ જીતી લીધા છે. માટે તમારા સિવાય આ અસુર બિલ્વવને કોઈ મારી શકે તેમ નથી. જો અમારા પર તમે આટલી કૃપા કરો તો તમારી અમારા પ્રત્યેની મોટી સેવા ગણાશે.

ઋષિઓની વાત સાંભળી બલરામ પ્રભુને ક્રોધ આવ્યો ને કહ્યું, તમે યજ્ઞનો પ્રારંભ કરો એ યજ્ઞમાં જો અસુર ભંગ કરવા આવશે તો હું એને મૃત્યુને ઘાટ ઉતારીશ. આમ, બલદેવજીના શૂરવીરતાના વચન સાંભળી ને ઋષિ મુનિઓએ યજ્ઞનો પ્રારંભ કર્યો ત્યારે બિલ્વલ અનેક અસુરો સાથે ત્યાં આવી ચડ્યો. તે દૈત્ય પર્વત જેવો વિકરાળ શરીરવાળો અને તેનું મુખ રૂધિરથી ખરડાયેલું. વિકૃત શરીરવાળો, ભયંકર વેષધારી યજ્ઞમાં આવીને સર્વેને ડરાવવા લાગ્યો ત્યારે સર્વે ઋષિઓ ત્રાસ પામી કોલાહલ કરવા લાગ્યા. કોલાહલ સાંભળી સંકર્ષણ પ્રભુ કમર બાંધી યુદ્ધ મેદાનમાં બિલ્વને લલકાર કર્યો અને બંને વચ્ચે ભયંકર સંગ્રામ થયો. એમાં બિલ્વલ પોતાની માયા વડે ક્યારેક સામે આવે તો ક્યારેક અદશ્ય થઈ જાય. જુદા જુદા શરીર ધારણ કરીને દેખાય - એમ માયાવી સ્વરૂપો ધારણ કરવા લાગ્યો. ત્યારે બલરામ પ્રભુએ પોતાના આયુધો - હળ-મુશળ ને સંભાર્યા તે સર્વે આવ્યા અને હળ દ્વારા શત્રુને મારવા લાગ્યા. પોતાની વિચિત્ર માયાથી તેને સંકર્ષણને બંધનમાં લીધા. પરંતુ હળનો એવો પ્રહાર બલદેવજીએ કર્યા કે, તેના બધા જ બંધનને માયા તૂટી ગઈ અને ભ્રુટકીને વાંકી કરી. ક્રોધે લાવીને હળનો પ્રહાર કર્યા કે તરત જ બિલ્વલ ધરતી પર ઢળી પડ્યો અને મુખમાંથી રૂધિર વહેવા લાગ્યું. નિસ્તેજ થઈ ધરતી પર પડેલો બિલ્વલ પોતાના કાર્યોને પોકારતો હતો. હજી તેના કંઠમાં પ્રાણ બાકી હતા. ત્યારે દયા કરીને બળદેવજી તેની નજીક ગયા. તેથી અંત સમયમાં તેને સંકર્ષણનું દર્શન થતા આનંદિત થયો ને બેઉ હાથ જોડી વંદન કર્યા. ત્યારે બલદેવજીએ કૃપાદષ્ટિ કરી તેથી તેના બધા જ પાપ બળીને ભષ્મ થયા. હવે તો તેના અંતરમાં એક જ અભિલાષા રહી કે મને મુક્તિ મળે. તેથી બિલ્વલ બે હાથ જોડી બળદેવજીને પ્રાર્થના કરવા લાગ્યો, હે પ્રભુ ! મને મુક્તિ પ્રદાન કરો. હું તમારા શરણે છું ? ત્યારે બળદેવજી કહે છે, બિલ્વલ ! મારી વાતને અતિ ધ્યાનથી સાંભળ - તું મારા શરણે આવ્યો છું માટે તને અભયવર આપું છું

કે તું આ શરીરમાં રહે ! ત્યારે બિલ્વલ કહે પ્રભુ તમારા હાથે મારું મૃત્યુ એ જ મારી મુક્તિ છે, માટે મને હવે જીવવાની આશા નથી. માટે કૃપા કરીને મને માર્ગ બતાવો. મારે જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થવું છે.

ત્યારે શ્રી હળધર બોલ્યા ! હે બિલ્વલ આ જન્મે તો તારી મુક્તિ અતિકઠણ છે. કારણ તે કરેલા કર્મો તને સદ્‌ગતિ નહીં આપી શકે માટે. તું સૂર્ય વંશમાં જન્મ ધારણ કરીને - ગંભીરસિંહના નામથી પ્રસિદ્ધ થઈશ. જગતમાં મહાન યોદ્ધા તરીકે લોકો તને માનશે અને સંતોનો સમાગમ કરી શ્રીહરિનું પ્રત્યક્ષ દર્શન કરીને ભગવાનની ભક્તિના માધ્યમે પરમધામની પ્રાપ્તિ થશે અને મારા ભાઈ શ્રીકૃષ્ણ ધરતી પર જન્મ ધારણ કરી તારા રાજ્ય મહેલને પાવન કરશે.

બલદેવજીના વચનો સાંભળી બિલ્વલ અતિ રાજી થઈ ને દેહનો ત્યાગ કર્યો. તે વખતે તેના શરીરમાંથી તેજોમય પ્રકાશ નીકળ્યો. શ્રી બલરામજીના વરદાનથી બિલ્વલ અસુર ઈડરના મહારાજા ગંભીરસિંહના રૂપે અવતરિત થયા.

શ્રી બલરામજીએ જ્યારે આ વાતનો વિસ્તાર શ્રી દ્વારિકાધીશ આગળ રજૂ કર્યા ત્યારે શ્રીહરિ બોલ્યા, હે મોટા ભાઈ ! બિલ્વલનો મોક્ષ જરૂર થશે અને તેને મહામુક્તિ મળશે. પૃથ્વી ઉપર સારો પ્રતિષ્ઠિત રાજા થશે અને તેને પ્રગટ ભગવાનની પ્રાપ્તિ થશે.

### ● ઈડરનો ઇતિહાસ

પ્રાચીન કાળમાં ઈડરની ધરતી પર ઇલ્વ, વાતાવી અને પ્રતાપી નામના ત્રણ અસૂરો નિવાસ કરીને રહ્યા હતા. તે સમયે મહર્ષિ અગત્સ્ય મુનિ વિચરણ કરતા ઈડરની ધરતી પર આવ્યા. તેમને એક દુર્ગ ભૂમિની મોટી પર્વત માળાઓ જોઈ અને ત્યાં રોકાયા અને તે જગ્યાનું 'એલ્વર્ણ' (ઇલ્વદુર્ગ) તરીકે ઓળખવામાં આવી. મહર્ષિ અગત્સે ત્રણે અસુરોનો વધ કર્યો.

દ્વાપરયુગમાં એક વાર ગંગા નદીના કિનારે કોઈ રાજાની રાણી, નિઃસંતાન હતી. અનેક ઉપાયો કર્યા હોવા છતાં પુત્ર પ્રાપ્તિ ન થતાં નિરાશ બનેલી રાણીએ વૈદો પાસે ઉપચાર માંગ્યો. ત્યારે વૈદો દ્વારા એક વિશિષ્ટ ઉપચાર બતાવવામાં આવ્યો. પોતાના શરીર પર તેલ મર્દન કરી

સૂર્યસ્નાન કરવાનું. રાણી વૈદો દ્વારા બતાવવામાં આવેલ ઉપચાર કરવા એક વાર શરીર પર ઔષધિ તેલ લગાવીને સૂર્યસ્નાન કરતી હતી. એટલે તેનો દેહ સૂર્ય તાપમાં તપતો હતો. ગરૂડ પક્ષી આકાશ માર્ગે નિકળતું હતું તેને જોયું તો સૂર્યના તાપને લીધે તેને લોહીથી ખરડાયેલો માંસનો લોચો લાગ્યો. તેથી તેને રાણીને ઉપાડીને આકાશ માર્ગે ઉડવા લાગ્યો. ઉડતા ઉડતા અરવલ્લીના એલ્વર્ણ પ્રદેશના ડુંગરાળ વિસ્તારમાં તેના પંજામાંથી રાણીનો દેહ પડી ગયો. (એ જગ્યાએ અત્યારે 'રૂઠી રાણીનું માળીયું' છે) તે સમયે કોઈ સંત મહાત્મા ત્યાંથી પ્રસાર થયા અને બેભાન અવસ્થામાં પડેલ સ્ત્રીને જોઈ પોતાના આશ્રમે લઈ આવ્યા. ત્યાં થોડા સમય પછી રાણીએ એક પુત્ર રત્નને જન્મ આપ્યો. જે તેની બાળપણ અવસ્થામાં ગાય-વાછરડા ચરાવવા માટે જતો, તેથી તેનું નામ સંતે 'વચ્છરાજ' રાખ્યું. વચ્છરાજને રાત્રિના સમયે વન ભ્રમણનો શોક હોવાથી દરરોજ રાત્રે વનભ્રમણ માટે નીકળતો એક વાર રાત્રી સમયે તેને સુંદર કન્યાને જોઈ તેની પાછળ ચાલ્યો, તો તે કન્યા તેની નજર સામે સરોવરના જળમાં સમાઈ ગઈ. બીજા દિવસે રાત્રે એ જ કન્યાને જોઈ આશ્ચર્ય થઈને તેનો પીછો કર્યો, જેવી કન્યા જળાશયમાં સમાવા ગઈ કે તરત જ વચ્છરાજે તેનો કેશ (ચોટલો) પકડી લીધો. ત્યારે તે સુંદર કન્યા બોલી ! હે યુવાન હું નાગલોકની કન્યા શું અને તમે મૃત્યુ લોકના માટે મારી વેણી (માથામાં નાખવાનો ગુચ્છ) મૂકી દો. ત્યારે વચ્છરાજે તેની વેણી સાથે યાદગીરી રૂપે થોડા કેશ કાપી લીધા અને આશ્રમે આવી મહાત્માજીને વાત કરી તેથી મહાત્માએ તેને 'વેણી વચ્છરાજ' નામ આપ્યું. થોડા સમય બાદ તે નાગકન્યા પૃથ્વી પર આવીને વેણી વચ્છરાજ સાથે લગ્ન કર્યું. સંતની કૃપાથી તેમને જમીનમાં દાટેલ ગુપ્ત ધનની પ્રાપ્તિ થઈ અને ઋષિઓ અને બ્રાહ્મણોના સહકારથી જે 'વચ્છરાજ' ઇલ્વગઢ (ઈડર)નો પ્રથમ રાજા બન્યો તે સમયે હસ્તિનાપુરની ગાદી પર યુધિષ્ઠિર મહારાજ શાસન કરતા હતા.

એક દિવસ રાજા-રાણી જંગલમાં શિકારે નીકળ્યા ત્યારે તેમને એક દશ્ય જોયું. એક શિકરી એ ધનુષ્યમાંથી બાણ છોડ્યું તે વાઘને મારીને

એક હરણને વાગ્યું. તે જ સમયે શિકારી જે જગ્યા પર ઊભો હતો ત્યાં દરમાંથી સર્પે આવીને શિકારીને દંશ માર્યા તેથી તે પગ પછાળવા લાગ્યો. તેથી સર્પ કચડાઈને મૃત્યુ પામ્યો અને શિકારીને ઝેર ચડવાથી તે પણ મૃત્યુ પામ્યો. આ દશ્ય જોતા બંનેને જ્ઞાન થયું ને રાજપાટનો ત્યાગ કરી એક મોટી પર્વતમાળામાં નીકળી ગયા અને ત્યાં જ પોતાના પ્રાણ છોડી દીધા.

ત્યાર બાદ તે ઈલ્વગઢ (ઈડર)ની ગાદી પર હજાર વર્ષના સમય બાદ વલ્લભીપુરના સૂર્યવંશમાંથી એક વારસદાર નિયુક્ત કરવામાં આવ્યો.

ઈ.સ. પ૨૪માં વલ્લભીપુરમાં સૂર્યવંશના શીલ દિત્ય રાજા રાજ્ય કરતા હતા. તેમને એક વાર યવનો સાથે યુદ્ધ થતાં તેમાં શીલ દિત્યનું મૃત્યુ થયું ને યવનોએ વલ્લભીપુરનો વિનાશ કર્યો. તે સમયે વલ્લભીપુરના મહારાણી પુષ્પાવતી અંબાજીની યાત્રા કરવા ગયેલા. તે ઈલ્વદુર્ગ (ઈડર)માં પહોંચ્યા ત્યાં સમાચાર મળ્યા કે પતિનું મૃત્યુ થયું છે ને વલ્લભીપુરનો વિનાશ થયો છે. તે સમયે રાણી સગર્ભા હતા. તેમને ઈડરના ડુંગરામાં એક પુત્રને જન્મ આપ્યો અને તે પ્રદેશના ભીલોને કહ્યું કે, મારા પુત્રને તમે ઉછેરીને મોટો કરજો. આમ કહી પોતાના પતિ પાછળ મહારાણી પુષ્પાવતી ઈડરમાં સતિ થયા. એક બ્રાહ્મણ બાઈએ કુંવરને ઉછેરીને મોટા કર્યા. કુંવરનો જન્મ ઈડરના એ ડુંગરાળ પ્રદેશની ગુફામાં થયો, માટે તેનું નામ 'ગૃહે ગૃહાદિત્ય' રાખવામાં આવ્યું અને થોળા સમય બાદ ભીલોએ તેને ઈલ્વગઢ (ઈડર)નો રાજા ઘોષિત કર્યો. ત્યાર બાદ તેની આઠ પેઢી સુધીના રાજાઓએ ઈલ્વગઢમાં શાસન કર્યું. આઠમા રાજા નાગાદિત્ય હતા. ભીલો સાથે અણબનાવ બનતા ભીલોએ તેમને મારી નાખ્યા, તેથી તેના ત્રણ વરસના બાળકને લઈને નાગદિત્યની રાણી જંગલમાં ભાગી ગઈ અને ઝાલોર દેશમાં જઈ પોતાના પુત્રનો ઉછેર કર્યો, જેનું નામ 'બાવારાવળ' હતું. તેને પછી મેવાડનો સિસોદિયો વંશ સ્થાપ્યો. જે ઉદેપુરની ગાદીના રાજા બન્યા હતા.

નાગાદિત્યની હત્યા પછી ઈડરના રાજ્યનો કળ ભીલોના હાથમાં આવ્યો. થોડા સમયમાં મારવાડના મંડાર રાજ્યના પાડવાર જાતિના

રાજપૂતોએ ઈડરનું રાજ્ય ભીલો પાસેથી છીનવી લીધું. એ વંશમાં અમસિંહ પઢિયાર રાજા થયા જે પૃથ્વીરાજ ચૌહાણ અને શાહબુદ્દીન ઘોરી વચ્ચેના યુદ્ધમાં તે પૃથ્વીરાજની મદદે ગયા ત્યારે ઈડરનું રાજ્ય તેમને કોળી જાતિના પોતાના વિશ્વાસપાત્ર હાથી સોદાને આપ્યું. તે યુદ્ધમાં અમરસિંહ રાજાનું મૃત્યુ થયું તેથી કોળીરાજા હાથી સોદાએ ઈડરની ગાદી પર પોતાના પુત્ર ‘‘શામળીયા સોદા’’ને રાજા બનાવ્યો. પરંતુ સત્તાના નશામાં તે પ્રજા પર અત્યાચાર કરવા લાગ્યો. તેના દરબારમાં એક નાગર કારભારી હતા. તેની દીકરી પર તેની દાનત બગડી. તેથી કારભારીએ શામળીયા સોદા રાજાને કહ્યું, તમે મારી પુત્રી સાથે લગ્ન કરો. લગ્નની વાત જ્યારે દેશ-પ્રદેશમાં ફેલાઈ ત્યારે કડી (સામત્રા ગામના) રાજા સોભંગજી રાઠોડ ત્રણસો મારવાડી યોદ્ધાઓને લઈ કારભારીના ત્યાં મહેમાનગતિએ આવ્યા. લગ્ન નક્કી થયા ત્યારે રાજા ‘શામળીયા સોદે’ સોનીગંજ રાઠોડ અને મારવાડી યોદ્ધાઓને પોતાના રાજ્યમાં ઉતારો આપ્યો. તે દિવસ-રાત્રે ‘શામળીયા સોદા’ અને તેના કોળી સૈનિકો દારૂના નશામાં ચકચૂર હતા તે જાણી કારભારીના કહેવા પ્રમાણે શામળીયા સોદા અને તેના સૈનિકોની હત્યા કરી. મરતા-મરતા ‘શામળીયા સોદે’ પોતાના લોહી ભીના અંગૂઠાથી સોની ગંજને રાજતિલક કરી. ઈ.સ. ૧૨૫૭માં ઈડરના રાજા બનાવ્યા.

રાજા સોનીગંજ ઈડરના રાજા બન્યા તેને પાંચ પુત્રો હતા. જેમાં સોનીગંજ પછી રાવ રણમલજીએ ઈડરનું શાસન સંભાળ્યું. જેમને એક કિલ્લાની રચના કરેલી. જે આજે ‘રણમલજી ચોકી’ નામનું ઈડર ફરતે એક કિલ્લો છે. મુજફ્ફર શાહે ઈડર પર બે વખત ચઢાઈ કરી, જેમાં રણમલ રાવને ઈડર મૂકવું પડ્યું અને તે વિસનગર જઈને રહ્યા અને જ્યારે અહમદશાહ અને ફિરોજખા વચ્ચે યુદ્ધ થયું, તેમાં રણમલ રાવનું મૃત્યુ થયું. ત્યાર બાદ ઈડરની ગાદી પર ‘પૂજા રાવ’ રાજા તરીકે નિયુક્ત થયા.

થોડા વર્ષ બાદ ઈડરનું સામ્રાજ્ય મોંગલાના હાથમાં જતા અકબર બાદશાહે ઈડરની ગાદી પર ‘નારલાજી રાવ’ના પુત્ર ‘વિરમદેવ રાવ’ને રાજા તરીકે નિયુક્ત કર્યા. થોડા સમયમાં રાજપૂતો સાથે યુદ્ધ થતા

વિરમદેવ મૃત્યુ પામ્યા અને ઈડર પર કલ્યાણમલ અને કુંવર જગન્નાથનું શાસન સ્થપાયું. સંવત ૧૬૫૬માં જ્યારે શાહજહાંના પુત્ર મુરાદે ઈડર પર ચઢાઈ કરી ત્યારે ઈડરના રાજા રાજ્ય મૂકીને ભાગી ગયા. તે દિવસથી ઈડર મુસલમાન રાજાના કબજામાં આવી ગયું. તે વખતે 'પૂજા રાવ' બહારવટે ચડ્યા અને ઈડરનું સામ્રાજ્ય પાછું મેળવી લીધું. ત્યાર બાદ ઈડર પર અરજીનદાસ અને ગોપીનાથ આદિ રાજાઓએ રાજ્ય કર્યું અને તેમના પછી મુસલમાનોએ ઈડરનું સામ્રાજ્ય પુનઃ પડાવી લીધું. ત્યારે ઈડરના દેસાઈ મજમુદારોએ મુસલમાનોને ઈડર મુકવા મજબૂર કર્યા અને 'ચાંદા રાવ'ને ઈડરની ગાદી સોંપી. એ વખતે 'વાઘેલા' વંશજોએ ઈડર પ્રદેશને પોતાના મુલકમાં લેવાનો શરૂ કર્યો, તેથી 'ચાંદા રાવ' ઈડર મૂકીને પોતાના સસરાના ગામમાં ગયા અને ત્યાં તેમને દગો કરી શાસન મેળવી લીધું. ત્યાર બાદ ઈડરની ગાદી પર વડોદરાના બછા પંડિત નામના એક દક્ષિણી બ્રાહ્મણ હતા, તેમને શાસન કર્યું. તે વખતે જોધપરના મહારાજા અજીતસિંહના પુત્ર આનંદસિંહજીને ઈડર બોલાવી ને બછા પંડિતની જગ્યાએ રાજા બનાવ્યા. તેમને બે રાણી હતી. એકવાર સરદારો દ્વારા ઈડર પર હુમલો થયો ત્યારે આનંદસિંહ રાજા ઈડર મૂકીને નીકળી ગયા. તે રસ્તામાં 'રાવજી'એ આનંદસિંહ રાજાની હત્યા કરી અને તેમની પાછળ બંને રાણી સતિ થઈ ગઈ. તે સમયે આનંદસિંહજીના નાના ભાઈ રાયસિંહજીને સમાચાર મળતા તે બોરસદથી ઈડર આવ્યા અને દશ હજાર જેટલા મારવાડી યોદ્ધાઓ જોધપુર આવી પ્રાંતમાંથી બોલાવીને ઈડર પર ચઢાઈ કરીને ઈડરને જીતી લીધું અને આનસિંહજી રાજાના ૬ વર્ષના કુંવર શિવસિંહજી ઈડરના રાજા બનાવી પોતે વહીવટ કરવા લાગ્યા. શિવાસિંહજીની ઉંમર પરિપક્વ થતા રાયસિંહજી મોડાસા ગયા. ત્યાં સિંધિયાના કાજીએ પંદરેક હજાર સૈનિકો સાથે મોડાસા પર ચઢાઈ કરી. તેથી રાયસિંહજી પુનઃ પોતાની રાણી સાથે ઈડર આવ્યા. ત્યાં તેમને સરદારોને જાગીર પટ્ટા આપ્યા. થોડા સમયમાં ગાયકવાડ સરકારે

રાયસિંહજીના ઈડર પર આક્રમણ કર્યું. અને શિવસિંહને કહ્યું કે, તમે સરદારો પાસે ખંડણી પટ્ટો લખાવી લો. પરંતુ શિવસિંહજીએ ખંડણી પટ્ટો લખાવાની ના પાડી તેથી મરાઠાઓના લશ્કરના આગેવાન ‘આપા સાહેબે સાદરાણી પટ્ટા પર હુમલો કર્યો. અને તેમાં શિવાસિંહજી મૃત્યુ પામ્યા. શિવસિંહજીના મૃત્યુ પછી ઈડરની ગાદી તેમના પાંચ પુત્રો હતા. જેમાં ભવાન સિંહજી, સંગ્રામ સિંહજી, જાલીમસિંહજી, અમરસંગજી, ઈન્દ્રસિંહજી પૈકી ભવાનસિંહજી રાજાને મળી. જેમને માત્ર ૧૨ જ દિવસની સત્તા ભોગવીને મૃત્યુ પામ્યા અને ત્યાર બાદ ઈડરની ગાદી પર બલરામજીના આશીર્વાદથી બિલ્વલ જે ગંભીરસિંહ બનીને પ્રગટ થયેલા તેમને શાસન સંભાળ્યું.

● **ખુશાલ ભટ્ટનો પ્રતાપ**

મહાન પરાક્રમી રાજા ગંભીરસિંહજીને કોઈ જીતી શકે તેમ નહોતું. માટે તેમને ‘‘રણબંકા રાઠોળ’’નું બિરુદ મળ્યું હતું. પરંતુ રાજા ધાર્મિક ન હતા માટે સાધુ-સંતોને પોતાના રાજ્યમાં પ્રવેશ કરવા દેતા નહીં. એક વાર તેમને બ્રાહ્મણ સમાજ પર વેરો નાખ્યો. તેથી તમામ બ્રાહ્મણો દુઃખી થયા. તે વખતે બ્રાહ્મણો ટોરડાના ખુશાલ ભટ્ટની પાસે આવ્યા ને વાત કરી કે દુકાળનો સમય છે ને રાજાએ કરવેરો બ્રાહ્મણો પર નાખ્યો છે માટે તમે દયા કરો ને રાજાને વાત કરો. તેથી સર્વે બ્રાહ્મણોને લઈ ખુશાલ ભટ્ટ ઈડર આવ્યા. મહારાજા ગંભીરસિંહને વાત કરી કે હે રાજન ! બ્રાહ્મણોનો કરવેરો માફ કરો. ત્યારે રાજા બોલ્યા કે દુકાળની અસર તો સારી પ્રજા પર છે એટલે બ્રાહ્મણોનો કરવેરો માફ નહીં થાય અને બ્રાહ્મણોએ જો મારા રાજ્યમાં રહેવું હોય તો કરવેરો તો ભરવો જ પડશે ! ખુશાલ ભટ્ટે અનેક પ્રકારે સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ રાજા માન્યો નહીં. તેથી સર્વે બ્રાહ્મણોને લઈને ભટ્ટજી ત્યાં ચાલી નીકળ્યા તે ગામને પાદર આવીને બેઠા. સર્વે બ્રાહ્મણોની વેદના જોઈ ખુશાલ ભટ્ટે રાજગંભીરસિંહ અને રાજ પરિવારના સદસ્યોના મળમૂત્ર બંધ કરી દીધા, તેથી તે સર્વે ખૂબ જ દુઃખી થવા લાગ્યા. રાજાએ જાણ્યું જે કોઈ સદાત્માનો

અપરાધ થયો છે માટે આ દુઃખ આવ્યું, તેથી રાજાએ તુરંત ખુશાલ ભટ્ટ આદિ બ્રાહ્મણોને રાજ્યમાં બોલાવી તેમનું સન્માન કર્યું અને બ્રાહ્મણોનો કરવેરો માફ કર્યા. તેથી તેમનું દુઃખ દૂર થયું.

ખુશાલ ભટ્ટને અતિ ચમત્કારી પુરુષ માની રાજા ગંભીરસિંહજીએ પોતાનું મસ્તક તેમના ચરણમાં નમાવી વિનંતી કરી. મારી પર એક કૃપા કરો મારે ૧૭ રાણીઓ હોવા છતાં એક પણ પુત્ર નથી. આપ મહા સમર્થ છો મને એક પુત્ર આપો. હું તમને મારા રાજ્યના રાજગુરુ બનાવી અહીં રહેવાની હવેલી આપું ત્યારે ખુશાલ ભટ્ટ બોલ્યા, હે રાજન ! અમે તો યોગી પુરુષ છીએ. તારી હવેલી કે રાજગુરુ પદ પર મોહ ન પામીએ પરંતુ જા તારે પુત્ર જોયતો હોય તો માણસાના મહારાજા ભરતસિંહજી રાઓલની દીકરી ફુલકુંવરબા સાથે લગ્ન કરજો જે થકી તમને પુત્રરત્ન મળશે અને તે પુત્ર ખૂબ જ મોટા સત્સંગી બનશે અને ઈડરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનું મંદિર બનાવશે.

**● રાજા ગંભીરસિંહજીને સત્સંગ થયો**

અમદાવાદ મંદિરનું જ્યારે નિર્માણ કાર્ય થતું હતું ત્યારે રઘુનાથદાસે ઈર્ષાથી ઈડરના રાજા ગંભીરસિંહજીને ખોટી રીતે ભંભેર્યા તેથી ઈડરથી લવાતા પથ્થરો બંધ થયા. જો પથ્થર જોયતા હોય તો કર ભરવો પડશે. જ્યારે આનંદાનંદ સ્વામીને સમાચાર મળ્યા ત્યારે સ્વામી હરિભક્તો સાથે મહારાજને સંદેશો મોકલાવ્યો ત્યારે શ્રીજી મહારાજે શ્રી ગુરુચરણ રતાનંદ સ્વામીને ઈડર મોકલ્યા. સ્વામી ઈડર આવીને રાજ્યમાં સૈનિકોને ધક્કો મારી પ્રવેશ કરી ગયા અને તે વખતે રાજા મેડીએથી ઉતરતા હતા. ત્યારે સ્વામીએ ગંભીરસિંહજીનો હાથ પકડીને કમંડળમાંથી પાણી આપી વર્તમાન ધરાવી દીધા ત્યારે રાજાએ તેમને ગુરુપદે સ્વીકારી લીધા અને એક મહિના સુધી સ્વામીને પોતાના મહેલે રાખી સત્સંગ કર્યો. તેથી દરબારને મહારાજ પ્રત્યે પરિપક્વ નિશ્ચય થયો ને પાકા સત્સંગી થયા અને અમદાવાદ મંદિરના કાર્યમાં અટકાવેલા પથ્થરો રાજ્ય ખર્ચે અમદાવાદ પહોંચાડવામાં આવ્યા.

ખુશાલ ભટ્ટની વાત સાંભળી ભૂદેવને માણસા નરેશની દીકરી ફુલકુંવરબા સાથે પોતાનું માંગુ મોકલાવ્યું. રાજા ભરતસિંહજી સત્સંગી હતા તેમને સમાચાર મળ્યા કે આ તો ખુશાલ ભટ્ટના આશીર્વાદથી માંગુ આવ્યું છે. તેમને તરત જ લગ્નનું માગુ વધાવી લીધું ને પોતાની કુંવરી ફુલકુંવરને ઈડર નરેશ ગંભીરસિંહજી સાથે પરણાવી અને મોટા પુરુષની કૃપાથી તેમને એક પુત્રનો જન્મ થયો. જેનું નામ જવાનસિંહ રાખવામાં આવ્યું. જેના જન્મ વખતે ૧૦૧ તોપોની સલામી આપી હતી. અને તેમના યજ્ઞોપવિત વખતે ગોપાળાનંદ સ્વામી આશીર્વાદ આપવા આવ્યા હતા. સમય વિતતા એક વાર ગંભીરસિંહજીએ મહારાજની પધરામણી પોતાના રાજ્ય મહેલમાં કરાવી મહારાજનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

સંવત ૧૮૩૩માં ગંભીરસિંહજી રાજા મહારાજના ધામને પામ્યા અને બળદેવજી તથા ભગવાન શ્રીકૃષ્ણના વચનો સત્ય થયા. ત્યાર બાદ જુવાનસિંહજીની ઉંમર ખૂબ જ નાની હતી. તેથી અંગ્રેજોએ ઈડરનો વહીવટ હાથમાં લઈ લીધો.

એક વખત મહારાણી ફુલકુંવરબા માનસી પૂજા કરતા તેમને સમાધિમાં અક્ષરધામમાં બિરાજેલ શ્રી સ્વામિનારાયણ ભગવાનના દર્શન થયા અને મહારાજે તેમને ગોપાળાનંદ સ્વામીનું વચન યાદ અપાવ્યું તેથી પૂજાપૂર્ણ કરીને પોતાના પુત્ર ૧૪ વર્ષ ન હતા તથા તેમના બે ભાઈ પૃથ્વીસિંહજી અને આનંદસિંહજી જે માણસાના રાજા હતા તેમને બોલાવી મંદિર બનાવવાની વાત કરી તે વખતે ઈડર રાજયનો વહીવટ બ્રિટિશ સરકારના હાથમાં હોવાથી તેમને સાદરાથી મંજૂરી પત્ર મંગાવ્યો. પત્ર મળતા. રાણી ફુલકુંવરબાએ અમદાવાદના આદિઆચાર્યે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા ગોપાળાનંદ સ્વામીને મંદિર કરવા વિનંતી કરી તેથી અનેક સંતો સાથે અયોધ્યા પ્રસાદજી દાદાએ ઈડર આવીને મંદિરનું કાર્ય શરૂ કરાવરાવ્યું. જમિયતરામ જે રાજાના ખાસ સેવક હતા તેમની દેખરેખ નીચે રાજમહેલની સામે ઉતરાદા બારણાનું મંદિર બનાવડાવ્યું.

સંવત ૧૯૦૨ જેઠ સુદ-૧૧ના દિવસે આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી દાદાએ શ્રી ગોપીનાથજી મહારાજ, શ્રી રાધાજી, શ્રી

હરિકૃષ્ણ મહારાજ, સૂર્યનારાયણ ભગવાન, શ્રી મહાદેવજી, શ્રી હનુમાનજી, શ્રી ગણપતિજી આદિ સ્વરૂપોની વેદોક્ત વિધિસર પ્રાણ-પ્રતિષ્ઠા કરી, જે મૂર્તિ ઈડરમાં પધરાવામાં આવી છે તે શ્રીજી મહારાજે પોતે સ્વયમ્ સાચવીને રાખેલ પ્રસાદીની મૂર્તિઓ છે.

મંદિરમાં પ્રાણ-પ્રતિષ્ઠા બાદ જવાનસિંહજી યોગ્ય ઉંમરે પહોંચતા તેમને અંગ્રેજ સરકારે ઈડરનો સ્વતંત્ર વહીવટ સોંપી દીધો. જવાનસિંહજી રાજા ખૂબ જ શૂરવીર ભક્ત હતા. એક વાર મૂળીમાં જન્માષ્ટમીનો સમૈયો ચાલતો હતો ત્યારે લીલાપુરના લાલજી પટેલે અયોધ્યાપ્રસાદજી દાદાને પ્રશ્ન કર્યા કે શૂરવીરનું અંગ કોને કહેવાય ? ત્યારે મહારાજશ્રી બોલ્યા જે, શૂરવીર હોય તે કોઈની છાપામાં ન દબાય ને કોઈથી એને હળવું વચન ન કહેવાય અને જે મહારાજના વચનોને યથાર્થ પાળે તે શૂરવીર એવા શૂરવીર તો ઈડરના રાજા જવાનસિંહજી છે. આમ, અયોધ્યાપ્રસાદજી દાદા એમની ખૂબ જ પ્રશંસા કરતા.

એક વાર ઈડરના રાજા જુવાનસિંહજી અમદાવાદ રામનવમી સમૈયો કરવા ગયેલા ત્યાં નારાયણધરે સાબરમતીમાં સ્નાન કરવા જતા કોઈ વાણિયાના છોકરાએ સ્વામિનારાયણ ભગવાનને ગાળ દીધી. તેથી તેને પોતાના ઉતારે લાવી ૨૪ કલાક સુધી કેદમાં બેસાડ્યો. ત્યારે તેમનો કારભારી કહે અહીં સરકારીરાજ છે. માટે આપણને ઉપાધિ આવશે ત્યારે રાજા કહે જે ભલે ઉપાધિ આવે પરંતુ તેને મારા મહારાજને ગાળ દીધી ઈ તો માથુ જ કાપી નાખું. પરંતુ સરકારી રાજ છે માટે તેને તે પ્રમાણે સજા થશે.

તે વખતે ગામમાંથી મહાજન (વાણિયા) ફોજદારને લઈ આવ્યા ને છોકરાને છોડવાની વાત કરી ત્યારે જવાનસિંહ રાજા કહે, સાંજે છ વાગ્યે આવજો. એમ કહી બધાને ઘરે પાછા મોકલી દીધા. પછી જ્યારે સાંજે જુવાનસિંહ ફરવા નીકળ્યા ત્યારે કલેક્ટને ભેગા થયા ને કહ્યું કે મારા ભગવાનને વાણિયાના છોકરાએ ગાળ દીધી છે માટે તેને કેદ કર્યા છે. ત્યારે કલેક્ટ કહે તમારે તેને જે સજા કરવી હોય તે કરો અને દંડ લેવો હોય તે લઈ ને કાઠી મુકો. આવા મહાન શૂરવીર હતા ઈડરના રાજા જુવાનસિંહજી મહારાજ.

મહારાણી ફુલકુંવરબાએ ભગવાનના નિત્ય પ્રત્યે દર્શન થાય તે માટે થઈ ને મંદિરની બરોબર સામે પોતાનો રાણી આવાસ બનાવ્યો જ્યાં રહીને ઝરુખામાંથી નિત્ય પ્રત્યે શ્રી ગોપીનાથજીની નિત્ય પ્રત્યે આરતીના દર્શન કરતા. મહારાણી ફૂલકુંવરબા માણસાથી જ સત્સંગ લઈને આવેલા માટે ભક્તિમાં એટલા ઓતપ્રોત હતા કે તેમના સંગે સારૂએ ઈડર ભક્તિના રંગે રંગાઈ ગયું. દેહનો અંતકાળ આવતા મહારાજનું ધ્યાન કરીને શ્રીજી મહારાજ તેડવા આવ્યા તો મહારાજ સાથે વિમાનમાં બેસીને અક્ષરધામને પામ્યા.

તેમના પુત્ર જવાનસિંહજી પણ માતાના આપેલા સંસ્કારોને કારણે ખૂબ જ ભજનભક્તિમાં ઓતપ્રોત રહેતા. ૩૮ વર્ષની ઉંમરે મહારાજના ધામને પામ્યા ત્યારે ઈડરની ગાદી પર તેમના પુત્ર કેસરીસિંહજી આવ્યા. જેવો એ રાજકોટની રાજકુમાર કૉલેજમાં અભ્યાસ કર્યો હતો. તેથી તેમને પ્રથમ રાજા તરીકે ગણવામાં આવતા અને જ્યારે તે બ્રિટિશની છાવણીમાં જાય ત્યારે તેમને ૧૫ તોપોની સલામી આપવામાં આવતી. મહારાજા કેશરીસિંહજીના મૃત્યુ બાદ કોઈ વારસદાર ન હોવાથી. સન ૧૯૧૪થી ૧૯૧૮ સુધી પ્રતાપસિંહજી રાજાએ રાજ્ય સંભાળ્યું. તેમના મૃત્યુ બાદ મહારાજા શ્રી કર્નલ દોલતસિંહજીએ ગાદી સંભાળી. ત્યાર બાદ મહારાજા હિંમતસિંહજી ગાદી પર આવ્યા એ વખતે તેમને ઈડરની રાજ્ય ગાદીને હિંમતનગર લઈ ગયા અને હિંમતનગરમાં પોતાનું શાસન સ્થાપ્યું અને એ વખતે ભારત દેશ અંગ્રેજોના પંજામાં મુક્ત થયો અને લોકતંત્રની સ્થાપના થઈ અને રાજાશાહીનો અંત આવ્યો અને દેશી રજવાડાઓનું વિલીનીકરણ થયું અને તે પ્રાંતને સાબરકાંઠાના પ્રાંતથી સ્થાપિત કરવામાં આવ્યો.

આજે પણ સાબરકાંઠા પ્રાંતનો સત્સંગ શ્રી નરનારાયણ દેવ દેશ ગાદીને સંપૂર્ણપણે વફાદાર રહ્યો છે અને આ પ્રાંત સદ્. ગોપાળાનંદ સ્વામી, બ્રહ્મચારી વાસુદેવાનંદજી જેવા મહાન મુક્તોની પ્રાગટ્ય ભૂમિ તરીકે પ્રસિદ્ધિને પામ્યો છે.

## સુદામાગોપ દાનાભગત રૂપે થયા

એક વાર ગોલોકમાં શ્રીકૃષ્ણ ભગવાન રાધિકાજી સાથે વિહાર કરી રહ્યા હતા. થોડા સમય પછી શ્રીકૃષ્ણ રાધાને છોડી વિરજા ગોપી પાસે ગયા. તેથી રાધિકાજી ક્રોધે ભરાઈ તેમની પાછળ ગયા. તે સમયે વિરાજા ગોપીના મહેલની આગળ શ્રીદામા દ્વારપાળ ઊભા હતા. તેમને રાધાજીને રોક્યા તેથી શ્રીદામ પર ક્રોધ કર્યા અને શ્રાપ આપો કે અસુર થઈ જાય ત્યારે શ્રીદામે રાધાજીને શ્રાપ આપ્યો કે તમારે પણ પૃથ્વી પર સ્ત્રીદેહ ધારવો પડશે. આવો બહાર કોલાહલ થયો સાંભળી. વિરજાગોપી નદી રૂપે થઈ ગઈ અને શ્રીકૃષ્ણ ભગવાન ત્યાંથી અદશ્ય થઈ ગયા. શ્રાપે કરી શ્રીદામા શંખચુડ નામનો અસુર થયો જેનો ઉદ્ધાર ભગવાન શ્રી કૃષ્ણએ કર્યા હતો અને રાધાજી બરસાના ગામમાં વૃષભાનું અને કલાવતીના ઘરે દીકરી થઈ આવ્યા. જેમના લગ્ન ‘રાયણ’ નામના વૈશ્ય સાથે થયા હતા. એજ સુદામ અને તેમના પત્ની બીજા જન્મે ગામ નિંગાળામાં દાનભગત રૂપે પ્રગટ થયા.

**● નિંગાળાના ગોયો અને દાનભગત સત્સંગી થયા**

ગામ નિંગાળાના આયર ગોયાભગત તથા દાનભગત, બે જણ પોતાના ઘેરથી ગોળનાં બે ભેલાં લઈને ગઢપુર મહારાજને દેવા માટે ચાલ્યા. તે રસ્સામાં આવતાં ગામ રાજપીપળામાં રાત રહ્યા. પણ પોતા પાસે ભાતું કાંઈ નહીં તેથી તે ગામમાં તેમનાં સંબંધી રહેતાં હતાં તેમને કહ્યું જે, “આ બે ગોળનાં ભેલાં તમે રાખો અને અમને ભાતું કરી આપો.” પછી તેમના સંબંધીએ તેમને ભાતું કરી આપ્યું અને કહ્યું જે, આ ભેલાં તમે સ્વામિનારાયણને આપજો.” પછી બન્ને ભાઈ ગઢપુરમાં આવ્યા અને ઉતારે ગોળનાં ભેલાં મૂકી મહારાજને દર્શને આવ્યા.

પછી મહારાજે કહ્યું જે, ''ગોયાભગત તથા દાનભગત, તમારા સંબંધીએ તમને ભાતું કરી આપ્યું છે ને અમારી સારુ ગોળનાં બે ભેલાં લાવ્યા છો, તે ક્યારે લાવશો ? લાવો ને !'' પછી બન્ને ભાઈઓએ ગોળનાં ભેલાં લાવી મહારાજે પાસે મેલ્યા અને મહારાજને કહ્યું જે, ''મહારાજ ! અમને વર્તમાન ધરાવો. અમો આવો સંકલ્પ કરીને આવ્યા હતા. કે, આ બે ગોળના ભેલા માંગીલે તો ભગવાન ખરા'' પછી મહારાજે વર્તમાન ધરાવ્યાં અને સત્સંગી થયા.

**● દાનાભગતની પત્નીને સ્વામિનારાયણ નામથી સર્પનું ઝેર ઊતર્યું**

ગામ નિગાળામાં દાનભગત કરીને આહીર ભગત હતા. તે ઘરનાં બન્ને માણસ સાંખ્યયોગ પાળતાં હતાં. પછી તેની ઘરવાળીને સર્પ કરડ્યો. ત્યારે સર્વેએ કહ્યું જે, ''સર્પને ઉતરાવીએ.'' ત્યારે બાઈ કહે, ''મારે ઉતરાવવો નથી.'' પછી સ્વામિનારાયણનું ભજન કરવા લાગ્યાં, એટલે સર્પનું ઝેર એની મેળે ઊતરી ગયું.

ગામ નિંગાળાના આહીર દાનભગતે સાધુની વાત સાંભળીને વર્તમાન ધાર્યા ને સત્સંગી થયા ને પોતે ખેતીનો ધંધો કરતા. એક વાર તે મહારાજનાં દર્શન કરવા ગઢડે આવ્યા ત્યારે શ્રીજીમહારાજ લીંબડા હેઠે ઓટા ઉપર ઢોલીયે બેઠા હતા ને એક કોરે સાધુ તથા એકકોરે દાદોખાચર આદિક હરિજન અને બીજી કોરે બાઈઓ બેઠાં હતાં ને મહારાજ વાત કરતા હતા તે ટાણે દાનભગત મહારાજને દંડવત કરી પગે લાગીને મહારાજ સામુ એક દૃષ્ટિએ જોઈ રહ્યા હતા ને તેના ઘરનાં મનુષ્ય તે મહારાજને પગે લાગીને બાઈઓની સભામાં જઈને બેઠાં પછી મહારાજે વાત કરી જે ''આ દાન ભગત ગોલોકના ગોપ છે ને તેનું નામ સુદામાં હતું તે રાધિકા સામુ બોલ્યો હતો ને શ્રીકૃષ્ણનો પક્ષ રાખ્યો હતો તેથી રાધિકાજીએ તેને શાપ દીધો હતો ને તેણે સામો રાધિકાજીને શાપ દીધો હતો અને આ તેના ઘરનાં છે પણ ગોપી છે'' પછી તે પાંચ દિવસ રહી મહારાજનાં દર્શન કરીને ઘેર ગયાં પછી દાનભગતે પોતાનાં ઘરનાં માણસને કહ્યું જે ''મારે હવે દેહ રહે ત્યાં સુધી બ્રહ્મચર્ય વ્રત પાળવું છે કારણ કે મને મહારાજે સભામાં ગોપ કહ્યો હતો માટે મારે વ્યવહાર

નથી કરવો ને તને લખી દઉં તે તું બીજાને ધણી ધારીને સત્સંગના નિયમ પાળજે'' ત્યારે બાઈ કહે ''મને પણ મહારાજે ગોપી કહી છે માટે મારે પણ બ્રહ્મચર્ય વ્રત પાળવું.'' ત્યારે દાનભગત કહે ''એમ હોય તો તમે પણ સુખેથી રહીને ભજન કરો'' પછી સ્ત્રી પુરુષે દેહાંત સુધી બ્રહ્મચર્ય પાળ્યું ને છેવટે દેહ તજીને અક્ષરધામમાં ગયાં.

## જોધો ગોપ જોધો ભરવાડ થયો

એક વખત ગઢપુરમાં જે જગ્યાએ રાઈબાઈનાં ખોરડાં છે, તે જગ્યાએ મહારાજ પધાર્યા હતા. તે જગ્યાએ વંડો હતો ને ત્યાં ભેંસો રહેતી હતી. જોધો ભરવાડ મહારાજનો પરમ ભક્ત હતો. તે સર્વ કુટુંબનો ત્યાગ કરી મહારાજની સેવા કરવા સારું ભેંસો ચારવા ત્યાં વંડામાં રહેતો હતો.

એક વખત તે માંદો થયો ને ગોવિંદ બાબરને કહે જે, ''મારો અંતકાળ સમય (નજીક) આવ્યો છે. માટે મહારાજ મને દર્શન દેવા આવે તો સારું.'' પછી ગોવિંદ બાબરે મહારાજ પાસે જઈને સર્વ હકીકત કહી. તેટલામાં તે જોધા ભરવાડે કાળને ભાળ્યો અને કહે જે, ''તું કોણ છો ?'' ત્યારે કાળ કહે જે, ''હું તો કાળ છું. તને લેવા આવ્યો છું.'' ત્યારે જોધો ભરવાડ કહે જે, ''હું સ્વામિનારાયણનો ભક્ત છું. માટે તારો લીધો જાઉં નહિ. આ તો હું સ્વામિનારાયણને શરણે આવ્યો છું. તે અગાઉ હું પૂર્વાશ્રમમાં હતો. તે દિવસે નલકંઠામાં (વિસ્તારનું નામ) મારા ખેતરના કેરડાં (પાણી ભરેલા ખેતર)માં કમોદ વાવેલી હતી. તે જગ્યાએ ગાયોની ઝોક હતી. તે ઝોકમાંથી સાવજે એક ગાયને હણી.

પછી હું અને મારો ભાઈ બંને ગાયનું રક્ષણ કરવા સારું લાકડીઓ લઈને તે સાવજની વાંસે દોડ્યા. તે સાવજ કેરડામાં પડ્યો એટલે અમે પકડી લીધો અને તેના વૃષણ દોરડે બાંધ્યા ને મોંઢે એક દોરડું બાંધી મેં એના ઉપર સવારી કરી. મારા ભાઈએ પછવાડાનું દોરડું ઝાલી રાખ્યું. તે વખત સાવજ કૂદકો મારે તે મારો ભાઈ સત્સંગી હતો તે સ્વામિનારાયણ એવો શબ્દ કહે. તે જગ્યાએ આ મનોહર મૂર્તિ સ્વામિનારાયણ દિવ્યરૂપે

અમારી આગળ દેખાણા હતા. તેમનાં દર્શનથી મને આનંદ થયો ને બળ મળ્યું. તેથી મને ખુમારી ચઢી તે સાવજના માથામાં ધુંબો માર્યો એટલે સાવજને દિશા તથા લઘુ થઈ ગયું અને પછી હું સાવજથી ઊતરી પડ્યો.

તે દિવસે મને સ્વામિનારાયણે દિવ્યરૂપે વર્તમાન ધરાવ્યાં છે. અને આ તો અહીં સાક્ષાત્ વિરાજે છે. તે તારો શું ભાર છે ? તે તું મને મારીશ ? તારા હાથમાં કાળદંડ અને પાશ છે, તેમ મારા હાથમાં માળા અને જેષ્ટિકા (લાકડી) છે. માટે તે તારો કાળદંડ તોડી નાખીશ. આ ઘડીએ મહારાજ આવશે. તારો શો ભાર છે?''

પછી કાળ કહે જે, ''હું પણ સ્વામિનારાયણનો સેવક છું ને તેની આજ્ઞામાં હું રહું છું અને તું પણ સ્વામિનારાયણનો સેવક છે, માટે આપણે ગુરુભાઈ છીએ. તમારે જીવવું હોય તો તમે મહારાજની આજ્ઞા લો. હું મહારાજની આજ્ઞા પ્રમાણે જ કામ કરું છું. દુષ્ટ જનને ભયંકરરૂપ લાગું છું. હરિજનને દેવરૂપ લાગું છું. માટે આજે તો હું પાછો જાઈશ અને આવતીકાલે તમને લેવા આવીશ. તમે મહારાજને પૂછજો.'' એમ કહી કાળ ગયો.

તેટલામાં મહારાજ પધાર્યા અને કહે જે, ''કેમ જોધા ભગત, શી દશા છે ?'' પછી જોધાએ કાળની સર્વ હકીકત કહી. અને કહે જે, ''મારે જીવવાની ઘણી લાલચ છે. હજી મારે મોક્ષમાર્ગમાં જે ખામી હોય તે તથા વાસના ટાળીને પછી મરી જાવું છે.'' પછી મહારાજ કહે જે, ''તું શૂરવીર થઈ મોતથી શું બીવે છે ? તારા દેહની વૃત્તિ પાછી વાળ.'' એટલે જોધા ભગતે વૃત્તિ પાછી વાળી. તેથી તેના દેહના તમામ અવયવ કાક-વિષ્ઠા તુલ્ય ભાસ્યા અને મહાગ્લાની પામી ચીસ પાડવા લાગ્યો અને બહાર નીકળવા માંડ્યો પણ નીકળાય નહિ.

પછી મહારાજે તેના માથે હાથ મૂક્યો. પછી બહાર નીકળ્યો. પછી મહારાજ કહે જે, ''હવે જીવવું છે ?'' ત્યારે તે બોલ્યો કે, ''ના મહારાજ, હવે જીવવું નથી.'' પછી મહારાજ કહે જે, ''દેહને વિશે કેવું દુઃખ છે ?'' ત્યારે તે કહે જે, ''તે તો મોઢેથી વર્ણન થાય એવું નથી.''

પછી મહારાજ હસ્યા અને કહે જે, ''તારે જ્યાં સુધી વાસના હોય

ત્યાં સુધી જીવ.'' ત્યારે તે કહે જે, ''મહારાજ ! હવે મારે વાસના રહી નથી.'' ત્યારે મહારાજ કહે જે, ''તું ત્રીશ વરસ જીવીશ અને અમારું વચન વૃથા થાય નહિ.'' પછી જોધો ભગત કહે જે, ''મહારાજ, કાલે કાળ મને લેવા આવશે. તેને હું શું કહું ?'' ત્યારે મહારાજ કહે જે, ''તારે તેને કહેવું કે, 'મને મહારાજે ત્રીશ વરસ જીવવાની આજ્ઞા આપી છે.''

પછી જોધા ભગતે મહારાજને શ્રીકૃષ્ણ ભગવાનરૂપે જોયા અને ગોપ અને ગોપીઓ દેખી અને વૃંદાવન અને જમુનાજીનો કાંઠો દેખ્યો અને ત્યાં પોતે ગોપ હતો, તે પોતાનું પૂર્વજન્મનું સ્વરૂપ ભાળ્યું અને પછી વૃંદાવનમાં રાસમંડળ રમેલા હતા, તે બધું ભાળ્યું અને મોઢેથી સર્વ હકીકત કહેવા માંડી. પછી મહારાજ કહે, ''ચૂપ.'' એટલે તે બોલતો બંધ થયો. પછી તેને પોતાની સામે મહારાજ અને સદ્‌ગુરુનાં દર્શન થયાં. પછી મહારાજ દરબારમાં પધાર્યા. બીજે દિવસે કાળ આવ્યો. તેને જોધા ભગતે સર્વે હકીકત કહી. તેથી તે તેને પગે લાગીને ચાલ્યો ગયો. ને જોધો માંદો થયા પછી સારો થયો અને ત્રીશ વર્ષ જીવ્યો. એ જોધો આવી રીતે વાત કરતો.

### ● જોધા ભરવાડની હોશીંયારી

લાઠીદડ ગામની સીમમાં બે ભાઈ પદો અને હેમો બકરાં ચારી રહ્યા છે. તેવામાં ઉગમણી દિશામાંથી વીસ-પચ્ચીસ ઘોડેસવારો આવતા જોઈ હેમો કહે પદા આ બધા કાઠીઓ ક્યાંથી આવે છે ? ક્યાંય લૂંટ કરવા ગયા હશે કે કો'ક ગામ ભાંગીને આવતા હશે કે શું ?

પદો બોલ્યો, ''હેમા ! કાઠીઓ જેવા નથી. આ બધા તો ભગત છે. ગામ ભાંગે નહીં, ચોરી કરે નહીં, દારૂ પીવે નહીં, માંસ ખાય નહીં. કોઈ પણ બાઈ માણસ પર હલકી નજર નાખે નહીં અને બધા માળાઓ ફેરવે અને પ્રભુનું ભજન કરે છે.''

''પણ મોટાભાઈ ! આપણા કાઠિયાવાડી કાઠીઓ તો આખાય મલકમાં વખણાય. ગામ ભાંગવા, જાનું લૂંટવી, ગામ સળગાવવાં અને ન ઘટે તેવાં કામ કરવાં તેમાં બધા પાવરધા. આવા કાઠીઓને ભગત કોણે બનાવ્યા ?

ત્યારે પદો કહે- સ્વામિનારાયણ ભગવાને તેમણે આ લોકોને સુધાર્યા છે. કાંઠી, કોળી, ભીલ અને બીજા વાઘ જેવા માણસોને પણ ઉપદેશ આપીને ગાય જેવા બનાવી દીધા છે. તેથી જ મલકના માણસો એમ કહે છે કે, 'આ હળાહળ કળજુગમાં ભગવાનનો અવતાર થયો છે.'

"હેમો કહે એ ભગવાનનાં દર્શન ક્યાં થાય ? સામી બાજુ જો. પેલા બધા સવારો ચાલ્યા આવે છે તેમાં સોનેરી છોગલાંવાળી પાઘવાળા અને જરિયાની ખેસ, કસૂંબલ જામો પહેરીને અણિયાળી આંખોવાળા જે ઘોડે સવાર છે તે જ સ્વામિનારાયણ અને તેમને જ આપણા મલકના માણસો ભગવાન કહે છે. અનેક અધર્મી માણસોનો ઉદ્ધાર કરવા ભગવાને અવતાર લીધો છે, એમ બધા સમજુ માણસો કહે છે. એમની સાથે જે ઘોડેસવારો છે તે પણ એ સ્વામિનારાયણ ભગવાન ના નામની જ માળા ફેરવે છે. આપણા લાઠીદડ ગામમાં પણ ઘણા પટેલિયા ભાઈઓ તથા બીજા ભાઈઓ પણ આ ભગવાનની માળા ફેરવે છે."

આ પ્રમાણે બન્ને ભાઈઓ વાતો કરે છે, તેવામાં બધા ઘોડેસવારો તેમની પાસેથી પસાર થયા. બંને ભાઈઓ શ્રીહરિના મનોહર મુખ સામું જોઈ રહ્યા. તેવામાં મીઠી-મધુરી વરસાદની ગર્જના થાય તેમ ઘેરે સાદે શ્રીહરિ બોલ્યા, "ગોકળી ! રામ રામ." શ્રીહરિના શબ્દ સાંભળી ગોકળી બોલ્યા, "રામ ! રામ ! બાપુ રામ રામ !"

શ્રીહરિએ કહ્યું, "ગોકળી ! તમે બન્ને ભાઈઓ આ ગામના મૂળ વતની છો ?"

પદો બોલ્યો, "હા મહારાજ ! અમારા બાપદાદા આ લાઠીદળ ગામના જ વતની અને અમે પણ આ ગામમાં જ રહીએ છીએ. આપ જેવાના પ્રતાપે બકરાં ચારીને અમારો નિર્વાહ કરીએ છીએ."

શ્રીહરિ બોલ્યા, "તમારા બેય ભાઈઓનાં નામ શું ?"

ગોકળી બોલ્યો, "મહારાજ ! મારું નામ પદો અને મારા નાનાભાઈનું નામ હેમો.

શ્રીહરિ બોલ્યા, “ભાઈ ! આ બધાં બકરાં તમારાં બે ભાઈનાં જ છે.”

પદો બોલ્યો, ‘હા બાપજી’ !

શ્રીહરિ બોલ્યો, “તો પછી અમારે ઘોડીયુંના વછેરાંને દૂધ પાવા માટે આઠ-દસ બકરીઓ જોઈએ છે તે આપશો ?”

પદો બોલ્યો, “હા, બાપજી ! આપીએ, પણ ટોળામાંથી અમે કાઢી દઈએ તેવી બકરી લેવી છે કે તમારી મેળે જે ટોળોમાંથી લઈ લો તેવી લેવી છે ? જો હું પસંદ કરીને બકરી આપું તેવી લેવી હોય તો તેની કિંમત રૂપિયા આઠ લેશું.”

શ્રીહરિ બોલ્યા, “ભાઈ ! તમારી પસંદ કરેલી બકરી અમે લઈએ તો કિંમત વધારે અને અમે પસંદ કરીને લઈએ તે બકરીની કિંમત ઓછી, તેનું કારણ શું?”

પદો બોલ્યો, “મહારાજ ! ઈ જ કરામત છેને. તમને બકરી ગોતતાં ન આવડે અને અમે તો સારામાં સારી જાતની બકરી ખોળીને આપીએ, એટલે કિંમત વધારે.”

ગોવાળની વાત સાંભળી શ્રીહરિ મનમાં હસ્યા અને બોલ્યા, “ભાઈ ! અમારે તો અમારો આ પાર્ષદ પસંદ કરીને જે ટોળામાંથી કાઢી લે, તે લેવી છે.”

શ્રીહરિના શબ્દો સાંભળી પદો ભરવાડ બોલ્યો, “બાપુ ! એને માલમાં શું ખબર પડે ? છતાં તમારે ઈમ લેવી હોય તો ઈમ લ્યો. એક બકરીના આઠ રૂપિયા લઈશ.”

શ્રીહરિ બોલ્યા, “ભલે.” પછી જોધા ભગતને મહારાજે આજ્ઞા કરી એટલે જોધાએ ટાળોમાં આંટો દીધો, એક બકરીનો કાન ઝાલ્યો અને ટોળામાંથી બહાર કાઢી.

બહાર કાઢેલી બકરીને જોઈ હેમો બોલ્યો, “ભાઈ ! આ તો બધી બકરીઓમાં ટોચ, દુધાળ ને રૂપાળી બકરીને આ ભગતે કાઢી.”

“ભાઈ ! એતો ક્યાંક આંધળુકિયા ઘા પડી જાય, પણ હવે પછી

બકરીને શોધી કાઢે ત્યારે ખબર પડે."

જોધા ભગતે બીજો આંટો મારી, વળી બીજી બકરીનો કાન ઝાલ્યો ને તેને ટોળામાંથી બારી કાઢી. પછી ત્રીજી બકરીને લેવા ગયા તેવામાં બંને ભાઈ બોલી ઊઠ્યા, "સ્વામિનારાયણ ! આ ધોળા બગલા જેવાં લૂગડાં પહેર્યાં છે, હાથમાં સોનાની મુઠવાળી તલવાર છે, પણ આ ભગત નક્કી અમારા વર્ણનો છે, તેના વિના આવી જાણ હોય નહીં."

શ્રીહરિ બોલ્યા, "કેમ ખબર પડી ?"

ત્યારે પદો બોલ્યો, "મહારાજ ! મલકમાં બધાય માણસ એમ કહે છે કે નાગર જેવો કોઈ બુદ્ધિશાળી ન કહેવાય. પણ અમારું ભરવાડનું પંદર વરસનું છોકરું હોય એટલી બુદ્ધિ સો નાગર ભેળા થાય તો પણ ન હોય."

શ્રીહરિ હસીને બોલ્યા, "ભાઈ ! વાણિયા પણ બુદ્ધિશાળી કહેવાય."

ત્યારે પદાએ કહ્યું, "મહારાજ ! વીશ વાણિયા ભેળા કરો તોય શું ? અમારા માલમાં એની અક્કલ ઊભી થઈ રહે. તમારા આ પાળાએ એક-બે અને ત્રણ બકરાના કાન ઝાલ્યા ત્યાંથી જ અમે કળી લીધો કે આ માણસ અમારી નાતનો છે, એ વિના આવું ડા'પણ હોય નહીં ! માલ ઓળખવો અને કાંઈ થોડી બુદ્ધિનું કામ નથી !" આ સાંભળી ઘોડેસવારો ને શ્રીહરિ પેટ પકડીને હસી પડ્યા.

પછી શ્રીહરિ બોલ્યા, "જુઓ તો ખરા ! આ જીવને, પોતાની નાતનું કેવું અભિમાન છે ! હાથમાં લાકડી લઈ આખો દિવસ બકરાંની પાછળ ભટક્યા જ કરવું અને જારનો ટાઢો રોટલો અને બકરાંના આચળમાંથી દૂધની શેડ મોઢામાં લઈને શેડબટકિયાં કરીને ખાનાર પોતાને બધાથી ઉત્તમ બુદ્ધિશાળી ગણે છે. જીવ-પ્રાણીમાત્રને પોતાની નાતનું, જાતનું, ગામનું, દેશનું, પોતાના નામનું, કુટુંબનું ખૂબ જ અભિમાન હોય છે. આ બધાં અભિમાનથી વીંટાયેલા આત્માઓ આ અઘોર ભવાટવીમાં ભટકે છે અને અનેક પ્રકારનાં દુઃખથી દીન બની, પોતાના આત્માનો સાચો આનંદ ખોઈ નાખે છે."

આ પ્રમાણે પોતાના ભક્તોને ઉપદેશ આપી.. ગોવાળને બકરાંની કિંમત ચૂકવી, જોધા ભગતને દશેય બકરાં ભળાવી, ભગવાન લાઠીદડ ગામમાં પધાર્યા.

**● જોધા ભરવાડે મહારાજ ઉપર દૂધની સેડ્ય નાંખી ને દૂધ પાયું**

એક વખત જોધો ભરવાડ ગાયું દોહતો હતો અને કીર્તન બોલતો જે, "કાનુડો રે કાનુડો રે" તે સમે મહારાજ અક્ષરઓરડીમાંથી દરબારમાં પધાર્યા અને પૂછ્યું જે કયો કાનુડો ? ત્યારે જોધે દુધની શેડ મહારાજ સામી ઉડાડી અને કહ્યું જે, "આ ચાલ્યો જાય તે જ કાનુડો છે." એમ કહીને મહારાજને તાંસળી ભરીને દૂધ આપ્યું. અને કહ્યું જે, "મહારાજ ! આ દૂધ ગાળીને લાવ્યો છું. પાન કરો." પછી મહારાજ દરબારમાં ઊભા દૂધનું પાન કરીને અક્ષરઓરડીમાં પધાર્યા.

**● મહારાજે જોધા ભરવાડને નિશ્ચય કરાવ્યો**

એક સમે શ્રીજીમહારાજ અક્ષરભુવનમાં વિરાજમાન હતા. ત્યાં એકાએક રઘુવીરજી મહારાજ આવ્યા. ત્યારે મહારાજને એકાંત જાણીને વહેવારની વાત પૂછી ને ઘડીક મહારાજ બિરાજ્યા. પછી મહારાજ ચાખડીઓ પહેરીને ચાલ્યા તે લીંબડા હેઠે આવ્યા. ત્યાં જોધો ભેંસ દોતો હતો. ત્યારે મહારાજે પગને અંગૂઠે કરીને લગારેક ઠેબું મેલ્યું. ત્યારે જોધે કહ્યું જે, "કોણ છે ?" એમ કહીને દૂધની શેડ ચરણાવિંદમાં મારી. ત્યારે ચરણારવિંદ ને ચાખડી દૂધાળી થઈ. ત્યારે મહારાજે કચવાઈને કહ્યું જે, "ભરવાડ નો ભરવાડ રહ્યો !" ત્યારે જોધે કહ્યું જે, "જાણતા નો'તા જે, ભરવાડ સખણો નહિ રહે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "મૂરખ ને મૂરખ રહ્યો." ત્યારે જોધે કહ્યું જે, "તમે તો બહુ ડાહ્યા ! 'એક ચકલી સારુ બધું બ્રહ્માંડ બોળી દીધું' એવા ડાહ્યા. જાવ જાવ બેસો, હું દોઈને આવું છું."

પછી મહારાજ ચાલ્યા તે ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીની કોર ઉપર મૃગચર્મનો ચાકળો થાંભલીના થડમાં નાંખ્યો; તે થાંભલીનું ઓઠીંગણ કરીને મહારાજ વિરાજમાન થયા. ત્યાં મુક્તાનંદસ્વામી આવ્યા ને પગે લાગીને પડખે બેઠા. ત્યારે જોધો દોતો હતો તે દોઈને દૂધની

તાંસડી મેલીને મહારાજની પાસે આવ્યો, ને મહારાજને પગે લાગીને ને સ્વામીને પગે લાગીને બેઠો. ને પછી મુક્તાનંદસ્વામીને જોધે કહ્યું જે, "હું ભેંસ દોતો હતો, ત્યાં આવીને મહારાજે મુને ઠેબું માર્યું ને કહ્યું જે, 'તું ડાહ્યો નથી.' તે મહારાજ ડાહ્યા છે, તે મારે પૂછવું છે જે, આ બકરાં બધાય ઊભાં છે, તેમાં કોયલી, કાટુડી, જાંબુડી કઈ આમાં." ત્યારે મહારાજ હસ્યા.

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ તો અનંતકોટી બ્રહ્માંડના જીવને જેમ હથેળીમાં પાણી દેખે છે તેમ દેખે છે ને તું બકરાંમાં" પૂછે છે.

**● મહારાજે જોધા ભરવાડ સાથે વલોણું કર્યું**

મહારાજ દરબારમાં વાસુદેવનારાયણના ઓરડામાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા. ત્યાંથી મહારાજ ઓસરીમાં આવ્યા. ત્યાં જોધો ભરવાડ ને બીજલ ભરવાડ બે જણ સામસામા છાસ તાણતા હતા. ત્યાં મહારાજ આવ્યા ને કહ્યું જે, "લાવો, અમે છાસ તાણીએ," એમ કહીને બીજલના હાથમાંથી નેતરું લીધું ને જોધો ને મહારાજ સામસામા તાણવા મંડ્યા. ત્યારે મહારાજે જમણા ચરણને અંગૂઠે કરીને ગોળીના કાંઠા ઉપરનું લાકડું તેને ખેસવી મૂક્યું. ત્યારે જોધે તાણતા મૂકીને તે લાકડું પાછું સમું કર્યું. વળી તાણવા મંડ્યા. ત્યારે જોધાની નજર જરા આઘી થઈ એટલે મહારાજે જમણા ચરણને અંગૂઠે કરીને લાકડું ફેરવી નાંખ્યું. ત્યારે વળી છાસ તાણતા રહેવા દઈને લાકડા સમું કર્યું એવી રીતે પાંચ-છ વાર ફેરવી નાંખ્યુ. ત્યારે પગને અંગૂઠે કરીને ફેરવી નાંખતા જોધે દેખ્યું. ત્યારે મહારાજને કહ્યું જે, "આ તો તમારાં કામ દેખાય છે."

ત્યારે મહારાજ હસ્યા ત્યારે જોધે કહ્યુ જે, "જો હવે લાકડું ફેરવ્યું તો હું પગે ઝાલીને પછાડીશ." ત્યારે મહારાજ એમની સામું જોઈને હસ્યા ને પાછી છાશ તાણવા મંડ્યા. ત્યારે મહારાજને મુખારવિંદે પરસેવાનાં બિંદુ આવ્યાં. ત્યારે જોધો કહે, "રાખો મહારાજ ! ક્યાં ગયો બીજલ.. ! ચાલ, મહારાજ થાકી જશે." એમ કહીને (તેને) બોલાવ્યો. ને મહારાજને

કહે, 'હવે તમે રહેવા દ્યો ને બીજલને આપો'

ત્યારે મહારાજ કહે, 'અમે તાણશું, બીજલને નહિ આપીએ.' એમ કહીને પાછા છાસ તાણવા મંડ્યા. ત્યારે જોધે કહ્યું જે, "હવે મહારાજ રાખો, છાસ થઈને ઉપર માખણ આવ્યું."ત્યારે મહારાજે છાસ વલોવવી બંધ રાખી. ત્યારે જોધે ડેર છોડીને રવાયો બાર કાઢી લીધો. ત્યારે મહારાજે ગોળીમાં હાથ ઘાલીને હલાવ્યો ને મહારાજે કહ્યું જે, "આમાં તો કાંઈ માખણ નથી." ત્યારે જોધે કહ્યું, "મહારાજ માંય પાણી નાંખશું ત્યારે માખણ ઉપર આવશે."

તેવામાં સાધુ ઝોળી માગવા સારુ આવ્યા. તે દરબાર વચ્ચે ઊભા રહીને 'નારાયણ હરે...! સચ્ચિદાનંદ પ્રભો.. !' એવો શબ્દ નાંખ્યો. ત્યારે મહારાજને કોણી સુધી માખણ વળગ્યું હતું. એ રીતે ને એ રીતે ચાલ્યા તે આંબલી હેઠે ગયા. ત્યાં બ્રહ્મચારી હાથ ધોવા સારુ પાણી લાવ્યા ને મહારાજને કહ્યું જે, "જોધા ક્યાં મૂવો તો તે તમે છાસમાં હાથ ઘાલ્યો ને છાસવાળો હાથ કર્યો ? " ત્યારે મહારાજ હસ્યા. તે સમયે મહારાજનો હાથ ધોવા મંડ્યા. ત્યારે સાધુએ આવીને હેઠે ખોબો ધર્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "પાણી પીશો મા, અણગળ છે."

ત્યારે સાધુએ ખોબો ભરીને પોતાના માથા ઉપર નાખ્યું. તે જોઈને મહારાજ હસ્યા. ત્યારે બ્રહ્મચારીએ રૂમાલ આપ્યો, તેણે કરીને હાથ લૂયો ને પછી મહારાજ બોલ્યા જે, "સાધુ ઝોળીએ આવ્યા છે, તે રોટલા હોય તો લાવો." ત્યારે ઉમરેઠનો સંઘ આવ્યો હતો ને તેમના ઉતારા ત્યાં હતા ને તે રસોઈ કરતા. તે બાયુંએ આવીને મહારાજના હાથમાં રોટલા આપવા માંડ્યા. ત્યારે મહારાજે લઈને ઝોળીમાં સાધુને દેવા માંડ્યા.

## કૃપાચાર્ય ઉમરેઠના નંદુભાઈ રૂપે જન્મ્યા

પૂર્વે ગૌતમ ઋષિના પૌત્ર સત્યધૃતિ નામે હતા તે તપસ્વીઓને મધ્યે શ્રેષ્ઠ તપસ્વી હતા અને ધનુર્વેદના નિષ્ણાત વિદ્વાન હતા. સત્યધૃતિના પુત્ર શરદ્વાન થયા. તે તપસ્વી હતા છતાં ઉર્વશી નામની અપ્સરાને જોવાથી તેનું વીર્ય સ્ખલિત થઈ ગયું અને શરનામના ઘાસના થૂમડાં ઉપર બે ભાગમાં પડ્યું . તેમાંથી કૃપ નામે એક કુમાર અને કૃપી નામે એક કન્યા થઈ. શંતનું રાજા દયા ભાવથી તે બન્ને બાળકોને પોતાના નગરમાં લઈ આવ્યા. તે કુમાર કૃપ મોટા થઈને કૃપાચાર્ય નામે વિદ્વાનના રૂપમાં જગતમાં પ્રસિદ્ધ થયા અને રાજા શંતનુના ગોત્રના અન્ય વ્યવહારના કામમાં તે પુરોહિત થયા.

પાંડવોનું પ્રિય-હિત કરનારા શ્રીકૃષ્ણનું સામીપ્ય હોવા છતાં કૃપાચાર્ય દુર્યોધનને વશ હતા તેથી તે કૃષ્ણભક્તિ કરી શક્યા નહિ.

જ્યારે કૌરવો અને પાંડવોનું મહાભારત યુદ્ધ શરૂ થયું ત્યારે કૃપાચાર્યે પાંડવોનો પક્ષ છોડીને કૌરવોનો પક્ષ સ્વીકાર્યો. યુદ્ધને અઢારમેં દિવસ જ્યારે દુર્યોધનનું મૃત્યું થવાનું જ હતું ત્યારે તે કૃતવર્મા અને અશ્વત્થામાને સાથે લઈને જંગલમાં જતા રહ્યા. ત્યાં આ ત્રણે જંગલી વડ નીચે બેઠા હતા ત્યારે ઘુવડે અંધારામાં કાગડાનો વિનાશ કર્યો આ વૃત્તાંત જાણ્યું.

તેમાં અશ્વત્થામાં તો દુષ્ટાત્મા અને વૈરભાવવાળો હતો. તે કૃતવર્મા અને કૃપાચાર્યને પોતાનો નિર્ણય કહી, સંતોષ કરાવીને પાંડવોના શિબિરે આવ્યો. ત્યાં સૂતેલા શંભુનો વધ કર્યો ? (એક અદ્‌ભૂત પુરુષ સાથે શિબિરના દ્વાર પાસેજ યુદ્ધ કર્યું.) હિંસકવૃત્તિવાળા અને શઠ અશ્વત્થામાએ, પાંચ પાંડવોના દ્રૌપદીથી જન્મેલા પાંચ પુત્રો જે સૂતા

હતા, તેને પાંડવો સમજીને મારી નાખ્યા.

શ્રીકૃષ્ણ ભગવાન જ્યારે અંતર્ધાન થયા ત્યારે જેમ અર્જુન મૂર્છિત થઈ ગયા હતા તેમ જ્યારે પાંચ પુત્રોની હત્યાને યુદ્ધિષ્ઠિરે સાંભળી ત્યારે તેની આંખોમાં દુઃખના આંસુઓ ઊભરાયા. તેમની પ્રેમભાવનાને સંભારીને, ધન નાશ પામ્યા પછી નિર્ધન માણસની જેમ, તેઓ મૂર્છિત થઈ ગયા. યુધિષ્ઠિર મહારાજે સ્વજનો પાસે દિવંગતની ઉત્તર ક્રિયાઓ કરાવી. પછી તેમને ઘણાએ સમજાવ્યા.

પુણ્યાત્મા મહારાજ યુદ્ધિષ્ઠિર જ્યારે સ્વર્ગવાસી થયા ત્યારે ધર્મબુદ્ધિવાળા તેમના પૌત્ર પરીક્ષિત રાજા થયા. પછી તેણે કૃપાચાર્યને ગુરુ કરીને તેમના પ્રમુખપદે ત્રણ અશ્વમેઘ યજ્ઞ કર્યા. જેમાં પાત્રની પવિત્રતા દેખીને દેવતાઓ પણ સામાન્ય માનવ દેખે તે રીતે પ્રકટ થયા હતા.

કૃપાચાર્ય આવા મોટા રાજાના ગુરુ બન્યા છતાં તે ભગવાનના ભક્ત ન થયા અને તેથી જ તેને છેલ્લે ઘણોજ પસ્તાવો થયો. તે દુઃખના આંસુઓથી તેનો કંઠ રુંધાઈ ગયો. તેઓ નિસાસા નાખવા લાગ્યા અને શોકથી માનો મૂર્છિત થઈ ગયા. એરેરે !!! મારું અજ્ઞાન તો જુઓ.

“અનેક પ્રાણીઓનું કલ્યાણ કરવા માટે મનુષ્ય રૂપે પ્રકટેલા શ્રીકૃષ્ણ નામના પરબ્રહ્મને સદ્‌બુદ્ધિહીન હું ઓળખી શક્યો નહિ. માયાના રજોગુણ તમો ગુણ મારામાં વધ્યાં. દુર્યોધનાને ખુશ રાખવાનું જ હું કરતો રહ્યો અને મારા અનુયાયીઆએ જ મને આ દશાએ પહોંચાડ્યો. સુખકારી દેખાતા આવા કમળનેત્ર શ્રીકૃષ્ણના દર્શન હવે મને ક્યારે થશે ? તેમના દર્શન વિના મારા શરીરમાં રહેલા પ્રાણ અત્યંત દુઃખી છે. જે જે પ્રાણીઓએ સર્વ જગતના અંતરાત્મા કૃષ્ણના ભક્તિભાવથી દર્શન કર્યા તે તે લોકો જ સ્વાર્થમાં-પુરુષાર્થમાં કુશળ રહેવાયા. તે સિવાયના લોકો તો વંધ્ય (ક્યારેય નહિ ફળનારા ઝાડ) જેવા રહ્યા.

આ રીતે ચિંતાથી ઘેરાયેલા અને દુઃખથી ગદગદવાણી બોલતા કૃપાચાર્યના શોકને ટાળતી હોય તેવી આકાશવાણી ઓચિંતા થઈ.

“હે વિપ્રવર્ય ! શોક ન કરો. ભવિષ્યના જન્મમાં આપણે બ્રાહ્મણ થશું.” ત્યારે અને પછી ધામમાં પણ આપણે ચોક્કસ સાથે રહીશું.” આ

રીતે શ્રીહરિએ આકશવાણી દ્વારા વિપ્ર કૃપાચાર્યને આશ્વાસન આપ્યું, ત્યારે તેનો શોક અને બધો સંતાપ શમી ગયો અને તેના મનમાં ઘણો આનંદ થયો.

પછી કાળે કરીને તેણે તે શરીર તજી દીધું અને તે પછી ઉમરેઠ (તા.જી. આણંદ) ગામમાં બ્રાહ્મણને ઘેર બીજો જન્મ પામ્યા અને તેને પૂર્વજન્મનું સ્મરણ પણ થતું રહ્યું. અક્ષરાધિપતિ પુરુષોત્તમ જ્યારે આ ભૂમિ ઉપર પ્રકટ થયા ત્યારે મહાન બુધ્ધિશાળી તે વિપ્ર શ્રીનંદુભાઈ શ્રીહરિને શરણે ગયા અને સર્વોત્તમ મહાન ભક્ત થયા.

જીવના અંતર્યામી, વિશાળ કીર્તિવાળા અને ભક્તોની અને પીડાઓનું નિવારણ કરનારા આવા મહાપ્રભુ શ્રીહરિના દર્શન કરવામાં અત્યંત ઉત્સાહી શ્રી નંદુભાઈ ઉમરેઠના હરિભક્તોના સંઘ સાથે શ્રીહરિના દર્શન કરવા ગઢપુર ગામ આવ્યા. જ્યારે સંઘ ગઢપુર ગામમાં પહોચ્યો બરાબર તે જ સમયે ભગવાન શ્રીહરિ સંતો તથા હરિભક્તોને સાથે લઈને શુદ્ધ જળમાં સ્નાન કરવા ઉન્મત્તગંગાએ પધાર્યા હતા. તેથી સંઘ પણ ગંગાએ ગયો. સંઘે દૂરથી શ્રીહરિને દેખ્યા. નવા પ્રાણ આવવાથી શરીર જેમ પ્રસન્ન અને સચેષ્ટ થાય છે તેમ તે ભક્તોનો સંઘ પણ મનમાં આનંદિત થઈને શ્રીહરિની દિશામાં દોડવા લાગ્યો. ત્યાં સુંદર આસન ઉપર શ્રીહરિ બેઠા. ચારે બાજુ ભક્તો બેઠા. તારામંડળ વચ્ચે ચંદ્રમાંની જેમ શ્રીહરિ શોભતા હતા. પછી ત્યાં આવેલા સહુ ભક્તોના સંઘને શ્રીહરિએ દેખ્યો. અહો ! જે પરમાત્મા માયાથી પરે પોતાના અક્ષસધામમાં અનંત ઐશ્વર્ય અને પાર્ષદ-શક્તિઓએ સેવાયા થકા વિરાજે છે. તે જગદીશ્વરને પગે લાગીને આવેલા બધા ભક્તો ખૂબ જ રાજી થયા. જેના દર્શન કરવા માટે સર્વોત્તમ તપસ્વી શંકરે (બ્રહ્માએ) મહાન તપ કર્યું હતું તે ભગવાન પુરુષોત્તમ મનુષ્ય રૂપ થઈને દયા કરી આપણને દર્શન દઈને સુખ સંતોષ આપી રહ્યા છે.

ઉમરેઠના ભક્તો ઉત્સાહી હતા. હર્ષના આવેશથી ગદ્‌ગદ્‌કંઠથઈ ગયા. કાંઈ બોલી શક્યા નહિ. બધા શ્રીહરિની પાસે આવ્યા. જેમ સૂર્યની સમક્ષ જાત જાતની દીપમાળા કરવામાં આવે તેમ તેમણે શ્રીહરિની

આગળ અનેક પ્રકાની ભેટ સામગ્રી મૂકી. શ્રીહરિએ તે ભક્તોને યોગ્ય રીત સત્કાર્યા. મીઠી વાણીથી બોલાવ્યા અને તેમની પ્રશંસા કરી. પછી સર્વોત્તમ વક્તા શ્રીહરિએ ભક્તવર્ય શ્રી નંદુભાઈને ચીંધીને સહુને કહ્યું.

શ્રીહરિ બોલ્યા, આ શ્રી નંદુભાઈ પૂર્વ જન્મમાં કૌરવોનું હિત કરનારા અને તેના ગુરુ, કૃપાચાર્ય હતા. તે શ્રીકૃષ્ણ સ્વરૂપ મને બરાબર ઓળખી શક્યા નહતા. મારા અંતર્ધાન થયા પછી તેને ઘણોજ પ્રશ્વાતાપં થયો હતો. હે ભક્તો ! હું જ્યારે ભૂમિ ઉપર પ્રકટું છું ત્યારે મારા શરીરની બધીજ ક્રિયાઓ તમારા સહુના જેવી જ હોય છે. મારી માનવીય ક્રિયા વગેરેને દેખવા છતાં પણ ‘‘આ પરમાત્મા છે.’’ એમ જે ઓળખી લે છે આવા માહાત્મ્ય જ્ઞાનયુક્ત ભક્તો દુનિયામાં ઘણાજ દુર્લભ છે.

જે લોકોને મારા વચનમાં વિશ્વાસ આવે છે તેમને જ હું પૂર્વના શુભ સંસ્કારવાળા માનું છું. વચનમાં વિશ્વાસ રહેવો એટલો જ મનુષ્યોને લાભ છે, કે જે વિશ્વાસ કર્યા પછી પશ્ચાતાપ કરતા નથી.

પોતાના મોક્ષરૂપ પુરુષાર્થને સાધવા જે પ્રયત્ન કરતો હોય છે, તેને ન્યાયને જાણનારા બુદ્ધિમાન લોકો બુદ્ધિશાળી કહે છે પણ જે પોતાના મોક્ષરૂપ સ્વાર્થથી ભ્રષ્ટ થઈ જાય છે. તેને તો તેઓ ‘‘કિંપુરુષ’’(આ શું પુરુષ છે ?) એમ કહે છે. ‘‘બુધ્ધમાન્ અને મૂઢ(મૂર્ખ)’’ આવા બે નામથી મનુષ્યને સંબોધવામાં આવે છે. તેમાં તમે સહુ પ્રથમ છો અર્થાત્ બુદ્ધિમાન છો, તો તમારે સહુએ મારી કહેલી ધર્મરૂપ આજ્ઞાને નિરંતર પાળવી. જો તે ધર્મરૂપ આજ્ઞાને નહિ પાળો, તો અનેક પ્રકારના ઘણાજ અનર્થો દુઃખો આવી પડેશે. આ જગતમાં જે પંડિત=બુદ્ધિશાળી કહેવાય છે. તે આ લોકમાં અને પરલોકમાં ઘણા સુખી થાય છે પણ જે મૂઢ બુદ્ધિવાળા છે, અત્યંત અજ્ઞાની છે તે તો દુઃખના દરિયામાં ગળા સુધી ડૂબી જાય છે અને હમેશાં તેની અધોગતિ જ થાય છે.

શ્રીહરિએ સહુ ભક્તોને આવી વાત કહી ત્યારે ઉત્સાહી સર્વભક્તો શ્રીહરિના મુખકમળના દર્શન કરતા હતા. સત્પતિ શ્રીહરિ આસનેથી ઊઠ્યા. શ્રી નંદુભાઈને સાથે લઈને શ્રીહરિ ગંગાજળમાં ઊતર્યા.

પોતાના આશ્રિત ભક્તોરૂપી કૈરવ (શ્વેત કમળ) ને માટે ચંદ્રમાં જેવા, જળક્રીડામાં અતિ નિપુણ અને સર્વકર્તા આવા શ્રીહરિએ ત્યાં સ્નાન કર્યું. પછી સહુ સુખરૂપ દર્શન આપી, શ્રી નંદુભાઈનો હાથ પકડીને શ્રીહરિ ઉન્મત્તગંગાના જળમાંથી કિનારે આવ્યા. સુંવાળા રૂમાલથી શરીર કોરું કર્યું. સુંદર વસ્ત્રો પહેર્યા. પછી પોતાના અશ્વ ઉપર સવારી કરીને ગઢપુર ગામમાં પધાર્યા.

**● નંદુભાઈએ મહારાજને રસમાં ખાંડ ન આપી**

ગામ ઉમરેઠમાં શ્રીજીમહારાજ પધાર્યા હતા અને નંદુભાઈ ઠાકરને ત્યાં રસ-રોટલીની રસોઈ કરી હતી ને સાથે પાંચસો પરમહંસ હતા. રસોઈ તૈયાર થઈ ત્યારે પ્રથમ શ્રીજીમહારાજ થાળ જમ્યા. પછી સંતની પંક્તિ કરી અને મહારાજ સંતને રસ પીરસવા મંડ્યા. પછી મહારાજે નંદુભાઈને કહ્યું જે, "નંદુભાઈ ! આમાં જો ખાંડ હોય તો મજા રહે." ત્યારે નંદુભાઈ કહે, "મહારાજ ! રસમાં ખાંડ નાંખવાનો અમારે ધારો નથી."

મહારાજે બે-ચાર વખત ખાંડ આપવાનું કહ્યું અને તે બધી વખત નંદુભાઈએ ના પાડી. પછી સંત જમી રહ્યા કેડે નંદુભાઈ જમવા બેઠા અને જ્યાં રસ જમ્યા, ત્યાં તો પોતાને બહુ જ ખાટો લાગ્યો. ત્યારે એ વિચાર કર્યો જે, 'અરેરે ! મહારાજે મને બે-ચાર વખત કહ્યું ને જે ના પાડી ! માટે આજથી ખાંડ, સાકર, ગોળ જીવનપર્યંત ખાવી નહીં.' એમ પછી પસ્તાવો થયો.

**● નંદુભાઈ ઠાકરની સિપાઈના રૂપમાં રક્ષા કરી**

એકવાર નંદુ ભાઈ ગોધરા ગયા હતા. ત્યાંથી તેઓ સાંજ વખતે ચાલ્યા. તે ચાલતાં ચાલતાં રાત્રી પડી ગઈ. તે રાત અંધારી હતી, તેથી રસ્તો પણ ભૂલી ગયા. પછી પોતાની ઘોડીને એક વૃક્ષને થડે બાંધીને પોતે ત્યાં બેઠા અને મહારાજની સ્મૃતિ કરી. પછી પોતાને સાંભરી આવ્યું જે, 'મહારાજે સભામાં વાત કરી હતી જે, આપત્કાળ પડે ત્યારે મહારાજને સંભારવા, તો ભગવાન રક્ષા કરે.' એમ વિચાર કરતા હતા, એટલામાં એક શ્વાન ભસ્યું. તેનો શબ્દ સાંભળી આ છેટેથી એક દીવો દીઠો. જેથી

પોતાને વિચાર થયો જે, 'દીવો બળે માટે ત્યાં મનુષ્ય હોવું જોઈએ.'

પછી તેને આધારે ત્યાં ગયા અને પૂછ્યું જે, "તમે કોણ છો ?" ત્યારે તેમણે કહ્યું જે, "અમે સરકારી માણસ છીએ." ત્યાં નંદુભાઈ કહે, "અમને અહીંયા રાત રહેવા દેશો ?" ત્યારે તેમણે કહ્યું જે, "સુખેથી રહો ને અમે માણસની રક્ષા કરવા સારુ જ અહીંયા રહ્યા : છીએ." તેથી ઘોડી બંધાવીને ખડ નીર્યું અને કહ્યું જે, "તમારે કાંઈ જમવું છે ?" ત્યારે કહે, 'ના, મારે જમવું નથી.' પછી તેમને ખાટલો ઢાળી દઈને સુવાર્યા અને મહારાજે તેમની પગચંપી પણ કરી.

પછી સવારનો વખત થયો ત્યારે તેમને જગાડ્યા અને રસ્તો બતાવ્યો. ત્યાં જતાં રસ્તામાં માણસ સામા મળ્યા. તેમને પૂછયું જે, "અહીંયા ચોકીદાર કોઈ રહે છે ? ત્યારે માણસો કહે કે, 'અહિંયા કોઈ ચોકી કરવાનું થાણું નથી." તે સાંભળી નંદુભાઈ પાછા વળી તે ઠેકાણે ગયા અને જઈને જોયું ત્યારે ઘોડી ની લાદ પડેલી દીઠી અને ખડ નીરેલું દીઠું, પણ બીજું કાઈ દીઠું નહીં. તેથી નદુભાઈએ જાણ્યું જે, નક્કી આ તો શ્રીજીમહારાજ આવેલા. પછી પોતે ત્યાંથી બારોબાર વરતાલ આવ્યા અને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. પછી નંદુભાઈ કહે, "મહારાજ ! મારી દેશકાળમાં રક્ષા કરી તે તો ઠીક, પણ તમે જે મારા પગ દાબ્યા એ અપરાધથી હું ક્યાં છૂટીશ ?" ત્યારે મહારાજ કહે, "નંદુભાઈ ! ક્યારેક સેવક પગ દાબે અને ક્યારેક ગુરુએ પગ દાબે ! તે અપરાધ ન કહેવાય."

**● નંદુભાઈની સર્વોપરિ નિષ્ઠા**

નંદુભાઈને નિર્વિકલ્પાનંદ સ્વામી સાથે હેત હતું. તેથી તેમના સમાગમે કરીને મહારાજનો સર્વોપરી નિશ્ચય થયો હતો. પણ નિર્વિકલ્પાનંદજીનો માની સ્વાભાવ હતો. તેથી સત્સંગનો અવગુણ આવ્યા જ કરે. પણ એક પ્રસંગ બન્યા પછી તો નીકળી જ ગયા. તે મુક્તાનંદ સ્વામી વડોદરાની સભા જીતીને આવ્યા ત્યારે મહારાજે ભારે પ્રશંસા કરી, તે સાંભળીને નિર્વિકલ્પાનંદને થયું કે મુક્તાનંદ તો 'અખે

ગીતા' નો વાંચનારો એનાં આટલાં વખાણ, અને હું વેદ પુરાણનો ભણેલો, ઘણીઘણી પારાયણો મેં કરી છતાં મારાં વખાણ નહિં. મહારાજમાં વિવેકનો છાંટો પણ નથી. એમ અવગુણ લઈને સત્સંગ બહાર નિસરી ગયા.

મનમાં વિચાર કર્યો કે જેને મેં સત્સંગી કર્યા છે તથા મારા હેત વાળા છે એ બધાને સત્સંગથી જુદા પાડી દઉં. આવું મનમાં નક્કી કરીને પહેલાં જ ઉમરેઠમાં નંદુભાઈ પાસે પહોંચ્યા.

નંદુભાઈ ત્યાના રાજાના અમાત્ય હતા. એ વખતે કચેરીમાં ગયેલાં. નિર્વિકલ્પાનંદ ત્યાં પહોંચ્યા. અને નંદુભાઈએ કહ્યું કે સ્વામી, કેમ અચાનક, એકાએક ! તો કહે મારે એક અગત્યની વાત તમને કહેવી છે માટે આવ્યો છું. નિર્વિકલ્પાનંદે કહ્યું. નંદુભાઈ કહે, બોલો સ્વામી, પછી કહ્યું કે "જુઓ આપણે જેમનું ભજન કરીએ છીએ એ સ્વામિનારાયણ ભગવાન નથી માટે એમનું ભજન ન કરશો."

નંદુભાઈએ ક્રોધમાં આવી જઈને કહ્યું કે - સ્વામી, તમારું માથું ફર્યું છે. જેમના ભજને અંતઃશત્રુનો નાશ થઈ ગયો છે એવા પ્રત્યક્ષ પરમાત્માથી વિમુખ થઈને બીજાને વિમુખ કરવા નીકળ્યા છો એમને ? પછી પોલીસને બોલાવીને કહ્યું કે આમને ગામની બહાર કાઢી મૂકો. અને એ ચાલ્યા હોય તે તે જગ્યા પર પાણી છંટાવી નાંખો. એ રીતે કઢાવી મૂક્યા.

પછી કોઈ વખતે નંદુભાઈ વડતાલ ગયા. ત્યારે મહારાજે નંદુભાઈની દ્રઢતાનાં ખુબ વખાણ કર્યા. અને એ બાબત વચનામૃતમાં પણ કહી કે "જેણે પરિપકવ નિશ્ચય કરાવ્યો હોય એજ આવીને ના પાડે તો કહે જે તારું માથું ફર્યું છે પણ નિશ્ચયમાં ડગમગાટ થાય નહિ." એ શબ્દો નંદુભાઈને ઉદ્દેશીને બોલાયેલા છે.

## રઘુ મહારાજા પૂંજાજી દરબાર બન્યા

પૂર્વે રઘુનામે સૂર્યવંશી રાજા હતા. તેઓ ધાર્મિક આસ્તિક અને બુદ્ધિમાન હતા. તેઓ યુદ્ધમાં અજેયવીર હતા અને વીર યોદ્ધાઓના ગર્વને તોડનાર હતા. આ રઘુ હજી કિશોર વયના હતા. યજ્ઞના ઘોડાની રક્ષા માટે પોતાનું સૈન્ય લઈને ઘોડાની પાછળ ચાલતા હતા. ત્યારે તેણે પોતાના પરાક્રમથી સેના લઈને આવેલા ઈન્દ્રને પણ પરાજિત કર્યો હતો.

અસુર વિરોધી શ્રી વિષ્ણુની જેમજ રઘુરાજાની ઉજ્જવળ કીર્તિ લોકોને પાવન કરી સર્વત્ર ફેલાઈ ગઈ હતી. રઘુરાજાના પ્રભાવથી રાવણ આદિ મોટા માતંગો (હાથીઓ) પણ ત્રાસ પામતા હતા. માનો આકાશમાં છાઈને (આકાશને રોકીને) રહ્યા હોય તેવા અસુરોને લગભગ બ્રહ્માના સમાન તેજસ્વી રઘુ ને પરાસ્ત કર્યા અને યજ્ઞ સ્તંભોને રોપ્યા હતા.

ગુરુ વરતંતુના ક્રોધરૂપી અગસ્ત્યે શિષ્ય કૌત્સના "મારે ગુરુ દક્ષિણા આપવીજ છે." આવા સંકલ્પ સાગરને સૂકવી નાખ્યો હતો, છતાં જે રઘુના તેજપ્રતાપ રૂપી ગંગાએ અન્યથી ન ભરી શકાય એવા તે કૌત્સના સંકલ્પ સાગરને ભરી દીધો હતો.

રઘુએ વિશ્વજિત યજ્ઞમાં સર્વસ્વનું દાન કર્યું હતું. તેને દેખીને બ્રહ્માએ પુત્ર નારદને કહ્યું હતું કે તમે આ રઘુરાજાનો ત્યાગ જુઓ "આણે સંન્યાસીના ત્યાગ, તપ અને સંયમના બધા ગુણ ધર્મ ક્ષત્રિયોમાં પ્રતિષ્ઠાપિત કર્યા છે." જે જગતની ઉત્પતિ, સ્થિતિ અને પ્રલયનું કારણ છે અને સમગ્ર લોકો જેને ભજે છે, તે સાક્ષાત્ ભગવાન રામ જે રઘુના પ્રપૌત્ર થયા હતા તે મહારાજ રઘુના મનમાં એવો સંકલ્પ થયો કે "પોતાની ઋદ્ધિ(સંપત્તિનીઅધિષ્ઠાત્રી દેવી લક્ષ્મી) અને વ્યુહો (સંકર્ષણાદિ)ની સાથે લક્ષ્મીપતિ શ્રીરામ દેવોનું પ્રિય કરીને તેમને રાજી

કરવા મારા વંશમાં અવતરશે.'' બધીજ આસક્તિ-વાસનાને તોડાવનારા તે ભગવાનનો યોગ મને થશે.'' સર્વસ્વનો ત્યાગ કરી ચૂકેલા મહાત્મા રઘુએ મનમાં આવો નિર્ણય કર્યો હતો.

સમય ઘણો જ પસાર થઈ ગયો. તેમ શરીર એકદમ જીર્ણ થઈ ગયું ત્યારે તેના મનમાં થોડો ભય પેઠો. તેઓ વિચારવા લાગ્યા. ''અરે !!! સમુદ્રની અધવચ્ચે જુનું વહાણ ભાંગે તેમ આ મારું શરીર તો અત્યંત જીર્ણ - વૃધ્ધ થઈ ગયું છે. શ્રીરામના યોગનો મારો સંકલ્પ છે, તે હવે આ શરીરે કેમ પૂરો થશે. ? મારા સંકલ્પ રૂપી કિનારે હું કેમ પહોંચીશ. ?''

આવુ વિચારતા મહારાજ રઘુ ખિન્ન થઈ ગયા. આસુંઓથી કંઠ રુંધાઈ ગયો. બોલી શક્યા નહિ. શરીરે પરસેવો વળી ગયો. પણ બીજી જ ક્ષણે તેમને ઓચિંતા સમાધિ થઈ ગઈ. તેઓ ત્યાં રહેનારા મુક્તની માફક અક્ષરધામમાં ગયા. જ્યાં રાજાધિરાજની શોભાથી સંપન્ન સર્વના કારણ શ્રીહરિ વિરાજે છે. જે શ્રીહરિ અસંખ્ય કલ્યાણકારી દિવ્ય સદ્‌ગુણોથી અલંકૃત છે. દિવ્ય અવયવોથી મૂર્તિ રમણીય જણાય છે. જેની આજ્ઞાથી અનેક કોટિ બ્રહ્માંડના અધિકારીઓ પોતપોતાને સોંપેલું કામ કરતા રહે છે.

તે પરમાત્માના ચરણકમળનો આશ્રય છોડી દઈને સંસારમાં ભટકતા લોકોને બીજે ક્યાંય આત્યંતિક કલ્યાણ પ્રાપ્ત થતું નથી. દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન આવા સાક્ષાત્‌ શ્રીહરિના દર્શન કરવાથી મહારાજ રઘુ માનો આનંદના મહાસાગરમાં ડૂબી ગયા. તેમણે બે હાથ જોડ્યા. પૃથ્વી ઉપર ઢળી પડીને દંડવત પ્રણામ કર્યા અને તેમણે અક્ષરધામના અધિપતિ શ્રીહરિની સ્તુતિ કરી.

ત્યારે શ્રીહરિ બોલ્યા જે તમે આ ભૂમિ ઉપર ધોલેરા ગામમાં ક્ષત્રિય જ્ઞાતિના દરબાર શ્રીબુટાજી (બુટોભા) ના પુત્ર શ્રીપુંજાજી નામે જન્મ લેશો. મારા ભક્તરાજ પુંજાજી તમે સમાજમાં વિશાળ યશવાળા અને ધર્મ, જ્ઞાન, ભક્તિ આદિ સદ્‌ગુણોથી સંપન્ન થશો. તે સમયે હું અક્ષરધામનું ઐશ્વર્ય અને અનેક મુક્તોના સમૂહને લઈને ભૂમિ ઉપર ધર્મદેવને ઘેર જન્મ ધારણ કરીશ. પછી નાના મોટા અનેક પ્રદેશોમાં રહેતા વિવિધ

જાતિ અને સમુદાયોમાં સત્સંગ સ્થાપીશ તથા પાપના પુંજોનું નિવારણ કરે એવી સત્સંગની વિપુલ કીર્તિને પ્રસરાવીશ. તે સમયે આપણા બન્નેનો સુખકારી સમાગમ થશે. તે નિત્યના બહુવિધ સત્સંગથી તમારા અંતઃકરણની બધીજ અશાંતિ શમી જશે. અને તમારા બધાજ સંકલ્પોને હું સફળ કરીશ.

આ પ્રમાણે જયારે અક્ષરધામના અધિપતિ શ્રીહરિએ કહ્યું ત્યારે મહારાજ રઘુને સમાધિમાંથી જાગેલા યોગિરાજની જેમ બાહરના વ્યવહારનું ભાન થયું. ઉપર કહી ગયા તે કાળ ક્રમે પવિત્ર ભાવવાળા મહારાજ રઘુનો બીજો જન્મ ધોલેરામાં પૂંજાજી દરબાર રૂપે થયો અને પૂર્વે ધ્રુવના બધા સંકલ્પ પૂર્ણ થયા હતા. તેમ રઘુમહારાજના પણ સંકલ્પ પૂરા કર્યા.

**● ધોલેરામાં પૂજાભાઈએ મંદિર કરવાની પ્રાર્થના કરી.**

એકવાર મહારાજ ધોલેરામાં પાર્ષદ તથા તે ગામના હરિજને સહિત તળાવની પાળ ઉપર આવી ઢોલિયા ઉપર બિરાજમાન હતા. તે સમે મહારાજને ઘણા રાજી જાણીને પૂજાભાઈ તથા બીજા હરિજનો કહે જે, “હે મહારાજ ! અમારે અહીંયાં એક મંદિર કરીને દેવ પધરાવો તો અમારા દેશનો સત્સંગ રહે.” એવાં હરિજનનાં વચન સાંભળીને મહારાજ કહે જે, “આ અમારો ઢોલિયો છે તે જગ્યાએ સિંહાસન આવે એવી રીતનું મંદિર કરવું.” એમ મહારાજે કહ્યું.

તે સાંભળીને નિષ્કુળાનંદસ્વામીએ એંધાણ લેવા સારુ ઢોલિયાના ચાર પાયાની ચાર જગ્યાએ ખીલીઓ રોપી દીધી. ને એંધાણ કરી મેલ્યું હતું તે જગ્યાએ હાલમાં મદનમોહનજી મહારાજનું સિંહાસન છે. એવું મંદિર કર્યું છે. એવી મહારાજ ત્યાં ઘણીવાર હવા ખાઈને ઊઠ્યા. તે સમયે સુરતના કંતરાટી (કોન્ટ્રાક્ટર) તળાવ ખોદાવતા હતા. તેને મહારાજ કહે જે, ખોદાવીને અહીં ધૂળ નંખાવજો.” ત્યારે તે કહે જે, “હે મહારાજ, મારે માથે લઈને નાખીશ.” એમ કહીને મહારાજને રાજી કર્યા. ને મહારાજ ત્યાંથી દરબારમાં આવી દૂધ-પુરી, શાક-અથાણાં વિગેરે જમીને પછી પોઢી ગયા.

## પૂર્વ જન્મના સુરગુપ્ત શ્રી રામજી વૈશ્ય થયા

કોઈ એક સમયે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ ઉમ્મત્તગંગામાં સ્નાન કરીને પ્રસન્ન મને લક્ષ્મીવાડીએ ગયા. ત્યાં શ્રીહરિને બેસવાનું મનોહર સ્થળ વેદિકા સાથેનું છે જે 'બેઠક' કહેવાય છે, જે ત્રિવિધ તાપ અને અનેક વિધ પાપોનું નિવારણ કરે છે. કરુણાના નિધિ જેવા શ્રી રઘુવીરજી મહારાજ, સર્વનું કારણ આવા શ્રીહરિનું ધ્યાન કરવા તે વેદિકાથી ઉત્તર તરફ બેઠા. તે વખતે પીઠવડી ગામના રહીશ, વૈશ્ય શ્રીરામજીભાઈ હરખાતે હૈયે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ પાસે આવ્યા. જેઓ પૂર્વ એક સુરગુપ્ત નામે ધનાઢ્ય ગૃહસ્થ હતા અને અયોધ્યામાં રહેતાં હતા.

ધર્મરત તે ગૃહસ્થ રોજ મંદિરોમાં શ્રીરામચંદ્રજી ભગવાનની મૂર્તિઓના દર્શન કરીને સ્થાનિક ભક્તોને મુખે કલ્યાણકારી જ્ઞાનવાર્તા સાંભળતા હતા. આ સંસારથી મુક્તિ આપે એવું એકાંતિક જ્ઞાન મને સાક્ષાત્ કેમ થાય ? આવું વિચારીને તેણે ભગવાનના ચરણોમાં મનની વૃત્તિ જોડી રાખનારા મુનિવર્યને નમ્રભાવે પૂછ્યું. સુરગુપ્તે કહ્યું, અજ્ઞાનરૂપ અંધારાનો નાશ કરવામાં સૂર્ય જેવા અને મહાબુદ્ધિમાન્ આવા હે મુનિરાજ ! મને મોક્ષકારી એકાંતિક જ્ઞાન જેનાથી થાય, એવો ઉપદેશ આપ કરો.

જિજ્ઞાસુ સુરગુપ્તે આવું પૂછ્યું ત્યારે તે મુનિવર્યે અયોધ્યાપતિ શ્રીરામચંદ્રજી ભગવાનનું ધ્યાન કરીને તેને કહ્યું. મુનિ બોલ્યા, અક્ષરાધિપતિ સર્વેશ્વર ભગવાન પુરુષોત્તમ જ્યારે પોતાના મુક્તમંડળને સાથે લઈને અનેક અધર્મીનો ઉદ્ધાર કરવાની ઈચ્છાથી આ ભૂમિ ઉપર અવતરશે. ત્યારે જેના સદ્ગુણોને દેખીને "શું આ રામચંદ્રજી તો નહિ હોય ને ?" આવો ભ્રમ ઉત્પન્ન થાય એવા સદ્બુદ્ધિમાન શ્રીમાન્ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ પણ પ્રકટ થશે. તેઓ આચાર્યપદ ઉપર બિરાજશે ત્યારે જેમ પિતા પોતાના ઓરસપુત્રને પોતાનો વારસો આપે છે તેમ પ્રબુદ્ધ શિષ્યોને શુભ એકાંતિક જ્ઞાનનો સદુપદેશ કરશે. તમને જ્યારે

તેમનો સમાગમ થશે ત્યારે તે એકાંતિક જ્ઞાનને તમે ચોક્કસ પામશો. તે મુનિવર્ય આવુ કહ્યું તારે તે વૈશ્યવર્ય સુરગુપ્ત મનમાં આંદિત થઈને પોતાને ઘેર ગયો.

તે જ સુરગુપ્ત હાલમાં વૈશ્ય જાતિમાં જન્મ્યા હતા. અપાર સદ્‌ગુણોથી સંપન્ન હતા. ભગવાન ભક્ત હતા ધનવાન હતા અને રામજીનામે વિખ્યાત થયા હતા.

એક દિવસ તે વૈશ્ય શ્રીરામજીભાઈના મનમાં આવો વિચાર આવ્યો કે હું ગુરુની પાસે જાઉ અને એકાંતિક જ્ઞાનનો અભ્યાસ કરું. "મને આવું ઉચ્ચ કક્ષાનું જ્ઞાન કોણ આપે ?" આવો વિચાર આવતા મન થોડું ખિન્ન થયું, પણ તુરંત મંગળકારી આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજનું સ્મરણ થઈ આવ્યું. શ્રીરામજીભાઈ સર્વસદ્‌ગુણોથી સુશોભિત શ્રી રઘુવીરજી મહારાજની પાસે આવ્યા. માથું નમાવી પ્રણામ કર્યા. અને ચરણોમાં ભેટ મૂકીને ઊભા રહ્યા. પછી આચાર્ય મહારાજશ્રીએ તેમની સંભાવના કરી. તેમના આવવાના પ્રયોજનને પ્રથમથી જ જાણતા હોય તેમ, પૂછ્યું, હે ધીમન્ ! "બોલો, તમારે આવવાનું કારણ શું છે ?" ત્યારે શ્રીરામજીભાઈએ પોતે જે વિચારી રાખ્યું હતું તે બધું તેમની આગળ સંપૂર્ણ કહી બતાવ્યું.

શ્રી રઘુવીરજી મહારાજ દયાના સાગર જેવા છે, તે બધું સાંભળ્યા પછી તેમણે શ્રીહરિના વચનોને યાદ કર્યા અને પછી સત્વરે જ્ઞાનરૂપી ફળને આપનારું સાધન પણ બતાવ્યું. અને કહ્યું કે ઉન્મત્તગંગામાં મારે નામે "રઘુવીર ઘાટ" "માનસ તીર્થ" સાથે છે. હે વૈશ્ય ! વિધિ પ્રમાણે ત્યાં સ્નાન કરવાથી તમે અભીષ્ટ ફળને પામશો. આચાર્ય મહારાજશ્રીનું વચન સાંભળીને જિજ્ઞાસુ શ્રીરામજીભાઈએ નમ્રભાવે તીર્થમાં સ્નાનાદિનો સમગ્ર વિધિ તેમને પૂછ્યો. પ્રશ્ન સાંભળ્યા પછી આચાર્ય મહારાજશ્રીએ મુમુક્ષુ શ્રીરામજીભાઈને સાવધાન મનથી પાળવાના તીર્થ સંબંધી બધા જ ધર્મ કહ્યા.

અને વિશેષમાં કહ્યું કે હે ધીમન્ ! તમે કૌશલ્યાનંદન શ્રીરામચંદ્રજી ભગવાનની અભીષ્ટ ફળ આપનારી ઉપાસના કરી છે હવે મુક્તિપ્રદ

જ્ઞાન પ્રાપ્ત કરવા ચાહતા તમારે એક વરસ સુધી અક્ષરધામાધિપતિ શ્રીસ્વામિનારાયણ ભગવાનની સત્સંગિજીવન ગ્રંથની કથા નિરંતર સાંભળવી. તે રીતે એક વરસ સુધી જો કરશો તો તમારો મનોરથ પૂર્ણ થશે. આટલું બોલીને શ્રીહરિનું ધ્યાન કરતા આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ મૌન થઈ ગયા. તે પછી શ્રીરામજીભાઈ આચાર્ય મહારાજશ્રીએ કહ્યા પ્રમાણે નિયમોમાં રહ્યા અને સ્નાન પૂજન આદિના પ્રભાવથી સત્વરે મનમાં ઈચ્છેલું જ્ઞાન પામ્યા. વરસ પુરું થયું ત્યારે નિયમો પૂરા કર્યા અને બ્રાહ્મણને સત્સંગિજીવન ગ્રંથનું દાન આપ્યું. અને આત્યાંતિક કલ્યાણને પામ્યા.

## જૈમિની ઋષિ દિનાનાથ ભટ્ટ થયા

પૂર્વે જૈમિનિ નામે એક મુનિ હતા. તેઓ વ્યાસ મુનિના શિષ્ય હતા, સામવેદના ધુરંધર વિદ્વાન હતા અને મીમાંસા શાસ્ત્રના પ્રથમ નિર્માતા હતા.

તેઓ પોતાના આશ્રમમાં રહીને સાવધાન પણે વર્ણાશ્રમ ધર્મનું પાલન કરતા હતા. છતાં ક્યારેક પોતાની સ્વતંત્ર ઈચ્છાથી ગુરુ શ્રીવ્યાસમુનિના સિદ્ધાંતથી વિરુદ્ધ કાર્ય પણ કરી નાખતા હતા. તેમણે દુર્યોધનની મહત્તા કહેવાની ઈચ્છાથી "ભારત" નામે એક બીજો જ ઈતિહાસ લખી નાખ્યો હતો. ઘણા લોકો એમ કહે છે કે જૈમિનિઋષિને હાથીએ મારી નાખ્યા હતા. પરંતુ મુનિવર્ય જૈમિનિએ પશ્ચાત્તાપ કરીને શરીર છોડ્યું હતું.

એકવાર જૈમિની મૂનિને વિચાર આવ્યો કે અરે ! મેં જે વિદ્યાનો અભ્યાસ કર્યો તે બધી વિદ્યા વંધ્યા (વાંઝણી) સ્ત્રીની જેમ મોક્ષરૂપ પુત્રને આપ્યા વિના જ નાશ પામી. આથી મારા મનમાં તેની બળતરા થયા કરે છે. સહુની પીડાને ટાળનાર ભગવાન શ્રીહરિ અત્યારે યદુવંશમાં શ્રીકૃષ્ણ આવા નામે ભૂમિ ઉપર ભક્તોનું કલ્યાણ કરવા માટે પ્રગટ થયા છે. હું મારા વર્તમાન જીવનમાં તે શ્રીકૃષ્ણચરિત્રનો ગ્રંથ ન રચી શક્યો. મનમાં અનેક જાતના વિચિત્ર કુતર્કો કરીને જ

મેં મારી જિંદગીને વ્યર્થમાં જ વીતાવી છે. અત્યારે તો હું શું કરું ? હાથી રૂપ કાળે મને પકડ્યો છે. દેવર્ષિ શ્રીનારદજીએ પણ શ્રીવ્યાસજીને જેમ ઉપદેશ આપ્યો હતો તેમ મને ઉપદેશ ન આપ્યો.

શ્રી જૈમિનિ ખેદથી વિહ્વળ હતા અને શરીરને છોડતા જ હતા. તે સમયે તેમને આશ્વાસન આપતી હોય તેવી આકાશવાણી થઈ. અને કહ્યું જે હે ઋષિ ! "નમ્ર ભક્ત ઉપર વાત્સલ્ય રાખનારા, સર્વના અંતર્યામી, મોક્ષદાયક અને ભવિષ્યમાં ભૂમિ ઉપર જે પ્રકટ થશે તે સર્વોપરિ પરમેશ્વર તમારા ઉપર પ્રસન્ન છે." તે પરમેશ્વરનો જોગ તમને થશે અને તેઓ તમારા મનોરથને પૂર્ણ કરશે."

જીવનને છેડે આવી આકાશવાણી સાંભળીને શ્રી જૈમિનિ મનમાં પ્રસન્નતા થઈ. પછી પરીક્ષિત્ રાજાની જેમ પોતાના દેહનો ત્યાગ કરીને ફરીવાર આ ભૂમિ ઉપર બ્રાહ્મણ શ્રેષ્ઠ શ્રીદીનાનાથ ભટ્ટ રૂપે આમોદ ગામમાં જન્મ ધારણ કર્યો.

બ્રાહ્મણ માતા-પિતાથી જન્મ્યા પછી વેદોનું અને સર્વ શાસ્ત્રોનું તેમણે અધ્યયન કર્યું. સારો યશ મેળવીને માતા-પિતાને તથા સજ્જન વર્ગને રાજી કર્યા. એક વખત દિનાનાથ ભટ્ટ એકાંતમાં બેસીને પોતાના મનમાં વિચાર કરતા હતા ત્યારે. શ્રીહરિની ઈચ્છાથી તેને પોતાના પૂર્વજન્મનું બધું સ્મરણ થઈ આવ્યું. "હું પૂર્વે મીમાંસા શાસ્ત્રનો પ્રણેતા જૈમિનિ મુનિ હતો. સામવેદનું ગાન કરનારો અને ધર્મના રહસ્યને સમજી ચૂકેલો હતો. વૈદિક વાક્યોના ત્તત્વને સમજી સમજાવીને હું શ્રેષ્ઠ બુદ્ધિમાન ગણાયો હતો"

હંમેશા શ્રીકૃષ્ણના અભિપ્રાયથી વિરુદ્ધ હું વર્ત્યો. અને મેં શરીર છોડ્યું. પોતાની શક્તિઓ અને વ્યૂહોની સાથે ભૂમિ ઉપર ભવિષ્યમાં પ્રકટ થવા ચાહતા અક્ષર-બ્રહ્મધામના નિવાસી સાક્ષાત્ પ્રભુએ મારા ઉપર અનુગ્રહ કર્યો. તે દિવ્ય માનવ શરીર ધારી પરમેશ્વર પોતાના ભક્તોનું આત્યાંતિક કલ્યાણ કરવા ભક્તિધર્મને ઘેર પ્રકટ થયા છે.

અત્યારે તેઓ પશ્ચિમ પંચાળ દેશના ગઢપુર ગામમાં વિરાજે છે અને અનેક દેશોથી આવેલા ભક્તો તેમના ચરણારવિંદની પૂજા કરી

રહ્યા છે. હું તેમની સમીપે જાઉં અને મારા મનોરથો પૂર્ણ કરુ.'' મહાન્ યશસ્વી વિપ્ર શ્રીદીનાનાથ ભટ્ટે મનમાં આવો નિશ્ચય કર્યો.

પછી પવિત્ર બુદ્ધિવાળા શ્રી લક્ષ્મીનાથ નામના પોતાના ભાઈ અને અન્ય કુટુંબીઓની સાથે શ્રીદીનાનાથ ભટ્ટ ગઢપુર ગામમાં આવ્યા. ગામમાં પહોંચતા જ લોકોના મુખથી સાંભળ્યું કે મહાપ્રભુ સંત હરિભક્તોને સાથે લઈને સર્વોત્તમ નદી ઉન્મત્તગંગાએ સ્નાન કરવા પધાર્યા છે. ત્યારે દ્વિજવર્ય શ્રીદીનાનાથ મનમાં પ્રસન્ન થઈને જ્યાં શ્રીહરિ સ્નાન કરતા હતા. ત્યાં ઉન્મત્તગંગા નદીએ પહોંચ્યા. શ્રીહરિ ઉન્મત્તગંગાના નીરમાં અનેક પ્રકારની જળક્રીડા કરીને પોતાના ભક્તોને ખૂબ જ આનંદ આપી રહ્યા હતા. શ્રીહરિના દર્શન કરીને પંડિત શ્રીદીનાનાથ ભટ્ટ ત્રિવિધ તાપથી રહિત થઈ ગયા અને તત્કાળ જ શ્રીહરિના ચરણારવિંદમાં નમી પડ્યા. પછી શ્રીદીનાનાથજીને શ્રીહરિને ઉઠાડ્યા. તેમણે ઊઠીને બન્ને હાથ જોડ્યા. પછી પુષ્કળ પ્રેમ અને ભક્તિભાવથી શ્રીહરિની સ્તુતિ કરી ત્યાર બાદ શ્રીહરિએ તેમને કાયમ માટે પોતાની પાસે રાખ્યા.

**● દીનાનાથ ભટ્ટની શંકાનું સમાધાન**

એક વાર વડતાલમાં દીનાનાથ ભટ્ટજી સત્સંગિજીવન ગ્રંથ (કોપી) કરતા હતા ને તેમાં જ્ઞાનનો ઉપદેશ લખતાં પોતાને ઘણીક શંકાઓ થઈ, એટલે પોતે નિત્યાનંદસ્વામી પાસે ગયા ને પૂછ્યું જે ''હે સ્વામી ! આ સમજાતું નથી.'' ત્યારે સ્વામીએ તે લખેલું પ્રકરણ વાંચી જોયું પણ અર્થ બરોબર ધ્યાનમાં ન આવ્યો એટલે ભટ્ટજીને કહ્યું ''ચાલો આપણે મહારાજ પાસે જાઈને ને પુછીએ'' ત્યારે ભટ્ટજી કહે ''જે મહારાજ જાણે છે તે તો જાણીએ છીએ'' ત્યારે સ્વામી કહે ''અરે ભટ્ટજી ! એતો સર્વે વેદાંત અને ઉપનિષદ્ વગેરેને જાણે છે. કેમ જે, જેના શ્વાસમાંથી વેદો થાય છે. તે એ પોતે છે. તે ચાલો ત્યાં પુછીએ'' પછી બેય જણા મહારાજ પાસે ગયા એટલે મહારાજે તેમને કહ્યું, ''તમે બેઉ જ્ઞાનનો ઉપદેશ લખવામાં કાંઈ પૂછવા આવ્યા છો કે ?'' એમ મહારાજે અંતર્યામી પણે જાણીને તેમને વાત આગળથી કહી દીધી.'' તે સાંભળી

બેય જણા હાથ જોડીને કહે, "હા મહારાજ, એટલા માટે જ અમે આવ્યા છીએ" પછી તેમણે સાંખ્ય અને યોગના પ્રકરણમાં જે પૂછવાનું હતું તે મહારાજને પૂછ્યું, તેનો ઉત્તર મહારાજે તત્કાળ કરી દીધો એટલે તે બેય જણા મહારાજને પગે લાગીને રજા લઈને ઉઠ્યા ને પોતાના મુકામ પર આવ્યા. પછી નિત્યાનંદ સ્વામીએ ભટ્ટજીને કહ્યું "તમે કહેતા હતા ને કે મહારાજ તો નથી ભણ્યા" ત્યારે ભટ્ટજી કહે "સ્વામી ! હું હજુ તમારા જેટલો મહારાજનો મહિમા જાણતો નથી, તેથી દિવ્યભાવ રહેતો નથી ને વખતો વખત મનુષ્યભાવ આવી જાય છે તેથી મહારાજ નથી ભણ્યા એમ મારાથી બોલાઈ ગયું હતું પણ મહારાજ તો બધુે જાણતા દીસે છે."

**● દીનાનાથ ભટ્ટની દીકરીનું ભૂત મયારામ ભટ્ટ દ્વારા કાઢ્યું**

શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં મયારામ ભટ્ટનું પ્રથમ નામ નાંખ્યું તેથી પોતાના મનમાં એમ થયું જે, 'હું આવો વિદ્વાન અને મારું નામ શિક્ષાપત્રીમાં નહીં ! અને મયારામ ભટ્ટ તો અભણ છે, છતાં તેમનું નામ કેમ નાંખ્યું ?' એવામાં તેમને નિર્વિકલ્પાનંદ કરીને સાધુ મળ્યા. અને તે સાધુ સત્સંગમાંથી નીકળી ગયા હતા. પછી તેમણે ભટ્ટજીને મહારાજનો અવગુણ ઘાલ્યો. તેથી ભટ્ટજીએ મહારાજને દર્શને આવવાનું બંધ કર્યું.

પછી તેમની દીકરી જમના કરીને હતી તેને ભૂત વળગ્યું. તેને કાઢવાને માટે દીનાનાથ ભટ્ટે પુરાણમાત્ર વાંચ્યાં. તે સાંભળી ભૂત પણ તેટલાં જ પુરાણ બોલે. પછી દીનાનાથ ભટ્ટ કાયર થઈને શ્રીજીમહારાજ પાસે આવ્યા અને મહારાજને હાથ જોડીને કહ્યું જે, "મહારાજ ! મારે ઘેર પધારો અને મારી દીકરીને ભૂત વળગ્યું છે." મહારાજ કહે, "બ્રાહ્મણને ભૂત કેવું ?" ભટ્ટજી કહે, "દેવ, બ્રાહમણ તોય પણ અનાથ !" પછી મહારાજ કહે, "મયારામ ભટ્ટને તેડી જાઓ." પછી મયારામ ભટ્ટને દીનાનાથ ભટ્ટ તો આમોદ તેડી ગયા અને મયારામ ભટ્ટ સવારમાં નાહીને મહારાજનું ધ્યાન કરવા બેઠા. તે જોઈ ભૂત તુરત નાસી ગયું. અને દીનાનાથ ભટ્ટના મનમાં આશ્ચર્ય થયું જે, 'મયારામ ભટ્ટ તો બહુ જ મોટા છે !' એમ સમજીને મયારામ

ભટ્ટના પગમાં પડ્યા અને પોતાને માન હતું તે ટળી ગયું અને ભટ્ટજીને હાથ જોડ્યા જે, "મારો અપરાધ માફ કરજો."

**● કલ્યાણના શ્લોક કેટલા ગોત્યા ?**

દિનાનાથ ભટ્ટને ભાગવતજીના ૧૮૦૦૦ શ્લોક કંઠસ્થ હતા કારણ પૂર્વના જૈમિનિઋષિ હતા. એટલે ગુરુદેવે શ્રીવ્યાસ ભગવાન પાસે એમને શ્રીમદ્ ભાગવત્ નો અભ્યાસ કરેલ. તે જ્ઞાન બીજા જન્મે પણ યર્થાથ રાખ્યું. એકવાર શ્રીજીમહારાજે તેમને પૂછ્યું ભટ્ટજી ભાગવતના કેટલાક શ્લોક કંઠસ્થ છે. ત્યારે દિનાનાથ ભટ્ટ બોલ્યા. હે શ્રીહરિ મને ૧૮૦૦૦ શ્લોક કંઠસ્થ છે. ત્યારે મહારાજે કહ્યું. હે ભટ્ટજી એમાંથી કેટલા કલ્યાણના શ્લોક ગોત્યા છે. હે મહારાજએ તો ખબર નથી.

## ધૌમ્ય ઋષિ વલ્લરામ ભક્ત બની અવતર્યા

પૂર્વ પાંડવોના યુંગમાં પાંડવોનું પ્રિય અને હિત કરનારા એક ધૌમ્યનામે બ્રાહ્મણ હતા. તે શમ દમ આદિ ગુણોથી યુક્ત અને અત્યંત નમ્ર હર્તા અન્ય પ્રાણીઓનું હિત કરનારા શ્રીધૌમ્ય ગૃહસ્થાશ્રમમાં હતા. પોતાના પોષ્યવર્ગનું પાલન કરતાં, તેને વીતી ગયેલા સમયનો પણ ખ્યાલ રહ્યો નહિ.

શ્રીકૃષ્ણ ભગવાન પાંડવોના પ્રેમને વશ થઈને ઉદ્ધવજી અને સાત્યકિ ઈત્યાદિને સાથે લઈને દ્વારકાથી ઈંદ્રપ્રસ્થ વગેરે સ્થળોએ જ્યારે જ્યારે પધારતા હતા. ત્યારે ત્યારે સભામાં પાંડવોના હિત- અભીષ્ટમાં પ્રયત્ન કરનારા અને સુખના સત્પાત્રરૂપ શ્રી ધૌમ્યને દેખીને તેઓ રાજી થતા હતા. શ્રી ધૌમ્યને પ્રવૃત્તિ માર્ગમાં રુચિ હતી. આથી સચ્છાસ્ત્રોમાં કહેલા અને સત્પુરુષોએ કહેલા શ્રીકૃષ્ણ ભગવાનના મહિમાને તેઓ પાથાર્થ પણે સમજી શક્યા નહિ. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ ધામમાં ગયા ત્યારે ઋષિ બહુ જ દુઃખી થઈ સંતાપ કરવા લાગ્યા કે તું અજ્ઞાની પૂર્વના પાપે કરી ભગવાને ઓળખી ન શક્યો ! હવે મને ભગવાન ક્યારે મળશે તેમને મળ્યા વિના મને શાંતી નહી થાય. આમ બોલી બેભાન થઈ ગયા. જ્યારે સ્વસ્થ થયા પછી ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન કરવા લાગ્યા. અને ખુબજ

ભક્તિ કરવા લાગ્યા. તે સમયે ભગવાન શ્રીકૃષ્ણના દર્શન થયા.

પ્રસન્ન થયેલા સર્વશક્તિમાન શ્રીકૃષ્ણે જોયું, શ્રી ધૌમ્યનું મન ભક્તિભાવથી વિહ્વળ થયું છે. એટલે તે વિપ્રને રાજી કરવા માટે જ હોય તેમ તેને ઉદ્દેશીને બોલ્યા.

હે બ્રહ્મન્ ! હું સહુના પ્રાણો નો સાક્ષી છું. તમારા મનની ભાવનાઓને હું જાણું છું. તમે ખેદ ન કરો. હવે પછીના આવતા જન્મમાં હું તમારા મનોર્થને પૂર્ણ કરીશ. તેમ કહી શ્રીકૃષ્ણ ભગવાન પણ શ્રીધૌમ્ય દેખે તે રીતે અદશ્ય થઈ ગયા.

મહર્ષિ ધૌમ્ય કાળે કરીને દેહ તજીને કતાર નામે ગામમાં સદ્‌ગુણ સંપન્ન બ્રાહ્મણને ઘેર બીજો જન્મ પામ્યા

બ્રાહ્મણ શ્રેષ્ઠ પિતાએ હરખથી વૈદિક વિધિ પ્રમાણે તેના બધા સંસ્કાર કર્યા અને ઉદારદિલથી જાતના દાન આપ્યા. અને પછી તે બાળકનું “વલ્લભરામ” આવું સાર્થક નામ પાડ્યું. સૂર્યના તેજથી જેમ ચંદ્રની અભિવૃદ્ધિ થાય છે તેમ પિતાના પ્રભાવથી તે બાળ વલ્લભરામ દિન પ્રતિદિન વધવા લાગ્યા. પિતાએ યજ્ઞોપ્રવીત આપ્યા પછી વેદોનો અભ્યસા કરાવ્યો. યોગ્ય ઉંમરે પહોચતા તેમના લગ્ન થયા અને ગૃહસ્થના તમામ નિયમોનું પોતે પાલન કરવા લાગ્યા. તેમને “મુરારી” આદિ ત્રણ પુત્રોની પણ પ્રાપ્તિ થઈ હતી.

તેમણે વૈદિક વિધિથી તે ત્રણેય પુત્રોના જાતકર્માદિ બધા સંસ્કારો અનુક્રમે કર્યા હતા. નીતિથી યુક્ત ત્રણ વર્ગ-ત્રણ પુરુષાર્થના જેવા તે ત્રણેય પુત્ર સંસ્કાર સંપન્ન સ્થિતિમાં શોભતા હતા. મહાન બુદ્ધિશાળી અને ઘણા તેજસ્વી ત્રણેય પુત્રોના યથાક્રમે યજ્ઞોપવીત સંસ્કાર કરીને અત્રિ મહર્ષિએ પોતાના ત્રણ પુત્રોને જેમ ભણાવ્યા હતા તેમ અંગોએ સહિત બધા વેદ સાર્થ ભણાવ્યા. પૂર્વના પુણ્યમય સંસ્કારોને લીધે તે ત્રણેયને બાલ્યવયથીજ ભગવાનમાં પ્રેમ હતો. બ્રહ્માના પુત્ર નારદ સનકાદિકોની જેમ તેઓ ભાગવત ધર્મમાં ઘણાજ પ્રવીણ થયા હતા. શ્રી વલ્લભરામ પૂર્વજન્મની જેમ વ્યાવહારિક પ્રવૃત્તિમાં ઘણા કુશળ હતા. તેઓ રાત દિવસ ભક્તિભાવથી પરોક્ષરૂપ ભગવાનનું ભજન કરતા હતા.

આ વિપ્ર એક વખત આસન ઉપર શાંતિથી બેઠા હતા. મનમાં સત્વગુણ વર્તતો હતો. ત્યારે આસ્તિક પણે વિચારવા લાગ્યા કે મારા જીવનું કલ્યાણ કઈ રીતે થાય. તેવામાં તુરંત તેમને ડાકોરમાંવિરાજમાન શ્રીરણછોડજીનું સ્મરણ થયું. “આ જગપ્રસિદ્ધ શ્રીરણછોડરાયજી મારા આત્માનું કલ્યાણ કરશે જ.”

પછી પોતે ડાકોર આવ્યા અને ભક્તિ ભાવમાં ડુબી ગયા. પછી તો જેટલી પૂનમો આવે તે પ્રતેક પૂનમે ડાકોર રણછોડરાયના દર્શને જાય આમ એક વર્ષ પૂર્ણ થતાં રણછોડરાયનું દર્શન થયુ ! અતિ પ્રસન્ન થયેલા રણછોડરાયજીએ કહ્યું આત્યંતિક કલ્યાણ જોયતું હોય તો વડતાલ જાઓ ત્યાં સહજાનંદ સ્વામી ના આશ્રિત થજો તે પ્રગટ ભગવાન છે. પરંતુ વલ્લભરામ ગયા નહી બીજા દિવસે પણ ભગવાને દર્શન આપી કહ્યું વડતાલમાં બીરાજે તે પ્રગટ ભગવાન તમારું કલ્યાણ કરશે. તોય પોતની શ્રધ્ધા રણછોડરાયમાં હતી માટે વડતાલ ગયા નહી ત્રીજા દિવસે શ્રી રણછોડે તેમના બંન્ને પગ વાડી નાખ્યા ત્યારે અતી દુઃખી થયેલા વલ્લભરામ પ્રભુને પોકારવા લાગ્યા. ત્યારે પ્રભુ કહે વડતાલ જઈશ તોજ પગ સીધા થશે. ત્યારે વલ્લભરામ વડતાલ જવા તૈયાર થયા ત્યારે શ્રી રણછોડરાયજી બોલ્યા.

હે વિપ્ર ! તમે ત્યાં જલ્દી જાઓ. ઘણા સમયથી તમારા મનમાં જે મનોરથ છે અને મારી પૂજા-આરાધના જે તમે કરી છે, તે બધાનું ફળ તમને ત્યાં મળશે.” મનુષ્યોના આત્યંતિક કલ્યાણ માટે માનવરૂપે પ્રકટ થતા શ્રીકૃષ્ણ (શ્રીરણછોડજી) ભગવાન સ્વયં આટલું બોલ્યા અને શ્રીવલ્લભરામ દેખે તે રીતેજ તુરંત અદશ્ય થઈ ગયા. શ્રી રણછોડજીની આવી આજ્ઞા થવાથી ભક્તશ્રેષ્ઠ વિપ્ર શ્રીવલ્લભરામ તેમણે પગે લાગ્યા અને પછી શ્રીહરિના દર્શન કરવા વડતાલ આવ્યા.

વલ્લભરામ વિપ્રને પણ વડતાલમાં વિશાળ સભામાં અનેક ભક્તોથી ઘેરાયેલા અને સિંહાસન જેવી પાટ ઉપર વિરાજેલા શ્રીહરિના દર્શન થયા. પૂર્વના પુણ્યથી શોભતા અને સદ્‌બુદ્ધિમાન તે હરિ દર્શનાર્થી બ્રાહ્મણના જે મનોરથ હતા તે બધા ત્યાં પૂર્ણ થયા. શ્રીહરિ એ જે

ઉત્મત્તગંગામાં વારંવાર સ્નાન કર્યું હતું તે ગંગાજળમાં સ્નાન કરવાની ઈચ્છા શ્રી વલ્લભરામને થઈ. પછી જ્યારે શ્રીહરિ વડતાલથી ગઢપુર આવ્યા ત્યારે સવારે ઉન્મત્તગંગાના પ્રવાહે ન્હાવા ગયા. શૌચ ક્રિયા કરી દાતણ કરી અને શ્રીવલ્લભરામનું કાંડુ પકડીને ઘેલાના જળમાં પધાર્યા. સ્નાન કરી પછી શ્રીહરિએ હસતે મુખે સહુને સંબોધીને કહ્યું કે ‘‘આ વલ્લભરામ વિપ્રે મારી પ્રાપ્તિ માટે અનેક પ્રયત્નો કર્યા છે.’’ આ પૂર્વે કૃષ્ણાવતાર સમયે પ્રસિદ્ધ ‘‘ધૌમ્ય નામે’’ મુનિ હતા અને તેમને તે સમયે મારા દર્શન થયેલા પણ તેમને માયિક ભોગ્ય પદાર્થ ભોગવવાની વાસના હતી, તેમજ સત્સંગના અભાવથી માર સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પણ તેમને થયું ન હતું.

હે ભક્તો ! જ્યારે શ્રીકૃષ્ણનામે સર્વશક્તિમાન હું જ્યારે આ જગતમાંથી અંતધ્યાન થયો ત્યારે ચંદ્રના ધૌમ્ય મૂર્તિ અત્યંત દુઃખી થઈ ગયા. પ્રશ્ચાત્તાપ કરીને તે ધૌમ્ય ઋષિએ શરીર તજી દીધું હતું. તે પછી તે અત્યારે આ વલ્લભરામ નામે બ્રાહ્મણના રૂપમાં જન્મ્યા છે. મારી પાસે આવવાથી તેના બધાજ મનોરથ પૂર્ણ થયા છે. બીજા બધા જ તેના દોષ ટળી ગયા છે અને અત્યારે એકાંતિક ભક્ત બન્યા છે.

મહારાજે વલ્લભરામને કહ્યું તમારાપુત્રો અનુક્રમે ત્રણ આચાર્યની સેવા કરશે અને કાવ્ય કર્તા કવિ અને જિતેન્દ્રિય થશે. અને મારા ધામને પામશે.

## ઝુમખરામ અને મુગટરામ

વડતાલમાં સમૈયો થયો ત્યારે ગામથી ઉગમણી તરફ આંબલા હેઠે રાત્રિને સમે હજારો માણસની સભામાં મહારાજ ઊભા થઈને વાતો કરતા હતા તે વખતે વિસનગરના શેઠ ઝુમખરામ નિદ્રાયે કરીને ડોલાં મારતાં હતા તેને મહારાજે લાંબો હાથ કરી સોટી મારીને જાગ્રત કર્યા પછી સભા ઊઠી ગઈ ત્યારે ઝુમખરામે મહારાજનાં ચરણારવિંદ ઝાલીને પૂછ્યું ‘‘હે મહારાજ ! તમે મને સોટી કેમ મારી ?’’ ત્યારે મહારાજે કહ્યું ‘‘હિરણ્યકશિપુ પ્રહલાદને મારવાની તને આજ્ઞા કરતો ત્યારે તું પ્રહલાદને

ભક્ત જાણીને તેની રક્ષા કરતો તે પુન્યે કરીને તે દિવસથી તું ભક્ત થયો છો પણ તે વખતનાં તારામાં કાંઈક પાપ રહેલાં હતાં ને આજ મારી કાઢ્યાં'' ને મહારાજે તે દિવસે ઝુમખરામને સોટી મારી ત્યારથી તેને મહારાજની મૂર્તિ અખંડ દેખાવા માંડી તેથી તે મુંઝાણા ને મહારાજ પાસે આવીને રોવા માંડ્યો ત્યારે મહારાજે પૂછ્યું ''શા સારું રુવે છે ?'' ત્યારે તેણે કહ્યું, ''તમારી મૂર્તિ મને સર્વે ક્રિયામાં દેખાય છે તેથી હું વ્યાવહારિક ક્રિયા કેમ કરું ? ને મારાં માતા-પિતા વૃદ્ધ છે ને મારો ભાઈ પણ નાનો છે તે સર્વેનું પોષણ શી રીતે કરવું ?'' પછી મહારાજ કહે ''તુંને ઠીક ન પડ્યું ? આ હવે નહિ દેખાય'' ત્યારે તે કહે ''ના મહારાજ એમ તો નહિ પણ જ્યારે હું કલાક બે કલાક ધ્યાન કરું ત્યારે દેખાય'' પછી મહારાજ કહે, ''જાઓ ત્યારે દેખાશે'' પછી તે ઝુમખરામ પોતાના દેહ નિર્વાહને અર્થે પોતાના ઘરબાર સહિત દક્ષિણ દેશને વિષે ગયા ને ત્યાં પોતાનો નાનોભાઈ મુગટરામ માંદો થયો ત્યારે તેને શ્રીજી મહારાજે દર્શન દઈને કહ્યું જે ''આજથી દસમે દિવસે અર્ધ રાત્રિને સમે તને અમે તેડવા આવશું ને સાથે પચીસ પાર્ષદ લાવશું તે પાર્ષદ બંદૂકોના અવાજ કરશે ને તે સમે તારા પાસે જે હશે તેને અમારાં દર્શન થાશે'' તે વાત મુગટરામે ઝુમખરામને કહી ને કહ્યું જે ''આ ડોસા ડોશીને મારી પાસે આવવા દેશોમાં ને આવશે તો હું બચકું ભરીશ શા માટે તો રામાવતારને વખતે તે બેય ક્ષત્રિય હતાં ને હું ઋષિ હતો ને વનમાં રહેતો ત્યાં ભરતજી રામચંદ્રજીને મળવા આવ્યા ત્યારે તે બેય તેની સાથે હતાં ને તેણે મારી પર્ણકુટી બાળી હતી તે વખતથી મારે એની ઉપર વૈર છે તેથી વખતોવખત તેને ત્યાં હું જન્મ લઉં છું પણ વૈર વાળવાનો વખત મળતો નથી પણ આ વખતે તો મહારાજ તેડી જાશે તેથી ફરી જન્મવું નહિ પડે'' પછી ઝુમખરામે ડોસા ડોસીને મુગટરામ પાસે જવાની ના પાડી તો પણ મા-બાપને હેત તે રહેવાયું નહિ ને મુગટરામને બહુ દુઃખ થાવા માંડ્યું ને ઉકાંટા કરવા માંડ્યો ત્યારે તે બેય તેની પાસે ગયા ને પૂછ્યું ''કેમ મુગટરામ બહુ દુઃખ થાય છે કે ?'' એમ કહ્યું ત્યાં તો ઉછળીને તેણે બચકું ભર્યું ત્યારે તેમણે રાડ્ય પાડી એટલે ઝુમખરામ દુકાનેથી દોડી આવ્યા

ને કહ્યું, ''આ શું કર્યું મુગટરામ ?'' ત્યારે તે કહે હવે વૈર મટી ગયું'' તે પછી દસમે દિવસે અરધી રાત્રિયે મુગટરામને મહારાજ તેડી ગયા તે સમે જે ત્યાં હતાં તે સર્વેને મહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયાં ને પાર્ષદોએ બંદૂકોના અવાજ કર્યા તે સર્વેએ પ્રત્યક્ષ સાંભળ્યાં પછી મુગટરામ તે જ દિવસે દિવ્ય દેહે કરીને પોતાની બેન દસ ગાઉ ઉપર રહેતી હતી ત્યાં ગયા ને કહ્યું ''હું વડતાલ મહારાજને દર્શને જાઉં છું તે તમારે આવવું હોય તો ચાલો'' ત્યારે તેણે કહ્યું, ''અમારે તો નિવૃત્તિ નથી પણ તમારી ભાણેજને લઈ જાઓ'' પછી તે છોડી બજારમાં રમતી હતી ત્યાંથી તેને લઈને વડતાલ તેડી ગયા પછી મહારાજનાં દર્શન કર્યાં ત્યાં મહારાજે હજારી ફૂલનો હાર આપ્યો ને મંદિર ઉપર લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરવા ગયાં ત્યાં બ્રહ્મચારીએ પતાસાં આપ્યાં તે બધું મુગટરામે તે છોડીને આપ્યું ને તેને પોતાની બેનના ઘરના મેડા ઉપર મુકીને પોતે અદશ્ય થઈ ગયા પછી તે છોડીને તેની માયે મેડા ઉપર બેઠેલી દીઠી ત્યારે તેની માયે પૂછ્યું જે ''તું તો મામા ભેળી વડતાલ ગઈ હતી તે આહી ક્યાંથી ?'' ત્યારે તો છોડી બોલી જે ''હા હું મામા ભેગી વડતાલ જઈ આવી જુઓ આ રહ્યો હાર ને આ પ્રસાદીનાં પતાસાં'' ત્યારે તે જોઈને સર્વે આશ્ચર્ય પામી ગયાં તે પછી ત્રીજે દિવસે તેને મુગટરામે દેહ મુક્યાના સમાચાર મળ્યા.

**● વડનગરના ઝુમખરામે મહારાજને કોઠું જમાડ્યું.**

ગામ વડનગરના ઝુમખરામ કરીને વણિક હતા. તે શ્રીજીમહારાજના દર્શને આવ્યા હતા અને પોતે વહેવારે બહુ દુર્બળ હતા. તેથી મહારાજ પાસે ભેટ મૂકવા કાંઈ નહોતું. પછી તે ગોમતીજીએ નાહ્વા માટે ગયા. અને ત્યાંથી મોટું પાકેલ કોઠું હતું તે પોતાને હાથ આવ્યું. તે ગોમતીજીમાં ધોઈને શ્રીજીમહારાજ પાસે મેલ્યું. પછી ઉત્તમાનંદસ્વામીએ તેને ભાંગીને તેમાં ગોળ અને મીઠું, જીરૂં નાખીને મહારાજને જમાડ્યું. પછી અરધું ઝુમખરામને પાછુ આપ્યું, એટલે પ્રસાદી લેવા સારું સાધુ દોડી આવીને લેવા મંડ્યા. એટલે મહારાજ કહે, "તારે મોઢે અડાડી દે, નીકર સાધુ તારી પાસે રહેવા દેશે નહીં." પછી તેણે મોઢે અડાડી દીધું.

એટલે સાધુ સર્વે સભામાં બેસી ગયા. મહારાજ કહે, “વણિયો ખરો, છેતરાયો નહીં !”

## વિશ્વકર્મા નારાયજી સુથાર થઈ અવતર્યા

વિશ્વકર્માને વાસ્તુશાસ્ત્ર તેમજ માનવજીવન ઉપયોગી વિજ્ઞાનના પ્રણેતા માનવામાં આવે છે. વિશ્વકર્મા પુરાણનું પઠન, પાઠન પણ પુણ્યકારક મનાય છે. વિશ્વકર્મા વૈદિક દેવતાના રૂપમાં માન્ય છે, પરંતુ તેમનું પૌરાણિક સ્વરૂપ અલગ પ્રતીત થાય છે. સૃષ્ટિના પ્રારંભ કાળથી જ વિશ્વકર્મા તરફ સન્માનનો ભાવ રહ્યો છે. તેમને ગૃહસ્થ જેવી સંસ્થાઓ માટે આવશ્યક સુવિધાઓના કારક અને પ્રવર્તક માનવામાં આવે છે. વિશ્વકર્માને સૃષ્ટિના પ્રથમ પ્રવર્તક માનવામાં આવે છે.

વાસ્તુના અઢાર ઉપદેશકોમાંથી વિશ્વકર્માને પ્રમુખ માનવામાં આવે છે. ઉત્તરમાં જ નહીં દક્ષિણ ભારતમાં પણ જ્યાં ‘મય’ના ગ્રંથોને સ્વીકૃત કરવામાં આવે છે. વિશ્વકર્માના મતમાં સહજ લોકમાન્યતા પ્રાપ્ત થાય છે. વરાહમિહિરે પણ કેટલીક જગ્યાએ તેમના મતોનો ઉલ્લેખ કર્યો છે.

વિષ્ણુપુરાણના પહેલા અંશમાં વિશ્વકર્માને દેવતાઓના શિલ્પકાર માનવામાં આવે છે તથા શિલ્પાવતારના રૂપમાં યોગ્ય સન્માન આપવામાં આવ્યું છે. આવી માન્યતા અનેક પુરાણોમાં પણ જોવામાં આવે છે. જ્યારે શિલ્પગ્રંથોમાં તેમને સૃષ્ટિકર્તા માનવામાં આવ્યા છે. સ્કંદપુરાણમાં તેમને દેવભવનોના નિર્માતા કહ્યા છે. વિશ્વકર્મા શિલ્પકળામાં એટલા નિપુણ હતા કે, તેઓ જળ ઉપર માર્ગનું નિર્માણ કરી શકે છે. સૂર્યની માનવજીવનને નુકસાન કરતી જવાળાઓનો સંહાર પણ વિશ્વકર્માએ કર્યો હતો. રાજવલ્લભના વાસ્તુશાસ્ત્રમાં આ વાતનો ઉલ્લેખ જોવા મળે છે. આ ઉલ્લેખ અન્ય ગ્રંથોમાં પણ જોવા મળે છે. વિશ્વકર્મા કંબાસૂત્ર, જલપાત્ર, પુસ્તક અને જ્ઞાનસૂત્ર ધારણ કરે છે. હંસ ઉપર બિરાજમાન સર્વસૃષ્ટિના ધરતા, શુભ મુકુટ તથા વૃદ્ધકાય જોવામાં આવે છે.

વિશ્વના સૌથી પ્રથમ શિલ્પગ્રંથો વિશ્વકર્મીય ગ્રંથો માનવામાં આવે છે. વિશ્વકર્માના ગ્રંથો સૌથી જૂના માનવામાં આવે છે. જેમાં કેવળ

વાસ્તુશાસ્ત્ર જ નહીં પરંતુ રથ બનાવવા, રત્નોની જાણકારી, રત્નોનો ઉપયોગ વગેરે આપવામાં આવ્યું છે. 'વિશ્વકર્મા પ્રકાશ' જેને વાસ્તુતંત્ર પણ કહેવામાં આવે છે. આ વિશ્વકર્માના મતોનો જીવંત ગ્રંથ છે. ૐ વિશ્વકર્મણે સુત્રવિદ્યાધારિણે વેદાય નમઃ । આ મંત્ર વિશ્વકર્માજીની પૂજા માટે ઉપયોગ થાય છે.

**● વિશ્વકર્માજી પારણીયુ લાવ્યા**

એક સમે ઘનશ્યામ મહારાજ માટે દેવલોકમાંથી વિશ્વકર્મા પારણું લઈને ધર્મદેવને ઘેર આવ્યા. તે પારણું સાવ સોનાનું હતું ને તેમાં દેવતાઓનાં, મનુષ્યોનાં તથા નાગનાં સ્વરૂપ કોતર્યા હતાં તથા ચિત્ર-વિચિત્ર પુષ્પવાળાં વૃક્ષો તથા વેલીઓ અને મેરુ વગેરે પર્વતો ચીતર્યા હતા, તથા સાગર અને સરિતાઓ ચીતર્યા હતા, અને હંસ, પોપટ પણ સજીવન જેવા બનાવ્યા હતા. તે જોઈને માણસોને એમ થતું જે આ પારણું બનાવનાર નક્કી વિશ્વકર્મા છે. વળી તે પારણાના મોરવાયા પણ જાણે ઉત્તર દક્ષિણના બે ધ્રુવ હોય તેવા શોભે ને વચલી દાંડી પણ જાણે શિંશુમાર ચક્રની ધરી હોય તેવી શોભે છે ને તેમાં મોટા હીરા જડેલા છે તે જાણે સૂર્ય, ચંદ્ર વગેરે ગ્રહો હોય તેવા દેખાય છે ને અગણિત નાના હીરા જડેલા તે સર્વે તારાનાં વૃંદ હોય તેમ શોભે છે. તે પારણાને હીરની દોરી બાંધેલી હતી અને પારણાને ઊંચે નીચે ચારે પાસ મણિઓ તથા માણેક જડેલાં હતાં. તે પારણું વિશ્વકર્માએ ઘનશ્યામ મહારાજને ભેટ કર્યું. તેમાં ભક્તિમાતાએ ઘનશ્યામ મહારાજને પોઢાડ્યા. એક વખત સુવાસનીબાઈ પારણામાંથી ઘનશ્યામ મહારાજને તેડવા ગયાં. ત્યાં તો પારણામાં આશ્ચર્ય દેખાણું જે ઘણા હીરામાં ઘનશ્યામ મહારાજનાં પ્રતિબિંબ પડ્યાં, તેથી સુવાસની બાઈએ અનંત ઘનશ્યામ મહારાજનાં પ્રતિબિંબ પડ્યાં, તેથી સુવાસની બાઈએ અનંત સ્વરૂપ દીઠાં એટલે સંભ્રમ થયો કે આમાંથી ક્રિયા બાળકને તેડવું ? પછી પોતાની બુદ્ધિની ચતુરાઈથી જમણે ગાલે ટીબકડી છે એમ ધારીને ડાબે ગાલે ટીબકડી હતી તેમને પ્રતિબિંબ જાણીને સત્ય સ્વરૂપને જાણીને તેડી લીધા ને અતિશય પ્રેમથી રમાડવા લાગ્યાં. તે સુવાસની બાઈની ચતુરાઈ જોઈને આશ્ચર્ય પામી બીજી બાઈઓ

બોલવા લાગી જે 'ધન્ય છે બાઈ તારી ચતુરાઈને, અમે તો સર્વે ભ્રમાઈ ગઈ હતી જે આમાંથી ક્રિયા બાળકને તેડશે ? પણ તમે તો ઘનશ્યામ મહારાજને બરોબર ઓળખી લીધા'' એમ કહીને સરવે સુવાસની બાઈનાં વખાણ કરવા લાગીયું. એ પારણામાં મહારાજને હંમેશાં ભક્તિમાતા તથા સુવાસનીબાઈ ઝુલાવતાં. તે પારણું ધર્મદેવે જ્યારે જોયું ત્યારે તો બહુ આશ્ચર્ય પામી ગયા ને વિશ્વકર્માને કહે ''આ પારણું આવું સુંદર કરી લાવ્યા તેનું મારે તમને શું ઈનામ આપવું ?'' ત્યારે તે સાંભળીને પારણામાંથી ઘનશ્યામ મહારાજ બોલ્યા જે ''હે પિતા ! હું એને અક્ષરધામરૂપ ઈનામ આપીશ'' એમ કહીને પછી વિશ્વકર્માને મહારાજે કહ્યું જે ''તમે કચ્છ દેશને વિષે સુતારના કુળમાં જન્મ ધરશો ને નારાયણજી એવું તમારું નામ રહેશે ને અમારો મેળાપ તમને ગઢપુરમાં થાશે'' પછી વિશ્વકર્મા પ્રણામ કરીને અદશ્ય થઈ ગયા.

## સોમફઈના સાત જન્મની વાત

એક વખત મહારાજ (સં. ૧૮૭૨) ભાદરવા સુદી દગડા ચોથ (તા. ૮-૯-૧૮૧૫, શુક્રવાર)ને દિવસે રાત્રિએ અક્ષરઓરડીમાં સૂતા હતા. તે વખત સોમાબાઈના ઓરડા ઉપર ડોસીઓએ પથરા નાંખ્યા. પછી સોમાબાઈ ધખ્યાં. પછી સોમાબાઈના ઉપર કૃપાને લીધે મહારાજ સોમાબાઈને ધખ્યા. ને કહે જે, ''એમને કહો જે અમને શા સારું ધખવ્યા ?'' એમ કહી મહારાજ ગુજરાત જવા તૈયાર થયા. પછી ઉત્તમરાજાએ મહારાજને સ્તુતિ કરી એમ ઠેરાવ્યું કે, 'આજ રાત ગામમાં રહેવું.' પછી તે વખતે હરજી ઠક્કર ત્યાં હતા, તેમણે મહારાજને સ્તુતિ કરી કે, 'મારે ઘરે પધારો.'

પછી તેમને ઘરે મહારાજ પધાર્યા અને તેમના દક્ષણાદા બારનાં ખોરડાં ડેલાના થડમાં છે, તેમાં ઢોલિયો ઢળાવી વિરાજમાન થયા. તે વખત સુમાબાઈ પંડે મહારાજને મનાવવા સારું ત્યાં આવ્યા. પછી મહારાજને કહે જે, ''ચાલો દરબારમાં.'' પછી મહારાજે ના પાડી એટલે તેમને સમાધિ થઈ ને તેણે દેહપાત કરવા વિચાર ધાર્યો. તે વખતે મહારાજે

ગદ્‌ગદ્‌ કંઠે થઈ સોમાબાઈ ફુઈના બે હાથ ઝાલી, તેની આંખો સામી આંખો રાખી હાકલ મારી. અને તે વખતે મહારાજ અકળાઈ મનુષ્ય દેહની આકૃતિ ભૂલી જઈ દિવ્ય દેહરૂપે જણાણા. તે વખત સુમાબાઈ પણ મહાચંડી રૂપે હાથ જોડી મહારાજ સામાં ઊભાં રહ્યાં, એવું જોવામાં આવ્યું ને પછી મહારાજ સામું હાથ જોડી ઊભાં રહ્યાં ને નેત્રે આંસુની ધારા થઈ.

તે પછી એમ બોલ્યાં કે, ''હે મહારાજ ! મેં સાત અવતાર તો તમારા વાસ્તે લીધા છે. પ્રથમના અવતારમાં હું ઈશ્વરી હતી અને બીજા અવતારમાં હું મંદેશ્વરી હતી, ત્રીજા અવતારમાં સાધ્વી એવું મારું નામ હતું ને ચોથા અવતારમાં ચંડી એવું નામ હતું, પાંચમાં અવતારમાં પરમેશ્વરી એવું નામ હતું, છઠ્ઠી અવતારમાં હું નંદજીને ત્યાં અવતાર લઈ કંસના હાથથી વછૂટી જઈ અનેક નામે કહેવાણી અને અંબિકા પણ કહેવાણી અને આ સાતમાં અવતારમાં અભયરાજાની બહેન સોમા એવું મારું નામ છે. માટે તમો અહીંયાથી જાઓ તો મારો દેહપાત થઈ જશે. માટે હું કાંઈ બાપડી બગલી નથી જે મને અહીં મૂકી તમો વડતાલ જાઓ.''

પછી મહારાજે કહ્યું જે, ''અમે એક ઘડી અલગ નથી. તમે અને તમારા ભાઈને તમારા ભત્રીજા તથા તમારી ભત્રીજીઓ, તે સારું અમારો અવતાર થયેલો છે અને અમે તમને પ્રસન્ન કરવાને સારું અવતાર લીધો છે; પણ તમને ડોશીઓ કનરડે છે એટલે અમે અહીં આવ્યા છીએ. ને હરજી ઠક્કરને ત્યાં રહેશું તે તમારા કારભારી છે.'' એમ કહી મહારાજ મશ્કરીની રીતે કહે જે, ''હરજી ઠક્કરના ઘરનાને અમે કોલ આપ્યો છે. તે કહે તો અમારાથી અવાય.'' ત્યારે સુમાબાઈ કહે જે, ''હાથી તો દરબારમાં શોભે. આ અવતારે તો જે દેહ છે, તે તમારા અરથમાં કામ આવ્યો છે અને આ સાતમો અવતાર ભક્તિ કરી તમારા ચરણારવિંદમાં રે'વા સારું લીધો છે. તે પાર પડે તેમ નથી. તમે નહીં આવો તો આ દેહ રાખવો નથી.''

# મુનિ ઋષિ

એકવાર મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ વિરાજમાન થયા. તે દિવસે રાજબાઈની મા સોણબાઈની રસોઈ હતી. પછી દિવસ આથમ્યા પછી સાકરનું ચૂરમું પોતાને હાથે પીરસી સર્વ પરમહંસને જમાડ્યા. ને પછી એ આથમણા બારના ઓરડાની વાંસે લીમડાની પાસે રાજબાઈની ઓરડી હતી, ત્યાં પધાર્યા. ને રાજબાઈએ થાળ કરાવ્યો હતો તે જમ્યા.

ને પછી એ લીમડા હેઠ ઢોલીયે ઢાળી વિરાજમાન થયા. ને બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, જ્ઞાનાનંદ સ્વામી, મોટા યોગાનંદ સ્વામી, વિજ્ઞાનાનંદ સ્વામી, આધારાનંદા સ્વામી, પ્રેમસખી વગેરે પાસે સરોદા, સતાર, તાલ, દોકડ બજાવી ગાવણું કરાવ્યું.

તે વખત અરધી રાત થઈ, ત્યાં લીમડામાંથી મંદ, સુગંધ ને શીતળ એવી વાસ આવવા માંડી અને ગાવણાથી પણ ઘણો મધુર સ્વરનો શબ્દ થવા લાગ્યો, એટલે ગાવણું બંધ કર્યું અને જીવા ખાચર, સ્વરનો શબ્દ થવા લાગ્યો, એટલે ગાવણું બંધ કર્યું. અને જીવા ખાચર, મૂળુ ખાચર વગેરે વિસ્મય પામ્યા. તે વખતે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, ''હે મહારાજ ! આ લીંબડામાંથી શેનો સ્વર થાય છે ?''

પછી મહારાજ બોલ્યા કે, ''પૂર્વ જન્મે 'મુનિ' એવે નામે કરીને એક ઋષિ હતો. તેણે જાંજળી ઋષિની આજ્ઞા ન પાળી, તેથી એને શાપ થયો કે 'તું વૃક્ષ જેવો છો, માટે વૃક્ષ થાય.' તેથી એને વૃક્ષનો દેહ આવ્યો છે. પછી એણે જાંજળી ઋષિને ઘણી વિનંતી કરી. તેથી તેણે એમ કહ્યું કે, 'તારા હેઠ ભગવાન બેસશે, તેથી તારો ઉદ્ધાર થાશે ને મોક્ષ થાશે. માટે હવે આ લીંબડો સુકાઈ જશે.'' પછી જીવા ખાચર બોલ્યા જે, ''હે મહારાજ ! આ લિંબડો સુકાશે ત્યારે મારે ઘણી અડચણ આવશે.''

પછી મહારાજ કહે જે, ''આ મુનિ તો આ લીબડામાંથી ચતુર્ભૂજ થઈ ભગવદ્ધામને પામ્યો અને તમારે આ લિંબડો એવો ને એવો લીલો રાખવો હોય તો તેમાં બીજો જીવ પ્રવેશ કરશે, પણ એક વખત તો તમામ

સુકાઈ જશે અને આજથી આનું નામ 'મુનિ' એવું પાડજો.'' પછી તે દસ દિવસની અંદર સુકાઈ ગયો. અને (પછી મહારાજે બીજા જીવને પ્રવેશ કરાવ્યો તેથી તે) પાછો દસ દિવસની અંદર લીલો થયો. અને તે વખતે મહારાજ ત્રણ મહિના સુધી લાગઠ ત્યાં રહ્યા હતા. અને ઉગમણા બારના અને આથમણા બારના ઓરડામાં પરમહંસ રહેતા. મહારાજને ત્રણ માસ સુધી થાળ કરી જમાડ્યા હતા. એવી આ પ્રસાદીની જગ્યા છે.

## ઋષિઓ ઉમરેઠમાં બ્રાહ્મણરૂપે અવતર્યા

એક વાર શ્રીજીમહારાજ ગામ ઉમરેઠમાં જાગનાથ મહાદેવનાં દર્શન કરીને પછી મંદિર સામો એક ઓટો હતો તે ઉપર બેશીને પાંચસો પરમહંસોની સભામાં ઉપદેશની વાતો કરતા હતા તે વખતે ત્યાં કેટલાક ખેડાવાળ બ્રાહ્મણ આવ્યા ને તેમણે કહ્યું કે ''હે સ્વામિનારાયણ ! આગળના વખતમાં શંકરાચાર્યે પાડાને પૂછડે વેદ બોલાવ્યા હતા તેમ તમે ભગવાન કહેવાઓ છો તે અમને કાંઈક તેવો પરચો આપો'' ત્યારે મહારાજ કહે ''પાડાનું પૂછડું અપવિત્ર કહેવાય ને વેદ તો નારાયણ રૂપ છે માટે ત્યાં બોલાવવા કેમ સંભવે ? પણ જુઓ આ સામો મલબારી પાટડો વીશ હાથ જેવડો લાંબો છે તે કહોતો આ ઠેબું બોલે ને કહો તો ઓ ઠેબું બોલે'' ત્યારે બ્રાહ્મણો બોલ્યા કે ''અરે એ પાટડો તે કાંઈ વેદ જાણતો હશે ?'' ત્યારે મહારાજ કહે ''તમે કહો તો તે પાસે બોલાવીએ'' પછી હરિશંકર નામે વસો ગામનો એક મુંગો બ્રાહ્મણ હતો તેને બોલાવીને કહ્યું ''આની પાસે વેદ બોલાવો'' પછી મહારાજે કહ્યું ''એ કાંઈ ભણેલો છે ?'' ત્યારે બ્રાહ્મણો કહે ''એ તો કાળા અક્ષરને કુહાડે મારે એવો છે ને મુંગો છે ને કાંઈ ભણ્યો નથી'' પછી મહારાજે તેને કહ્યું ''રામ તળાવમાં નાહીને આવે.'' ત્યારે તે નાહીને આવ્યો પછી મહારાજે તે સામી દૃષ્ટિ કરી એટલે તુરત તે બ્રાહ્મણ વેદ બોલવા લાગ્યો ને ચારે વેદ સ્વરે સહિત વારા ફરતી બોલી ગયો તે સાંભળીને સર્વે બ્રાહ્મણો આશ્ચર્ય પામ્યા. પછી મહારાજ તે ગામમાં

પધાર્યા ને છગન નામે ખેડાવાળ બ્રાહ્મણને ઘેર બિરાજમાન થયા ત્યાં ગામના સર્વે બ્રાહ્મણો મહારાજ પાસે વર્તમાન લેવા આવ્યા ને બહુ ભીડ થઈ ત્યારે મહારાજે ઘડામાંથી પાણી લઈને સર્વે બ્રાહ્મણો ઉપર છાંટ્યું ને કહ્યું ''તમો સર્વે પૂર્વના ઋષિ છો દુર્વાસાના શ્રાપથી અંહી અવતર્યા છો. માટે આ જળના છાંટા જેને અડે તેમણે વર્તમાન ધરાવ્યાં એમ માની લેજો'' ત્યારે બ્રાહ્મણો રાજી થયા ને સહુ વર્તમાન લઈને ઘેર ગયા.

## મૂળજી લુવાણો

મૂળજીત પૂર્વ જન્મમાં વિષ્ણુશર્મા નામે બ્રાહ્મણ હતો. વેદમાં કહેલા પોતાના ધર્મમાં દૃઢ નિષ્ઠાવાળો હતો. તપ, શમ, દમ, ત્યાગ, શ્રદ્ધા, સ્વાધ્યાય, સંયમ, શીલ, વિનય, આસ્તિકતા આદિ ગુણોથી યુક્ત. આદરપૂર્વક નારાયણ ભગવાનને વિષે હંમેશા પરાભક્તિ કરતા વિષ્ણુ શર્મા, સર્વ જીવના હિત કરનારા સત્પુરુષોનો પ્રસંગ કરતા હતા.

મહાન પુરુષોના સમાગમની અતિ તૃષ્ણાવાળા ઉત્તમ બ્રાહ્મણ વિષ્ણુ શર્મા એક સમયે, પૃથ્વી ઉપર ફરતા ફરતા અંગીરા મુનિના શુભ આશ્રમમાં આવ્યા. (અંગિરા મુનિ પરમ ભાગવત ભક્ત હતા. તેમજ ભગવાનનું જ્ઞાન આપવામાં પણ કુશળ હતા. ભાગવતના છઠ્ઠા સ્કંધમાં ચિત્ર કેતુને જ્ઞાન આપેલ) પછી વિષ્ણુશર્મા, સર્વોત્કૃષ્ટ તપસ્વી મહર્ષિ અંગિરા મુનિને હોમ કરતા જોઈને, તેમને નમન કર્યા સિવાય તેમની સમીપમાં લગારેક દૂર બેઠા. તેથી અંગિરા મુનિએ પોતાનું અપમાન થયું છે તેમ માની, ક્રોધાવિષ્ટ થઈને, મુમુક્ષુ વિષ્ણુ શર્માને તત્કાળ આ પ્રમાણે શાપ આપ્યો.

હે વિષ્ણુશર્મા ! સત્કુળમાં જન્મ તથા સર્વ વિદ્યાઓના અધ્યયનના મદથી તું ઉદ્ધત થયો છું. તેથી મારું અપમાન કરનાર તમે વૈશ્ય યોનિમાં જન્મ પામીને ઘણું દુઃખ ભોગવો.

વિષ્ણુશર્મા આ પ્રકારે વજ્રપાત સમાન તેમની વાણી સાંભળીને, તેમને આપેલા શાપનું ફળ જન્માંતરમાં છે. એમ માનીને, અંગિરા મુનિને

નમસ્કાર કરીને કહેવા લાગ્યા.

હે મુને ! હોમ કરનારને વંદનનો નિષેધ છે. તેથી તમોને મેં નમસ્કાર કર્યા નથી. માટે તમારે ક્ષમા જ આપવી જોઈએ. स्मृत्यन्तरे ''समित् ... जपं होमं प्रकुर्वाणं नाभिवन्देत वै द्विजम्'' એવું શાસ્ત્ર વિધાન છે.

ન્યાય યુક્ત અને મનોહર વચનોથી વિષ્ણુ શર્માએ પ્રાર્થના કરવાથી અંગિરા મુનિનો ક્રોધ શાંત થયો. અંગિરા મુનિ પોતાનું અપમાન થયું છે તેવી ભ્રાંતિનો ત્યાગ કરીને વિષ્ણુશર્મા બ્રાહ્મણ ઉપર અનુગ્રહ કરીને વિષ્ણુ શર્માને આ પ્રમાણે વચન કહેવા લાગ્યા.

હે વિષ્ણુ શર્મા ! મારો શાપ નિવારણ થઈ શકે તેવો નથી. માટે તમો પૃથ્વીમાં જન્મ પામશો તો પણ તમારે તે જન્મમાં અવતારી શ્રીહરિની પ્રાપ્તિ થશે. તમો તે અવતારી ભગવાનની કૃપાથી સમાધિ પામીને ઘણી શાંતિ પામશો. દેહના અંતમાં અવતારી ભગવાનના પરમ ધામને પામશો.

વિષ્ણુશર્મા અંગિરા મુનિનું આ પ્રકારનું વચન સાંભળીને તેમના પ્રત્યે હર્ષથી આ પ્રમાણે વચન બોલ્યા. હે મુને ! સર્વ જીવના એક સુહૃદ. તમારે વિષે વિકાર છે જ નહિ. તો પણ મારા પૂર્વજન્મના પાપરૂપ કર્મથી જ મને શાપ થયો છે. તમારો શાપ પણ મારા ઉપર અનુગ્રહ રૂપ જ છે. તેથી મારું સર્વોત્તમ શ્રેય થશે.

તપોનિધિ અંગિરામુનિ વિષ્ણુશર્માનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયા, પછી વિષ્ણુશર્મા અંગિરા મુનિને નમસ્કાર કરીને પોતાના સ્થાન પ્રત્યે ગયા. વિષ્ણુશર્મા સામો શાપ આપવા સમર્થ હોવા છતાં પણ અંગિરા મુનિને શાપ આપ્યો નહિ, કારણ કે તેઓ અત્યંત ક્ષમાવાળા, ધીર અને નિર્માની હતા. વિષ્ણુશર્મા બીજા જન્મે સોરઠ પ્રદેશોમાં માળિયાની બાજુમાં શેરગઢના વૈશ્ય કુળમાં જન્મ લઈને મૂલજી લુહાણ નામથી પ્રસિદ્ધ થયા.

### ● શેરગઢનો મૂળજી લુહાણો

શેરગઢનો મૂળજી નાનપણથી જ ભારે તોફાની અને મસ્તીખોર હતો. ભગવાને એને બુદ્ધિ અને શક્તિ બંને આપ્યા હતા, પણ કુસંગને લીધે મૂળજી ખોટા માર્ગે ચડ્યો અને સમય જતાં મોટો ધાડપાડું બન્યો.

તેણે ધાડપાડુઓની આગવી ટોળી ઊભી કરી હતી. એ પંખી મારતો, લોકોને લૂંટતો અને આડા આવે એને કાચાં ચીભડાંની જેમ કાપી નાખતો. સોરઠમાં મૂળજીની ભારે ધાક હતી. રાજ્યના અમલદારો પણ એનાથી બીતા હતા. લૂંટફાટ ચલાવીને મૂળજી ગીરમાં સંતાઈ જતો.

શેરગઢને સીમાડે એક વાર યોગાનુયોગ એને ભગવાન શ્રી સ્વામિનારાયણનો ભેટો થયો અને તેના જીવનમાં કલ્પી ન શકાય એવું પરિવર્તન આવ્યું. એક બાજુથી ભગવાન શ્રી સ્વામિનારાયણ થોડા પાર્ષદો સાથે આવી રહ્યા હતા, બીજી બાજુથી પોતાના સાથીદારો સાથે મૂળજી આવી રહ્યો હતો. મહારાજ થોડા નજીક આવ્યા એટલે મૂળજીએ પોતાના સાથીદારોને પૂછ્યું, ''આ સામેથી કોણ આવે છે ?'' એક જણો બોલ્યો, ''આ તો સ્વામિનારાયણ લાગે છે. ભારે જાદુગરા છે. એની નજર ભલભલાને વશ કરી લ્યે છે !'' થોડી વારમાં તો મૂળજી અને મહારાજ સામસામે આવી ગયા. મૂળજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણની ખ્યાતિ ખૂબ સાંભળી હતી, પણ નજરે જોયા ન હતા. આજ ક્યાં એની નજર મહારાજની નજર સામે મળી, ત્યાં ગજબનું આશ્ચર્ય સર્જાયું. લોહચુંબકથી લોખંડ ખેંચાય એમ એ ઘોડેથી નીચે ઊતરી ગયો અને જાણ્યે-અજાણ્યે એનાથી હાથ જોડાઈ ગયા. મહારાજે પણ મંદ મંદ હસી હાથ ઊંચો કરી આશિષ દીધા અને વેધક નજરે મૂળજીની સામે જોયું. મહારાજની નજરનું તેજ ધાડપાડુની નજર ઝીલી શકી નહિ. એણે નેણ નીચા ઢાળી દીધાં.

ધીર-ગંભીર સ્વરે મહારાજ બોલ્યા, ''મૂળજી ! મનુષ્યદેહ ચિંતામણિ સમાન છે, એને કાંકરાની જેમ ફેંકી ન દેવાય. પાશેર પેટનો ખાડો પૂરવા પાપ ન કરાય ! આવાં કાળાં કામ ક્યાં સુધી કરીશ. મૂળજી ! સારાં-નરસાં કર્મોનો દંડ ધર્મરાજ અવશ્ય આપે છે, યમયાતના સારી નથી હોતી !'' કુશળ શિલ્પી ટાંકણે ટાંકણે મૂર્તિ કંડારે એમ ભગવાન શ્રી સ્વામિનારાયણ વેણે વેણે મૂળજીનાં જીવનશિલ્પને કંડારી રહ્યાં હતાં. મૂળજી યોગભ્રષ્ટ જીવ હતો. અંગારા ઉપર રાખ વળે, એમ એના આંતરિક સૌંદર્ય ઉપર આસુરી ભાવની રાખ વળી ગઈ હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના શબ્દોની ભૈરવીથી એનો આત્મા જાગી રહ્યો હતો. ભીતર વિચારોનું દ્વન્દ્વ જામ્યું. જમપુરીની વાત સાંભળી એની બુદ્ધિએ બળવો પોકાર્યો, 'નહિ નહિ, સ્વામિનારાયણ કહે છે તે સાચું નથી, પાપથી ડરે એ મૂળજી નહિ, આ બધું તો ભોળા લોકોને ભરમાવાની યુક્તિ છે.' એણે કહ્યું, ''સ્વામિનારાયણ ! પાપની બીક ના બતાવશો. આવી વાતોથી ભોળા લોકો ભરમાય, મૂળજી નહિ.''

ભગવાન શ્રી સ્વામિનારાયણે વિચાર્યું, 'જાડું કપડું મેલું થાય તો એ ધોકા સિવાય ધોવાતું નથી. આ ધાડપાડુના જીવનમાં પાપના થર જામ્યા છે, તે ખાલી શબ્દોના સાબુથી નહિ ધોવાય.' ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના અમોઘ સમાધિ ઐશ્વર્યનો ઉપયોગ કર્યો. મૂળજીનાં નાડી-પ્રાણ ખેંચાઈ ગયાં. મૂળજી મડદાં જેવો થઈ ધરણી ઉપર ઢળી પડ્યો. મૂળજીના સાગરીતોને થયું, 'નક્કી સ્વામિનારાયણે મૂળજી ઉપર કંઈક જાદુ કર્યો છે,' તેઓ ભીતરથી ભયભીત થઈ આગાપાછા થવા માંડ્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, ''ડરશો નહિ ! મૂળજી હમણાં જ બેઠો થશે.''

આ બાજુ મૂળજીએ યમપુરીમાં જાતજાતની યમયાતના ભોગવતા જીવોને જોયા અને થરથર કંપવા લાગ્યો. એટલામાં તો મૂળજીએ જે જે પાપ કર્યાં હતાં, એ પ્રગટ થયાં. એણે જેને જેને માર્યા હતા, તે જીવાત્માઓ વિકરાળ બિહામણાં રૂપ ધરી તેને મારવા માંડ્યાં. મૂળજી વેદનાભરી ચીસો પાડવા લાગ્યો અને છૂટવા માટે ફાંફાં મારવા લાગ્યો, પણ એની કારી ફાવી નહિ. મૂળજીના શરીરને પરસેવે રેબઝેબ અને તરફડતું જોઈને બધા આશ્ચર્ય અનુભવી રહ્યા હતા. શું થઈ રહ્યું છે ? એની કોઈને ખબર પડતી ન હતી. માત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણ મંદ મંદ હસતાં હસતાં ચત્તાપાટ પડેલા મૂળજી સામે જોઈ રહ્યા હતા અને ધાડપાડુના જાડી મોદ જેવાં કપડાંને યમયાતના રૂપી ધોકાથી ધોઈ રહ્યાં હતાં !

ભગવાન શ્રી સ્વામિનારાયણે ચપટી વગાડી, એ જ સમયે ચલચિત્રનું દશ્ય બદલાય, એમ મૂળજીની આંખો સામેથી યમપુરીનું દશ્ય ઓઝલ થયું અને અક્ષરધામનું દિવ્ય દશ્ય દેખાયું. આ અપરિમિત

આનંદ-ઉલ્લાસમય ભૂમિકામાં પ્રવેશ કરતાં જ મૂળજી યમયાતનાનો ત્રાસ વીસરી ગયો. અક્ષરધામનો અલૌકિક વૈભવ જોતાં એનો આત્મા 'અહો ! અહો ! કરવા લાગ્યો.

થોડી વારે ભગવાન શ્રી સ્વામિનારાયણે એને સમાધિમાંથી જગાડ્યો અને પૂછ્યું, ''બોલ્ય, મૂળજી ! યમયાતના સાચી કે ખોટી ?'' મૂળજી એકદમ ઊભો થયો, મહારાજના પગ પકડી લીધા અને બોલ્યો, ''મહારાજ ! યમયાતના સાવ સાચી. આજે આપે મારી આંખો ઉઘાડી નાખી !''

મહારાજે મંદ મંદ હસીને પૂછ્યું, ''બોલ્ય, મૂળજી ! ક્યાં જવું છે ? પહેલા જોયું ત્યાં કે પછી જોયું ત્યાં !'' મૂળજીએ કહ્યું, ''મહારાજ ! મારા ગુના માફ કરો, યમયાતનાથી મારો ઉદ્ધાર કરો, આજથી હું તમારે શરણે છું !'' ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, ''મૂળજી ! ખરા દિલથી તારા પાપનું પ્રાયશ્ચિત્ત કર, 'સ્વામિનારાયણ' મંત્રનો જપ કર, અમારા પાંચ વ્રતોનું પાલન કર. શરણાગતને અભય આપવાનું અમારું કાયમનું વ્રત છે.'' મૂળજીએ ખરા દિલથી માફી માગી અને ભગવાન શ્રી સ્વામિનારાયણનો અનન્ય આશ્રિત થયો. મૂળજીની બુદ્ધિ અને શક્તિને સાચી દિશા મળી, એનો ધાડપાડુનો ધંધો છૂટી ગયો. મૂળજી ભારાડીમાંથી ભગત થયો અને વધારે ને વધારે સમય ભગવાન શ્રી સ્વામિનારાયણની સેવામાં ગાળવા લાગ્યો.

મૂળજી સત્સંગી થયા પછીની વાત છે, ભગવાન શ્રી સ્વામિનારાયણ સોરઠ પધાર્યા હતા. ગામડે ગામડે ફરતા હતા, ભક્તોના મનોરથ પૂર્ણ કરતા હતા, સાથે સાથે ભાગવત ધર્મનું પ્રવર્તન કરતા હતા. મૂળજી લુહાણા પણ મહારાજની સાથે સેવામાં જોડાયા હતા. ફરતાં ફરતાં મહારાજ કોઈ એક ગામમાં પધાર્યા અને કોઈ ભક્તને ત્યાં ઊતર્યા. સાંજના સમયે મહારાજે ભક્તના ફળિયામાં સભા ભરી ગામલોકો મહારાજનાં મુખેથી જ્ઞાનવાર્તા સાંભળવા એકઠા થયા.

એવામાં પાસેના કોઈ ગામમાંથી એક આધેડ ઉંમરના બાઈ પોતાના પરિવાર સાથે મહારાજનાં દર્શને આવ્યા અને દૂરથી વંદન કરી બાઈઓની સભામાં બેઠા. બાઈનો પરિવાર ખાધે-પીધે સુખી હતો. એ બાઈએ ભારે

ભાવથી મહારાજને અર્પણ કરવા માટે સુવર્ણનાં ઘરેણાં બનાવ્યાં હતાં અને ડાબલામાં રાખ્યા હતાં. એમણે મહારાજને કહ્યું, ''મહારાજ ! આ અલંકારો આપ સ્વીકારો.'' મહારાજે મૂળજી લુહાણાની સામે જોયું અને કહ્યું, ''જાઓ, મૂળજી ! એ ઘરેણાંનો ડાબલો લઈ આવો.'' મૂળજી ગયા. બાઈ પાસેથી ડાબલો લીધો અને મહારાજ પાસે મૂક્યો. મહારાજે ડાબલો ખોલ્યો, તો અંદર શુદ્ધ સોનાનાં વેઢ, વીંટી, ઊતરી વગેરે અલંકારો હતાં. મૂળજી મહારાજની સમીપે જ ઊભા હતા. 'સોનું જોઈને મુનિવરનાં મન ચળે.' એ ન્યાયે મૂળજીનું મન પણ ડગમગાટ કરવા લાગ્યું. ભોંયરામાંથી સર્પ મોંઢું કાઢે, એમ એના ધાડપાડુના જૂના સ્વભાવ જાગ્રત થવા લાગ્યા. અલંકારો નીરખતાં નીરખતાં અંતર્યામી મહારાજે ચતુર નજરે મૂળજીની સામે જોઈ લીધું અને મૂળજીના અંતરનો ભાવ કળી ગયા. કૃપાસિંધુ મહારાજે પોતાના આ ભક્તને ચોખ્ખો કરવા માટે અનોખો નિર્ણય લીધો.

એક બાજુ મહારાજ ઘરેણાં જોઈ રહ્યાં હતાં, બીજી બાજુ મૂળજીની આંખોમાં સાપોલિયા રમી રહ્યાં હતાં, મહારાજે ડાબલો બંધ કર્યો અને ઘેરે મધુર સ્વરે બોલ્યા, ''બહેન ! આ ઘરેણાં હમણાં તમારી પાસે સાચવીને રાખો, જરૂર પડશે ત્યારે અમે મંગાવી લેશું.'' આમ કહી મહારાજે મૂળજીની સામે જોયું અને બોલ્યા, ''લે મૂળજી ! આ ડાબલો બહેનને પાછો આપી આવ.'' મૂળજી ડાબલો પાછો આપવા ગયા, પરંતુ એ દરમ્યાન તો એનાં જૂના ભૂતે એનાં મનનો કબજો લઈ લીધો હતો. ભાન ભૂલેલા મૂળજીએ કોઈ પણ ભોગે ઘરેણાં હાથ કરવાનો મનસૂબો કર્યો. ડાબલો પાછો આપતી વખતે એણે બહેનનાં નામ-ઠામ-ગામ પૂછી લીધાં.

આ પ્રસંગ પૂરો થયા બાદ બીજા ચાર-પાંચ દિવસ પસાર થયા એટલે મૂળજીએ મહારાજને હાથ જોડીને કહ્યું, ''મહારાજ ! આપની રજા હોય તો મારે ગામ જઈ આવું અને બૈરાં-છોકરાંની સંભાળ લઈ આવું.'' મૂળજીને ખરેખર ક્યાં જવું છે ? એ મહારાજ જાણતા હતા, પણ એમણે કળાવા ન દીધું. મંદ મંદ હસીને મહારાજ બોલ્યા, ''મૂળજી ! સુખેથી જઈ આવો. પરિવારજનોની સાર-સંભાળ લેવી, એ તો અમારા સત્સંગીઓની ફરજનો એક ભાગ છે. વહેલા પાછા આવજો.''

મહારાજની રજા લઈ મૂળજી નીકળ્યા શેરગઢ એક બાજુ રહ્યું અને પહોંચ્યા પેલા બહેનને ગામ મહારાજના ભગતને આવેલા જાણી બહેનના અંતરમાં આનંદ આનંદ થઈ ગયો. એણે મૂળજી ભગતની ભારે આગતા-સ્વાગતા કરી.

મૂળજીએ રાત્રે મોડે સુધી મહારાજની વાતો કરી સર્વને સત્સંગ કરાવ્યો એનાં મનનું કપટ કોઈ જાણી શક્યું નહિ. છૂટા પડતી વખતે મૂળજીએ બીજું કોઈ સાંભળતું નથી, એની ખાતરી કરી બહેનને કહ્યું, ''બહેન ! ચારે બાજુ ચોર લૂંટારાની બીક બહુ છે. પેલો ડાબલો સાચવીને તો રાખ્યો છે ને ?''

આ પ્રશ્ન મૂળજીના અંતરનો ચોર પૂછી રહ્યો છે, એની પેલી નિર્દોષ બાઈને ક્યાંથી ખબર પડે ! એણે ભોળે ભાવે કહ્યું, 'ભગત ! ચિંતા કરશો નહિ. એ ડાબલો તો મહારાજની થાપણ છે, એને તો મેં કોઈને કલ્પના ન આવે, એ રીતે ચૂલાની આગમણમાં દાટી દીધો છે.'' બસ, બાઈની વાતમાંથી ચોરને સરનામું મળી ગયું.

રાત્રે બધા ઘસઘસાટ સૂતા હતા. મૂળજી ઊભો થયો, અવાજ ન થાય એમ ચોરપગલે રસોડામાં પહોંચ્યો, આગમણમાંથી ડાબલો કાઢી લીધો, ઉપર રાખ હતી એવીને એવી કરી દીધી. કોઈને ખબર ન પડે, એવી રીતે મૂળજી ત્યાંથી નીકળી ગયો, વહેલું આવે શેરગઢ.

સૂર્યોદય થવામાં થોડી વાર હતી, અવની ઉપરના અંધારાં ધીરે ધીરે ઓસરી રહ્યાં હતાં; મૂળજી મારગ કાપી રહ્યો હતો. મારગમાં સાંકળી નેળ્ય આવી. મૂળજી નેળ્યમાં આગળ વધ્યો. મોંસૂઝણું થઈ ગયું હતું. ત્યાં તો એણે સામે અશ્વ ઉપર સવાર થયેલા મહારાજને આવતા જોયા.

મૂળજીને આશ્ચર્ય થયું, 'મહારાજ અત્યારે અહીં ક્યાંથી ?' મૂળજી ગભરાયો, આછે અંધારે મહારાજની નજરથી બચવા પાછો ફર્યો, ત્યાં તો એણે એ બાજુથી પણ મહારાજને આવતા જોયા.

મૂળજીને આશ્ચર્ય થયું, 'મહારાજ અત્યારે અહીં ક્યાંથી ?' મૂળજી ગભરાયો, આછે અંધારે મહારાજની નજરથી બચવા પાછો ફર્યો, ત્યાં તો એણે એ બાજુથી પણ મહારાજને આવતા જોયા.

મૂળજી આશ્ચર્યથી બાઘો બની ગયો ! આમથી તેમ જોવા લાગ્યો, પરંતુ હવે તો એને જે બાજુ જુએ એ બાજુ મહારાજ જ દેખાઈ રહ્યા હતા. કઈ તરફ જવું ? એની ગતાગમ પડતી ન હતી, ચોર ચારે બાજુથી ઘેરાઈ ચૂક્યો હતો. એટલામાં તો મહારાજ એને આંબી ગયા.

મહારાજે વેધક નજરે મૂળજીની સામે જોયું અને પૂછ્યું, ''એલા, મૂળજી ! તું તો શેરગઢ જવાનો હતો ને, અહીં ક્યાંથી ?''

મૂળજી જવાબ દેવામાં થોથવાયો અને બોલ્યો, ''મહારાજ ! નજીકના ગામે મારા સંબંધીને મળવા ગયો હતો. એનો અવાજ બોદો હતો. પાપણો પાપના ભારથી નમેલી હતી અને એના હૈયામાં મહારાજની સામે જોવાની હિંમત ન હતી.

મહારાજે કઠોર સ્વરે કહ્યું, ''બહુ સારું મૂળજી ! હવે બોલ્ય, આ તારા ખભા ઉપરના ખડિયામાં શું છે ?'' મહારાજના શબ્દોનો તાપ મૂળજી જીરવાતો નો'તો. એ લડખડાતે સ્વરે બોલ્યો, ''મ..હા..રા...જ... આમાં તો મારી પૂજા છે !'' મહારાજે સત્તાવાહી સ્વરે કહ્યું, ''ખોલ્ય તારો ખડિયો, અમારે તારી પૂજા જોવી છે !''

મૂળજી માટે બીજો રસ્તો રહ્યો ન હતો. એણે ધ્રૂજતા હાથે ખડિયો ખોલ્યો. મહારાજે ખડિયામાંથી ઘરેણાંનો ડાબલો ઉઠાવી લીધો અને ફરીથી આકરા સ્વરે પૂછ્યું, ''બોલ્ય, મૂળજી ! આ ડાબલામાં શું છે ?''

મૂળજીનું પાપ ખુલ્લું પડી ગયું હતું. કબૂલ કર્યા સિવાય બીજો છૂટકો નો'તો. એણે બે હાથ જોડી કહ્યું, ''મહારાજ ! મારી ભૂલ થઈ.''

મહારાજે કહ્યું, ''મૂળજી ! તેં શું કર્યું છે, એનું તને ભાન છે ? એક તો તેં સોનાની ચોરી કરી. બીજું અમારી જ થાપણ ઓળવી ઈષ્ટદેવનો દ્રોહ કર્યો અને ત્રીજું સત્સંગીનો સ્વાંગ લઈને આવું કાળું કામ કરી સંપ્રદાયની ઊજળી કીર્તિમાં કાળું કલંક લગાડ્યું ?''

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં એક એક વચન મૂળજીના હૃદયને તીરની જેમ વીંધી રહ્યાં હતાં. વચનના એક એક પ્રહારે મૂળજીનો આસુર ભાવ નાશ પામી રહ્યો હતો. એના જૂના સંસ્કારો ધોવાઈ રહ્યા હતા અને આત્માની ઊજળાશ પ્રગટ થઈ રહી હતી. વચનરૂપી ઔષધથી

મહારાજે મૂળજીનો કાયાકલ્પ કર્યો.

મૂળજી મહારાજના પગ પકડીને ધ્રુસકે ધ્રુસકે રડવા માંડ્યો, ''મહારાજ ! મેં અક્ષમ્ય અપરાધ કર્યો છે, મોઢું દેખાડવા લાયક રહ્યો નથી, માફી માગવાનો અધિકાર પણ ખોઈ નાખ્યો છે !''

મહારાજે પોતાનો અભયપ્રદ હાથ મૂળજીના માથા ઉપર મૂક્યો અને બોલ્યા, ''મૂળજી ! હવે તારો છેલ્લો કોઠો વીંધાઈ ચૂક્યો છે, પણ એ માટે અમારે ખૂબ જ ધીરજ રાખવી પડી છે અને લાંબી મજલ કાપવી પડી છે. તારા જેવા જીવના ઉદ્ધાર માટે તો અમે પ્રગટ થયા છીએ ! પણ એક વાત સાંભળી લે, તારે આ પાપનું પ્રાયશ્ચિત્ત કરવું પડશે.''

મૂળજીએ હાથ જોડીને રૂંધાયેલા કંઠે કહ્યું, ''મહારાજ ! આપ જે કહો તે પ્રાયશ્ચિત્ત કરવા તૈયાર છું.''

મહારાજે કહ્યું, ''મૂળજી ! અમારી માફી માગવાથી કાંઈ નહિ વળે, જેનો અપરાધ કર્યો છે એ બાઈની પાસે જા, આ ડાબલો એને પાછો આપ અને ખરા દિલથી એની માફી માગ. તેં લાલચમાં અંધ થઈને એ બાઈ ઉપર શું વિતાવ્યું છે, એનું તને ભાન છે ? મૂળજી ! અમારા અપરાધીને તો અમે છોડી શકીએ, પરંતુ અમારા ભક્તના અપરાધીને છોડવા માટે અમે સ્વતંત્ર નથી. એ તો ભક્ત માફ કરે તો જ અમારાથી છોડાય.''

મારા બાંધ્યા વૈષ્ણવ છોડે, વૈષ્ણવ બાંધ્યા મૈં ન છૂટે રે.

આ બાજુ પેલા બાઈએ સવારે મૂળજીને જોયા નહિ. થોડી વાર તો ધારી લીધું કે ભગત દાતણ-પાણી કરવા બહાર ગયા હશે, હમણાં પાછા આવશે. આમ વિચારતાં વિચારતાં બાઈએ શિરામણીના રોટલા ઘડવા માટે ચૂલો સળગાવ્યો.

બાઈ જેવો ચૂલો સળગાવવા ગયા, ત્યાં એણે આગમણમાં કંઈક આઘુંપાછું થયેલું જોયું. બાઈને કંઈક શંકા પડી. એમણે આગમણમાં તપાસ કરી, તો ઘરેણાંનો ડાબલો ન જોયો. બાઈના દિલમાં ફાળ પડી, અંતરમાં ભારે વલોપાત ઊપડ્યો.

પોતાનાં ઘરેણાંની ચોરી થઈ હોત તો આટલી ચિંતા ન થાત, પણ

આ તો ઈષ્ટદેવની થાપણ હતી. એને મૂળજી ઉપર શંકા ગઈ, મૂળજી આવો નીકળશે એવી એમને કલ્પના ન હતી. હવે તો ચોરી જાહેર કરે, તો ગામમાં સત્સંગ વગોવાય. ધીરગંભીર બહેને સમજણથી આ ઘટનારૂપી વિષના ઘૂંટડા પી લીધા અને વેદનાભરેલે હૈયે મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા, કે ''મહારાજ ! આ પરિસ્થિતિને આપ જ સંભાળી શકો તેમ છો.''

બાઈની પ્રાર્થના મહારાજે સાંભળી લીધી હતી અને બગડેલી બાજીને સંભાળી લીધી હતી. મહારાજની આજ્ઞાથી મૂળજી પાછો બાઈ પાસે આવ્યો, ઘરેણાંનો ડાબલો બાઈને પાછો સોંપ્યો, મોંઢામાં ઘાસનું તરણું લઈ માફી માગી.

બાઈ એટલું જ બોલ્યા, ''હાશ ! મહારાજે મારી પ્રાર્થના સાંભળી; મારી અને સત્સંગની લાજ રાખી લીધી.''

મૂળજીએ ખરા દિલથી પસ્તાવો કર્યો. મહારાજે આપેલા પ્રાયશ્ચિત્તો પૂર્ણ કર્યાં. પછી તો મૂળજી મહાન ભક્ત થયા. ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી એમને વગર અષ્ટાંગયોગ સાધ્યે સમાધિ થઈ. સત્સંગમાં તેઓ સમાધિવાળા મૂળજીના નામે પ્રસિદ્ધ થયા અને એકાંતિક ભક્તોની પંક્તિમાં ભળ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપથી સોરઠની પ્રજાએ મૂળજીના ત્રાસથી છુટકારો મેળવ્યો અને મૂળજીએ માયાથી છૂટકારો મેળવ્યો.

શ્રીહરિના પ્રતાપથી સિદ્ધ દશાને પામ્યા બાદ  મહારાજે કહ્યું, અક્ષરધામ જઈ આવો. ત્યારે મૂળજી સમાધી કરી અક્ષરધામમાં જતા કૈલાશ પર થઈ નીકળ્યા ત્યાં મહાદેવજીના ગણોનો યોગ થયો તે ગણોને ઉપદેશ આપતા બોલ્યા કે શ્રીહરિનું ભજન કરો. ગણો મહાદેવજીને વાત કરી તેથી શિવજી અને મૂળજી વચ્ચે યુદ્ધ થયું. શ્રીજી મહારાજનું બળ સંભારી ને શિવજીને પરાસ્ત કરી મૂળજી અક્ષરધામમાં જઈ આવ્યા. આવા મહાન સમાધિ નિષ્ઠ મૂળજી ભક્ત થયા હતા.

# સત્યવતી સંતોકબેન બની અવતર્યાં

ભગવાન શ્રીકૃષ્ણના અષ્ટ્ર પટરાણીમાં સત્યવતી (સાત્યની) નામની એક પટરાણી હતા. જેઓ બીજા જન્મમાં મેમકાવાળા રામજી શેઠના બહેન શામબાઈ જેઓ સમાધિનિષ્ઠ હતા. જેઓ સાયલા ગામે રહેતા હતા. તેમને ત્યાં સંતોકબાઈ એવા નામે અવતાર ધારણ કર્યો હતો. સંતોકબેન મહા ભક્તરાજ હતા તે બાઈને ગામ વિઠ્ઠલપર (વિઠ્ઠલાપરા) ઢૂંઢિયા વાણિયાને ઘરે પરણાવ્યાં હતાં. પછી કોઈક એ વિઠ્ઠલપરના વાણિયા અમદાવાદ ગયા ને એ સંતોકબાઈ પણ ભેગાં હતાં ત્યારે એ સંતોકબાઈએ પોતાનાં સાસું-સસરાને કીધું જે આ ગામમાં સ્વામિનારાયણનું મંદિર છે તે મને દર્શન કરવા જવા દો. ત્યારે તે બોલ્યાં જે આપણે ઢૂંઢિયા છીએ તે આપણાથી સ્વામિનારાયણના મંદિરમાં જવાય નહિ. માટે એ વાત કોઈ દિવસ કરવી નહીં. પછી તે બાઈ તો ઘણું દિલગીર થયાં ને રાત્રિએ સૂઈ રહ્યાં ત્યારે મહારાજ પધાર્યા ને તે સંતોકને કીધું જે તમને દર્શન કરવા આવવા દીધાં નહીં તે ચાલો મારા ભેગાં, હું તને એ મંદિર દેખાડું ને મૂર્તિઓનાં દર્શન કરાવું. પછી એ બાઈ મહારાજ ભેગાં મંદિરમાં જઈને એ ઠાકોરજીનાં દર્શન કર્યાં તે મહારાજ કહેતા જાય. જે જુઓ આ મંદિરમાં મારી રાધાકૃષ્ણની મૂર્તિઓ છે. આ મંદિરમાં મારી નરનારાયણની મૂર્તિઓ છે. આ મંદિરમાં મારા હરિકૃષ્ણ ને ધરમભક્તિની મૂર્તિઓ છે. એમ સર્વે દર્શન કરાવીને પછી શ્રીજીમહારાજે એ સંતોકબાઈને કીધું જે તમને આ ઢૂંઢિયા વાણિયાને ત્યાં રહેવા દેશું નહીં. આજથી બે મહિને અમારા ધામમાં તેડી જાશું. માટે તમારા પિયરનો જે માલ હોય તે સર્વે ત્યાં લઈ જાજો. આહીં કાંઈ રેવા દેશો નહીં શા સારું જે તમારો દેહ પડ્યા પછી એ કાંઈ પાછું નહીં આપે માટે લઈ જાજો.

એવી રીતે મહારાજ કહી ગયા ને પછી એ બાઈ સુતાંતાં ને જાગ્યાં ત્યારે વિચાર્યું કે મારે મહારાજનાં દર્શન થયાં ને મહારાજને મંદિર ને ઠાકોરજીનાં દર્શન કરાવ્યાં ને બે મહિને તેડી જવાની વાત કરી તે સર્વે

વાત સાચી છે. પછી એ અમદાવાદથી પાછા વિઠ્ઠલપર આવ્યા. થોડે થોડે પોતાના પિયરનો જે માલ તેને જે કોઈ સાથ મળે તે ભેગો મોકલવા માંડ્યો ને દોઢ માસ થયો ત્યારે એ બાઈને પોતાનો ભાઈ તેડવા આવ્યો ત્યારે તે ભેગાં પિયર જાવા તૈયાર થયાં. ત્યારે પોતાનો સર્વે માલ ભેગો લીધો ને ગાદલાં ને ગોદડાં લીધા ત્યારે તેમના સસરે કીધું જે આ ગાદલાં ગોદડાં શું કરવા લઈ જાઓ છો ? ત્યારે બાઈએ કહેવરાવ્યું જે એમાં રૂ સારું નથી ને તે વળી થોડું છે તે સારાં ભરીને લેતી આવીશ. એમ કહીને સર્વે માલ પોતાના પિયરનો જે હતો તે ભેગો લઈને પોતાને પિયર આવ્યા ત્યારે એમનાં મા-બાપે કીધું જે અરે બાઈ, તું ગાંડી છું ? આ ગાદલાં ગોદડાં ચાકળાં ચંદરવા એ અહીં કેમ લાવી. ત્યારે એ બાઈએ એ સર્વે વાત પોતાનાં મા-બાપને કહી અને આઠ દિવસ થયા ત્યારે મહારાજનાં દર્શન થયાં તે મહારાજે સંતોકને કીધું જે આજથી આઠમે દહાડે સંધ્યા વખતે દીવા થાય તે ટાણે તમને તેડવા આવશું. પછી એ વાત સંતોકે પોતાનાં મા-બાપને કહી ને ગામમાં પણ એ વાત પ્રસિદ્ધ થઈ ગઈ. ત્યારે ગામમાં એમનાં સગાં ઢૂંઢિયા વાણિયા હતા તેમણે માંહો માંહે એમ વાત ધારી જે આઠમે દહાડે ત્યાં જઈ ખબર રાખવી ને એ વાત જુઠી પડે તો એ સત્સંગી છે એ એમને ફજેત કરવા એવું ધારીને ઠરાવ કરી રાખ્યો પછી તેને પાંચ દિવસ ગયા ત્યારે એ સંતોકબાઈને થોડો તાવ આવ્યો ને પછી આઠમો દિવસ આવ્યો ત્યારે એ સંતોકે પોતાના મા-બાપને કીધું જે આજ સાંજે મહારાજ પધારશે તે આપણી બજાર સારી નથી તે વાસીદું વળાવો ને સારી કરાવો. પછી તે બજાર વળાવી સારી કરાવી. સાંજ પડી ત્યારે સંતોકે કીધું જે આપણી ખડકીએ બે દીવા કરાવો તે દીવા પણ કરાવ્યા. ત્યાં મહારાજ પધાર્યા ત્યારે સંતોક બોલી જે આ મહારાજ પધાર્યા ને સાધુ પણ ઘણા ભેગા છે. તે મને એમ કહે છે કે જે તમને બદ્રિકાશ્રમમાં નહીં મોકલું, ગોલોકમાં નહીં મોકલું, શ્વેતદ્વીપમાં નહીં મોકલું, તમને અક્ષરધામમાં તેડી જઈશ. પૂર્વજન્મમાં તમારું સત્યવતી (શ્રીકૃષ્ણ ભગવાનની અષ્ટપટરાણીમાં સત્યવતી હતાં.) નામ હતું. એમ કહીને એ સંતોકબાઈએ દેહ મૂકી દીધો ત્યારે તેમનાં સંબંધીઓ ટાણે જે જોવા

આવ્યાં હતાં તે સર્વે વિસ્મય પામી ગયાં અને બોલ્યાં જે જુઓને આ વાત કેવી સાચી થઈ.

## રતનજી પાર્ષદ

શ્રીરતનજી (બાપુ) પાર્ષદ મહાન્ શ્રેષ્ઠ ભક્ત હતા. નિર્માનીપણાનું પાત્ર અર્થાત્ નિર્માનીપણાના તો તેઓ આધાર હતા. તેઓ અત્યંત શૂરવીર હતા અને તેમનું મન શ્રીહરિને રાજી કરવામાં જ બંધાયેલું હતું.

તેમણે યુદ્ધભૂમિમાં રણ દુર્મદ અને ઘણા ગર્વિષ્ઠ શત્રુઓને પરાજિત કર્યા હતા અને ઘણાને ઘાયલ કરી દીધા હતા. શૌર્યથી ભરપૂર તેમના તેજને લીધે, સિંહથી જેમ હરણ ડરે છે તેમ તેમનાથી શત્રુઓ ડરતા હતા.

શ્રીરતનજી તો સદા ઉત્સાહી જ હતા, તેમણે તન, મન અને ધન, પોતાનું સર્વસ્વ શ્રીહરિને અર્પણ કરી દીધું હતું. તેઓ ક્ષત્રિય રાજવંશમાં જન્મ્યા હતા છતાં હંમેશાં શ્રીહરિના દાસ થઈને આજ્ઞા પાલન કરનારા હતા. અક્ષરાધિપતિ હોવા છતાં માનવરૂપે પ્રકટેલા શ્રીહરિના જેવા કૃપાપાત્ર અને ચારિત્ર્ય (શીલ) સંપન્ન મહાત્મા શ્રીમુકુંદાનંદ વર્ણી હતા તેવા જ શ્રીહરિના કૃપાપાત્ર અને નિર્માનીપણાના ગુણનિધિ પાર્ષદ શ્રીરતનજી હતા.

તેઓ ઘણા મહાન સદ્‌ગુણોથી જગતમાં પ્રસિદ્ધ હતા. તેઓ જે સેવા કરવા રહેનારા હરિભક્તો હતા તેમની આગળ જ્ઞાન (સમજણ)ના સંપૂર્ણ સારરૂપ સુંદર વાતો પણ શ્રીહરિના પ્રતાપથી કહેતા હતા. આ રતનજી પૂર્વ બૃહસ્પતિના નાનાભાઈ સંવર્ત નામે હતા. તેઓ નિરંતર અપાર તપ કરવામાં તત્પર, વિષયોની વાસનાથી પરે અને સદ્‌ગુણોના તો સાગર હતા. મમત્વ વિનાના તે વૈરાગ્યવાન્ હતા, હંમેશાં અગ્નિમાં હોમ કરતા હતા. તેઓ દેહમાં અને દેહના સંબંધીઓમાં હેત રાખતા નહિ. ધૂળનું ઢેફું, પથ્થર કે સોનું, સહુમાં સમાનતા રાખનારા હતા.

નારદજીની પ્રેરણાથી મરુત્તરાજા આ સંવર્ત પાસે આવ્યા હતા અને સંવર્તે આચાર્યપદ સ્વીકારીને તેને યજ્ઞો કરાવ્યા હતા. આજ સુધીના ડાહ્યા માણસો તે આશ્ચર્યથી ભરેલા તેના યજ્ઞોની પ્રશંસા કરે છે.

સર્વે ભૂત પ્રાણી માત્રના ઉપર દયા રાખનારા સંવર્ત, તપ કરવા માટે વનમાં રહ્યા, તેને તપથી શરીરના માંસ અને રુધિરને સૂકવી નાખ્યા. શરીરની નાડીઓ ઉપર દેખાવા લાગી. પ્રાણ, ઈન્દ્રિયો અને અંતઃકરણને વશ કરી ચૂકેલા તે સંવર્તના મનમાં એક એવો સંકલ્પ થયો કે હું અક્ષરાધિપતિ પુરૂસોત્તમનારાયણ ની સેવા કરું, તપથી દોષનાશ પામ્યા પછી જો મને તે શ્રીહરિની સેવા મળે તો જ મારો પુરુષાર્થ સફળ થયો ગણાય. જો મને સેવા કરવાનો જોગ ન મળે તો તપ વગેરે મારા બધા સદ્ગુણો નિરર્થક - વ્યર્થ ગણાય.

શ્રી સંવર્ત મુનિનું મન તો અત્યંત શુદ્ધ હતું પણ આવા વિચારો આવવાથી જ્યારે ચિંતા થવા લાગી. ત્યારે કરુણાનિધિ શ્રીહરિ તેમની દૃષ્ટિ આગળ પ્રકટ થયા. મહર્ષિ સંવર્તે શ્રીહરિને જોયા કે તુરંત તેમના હૃદયમાં અપાર આનંદ થયો. તેઓ તે આનંદ સાગરમાં માનો ડૂબી ગયા. નવા આવેલા પ્રાણની પ્રેરણાથી જેમ દેહ ઊભો થાય છે તેમ તેઓ તુરંત પોતાના આસન ઉપરથી ઊઠ્યા. તેમણે બ્રહ્માદિ ઈશ્વરોના પણ ઈશ્વર શ્રીહરિને હાથ જોડીને પ્રણામ કર્યા. વિનય સાથે આગળ ઊભા રહ્યા અને બોલ્યા, અહો !! આજ મારો પુરુષાર્થ સફળ થયો. જેના દર્શન માટે મેં ઘણા જ પ્રયાસો કર્યા છે.

શ્રી સંવર્ત મુનિ જ્યારે આ રીતે બોલી રહ્યા હતા ત્યારે તેના ઉપર પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિએ તેને કહ્યું, ‘‘હે અતિધીર ! તમે મારી પાસેથી અભીષ્ટ વરમાગો. તમારા શીલ-ચારિત્ર્ય આદિ અનેક ગુણ સમૂહથી હું તમારે વશ થઈને જ માનો તમારી પાસે આવ્યો છું.’’ શ્રીહરિનું આવું કહેવું સાંભળીને શ્રીસંવર્તમુનિ અત્યંત હર્ષથી વિહ્વળ થઈ ગયા. પોતે પોતાને કૃતકૃત્ય માનીને બોલ્યા,

શ્રીસંવર્તમુનિએ કહ્યું, ‘‘હે હરે ! આપ મને આપના ચરણારવિંદની સેવા આપો. કારણ કે તે સેવાને ચાહતા મુક્તો સદા શુભ અક્ષરધામમાં આપની સાથે જ વસીને રહે છે. આપ સર્વેશ્વર પાસે હું ચાર પ્રકારની મુક્તિ નથી ચાહતો. હે પ્રભો ! હું લક્ષ્મીજીની માફક આપની સેવા કરીને જ પોતાને પૂર્ણ કરવા ચાહું છું. ‘‘મનમાં રાજી થયેલા તે સંવર્તમુનિએ

આવી માગણી કરી ત્યારે ''તથાઽસ્તુ'' સારું તેમ થશે,'' આવું કહીને સ્વયંપ્રકાશ પ્રભુ શ્રીહરિ તુરંત અન્તર્ધાન થઈ ગયા. પછી યોગ્ય સમયે તે શ્રીસંવર્ત મુનિ જ ભક્તવર્ય શ્રીરતનજીનામે પાર્ષદ થયા અને જેને મુક્તો પણ પામવા ચાહે છે આવી સેવા તેમને શ્રીહરિના અનુગ્રહથી પ્રાપ્ત થઈ.

**● વટામણના રતનજી બાપુનો અદ્‌ભુત ત્યાગ**

એકવાર મહારાજ ગામ વટામણ પધાર્યા અને ત્યાં રતનજી બાપુની ઘરવાળીનું તેરમું હતું. પછી મહારાજ ત્યાં જમીને ચાલ્યા. તેમને સૌ હરિજનો વળાવવા ગયા. તેમને મહારાજે પાછા વાળ્યા, પણ રતનજી બાપુને મહારાજે કહ્યું નહીં જે, 'તમે પાછા વળો.' પછી આગલે ગામ મુકામ કર્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, ''રતનજી બાપુ ! તમે આવ્યા છો કે શું ?'' રતનજી બાપુ કહે, ''તમે સૌને પાછા વળવાનું કહ્યું અને મને કહ્યું નહીં જે, તું પાછો વળ.'' મહારાજ કહે, ''હવે...?'' રતનજી બાપુ કહે, ''જેમ તમે કહો તેમ કરું.''

પછી રતનજી બાપુ ત્યાગી થઈને મહારાજ ભેળા રહ્યા અને પોતે તો ત્રણ લૂગડાંભેર આવ્યા હતા, તો પણ પોતાના મનમાં એમ થયું નહીં જે, પછવાડે ઘેર કેમ થયું હસે ? એવા નિશ્ચયવાળા હતા. જેમના નિર્માની પણાની મહારાજે આ રીતે પ્રશંસા કરી હતી.

રતનજી પાર્ષદ મહારાજના અંગરક્ષક હતા. ભગવાનની ભક્તિ એજ એમનું જીવન હતું. એક વાર દૂર દેશના સત્સંગીઓ ગઢપુર દર્શને આવ્યા. તે જયારે પાછા જવા તૈયાર થયા ત્યારે મહારાજે કહ્યું કે રતનજી, આમને ગામની ભાગોળ સુધી વળાવવા જાઓ. ભાગોળ આવે ત્યારે ઊભા રહેજો.

'સારું મહારાજ' કહીને રતનજી હરિભક્તોની સાથે ચાલ્યા. તે ભાગોળ આવી એટલે સૌને જયસ્વામિનારાયણ કહ્યા. હરિભક્તો ચાલતા થયા અને પોતે ત્યાં જ ઊભા રહ્યા અને માળા ફેરવવા લાગ્યા. સાંજ પડી ગઈ છતાં ત્યાંથી ખસ્યા નહિ.

સાંજની સભામાં મહારાજે પૂછ્યું કે રતનજી કેમ દેખાતા નથી ?

ત્યારે બીજા પાર્ષદો કહે એ હરિભક્તોને વળાવવા ગયા પછી આવ્યા જ નથી. પછી પ્રભુની આજ્ઞાથી બે પાર્ષદો તપાસ કરવા ગયા. તો ભાગોળે ઊભા ઊભા માળા ફેરવતા જોયા એટલે બોલાવી લાવ્યા.

મહારાજ કહે રતનજી કેમ ત્યાં ઊભા થઈ રહ્યા ? મહારાજ આપની આજ્ઞા હતી કે 'ભાગોળે ઊભા રહેજો' એટલે ઊભો રહ્યો. મહારાજ હસ્યા અને કહ્યું કેવા વચનપાલક છે.

ખબડ મતારાની લડાઈમાં રતનજી હતા. એ ઝપાઝપીમાં એક હાથનું કાડું કપાઈ ગયું હતું. પોતે ખૂબ શૂરવીર હતા. મહારાજની સેવા કરી અપાર પ્રસન્નતા મેળવી હતી.

**● રતનજી અને મિયાંજીને ઘરના ધણી કહ્યા**

એક વખત મહારાજ દરબારમાં સાંજને સમે કથા કરાવતા હતા. તે સમયે મહારાજ બાજરાનાં ડૂંડાં સૌ પાસે વિણાવતા હતા. તે સમે મહારાજ બોલ્યા જે, ''અમારે લક્ષ્મીવાડીએ જવું છે.'' તે સાંભળી રતનજીભાઈ તથા મિયાંજીભાઈ વાડીએ જઈ મહારાજની બેઠક કરી આવ્યા.

પછી મહારાજની ઘોડી લાવ્યા, એટલે મહારાજ સ્વાર થઈ વાડીએ પધાર્યા. તે ભેળા સંત, પાર્ષદ તથા હરિજન સૌ મહારાજ ભેળા વાડીએ ગયા અને અહીંયાં ડૂંડાં તથા બાજરાની કડબ બધું પડ્યું મેલીને સૌ ગયા. પછી મહારાજ વાડીએ સભા ભરીને બોલ્યા જે, ''ઘરના ધણી અહીંયાં નહિ હોય.'' તે સાંભળી સુરા ખાચર બોલ્યા જે, ''મહારાજ ! ઘરનો ધણી કોણ ?'' મહારાજ કહે, ''તપાસી જુઓ !'' એટલે રતનજી તથા મિયાંજી બંને જણને સભામાં ભાળ્યા નહીં.

પછી તે બંને જણે દરબારમાં આવી ડૂંડાં તથા કડબ નોખાં પાડી સૌ સૌને ઠેકાણે નાંખ્યાં. અને દરબાર વાળી, સાફ કરીને પાથરણાં પાથર્યાં. અને મહારાજનો ઢોલિયો તથા ગાદીતકિયો ખંખેરીને પાથરી મૂક્યો. પછી મહારાજ વાડીએથી દરબારમાં પધાર્યા. પછી મહારાજે સુરા ખાચરને કહ્યું જે, ''જુઓ, આ ઘરના ધણી ! તમો સૌ મારી સાથે વાડીએ ચાલી નીકળ્યા અને રતનજી તથા મિયાંજીએ આ બધું ઠેકાણે પાડ્યું; માટે એનું નામ ઘરના ધણી કહેવાય.''

"પાળા ભગુજી રતનજીને ભાળી, રંગ્યા રંગે ને વનમાળી,
કુમાનજી અને ભીમભાઈ, રંગ્યા રંગે વાલે રાજી થઈ.

## છાપરીના જાનબાઈનું આખ્યાન

પ્રથમના સત્યુગમાં દૈત્યના ગુરુ શુક્રાચાર્યને 'દેવયાની' નામે પુત્રી હતી. તે જ્યારે દશ વર્ષની થઈ ત્યારે તેના પિતાએ કહ્યું જે, 'તારી ઈચ્છા હોય તો તુંને દેવ, મોટા ઋષિ કે રાજાને પરણાવું; ને તારે સ્વયંવરની ઈચ્છા હોય તો તેમ કરું, પણ વગર પરણે રહેવું તે યોગ્ય નથી.' ત્યારે કહે, 'મારે તો બ્રહ્મચર્ય રાખવું છે.' એમ કહીને શુક્રાચાર્યનું ન માન્યું. ને તેની સામર્થી કેવી કે, દેવ ને દૈત્યની વિદ્યા શીખી હતી, ને શાસ્ત્ર તથા કાવ્ય તે નવાં કરે એવી હતી, ને ગુણે કરીને પોતાના પિતા થકી અધિક હતી. તેથી તેના પિતા બહુ રાજી હતા. એમ કરતાં એક હજાર ને આઠ વર્ષ થયાં.

પછી દેવતાના ગુરુ બૃહસ્પતિનો દીકરો 'કચ' એવા નામે હતો. તે દેવની ચૌદ વિદ્યા ને કળા તે શીખ્યો. ને પછી દૈત્યની વિદ્યા તથા કળા તે શીખવા માટે દૈત્યના ગોર શુક્રાચાર્ય પાસે સ્વર્ગમાંથી પાતાળમાં આવ્યો. ત્યારે શુક્રાચાર્યએ ભણાવવાની ના કહી. પણ તેણે છ માસ સુધી જેમ કહ્યું તેમ ઘરનું કામ કર્યું, તેથી શુક્રાચાર્ય રાજી થયા ને લોભને વશ થયા તેથી ભણાવવાની હા કહીને ભણાવવા સારું જગ્યા આપી તેમાં ભણતો હતો. ત્યાં દેવયાનીને નિત્યે બેસવા-ઊઠવાથી કચ સાથે વરવાની ઈચ્છા થઈ.

ત્યારે કચે કહ્યું, 'તું તો મારા વિદ્યા ગુરુની દીકરી તેથી મારી બેન થઈ, તે તારે એવી ઈચ્છા ન રાખવી; તેનું તો બેયને મોટું પાપ લાગે.' એવું સાંભળીને દેવયાનીએ શ્રાપ દીધો કે, 'તારી વિદ્યા દેવ-દૈત્યની શીખ્યો છે તે ભૂલી જા.' ત્યારે કચ કહે, 'તારો પતિ બ્રાહ્મણ કોઈ ન થાવ.' આવી રીતે બેયને પરસ્પર શ્રાપ થયા. ને પોતે બ્રહ્મનિષ્ઠ હતી પણ (કચના આ) પ્રસંગથી તેના વ્રતનો ભંગ થયો. તેણે એક હજાર આઠ વર્ષ બ્રહ્મચર્ય પાળ્યું હતું. પછી યયાતી રાજાને વરી.

ને હવે બ્રહ્મચર્ય જે પાળ્યું હતું તેનું ફળ જે વાળાંક દેશમાં છાપરી ગામમાં કાઠી રાવત ચૈત્રો ને તેમની સ્ત્રી કામળબાઈ તેમની દીકરી જાનબાઈ થઈ. તે દેવયાનીનો અવતાર હતી. એ શ્રીજી મહારાજને દર્શને જ્યારે કામળબાઈ ગઢડામાં આવ્યાં હતાં ત્યારે તેની સાથે જાનબાઈ આવ્યાં હતાં. તેમને મહારાજનાં દર્શન લીમડા તળે થયાં કે તરત પોતાને પૂર્વ જન્માંતરની સ્મૃતિ થઈ. પછી દર્શન કરીને ઘરે જઈને જાનબાઈએ નિશ્ચય કર્યો જે, 'પરણવું જ નથી ને મહારાજના ભજનનો જ અતિ આગ્રહ રાખવો.' તેથી પોતાને ત્યાં એક નોખી ઓરડી રાખીને સાંખ્યયોગ વ્રતમાન પાળવા મંડ્યાં ને તે ઓરડીમાં વળી સાથે દોરડે કરીને મોવાળા બાંધીને પગની પલાંઠી વાળીને તે પર ઘંટીનાં પડ મૂકીને રાત-દિવસ ધ્યાન કર્યા કરે.

એમ કેટલાંક માસ વીત્યા પછી તેની માતા બીજે સમૈયે ચાલ્યાં ત્યારે જાનબાઈને કહે, 'તમારે દર્શને આવવું છે ?' ત્યારે કહે કે, 'મહારાજને ગરજ હશે તો અહીં દર્શન દેશે ને હું તો નહિ આવું.' ત્યારે કામળબાઈ એકલાં ગઢડા દર્શને આવ્યાં. ત્યારે મહારાજ કહે, 'જાનબાઈ કેમ ન આવ્યાં ?' ત્યારે કહે, ''એમણે તો એમ કહ્યું જે, 'મહારાજને ગરજ હશે તો અહીં દર્શન દેશે.' એમ કહ્યું છે.' ત્યારે મહારાજ કહે કે, 'સારું.'

પછી કામળબાઈ દર્શન કરી ઘરે ગયાં. એવા સમામાં બ્રહ્માનંદ સ્વામીનું મંડળ છાપરીએ આવ્યું. ને સ્વામીને ઉતારો તે બાઈની ઓરડીની હારે એક બીજી ઓરડી હતી તેમાં આપ્યો. ને રાતના બાર વાગ્યા સુધી સ્વામીએ રાવત ચૈત્રાને ને તેના દીકરા જૂઠા ચૈત્રાને વાતો કરી. પછી માળા ફેરવવા બેઠા, ત્યાં જાનબાઈની ઓરડીમાં એક ડોસી પેસતાં ભાળી. ત્યારે સ્વામીને સંશય થયો જે, 'આ બાઈ સાંખ્યયોગ પાળે છે પણ તેમની પાસે કોઈ ડોસી ગઈ, તે પુરુષ હશે તો સત્સંગની લાજ જાશે.' એમ સંશય થયો.

પછી બીજે દી સ્વામી જૂઠા ચૈત્રાને કહે, 'તમારે આજ મારી પાસે રાતના બાર વાગ્યા સુધી બેસવું.' ત્યારે કહે, 'શું સ્વામી કામ છે ?'

ત્યારે કહે, 'આ ઓરડીમાં કોઈ ડોસી જાનબાઈ પાસે પેસતાં ભાળી છે.' ત્યારે તે આવીને બેઠા ત્યાં બાઈ પેસતાં ભાળી. તેથી તરત મા પાસે જઈ, દીવો કરી જાનબાઈની ઓરડીએ બેય મા-દીકરો આવ્યાં. કહે, 'કમાડ ઝટ ઉઘાડો.' ત્યારે કમાડ ઉઘાડ્યું. ત્યારે જૂઠો ચૈત્રો કહે, 'અહીં કોણ આવ્યું હતું ?' ત્યારે કહે કે, 'અહીં તો કોઈ નથી, હોય તો જોઈ લ્યો.' ત્યારે કાંઈ ન ભાળ્યું તેથી (જૂઠો ચૈત્રો કહે, 'સાચું માનો નીકર આ તરવાર મારે પેટ નાંખી અહીં મરીશ.'

ત્યારે જાનબાઈ કહે, 'આ ગામના લક્ષ્મીચંદનાં ઘરનું મરીને ચુડેલ થઈ છે. તે મારી પાસે વાતુ સાંભળવા આવે છે.' ત્યારે કહે, 'અમે કેમ જાણીએ ?' ત્યારે ચુડેલ બોલી કે, 'મેં રજસ્વલાનો ધર્મ નહોતો પાળ્યો તેથી મને ભૂતનો દેહ આવ્યો છે, પણ હવે આ જાનબાનો સમાગમ કરીને તેની સાથે મુને અક્ષરધામમાં લઈ જાશે એવો કોલ આપેલો છે, ને વાતો કરે છે તે સારી લાગે છે તેથી અહીં બેસવા આવું છું.' આ વાત જાણી ત્યારે સ્વામીને, જૂઠા ચૈત્રાને તથા તેની માતાને સંશય મટ્યો.

પછી બ્રહ્માનંદ સ્વામીનું મંડળ ગઢડે આવ્યું. શ્રીજી મહારાજને એ સર્વે વાત કરી. પછી જ્યારે દાદાખાચરને ભટવદર પરણાવવા ગયા ત્યારે દિવ્ય દેહે ભગાભક્તને સાથે લઈને શ્રીજી મહારાજ છાપરીએ રાતે ગયા. ને કામળબાઈને ઘોડી આપી. તે બાંધીને તાપ કરી આપ્યો. એટલે મહારાજ તાપવા મંડ્યા. ને કામળબાઈ ત્યાં આવી, પગે લાગી, સ્તુતિ કરીને બેઠાં. ત્યારે મહારાજ કહે, 'જાનબાઈ હવે અહીં આવશે કે ત્યાં ઓરડીએ જઈએ ?' ત્યારે કામળબાઈ પગે લાગીને ઊઠ્યાં ને જાનબાઈને કહે, 'મહારાજ અહીં પધાર્યા છે.'

ત્યારે તે અતિ આનંદથી દર્શન કરીને મહારાજનાં ચરણારવિંદ ઝાલીને કહે, 'એકુકો યુગ અઠ્ઠાવીશ અઠ્ઠાવીશ વાર આવી ગયો. ને હવે મારો છુટકો કે દી કરશો ?' ત્યારે મહારાજ કહે, 'મહિના પછી તેડવા આવશું.' ત્યારે કહે, 'આ મહિનો જાય છે તે પૂરો થયે કે આજથી મહિનો ?' ત્યારે મહારાજ કહે, 'આજથી મહિનો પૂરો થયે તેડવા આવશું.' ત્યારે જાનબાઈ કહે, 'અમે ત્રણ જણ છીએ.' ત્યારે મહારાજ

કહે, 'કોણ કોણ ?' ત્યારે કહે, 'એક હું, બીજી મારી માસીની દીકરી બોન ને ત્રીજી વાણિયણ; તે અમારે ત્રણેયને હારે ધામમાં જાવાના વદાડ છે. માટે મારી સાથે એમનું કલ્યાણ કરવું જોશે.'

ત્યારે મહારાજ કહે, 'ભુતાવળી રાખો છો ?' ત્યારે કહે, 'હા મહારાજ !' ત્યારે મહારાજ કહે, 'સારું, ત્રણેયનું કલ્યાણ કરશું.' પછી અદૃશ્ય થઈ ગયા. ને જ્યારે મહિનો પૂરો થયો ત્યારે ત્રણેયને મહારાજ અક્ષરધામમાં તેડી ગયા.

તે આ વાત શ્રીજી મહારાજે પ્રથમ પ્રકરણના અઢારમા વચનામૃતમાં કહી છે કે, 'કાંઈક કસર રહી તો હેરાન થાશો. ને જે ભક્તિ કરી હશે તેનું ફળ તો રઝળતાં રઝળતાં કોઈક કાળે મળશે.' એમ કહ્યું છે, તે જણાવવા સારું જાનબાઈને પૂર્વની સ્મૃતિ કરાવી હતી.

## શ્રીકૃષ્ણ સમયનો મલ્લ શલ્લ

શ્રીઘનશ્યામ જેમાં ત્યાગ અને શૂરવીરતા આ બે હોય તેની સાથે હેત-પ્રેમ રાખતા હતા. એક જેસંગપુરના વિપ્ર ભુવાનાદીન અને બીજા રાયગંજ બજારના ક્ષત્રિય દિનાસંગ હતા. જેના બળ આગળ આખું અયોધ્યાનગર ધ્રુજતું હતું. તેમણે પોતાના મુકામ આગળ જ મલ્લ અખાડો કર્યો હતો. તે પુરવા (નાનું ગામડું)ના જે જે બાળકો મલ્લયુદ્ધ શીખવા ત્યાં આવે તો તે બધાને તે બંને મલ્લયુદ્ધ શીખવતા. તે બંને વીર નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતને રાખતા. આંખ માંડીને ક્યારેય નારીને દેખતા નહીં.

બંને રાજકુમાર જેવા હતા. કોઈની તમા લેશમાત્ર પણ રાખતા નહીં. સતત પુરની ચોકી કરતા. તે બંનેની શૂરવીરતા અને નૈષ્ઠિક બ્રહ્મચર્યને જોઈને તેના પ્રત્યે શ્રીહરિને હેત થયું અને તેની સાથે ગાઢ મિત્રતા થઈ. તે બંનેના સહવાસથી શ્રીહરિ મલ્લયુદ્ધ શીખ્યા. તેમાં દિન-પ્રતિદિન ઉત્સાહ વધતો. પછી શ્રીહરિ તેમની પાસેથી નવા-નવા દાવપેચ શીખ્યા. ચક્રદંડ, દંડ, દાવપેચની અનેક કલાઓ, લાઠીના દાવ, ઉલટ-સુલટ ગુલાંટિયાના પ્રકાર, આવું ઘણું બધું શીખ્યા. જ્યારે રાતનો પાછલો પ્રહોર રહે ત્યારે શ્રીહરિ સ્નાન કરવા ઊઠતા. સ્નાન કરીને નિત્યવિધિ

કરતા. પછી દૂધનો ભરેલો અબખોરો અને પલાળેલી પાવભર (૨૫૦ ગ્રામ) ચણાની દાળ મલ્લ અખાડે લઈ જઈને મૂકી રાખતા. રામરજ (એક પ્રકારની ઝીણી માટી) લઈને આખા શરીર ઉપર ખૂબ લગાવતા હતા.

તે પછી સવાસો દંડ કરતા, ત્યાર બાદ ચક્રદંડ ફેરવતા, અને ઉલટાં-સુલટાં ગુલાંટિયા ખાતા, પછી ભૂમિ ઉપર અક્કડ-ટટ્ટાર દૃઢતાથી ઊભા રહેતા. તેમાં પગ સિવાય લેશમાત્ર પણ ભૂમિને સ્પર્શતા નહીં. આવી કલાઓ ભુવાનાદિન અને દિનાસંગ શ્રીહરિને શીખવતા. બંને એક-એક દિવસ શ્રીહરિને આવા બધા ખેલ શીખવતા હતા. જેટલા મલ્લવિદ્યાના પેચ હતા તે બધા શ્રીહરિને શીખવ્યા. શ્રીહરિ નિત્ય મલ્લકુસ્તી કરી લીધા પછી તુરંત ચણાની દાળ ખાતા. પછી જે દૂધ લાવ્યા હોય તે પીતા. આ પ્રમાણે ચાર મહિનામાં તો શ્રીહરિએ બધી મલ્લિવિદ્યા શીખી લીધી. ત્યાં એક બ્રાહ્મણ, જે મલ્લવિદ્યામાં કુશળ હતો. તે પટ્ટાદાર શરીરવાળો અને ઘણો બળવાન હતો. શ્રીહરિ મલ્લવિદ્યા શીખ્યા છે એવું સાંભળીને તે તેમની સાથે મલ્લયુદ્ધ કરવા આવ્યો. ત્યારે શ્રીહરિ અગિયાર વરસના હતા અને સામે તે બ્રાહ્મણ વીશ વરસનો હતો. તેને શ્રીહરિએ રમવાની ના કહી. તો પણ મલ્લકુસ્તી રમવાનો આગ્રહ કરતા તેને જરા પણ શરમ આવી નહીં.

ભુવાનાદિન અને દિનાસંગે પણ તેને રમવાની ના કહી, છતાં તે શ્રીહરિની સાથે કુસ્તી લડવા આવ્યો. તે ઘણો અબૂજ-મૂરખ હતો. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, સાંભળ ! તું ઘણો અબૂજ અને અભિમાની છો. હું કુસ્તી લડવા ચાહતો નથી, છતાં તું અજ્ઞાની મારી સાથે લડવા ચાહે છે. આપણે બંને કુસ્તી લડીએ, તેમાં કદાચ કોઈ ચોટ લાગે, તો તેનો કોઈના ઉપર કોઈએ રોષ રાખવો નહીં.' આવી પ્રતિજ્ઞા કરીને પછી કુસ્તી લડવા આવ. પછી તેણે 'ચોટ લાગે તો પણ કોઈએ કોઈના ઉપર રોષ નાખવો નહીં.' આવી પ્રતિજ્ઞા કરી અને તેમાં ભુવાનાદિન તથા દિનાસંગને જામીન રાખ્યા.

શ્રીહરિનું શરીર સુકોમળ હતું. તેમણે પોતાની ધોતીનો કછોટો વાળ્યો. પૂર્વદિશ (પૂર્વોત્તર ભારત)ની એક રીત છે કે બધાને મલ્લયુદ્ધ

દેખવા પ્રેમ થાય. આથી અયોધ્યાપુરીના રાજકુમારો તે વાત સાંભળીને તે મલ્લયુદ્ધ જોવા માટે દોડી આવ્યા. તે સમયે બ્રાહ્મણ અને ક્ષત્રિય જાતિના બીજા અપાર કુમારો (છોકરાઓ) પણ તે જોવા આવ્યા. તેમજ નગરની સ્ત્રીઓએ તે વાત સાંભળી એટલે તે સર્વે પણ પ્રેમથી મલ્લયુદ્ધને જોવા આવી.

શ્રીહરિએ તે સમયે મૂર્તિમાન્ નવરસ એકત્ર થયા હોય તેવું સ્વરૂપ ધર્યું. જોનારામાં જેને જેવી ભાવના હતી તેને તેવા શ્રીહરિના દર્શન થયા. મહારાજે પ્રથમ શ્રૃંગારરસ દેખાડ્યો અને પછી બીજો સુંદર હાસ્યરસ જણાવ્યો. ત્રીજો કરુણારસ, ચોથો રૌદ્રરસ, પાંચમો વિકરાળ વીરરસ, છઠ્ઠો ભયાનક રસ, સાતમો બીભત્સરસ, આઠમો અદ્‌ભુતરસ અને નવમો શાંતરસ, આ નવે નવ રસો શ્રીહરિએ પોતાના સ્વરૂપમાં અલગ-અલગ રીતે દેખાડ્યા. તે સમયે આકાશમાં દેવતાઓના વિમાન છવાઈ ગયા. દુંદુભિ, ભેરી અને શરણાઈઓ વાગવા લાગ્યા. પૂર્વે કૃષ્ણાવતારમાં જે મલ્લને માર્યો હતો, તે જ આ વિપ્રનું શરીર ધારીને આવ્યો હતો. શ્રીકૃષ્ણ્ ભગવાન કંસને મારવા મથુરા આવ્યા. ત્યારે કંસે પ્રભુને મારવા માટે કોલીયાપીડ હાથી અને શલ્લ મલ્લને તૈયાર કરેલા જેમાં તો શલની સાથે મલ્લ યુદ્ધમાં પ્રભુએ તેમને મૃત્યુદંડ આપેલ એજ મલ્લ બીજા જન્મે બ્રાહ્મણ રૂપે થઈ વેર વાળવા આવ્યો માટે તે વેર વાળવા માટે જ શરીરે ભયાનક સાજ સજીને આવ્યો. ત્યારે શ્રીહરિએ તેને ઓળખી લીધો અને તેને મારવાનો વિચાર નક્કી કર્યો પછી તેને જ્યારે વિપ્રના રૂપમાં જોયો ત્યારે શ્રીહરિને મનમાં દયા આવી. તેથી જેમાં ન થાય મરણ કે ન થાય અનીતિ એવી સહેજ રમવાની રીત વિચારી. પણ તે વિપ્રના મનમાં ઘણો દગો હતો. તેણે શ્રીહરિને પ્રાણરહિત કરવાની મનમાં ટેક લીધી હતી. તે સમયે તેના મેલા (દુષ્ટ) ઘાટને આંખો ઉપરથી જ શ્રીહરિએ જાણી લીધા.

બંને આમને સામને ઊભા રહ્યા. થોડેક દૂર રહીને જોયું. પછી પોતપોતાની ભુજાને ઠોકીને તાલ દીધો. તે શબ્દ આકાશમાં ચારેકોર વ્યાપી ગયો. તે પછી બંનેએ એકબીજાને ઘણા મહાબળથી જોરદાર બાથ ભરી. એકબીજાના હાથમાં (કબજામાં) કોઈ રહેતા ન હતા. તુરંત નીકળી

જતા હતા. સહુ લોકોનું હિત વિચારીને સહુના નાથ શ્રીહરિએ બે ઘડી આવું કર્યું. ત્યારે શ્રીહરિના મુખ ઉપરના પરસેવાના બિંદુઓ મોતીની જેમ ઝગમગમવા લાગ્યા. પણ તે શ્રીહરિનું અત્યંત બળ દેખીને વિપ્રનું મુખ લૂખું થઈ (સુકાઈ) ગયું. ત્યારે શ્રીહરિએ કહ્યું મારી કમરને ખૂબ તાકાત લગાવીને પકડ. ત્યારે તેણે બે હાથે બળ કરીને શ્રીહરિની કમર પકડી. શ્રીહરિ કહે, હવે મને ફેંકી દે. ત્યારે તે વિપ્ર જ્યારે શ્રીહરિને ફેંકવા ગયો ત્યારે શ્રીહરિ તેના હાથમાંથી છટકી ગયા. પછી શ્રીહરિએ તેને જ ફેંકીને પછાડી દીધો. તેથી તે ચકચૂર થઈ ગયો. મોઢામાંથી પુષ્કળ રુધિર વહેવા લાગ્યું.

એક પહોર સુધી તો તેના પ્રાણ પણ જતા રહ્યા. તેના એક હાથનું કાંડું પણ ભાંગી ગયું. સર્વે લોકો આ તમાશો જોતા હતા. તેમાં અનેક લોકો તો હસતા હતા. આ સાંભળીને તે વિપ્રના ઘરના બધા માણસો ત્યાં દોડી આવ્યા. શ્રીહરિના બંધુ રામપ્રતાપજી પણ આ સાંભળીને ત્યાં આવી પહોંચ્યા. તેના સગાંઓએ વિપ્રના હાલ જોયા. તેઓએ તેને બોલાવ્યો છતાં તે મુખથી કાંઈ બોલી શક્યો નહીં. ત્યારે ત્યાં તે વિપ્રનો પિતા શ્રીહરિને ડરાવવા લાગ્યો.

ત્યારે રામપ્રતાપજીએ તેને કહ્યું, આ (ઘનશ્યામ) તો નાનો છોકરો છે, એ તારા દીકરાના જેવડો નથી. તારો દીકરો તો ઘણો મોટો છે. નાના બાળક સાથે કુસ્તી ખેલવા શા માટે આવ્યો ? તમે બાપ દીકરો બંને મૂર્ખમાં પણ મૂર્ખ છો. જેથી એક નાના બાળક સાથે લડવા આવ્યા છો, આમાં તમારી મોટાઈ શી છે ? હવે ઘેર જાઓ. એમાં જ તમારી સલામતી છે જ્યારે રામપ્રતાપજી આવી રીતે ડારો દીધો ત્યારે તે ગમાર કશું બોલ્યો નહીં. પછી તે બેભાન પડેલા વિપ્રને ઝોળીમાં નાખીને શહેરના બાળકો તેને ઘેર લઈ ગયા.

**● ભુવાનાદિન અને દિનાસંગનો અક્ષરવાસ**

તે દિવસથી આરંભીને તે વિપ્ર ભુવાનાદિન અને દિનાસંગને વેર વાળવા, મરાવી નાખવા, આવા આશયથી સતત રાત-દિવસ મનમાં દુઃખી રહ્યા કરતો હતો. ત્યાંનો ઈજારો રાખનારો કોઈ રાજા

હતો. તે એક વખત અયોધ્યા આવ્યો.

ત્યારે તે વિપ્રે કહ્યું, જે આ ભુવાનાદિન અને દિનાસંગ છે તે મહાશૂરવીર છે. તેના જેવો બીજો કોઈ યોદ્ધા તમારી સેનામાં નહીં હોય. બે હજાર સૈનિકોની સેનાને પણ આ બે જણ મળીને પહોંચી વળે એવા છે. અમારા નગરમાં રોજ તેઓ ચોકી-પહેરો કરે છે. પછી રાજાએ તે બંનેને બોલાવ્યા અને તેને પોતાની નોકરી કરવાનું કહ્યું. ત્યારે તેઓએ રાજાને કહ્યું, અમે કોઈના નોકર નહીં થઈએ. ત્યારે રાજાએ તેમને 'જાકારો દીધો' અને આ અયોધ્યાપુરી છોડીને ચાલ્યા જવાનું કહ્યું. ત્યારે તે બંનેએ કહ્યું અમે અહીંથી નહીં જઈએ. તમારા જેવા તો અહીં હજારો આવે છે. અમે કોઈનું-કાંઈ લેશમાત્ર પણ લેતા નથી. અને કોઈની સાથે કાંઈ કજિયો પણ કરતા નથી, અમારે કાંઈ ધનની જરૂર નથી, એટલે અમે કોઈના નોકર (ચાકર) થવાના નથી. એમ કરતાં થોડો સમય ગયો ત્યારે એક વખત રાજા હાથી ઉપર બેસીને લશ્કર સાથે બહાર રસ્તા ઉપર નીકળ્યો, તેની સાથે તેમના નોકર-ચાકરનો કોઈ પાર ન હતો. રામનવમીનો દિવસ છે એમ ધારીને સુંદર સજેલી સવારી સાથે નગર જોવા નીકળ્યો હતો. અદ્‌ભુત વાજિંત્રો વાગી રહ્યા હતા. ભુવાનાદિન અને દિનાસંગ, આ બંને પણ રાજાની સવારી જોવા આવ્યા હતા. મનને ભાવે તેવી મનોહર મૂર્તિરૂપ શ્રીહરિ પણ તેમની સાથે હતા.

રાજાના નોકર અતિ ઉન્મત્ત હતા, તેઓ નગરની નારીઓને દેખીને હસતા હતા. સહુએ ઢાલ અને તલવાર લીધેલા હતા. તે વખતે સ્ત્રીઓની સામે જોઈને હસવાને નિમિત્તે સામસામે બોલાચાલી થઈ. પછી ભુવાનાદિન અને રાજાના સૈનિકો પરસ્પર લડવા તૈયાર થઈ ગયા. આમને-સામને તલવારો ખેંચાણી, લડવાનું નિશ્ચિત થયું. ભુવાનાદિને એ સમયે કહ્યું કે, તમે શા માટે આમ કરી રહ્યા છો ? તમારા માર્યા અમે ક્યારેય મરવાના નથી.

આમ કહીને જે આવતા ગયા તેના ઉપર ઘા મારતા ગયા. ત્યારે રાજાએ બંદૂક (તુપક) ચલાવવાની આજ્ઞા કરી. તે વખતે શ્રીહરિ બધું જોવા માટે દોડીને ઝાડ ઉપર ચઢી ગયા હતા. પોતાના પરમમિત્ર તે

બંનેનો કાળ આવી રહ્યો હતો. રાજાના અનેક સૈનિકોને તે બંનેએ મારી નાખ્યા હતા. ત્યારે રાજાને મોતનો વિચાર આવ્યો અર્થાત્ ભય લાગ્યો, એટલે તે હાથી ઉપર બેઠા હતા તે ત્યાંથી દોડીને ભાગી નીકળ્યા. ભુવાનાદિન તેની પાછળ દોડ્યા. તેની જંઘા (પીંડી) ઉપર તલવારનો ઘા લાગ્યો. તેથી રાજા ભૂમિ ઉપર ઢળી પડ્યા. એટલે ચારે બાજુ હાહાકારનો શબ્દ થવા લાગ્યો. તે પછી તે બંને રાજાના બે કુંવરોને મારવા દોડ્યા. ત્યારે બંને રાજકુંવરોએ સામે હાથ જોડ્યા. બીજી બાજુ તે રાજકુંવરોને બચાવવા બીજા લોકો આવ્યા. રાજાના બંદૂકધારી સૈનિકોએ ચારે બાજુથી આવીને તે બંનેને ઘેરી લીધા અને ગોળીઓ મારી. તે બંને જમીન ઉપર બેસી ગયા.

પોતાને હાથે પિંડ (શરીર) ઉપર ઊનનો કામળો ઢાંકીને તે પછી બંનેએ પ્રાણ છોડ્યા. શ્રીહરિએ તેમના ઉપર કૃપાદૃષ્ટિ કરી. અને દિવ્યવિમાનમાં બેસાડીને તે બંનેને પોતાના ધામમાં પહોંચાડી દીધા. આગળ-ભવિષ્યમાં શ્રીહરિનો વિયોગ થવાનો જ હતો. તેથી તે બંનેનું આ વિઘ્ન શ્રીહરિએ ટાળી દીધું.

## સિદ્ધ ધુંધળીનાથ

પીપલાણામાં એક વેલો કરીને સોની હતો. તે રામાનંદસ્વામીનો શિષ્ય હતો. ને તેના ઉપર રામાનંદ સ્વામીની અત્યંત કૃપા હતી. તેવા વખતમાં કલ્યાણને અર્થે મુમુક્ષુજન સત્સંગમાં અવતાર લેતા હતા. તે વખતમાં વેલા સોનીને ઘેર એક દીકરો અવતર્યો . તે મહા કલેશી, મહા ક્રૂર અને સ્વભાવનો અતિ કરડો હતો, ને જે જન્મ્યો ત્યારથી બહુ રોતો. પછી એ છોકરો છ મહિનાનો થયો. તે વખતે તેની મા પાણી ભરવા ગઈ, એટલે વેલો સોની તેને હિંચકાવવા લાગ્યો. એટલે છોકરે ઘોડિયાની ડાંડિયે પગ મારવા માંડયા ને તોફાન કરવા માંડ્યું. આમ, છ માસના છોકરે એટલું તોફાન કર્યું. એ આશ્ચર્ય જોઈ વેલા સોનીએ છોકરાને તેડવાની ઈચ્છા કરી વાંકો વળીને તેને લેવા ગયો. તે વખત એ બાળકે લાત મારી. તે એવી જોરથી વાગી કે મોઢું ફરી ગયું એટલે આંખો મીંચીને

વેલો સોની બેસી ગયો. પછી એ છોકરાનીમા પાણી ભરીને આવી તેને વેલાએ વાત કરી, તે વખત તે વેલા સોનીની સ્ત્રી કહે જે, "હે પતિ, આ છોકરો ધાવે છે, તેમાં કોઈ વખત તો મારા સ્તન કરડે છે, ને ધુંબા એવા મારે છે કે મૂંઝારો આવે એવું કૌતુક કરે છે." તે સાંભળી વેલાએ વિચાર કર્યો કે, આ વાતને સદ્‌ગુરુ વિના કોઈ નહિ જાણે. માટે રામાનંદસ્વામી આખા ગામમાં આવ્યા છે. ત્યાં જાઉં પછી આખે ગયો. અને સ્વામીને પગે લાગી ને બેઠો. ત્યારે સ્વામી બોલ્યા, "ભક્ત કેમ આવ્યા છો ?" ત્યારે એ વેલા સોનીએ સર્વ વૃત્તાંતની વાત કરી દેખાડી, અને પછી તે વાત સાંભળી રામાનંદસ્વામી હસ્યા, પછી તે આખાના હરિભક્ત સહિત પીપલાણે પધાર્યા.

અને તે વેલાને ઘરે ગયા. તે વખત એ વેલા સોનીનો છોકરો ઘોડિયામાં સૂતો હતો. તેને સ્વામીએ જોયો. તે વખત તે ડોળો તાણવા લાગ્યો, ને એક નજરે સ્વામી સામે જોઈ રહ્યો. પછી સ્વામી બોલ્યા,"હે પાપી ! સાત જનમ થયા તોપણ સ્વભાવ ટળ્યો નહિ ? અને હવે મુક્ત થાવા સત્સંગમાં અવતાર લીધો તોપણ દુષ્ટ સ્વભાવ ન ટળ્યો ? માટે હે પાપી ! આ સ્વભાવ મૂક્ય, નહિ તો તારી દુષ્ટતા જશે નહિ."

પછી છોકરે બૂમો પાડવા માંડી અને રોવા લાગ્યો. પછી સ્વામીએ તેને માથે પગ મૂક્યો અને હાથ ફેરવ્યો. એટલે સ્વામી સામે એક નજરે જોઈ રહ્યો. પછી વેલા સોનીને કહે, "આને ઘોડિયામાંથી બહાર કાઢો." પછી તે છોકરાને બાર કાઢ્યો  અને સ્વામી ઢોલિયા ઉપર બેઠા હતા, તેની સામો ઉતરાદે મુખારવિંદે બેસાર્યો. પછી તે છોકરો પલોંઠી વાળીને બે હાથ જોડી સ્વામી સામું જોઈ રહ્યો. અને તે વખતે એ પીપલાણાના નરસીમહેતા નામે હરિભક્ત હતા.  તેણે ગુરુમહારાજને પૂછ્યું કે, "આ કોણ હશે ?"

ત્યારે સ્વામીએ વાત કરી કે, "કેટલાક વરસ ઉપર આ પૃથ્વીમાં એ સિદ્ધ હતો. અને એનો જન્મ વાળંદને ઘરે થયેલો હતો. અને તે ઘણો તપશ્વીને પ્રતાપી હતો. તેનું નામ ધુંધળીનાથ હતું. એક વખત ઢાંક (તા. ઉપલેટા, જિ. રાજકોટ) માં નાગાજણ જેઠવાને ઘરે તે ગયો હતો. અને તે

નાગાજણ જેઠવા તથા તેની રાણીએ ઘણી તેની સેવા કરી હતી. પછી તે સિદ્ધ પ્રસન્ન થયો. અને કહે જે, 'તું માગ્ય' એમ કહેતા નાગાજણ જેઠવો કહે જે, "મારે પુત્ર થાય." ત્યારે કહે જે, 'એકના બે થશે. એક પુત્ર મારો ને એક પુત્ર તારો તે પુત્ર બાર વરસનો થાય એટલે હું તારે ત્યાં આવીને લઈ જઈશ.' એમ કહીને તે સિદ્ધ હેમાળા પર્વત ભણી ચાલ્યો ગયો.

અને ત્યાં તેણે ઘણી તપશ્ચર્યા કરીને સ્વભાવ ટાળવા સારુ ઘણા ઉપાય કર્યા. અને તેણે પોતા જેવા ત્યાં ત્રાંસી ચેલા કર્યા. પછી તે ગિરનારની તળેટીમાં આવ્યો. અને ત્યાં થઈ તે ઢાંકમાં નાગાજણ જેઠવા પાસે ગયો. પછી રાજા અને રાણીએ હાથ જોડીને તેની સેવા કરવા માંડી. ને બેય દીકરા લાવીને આગળ મૂક્યા. પછી હાથ જોડ્યા. તેમાં મોટા દીકરાનું નામ 'મે જેઠવો' કરીને હતું ને નાના દીકરાનુંનામ 'સિદ્ધરાજ જેઠવો' કરીને હતું. પછી બે પુત્રને જોઈને તે કહે જે, 'આ બેમાંથી મને ક્યો ચેલો કરવા આપો છો ?'

ત્યારે નાગાજણ જેઠવો તથા એમની રાણી બેય (વિચારીને ક્હ્યું) કહે જે, 'જે તમારા ભેળો આવે તેને લઈ જાવ.' પછી મેં જેઠવાને કહ્યું કે, 'મારી સાથે હાલ.' ત્યારે તેણે ના પાડી. ત્યારે સિદ્ધરાજ જેઠવો કહે જે, 'હું આવીશ.' પણ તે રાજા તથા રાણીને સિદ્ધરાજ ઉપર બહુ હેત હતું, પણ તેણે તે જ વખત સિદ્ધરાજને ગુરુદીક્ષા આપી મુંડ્યો. ને તેનું નામ 'સિદ્ધનાથ' એવું પાડ્યું, ને તે ચોરાસીમો શિષ્ય કર્યો ને તે રૂપાળો ને સંતોષે યુક્ત ને શાંત સ્વભાવવાળો જોઈને પોતામાં જેટલી કરામત હતી, તેટલી બધી જ એને શીખવી.

પછી તે બંને વળા ગામ છે, તેનું નામ વિમલાપુરી કરીને હતું. અને ત્યાં ગામમાં રાજા રહેતો. પછી ધુંધળીનાથ ઈશાવળા ડુંગર ઉપર ગુફા છે. ત્યાં રહેતો. તે એવા આકરા સ્વભાવનો હતો કે, કોઈ તેની પાસે ટકી શકે નહિ. પછી તેની પાસે ચોરાસી ચેલા હતા. તેમાંથી ત્રાશી ચેલા નાસી ગયા. અને ચોરાસીમો સિદ્ધનાથ એક રહ્યો. ને તે વિમલાપુરીમાં ભિક્ષા કરવા જાય, પણ તે ગામ કૃપણ હતું. તેથી કોઈ ભિક્ષા આપે નહિ. પછી વરતેજ ગામ છે. તે જગ્યાએ ઝાડી હતી. તે

ઝાડીમાં ચંદનનાં ઝાડો હતાં. તેમાંથી લાકડાં કાપી એક શાહુકારને ત્યાં તેનો ભારો બાંધી વેચે. અને તે વખતે તે પૈસાના જે દાણા આવે તે રુવા કરીને એક કુંભાર હતી તેને આપે. તેનો તે કુંભારણ દળીને રોટલો કરી આપે, તે લઈ ધંધુળીનાથને ખવરાવે. ને પોતાને તો બે ત્રણ દિવસના કડાકા થાય. એવું કરતાં કરતાં ત્રણ વર્ષ વીતી ગયાં.

પછી એક વખત દિવાળીના નવા દિવસમાં કાળી ચતુર્દશીને દિવસ ચોસઠ જોગણીઓના રથ એ ઈશાવળા ડુંગર ઉપરથી નીકળ્યા. તે ધુંધળીનાથની ધૂણીનો ધુંવાડો તેના એક રથ ને લાગ્યો, તેથી ચોસઠે રથ ઈશાવળા ડુંગર ઉપર પડ્યા. તે વખત ચોસઠે જોગણિયો બોલિયું કે, 'આ મારો પીટ્યો ધુંધળીનાથ સિદ્ધનો દીકરો થયો છે. અને ત્રાંસી ચેલા ભાગી ગયા. પણ આ રાજા નાગાજણ જેઠવાનો દીકરો મુંડેલો તેને ઈંધણાના ભારા વેહેંચી વેહેંચીને માથામાં ટાલ પડી ગઈ. ને તેની કમાણીનો રોટલો ખાય છે. ને વળી સિદ્ધ બન્યો છે ને જાતિ સ્વભાવ તો મૂકતો નથી. બળ્યું એનું સિદ્ધપુણું.'

તે સાંભળી ધુંધળીનાથ ગમ ખાઈ ગયો. પછી ચોસઠ જોગણીયો પગે લાગીને હાથ જોડી ઊભી રહીયું. ત્યારે આણે પાણીની અંજલી છાંટી એટલે ચોસઠે રથ ચાલ્યા ગયા. પછી થોડીક વાર થઈ એટલે સિદ્ધનાથ ભાત લઈ આવ્યો, ને ભાત તેની આગળ મૂક્યું. ત્યારે પંડે ધુંધળીનાથે તેના સામું જોયું ને પાસે બોલાવ્યો. ને માથું જોયું ત્યારે ત્યારે ટાલ ભાળી, તે જોઈને તેના વૃત્તાંતની તમામ વાત પૂછી, એટલે સિદ્ધનાથે વિચાર કર્યો. જે વાત નહિ કરું તો મને બાળીને ભસ્મ કરી નાખશે.

પછી બોલ્યો કે, 'મહારાજ, આ ગામનો રાજા કૃપણ છે ને વસ્તી પણ કૃપણ છે. તેથી કોઈ ભિક્ષા આપતું નથી. અને તમને આ આશ્રમમાં બહુ સારું લાગ્યું, એટલે મેં તમારી પ્રસન્નતાને અર્થે કુહાડી રુવાં કુંભારણને ત્યાંથી લઈ આ વનમાંથી ચંદનનાં લાકડાં લાવી વેચીને દાણા આવતા, તે લઈને એ કુંભારણને ત્યાં દળાવી, રોટલા, શાક વિગેરે જે થતું તે તમને હાજર કરતો, કદી વધારે દાણા આપે તે દિવસ હું ખાતો, નહિ તો મારે ચાર-ચાર, પાંચ-પાંચ લાંઘણો થાતી. આજ મને સાત લાંઘણો થઈ છે.

પણ ગુરુની મરજી કેમ લોપાય ? આખર જો તમારી પાસે વાત કરું તો ઉલકાપાત થાય. માટે તમને આજ ખભર પડી એટલે તમે પૂછ્યું. માટે હવે કૃપા કરી કોપ કરશો મા.'

પછી રામાનંદસ્વામી નરસી મહેતાને કહે છે, "હે નરસી મહેતા, આ વાત સાંભળી જે સામી આ છ માસની મૂર્તિ બેઠી છે તેની આંખો રાતી બંબ જેવી થઈ ગઈ, ને મહા ક્રોધાયમાન થયો. ને કહે જે, 'સિદ્ધનાથ ! સાંભળ.' એમ કહી પત્ર હાથમાં લીધું ને કહે જે, 'આ સવા પોર દિવસ ચડ્યે વળા પટન સો દટન હોગા. ઓર માયા સો મીટી હો જાયેગી. તે સાંભળીને સિદ્ધનાથ થરથર ધ્રૂજ્યો ને કહ્યું કે 'મહારાજ, એ રુંવા કુંભારણ રોટલા ઘડી દેતી તેના શા હાલ થશે ?' પછી ધુંધળીમલ્લ સિદ્ધનાથને કહે જે, 'તું રુવાને ચેતવ. તે ભાગી જાય તે પાછું વાળી ન જુવે.' એમ કહેતા સિદ્ધનાથે ગામમાં જઈને એ રુવાંને કહ્યું. પછી એ રુવાં કુંભારણ, ને તેની દીકરી, ને એક દીકરો, ને એક પોઠિયો એ ચાર જણ ત્યાંથી ભાગ્યાં. ને સિદ્ધનાથ તે ઈશાવળા ડુંગરે આવ્યા. અને સૂરજનારાયણ ઉદય થયા કે ભોજપત્ર પછાડ્યું એટલે ચોરાસી પાટણ દટાઈ ગયાં અને કાળો કેર થયો. પછી ભાવનગર પાસે દરિયા કિનારે એ રુવાં કુંભારણ પહોંચી અને પાછું વાળીને જોયું કે, એ વાત સાચી છે કે ખોટી છે ? તેમ જોતાં વેંત જ એ પથ્થરની બની ગઈ ને ત્યાં પડી. ને ધુંધળીનાથ ને સિદ્ધનાથ આ બંને ગુરુ ને શિષ્ય પોતાની સિદ્ધાઈ થકી આકાશ મારગે ઊડ્યા. તે જે જગ્યાએ રુવાં કુંભારણ પાષાણની થઈને પડી હતી, તે જગ્યાએ આવ્યા. ત્યાં સિદ્ધનાથ કહે કે, 'ગુરુ આ રુવાંના તો બેહાલ થઈ ગયા છે.' પછી ગુરુ હેઠા ઊતર્યા ને જુવે છે તો રુવાં પથ્થરની થઈને પડેલી જોવામાં આવી.

પછી કહે જે, 'કળજુગમાં જા પૂજાશે.' એમ કહીને કહ્યું જે, 'હવે સિદ્ધનાથ આપણે તો બદરિકાશ્રમમાં જઈને તપ કરશું.' એમ કહી સિદ્ધનાથને લઈ તે હિમાલય પર્વત ઉપર ચાલ્યા. ને હિમાલયના મધ્યે ગયા ત્યાં આ પાટણનો નાશ કર્યો તે પાપનું પ્રાયશ્ચિત લાગ્યું. તેથી હિમાલય પર્વતમાં, હે નરસી મહેતા ! મૂર્તિ બેઠેલી છે તે ગળી ગઈ.

ને સિદ્ધનાથ બદરિકાશ્રમમાં ગયો. ને તે ધુંધળીનાથના પાપથી છૂટ્યો.

ધુંધળીનાથને સિદ્ધાઈના ને તપશ્ચર્યાના પ્રતાપથી પોતાને પોતાની ઓલ્યા જન્માંતરની સ્મૃતિ રહી. એટલે નરકમાં તો ન પડ્યો, પણ છ જનમ લેવા પડ્યા. અને તેણે સિદ્ધાઈથી તથા તપશ્ચર્યાના બળથી આ સત્સંગમાં જન્મ લીધો છે. તો પણ સ્વભાવ ટળ્યો નહિ. હવે એના સ્વભાવનો અમારા દર્શનના પ્રતાપથી નાશ થઈ ગયો. માટે હવે સત્સંગમાં ફરીથી જન્મ લેશે અને ભગવાનની પ્રાપ્તિ થશે. તેથી તેને માથેથી જનમ-મરણ ટળી જાશે.''

એક કહીને તે બાળકની પોતાની એક દૃષ્ટિ કરી. તે જ વખત તે બાળકનો દેહ છૂટી ગયો. અને સુખડનાં લાકડાંમાં અગ્નિસંસ્કાર કરવાની આજ્ઞા કરી.

## માણકીનો વછેરો

એક વાર દાદા ખાચરની માણકી ઘોડીને વછેરો આવ્યો. તે વછેરો બહુ રૂપાળો આવ્યો, તે મહારાજને દેખાડ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, ''આ વછેરો અમારે ફેરવવા રાખવો છે, તેથી આને સારી પેઠે ખવરાવો.'' પછી એ વછેરાને તો બહુ ખવરાવવા માંડ્યું, તે થોડાક દિવસમાં મોટો થઈ ગયો.

પછી ચાલક પાસે ફેરવવા માંડ્યો. ત્યારે કોઈ સોદાગર આવ્યો, તેણે સત્તરસો રૂપિયામાં એ ઘોડો માંગ્યો. ત્યારે મહારાજને પૂછવા ગયા જે, ''ઘોડાના બહુ રૂપિયા આવે છે, તે આપશું ?'' ત્યારે મહારાજ કહે, ''એ ઘોડો તો અમારે ફેરવવા રાખ્યો છે, વેચવા નથી.'' પછી એ ઘોડો ફેરવી તૈયાર કરી મહારાજ પાસે લાવ્યા. ત્યારે મહારાજ કહે, ''એ ઘોડા ઉપર શખલાદી (ગાદી વગેરે) સામાન નાંખો, અમારે ચડવું છે.''

પછી સારો સામાન નાંખી મહારાજ પાસે લાવ્યા. ત્યારે મહારાજ ભેટ બાંધીને એ ઘોડા ઉપર ચડીને દરબારમાં લીંબડા ફરતો કુંડાળે નાખવા માંડ્યો. તે ફેરવતાં ફેરવતાં ઘોડાને રેબઝેબ પરસેવો વળી ગયો, ને મહારાજને પણ રેબઝેબ પરસેવો વળી ગયો. પછી ઘોડેથી હેઠા ઉતરીને

કાઠીનો એક માગણ ઊભો હતો. તેને બોલાવીને એ ઘોડો તેને પાહા (ભેટ) આપી દીધો. ત્યારે દરબારમાં સૌ બાઈભાઈ ઉદાસ થઈ ગયાં. તે કોઈ બોલેય નહિ ને કોઈ ચાલેય નહીં; એવી સૌની સુનકર દશા થઈ ગઈ.

**● શ્રીહરિએ વછેરાના પૂર્વ જન્મની વાતથી સૌની ઉદાસી ટાળી**

પછી સાંજે સભા કરીને મહારાજ બેઠા. ત્યારે તો સાંજે પણ સૌને ઉદાસ દેખીને મહારાજ બોલ્યા જે, ''આ ઘોડો અમે આપ્યો તેમાં તમે સૌ ઉદાસ થઈ ગયા છો, પણ તમને કાંઈ ખબર છે ? એ ઘોડો કોણ હતો ?'' એમ કહીને ભગુજીને બોલાવીને પૂછ્યું જે, ''આપણે ગામથી આવતા હતા, ત્યારે આપણને બાવે તાણ કરી હતી, તે વાત કરો.''

ત્યારે ભગુજીએ એ સભામાં વાત કહેવા માંડી જે, ''એક વાર મહારાજને હું એ બેય ગામ હતા. ત્યાંથી આવતા હતા, તે એક ગામને પાદર બાવાનો મઠ હતો. તેમાં ઝાડ સારાં હતાં. તે ઝાડને છાંયે અમે બેય ઊભા રહ્યા. ત્યારે એ બાવે આવીને રોટલા જમવાની તાણ કરી, પણ મહારાજ કહે, 'અમે નહિ રહીએ.' એમ કહીને મહારાજ ચાલ્યા. ત્યારે એ બાવો આડો આવીને માર્ગમાં બેઠો. ત્યારે મહારાજે માર્ગ ફેરવીને ઘોડા ઉપાડી મેલ્યા. ત્યારે બાવાથી પહોંચાય તેવું ન રહ્યું. પછી બાવે તો પોક મેલીને ઊંચે સાદે રોવા માંડ્યું. તે રોતો જાય ને કહેતો જાય જે, 'બાપલિયા ! આ સ્વામિનારાયણ માંડ કરીને મારી જાયગામાં આવ્યા હતા ને મારે જમાડવા હતા, પણ રહ્યા નહીં; તે હવે હું શું કરું !'' એમ કહેતો જાય ને રોતો જાય, ને મહારાજ પણ સાંભળતા જાય. પછી મહારાજ ને હું ગઢડે આવ્યા.'' એટલી વાત ભગુજીએ કરી.

પછી મહારાજ બોલ્યા જે, ''એ બાવે અમને અંતર શુદ્ધે (શુદ્ધ હૃદયથી) તાણ કરી ને છતાં અમે ન રહ્યા તેથી બહુ રોયો. તે અમને તો દયા આવી હતી, પણ એ બાવો બહુ કામી હતો, તે સારું અમે એની જાયગામાં રહ્યા નહીં. પછી એ બાવાનો દેહ મુકાવીને એનો જીવ હતો, તે આ માણકીનો વછેરો કર્યો છે. તે વછેરો આ માગણને આપ્યો. તે હવે એ વાલીઘોડો કરશે એટલે દેશદેશથી ઘોડીઓ એ ઘોડા પાસે આવશે. એમ એની વાસના પૂરી કરાવીને પછી તેને સત્સંગમાં જન્મ ધરાવીને

એને મારા ધામમાં મોકલીશ.'' એમ વાત કરી.

પછી મહારાજ બોલ્યા જે, ''એ બાવાની ખબર કઢાવો, કયે દિવસ એણે દેહ મૂક્યો છે ?'' પછી ખબર કઢાવી તો જે દિવસ એ બાવે દેહ મૂકેલ તે જ દિવસ એ માણકીને ગર્ભ રહેલો.'' એ વાત જ્યારે મળી, ત્યારે સૌની ઉદાસી મટી ગઈ.

## સૂર્યના સપ્તમુખી ઘોડાએ અવતાર ધર્યો

ઉગમણા બારના ઓરડાથી દક્ષણાદિ બાજુના એ રસોડાથી દક્ષણાદિ કોરે ઘોડશાળ હતી. તેમાં ઘોડા બાંધતા હતા. તેમાં એક માણકી ઘોડીએ ઠાણ દીધું (વિયાણી). તેમાં એક ઘોડો આવ્યો. તે ઘોડાનો રંગ મોરની ડોકના જેવો હતો અને તે ઘોડો બહુ રૂપાળો ને બહુ ચંચળ ને ચાલાક હતો. પછી પૂર્વદિશના સોદાગર આવ્યા ને તે ઘોડાને જોયો. ને ઉત્તમરાજા પાસે ત્રણ હજાર રૂપિયે માગી લેવા ઠર્યો.

પછી મહારાજ પોઢ્યા હતા. તે ઊઠીને ઘોડશાળમાં આવ્યા અને ઉત્તમરાજાને બોલાવ્યા અને કહ્યું કે, ''ઘોડો વેચો છો કે ?'' ત્યારે તે કહે, ''હા મહારાજ, તમને પૂછવાની વાટ છે.'' ત્યારે મહારાજ કહે, ''આ ઘોડાને વેચવાનો નથી. એ તો સૂરજનારાયણના સપ્તાસ (સાત મુખી) ઘોડાએ અવતાર લીધો છે. અને એ ઘોડા ઉપર અમે ચડીએ એટલા સારું અહીં જનમ ધર્યો છે અને તે ઘોડો અમે અસવારી કર્યા પછી થોડા જ દિવસ જીવશે. અહીં જે જીવ આવે છે, તે તમામ મુક્ત જ હોય છે. એને અવતાર લેવાનું એટલું જ કારણ છે જે, અમારું દર્શન, સ્પર્શ ને પ્રસાદ એ ગ્રહણ કરવા સારું અહીં પ્રગટ થાય છે. માટે આ ઘોડો વેચવો નહિ.'' એમ મહારાજ શ્રીમુખે બોલ્યા.

તે સાંભળી ઉત્તમરાજા કહે, ''બહુ સારું મહારાજ.'' પછી મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા. ને એ માણકિયો ઘોડો ઉત્તમરાજાને સપ્તાસ ઘોડારૂપે દેખાણો. તે આશ્ચર્ય જોઈ ઘણા વિસ્મય પામ્યા અને પોતે ધન્ય ધન્ય માની મહારાજનો મોટો મહિમા જાણતા હતા. એવું તે જગ્યાએ ચરિત્ર કર્યું છે.

**• સપ્તમુખી ઘોડાનો મહારાજે ઉદ્ધાર કર્યો**

એક વખત મહારાજ ઘોડશાળના ફળિમાં આવી એ સપ્તાસ માણકિયા ઘોડા ઉપર ચડી ફેરવ્યો અને પોતે ઘણા રાજી થયા ને પ્રસાદીનો જમેલ લાડવો તેને ખવરાવ્યો. ને પંદર દિવસ સુધી એ ઘોડાને એ જ ફળિયામાં ફેરવ્યો ને હંમેશાં બે લાડવા આપે.

પછી એક દિવસ ઘોડાની ચાકરી કરવાવાળો રાઠોડ ધાધલ મહારાજ પાસે આવી કહે જે, ''એ ઘોડો આજે માંદો છે.'' એવું સાંભળી મહારાજ ઘોડશાળની ઓસરીએ આવ્યા ને જુએ તો એ ઘોડાને પેટમાં પીડા થઈ હતી. તેથી પ્રસાદીનું પાણી કરી તાંસળીમાં ભરીને પાયું એટલે પાણી પીતા વેંત ઘોડો નીચે પડ્યો ને મરી ગયો. ને બધાય માણસ જુએ છે તેટલામાં એ ઘોડાના મોઢામાંથી તેજનો અંબાર નીકળ્યો, તે આકાશ માર્ગે ચાલ્યો ગયો. એમ ચાલીશ વ્યક્તિઓએ નજરે ભાળ્યું. એવી રીતે એ ઘોડાએ દેહત્યાગ કર્યો અને ભગવાનના ધામમાં ગયો. તે જોઈ હજારો માણસ ઘણું આશ્ચર્ય પામ્યા.

## રામબાઈ જળદેવકીનો અવતાર હતા

એક વખત લક્ષ્મીબાગ સીતારામ મહારાજને જીવુબાઈએ આપ્યો પછી હરજીભાઈ અને ઉકોભાઈ મહારાજ પાસે આવ્યા ને કહે 'મહારાજ ! બાગ તો સીતારામ મહારાજ ગાદીએ બેઠા હતા ત્યારે આપ્યો હતો હવે અમારે બાગ કરાવવો છે માટે કૂવો નથી તે ગળાવી દિયો તો સારું' ત્યારે મહારાજ કહે 'તમે કહો ત્યાં ગળાવી આપીએ' ત્યારે કહે 'તમે ભેળા ચાલો' પછી મહારાજ તૈયાર થઈ ઘોડી ઉપર ચડી ભેળા ચાલ્યા તે ભક્તિબાગ સામો કૂવો છે તે જગ્યાએ આવી હરજીભાઈ તથા ઉકોભાઈ ઊભા રહ્યા, પછી મહારાજે જોયું અને તેજ વખતે કૂવો ખોદવાની આજ્ઞા કરી પછી બે મહિના સુધી સાંજે સાંજે મહારાજ ઘોડીયે ચડી રોજ જાતા ને ઉગમણીકોરના ને આથમણીકોરના બેય ઢોરા ઉપર બેસતા ને નાના પ્રકારના મેવા જમતા ને ગાળનારાઓને પ્રસાદી આપતા. બે મહિને કુવો ગળાઈ રહ્યા પછી તે વાત હરજીભાઈએ જીવુબાઈ આગળ કરી ને તે

કુવાથી ઉત્તરાદું એક ખોરડું હતું તેમાં જીવુબાઈએ હરિસાની રસોઈ કરી મહારાજને તથા પરમહંસ, બ્રહ્મચારી, પાર્ષદો, હરિભક્તો વગેરે સર્વેને જમાડ્યા અને ધર્મકુળનો ચોકો હતો ત્યાં પણ મહારાજે રેલમ શેલમ કરીને દહીં દૂધ જમાડ્યાં અને મહારાજની માણકી ઘોડી માથે માંડવાસારું પલાણ અને કીનખાપનો ઘાંશીયો અર્પણ કર્યો ને અયોધ્યાવાસી ને દસ ગાયો આપી પછી હરજીભાઈ કહે 'મહારાજ ! જળદેવકીને સંભારતાં ભૂલી ગયા' ત્યારે મહારાજ કહે 'આ તારી દીકરી રામબા જળદેવકી છે' એ વખતે રામબા સામું જોયું ત્યાં ચતુર્ભુજરૂપે દેખાણાં તે હાથમાં કળશે કરીને મહારાજનાં ચરણારવિંદ ધોતાં જાય છે ને બે હાથે કરીને મહારાજનું ચરણામૃત પાન કરતાં દેખ્યાં તે જોઈ હરજીભાઈ ઘણો આનંદ પામ્યા. પછી ઉકોભાઈ કહે 'મહારાજ ! ઘઉં વગેરે આ વાડીમાં સારું થાશે'' ત્યારે મહારાજ કહે ''જે વાવશો તે સારું જ થાશે'' તે વખતે હરજીભાઈ કહે ''મહારાજ ! લાડુબા પણ કહે છે જે મારે પણ બાગ કરાવવો છે માટે આ ઉગામેડીને મારગે બીજો કૂવો કરાવી આપો'' પછી મહારાજે હા પાડી અને તે જગ્યાએ જઈને કહે 'સવારે મુહૂર્ત કરશું' એમ કહી તે જગ્યાએ ઘોડી થોડી વાર ઊભી રાખી પાછા દરબારમાં પધાર્યા.

## ગોપીઓ કચ્છમાં સત્સંગી થયા

શ્રીનિલકંઠ બ્રહ્મચારી તે કેટલેક દિવસે શ્રીરંગક્ષેત્રમાં જઈને બે માસ પર્યંત રહેતા હતા અને વૈષ્ણવો સાથે સંવાદ કરતા સતા તેમને વિષે જે દુરાચાર તેનો ત્યાગ કરાવતા હતા. પછી ત્યાં થકી ચાલ્યા તે સુંદરરાજ નામે જે વિષ્ણુ તેમનાં દર્શન કરીને, ત્યાં થકી ચાલતા થકા માર્ગને વિષે એક ઘોર વન આવ્યું તેને ઉલ્લંઘીને આગળ ચાલ્યા, તે ભૂતપુરીને પામ્યા અને ત્યાં શ્રીરામાનુજ આચાર્યની પ્રતિમાનું દર્શન તથા પૂજન કરીને ત્યાં થકી પદ્મનાભ ગયા અને ત્યાંથી જનાર્દન ગયા અને ત્યાંથી આદિકેશવ નામે જે વિષ્ણુ તેમનાં દર્શન કરીને, ત્યાં થકી ચાલ્યા તે મલયાચલ નામે જે કુલગિરી તેને પામતા હતા અને સાક્ષીગોપાલ નામે જે વિષ્ણુ તેનાં દર્શન કરતા થકા ત્યાં પાંચ દિવસ રહેતા હતા અને ત્યાંથી ચાલ્યા જે

નિલકંઠ બ્રહ્મચારી તે કેટલાક દિવસે બુરાનપુર શહેર આવ્યું. તે શહેરની સમીપે વહેતી જે તાપી નદી તેના રાજઘાટે સ્નાન કરીને એક મોટી પથ્થરની શીલા ઉપર બેસીને પોતાનો નિત્યવિધિ કરતા થકા, શ્રી ઠાકોરજીની સેવા કરવા લાગ્યા. તે સમયે જીનાવાદના આહિરોની કેટલીક સ્ત્રીઓ દહીંના ગોરસાં લઈને શહેરમાં વેચવા માટે જતી હતી. તે શ્રી નિલકંઠ બ્રહ્મચારીને પૂજા કરતા જોઈને, આ બાવો કોઈ મહાતપસ્વી અને ચમત્કારી છે એમ જાણીને પૂછ્યું જે, હે જોગીરાજ ! કંઈ જમશો ? ત્યારે શ્રી નિલકંઠ બ્રહ્મચારીએ કહ્યું જે, શું આપશો ? ત્યારે તેણે કહ્યું જે, અમારી પાસે દહીં છે. ત્યારે કહે બહુ સારું, લાવો. પછી અતિ પ્રેમથી પોતાના ગોરસમાંથી દહી કાઢીને આપતી હતી. તેને નૈવેદ્ય કરીને પોતે અતિ સ્નેહથી જમી તૃપ્ત થઈને સર્વે સ્ત્રીઓને પોતાનું શ્રીકૃષ્ણ રૂપે દર્શન દેતા હતા. ત્યારે તો અતિશય સ્નેહ થકી તે સર્વે દહીનાં ગોરસાં તેમની પાસે મૂકીને વિનંતીપૂર્વક પગે લાગીને બોલી જે, અહો હે મહારાજ ! તમો તો સાક્ષાત્ કાનજી છો. તે આ સર્વે અમારું દહીં જમીને અમારું કલ્યાણ કરો. તેવું સાંભળીને તત્કાળ પોતે જેટલાં ગોરસાં હતાં તે સર્વે દહીં જમતાં થકા બોલ્યા જે,

**પછી બોલ્યા છે ભૂધરભ્રાત, કૃપા દૃષ્ટિ કરીને સાક્ષાત્,**
**સુણો તમે સહુ ગોપીજન, અમે કહીએ છીએ સત્યવચન,**
**કચ્છમાં પામશો અવતાર, અમારો જોગ થાશે તે,**
**કામ તમારી આપદાને હરિશ, વળી રૂડું કલ્યાણ કરીશ.**

હે ગોપીઓ ! તમો પાછાં કચ્છ દેશને વિષે જન્મ પામશો તેથી અમારો યોગ થશે. ત્યાં હું તમારું સર્વેનું કલ્યાણ કરીશ. એવી રીતનો વર પામીને તે સર્વે સ્ત્રીઓ મહા આશ્ચર્ય પામતી થકી પોતાના ઘેર જતી હતી.

## ● કૃષ્ણ અવતારની ગોપીઓ

શ્રીજીમહારાજ જ્યારે જ્યારે વડતાલ પધારે ત્યારે ગામ નાવલીની બે-ચાર બાઈઓ મહારાજનાં દર્શન કરવા આવતી એકવાર મહારાજ સમૈયો કરીને વડતાલથી કાઠીના સવારોએ સહિત ચાલ્યા તે નાવલી ગામને પાદર આવ્યા ત્યારે તે સિપાઈની બાઈઓ આડી ફરીયુંને

મહારાજને પગે લાગીને બોલીયું કે 'આ મુખારવિંદનાં દર્શન ફરી ક્યારે થશે ?' એમ કહી આંખોમાંથી ચોધારાં આંસુ પાડવા લાગીયું. ત્યારે મહારાજ બોલ્યા કે 'બાઈઓ અમને જાવા દો, અમે જ્યારે વડતાલ આવશું' ત્યારે તમને ખબર આપશું' ત્યારે તે બાઈઓ રસ્તામાંથી એક બાજુ ઊભી રહીયું ને મહારાજ તથા કાઠીઓ ચાલ્યા ત્યારે તે બાઈઓ બોલીયું કે 'હે સ્વામિનારાયણ ! અમારી નજર રાખજો' એમ ત્રણ વાર કહ્યું ત્યારે મહારાજે પણ તેમને ત્રણ વાર જવાબ આપ્યો કે, 'ભલે નજર રાખીશું' પછી આગળ ચાલ્યા ત્યારે સુરા ખાચરે મહારાજને, પૂછ્યું કે 'હે મહારાજ, તમે તેની શું નજર રાખશો ?' ત્યારે મહારાજ કહે, 'હું તેમનું તમારી બરોબર કલ્યાણ કરીશ કારણ કે તમારે માથે મોટાં મોટાં પાઘડાં છે પણ તેમણે તમને ન કહ્યા ને અમને કહ્યા ને અમને ભગવાન જાણ્યા તેથી તમારી બરોબર હું તેમનું કલ્યાણ કરીશ' ત્યારે કાઠીઓ કહે 'મહારાજ તમે તે ભગવાન છો જે ચાહો તેમ કરો, પછી મહારાજ કહે 'એ બાઈઓ અમારા કૃષ્ણાવતાર વખતે ગોપીયો હતી પણ તેમને અમારો સંબંધ થયો નહોતો પણ અમારામાં હેત હતું તેથી તેમણે અમારાં દર્શન માટે અહીં જન્મ લીધા છે.' એમ વાતો કરતા ચાલ્યા ને કેટલેક દિવસે ગઢડે પહોંચ્યા.

## શ્વેતદ્વીપ - બદરિકાશ્રમના મુક્તો

એક સમયે ઘનશ્યામ મહારાજ પોતાના બાળમિત્રને સાથે લઈને ઈશાન ખુણામાં રમતા સતા, ભદુહા આંબા તળે જઈને સંતાકુકળીની રમત રમવા લાગ્યા. તે રમતાં રમતાં થાક લાગ્યો એટલે તે રમત બંધ કરીને આંબાની નીચે રેતીનો મોટો ઢગલો કરીને તે ઉપર પોતે બિરાજમાન થયા અને સર્વે બાળમિત્ર આસપાસ બેઠા. તે વખતે આકાશમાર્ગેથી ભગવાનના અનંત પાર્ષદ આવતા હતા. તે પોતાના હાથમાં કેશરચંદનના ભરેલા કટોરા તથા ફૂલના હાર લઈને પ્રેમપૂર્વક ઘનશ્યામ મહારાજની સમીપે આવીને નમસ્કાર કરી પૂજા કરતા હતા, અને કેશચંદન ભાલને વિષે ચર્ચીને પુષ્પના હાર પહેરાવતા હતા. એવી

રીતે પૂજા કરીને બોલ્યા જે, હે સ્વામિન્ ! આજે તમારાં દર્શન થયાં તેથી અમો કૃતાર્થ થયા છીએ. તેવું સાંભળીને પોતે પ્રસન્ન થઈને આશીર્વાદ આપીને બોલ્યા જે

**એવું સુણી થયા છે પ્રસન્ન, બોલ્યા છે બલવંત વચન,**
**કાઠિયાવાડે આવજ્યો આપ, થાશે ત્યાં આપણો જે મેળાપ,**
**ચિન્મયાનંદ, તત્ત્વાનંદ, એ આદિ નામો દેશુ આનંદ,**
**પાસે રાખશું પોતાનાકરી, એવું વચન આપ્યું શ્રીહરિ,**

તમો પાછા કાઠિયાવાડ દેશમાં આવજો. ત્યાં અમારો મેળાપ થશે. તમો સર્વેને તત્ત્વાનંદ મુનિ તથા ચિન્મયાનંદ મુનિ એ આદિક અમારા પરમહંસ બનાવીને રાખીશું. એવી રીતનો આશીર્વાદ પામીને આકાશમાર્ગે અદશ્ય થઈ ગયા. તેવું ઐશ્વર્ય જોઈને વેણીરામ પૂછવા લાગ્યા જે, હે ઘનશ્યામભાઈ ! એ આવ્યા તે કોણ હતા ? ત્યારે બોલ્યા જે, એ તો શ્વેતદ્વીપ તથા બદ્રિકાશ્રમ ધામના મુક્તો અમારાં દર્શન કરવા આવ્યા હતા, તે પૂજા કરીને પાછા ગયા. એમ કહીને ઘેર આવ્યા. ત્યારે તે વાર્તા વેણીરામે, ધર્મભક્તિ આદિક સર્વે છપૈયાપુરવાસીને કહી. તે સાંભળીને સર્વે અતિશય આનંદ પામતાં હતાં.

## નુરસિંહ ભગવાન તથા શંકર ભગવાન

એક વખતે મહારાજ આંબા વાવ્યા હતા, તે જગ્યાએ ઘોડીએ ચડી રોજ જાતા ને બે બે કલાક નિવૃત્તિથી ત્યાં ઘોડાના ઘાશીયા ઉપર બેસતા ને સાંજ વખતે ન્હાવા પણ જાતા ને તે વાડીના મુખીયા તરીકે ગોવિંદદાસ અને કપિલદાસ એ બે પાળાઓને મોકલ્યા હતા. પછી એક દિવસ કપિલદાસે આવી કહ્યું જે ''શિયાળીયાં આવી આંબાને કાપી નાખે છે'' પછી મહારાજ કહે ''સદાનંદને ત્યાં તેડી જાઓ તે બંધ કરશે'' પછી સદાનંદ સ્વામી ત્યાં ગયા ત્યાં તો રાત્રિએ શિયાળીયાનું ટોળું વાડીમાં ચીભડાં વાવ્યાં હતાં તે ખાવા આવ્યું તે વખતે સદાનંદ સ્વામીએ તેનાં નાડી પ્રાણ ખેંચી લીધાં તેથી પાસઠ શિયાળીયાં તે જગ્યાએ પડી રહ્યાં. પછી સવારે મહારાજ ત્યાં આવ્યા ને શિયાળીયાંને પડ્યાં દેખીને કહ્યું

જે ''આ તમે શું કર્યું ?'' ત્યારે સદાનંદ સ્વામી કહે ''એને બદ્ધ અળસાવી મહાદશા પમાડ્યાં'' પછી મહારાજ કહે ''આ વાતની ગામમાં ખબર પડશે તો ખોટું દેખાશે માટે ઝટ જીવતાં કરો'' ત્યારે કહે ''પાળાને મોકલો એટલે ઊંધાં પડી ગયાં છે તે સરખાં બેસતાં કરી આવે'' પછી સમાં કર્યાં ત્યાર પછી સદાનંદ સ્વામીએ ચપટી વગાડીને પોતાનું ભયંકર સ્વરૂપ દેખાડ્યું તેથી શિયાળીયાં ઊઠીને ભાગ્યાં તે પોકાર કરતાં જાય ને પાછું વાળી જોતાં જાય તે ખેપટ ગયાં. તે ટાંણે સદાનંદ સ્વામી તેને બોલાવવા લાગ્યા પણ તેમનું ભયંકર સ્વરૂપ જોયું તેથી બધાં વયાં ગયાં. તે જોઈ મહારાજ ઘણા પ્રસન્ન થયા ને સદાનંદ સ્વામીને કહ્યું જે ''આજ તમને થાળ આપશું'' તેટલામાં થાળ આવ્યો તે મહારાજ જમ્યા ને તે પછી કપિલદાસ, ગોવિંદદાસ અને સદાનંદસ્વામી એ સર્વને થાળ આપ્યો ને ત્યાં મહારાજ સાંજ સુધી રહ્યા તે તમામ જમીનમાં આંબા વગેરે મહારાજે પોતે નખાવ્યા હતા તે તમામ જમીન ઘણી પ્રસાદીની છે. તે જગ્યાથી દક્ષિણાદિ કોરે સદ્‌ગુરુ સ્વરૂપાનંદ સ્વામી તથા ભાઈ રામદાસજીને અગ્નિસંસ્કાર કરવા મહારાજ ભેળા ગયા હતા ને ત્યાં તે બેયના વૃત્તાંતની કેટલીક વાત કરી હતી ને એમ બોલ્યા હતા જે ''જાતે દિવસે આ જગ્યા ઉપર એવું થાશે કે, આ સ્વરૂપાનંદ સ્વામી નૃસિંહજીનો અવતાર છે તે નારસિંહી શીલા કહેવાશે ને ભાઈ રામદાસજી શંકરનો અવતાર છે તે શરભેશ્વર મહાદેવ કહેવાશે. આ વખત અમારા તેજ બળથી કાંઈ જણાતું નથી પણ પાછલે દિવસે શરભેશ્વર અને નારસિંહી શીલાનું મહાત્મ છે તેવું થાશે'' એટલી વાત કરીને મહારાજ દરબાર ગઢમાં પધાર્યા.

## હિરુબાઈ

એક વાર શ્રીજીમહારાજ નિલકંઠવર્ણી રૂપે ગોપનાથથી પીપરલે ગામ આવ્યા ત્યાં જાનબાઈ અને તેમના પુત્ર હરજી ઠક્કર કાચા સીધાનું સદાવ્રત આપતા. ત્યાં મહારાજ ગયા ત્યારે જાનબાઈ એ લોટ આપ્યો. ત્યારે શ્રી નિલકંઠવર્ણી બોલ્યા અમને તો પાકું સીધુ આપો. ત્યારે જાનબાઈએ એક રોટલો કરી આપ્યો અને મહારાજ તે જમ્યા. તે જ્યારે જમવા માટે

રોટલાનો કોડિયો કરી મુખમાં મુકવા ગયા ત્યારે જાનબાઈને મુખમાં અનંત કોટિ બ્રહ્માંડોની રચના દેખાઈ. તેથી તે આશ્ચર્ય પામ્યા ને વર્ણી જ ભગવાન છે એમ માની સેવા પૂજા કરી. ત્યાં મહારાજ બે દિવસ સુધી રોકાયા અને જાનબાઈની સેવાનો સ્વીકાર કર્યા છે. જાનબાઈની રહેણી-કરણી બ્રાહ્મણ જેટલી પવિત્ર હતી. મહારાજ જમાડવાની અંતરમાં ખૂબ જ ઈચ્છા હતી અને વર્ણી ત્યાં રોકાય તેવી પણ ઈચ્છા હતી, પરંતુ મહારાજ ત્યાં રોકાયા નહીં તેથી જાનબાઈની ઈચ્છા અધૂરી રહી.

થોડા સમય હરજી ઠક્કરની મા ગામનો ત્યાગ કરીને ગઢપુરમાં રહ્યા ને મહારાજને અર્થે હજારો રૂપિયાની સેવા કરી. એક વાર મહારાજ સારું ઉનું પાણી કરવા મોટો ચરું મોકલ્યો ત્યારે તેને મોટે દીકરે કહ્યું 'નાનો દેવો હતો, મોટો શા સારું દીધો ?' ત્યારે તેની મા કહે 'મહારાજની સેવામાં તું આડ્ય કરે છે માટે મારે તારું કામ નથી' એમ કહીને રજા દીધી તે તળાજે જઈને રહ્યો ને ડોશીએ જીવ્યાં ત્યાં સુધી તેનું મોઢું ન જોયું, ને ડોશીને એમ ઘાટ થાય જે 'મેં મહારાજની સર્વે સેવા કરી પણ મારે હાથે રસોઈ કરીને મહારાજને જમાડી શકી નહીં' પછી તેનો દેહ પડી ગયો ત્યારે મહારાજે ગઢપુરમાં દાદાખાચણના દરબારમાં પાંચુબાની દિકરી હિરુબાઈ રૂપે જન્મ ધરાવ્યો. પછી કોઈક દિવસે મહારાજે હરજી ઠક્કરને કહ્યું, 'તારી માને તું ઓળખ ખરો ?' ત્યારે તે કહે 'એને એ વેશે હોય તો ઓળખી શકું' ત્યારે મહારાજ કહે 'આ છોડી તમારી મા છે, તેને અમને જમાડવાની વાસના હતી તે સારું આ દરબારમાં જન્મ્યાં છે તે મોટાં થઈ રસોઈ શીખીને અમને જમાડશે એટલે દેહનો ત્યાગ કરીને અમારા ધામમાં જાશે' એમ શુભ વાસના પણ જન્મ ધરાવે એવી છે.

એક વાર ગઢડામાં પાંચુબાને એક દીકરી જન્મી તેને બે-ત્રણ વરસ થયાં, તેને મહારાજ વારે વારે બોલાવે, પ્રસાદી આપે ને હેત દેખાડે એમ કરતાં થોડાં વર્ષ થયાં કેડે તેણે દેહ મેલ્યો તે સમે શ્રીજી મહારાજ અનંત વિમાન લઈને તેડવા આવ્યા ને તેને અક્ષરધામમાં તેડી ગયા. પણ એની ઉપર પાંચુબાને હેત બહુ તે રોયા જ કરે. તેથી મહારાજ રીસાઈને રાધાવાડીયે ગયા તે કેડે હીરુબાઈએ મૂર્તિમાન આવીને પાંચુબાને કહ્યું

'હું ક્યારે તમારી દીકરી છું ? હું તો ઓલ્યા અવતારમાં બ્રાહ્મણી હતી ને મહારાજનો મારે યોગ થયો હતો પણ નિશ્ચય નહોતો અને મહારાજને જમાડવાની ઈચ્છા અધુરી રહી ગઈ તેથી તમારે ત્યાં જન્મ ધર્યો ને હવે નિશ્ચય થયો ને ધામમાં ગઈ છું માટે હવેથી રોશો નહીં' એમ કહીને ન દેખાણાં ને દેન દઈને સૌ ઘેર આવ્યા

પરંતુ પાંચુબાને દીકરી હિરાબામાં બહુ હેત હોવાથી ખૂબ જ રડતા. મહારાજને જમવાનો સમય થયો ત્યારે મૂળજી બ્રહ્મચારી થાળ લઈને આવ્યા અને મહારાજ આગળ થાળ મુક્યો. મહારાજે થાળ ઉપરથી કપડું હટાવી જોયું તો થાળમાં માત્ર ભડકું હતું. મહારાજે બ્રહ્મચારીને પૂછ્યું ''બ્રહ્મચારી ! આ શું ? ત્યારે બ્રહ્મચારી કહે મહારાજ ! હીરાબા ધામમાં ગયા છે એટલે દરબારમાં સૌ શોક પાળે છે. એટલા માટે થાળમાં ભડકું આવ્યા આ સાંભળી મહારાજ હસવા લાગ્યા. પછી મહારાજ કહે ! આ કેટલા દિવસ ચાલશે ત્યારે બ્રહ્મચારી કહે જે મહારાજ આ તો બાર-તેર દિવસ સુધી ચાલશે...

પછી જ્યારે મહારાજ સભા ભરીને બેઠા ત્યારે હરજી ઠક્કરે મહારાજને પ્રશ્ન કર્યા કે ઘણા સમયથી સત્સંગ કરતા હોય તો પણ જેવી પોતાના દેહ અને દેહના સંબંધીમાં ગાઢ પ્રીતિ છે તેવી સત્સંગમાં ગાઢ પ્રીતિ નથી થાતી તેનું શું કારણ છે. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે એને ભગવાનનું માહાત્મ્ય સંપૂર્ણ જાણ્યામાં આવ્યું નથી.

## સમઢિયાળાના હરિભાઈ સોની

ગામ સારંગપુર થડમાં ગામ સમઢિયાળાના સોની હરિભાઈ સારા હરિજન હતા તેને તાણનો રોગ હતો તેથી પંદર દિવસે તથા વીશ દિવસે તેને તાણ આવતી ને જે દિવસે તેને તાણ આવનારી હોય તે દિવસે તેને કષ્ટભંજન હનુમાનજીનાં દર્શન થાય ને તેને કહી દીયે જે ''આ વખતે તને તાણ આવશે'' ને વળી કોઈ કુસંગી મરે ને તેને જમ લઈ જાય તે હરિભાઈ કહી દીયે કે ''ફલાણાને જમ લઈ ગયા'' એમ કરતાં પોતાને દેહ મેલવા આડા વીશ દિવસ રહ્યા ત્યારે હનુમાનજીએ આવીને તેને

કહ્યું જે ''હવે તને વીશમે દિવસે વીશવાર એક સાથે તાણ આવશે ને તારો દેહ પડશે'' ત્યારે બીજા હરિજનોએ હનુમાનજીની સ્તુતિ કરી ને કહ્યું, ''કાંઈક તાણ ઓછી થાય તો ઠીક'' ત્યારે હનુમાનજીએ કહ્યું, ''જાઓ ચૌદ વખત તાણ આવશે'' પછી હરિજનોએ હનુમાનજીને પૂછ્યું જે ''આ હરિભાઈને તાણ આવે છે તે એણે ઓલ્યા અવતારમાં શું પાપ કર્યું હશે ને તેને સત્સંગ મળ્યો છે તે શા પુન્યે મળ્યો હશે ?'' ત્યારે કષ્ટભંજન બોલ્યા જે ''એણે બોલ્યા અવતારમાં વાણિઓ હતો તેથી વેપારમાં બહુ દગા કર્યા હતા તે પાપે કરીને તેને તાણ આવે છે પણ એણે એક વાર રામાનંદ સ્વામીની નિષ્કપટ ભાવે કરીને સેવા કરી હતી તે પુન્યે કરીને તેને સત્સંગ મળ્યો છે'' તે સાંભળીને સહુ આશ્ચર્ય પામ્યા પછી વીશમે દિવસે હરિભાઈને ચૌદવાર તાણ આવી ને દેહ મુકતી વખતે તેણે સહુ હરિજનોને તેડાવીને કહ્યું જે 'શ્રીજી મહારાજ મને તેડવા આવ્યા છે તે ભેગો હું ધામમાં જાઉં છું'' એમ કહી દેહનો ત્યાગ કરીને ધામમાં ગયા.

## રીંછ ને સાધુ બનાવ્યા

ગામ માનકુવાનાં મંદિરમાં ઓટો છે ત્યાં શ્રીજી મહારાજ સભા કરીને વિરાજમાન થતા ને ત્યાં કાનજી નામે એક સોની આંખે આંધળો હતો તે તાલ પખાજ લઈને ગાવણું કરવા આવતો. તેનું ગાયન શ્રીજીમહારાજ સાંભળતા અને તે ગામમાં લખા સીયાણીને ઘેર શ્રીજી મહારાજ થાળ જમ્યાં છે તે ઠેકાણે હાલ ઓટો કરાવીને શ્રીજીનાં ચરણ પધરાવ્યાં છે. વળી એક વાર શ્રીજીમહારાજ સભા કરીને બેઠા હતા ત્યાં મદારી રીંછ લઈને આવ્યો ત્યારે મહારાજે રતનબાઈ પાસે શેર દૂધ મંગાવીને રીંછને પાયું ને કહ્યું, ''આનો હવે મોક્ષ થાશે'' તે પછી થોડા દિવસ કેડે તે રીંછનો દેહ પડી ગયો ને તેનો જન્મ હરિભક્તને ઘેર થયો ને થોડા વરસ વીત્યા પછી તે સાધુ થઈને ભુજમાં સંત સાથે રહ્યો. તે પછી એક વાર માનકુવે સાધુ સાથે ફરવા આવેલ ત્યારે સભામાં મહારાજે દૂધ પાયેલ તે રીંછની વાત નીકળી ત્યારે તે સાધુને પોતાના પૂર્વ જન્મનું ભાન થઈ આવ્યું ને પોતે બોલવા જતા હતા ત્યાં તેને ગુરુએ બોલવા

ન દીધા અને તે માનકુવામાં એક રામ તળાવ છે, તેમાં શ્રીજી મહારાજે સંત પાર્ષદ સહિત સ્નાન કરેલ છે ને અદાભાઈની ડેલીયે લીંબડો છે ત્યાં મહારાજ સભા કરીને બેઠા હતા. તે અદાભાઈ ભુજ દરબારના ભાયાત થાતા હતા ને તે માનકુવાનાં મંદિરમાં ચોકમાં છત્રી કરેલી છે ત્યાં વશરામસીયાણીનું ઘર હતું ત્યાં શ્રીજી મહારાજ થાળ જમ્યા હતા. એક વાર શ્રીજી મહારાજે વશરામભાઈને કહ્યું જે ''તમે અમારી પાસે કેમ બેશી રહો છો ?'' ત્યારે તે બોલ્યા જે ''તમારી સાથે દેવશી રહે છે તેને તમે સાધુ કરી નાખો તે માટે તમારી સાથે રહું છું'' પછી તેની આઠમી પેઢીયે સાધુ થયેલા છે અને તે ગામમાં પંડ્યા નારાયણજીનું ઘર હતું ત્યાં શ્રીજીમહારાજ થાળ જમ્યા છે ને ફળીયામાં બોરડીનું વૃક્ષ છે ત્યાં શ્રીજીમહારાજ બેસતા તે માનકુવા ગામના અઢાર સાધુઓ મહારાજ છતાં થયા હતા ને તે ગામમાં સુતાર રતનબાઈ મુક્ત હતાં ને તે શ્રીજીને પોતાને ઘેર રાખીને સેવા કરતાં. એક વાર શ્રીજી મહારાજે તે બાઈને કહ્યું જે ''આજ તો મનમાન્યાં મરચાં નાખીને કઢી બનાવીને જમાડો'' પછી તે બાઈએ સારી પેઠે મરચાં નાખીને કઢી કરીને મહારાજને જમવા બેસાર્યા ને તેમાંથી અરધી કઢી તથા રોટલો જમવા આપ્યો ને અરધી કઢી ગરમ થઈ જાય તે માટે ન પીરસી પછી મહારાજ જમીને ચાલ્યા ત્યારે ગામમાંથી હરિજન બાઈ ભાઈ સહુ વળાવવા આવ્યા ત્યાં ગામને પાદર ગયા પછી મહારાજે રતનબાઈને કહ્યું જે ''તમે અમને પૂરેપૂરી કઢી જમાડી નહીં'' ત્યારે તે બાઈ બોલ્યાં જે ''હે મહારાજ ! તમને ગરમી થઈ જાય તેથી મેં અરધી રાખી મેલી તે પાછા જમવા આવો તો જમાડું'' ત્યારે શ્રીજીમહારાજ પાછા ગામમાં આવ્યા ને રતનબાઈને ઘેર કઢી જમીને પછી પધાર્યા તે પ્રસાદીનું સ્થળ હજી સુધી તેમનું તેમજ છે.

## ઘુવડનો અવતાર

એક વખત મહારાજ ચોમાસાના દિવસમાં એ વોકળીને વાંકે જે મંદિરનો ઓરીઓ છે તે જગ્યાએ ઘુનો ચોમાસામાં ચાર મહિના સુધી રહેતો ત્યાં ગયા ને ત્યાં ઘુનાને માથે એક નાનો ડેરો નંખાવી પરમહંસ,

પાળા અને પાર્ષદો સહિત ત્યાં બિરાજમાન થયા તે ટાણે ગણેશ ભક્તે રાધાબાગમાંથી કંટોલાં લાવીને મહારાજ આગળ મેલ્યાં. તે કંટોલાને મહારાજે સુધારીને ચાર ચાર ચીરિયાં કરી, માંહી મસાલો ભરીને એક તાંસળીમાં ઘીમાં તળ્યાં ને પોતાને હાથે સાત બાટીઓ નાની નાની કરી તેને ઘીમાં બોળીને કાચરીઓ ઘીમાં તળી પછી ડેરાને છાંયે ઉગમણે મુખારવિંદે જમવા બેઠા ત્યાં થાળ આવ્યો તે થાળમાંથી પણ જમતા જાય ને બાટીને શાક પણ જમતા જાય પછી ગોરસ જમી ચળુ કરી મુખવાસ જમ્યા ને પ્રસાદી પરમહંસને આપી ને ગણેશભક્તને પણ પ્રસાદી દીધી ને બોલ્યા જે ''તમારી રાધા બાગમાં જે જે જાતની ભાજીઓ કે શાક હોય તે અહીંયાં પાંચ દિવસ સુધી લાવજો'' એમ આજ્ઞા કરી તેટલામાં ભાત આવ્યું તે સર્વેને પીરસીને મહારાજે જમાડ્યા ને પછી હાથ ધોઈ પોઢી ગયા ને સાંજે ઊઠ્યા પછી સાધુ, પાળા સહિત મહારાજ ચાલી રાધાબાગે ગયા ને ત્યાં સાંજ સુધી રોકાઈ ને સાંજે ડેરામાં બિરાજમાન થયા તે વખતે વળી ગણેશ ભક્ત ઘણાં કંટોલાં લાવ્યા તેને સુધારીને આરતી ધુન્ય થઈ રહ્યા પછી એક મોટું તપેલું ગામમાંથી મંગાવી તેમાં ખૂબ ઘી તથા મસાલો નાખી શાક મહારાજે પોતાને હાથે કર્યું. ત્યાં ભાત આવ્યું ત્યારે મહારાજ જમવા બેઠા. તે ભાતમાં રોટલા વગેરે હતું તે જમ્યા ને શાક જમ્યા પછી દહીં ને બાજરાનો રોટલો જમી ચળુ કરીને મુખવાસ જમ્યા પછી પરમહંસો તથા પાર્ષદોને પોતાને હાથે બાજરાના રોટલા અને શાક જમાડી પછી દૂધ, ભાત અને સાકર જમાડ્યાં. પછી હાથ ધોઈને ઢોલિયા ઉપર બિરાજમાન થયા પછી સર્વે પાસે કીર્તન બોલાવ્યાં તે વખતે ખીજડા ઉપર ઘુડ બોલવા માંડ્યું. તે સાંભળીને બ્રહ્માનંદ સ્વામી કહે ''આ ઘુડ પણ કીર્તન ગાય છે'' ત્યારે અલૈયા ભક્ત કહે ''અહીં ઘુડ ઘણાં રહે છે ને બહુ વઢે છે' ત્યાં તો બે ઘુડ સામ-સામાં વઢવા મંડ્યાં તે વખતે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા જે ''આ ઘુડ અભાગિયાં છે, નહિ તો અહીં નજીક મહારાજ પાસે આવીને લડાઈ કરે તો મહારાજ તો જુવે'' તે વખત અજવાળી રાત્રી હતી. ત્યાં તો સમીપે ભેખડ ઉપર ઘુડ ઊડીને આવ્યાં ને તરેહ તહેવારની બોલી બોલવા લાગ્યાં ને ખૂબ લડ્યાં. તેમાં એક ઘુડે

પગની લાત મારીને બીજાનું માથું ફોડી નાખ્યું ને બીજે ઘુડે પોટામાં ચાંચ મારી ને પોટો ફોડી નાખ્યો તે જોઈ પાળાઓ દોડ્યા ને વાંસે મહારાજ ગયા ને ઘુડ સામું જોયું ત્યાં તો બેય મરી ગયાં. તે જોઈને બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે ''આનાં મોટાં ભાગ્ય જે મૃત્યુ સમે મહારાજનાં દર્શન થયાં.'' પછી મહારાજ કહે 'એ પૂર્વજન્મમાં રાજાઓ હતા. તેણે ઋષિની ઠેકડી કરી તેથી તેને ઘુડનો અવતાર આવ્યો હતો પણ એણે કન્યાદાન ઘણાં દીધાં હતાં તેથી એને ઘણું પુણ્ય થયું એટલે અંતકાળને સમે સાક્ષાત્ અમારાં દર્શન થયાં ને અમે રાજી થતાં એનો મોક્ષ થઈ ગયો ને અસુરપણાનો નાશ થયો ને એણએ અમારા સારું એક ભેટ આણેલી છે માટે એની ભેખડમાં દર છે. ત્યાં જોશો તો બેયના દરમાંથી એક એક ચમક પાણ નીકળશે'' તે વાત સાંભળી સૌ માણસોને સંભ્રમ થયો પછી સૂર્ય ઉગ્યો ત્યારે સર્વે તેનાં દર શોધવા લાગ્યાં એટલે તેના દરમાંથી બે ચમકપાણ નીકળ્યા તે જોઈ સર્વ માણસો વિસ્મય પામ્યા ને તે ચમકપાણ ઉત્તમ રાજાને આપ્યા. પછી મહારાજ એ વોકળીને કાંઠે ઘેલે જઈને બહિર્ભૂમિ જઈ આવી હાથ મટિયાવીને ઉગમણે મુખે બેશી દાતણ કર્યું ને પછી નાયા ને વસ્ત્ર બદલીને ડેરા પાસે બિરાજમાન થયા ને તે ઘુડનો અગ્નિસંસ્કાર માણસ પાસે કરાવ્યો.

## ઋષિ

એક વાર શ્રીજીમહારાજે દાદાખાચરના કામપ્રસંગે બે પાળાને ભાવનગર મોકલ્યા હતા. તે દરબારી કચેરીમાં ગયા ત્યારે વજેસિંહ ઠાકોરે કહ્યું, 'આપણો કૂતરો છે તે ગઢડે દાદાખાચરને ત્યાં મોકલો કારણ કે તે જીવડા મારતો નથી ને માંસ પણ ખાતો નથી ને કોઈનો એંઠો રોટલો પણ નથી ખાતો ને ત્યાં ચોખવટ છે માટે આ પાળાને દીયો તે ગઢડે લઈ જાય' પછી તે કૂતરો ગઢડે લઈ આવી દાદાખાચરને સોંપ્યો ને કહ્યું, 'આ વજેસિંહજીએ મોકલ્યો છે' પછી બીજે દિવસે મહારાજ સભા કરીને બેઠા હતા તે સમે તે કૂતરો આવ્યો ત્યારે દાદાખાચરે વાત કરી જે

'મહારાજ ! આને વજેસિંહજીએ મોકલ્યો છે' ત્યારે મહારાજ તે સામું જોઈને બોલ્યા જે 'આ કૂતરો ઓલ્યે અવતારે ઋષિ હતો. તેણે ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો તે પાપે કરીને કૂતરાનો અવતાર આવ્યો છે પણ કોઈનું એઠું ખાતો નથી તેટલું બ્રાહ્મણપણું રહી ગયું છે હવે અમારાં દર્શન થયાં તેથી તેનું સારું થાશે.'

## કૃષ્ણ અવતારના ઋષિ દેવશી ભક્ત થયા

ગામ પીઠવાજાળમાં લુવાર દેવશીભક્ત રહેતા તે ખીમા ડોબરીયાને ઘેર કૃપાનંદ સ્વામી આવેલા ત્યારે તેની વાતો સાંભળીને હરિભક્ત થયા હતા. તે એક વાર ખીમા ડોબરીયાની સાથે મહારાજનાં દર્શન કરવાં ગઢડે ગયા ને ત્યાં જઈ મહારાજને દંડવત કરી પગે લાગીને સભામાં બેઠાં ત્યારે દેવશી લુવાર તો મહારાજની મૂર્તિ સામુંજ જોઈ રહ્યા તેથી મૂર્તિમાં હેત થઈ ગયું પછી પાંચ દિવસ રોકાઈને છઠે દિવસે મહારાજને પગે લાગીને ચાલ્યા ત્યારે પણ દેવશીભક્ત તો મહારાજ સામું જોઈને ઊભા રહ્યા પછી પાળાએ કહ્યું કે 'ભક્ત ! જાઓ તમારા સંગાથી ગયા' તો પણ તે તો મહારાજ સામું મટકા રહિત જોઈ રહ્યા ત્યારે રતનજી બાપુએ મહારાજને પૂછ્યું જે 'હે મહારાજ ! આ ભક્ત તમારી સામું બહુ જોઈ રહ્યા છે એવા શું એના પૂર્વનાં પુણ્ય હશે ?' ત્યારે મહારાજ બોલ્યા જે 'અમે કૃષ્ણાવતાર ધાર્યો હતો તે વખતે આ ભક્ત ઋષિ હતા ને ગંગાને કાઠે એક ડુંગરમાં ભોંયરું હતું તેમાં રહેતા ને બ્રહ્મચર્ય વ્રત પાળતા ને તપ કરતા ને અખંડ અમારું ભજન કરતા, તે સાંભળીને સહુ આશ્ચર્ય પામ્યા પછી તે દેવશીભક્તે મહારાજને કહ્યું જે 'હે મહારાજ, અમારા ઘરમાં ત્રીસ માણસ છે તેમાં સત્સંગી હું એકલો છું' ત્યારે મહારાજ કહે 'તમે ચાલો. અમે તમારી સાથે આવીએ છીએ' પછી દેવશીભક્ત ચાલ્યા ને મહારાજ આગળ ચાલ્યા જતા તેને દેખાય એમ કરતા ઘેલે ગયા ત્યાં તેના સંગાથી બીજા હરિજનો નાતા હતા તેમણે દેવશીભક્તને કહ્યું, 'આ ઘેલામાં નાહી લીયો, પણ તે તો મહારાજની મૂર્તિની વાંસે ચાલ્યા જાય ત્યારે હરિજનો

ભેગા થયા ને ત્યાં સહુ દંડવત કરીને સાથે ચાલ્યા તે ઘેર ગયા ને ત્યાં દેવશીભક્તને તો મહારાજ અખંડ દેખાય પછી એક દિવસ તેમણે મહારાજને વિનંતી કરીને કહ્યું જે 'હે મહારાજ ! મારે કોઈ વ્યવહારિક કામકાજ શી રીતે કરવું ?' ત્યારે મહારાજ કહે 'તમે સુખેથી કામ કરો. અમને તમે જ્યારે સંભારશો ત્યારે દર્શન દેશું' એમ કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા. તે પછી ક્યારેક કૃપાનંદ સ્વામી ત્યાં આવ્યા ને ખીમા ડોબરિયાની કોડમાં ઉતર્યા હતા. તે વખતે દેવશીભક્તે તેમના ભાઈઓને કહ્યું જે 'અમારાં મોટા સ્વામી આવ્યા છે તેની વાતો સાંભળવા તો ચાલો' એમ કહી તેના ત્રણેય ભાઈઓને સ્વામી પાસે લાવ્યા ને પગે લાગીને બેઠા ત્યારે તેમના ભાઈઓના હૃદયમાં ટાઢું થઈ ગયું. પછી એક કલાક સ્વામીની વાતો સાંભળીને વર્તમાન ધરાવી કંઠી બાંધી અને પાકા સત્સંગી થયા ને બોલ્યા જે 'આવા સાધુ કોઈ મતપંથમાં નથી.' એમ કહી પગે લાગીને ઘેર આવ્યા તે વખતે તેમનો જૂનો ગુરુ જે બાવો હતો તે ઘરની ઓસરીમાં સુતો હતો, તે આ લુવારોને સત્સંગી થયા જાણીને બે બે કટકા ગાળું દેવા લાગ્યો ને મહારાજનું વાંકું બોલ્યો તે જ ઘડીએ દેવશીભક્તના મોટા ભાઈએ તેની પાસે જઈને તે બાવો ખાટલામાં સુતો હતો ત્યાંથી ટાંટિયો જાલીને ફગાવ્યો તે ફળિયામાં નાંખી દીધો ને તેનો હોકો હતો. તે ફોડી નાખ્યો ને તેને કહ્યું જે 'તું હવે આહીંથી ભાગી જા ને હવેથી અમારે ઘેર તારે કોઈ દિવસ આવવું નહિ ને તું તો જીવતો જમ છો' એમ કહી તેને કાઢી મેલ્યો. તે ચોરે જઈને મહારાજનું વાંકું બોલવા લાગ્યો તે વખતે ગામમાંથી કોઈ ખેડુ ઢોરની બગાઓ વીણીને તેને એક ભુંગળીમાં ભરીને ગામ બહાર મુકવા જાતો હતો તે ચોરા પાસે આવ્યા ત્યાં તેના હાથમાંથી ભુંગળી પડી ગઈ એટલે બધી બગાઓ ઊડીને બાવાને વળગી ને તેના કાનમાં ગરી ગઈ તેથી તે રાડ્યો નાખવા માંડ્યો ત્યારે કોઈકે કહ્યું જે 'તેં દેવશીભક્તનો બહુ દ્રોહ કર્યો છે તો એને પગે લાગ્ય તો તારું દુઃખ મટે.' ત્યારે તે કોડ્યે જઈને દેવશીભક્તને પગે લાગ્યો પણ મનમાં કપટ હતું તેથી તેનું અરધું દુઃખ મટ્યું પછી તે બગસરે ગયો ને

ત્યાં ભૂંડે હાલે મુવો એમ ભગવાનનો દ્રોહ કરનાર કદી પણ સુખી થાય નહિ. દેવશીભક્તના ત્રણેય ભાઈઓ સત્સંગી થયાં પછી તેમણે કૃપાનંદ સ્વામીને ત્રણ રસોઈ દીધી. તેનો પરિવાર હજી પણ સત્સંગી છે.

## ઉગામેડીનો ઉગો રાજપૂત

ગઢડામાં બોટાદના ઝાંપે જતાં ચોકમાં રયા ડાભીવાળા ખોરડાં કેવાય છે. તે ખોરડાની મધ્યે ફળીમાં એક લીંબડો હતો. ત્યાં એક મામો કરીને જબરો રાક્ષસ રહેતો. તે વરસ દિવસે એક જીવ લેતો. પછી મહારાજ આહી પધાર્યા પછી જીવ મારવો બંધ થયો.

પછી એક દિવસે નોરતામાં રયા ડાભીના હૈયા ઉપર ચડી બેઠો ને કહે જે, ‘‘તું સત્સંગી થયો પણ પાપી તેં મારું કલ્યાણ કર્યું નહીં. માટે તું મહારાજ પાસે જા ને મને ભૂતના દેહથી મહા દુઃખ છે, વિષ્ટા ખાઈ ખાઈને હું મરી ગયો, માટે મહારાજ અહીંયાં આવી મને દર્શન દે ને હું સત્સંગી થાઉં એટલે હજારો ભૂતોનું કલ્યાણ તથા મોક્ષ કરું. અને બાપુ દાદા ખાચરને તું કહે જે, ‘જે આ ભૂત તમારો ઘણી પેઢીનો આશ્રિત છે. માટે તમે મહારાજ તથા સાધુને આ ફળીમાં જમાડો. ને જે પોતાનો આશ્રિત હોય તેની તેના ધણીને લાજ પહોંચે.’ એવી રીતે તું મહારાજને સ્તુતિ કરજે. ને તું દુષ્ટ છો ને માલિકોર કુસંગી છો, નહિ તો તેં મહારાજને તારે ઘેર શા વાસ્તે ના પધરાવ્યા ?’’ એમ કહી રયા ડાભીને છૂટો મૂક્યો, એટલે તે મહારાજ પાસે આવ્યો અને સ્તુતિ કરી.

પછી મહારાજ સવારના પહોરમાં પધાર્યા. ને ત્યાં મહારાજનો થાળ તથા રસોઈ કરાવી મહારાજ તથા સાધુઓ વગેરેને જમાડ્યા. પછી મહારાજે લિંબડા સામું જોઈ કહ્યું જે, ‘‘એલા તું કોણ છો ?’’ ત્યારે કહે જે, ‘‘હું વાળા જાતિનો રાજપૂત છું ને ઊગો મારું નામ છે. ઉગામેડીમાં હું રહેતો, પછી ત્યાંથી મારા મોક્ષના અર્થે હું આ લિંબડામાં રહ્યો છું. આજ મેં તમારું તથા સાધુનું તથા સૌનું એઠું જળ પીધું, એથી મારા ગળાનો ખુલાસો થયો.’’ એવી રીતે રયા ડાભીના દેહને વિશે આવીને બોલ્યો.

ને કહે જે, ''આ રયાને પ્રસાદી આપો. એ જમશે એટલે હું જમીશ.''

પછી ચાલીસ લાડવાનો થાળ રયા આગળ મૂક્યો. તેમાં રહીને તે બધા જમી ગયો. ને પછી કહે જે, ''મને વર્તમાન ધરાવો. મારી આવરદામાં હજાર વર્ષમાં ત્રણ વર્ષ ઓછાં છે, એટલે હું ત્રણ વર્ષ સુધી હજારો ભૂતનો મોક્ષ કરીશ. ને પછી સાયં મુક્તિને પામું. એવી મારા પર કૃપા કરો.'' એમ કહી લીંબડાને રયે બથ ભરી. તેથી તે લીંબડો કંપ્યો ને ગણગણાટ થયો. તે સર્વેએ સાંભળ્યો. એવી રીતે ભૂતનો મોક્ષ કર્યો.

પછી મહારાજ કહે જે, ''થોડા કાળમાં એ દેહ મૂકી સત્સંગમાં અવતાર લઈ સત્સંગી થઈ સાયં મુક્તિને પામશે.'' તે સાંભળી સર્વે વિસ્મય પામ્યા.

તે વખતમાં તે વાત સાંભળી જીવો ખાચર ત્યાં આવ્યા. અને એભલ ખાચર પણ ત્યાં આવ્યા એટલે પગે લાગી ત્યાં બેઠા અને મહારાજને એ વૃત્તાંતની વાત પૂછી. પછી મહારાજે કહી દેખાડી. પછી કહે જે, ''પ્રત્યક્ષ જોવાની અમારે ઈચ્છા છે.'' એટલે મહારાજે રયાને બોલાવ્યો ને સોટી અડાડી. પછી તે રયો ધૂણવા લાગ્યો ને કહે જે, ''જીવા ખાચર ! એભલ ખાચર ! તમે જેવા દરબાર છો તેવો હું પણ એક હજાર વરસ પહેલાં ચારસે ને ચોર્યાસી ગામનો રાજા હતો. મારું નામ ઊગો વાળો હતું. ઉગામેડીએ હું રાજ કરતો. મારા હેઠે હજારો માણસના કર હતા.

ગોરીબેલમશા બાદશાહનો સૂબો ગેબનશા કરીને નવહથો યોદ્ધો હતો. એક વખત તેને ને મારે ઉગામેડી આગળ ઓત્રાદી તરફ યુદ્ધ થયું. એના બાર હજાર ઘોડાની સંખ્યા હતી. એને ને મારે યુદ્ધ થાતાં મેં એને માર્યો એટલે એમણે મને ખંજર માર્યું એટલે મારું માથું પડી ગયું ને મારું ધડ તેની સાથે તથા તેના માણસોની સાથે લડવા લાગ્યું. તેના ભેળો એક વેલાંભલ ચારણ રાધો કરીને હતો. તે રાધે યવનના જમાદારને કહ્યું જે, 'આ ધડ ગળિયલ (ગળીથી રંગેલું) લૂગડું નાંખશો તો પડશે.' એટલે ગલિયાળું લૂગડું નાંખ્યું એટલે મારું ધડ આ લિંબડા

નીચે પડ્યું ને મારે અસુરગતિ થઈ. તેથી હું ભૂત થયો છું. મેં હજારો બ્રાહ્મણોને જમાડ્યા હતા. તેના પુણ્યે કરીને મારા પૂર્વજન્મની સ્મૃતિ મને રહી છે. તેથી આ મહારાજની ભારે પ્રાપ્તિ થઈ.

હવે એક હજાર વરસમાં ત્રણ વરસ ઓછાં છે એટલે મને અહીંયાંથી બદરિકાશ્રમમાં જાવાનો મહારાજનો હુકમ થયો છે. ને હવે વેલો વેલો હું ગેબનશાનો મોક્ષ કરીશ. અને પછી હજારો ભૂતને સ્વામિનારાયણ એવું નામ લેવરાવી હજારોનો મોક્ષ કરીશ. આજ સાંજે હું હિમાલય પર્વતની તળેટીમાં જતો રહીશ અને પછી ગંગોત્રીમાં નાહી પછી ભૂતનો મોક્ષ કરીશ.''

તે વખત મહારાજ બોલ્યા જે, ''આ ખળખળિયામાં નાહી લે એટલે તારો મોક્ષ થશે ને તારા દેહનો અવયવ ફરી જશે.'' પછી તે બોલતો રહી ગયો. ને ઘેલામાં જઈ ખળખળિયામાં નાહી આવ્યો. ને તરત જ ઉગામેડીથી ગેબનશાને લઈ આવ્યો ને તેને પણ ખળખળિયામાં નવરાવ્યો. તે પણ દિવ્ય દેહને પામ્યો ને સ્વામિનારાયણ એવું નામ લીધું. ને બંને જણાંએ રયાના દેહમાં પ્રવેશ કર્યો ને બોલ્યા કે, ''અમારા બંનેનો મોક્ષ થયો છે.'' એવું સર્વેને કહ્યું. એ સાંભળી જીવો ખાચર ને એભલ ખાચર એ બંને વિસ્મય પામ્યા.

# ધરમપુરના કુશળ કુંવરબાઈ

## ● અડાલજના રાણી રૂડબાઈ

ધરમપુરવાળા રાણી કુશળકુંવરબાઈ પૂર્વ જન્મમાં અમદાવાદ પાસે અડાલજ ગામે ગરાસિયાને ઘેર જન્મ્યા હતા. તેમનું નામ રૂડાદેવી (રૂડબાઈ) હતું. દંઢાવ્ય દેશના રાજા વીરસીંગજી સાથે તેમને પરણાવ્યા હતાં. તે રૂડબાઈ રાણીએ પોતાના તથા પોતાના પતિના મોક્ષાર્થે સંવત ૧૫૫૫ની સાલમાં (એટલે આજે તેને ૪૧૭ વર્ષ થયા છે.) અડાલજ ગામમાં પોતાના ખર્ચથી મોટી વાવ કરાવી અને સંસ્કૃતમાં શિલાલેખ કરાવીને વાવમાં ચોટાડ્યો ને તેમાં લખ્યું કે, આ વાવ મેં મારા તથા મારા પતિના મોક્ષ માટે કરાવી છે. આ વાવ મારી મોટપ કે નામના વધારવા માટે કરાવી નથી. આ વાવનું પાણી કોઈ સત્પુરુષ પીશે કે તેમાં સ્નાન કરશે તો તે પુન્યૈ મારો મોક્ષ થશે. આ વાવનો બધો ખર્ચ તો અંદાજી શકાય તેમ નથી. ફક્ત બળદ ગાડાના પૈડામાં જે ઉંગામણ એરંડિયુ (પથ્થર લાવવા માટે ગાડાનો ઉપયોગ થતો હતો ત્યારે વાહનમાં ગાડા સિવાય કાંઈ હતું નહિ ખાલી એરંડિયાનો જ ખર્ચ ગણાવ્યો છે.) તેમાં કામ કરતા મજૂરો, કડિયા, કોતરણી કરનાર કારિગરો, પથ્થર, ચૂનો, ગાડા મજુરી વગેરેનો આંકડો ગણવો મુશ્કેલ છે. આશરે ૪૧૭ વર્ષ પહેલાના લાખ રૂપિયા વપરાયા હતા.

(નોંધ : એકવાર શ્રીહરિ દંઢાવ્ય દેશમાં ફરતાં ફરતાં અડાલજની વાવે આવીને બિરાજમાન થયા સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામી તે વાવમાં તૂંબડું લઈને પાણી ભરવા ગયા. વાવ કરાવનારે લેખ લખાવેલો છે કે, “મેં આ જે વાવ કરાવી છે. તે મને માન્ન, મોટપ, કીર્તિ મળે તે માટે

નથી કરાવી, પરંતુ ભવિષ્યમાં ભગવાન કે ભગવાનના સંતો તેનું પાણી પીએ કે સ્નાન કરે તેથી મારા આત્માનું શ્રેય થાય તે માટે બંધાવી છે.'' સ્વામીએ સભામાં આવીને શ્રીહરિને વાત કરી. તેથી શ્રીજીમહારાજ બહુ રાજી થયા અને પાંચસો પરમહંસો સાથે તેમાં સ્નાન કર્યું. પછી કૃપાનાથ બોલ્યા ''આ વાવ કર્તા હાલ ધર્મપુરમાં રાજ્ય કરે છે.'' પછી મહામુક્ત સદ્. શ્રી મુક્તાનંદસ્વામી બોલ્યા ''તેમને આપનો મેળાપ કે સત્સંગ ક્યારે થશે ?'' શ્રીહરિ બોલ્યા ''તેમને સત્સંગ કરાવવા અને મારા સ્વરૂપની નિષ્ઠા કરાવવા માટે ગઢપુરથી પરમ ચૈતન્યાનંદ સ્વામી એકડમલ થઈને ગયા છે. તે વાવ કર્તા રૂડબાઈ લખતર પાસે ઓળક ગામમાં જન્મ પામ્યા હતા. તેમનો બીજો જન્મ પેટલાદ પાસે ધર્મજ ગામે થયો હતો. તેમનું સાસરું ધરમપુર છે. તે ત્યાં રાજ ચલાવે છે. તેમનું અમે કલ્યાણ કરીશું.'')

(મુક્તાનંદ સ્વામી બોલ્યાઃ ''હે શ્રીહરિ ! આપના આશ્રિત એવા અમે જે જે જળાશય, નદી, તળાવ, કૂવા વગેરેમાં સ્નાન કરીએ છીએ, જળ પીએ છીએ, તે તીર્થરૂપ બને છે. તેમાં સ્નાન કરનાર જીવોનાં કલ્યાણ થાય છે. આપે કરેલા સંકલ્પનું આથી કંઈ વિશેષપણું દેખાતું નથી.'' ત્યારે શ્રીહરિ બોલ્યા ''આ વાવમાં જે જે મજુરે કામ કરેલું હોય, બળદ આદિ પશુઓનો ઉપયોગ થયો હોય. હવે પછી પણ આ વાવના પાણીનો જે કોઈ ઉપયોગ કરશે તે દરેકનો છેલ્લો જન્મ ધરાવીને અમો તેમને અમારા ધામમાં લઈ જઈશું.'' આવો કૃપાળુ શ્રીહરિએ વર આપ્યો.)

### ● રૂડબાઈનો બીજો જન્મ

પછી તે રૂડબાઈએ વાવને સંપૂર્ણ પૂર્ણ કરી પછી થોડા જ ટાઈમમાં તેનો દેહ પડી ગયો ને બીજા જન્મે નેપાળમાં દેશમાં બુટોલપુરમાં માયારાણી રૂપે જન્મ્યા.

મૂળી સભામંડપમાં સમલાના રાણા ભક્તસિંહે કહ્યું જે, ''સ્વામી ! ધર્મ પુરવાળા કુશળકુંવરબાઈની વાત કરો.''

પછી સદ્. શ્રી તદ્રૂપાનંદ સ્વામીએ કુશળકુંવરબાઈના પૂર્વ જન્મની વાત કરી જે, ''એક સમે શ્રીહરિ અયોધ્યાથી અગિયાર વર્ષ, બે માસ અને બે દિવસની ઉંમરે ઘર છોડીને ચાલી નીકળ્યા. સરજુનદી ઉત્તરીને

બુટોલપુરમાં ચાતુર્માસમાં સંન્યાસીના વેશે ગયા. ત્યાંનો રાજા મયાદત્ત હતો. તે ચાતુર્માસ રાખતો અને સૌને દૂધપાક, માલપુવા જમાડતો. તે સમે શ્રીજીમહારાજ પણ બુટોલપુર પધાર્યા. તેઓ સર્વ વૈરાગી સાથે રહેતા.

મહારાજ ગામમાં જતા હતા ત્યારે રાજાના બહેન માયાવતી મેડીના ગોખમાંથી મહારાજને જોઈ મોહ પામી. કિશોર અવસ્થાવાળા કરોડો કામદેવને. મોહ પમાડે એવા રૂપવાન શ્રીહરિને જોઈ, પોતાના માણસને મોકલ્યો. અને કહ્યું જે, "પેલો બાવો નાનો છોકરો છે, તેને બોલાવી લાવ." નોકર ગયો અને કહેઃ "મહારાજ ! અમારા બાઈ દરબારમાં આપને બોલાવે છે."

શ્રીહરિ દરબારમાં પધાર્યા અને માયાવતીયે ગાદલું નાખી આપ્યું. તે ઉપર મહારાજ બિરાજમાન થયા. બાઈ કહેઃ "તમારે શું દુઃખ છે ?"

શ્રીજીમહારાજ કહે : "વડ, પીપરને દુઃખ હોય."

ત્યારે બાઈ કહે : તમારી જ્ઞાતિ શી છે ?

શ્રીજીમહારાજ કહે : "અમારે જ્ઞાતિ નથી. અમે તો આત્મા છીએ."

બાઈ કહે : આત્મા હો તો ભલે, પણ દયા કરી કહો તો સારું."

શ્રીહરિ કહે : "બ્રાહ્મણ છીએ, તમારે શું કામ છે ?"

બાઈ કહે : "તમારા આવા કોમળ શરીરે તપ ન હોય , મારું રાજ્ય છે તે હું આપું. મારે બે કન્યા છે, તે તમને પરણાવું."

શ્રીહરિ કહે : "અમારે સ્ત્રી ધન અને રાજ્યની જરૂર નથી."

બાઈ કહે : "હજુ આપ નાના છો, પણ જુવાની જ્યારે આવશે ત્યારે જોઈશે."

શ્રીહરિ કહે : "અમે જુવાન અવસ્થા આવવા નહિ દઈએ." એમ કહી શ્રીહરિ ઊઠવા તૈયાર થયા.

ત્યારે બાઈ કહે કે : "મહારાજ ! મારે બ્રાહ્મણના પગ ધોઈ પાણી પીવાનું નિયમ છે. તો આપ જ્યાં સુધી અહીં રહો ત્યાં સુધી હંમેશા અહીં આવશો એવો વર આપો."

ત્યારે શ્રીહરિ કહે : "ભલે આવશું." એમ કહી પોતાનાં ઉતારે પધાર્યા. બાઈ મનમાં વિચાર કરતી હતી જે શી રીતે આ વશ થાય ?

પુરુષને વશ કરવો એ સ્ત્રી માટે કંઈ કઠણ નથી, એમ વિચાર કર્યો. મહારાજ દરબારમાં નિત્ય પધારતા. બાઈ પોતાના બાજોઠ પર તેમને બેસાડી પગ ધોઈ ચરણામૃત પી ચંદન, પુષ્પ વડે, પૂજા નિત્ય કરતાં, સારી મીઠાઈ લાવી આપતા. કેળા, કેરીઓ, જાંબુ, જામફળ, સંતરા, લીલીદ્રાક્ષ, ભાતભાતના હારતોરા, ફૂલના મુગટ, ટોપી એવી રીતે નિત્ય નવીન પહેરાવી એક રોકડો રૂપિયો શ્રીહરિને બાઈ આપાતાં. તે સર્વે લઈ મહારાજ બહાર જઈ બ્રાહ્મણને આપી દઈ ચાલી નીકળતા.

એવા નિર્મોહી સાક્ષાત શ્રી પુરુષોત્તમનારાયણ પોતે કરુણા કટાક્ષે કરી અનંત બ્રહ્માંડને મોહ પમાડે એવા છે. એમને કોણ મોહ પમાડી શકે ? એવી રીતે માયાવતીએ મહારાજની ચાર માસ સેવા કરી.

દિવાળી આવી ત્યારે સર્વ સાધુ, સંન્યાસી તથા વૈરાગીને ચાદર ઓઢાડી પૂજા કરી રજા આપી. શ્રીહરિને રોકવા માટે આગ્રહ કરી કહ્યું, "તમે તો અહીં આપણો બગીચો છે. તેમાં રહો અને આનંદ કરો અને અહીં દર્શન આપો."

ત્યારે શ્રીહરિ કહે : જે, "જુઓ, અમારે રાજ, પાટ, છૈયા-છોકરા બાગ-બગીચા ન જોઈએ બાઈએ હાસ્ય વચન કરી મહારાજને પ્રાર્થના કરીને વધુમાં કહ્યું : "અહીં અમારા બગીચામાં મુકામ કરી, અહીં રહો." એમ મહારાજને રાખવા ઘણો આગ્રહ કર્યો.

શ્રીજીમહારાજ કહેઃ "અમારે તીર્થ કરવા જવું છે. તમારો મનોરથ પૂર્ણ કરી, દિવ્ય ગતિ આપીશ."

એમ કહી શ્રીહરિ ચાલવા તૈયાર થયા. તે સમે માયાવતીએ ભારે વસ્ત્ર, શાલ, ઘરેણાં આપી મહારાજની પૂજા કરી. તે સર્વ વસ્ત્ર ઘરેણાં લઈ બ્રાહ્મણનાં બાળકોને આપી મહારાજ ચાલી નીકળ્યા. તે વખતના બ્રહ્માનંદ સ્વામીનાં કીર્તન છે જે "સુણી માયારાણીનાં વેણ મર્મના રે લીધી જોગ દશા ઘનશ્યામ, બલિહારી નવલ ઘનશ્યામને રે." વળી, "બોલો બોલો રે જોગી બાલુડા" એવા ઘણા પદ છે. પછી શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા.

શ્રીહરિના ગયા પછી બે ત્રણ દિવસે માયાવતીએ દેહત્યાગ કર્યો.

તેની ઉંમર ચાળીસ વરસની હતી. પણ શ્રીહરિની મૂર્તિમાં વૃત્તિ જોડાઈ હતી. માટે "યા મતિ સા ગતિ ભવેત્" જેવી મતિ તેવી ગતિ થઈ. તેમણે ઝાલાવાડના ઝાલા ગરાસિયા લખતર ભાયાતનું ઓળક ગામ છે. ત્યાં ફરી અવતાર ધારણ કર્યો. ચૌદ વર્ષની વયે ધર્મપુરમાં પરણાવ્યા હતા. સત્તરમે વર્ષે પુત્ર થયો અને અઢારમેં વર્ષે તેમના પતિ મરણ પામ્યા.

**● કુશળકુંવરબાઈને ધર્મપુરમાં સત્સંગનો યોગ**

સંવત ૧૮૬૧ની સાલમાં શ્રીહરિ ચારસો સંતો તથા પાર્ષદો સાથે વડુ ગામથી ચાલ્યા તે ઓળા થઈ અડાલજ આવ્યા ને વાવ ઉપર આવ્યા તે વાવ જોઈને શ્રીહરિએ નિષ્કુળાનંદ સ્વામીને લેખ વાંચવા આજ્ઞા કરી. સ્વામીએ લેખ વાંચીને કહ્યું : "મહારાજ ! આ વાવ મોક્ષ માટે જ કરાવી છે. એવું લખ્યું છે. પછી કહ્યું જે આ વાવમાં સર્વે જળ પીઓ અને સ્નાન કરો. પછી તેનું કલ્યાણ થશે. પછી મૂળજી બ્રહ્મચારીએ " વાવમાંથી પાણી લાવીને ગાળીને મહારાજને પાયું. પછી સર્વે સંતોએ જળ ગાળીને પીધું. ને શ્રીહરિ તથા સંતોએ તે વાવમાં સ્નાન કર્યું.

પછી સંતોએ પૂછ્યું મહારાજ ! એને કેવી રીતે આપણો નિશ્ચય થશે ? પછી શ્રીજીમહારાજે કહ્યું જે પરમ ચૈતન્યાનંદ સ્વામીને પ્રેરણા થઈ ગઈ છે તે ત્યાં જઈને સત્સંગ કરાવશે, એમ શ્રીજીમહારાજ વાવ ઉપર બોલ્યા, તે સમયે જ પરમ ચૈતન્યાનંદ સ્વામી ગઢડે હતા તેમને ધર્મપુર જવાનો સંકલ્પ થયો ને ચાલી નીકળ્યા, તેમના ભેળા તેમના વીસ સાધુ ચાલવા તૈયાર થયા તેમને ના પાડી એકલા જ એકડમલને વેષે ગયા. તે કપડવંજમાં શિવજીની જગ્યામાં ઊતર્યા. ત્યાં બ્રાહ્મણો આવતા તેમને પરોક્ષપણે શ્રીજીમહારાજનો મહિમા સમજાવી નિશ્ચય કરાવીને ચાલ્યા. તે ધર્મપુર કુશળ કુંવરબાઈની ધર્મશાળામાં ઊતર્યા. ત્યાં એ બાઈને એવો નિયમ હતો જે, જે કોઈ ત્યાગી આવે તેને પોતાની ધર્મશાળામાં ઉતારે ને નિત્ય જમાડે અને એમનો મહિમા સમજીને અર્ધરાત્રે સર્વના દર્શન કરીને ચરણ સ્પર્શ કરીને પાછા જાય. તે રાત્રિએ આવ્યા પણ તેમને સ્વામીએ ચરણ સ્પર્શ કરવા દીધો નહી. ત્યારે બાઈ બોલ્યા જે, આ સર્વે મહાત્મા ચરણ સ્પર્શ કરવા દે છે અને તમે કેમ

ના પાડો છો ? ત્યારે સ્વામી બોલ્યા જે અમે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાધુ છીએ તે એકલા ચલાય પણ નહિ ને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાળીએ પણ હું એકલો જુદો પડીને આવ્યો છું. તેથી મારે તમારી સાથે બોલવું પડ્યું પણ હવે સાત પ્રકારનું તો બરાબર રાખીશ. એમાં તો ફેર પડવા નહિ દઉં. પછી તે બાઈને તેમનો ગુણ આવ્યો તેથી મહિમા સમજીને તેમની વાતો સાંભળીને શ્રીજીમહારાજના મહિમા સમજ્યાં અને શ્રીજીમહારાજને વિષે સર્વોપરીપણાનો નિશ્ચય કરીને આશ્રિત થયા અને સ્વામીને ગુરુ કર્યા.

**● કુશળકુંવરબાઈએ ધર્મપુરમાં રહ્યા થકા. શ્રીહરિની કરેલી સેવા**

તે કુશળ કુંવરબાઈના પુત્ર નાના હતા. તેથી તે પોતાની સત્તાએ રાજ્ય કરતાં હતાં. તેમને પરમ ચૈતન્યાનંદ સ્વામીએ સત્સંગ કરાવ્યો. ત્યારે પરમ ચૈતન્યાનંદ સ્વામી ત્યાં રહ્યા અને રાજાના કારાભારી થયા.

એકવાર કુશળકુંવરબાઈએ સારી કેરીઓ મંગાવી સાકરીઓ મુરબ્બો કરાવ્યો. કેરીના પાંચ ઊંટ ભરી મહારાજ ગઢપુરમાં જ્યાં બિરાજમાન હતા ત્યાં મોકલ્યા. સાથે કેરીનું અથાણું, મુરબ્બો અને બીજો શિરપાવ શ્રીજી માટે મોકલ્યો.

ગઢડામાં શ્રીજીમહારાજ કેરીનું અથાણું જમતા જાય, વખાણતા જાય અને બહુ રમુજ કરતા જાય તે હસતા જાય. એમ ઘણી રમુજ જોઈ દેવા ભક્તે મહારાજને કહ્યું જે, "તમે બહુ રમુજ કરો છો તે અમને સમજાતું નથી."

ત્યારે મહારાજે દેવા ભક્તને કહ્યું : "તું ન સમજ્યો ?"

દેવા ભક્ત કહે : "મને સમજાવો."

ત્યારે મહારાજે કુશળ કુંવરબાઈની પૂર્વની વાત કરી કહ્યું જે, "અમારા તેઓ પૂર્વના ભક્ત છે. તે અમને ત્યાં તેડાવે છે. તો જવું પડશે."

કેરી લઈ આવનાર માણસને કાગળ લખી આપ્યો. એક જોડ ચાખડી અને એક રૂમાલ આપ્યો અને કહ્યું : "કુશળ કુંવરબાઈને આપજો." તે લઈ માણસ ગયો અને રૂમાલને પૂજતાં અને વર્ષો વર્ષ મહારાજની સેવા કરતાને શિરપાવ, શેલાં તથા પાઘડીઓ ગઢપુરમાં મોકલાવતાં હતાં.

**● કુશળકુંવરબાઈએ નખે ફોલીને ચોખા ગઢડા મોકલાવ્યા**

એકવાર કુશળકુંવરબાઈએ ડાંગરને જાતે ફોલીને અણીશુદ્ધ ચોખા આખે આખા કોઈ પણ દાણો ખંડિત નહી. એવા ચોખા તૈયાર કરીને શ્રીહરિને ગઢપુર મોકલાવ્યા. તે ચોખા મહારાજને ગઢપુર માણસે આવીને સભામાં આપ્યા. ત્યારે તે કોથળી ખોલીને મહારાજે હાથમાં ચોખા લઈને સભામાં સર્વેને દેખતાં કહ્યું : “આ શું કહેવાય ?” ત્યારે સર્વે સંતો - હરિભક્તો કહે તેને ચોખા કહેવાય. ત્યારે શ્રીહરિ બોલ્યાઃ આ ચોખા નખથી ફોલીને જાતે કુશળકુંવરબાઈએ ધર્મપુરથી અમારા માટે અણીશુદ્ધ મોકલ્યા છે. એકેય દાણો ખંડિત નથી. તો આવા ચોખા જેવા ચોખા થવાશે ત્યારે અક્ષરધામમાં જવાશે ! કુશળ કુંવરબાઈ ધર્મપુરમાં રહ્યા થકા અમારા માટે વરસોવરસ ફળ, પોશાક વગેરે મોકલતા રહે છે. એવા તેઓ પ્રેમી ભક્ત છે.

જ્યાર મહારાજે રૂમાલ તથા ચાખડી આપી તે દિવસથી કુશળ કુંવરબાઈ શ્રીજીની મૂર્તિ ધર્મપુરમાં રહ્યા છતાં પ્રત્યક્ષ દેખતા હતા.

**● શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને ધર્મપુર મોક્લ્યા**

પછી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને ધરમપુર મોકલ્યા તે ગયા. ધર્મપુર નજીક આવ્યું. ત્યાં તો હાથીએ બેસીને પરમ ચૈતન્યાનંદ સ્વામી તે બાગમાં હવા ખાવા જતા હતા, તે હાથી ઉપરે બેઠે બેઠે મુક્તાનંદ સ્વામીને આવતા જોઈને માવતને કહ્યું જે મારા ગુરુ આવે છે તે, મને હાથી ઉપર બેઠેલો દેખશે માટે હાથીને બેસારો. પછી હાથી બેસાર્યો ને ઊતરીને સામા જઈને દંડવત્ કર્યા અને સ્વામીને મળ્યા ને સાથે સાથે ધર્મશાળામાં આવ્યા ને રસોઈ કરીને જમાડ્યા. પછી પરમચૈતન્યાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામીના ચરણ દાબતા હતા ત્યાં કુશળકુંવરબાઈ આવ્યા એટલે મુક્તાનંદ સ્વામી તો ઉઠીને છેટે જાતા રહ્યા. ત્યારે બાઈ બોલ્યા જે એ કોણ છે ? ત્યારે પરમ ચૈતન્યાનંદ સ્વામી બોલ્યા જે, એ મારા ગુરુ છે ને મને તેડવા આવ્યા છે. તે માટે મારે જવું પડશે. ત્યારે બાઈ દિલગીર થઈને બોલ્યા જે શ્રીજીમહારાજને અહીં લાવવાનું વચન આપો તો જવા દઉં. પછી તે વાત મુક્તાનંદ સ્વામીને કહી

ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે એને કહો જે તમે કાગળ લખજો અને અમે પ્રાર્થના કરીશું. પછી બંને સ્વામી કાગળ લઈ ગઢડે આવ્યા.

**● કુશળકુંવરબાઈએ શ્રીહરિને ધર્મપુર આવવા પત્ર મોકલ્યો**

એક દિવસ રાણીએ પરમ ચૈતન્યાનંદ સ્વામીને બે હાથ જોડી પગે લાગીને કહેવડાવ્યું કે હવે શ્રીજીમહારાજ, બ્રહ્મચારી, સંતમંડળ, પાર્ષદ, હરિભક્ત તથા મોટીબા, લાડુબા, જીવુબા, રાજુબા, સહિત અહીં પધારે તો ઠીક, એમ કહી એક પત્ર લખાવીને માણસ સાથે ગઢપુર મોકલ્યો. ત્યારે સ્વામી બોલ્યા કે ભગવાન તો સ્વતંત્ર છે, પણ પોતે ભક્ત વત્સલ છે. તે આપની નિષ્કામ ભક્તિને વશ થઈને આપને ત્યાં થોડા દિવસમાં પધારશે. પછી શ્રીજીમહારાજ તેમનો સંકલ્પ જાણીને તેમની પ્રેમભક્તિથી આકર્ષાઈ ગડઢેથી ધરમપુર જવાં નીકળ્યાં. વડતાલ આવીને ફરતા ફરતા સુરત થઈને ઉઘના આવીને પત્ર દ્વારા ખબર આપી કે અમુક દિવસે અમે ધરમપુર આવીશું. પછી રાણીએ પોતાની સો ગામની સર્વ પ્રજાને તેમજ શરબંધ, હાથીવાળા, પાયગાવાળા વગેરે તમામને હુકમ કર્યો કે શ્રીજીમહારાજ પધારે ત્યારે તમારે સર્વેએ હાજર રહેવું. અને તે જ રાત્રે વાંસદા ગામે પોતાની દીકરીને મંદવાડ હતો, તેને જોવા માટે મેનામાં બેસી ત્યાં ગયા.

પછી પરમ ચૈતન્યાનંદ સ્વામીએ પત્ર લખી સવાર સાથે વાંસદા ખબર મોકલી કે કાલે સવારે શ્રીજીમહારાજ અહીં પધારશે. તે ખબર સાંભળીને રાણી ધરમપુર આવ્યા. પછી શ્રીજીમહારાજ સવારમાં પહોરમાં ધરમપુર પધાર્યા. એટલે રાણી ઘણી ધામધૂમથી, સામૈયું લઈ સામા ગયા. અને શ્રીજીમહારાજને પગે લાગ્યાં તે વખતે ચોવીસ અવતાર, બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એ સર્વને શ્રીજીમહારાજની સેવામાં દીઠા. તે જોઈને રાણીને આનંદનો ઊભરો આવ્યો. તેથી તેમની પૂર્વની સ્મૃતિ થઈ જે આ શ્રીજીમહારાજે વનમાંથી આવતા અહીં શંકરના મંદિર પાસે આંબા નીચે તેજઃ પુંજ રૂપે દર્શન આપ્યા હતાં, ત્યારે મેં ત્રણ પરિક્રમા ફરી દૂધની ધારાવાડી કરીને પ્રાર્થના કરી, ત્યારે પોતાનું તેજ પોતાની મૂર્તિમાં સમાવી મને તપસ્વીરૂપ દર્શન દીધાં. જ્યારે ત્રણ

દિવસ સુધી મેં ગાયનું દૂધ શ્રીજીમહારાજને પાયું હતું. એમ વિચારી પોતાના કુંવર વિજયદેવને શ્રીજીમહારાજ પાસે તેડી જઈને પગે લગાડ્યા અને કહ્યું કે મારી સો ગામની સર્વ પ્રજા આપના દર્શને આવેલી છે, તો તેમને દર્શન દેવા માટે આપ સોનેરી વસ્ત્રો ધારણ કરીને તથા માથે મુગટ ધારણ કરીને સૌને દર્શન આપવા હાથી ઉપર વિરાજમાન થાઓ. (આ મુગટ હાલ વડતાલમાં ત્રીજા માળે અક્ષરભુવનમાં શ્રીઘનશ્યામ મહારાજની બેઠી મૂર્તિ બિરાજે છે. ત્યાં છે.) એવી પ્રાર્થના સાંભળીને શ્રીજીમહારાજ અતિકૃપા કરીને સૌને દર્શન આપવા હાથી ઉપર બિરાજમાન થયા. અને રાણી પોતે જીવુબા, લાડુબા આદિક સર્વે બાઈઓને મળી તેમને રથમાં બેસાડીને તેમની સાથે ઘેર આવ્યા. અને શ્રીજીમહારાજ રહ્યા ત્યાં સુધી દરરોજ પોતાની દેખરેખ નીચે પવિત્ર બ્રાહ્મણો પાસે ઉત્તમ પ્રકારની રસોઈ બનાવી જમાડતા હતા.

**● કુશળકુંવરબાઈએ શ્રીહરિને ૧૦૦ ગામનું રાજ્ય આપવા કહ્યું : પરંતુ શ્રીહરિએ ના પાડી.**

શ્રીજીમહારાજે તે ગામમાં બહુ ઐશ્વર્ય બતાવી ઘણા જીવોનો મોક્ષ કર્યો. શ્રીજીમહારાજ પાસે કેટલાક વિદ્વાનો તથા ગવૈયાઓ આવ્યા. તેમને પોત પોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યા અને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો. એક દિવસ રાણીએ ઉત્તમ ભોજન કરાવી છત્રીસ ખાનાવાળો ચાંદીનો થાળ પૂરી, શ્રીજીમહારાજને જમાડ્યા. પછી વિનંતી કરીને કહ્યું કે, હે મહારાજ, હું આ મારું સો ગામનું રાજ્ય આપને અર્પણ કરું છું. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે અમે રાજ્યને ઈચ્છતા નથી. અમને માયારાણીએ ત્રણસો ગામોનું રાજ્ય અર્પણ કર્યું તો પણ અમે ના કહી હતી, કેમ કે અમારે અસંખ્ય કોટી બ્રહ્માંડનું રાજ્ય છે. છતાં અનેક જીવોનો મોક્ષ કરવા માટે આ સર્વે અનાદિ મુક્તોએ સહિત આ ભરતખંડમાં પ્રગટ થયા છીએ. એમ કહી, તે રાણીના કુંવર વિજયદેવને શ્રીજીમહારાજે રાજગાદીએ બેસાડ્યા. પછી તે રાણીને શ્રીજીમહારાજે કહ્યું કે, તમે ચાર બાઈઓને તમારી સેવામાં રાખો. તેમાં એક ભગવાનની કથા સંભાળાવે અને તે થાકે ત્યારે બીજી

મારા ઐશ્વર્ય સંબંધી વાતો કરે અને તે થાકે ત્યારે ત્રીજી મારી મૂર્તિના કીર્તન બોલે ને તે થાકે ત્યારે ચોથી ''સ્વામિનારાયણ'' નામની ધૂન કરે. અને તમે મારી મૂર્તિ નખશિખા પર્યંત અહોર્નિશ ધાર્યા કરજો. શ્રીહરિએ ધરમપુરમાં વસંત પંચમીનો બહુ મોટો ઉત્સવ કર્યો ને ખૂબ રંગે રમ્યા ને બહુ સુખ આપ્યા. તે ધરમપુરમાં પરમ ચૈતન્યાનંદ સ્વામી સંવત ૧૮૬૧ થી ૧૮૭૧ સુધી ૧૦ વર્ષ રહ્યા ને કુશળ કુંવરબાઈને શ્રીહરિનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો.

**● કુશળકુંવરબાઈએ શ્રીહરિની મૂર્તિ અંતરમાં પલટાવીને અઢારમાં દિવસે દેહત્યાગ કર્યો.**

કુશળ કુંવરબાઈએ શ્રીહરિને રાજ આપવાની વાત કરી. ત્યારે શ્રીહરિ કહે, ''તમે, સુખેથી રાજ કરો. પરંતુ અમારી મૂર્તિ વિના બીજે ક્યાંય પ્રીતિ ન રાખશો નહીં તો દુઃખી થશો.'' પછી બાઈએ તે કબુલ કરી શ્રીજીની આજ્ઞા માથે ચડાવી. તેઓ શ્રીજી સામે જોઈ રહ્યા. પછી દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં ઉતારી દીધી અને જીવમાં સાક્ષાત્કાર કરી લીધો. વચનામૃત સારંગપુરના ૨ (બીજામાં) પણ શ્રીહરિએ આ વાત કરેલી છે. શ્રીહરિએ કુશળકુંવરબાઈને કહ્યું : એક અંગ ત્રણે અવસ્થામાં યાદ આવે તેવો દૃઢાવ થાય ત્યારે બીજુ અંગ ધારવું. તેમ કરશો તો આ પંચભૌતિક દેહનો ત્યાગ કરીને મારા ધામમાં મારી સેવામાં રહેવાય એવાં થશો. શ્રીજીમહારાજના વચન માનીને રાણીએ તેવો અભ્યાસ કાયમ રાખ્યો. પછી શ્રીજીમહારાજને તથા સંતમંડળને તથા સત્સંગી બાઈઓને જેવી ધામધૂમથી પોતે પધરાવ્યાં હતા તેવી જ ધામધૂમથી શ્રીજીમહારાજને વળાવ્યા. ત્યાર પછી પોતે અઢારમે દિવસે આ દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં ગયાં. ત્યારે તેમના સગાએ પત્ર લખીને જણાવ્યું જે ''વાલા વિરહ વિજોગે લાગ્યા બાણ, તજ્યા કુશળકુંવરે પ્રાણ.'' એવા સમાચાર જાણી શ્રીજીએ તેમની અત્યંત પ્રશંસા કરી.

શ્રીજીમહારાજ લોયાના ત્રીજા વચનામૃતમાં પણ કુશળકુંવર બાઈની પ્રસંશા કરી હતી. કે જેને ભગવાન ને સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેના લક્ષણો બતાવ્યા છે. તેવા કુશળકુંવરબાઈ હતા.

# દેવહૂતિમાતા મીણબાઈ રૂપે અવતર્યા

## ● માતા દેવહૂતિજીની જીવન ગાથા

સ્વયંભુવનુ મહારાજને શતરૂપાજી નામની પત્નીથી દેવહૂતિમાતાનો જન્મ થયો છે. ભાગવતમાં કહ્યું કે.

**"મનોસ્તુ શતરૂપાયાં, તિશ્રકન્યાશ્ચ જગ્ની રે,**
**આકૃતિ દેવહૂતિશ્ચ, પ્રસુતિરીતી વિશ્રુતા"**

આમ આદિ માનવ મનુમહારાજ અને શતરૂપાજીના વંશમાં ત્રણ કન્યા અને બે પુત્રો હતા. જેનો વિસ્તાર સારાયે જગતમાં ફેલાયેલો છે. મનુ મહારાજને આકૃતિ, દેવહૂતિ, પ્રસૂતિ આ ત્રણ કન્યા હતી અને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના બે પુત્રો હતા. જેમાં આકૃતિ નામની પુત્રીને ઋચિ નામના ઋષિ સાથે પરણાવવામાં આવી. દેવહૂતિ માતાનાં લગ્ન જીતેન્દ્રિય મહામુનિ કર્દમ ઋષિ સાથે થયાં હતા અને મનુ મહારાજની ત્રીજી પુત્રી પ્રસૂતિનાં લગ્ન દક્ષ પ્રજાપતિ સાથે થયાં હતા.

કર્દમ ઋષિ જીતેન્દ્રિય મહાપુરુષ હતાં. જેમની સાથે મનુ મહારાજે પોતાની દેવ કન્યા એવી દેવહૂતિના વિવાહ કરેલા. આ બંનેના દિવ્ય દાંપત્યમાં વિશેષ માહાત્મ્ય એ છે કે દેવહૂતિજી એ રાજ કન્યા છે. છતાં પોતાના પિતાએ પુત્રીની સાત્વિક અને સંયમી ઇચ્છા શક્તિને કારણે દેવહૂતિનું લગ્ન જીતેન્દ્રિય મહાપુરુષ કર્દમ ઋષિ સાથે કર્યું હતું. કર્દમ ઋષિ પણ કોઈ સામાન્ય ઋષિ ન હતા. કર્દમ ઋષિએ પણ મહા તપસ્યાના અંતે દેવહૂતિ જેવા પત્નીને પ્રાપ્ત કર્યા છે.

કર્દમ ઋષિની કઠોર તપસ્યાથી પ્રસન્ન થઈને સ્વયં ભગવાને કર્દમ ઋષિને વર આપ્યો કે મનુ મહારાજ પોતાની પુત્રી દેવહૂતિ આપને પરણાવવા માટે આવશે. તેનો સ્વીકાર કરજો. કર્દમ ઋષિની બીજી પણ

એક મહાન ઈચ્છા હતી, પોતાને ત્યાં સ્વયં ભગવાન પ્રગટ થાય અને ઈચ્છાની પૂર્તિ માટે સ્વયં ભગવાને એ પણ વર આપ્યો કે હું, સ્વયં પુત્ર બનીને આવીશ. મારી આજ્ઞાથી તમે મનુ મહારાજની રાજકન્યા દેવહૂતિનો સ્વીકાર કરજો. એ રાજ કન્યા તમારા મનોરથ પૂર્ણ કરશે. એ રાજકન્યાના માધ્યમથી તમારે ત્યાં નવ કન્યા થશે. એ નવે નવ કન્યાને ઋષિઓ ગ્રહણ કરશે. ત્યાર પછી અંતમાં હું તમારી પત્ની દેવહૂતિથી જન્મ લઈશ અને સાંખ્ય શાસ્ત્રનું નિર્માણ કરીશ. કર્દમ ઋષિની તપસ્યાથી પ્રસન્ન થઈ ભગવાન આ વર આપી અંતર્ધાન થયા. ત્યાર પછી કર્દમ ઋષિ આ દિવ્ય પળોની રાહ જોતા હતા.

મનુ મહારાજે આવી પોતાની પુત્રી દેવહુતિનાં લગ્ન કર્દમ ઋષિ સાથે ધામધૂમથી સંપન્ન કર્યા. મનુ મહારાજ પોતાની પુત્રીને સારો એવો કરિયાવર આપી જેમ કે વસ્ત્રો, આભૂષણો અને ગૃહસ્થાને જીવનને ઉપયોગી એવી તમામ વસ્તુઓ આપી પુત્રીને હ્દય સાથે લગાવી, વિરહથી વ્યાકુળ થઈ પોતાની પુત્રીને વળાવી છે.

**● કર્દમ ઋષિ તથા માતા દેવહૂતિથી નવ કન્યા અને પુત્રરૂપે કપિલ ભગવાનનું પ્રાગટ્ય થયું**

આ કર્દમઋષિ અને દેવહૂતિજીનું દિવ્ય દાંપત્ય શરૂ થયું. દેવહૂતિ માતા પણ અગાધ પ્રેમથી પવિત્રતાથી પોતાના પતિની સેવામાં તત્પર રહેતાં હતા. જેના લીધે દેવહૂતિ માતાનું શરીર પણ અત્યંત કૃશ થઈ ગયું હતું. દેવહૂતિજીની સેવાથી પ્રસન્ન થયેલા કર્દમ ઋષિએ દેવહૂતિમાતા સાથે દિવ્ય વિમાનમાં વિહાર કરી અને દેવહૂતિજીની મનોકામના પૂર્ણ કરી. દેવહૂતિ માતા પણ પોતાના પતિની દિવ્ય ભાવનાથી સેવા કરે છે. આ દિવ્ય દાંપત્યથી અને સદ્‌ગુણો, સેવાની પ્રેરણાઓ, આમ જનતાને મળે છે.

બન્ને વચ્ચે પરસ્પર વિશ્વાસ, આત્મશૌર્ય, વાચા માધુર્ય, ગૌરવ, સુશ્રુષા નિષ્કામભાવ જેવા અનેક સદ્‌ગુણોએ કરીને બન્નેના દિવ્ય દાંપત્યના ભાવના માધ્યમથી દેવહૂતિ માતાને ત્યાં નવ કન્યાનો જન્મ થયો. જેમાંના નામ (૧) પૂર્ણીમા (૨) કલા (૩) અરૂંધતી (૪)

અનસૂયા (૫) શ્રધ્ધા (૬) હવિર્ભુ (૭) ગતિ (૮) પ્રિયા (૯) ખ્યાતિ જેવી મહાન કન્યાના જન્મ થયા. જેને આપણા શાસ્ત્રોમાં નવધા ભક્તિ તરીકે ઓળખીએ છીએ.

નવકન્યાના જન્મ પછી દેવ હૂતિ માતાની સેવાથી પ્રસન્ન થયેલા કર્દમ ઋષિએ દેવહૂતિની જે પુત્રની ઈચ્છા હતી એ પૂરી કરવા આશીર્વાદ આપ્યો. જેના કારણે સમયાંતરે સ્વયં ભગવાન કપિલજી માતા દેવહૂતિના ગર્ભથી પ્રગટ થયા છે.

**● સિદ્ધપુર ધામ (નવ) ઋષિમુનિઓનું સાસરૂં બન્યું**

માતા દેવહૂતિએ પોતાની નવ કન્યાને અનુક્રમે નવ ઋષિને પરણાવી જેમના નામો (૧) કશ્યપઋષિને પૂર્ણિમા (૨) મરિચી ઋષિને કલા (૩) વસિષ્ઠ ઋષિને અરુંધતી (૪) અત્રિ ઋષિને અનસૂયા (૫) અંગિરસ ઋષિને શ્રદ્ધા (૬) પુલસ્ત્ય ઋષિને હવિર્ભુ (૭) પુલહ ઋષિને ગતિ (૮) ક્રતુ ઋષિને પ્રિયા (૯) ભૃગુ ઋષિને ખ્યાતી નામની કન્યાના લગ્ન કર્યા. કર્દમ ઋષિએ ઘણો સારો એવો કરિયાવર આપી દરેક મુનિઓને સંતુષ્ટ કર્યા. ત્યાર પછી કર્દમ ઋષિ સંન્યાસ ધારણ કરી વનમાં જાય છે. જ્યાં ભગવાનની આરાધના કરી ભગવાનના દિવ્ય ધામને પામે છે.

માતા દેવહૂતિ પોતાના પુત્ર તરીકે સાંખ્ય શાસ્ત્રનો પ્રચાર કરવા સ્વયં ભગવાન પધાર્યા છે એ વાતને લક્ષ્ય લઈ પુત્રની પાસે જઈ જ્ઞાન ચર્ચા કરે છે. માતા દેવહૂતિ અને કપિલ ભગવાનનાં આ સંવાદને ‘‘કપિલ ગીતા’’ તરીકે ઓળખીએ છીએ. જે અત્યંત કલ્યાણકારી ઉપદેશ છે. માતાને પુત્રે આપેલ જ્ઞાનને સમજણ પૂર્વક હૃદયસ્થ કરી દેવહૂતિ સાંખ્ય શાસ્ત્રના જ્ઞાન વડે બધા તત્ત્વોમાંથી વિરક્ત થઈને પોતાના પુત્ર ભગવાન કપિલજીની મૂર્તિની અંતરમાં પાકી ધારણા કરાવી જેથી અઢાર દિવસ દેહની વિસ્મૃતિ રહી. અને સરસ્વતી નદીને તીરે જતા તેમનો દેહ સરસ્વતીના જળ રૂપે થઈ ગયો. જે સ્થાનમાં માતા દેવહૂતિને સિદ્ધિ પ્રાપ્ત થઈ તે સ્થાનને સિદ્ધપુર તરીકે ઓળખીએ છીએ. (શ્રીમદ્ ભાગવત તૃતિય સ્કંધ)

**● માતા દેવહૂતિજી બીજા જન્મે મીણબાઈ રૂપે થયા**

માતા દેવહૂતિજી બીજા જન્મે મીણબાઈ રૂપે થયાં, કપિલ

ભગવાને માતા દેવહૂતિને સાંખ્યનું જ્ઞાન કર્યું અને સિદ્ધદશાને પમાડ્યા. બીજો જન્મ દેવહુતિજીનો ભાવનગર જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ખાલપર ગામે ધાધલ કુળમાં થયો હતો. મીણબાઈનો જન્મ આશરે સંવત ૧૮૨૯ કે ૧૮૩૦ આસ પાસ થયેલ છે. તેવું તેમના પરિવારોનું કહેવું છે અને કોઈ કહે છે મીણબાઈનો જન્મ ગઢડામાં થયો હતો. કોઈ કહે કે ભાવનગર જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ખાલપર ગામે થયો હતો. તેમના પિતાશ્રીનું નામ હાદા ધાધલ હતું. તેમને ચાર દીકરીઓ હતી. સૌથી મોટા મીણબાઈ હતા ને એક ભાઈ હતા જેમનું નામ બાવો ધાધલ હતુ. આ પરિવાર ખાલપર ગામે રહેતા હતા. ત્યાર પછી ગઢપુર આવીને રહ્યા હતા. મીણબાઈ અઢી વર્ષના હતા ત્યારથી જ ત્રણેય કાળની વાતો કરતા હતા. તેમનું વર્ણન શ્રી વિહારી લાલજી મહારાજે કર્યું છે.

**-: ચોપાઈ :-**

**કુંતા સીતા દ્રૌપદી ગોપિકાઓ, રાધા રમા છે શ્રુતિની રૂચાઓ ॥**

(શ્રી હરિલીલામૃત કળશ ૫ વિશ્રામ ૧૬)

**ઈત્યાદિ જે ઉત્તમ સૌ ગણાઈ, તે સર્વથી ઉત્તમ મીણબાઈ ॥૪૮॥**

(શ્રી હરિલીલામૃત કળશ ૫ વિશ્રામ ૧૬)

આવા મુક્તામાની ચરણ રજ લેવા ભવ બ્રહ્માદિક મોટા દેવો પધારે છે. જેમ દરેક વનમાં ચંદનના વૃક્ષો હોતા નથી. દરેક મૃગની નાભિમાં કસ્તુરી પાકતી નથી. દરેક હાથી મદઝરતા પણ હોતા નથી. આવા મહા સિદ્ધ સમાધિવાળા મીણબાઈ પોતાના પિતાશ્રી સાથે ગઢપુરમાં રહેતા હતા. મીણબાઈના લગ્ન નવ વર્ષની ઉંમરે અગિયાર વર્ષની ઉંમરના કરિયાણા ગામનાં ગામધણી આગળ ખાચરના પુત્ર ઉન્નડખાચર સાથે થયેલ. એ સમયે બાળ લગ્નનું દુષણ વ્યાપક પ્રમાણમાં હતું. મીણબાઈ સાસરે આવે તે પહેલાં લગ્ન પછી સાત-આઠ માસમાં જ વિધવા થયા. સમય જતા મીણબાઈ પોતાના સાસરે ગામ કરિયાણા આવ્યા. અધ્યાત્મક જીવન, આજીવન બ્રહ્મચર્ય અને એમાંય કાઠી સંસ્કૃતિનો સમન્વય થવાથી "દેવી સ્વરૂપે" સમાજમાં બા શ્રી મીણબાઈને બાલ્યાવસ્થામાં જ વૈધવ્ય પ્રાપ્ત થયું ભગવાનની ઈચ્છા એ જ આપણું

પ્રારબ્ધ એમ માનનાર મીણબાઈએ જ્ઞાન અને ધીરજથી મનમાં વિચાર્યું કે મારા પતિ સાથેના મારા કર્મ સંબંધો પૂરા થયા હશે તેથી જ મારે આ વૈધવ્ય આવ્યું છે. એમ સમજીને તેમણે તે બાબતનો શોક વિસારી દીધો.

પછી પોતાના સાસરિયા પક્ષના સંબંધીજનો અને પોતાના પિયરપક્ષના સંબંધીઓની સંમતિ મેળવીને બા શ્રી મીણબાઈએ સાંખ્યયોગી દીક્ષા સ્વીકારીને જીવન પર્યંત તે ધર્મનું પાલન કર્યું એટલું જ નહીં, ભૂમિ શયન, દિવસમાં એક જ વખત રસરહિત સાત્વિક સાદુ ભોજન, સાદા વસ્ત્રો પહેરવા, પુરુષો સાથે બોલવું નહીં, બહેનોને ભગવાનની કથા-વાર્તા સંભળાવવી વગેરે વ્રત નિયમોનું પાલન તેમણે આજીવન કરેલું.

આવી રીતે મીણબાઈની રહેણી કરણી તપશ્ચર્યા વગેરે તેના સદ્ગુણોથી પ્રભાવિત થયેલા તેમના દિયર દરબાર શ્રી દેહા ખાચર વગેરે બધા જ સંબંધીજનો બા શ્રી મીણબાઈની સલાહ સુચના આદરથી માનતા અને તે કહે તે પ્રમાણે તેઓશ્રી સત્સંગની સેવા કરતા. વૈધવ્ય પ્રાપ્ત થયા પછીથી મીણબાઈ પોતે મોટા ભાગનો સમય ગઢપુરમાં વિતાવતા હતા. અને બા શ્રી જીવુબા (મોટીબા), લાડુબા, રાજબા વગેરે સાંખ્યયોગી બહેનોનો સમાગમ કરતા. ક્યારેક જીવુબા વગેરે બહેનોને સાથે લઈને કરિયાણા આવતા અને ત્યાંના બહેનોને સંત્સંગ મહિમા સમજાવતા અને ધર્મનિયમોનો ઉપદેશ આપતા હતા.

### ● મીણબાઈની નિરાવરણ સ્થિતિ

મીણબાઈ પૂર્વના મુક્ત હોવાથી તેઓ બાળપણથી નિરાવરણ સ્થિતિવાળા હતા. કુંડળના રાઈબાઈ, ગઢડાના જીવુબાઈ અને કરિયાણાના મીણબાઈ, શ્રીહરિ છપૈયામાં હતા ત્યારે અને પછી અયોધ્યા તથા વનવિચરણ વગેરેની લીલા આ ત્રણેય મુક્તો બીજા ભક્તોને સંભળાવતા અને કહેતા કે આજે મહારાજ અહીં રાત રહ્યા આ ગામમાં જમ્યા અને સ્નાન કર્યું વગેરે કહેતા. અને આજે અઢી વર્ષના થયા છે ને તેમને બાળ મોવાળા ઉતરાવ્યા તેમ જ માતા-પિતાને દિવ્યગતિ આપીને વનવિચરણની લીલા કરતા લોજમાં આવ્યા ને રામાનંદ સ્વામીનું

મિલન પીપલાણામાં થયું દીક્ષા આપી તથા જેતપુરમાં ગાદી આપી વગેરે શ્રીહરિની લીલા સર્વને કહેતા અને તે એમ પણ કહેતા જે જે પ્રભુ જેતપુરમાં ગાદી સ્થાને બિરાજ્યા છે. તે જ પ્રભુ આ કરિયાણામાં અહીં આ પંચપીરની જગ્યા પાસે દૈત લીંબડો છે ત્યાં આવીને બિરાજશે.

**● મીણબાઈની સમજણ**

મીણબાઈના વિવાહબાદ યુવા અવસ્થામાં જ તેના પતિ દરબાર શ્રી ઉન્નડ ખાચર અક્ષરવાસી થયા હતા. પ્રભુ મૂર્તિમાં ગુલતાન રહેનાર મીણબાઈએ ભગવાનની ઈચ્છા સમજીને તેનો રંજ માત્ર શોક ન કર્યો. શોક કરતાં સંબંધી જનોને પણ મહાજ્ઞાની મીણબાઈએ ધીરજ આપતાં કહ્યું : “તેમની સાથેનો મારો કર્મ સંબંધ આજથી પૂરો થયો છે. તેમાં રડવાનું શું ? માટે જો તમારે તેમના પર સાચી પ્રીતિ હોય તો પ્રભુ ભજો. સેવા તથા દાન-પુણ્ય કરો. તેથી મરનાર સુખી થાય છે. વળી જેમ કોઈનું ઉછીનું ધન લાવ્યા હોઈએ તે પાછું લે એમાં શોક શું કરવાનો હોય ? તેમ જ હું મારા પતિ, પુત્રો અને આપણે સર્વે ભગવાનની વસ્તુ છીએ. પ્રભુ જ આપણા માલિક છે. તેણે જ આપણને જીવન આપ્યું છે અને એ જ પાછું લે છે. તેમાં હર્ષ શોક શેનો ? આમ, સર્વને ધીરજ આપી સુખિયા કર્યા.”

**● મીણબાઇને ધ્યાનમાં દર્શન થતાં તે જ દર્શન શ્રીહરિએ ફરેણીમાં આપ્યાં**

બા શ્રી મીણબાઈને રામાનંદ સ્વામી છતાં સત્સંગનો યોગ પ્રાપ્ત થયો હતો. એક વાર મીણબાઈ સર્વે સંઘ સાથે ફરેણી દર્શને ગયા હતા.

માંચો ભક્ત તથા નાજો જોગિયો તથા મીણબાઈ એ સર્વે રામાનંદ સ્વામીનું ધ્યાન કરે ત્યારે ધ્યાનમાં મહારાજ દેખાય. તેમને માથે સુંદર શોભાયમાન નાના કેશ શોભી રહ્યા છે. ને સુંદર બુટ્ટાવાળી અલફી ધારણ કરી છે જેણે, એવી તપસ્વી મૂર્તિ જોઈને એમ વિચાર કરે જે, “એ તે કોણ હશે ?”

પછી મહારાજ રામાનંદ સ્વામી પાસે પધાર્યા અને સ્વામી દેહ મેલી ગયા. તે કેડે ક્યારેક એ સર્વે ફરેણીએ મહારાજને દર્શને ગયા. ત્યારે

મહારાજને પૂછ્યું જે, ''અમે સ્વામીનું ધ્યાન કરતા ત્યારે તમારી મૂર્તિ દેખાતી, તે રૂપે અમને દર્શન આપો.'' પછી મહારાજે કોઈકને ઘેર અલફી બંધાવી મૂકી હતી, તેને મંગાવીને પહેરીને બેઠા. ત્યારે તે સર્વે બોલ્યા જે, ''અમે સ્વામીનું ધ્યાન કરતા ત્યારે અમને તમારાં આવા દર્શન થતાં હતાં.''

**● મીણબાઈએ રાજબાઈને ભલામણ કરી**

એક દિવસ ગામ કરિયાણાના મીણબાઈ તે રાજબાઈ પાસે રહેતા તેમને શરીરમાં કસર થઈ. ત્યારે તે બોલ્યા જે, ''મારા બાવાભાઈને કહેજો જે, પાંચ રૂપિયા મારે કેડે વાપરે તો મહારાજ ને સંત મંડળ તેમને તેડાવીને વાપરજો, પણ બીજે થોડા વાપરજો.'' પછી તેમના ભાઈ બાવા ઘાધલ છેટે બેઠા હતા તેમણે સાંભળ્યું. પછી એમ બોલ્યા જે, ''જેમ બાઈએ કહ્યું તેમ અમે કરશું.''

પછી મહારાજે બાઈને સંભળાવ્યું. પછી બાઈ ચોવીશ તત્ત્વનું જે વાસનાલિંગ દેહ તેનો ત્યાગ કરીને ભાગવતી તનું પામીને અક્ષરધામમાં ગયા.

**● મીણબાઈએ સ્વતંત્રપણે દેહ ત્યાગ કર્યો**

મીણબાઈને જ્યારથી તેમને સત્સંગ થયો હતો ત્યારથી જ તેમણે સંસાર છોડી દીધો હતો. જે રીતે ગઢપુરમાં જીવુબાઈ ત્યાગી રહ્યા હતા તે રીતે મીણબાઈ પણ ત્યાગી રહ્યા હતા. જીવુબાઈ, રાજબાઈ અને મીણબાઈ એ ત્રણેય સમાધિનિષ્ઠ હતા. તેઓ રાત-દિવસ સમાધિમાં રહેતા હતા. અક્ષર ધામમાં ભગવાનની જેવી મૂર્તિ છે તેવી મૂર્તિ પોતાની પાસે તેઓ અખંડ રાખતા હતા. એક પળવાર પણ મૂર્તિને ભૂલતા નહીં. જે જે કાંઈ સામર્થ્ય અને સુખ હોય છે તે બધું મૂર્તિમાં જ દેખતા હતા. મૂર્તિ સિવાયનું સુખ જે હોય છે તે બધું કાળનું ચવાણું છે. તેમને દેખતા હતા. તેમની સમાધિ એટલી દૃઢ થઈ હતી કે, તેમને બધા જ માયિક સુખ ઉલટીના અન્ન જેવા થઈ ગયા હતા.

તેઓ શ્રી કરિયાણાથી કાયમ માટે ગઢપુર શ્રીહરિની સેવામાં આવીને રહ્યા હતા. તેમનું વિચરણ પણ શ્રીહરિ સાથે હતું. તે શાસ્ત્રોમાં લખ્યું છે. તે ધર્મપુર શ્રી કુશળકુંવરબાઈને દર્શન દેવા શ્રીહરિ ગયેલા ત્યારે

સાથે જીવુબા વગેરે સાથે મીણબાઈ ગયેલા. આ તેમનું સત્સંગમય જીવન આપણને પ્રેરણા રૂપ છે. ગઢપુરમાં જ્યારે મીણબાઈએ સ્વતંત્રપણે દેહ ત્યાગ કર્યો ત્યારે મહારાજે મુક્તાનંદ આદિ સાધુઓને તેડાવીને કહ્યું જે આ મીણબાઈ દેવહૂતિ માતાનો અવતાર છે. તેમ જ તેમની સ્ત્રી-પુરુષ એવી આકૃતિ રહી નથી. પછી મીણબાઈના જીવમાંથી અનંત કોટિ સૂર્ય-ચંદ્રનું તેજ નીકળ્યું તે પ્રકાશથી આખો ઓરડો ભરાઈ ગયો. તે વખતે તેમના શરીરમાંથી કેસર, કસ્તુરી, અત્તર, ચંદનની સુંગંધ નીકળવા લાગી. પછી તેઓ અક્ષરધામમાં ગયા. ત્યારે દેવોએ વાજિંત્ર વગાડી ચંદન પુષ્પનો વરસાદ કર્યો. પૃથ્વીદેવી તો ઉદાસ થઈ ગયા. કારણ કે આવા પવિત્ર બેનનો જન્મ પૃથ્વી ઉપર હતો. તેથી તે પોતાને અહો ભાગ્યશાળી માનતી હતી.

હવે જ્યારે મીણબાઈએ દેહ મૂક્યો ત્યારે શ્રીજીમહારાજે બ્રહ્મનિષ્ઠ એવી દશ બાઈઓને કહ્યું કે એ ક્યા ધામમાં જાય છે, તેની તપાસ કરીને અહીં આવો. એટલે તે બાઈઓ પોતે સ્વતંત્રપણે એક દમ મીણબાઈ સાથે દિવ્ય દેહે ચાલી નીકળી અને વચમાં દેવ લોક, વૈકુંઠ લોક, ગોલોક, મૂળપુરુષના સ્થાનમાં પણ ન રહ્યા ને ઠેઠ અક્ષરધામમાં ગયા. ત્યાં મીણબાઈ તો શ્રીજીમહારાજની સભામાં દિવ્ય આકાર મુક્ત સ્વરૂપે સેવામાં રહેલા તેઓએ જોયાં.

પછી તે બાઈઓ શ્રીજીમહારાજનાં દર્શન કરી પૃથ્વી ઉપર આવ્યાં તે જેવી વાત બની હતી તેવી વાત દાદા ખાચરનાં દરબારમાં શ્રીજીમહારાજ આગળ કરી જે : વૈકુંઠવાસી લક્ષ્મીજીએ, ગોલોકવાસી રાધિકાજીએ અને મહામાયા એ પણ મીણબાઈના શુદ્ધ આત્માની ષોડશપચારે સેવા કરીને કહ્યું, જે તમે અહીં રહો. ત્યારે મીણબાઈ બોલ્યાં જે, શ્રી સ્વામિનારાયણ તો ક્ષર અક્ષરથી પર સર્વોપરી પુરુષનો ભાવ રહે છે. માટે દેહ ભાવ પડતો મેલી શુદ્ધ અક્ષરભાવ સિદ્ધ કરો તો પૂર્ણ પુરુષોત્તમ શ્રીજીમહારાજની મૂર્તિ રહે. અને કહ્યું કે શ્રીજીમહારાજનાં દર્શન મૂકીને અમારાથી અહીં રહેવાય નહીં. કારણ કે તમારુ સુખ તો નાશવંત છે અને શ્રીજીમહારાજનું સુખ તો અખંડ અને એલૌકિક છે.

બાઈઓની વાત સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા કે, સાચા ભક્ત તો આવા જ જોઈએ.

**● મીણબાઈની અંતિમ યાત્રામાં શ્રીહરિ જોડાયા**

સંવત ૧૮૭૮ના કાર્તિક માસના વદ પક્ષમાં કરિયાણાના મીણબાઈએ ગઢપૂરમાં પોતાનાં ભૌતિક દેહનો સ્વતંત્રપણે ત્યાગ કરી દીધો. જ્યારે તેમનો અગ્નિ સંસ્કાર કરવા માટે તેમના સંબંધીઓ ચાલ્યા ત્યારે શ્રીહરિ પણ મીણબાઈને સારા મોટા હરિભક્ત જાણીને તેમની અંતિમ યાત્રામાં આવ્યા હતા. ઉત્સવિયા હરિભક્તો ઝાંઝ, મૃદંગ વગાડીને જ્યારે ઉત્સવ કરતા કરતા ઉન્મત ગંગાએ ગયા ને તે વખતે એક ગાય સાથે ચાલી તેને ઘણી પાછી વાળી પણ તે પાછી વળી નહીં ને જ્યારે અગ્નિ સંસ્કાર થઈ રહ્યા પછી તે ગાય ઘેલામાં અદશ્ય થઈ ગઈ તે મૂર્તિમાન ગાય રૂપે ગંગાજી આવ્યા હતા.

**● શ્રીહરિ હજાર ઘોડાની સવારી સાથે મીણબાઈના ખર્ચમાં કરિયાણા પધાર્યા**

સંવત ૧૮૭૮ના વર્ષમાં મીણબાઈએ દેહત્યાગ કર્યો ને તેમના તેરમાના ખર્ચ ઉપર કરિયાણા ગામના ઓઢા ખાચર નામે દરબાર હતા. તેમણે શ્રીહરિના નામે પત્ર લખીને સંતોએ સહિત તેમને જાણીને શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા. દાદા ખાચરની જેટલી સવારી હતી તે પણ સાથે ચાલી. ઝીંઝાવદર ગામના દરબાર અલૈયા ખાચર હતા. તેમની જે સવારી હતી તે પણ શ્રીહરિની સાથે ચાલી. કારિયાણા ગામના વસ્તા ખાચર જે દરબાર હતા, તેમની જે સવારી હતી તે શ્રીહરિની સાથે ચાલી કુંડળ ગામના અમરા પટગીર, મામૈયા પટગીર તથા સારંગપુરના અમરા ખાચર, બોટાદના સોમલા ખાચર અને દાહા ખાચર આદિક સર્વે શ્રીહરિ સાથે કરિયાણા પધારીને ત્યાં સભા કરી હતી.

## લક્ષ્મીજી - સરસ્વતિજી - રાધિકા - બ્રહ્માણી

### ● લક્ષ્મીજી

ભગવાન શ્રીહરિનું આ ધરતી પર પ્રાગટ્ય સાંભળી અનેક દેવી-દેવતા એ છપૈયાની પાવનકારી ધરતી પર શ્રીહરિનું દર્શન કરવા માટે આવવા લાગ્યા.

**"એવે સમે લક્ષ્મીજી ત્યાં આવ્યા નિજ સાહેલીને સંગ લાવ્યા**
**શ્રીહરિની લીલાને ત્યાં જોવા, પ્રાણપતિ વિષે મન મોવા."**

એવા સમયે લક્ષ્મીજી પોતાની સખીયો સાથે પ્રભુની બાળલીલાનું દર્શન કરવા પધાર્યા. ત્યાં આંબલીના વૃક્ષ નીચે અદશ્ય સ્વરૂપે રહી પોતાની સખીને કહ્યું તું ચકલીનું રૂપ લઈને જા અને ઘરના દરવાજે ટોડલા પર બેસજે અને ઉતાવડથી ઊડી જાજે પછી આપણા સ્વામી શું લીલા કરે છે તે જોઈએ જેવી સખી ચકલી બનીને ટોડલા ઉપર બેઠીને ઉડવા ગઈ ઘનશ્યામ પ્રભુએ આંગળી દબાઈને પકડી લીધી અને પારણિયામાંથી નીચે પડી ગયા પણ ચકલીને મૂકી નહીં તેથી ચકલી ખૂબ ચીસો પાડવા લાગી - અવાજ સાંભળી ભક્તિમાતા આવ્યા જોયું તો હાથમાં ચકલી હતી. માતાને એમ થયું ચકલી પ્રભુએ ચાંચો મારશે તેથી માતાએ પ્રભુના હાથમાંથી ચકલીને છોડાવી - ત્યાર બાદ લક્ષ્મીજી પોતાની સખીઓ સાથે તેજોમય શરીરે આવી હાથ જોડી પ્રાર્થના કરવા લાગી હે પ્રભુ મારી પાંખો ચાંચ તમને વાગી હશે તો મારા અપરાધને ક્ષમા કરજો એવું સાંભળી શ્રી ઘનશ્યામ મહારાજ બોલ્યા હે દેવીઓ તમે ગુજરાત દેશમાં આવજો અમારો તમને ત્યાં યોગ થશે અને લક્ષ્મીજીને કહ્યું તમે કાઠિયાવાડમાં પધારજો ત્યાં અમે તમારી સેવાનો સ્વીકાર કરીશું...

**"શ્રીહરિ બોલ્યા કૃપા કરી ત્યાંય, આવજ્યો કાઠિયાવાડમાંયે"**

એ જ લક્ષ્મીજી શ્રીહરિના કહેવા પ્રમાણે કાઠિયાવાડ પ્રાંતમાં શ્રી એભલ બાપુના ઘરે ગઢડામાં જીવુબા બની ને અવતાર ધારણ કર્યા અને મહારાજની ખૂબ સેવા કરી પ્રભુ ભક્તિમાં લીન બની ગયા...

એક વાર સાંજ પડી એટલે ઘેર આવીને કહ્યું જે, હે દીદી ! મને ભૂખ લાગી છે, જમવાનું આપો. ત્યારે બોલ્યાં જે હે બાપ ! હમણાં જરાવાર ખમો. આ લાલજીને નૈવેદ્ય કરીને આપું. ત્યારે બોલ્યા જે, આ પ્રત્યક્ષ બોલતા લાલજીને જમાડો એટલે તમારા ઉપર લાલજી બહુ રાજી થશે. એવી રીતે મર્મ કરીને બોલ્યા, પરંતુ પોતાની ઈચ્છા થકી ભક્તિમાતા કંઈ સમજ્યા નહિ. તે સમયે લક્ષ્મીજીએ જાણ્યું જે, ભગવાન ભૂખ્યા છે. તેથી ઉતાવળાં થકાં સેવો, ઘી અને સાકર ને કારેલાનું શાક તથા કેરીનું અથાણું ને પાપડ એટલી વસ્તુઓનો થાળ ભરીને લાવ્યાં અને ભગવાનને જમવા આપ્યો. તે વખતે સુવાસિનીબાઈ સુરજામામીને ઘેરથી આવ્યાં. ત્યારે ઘનશ્યામ મહારાજને ઓસરીમાં જમતા જોઈને બોલ્યાં જે, હે માજી ! આ ઘનશ્યામ મહારાજ સેવો જમે છે તે આજે તમોએ આપણા ઘેર કરી છે કે શું ? તેવું સાંભળીને ભક્તિમાતા ઠાકોરજીને થાળ જમાડતાં હતાં, ત્યાંથી બહાર ઓસરીમાં આવ્યાં. ત્યારે તો લક્ષ્મીજીને જોઈને પગે લાગ્યાં અને કહ્યું જે, હે લક્ષ્મીજી ! તમો આ થાળ લઈને આવ્યાં તે બહુ સારું કર્યું. ત્યારે બોલ્યાં જે, તમોને ઘણી વાર થઈ એટલે આ તમારા પુત્રની ઈચ્છાથી આ થાળ લઈને હું ક્યારનીયે આવી છું. તે તમારા પુત્ર જમી રહ્યા છે માટે જળપાન કરાવો. એમ કહીને રજા માગીને ચાલવાની તૈયારી કરી. ત્યારે બોલ્યા જે, (કાઠિયાવાડ દેશની માંયે, એભલ ખાચર ઘરે ત્યાંયે જન્મ ધારણ કરશો તમે, ત્યાં આવીને મળીશું અમે એમ ઈન્દિરાને આજ્ઞા આપી, થયા અદૃશ્ય મસ્તક નામી) તમો પાછાં કાઠિયાવાડ દેશમાં એભલખાચરને ઘેર જન્મ ધારણ કરશો, અને ત્યાં અમારો મેળાપ થશે. એવી રીતની આજ્ઞા પામીને આકાશમાર્ગે અદૃશ્ય થઈ ગયાં.

ત્યાર પછી બીજે દિવસે હુતાસણી પ્રગટી તે વખતે ઘનશ્યામ મહારાજે નાની કેરીઓ તથા રાયણોના હાર પ્રથમથી કરી રાખેલા હતા તે લઈને અગ્નિમાં નાખીને ચારે બાજુ ફરવા લાગ્યા. પછી સુવાસિનીબાઈ, સુરજાબાઈ એ આદિક બીજી કેટલીક બાઈઓ ધાણી ચણાથી અગ્નિદેવને વધાવીને ચંદ્રમાંનાં દર્શન કરીને, પુરી, કચોરી, સેવો આદિક રસોઈના પાક કરીને ઘનશ્યામ મહારાજને જમાડીને સર્વે જમતાં હતાં.

એક દિવસ ગઢપુરમાં મહારાજને ઘરે ઠીક ન પડવાથી પાળાની પર્ણકુટીએ પધાર્યા ને ત્યાં તંબુ ઊભો કરાવી તેમાં બિરાજમાન થયા ને નિત્યાનંદ સ્વામી પાસે પદ્મપુરાણની કથા વંચાવવા માંડી. એક દિવસ રાજબાઈ, લાડુબાઈ, જીવુબાઈ, અમરબાઈ ને રાજુબાઈ એ પાંચેય મહારાજ સારું થાળ લઈને દશ વાગે ત્યાં આવ્યાં ને માંડવો કરેલ હતો ત્યાં થાળ ઉતાર્યો ને પાંચેય બાઈઓ તંબુમાં મહારાજનાં દર્શન કરવા આવ્યાં. ત્યાં મહારાજનો ઢોલિયો શેષરૂપે જણાયો ને માથે હજાર ફેણો દેખાણી ને જીવુબાઈ મહારાજનાં પગ ચાંપતાં લક્ષ્મી રૂપે દેખાણાં ને રાજબાઈ સરસ્વતી રૂપે વેણુ વજાડતાં દેખાણાં ને લાડુબાઈ વીંઝણો લઈને વાહર નાખતાં રાધિકા રૂપે દેખાણાં ને અમરબાઈ બ્રાહ્મણી ને રાજુબાઈ એ બેય દાસી રૂપે પાર્ષદ દેખાણાં પછી તે પાંચે જણાં એક બીજાના મોઢા સામું જોઈ બોલવા મંડ્યાં કે ''આપણે અહીં છઈએ ને આ આપણા જેવાં કોણ દેખાય છે ? વળી આ ચતુર્ભુજ રૂપે દેખાય છે ! ને આપણે અહીં બેઠાં છઈએ ને ત્યાં પણ બેઠાં હોઈએ ને શું એમ દેખાય છે માટે આ તે શું હશે ?'' એમ વિચારીને મહારાજનું ધ્યાન કર્યું એટલે જણાણું જે ''આ તો આપણાં સ્વરૂપ છે માટે કોઈ પ્રકારે ભિન્નતા નથી'' એટલામાં હજારો મુક્ત દેખવામાં આવ્યા ને તેઓ પૂજાની સામગ્રી સહિત મહારાજની પૂજા કરે છે એવું જણાણું પછી મહારાજ પોઢેલા જણાણા, એમ ઘડીક રહ્યું પછી સમાધિમાંથી જાગ્યાં ને મહારાજ પણ ઊઠી કોગળા કરીને બેઠા. પછી લાડુબાઈએ મહારાજને આ સર્વે વૃત્તાંતની વાત કરી ને સાંભળી મહારાજ હસ્યા ને બોલ્યા કે ''અનંત ભગવાનના અવતાર

થઈ ગયા ને અનંત થાશે પણ આવો કોઈ અવતાર તમારા ઉપર કૃપા કરીને થયો નથી ને થાશે પણ નહિ, અને ઘણો ભેળીસારો તેથી કોઈ વખત મનુષ્યભાવ પરઠાઈ જવાય છે. હવે જેવું તમારું સ્વરૂપ છે તેવાં દર્શન તમને પ્રત્યક્ષ થયાં માટે હવે તમારે કોઈ પ્રકારનો સંશય તો નથી પણ તમે પંડે કૃતાર્થ સમજતાં નથી'' તે સાંભળીને ગદ્ગદ્ કંઠ થઈ મહારાજની ઘણી સ્તુતિ કરી.

એક બાર મહારાજને ઉનાળાની ગરમી લાગવા માંડી એટલે કહે ''આજ તડકો બહુ જ લાગે છે તો ક્યાંઈ ટાઢું થાય તેવું હશે ?'' તે સાંભળીને અલૈયા ભક્ત વગેરે કહે 'મહારાજ ! અમે રેતીની તળીમાં એક માંડવો કર્યો છે તે ઉપર કડક બહુ નાખી છે તે ઉપર એક બુંગણ નાખી આ નાથો મુંગો પોઠીયે કરીને પાણી લાવે તે ઉપર રેડશું તેણે કરીને ટાઢું બહુ રહેશે'' પછી મહારાજ ઘોડીયે ચડી એકદમ ઘોડી હાંકીને માંડવે જાતા રહ્યા ને તે માંડવા ઉપર બુંગણ નાખી પાણી ખૂબ છાંટ્યું તે રસબસ કર્યું ને તે માંડવા નીચે ઢોલિયો નાખી, ગાદિ તકિયો નખાવીને મહારાજ બિરાજમાન થયા. પછી અલૈયા ભક્ત વગેરે કારભારીઓ મળી મહારાજ સારું મલિયાગર ચંદન, ગુલાબજળ, ફૂલનો સુરવાળ, ફૂલનો જામો, ફૂલની પાઘ, ફૂલની પછેડી અને ફૂલના બાજુબંધ બેરખા વગેરે કેટલીક સામગ્રીઓ લઈ આવ્યા. તેટલામાં સચ્ચિદાનંદ સ્વામિ દાડમ, જામફળ, સાકરનું બુરું અને બદામ વગેરે સામાન લઈ આવ્યા પછી મહારાજને બાજોઠ ઉપર બેસાડીને નવરાવ્યા ને શ્વેત વસ્ત્ર પહેરાવ્યું ને ચંદને કરી મહારાજને સર્વે અંગે લેપન કર્યું ને ફૂલનો પોષાક ધરાવ્યો અને બદામ, સાકર, જામફળ વગેરે આગળ મેલ્યાં તે મહારાજ જમ્યા ને અગરબત્તીનો ધૂપ કરી કપૂરની આરતી ઉતારી પછી આઠેય જણાને મળી મહારાજે ચરણારવિંદ આપ્યાં તે વખતે સચ્ચિદાનંદ સ્વામિએ કેરીના મરવા છોલી મહારાજ આગળ મૂક્યા અને તાંદળજાની ભાજીની બે પણિ, ફોદિનો, આદુ, લીલાં મરચાં અને મોગરી મૂળા વગેરે આગળ મૂક્યા પછી મહારાજ કહે ''અમારા થાળ આવવાનો વખત થયો છે તેટલામાં આ

કેરીના મરવા અને ભાજી લાડુબાને ત્યાં પહોંચાડો તો થાળ ભેળું આવે.'' ત્યાં બેચર ચાવડો ઊભા હતા તેણે કહ્યું જે 'લ્યો મહારાજ ! હું પહોંચાડું' ત્યારે મહારાજ કહે 'તું પહોંચાડ તો તને થાળ દઈએ'' પછી કેરીના મરવા વગેરે લઈને તે દોડ્યા તે મહારાજનો થાળ આવ્યા પહેલાં ત્યાં પહોંચાડ્યું એટલે બાઈઓએ કેરીના મરવા નાખી ઘીમાં ભાજી કરી ને ફુદીનો, મરચાં અને આદુની ચટણી કરી ને થાળમાં સરવે સામગ્રી મેલી તે થાળ બ્રહ્મચારી સાથે મોકલાવ્યો. તે થાળ લઈને બ્રહ્મચારી આવ્યા એટલે મહારાજા બાજોઠ ઉપર ઉત્તરાદે મુખે બેઠા ને સામો બાજોઠ નાખી તે ઉપર થાળ મૂક્યો ને ફુલની પાઘ જાળવીને ઉતારી પછી મહારાજ જમવા બેઠા તે પ્રથમ ગુલાબચક્રી જમ્યા, પછી શિખંડ, તાંદળજાની ભાજી અને પૂરી જમ્યા ને પછી રૂપાનો એક મોટો વાટકો હતો તેમાં દહીં ને સાકર નાખી પી ગયા. ને પછી કહે 'આ ચટણી તો સાંજે જમશું' એમ કહી તે થાળ આઠેય કારભારીઓને આપ્યો તે તેઓ જમ્યા અને બેચર ચાવડાને પણ પ્રસાદી આપી. ને મહારાજે જળપાન કરી મુખવાસ લીધો ને પછી ફૂલમાં ગરકાવ થઈ પોઢી ગયા ને આઠેય કારભારીઓ વારા ફરતી મહારાજને વાહર નાખવા લાગ્યા પછી મહારાજ ચાર ઘડી દિવસ રહ્યો ત્યારે જાગ્યા ને તમામ ફૂલનો પોષાક ઉતારી આઠેય કારભારીઓને આપ્યો ને પછી મહારાજે બાજોઠ ઉપર બેશી એક ઝીણી ચાદરે કરીને ચંદન ઉતાર્યું ને તે ચાદર પણ કારભારીયોને આપી. પછી મહારાજ નાયા ને પછી શ્વેત વસ્ત્ર પહેરી ઢોલિયા ઉપર બિરાજમાન થયા પછીએ આઠેય જણાને મહારાજ કહે ''આ એક સચ્ચિદાનંદસ્વામી વિના તમને એમ સંકલ્પ થાય છે, જે આપણે પરમહંસ થાવા આવ્યા હતા ને મહારાજે તો આ કાઠીદરબારના કારભારી આપણને બનાવ્યા પણ આપણે જે ધાર્યું હતું તે ન બન્યું. એવો વિચાર તમને વારંવાર થાય છે પણ તમારે એને કાઠીદરબાર સમઝવા નહિ એ તો જ્યાં પરમેશ્વર હોય ત્યાં જ હોય માટે તમારો સંશય ટાળો, તેમાં પ્રથમ હરજી, ઉકો અને નાનો રામજી એ ત્રણેય સમાધિમાં બેસો' પછી તે ત્રણેય સમાધિમાં બેઠા તેમાં તેમને જીવુબાઈ

સાક્ષાત્ લક્ષ્મીરૂપે ચતુર્ભુજ મૂરતી અલંકારે સહિત જણાણાં ને તેમને મહારાજની પાસે દેખ્યાં તે જોઈ મહાવિસ્મય પામ્યા ને સમાધિમાંથી જાગી હાથ જોડીને કહે ‘હે મહારાજ ! અમારો સંશય ટળ્યો અને અમારા સંશય રૂપી અપરાધને ક્ષમા કરજો’ એમ કહી પગે લાગ્યા. પછી મોટા રામજી અને ગણેશ ભક્તને ધ્યાનમાં બેસાર્યા તેમને લાડુબાઈ સાક્ષાત્ રાધિકારૂપે દેખાણાં ને રાજબાઈ સાક્ષાત સરસ્વતી રૂપે જણાણાં ને તે બંને ગોલોકમાં અને મહારાજના સમીપમાં અક્ષરધામમાં પણ દેખાણાં તે પ્રતાપ જોઈ આનંદની સાથે તાલીઓ પાડવા માંડી. પછી સમાધિમાંથી ઊઠી મહારાજની કેટલીક સ્તુતિ કરી ને કહે ‘હે મહારાજ ! અમારા મનનો સંશય આળશ્યો એ કાંઈ કાઠી દરબાર નથી એ તો સાક્ષાત તમારા અંગરૂપ છે’ પછી અલૈયાભક્તને તથા પુંજાજીને ધ્યાનમાં બેસાર્યા તેમને તો ઉત્તમરાજા સાક્ષાત્ અક્ષરમુક્તરૂપે દેખાણા પછી ધ્યાનમાંથી ઊઠીને કહે ‘હે મહારાજ ! એ તો સાક્ષાત્ અક્ષરમુક્ત છે અને અમને જે સંશય થયા તે તો અમે ધૂળ ખાધી’ એમ બોલ્યા તે સાંભળી સચ્ચિદાનંદસ્વામી બોલ્યા જે ‘આ સાતેય મૂર્ખાને મેં સમઝાવ્યા પણ મને ગાંડો ટેવીને માન્યું નહિ પણ હવે મનાણું’ તે સાંભળી મહારાજ હસ્યા ને સચ્ચિદાનંદસ્વામીને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી મહારાજે સાંઝ વખતે ઘઉંની બાટી અને કેરીના મરવા નાખી તાંદળજાની ભાજી કરી ને પછી જમવા બેઠા તે બાટીને ભાજી અને ચટણી સાથે જમ્યા પછી દહીં અને બાજરાનો રોટલો જમ્યા ને પછી ચળુ કરી જળપાન કરીને મુખવાસ લીધો. એવી રીતે પંદર દિવસ ત્યાં રહીને પછી મહારાજ દરબારમાં પધાર્યા.

અનંત કોટિ બ્રહ્માંડના કર્તા અને નિયંતા એવા શ્રીજી મહારાજની પ્રશંસા આ બ્રહ્માંડના ચૌદલોકમાં અને ભગવાનના ચાર ધામમાં એકદમ પ્રવરતી, કે ‘‘ભગવાનના અનંત અવતાર થયા છે પણ આજ તો અક્ષરાતીત પુરુષોત્તમ ભગવાને અવતાર લીધો તેણે કરીને તેના આશ્રિતોએ દોષ માત્ર જીતી લીધા. ઓહોહો ! આ સ્ત્રી જાતિએ કામદેવને જીત્યો એવું કોઈ અવતારમાં થયું નથી, માટે આ અવતાર બહુ મોટો

થયો જેણે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, માન, ઈર્ષા, અહંકાર, માયા અને કાળ એ સર્વેને વશ કરી મનુષ્યને વિષે સત્યુગ પ્રવર્તાવ્યો. આની આગળ કોઈ અવતારનું અભિમાન રહ્યું નહિ'' એમ ગૌલોક અને ચૌદ લોકને વિષે કીર્તિ એકદમ વ્યાપી ગઈ તે સાંભળી કામાદિક સર્વને અહંકાર થયો જે ''કૃષ્ણાવતારમાં ફક્ત શ્રીકૃષ્ણ ભગવાને કામદેવને જીત્યો ને આ વખતે તો અનંત સ્ત્રી-પુરુષો કામાદિકને જીતી લેશે ?'' પછી તે કામાદિક આઠેય માયા પાસે ગયા ને રુદન કરી પોતાનું વૃત્તાંત કહી દેખાડ્યું ત્યારે કાળ અને માયા કહે ''તમે અધર્મના સર્ગથી ઉત્પન્ન થયા છો અને અમે તો નારાયણની આજ્ઞા પરાયણ છઈએ માટે અમારાથી કાંઈ બની શકે તેમ નથી ને અમને તો જન્મ થયા પહેલાં જ વશ કરી લીધાં છે અને અમે તો ધર્મદ્વાર માગ્યો છે ને આ કામ, શંકરને વશ કરવા ગયો હતો ત્યાં બળીને ભસ્મ થઈ ગયો ને આજ સ્વામિનારાયણના આશ્રિત તો કેટલાક અવતારો અને કેટલાક દેવો છે ને તેને સત્સંગ પરાયણ કર્યા છે માટે બ્રહ્માંડમાં કે ભગવાનના ધામમાં તમારું બળ ચાલે તેમ નથી માટે ખાસડાં ખાઈને રહેશો ત્યારે અમારું વચન માની સ્વામિનારાયણની આજ્ઞામાં રહો ને અસત્ય બુદ્ધિનો ત્યાગ કરી શુદ્ધ બુદ્ધિને પામો'' પછી તે કામાદિકે હાથ જોડીને કહ્યું જે, ''તમે જેમ જાણો છો તેમ અમે જાણીએ છીએ પણ રામાવતારમાં જેમ કાગભુષંડી અને સતિએ શ્રી રામચંદ્રજીને દેહધારી સમજી પારખું જોયું તેમ અમે સ્વામિનારાયણને સાક્ષાત્ પરબ્રહ્મ જાણીએ છીએ તો પણ અમારા દુષ્ટસ્વભાવને વાપરશું'' તે પછી મહારાજ અક્ષર ઓરડીમાં હતા ત્યાં આ બ્રહ્માંડના અધિષ્ઠાતાઓ તથા ભગવાનના અવતારો સર્વે મહારાજ પાસે જય જય કરતા આવ્યા ને મહારાજની ષોડશ ઉપચારે કરીને પૂજા કરી પછી કાળ અને માયા મહારાજ પાસે આવ્યાં અને સ્તુતિ કરી, સર્વે વાત કહી તે સાંભળીને પછી કાળ અને માયાને રજા દઈ મહારાજે અંતરવૃત્તિથી એક શક્તિ ઉત્પન્ન કરી જેથી ભગવાનનાં ભક્ત સ્ત્રી જાતિ ઉપર તે આઠ પ્રકારના અસુરનું જોર ચાલે નહિ ને ભાળે કે બળીને ભાગી જાય. પછી મહારાજે એમ વિચાર કર્યો જે ''સ્ત્રી જાતિને

જેમ અધર્મ સર્ગ ન જીતી શકે તેમજ પુરુષ જાતિને પણ ન જીતી શકે એમ કરું તો વાર નથી પણ એ અધર્મ સર્ગને અભિમાન ટાળવા સારું મારા આશ્રિતો હરિજન તથા સંતને વિષે એને મોકળા મૂકવા'' એમ વિચાર કરીને મહારાજ પોઢ્યા પછી પ્રભાતને વિષે ઊઠી નિત્યવિધિ કરી સભા કરીને બેઠા ત્યાં સંત હરિજનોની સભા ભરાણી ને છેટે બાઈઓ પણ બેઠા તે પ્રત્યે મહારાજે સર્વે વૃત્તાંતની વાત કરી તે સાંભળીને રાજબાઈ, લાડુબાઈ અને જીવુબાઈ એ ત્રણેય બોલ્યાં જે ''સ્ત્રી જાતિને ઉપદેશ કરવાની અમને આજ્ઞા કરેલી છે માટે જો હુકમ હોય તો અનંત બ્રહ્માંડમાંથી જેમ પ્રલયમાં બ્રહ્માંડનો નાશ થાય છે તેમ અધર્મ સર્ગનો નાશ કરી નાખીએ'' તે સાંભળી મહારાજ કહે ''માયાને વિષે, વાણીને વિષે અને લક્ષ્મીને વિષે એ ધર્મ સર્ગ ને ધર્મ સર્ગ વળગેલ છે. તે લાડુબાઈ ભ્રૂકુટીમાંથી મહામાયા એટલે રાધાનો અવતાર છે, અને જિહ્વાથી સરસ્વતી રૂપે રાજબાઈ ઉત્પન્ન થયેલાં છે ને હૃદયથી લક્ષ્મી રૂપે જીવુબાઈ ઉત્પન્ન થયેલાં છે ને હૃદયથી લક્ષ્મી રૂપે જીવુબાઈ ઉત્પન્ન થયાં છે માટે એ અધર્મ સર્ગ અને ધર્મસર્ગના નિયંતા તમે ત્રણેય છો ને અમારી સેવા કરવાને અર્થે ને અનેક જાતના જીવ ઈશ્વરની સ્ત્રી જાતિના કામાદિક દોષ જીતવા તેમને ઉપદેશ કરવાને અર્થે તમને નિયંતા કરેલાં છે માટે અમારી સેવા અને ઉપદેશ કરવો ક્ષીણ ન પડી જાય તેટલા માટે અનંત બ્રહ્માંડના નિયંતા ને ભગવાનના અવતારોને વિષે સ્ત્રી જાતિને અધર્મ સર્ગ ન નડે માટે એક વૃત્તિથી અમે એક શક્તિ ઉત્પન્ન કરી છે તે અધર્મ સર્ગને બાળીને ભસ્મ કરી નાખશે માટે તમ લોકોને એ દોષ નડવાના નથી, તમે સાંખ્યયોગી થઈ તમામ પુરુષ તજ્યા છે માટે અધર્મ સર્ગ પુરુષ જાતિ છે તે તમને કે કર્મ યોગીને નહિ નડે. અને હે પરમહંસો તથા સત્સંગીઓ ! ભગવાનના અવતારોને તથા અનંત બ્રહ્માંડના જીવ ઈશ્વરોને એ દુષ્ટો તપાસશે માટે ખબરદાર રહેજો ને આજ કામ ખોટો સાચો તપાસવા આવશે માટે આપણે આ આખો માસ રાધાબાગમાં છાવણી નાખો ને આજ વસંતપંચમી છે માટે વસંતનો ઉત્સવ કરો'' આ વખતે કામે સ્ત્રી

જાતિને જીતવા માટે બ્રહ્માંડને વિષે બાણ માર્યું પણ સ્વામિનારાયણની શક્તિએ એ બાણને ખેંચી લઈ પોતાના સ્થાનકમાં પેજારુ હેઠે રાખ્યું ત્યારે કામ બોલ્યો જે ''હે ભાઈઓ ! આ વામ ભુજાની સ્ત્રી જાતિને જીતવા મેં બાણ નાખ્યું પણ ભગવાનની શક્તિએ તેને ખેંચીને પેજારું હેઠે રાખ્યું માટે એક ભુજા તો નિર્બળ પડી ગઈ.'' એ વખતે સ્વામિનારાયણની શક્તિ અધર્મસર્ગ પ્રત્યે બોલી જે ''તમે હિંમત હારો મા પુરુષ જાતિમાં તમારું અભિમાન ટાળવા મોકળ મૂકી છે પણ હે કામ ! આજ તું ત્યાં ભલે જા પણ તે જીતાશે નહિ ને માર ખાઈને મરી જઈશ'' પછી દુર્ગ પત્તનને પડખે કામ વહેલો વહેલો રાધાબાગમાં આવ્યો પણ તે આવ્યા પહેલાં તે બાગમાં એક ઓરડી બહુ જ ધ્યાન કરવા યોગ્ય હતી ત્યાં મહારાજ પધારી સંત હરિભક્તની સભા કરીને બિરાજમાન હતા. તે ટાણે મહારાજ બોલ્યા જે ''હે પરમહંસો ! આજ અહીં અધર્મસર્ગમાંનો કામ આવ્યો છે તેને અળસાવા કોણ બીડું લીયે છે ?'' ત્યારે સચ્ચિદાનંદસ્વામી ઊઠ્યા ને બોલ્યા જે ''એને હઠાવવાનો આજ મારો વારો છે, ને ઉત્સવ છે ને મારું આ સ્થાન છે ને કામ મારો ગુલામ છે માટે આજ હું બીડું લઉં છું'' ત્યાં તો કામે બાણ માર્યું ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ ચોટલે ઝાલી મદનને ઉદરને વિષે ખોસી દીધો ને પછી મહારાજની મૂર્તિધારીને કામનું મરદન કરી ગાવા લાગ્યા એટલે પેટમાં સ્વર વાગે તેથી કામદેવ રુદન કરવા લાગ્યો તે વખતે એ યુદ્ધ જોવા આકાશને વિષે આવેલા અનંત બ્રહ્માંડના અધિષ્ઠાતાઓ તે પરસ્પર બોલવા લાગ્યા જે ''સચ્ચિદાનંદે કામને બહુ દુઃખી કર્યો ને ઘડીસાતમાં મરી જાશો.'' પછી તેઓએ કામને કહ્યું જે 'તું વૈરાટનું સ્મરણ કર' પછી તેણે વૈરાટનું સ્મરણ કર્યું ને તે ટાળે વૈરાટ પુરુષે આવી કામને પકડ્યો ને પછી ષોડશ ઉપચારે કરી મહારાજની પૂજા કરી, સાષ્ટાંગ દંડવત્ કરી પગે લાગ્યા તે વખતે મહારાજ જમતા હતા. તે પ્રસાદ આપ્યો તે જમીન બોલ્યા જે ''હે મહારાજ ! હું તો આજ આ ચાંડાળને પકડવા આવતાં કૃતાર્થ થયો, કારણ કે માયાથી વિંટાઈને આ બ્રહ્માંડની વ્યવસ્થા કરતાં તમારા ધ્યાનમાં વિક્ષેપ આવતો તે આજ તમારા

દર્શનથી ટળી ગયો. હવે આ સચ્ચિદાનંદે કામને અધમુઓ કર્યો છે માટે આજ્ઞા કરો તો તેને છોડી દઈએ'' પછી મહારાજે સ્વામીને આજ્ઞા કરી એટલે સ્વામીએ ઊભા થઈ ઓક્યાની પેઠે તેને વૈરાટના ચરણમાં પૃથ્વી ઉપર નાખી દીધો. ત્યારે વૈરાટે કામને મહારાજના ચરણમાં લઈને કહ્યું જે ''બોલ ભાઈ ! તું હાર્યો કે જીત્યો ?'' ત્યારે કામ કહે ''હું હાર્યો ને હવેથી સ્વામિનારાયણના આશ્રિતને નહિ કનડું, પણ એક યુગ સુધી મારાં હાડકાં કળશે. મને એક વખત શિવે માર્યો હતો ને એક વખત કૃષ્ણે અને રામે જિત્યો હતો ને આજ તો હાડોહાડ કચરાઈ ગયાં માટે મને મહારાજ આજ્ઞા કરે તો આજ આખો દિવસ આ વાવમાં પડ્યો રહું ને મહારાજ તથા સંત નાય ને સાંજે પ્રસાદી આપે તો બ્રહ્માંડમાં મારાથી ચલાશે નહીં તો આ તારું ગાજર ને આ તારી પિપુડી'' તે સાંભળી વૈરાટ કહે ''શી મરજી છે ?'' ત્યારે મહારાજ કહે ''એના ઠેરાવ પ્રમાણે એનું સિદ્ધ થશે'' પછી કામને ટાંટિયે ઝાલીને વૈરાટ પુરુષે રાધાવાવમાં નાંખી દીધો. પછી સચ્ચિદાનંદસ્વામીને મહારાજ કહે ''તમે માગો'' એમ કહીને પાંચ વાર મળ્યા ત્યારે સ્વામી કહે, ''મને દર્શન કરવાની આજ્ઞા મળતી નથી તે અખંડ આજ્ઞા મળે એ માગું છું'' પછી શ્રીજી મહારાજ કહે 'તથાસ્તુ' તે સાંભળી સચ્ચિદાનંદસ્વામી કુદવા લાગ્યા.

# શ્રીજી સમકાલિન મુસ્લિમ ભક્તો

# શ્રીજી સમકાલિન મુસ્લિમ ભક્તો

## જમાદારને સમાધિ

માંગરોળમાં જ્યારે બહુ સમાધિ કરાવા માંડી ત્યારે ગામના રાજા જે બદરુદ્દીન તે પાસે ગામના લોકોએ વાત કરી આપણા ગામમાં સ્વામિનારાયણે જાદુ પ્રગટ કર્યું છે તે જેને મળે તેને સમાધિ કરાવે છે. ત્યારે બીજે દિવસે દરબાર પણ પોતાની કચેરીમાં માણસો હતાં તેમને સાથે લઈ ગામ બહાર સમાધિ જોવા અને પ્રશ્ન પૂછવા આવ્યાં ત્યારે તેને મહારાજે આસન આપી સનમાન કરીને કહ્યું કે 'આવો બેસો' ત્યારે તે દરબાર મહારાજની સનમુખ બેઠા અને મુશલમાન જમાદાર પણ બેઠા ને બીજા અમલદારો તે પણ સરવે દરબારની પાછળ બેઠા ત્યારે મહારાજએ વાતો કરવા માંડી તે વાત કરતાં હાથનું લટકું કર્યું તે સમે ઓરડા સામે વાવની પાસે કબુતર ચણતાં હતાં તેને સમાધિ થઈ. તે ચત્તાં પાટ પડી ગયાં તે દરબારે તથા જમાદારે તથા બીજા અમલદાર વગેરે લોકો હતાં તેને જોયાં, ત્યારે વળી મહારાજએ વાતો કરતાં કરતાં હાથનું લટકું કર્યું ત્યારે કબુતર સરવે ઉડીને ઝાડ ઉપર બેઠા આવું ચરિત્ર જોઈને જમાદાર હતો તેને પોતાના મનમાં ઘાટ કર્યો કે 'જો દરબાર હુકમ કરે તો આ સ્વામિનારાયણ જાદુગારા છે. તેમને હું બીજે ગામ મૂકી આવું' એવા તેને મનમાં ઘાટ થયો તે મહારાજ એ અંતર્યામીપણે જાણીને જમાદારને સમાધિ કરાવી તે ઢળી પડ્યો અને યમપુરીમાં ગયો ત્યારે તેને યમ મારવા લાગ્યા તેથી આંહી તેનો દેહ પછડાવા લાગ્યો ત્યારે મહારાજે કહ્યું 'તેણે જે અવળા સંકલ્પ કર્યા તેનો દંડ દેવાય છે' એમ કહીને તેને જગાડ્યો તે ટાણે જમાદાર ઊઠીને મહારાજને પગે લાગ્યો તેને કહ્યું 'હે મહારાજ ! અમારા ગુનાહ માફ કરનાં આપ તો બોત બડા હો.' એમ

કહીને બે હાથ જોડીને ગોઠણિયા ભર થઈને જેમ નમાજ પઢે તેની પેઠે મસ્તક નમાવી નમાવીને પગે લાગવા માંડ્યો. ત્યારે મહારાજે કહ્યું 'હે જમાદાર, તમારા ગુનાહ તમામ માફ છે.' ત્યારે તે જમાદાર રાજી થઈ સભામાં બેઠો એ વખતે બદરુદ્દીન રાજાએ પ્રશ્ન પૂછ્યો કે 'હે મહારાજ ! અમારાં કુરાનમાં કહેલ છે તે ખુદાકા દશ અવતારકા નામ ક્યા, અને તેમનાં ધામ ક્યાં હે' ત્યારે મહારાજ બોલ્યા કે 'બ્રહ્મા વિષ્ણુ અને શિવ અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ  એ છ સગુણ મૂરતિ છે અને નરનારાયણ, વાસુદેવનારાયણ, લક્ષ્મીનારાયણ અને શ્રી કૃષ્ણનારાયણ એ ચાર નિર્ગુણ મૂર્તિ છે તેમાં બ્રહ્મા સત્યલોકમાં, વિષ્ણુ વૈકુંઠમાં, શિવ કૈલાસમાં અને અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન એ મારુ પર્વત ઉપર રહે છે અને સંકર્ષણ એલાવત ખંડમાં રહે છે. એ છ સગુણ મૂરતિનાં ધામ છે ને નરનારાયણનું બદરિકાશ્રમ ધામ છે. વાસુદેવનું શ્વેતદ્વીપ ધામ છે. લક્ષ્મીનારાયણનું શ્વેત વૈકુંઠધામ છે. અને શ્રીકૃષ્ણનારાયણનું ગોલોક ધામ છે. એવી રીતે ચાર નિર્ગુણ મૂરતિનાં ધામ છે' તે સાંભળી દરબાર રાજી થયાં પછી તે બોલ્યા જે 'અમારા કુરાનમાં એમ કહ્યું છે કે એક લાખને એંશીહજાર ઓલિયા ખુદાકા ધામમાં રહ્યા હે તે પૃથ્વીને વિષે હે આકાશને વિષે હે અષ્ટ આવરણ થકી પર હે અને તે ખુદાકા ધામ કેસા હે તે મને આપશ્રી કૃપા કરીને બતાવો' ત્યારે મહારાજે તે દરબારને સમાધિ કરાવી ને ધામ બતાવ્યું ને ત્યાં દિવ્ય સિંહાસન બતાવ્યું તેમાં મહારાજને બિરાજમાન જોયા અને પાસે ફરતા અનંતકોટી મુક્ત તેજોમય જોયા, એ ટાણે રાજાએ જાણ્યું. જે આ તો સ્વામિનારાયણ આપોઆપ ખુદા છે એમ જાણીને મહારાજની મુરતિમાં જોડાઈ ગયા અને મૂર્તિનું સુખ લેવા માંડ્યા તે બે કલાક થઈ ત્યાં તો દરબારના માણસોએ મહારાજને કહ્યું 'અમારા દરબારને તમે શું કરી નાખ્યું ? માટે તમે તેને જગાડો નહિતર લડાઈ હો જાયગી.' ત્યારે મહારાજે દરબારને કહ્યું 'હવે જાગો' ત્યારે દરબાર કહે 'તમારી મૂર્તિનું સુખ મને લેવા દીઓ' ત્યારે મહારાજ બોલ્યા જે 'તમારા અનુચરો ઉતાવળ કરે છે' એમ કહીને તુરત જગાડ્યા ત્યારે દરબારે જાગીને શ્રીજી મહારાજને દંડવત કરી પ્રશ્ન પૂછ્યો 'હે મહારાજ આપ શ્રી આપના

ધામનું સુખ મેલીને આંહી પધાર્યા તેનો શો અભિપ્રાય છે ?' ત્યારે મહારાજશ્રીએ કહ્યું જે 'અમે છ અભિપ્રાય લઈને આ બ્રહ્માંડમાં આવ્યા છીએ તેમાં એક તો એકાંતિક ધર્મ પ્રવરતાવવો, બીજો અમારાં માતા શ્રી ભક્તિ અને પિતા શ્રી ધર્મદેવ તેને ઘેર જન્મ લઈ એમને સુખ દેવું. ત્રીજો એ અભિપ્રાય કે સર્વે ધામોના મુક્તો ને પોતાની મૂર્તિમાંથી તે તે ધામના અવતારો રૂપે દર્શન આપી પોતે જ તે તે રૂપે થયા છે એવો અમારો નિશ્ચય કરાવી ઉપાસનાની દૃઢતા કરાવવી, ચોથો એ અભિપ્રાય કે મુમુક્ષુ જીવોને વનમાં, તીર્થમાં, પર્વતોમાં જ્યાં હોય તેને ખોળીને અમારાં સ્વરૂપનો નિશ્ચય કરાવવો અને પાંચમો અભિપ્રાયએ કે અમારું અક્ષરાતિત પુરુષોત્તમ સ્વરૂપ સમજાવીને અમારાં ધામમાં લઈ જવા. અને છઠ્ઠો અભિપ્રાય એ કે બ્રહ્મચર્ય વ્રત પળાવીને પોતાની મૂર્તિમાં જોડવા. એ પ્રમાણે એ છે અભિપ્રાય પ્રવરતાવવા સારું હે દરબાર આ પુરુષોત્તમ નારાયણ આ પૃથ્વી ઉપર આવે છે એમ તેમ સમજો' પછી તે સમે રાજા અને બીજા સંતને એમ સમજાણું કે 'આ મહારાજ તો સર્વ અવતારના અવતારી છે' એ વખતે દરબારે મહારાજને પગે લાગીને કહ્યું 'હે મહારાજ મને વર્તમાન ધરાવો.' ત્યારે મહારાજએ પાણી મગાવીને વર્તમાન ધરાવ્યાં. પછી સત્સંગી થઈને દરબાર પોતાના મકાનમાં ગયા.

## મુસલમાન મેમણ

એકવાર શ્રીજી મહારાજ આખે પધાર્યા ત્યારે ગામ સોંસરા થઈને નરસી દવેને ઘેર ગયા ને નરસીદવેને કહ્યું કે, 'તમને કોઈ પૂછે કે અહીં મહારાજ છે? તો ના પાડજો.' એમ કહી નરસી દવેના ઘરમાં છાના રહ્યા ને તેમનાં ઘરનાં જે લાડકીબાઈ તેણે થાળ કર્યો ત્યારે મહારાજ નાહી પીતાંબર પહેરીને જમવા પધાર્યા ને બાજોઠ માથે જમવા બેઠા ને બીજા બાજોઠ ઉપર થાળ પીરસીને મેલ્યો ત્યારે મહારાજ જમવા માંડ્યા ને દહીં, દૂધ સારી પેઠે જમ્યા પછી ચળુ કરીને મુખવાસ જમ્યા પછી ઘડીક વાતો કરીને પોઢી ગયા પછી નરસી દવે બજારમાં ગયા ત્યારે એક મેમણે (મુસલમાન)કહ્યું, 'તમારે ઘેર સ્વામિનારાયણ નથી આવ્યા ?' આંહીથી જાતાં મેં નજરે ભાળ્યા હતા.' ત્યારે નરસી દવે કહે, 'તે તો બીજો બાવો

હશે.' ત્યારે તે બોલ્યો કે 'હું સ્વામિનારાયણ ને ઓળખું છું. કારણ કે તેની છાતીમાં અરધા ચાંદા જેવું છે. ને તે જમણીકોર જરાક ચડીયાતું છે ને તે પાંચ આંગળ પહોળું છે ને જરાક રાતું છે માટે તમે ખોટું બોલોમાં ને જો તમે ખોટું બોલશો તો ઓણ વરસાદ નહિ વરસે.' તે સાંભળી નરસીદેવેએ ઘેર આવીને તે વાત મહારાજ આગળ કરી ત્યારે મહારાજ કહે 'જુઓ ને જાતનો મુસલમાન છે પણ તેણે અમને કેવા ઓળખી લીધા માટે અમે તેનું કલ્યાણ કરશું.'

## અબડાસા (કચ્છ)ના મુસલમાન ફકીર

એક સમયને વિષે ગામ મેઘપુરના ચોરામાં શ્રીજી મહારાજ સભા કરીને બેઠા હતા તે ટાણે એક ફકીર અબડાસા નામે આવ્યો ને મહારાજને કહે 'તમે ખુદા છો ? જો ખુદા હો તો મને એક પરચો બતાવો' ત્યારે મહારાજ કહે 'તમે શું ભણ્યા છો' એટલે તે બોલ્યો 'હું કુરાન ભણેલો છું' પછી મહારાજ કહે 'આ અમારો છોકરો કરસનજી પણ કુરાન ભણેલો છે માટે તે સાથે કાંઈ કુરાનની વાત કરો.' પછી કરસનજીએ ફકીરને પુછ્યું 'તમારું નામ શું છે ?' ત્યારે તે કહે 'મારું નામતો અબડાસા છે' એમ કહી તેણે કરશનજીને નામ પુછ્યું ત્યારે કહે 'મારું નામ અલબલસા છે' એમ કહી તે કુરાન બોલવા માંડ્યો. તે સાંભળી ફકીરે કહ્યું આ કાંઈ છોકરો નથી બોલ્યો પણ એમાં રહીને સ્વામિનારાયણ આપ બોલ્યા છો માટે આપ ખુદા છો ને હું આજથી આપને શરણે છું માટે મને તમારાં વર્તમાન ધરાવો.' પછી મહારાજે તેને વર્તમાન ધરાવ્યાં ને કહ્યું 'તમે આ વર્તમાન પાળજો ને ચોરી, અવેરી, દારુ, માટીનો ત્યાગ કરજો અને જ્યાં જાઓ ત્યાં અમને સંભાર્યા કરજો.' પછી તે ફકીર રાજી થઈને મહારાજને પગે લાગીને ગયો.

## આલશી ઘાંચી

એકવાર ગામ માણાવદરમાં રામાનંદસ્વામી પોતાના મંડળના સાધુ લઈને મયારામ ભટને ઘેર આવ્યા ને એક ઓરડામાં ઉતારો કર્યો ને રસોઈ કરીને જમ્યા. પછી સાંજને વખતે નાવા સારું સર્વે સંત હરિભક્તો સહિત લક્ષ્મીવાડીએ ગયા પછી ઉતારા કરીને સ્વામી તૂંબડી પાણીની ભરી

દિશાયે જવા ચાલ્યા ત્યારે ભેળા મયારામ ભટ પણ ચાલ્યા ત્યારે થોડે આઘે જઈ સ્વામી ભેગા થયા ને કહ્યું 'મારી સગાઈ કરવા મારી બેન ભુજથી આવી છે તે હવે તમે કહો તેમ કરું' ત્યારે સ્વામી બોલ્યા જે 'જો ભગવાન મેળવવા હોય તો હથેવાળામાંથી પણ હાથ કાઢીને ભાગી જાવું ત્યારે ભગવાનમાં ખરી પ્રીતિ સમજવી માટે તમારે તે ફંદમાં ન પડવું કારણ કે અક્ષરાધિપતિ પુરુષોત્તમનારાયણ અહિં આવનારા છે તેની ભેગાં તમારે ફરવું હોય ને સુખ લેવું હોય તો સગપણ કરવું રહેવા દીયો' એવાં સ્વામીનાં વચન સાંભળીને ભટ કહે 'સ્વામી !' લાવો પાણી' ત્યારે સ્વામીએ પોતાની તુંબડીમાંથી પાણી દીધું તે હાથમાં લઈને ભટ બોલ્યા જે 'હવે સગપણ કરે તેને માથે સડતાળા કાળનું પાપ' એમ કહી પાણી હેઠું મેલ્યું. પછી સ્વામી દીશાએ ગયા ને પાછા આવી નાહીને બોરડીના વૃક્ષ તળે ગાદી ઉપર બિરાજમાન થયા ને આગળ સંતદાસજી, મુક્તાનંદસ્વામી, વ્યાપકાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામી આદિક સંત અને મયારામ ભટ, ગોવિંદરામ ભટ, આંબાભક્ત, જેઠાભક્ત, કલ્યાણભક્ત, પરવતભાઈ, ભીમાભાઈ, શામજી જાટકીયા તથા આલશી ઘાંચી આદિક હરિભક્ત બેઠાં હતા. તે વખતે મયારામભટે રામાનંદસ્વામીને રાખડી બાંધી એટલે સ્વામીએ રાખડીની શીખ આપવા માંડી જે 'હે ભટજી ! તમે આજથી દ્રવ્ય સ્ત્રીમાં નહિ બંધાઓ એ શિખ અમે તમને આપીએ છીએ.' પછી કેટલાંક તે સભામાં પ્રશ્ન ઉત્તર થાવા માંડ્યાં તે વખતે શામજી જાટકીયાયે સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે 'હે સ્વામી ! તમારાં ઉપર કોઈ મોટા છે ?' ત્યારે સ્વામી કહે 'હા, અમે તો ગણેશનો વેષ આવે છે તેમ આવીને પડ છાંટ્યું છે ને ડુગડુગી વગાડીએ છીએ ને રમનારા તો વનમાં ચાલ્યા આવે છે તે આવશે ત્યારે અમે તમને દેખાડશું.' ત્યારે ફરી તેમણે પૂછ્યું જે 'તે કેવું સામર્થ્ય જણાવશે ?' ત્યારે સ્વામી કહે 'તે સહજાનંદ સ્વામીના નામથી પ્રગટ થાશે ત્યારે પાંચસો તો પરમહંસ કરશે ને પાંચસો તો કાઠીનાં ઘોડાં ભેગાં ચાલશે ને મતપંથને તો ઘોડાના ડાબલાની ખડતાલે કરીને કચરી નાખશે.' એમ સ્વામીએ તે સભામાં સંવત ૧૮૫૩ની સાલમાં વાત કરી ત્યારે આલશી ઘાંચી ઉભા થઈને

બોલ્યા જે 'અમારે તેમને કેમ ઓળખવા ?' ત્યારે સ્વામી કહે 'અમે તમને એક કિર્તન શિખવીએ તેનો અર્થ પૂછજો ને તે બરોબર સમજાય ત્યારે તમે તેને ભગવાન માનજો.' એમ કહી કીર્તન શિખવ્યું એ પ્રમાણે સ્વામી તે ગામમાં બે દિવસ રહ્યા ને પછી ફરવા ગયા. ને જ્યારે મહારાજ આવ્યા ને રામાનંદસ્વામી ધામમાં ગયા પછી મહારાજ ફરતા ફરતા માણાવદર મયારામ ભટને ત્યાં પધાર્યા ને ગોવિંદરામ ભટના ઘરનાંએ થાળ કર્યો તે જમવા મહારાજ પધાર્યા ત્યારે નાહી પીતાંબર પહેરીને બાજોઠ ઉપર બેઠા ને બીજા બાજોઠ ઉપર થાળ મેલ્યો તે મહારાજ જમવા માંડ્યા તે સારી પેઠે જમ્યા પછી ચળુ કરીને જળપાન કરી મુખવાસ લીધો. પછી સંતની પંક્તિમાં પોતે પીરસીને જમાડ્યા પછી હાથ પગ ધોઈ પોઢી ગયા અને બે કલાક પછી લક્ષ્મીવાડીએ નાવા પધાર્યા ને ત્યાં નાહીને જે ઠેકાણે હાલ દેરી છે ત્યાં ગાદી ઉપર બિરાજમાન થયા ને પોતાના મુખારવિંદ આગળ મુક્તાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી સ્વરૂપાનંદસ્વામી તથા સંતદાસજી આદિક સંત અને કેટલાક હરિભક્તોની સભા થઈ તે સમે આલશી ઘાંચી આવ્યો ને મહારાજને પગે લાગીને બોલ્યો જે 'મહારાજ ! તમે ભગવાન છો ?' ત્યારે મહારાજ કહે 'ભલે બોલ્ય તારું કીર્તન' ત્યારે તે કીર્તન બોલ્યો તેના એક ચરણનો અર્થ કર્યો ત્યારે આલશી બોલ્યો કે 'આજ તમે અરધા ભગવાન તો થયા' ત્યારે મહારાજ કહે 'તું અમને પુરા ભગવાન નહિ માન્ય તો અમે તારા જેવા ઘણા હરિજન કરશું.' એમ બે દિવસ સુધી તો આલશી માન્યો નહિ. પછી ત્રીજે દિવસે સભામાં આવ્યો ત્યારે મહારાજે તેનું કિર્તન આખું બોલાવીને જેવા રામાનંદસ્વામીયે તેને અર્થ શિખવ્યા હતા તેવા બરોબર કરી દીધા ત્યારે આલશીએ સભામાં ઉભા થઈને મહારાજને દંડવત પ્રમાણ કર્યા ને મહારાજ પાસેથી વર્તમાન લીધાં ને પોતાના અપરાધની માફી માંગી.

આલસી ભક્ત સતત આનંદ પૂર્વક ભજન કીર્તન બોલતા થકા પોતાનો ધંધો કરતા. ઘાણીના ખાડ ઉપર બેસી બળદ ચલાવતા હોય, પણ જાણે રાજગાદી ઉપર બેસી સુખ માણતા હોય તેટલા ઉમંગથી પ્રગટ પ્રભુની ભક્તિના આનંદમાં મસ્ત બનીને કામકાજ કરતા. આ જોઈને

લોકો બહુ આશ્ચર્ય પામતા અને કેટલાક પૂછતા કે - આલસીભાઈ, તમે આટલા બધા હર્ષ ઘેલા થઈને ભજન ભક્તિ કરો છો, તે તેમને શું મળી ગયું છે ? કે જેથી તમારો આનંદ - ક્યાંઈ સમાતો નથી ? આના ઉત્તરમાં આલસી ભક્ત એક ટૂંકો પણ અર્થગંભીર જવાબ આપતા કે, ભાઈ, મને રાંકને રતન મળ્યું છે તે આનંદ ન હોય ?

શ્રીજી મહારાજ જ્યારે જ્યારે માણાવદર પધારતા ત્યારે આલસી ભકત પોતાને યોગ્ય એવી સેવા, શ્રમથી કરતા અને હરવખત દર્શન તથા કથાવાર્તામાં સૌથી પહેલા પહોંચી જતા અને શ્રીજી તથા સૌ સંત હરિભક્તો સાથે રમુજ પૂર્વક હસતે મુખે વાતચીત કરીને તથા કીર્તનો વગેરે ગાઈને સહુને ખૂશ કરતાં. અને શ્રીજી મહારાજ જ્યારે ક્ષારવતી નદીમાં નાહવા જતા ત્યારે પાણીના ધરામાં સૌ સંત હરિભક્તો સાથે શ્રીહરિ પણ જળ કીડા કરતા. આલસીનું શરીર સ્થૂળ અને પંજાબી હતું તથા માથું મોટું ને વળી વાળ વિનાનું મહારાજ ભક્તજનોને આનંદ પમાડતા થકા રમુજ કરી આલસીના ખભા ઉપર ચડી જઈને પાણીમાં ધુબાકા મારતા. તો કોઈવાર તેના ખભા ઉપર ઘોડો પલાણીને બેસી તેના માથા ઉપર વારંવાર હાથ ફેરવે અને પગની એડીઓ તેના શરીર ઉપર લગાવે. "હો, ચાલ ઘોડા ચાલ. સરખો ચાલજે હો." ત્યારે આલસી ભક્ત કહે - ઘોડાને કાંઈ ખાણ ખુટણ ખવરાવવું નહિ ને ઠાલા મફતના પાનીઓ મારો છો તે હરખા રહો નહિતર પછાડીશ તો સો વર્ષ આઘડી પૂરા થઈ જશે' ત્યારે મહારાજ કહેતા - માળો આ ઘોડો તો તોફાની લાગે છે આ રીતે પરસ્પર ખૂબ રમૂજ કરી શ્રીજી મહારાજ આલસી ભક્ત સાથે જડક્રીડા કરતા. જે સ્થળે એ લીલા કરેલી તે સ્થળે દર્શનાર્થીઓ માટે મોટો ઓટો કરેલો છે. આલસી ભક્તની અનન્ય ભક્તિ ભાવના જોઈને શ્રીજી મહારાજ તેમના ઉપર ઘણીવાર પ્રસન્ન થયેલા અને પ્રસાદીની વસ્તુઓ આપેલી તે ધીરે ધીરે સંત હરિભક્તો પાસે આવી ગઈ. આલસી ઘાંસીની પરંપરામાં ત્રણ પેઢી સુધી સત્સંગ હતો. 'આલસીના દીકરાનું નામ ગીગો અને તેના ડોસાભાઈ સારા સત્સંગી હતા. ડોસાભાઈ પાસે છેવટ પ્રસાદીની ત્રણ વસ્તુઓ હતી. એક ચરણાવિંદની જોડ, દાતણ અને એક

રૂપિયો. તે ત્યાંના શેઠ ભગવાનજીભાઈએ તેમની પાસેથી મેળવી દીધી છે. તે હાલ તેમની પરંપરામાં દેસાઈ ખુશાલચંદભાઈ મોજુદ છે. ડોસાભાઈના મુસા અને તેના દીકરા હબીબ છે. પોતાના બાપદાદા સ્વામીનો ધર્મ પાળવા એમ માની હાલમાં હબીબભાઈ છે તે પણ સત્સંગનો ખૂબ જ ગુણભાવ રાખે અને ગામથી રસ્તે ભાવે સારું શાક બકાલું મંદિરમાં આપે છે.'

## નવાબે ધ્યાન રાખવાનું કહ્યું

એકવાર ગઢડામાં મહારાજ સભા કરીને બેઠા હતા તે વખતે ઝીણાભાઈ પાસે દેવરામ સુતાર આવીને બેઠા ને વાતો કરવા લાગ્યા કે 'હું પ્રથમ જાઈશ તો ત્રણ દિવસ પછી મહારાજ સાથે તમને તેડવા આવીશ' ત્યારે ઝીણાભાઈ 'હું પ્રથમ જઈશ તો ત્રણ દિવસે પછી તમને તેડવા આવીશ' એમ બેય જણ નક્કી કરી રાખેલ હતું અને તે બેયને હેત પણ અસાધારણ હતું પછી ઝીણાભાઈ જૂનાગઢ આવ્યા ને ત્યાં પોતાની હવેલીમાં રહેતા તેવા સમામાં પોતે માંદા થયા ને પોતાને ક્ષય રોગ જેવું જણાયું તેથી પોતાને નકી થયું જે હવે દેહ નહી રહે તેથી નવલસંગજીને બોલાવ્યા ને કહ્યું કે 'તમે ગઢડે જાઓ અને શ્રીજી મહારાજને ખબર કરો કે ઝીણાભાઈ માંદા છે તે તમે દયા કરીને સંત સહિત દર્શન દેવા પધારો.' ત્યારે નવલસંગજી ચાલ્યા તે ગઢડે ગયા ને મહારાજને ઝીણાભાઈના મંદવાડના સમાચાર દીધા તે વખતે ઝીણાભાઈના મંદવાડના સમાચાર દીધા તે વખતે ઝીણાભાઈના દીકરા જે હઠીભાઈ તથા અદીબા અને ગગાભાઈ પણ ત્યાં હતા તેમને મહારાજે કહે 'તમે ચાલવા માંડો અમે તમારી વાંસે આવીએ છીએ' ત્યારે તેઓ તુરંત ચાલી નીકળ્યા તે વાંસેથી મહારાજ ઘોડીએ સ્વાર થઈને ચાલ્યા ને સાથે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને ગુણાતીતાનંદસ્વામી હતા તથા હરિભક્ત દાદો ખાચર સોમલો ખાચર, નાનો જોગિયો, લાધો ઠક્કર અને હરજી ઠક્કર હતા. ને તે સિવાય બીજા પણ ઘણા સંત તથા હરિભક્તો સાથે ચાલ્યા ને જૂનાગઢ પહોંચ્યા ને ત્યાં

દીવાનખાનામાં તથા વાડીમાં ઉતર્યા ને ઝીણાભાઈને ખબર પડી ત્યારે તેણે મહારાજને પોતાની પાસે તેડાવ્યા તે વખતે મહારાજ હાલ બાઈઓની ધર્મશાળામાં જે ઠેકાણે ઠાકોરજીનું સિંહાસન છે તે ઠેકાણે ઝીણાભાઈનો ઢોલિયો હતો ત્યાં ખુરશી ઉપર આવીને બેઠા ત્યારે ઝીણાભાઈ બે હાથ જોડીને મહારાજને પગે લાગ્યા તે વખતે મહારાજે રાજી થઈને કહ્યું 'ઝીણાભાઈ ! આ ટાણે જે માગવું હોય તે માગો ગોલોક તથા અક્ષરધામ અને અનેક બ્રહ્માંડની કુંચી અમારે હાથ છે તે જે માગો  તે દેવા તૈયાર છું. ત્યારે ઝીણાભાઈ બોલ્યા કે હે 'મહારાજ ! મને તો આ ગોપાળાનંદ સ્વામી તથા મુક્તાનંદસ્વામી અને મુકુંદ બ્રહ્મચારી અને તમે જ્યાં રહો તે ઠેકાણે મને રાખજો. મારે તો તમારી મૂર્તિ વિના બીજું કાંઈ જોઈતું નથી' તે સાંભળી ને મહારાજ કહે 'કાંઈ તમારા હઠીની ભલામણ કરવી છે ? ત્યારે તે બોલ્યા કે 'તે જો સત્સંગ રાખશે તો તેની તમે ખબર રાખશોજ ને વિમુખની તો તમે કાંઈ ખબર રાખતા નથી.' પછી મહારાજે કહ્યું 'હવે કાંઈ માંગવું છે ? ત્યારે ઝીણાભાઈ કહે 'હા મહારાજ આ અમારા ઘરને ઠેકાણે શિખરબંધ મંદિર કરીને તેમાં મૂરતિઓ પધરાવજો એ વચન મને આપો' ત્યારે મહારાજ કહે 'જરૂર અમે મંદિર કરશું એ કોલ અમે તમને આપીએ છીએ' એ સાંભળી ઝીણોભાઈ બહુ રાજી થયા પછી શ્રીજી મહારાજ કહે 'હવે અમારા સામું જોઈ રાખો' ત્યારે ઝીણાભાઈએ મહારાજ સામે જોયું તે ઘડીએ મહારાજની મૂરતિમાં જીવ તણાઈ ગયો ને ઝીણોભાઈ વિમાનમાં બેસી અક્ષરધામમાં ગયા પછી મહારાજે વિમાન જેવી પાલખી કરાવીને ઝીણાભાઈના દેહને તેમાં પધરાવ્યો ને ફૂલના હાર પહેરાવીને માથે ગુલાલ નાંખ્યો પછી તે પાલખી હરિભક્તો ઉપાડીને ચાલ્યા ને ભેળા મહારાજ તથા સર્વે સાધુઓ અને હરિભક્તો પણ ગયા તે ઝાંઝ પખાજ વગાડતા જાય ને કીર્તન બોલતા જાય એવી રીતે દરબારગઢ પાસે થઈને નીકળ્યા તે વખતે નવાબ સાહેબ જોવા આવ્યા ને બોલ્યા કે 'આ સ્વામિનારાયણ સાચા ખુદા છે. તે ઝીણાભાઈના જીવને પોતાના ધામમાં મોકલી ને દેહને પહોંચાડવા પણ પોતે સાથે જાય છે' પછી મહારાજે ઝીણાભાઈના દેહને અગ્નિસંસ્કાર કર્યો ને સંત

હરિભક્તોને સહિત નારાયણ ધરે નાયા  પછી દીવાનખાનામાં આવીને બેઠા ત્યાં દાદોભાઈ આવ્યા તેને મહારાજે વાત કરી કે 'અમે ઝીણાભાઈને મંદિર કરવાનો કોલ આપ્યો છે માટે તમારી ફૂલવાડી આપો તેમાં મંદિર કરીએ' ત્યારે તે કહે' તમે જો મંદિર કરતા હોય તો મારાં મોટાં ભાગ્ય થાય માટે હું મારી ફૂલવાડી દીવાન ખાના સહિત તમને શ્રીકૃષ્ણાર્પણ કરું છું.' તે સાંભળી મહારાજ રાજી થયા પછી સાંજ પડવા આવી તે વખતે નવાબ સાહેબના બે હજુરી મહારાજને તેડવા આવ્યા ત્યારે મહારાજ બ્રહ્માનંદ સ્વામીને સાથે લઈને દરબારમાં પધાર્યા ત્યારે નવાબ સાહેબે નવી ગાદી પાથરી રાખી હતી તે ઉપર મહારાજ બેઠા પછી નવાબ સાહેબે ઝીણાભાઈનો ખરખરો કર્યો તે પછી મહારાજે વાત કરી કે 'ઝીણાભાઈને અમે મંદિર કરવાનો કોલ દીધો છે તેમાં તમારે શી સહાયતા કરવી છે ? ત્યારે નવાબ સાહેબ કહે 'હે સ્વામિનારાયણ ! જેમ તમે કહો તેમ કરું.' ત્યારે મહારાજ કહે 'તમે અમને દાણ માફ કરી આપો તો ઠીક' ત્યારે નવાબ સાહેબે ચંદ્ર સૂર્ય તપે ત્યાં સુધી પોતાના રાજ્યમાં દાણ માફ કરી આપ્યું ને તેના મોરછાપવાળા કાગળ કરીને મહારાજના હાથમાં દીધા ને મહારાજ આગળ દુઆ માગી કે હે સ્વામિનારાયણ ! હમારા અચ્છા કરીયો તુમ ખુદા હો ત્યારે મહારાજ કહે 'તમારે આ બ્રહ્માનંદ સ્વામી જેવા ફકીર ઉપર હેત છે તે મોટુ કલ્યાણ છે' એમ કહી મહારાજે ઉઠવાની રજા માગી ત્યારે નવાબ સાહેબ બોલ્યા જે 'તમે આંહી પાંચ દિવસ રહીને અમને સારી વાતો કરો' ત્યારે મહારાજ કહે 'ઝીણાભાઈ દેહ મૂકીને ગયા તેમણે દેવરામ સુતારને ત્રણ દિવસમાં તેડી જાવાનો કોલ આપેલ છે તે ત્રણ દિવસ પૂરા થાય ત્યાં અમારે ગઢપુર પૂગવું છે અને આંહી બ્રહ્માનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી કહે છે તે તમોને સારી વાતો કરશે ને તેની તમે ખબર રાખજો' એમ કહીને મહારાજ ઉતારે આવ્યા અને બીજે દિવસે સવારે જુનાગઢથી ચાલ્યા તે થાણાગાલોળમાં માવા પટેલને ઘેર આવ્યા ને ત્યાં રાત્રિ રહીને ચાલ્યા તે સાંજે ગઢપુર પહોંચ્યા ને અક્ષર ઓરડીમાં બિરાજમાન થયા ત્યારે નારણજીભાઈ આવીને મહારાજને પગે લાગ્યા એટલે મહારાજે

દેવરામના સમાચાર પૂછ્યા ત્યારે નારણજીભાઈ બોલ્યા કે 'દેવરામ એમ કહે છે કે મહારાજે ઝીણાભાઈનો દેહ જેમ પાસે રહીને મુકાવ્યો તેમ મારો દેહ પાસે રહીને મુકાવે.' તે સાંભળીને મહારાજ તેની પાસે ગયા ને દર્શન દઈ પોતાની મૂર્તિમાં દેવરામને જોડી દીધા તેજ વખતે તેને વિમાને સહિત મહારાજ તથા ઝીણાભાઈનાં દર્શન થયાં ત્યારે દેવરામભાઈ મહારાજની સ્તુતિ કરવા લાગ્યા ને બોલ્યા કે 'હે મહારાજ ! મેં તમને આવા નહોતા જાણ્યા પણ તમે તો સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છો ને સર્વ અવતારના અવતારી છો પછી શ્રીજી મહારાજ પાછા અક્ષર ઓરડીએ આવ્યા ને રાત્રિના બાર વાગ્યા ત્યારે દેવરામભાઈ દેહ ત્યાગ કરીને વિમાનમાં બેસીને ઝીણાભાઈ ભેગા અક્ષરધામમાં ગયા. એમ શ્રીજી મહારાજ પોતાના ભક્તના સંકલ્પ સત્ય કરે છે.

## ગણોદ ગામના અલીભાઈ

એકવાર શ્રીજીમહારાજ ગામ ગણોદમાં ભદ્રાવતી ગંગાને કાંઠે આંબાવાડીમાં સભા કરીને ઢોલિયા ઉપર બિરાજમાન હતા તે સમે અલીભાઈ દર્શન કરવા આવ્યા તે પરણવા જાતા હતા તેથી લુગડાં સોનેરી પહેરેલાં હતાં તે જોઈ મહારાજ કહે 'અલીભાઈ તમે ક્યાં ચાલ્યા ?' ત્યારે તે કહે 'હું પરણવા જાઉં છું.' ત્યારે મહારાજ કહે 'જાઓ ભાઈ પરણો' એમ કહીને બોલ્યા કે 'અરે માણસ તે શું પ્રભુ ભજે આ પરણેતર નડ્યું.' એમ કહીને વળી બોલ્યા કે 'જાઓ ભાઈ પરણો' એમ ત્રણવાર મહારાજ બોલ્યા તે વાતની અલીભાઈને બરોબર ચોટ લાગી. તે પરણ્યા પછી ઘરનું કામ વીસ વર્ષ સુધી કર્યું પછી ગણોદના મંદિરમાં રહીને રાત્રિદિવસ સાધુની વાતો સાંભળી ને નિષ્કામભાવથી સેવા પણ કરી. તે એકવાર ગામ જાળ એ સ્વામી રઘુવીરચરણદાસજી ભાગવતની કથા કરતા હતા તે સાંભળવા ગયેલા તે કથા એક મહીનો સાંભળી ત્યાં પોતાના કાનમાં ધાક પડી એટલે તે બોલ્યા કે 'સ્વામી ! આવતી કાલે મારે દેહ મેલવો છે માટે હવે હું કથા સાંભળવા નહી આવું' એમ કહીને ગણોદ ગયા ને ત્યાં દરબાર અભેસિંહજી તથા જીણાભાઈને પણ કહ્યું કે 'કાલે બપોરે મારે દેહ મેલવો છે' પછી બીજે દિવસે મંદિરમાં સહુ હરિજનો ભેગા

થયા ત્યારે અલીભાઈ કહે 'હવે સહુ ભજન કરો' પછી સહુ ભજન કરવા લાગ્યા ત્યારે અલીભાઈ બોલ્યા કે 'જુઓ આ મહારાજ મને તેડવા આવ્યા તે ભેળો હું ધામમાં જાઉં છું' એમ કહી દેહ મેલી દીધો.

સૌરાષ્ટ્ર પ્રદેશમાં જૂનાગઢની નજીક એક ગણોદ નામે પંચતીર્થીનું ગામ છે. ત્યાં પ્રથમથી જાડેજા દરબાર શ્રી જીણાભાઈને સારો સત્સંગ હતો. તેથી પરમહંસોએ સહિત શ્રીજી મહારાજ ઘણીવાર ત્યાં પધારેલા. જીણાભાઈના સુપુત્ર અભયસિંહજી તો એક આદર્શ એકાંતિક ભક્તરાજ થઈ ગયા છે. દરબાર શ્રી ઝીણાભાઈ સત્સંગની સર્વત્ર વૃદ્ધિ થાય તેવા વિચારવાળા હતા, તેથી પોતાના યોગમાં આવનાર દરેકને તેઓ ધર્મ, જ્ઞાન, નીતિ અને સદાચાર તથા સત્સંગના મહિમાની વાતો હર વખત કર્યા કરતા હતા.

ગણોદમાં એક મુસલમાન ખત્રી અલીભાઈ રહેતા હતા. તેઓ દરબારશ્રી ઝીણાભાઈના યોગથી મુસલમાન હોવા છતાં બાળપણથી જ ચુસ્ત સત્સંગી થયા હતા. તે સત્સંગના બધા નિયમો ખુલ્લી રીતે પાળતા હતા. સત્સંગનું બળ તેના જીવમાં બહુ જ હતું, એથી તેઓ કૌટુંબિક અનેક આપત્તિઓમાં પણ શૂરવીરપણે ભક્તિ કરતા હતા.

## મુસ્લિમ ભક્તને સમાધિ

સાંકળી ગામે એક મુસલમાન ત્યાં મહારાજને દર્શને આવ્યો તે પૂર્વનો સંસ્કારી હતો તેથી તેને મહારાજે સમાધિ કરાવીને અક્ષરધામમાં મોકલ્યો તેથી તે ઉકા પટેલના ફળિયામાં ઢળી પડ્યો ને દિવ્ય સિંહાસન ઉપર મહારાજનાં દર્શન કર્યા ને તેજનાં અંબાર દીઠાં અને સિંહાસનને ફરતા તેજોમય અનંતકોટી મુક્તોને દીઠાં ને તે અક્ષરધામનું તથા મૂર્તિનું સુખ લેવામાં જોડાઈ ગયો અને મહારાજ તો અહિં માણકી ઉપર સ્વાર થઈને ચાલતા થયા ને સંત પાર્ષદ તથા કાઠીઓ પણ સાથે ચાલ્યા તે સર્વે સત્સંગી વળાવવા આવ્યા તે ગામથી એક ખેતર દૂર ગયા ત્યારે કાઠીએ કહ્યું જે 'હે મહારાજ ! ઓલ્યા મુસલમાનને તો જગાડવો તો' ત્યારે મહારાજે માણકીને ગામ તરફ પાછી ફેરવીને ગામ સામી દૃષ્ટિ કરીને ચપટી વગાડીને તેને જગાડ્યો તેથી તે તુરત દોડીને મહારાજ પાસે

આવ્યો ને 'અરે તુમ તો અલ્લા હો' એમ બોલવા લાગ્યો ત્યારે મહારાજે હરિજનોને કહ્યું 'તમે સહુ હવે ઉભા રહો ને આને ઝાલી રાખજો' ત્યારે હરિજનો ઉભા રહ્યા ને બે જણાએ તે મુસલમાનને ઝાલી રાખ્યો તે મહારાજ બે નાડાવા પહોંચ્યા ત્યાં તો તે હરિજનોના હાથમાંથી છોડાવીને મહારાજ પાસે પુગ્યો ને બોલવા લાગ્યો 'તુમ અલ્લા હો તુમ અલ્લા હો' ત્યારે મહારાજે કાઠીઓ કહ્યું 'તમે ત્રણ જણા હેઠા ઉતરો' એક જણ તેને જાલી રાખજો ને બે જણા આડું લુંગડું ઝાલી રાખજો એટલે તેને અમારી મૂર્તિ દેખાય નહિ. પછી તે ગામમાં જાતો રહેશે' પછી ત્રણ સ્વાર હેઠા ઉતર્યા ને એક જણે તેને પકડી રાખ્યો ને બે જણાએ આડું લુંગડું રાખ્યું ને મહારાજ એક ગાઉ છેટે ગયા ત્યારે તે મુસલમાનને મેલીને ત્રણેય સ્વાર મહારાજની ભેગા થઈ પછી મહારાજ દેશમાં ફરતા થકા ગઢડે પધાર્યા ને તે મુસલમાન તો ગામમાં પાછો ગયો ને જીવ્યો ત્યાં સુધી મહારાજનું ભજન કર્યું.

## ઘાંચીને દર્શન

ગોંડલમાં કરમણ નામે સુતાર હરિભક્ત બહુ સારા હતાં. તેમણે સેવાયે કરીને સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીને રાજી કર્યા હતા ને પોતે વર્તમાનમાં કુશળ હતા ને મહારાજને સર્વે અવતારના અવતારી જાણતા. તેને એકવાર દેહમાં મંદવાડ આવ્યો ને સાધ્ય ન રહી તે વખતે શ્રીજી મહારાજ વીસ સ્વાર સાથે આવ્યા ને એક ઘાંચીને દર્શન દઈ કહ્યું 'અમને કરમણ સુતારનુ ંઘર દેખાડો' ત્યારે ઘાંચીએ ભેગા ચાલીને તે ઘર બતાવ્યું ત્યારે તે સુતારને મહારાજે દર્શન દીધાં. પછી તેણે પોતાના કુટુંબને જગાડીને કહ્યું 'આ મહારાજ મને તેડવા આવ્યા છે તે ભેગો હું ધામમાં જાઉં છું ને મારી પાછળ રૂપિયા પચાસની રસોઈ જુનાગઢ મંદિરમાં આપજો ને પચાસ રૂપિયા મારા દાડામાં વાપરજો' એમ બોલી ભજન કરતાં તે દેહ મુકી અક્ષરધામમાં ગયો.

## મિયાંજીની સેવા

શ્રીજીમહારાજ અક્ષરઓરડીએ પોઢ્યા હતા તે જાગ્યા પછી કોગળા કરી જલપાન કર્યું ને બેઠા ને જરાવાર રહીને બોલ્યા જે 'અમારે બહિર્ભૂમિ

જાવું છે.' ત્યારે મિયાંજી પાણીનો કળશો લઈ આગળ ચાલ્યા ને મહારાજ દિશાયે ગયા પછી આવી હાથ ધોઈને નાવા બેઠા ત્યારે બ્રહ્મચારીએ અંગ ચોળીને નવરાવ્યા તે નાહી ખેસ પહેરી ચાખડીયે ચડીને મહારાજ અક્ષરઓરડીએ પધાર્યા. ત્યાં સર્વે શ્વેતવસ્ત્ર પહેરીને ઉગમણાબારને ઓરડે ઉગમણું મુખારવિંદ રાખીને બિરાજમાન થયા ને પોતાની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી. તે વખતે કોઈક હરિભક્ત આવ્યા. તેમણે શ્રીજીને ફૂલનો હાર પહેરાવ્યો. પછી પવિત્રાનંદસ્વામી હાથ જોડીને બોલ્યા જે 'મંદિર ચણાય છે તો હે મહારાજ ! તમે ઘેલે પધારો તો હરિજન તથા સાધુ સર્વે પાણા લાવવા માંડે' ત્યારે મહારાજ કહે 'ચાલો' પછી ખોપાળાને દરવાજે થઈ ઉગમણે આરે સરખી વેળુમાં બેઠા.

### મહારાજના મંદવાડમાં કરિમભાઈની સેવા

એક સમે મહારાજ શરીરે જરા મંદવાડ જેવું હોવાથી અક્ષરઓરડીને વિષે ઢોલિયા ઉપર પોઢ્યા હતા ને રજા વગર કોઈને પોતા પાસે આવવાની મના કરી હતી. ને કરિમભાઈ ચોકીમાં હતા તે સમે ખોલડિયાદના ખેંગાર ભક્ત આવ્યા તેને કારીમભાઈએ મહારાજને દર્શને જાવા ન દીધા ને રોક્યા ને મહારાજને પૂછવા ગયા જે ખેંગાર ભક્તને તમારે દર્શને આવવું છે' ત્યારે મહારાજે કહ્યું 'આવવા દીયો' ત્યારે તે ખેંગાર ભક્ત આવ્યા ને મહારાજને દંડવત્ કરી પગે લાગ્યા ને મહારાજને શરીરે જરા કસર જેવું ભાળીને આંખ્યોમાંથી ચોધારાં પાણી પડવા મંડ્યાં ને હૈયું ભરાઈ ગયું ને હીબકવા મંડ્યા ને બહુ રોયા.

### ● કરીમભાઈ

એક સમે જીવાખાચરના દરબારથી ઉગમણી તરફ સાધુને રહેવાનો ઓરડો હતો તેમાં મોટા મોટા સાધુ રહેતા તે એક સમે પ્રેમાનંદસ્વામીએ પાંચ ભાષાનું કીર્તન કર્યું ને બોલ્યા તે સાંભળીને સર્વે રાજી થયા પણ બ્રહ્માનંદસ્વામીએ જરા મરમ કર્યો જે 'તમે નવા કવિ ને કાઠીની ભાષા આણી તે અમને ક્યારેક માર ખવરાવશો' ત્યારે પ્રેમાનંદસ્વામીએ કીર્તનનો ખરડો સંતાડી દીધો. પછી પ્રેમાનંદસ્વામીએ મહારાજની પૂજા

કરવા સારુ મલીયાગર ચંદનનો કટોરો તથા કેસરચંદનનો કટોરો ભર્યો ને તે બેય કટોરા લઈને દાદા ખાચરના દરબારમાં આવ્યા ને ચોકીમાં કરીમભાઈ હતા તેને પ્રેમાનંદસ્વામીએ પૂછ્યું 'મારે મહારાજની પૂજા કરવી છે તો તમે મહારાજને કહો' ત્યારે કરીમભાઈએ કહ્યું 'તમે આ લીંબડા તળે ઊભા રહો હું મહારાજને પૂછી આવું' એમ કહીને ગયા ને મહારાજને પૂછ્યું 'હે મહારાજ ! પ્રેમાનંદસ્વામીને પૂજા કરવી છે તે તમારી મરજી હોય તો આવે' ત્યારે મહારાજ કહે 'આવવા દીયો' ત સમે મહારાજ રાજબાઈના ઓરડામાં ઉત્તરાદે મુખારવિંદે ઢોલિયા ઉપર બિરાજમાન હતા ને ઢોલિયાને પછવાડે લાડુબા, મોટીબા આદિક બાઈઓ બેઠાં હતાં તે આગળ મૂળજી બ્રહ્મચારી તથા વઢવાણના દેવકૃષ્ણ અને બેચર એ બે બ્રાહ્મણ બેઠા હતા ત્યાં પ્રેમાનંદસ્વામી પૂજા કરવા આવ્યા ને મહારાજના લલાટમાં ખજુરા પાડીને કેસર ચંદનની અર્ચા કરીને પછી છાતી તથા ભુજાઓ તથા ઉદર સુધી કેસરચંદનની ચરચ્યું અને બે પગના તળિયાંથી પગની ઘુંટી, પીંડી ને સાથળ સુધી ચંદન ચરચ્યું ત્યારે મહારાજે પ્રેમાનંદસ્વામીની છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

● **શેઢાડીને કરિમભાઈ પકડી લાવ્યા**

રાધાવાવ છે ત્યાં પ્રથમ બીડ હતું તે બીડ કપાવીને મહારાજે જમીન ખેડાવી અને તેમાં તલ વવરાવ્યા તે તલ બહુજ સારા થયા તેને શેઢાડી કાપતી હતી પછી મહારાજ તલ જોવા ગયા તલ જોઈને મહારાજ બોલ્યા જે અમારા કોણ બહારવટીયા છે ? જે અમારા તલ કાપે છે ? મહારાજ કહે અમારા બહારવટીયાને ઝાલે તેને થાળ આપીયે ત્યારે કરીમભાઈ બોલ્યા જે હું કહું તેમ કરો તો હું ઝાલુ પછી મહારાજ કહે તારે શું જોવે ? કરીમભાઈ કહે લખુ કંદોઈને કહો જે મને લસણની કળી નાંખીને ભજિયાં કરી આપે. પછી મહારાજે લખુ કંદોઈ ને બોલાવ્યા અને કહ્યું જે કરીમ ભગત કહે તે તેને કરી આપો પછી લસણની આખી કળીયુંના ભજિયાં કરી આપ્યાં અને ગટકુડું ભરીને ખેતર લઈ ગયાં પછી શેઢાડીનું ભોણ હતું ત્યાંથી ભજિયાં ભજિયાં વેરતા વેરતા છેટે જઈ એક કડબનો પુળો ઉભો કરી તે ઓથે જઈને બેઠા. પછી શેઢાડી તેના દરમાંથી બહાર નીકળી

અને ભજિયાની ગંધે ગંધે ખાતી ખાતી જે ઠેકાણે કરીમભાઈ બેઠા હતા તે ઠેકાણે ગઈ એટલે કરીમભાઈએ પોતાનો ચોફાળ ઉપર નાખી ઢાંકી દીધી. પછી તેને ચોફાળમાં વીંટી દરબારમાં લાવ્યા ત્યારે મહારાજ બોલ્યા જે કેમ કરીમ લાવ્યો ? ત્યારે કરીમભાઈ કહે હા મહારાજ તમારો ચોર પકડી લાવ્યો છું. મહારાજ કહે ક્યાં છે ? ત્યારે કરીમભાઈ કહે આ મારી પાસે છે મહારાજે કહે લાવ અહીં પછી તેને ચોફાળમાંથી શેઢાડીને બહાર કાઢી એટલે પોતાના પીંછા ખરરર કરીને ઉંચા કર્યાં પછી મહારાજ બોલ્યા જે આ તો મોર જેવા દેખાય છે. પછી મહારાજ બોલ્યા જે અમે તારા કાળા તલ ક્યાં ચોર્યો છે તે અમારા તલ કાપે છે પછી તેને મહારાજે આજ્ઞા કરી જે અને નારાયણધરાને માથે મૂકી આવો પછી બે પાર્ષદ જઈ નારાયણ ધરાને માથે મૂકી આવ્યા.

## મુસલમાન પઠાણ

શ્રીજીમહારાજ સર્વે સ્વાર સહિત વાજતે ગાજતે પધાર્યા ને તે વાણિયાના ઘરની આગળ એક મોટી જવારની ખાણ હતી તે ખાલી ઢાંકેલી હતી તે ઉપર મહારાજે પોતે ઉપર બેઠા છતાં ઘોડી ઉભી રાખી એટલે તે ખાણમાં ઉતરી ગઈ ત્યાં તો  તેજનો એક મોટો સમૂહ દેખાણો ને તેમાં જસાખાચરને શ્રીજી મહારાજની મૂર્તિ જેવી અક્ષરધામમાં છે તેવી દેખાણી ને એક  મુસલમાન પઠાણ સામો ચોરામાં બેઠો હતો. તેણે તેજ દીઠું ને તેને ખુદા રુપે દર્શન થયું તેથી તે ઉતાવળો ચીસ પાડીને બોલ્યો જે ‘હે મહારાજ તમે તો ખુદા છો ’  ત્યારે મહારાજ કહે ‘હવે રાખો’ વધારે બોલશો નહી ને તે વખતે પાસે સાધુ, બ્રહ્મચારી, પાળા તથા હરિભક્ત બાઈ ભાઈ વગેરે જે માણસો હતાં તે સર્વે આનંદથી જય જય બોલવા મંડ્યાં ને પછી શેઠના ઘરમાં નાની બાઈ હતાં તેણે આવીને દૂર ઉભાં રહી મહારાજ આગળ ભેટ ધરી ને સ્તુતિ કરી ને કહ્યું જે ‘અમારા પર કૃપા રાખજો’ પછી મહારાજ ગાજતે વાજતે ગામ બહાર પધાર્યા ને સર્વે હરિભક્તે તથા જસાખાચરે વિનંતી કરી જે ‘હે મહારાજ ! કૃપા કરીને ફરી પધારજો ને દયા રાખજો’ એવી રીતે મહારાજે લીલા કરી.

## હસનભાઈ મુસલમાન

એક સમે દાદાખાચરના કોઠારી હસનભાઈ વિજાપુર અફીણ લેવા છાના ગયા ને અફીણના ચાર પાંચ ખડીયા ભરી માણસ પાસે ઉપડાવીને સાંજે અયોધ્યાવાસીના વંડામાં આવીને ઉતર્યા. ત્યારે મૂળેભક્તે લાડુબાને કહ્યું જે 'હસન વિજાપુરથી પાંચ માણસ પાસે અફીણ ઉપડાવીને વંડામાં આવ્યો છે ને તે માણસને રોટલો ખવરાવવા છે તે માગે છે' ત્યારે લાડુબાએ રોટલા મોકલ્યા તે લઈને માણસોને ખવરાવ્યા તે વાત ભગુજી વગેરે પાળાઓ જાણીને મહારાજ પાસે તે વાત કરી ને દાદાખાચરને કરી ત્યારે દાદોખાચર કાંઈ બોલ્યા નહીં ને મહારાજ ખીજ્યા ને કહ્યું 'એને કાઢી મેલો ને પૂછો જે અફીણની બંધી છે ને તું શી રીતે લાવ્યો તે જેમ હોય તેમ કહે' પછી ભગુજીએ જઈને તેમ કહ્યું 'ત્યારે તે કહે' મહારાજ તો બધી વાત જાણે છે પણ હું જેમ લાવ્યો તેમ કહું જે આંહીથી હું વિજાપુર ગયો ને ફરતા ગામડાંમાંથી અફીણ લીધું ને વિજાપુરમાં ભેળુ કર્યું ને પછી એક ઢોલ વેચાતો લીધો ને તેમાં અફીણ ભર્યું પછી પાંચ માણસને ધન દેવાનું કરીને અફીણ ઉપાડવા રાખ્યા ને મેં ફાટેલાં લૂગડાં પહેરીને નટવાનો વેષ લીધો ને ઢોલ ખભે નાખી સવારમાં મારે ઉતારેથી ઢોલ વગાડતો વગાડતો ગામમાં નિસર્યો અને સૌને કહેતો જાઉં જે માબાપ છેટે રહેજો એટલે બધાં માણસ ખસી જાય એમ કરતાં દરવાજે નીકળ્યો તેમાં કોઈએ બોલાવ્યો નહીં પછી દરવાજા બહાર આવીને જે ઠેકાણે માણસ રાખ્યાં હતાં ત્યાં એકાંતે બેસીને ઢોલમાં અફીણ કાઢ્યું ને નોખા નોખા ખડીયા ભરી ચાલીને અહીં આવ્યાં એ પ્રમાણે સાંભળીને ભગુજીએ મહારાજ પાસે વાત કરી ત્યારે ત્યારે મહારાજ લગારેક હસ્યા ને બોલ્યા જે 'આ હસન જેવો કોઈ કળાદાર નથી'

### ● હસનભાઈની સેવા

એક સમે મહારાજ ગઢપુરમાં બિરાજે ને એવો વિચાર કરે જે 'આપણે મંદિરમાં પધરાવવા મૂર્તિઓ લેવી છે' ને એવી વાત સભામાં બીજે ત્રીજે દિવસ કર્યા કરે. તેવામાં મુક્તાનંદસ્વામી વડોદરેથી આવ્યા ને મહારાજ આગળ વાત કરી જે 'વડોદરેથી લક્ષ્મીનારાયણની મૂર્તિ અમે લાવતા

હતા પણ રસ્તામાં વરસાદ થવાથી બોચાસણ મુક્તા આવ્યા છીએ' ત્યારે મહારાજ કહે 'તે મૂર્તિ લક્ષ્મીનારાયણની તો વડતાલ પધરાવશું' તેવામાં હસનભાઈ ગામ લાઠીથી ત્રણ ગાડીઓ મૂર્તિઓ જોઈને આવ્યા તે વાત કરી ત્યારે મહારાજ કહે 'તે અહીંયા લાવો' એમ કહીને બીજે દિવસ મહારાજ વડતાલ પધાર્યા ને મૂર્તિઓની ગાડીવાળા સલાટ સમઢીયાળે રાત રહીને બીજે દિવસ ગઢડે આવ્યા ને ત્યાં ગાડીઓ રોકી ને મહારાજને વડતાલ સમાચાર લખ્યા ત્યારે મહારાજે ત્યાંથી આનંદસ્વામીને મૂર્તિઓ લેવા મોકલ્યા ને તેણે ગઢડે આવીને સલાટને કહ્યું 'તમારે મૂર્તિઓ આપવી છે ?' ત્યારે તેઓ કહે 'મૂર્તિઓ વેચવા સારુ તો અહીં પંદર દિવસથી બેઠા છીએ' પછી સલાટે મૂર્તિઓ બતાવી તે જોઈને આનંદસ્વામીએ આઠ મૂર્તિઓ લેવાનો ઠેરાવ કર્યો ત્યારે સલાટ કહે 'બધી મૂર્તિઓ રાખો' ત્યારે સ્વામીએ ના પાડી એટલે સલાટ ગાડીઓ જોડીને ચાલ્યા ને બહુ તાણ કરી તો પણ રહ્યા નહી ને ઉગામેડી ગયા ત્યાં મહારાજ વડતાલથી આવતાં ભેગા થયા ત્યારે મહારાજે સલાટને પૂછ્યું 'ગાડીઓ માં શું છે ?' ત્યારે કહે 'મૂર્તિઓ છે' ત્યારે મહારાજ કહે 'કેટલી મૂર્તિઓ છે ?' ત્યારે સલાટ કહે 'છવીશ મૂર્તિઓ છે' ત્યારે મહારાજ કહે 'ગાડાં પાછાં વાળો અમારે લેવી છે' ત્યારે સલાટ કહે 'તમારા સાધુએ રાખી નહી ને વળી તેના કહેવાથી તમે પણ નહી રાખો' ત્યારે મહારાજે બહુ સમજાવ્યા પણ માન્યા નહી પછી મહારાજ ગઢડે આવ્યા ને દાદા ખાચરના દરબારમાં લીંબડા હેઠે ઘોડીયેથી ઉતરતાં સૌ પગે લાગવા આવ્યા તે વખતે મહારાજ બોલ્યા જે 'આનંદસ્વામી અને હસન ક્યાં છે ? તેણે કેમ મૂર્તિઓ રાખી નહી ?' ત્યારે હસનભાઈ મહારાજનો સ્પર્શ કરવા સુરવાળનું ડોરણું કાઢવું પડ્યું મુકી મહારાજ આગળ આવી હાથ જોડીને બોલ્યા જે 'હે મહારાજ ! હું હાજર છું' ત્યારે મહારાજ કહે 'કેમ મૂર્તિઓ રાખી નહી' ત્યારે હસનભાઈ કહે 'હું એ નથી જાણતો આનંદ સ્વામીને પૂછો' પછી મહારાજે આનંદસ્વામીને કહ્યું 'અમને તે સલાટ મળ્યા હતા તેમણે પાછા વળવાનું કહ્યું પણ માન્યા નહીં' ત્યારે હસનભાઈ કહે 'મહારાજ ! હું તેમને પાછા વાળી લાવું' ત્યારે મહારાજ કહે 'તારાથી

શી રીતે આવશે ? ત્યારે હસન કહે 'અમે વેપારીની રીત જાણીએ માટે સો કળાઓ કરીને પણ પાછા લાવું' ત્યારે મહારાજ કહે 'આનંદસ્વામીની ઘોડી ઉપર ચડીને જાઓ'' પછી ચાલ્યા ને ગામ ઝીંઝાવદર ગાડાં ભેગાં થયાં ને સલાટને કહ્યું 'સો રૂપિયે દસ રૂપિયા મારી દલાલીના ને હું તમારી બધી મૂર્તિઓ વેચી દઉં એમ કહી સલાટને પાછા વાળ્યા ને ગઢડે આવીને અયોધ્યાવાસીના વંડામાં ગાડીઓ છોડાવી. પછી તે સલાટ આવ્યા ને મહારાજને પગે લાગીને બેઠા ત્યારે હસન કહે 'આને પાકાં સીધાં આપો' ત્યારે સલાટ કહે 'ના મહારાજ અમે સીધાં નહી લઈએ અમારી રીત નથી' ત્યારે મહારાજ કહે 'મૂળ તો તમે બ્રાહ્મણ છો' ત્યારે સલાટ કહે 'તમે અમારો માલ રાખશો તે વખતે સિધાલેશું' ત્યારે મહારાજ કહે 'અમે તમારા બધા માલ રાખશું' એમ કહીને સાકરના સિધાં અપાવ્યાં ને જમીને વળતે દિવસે મહારાજે મૂર્તિઓની ગાડીઓ મગાવી તે સલાટ લાવ્યા ને વાસુદેવનારાયણના ઓરડામાં બધી મૂર્તિઓ ઉભી કરી ને તે મૂર્તિઓ ઉપર મહારાજે હાથ ફેરવીને ચારે તરફ જોયું ને બોલ્યા જે 'આમાંથી બાવીશ મૂર્તિઓ રાખશું ને ચાર નહી રાખીએ તે એક કાળભૈરવ અને ત્રણે વાઘેશ્વરીની છે તે નહી રાખીએ માટે બાવીશનું મૂલ્ય કહો' ત્યારે તેમણે ચારસોને ચાળીશ રૂપિયા કહ્યા ત્યારે મહારાજ કહે 'એટલા હોય નહી માટે ફરી વિચારીને કિંમત કહો' એમ ખેંચતાં પણ બંધ બેઠું નહી ત્યારે હસનભાઈએ હરજીઠકરને કહ્યું 'રૂપિયા સોએ દસ મારી દલાલીના ઠેરાવ્યા છે તેથી તેઓ કિંમત વધારે કહે છે માટે તમે મહારાજને આ વાત કરીને સાટું સુધારો' ત્યારે હરજી ઠક્કરે મહારાજને તે વાત કરીને સલાટને સમજાવીને સાટું સુધાર્યું ને રૂપિયા ચારસો ને ચાળીશ આપ્યા ને તે મૂર્તિઓ સુરત, ગઢડા, ભૂજ, ધોલેરા તથા ધોળકામાં પધરાવી.

**● સરધારના હસન - નાથા ઉપર શ્રીહરિની કૃપા થઈ**

મહારાજ ગઢપુરમાં વિરાજમાન હતા અને ગામ સરધારથી હસનભાઈ તથા નાથ ને તેની માએ પોઠિયા ઉપર છાલકામાં બેસારી ગઢપુર લાવ્યાં અને દરબારમાં આવી છાલકું હેઠું ઉતાર્યું. તેમાંથી બન્ને ભાઈને બહાર કાઢ્યા. તે હસનભાઈ આઠવંકા હતા અને તેનો ભાઈ

નાથો મૂંગો હતો. તેને જોઈને બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે **"મૂકં કરોતિ વાચાલં પંડગું લંઘયતે ગિરિમ્ । યત્કૃપા તમહં વન્દે પરમાનન્દ માધવમ્ ॥"** પછી મહારાજે હસનભાઈના બે પગ ઉપર પોતાના બે પગ દબાવીને ડોક ઝાલીને ખેંચ્યો અને પછી મહારાજે ધક્કો માર્યો એટલે ચાલવા શીખ્યા અને મહારાજે કાઠીઓને કહ્યું જે એક ચકલી ઝાલીને નાથાનું મોં ફાડી અંદર ચકલી બોલાવો. પછી કાઠીએ ચકલી ઝાલીને નાથાનું મોઢું ફાડીને અંદર ચકલી બોલાવી એટલે નાથો બોલવા શીખ્યો. પછી બન્ને ભાઈ વાડીયે સેવા કરવા મંડ્યા

**● શ્રીહરિનો હસન ઉપર રાજીપો**

એક વખત હસનભાઈ એકાદશી રહ્યા હતા અને સાંજ વખતે ભૂખ બહુ જ લાગી હતી પછી મોટી બાને આવીને કહ્યું કે બા મને ફરાળ આપો મને બહુ જ ભૂખ લાગી છે. ત્યારે મોટીબા કહે આ કોઠીમાં ચણ્યા છે તે શેકીને ખા. પછી ચણ્યા ને ઠીબડીમાં નાંખી ઉપર દેવતા મૂક્યો અને મહારાજ લક્ષ્મીવાડીથી દરબારમાં આવ્યા અને ચોપદાર છડી બોલ્યો એટલે હસનભાઈને મહારાજની બીક લાગી જે મહારાજ ભાળશે તો મને ખીજશે. એમ જાણી પોતે ભાગ્યા તે હાથમાંથી ચણ્યાની ઠીબડી પડી ગઈને ફળીમાં દેવતા તથા ચણા વેરાઈ ગયા અને મહારાજ દરબારમાં પધાર્યા પછી મહારાજે મોટીબાને પૂછ્યું જે આ ચણ્યા કોણે ઢોળ્યા છે ? મોટી બા કહે મહારાજ હસનો ભૂખ્યો થયો હતો તે ફરાળ માટે ચણા શેકતો હતો તે તમે આવ્યા એટલે ભાગી ગયો છે. પછી મહારાજ કહે બોલાવો હસનને. પછી વાડામાં હસનભાઈ સંતાણા હતા ત્યાંથી બોલાવ્યા અને મહારાજ પાસે હાથ જોડીને ઊભા રહ્યા તે થરથર શરીર ધ્રુજતું હતું. મહારાજ કહે હસન કેમ ચણા ઢોળ્યા ? હસનભાઈ કહે મહારાજ એકાદશી હું રહ્યો છું તે ભૂખ્યો બહુ જ થયો છું તે ફરાળ માટે ચણ્યા શેકતો હતો તે તમારા આવવાથી હું ભાગ્યો. પછી મહારાજ કહે જા એકટાણું કરજે.

**● હસનભાઈને ગોપાળાનંદ સ્વામીએ સમજાવ્યા**

એક વખત ગઢડામાં હસનભાઈએ તમાકુનો વેપાર કર્યો હતો તેમાં

પોતાને ખોટ જાય એમ જણાવ્યું એટલે રામચંદ્ર કરીને ગામ રુંવાદના બ્રાહ્મણ હતા તેને કહ્યું જે આ તમાકુના વેપારમાં હાંસલ બહુ આવે તેમ છે. માટે ગાડીયો ભરી સરધાર વેચવા જાઓ. પછી ગાડા ભરી રામચંદ્રને હસનભાઈએ સરધાર મોકલ્યા અને મહારાજ સવારમાં નહાઈ ધોઈ પૂજા કરવા બેઠા પછી મહારાજ કહે રામચંદ્ર કયાં ? પછી કોઈએ કહ્યું જે ભાંગ વેચવા મોકલ્યા, મહારાજ કહે અમારી પાસે વિષ્ણુસહસ્રનો પાઠ કરતા હતા અને તેને ત્યાં ક્યાં મોકલ્યા ? અને ગધાડાનો ભાર ગાય પાસે ક્યાં ઉપડાવ્યો ? માટે બે અસ્વાર જઈ પાછા વાળો. પછી બે અસ્વાર જઈ પાછા વાળી આવ્યા અને મહારાજે હસનભાઈને કહ્યું જે લાભ રહે તોય તારે ને ખોટય જાય તો તારે માથે રામચંદ્ર તથા રત્નેશ્વર તથા તેના માતૃશ્રી ત્રણે જણ પોતાના ગામનો ત્યાગ કરી શ્રીજીમહારાજની સેવા માટે આવેલા હતા અને રામચંદ્ર શ્રીજીમહારાજની સવારમાં પૂજા કરવા બેસે ત્યારે વિષ્ણુસહસ્રનો પાઠ કરતા પછી બન્ને ભાઈ બ્રહ્મચારી થયા. તે રામચંદ્રનું નામ પુરુષોત્તમાનંદ પાડ્યું અને રત્નેશ્વરનું નામ ગોવિંદાનંદ પાડ્યું હતું.

હસનભાઈએ એક વખત ગઢપુરમાં વેપાર કર્યો હતો અને તેમાં ખોટ્ય જાય તેવું જણાવ્યું. પછી શ્રીજી મહારાજે ગામમાં સાદ પડાવ્યો જે જેને હસન પાસે લેણું હોય તો સુખેથી લેશો પણ દાદાખાચરને ને હસનને કાંઈ લેવા દેવા નથી એવો સાદ પડાવ્યો. પછી હસનભાઈ વહેલા ઊઠીને ભાવનગર જતા રહ્યા અને વહાણમાં બેસી સુરત ઉતર્યા અને સુરતમાં ગોપાળાનંદ સ્વામી હતા તેમના દરશને ગયા પછી ગોપાળાનંદસ્વામીએ પૂછ્યું હસનભાઈ અહીં કેવા ? હસનભાઈ કહે ગઢપુરમાં શ્રીજીમહારાજે મારી લાજ લીધી. સ્વામી કહે હવે ક્યાં જાશો ? હસનભાઈ કહે મુંબઈ જઈશ અને ગવર્નરને મળીશ અને ગઢડા પરગણું ઈજારે લાવીશ અને ગઢડાની બજારમાં ઘોડા ગાડીયે બેસીને જ્યારે નીકળું અને ગઢડાનું મહાજન મને સલામ ભરે ત્યારે મારી લાજ રહે સ્વામી કહે ગઢડામાં તારી લાજ જેણે લીધી તેને તમે શું જાણો છો ? હસનભાઈ કહે ભગવાન જાણું છું સ્વામી કહે ગવરનરનુ અંતઃકરણ ફેરવી નાખશે

તો તમે શું કરશો ? પછી હસનભાઈ કહે સ્વામી તમે કહો તેમ કરું ? પછી સ્વામી વડતાલ તેડી ગયા અને ત્યાંના કોઠારી કર્યા.

## મહારાજે શેખજીને ઐશ્વર્ય આપ્યું પણ...

એક સમે શ્રીજીમહારાજ ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં ઉગમણાબારના ઓરડાની ઓશરીયે ઢોલિયા ઉપર બિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ સંત તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમે મહારાજે બ્રહ્માનંદસ્વામી ને વાત કરી જે 'આપણે બધે ઠેકાણે સત્સંગ થયો છે પણ સિંધ દેશમાં નથી તો ત્યાં સત્સંગ કરવા કોને મોકલશું ?' ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે 'આ શેખજી ને મોકલો તો તે ત્યાં સત્સંગ કરાવશે. પણ તમે તેને ઐશ્વર્ય તમારા જેવું આપો તો જીવહિંસા બંધ કરાવીને સત્સંગ કરાવે' ત્યારે મહારાજે શેખજીને બોલાવ્યા ને કહ્યું 'તમે સિંધ દેશમાં સત્સંગ કરાવવા જાઓ' ત્યારે શેખજી કહે 'હું જાઉં તો ખરો પણ મને તમારો જેવું કાંઈ એશ્વર્ય આપો તો ત્યાં સત્સંગ કરાવી શકું' ત્યારે મહારાજે કહે 'તમે જેને જમપુરી દેખાડશો તેને જમપુરી દેખાશે ને વળી જેને સત્સંગ થાય તેને તમારી દાઢી દેખાડશો એટલે તુરત તેને ધામ દેખાશે ને ચૌદ લોકને વિષે જે જે સ્થાનક છે તે તથા બીજા અવતારનાં જે ધામ તે પણ તેને આંહી રહ્યા થકા દેખાશે' ત્યારે શેખજી રાજી થઈને મહારાજને પગે લાગી રજા લઈને ચાલ્યા તે ચાલતા ચાલતા અમદાવાદની આસપાસનાં ગામડાંમાં ગયા ને ત્યાં હરિજનને ઘેર ઉતરી ને વાતો કરવા લાગ્યા ને વળી કહે જે 'જેને ધામ જોવું હોય તે મારી દાઢીનું ધ્યાન કરો' એમ કેટલાકને ધામ દેખાડ્યાં તે જોઈને સત્સંગી રાજી થયા ને હમેશાં પાકો થાળ કરીને જમાડે ને મહારાજની પેઠે શેખજીની પધરામણી કરવા લાગ્યા. એવી રીતે ગુજરાતમાં ઘણો સત્કાર થવા લાગ્યો તેથી શેખજી ને મનમાં અહંકાર આવી ગયો ને 'હવે સિંધદેશમાં સત્સંગ કરવા કોણ જાય ? આપણે તો આંહી હરિજનોને ઘેર જમશું ને આનંદ કરશું' એમ ધારીને સિંધમાં ન ગયા ને ગામોગામ ફરતા પાછા ગઢડે આવ્યા પણ મહારાજ પાસે દર્શને પણ ન આવ્યા ને પરબારા આહીરને ચોરે ઉતર્યા ને ત્યાં ગામ બધાનાં માણસો ભેગાં કરીને વાતો કરવા મંડ્યા

જે 'જેને ધામ જોવું હોય તે મારી દાઢીનું ધ્યાન કરો' ને બડાઈની વાતો કરે જે 'મહારાજ જેમ પરચા દે છે તેમ હું પણ દઉં છું તે સાંભળીને મહારાજ પાસે એક હરિજને વાત કરી જે 'શેખજી તો સિંધ દેશમાં નથી ગયો ને આ ગામમાં ચોરે પોતાની બડાઈની વાતો કરે છે' ત્યારે મહારાજે બ્રહ્માનંદસ્વામી વગેરે પાંચ સાધુઓને તથા દાદાખાચર અને હરજી ઠક્કરને તેડાવીને શેખજીને સમઝાવવા મોકલ્યા પછી તે સૌ ગયા ને બ્રહ્માનંદસ્વામીએ કહ્યું 'શેખજી ! તમે સિંધમાં સત્સંગ કરાવવા ગયા નહીં ?' ત્યારે શેખજી કહે 'ત્યાં શું કરવા જવું પડે શું મહારાજ સમાધિ કરાવે છે ને મને નથી આવડતી ? અને મહારાજ ધ્યાન કરાવે છે ને મને શું નથી આવડતું ?' એવા ગર્વનાં વચન સાંભળી ને બ્રહ્માનંદસ્વામી કહે' અરે શેખજી ! તમારું માથું ફર્યું કે શું ?' ત્યારે તે કહે 'તમને સાધુને અમારી વાતમાં શું ખબર પડે ?' પછી શેખજીને કહ્યું 'તમે મહારાજ પાસે તો ચાલો' ત્યારે તે કહે 'તમે જાવ હું ઘડી પછી આવું છું' પછી બ્રહ્માનંદસ્વામી વગેરે સૌ મહારાજ પાસે આવ્યા ને કહ્યું 'એ શેખજીને તો માથું ફર્યું છે' ત્યારે મહારાજ કહે 'જીવ ખરોને, અભિમાન આવી જાય' એમ વાત કરે છે ત્યાં શેખજી આવીને સામા ઉભા રહ્યા ત્યારે મહારાજે કહ્યું 'તુંને શું આજ્ઞા કરી હતી ?' તે સાંભળીને શેખજી કાંઈ જવાબ આપી શક્યો નહીં ને ઢીલો થઈ ગયો. પછી મહારાજે કહ્યું 'શેખજી ! તારી નજર કેટલાકમાં પડે છે ?' એમ તેની સામે કરડી દ્રષ્ટી કરીને જોયું ત્યાં તો શેખજીનું ઐશ્વર્ય હરાઈ ગયું પછી સભામાં સૌને મહારાજે કહ્યું 'આજથી આ શેખજી સત્સંગ બહાર છે માટે તેને કોઈ બોલાવશો નહીં' એમ કહીને તેને રજા આપી. ત્યારથી શેખજીમાં કાંઈ ઐશ્વર્ય રહ્યું નહીં ને પ્રથમ હતો તેવો થઈ રહ્યો પછી તે ઘણો પસ્તાણો ને પોતાને ઉતારે જઈ વિચાર કર્યો જે 'મારે બ્રહ્માનંદસ્વામીને મળવું' એમ ધારીને બ્રહ્માનંદસ્વામી આસને હતા ત્યાં ગયો ને દાંતે તરણાં લઈ ઉભો રહ્યો ને સ્વામીને કહ્યું 'આપ મને રસ્તે ચડાવો' ત્યારે સ્વામી કહે 'મારું વચન માન્યું નહીં તેનું તને ફળ મળ્યું' ત્યારે શેખજી કહે 'હવે જેમ તમે કહો તેમ કરું' ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે 'આ તારી દાઢી અને

માથેથી મોવાળા પડાવી નાખ્ય અને નાહીને મહારાજ સામો ઉભો રહેજે ને હું જઈને મહારાજને સમઝાવીશ' પછી શેખજી ઉતારે ગયો ને બ્રહ્માનંદસ્વામીએ મહારાજ પાસે આવી શેખજીની વાત કરી. ત્યારે મહારાજ કહે 'એમને ખપ હોય તો અમે કહીએ તે પ્રમાણે કરે' એમ વાત કરે છે ત્યાં શેખજી આવીને ઉભો રહ્યો તે વખતે મહારાજે શેખજી સામું જોઈને બ્રહ્માનંદસ્વામીને પૂછ્યું જે 'આ શેખજીની દાઢી ઉપર અક્ષરધામનો રસ્તો હતો તે મુક્તના પગને ઠેબે કરીને દાઢીના મોવાળા ઉડી ગયા' તે સાંભળી ને મહારાજ તથા સંત, હરિજન હસવા મંડ્યા તે વખતે શેખજી ક્રોધ કરીને બોલ્યો જે 'હે બ્રહ્માનંદજી ! મેરે કલ્યાણકા ખપ હે નહીં તો તુમ એસા ક્યા બોલો, પણ જો વડોદરા કા દીવાન એસા બોલ્યા હોવે તો મેં ઉસકા ગલા કાટ ડાલુ. પણ ક્યા કરું મેરે કલ્યાણકા ખરા ખપ હુવા હે ને દુસરા કોઈ ફકીર ફકરામેં કલ્યાણ નહીં દેખાતા હે ઈસ વાસ્તે લાચાર હું' તે સાંભળીને મહારાજ કહે 'દાદા ખાચરના ઘોડાની લાદ ઉપાડવી પડશે' ત્યારે તે કહે 'અરે મહારાજ ! આપ જેમ કહેશો તેમ કરીશ પણ મારો ગુન્હો માફ કરો' પછી મહારાજ તેની ઉપર પ્રસન્ન થયા ને કહ્યું 'તમારા બધાય ગુન્હા માફ છે' એમ કહી હાર આપ્યો ને અક્ષરધામમાં તેડી જાવાનો વર આપ્યો ને સભામાં બેસાર્યા. તે શેખજી જાતે પઠાણ હતા ને વડોદરાના સુબેદાર હતા ને પાંચસો માણસના ઉપરી હતા. પણ જ્યારે વડતાલમાં મહારાજનાં દર્શન કર્યાં તે વખતે મહારાજ તેને અલ્લા રુપે દેખાણા તેથી નિયમ ધરાવી, નોકરી છોડીને પાળા થઈ રહ્યા હતા.

## શેખ વલીભાઈ

કાનમ દેશમાં કેળોદ નામે ગામ વિશે શેખ વલ્લીભાઈ રહેતા હતા તેમને સાધુઓની વાતો સાંભળીને સત્સંગ થયો હતો તેથી તેમણે જાણ્યું કે "સાચા સાધુ તો સ્વામિનારાયણના છે ને બીજા ફકીર મલ્લાં મલંગામાં કાંઈ કલ્યાણ થાય તેમ નથી." એમ જાણીને તે સત્સંગી થયા ત્યારે તેમના નાતીલાયે તેને નાતબહાર કર્યા. એમ કરતાં બાર વરસ વીતી ગયા પણ વલ્લીભાઈએ સત્સંગ મેલ્યો નહિ ને નાતબારા રહ્યા ને એક

સ્વામિનારાયણ સિવાય બીજા કોઈ દેવ દેવલાંને માને નહિ એમ કરતાં ઘણે વરસે તે માંદા થયા ત્યારે શ્રીજી મહારાજ તેને તેડવા આવ્યા ત્યારે સાથે રથ, વેલ્યો તથા વિમાનો લાવ્યા અને કેટલાક મુક્તો પણ આવ્યા ને પોતે ઘોડા ઉપર સવાર થયેલા એવા થકા એક વાડીયે જઈને ઉતર્યા તે વાડીવાળાએ પ્રત્યક્ષ દીઠા ત્યારે તે બોલ્યો કે "આટલાં ઘોડા ને બળદ છે તે મારી બધી ચાર્ય ખવાઈ જાશે." ત્યારે મહારાજ કહે "તું ચિંતા કરમાં આ અમારાં ઘોડાં તથા બળદ તારી ચાર્યના ખાનારાં નથી ને અમે તો સ્વામિનારાયણ ભગવાન છીએ ને વલ્લીભાઈને તેડવા આવ્યા છીએ." એમ તેને કહીને પોતે વલ્લીભાઈને ઘેર પધાર્યા ત્યારે વલ્લીભાઈ મહારાજનાં દર્શન કરીને બોલ્યા કે "હે મહારાજ મારે એક તમારોજ ખરો વિશ્વાસ હતો ને તમે સાક્ષાત ભગવાન મને તેડવા આવ્યા ને મારા જેવાં કોઈનાં મોટાં ભાગ્ય નહિ." એમ કહી વિમાનમાં બેસીને મહારાજ સાથે ધામમાં ગયા ને સહુ માણસોએ પ્રગટ પ્રમાણ દેખ્યા ને પરચો લેખી આશ્ચર્ય પામ્યા.

**પહોંચી અવધિ દેહની જ્યારે, આવ્યા તેડવા મહારાજ ત્યારે ॥**
**લાવ્યા રથ વેલ્ય ને વિમાન, આપે અશ્વે બેસી ભગવાન ॥**
**આવી વાડીમાં ઉતર્યા નાથ, બહુ સખા છે પોતાને સાથ ॥**
**દીઠું વાડીવાળે તે પ્રસિદ્ધ, રથ વેલ્ય, વિમાન બહુ વિદ્ધ ॥**
**ઘણાં થોડાં બળદ અપાર, બોલ્યો રખવાળો તેહ વાર ॥**
**મારી ખેતી આ જાશે ખવાઈ, અમારે છે આટલી જીવાઈ ॥**
**ત્યારે બોલીયા દીન દયાળ, ચિંતા મત કર તું રખવાળ ॥**
**આ બલદને ઘોડાં અમારાં તારી ખેતીનાં નહિ ખાનારાં ॥**
**અમે આવ્યા છીએ આંહિ આજ, વલિભાઈને તેડવા કાજ ॥**
**એમ એને કહી અવિનાશ, પછી આવ્યા વલિભાઈ પાસ ॥**
**થયાં વલિભાઈને દર્શન, લાગ્યો પાય કહે ધન્ય ધન્ય ॥**
**મારે હતો ભરુસો તમારો, જાણું જરૂર નહિ વિસારો ॥**
**ત્યારે નાથ કહે અમે આજ, આવ્યા તમને તેડવા કાજ ॥**
**એવું સુણ્યું વાલાનું વચન, ચાલ્યા વલિભાઈ તજી તન ॥**

દીઠા સત્સંગી કુસંગી સહુએ, માન્યું આશ્ચર્ય મનમાં બહુએ ॥
કહે ધન્ય ધન્ય સત્સંગ, જીતી ગયા વલિભાઈ જંગ ॥
(ભક્ત ચિં.પ્ર. ૧૫૧)

## ફકીરને સમાધિ

એક સમયને વિષે મહારાજ તથા કાળાતળાવના રવજીભાઈ તથા ગામ તેરાના માવજીભાઈ તે કચ્છમાં આવતા હતા ત્યારે રણ ઉતરીને કોઈક ગામના તળાવને કાંઠે બેઠા હતા તે વખતે કોઈક ફકીર કચ્છમાંથી સામે કાંઠે જતો હતો તે મહારાજ પાસે આવીને ઉભો રહ્યો ત્યારે મહારાજ બોલ્યા જે "સાંઈ કહાં રહતે હો" ત્યારે તે બોલ્યો જે "દીલકે ભીતર" પછી મહારાજે કહ્યું "દીલકે ભીતર સાહેબકા તબેલા હે સો તુમને દેખ્યા હૈ ?" ત્યારે તે કહે "નહિ દેખ્યા હે" પછી મહારાજે તેને સમાધિ કરાવીને ધામ દેખાડ્યું ત્યાં મહારાજના અલૌકિક પ્રતાપ તથા ઐશ્વર્ય જોઈને તે ફકીર આશ્ચર્ય પામ્યો પછી સમાધિમાંથી જાગીને મહારાજને પગે લાગીને બોલ્યો જે "તુમતો ખુદા હો" પછી મહારાજે કહ્યું "સાંઈ તુમ જાઓ" ત્યારે તે ફકીર વિચાર કર્યો કે ભગવાનને વાંસો ન દેખાય માટે પોતે પાછે પગે ચાલ્યો તે થોડે છેટે ગયો ત્યાં મહારાજની મૂર્તિ જોઈને તેની વૃત્તિ તણાણી તે ફરી પાછો મહારાજ પાસે આવ્યો તે બે ચાર વાર થયું એટલે મહારાજે રવજીને કહ્યું તેથી તેણે મહારાજ આડું વસ્ત્ર રાખ્યું ત્યારે તે ફકીર ગયો એવું મહારાજ ઐશ્વર્ય દેખાડ્યું.

## હૈદ્રાબાદનો પઠાણ ઝીંઝાવદર

કોઈક સમયને વિષે ઝીંઝાવદરમાં અલૈયા ખાચરના દરબારને વિષે શ્રીજીમહારાજ છાના રહ્યા હતા તે સમે હૈદ્રાબાદનો કોઈક પઠાણ ઘોડા લેવા કાઠિયાવાડમાં આવેલો તે ચાલતો ચાલતો ઝીંઝાવદરની સીમમાં આવ્યો ત્યાં તેના મનના સંકલ્પ બંધ થઈ ગયા ને શાંતિ થઈ ગઈ ત્યારે તેણે જાણ્યું જે "આંહી આવવાથી મારા સંકલ્પ બંધ થઈ ગયા માટે આ ગામમાં જરૂર કોઈ મોટા ઓલિયા પુરુષ છે કેમકે કુરાનમાં એમ કહેલ છે કે જ્યાં સત્પુરુષ હોય ત્યાં મનના સંકલ્પ બંધ થઈ જાય ને શાંતિ થાય" એમ વિચાર કરીને પછી પૂછતો પૂછતો અલૈયા ખાચરની ડેલીયે આવ્યો

ને પૂછ્યું જે આંહી કોઈ ઓલિયા પુરુષ છે ? ત્યારે ત્યાં અલૈયા ખાચરના પિતા સામત ખાચર બેઠા હતા. તે બોલ્યા જે ‘માહીં બાવો બેઠો છે પણ બોલું તો મને અલૈયો મારો’ એમ કહે છે ત્યાં અલૈયા ખાચર દરબારમાંથી બહાર આવ્યા તે પઠાણે અલૈયા ખાચરને પૂછયું એટલે તેણે દરબારમાં જઈને મહારાજને પૂછયું જે “એક જમાદાર આવીને બહાર ઉભો છે ને તે કહે છે હે હું આ ગામના સીમાડામાં આવ્યો ત્યારથી મારા મનના સંકલ્પ બંધ થઈ ગયા માટે આંહી કોઈ ઓલિયા પુરુષ છે ?એમ પૂછે છે માટે તમે કહો તો તેને આંહી બોલાવી લાવું” ત્યારે મહારાજ કહે “ભલે આવવા દીયો” પછી અલૈયા ખાચરે બહાર આવીને જમાદારને કહ્યું “ચાલો આંહી ઓલિયા પુરુષ છે” ત્યારે તે જમાદારે જઈને મહારાજનાં દર્શન કર્યાં કે તુરત તેને સમાધિ થઈ ગઈ ને તેનાં તેને અલૌકિક દર્શન થયાં પછી તે સમાધિમાંથી જાગીને મહારાજને પગે લાગીને બોલ્યો જે “તમે તો સાક્ષાત ખુદા છો” એમ કહી મહારાજની રજા લઈને ગયો.

## રતનજી તથા મિંયાજી

અક્ષર ઓરડીની ખડકીએ મહારાજને દાતણ કરવાનો ઓટો હતો તે એક વખત કૂતરે ઝાડે કરીને બગાડ્યો હતો અને રતનજી તથા મિયાંજી નાવા ગયા હતા અને જે મહારાજના દરશને આવે તે બોલતા આવે જે મહારાજને દાતણ કર્યાનો ઓટો કૂતરે બગાડ્યો છે પણ કોઈ સાફ કરે નહીં એમ જે આવે તે બોલ્યા કરે. પછી ઘડીક થયું એટલે રતનજી તથા મિયાંજી ઘેલેથી નાહીને આવ્યા તેણે ઓટો બગાડેલો જોયો એટલે પોતાના વસ્ત્ર એક તરફ મૂકી ઓટો સાફ કરી લીપી નાખ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે હવે ઘરના ધણી આવ્યા જે બોલાહ મટ્યો જે ઘરનો ધણી હોય તેને ઘરની ફીકર હોય જે કાંઈ પડ્યું આખડ્યું બગડ્યું તેની ખબર રાખે તેમ તમો સૌ બોલતા હતા જે મહારાજને દાતણ કર્યાનો ઓટો કૂતરે બગાડ્યો છે પણ રતનજી તથા મિયાંજી આવ્યા તેણે બોલાહ અળસાવ્યો તે ઘરનો ધણી જાણવો.

## કામવાસના બહુ ભૂંડી છે

એક વખત મહારાજ ઉગમણાંબારના ઓરડે લોઢાની સાંકળ ઝાલીને ઊભા હતા અને પ્રાગજી દવે મહારાજ પાસે ઊભા હતા. તે સમે શેખજી મહારાજના દર્શને આવ્યો તેને મહારાજે કહ્યું જે તમારે કેટલી બીબી છે ? ત્યારે શેખજી કહે જે મારે બે બીબી છે. ત્યારે મહારાજ કહે એક પ્રાગજી દવેને આપો ત્યારે શેખજી કહે બહુ સારુ મહારાજ ત્યારે મહારાજે પ્રાગજી દવેને કહ્યું જે કેમ દવે તમારે ખપશે ? દવે કહે મહારાજ રોટલા હું કરીશ પણ જેવું હોય તેવું ચાલશે. પછી મહારાજ બોલ્યા જે માળા ભણ્યો તોય ગધાડો ને ગધાડો રહ્યો જે પોતે બ્રાહ્મણ છે અને તે મુસલમાન છે એની એ ખબર છે એવી કામવાસના છે તે ભૂંડી છે તે નાતભાત જાણે નહીં.

**પઠાણે સમાધિમાં મુક્તો તથા રામાનંદસ્વામીને શ્રીહરિની સેવામાં જોયા**

અને ગામ પિપલાણામાં શ્રીજીમહારાજને રામાનંદસ્વામી પ્રથમ ભેળા થયા. ને ત્યાં કોઈ એક દિવસે સભામાં રામાનંદસ્વામી ઢોલિયા ઉપર બેઠા હતા. ને શ્રીજીમહારાજ તથા સાધુ-હરિજન આગળ બેઠા હતા. તે સમે કોઈક મુસલમાન જમાદાર આવીને વંદના કરીને સભામાં બેઠો. તેને ભગવદ્ વાર્તા કરવાની રામાનંદસ્વામીએ શ્રીજીમહારાજને આજ્ઞા કરી. ત્યારે તેને શ્રીજીએ ઘણી વાર લગી વાર્તા કરી. ત્યારે તેને સમાધિ થઈ ને તે અક્ષરધામમાં ગયો. તે તેજોમય એ ધામ ને તેમાં તેજોમય સિંહાસન ને તે ઉપર અતિ તેજોમય મૂર્તિ શ્રીજીમહારાજને જોઈને તથા ચારે બાજુ અનેક કોટિ તેજોમય મુક્તને જોઈને આગળ હાથ જોડીને ઊભા જે રામાનંદસ્વામી તેને દેખતો હતો. ને એ સર્વેને દેખી અતિ રાજી થયો.

ને પછી સમાધિમાંથી ઊઠીને શ્રીજીમહારાજને વારંવાર વંદના કરીને પછી રામાનંદસ્વામી પ્રત્યે હાથ જોડીને બોલ્યો જે, "હે મહારાજ ! ધામમાં તો એહી ભગવાન હે, ને તુમ તો હાથ જોડીને એહી આગે ખડા હો. ને આંહી તો ઊંચા આસન ઉપર બેઠે હો, એસો અન્યાય ક્યું હે ?"

ત્યારે રામાનંદસ્વામી બોલ્યા કે, "ભગવાન તો એહી કે, પણ હમકું ગુરુ માન્યા હે. એટલે ઈનકી આજ્ઞા કરકે હમ બેઠા હૈ. જો રામચંદ્રજી

ભગવાન થા, વસિષ્ઠ ઋષિ થા; પણ ઉનકું ગુરુ માન્યા થા. તે જબ વસિષ્ઠ આવે તબ રામચંદ્રજી નીચે બૈઠે ને ગાદી ઉપર વસિષ્ઠકું બેઠાડે, તૈસે હમ બૈઠે હે." ત્યારે તે બોલ્યો જે, "તબ તો ઠીક હૈ."

## ભૂજના મુસલમાનને શ્રીહરિની ચાલ જોઈને નિશ્ચય થયો

મહારાજ અને નારાયણજી સુતાર ગામ માનકૂવેથી ભૂજ આવતા હતા. ભૂજથી બકાલાની ગાંસડી ઉપાડીને આવતો મુસલમાન બકાલી માર્ગમાં સામો મળ્યો. તે મુસલમાનની ભાષામાં એમ બોલ્યો જે, "આ જાય છે, તે માડું (માણસ) નથી. કેમ જે, આવી ચાલ માડુની હોય નહીં. આવી ચાલ તો ખુદાની હોય. માટે આ તો ખુદા છે." પછી મહારાજે નારાયણજીને કહ્યું જે, "આ મુસલમાન બહુ જ ડાહ્યો છે."

## ભુજમાં ફતેહ મહંમદની મહારાજ સાથે મુલાકાત

ક્યારેક શ્રીજીમહારાજ ભૂજથી માનકૂવા જતા હતા. તેમને વળોટાવવા સારુ હરિભક્ત આવ્યા હતા. તે રા'લાખાની છતરડીએ જતાં અસ્વારીએ સહિત ફતેમહંમદ આવતો હતો. તે ઝાઝાં મનુષ્ય જોઈને ગંગારામભાઈને એમ કહ્યું કે, "આટલાં બધાં માણસો અહીં કેમ આવ્યાં છે ?" ત્યારે ગંગારામભાઈએ કહ્યું જે, "અમારા ગુરુ માનકૂવા જાય છે, તેમને વળાવવા આવ્યા છીએ." ત્યારે ફતેમહંમદે કહ્યું જે, "કિયા તમારા ગુરુ સ્વામિનારાયણ ?" ત્યારે ગંગારામભાઈએ બતાવ્યા કે, "આ." ત્યારે મહારાજને જોઈને તેને બહુ ભાવ આવ્યો, અને એમ બોલ્યો કે, "આ કોઈ ઓલિયા પુરુષ છે ! " કેમ જે, આટલાં મનુષ્ય જેને માને છે, તેને કાંઈ અભિમાન જ નથી." એમ કહીને મહારાજને વંદના કરીને બોલ્યો કે, "હે મહારાજ ! મારે માંડવી ક્યારે આવશે ?" ત્યારે મહારાજ કહે, "માંડવી આવો કે ભૂજ જાઓ, એનું અમે કંઈ કે'તા નથી, અમે તો એટલું જ કહીએ છઈએ કે જે અમારું વચન માને તેનું અમે કલ્યાંણ કરીએ છીએ." એટલે ફતેમહંમદ પગે લાગીને રાજી થઈને હરખાતો-હરખાતો ચાલ્યો.

# મીરસાહેબ

## ● મીરસાહેબ ગઢપુર આવ્યા અને શાંતિ થઈ

એક વખત (સં. ૧૮૭૩, અષાઢ માસ, ઈ.સ.૧૮૧૭, જૂન મહિનામાં) દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના બે ઓરડા મધ્યેથી દક્ષણાદી તરફના ઓરડાના વચલા ખંડના પગથિયા ઉપર પ્રભાત સમયે મહારાજ કાળો ધાબળો નંખાવી બિરાજમાન થયા હતા. અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને ફળીમાં ચંદની બાંધી હતી. અને ત્યાં સભા ભરાઈને બેઠી હતી.

તે વખત ગાયકવાડ સરકારના મીરસાહેબ નામે અધિકારી કેટલાક દિવસ થયા અનિદ્રાના રોગના દુઃખથી જૂનેગઢ જાત્રાએ ગયા હતા. તે ત્યાંથી પાછા ગઢપુર આવતાં સવારની વખતે દિવસ ઊગતા પહેલાં ઉગામેડીના માર્ગે રાધાવાવ છે. ત્યાં નમાજ પઢવાનો સમય થતા નમાજ પઢ્યા. અને પછી તસબી (માળા) પઢવા (ફેરવવા) લાગ્યા. તેને ત્રણ મહિનાથી નિદ્રા આવતી નહિ, પણ ત્યારે તે જગ્યાએ જીવ વિશ્રામ પામ્યો તેથી નિદ્રા આવી અને તેથી ત્યાં બે ઘડી સૂતા. પછી બેઠા થઈ વિચાર કરવા લાગ્યા કે, 'કુરાનમાં એમ લખ્યું છે કે, જ્યાં ઓલિયા પુરુષ હોય ત્યાં પીડાનો નાશ થાય ને મનમાં શાંતિ થાય; માટે આ જગ્યાએ કોઈક ઓલિયા હશે.'

ત્યાં સચ્ચિદાનંદસ્વામી રહેતા તેમને પૂછ્યું કે, "અહીંયાં કોઈ મોટા સત્પુરુષ રહે છે ?" ત્યારે સ્વામી કહે જે, "અહીંયાં તો સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન રહે છે. ને તેમનો આ રાધાવાડી નામનો બાગ છે." પછી મીરસાહેબ ખુશ થયા. અને મિયાનામાં બેસી ચાલ્યા. તે ચાલતાં ચાલતાં મનમાં વિચાર કરે છે કે, આપણે સ્વામિનારાયણને મળવું તો ખરું ! પરંતુ મુસલમાનના કિતાબમાં ખુદાનો અવતાર લખ્યો નથી, પણ પેગમ્બરોના અવતાર લખ્યા છે, પણ હિંદુ લોકો નારાયણ સ્વામીને સાક્ષાત્ પરમેશ્વર કહે છે અને (૧) તે જો પરમેશ્વર હોય તો હું જ્યારે તેમની પાસે જાવ ત્યારે તેઓ ઉગમણે મોઢે ધાબળી ઉપર બેઠા હોય, (૨) ને ઉઘાડું મસ્તક હોય, (૩) ને મારું નામ લઈને મને બોલાવે,

(૪) ને રીંગણાંનો ઢગલો પાસે પડ્યો હોય, (૫) ને દહીંને દોણું મને આપે તો તે પરમેશ્વર ખરા. પછી મારા મનનો સંદેહ સર્વે ટાળે. એવો વિચાર કરી ગામને પાદર આવ્યા. તેમની સાથેના બીજા તમામ માણસોનો મુકામ પાદરમાં કર્યો.

પછી પંડે બઠ (નીચા મજબૂત) ઘોડા ઉપર ચડી પોતાના ચાર આદમી લઈ દાદાના દરબારમાં મહારાજ પાસે આવી ઊતર્યા. અને પોતાનું નામ ન બતાવી સીધા મહારાજ પાસે આવ્યા. તે વખતે એના ધાર્યા પ્રમાણે મહારાજ કાળા ધાબળા ઉપર ઉગમણે મુખારવિંદે ઉઘાડે મસ્તકે બેઠા હતા. અને તેમને આવતા ભાળી મહારાજ હસી એમ બોલ્યા કે, "આવો, મીર સફરાઅલી." તે શબ્દ સાંભળી મીરસાહેબ ઘણાક ખુશી થયા. પછી બેસવા માટે જાજમ ઉપર પાર્ષદોએ ચાકળો નાખી દીધો તે ઉપર બેઠા. ત્યારે એક કોરના પગથિયા ઉપર સેવકે ભેટ મૂકેલાં રીંગણાં મણ એકને આશરે પડેલાં હતાં.

તે વખતે હાથ જોડી મીર સાહેબ બોલ્યા જે, "હે મહારાજ ! હિન્દુ લોકો તમને પરમેશ્વર કહે છે. તે પરમેશ્વર અને ખુદાનું એક નામ છે ? અને કિતાબમાં તથા કુરાનમાં એમ લખ્યું છે કે, 'ખુદા ભૂમિ ઉપર જન્મ ધરતા નથી.'" અને તમે પરમેશ્વર કહેવાઓ છો, પરંતુ પેગમ્બરોના અવતાર થાય છે તે વાત ખરી છે. માટે આ વિશે શું સમજવું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "હે મીરસાહેબ ! પરમેશ્વર જન્મે છે કે નથી જન્મતા તેની નાત મોલવા (ખરી તપાસ કરવા) કોણ ગયું છે ? પરમેશ્વર ભૂમિ ઉપર માણસમાં અવતાર ધરે છે, તો મનુષ્ય જેવા થાય છે. અને જેવું દિવ્ય દેહ છે, તેવું જણાય તો માણસને શાંતિ થાય નહિ.

આ સૂરજનારાયણ છે, તે કુંતાજી તથા સત્રાજીત યાદવ બેયને મળ્યા. ત્યારે જો જેવું સ્વરૂપ છે તેવા સ્વરૂપેથી મળ્યા હોત તો તે બેય બળી મરત ને કોઈ પ્રકારનું સુખ આવત નહિ, પણ જેવા છે તેવા પોતાના લોકમાં રહીને મનુષ્ય જેવા થઈને મળ્યા ત્યારે તેમને સુખ થયું. માટે પરમેશ્વર અવતાર લે છે અને મનુષ્ય જેવા જણાય છે, પણ મનુષ્ય જેવા નથી. તેમનો દેહ દિવ્ય છે અને જે કુરાન તથા કિતાબમાં લખ્યું છે જે,

ખુદા અવતાર લેતા નથી, તેનું તો એમ છે જે -

પરમેશ્વરને સર્વજ્ઞ કહ્યા છે. એ પ્રભુ પ્રાણીઓનાં કલ્યાણ માટે દયા કરીને ભૂમિ ઉપર જન્મ ધરે છે. તેમનો જન્મ સામાન્ય જીવના જેવો પ્રાકૃત નથી, તેઓ કર્માધીન નથી. માટે ઈસ્લામમાં ઈશ્વરના જન્મનો નિષેધ છે. અજન્મા પરમેશ્વરનો જન્મ થવા છતાં દુનિયાથી નિર્લેપ અને અસંગી રહે છે. તેથી જન્મતા નથી એમ કહેવાય છે. પરમેશ્વર અજન્મા છે છતાં, જન્મ-કર્મની શુભ લીલાઓ કરે છે.'' શ્રીહરિએ કહ્યું, ''બ્રહ્માદિ ઈશ્વરોના ઈશ્વર પ્રભુ અવતાર ધારે છે, તેથી એક કથા તમારા ગ્રંથોમાં પ્રસિદ્ધ છે. તે તમે સાંભળો-''

એક મુલ્તાન દેશમાં સતજુગ વારામાં બદરેશ નામે એક બાદશાહ હતો અને તે બાદશાહ જુલમી ને અહંકારી હતો. તેને એક શાહજાદો (દીકરો) હતો. તે બાદશાહની જૈફ(વૃદ્ધ) અવસ્થા થઈ, તે વખત શાહજાદો મરી ગયો. તે વખત એને એમ થયું કે, મારા રાજ્યમાં ઘણા ફકીર ઓલિયાઓ નભે છે ને મારા આશ્રયથી સુખિયા થાય છે અને મારો દીકરો જીવતો કરતા નથી. માટે મારે તે તમામને મારી નાખવા. પછી સર્વેને ભેળા કરી મારવાનો ઈરાદો કર્યો. તે વખત પરમેશ્વર મહમદ સાહેબ એ નામે અવતાર ધરી પ્રગટ થયા. અને બાદશાહના દીકરા પાસે આવ્યા. ને પછી કહ્યું કે, ''પેગમ્બરોના નામથી ઊઠ. ખુદાના નામથી ઊઠ.'' તોપણ ઊઠ્યો નહિ. પછી કહે, ''મારા નામથી ઊઠ.'' ત્યારે છોકરો ઊઠ્યો. ત્યારે બાદશાહ હાથ જોડી કહે કે, ''ખુદા અવતાર લે છે' એમ કોઈ કહે તો અને 'હું ખુદા છું' એમ કોઈ કહે તો તેને જીવતી ચામડી ઉતારવી જોઈએ.''

પછી મહમદ સાહેબ કહે, ''ઈશ્વરના ચોર તું મારી શક્તિ જોઈ લે.'' પછી ચોટીએ ઝાલી પોતાના શરીર ઉપરની ચામડાની ખોળ ઉતારી બાદશાહ પાસે નાખી દીધી. અને પછી મનુષ્ય ચરિત્ર કર્યું કે, મને ભૂખ લાગી છે, માટે કાંઈક ખાવાનું જોઈએ. તે વખત કાચા લોટનો મેંદો પાસે પડ્યો હતો તે આપ્યો. તે કાચો લોટ જોઈ બાદશાહ સમક્ષ કહે જે, ''હે સૂરજ ! તું મારો ખરો હુકમ માનતો હો તો આ મેંદાનો લોટ પકવી

દે.'' પછી સૂરજ બાર જોજન હેઠા ઊતરી મેંદો પકવી દીધો. તે વખતે જગત આખું બળી ઊઠ્યું ને ત્રાહી તોબા કરાવ્યું.

પછી બાદશાહને કહે જે, ''પરમેશ્વર અવતાર લેતા નથી. તે કુરાનમાં કીધું હોય કે કિતાબમાં લખ્યું છે. એ ખોટું છે ને બેઈમાનનું (મૂરખનું) કામ છે. જો હું ખુદા છું.'' એમ કહી દિવ્યરૂપ બતાવ્યું. તેથી તે લોકોને ભ્રાંતિ ટળી ગઈ. માટે કોઈ કાર્યને માટે પરમેશ્વર અવતાર લે છે, પણ માયિક સ્વરૂપ પરમેશ્વરનું નથી. તેથી વેદમાં પણ પરમેશ્વરના સ્વરૂપને અમાયિક અને પંચભૂત રહિત છે એમ કહે છે.'' એવી રીતે વાત કરી.

પછી મહારાજ મીરસાહેબને કહે જે, ''તમારા હૃદયને વિશે અંગૂઠો મૂકો ને આંખો મીંચો ને મનની વૃત્તિ બંધ કરો અને જીવની વૃત્તિ હૃદયને વિશે ખેંચો.'' એટલે તેણે તેમ કર્યું. એટલે મીરસાહેબે પોતાના હૃદયમાં પ્રકાશ ભાળ્યો ને તે પ્રકાશને વિશે દિવ્ય સિંહાસન ભાળ્યું. અને તેમાં ખુદારૂપે મહારાજને ભાળ્યા. અને ચોવીસે પેગમ્બર સ્તુતિ કરતા ભાળ્યા. તે જેવા કુરાન તથા કિતાબમાં ખુદાને કહેલા છે, તે પ્રમાણે જોવામાં આવ્યું. તે આ આશ્ચર્ય જોઈ ઘણા વિસ્મય પામ્યા અને પોતાને કૃતાર્થ માનવા લાગ્યા.

પછી તે વખત ઉત્તમરાજા ત્યાં હતા, તેમને મહારાજે આજ્ઞા કરી. તેથી દાદા ખાચરે મીરસાહેબને જાફત (રસોઈ માટે સીંધુ - સામાન) આપવાની તાણ કરી. અને જાફત લેવાનું કબૂલ કરાવ્યું. પછી મીર સાહેબ કહે જે, ''હે મહારાજ ! તમે તો ખુદા છો અને પરમેશ્વર છો. તેમાં કાંઈ શંકા નથી.'' પોતાના ચાર કારભારીને પણ તે જ પ્રમાણે દેખાણું હતું. તેથી તેઓએ પણ તેમ કહ્યું. પછી કહે જે, ''હાલ રમજાન માસ છે, માટે સાંજે રોજુ ખોલી જમશું.''

તે વખત મહારાજે હાથે કરી રીંગણાં આપ્યાં. તે મીરસાહેબે કહે જે, ''તમે તો સાક્ષાત્ અલ્લા છો. અને એમ કહી ચરણારવિંદમાં માથું નાખ્યું. પછી મહારાજે તેમના માથા ઉપર હાથ મૂકી વાંસો થાબડ્યો. પછી મીરસાહેબે કહે જે, ''હે મહારાજ ! મેં મારા મનમાં જે ઘાટ ઘડ્યો હતો, તે જ પ્રમાણે બની આવ્યું. અને મારી મુરાદ સર્વે તમે પાર પાડી.''

પછી મુકામ પર આવ્યા. ને ત્યાં સાત દિવસ સુધી ગઢપુરમાં રહી મહારાજનો ઘણોક સમાગમ કર્યો હતો.

પછી તેમણે સોનાની મુઠવાળી કટાર અને એક તલવાર શ્રીજી મહારાજને ભેટ કર્યાં. મહારાજે પણ તેમની અનન્ય નિષ્ઠા જોઈને પોતાની પાઘ આપી. હંમેશાં સવારમાં મીર સાહેબ સ્નાન કરી તે પાઘનાં દર્શન-પૂજન કર્યા પછીથી જ બીજું કામ કરતા. ત્યારબાદ તેઓ શ્રીહરિની રજા લઈને વડોદરા ગયા. પછી સુરતના કોઈ સારા કારીગર પાસે શ્રીજી મહારાજને બેસવા માટે એક મેના ભેટ મોકલાવ્યો હતો. તે મેનામાં બેસીને શ્રીજી ગઢપુરથી રાજકોટ સર માલ્કમને દર્શન દેવા માટે પધાર્યા હતા.

**મીર સાહેબે આપેલો જેહ, મેનો તૈયાર ત્યાં કર્યો તેહ ॥**
**મેનામાંહી બેઠા મહારાજ, રથમાં બેઠા સંત સમાજ ॥**

(હરિ લી.ક. ૯-વિ. ૭)

મીર સાહેબ બહુ શૂરવીર અને રાજ્યના ઘણા જ માનીતા મુખ્ય સેનાપતિ હતા. એથી એમને અનેક પ્રસંગે ગુજરાત અને કાઠિયાવાડમાં ચોતરફ જવા આવવાનું થતું. તેઓ સત્સંગનો પક્ષ ખુલ્લી રીતે રાખતા. મંદિરનું અગર કોઈ સત્સંગીનું કામ હોય તો તેઓ જાતે સંભાળ રાખીને કરી આપતા. એ વખતે સત્સંગની સ્થાપના બહુ જોરદાર રીતે થઈ હતી. આથી કેટલાક અસહિષ્ણુ લોકો સત્સંગીઓને ઘણી રીતે કનડગત કરતા. તેમાં ઠેકઠેકાણે મીર સાહેબે સારી સહાય આપી સત્સંગનો બહુ પક્ષ રાખેલો.

ધારી ગામમાં જેઠો ઠક્કર અન્ય ધર્મ છોડી સત્સંગી થયેલા અને પોતે બહુ બળિયા હતા. એટલે કોઈથી દબાતા નહિ. ગામમાં વૈષ્ણવોનું જોર અને એકાદ અધિકારી પણ તેમના મેળવાળા હતા. જેઠો ઠક્કર ચૂસ્તપણે ધર્મ નિયમ પાળે અને નીતિથી વ્યવહાર કરે એથી લોકોને તેમના તરફ બહુ સદ્‌ભાવ હતો. પણ પેલા દ્વેષીઓ તે દેખી શકતા નહિ, એટલે સ્વામીનો નવો ધર્મ કહેવાય તે આવો છે તેવો છે, એમ અનેક રીતે નિંદ્રા કરી ધર્મ છોડાવવાનો દૂરાગ્રહ સેવતા હતા. પણ

જેઠોભાઈ તો ભારે દઢતાવાળા પાકા સત્સંગી હતા. તેથી તેમની આશા નિષ્ફળ નીવડી. પછી અધિકારી અમલદારોને મળી ખોટી રીતે વાંકમાં લઈને તે લોકોએ જેઠાભાઈને નજર કેદમાં નાખ્યા. બે ત્રણ દિવસ થઈ ગયા પણ તેમને ઘેર જવા આવવા દીધા નહિ. તેમજ સગાં સંબંધીઓને પણ મળવાની બંધી કરી હતી. પૂજા-પાઠ કર્યા સિવાય અન્ન જળ લેવાં જ નહિ. આવી દઢ ટેકને લીધે જેઠાભાઈએ બે ત્રણ દિવસથી અન્નજળ બીલકુલ લીધું ન હતું. છતાં તે નિર્દય લોકોએ તેમને છોડ્યા નહિ. એવામાં કોઈ કામ પ્રસંગે મીર સાહેબ ધારી ગામ એ ગાયકવાડી મહેલ હોવાથી ત્યાં આવ્યા. જેઠોભાઈ સરકારી મોદી ખાનું રાખતા તેથી મીર સાહેબના જાણીતા માણસો તેમની દુકાને ગયા પણ મોદી હાજર નહિ અને દુકાન બંધ હતી. પૂછપરછ કરતાં માલૂમ પડ્યું કે તેમને નજરકેદમાં આ રીતે રાખ્યા છે. મીર સાહેબના માણસોએ તુર્ત જ મીર સાહેબને વાત કરી કે, "આપણા મોદી સ્વામિનારાયણનો ધર્મ પાળે છે તેથી લોકોએ ખોટી રીતે તેમને હેરાન કરવા નજર કેદમાં રાખ્યા છે ને આજ ત્રણ દિવસથી મોદીએ અન્નજળ પણ લીધું નથી કારણ કે તે સ્નાન અને પૂજાપાઠ કર્યા વિના અન્નજળ લેતા નથી. આ રીતે વાત સાંભળી, મીર સાહેબ પોતે તુર્તજ લશ્કરી ફુલ ડ્રેસમાં મારતે ઘોડે જ્યાં મોદીને નજર કેદમાં રાખ્યા હતા ત્યાં ગયા અને તત્કાળ તેમને ત્યાંથી છૂટા કરીને ઘેર મોકલી દીધા અને જે જે લોકોએ તેમને હેરાન કરવામાં સાથ આપેલો તે બધાને રૂબરૂ બોલાવીને આકરામાં આકરો ઠપકો આપ્યો અને કહ્યું કે જો હવે પછી મોદીને કાંઈ પણ કનડગત કરી છે તો હું તમારી બરાબર ખબર લઈ નાખીશ."

વડતાલ મંદિરનું બાંધકામ ચાલતું હતું એ વખતે મંદિર માટે જોઈ તો માલ જ્યાંથી અનુકૂળ પડે ત્યાંથી લઈ આવતા. તેમાં માલનું દાણ આપવું પડતું. ધર્માદા સંસ્થાઓ માટે દાણ માફ થઈ શકતું હતું. તેથી મંદિર તરફથી દાણમાફી માટે પ્રયાસ કરેલો પણ સફળતા મળેલી નહિ. પછી સ. ગોપાળાનંદ સ્વામી પોતે પેટલાદ ગયા અને ત્યાં કસિયાભાઈ

મોટા અમીન હતા તેમને મળ્યા. સરકારી કામકાજ તેમના હસ્તક હતું તે જે ધારે તે કરી શકે આવી તેમની સરકારમાં પ્રતિષ્ઠા હતી. પરંતુ સત્સંગ તરફ તેમને દ્વેષભાવ હતો સ્વામીએ દાણ માફી માટે વાત કરી પણ કસિયાભાઈએ કાંઈ ધ્યાન આપ્યું નહિ તેથી સ્વામીએ ફરીથી આગ્રહપૂર્વક કહ્યું, છતાં તેમણે ના પાડી એટલે સ્વામીની આંખ ફરી આ વખતે મીર સાહેબ કસિયાભાઈની પાસેજ બેઠા હતા. સ્વામી પુણ્યપ્રકોપ કરી જરા ઉંચા અવાજે બોલ્યા કે, કસિયાભાઈ તમે આ શું કહો છો ? સ્વામીની મુખાકૃતિ જોઈને મીરસાહેબ તુર્તજ સમજી ગયા. એટલે કસિયાભાઈને ધીરે રહીને કહ્યું કે, આ મહાત્મા કોઈ ઓર છે ! તેઓ મહાસમર્થ યોગી છે. તેમની આંખ અત્યારે જુદી રીતની છે. જો તેઓ કુરાજી થશે તો તમારે બહુ સહન કરવું પડશે માટે તેઓ કહે છે તે ધ્યાન દઈને સાંભળો અને તેઓ રાજી થયા તેમ કરી આપો. મીર સાહેબ જેવા અધિકારીનું વચન માની કસિયાભાઈએ તુર્ત જ દાણ માફી માટે વ્યવસ્થા કરી દીધી. આ રીતે મીર સાહેબે ઘણે સ્થળે સત્સંગનો પક્ષ રાખી સેવાઓ કરેલી. તેઓ જ્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજના સમયમાં અમદાવાદમાં સેનાપતિ તરીકે નિમાયેલા ત્યારે ત્યાં પણ મંદિરની કેટલીક સેવાઓ કરેલી.

**श्रीपुरे सोऽव्रजत्सेनामुख्यत्त्वं मीरसंज्ञितः।**

(દૂર્ગપુર માહાત્મ્ય અ. ૯૧-૯૨)

અને મહારાજ અક્ષરધામમાં ગયા પછી મીરસાહેબ તે અમદાવાદમાં રસાલા (લશ્કરી અધિકારીઓના) ઉપર નિમાયા હતા. ત્યારે એણે સર્વે ધારેલી વાત (માનતા પૂરી) થઈ તે તેમણે અયોધ્યાપ્રસાદજી મહારાજને કહી હતી. અને નરનારાયણના મંદિરમાં એક હાથી બાંધી આઠ હજાર રૂપિયા આપ્યા હતા. અને તેણે (એ પ્રમાણે) માનતા પૂરી કરી હતી. અને તે વાત મલકમાં પ્રસિદ્ધ છે.

મીર સાહેબે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને એક ઉત્તમ હાથી ભેટ આપ્યો હતો. એ સિવાય પણ તેમણે ઘણી સેવા કરી હતી. છેવટ મીર સાહેબ અમરેલીમાં રહેતા. જૂનાગઢના સ. સ્વામી

નારાયણદાસજીએ તેમને જોયેલા તેથી તેઓશ્રી તેમની વાતો કરતા. છેલ્લી વૃદ્ધ અવસ્થામાં તેઓ શ્રીજી મહારાજે આપેલી પાઘની પૂજા કરી અત્યંત શ્રદ્ધાપૂર્વક માળા ફેરવ્યા જ કરતા હતા.

**● મીર સાહેબને અલ્લારૂપે દર્શન**

મીર સફરાઅલી કે જેને મીરસાહેબ કહીને કહેતા તેને જોવા સારુ પાંચ ઘોડેસ્વાર સાથે મહારાજની પાસે સભામાં મોકલ્યા. તે મીર સફરાઅલી ઘોડેથી ઊતરી મહારાજને પગે લાગ્યા. તે વખત એને અલેક (અવર્ણનીય) નિરંજન અલ્લારૂપે મહારાજ જોવામાં આવ્યા. તે મીરસાહેબ મહારાજનો શિષ્ય હતો. તેણે સ્તુતિ કરી અને કહ્યું જે, “દીવાન સાહેબે જે નારાયણ સહિત દંડવત કહ્યા છે અને આપની સુખશાંતિના સમાચાર પૂછ્યા છે.” મહારાજ કહે જે, “દીવાનજી સાહેબને સુખે મળવું હોય તો મળે ને શાસ્ત્રે કરી વિવાદ કરવો હોય તો કરે અને શસ્ત્રે કરીને લડાઈ કરવી હોય તોપણ તૈયાર છીએ.”

પછી મીરસાહેબ કહે જે, “અલેક નિરંજન એવા સાક્ષાત્ ખુદા તમો છો, તેની સાથે પામર દીવાનજી સાહેબ શું કરવાવાળો છે ? એને કાંઈ વાતનો ગો (અભિમાન) નથી અને હું ગયા પછી તેને કોઈ જાતનો મનસૂબો પણ રહેશે નહીં.” એમ કહી પગે લાગ્યા. પછી મહારાજ કહે જે, “અમે ઉત્તમરાજાને દીવાનજી સાહેબ પાસે તમને જે વાત કહી તે વાત કહેવા મોકલ્યા છે.” પછી મીરસાહેબે જવા માટે મહારાજ પાસે આજ્ઞા માંગી ને પાછા દીવાનજી સાહેબ પાસે ગયા.

**● સફરાઅલી મીરસાહેબ**

વડોદરામાં મીર સફરાઅલી નામે એક મુસલમાન રહેતા હતા. તેઓ વડોદરા શહેરના મુખ્ય સેનાધિપતી હતા. તેમને કોઈ કારણથી એવો રોગ લાગું પડયો કે માથામાં સતત દુઃખાવો થાય અને નિંદ્રા આવે નહિ. આ રોગ ટાળવા તેમણે ઘણા ઘણા ઉપાયો કર્યા પણ સારું થયું નહિ. પછી તેમણે કેટલાક પીર-પેગંબરોની માનતા કરી તો પણ શાંતિ થઈ નહિ. પછી જૂનાગઢના સુપ્રસિદ્ધ દાતારની માનતા માની દાતારની યાત્રાએ ગયા અને ત્યાં ઘણા ઈલાજો કરી થોડો સમય મોટા મોટા

ફકીરોની સેવા કરી છતાં પણ પોતાને નિદ્રા આવી નહિ.

આ રીતે જૂનાગઢની યાત્રા કરી વડોદરા જતાં માર્ગમાં ગઢડા ગામ આવ્યું. ત્યાં પોતાને નમાજ પઢવાનો સમય થતાં ગામથી દૂર રાધાવાડીએ નમાજ પઢવા લાગ્યા અને પોતાના નિયમ પ્રમાણે પ્રીતિથી ખુદાની બંદગી કરી. પછી થોડીવાર ત્યાં આરામ લીધો એટલામાં જ તે પવિત્ર સ્થાનના યોગે અને શ્રીહરિના પ્રતાપથી તેમના અંતઃકરણમાં અતિ શાંતિ થઈ ગઈ અને નિદ્રા આવી ગઈ તેથી તે એક મુહૂર્ત સુધી ત્યાં સુઈ રહ્યા. પછી તે બુદ્ધિમાન મીર સાહેબ વિચાર કરવા લાગ્યા.

**कुराने लिखितं त्वित्थं, यत्र स्वाद्वै महत्तमः**
**पीडानाशो भवेत्तत्र, भुरिशाम्तिश्च मानसे**

કુરાનમાં એમ લખ્યું છે કે, જ્યાં મોટા પુરુષો રહેતા હોય ત્યાં પીડા મટી જાય અને મનમાં અતિ શાંતિ થઈ જાય. માટે આ સ્થાનમાં કોઈ મોટા પુરુષ જરૂર રહેતા હોવા જોઈએ. આમ વિચાર કરે છે ત્યાં ભગવાં વસ્ત્ર ધારી સચ્ચિદાનંદ સ્વામીને જોયા એટલે પાસે બોલાવાં પૂછ્યું - હે સ્વામીજી, અહીં કોઈ મોટા પુરુષ રહે છે ? ત્યારે સ્વામીએ કહ્યું-

**अत्र दुर्गपुरे धीमन् स्वामिनारायणे हरिः**
**वर्त्तते भगवान्साक्षादक्षरात्परताः परः**

આ ગઢપુર ગામમાં અક્ષરથકી પર વર્તતા સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાન રહે છે. તેમનો રાધાવાડી નામનો આ બાગ છે. તે પ્રભુના ચરણ કમળથી પવિત્ર થયેલું આ તીર્થસ્થાન છે, પછી તે મીર સાહેબ શ્રી સહજાનંદ સ્વામીના દર્શન કરવા માટે તૈયાર થઈ મેનામાં બેસી રવાના થયા. માર્ગમાં તે સંકલ્પ કરવા લાગ્યા કે,

**अस्मदीय किताबेपु, प्रोक्ता नाल्लाबतारकाः ॥**
**पीगांबराबतारा ये तत्र ते लिखिताः शुभाः ॥**
**स्वामिनारायणः साक्षात् यदि स्थात्परमेश्वरः ॥**
**तयासीनो भवेद्वंधः प्राक्मुखः कंचलासने ॥**
**तथाऽनाछन्नमूर्धास्यान्मन्नाम्नैवाऽऽह्वयेश्च मां ॥**
**स्वोपकंठे च यर्हिं स्युर्षृतांकानि हि भुरिशः ॥**

भृतं दृष्नाऽर्तिरम्येण पात्रं दधात्स मां यदा ॥
चित्तस्थान् मे यदा सर्वानपाकुर्याश्च संशयाम् ॥
सस्योऽयमेव स्थान सर्वज्ञः परमेश्वरः ॥

આપણી કિતાબમાં અલ્લાના અવતાર પૃથ્વી ઉપર થાય છે એમ લખ્યું નથી. તો પણ ઘણા હિંદુઓ સ્વામિનારાયણને ભગવાન કહે છે જો તેઓ પરમેશ્વર હોય તો પૂર્વ મુખે કામળાના આસન ઉપર બેઠા હોય, ઉઘાડે માથે બેઠા હોય, મારું નામ લઈને મને બોલાવે, અને તે વખતે પોતાની પાસે ઘણાં રીંગણાં પડ્યાં હોય. અને સુંદર દહીંનું ભરેલું પાત્ર મને આપે તથા મારા મનના સર્વ સંશયોનો નાશ કરે તો એ સ્વામિનારાયણ સર્વજ્ઞ પરમેશ્વર છે એમ હું માનું. આ રીતે વિચાર કરતાં ગઢપુરની ભાગોળે આવ્યા ને ત્યાં પોતાના સર્વ માણસોને રહેવાની આજ્ઞા કરી. પોતે એક શ્યામ થોડા ઉપર બેસી ચાર માણસો સાથે દાદા ખાચરના દરબારમાં આવ્યા. અશ્વથી નીચે ઉતરી શ્રીહરિનાં દર્શન કરવા ગયા, ત્યારે પોતાના સંકલ્પો પ્રમાણે કંબલાસને ઉઘડે માથે બિરાજેલા શ્રી હરિને પ્રણામ કર્યા. પછી શ્રી હરિએ તેમનું નામ લઈને બોલાવ્યા તેથી આનંદ પામ્યા અને મનમાં અને મનમાં વિસ્મય પામ્યા. પછી પાર્ષદે નાખી આપેલ ચાકળા ઉપર બેઠા ને ચોતરફ જોયું. ત્યાં શ્રીજી મહારાજની પાસે વૃતાંકનો ઢગલો ભાળ્યો પછી શ્રીજીમહારાજે તેમને ઐશ્વર્ય બતાવ્યું. તે જોઈને તેઓ અતિઆનંદ પામ્યા. જીજ્ઞાસુ મીર સાહેબ બે હાથ જોડી શ્રી હરિને પૂછ્યું - "આપને યવનો સિવાયના બીજા સૌ લોકો ભગવાન કહે છે તેમાં અમને સંદેહ થાય છે તે તમે ટાળો. કારણ કે, ખુદા ક્યારેય પૃથ્વી ઉપર જન્મ ધરતા નથી એમ કુરાનમાં લખ્યું છે." ત્યારે શ્રીહરિએ હસીને કહ્યું, "પ્રાણીઓના કલ્યાણ કરવા પ્રભુ પૃથ્વી ઉપર પ્રગટ થાય છે. ખુદા મનુષ્ય જેવા બને ત્યારે લોકો તેમની સેવા-પૂજનાદિક વડે સુખ પ્રાપ્ત કરે છે. ખુદા મહાતેજો યુક્ત પોતાના દિવ્ય સ્વરૂપે પ્રગટ થાય તો પ્રાણીઓને સુખ આવે નહિ સાક્ષાત સૂર્ય જ્યારે કુંતાજી પાસે આવ્યા ત્યારે મનુષ્યાકૃતિ ધરીને આવ્યા હતા તો તેનાથી કુંતાજીને સુખ પ્રાપ્ત થયું હતું. આ રીતે મનુષ્યોના ભલા માટે પ્રભુ પૃથ્વી ઉપર પધારે છે.

એમ કહી ગીતા, ભાગવત વગેરે શાસ્ત્રના પ્રમાણ કહી સંભળાવ્યા, અને કહ્યું કે, આ બાબતમાં વેદો પણ પ્રમાણભૂત છે પણ તમે યવન હોવાથી વેદોનું શ્રવણ અમે તમને કરાવતા નથી.

**મહમદપીરને મહારાજનાં દિવ્ય દર્શન તથા ગૃહત્યાગ**

દાદાખાચરના દરબારમાં ઘોડાની ખરીદી માટે ઘોડા જોવા આવેલો સોદાગર જાતે મુસલમાન હતો. તે ઘોડો જોવા સારુ ઘોડશાળમાં ગયો ને ઘોડો જોઈ મહારાજની મુલાકાત કરવા ઘોડશાળની ઓસરીએ બેઠો. ને મહારાજ ત્યાં પધાર્યા અને ખુરશી ઉપર બેઠા. એ મુસલમાનનું નામ પીર મહમદ એવે નામે કરીને હતું. પછી તેણે મહારાજને સલામ કરી. ને મહારાજે તેના ખબર પૂછ્યા એટલે તેણે સમાચાર આપ્યા.

પછી તેણે ઘોડશાળ સામું જોયું ત્યાં તો તેજ ભાળ્યું અને તેજમાં સપ્તમુખો ઘોડો ભાળ્યો. ને એ ઘોડાને ફરતા ચોવીશ પેગમ્બરો ભાળ્યા. ને તે ઘોડા ઉપર એક સિંહાસન ભાળ્યું અને તે સિંહાસન ઉપર મહારાજને ભાળ્યા. તે જોઈ ઘણું આશ્ચર્ય પામ્યો. અને હજાર રૂપિયા મહારાજને ચરણે મૂક્યા ને પોતે પીર મહમદ સંસારનો ત્યાગ કરી ત્યાગી થયો ને તેના ભત્રિજાને સર્વે સરસામાન સોંપી વિદાય કર્યો. તે થોડા દિવસમાં ભગવાનના સ્વરૂપનું જ્ઞાન પામી ભગવાનના ધામમાં ગયો.

**અલી મહંમદ ગઢડામાં ઘોડો લેવા આવ્યો**

એક વખત મહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબડાના ઓટાથી ઉગમણી કોર ફળીમાં હતા ને ત્યાં એક મુસલમાન સોદાગર આવ્યો. તે વખત મહારાજે તેને તાજણ ઘોડી ફેરવી બતાવી. તે જોઈને તે ચક્તિ થઈ ગયો. ને પછી મહારાજને એક હજાર રૂપિયાની વીંટી હાથમાં પેરાવી ને મહારાજનો આશ્રિત થયો. ને તેણે તેજના અંબારમાં મહારાજને ભાળ્યા. ત્યારે તે કહે જે, "મહારાજ ! તમે તો સાક્ષાત્" અલ્લા છો." એમ કહી એણે એ ઘોડી દસ હજાર રૂપિયે માંગી, પણ મહારાજે ત્યારે ના પાડી. એ મુસલમાનનું નામ અલી મહંમદ કરીને હતું.

**શ્રીહરિએ મુસલમાન બાલાપીરનો ઉદ્ધાર કર્યો**

અમરેલીના વાણિયા માલજી કાણકિયા નામે કરીને મહા હરિભક્ત

હતા. તેના દીકરા કરસન, અમરશી અને પીતાંબર કરીને ત્રણ હતા. તેના ફળીમાં બાલાપીર નામે કરીને એક મુસલમાનની કબર હતી. અને તેનો એક પાણાનો આકાર રહી ગયેલો હતો. એક દિવસ કરસન કાણકિયો તે પાણા ઉપર ખાટલો નાખીને સૂતો હતો. તેને જાગૃત-સુષુપ્તિ એવી અવસ્થામાં નીલા ઘોડા ઉપર ચડેલો ને લીલાં વસ્ત્રો પહેરેલો અને હાથમાં ભાલું, એવો બાલાપીર જોવામાં આવ્યો.

અને તે હેકી કરસનના હૈયા ઉપર ચડી બેઠો અને કહે જે, "बनिया तेरा सब कुटुंब का मोक्ष हुआ। हम तेरा पाडोसी ते हमारा मोक्ष नहीं हुवा। स्वामिनारायण साक्षात अल्ला हैं, इसकु आ जग्या पर लावो ने बेठाओ। तेरा कुछ बी नहीं जाता है और हमारे पूरण होता है, ने जनम मरणका फेरा टलता है। बडा आदमी। पाँच पाडोशी का भला करना एसा सारा माणस का काम है। तुम ऐसा नहीं करेगा तो तुम कृतघ्नी कहेवाओ। हम (मैं) भी दादा खाचर के आशरामें पडा हुँ। ऐसा नारायण स्वामी की पास जाके तुम बोलो। हमारी पर दया करे, हम साफी पाकी खरा मुसलमान हुँ।" એવી રીતે તે કરશન વાણિયાને જણાણું.

પછી તેણે તેના બાપને વાત કરી. ત્યારે તેને બાપે મહારાજને વાત કરી. પછી મહારાજે કહ્યું જે, "એ બિચારાએ ખરું કહ્યું, કાલ અખાત્રીજ છે ને તારો દીકરો દાદા ખાચરનો કામદાર છે, માટે ગોળની કઢી ને રોટલીની રસોઈ આપ. તે વખત અમે જમવા આવશું." પછી બીજે દિવસે મહારાજ તથા પરમહંસ સહિતને રસોઈ સવારના પહોરમાં આપી. અને ઉગમણા બારના બે ઓરડા તેમાં ઓત્તરાદા ઓરડાની ઓસરીમાં મહારાજને ઢોલિયા ઉપર પધરાવ્યા. અને મૂળજી બ્રહ્મચારીએ થાળ કર્યો હતો. પછી ઓરડામાં મહારાજને પધરાવ્યા અને પછી મહારાજ જમ્યા અને પછી સાધુઓને પંડે પીરસી જમાડ્યા.

અને પછી એવો હુકમ કર્યો કે, "આ પીરની શીલા ઉપર પગ મૂકો." એમ કહી પંડે એ પાણા ઉપર ઊભા રહ્યા અને પછી સાધુઓ તમામ એની ઉપર પગ મૂકી ચાલ્યા ગયા. પછી તે વખતે તડકો હતો એટલે મહારાજ તે ખોરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર પાછા વિરાજમાન થયા.

પછી બેચર ચાવડાને કહ્યું જે, "આ અમારું હાથ ધોયેલું તાંસળીમાં ચળુ છે, તે આ પાણા ઉપર નાખ." પછી તે નાખ્યું તે વખતે કરસનના ઘરમાં માણસોને એ પીર મુસલમાન મહારાજને પગે લાગી અલોપ થઈ ગયો અને તેનો મોક્ષ થયો એવું દેખાયું.

## બાટવાના નવાબ બુલેખાંએ શ્રીહરિને ઓળખ્યા

શ્રીહરિ માણાવદરમાં ધન તેરસને દિવસ પધાર્યા હતા. નવાબે ઘનશ્યામ શ્રીહરિને ત્યાં દિવાળી અને અન્નકોટ કરવા રોક્યા. દિવાળીનો સમૈયો કરવા અને શ્રીહરિના દર્શન કરવા બધા દેશોમાંથી ચારે વર્ણના લોકો માણાવદર આવ્યા. કેટલાક હરિભક્તો શણગારેલા ગાડામાં બેસીને પ્રેમથી આવ્યા. એમ અનંત લોકો આવ્યા. બાટવાના નવાબ તેનું નામ બુલેખાં હતું. તેને શ્રીહરિની મૂર્તિમાં બહુ જ હેત હતું. તેથી તે આવીને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. અને મુખથી વિનયભર્યા વચન ઉચ્ચાર્યા. નવાબ કુરાન વાંચ્યા પછી મનમાં તેનો જે જે વિચાર કરીને શ્રીહરિ પાસે આવ્યા હોય તેને શ્રીહરિ અન્તર્યામીપણે જાણીને બધું કહી બતાવતા હતા. ત્યારે તે શ્રીહરિની વાતને સાંભળીને તેણે મનમાં નિશ્ચય કર્યો કે આ 'સ્વામિનારાયણ' જ સર્વ જગતના કર્તા છે કે જેનાથી કાળ પણ ડરતો રહે છે. તેઓ સ્વેચ્છાથી પ્રકટ થયા છે. તેમને કોઈનો ડર નથી. અનંત બ્રહ્માડમાં જે દેવતાઓ છે તેમાં કોઈ પણ આ સ્વામિનારાયણના જેવા નથી. એમાં તેજ રહ્યું છે અને તે તેજમાં એ રહ્યા છે. આમાં કોઈ સંશય નથી. જે વાત થઈ હતી. તે બધી ગજુમિયા માણાવદરના નવાબને જણાવી દીધી. વળી કહ્યું કે, આજ તમારા ધન્ય ભાગ્ય છે કે આવા મહાપુરુષ તમારા ગામમાં પધાર્યા છે.

## બાટવાના બુલેખાં જમાદારે સુબાને સ્વામિનારાયણનો મહિમા કહ્યો

બાંટવા ગામનો વતની એક બુલેખાં નામે જમાદાર તે સૂબાના લશ્કરમાં હતો. તેણે તે વાતને થોડી જાણી. તેથી તે સુબાને કહેવા ગયો. તેણે સૂબાને કહ્યું કે તમે આ પ્રદેશના 'સુબા' છો અને તે ઈશ્વરે સુબાનું પદ તમને આપ્યું છે. આ વાત ઘણી મોટી છે. તે ઈશ્વર તો સ્વામિનારાયણ છે કે જેમને હાથ સહુના નાડી પ્રાણ રહ્યા છે. તેમને

જે છેડે તે જડ મૂળથી ઊખડી જાય છે. આપ મોટા 'સૂબા' છો માટે તેમને છંછેડશો નહિ. આપને મોટા જાણીને જ કહું છું. હું હિંદુઓમાં કોઈને માનતો નથી. પણ એક સ્વામિનારાયણને નમું છું. બીજા ભેખધારીના જેવા આ નથી. અમે તો તેમને મોટા ઓલિયા પુરુષ કહીએ છીએ.

**ખંભાતના નવાબની સત્સંગમાં સેવા**

ખંભાતના જે હરિભક્તો વિપ્રો અને પાટીદારો હતા. તેમજ મોટા મોટા બારોટ હરિભક્તો હતા. એક પ્રાણવલ્લભ શેઠ હતા. અમથાલાલ અને દામાલાલ પણ હતા. તે સહુએ શ્રીહરિની પૂજા કરી. ખમાર નામથી ઓળખાતા જે હરિભક્તો હતા તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. લુહાર જાતિના જે હરિભક્તો હતા તેમણે પણ શ્રીહરિની બહુ સારી પૂજા કરી. તેમણે પોતાના ઘરમાં જ ઘણું મોટું મંદિર કરાવ્યું હતું. પછી ઘણું સારું મુહૂર્ત જોઈને સંવત્ ૧૮૮૫ માં તે મંદિરમાં શ્રીહરિકૃષ્ણ અને રાધાકૃષ્ણની મૂર્તિઓ પધરાવી. જે ઘણી જ ચમત્કારી મૂર્તિઓ છે.

ખંભાતના નવાબ તે મંદિરની વાત સાંભળીને મનમાં રાજી થયા. નવાબ સત્સંગ માટે ઘણી સહાય કરતા હતા. વડતાલમાં જ્યારે મંદિર થયું. ત્યારે પણ મદદ કરતા હતા. વડતાલ મંદિરમાં ખર્ચ ઘણો થતો હશે એમ જાણીને દિલની શ્રદ્ધાથી તેઓ જેટલું જોઈએ તેટલું 'મીઠું' દર વરસે ભેટમાં આપતા હતા. ખંભાતના નવાબનાં રાજ્યમાંથી વડતાલના આપણા મંદિરમાં જે કોઈ વસ્તુ પદાર્થ લાવવાનું કે લઈ જવાનું થાતું તેનું 'દાણ' (જકાત) માફ કરેલું હતું.

**કૌકા ગામમાં બે મુસલમાન સત્સંગી થયા**

શ્રીહરિ જવારજમાં સહુ કાઠી દરબારોને જમાડીને શ્રીહરિ તરત ચાલી નીકળ્યા અને કૌકા ગામમાં આવીને રાત રોકાયા. ત્યાં બાદરજી નામે એક ક્ષત્રિય હરિભક્ત હતા. તેનો ભાવ જોઈને શ્રીહરિ તેને ઘેર ઊતર્યા. ત્યાં બીજા કેટલાક ક્ષત્રિયો અને બ્રાહ્મણો સત્સંગી હતા. અને પ્રગટ મોક્ષને દેખીને બે મુસલમાન પણ સત્સંગી થયા હતા. (શ્રી હરિ ચરિત્રામૃત સાગર પૂર ૧૯ તરંગ ૩૭)

## અમદાવાદના ડોસાભાઈ

અમદાવાદમાં ડોસાભાઈ નામે એક મુસલમાન રહેતા હતા. જાતિએ તાઈ હતા, તેથી ડોસાતાઈ નામે ઓળખાતા. ખેતીનો ધંધો કરી તેઓ પોતાનું ગુજરાન ચલાવતા. એક વખત ડોસાતાઈ વહેલા ઉઠી પોતાને ખેતર જઈ કામકાજ કરી રહ્યા હતા. બરાબર સૂર્યોદયનો સમય થયો; એ સમયે ભગવાન સ્વામિનારાયણ માણકી ઘોડી ઉપર બેસી પાંચ દસ કાઠી ઘોડેસવારો સાથે કાઠિયાવાડ તરફથી અમદાવાદ આવી રહ્યા હતા, તેઓને તેમણે રસ્તા કાંઠે આવેલા પોતાના ખેતરને શેઢે ઊભા ઊભા દૂરથી જોયા.

મનમાં થયું કે "આ કોઈ રાજા-મહારાજા હશે ? કે કોઈ ધનાઢ્ય શેઠ શાહુકાર હશે ? અગર કોઈ મહંત મહાપુરુષ કે ઓલિયા પુરુષ હશે ?" કોઈ વટેમાર્ગુને તેમણે પુછ્યુ : 'ભાઈ ! આ કોણ આવે છે ? ત્યારે તેમણે કહ્યું: કે, 'એ હાલમાં જે સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે પોતે જ છે ફક્ત આટલી વાત થઈ ત્યાં તો પૂરપાટ જતાં ઘોડાં ઘણે દૂર નીકળી ગયાં ! તીવ્ર ગતિથી બનેલું આ બધું મનમોહન દશ્ય' ડોસાતાઈ આશ્ચર્યચક્તિ દૃષ્ટિથી જોઈને, પોતાને મહાભાગ્યશાળી માનવા લાગ્યા. "અહો ! હું કૃતાર્થ થઈ ગયો ! ફક્ત દર્શન માત્રથી જ મારા મનમાં કેટલો આત્મસંતોષ સાથે આનંદ અનુભવાઈ રહ્યો છે ! ચોક્કસ આ કોઈ મોટા ઓલિયા પુરુષ હશે !" આ પ્રસંગની તેમના હૃદય ઉપર એટલી ઊંડી અટલ છાપ પડી કે, એમના આખા જીવનનો તત્કાળ પલટો થઈ ગયો ! અને વટેમાર્ગુએ કહેલો સ્વામિનારાયણ શબ્દ એમના હૃદયમાં કોતરાઈ ગયો ! અને ધીરા અવાજથી સ્વામિનારાયણ એમ સ્વાભાવિકપણે અખંડ સ્મરણ થવા લાગ્યું.

પછી ડોસાતાઈ ખેતરથી શહેરમાં જઈ તુર્તજ જે મળે તેને પૂછવા લાગ્યા કે, 'સ્વામિનારાયણ ક્યાં ઊતર્યા હશે ? એમનું ક્યાંય સ્થળ અગર મંદિર છે કે નહિ ?' આમ પૂછતાં પૂછતાં મંદિર ખોળી કાઢ્યું. મંદિરના ચોકમાં આવીને જુએ છે, ત્યાં શ્રીજીમહારાજ હજારો મનુષ્યોની સભા વચ્ચે ઊંચા આસન ઉપર બેસીને ઉપદેશ આપી રહ્યા હતા. બધા ભક્તો

તલ્લીન બની એકાગ્રતાપૂર્વક બહુ જ શાંતિથી એ ઉપદેશામૃતનું પાન કરી રહ્યા હતા. ડોસાતાઈએ આવી મોટી સભા આટલી શાન્તિથી આ અત્યંત ભક્તિભાવ સાથે એકી નજરે દર્શન કરવા લાગ્યા. દર્શન કરતાં કરતાં શ્રીજી મહારાજ અને એમની દૃષ્ટિ એક થઈ એટલે તત્કાળ ડોસાતાઈને સમાધિ થઈ ગઈ ! બે કલાક સુધી સમાધિમાં રહ્યા તેમાં તેમને અક્ષરધામ વગેરે અનેક ધામ અને અનંત આશ્ચર્ય જોવામાં આવ્યા. સમાધિમાંથી જાગી શ્રીહરિને સર્વોપરી ભગવાન માની ખૂબ મહિમા સમજી, સત્સંગનાં વર્તમાન લઈ, કંઠી ધારણ કરી ઘેર ગયા અને પછી હમેશાં મંદિરમાં દેવદર્શન, સંતસમાગમ ને કથાવાર્તા સાંભળવા આવવા લાગ્યા.

ડોસા તાઈ મુસલમાન હોવા છતાં હિન્દુધર્મના એક અનુયાયી થઈને જ્યારે સનાતન ધર્મની રીતભાત સ્વીકારી અલમસ્ત પણે વર્તવા લાગ્યા, ત્યારે તેમનાં માતાપિતા વગેરે કુટુંબીઓ ખૂબ - ખેદ પામી ડોસાતાઈને સમજાવવા માંડ્યા કે - ''ભાઈ ! આપણે આ પ્રમાણે વર્તીએ એ કોઈ રીતે પોસાય નહિ. અમારે જ્ઞાતિ લોકોનાં કણવાં વેણ સાંભળવાં પડે છે. માટે તું આ બધું ટીંખળ છોડી દે.'' આ રીતે સગાંસ્નેહીઓએ ડોસા તાઈને અનેકવાર સમજાવ્યા, કેટલીક વાર આકરો ઠપકો આપી ખૂબ તિરસ્કાર કર્યો. અને છેવટે તો મૃત્યુનો ભય બતાવી માર માર્યો. છતાં પણ એમણે સ્વામિનારાયણ .... સ્વામિનારાયણ એમ જે અખંડ ભજન કરતા હતા તે છોડ્યું નહિ. આથી બધા લોકો તેમના ઉપર વિશેષ કોપાયમાન થઈ ગયા. પછી તો અતિ નિર્દય થઈને એમને ઘણું દુઃખ આપવા લાગ્યા.

એક દિવસ ડોસા તાઈનાં બધાં સંબંધીઓએ મળી વિચાર કર્યોઃ કે - આ કોઈ રીતે આપણું માનતો નથી માટે એમની મેળે એ ગરીબ ગાય જેવો થઈને આપણી પાસે આવે અને માફી માગે. એવો ઉપાય લેવો જોઈએ ગમે તેવો શક્તિશાળી માણસ હોય પણ જો તેને બે ચાર દિવસ ખાવા-પીવાનું ન મળે, તો એ ચોક્કસ ઢીલો પડી જાય. માટે આપણે આને એક ઘરમાં પૂરી તાળું વાસી દઈએ. ખાવા-પીવાનું કંઈ પણ આપવું જ નહિ. એ દહાડા થશે, ત્યાં તો એની મેળે સીધોદોર જેવો થઈ જશે. આમ નક્કી કરી ડોસા તાઈને એક અંધારા ઘરમાં પૂરી તાળું વાસી

દીધું. ડોસા તાઈ કોઈ જાતનાં ચિંતા-શોક કર્યા વિના અંધારા ઘરમાં ભારે ઉત્સાહથી સ્વામિનારાયણ મહાપ્રભુનું અખંડ નામ જપવા લાગ્યા. એકાંત સ્થળમાં ધ્યાન-ભજન કરવાની આ તો ભારે ઉત્તમ સગવડ મળી; એમ ધારી અત્યંત આનંદથી અલમસ્તપણે ભજન કરી રહેલા ડોસા ભક્ત, વગેરે દેહની ક્રિયાઓનું તદ્દન ભાન ભૂલી કેવળ પ્રભુપરાયણ બની ગયા. પ્રભુના ભજન -સ્મરણ આગળ એ ડોસા ભક્ત ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ અન્નજળ અને નિદ્રા લીધા વિના હૃદયના ખરા સદ્‌ભાવથી ભજન કરી રહ્યા હતા. તે જોઈને ભક્તવત્સલ, કરુણાસાગર શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીએ અલૌકિક દેહે દિવ્ય દર્શન આપી ડોસા ભક્તને પોતાની અમીમય દૃષ્ટિથી ષડૂર્મિ (ભૂખતરસ, હર્ષ-શોક, જરા-મૃત્યુ) રહિત બનાવી દીધા ! અને એમના શરીરને પણ નિરાવરણ કરી દીધુ ! આથી ડોસા ભક્ત સર્વદુ:ખથી મુક્ત થઈ હસ્તે મુખે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ એમ ભજન કરતાં કરતાં બંધ ઘરમાંથી બહાર નીકળી આવ્યા ! આ જોઈ ને લોકો મહાન આશ્ચર્ય પામી વાતો કરવા લાગ્યા કે આજ ત્રણ દિવસથી ડોસા તાઈ ભૂખ્યા તરસ્યા છે, છતાં એમના મુખ ઉપર કેટલી કાંતિ ને ઉત્સાહ જણાય છે ! મૂંઝવણ શોક-ચિંતા કે કોઈ પ્રકારની ગ્લાનિ એમને બીલકુલ થતાં નથી. ખરેખરે એ સાચા ભક્ત છે; અને એથી જ એમના ઈષ્ટદેવે બંધ ઘરમાંથી બહાર કાઢ્યા ! આ રીતે સમજુ લોકો એમની પ્રશંસા કરવા લાગ્યા; પરંતુ દુરાગ્રહી અને ક્રૂર પ્રકૃતિના એમના કેટલાક ઉતાવળિયા સંબંધીઓએ ગુસ્સે થઈને ડોસા ભક્તને તત્કાળ પકડી ફરીથી એ જ અંધારા ઘરમાં પૂરી દીધા; અને એક થાંભલા સાથે બાંધી પગથી તે માથી સુધી મજબૂત દોરડાં ખૂબ ખેંચીને કોઈ ચોરને બાંધે તેમ નિર્દય થઈને બાંધી દીધા. પછી ઘરને તાળું વાસી બે જણ ચોકી કરવા બેઠા. અને પછી પરસ્પર એક બીજા વાતો કરવા લાગ્યા કે - પહેલી વાર આપણે ન જાણીએ તેમ ગમે તે રીતે કંઈક કપટ કરીને એ બહાર નીકળી આવ્યો. પણ હવે નીકળે તો બહાદુર કહેવાય. ખરો ભક્ત હશે અને એના પ્રભુ રક્ષા કરે છે, એમ જે કેટલાક શ્રધ્ધાળુ લોકો વાતો કરે છે,

તે બધી હવે ખબર પડશે કે કેટલી વીશે સો થાય છે ! ત્રણ દિવસથી કંઈ ખાધું-પીધું નથી ને લાકડું બાંધે તેમ બરાબર બાંધ્યો છે તે ભીંસાઈ મરશે, અને ભૂખના દુઃખથી કંટાળી ગયો હશે, પણ અભિમાનનો માર્યો પકડેલ નાડું છોડી શક્તો નથી, પણ હવે એની ધીરજ ટકે તેમ નથી. ઘડી બે ઘડીમાં ચોક્કસ હારી જશે અને માફી માગશે.

ડોસા ભક્તના સંબંધીઓએ આ રીતે દુઃખ દેવામાં કંઈ ખામી રાખી ન હતી; પરંતુ ''રામ રાખે એને કોઈ ન ચાખે'' આ કહેવત મુજબ દયાસિંધુ શ્રીહરિની કૃપાથી જેનું શરીર નિરાવરણ બની ગયું હતું એવા ડોસા ભક્ત ફરીથી ઘરમાં પૂર્યા કે તત્કાળ બંધનથી રહિત બની ગયા ! એટલું જ નહિ પણ અમદાવાદથી ધોળકા નીકળ્યા ! ધોળકામાં તેમના કોઈ સંબંધી ભેટી ગયા, તેમણે ત્યાં ઘરમાં પૂર્યા, ત્યાંથી પણ તુર્તજ બહાર નીકળી ગયા ! પછી તેમનો સંબંધી નવાઈ પામી ડોસા ભક્તને અમદાવાદ મૂકી ગયો. આ બનાવ પછી દરેકને એમ થઈ ગયું કે આમની આગળ આપણો કોઈ ઉપાય ચાલે તેમ નથી.

ડોસા ભક્તની પાછળ પડેલા પેલા બે ચાર ક્રૂર કુટુંબીઓએ એવો વિચાર કર્યો કે-કોઈ ન જાણે તેમ સીમમાં જીવતો દફનાવી દઈએ ! આમ કર્યા વિના એ સીધો નહિ થાય. કાં તો આ ઉપાયથી ડરીને માની જશે; નહિતર ઠેકાણે થઈ જશે ! એટલે બધો મામલો ખતમ, કોણ પૂછનાર છે કે, શું થયું ? આ રીતે પ્રથમ તૈયારી કરી બીજે દિવસે કામકાજને બહાને ડોસા ભક્તને તેઓ ખેતર લઈ ગયા. ત્યાં ખોદી રાખેલો મોટો ખાડો બતાવી કહ્યું : - 'તને આમાં બેસારીને દાટી દેવો છે. ચાલ આમાં બેસી જા' ડોસા ભક્ત જરાપણ આનાકાની કર્યા વિના ગભરાયા સિવાય ખૂબ ઉત્સાહથી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ એમ ભજન કરતા કરતા તેમાં બેસી ગયા ! એટલે પેલા લોકોએ ચોતરફથી ધૂળ નાખી તેમને ગળા સુધી દાટી દીધા ! પછી પૂછ્યું: 'બોલ ! છે ઉગરવાની મરજી ? તો ભગતપણાનો બધો ડોળ છોડી દે' ડોસા ભક્ત તો ભજનમાં તલ્લીન બની ગયા હતા. મરવું એ તો એમને મન મંગળ હતું એટલે એ શા માટે ડરે ? પછી તે લોકો પુષ્કળ ધૂળથી તેમને દાટી દઈને, કોઈ જાણી

ન શકે તેમ જમીન સરખી કરી ઘેર જવા રવાના થયા !

ગામમાં આવીને તે લોકો પોતાના ફળીમાં પેઠા ત્યાં તો ઓસરીની કોરે સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ એમ ગંભીર અવાજથી ભજન કરતા ડોસા ભક્તને જોયા ! "અરે આ શું ! ! કોઈ રીતે નીકળી શકાય નહિ એવા ઊંડા ખાડામાં કોઈ ન જાણે તેમ દાટીને આપણે ઉતાવળે પગલે આવ્યા છીએ; પણ ત્યાં તો આપણી પહેલાં આ અહીં આવી પહોંચ્યા છે ! આ તો ભારે નવાઈની વાત કહેવાય ! અત્યાર સુધી આપણે એમને બહુ જ હેરાન કર્યો છે એ મોટામાં મોટી ભૂલ કરી છે. ડોસા ભાઈ ખરા ભક્ત છે. ખુદા એમની મદદમાં છે નહિતર કદી પણ આમ બને નહિ 'રામ રાખે તેને કોણ ચાખે' એ કહેવત બરાબર છે. આવા સાચા ભક્તને કોચવીને આપણે મોટું પાપ કર્યું છે, માટે ચાલો એમની માફી માગી શુદ્ધ થઈએ" પછી એ લોકો ડોસા ભક્તના પગમાં પડી માફી માગવા લાગ્યા કે - "અમે ખૂબ અપરાધ કર્યો છે. તમને ઘણાં દુઃખ આપ્યાં છે, અને તેને અમે ખોટું જ માનતા હતા, પરંતુ આ બનાવે તો અમારી આંખ ખોલી નાખી છે ! ખરેખર તમે ખુદાના ખરા આશક છો, અમે મોટા હઠ કરીને તમને ઓછા હેરાન કર્યા નથી. ઘણા ગુના કર્યા છે; માફ કરો." આ પ્રમાણે અપરાધીઓની દીન વાણી સાંભળી ડોસા ભક્તે કહ્યું - "ભાઈઓ ! તમે મારા સાચામાં સાચા મિત્રો છો. તમે મને આકરી કસોટીમાં કસ્યો. તેથી જ હું બળવાન બન્યો છું. પ્રભુમાં અતુટ શ્રદ્ધા અને અખૂઠ ધીરજ એ તમારા પ્રયાસથી મને મળેલ છે. તમે મારે માથે ઉપકાર કર્યો છે; પણ કોઈ ગુનો કર્યો હોય અગર કંઈ દુઃખ આપ્યું હોય એમ હું માનતો જ નથી."

પ્રભુ તમારું ભલું કરે એમ હું હૃદયથી ઈચ્છું છું. આ રીતે ડોસા ભક્તનાં અભય વચનો સાંભળી તેમનાં સંબંધીઓ અને અન્યો લોક આશ્ચર્ય સાથે ખૂબ આનંદ પામી એમની પ્રશંસા કરવા લાગ્યાં. અને પછી તે બધાએ વૈરવૃત્તિ છોડી દીધી. એથી ડોસા ભક્ત સ્વતંત્રપણે પોતાની પ્રભુભક્તિ કરવા લાગ્યા.

ડોસા ભક્તની સાથે રહેલા સ.શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ હરિસ્મૃતિ

નામના પોતાના ગ્રંથમાં આ વાત સંક્ષેપથી નીચે પ્રમાણે લખી છે :

વળી એક ડોસા યવન અચરજકારી છે,
તેને થયું હરિનું દર્શન અચરજકારી છે.
રહી મૂર્તિ અંતરમાંઈ અચ.
ભૂલ્યો દેહ દીસે નહિ કાંઈ, અચ. ૩૬
તેને બાપે બાંધ્યો બંધે, અચ,
રોક્યો ઘરમાં ઘાલી સંબંધે, અચ.
આપ્યાં કમાડ દીધાં તાળાં, અચ.
બેઠાં બારણે રખવાળાં, અચ. ૩૭
તેમાંથી દેહ અદર્શ થઈ, અચ.
નિસર્યો બાર ગાઉ પર જઈ અચ.
ત્યાં પણ બંધ કર્યો વળી બીજે, અચ.
ત્યાંથી નીસરી ગયો ત્રીજે અચ. ૩૮
આવરણ એક આડું નવ રહ્યું. અચ.
ભૌતિક દેહ અભૌતિક થયું, અચ.
તે તો જાણે છે જન મનમાં, અચ.
એહ સામર્થી ભગવનમાં, અચ. ૩૯
એવી કેટલીક વાતો કરીએ, અચ.
પ્રગટ મૂર્તિની, વૈખરીએ, અચ.
ઘણી વાતો થોડામાં કહી, અચ.
બીજી ઘણી ગ્રંથોમાં રહી, અચ. ૪૦

(હરિસ્મૃતિ, ૭ મો ચિંતામણિ)

શ્રીજી મહારાજની કૃપાથી અને ભજન-સ્મરણના પ્રતાપથી ડોસાભક્તને બધી ઉપાધિ દૂર થઈ, એથી તેઓ વિશેષ ભજન કરવા લાગ્યા. સર્વ ક્રિયામાં પ્રભુનું અખંડ નામસ્મરણ કરવું એવું એમનું ખાસ અંગ બંધાયું હતું. અતિ અગત્યનું કોઈને કામ હોય અને તે પૂછે, તો જ ડોસાભક્ત થોડું બોલી બહુ, ટૂંકામાં વાત પતાવી લેતા. કેમકે પ્રભુભજન વિના એક પણ શ્વાસ વ્યર્થ ન જાય એ એમને મન બહુ જ

મહત્ત્વની વાત હતી. વિશેષ પણે તો કાયમ મૌનવ્રત રાખતા. ઘેર એક વખત જમી આવશ્યક કામ કાજ કરી બાકીના સમયમાં ધ્યાન - ભજન કર્યા કરતા. મોટા યોગીની પેઠે એમની દૃષ્ટિ અને દેહ એ બંને નિરાવરણ બની ગયાં હતાં. તેથઈ જ્યારે ઈચ્છા થાય ત્યારે ઘેર બેઠાં વડતાલ, ગઢપુર, જૂનાગઢ, ભુજ ઈત્યાદિ દેવ- મંદિરોનાં દર્શન કરી બીજા આગળ વાત કરતા કે - આજે અમુક દેવનાં દર્શન કર્યા ને આવાં વસ્ત્રો તથા આભૂષણો પહેર્યાં હતાં. કોઈવાર સમાધિમાં દેવલોક, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમ, ગોલોક, વૈકુંઠ અને અક્ષરધામનાં દર્શન કરી ત્યાંની આશ્ચર્યકારક  વાતો કરતા; ત્યારે કોઈ વખત પળવારમાં સદેહે પણ દૂર પ્રદેશમાં પહોંચી દેવદર્શન, કથાવાર્તા કે સંતસમાગમ કરી તુર્ત જ કે બે પાંચ દિવસે ઘેર આવતા. જ્યારે ડોસાભક્ત ઘેર ન આવે, ત્યારે તેમના પિતા એમની શોધ કરતા અને દૂર પ્રદેશમાં છે એવા સમાચાર સાંભળી ત્યાંથી તેમને ઘેર તેડી લાવતા.

એક વખત ડોસા ભક્ત શ્રીજી મહારાજની ઈચ્છાથી બદરિદ્રાશ્રમમાં ગયા ને ત્યાં કેટલાક દિવસ રોકાઈ રહ્યા; એટલે એમના પિતાએ તેમને બહુ ખોળ્યા, પણ હાથ આવ્યા નહિ. પછી તેઓ યોગીરાજ સ. ગોપાળાનંદ સ્વામી પાસે વડતાલ ગયા ને પૂછ્યું : “સ્વામી ! અમારો ડોસો દેખાતો નથી તે મરી ગયો હશે કે શું ? ” સ્વામી કહે “એ તો બદરિકાશ્રમમાં તપ કરવા ગયેલ છે તે હમણાં નહિ આવે.”

ડોસાભાઈને સ્વાભાવિકપણે ગૃહજીવનમાં રસ કે રુચિ તદ્દ્‌ન ન હતાં; અને એમની ત્યાગભાવના દિન પ્રતિદિન પ્રબળ થઈ રહી હતી; એટલે મોટા નંદ સંતોનો સમાગમ વિશેષ કરતા, વડતાલના સમૈયા ઉપર હરવખત દર્શન કરવા જતા, ત્યાં દેશ વિદેશથી આવેલા સંતોનો પરિચય સાધી એમની વાતો સાંભળતા, તેમ જૂનાગઢ મંદિરના મહંત ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં એમનું મન વધારે આકર્ષાયું. તથા સ્વામીની સાધુતા, સ્વરૂપનિષ્ઠાનું બળ અને ઉદારપ્રવૃત્તિપૂર્વકની દયાળુતા વગેરે ગુણો ખૂબ ગમ્યા; તથા અમદાવાદથી કોઈ દૂર સ્થાનમાં ત્યાગી થઈને રહેવું એ પોતે કરેલા સંકલ્પ પ્રમાણે બરાબર મળતું આવ્યું,

તેથી ડોસા ભક્ત સ્વામીની સાથે જુનાગઢ આવી પાર્ષદ તરીકે ત્યાગી થઈને રહ્યા.

સત્સંગમાં પ્રથમના સમયમાં નાના મોટા દરેક પ્રકારની સેવા ઉત્સાહથી કરતા. સૌ સેવા ને ભજનપરાયણ રહેતા; તેમ ડોસાભક્ત પણ પોતાને ઘટે તેવી સેવા સ્વચ્છતા વગેરે કરતા, અને ખાસ કરીને તો તેઓ હમેશાં પાણીનો ફાળકો, ચલાવતા. જૂનાગઢમાં ૫૦ થી ૬૦ હાથ ઊંડા કૂવા હોય છે. તેમાંથી સવાર સાંજ નાહવા માટે તથા રસોડા સારું ઝાઝાં માણસો માટે પાણી પુરું પાડવું. એ ઘણું મુશ્કેલ હતું. કારણ કે તે સમયમાં કોઈ પ્રકારનાં યાંત્રિક  સાધનો હતાં નહિ. એટલે  કૂવા ઉપર લાકડાના ફાળકા ગોઠવી તે દ્વારા મોટી ડોલોથી પાણી સીચીને પુરું. પાડવામાં આવતું. ખૂબ મજબૂત માણસ હોય એ જ ફાળકો ચલાવા શકે. જેવા તેવાથી એ કામ બને તેમ ન હતું. ડોસા ભક્ત શરીરે મજબૂત અને શ્રદ્ધાવાળા  હતા, એટલે એક ટોકલા ઉપર બેઠા બેઠા લગભગ આખો દિવસ ફાળકો ચલાવતા અને સહુ  સત્સંગીઓ નાહવું ધોવું વગેરે કામ લેતા ડોસા ભક્ત કોઈની સાથે જરાપણ વાતચીત કર્યા વિના મૂર્તિમાં એકાગ્રવૃત્તિ રાખી પોતાની હમેશની ટેવ પ્રમાણે કામકાજની સાથોસાથ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ એમ ધીરા અવાજે અખંડ ભજન કર્યા કરતા, એટલું જ નહિ, પરંતુ ભજન સ્મરણના આનંદમાં એમને ખાવું, પીવું વગેરે દેહની ક્રિયાઓ પણ યાદ રહેતી નહિ. કોઈ કહે કે - ચાલો જમવાનો સમય થઈ ગયો, ત્યારે તેઓ એટલુ બોલતા કે, ચાલો ત્યારે પોઠિયાને ભાડું આપીએ' અને જો કોઈ જમવાનું ન પૂછે, તો બે દહાડા ભૂખ્યા પણ ચાલ્યા જતા. જમવા બેસે ત્યારે જેટલું પીરસ્યું હોય તેટલું જમી લેતા. ફરીથી કોઈ પીરસે તો ભલે નહિતર કંઈ પણ માગતા નહિ. આમ ડોસા ભક્ત સર્વ રીતે અતિ ઉચ્ચ સ્થિતિને પામ્યા હતા. એથી સહુ કોઈ તેમનો દાખલો લઈ પોતના જીવનને વિશેષ ઉજ્જવલ અને ભક્તિનિષ્ઠ બનાવતા હતા. સ.ગુણાતીતાનંદ સ્વામી કથાવાર્તાના પ્રસંગમાં સાધુ સત્સંગીઓને કહેતા કે આ ડોસા ભક્તના જેવી સ્થિતિ થશે ત્યારે અક્ષરધામમાં રહેવાશે. સ્વામી સમૈયા-ઉત્સવ ઉપર જતા ત્યારે

તથા દેશમાં ફરવા જતા ત્યારે કોઈ કોઈવાર ડોસાભક્તને પણ સાથે તેડી જતા. જો કે ડોસાભક્તને કોઈ પ્રકારનો સંકલ્પ કે ક્યાંય જવાની ઈચ્છા જ ન હતાં. મોટા સંતો કહે તેમ કરવું અને સેવા ને સ્મરણ ખૂબ કરી લેવાં એ જ એક જીવનનું મુખ્ય ધ્યેય હતું પરંતુ સ્વામીનો હેતુ તેમને સાથે તેડી જવામાં એ હતો કે, આવા આદર્શ ભક્તનું વર્તન જોઈને મુમુક્ષુઓ ઉત્તમ માર્ગદર્શન મેળવી વિશેષપણે ભગવન્નિષ્ઠ બને.

એક વખત સ. ગુણાતીતાનંદ સ્વામી ઊતાના શેઠિયાઓના આગ્રહ થી ઊના પધારેલા. ત્યારે ડોસા ભક્તને પણ સાથે તેડી ગયા હતા. વીસાવદર-કાળસારી ઉપરથી ગીર સોંસરા થઈને પગ રસ્તે સ્વામી ઊના પધાર્યા હતા. માર્ગમાં કેટલાક સત્સંગીઓને સત્સંગ પ્રથમથી ઘણો ઉત્તમ તથા સાધુ-સંતોને વિષે અત્યંત પ્રેમભાવ વાળો હતો. નગરશેઠ શ્રી ગણેશ શેઠ, વલ્લભજી શેઠ અને હંસરાજ ગાંધી વગેરે ઉપર સ્વામી બહુ પ્રસન્ન હતા, એનાથી કેટલાક સમય ત્યાં રોકાઈને સ્વામી સૌને કથાવાર્તાનું ભારે સુખ આપતા, સવાર સાંજ મોટી હકડાઠઠ સભા થતી. ડોસા ભક્ત તદ્દન મૌન રહી એક તરફ ક્યાંય દૂર ખૂણે - ખાંચે નિર્માનીપણે બેસી વાતો સાંભળતા; એટલે એમની સ્થિતિનો કોઈને ખ્યાલ ન હતો. વાતના પ્રસંગમાં સ્વામી કહેતા કે, લોકવ્યવહારે ગમે તેવા મોટા હોય કે ધનવાન હોય, અગર મોટા ભક્ત કહેવાતા હોય પણ આ ડોસાભક્તના જેવી સમજણ તથા સ્થિતિ કરવા માટે ખૂબ કાળજીથી રાત્રિ-દિવસ દાખડો નહિ કરીએ તો અક્ષરધામમાં જવાશે નહિ, માટે બરાબર સાવધાન ને શૂરવીર રહેવું. આ પ્રમાણે સ્વામીની વાતથી શેઠીયાઓ ડોસાભક્તનો પૂરો પરિચય મેળવી એમનો મહિમા સમજ્યા.

સંપ્રદાયમાં પ્રથમથી એ રીતે ખૂબ પ્રચલિત છે કે, ગામડાઓમાં ફરતા સંતો સવાર, સાંજે ગામથી દૂર નદી, તળાવ કે કૂવા હોય ત્યાં નાહવા જાય. બપોર પછી ચાર બજે સંતો જયારે નાહવા જાય ત્યારે કેટલાક પ્રેમી ભક્તો સંતો સાથે જાય, અને કોઈ મોટા સદ્‌ગુરુ પધાર્યા હોય ને અનુકુળ સમય હોય તો વધારે પ્રમાણમાં સત્સંગીઓ સાથે નાહવા જાય. આ પ્રથા મુજબ એક દિવસ પુણ્યતિથિ હતી, તેથી ચાર બજે જ્યારે

સ્વામી મછુંદ્રી નદીએ નાહવા તૈયાર થયા, ત્યારે શેઠિયાઓ પણ સ્વામીની સાથે ચાલ્યા. એ વખતે સ્વામીએ ડોસાભક્તને પૂછ્યું "કેમ ભગત ! નદીએ નાહવા આવવું છે ?" ત્યારે તે કહે 'સ્વામી ! કંઈ વિચાર નથી. ત્યારે સ્વામી કહે તમે મંદિરનું ધ્યાન રાખજો અમે જઈએ છીએ' આમ કહી સહુ મંદિરની ખડકી બહાર આવ્યા. ત્યારે સ્વામી કહે 'ખડકીએ તાળું વાસી દો. ડોસાભક્તને ખબર નહિ રહે, કે મંદિરમાં કોણ આવ્યું આ પ્રમાણે તાળું વસાવી સ્વામી અને બધા સત્સંગીઓ નદીએ ગયા. ત્યાં તો ડોસાભક્ત નદીમાં કપડાં ધોતા હતા ! આ પ્રત્યક્ષ બનાવ જોઈને બધા જ આશ્ચર્ય પામ્યા ! સ્વામીએ ડોસાભક્તને પૂછ્યું' 'ભગત ! તમે તો આવવાની ના પાડતા હતા ?' ત્યારે તે કહે "મને એમ સંકલ્પ થયો કે, સ્વામી ને શેઠિયાઓ ગયા છે તે નાહ્યા પછી ધૂન, કીર્તન ને કથાવાર્તાનો ભારે લાભ મળશે એટલે આવ્યો.

આ રીતે ડોસા ભક્તને ભીંત વગેરે કોઈપણ પ્રકારનું આવરણ નડતું નહિ. એ જ રીતે દૂરદર્શન અને દૂરશ્રવણ એ પણ એમને સિદ્ધ હતા. આથી તેઓ જે ધારે કે ઈચ્છે તે પ્રાપ્ત કરી શક્તા અને લોકાંતરમાં સદેહે જઈ શક્તા હતા. પોતામાં આટલું મહાન સામર્થ્ય હોવા છતાં તેમના મનમાં કોઈ પ્રકારની ઈચ્છા કે કોઈના તરફ ઈર્ષ્યા, અભિમાન, દંભ કે કપટ ન હતાં, તેમજ ઐશ્વર્ય બતાવી પ્રસિદ્ધ થવાની અથવા પૂજાવાની તો જરા પણ ઈચ્છા ન હતી. ખરેખર મારામાં કંઈ પણ નથી, બધું પ્રભુનું છે એવા વિશુદ્ધ આશય થી નાના મોટા દરેક તરફ અતી નિર્માની પણ તેઓ વર્તતા હતા.

## બોદા કમાનગર

સૌરાષ્ટ્ર પ્રદેશમાં રાજકોટથી આઠેક ગાઉ દૂર એક સરધાર ગામ આવેલું છે. રામાનંદ સ્વામી હરવખત પધારતા, એથી એમના ત્યાં ઘણા શિષ્યો હતા. એ સરધારમાં કેટલાક મુસલમાનો પણ રામાનંદ સ્વામીના શિષ્યો હતા. તેમાં બોદા કમાનગર કરીને એક મુસ્લિમ ઘાંચી હતા. તે સ્વામીના મુખ્ય શિષ્ય હતા. બોદા કમાનગર વ્યવહારે સુખી અને ગામમાં બહુ પ્રતિષ્ઠિત માણસ ગણતા હતા ગોંડળ રાજ્યનું પ્રથમ રાજ્યગાદી

સ્થાન સરધાર કહેવાય છે એટલે ત્યાં વાર તહેવારના શુભ પ્રસંગો વખતે તથા રાજસંબંધી વહીવટ અંગે રાજકુટુંબ તથા અમલદાર - અધિકારી વર્ગને હરવખત સરધારમાં આવવાનું થતું હતું એ વખતે મોટે ભાગે બોદા કમાનગરની સલાહ લીધા સિવાય કોઈ કામ થતું નહિ. આટલું રાજ્યમાં પણ તેનું માન હતું. રામાનંદ સ્વામીને ગુરુ માની તેણે પોતાનું એક ઘર આપ્યું હતું. તેમાં સ્વામી હરવખત ઉતરતા.

એક વખત સ્વામીના એક શિષ્યના પુત્રને અચાનક પેટમાં સખ્ત દુઃખાવો થઈ આવ્યો અને બહુ જ ગભરામણ વધી પડી એટલે તેના શ્રદ્ધાળુ પિતાએ સ્વામી પાસે દોડી આવી વાત કરી. સ્વામીએ જાતે દર્દીને તપાસી એક મૂઠી મીઠું પાણીમાં ધોળીને તુર્તજ પાઈ દીધું. તેથી દર્દીને બે ત્રણ ઝાડા થઈ થોડી વારમાં સારું થઈ ગયું. આ પ્રસંગે બોદા કમાનગર ત્યાં હાજર હતા. તેણે ખ્યાલ રાખ્યો કે આ દવા બહુ જ અસરકારક છે માટે આપણે કોઈ વખતે અખતરો કરવો. સ્વામી ત્યાંથી ગયા પછી બે ચાર મહિને કોઈને એવો જ દર્દનો હુમલો થયો એટલે તેના સંબંધીએ બોદાભાઈને પૂછ્યું, “તમારા ગુરુ ક્યાં છે ? તેણે કહ્યું, “તમારે એમનું શું કામ છે ?” ત્યારે પેલાએ કહ્યું કે, આ રીતે તકલીફ થઈ છે તેની દવા તમારા ગુરુ બહુ સારી જાણે છે. ત્યારે બોદાભાઈ બોલ્યા, “અરે એમાં શું ? એ દવા તો હું પણ જાણું છું. એમાં વળી ગુરુનું શું કામ છે ?” એમ કહી દર્દીની સ્થિતિ તપાસ્યા સિવાય, વિના સમજે ખૂબ મીઠું નાખી એક તાંસળી પાણી બનાવી દર્દીને પરાણે પાઈ દીધું. આ ઉંટ વૈદાનું પરિણામ એ આવ્યું કે વિશેષ ઝાડા થવાથી દર્દી મરણ પામ્યો. આથી લોકો તરફથી બોદાભાઈને ખૂબજ ઠપકો મળ્યો એટલે તેને બહાર મોઢું દેખાડવા જેવું ન રહ્યું. પછી તે રામાનંદ સ્વામીનો અભાવ-અવગુણ લઈ જેમ તેમ બોલવા લાગ્યો, સમજુલોકો અને સત્સંગીઓએ કહ્યું કે, “ભાઈ, ગુરુની વાત જુદી છે, અને તમારી વાત જુદી છે, ગુરુ તો સમર્થ છે. એટલે એમનાં દર્શન આશીર્વાદ કે સ્પર્શથી પણ સારું થઈ જાય માટે ગુરુનો વાદ ન લેવો.” બોદાભાઈને કોઈની વાત મનાણી નહિ. તેણે પછી સત્સંગ છોડી દીધો.

રામાનંદ સ્વામીના અક્ષરવાસ પછી એમની ગાદીએ સહજાનંદ સ્વામી બેઠા. ભગવાન સહજાનંદ ધર્મપ્રચાર માટે ગામડાઓમાં વિચરણ કરતા સરધાર મુકામે આવ્યા અને ત્યાં સવાર સાંજ કથાવાર્તા તથા ધૂનકીર્તન ભારે ધામધૂમથી થવા લાગ્યાં. આથી અનેક લોકો સન્માર્ગે વળ્યા અને અદ્‌ભૂત ઐશ્વર્ય-પ્રતાપ જોઈને ઘણા શિષ્યો થયા. બોદા કમાનગરે આ બધું નજરે નિહાળ્યું તેથી તેના હ્રદયમાં સદ્‌ભાવના પ્રગટી અને પોતાની ભૂલનો ખરો ખ્યાલ આવ્યો. એટલે ખૂબજ પશ્ચાતાપ કર્યો. પછી શ્રીજીમહારાજ સવારના પહોરમાં મોટી સભા કરી જ્ઞાનો પદેશ આપી રહ્યા હતા. ત્યાં દર્શન કરવા આવ્યો. બોદાને જોઈને શ્રીજીમહારાજે તુર્તુજ સ્પષ્ટ રીતે કહ્યું કે, "તમે અમારા ગુરુનું વાંકું બોલો છો, ખોટાં વગોણાં કરો છો. માટે તમે અમારા સમાજથી વિમુખ છો. તમારે અહીં આવવું એ વ્યાજબી નથી." આ રીતે શ્રીજીમહારાજનાં પુણ્યપ્રકોપમય વચનો સાંભળી બોદા કમાનગરે બે હાથ જોડી નમસ્કાર કરી વિનયપૂર્વક કહ્યું - "મારી મોટામાં મોટી ભૂલ થઈ છે. મેં ઘણો અપરાધ કર્યો છે. હું આપનો ગુનેગાર છું. પરંતુ આપ મહા દયાળુ, અધમોદ્ધારક અને સાક્ષાત પ્રભુ છો. માટે મારા ગુના માફ કરી મને આપનો શિષ્ય બનાવો. આપના વિના મારો મોક્ષ કોણ કરશે ?" ત્યારે મહારાજે કહ્યું - "અમે કહીએ તેમ તમારાથી નહિ થાય. આ જગતમાં મોટા ભાગના મનુષ્યો ખોટા ઘમંડમાં રહી મોક્ષ જેવી મહામોંઘી વસ્તુ ખોઈ બેસે છે. માન મૂકી જ્યારે નિર્માની પણે વર્તાય ત્યારે જ મોક્ષના અધિકારી થવાય છે." ત્યારે બોદા કમાનગરે કહ્યું કે "આપ જે આજ્ઞા કરશો તે પ્રમાણે વર્તીશ અને જે શિક્ષા કરશો તે કબૂલ રાખીશ. કોઈ પણ પાપ કે ભૂલની માફી માટે હ્રદયમાં ખરેખરો પ્રશ્ચાતાપ થાય એ જ એનું પ્રાયશ્ચિત્ત છે, પશ્ચાતાપ એ હ્રદય શુદ્ધિનો ઉત્તમ ઉપાય છે. પ્રભુ એમાં મોક્ષનો ખરો ખપ જુવે છે એટલે અનંત અપરાધો હોય તો પણ માફ કરી દે છે આ હેતુ લક્ષ્યમાં રાખી શ્રીજીમહારાજે પરીક્ષા કરવા માટે સહેલું છતાં અશક્ય એવું એક પ્રાયશ્ચિત બોદાને બતાવ્યું. શ્રીજીમહારાજ તે વખતે જૂના વખતનો બાંધેલો ગામ વચ્ચે છત્રીવાળો એક કોઠો છે તેના ઉપર વિરાજમાન હતા

અને સર્વ સભાજનો ચોકામાં બેઠા હતા. મહારાજે કહ્યું - બોદા, જો તારે મોક્ષનો ખપ હોય તો ઉગમણે ઝાંપે જઈ બધાં કપડાં ત્યાં કાઢી સાવ નગ્ન થઈ ને ગામ સોંસરો ચાલી અહીં આવ. એટલે તારા ગુના માફ'' આ પ્રમાણે મહારાજની આજ્ઞા થઈ એટલે ખૂબ આનંદ સાથે તુર્તજ બોદ કમાનગર ઉગમણે ઝાંપે ગયા અને ત્યાં નગ્ન થઈને બીલકુલ શરમાયા સિવાય ગામ વચ્ચે ચાલી મહારાજ પાસે આવ્યા પરંતુ ગામ લોકોને એવું દેખાયું કે, બોદા કમાનગર આજે બહુ ભારે કપડાં પહેરીને ચાલ્યા જાય છે. નિઃસંશયપણે ખરા ખપથઈ તત્કાળ વચન માન્યું. તેથી શ્રીજીમહારાજ પ્રસન્ન થયા અને પોતાનો શિષ્ય બનાવ્યો. બોદાને ખરો ખપ છે કે નહિ તે પરીક્ષા કરવા માટે આવી અશક્ય શરત મૂકી - પણ બોદાએ તો ખરો ખપ હતો તેથી શરમ-જગતની શરમ બાજુએ મૂકી. શ્રીહરિ સાક્ષાત્ ભગવાન હોવાથી એવો પ્રતાપ બતાવ્યો કે બોદાને કોઈએ નગ્નાવસ્થામાં જોયો નહિ. પણ સુંદર વસ્ત્રમાં જોયો સમાજમાં ખરાબ દેખાય એવું તો ભગવાન થવા દેજ નહિ આ તો પરમાત્માએ કરેલી પરીક્ષા હતી ત્યારે પછી શ્રીજી મહારાજ જ્યારે સરધાર પધારતા ત્યારે બોદા કમાનગર અત્યંત સદ્ભાવપૂર્વક સેવા સમાગમ કરતા. બોદા ભક્તનું નિર્માની પણું અને મોક્ષનો ખરો ખપ જોઈને તેના ઉપર શ્રીજીમહારાજ બહુ પ્રસન્ન થયા હતા અને ચરણારવિંદ વગેરે પ્રસાદીની વસ્તુઓ આપી હતી તે બે પેઢી સુધી તેની પરંપરામાં હતી. ત્યાર પછી રાજકોટવાળા શેઠ શ્રી શિવલાલભાઈએ પ્રસાદીની એ બધી વસ્તુઓ મેળવી લીધી.

बोदानुं बोदापणुं, दूर करी दीनदयाल;
धर्मलाल करुणा करी, कर्या कैंक जन निहाल.

## શૂરવીર ભક્ત કેશરમિયાં

ઝાલાવાડ પ્રદેશના વઢવાણ (જોરાવરનગર) શહેરમાં કેસરમિયાં નામે એક મુસલમાન રહેતા હતા. તે હરિભક્તોની ઉત્તમ- રીતભાત તથા ભક્તિભાવના જોઈને તેમના યોગથી ચૂસ્ત સત્સંગી થયેલા. પોતાની પ્રકૃતિ તેજ અને શૂરવીર હતા તેથી તેમને કાંઈ પણ કહેવાની કોઈ જલ્દી હિંમત કરી શકતું નહિ. પરંતુ કેસર મિયાં સત્સંગી થયા તેથી તેમનાં

સગા-સ્નેહીઓ તથા બીજા કેટલાક લોકો એમને કહેવા લાગ્યા કે, 'તું આ ધર્મ છોડી દે. જો તું અમારું કહ્યું નહિ માને, તો અમે કોઈ તારી સાથે કોઈ પ્રકારનો સંબંધ નહિ રાખીએ' ત્યારે કેસર મિયાંએ કહ્યું કે, 'હું ફેલ ફીતરો છોડી સારે માર્ગે ચાલું છું. તેમાં મને અનેક રીતે લાભ જણાય છે. સત્સંગ કરવાથી હું સર્વ પ્રકારે સુખી થયો છું. અને લોકમાં પણ મારી આબરૂ વધી છે. પહેલાના કરતાં મારામાં માણસાઈ, પરોપકાર અને સહનશીલતા વગેરે ગુણો વધ્યા છે; તેથી સજ્જન લોકો મારા તરફ માનની દૃષ્ટિથી જુએ છે. હું બધી રીતે સુખી થાઉ છું અને તમને કોઈ પ્રકારે હાનિ કરતો નથી. ઉલટું હવે તો પ્રથમથી વધારે તમારા ઉપયોગમાં આવીશ. સારા માણસો સૌના કામમાં આવે. મેં સત્સંગ સ્વીકાર્યો એ કોઈ ખરાબ કામ નથી કર્યું તેમજ હું કોઈનું બૂરું ઈચ્છતો નથી. માટે તમારે મને આ બાબતમાં ક્યારેય પણ કહેવું નહિ. હું ખોટી મહોબત કે શરમમાં લેવાઈ જઈને મારો ધર્મ મૂકીશ નહિ, મને કોઈનો ડર નથી, તેમ હું કોઈના દાબથી દબાઈ જાઉં એવો ફોસી નથી તમારે મારી સાથે સંબંધ રાખવો કે ન રાખવો એ તમારી ખુશીની વાત છે.'' આ પ્રમાણે વિવેકપૂર્ણ શૂરવીરતાભર્યો જવાબ સાંભળીને કેસરમિયાંને કોઈ કાંઈ કહી શક્યું નહિ તેઓ નિર્ભય પણે ભજન કરવા લાગ્યા.

કેસર મિયાં વઢવાણ દરબારના પોલીસ ખાતામાં નોકરી કરતા હતા. પોલીસમાંથી નાયક અને પછી જમાદાર થયેલા. તથા છૂપી પોલીસનું પણ કામ કરેલું અને પ્રામાણિક ધર્મવાળા હોવાથી ઘણા સમય સુધી જનાનખાનાના ડોઢી દરવાજે પણ રહ્યા હતા; તેથી રાજા તથા રાણીઓના પરિચયમાં ખૂબ આવ્યા હતા. શૂરવીર લડવૈયા અને રાજ્યના વફાદાર માણસ ગણાતા તેથી તેમની લોકમાં સારી પ્રતિષ્ઠા હતી.

એક સમયને વિષે શ્રીજીમહારાજનો ભક્ત કેશરમિયાં વઢવાણનાં કારભારી મેતા ભાણજી ભેળો ધ્રાંગધરે ગયો હતો ત્યાં એકવાર પોતાને ઉતારે ભાણજી મેતો બેઠો હતો ત્યાં કંઠી તિલક વગેરે સત્સંગીનો ખોટો ડોળ કરીને એક બ્રાહ્મણ આવ્યો ને બોલ્યો કે ''મારે ગઢડે સ્વામિનારાયણનાં દર્શન કરવા જવું છે માટે ખર્ચી સારુ મને બે રૂપિયા

આપો'' ત્યારે ભાણજી મેતાને મહારાજને વિષે દ્રોહબુદ્ધિ હતી તેથી તે બ્રાહ્મણના શબ્દ સાંભળીને અતીશે રીસ કરીને બોલ્યો કે ''જો તું સ્વામિનારાયણને ગાળ દે તો તને મુઠી રૂપિયા આપું'' ત્યારે તે બ્રાહ્મણ રૂપિયા સારુ લોભાઈને મહારાજને ગાળ દેવા તૈયાર થયો ત્યારે ત્યાં કેશરમિયા હતા તે બોલ્યા કે ''હે વિપ્ર ! જો તું સ્વામિનારાયણને ગાળ દઈશ તો હું તારા માથામાં તલવાર મારીશ ત્યારે ભાણજી મેતાએ પ્રેર્યો તેથી તેણે મહારાજને ગાળ દીધી'' ત્યારે કેશરમિયાંએ તેના માથામાં મિયાન સહિત તલવાર મારી એટલે તે પડી ગયો પછી ભાણજી મેતે રીસ કરીને કેશરમિયાંને નોકરીમાંથી કરીને કાઢી મેલ્યો ત્યારે તે વઢવાણ જઈ ઉચાળો ભરીને બાઈ પાસે રજા માગવા ગયો ને કહે કે ''મને ભાણજી મેતે કાઢી મેલ્યો એટલે હું બીજે રહેવા જાઉં છું'' ત્યારે તે બાઈ બોલ્યા કે ''તું ત્રણ પેઢીનો અમારો ચાકર છો તે તને હું નહિ જવા દઉં ને ભાણજી મહેતાને હું કહીશ એટલે તને કાંઈ નહિ કહે'' એમ કહીને તેને પાછો નોકરીમાં રાખ્યો તે પછી કાઠીનાં ઘોડાં ફર્યા ને વઢવાણનું મહાજન ક્યાંક જતાં હશે તેને લૂંટ્યું તેથી વાંસે વઢવાણના દરબારની વાર ચડી ને ગઢડું ઉલંઘીને આઘેરા ગયા તો પણ તે લૂંટારા ભેગા ન થયા એટલે તેઓ પાછા વળ્યા ત્યારે બીજા સ્વારો બોલ્યા કે ''કેમ કેસરમિયાં, આંહી સ્વામિનારાયણ છે તેના દર્શન કરવા તું જઈશ ?'' ત્યારે તેણે કહ્યું ''તમે પણ મહારાજના દર્શન કરવા આવો તો સારું'' ત્યારે બીજા સ્વાર બોલ્યા કે ''તું તો તેનો ભક્ત છો તો દર્શન કરવા જઈશ એટલે સ્વામિનારાયણ પોતાની કોટમાંથી સોનાની ઉતરી ઉતારીને તને આપશે કેમ કે તું કહે છે કે એ ભગવાન છે ને જો તને ઉતરી આપે તો એ ભગવાન ખરા'' ત્યારે કેસરમિયાં કહે ''એતો ભગવાન ખરા'' ત્યારે કેસરમિયાં કહે ''એતો ભગવાન છે જ ને મને ઉતરી આપશેજ'' એમ વાત કરતા સરવે દાદા ખાચરના દરબારમાં આવ્યા તે વખતે શ્રીજીમહારાજ સાધુ હરિજનની સભા મધ્યે ઢોલિયા ઉપર સુંદર વસ્ત્ર ઘરેણાં તથા સુંદર પુષ્પના હાર તોરા ગજરા પહેરીને વિરાજમાન હતા તેનાં દર્શન છેટેથી સહુએ કર્યા ત્યારે મહારાજે સભાને કહ્યું ''મારગ કરો

ને એને દર્શન કરવા સારુ આવવા દીયો'' ત્યારે સભામાં માર્ગ થયો એટલે એ સહુ પાસે જઈને મહારાજના દર્શન કર્યા ત્યારે મહારાજે પોતાની કોટમાંથી સોનાની ઉતરી કાઢીને કેસરમિયાંને આપી તથા પુષ્પનો હાર આપ્યો ને બીજાઓને પણ પુષ્પના હારા આપ્યા પછી કેસરમિયાં પ્રત્યે મહારાજ એમ બોલ્યા કે ''તમને ભાણજી મેતાએ શા સારુ કાઢી મેલ્યા હતા તે વાત કહો'' ત્યારે તેણે તે વાત કહી તે સાંભળીને મહારાજે કહ્યું ''તારો પગાર તુટી જાત તો તું શું ખાતા ? '' ત્યારે કેસરમિયાં કહે ''ભીખ માગી ખાત પણ તમને ગાળ દે તે કેમ ખમાય'' તે સાંભળીને મહારાજ અતિ પ્રસન્ન થઈને કેસરમિયાં પ્રત્યે બોલ્યા કે ''તું વર માગ્ય ત્યારે તેણે તે બે વર માગ્યા કે ''મારે ઘેર જે કોઈ મરે તેનું કલ્યાણ થાય ને તેને જમ લેવા ન આવે'' ત્યારે તેને તે વર મહારાજે આપ્યો તે અદ્યાપિ લગી તેને ઘેર જે મરે છે તેને મહારાજ તેડી જાય છે ને તેનું કલ્યાણ થાય છે.

## ભક્ત કાયાભાઈ

સૌરાષ્ટ્ર પ્રદેશમાં કુંભાજીની દેરડી પાસે કમઢિયા નામે એક ગામ છે, ત્યાં કાયાભાઈ કરીને એક સંધી રહેતા હતા. મુસ્લિમ જ્ઞાતિ સ્વાભાવિક રીતે જ ઉગ્રપ્રકૃતિ વાળી હોય છે, તેમાં પણ સંધી લોકો વિશેષ મારકણા અને તામસી હોય છે. આ રીતે કાયાભાઈ ક્રુરપ્રકૃતિના એક ઝનૂની માણસ હતા. પરંતુ પૂર્વના કોઈ બલિષ્ટ પુણ્યથી તેમને ભગવાન સ્વામિનારાયણનો સહજે યોગ થયો, અને તેમના ઉપર મહાપ્રભુની કૃપા થઈ ગઈ, તેથી કાયાભાઈ અનન્ય ભક્ત હતા.

એક વખત શ્રીજી મહારાજ જૂનાગઢથી ગઢપુર તરફ જઈ રહ્યા હતા, ત્યારે માર્ગમાં કમઢિયા ગામ આવ્યું. શ્રીજીમહારાજ પાંચ દશ કાઠી સવારો સાથે દૂરથી આવતા હોવાથી થાકી ગયેલા. એથી કમઢિયાના પાદરમાં થોડીવાર વિશ્રાંતિ લેવા માટે રોકાયા.' શ્રીજી મહારાજ એક પીપળાના વૃક્ષને ઓઠીંગણ દઈને આરામ લઈ રહ્યા હતા. એ વખતે સૂર્યોદયનો સમય હોવાથી સૂર્યનાં સુંદર કિરણો શ્રીજીના ભવ્ય ભાલ તથા સોનેરી પોષાક ઉપર પથરાઈ રહ્યા હતાં. કાયાભાઈ એ જ વખતે ત્યાંથી

નીકળ્યા અને કદી નહિ જોયેલું આશ્ચર્યકારક સાવ નવીન અત્યંત મનમોહક દૃશ્ય જોઈને નિહાળવા લાગ્યા. પછી શ્રીહરિ સ્વભક્તો સાથે મંદહાસ્યપૂર્વક આકર્ષક મધુર વાર્તાલાપ કરી રહ્યા હતા, તે સાંભળવા માટે જરા નજીક ગયા. એટલે શ્રીજી મહારાજે 'આવો કાયાભાઈ' એમ નામ લઈ પ્રેમથી બોલાવી પાસે બેસાર્યા, અને થોડીવાર જ્ઞાનોપદેશની ઉત્તમ વાતો કરી. આથી કાયાભાઈનું હૃદય શ્રીજીનાં અદ્‌ભુત દર્શન અને વાતોથી તુરત જ રંગાઈ ગયું ! એથી તેમણે ચાલવા તૈયાર થયેલા શ્રીહરિને બે હાથ જોડીને કહ્યું- “મને તમારો શિષ્ય બનાવો. હું તમારા બધા ધર્મનિયમો પાળીશ.” ત્યારે મહારાજે કહ્યુંઃ “તમારા હૃદયમાં અમારા તરફ પ્રેમભાવ છે, એટલે તમે અમારાજ છો. તમે સત્સંગી થશો તે તમારા મુસ્લિમ ભાઈઓ તમને બહુ જ મુશ્કેલીમાં મૂકશે. માટે મનમાં પ્રેમભાવ રાખજો.” ત્યારે કાયાભાઈએ કહ્યું : કે, “મહારાજ, મને ગમે તેવી મુશ્કેલી પડશે, તો પણ હું આપની આજ્ઞા શિર સાટે પાળીશ. માટે આપ મને પાવન કરો.” પછી શ્રીજી મહારાજે તેમને વર્તમાન ધરાવી ટૂંકમાં સત્સંગની રીતભાત કહી બતાવી, ગઢપુર તરફ ચાલતા થયા. શ્રીહરિ ઘણે દૂર ગયા ત્યાં સુધી કાયાભાઈએ શાંત ચિત્તે દર્શન કર્યાં. પછી ઘેર આવી સર્વ પ્રકારે શુદ્ધિ કરી. ફેલ ફીતુરે છોડીને અત્યંત નિર્માનીપણે મહિમાપૂર્વક ભજનભક્તિ કરવા લાગ્યા.

કાયાભાઈ સ્વામિનારાયણનો ધર્મ પાળે છે, તે સાંભળીને તથા તેમને ભજન-ભક્તિ કરતા જોઈને ઘણા જ્ઞાતિલોકો તેમની હાંસી મશ્કરી કરીને નિંદા તથા તિરસ્કાર કરવા લાગ્યા. છતાં કાયાભાઈ તો કોઈથી ડર્યા કે શરમાયા સિવાય સત્સંગનું બળ રાખી રહ્યા હતા. એટલું જ નહિ, પરંતુ ગઢપુર વડતાલ વગેરે સ્થળે સમૈયા ઉત્સવ થાય ત્યાં પ્રથમથી સેવા-સમાગમનો લાભ લેવા પહોંચી જતા અને ચોકી-પહેરો કરવો ઇત્યાદિ જે કાંઈ સેવા બતાવે તે બહુ જ કાળજીથી ભાવપૂર્વક કરતા.

કાયાભાઈએ પોતાના સદ્‌વર્તનથી પોતાના સ્ત્રીપુત્રાદિ કુટુંબીઓ અને કેટલાક સરલ પ્રકૃતિના સ્નેહ-સંબંધીઓને ધીરે ધીરે સત્સંગનો રંગ લગાડી દીધો હતો. અને હંમેશાં સાંજે ભેળામળી ધૂનકીર્તન તથા

સત્સંગની વાતો કરી પ્રભુ ભક્તિનો અલૌકિક આનંદ અનુભવતા હતા, પરંતુ આ બધું જોઈને કેટલાક મંદ બુદ્ધિવાળા લોકોનો રોષ વધી રહ્યો હતો. તેઓ દ્વેષબુદ્ધિથી કાયાભાઈને હરવખત ખૂબ જ હેરાન કરતા. છતાં પણ કાયાભાઈ તો પોતાની ખરી કસોટી થઈને કિંમત વધે છે, એમ માની મૂંગે મોઢે બધું સહર્ષ સહન કરીને ધર્મનિયમ પાળવામાં કે ધૂન-કીર્તન કરવામાં જરાપણ મોળા પડ્યા નહિ. ઉલટા બરાબર મક્કમ થઈને દિનપ્રતિદિન અધિક અધિક ભજન-ભક્તિ કરતા હતા.

દ્વેષી મુસ્લિમો જ્યારે કોઈ રીતે ફાવ્યા નહિ, ત્યારે તેમણે ગામધણી મુસ્લિમ દરબાર હતા તેમને કહ્યું કે, "કાયાભાઈ સંધી આપણા મુસ્લિમ થઈ હિંદુનો ધર્મ પાળે છે એટલું જ નહિ, પણ તેણે પોતાને ઘેર મંદિર બનાવ્યું છે, તેમાં રોજ સાંજે સ્વામિનારાયણની ભારે ધૂન મચાવે છે. એથી કેટલાક લોકો ત્યાં જાય છે. આ બહુ ગેરવ્યાજબી છે. આપ ઈસ્લામ ધર્મના છો છતાં આપના રાજ્યમાં આપણો જ એક ભાઈ હિંદુ ધર્મનો મક્કમતાથી પ્રચાર કરે એ આપણે માટે મુનાસીબ નથી, માટે એ હિંદુ ધર્મ છોડી દે એવો તત્કાલિક અફર ઈલાજ કરો." આ રીતે લોકોની વાત સાંભળીને ગામધણી મુસ્લિમ દરબારે તુરત જ કાયાભાઈને બોલાવીને કહ્યું કે, "તું મુસલમાન થઈને હિંદુનો ધર્મ કેમ પાળે છે ? જો તારે અમારા ગામમાં સુખેથી રહેવું હોય તો તું સ્વામિનારાયણનું ભજન છોડી દે, નહિતર ગામમાં રહેવાશે નહિ." ત્યારે કાયાભાઈએ કહ્યું - "દરબાર ! આપ ગામધણી રાજા છો તેથી આપે સહુની વાત શાંતિથી સાંભળવી જોઈએ, અને યોગ્ય ન્યાય આપવો જોઈએ. હું સ્વામિનારાયણનો શિષ્ય થયો, ત્યારથી દરેક રીતે સુધર્યો છું અને બીજા પણ કેટલાક લોકોને નીતિ ધર્મનો ઉપદેશ આપી સન્માર્ગે વાળ્યા છે. જો અમારા તરફથી રાજ્ય કે પ્રજાને કંઈ પણ હરક્ત આવતી હોય અગર ખોટું દેખાય એવું કંઈ થતું હોય, તો આપશ્રીની ફરજ છે કે, તમારે અમને અટકાવવા જોઈએ." ત્યારે દરબારે એકદમ ગુસ્સે થઈને કહ્યું - "અમારે તારી કાંઈ પણ વાત સાંભળવી નથી. તું જે કહે છે તે તદ્દન ગેરવ્યાજબી છે. માટે એ બધું ટીખણ છોડી શકું તેમ નથી. આ દેહમાં જીવ હશે ત્યાં સુધી ગમે તેવું

દુઃખ આવે કે પછી દેહનો નાશ થાય, છતાં પણ સ્વામિનારાયણનું નામ મારાથી છૂટી શકે તેમ નથી એ તો જીવ સાથે જડાઈ ગયું છે હવે જેમ આપને ઠીક પડે તેમ કરો.'' આ પ્રમાણે અતિદઢતાવાળી કાયાભાઈની વાત સાંભળીને દરબારે તત્કાળ હુકમ કર્યો કે, ''જાઓ આને તડકે બેસારી દો. આ વેગીલો માણસ છે તે સાવ સીધી રીતે નહીં સમજે.'' આ રીતે દરબારનો હુકમ થવાથી સિપાઈઓએ કાયાભાઈને તડકે બેસારી દીધા, અને કહ્યું કે, ''દરબારનો બીજો હુકમ ન થાય ત્યાં સુધી તમારે હંમેશાં તડકે બેસવાનું છે.'' કાયાભાઈ તો આનંદથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ અખંડ ભજન કરતા કરતા તડકે બેસી ગયા. એ વખતે બરાબર વૈશાખ મહિનો હતો, એટલે અતિ આકરો તાપ પડતો હતો. લૂ ઝરતી હતી તેમાં આખો દિવસ તડકે બેસવું એ અતિશય અઘરું કામ હતું. પરંતુ કાયાભાઈ તો ભજનના આનંદમાં બધુ દુઃખ ભૂલી જઈને પ્રભુમાં તલ્લીન થઈને અખંડ ભજન કરતા હતા.

ભક્તવત્સલ પ્રભુ પોતાના ભક્તનું અવશ્ય રક્ષણ કરે છે. પરંતુ ભક્તની ધીરજ જોવા અને તેને શુદ્ધ કરવા કપરી કસોટીમાં પસાર પણ કરે છે. કાયાભાઈ અગ્નિમાં જેમ રીંગણુ શેકાય તેવી સ્થિતિમાં મૂકાઈ ગયા હતા. છતાં અડોલ મનથી સતત સ્મરણ કરી રહ્યા હતા. પહેલે જ દિવસે કાયાભાઈ બે ત્રણ કલાક સખત ધૂપમાં બેઠા. ત્યાં ગામધણી દરબારના પેટમાં સહન ન થઈ શકે એવી કાળી બળતરા થવા લાગી. એક પછી એક એમ બે ચાર વૈદ્યોને બોલાવીને ઉપાયો કર્યા પણ પીડા શાંત થઈ નહિ. આ રીતે ત્રણ દિવસ સુધી ઘણા વૈદ્યોને બોલાવી અનેક ઈલાજો કર્યા પણ દરબારને શાંતિ થઈ નહિ. પછી દેરડીના વાણિયા રૂપશીભાઈ સારા વૈદ્ય તરીકે પ્રસિદ્ધ હતા તેમને બોલાવ્યા, એટલે તેઓ આવ્યા, રૂપશીભાઈ ગામમાં આવ્યા ત્યાં તેમણે ચોકમાં સખત તડકામાં બેસી સ્વામિનારાયણનું ભજન કરતા એક માણસને જોયો, એટલે તેઓ તેમની પાસે ગયા અને પૂછ્યું કે, ''ભાઈ, તમે તાપમાં બેસીને કેમ ભજન કરો છો ?'' ત્યારે કાયાભાઈએ કહ્યું - ''હું મુસલમાન હોવા છતાં સ્વામિનારાયણનો ધર્મપાળું છું તેથી ગામધણીએ ગુસ્સે થઈને મને તડકે

બેસાર્યા છે.'' રૂપશીભાઈ ચૂસ્ત સત્સંગી હતા તેથી આ વાત સાંભળીને તેમના મનમાં ઘણું દુઃખ થયું. પછી તેઓ દરબાર પાસે ગયા અને દવા આપીને શાંતિથી વાત કરવા લાગ્યા કે, 'દરબાર સાહેબ ! જો આપને મનાય તો એક વાત કરું.' ત્યારે તેમણે કહ્યું ભલે કહો, પછી રૂપશીભાઈએ કહ્યું કે, ''આપે ઘણી ઘણી દવાઓ કરી છતાં બળતરા ટળતી નથી પણ તમે ખુદાના કોઈ ભક્તનો અપરાધ કર્યો છે તેથી તમને આ પીડા થાય છે. માટે પીડા ટાળવી હોય તો તે ભક્તને રાજી કરો. એટલે દવા વિના બધું દર્દ મટી જશે.'' પછી દરબારે તુર્ત જ કાયાભાઈને પાસે બોલાવીને કહ્યું કે, 'તમે સુખેથી સ્વામિનારાયણનું ભજન કરો, અમારે તેમાં કાંઈ હરકત નથી.' પછી કાયાભાઈ ઘેર ગયા અને દરબારને પણ થોડી વારમાં શાંતિ થઈ ગઈ ! તેથી તેઓ ખૂબ રાજી થયા.

કાયાભાઈનું અંગ અત્યંત મહિમાવાળું હતું. એથી પોતાનાં અહોભાગ્ય સમજીને શ્રીજી મહારાજ, સંતો અને સત્સંગીઓએ સર્વનો તેઓ ખૂબ જ મહિમા સમજતા. નાના મોટા દરેક તરફ તેમને અત્યંત પૂજ્ય બુદ્ધિ અને દિવ્ય દૃષ્ટિ હતી, એક વખતે તેઓ ગઢપુરમાં શ્રીજીનાં દર્શન કરવા માટે ગયેલા. તે વખતે શ્રીજી મહારાજ પ્રાતઃકાળમાં દાદા ખાચરના દરબારમાં નિંબતરું નીચે સભા કરીને બેઠેલા. કાયાભાઈ દર્શન માટે સભા તરફ જઈ રહ્યા હતા. ત્યાં ચોકમાં એક કૂતરું બેઠેલું, તે વખતે થોડું અંધારા જેવું હોવાથી અને પોતાની દૃષ્ટિ સભા તરફ આકર્ષાયેલી હતી તેથી ચાલતાં પોતાના પગનું ઠેબું કૂતરાને લાગી ગયું એટલે કૂતરે પોતાના જાતિ સ્વભાવ પ્રમાણે બાઉકારો નાખ્યો. ત્યાંતો કાયાભાઈ પોતાના મનમાં એકદમ ત્રાસ પામી, જાણે કોઈ મહાન ભક્તરાજનો અપરાધ થઈ ગયો હોય તેમ તે કૂતરાને દંડવત્ કરવા લાગ્યા. શ્રીજી મહારાજે સભામાંથી જોયું કે કાયાભાઈ કૂતરાને દંડવત કરે છે તે બીજા કોઈને ખ્યાલમાં નથી એટલે મહારાજ ઊંચે અવાજે બોલ્યા કે, ''કાયાભાઈ ત્યાં કોને દંડવત્ પ્રણામ કરે છે ત્યાં કોઈ સાધુ બેઠા છે કે શું ? જાઓ જુઓ તો ખરા શું છે ? તપાસ કરો. પછી એક કાઠી ભક્ત તપાસ કરીને આવ્યા કે, ''મહારાજ ! ત્યાં કોઈ સાધુ નથી. એક કૂતરું

ચોકમાં બેઠું છે તેને કાયાભાઈ દંડવત કરે છે'' ત્યારે મહારાજે કાયાભાઈને પાસે બોલાવીને પૂછ્યું કે, ''કાયાભાઈ તમે કૂતરાને દંડવત કેમ કર્યા ?'' ત્યારે તેમણે કહ્યું - ''મહારાજ, આ કૂતરું મહાનભાગ્યશાળી છે. સર્વ અવતારના અવતારી આપ અને અનંત મુક્તો અહીં બિરાજો છો. આપ સર્વની ચરણરજની આ ભૂમિ અત્યંત પવિત્ર છે. આ ચરણરજ મોટા મોટા દેવોને પણ દુર્લભ છે. આથી ચરણરજનું અધિકારી આ કૂતરું છે, તેને મારા પગનું ઠેબું વાગી ગયું, તે મારો અપરાધ કહેવાય. તે ગુનો માફ થાય તે માટે આ કૂતરાને મેં દંડવત પ્રણામ કર્યા.'' કાયાભાઈની આવી શ્રેષ્ઠ સમજણ અને મહિમા દૃષ્ટિ જોઈને શ્રીજી મહારાજ તેમના ઉપર અત્યંત પ્રસન્ન થયા.

## આદમ અને મકન

આમદ અને મકન આ બંને ભાઈઓ અમરેલીમાં તથા અમરેલી પ્રાંતનાં જુદા જુદા ગામડાઓમાં હવાલદારની નોકરી કરતા તથા ગાયકવાડ રાજ્યના લશ્કરી ઘોડા ઘણે સ્થળે ગામડાઓમાં રહેતા તેની ચંદી વગેરેની સંભાળ રાખતા. કેટલીક દેખરેખ માટે તેમને ગામડાઓમાં તથા વડોદરા સુધી જવા આવવાનું થતું, એટલે એમણે લોકો પાસેથી ઘણીવાર સાંભળેલું કે સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે ને તેઓ ભારે ઐશ્વર્ય-પ્રતાપ બતાવે છે અને ગઢડામાં રહે છે.

એક વખત આમદ અને મકન એ બંને ભાઈઓએ વિચાર કર્યો કે, ''લોકો સ્વામિનારાયણને બહુ જ માને-પૂજે છે અને એમના જે શિષ્ય થાય છે તે બધા સદાચારી, સમજુ અને નિર્વ્યસની બની જાય છે માટે તેઓ જરૂર કોઈ સમર્થ મહાપુરુષ હોવા જોઈએ. લોકો તો તેમને ખુદા કહે છે. પરંતુ આપણે ખરી ખાતરી કર્યા સિવાય તેમને શી રીતે ખુદા કહીએ ? જો આપણા મનના સંકલ્પ કહી દે તો એમને ખુદા માનીએ.'' આ રીતે નક્કી કરી બંને ભાઈઓએ હાથવણાટની દેશી બે પછેડીઓ- લીધી. તેમાં એક રાતા છેડાની અને બીજી કાળા છેડાની હતી. પછી સંકલ્પ કર્યો કે, ''આપણે આ પછેડીઓ લઈને શ્રી સ્વામિનારાયણ પાસે જઈએ અને જો તે આપણાં નામ લઈને આપણી પાસેથી આ પછેડીઓ

માગી લે તો તે ભગવાન ખરા'' પછી બંને જણ ઘોડેસ્વાર થઈને ગઢપુર જવા માટે ચાલી નીકળ્યા. સવારના પહોરમાં ગઢપુર પહોંચ્યા. પછી પૂછતા પૂછતા દાદાખાચરના દરબારમાં આવી લીંબડાના વૃક્ષ નીચે ઊભા રહ્યા. એ વખતે શ્રીજી મહારાજ સંત હરિભક્તોની સભામાં જ્ઞાનવાર્તા કરી રહ્યા હતા. આ બંનેને દૂરથી જોઈ મહારાજ બોલ્યા કે, ''આમદ તથા મકન તમે બંને ભાઈ અહીં ઓરા આવો અને તમારી પાસે રાતા તથા કાળા છેડાની બે પછીડીઓ છે તે લાવો અમારી પાસે મૂકો. ક્યાં સુધી ગાંઠે બાંધી રાખશો ?'' પછી બંને જણાએ મહારાજને પછેડીઓ આપી અને છેવટે પગે લાગીને બોલ્યા - ''મહારાજ, તમે ભગવાન ખરા. અમારા બધા સંકલ્પ પૂરા કર્યા માટે હવે અમને તમારા શિષ્ય બનાવો. અમે તમારો ધર્મ બરાબર પાળીશું.'' પછી મહારાજે બંનેને વર્તમાન ધરાની સત્સંગી કર્યા અને ધર્મનિયમ તથા સત્સંગીની રીતભાત સંબંધી બધી વાત ખૂબ સ્પષ્ટતા પૂર્વક સમજાવી. પછી તેઓ ઘેર ગયા.

આમદ અને મકન બંને ભાઈઓ સત્સંગી થયા પછી બહુ ચુસ્તપણે દરેક ધર્મ નિયમોનું પાલન શૂરવીરતાથી કરતા. સગાં સ્નેહીઓ 'નાત જાત' તરફથી તેમને કેટલીક મુશ્કેલીઓ આવેલી પણ કોઈની પરવા કર્યા વિના શૂરવીરતાથી સત્સંગ રાખ્યો હતો. એટલું જ નહિ પણ જે કોઈ પોતાની પાસે આવે તેમને સત્સંગનો મહિમા કહી સદાચાર સંબંધી વાતો કર્યા જ કરતા અને બંને સેવાભાવી હતા એથી અમરેલીમાં એ વખતે ઉનાળાની ઋતુમાં મોગરાનાં ફુલ બહુ થતાં તે મોટા ટોપલાભરી પગે ચાલીને ગઢપુર પહોંચાડતા. એક દિવસ આમદ અને બીજે દિવસે મકન એમ બંને ભાઈ વારાફરતી અમરેલીથી ત્રીશ ગાઉ જેટલે દૂર ગઢપુર પગે ચાલીને ઉનાળાના દિવસોમાં હંમેશા મહારાજ માટે ફુલ પહોંચાડતા. શ્રીજીમહારાજ, બંનેની શ્રદ્ધા જોઈને બહુ પ્રસન્ન થતા અને હંમેશા પોતાને હાથે તેમને પ્રસાદી આપતા. મોગરાના ફુલની કળીઓ દિવસે ઉતરાવીને મોટો ટોપલો ભર્યો હોય તે લઈને એક ભાઈ ઘેરથી જમીને સાંજે ચાલે તે સવારે ગઢપુર જાય ત્યારે સવારમાં મહારાજ જીવુબાને કહી તેમને તાજા રોટલા, માખણ અને દહીં જમાડે. પછી થોડીવાર વિસામો ખાયને તુર્તજ

ચાલે એટલે મહારાજ કહે "ના મહારાજ, આખો રોટલો નહિ અરધો આપો." ત્યારે મહારાજ કહે "આમદભાઈ ! અડધો રોટલો ન માગીએ પણ આખો રોટલો માગીએ" આ રીતે આખો રોટલો આપવાની મહારાજ વારંવાર તાણ કરે પણ તે અડધો જ રોટલો લેતા.

આગળના જમાનામાં કાઠિયાવાડના ગામડાઓમાં ભરણિયાં ખળાંની પ્રથા હતી. તેથી હવાલદારની બહુ ગરજ રાખવી પડતી અને આ બંને ભાઈ ધર્મવાળા અને મહોબતવાળા હતા. એથી લોકો સાથે બહુ સારો સુમેળ રહેતો. અમરેલીમાં જે લશ્કરી ઘોડા રહેલા તે મોસમ વખતે બાજરો ચંદી-ઘાસનો વગેરે ઉત્તમ ખોરાક આપવા માટે કોઈ ગામમાં દસ તો કોઈ ગામમાં વીસ ઘોડા મોકલી દેવામાં આવતા તેને ભરણિયાં ખળામાંથી પુષ્કળ ખોરાક મળી રહેતો. ઘોડા સાચવવાનું કામ પણ આમદ અને મકનભાઈને પછીથી સોંપવામાં આવ્યું હતું.

આ રીતે અમરેલીની આજુબાજુ ગોખરવાળા, પીઠવાજાળ, વાંકિયા, ચાંદગઢ, ચાંપાથળ વગેરે ગામડાના ખેડૂતો સાથે બંને ભાઈ નીતિવાળા, ધર્મનિષ્ઠ અને ભણેલા હતા. તેથી ગામલોકો તેમની પાસે હરવખત બેસવા આવતા અને પોતાના ખેતર-વાડીમાં શેરડી, શાક, ચણાના ઓળા, પોક વગેરે જે ટાણે જે વસ્તુ પાકે તે પ્રેમથી તેમને આપતા. બંને ભાઈ મહિમાવાળા અને પ્રેમી હતા તેથી ખેડૂતોએ આપેલી વસ્તુઓ જોઈને તુર્તજ તેમને પોતાના ઈષ્ટદેવ મહાપ્રભુ શ્રીજીમહારાજ તથા સંતો સાંભરી આવતા. "આ વસ્તુ ગઢપુર પહોંચાડી હોય તો શ્રીજી અને સંતો જમીને કેવા રાજી થાય ?" તેઓ બંને આવા શુભ વિચારથી પોતાને કોઈ શેરડી કે ચણાના ઓળા વગેરે વસતુ આપવા આવે તેને કહેતા કે, "ભાઈ, જો તમે મારું માનો તો થોડી વધારે શેરડી અગર ઓળા લાવો તો હું ગઢડા ગામમાં સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તેમને આપી આવું. તેઓ સાક્ષાત પ્રભુ છે અને અમારા ગુરુ છે." આ રીતની વાત સાંભળીને લોકો તે જે પ્રમાણે કહે તે પ્રમાણે રાજી થઈને વસ્તુઓ આપતા. ત્યારે બંને ભાઈ પણ એવા સાદાગ્રહી અને શ્રદ્ધાવાળા હતા કે તુર્તજ એકાદ સારું ઘોડું લઈ ગઢપુર જઈને શેરડી, ઓળા વગેરે આપી આવતા.

જેનાં વસ્તુ પદાર્થો ભગવાન કે ભગવાનના ભક્તોના ઉપયોગમાં આવે તેની બુદ્ધિ નિર્મળ થાય છે અને તેના જીવનું ભલું થાય છે આ હેતુથી આ બે ભાઈઓ લોકોએ આપેલાં વસ્તુ-પદાર્થો ઘણીવાર ગઢપુર પહોંચાડતા અને દરેકને ધર્મનિયમની તથા સત્સંગના મહિમાની વાતો કરીને સત્સંગ કરાવતા જ્યાં જ્યાં આ બે ભાઈઓ હવાલદાર તરીકે રહેલા ત્યાં તેમણે વાતો કરીને ઘણા લોકોને સત્સંગ કરાવેલો. પોતે બહુ જ ચૂસ્તપણે ધર્મપાળતા અને નીતિવાળા હતા. એથી એમની વાતોની લોકોના દિલમાં બહુ સારી અસર થતી.

એક વખત આમદ તથા મકન બંને ભાઈ મોટા ગોખરવાળામાં હવાલદાર હતા, તે વખતે એક દિવસ ચોમાસાના સમયમાં તે ગામના ઝાંપા પાસે ઉતારાની ઓસરીમાં ખાટલા ઉપર તે બેઠા હતા ત્યાં એક ખેડૂત ભીંડા લઈને નીકળ્યો, તેના મનમાં એમ થયું કે - હવાલદાર બહુ ભલા માણસ છે માટે આજ તો આ ભીંડા તેમને આપું. આવા સરસ ભીંડા તેમને ક્યાંથી મળે ? પછી તેણે નજીક આવી કહ્યું - ‘‘લો હવાલદાર સાહેબ ! આ જ તો આ ભીંડાનું શાક બનાવીને જમજ્યો.’’ એમ કહી તે ભીંડા આપી ઘેર ગયો. હવાલદાર તો તાજા માખણ જેવા કુંણા દોઢ દોઢ વેંતના સરસ ભીંડા જોઈને ખુશ થઈ ગયા. પછી તેને વાસણમાં લઈ કપડાથી સાફ કરતા હતા, ત્યાં જેણે ભીંડા આપ્યા હતા. તેનો નાનો ભાઈ આવ્યો. તે હવાલદારને સવારના પહોરમાં ભીંડા સાફ કરતા જોઈને બોલ્યો કે, ‘આ તો મારા ખેતરના ભીંડા છે. આવા ભીંડા બીજે ક્યાંય નથી.’ ત્યારે હવાલદારે કહ્યું - ‘‘ભાઈ, મને તો થોડીવાર પહેલાં જ અમુક ખેડૂત આપી ગયો છે.’’ ત્યારે તેણે કહ્યું - ‘‘કે એ મારો ભાઈ છે તે મારા ખેતરમાંથી ભીંડા લાવ્યો હશે તે તમને આપતો ગયો હશે.’’ પછી આમદભાઈએ પૂછ્યું- ‘તમે બંને ભેળા રહો છો કે નોખા ?’ ત્યારે તેણે કહ્યું - ‘‘અમે પાંચ વર્ષથી નોખા રહીએ છીએ અને અમારો બધો વ્યવહાર પણ જુદો જ છે.’’ ત્યારે આદમભાઈએ પૂછ્યું - ‘તમારા ભાઈએ આ ભીંડા તમને પૂછીને લીધા છે કે પૂછ્યા વિના ?’ ત્યારે પેલા ખેડૂતે કહ્યું - ‘અમે પરસ્પર

એક બીજાના ખેતરમાંથી ખાવાની ચીજ લઈએ તેમાં પૂછવાની કાંઈ જરૂર નહિ ?' પછી આદમભાઈએ તેને પ્રેમથી પાસે બોલાવી પોતાના ખાટલે બેસાર્યો અને તે ન જાણે તેમ પ્રથમ જે ભીંડા આપી ગયો હતો તેને બોલાવ્યો. તે આવ્યો એટલે તેને પૂછ્યું - ભાઈ ભીંડા તું તારા ખેતરમાંથી લાવ્યો છે ?' ત્યારે તેણે કહ્યું - 'મારા ખેતરમાં ભીંડા નથી પણ મારા ભાઈના ખેતરમાંથી લાવ્યો છું ત્યારે આમદભાઈએ પૂછ્યું - તેં આ ભીંડા તારા ભાઈને પૂછીને લીધા હતા કે પૂછ્યા સિવાય ?' ત્યારે તે કહે - લીધા છે - તો પૂછ્યા સિવાય પણ અમારે એક બીજાને સંબંધ એવો હોય છે કે આવી બાબતમાં પૂછવાપણું ન હોય અને આ તો મારા સગાભાઈના ખેતરનો માલ છે માટે તેમાં કાંઈ હરકત નથી. પછી આમદભાઈએ કહ્યું : "ભાઈ તમારી વાત ઠીક છે પણ શાસ્ત્રની આજ્ઞા એવી છે કે - પૂછ્યા વિના કોઈની કંઈ પણ ચીજ ન લેવી ધણીને પૂછ્યા વિના જે લઈએ તે ચોરી કહેવાય. અને ચોરેલો અણહક્કનો માલ ખાવાથી માણસની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. ખબરદાર ! જો કાંઈ દિવસ આવો હરામનો માલ મને આપ્યો તો ? હક્કનું ખાઓ, હાથ કમાઈનું ખાવો પણ આવું અણહક્કનું લેવાનો ક્યારેય મનમાં પણ સંકલ્પ ન કરવો. અમારા ગુરુ-ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણની ખાસ આજ્ઞા છે કે - પૂછ્યા વિના કોઈની કંઈ પણ વસ્તુ ન લેવી. તથા ગમે તે સ્થળે કોઈની પડી ગયેલી વસ્તુ જડે તે પણ ન લેવી કારણ એ પણ એક પ્રકારની ચોરી છે." એમ વાત કરી આમદભાઈએ ભીંડા ફેંકી દીધા. ત્યારે પેલા બે ખેડૂત ભાઈઓ આશ્ચર્ય પામી ઘેર ગયા.

છેલ્લે બંને ભાઈઓ પીઠવાજાળમાં રહેતા અને શ્રીજી મહારાજે તેમને ચરણારવિંદ આપેલાં તે તેમણે પીઠવાજાળના મંદિરમાં પધરાવ્યાં છે હાલ જે મંદિર છે તેના સિંહાસનના તક્તામાં જે ચરણાવિંદ છે તેમાં તેમનું નામ છે. એ મુસ્લિમ જ્ઞાતિ જેવી કોમમાં હતા છતાં તેમણે સેવાનું અને સત્સંગ પ્રચારનું આદર્શ કાર્ય બહુ જ આગ્રહપૂર્વક ખંતથી કર્યું હતું.

## માગરોળનો ઘાંચી

મહારાજ માંગરોળ બંદરે પધાર્યા. ત્યાં એક નાની વાત હતી. તે ઉપર મૃગચર્મ, કમંડળ, પુસ્તક, બાલમુકૂંદનો બટવો હતો. તે વગેરે મૂકીને વાવમાં નાવા ઉતર્યા. ત્યાં એક ઘાંચી વોરો કપડાં ધોતો હતો તેને શ્રીજી કહે, “હમારે સ્નાન કરના હૈ, માટે હટો.” તેથી ઘાંચી એક કોરે ઊભો અને કહે, “મહારાજ ! તમને તરતા આવડે છે ?” ત્યારે પ્રભુ કહે, “તરતા તો આવડતું નથી.” ત્યારે ઘાંચી કહે, “પાણીમાં પડ્યા પછી બહાર નીકળાય તેમ નથી. શેવાળ ઘણો છે. તો તુંબડા ભરીને સ્નાન કરો.” ત્યારે પ્રભુ કહે, “તુંબડામાં તેર ગુણ છે અને પવિત્ર છે.”

**જળ પવિત્ર, સ્થળ પવિત્ર, ઔર પવિત્ર કુવા,**
**શિવજી પૂછે પાર્વતીને, તુંબા પવિત્ર હુવા.**

તુંબડું પવિત્ર છે. તો પણ ભેખ તો ભગવાનરૂપ કહેવાય. માટે તે તુંબડું અમને પવિત્ર ન કરે. અમો તો પાણીમાં ડુબકી મારીએ તો જ સ્નાન વદે.” ત્યારે ઘાંચી કહે, “તુંબડાનાં તેર ગુણ કહો મહારાજ !”

શ્રીજી કહે, “સાંભળ”

**તુંબડામાં તૈર ગુણ, નહિ વારો નહી વેઠ,**
**બાવો બાવો સહુ કહે, અને સુખે ભરે પેટ.**

તુંબડું તરે અને તારે, તુંબડું બૂડે તો બીજાને મારે, તુંબડાનું શાક થાય; તુંબડાનો પાક થાય, તુંબડું ગંગાએ જાય. તુંબડું મફત મળે અને તુંબડાનો તંબુરો થાય. તુંબડાના કટકે કલમ કપાય, તુંબડાની ફરણી થાય અને રાંડીરાંડ કાંતી ખાય. આ તેર ગુણ છે.” ત્યારે ઘાંચી કહે, “મને તરતા આવડે છે. માટે મારા ખભે બેસીને મારી ડોકે બાઝી જાઓ, એટલે બંને પાણીમાં ડૂબકી ખાઈને બહાર નીકળી જાશું.” ત્યારે મહારાજ કહે, “સારુ” પછી મહારાજ ઘાંચીના ખભે બેઠા, અને તેની ડોક પકડી. બંને પાણીમાં પડ્યા. પ્રભુનું માથું બૂડે તે સારું ઘાંચીએ ઊંડી ડૂબકી મારી ત્યારે પ્રભુએ એવું ચરિત્ર કર્યું, તે મેઘપુરની વાવમાં નીકળ્યા. તે ઠેકાણે માણસો ફરતા હતા. તેમને પૂછ્યું, આ વાવ ક્યાંની છે ?” ત્યારે માણસો કહે, “મેઘપુરની છે.” ત્યારે પ્રભુ કહે,

"તું અમને આંહી ક્યાં લાવ્યો ?" ત્યારે ઘાંચીએ જાણ્યું જે આ તો ભૂત, તેથી બહુ બીનો અને ધ્રૂજવા લાગ્યો, ત્યારે શ્રીજી કહે, "ફરી ડૂબકી માર, પછી નીકળી જઈએ." પછી ઘાંચીએ ફરી ડૂબકી મારી., તેથી હતા ત્યાં નીકળ્યા. પછી ઘાંચીને ભૂતની ભ્રાંતિથી મૂર્તિ તદાકાર થઈ ગઈ, અને કાયમ મૂર્તિ દેખાયા કરે અને ઘાંચી મુંઝાયા કરે, જે મને ભૂત વળગ્યો છે. પછી પ્રભુ ગાદીએ બેસીને ફરીથી માંગરોલ બંદર ગયા અને સમાધિઓ કરાવતા હતા. તે સમયે રાજાનો સાળો કાજી તે મુસલમાનો લઈને પ્રભુની પાસે આવ્યો. ત્યારે તે ઘાંચી સાથે હતો ત્યારે પ્રભુ કહે, "ઓળખાણ પડે છે ?" ત્યારે ઘાંચી કહે, "ના મહારાજ." ત્યારે પ્રભુ કહે, "આપણે ડૂબકી મારીને મેઘપુરની વાવમાં નીકળ્યાં હતા." ત્યારે તે ઘાંચી કહે, "આ તો ખુદા, ખરા." પછી તેને ભૂતની ભ્રાંતિ મટી ગઈ. તેણે થોડીક સેવા સાધુ જાણીને કરી. તો પ્રભુએ તેનું કામ કરી દીધું. અને અક્ષરધામ આપ્યું.

## સાઈઠ મિયાણાંને દર્શન

ગઢડેથી શ્રીજી શિયાળી થઈ મેથાણમાં ગોવિંદરામ તથા દેવરામના ઘેર ગુપ્તપણે રહ્યા. તો પણ પૂજાભાઈ તથા કાકાભાઈને ખબર પડી ગઈ. પૂંજોભાઈ દેવરામને ઘેર જઈને રોયા. ત્યારે શ્રીજીએ દર્શન દીધા. અનાજ સંઘરવાનું લખ્યું તો પણ ન સંઘર્યું. રામપાત્ર લઈને માગી ખાતાં બીજાને પુરું થશે. તું તો કુંડું લઈને માંગીશ તો પણ પુરું નહિ થાય. તારા ભોલમાં શું ભરશે ? મૂળજી શેઠનું માન્યું. અમારું ન માન્યું. ગોવિંદસ્વામી પાસેથી જુવારનાં ગાડાં ભરી લાવી નિર્વાહ ચાલશે. જુવાર લાવીને વેચતાં લાભ રહે તેમાંથી ખાય. મૂળજી શેઠનાં પણ ઢોરો વેચાવી દીધાં. ખોલડીયાદમાં રૂડાભક્તના ખેતરમાં વરસાદ કરીને બાજરી પકવીને રક્ષા કરી. પછી કચ્છ દેશમાં કંથકોટ પધાર્યા. ત્યાં કચરા ઠક્કર તથા ધનભાઈ સત્સંગિ હતા. દરબાર દેવાજી તે દીકરીઓને મારી નાંખતા. મિંયાણા ગાયો મારે તથા તળાવમાં માછલાં મારે. તે સાધુ નાહવા જાય ત્યારે નજરે દેખે. પછી સાધુએ શ્રીજીને વાત કરી. દેવાજીને બહુ અભિમાન. ચોરે આરામ ખુરશી ઉપર બેઠા હતા. તેની પાસે શ્રીજી પધાર્યા. પણ દેવાજીએ પ્રભુને

આવકાર-નમસ્કાર કંઈ પણ કર્યું નહિ. પ્રભુ તો ગર્વગંજન છે. તેથી ચોરાની ઊંચી બારી ઉપર શ્રીજી બેસીને દેવાજી દરબારને કહે, "દીકરીઓને મારી નાંખવાનું અને જીવહિંસા કરવાનું એ બે બાબત તમે બંધ કરો." અમો જાડેજા કોઈના સાળા ન થઈએ. માટે એ તો બંધ નહિ થાય. અમારે વળી ભૂજ સાથે વેર. ભુજવાળા અમારું રાજ્ય કબજે કરે. માટે મિંયાણાની જરૂર તેથી હિંસા પણ બંધ નહિ થાય." "રાજ્ય રાખવું કે કાઢવું તે તો પ્રભુના હાથમાં છે. પરમ દિવસે તમારું રાજ તો જાશે." એમ કહીને પ્રભુ ઉતારે પધાર્યા. સત્સંગિઓને કહી દીધું કે, "આ ગામમાં રહેવું નહીં. કાલે જ સર્વે વેચીને બીજે ગામ જજો." કચરા ભક્તનું ઘરબાર ઢોરો વગેરે સરસામાન મહારાજે પોતે લિલામ કર્યો. છ હજાર કોરી આવી. પછી મહારાજે કચરા ભક્ત પાસે પાણકોરના બે ખડિયા બનાવરાવીને તેમાં બે બે હજાર કોરી ભરી. બીજી બે હજાર ટોપલામાં ભરી ઉપર દાણા પાથરી બીજે દિવસે સવારે ચાલ્યા. એક ખડિયો મહારાજે અને એક ખડિયો કચરા ભક્તે ઉપાડી લીધો. અને ટોપલી ધનબાઈએ માથે ઉપાડી. મૂળજી બ્રહ્મચારીએ સરસામાનનું પોટકું લીધું. તે સમયે દેવોજી દરબાર ડેલીએ દાતણ કરતા હતા. તેણે પૂછ્યું, "કચરા, ક્યાં જાય છે ?" ત્યારે શ્રીજી કહે, "કચરો ઉછળી જાય છે." ત્યારે દેવોજી કહે, "જાજે ઊંટના શિંગ ભાંગે ત્યાં." ત્યારે શ્રીજી કહે, "કચરા, હવે તું સુખી થઈશ. કેમકે ઘણી રજા આપે છે." પછી દેવાજીએ સાઈઠ મિંયાણા પાછળ લૂંટવા માટે મોકલ્યા. મિંયાણા આગળ જઈને નદીમાં બેઠા. મહારાજ તથા કચરો ભક્ત વગેરે સૌ નદીમાં ઊતર્યા. મિંયાણાને જોઈને કચરા ભક્તને એમ થયું જે કોરીયો મિંયાણાં લૂંટી જાશે, તેથી ઊભા રહ્યા. મહારાજના કહેવાથી નદીમાં ઉતર્યા. સાઈઠ મિંયાણામાંથી ચાર જણ ઉઠીને સામા આવ્યા. તેમને મહારાજે ખુદારૂપે દર્શન દીધાં. તેથી મિંયાણા પગમાં પડીને બોલ્યા, "મહરાજા કંઈ કામ સેવા બતાવો." "આ ખડિયો ઉપાડો." એમ કહીને એક મિંયાણાને આપ્યો. ત્યારે બીજો કહે, "મને કામ સેવા બતાવો." પ્રભુ કહે, "કચરા ભક્ત, તમારો ખડિયો આને આપો." 'અમે તો ભાર ઉપાડવાના હેવાયા.' એમ કરીને

ન આપ્યો તો પણ મહારાજે પરાણે ખડિયો મિંયાણાને ઉપાડવા અપાવ્યો. ત્રીજાએ કહે, કામ સેવાની માંગણી કરી તેથી ધનબાઈની ટોપલી તેની પાસે ઉપડાવી. ચોથા મિંયાણે સેવાની માગણી કરી. તેને બ્રહ્મચારીનું પોટકું ઉપાડવા આપ્યું. કચરા ભક્તને થયું જે મહારાજે તો હાથ પગ ધોઈને મિંયાણાને સર્વે સોંપી દીધું. આ હવે પાછું ન આવે, મિંયાણાઓએ સર્વ માલ અધોઈ પહોંચાડીને શ્રીજીની રજા માગી, અને કલ્યાણ કરજો એમ માગ્યું. શ્રીજીએ રાજી થઈ હા કહી. અધોઈમાં બે હજાર કોરીના ઘર કચરાને વેચાતા લેવડાવ્યા, અને ચાર હજાર કોરીના મઠ એક મણની એક કોરીના ભાવે લેવડાવી ઘરમાં ભરીને તાળું બંધ કર્યું અને ધનબાઈને પિયર મોકલ્યાં અને કહ્યું કે અમે કે કચરો તેડવા આવીએ ત્યારે આવજો.

## કરીમ ભકત

એક દિવસે ઉદાસ થઈને બેઠેલા મહારાજે કરીમ ભક્તને કહ્યું કે, 'અમારા માટે ગાડુ લાવો. આપણે અહીંથી જતું રહેવું છે.' એમ કહેતાં તે ભક્ત તરત ગાડુ લાવ્યા. તેમાં બેસીને પોતે રીસાઈ ચાલ્યા. ત્યારે દાદાખાચર ગાડાની આગળ જઈને ચીલામાં સૂઈ ગયા. તેમને જોઈને ભક્તે ગાડુ ઊભુ રાખ્યું. ત્યારે મહારાજે ભક્તને કહ્યું કે, 'ગાડુ કેમ ઊભુ રાખ્યું ?' ત્યારે તે ભક્તે કહ્યું કે, 'દાદા ખાચર ચીલામાં સૂતા છે.' ત્યારે વળી મહારાજે કહ્યું કે, 'પડખે થઈને હાંકો.' ત્યારે વળી દાદાખાચર આગળ જઈને સૂતા. તેને જોઈને ફરીથી ગાડુ ઊભુ રાખ્યું. ત્યારે વળી મહારાજે કહ્યું કે, 'એમના ઉપર થઈને ગાડુ હાંકો, એમ નહિ તો પથરા મારો ?' એવાં મહારાજનાં વિષમ વચનો સાંભળીને દાદાખાચર પોક મૂકીને રડવા મંડ્યા. તેને સાંભળીને મહારાજે કરીમ ભક્તને કહ્યું કે, 'ગાડુ પાછુ વાળો, ભૂત વળગ્યું છે તે છાલ નહિ મેલે.' એમ કહેતાં ગાડુ પાછુ વાળીને દાદાખાચર સહ દરબારમાં આવ્યા. એમ સર્વેને લીલા આનંદ આપ્યો.

## જાળિયામાં હિરબાઈના મનમાં સંકલ્પ થયો

જાળિયામાં હિરબાઈના મનમાં સંકલ્પ થયો કે જો આ મહારાજ જેવો દિકરો હોય તો રોજ જમાડું-નવરાવું તેના સંકલ્પ ને મહારાજે જાણી લીધો

અને અંતે એવા વિચાર ઉપર આવ્યા કે 'મારા જેવો બીજો દીકરો ક્યાંથી લાવવો. એવો તો હું એક જ છું. બીજો કોઈ નથી, મારે એ બાઈને ત્યાં ફરીથી જન્મ લેવો પડશે.' તો આ ફેરે જ એને દીકરાનો ભાવ છે તે પૂરો કરું' એમ વિચારીને પોતે જમતાં જ રીસાઈને ચળું કરીને ઊઠ્યા. ત્યારે બાઈએ કહ્યું કે પૂરું જમ્યા વિના એકદમ કેમ ઉઠી ગયા. ત્યારે મહારાજે કહ્યું કે, અમારે અહીં રહેવું નથી ત્યારે બાઈએ કહ્યું કે કેમ રહેવું નથી, ત્યારે મહારાજે કહ્યું કે, તમે અમને 'આવ્ય દીકરા' એમ ઉઘાડું કહો તો અમે રહીએ. આ વચનને સાંભળીને બાઈ બહુ લજ્જા પામી જવાથી એમ બોલી શક્યાં નહિ. એટલે મહારાજ તો ત્યાંથી રીસાઈને ચાલતાં, બાઈ પણ પાછળ પાછળ રડતાં રડતાં આવ્યા. અને બીજા હરિભક્તો પણ મહારાજા રહો રહો એમ કહેતા થકા ભાગોળ સુધી પાછળ ચાલ્યા આવે છે. એવા સમયમાં એક મુસલમાન સામો આવતો હતો. તે સર્વેને બહુ દીલગીર જોઈને વગર પ્રેરણાએ બોલ્યો કે હે સ્વામિનારાયણ તુમ તો ખુદા હો અને બહુ દયાળુ હો. તે નિર્દય ક્યું હોય ગયે. સબ કેડે રડતે રડતે આતે હે અને તુમ તો પાછે નહિ વળતે, એવું એનું સાંભળીને મહારાજ બોલ્યા કે, જો આ બાઈ મને 'આવ્ય દીકરાં' એટલો જ શબ્દ કહે તો હું હમણાં જ પાછો વળું, આ વાત સાંભળીને તે મુસલમાને તે બાઈ પાસે જઈને કહ્યું કે, 'આવ્ય દીકરાં' એમ કહેને મેં તેરા ક્યા જાતા હૈ' ત્યારે બાઈ બોલ્યાં કે 'એ તો સાક્ષાત્ જગત્કર્તા ખુદા છે. એમને 'દીકરા' એમ કેમ કહેવાય.' એમ કહી સાંભળીને તે તો ચાલ્યો ગયો. અને મહારાજ તો ટેઠ સીમાડા સુધી ગયા પણ પાછા વળ્યા નહિ. ત્યારે બાઈના મનમાં નિશ્ચય થયો કે હવે કોઈ ઉપાયે પાછા નહિ વળે, પછી 'આવ્ય દીકરા' એમ કહેતાં જ પાછા વળીને ગામમાં હીરાભાઈને ઘેર રહ્યા. બાઈને એક બાખડી ભેંસ હતી તેનું દુધ દરરોજ મહારાજને પાય. ત્યારે મહારાજ કહે કે 'તમે એમાં સાકર નાંખીને અમને આપો છો તે અમે નહિ પીઈએ.' ત્યારે બાઈએ કહ્યું કે 'એ ભેંસનું દૂધ જ એવું સાકર જેવું મીઠું છે. તે તમે ઊભા રહો અને હું દોહીને આપું' ત્યારે મહારાજે હા કહેતાં, તેમની નજર આગળ બાઈએ ભેંસ દોહીને મહારાજને દૂધ

આપ્યું, તે મહારાજે પીધું અને બોલ્યા કે 'આ તો સાકર જેવું દૂધ છે.' માટે એનું નામ 'સાકરીયા' એવું પાડ્યું. આ રીતે લીલા કરતા થકા એમને ઘેર દોઢ માસ રહીને ઈચ્છિત પુત્રપણાનું સુખ અહીં જ આપીને બાઈનો સંકલ્પ પૂરો કર્યો. ત્યાંથી મહારાજ ચાલ્યા તે ગામ ઉપલેટા આવ્યા.

## ગોંડલના શેખમિયા

એક દિવસ મહારાજ દાદા ખાચરના ઓરડાની ઉગમણા દ્વારની ઓસરીએ વિરાજ્યા હતા. તે સમયે ગોંડળના અનન્ય ભક્ત શેખમિયાં આવ્યા, તે મહારાજનાં દર્શન કરીને તેમની પાસે બેઠા. તેના નિશ્ચયની પરીક્ષા માટે અને વળી કાઠીના મનમાં એમ રહેતું કે 'આ મુસલમાનને મહારાજ પોતા પાસે કેમ બેસારે છે અને તે પણ આપણી આગળ બેસારે છે.' આ સંશયને ટાળવા માટે મહારાજે શેખજીને કહ્યું કે 'તમે મને મારો' એમ મહારાજે સો વાર કહ્યું પણ એ ના જ પાડે. તો પણ મહારાજે ઘણી વાર કહ્યા કર્યું ત્યારે શેખજી એક વાર બોલી ગયા કે 'તમો બહુ વાર કહો છો તો મારું' આવું વચન સાંભળીને મહારાજ બોલ્યા કે, 'આટલામાં કોઈ ભક્ત છે ?' આ શેખજી અમને મારું એમ કહે છે. તો એને ધક્કા મારીને અહીંથી કાઢી મેલો. તે વખતે વૈરી કાઠી તો વાટ જોઈ રહ્યા હતા તેથી શેખજીને ધક્કો મારીને ઓસરી ઉપરથી નીચે ઉતારી મેલ્યા અને બપોરે જમવાની પંક્તિ થઈ ત્યારે તેને કોઈએ જમવાનું આપ્યું, તેને જોઈને મહારાજે કહ્યું કે, 'આને જમવાનું કોણે આપ્યું?' એની તાંસળીમાં ધૂળ નાંખો. એમ કહીને ખાવામાં ધૂળ નંખાવી અને દરબારમાંથી બહાર કાઢી મેલાવ્યા, તેથી શેખજી ગોંડળ જઈને ત્યાંના રાજા હઠીભાઈને ત્યાં ચાકર તરીકે રહ્યા. આ વાતને જાણતાં મહારાજે ભક્ત દરબારને કહેવરાવ્યું કે, 'આ શેખજી તો મને મારવાનું કહીને આવ્યા છે. તેને તમે અમારા સત્સંગી થઈને નોકરીમાં કેમ રાખ્યો ?' આ વિરુદ્ધ વાત સાંભળીને ભક્ત દરબારે શેખજીને રજા આપી. એટલે તે ત્યાંથી રાજકોટ જઈને કુસંગીને ત્યાં ચાકર તરીકે રહ્યા. એક દિવસ દાદાખાચર રાજકોટ ગયા ત્યારે તેમને આવેલા જાણીને શેખજીએ તેમની પાસે આવીને અત્યંત પશ્ચાતાપ કરીને કહ્યું કે, 'મારા જેવો જગતમાં કોઈ મૂર્ખો નહિ હશે.' મેં બહુ જ ભૂંડું

કામ કર્યું છે, મહારાજ તો પરમ દયાળુ છે અને હું તો પામર દયનીય જીવ છું. તે મારા અપરાધ સામું નહિ જુએ. કોઈ દિવસે મહારાજનાં મને દયા કરીને દર્શન કરાવજો. ઈત્યાદિ બહુ રીતે પોતાનો અવગુણ સીતાજીને પેઠે લીધો પણ મહારાજનો લેશ પણ અવગુણ લીધો નહિ. એથી દાદાખાચરે આ બધી બાબત મહારાજને લખી જણાવી. ત્યારે મહારાજે કહી મોકલ્યુંકે, 'જેમ શેખજી કહે તેમ કરજો. એમની ઉપર હું બહુ રાજી છું.' પછી દાદાખાચર પોતાની સાથે શેખજીને લઈને ગઢપુર આવ્યા. જ્યાં ગઢડાનો સીમાડો આવ્યો ત્યારે શેખજી ઘોડા ઉપરતી ઉતરીને હાથ જોડીને મોંઢામાં ખડ લીધું અને બગલમાં ઘોડાની સરાય રાખી. આવા વિકૃત વેષે દરબારમાં આવ્યા. તે સમયે મહારાજ જે જગ્યાએ બેઠા હતા અને મારુ મારુ એ શેખજી બોલ્યા હતા તેજ જગ્યાએ વિરાજમાન હતા. ત્યાંથી એકદમ ઉઠીને સન્મુખ જઈને શેખજીને મળ્યા અને હાથ ઝાલીને પોતાની પાસે બેસાર્યા. આ બધી બાબતને જોતાં જાણતાં, કાઠીનો જે સંશય પાસે બેસારવા બાબતનો હતો તે ટલી ગયો અને બધા જ એમ કહેવા મંડ્યા કે, આ શેખજીના જેવી પરીક્ષા આપણી લે તો સત્સંગી ન જ રહીએ અને આપણે સર્વે મનમાં એમ માનતા હતા કે, 'આ યવનને આપણી આગળ કેમ બેસારે છે ?' પરંતુ બેસારવા જેવા હોવાથી આગળ બેસારતા હશે. આપણને હવે એ બાબત નક્કી સમજાય છે. મહારાજના ચરિત્રમાં આપણે કોઈ પ્રકારથી સંશય કરવા જેવું છે જ નહિ. જે કરતા હશે તે સારું જ કરતા હશે. આ રીતે મહારાજે શેખજીના પરિપક્વ નિશ્ચયની વાત સર્વેને જણાવીને સર્વના સંશયો છેદી નાંખ્યા. આ રીતે ગઢપુરમાં રહીને અનેક પ્રકારની લીલા કરીને ભક્તોને આનંદ આપતા હતા.

મહારાજ ફરતાં ફરતાં કૌકા થઈ જાખડા થઈને ધોલેરા પધાર્યા. ત્યાં બે દિન રહીને ચાલ્યા તે ફરતા ફરતા કારીયાણી આવ્યા. ત્યાંથી ચાલ્યા તે બોટાદના હમીરખાચરના દરબારમાં ઉતર્યા. ત્યાં ખાચર દાદા સુરા, સોમલા આદિક એકાંતિક સખા પોતા પાસે બેઠા છે તે સમયે લીંબડી ગામના વણિક મૂળજી મહારાજનાં દર્શન કરવા આવ્યા. તે પ્રથમ સાંખ્ય

યોગી હતા, તેમને કર્મયોગી કરવા ગઢડાથી સુરા, સોમલા ખાચરને મોકલ્યા. તેમણે તેને કહ્યું કે, 'તમે સાંખ્યયોગ મૂકીને કર્મયોગી થાવ' એવી મહારાજની આજ્ઞા છે. આ વચન એમણે નહિ માનવાથી આજ્ઞાનો ભંગ થયો. પછી બે સ્ત્રીઓ પરણીને ગૃહસ્થાશ્રમી બન્યા. પરંતુ મહારાજનો નિશ્ચય પરિપક્વ હોવાથી મહારાજને દર્શને બોટાદ આવ્યા. તેને જોતાં જ સુરાખાચરે શ્રીજીને સૂચવ્યું કે, 'પેલા મૂળજી આવ્યા છે' ત્યારે શ્રીજીએ કહ્યું કે, 'એમને અહીં બોલાવી લાવો.' બોલાવવાથી તે આવ્યા અને મહારાજનાં દર્શન કરીને બેઠા. ત્યારે મહારાજે જાણવા છતાં પૂછ્યું કે, 'કેટલી સ્ત્રીઓ કરી' ત્યારે તેમણે કહ્યું કે, 'બે કરી છે' ત્યારે મહારાજે કહ્યું કે, 'ત્રીજી જોઈએ જ' એમ કહીને પછી પોતા પાસે બેઠેલા ગોંડળના શેખમિયાંને કહ્યું કે, તમારે બે સ્ત્રીઓ છે તેમાંથી મુમદીયાની મા છે. તે મુળજીને આપો. ત્યારે મૂળજી બોલ્યા કે, હું તો હીંદુ છું અને એ તો મુસલમાન છે. તે કેમ બને? (મિયાં મહાદેવને બને નહિ) ત્યારે વળી મહારાજે ઉત્તરમાં અસંબદ્ધ અવળું કહ્યું કે, 'જેમ સાંખ્ય યોગી હતા પછી કર્મયોગી બન્યા તેમ એ પણ બને' પછી શેખજીને યુક્તિથી કહ્યું કે, 'મુમદીયાની મા તો ગોંડળ છે તે કેમ લવાય' ત્યારે વળી મહારાજે ખાચરને કહ્યું કે, 'શેખમિયાં અને મુળજીના છેડા બાંધો અને ફેરા ફેરવો અને તમો બધા ગીતો ગાવ' ત્યારે ખાચરે હા કહીને બંનેના છેડા બાંધ્યા, અગ્નિ સળગાવ્યો, ફેરા ફેરાવ્યા અને 'ગણુણું ગણુણુ ધૂપ જાવ, ગણુણુ ધૂપ જાવ' એવું ઉટાંવ ગીત પણ ગાયું અને સોળ ફેરા ફેરવ્યા. એમ વિવાહ વિધિ પતી ગયા પછી મહારાજે શેખજીને કહ્યું કે, 'હવે તમે ગોંડળ જાવ ત્યારે મોકલી દેજ્યો' આ રીતે બોટાદમાં મૂળજીના નિશ્ચયની પરીક્ષા માટે અસહ્ય રમૂજ કરી તો પણ 'આ પુરુષોત્તમ નારાયણ પ્રત્યક્ષ છે' એવી જે નિશ્ચયની દૃઢ ગાંઠ બાંધી હતી તેમાં લેશ પણ સંશય થયો નહિ. અને આ રીતની લીલાને જોઈને મહા આનંદને પામ્યા.

### શ્રીહરિએ દરિયાખાનનું કલ્યાણ કર્યું

પ્રથમ અમદાવાદમાં પેશવાઈ તથા ગાયકવાડી રાજ્ય હતું. તે વખતમાં સાધુને ગામમાં ઊતરવા દેતા નહિ. પછી સાધુ પાદર

ગોરવાડામાં દરિયાખાનનો રોજો છે, ત્યાં ઉતારો કરવા માંડ્યા. ને છ-છ મહિના સાધુ ઉતારો કરતા. એમ ઘણા દી ચાલ્યું.

પછી એક વખત મહારાજ (અમદાવાદ) પધાર્યા. ને સાથે સાધુ તથા હરિભક્ત તથા કેટલાક કાઠી હરિભક્તો હતા. ને દરિયાખાનના રોજાના દરવાજામાં મહારાજ આવ્યા. એ ટાણે દરિયાખાન ભૂતને દેહે આવ્યો ને મહારાજની માણકી ઘોડીની લગામ ઝાલીને મહારાજને કહે, 'મારા રોજામાં તમારા સાધુ ઊતરે છે, તેનું ભાડું આપો.' ત્યારે મહારાજ કહે, 'શું ભાડું માગો છો' પછી તે કહે, 'મારું કલ્યાણ કરો, એ ભાડું માંગું છું.'

પછી મહારાજ કહે, 'તું બદરિકાશ્રમમાં જા.' ત્યારે તે કહે, 'મારું લશ્કર લઈને જાઉં કે એકલો જાઉં ?' ત્યારે મહારાજ કહે, 'તારા લશ્કર સહિત જા.' પછી પોતાના લશ્કર સહિત બદરિકાશ્રમમાં ગયો. તે સર્વેએ પ્રત્યક્ષ નજરે જોયું. તે સમયને વિશે અમદાવાદમાં સર્વે આશ્ચર્યે પામતા હવા. પછી મુક્તાનંદસ્વામીએ મહારાજને પૂછ્યું કે, 'આ દરિયાખાનનું તમે કલ્યાણ કર્યું, તેનું શું કારણ ?'

ત્યારે મહારાજ કહે, "એ પૂર્વે દૂર્યોધનનો સોમો ભાઈ વિકર્ણ હતો. ભગવાનનાં ભક્ત દ્રૌપદીનાં ચીર દૂર્યોધન ખેંચાવવા માંડ્યો, ત્યારે વિકર્ણ કહે, 'આ કૃત્ય તું કર મા.' એમ દૂર્યોધનને વાર્યો. એ પુણ્યે કરીને આ સંતના ઉતારા કરાવી, ને સ્વામિનારાયણના નામની ધૂન કરાવી પાપ બાળી નાખીને બદરિકાશ્રમમાં મોકલ્યો."

## જાનબાઈ અને મુસ્લીમ ઘાંચણ

કચ્છમાં પતિના મૃત્યુ પછી નિરાધાર બનેલા જાનબાઈ ભટકીને જીવન ગાળવા કરતા, પોતાના નાના બે દીકરા ખેતા-ભીમાને લઈ ભક્તિભાવે ગઢડા મહારાજના આશરે આવી રહ્યા. મહારાજે તેને વરંડામાં એક ઘર આપી આશરે રાખ્યા. બાઈ ભક્તિ સાથે દરબારગઢમાં સેવા કરતા. વહેલા ઊઠીને દરબારગઢ વાળે, વાસણ માંજે, કપડાં ધૂએ એમ પેટગુજારો કાઢતા.

વંડામાં મળેલ ઘરના આશરે સંતોષનો શ્વાસ લઈ જીવનપંથ કાપતી અને ઘર પછવાડે એક ઘાંચણ રહે ત્યાં નવરાશ મળે ત્યારે પળવાર બેસવા

જતી. બાકી તે ભલી ને તેનું કામ ભલું.

આ બે-ત્રણ દિવસથી જાનબાઈ ઘાંચણને ત્યાં ન મળતા તે ઘાંચણ જ જાતે વંડે આવતા બોલી,

“એલી જાનબાઈ ! હમણાં કેમ બે-ત્રણ દિ’થી દેખા દેતી નથી ? શું એટલું બધું તે કામ આવ્યું છે, તે નવરી થતી નથી ?” એમ બોલતી બોલતી તે ઝાંપલી પાસે આવી. ઝાંપલી ઉઘાડી ઓસરીએ પહોંચી. આગળ પગલાં ભરતાં તેણે જોયું તો જાનબાઈ ખાટલામાં સાનભાન ખોઈ કણસતી પડી હતી. તેનો દીકરો તેના પગ દાબતો હતો એટલે ઓસરી ચડીને ખાટલા પાસે આવી તેના માથે હાથ મેલ્યો ને બોલી,

‘એલી બાઈ...! મેં તો એમ ધારેલું કે તું કાંઈ ઉત્સવ-સમૈયાના કામમાં પરોવાઈ હઈશ તે નવરી નહીં થઈ હો. બે-ત્રણ દિ’થી હું તો તને રોજ યાદ કરું છું. એટલે આજ થયું તે અહીં સુધી આવી. લે...! બાઈ તું તો બીમાર પડી છે, એ જાણ્યું. છોકરા સાથે કહેવડાવ્યું હોત તો આવી જાતને ! મારે ક્યાં ઝાઝી પળોજણ છે. એ જોતો ખરી, આ તાળવું ફાડી નાખે એવો તાવ ચડ્યો છે ! લે...! કોક વૈદ્યને તેડાવી લાવીએ’ એમ કહી ઘાંચણે જાનબાઈને ફરીથી પૂછ્યું, “કાંઈ ખાધુ-પીધું છે કે નહીં ? આ છોકરાય ભૂખ્યા હશે ને ?”

ત્રૂટક ત્રૂટક શબ્દોએ સહેજ જીવ સ્થિર થતા જાનબાઈએ કહ્યું, “ના...! બાઈ ના... હવે કોઈને તેડાવવા નથી. કોઈની કારી ફાવે તેમ નથી. તું આ મારા છોરાનું ધ્યાન રાખજે. ઈ તો અહીં મહારાજની ઓથે મોટા થઈ રે’શે.”

“અરે બાઈ ! એમ સાવ હિંમત શું હારી જાય છે ! આ દેહે તો રોગ આવે ને જાય. એમ નિરાશ થોડું થવાય ? તું જ આમ ઢીલી પડી જઈશ તો તારા છોકરાની શી હાલત થશે ?” ઘાંચણે વાત કરતા કરતા જાનબાઈના મોં સામે જોયું તો તેની આંખો મીંચાઈ ગઈ હતી. તેનું સાનભાન ખોવાઈ ગયું હતું. એટલે ઘાંચણે દેહને બરાબર તપાસ્યો ને અંતરથી ઊંડો નિસાસો નાખતા કહ્યું,

“અરેરે...! હે ખૂદા ! આ જીવે તો દેહ મેલી દીધો.”

પછી જાનબાઈના પગ દાબતા ખેતાને કહ્યું, "દીકરા, હવે રાખ્ય. હેઠો ઉતર્ય. તારી મા તો મરણ પામી છે."

ખેતો સાંભળતા જ ઠંડો પડી ગયો. એ વખતે ભીમો ફળિયામાં પાણીની બોઘરડી ભરી માંડ માંડ માથે ઉપાડી ઓસરીની કોરે આવી બેસી ગયો. એને જોઈ ખેતાએ કહ્યું, "ભીમા ! તું થોડીવાર અહીં ઊભો રહે." એમ બોલી ખેતાએ ગડગડતી દોટ મેલી દરબારગઢ તરફ.

ખેતો જતા જ પાડોશની બે બાયુને બોલાવી ઘાંચણે જાનબાઈનો દેહ ભોંએ લીધો. એ જોઈ ભીમો પણ રોવા લાગ્યો.

મહારાજ અક્ષર ઓરડીમાં એક ખેસભેર બેઠા હતા. ત્યાં આવતા જ ખેતો તેના પગમાં પડી રોતો કકળતો બોલ્યો,

"મહારાજ ! મારી મા મરી ગઈ."

મહારાજ સાંભળતા જ ઊભા થઈ ગયા. ખેતાએ મહારાજનો હાથ ઝાલીને પોતાના ઘર તરફ લઈ ચાલ્યો, મહારાજ પણ ઉદાસ થયેલા ખેતાના માથે બીજો હાથ મેલી તેના દોરવ્યા દોરાયા.

વરંડામાં પહોંચતા ખડકી બહાર ઘાંચણ બીજી બે બાયુ સાથે ઊભી હતી. ઘરમાં મા પાસે બેસી ભીમો દડદડ આંસુ સારતો બેઠો હતો. મહારાજને ખેસ પહેરેલ જોતી ઘાંચણ જોતી રહી ને હળવેકથી બોલી, 'લ્યો ! આ ચમ ચમ ચાખડી ગજાવતા આવ્યા ! તે શું કાંઈ તેની મામાં શ્વાસ ઘાલી દેશે ?"

મહારાજે કાનોકાન આ ઘાંચણના વેણ સાંભળીને કહ્યું, "ડોશી ! હું નહીં ઘાલું તો તેના શ્વાસ શું તું ઘાલીશ કે ? એમ કહી મહારાજે આગળ પગલાં માંડ્યા અને જાનબાઈની પાસે આવી બોલ્યા, 'એ જાનબાઈ ! અરે, ઓ જાનબાઈ... તું શું મરી ગઈ છે કે ? જો તો ખરી ! આ તારા છોકરાઓ રૂવે છે. એ હજુ નાના છે, તું આ દેહે સંસારના ઢસરડા કરી થાકી જઈશ કાં ? પણ તારા છોરા મોટા કરવાના સંકલ્પ અધૂરા રહેશે તો ફરી જનમવું પડશે, એટલા વેણે તો જાનબાઈની આંખની પાપણો ફૂલ પાંખડી ઉઘડે એમ ઉઘડી, ને ટગર ટગર મહારાજના દર્શન કરી, બેઠી થતા પડખે ઊભેલા ખેતા-ભીમા પર હેતનો ઉભરો ચડતાં બંનેને

છાતીએ વળગાડ્યા ને ગદ્‌ગદ્ થતી મહારાજને જોતી રહી.

ઘાંચણ પણ દબાતા હળવા પગલે મહારાજ પાછળ આવીને ઊભી હતી... તેણે જાનબાઈને જીવતી જોઈ ને તેની આંખો પહોળી થઈ ગઈ.

## ગોંડલના રવજી મુસલમાન

ગામ ગોંડળમાં રવજી કરીને એક મુસલમાન હતો. તેને શ્રીજી મહારાજનું દર્શન થવાથી ચોવીસ પયગંબર દેખાયા, ઓલિયા દેખાયા અને ખુદા રૂપે શ્રીજી મહારાજનું દર્શન થવાથી તેના જીવમાં દૃઢ નિષ્ઠા થઈ. તેથી તેના સંબંધીજનોએ હિંદુ થયેલો જાણી તેને ન્યાત બહાર કર્યો, અને સગાંવહાલાંએ પણ તેનો ત્યાગ કર્યો. પછી તેણે શ્રી સ્વામિનારાયણનું ભજન કરી પોતે કમાણી કરી જીવતા સુધી નિર્વાહ કર્યો અને જ્યારે તે માંદો પડ્યો ત્યારે સત્સંગીઓએ તેના સંબંધીઓને કહ્યું કે રવજીની તમે ચાકરી કરો. ત્યારે તેના સંબંધી કહે, એ તો હિંદુના ભગવાન શ્રી સ્વામિનારાયણને માને છે માટે અમે એની ચાકરી નહિ કરીએ. પછી સત્સંગીઓએ તેની ચાકરી કરી અને તે મરી ગયો. ત્યારે શ્રીજી મહારાજ તેને દર્શન દઈ ધામમાં તેડી ગયા. પછી સત્સંગીઓએ તેના સંબંધીને કહ્યું કે રવજી મૃત્યુ પામ્યો છે, તેથી તમે તેના શબને લઈ જાઓ. ત્યારે તેના સંબંધી કહે કે એ હિંદુના ભગવાનનું ભજન કરે છે તેથી અમે એની દફનક્રિયા કરીશું નહિ. પછી સત્સંગીઓએ તેને સ્મશાનમાં લઈ જઈ અગ્નિસંસ્કાર કર્યો. પછી સર્વેજનો સ્મશાનમાં પીપળાના છાયા નીચે બેઠા હતા. તે પીપળામાં હજારો ભૂત, પ્રેત, યક્ષ, રાક્ષસો વગેરે રહેતા હતાં. તે રવજીના શબના ધુમાડાથી સર્વે મુક્ત થઈ દેવલોકમાં ગયા. પરંતુ બે ભૂતો કોઈને વળગવાથી ત્યાં ન હતાં. પછી તેઓ ત્યાં આવ્યાં ત્યારે જોયું તો બીજા ભૂતપ્રેતનો મોક્ષ થયેલો જણાયો. તેથી પોતાની અસદ્‌ગતિનો ધિક્કાર કરવા લાગ્યાં. પછી સવારમાં સત્સંગીઓ નદીએ સ્નાન કરવા આવ્યા. તેમને જોઈને તે ભૂત બોલ્યાં કે અમને તમારા પ્રભુનું નામ લઈ પાણી છાંટો. ત્યારે સત્સંગીઓએ પૂછ્યું કે તમે કોણ છો ? ત્યારે ભૂત બોલ્યાં કે અમે અસદ્‌ગતિવાળાં ભૂત છીએ. તમારા પ્રભુના ભક્તના શબના

ધુમાડાથી લાખો પ્રેત હતા તેનો મોક્ષ થયો, પણ અમે બંને જણ તે સમયમાં ન હોવાથી રહી ગયાં છીએ. માટે તમે તમારા પ્રભુનું નામ લઈ પાણી છાંટો, તો અમારો મોક્ષ થાય. પછી હરિભક્તોએ શ્રીસ્વામિનારાયણનું નામ લઈ પાણી છાંટ્યું. તેથી તેઓ દેવલોકને પામ્યાં. આવો શ્રીસ્વામિનારાયણ મહામંત્રનો પ્રતાપ છે. એ રવજીને જે જગ્યાએ અગ્નિસંસ્કાર કર્યો હતો, તે સ્થાનકે પંચનાથ મહાદેવનું સ્થાપન કર્યું છે.

## પોલારપુરના ફકીરાણી ફરીદાબાઈ

એક વખત શ્રીજીમહારાજ સંતમંડળ તથા કાઠી સવારો સાથે લઈ ફરતા ફરતા સૂર્યા ઊગ્યા પહેલાં પોલારપુર ગામે પધાર્યા, એટલે સૌ શ્રીસહજાનંદ સ્વામી સારુ બાવળનાં દાતણની શોધ કરવા લાગ્યા, પણ તે ગામમાં કે તેની આજુબાજુમાં કોઈ ઠેકાણે બાવળનું ઝાડ ન હતું. એટલે એક દાતણના દશ રૂપિયાના કાઠીઓએ આપવા કહ્યું. પણ કોઈ ઠેકાણેથી દાતણ મળ્યું નહિ. આ ગામમાં કોઈ એક ફકીર માંદો પડ્યો હતો, ત્યારે તેને શેક કરવા સારુ બકરીની લીંડીઓ કોઈ ઠેકાણેથી આણી હતી. તે લીંડીઓમાંથી તે ફકીરના વાડામાં નાના બે છોડ બાવળના ઊગવાથી, તે છોડને એ ફકીરાણીએ પાણી પાઈને ઉછેર્યા હતા, તેનાં સુંદર બે દાતણ થાય એવા ફણગા ફૂટેલા હતા. પણ તે ફકીરાણી દરરોજ બાવળને પાણી પાઈ પાઈને એમ વિચાર કરે કે આ દાતણ તો અલ્લા સિવાય કોઈને આપવાં નહિ. શ્રીસ્વામિનારાયણ ભગવાને અંતર્યામીપણે આ વાત જાણી ત્યાં જઈ તે બાઈ પાસે દાતણની માગણી કરી, એટલે તે બાઈએ જવાબ આપ્યો કે મેં ઘણી મહેનતે આ દાતણ અલ્લા માટે સાચવી રાખેલા છે, તો અલ્લા સિવાય કોઈને આપીશ નહિ. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, અમે અલ્લા જાતે આવ્યા છીએ. માટે અમને દાતણ આપો. ત્યારે તે બાઈ બોલી કે અલ્લા હોય તે તો અદ્ધર તખ્ત ઉપર બેસે, તેમની કપટ વિનાની કાયા હોય એટલે શ્રીસહજાનંદસ્વામી આકાશમાં ત્રણ ચાર તાડ જેટલા ઊંચે અદ્ધર દેખાયા અને પોતાના અંગમાંથી તેજઃપુંજનો પ્રકાશ

બતાવ્યો. ત્યારે તે બાઈ બોલી કે તમે અલ્લા હો તો એક લાખ અને એંસી હજાર ઓલિયા, ચોવીસ પેગંબરો અને મુરસદો ક્યાં છે, તે મને બતાવો. એટલે શ્રીસ્વામિનારાયણ ભગવાને તે બાઈને એક લાખ ને એંશી હજાર ઓલિયા, ચોવીસ પેગંબરો અને મુરસદો બતાવ્યા, અને પોતે અલ્લા છે એવો નિશ્ચય કરાવ્યો. ત્યારે તે બાઈએ રાજી થઈને બંને દાતણ લાવી શ્રીસહજાનંદસ્વામીને આપ્યાં; એટલે શ્રીજીમહારાજ તે બંને દાતણ લઈને જ્યાં સાધુઓ તથા કાઠી સવારો બેઠા હતા ત્યાં ગયા, અને કહેવા લાગ્યા કે જુઓ, અમે આ બે દાતણ લાવ્યા છીએ. ત્યારે કાઠીઓએ કહ્યું કે તમને તો લોક ભગવાન જાણે છે, એટલે તમને સૌ કોઈ આપે જ પણ અમને કોણ આપે ? પછી ત્યાં દાતણ-પાણી કરી સૌ વડતાલ પધાર્યા. ઘણો વખત વીત્યા પછી તે ફકીરાણી માંદી પડી. ત્યારે શ્રીસ્વામિનારાયણ ભગવાને તેને અલૌકિકરૂપે દર્શન દીધાં. તે વખતે રાત્રિ હતી. અને વરસાદ પડતો હતો, ગાજવીજ થતી હતી. ગામમાં ચોકીવાળાએ, આકાશમાં તેજના સમૂહમાં અદ્ધર શ્રીસહજાનંદસ્વામીને મુક્તમંડળ સાથે હાથી, ઘોડા, રથ, વિમાન લઈને આવતા દીઠા. તે જોઈ ચોકીવાળો કહેવા લાગ્યો કે તમે કોણ છો ? જો હાથી, ઘોડા પૃથ્વી ઉપર પડશે તો મરી જશે અને અમો પણ દબાઈ જઈશું. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે અમે પરબ્રહ્મ એવા શ્રીસ્વામિનારાયણ ભગવાન છીએ, અને અમારા હાથી, ઘોડા વગેરે સૌ દિવ્ય છે; તેથી તે પૃથ્વી ઉપર પડશે નહિ, અમે તો આ ગામમાં ફકીરાણીને તેડવા સારું આવ્યા છીએ, એટલે ચોકીવાળાએ જઈને ફકીરાણીને પૂછ્યું કે, તમને કાંઈ દેખાય છે ? ત્યારે તે કહેવા લાગી કે પૂર્ણપુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ અલ્લા, એક લાખને એંસી હજાર ઓલિયાને સાથે લઈને મને તેડવા પધાર્યા છે. અને મેં એક વખત એમને બે દાતણ આપ્યા હતાં તે પણ હજુ એમના હાથમાં છે. એમ કહી તે ફકીરાણીએ દેહ મૂક્યો. તે ચોકીવાળાને શ્રીજીમહારાજનાં દિવ્ય સ્વરૂપે દર્શન થવાથી તેનાં બધાં પાપ બળી ગયાં અને તે સાધુ પાસે જઈ વર્તમાન ધરાવી સત્સંગી થયો. તેના વંશના માણસો આજે પણ સત્સંગી છે.

## ભાદરા ગામનો જમાદાર

એક વખત ભાદરા ગામે શ્રીજી મહારાજ આગળ ડોસાભાઈ પટેલ, વશરામ સુતાર અને મૂળશમાં બેઠા હતા, ત્યાં ભૂજનો જમાદાર આવીને બેઠો. તે અરસામાં ગામમાંથી એક ઉમિયાશંકર નામનો બ્રાહ્મણ આવીને શ્લોક બોલ્યો :

**ध्येयं सदा परिभवध्नमभीष्टदोहं तीर्थास्पदं शिवविरंचिनुतं शरण्यम् ॥**
**भूत्यार्तिहं प्रणतपालभबाब्धिपोतं वंदे महापुरुष ते चरणारविन्दम् ॥**

આ શ્લોક સાંભળી જમાદાર, ડોસાભાઈ અને વશરામ સુતાર ત્રણેને સમાધિ થઈ ગઈ. ત્યારે શ્રીસહજાનંદસ્વામી બોલ્યા કે તમારા શ્લોકમાં ઘણો ચમત્કાર છે. ત્યારે બ્રાહ્મણ બોલ્યો કે હું શ્લોક બોલતાં બોલતાં ઘરડો થયો, પણ કોઈને સમાધિ થઈ નથી. મારા ધારવા પ્રમાણે તમો કોઈ જાદુ, કામણ કે ઈંદ્રજાળ જાણનાર હશો, તેથી આવું બન્યું. પછી શ્રીસ્વામિનારાયણ ભગવાને ત્રણે સામું જોયું કે તુરત જ જાગ્રત થયા. જમાદાર બોલ્યા કે ભટ્ટજી, તમો ગેરવાજબી બોલો છો. આ કાંઈ જાદુ કે કામણ નથી, આ તો પૂર્ણ બ્રહ્મ, સનાતન, દિવ્ય સાકાર શ્રીસહજાનંદસ્વામી છે. એ મૂર્તિના પ્રતાપે હું એક લાખ એંશી હજાર ઓલિયા, ચોવીસ પેગંબરો ત્રણે અવસ્થામાં દેખું છું. આવા ખુદાતાલા આ બ્રહ્માંડમાં આવ્યા નથી અને આવશે પણ નહિ. આ કાંઈ કામણવાળા નથી. તમો તેનો આશ્રય કરો તો આ લોકમાં સુખ ભોગવી, અંતે તેમના ધામને પામશો. જો મારું નહિ માનો તો છ લાખ ચોરાસી હજાર દોઝખ તૈયાર છે, તેમાં પડશો. પછી એ બ્રાહ્મણે શ્રીજીમહારાજનો આશ્રય કર્યોને દેહ મૂક્યો ત્યારે અક્ષરધામમાં ગયો.

## વડોદરાના આરબ સિપાઈ

એક વખત વડોદરાના મંદિરના પાછલા ભાગમાં સાધુને નાહવા ધોવાના કૂવા પાસે ચોકડીનું પાણી જવા નળ મૂકવા માંડ્યા તથા પાછળ ખાડા વગેરેનાં નાનાં ચોકઠાં મૂકવા માંડ્યાં. પણ પાછળ આરબ સિપાઈનું ફળિયું હતું. તે લોકો તોફાન કરવા માંડ્યા અને સાધુ હરિભક્તોને ગાળો દઈ તલવારો લઈ મારવા દોડ્યા. તેથી સર્વ નાસીને મંદિરમાં પેસી ગયા.

પછી બીજે દિવસે, નારૂપંત નાના તથા બાપુસાહેબે તે વાત જાણી, તેથી બંને જણે જઈને લોકોને ઘણું સમજાવ્યું કે તમને હરકત થાય, તે માટે વંડો ચણાવી લઈશું. પણ તે લોકોએ માન્યું નહિ અને ઊલટા કહેવા લાગ્યા કે તમારા મંદિરની પછીત પાડીને પાછી હઠાવીને ત્યાં ખાડો કરો કારણ કે આ ઠેકાણે કરો તો સરકારી જમીન છે ખરી, પણ અમારું ફળિયું મૂળમાં સાંકડું છે અને વળી રસ્તો પણ સાંકડો થઈ જાય. માટે ફાવે તેમ કરો, પણ અમે નહિ કરવા દઈએ. પછી તે વાત સરકાર સુધી ગઈ. સરકારે કહ્યું કે તેઓ સાધુઓને બહુ દુઃખ દેશે, તેથી બીજે ઠેકાણે સગવડ થાય તેમ કરો તો સારું. કેમકે રસ્તાની જગ્યા તથા ફળિયાની જમીન ઘણી સાંકડી છે અને આરબ લોકો ઘણા વરસથી ત્યાં રહે છે, માટે એ લોકોને છેડવા નહિ. તે સાંભળીને એ વાત રહેવા દીધી. પણ ખાડો કરવાની બીજે ઠેકાણે સગવડ ન હતી. તેથી ચોથે દિવસે સ્વામીએ પછીતમાં બારી હતી તે ઉઘાડીને આરબના ફળિયામાં ડોકિયું કર્યું, તો તે ફળિયા વચ્ચે એક લીમડાનું વૃક્ષ હતું. તેની તળે સાત વૃદ્ધ આરબો બેઠા હતા. તેમણે સ્વામીને જોઈ બે હાથ ઊંચા કરી કલમો પઢીને સ્તુતિ કરવા માંડી, અને માફી માંગીને બોલ્યા કે આપ તો ખુદા મહંમદ પેગંબર સાહેબ હો. તબ આજ રોજસે હમ લોક સબ આપકે કદમ કે ગુલામ હો ગયે. ઔર હમારી જિંદગી, ઘરબાર, ઓરત, બાલબચ્ચે સબ આપકે દેદારસે ફનાકર દિયે. ઔર આપકે કદમોકી ખેર શિર પર લેકર ફકીર બનતે હૈં. ક્યા ફરમાન હૈ ય અબ હમ કૈસે જિંદગી ગુજારે ઔર ક્યા નામકી તસબીર ફિરાવે, વે સબ, હમકોં ફરજિયાત હજૂરસેં હુકમ હોના ચાહિયે. પછી સ્વામી બોલ્યા કે આજ રાતમાં તમને સર્વેને ખુદાનાં દર્શન થશે અને તે ખુદા શ્રીસ્વામિનારાયણ ભગવાન છે. તેમનો હું તો નુરી ફિરસ્તો છું. તમને તે જેમ કહે તેમ કરજો, એમ કહી સ્વામી મંદિરમાં ગયા. રાત્રે આરબોને સમાધિ થઈ અને તેજમાં ખુદારૂપે શ્રીજીમહારાજનાં દર્શન થયાં. પછી શ્રીજીમહારાજે કહ્યું કે આજ રાત્રે વચલી જગ્યા ત્રીસ હાથ વધી જશે, આ ચાર કબરો ઊડીને ગજખાના દરવાજા બહાર કબ્રસ્તાનમાં જશે. આજથી ચાલીસ વરસ પછી આ ઠેકાણે અમારું મોટું મંદિર થશે. તમે

આજથી કોઈ જીવની હિંસા કરશો નહિ. માંસ ખાશો નહિ, તેમજ અમારા સાધુ હરિભક્તોનાં દર્શન કરજો, તેમનો પક્ષ રાખજો, સાધુ જે પ્રસાદી આપે તે જમજો અને ''સ્વામિનારાયણ'' મહામંત્રની નિત્ય માળા ફેરવજો, એટલે તમે પણ અમારા સાધુ જેવા નુરી ફિરસ્તા થશો. એમ કહીને શ્રીજીમહારાજ અદશ્ય થઈ ગયા અને આરબો સમાધિમાંથી જાગ્યા. ત્યાં તો શ્રીજીમહારાજના પ્રતાપથી પોતાના ફળિયાની ચારે તરફથી જગ્યા વિશાળ થયેલી જોઈ; ત્રણ હાથ રસ્તો પહોળો હતો તે ત્રીસ હાથ પહોળો થઈ ગયો અને મંદિરની પછી તથા લીંબડાનું વૃક્ષ તે જ્યાં હતાં ત્યાં કાયમ હતા. આ જોઈ આરબ લોકો તો નાચવા કૂદવા લાગ્યા અને ઊંચે સ્વરે ''સ્વામિનારાયણ'' ''સ્વામિનારાયણ'' ભજન કરવા લાગ્યા. તે સાંભળી સવારમાં શહેરનાં હજારો માણસો ચારે તરફથી દોડી આવ્યાં અને ફળિયું મોટું વિશાળ જોઈને અને આરબોને સત્સંગી થયેલા અને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતા જોઈ, હજારો માણસો અતિ વિસ્મય પામ્યા; સરકાર પણ આ વાત સાંભળી અતિ આનંદ પામ્યા. પછી પેલા આરબો તો સરકારની નોકરી છોડી દઈ કોઈ નારૂપંત નાનાને ઘેર, કોઈ નારણજીભાઈને ઘેર, કોઈક રાવસાહેબને ઘેર બારણા આગળ પહેરો ભરતા અને ખાવાનું આપે તે ખાઈને હાથમાં માળા રાખીને નિરંતર ઊંચે સ્વરે ''સ્વામિનારાયણ'' ''સ્વામિનારાયણ'' ભજન કરતા અને નિત્ય મંદિરના દરવાજા આગળ આવી શ્રીજીમહારાજનાં તથા સાધુનાં વેગળેથી દર્શન કરતા અને સત્સંગનો પક્ષ માથા સાટે રાખતા.

### જુનાગઢના નવાબ

એકવખત શ્રીજીમહારાજ ધોરાજીમાં લાલ વડ નીચે એકાદશીનો સમૈયો કરી જૂનાગઢ પધાર્યા, ત્યારે સૌ હરિભક્તોએ ધામધૂમથી વાજતે ગાજતે શ્રીજીમહારાજની સવારી કાઢી અને આખા શહેરમાં ફેરવ્યા અને કાકડી ભેટ મૂકી. તેને શ્રીજીમહારાજ બે હાથ વડે ભાંગીને પોતે સવારીના બધા માણસોના દેખતા જમવા લાગ્યા. આ જોઈને નવાબ સરકારને શ્રીજીમહારાજ તો ખુદા છે એવો નિશ્ચય થયો. શ્રીજીમહારાજે નવાબ સરકારનો નિશ્ચય જોઈને તેમને પોતાના તેજને વિષે પોતાનું દર્શન કરાવ્યું.

ત્યારે એક વૃદ્ધ તરકડીએ નવાબ સરકારને કહ્યું કે જુઓ, હિંદુના અલ્લા કાકડી જમે છે. ત્યારે નવાબસાહેબ બોલ્યા કે એ તો ખુદા છે અને ખુદાને કોઈની પરવા હોય નહિ. પછી આગળ ચાલ્યા. ત્યારે એક ગાંધર્વ આવ્યો. તેણે ગાન કર્યું. તેથી તેને મુમુક્ષુ જાણીને શ્રીજીમહારાજે તેના અંતરના સંકલ્પ કહી દીધા. તેથી તે સંસારનો ત્યાગ કરીને શ્રીજીમહારાજ પાસે આવી સાધુ થયો. તેનું નામ દેવાનંદસ્વામી પાડ્યું હતું.

### ખમીસાને મૂર્તિ મળી

એક વખત શ્રીજીમહારાજ તેરા ગામમાં પધારેલા હતા. રાત્રે ભક્તોને કહ્યું કે હવે અમે અહીંથી ચાલીશું. ત્યારે હરિભક્તો કહે : હે મહારાજ, દરવાજો બંધ થઈ ગયો છે. શ્રીજીમહારાજ કહે : અમે તો જવાના જ. એમ કહી શ્રીજીમહારાજ, મૂળજી બ્રહ્મચારી અને ડુંગરજી એ ત્રણે ચાલ્યા અને હરિભક્તો તેમને વળાવીને પાછા આવ્યા. પછી તે ત્રણે નિરાવરણ સ્વરૂપે બહાર નીકળ્યા. શ્રીજીમહારાજ ડુંગરજીને કહે : રાત્રિ ઘણી છે, માટે થોડીવાર આરામ લઈશું ? એમ કહી શ્રીજીમહારાજે આરામ લીધો; અને બ્રહ્મચારીને ડુંગરજી જાગતા રહ્યા. શ્રીજીમહારાજ જાગ્યા ત્યારે બ્રહ્મચારીને ડુંગરજી સૂઈ ગયા. શ્રીજીમહારાજ તે બંનેને સૂતા મૂકીને ચાલ્યા. રસ્તામાં તેમણે થોડે થોડે છેટે મોજડીઓ અને ચોફાળ મૂકીને ચાલવા માંડ્યું. આગળ ચાલતાં સમુદ્ર આવ્યો; તેમાં જળ ઉપર વીશ ગાઉ ચાલ્યા. તે વખતે ત્યાં આગળ બેસી વિચાર કર્યો કે એ ભક્તો મારા સિવાય ઝૂરી ઝૂરીને મરી જશે. એવો સંકલ્પ કરી ત્યાં બેઠા; એટલામાં સમુદ્રે મૂર્તિમાન આવીને સુવર્ણના સિંહાસન ઉપર શ્રીજીમહારાજને પધરાવી ષોડશોપચારે પૂજા કરી હાર પહેરાવ્યાને ઊંચી જાતના વસ્ત્ર અલંકાર ધારણ કરાવ્યા તથા ભારે ભારે પકવાન મેવા અને ઉત્તમ પ્રકારનાં ફળની ભેટ મૂકી આરતી કરી, પ્રદક્ષિણા ફર્યા. પછી તે સમુદ્ર બોલ્યો : આપ તો અનંત જીવનાં કલ્યાણ કરવા પધાર્યા છો અને ઉદાસીપણું કેમ દેખાડો છો ? માટે પાછા વળી આ ભરતખંડના અનંત જીવોનું કલ્યાણ કરો. પછી શ્રીજીમહારાજે સમુદ્રને તમામ પ્રસાદીનાં વસ્ત્ર અલંકાર પાછાં દીધાં. ત્યાંથી જળ ઉપર ચાલી શ્રીજીમહારાજ પાછા ફર્યા ને દરિયાના કાંઠા ઉપર એક

ખમીસો નામે મુસલમાન હળ હાંકતો હતો ત્યાં આગળ પધાર્યા. પછી તેને પૂછ્યું જે અહીં ક્યાંય મીઠા પાણીનો કૂવો છે ? ત્યારે ખમીસાએ આંગળી ચીંધીને કૂઈ બતાવી, એટલે શ્રીજી મહારાજે કૂઈમાં ઉતરી જળપાન કર્યું. શ્રીજીમહારાજ તે મુસલમાન પાસે આવી તેના હળે જોડેલા બળદ સન્મુખ ઊભા રહી પાછા પગે ચાલવા લાગ્યા; એટલે તે ખમીસો કહેઃ બાવા, આ તોફાની બળદ તને મારી નાખશે અને પાછે પગે ચાલતાં પગમાં વાગશે ને ખાડામાં પડી જઈશ. તો પણ શ્રીજીમહારાજે તેનું માન્યું નહિ. પછી તે ખમીસો બે આંટા ફર્યો ત્યાં સુધી તેનો કેડો મૂક્યો નહિ. પછી તે મૂંઝાઈને જાળાં ખોદવા લાગ્યો; એટલે શ્રીજીમહારાજ વચમાં આવીને ઊભા રહે. ખમીસો કહે : બાવા, પગમાં કોદાળો વાગશે. ત્યારે શ્રીજીમહારાજ ખડખડ હસે, પણ ખસે નહિ. પછી તે મુસલમાન મૂંઝાઈ ને સોડ તાણીને સૂતો. શ્રીજીમહારાજ પણ તેના ભેગા સોડ તાયણી ને સૂતા. તે મુસલમાન પોતાના બેઉ પડખે શ્રીજીમહારાજને દેખતો, ઊંચો જુએ તો પણ મહારાજને દેખે, ઝાડ સામું જુએ તો પણ શ્રીજીમહારાજને દેખે, બળદ સામું જુએ કે તરત શ્રીજીમહારાજને દેખે. પછી તે મૂંઝાઈને બોલ્યો જે શા ભોગ લાગ્યા કે આ બાવાને પાણી બતાવ્યું. એમ કહી તે પોતાના ઘર તરફ કાળા તળાવને માર્ગે ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં હરભમ સુતારની શેરી આવી. તે તરફ શ્રીજીમહારાજ ચાલ્યા અને ખમીસો પોતાને ઘેર ગયો. ત્યાં બળદ બાંધતો હતો તે સમે પેગંબરે દર્શન દઈ કહ્યું કે તારે ખેતરે જે આવ્યા હતા તે ખુદાતાલા છે. માટે તક ચૂકશો માં. એટલે તે હરભમ સુતારને ત્યાં આવ્યો. તેણે હરભમને કહ્યું જે અહીં અલ્લા આવ્યા છે ? હરભમ કહે : ક્યાં છે ? ત્યારે તે કહે : અહીં સંતાઈને ઊભા છે. ત્યારે શ્રીજીમહારાજે પ્રસિદ્ધ થઈ હરભમને દર્શન આપ્યાં. પછી ખમીસો સત્સંગી થયો.

## સફરાઅલી તથા નવાબ સાહેબ

વડતાલમાં એકાદશીને દિવસે મેના, પાલખીઓ, ગાડીઓ વગેરે લઈને રાવસાહેબના કારભારી હતા તે સ્વામીને તેડવા આવ્યા; એટલે ત્યાગી ગૃહસ્થ સહિત સ્વામી ગણપતિના મંદિરમાં પધાર્યા. ત્યાં

ગણપતિની પ્રતિમાને પાલખીમાં પધરાવી સેંકડો બ્રાહ્મણો સહિત રાવસાહેબ હવેલી બહાર આવ્યા. હજારો વાજિંત્રો વાગવા લાગ્યાં. બંદૂકોના ભડાકા થવા લાગ્યા અને લાખો માણસો દર્શન કરવા ઉપરાઉપરી પડવા લાગ્યા. ગણપતિની પાલખી આગળ રાવસાહેબ તથા બીજા સરદારો, શાહુકારો, માનકરીઓ વગેરે હાથની તાળીઓ સહિત "ગણપતિદાદા મોરીયા" "ગણપતિદાદા મોરીયા" એમ બોલતા ધીરે ધીરે ચાલતા હતા. ત્યાં અપાર ગુલાલ ઊડતો હતો. ગણપતિની પાલખી પાછળ સંતમંડળે વીંટળાયેલા સ્વામી પાલખીમાં બેઠા હતા અને સંતહરિભક્તોએ કીર્તનની ધૂન મચાવી હતી. આગળ હજારો દક્ષિણી લોકો ઉત્સવ કરતા હતા. કોઈ સતાર મંજીરાં વગાડી તુકારામ બુવાના કીર્તન બોલતા હતા. એ રીતે વાજિંત્ર તથા ઉત્સવની ધામધૂમ કરતા મોટા રાજમાર્ગની સડક ઉપર થઈને હાથિયા ખાડના દરવાજા બહાર ગોમતી તળાવ ઉપર આવ્યા. ત્યાં કાંઠા ઉપર મોટી ચોગાન જગ્યામાં બિછાનાં કરી ગાદીતકિયા બિછાવ્યા હતા, તેના મધ્યે જરા છેટે તળાવને કાંઠે મોટો પથ્થરનો પાકો ચોતરો પંદર હાથ સમચોરસ હતો, તે ઉપર ગણપતિની પાલખી સ્થાપન કરી. વળી એ જ રીતે વાડીમાંથી ફડનીસના તથા પાંઢરાના તથા રાનડે બક્ષીના ગણપતિની પાલખીઓ વાજતે ગાજતે ત્યાં આવી. તે બધા ગણપતિની દશેક પાલખીઓ તે ચોતરા ઉપરા હારોહાર સ્થાપન કરી, તેમના સામે વિશાળ જગ્યામાં હજારો માણસો જોવા ભરાયાં હતાં. તે સભા મધ્યે ગણપતિના સન્મુખ સંતમંડળ સહિત સ્વામી ગાદીતકિયે બિરાજ્યા હતા. ડાબી બાજુ રાવસાહેબ તથા બીજા સરદારો, શાહુકારો, બેઠા હતા અને રાવસાહેબના આમંત્રણને માન આપી શહેરના બધા સાંપ્રદાયના આચાર્યો, મહંતો, મંદિરના પૂજારીઓ, અતીત, ગોસાઈ વેરાગી, ખાખી વગેરે ગુરુશિષ્ય સર્વે આવીને ત્યાં યોગ્ય રીતે બેઠા હતા અને બધા વિદ્વાનો પણ યોગ્ય રીતે બેઠા હતા. પછી મહારાજા ગણપતરાવ પણ હાથીએ બેસી ત્યાં આવ્યા. તે પણ ગણપતિ મહારાજને તથા સ્વામી અને બીજા સર્વ ભેખને નમસ્કાર કરી ગાદીતકિયે બેઠા. સરકારની સાથે મીર સફરઅલી તથા નવાબસાહેબ એ બે મોટા સરદારો

પણ આવ્યા હતા. તેમને સભાથી જરા છેટે જુદું આસન નાખી બેસાડ્યા. પછી બધા ગણપતિની પ્રતિમાઓની તેમના પૂજારી બ્રાહ્મણોએ પૃથક્ પૃથક્ ષોડશોપચાર વડે છેલ્લી પૂજા કરવા માંડી. તે સમયે તે સભામાં કેટલાક વિદ્વાનોને તથા ભેખધારીને પરસ્પર પ્રશ્ન ઉત્તર કરતાં વાદવિવાદ ચાલ્યા. તેમાં પેલા સવામણ સોનું લેનાર પંજાબના સંન્યાસીઓ પણ આવીને બેઠા હતા. તથા વિશ્વામિત્રીના પુલ ઉપર મંદિરવાળા હીરાદાસ બાવા તથા ઓડગામવાળા ચોરાસી ધૂણી તાપનાર અને લીંમડાના પાનનો રસ પીનારા મહાતપસ્વી જાનકીદાસબાવા પણ મેનામાં બેસી ત્યાં આવીને ગાદીતકિયે બેઠા હતા. પછી એ સભામાં રાવસાહેબે પ્રશ્ન પૂછ્યો કે સંન્યાસીઓ સવામણ સોનું માગે છે તેમને મારાથી અપાય અને તેમનાથી લેવાય? ત્યારે જાનકીદાસ બોલ્યા કે "જિતને ભેખધારી લંગોટબંધ હૈં, ઉનકો તો લુગાઈકોં, (સ્ત્રી) નાગિન, પિશાચિની ઔર વાઘની કે માફક સમજ કર, ઉનસે દૂર ભાગના" ચાહિયે ઔર સોના યા ચાંદી યા કોઈ ભી ધન હો, વે સબ ભેખધારી કે લિયે, ગાયકા માંસ બરાબર સબ શાસ્ત્રોમેં સત્પુરુષ કહેતે હૈં." ત્યારે પેલા સંન્યાસીઓ બોલ્યા કે, "અરે મહંતજી, હમ તો સિદ્ધેશ્વર મહારાજ કે રથજાત્રા કે લિયે સવામણ સોના માગતે હૈં." ત્યારે જાનકીદાસ બાવા બોલ્યા : "હાં, સચ્ચ બાત. આપ સબ સિદ્ધેશ્વર મહારાજ હોતો આપકો રથજાત્રા ઉનકે લિયે સવા મણ સોના માગતે હો. રથજાત્રા એક દફે નહીં, ચાર દફે હોંગી. ઔર તુમ્હારે મેં ગણપતિકા ઘંટ બંધ કરનેકી તાકાત હૈ, તો તુમ સબ રોજ ઘર કે આદમિયોંકી જીભ બંધ કરનેકા ડર બતલાતે હો તબ હમ બોલતે હૈં : તુમ હમારી જીભ બંધ કર સકતે હો ? અચ્છા, વહ વાત ભી રહને દો, પર યહ ગણપતિકો ડુબાનેકે લિયે ઈસ સરોવર કા બડા ગહરા જલ ભરા હૈ, તો એક એક પ્રતિમા ગણપતિકા દોતીન મણ વજન હોગા, તો તુમ અપને શિર પર ઉઠાકે જલકે મધ્ય ભાગમેં બીચમેં જાકે ડુબાતે હો ? ઈતને કામ બતાવે., યઉનમેં એક ભી કરનેકી તાકાત નહીં હૈ, ઔર ગૃહસ્થાશ્રમવાલે શ્રીમંત લોક હૈં, ઉનસે ગર્થ ગિરાનેકી તાકાત હૈ ! રામ, રામ, કયા ભગવે કપડે પહિનકે ભેખકોં દુષણ દેતે હો ?" એવું સાંભળીને

તે સંન્યાસીઓ તો દબાઈને મૌનપણે બેસી રહ્યા. પણ છેટે બેઠેલા મીરસાહેબ તથા નવાબ સાહેબ એ બે જણ હાથ જોડી બોલ્યા કે, “મહંતજી મહારાજ, બેઅદબી માફ કરે, મગર હમ આપકો પૂછતે હૈ કિ જો આપકે ગણપતિ મહારાજ હૈં વે મિટ્ટી કે હી બનતે હૈં, તો ઉનકો આઠ દસ રોજ પૂજા કર પછી પાનીમેં ડૂબા દેતે હૈં, તો વે ડૂબ જાતે હૈં ઔર દૂસરે સબ દેવ પથ્થર યા તાંબાપિત્તલકે બનતે હૈં, વે ભી નહીં તરતે, તો ઉનકે માનને પૂજનેવાલે હિંદુઓકા ક્યા કલ્યાણ કરેંગે ? ક્યોંકિ વે આપહી ડૂબ જાતે હૈં, તો ઔર કો ક્યા તારેંગે ? ઔર હમારે મુસલમાનોમેં હજરત પીરકે તાજિયે હોતે હૈં, ઔર જબ પાનીમેં ડૂબાતે હૈં, તો કભી નહીં ડૂબતે હૈં, તો ઉનકો માનતે પૂજતે ઔર બંદગી કરતે હૈં, વે સબ મુસલમાનો ઔર પીરાન પીર ખલકસે ચાકર બેહસ્તમેં ખેંચ જાતે હૈં, ઈસી લિયે હમારા યહ સવાલ હૈ જો દેવવાલે ઔર ગણપતિવાલે હિંદુઓકો ભી દોઝખસેં તરનેકા હિંદુશાસ્ત્ર કે રાહસેં કુછ બ્યાન લિખાય ગાય હો તો આપ હમકો સુના દીજિયે.” એવું સાંભળી જાનકીદાસે કહ્યું, “મિયાંસાહેબ, તુમ્હારે તાજિયા ઔર હમારે દેવકી પ્રતિમા યા તીર્થ કોઈ તાર નહીં શકતે. સર્વ શાસ્ત્રમેં કહા હૈ કિ પ્રગટ ભગવાન ઔર સચ્ચે સંત આપસેં તરતે હૈ ઓર દુસરે કો તારતે હૈં, ઈસ કલિમેં ઐસા તો એક જીવનમુક્તને જો પંથ નિકાલા હૈ તો ઉનકે સબ સંત ધન, સ્ત્રીકોં હરામ કરકે લાખો મનુષ્યોકોં ભગવાનકે ભજનમેં જોડ દેતે હૈં, તબ ઐસે સંત તો દો હાથકે પરમેશ્વર હૈ ઔર જીવમુક્ત જો સહજાનંદ મહારાજ વે તો ખુદ પરમાત્મા પ્રગટ ભયે હૈં, ઔર એ ગોપાલાનંદ સ્વામી બૈઠે માલા ફેર રહે હૈં, ઈનમેં ભી પરમેશ્વર જિતના પરાક્રમ સામર્થ્ય હૈ.” પછી મીરસાહેબે કહ્યું કે, “જબ હમ કાઠિયાવાડમેં રહે થે તબ સ્વામિનારાયણ મહારાજ કે દર્શન ખાતર ગઢડા ગયે થે. વહાં ઉનકો દેખનેસેં આપ ખુદા હમકો માલૂમ હુએ. ઔર ઉનકે હી એક લાખ ઐંસી હજાર પેગંબર હો ગયે હૈં. ઉનકે ચોવીસ અવતાર હુએ ઉનકે હી ફિર કીસન કનૈયા હુઆ. ઔર પીછે સબરૂપ સહજાનંદ મહારાજકી મૂરતમેં મિલ ગયે, ઔર પહલે જૈસે બૈઠે થે. વૈસે હી હો ગયે. ઉન્હોંને હમારા મનકી સબ મુરાદ પૂર દી, તબસેં હમ તો

ઉનકોં હી ખુદા યાને ભગવાન સમઝ ગયે હૈ. ઔર હમારા મનકે તુરંગ પિછાનકે અપને શિરકી પાઘ, દર્શન ખાતર હમકોં દી હૈં, તો હમ હંમેશ ફઝરમેં ઊઠ કર, ન્હાધોકે ઉસ પાઘ પર ફૂલ ચઢાકર આગે ઘી કા દીવા કરકે દો હાથ જોડ કર શિર નમાકે પાઉં પડતે હૈં ઔર બંદગી કરતે હૈં, કિ યા મેરે મહેબૂબ, મૈં તો આપકા ગુલામકા ગુલામ બન રહા હૂં, તબ મુજકો દોઝખસેં ઔર હર બલાસે બચાકે આપકે કદમોંકી જૂતયાં ઉઠાનેકો હજૂરમે રખ લીજિયે.'' એમ બોલી હાથ જોડી નમસ્કાર કર્યા. પછી સ્વામી બોલ્યા તમે જ્યારે ગઢડે દર્શન કરવા આવ્યા હતા, ત્યારે અમે પણ ત્યાં હતા, તમે શ્રીજીમહારાજને બધા પેગંબરરૂપે દીઠા, તેથી શ્રીજીમહારાજ વિષે ભગવાનપણાનો નિશ્ચય કર્યો. પછી તમે સોનાની મુઠની કટાર તથા અમૂલ્ય તલવાર શ્રીજીમહારાજ આગળ ભેટ મૂકીને બેસવા સારુ મેનો અર્પણ કર્યો છે. પછી તે તલવારની ધાર દેખાડીને શ્રીજીમહારાજ એમ બોલ્યા હતા કે આ સમયે અમારા સર્વ સંત તથા બ્રહ્મચારી અને પાર્ષદ આ તલવારની અતિ તીખી ધાર છે તે ઉપર ચાલે છે. (એટલે અસિધારાવ્રત જે અષ્ટાંગ બ્રહ્મચર્ય તેને અમારા પ્રતાપથી પાળે છે.) એમ શ્રીજીમહારાજ બોલ્યા હતા. તે વાતને ઘણાં વર્ષો થઈ ગયાં. તો પણ મીરસાહેબ તમને તે સાંભરતી હશે. એવા જે એ ભગવાન પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે, ત્યારે તે બીજા માણસની માફક અગ્નિસંસ્કાર થાય છે, જેમ શ્રીકૃષ્ણના ક્લેવરને ખોળામાં લઈને રુક્મણીજી બળી ગયાં અને રામચંદ્રજી સ્વદેહે ધામમાં ગયા. અને જ્યારે જન્મે છે ત્યારે ક્યારેક સ્ત્રી થકી જન્મ ધારણ કરે છે અને ક્યારેક પોતાની ઈચ્છા આવે ત્યાંથી પ્રગટ થાય છે. એમ એ ભગવાનના જન્મની તથા દેહ ત્યાગ કરવાની અલૌકિક રીત છે, તે કોઈ મનુષ્યના કળ્યામાં આવે નહિ.

## બાવદીન મુસલમાન

પોષ વદિ અમાસને દિવસે મહોદય પર્વ હતું, ત્યારે ગોપાળાનંદ સ્વામી ઘણા સાધુઓ સાથે જુનાગઢમાં દામોદર કુંડે સ્નાન કરવા પધાર્યા હતા. એક સાધુએ જળમાં સ્નાન કર્યું કે તરત જ તે ટાઢથી ઠરી ગયા, તે જોઈ સ્વામીએ માવા ભક્તને કહ્યું જે પેલા લાકડાના ભારા લઈ જાય

છે તેમને પૂછો, જો એક ભારો આપે તો તેની કિંમતનાં પૈસા મંદિરમાંથી અપાવીશું. માવા ભક્તે ડોશીને કહ્યું જે અમારા સાધુ ટાઢથી ઠરી ગયા છે અને દુઃખ પામે છે, માટે એક ભારો આપો તો શ્રીસ્વામિનારાયણના મંદિરમાંથી જે પૈસા કહેશો તે અપાવીશું. તે સાંભળી ડોશીએ તેના દીકરાને માથે ભારો હતો તે આપીને પોતાના ભારામાંથી પાંચ લાકડાંના કટકા આપ્યા, અને કહ્યું જે સાધુને માટે જોઈએ છે માટે અમારે પૈસા લેવા નથી. અમારા ઉપર રાજી રહેશો. પછી લાકડાં સળગાવીને સાધુને તપાડ્યા. તે વખતે સ્વામીએ આશીર્વાદ આપ્યો જે હવે લાકડાં ઉથામવાં મટ્યાં. એ શબ્દ સાંભળી, બાવદીનની માએ કહ્યું જે બેટા સાધુએ આપણને આશીર્વાદ આપ્યો તે હવે આપણાં દુઃખ જાશે. ત્યારે બાવદીન બોલ્યા જે એવા સાધુ તો ઘણા રખડે છે; એમને જ ઓઢવાપાથરવાનું મળતું નથી, તો તે આપણને શું આપશે ? ત્યારે ડોશી બોલી જે એમની તો નાગર લોકો પૂજા કરે છે અને એમને અતિ મોટા પુરુષ માને છે, અને એ તો પૂર્ણ પુરુષોત્તમના મોટા મુક્ત છે ને બ્રહ્મની મૂર્તિ છે, અને તેમના શિષ્યને પુત્રો આપી પારણાં બંધાવે છે, તેમજ ઘણાકનાં રોગ અને દુઃખો મટાડે છે, અને અંતર્યામી છે; માટે એમણે આપણને દુવા આપી તે આપણાં મોટાં ભાગ્ય સમજવાં.

પછી લાકડાંનો ભારે નાગરવાડામાં વેચી જે પૈસા આવ્યા તેની જાર લઈ ઘેર જઈ ડોશી દળવા બેઠાં. તે સમયે દળતાં દળતાં ડોશીએ સ્વામીને સંભાર્યા, ત્યારે તેજ દીઠું અને તેજમાં શ્રીજીમહારાજ અને સ્વામીની સમીપે એક લાખ એંશી હજાર ઓલિયા કુરાન પઢતા હોય એવું એને દર્શન થયું. પછી સ્વામીને કહે : તમે તો ખુદાતાલા છો. ત્યારે સ્વામી કહે : ખુદાતાલા તો દિવ્ય સિંહાસન ઉપર બેઠા છે તે છે. એટલામાં તો નવાબ સરકારનો સિપાઈ આવી ડોશીને કહે જે ડોશીમા, નવાબ સરકારના ઘોડાનું વાસીદું કરનારી ડોશી કાલે મરી ગયાં છે, તેનું કામ તમે કરશો ? ત્યારે ડોશી કહે : તમે શું આપશો ? સિપાઈ કહે : ત્રણ વખત ખાવાનું અને છ છ મહિને કપડાં આપીશું, અને આઠ કોરીનો મહિનો આપીશું. અને બીજું જોઈતું કરતું પણ અપાવીશું. પછી ડોશી

નિત્ય છોકરાને સાથે લઈ ઘોડાનું વાસીદું કરવા લાગ્યાં. તે દિવસથી આઠ કોરીનો મહિનો, નવા કપડાં અને ત્રણ વખત ખાવાનું શરૂ થયું. પછી ડોશી તો “શ્રીસ્વામિનારાયણ ભગવાન અલ્લા છે અને ગોપાળાનંદ સ્વામી તેમના મુરસદ છે.” એમ બંનેને દિવ્ય પ્રતાપી અને અંતર્યામી જાણવા લાગી, અને નિત્યે શ્રીસ્વામિનારાયણના મંદિરમાં કામકાજ હોય તે કરવા લાગી. ત્રણ મહિના પછી બાવદીનને જોઈને નવાબ સરકારે તેને જનાનખાનામાં કામકાજ માટે દાખલ કર્યો. બીજું વરસ થયું ત્યારે બાવદીનની બહેનને નવાબ સરકારે દીઠી, તેની સોળ વરસની ઉંમર હોય એવી લાગતી હતી. સરકારે બાવદીનને કહ્યું જે તારી બહેનના નીકા મારા શાહજાદા સાથે કરશો ? ત્યારે બાવદીન કહે : મારી માને પૂછી જોઉં. પછી બાવદીને તેની માને વાત કરી અને તેની માએ ‘હા’ કહી, પછી કાજીને બોલાવી બાવદીનની બહેન સાથે નીકા પઢાવ્યા. પછી બાવદીન તો એનો હજૂરી થઈ પડ્યો. તે નવાબ સરકારના વજીર થયા. અને દશબાર કરોડ રૂપિયાના આસામી થયા. પછી તેમણે બાવદીન કૉલેજ બંધાવી. તે નિત્ય શ્રીસ્વામિનારાયણનું ભજન કરતા હતા અને જ્યારે એમનાં માએ દેહ મેલ્યો, ત્યારે શ્રીજીમહારાજ અને મૂળ અક્ષર ગોપાળાનંદ સ્વામી અનંત સાધુઓ સહિત દર્શન દઈ તેને ધામમાં તેડી ગયા. તે બાવદીનખાનને દર્શન થયું તે દિવસથી તેમના જીવમાં શ્રીસ્વામિનારાયણ સર્વોપરિ ભગવાન છે એવો દૃઢ નિશ્ચય થયો હતો. તેઓ મંદિરનો પક્ષ દૃઢ રાખતા. લીંબડીના દીવાન સાહેબ ઝવેરભાઈ નાથાભાઈ લીંબડીથી પોશાક લઈ જૂનાગઢ પધાર્યા, તેમની સાથે નડિયાદવાળા હરિભાઈ પણ હતા, તે બંને બાવદીનખાન સાહેબને મળવા તેમને બંગલે પધાર્યા હતા, ત્યારે બાવદીનખાન સાહેબ પૂજા કરતા હતા. તે વખતે એક કાચના કબાટમાં દોરડી, દાતરડીને કુહાડી મેલી રાખી હતી. તેને પગે લાગ્યા. તે જોઈ હરિદાસભાઈએ બાવદીનખાન સાહેબને પૂછ્યું : યહ ક્યા હૈ ? ત્યારે બાવદીનખાન સાહેબે જવાબ આપ્યો જે મેરા પ્રારબ્ધ તો યહી હૈ; લેકીન ગોપાળાનંદ સ્વામીકા પ્રતાપતસેં રાજ્ય કરતા હૂં. આ જે સર્વે અમને સુખ છે તે શ્રીસ્વામિનારાયણના

મુરસદ ગોપાળાનંદ સ્વામીના રાજીપાના આશીર્વાદથી છે અને તેમની દષ્ટિથી અમારું સર્વે કુટુંબ સુખી છે.

## ફકીરને દર્શન

તે સમયે એક ફકીર ત્યાં ઊતરેલો હતો, તે મહારાજનું સ્વરૂપ જોઈને મહારાજ જ્યારે ધ્યાનમાંથી જાગ્યા ત્યારે હાથ જોડી ચરણમાં માથું મૂકીને બોલ્યો જે બ્રહ્મચારી, તમારા હિંદુઓમાં આ પહાણાનો બેલ કેમ પૂજાય છે ? મહારાજ બોલ્યા કે એ તો ચૈતન્યમૂર્તિ છે. તે ફકીર બોલ્યો કે એ બીજા બળદની માફક ખાય છે ? ત્યારે કહે : હા, એ ખાય છે, ઘાસ લાવો તે ખવડાવીએ. ત્યારે તે ફકીર દાતરડું લઈ ઘાસના બે પૂળા લાવીને મહારાજને કહ્યું કે હવે એ બેલને ખવડાવો. ત્યારે મહારાજે તે પોઠિયા સામું જોયું, તેથી તે પોઠિયો બે પૂળા ખાઈ ગયો. તે જોઈને ફકીર વિસ્મય પામ્યો. મહારાજે કહ્યું કે તમારા કલમા એ બેલને પૂછો. ત્યારે તેણે કુરાનની પોથી કાઢી, બેલને પૂછ્યું, એટલે તે પોઠિયો કલમા બોલવા લાગ્યો, આવા ચમત્કારી મહારાજને જોઈ, ફકીરે ચરણમાં મસ્તક મૂકી, સંકલ્પ કર્યો જે આ કોણ હશે; એટલામાં ચોવીસ પેગંબરને અજરાઈલ અને અમરાઈલ (નૂરી ફિરસ્તા), અનેક મુરસધો સહિત જેની સેવા કરે છે, તેવા અલ્લારૂપે મહારાજને દીઠા. તેથી ફકીર તેમનો આશ્રય કરીને તેમનું ભજન કરવા લાગ્યો. તે વખતે ત્યાં એક બ્રાહ્મણ બેઠો હતો, તેણે મંત્ર બોલવાનું કહ્યું, તેથી તે પોઠિયો મહારાજની પ્રેરણાથી વેદના મંત્ર બોલ્યો. પછી મહારાજ ત્યાંથી વિશ્વામિત્રી ઊતરી વડોદરે પધાર્યા.

## પીથલપરના જાનબાઈ

વનવિચરણ વખતે ગામ પીથલપરની જાનબાઈને એવો નિયમ હતો કે નિત્યે એક ગાયનું દૂધ જે કોઈ સામું મળે તેને પાવું. અને કોઈ સામું ન મળે તો ગોપનાથ મહાદેવને બધું દૂધ ચઢાવી દેવું. આ બાઈ ગોપનાથ મહાદેવજીને દૂધ ચઢાવવા જતાં હતાં, ત્યાં મહારાજ સામા મળ્યા. તેમને તે બાઈએ દૂધ આપ્યું. જાનબાઈનો શુદ્ધ ભાવ જોઈ મહારાજે વસ્ત્રથી ગાળીને કમંડળમાં દૂધ લીધું અને તેનું પાન કરી બીજે ગામ પધાર્યા; અને તેજ રાતે જાનબાઈને મહારાજે પોતાનાં દિવ્યરૂપે દર્શન દીધાં ને એક

લાખ ને એંસી હજાર ઓલિયા તથા ચોવીસ પેગંબરોને મહારાજની સ્તુતિ કરતા દીઠા. તેમણે જાનબાઈને કહ્યું કે આ મહારાજ તો અનંત અલ્લાના અલ્લા છે. અમે બધા એમની સેવા કરીએ છીએ. તે ખરા ભાવથી એ પ્રભુને દૂધ અર્પણ કર્યું. તેથી તેઓ તારા ઉપર પ્રસન્ન થયા છે. તું એમનો આશરો કરજે અને અખંડ એમને સંભારજે. એમ કહી તેઓ અંતર્ધાન થઈ ગયા. આ સાંભળી જાનબાઈએ મહારાજની મૂર્તિને નમસ્કાર કરી કહ્યું કે હે પ્રભુ, તમે મારે ઘેર પધારો, આપનાં દર્શનથી હું સંસારસમુદ્ર તરી આપના ચરણમાં વિરામ પામું. મહારાજે કહ્યું કે અઢી વર્ષ પછી હું આ તરફ આવીશ, ત્યારે તમને દર્શન દઈશ. તે સમયે તારા પુત્રને તું વાયવ્ય ખૂણામાં ખોળ કરવા મોકલજે. મારી ઓળખાણ માટે દીવાનો પ્રકાશ આરપાર દેખાશે તથા ત્રણ તાડ જેટલું શરીર અદ્ધર દેખાશે અને શરીરમાંથી તેજનાં કિરણ નીકળશે. એમ કહી અદશ્ય થઈ ગયા. પોતાને આપેલા વર પ્રમાણે અઢી વર્ષ પૂરાં થયેથી જાનબાઈને મૂર્તિમાન દર્શન દઈ કહ્યું કે અલ્લા પધાર્યા છે. પછી તે બાઈએ ભાતું બંધાવી પોતાના દીકરા હરજી ઠક્કરને અલ્લાની શોધ કરવા કરિયાણા તરફ મોકલ્યો તે વખતે મહારાજ કરિયાણામાં દેહાખાચરને ઘેર હતા ત્યાં જાનબાઈનો દીકરો હરજી ઠક્કર આવ્યો, અને કોઈને પૂછ્યું કે કાઠીના ભગવાન ક્યાં છે ? ત્યારે તેણે જવાબ આપ્યો કે તેઓ તો વાણિયાની દુકાનમાં બેઠા છે. વાણિયો તે વખતે ઓસરીમાં દીવો મૂકી ઘરાકને માલ આપતો હતો. મહારાજે વાણિયાને કહ્યું કે મારી આંખમાં તેજ આવે છે. માટે અંદરની પરસાળમાં દીવો મૂકો. એમ દીવો અંદર મુકાવ્યો. મહારાજ ઓરડાના બારણા ઉમરા ઉપર ઉગમણે મુખારવિંદે બેઠા હતા, ત્યાં હરજી ઠક્કરે આવીને જોયું તો મહારાજન શરીરમાંથી સોંસરો દીવો દેખાતો હતો. તેથી આનંદ પામી વિચાર કર્યો કે અર્ધા અલ્લા મળ્યા. હરજી ઠક્કરને મહારાજે પૂછ્યું કે તમને કોણે મોકલ્યા છે ? ત્યારે તે બોલ્યા કે મારી માએ મોકલ્યા છે. તે સાંભળી મહારાજ દુકાનમાંથી કાઠીના દરબારમાં પધાર્યા અને પલંગ ઉપર જઈ બિરાજમાન થયા. હરજી ઠક્કર પણ તેમની પાછળ ત્યાં ગયા. અને મહારાજ સામું જોઈ બેઠા, તે વખતે મહારાજની મૂર્તિ ધીમે

ધીમે ત્રણ તાડ જેટલી ઊંચી ચઢી અને ત્યાં અદ્ધર સિંહાસન ઉપર બેઠેલા દેખાયા. પછી તે મૂર્તિમાંથી તેજનાં કિરણો ચોતરફ નીકળવા લાગ્યાં, અને મહારાજની સેવામાં એક લાખ ને એંસીહજાર ઓલિયા તેજોમય શરીરે અદ્ધર જોવામાં આવ્યા. હરજી ઠક્કરે તે ઓલિયાઓને પૂછ્યું જે તમો તથા આ પેગંબર અદ્ધર શેના આધારે રહ્યા છો, તે કૃપા કરીને કહો. ત્યારે તે ઓલિયા બોલ્યા કે અમે બધા આ સર્વોપરિ અલ્લાની સ્તુતિ કરીએ છીએ અને એમના દાસ છીએ. અને એમના તેજના આધારે અમે અદ્ધર રહેલા છીએ, અને પૂર્ણ પુરુષોત્તમ સ્વયં પોતાના તેજને આધારે બેઠા છે. એમનું તેજ અણુઅણુમાં વ્યાપક છે. આ જેવો કોઈ થયો નથી અને થશે પણ નહિ. આથી હરજી ઠક્કરને હૃદયમાં રુવાંડે રુવાંડે આનંદના ઊભરા આવવા લાગ્યા. પછી મહારાજે સર્વે પ્રકાશ ખેંચી લીધો કે તરત જ મહારાજને પલંગ ઉપર બેઠેલા દીઠા, તેથી હરજી ઠક્કરને નિશ્ચય થયો અને હર્ષઘેલા થયા. પછી મહારાજે કહ્યું કે આ તારું શરીર અપવિત્ર છે માટે તું નદીમાં જઈ સ્નાન કરીને આવ. ત્યારે તે સ્નાન કરીને ત્યાં આવ્યો. એટલે મહારાજે તેને પોતાની પ્રસાદી જમાડી. અને ચાર દિવસ પોતાની પાસે રાખ્યો. પછી હરજી ઠક્કરને ઘેર જતી વખતે કહ્યું કે આ વાત તું કોઈને કહીશ નહિ. તારી માને દર્શને આવવું હોય તો ગઢડે દાદા ખાચરને ત્યાં આવજો. પછી હરજી ઠક્કર ઘેર ગયો. ત્યારે તેની મા પૂછવા લાગી, એટલે તે હસવા લાગ્યો. તે જોઈ તેની માએ પૂછ્યું કે તને અલ્લા મળ્યા હરજી ઠક્કરે કહ્યું છે કે મહારાજે કહ્યું છે કે તારી માને દર્શને આવવું હોય તો ગઢડે દાદાખાચરને ત્યાં આવજો. આ સાંભળી જાનબાઈ ડોસી પોતાના ધણીની આજ્ઞા લઈ, પોતાના ત્રણએ દીકરાને સાથે લઈ, ગઢડે ગયં અને શ્રીજીમહારાજનાં દર્શન કરી પોતે કૃતાર્થ માની ત્યાંજ રહ્યાં.

## મેઘપુરમાં ફકીર

એક ફકીર કુરાન ભણીને આવતો હતો. મેઘપુરના સીમાડામાં પેસતાં તેના સર્વ સંકલ્પ બંધ થઈ ગયા અને અંતરમાં શાંતિ થઈ; તેથી તેણે વિચાર કર્યો કે આ મેઘપુર ગામમાં કોઈ ઓલિયા પુરુષ હોવા જોઈએ. પછી ગામમાં જઈ પૂછ્યું જે આ ગામમાં કોઈ ઓલિયા પુરુષ

આવ્યા છે ? એક ભાટે જવાબ આપ્યો જે આ ચોરામાં બાવો બેઠો છે તે ઓલિયો છે. ફકીરે કહ્યું : એ તો ગાંજો ફૂંકે છે, માટે ઓલિયો નથી. બીજા કોઈ ઓલિયા છે ? તેણે કહ્યું : હા, અહીં એક લાડકીબાઈ સમાધિનિષ્ઠ છે : તેના ગુરુ શ્રીસ્વામિનારાયણ છે, તે ઓલિયા છે. ફકીરે પૂછ્યું : ક્યાં છે ? ત્યાં તો શ્રીજીમહારાજ ત્યાં આવી ઊભા રહ્યા. ભાટે કહ્યું : આ ઓલિયા પુરુષ આવ્યા. ફકીરે શ્રીજીમહારાજનું દર્શન કર્યું અને તેને એકદમ શાંતિ થઈ ગઈ. તેણે શ્રીજીમહારાજને કલમો પઢવા કહ્યું : ત્યારે શ્રીજીમહારાજે કરસનિયા નામનો એક છોકરો તેની મા સાથે ભેંસ પાવા જતો હતો તેને બોલાવી વાણિયાની દુકાનમાં બેસાડી કહ્યું : કરસનિયા, આ ફકીને કલમા સુણાવ. તેણે પ્રથમ વજુ કર્યું. તે જોઈ ફકીર તો આશ્ચર્ય પામી ગયો ને વિચારવા લાગ્યો જે આ પાંચ વરસના છોકરાને આમ વજુ કોણે શીખવ્યું હશે? એટલામાં શ્રીજીમહારાજ બોલ્યા : ફકીર સાહેબ, એ ગભરુકો કલમા પૂછો. એટલે તેણે પોથી ખોલીને તેમાંથી કઠણ કઠણ કલમા તે છોકરાને પૂછ્યા. તરત જ તે છોકરે જવાબ આપવા માંડ્યા. ફકીરે કહ્યું: અમારા કુરાનમાં સર્યગત, હગીગત, તર્યગત અને મારફત કહે છે. તેના ઉત્તર આપો. ત્યારે કરસને કહ્યું: ખોટું ન બોલે ને સર્વેનું મળતું રાખે તે સર્યગત કહેવાય. અખંડ ખુદામાં મનને રાખે, વગડામાં રહે, લોકો અન્ન લાવે તે ખાય, ગમે ત્યાં પડી રહે અને અલમસ્તની પેઠે વરતે તે તર્યગત કહેવાય. અખંડ ચૈતન્ય તેજમાં ચારે કોર એક અલ્લાને દેખે અને જગત દેખે નહિ તે મારફત કહેવાય. મારફતને જે રાજી કરે ને તેના સામું તે જુએ, એટલામાં ત્રીજા લક્ષણવાળા તર્યગત જેવો કરી મૂકે. આ સાંભળી ફકીર બોલ્યો જે યહ ઇસ ઘબરુકા કામ નહીં હૈ. આપ જૈસા ઓલિયાકા કામ હૈ. તે સમયે શ્રીજીમહારાજે તેનું પવિત્ર દિલ જોઈ સમાધિ કરાવી, એક લાખ ને એંસી હજાર ઓલિયા, ચોવીસ પેગંબર, અજરાયલ અને અમરાયલને પણ પોતાની સેવામાં બતાવ્યા, તેમજ અનંતકોટિ મુરસદને પોતાની સેવામાં દેખાડ્યા. પછી તેને સમાધિમાંથી પાછા દેહમાં લાવ્યા. સમાધિમાં તે ફકીરે શ્રીજીમહારાજનાં અલૌકિક દર્શન કર્યાં. અને સર્વ હકીકત જે જોઈ હતી

તે કહી અને બોલ્યો જે આપ તો ખુદાતાલા છો. માટે મને આપનો આશ્રિત કરો. એમ કહી વર્તમાન લીધાં અને શ્રીજીમહારાજનો આશ્રિત થયો, તથા સ્વામિનારાયણ મંત્રનો જપ કરવા લાગ્યો. તેણે માંગરોળ, માણાવદર, જૂનાગઢ વગેરે સ્થળે મુસલમાનોને શ્રીસ્વામિનારાયણ એ પ્રત્યક્ષ ખુદા છે એવી સર્વોપરિ વાતો કરી સત્સંગી કર્યા.

## વડોદરાના મુસલમાન

વડોદરાના રાજમાર્ગમાંથી સવારી પસારથતી હતી ત્યારે પાંચસો વરસની બાબી મુસલમાનોની સાત કબરો વચ્ચોવચ્ચ હતી ત્યાં આવી. ત્યાંના ફકીરને શ્રીસ્વામિનારાયણે ખુદારૂપે દર્શન દઈ સંતુષ્ટ કર્યો. આગળ ચાલતાં મુનશી સાહેબની હવેલી ઉપરથી તથા ઊંચા અને વિશાળ માંડવા ઉપરથી હજારો માણસોએ જય સ્વામિનારાયણ બોલી શ્રીજીમહારાજ ઉપર પુષ્પોના હારોનો વરસાદ વરસાવી મૂક્યો. તે પુષ્પ અને હાર વડે હાથી તથા હરિભક્તો ઢંકાઈ ગયા હોય એમ દેખાતું હતું. તે પ્રસાદીના હારો લાંબા હસ્તે નાનાસાહેબ લોકોના ઉપર પાછા ફેંકતા હતા, તે લેવા લોકોની મેદનીમાં ઝૂંટાઝૂંટ થતી હતી. જ્યારે, શ્રીજીમહારાજનો ગજરાજ માંડવી તળે વચ્ચોવચ્ચ આવ્યો ત્યારે દ્વાપર યુગના વખતની એક મોટી વાવ દટાઈ ગઈ હતી તેમાં ત્રણ વીરો રહેતા હતા તેના ઉપર શ્રીજીમહારાજનો હાથી ચાલવાથી બ્રહ્માંડ જેટલો ભાર લાગ્યો. તેથી વીરોનાં મસ્તક કચરાઈ જવાથી મોટી તોપ જેવા અતિ ભયાનક ત્રણ ભડાકા થયા, તેથી પૃથ્વી ધ્રૂજી ગઈ, આખું શહેર ભયભીત બન્યું. ત્યારે નાનાસાહેબે શ્રીજીમહારાજને પૂછ્યું : હે કૃપાનાથ, આ કેવો બનાવ બન્યો ? શ્રીજીમહારાજ બોલ્યા : એ તો ક્રૂરવીર, ધૂમ્રવીર, મોહવીર એ ત્રણે આગિયા વીર વૈતાલના ભાઈ હતા. અગિયો વીર વિક્રમ રાજાને વશ થયો, પણ એ ત્રણે ભાઈઓ વશ ન થયા. તેમને વિક્રમ રાજાએ બાણ મારી આ વાવમાં દાટી દીધા છે. તે આજે આ હાથી સહિત અમારી નીચે દબાવાથી તેમનાં મસ્તક ફાટ્યાં, તેથી આ ત્રણે મોટા ભયાનક તોપો જેવા અવાજ થયા છે. હવે તેમનો જીવ અમારા સંબંધથી દેવતાના દેહને

પામશે. પછી ત્યાંથી લાખો માણસોને દર્શન આપતાં આપતાં સવારી લહેરીપુરા બહાર આવી. ત્યાં સંધ્યાકાળ થયો, તે સમયે આખા શહેરમાં બંને બાજુની હવેલીઓ, બંગલાઓ વગેરે ઠેકાણે કાચની હાંડીઓના ઝુંમર અને દિવાલગીરીઓની રોશની થઈ ગઈ તેના અપાર તેજથી નગર ઝળહળી રહ્યું. ત્યાંથી સવારી મદન ઝાંપા તરફ વળી. ઠેર ઠેર "જય સ્વામિનારાયણ" "જય સ્વામિનારાયણ એમ થઈ રહ્યું હતું. આ વખતથી શોભાનું વર્ણન એવો કયો કવિ છે તે વર્ણવી શકે ? આગળ ચાલતાં ડભોયાવાડી, સોનાવાડી, કંસારાવાડી ઉલ્લંઘીને ગોસ્વામીની બેઠકમાં દ્વારકાનાથજીને સાકરના થાળ અને ભેટ મોકલાવી અને સવારી કેવડા બાગ પાસે આવી, ત્યાં કિલ્લેદારે તેમના બંગલા પાસે શ્રીસહજાનંદ સ્વામીના સન્માન માટે દારૂખાનાનાં બપોરિયા, કોઠીઓ, ઝાડો પ્રજ્વલિત કર્યા. આગળ ચાલતાં સવારી મસ્તુબાગના વિશાળ મેદાનમાં આવી. મધ્ય ભાગે શ્રીજીમહારાજના ગજરાજે પ્રવેશ કર્યો કે તરત સરકાર વાટ જોઈ ઊભા રહ્યા હતા તે સામા પધાર્યા, એટલે હાથીને મહાવતે બેસાડ્યો. પછી શ્રીજીમહારાજ ધીરા રહી ઊતર્યા એટલે સરકાર "જય સ્વામિનારાયણ" કહી પગે લાગ્યા. તે સમયે તોપોના બહાર થવા લાગ્યા. ત્યાં પંચરંગી દીવા, હાંડી, ઝુમ્મરોથી અતિ પ્રકાશ થઈ રહ્યો હતો. ત્યાં સરકારનો હાથ ઝાલી શ્રીજીમહારાજ પધાર્યા. તે મંડપનાં પગથિયાં ઉપર શ્રીજીમહારાજ સરકાર સામું જોઈ મંદ મંદ હસ્યા. પછી સરકાર રત્નજડિત ઊંચા સિંહાસન ઉપર શ્રીજીમહારાજને પધરાવીને "જય સ્વામિનારાયણ" કહી પગે લાગ્યા. તે વખતે શ્રીજીમહારાજના જમણા પગના અંગૂઠામાંથી કર્ણપ્રિય અનંત પ્રકારના રાગ નીકળ્યા. તે સાંભળી સરકારને સમાધિ થઈ અને તેમાં મુક્તે સહિત શ્રીજીમહારાજનાં દર્શન થયાં, પછી બે આચાર્યો તથા સદ્‌ગુરુઓ તેમજ બ્રહ્મચારી સંતો સર્વેને યથાયોગ્ય આસને બેસાડ્યા અને સરકાર પણ શ્રીજીમહારાજ સન્મુખ હાથ જોડી બેઠા. સેંકડો ચોપદારો "જય જય મહારાજાધિરાજ" એવા મંગળ શબ્દો બોલતા હતા.

એ રીતે પ્રાતઃકાળના પાંચ વાગ્યાથી તે રાતના આઠ વાગ્યા સુધી

દર્શન કરતા લોકો અતિ આનંદમાં એમ કહેતા હતા કે આજ મનુષ્ય જન્મ ખરેખર સફળ થયો. સાક્ષાત્ શ્રીસ્વામિનારાયણ ભગવાને મંદહાસ્ય વડે અમૃતદૃષ્ટિ કરી મારા સામું જોયું છે. તેથી મારું કલ્યાણ થઈ ગયું છે. તે વખતે પીરાંની પીરની મસીદના સૈયદો તથા ફકીરો બાર જણા શ્રીજીમહારાજની સભા આગળ છેટે આવી ઊભા ઊભા જોતા હતા, તેમને છે તેમને વધાવો. નાથભક્તે ત્યાં જઈ તે પુષ્પોથી તેઓને વધાવ્યા કે તરત તે બારે જણની લાંબી દાઢીઓ હતી તે ઝટ ઊડી ગઈ. માથે મોટી ચોટલીઓ ઊગી નીકળી; તેથી હિંદુ જેવા દેખાવા લાગ્યા. પછી શ્રીજીમહારાજે પોતાની હાથની પ્રસાદી અપાવી. તે ખાવાથી બારે જણનું અહંકારરૂપ અંતઃકરણ ફરી ગયું. અને પૂર્વજન્મમાં પોતે બ્રાહ્મણના અવતાર હતા તેની દૃઢ માન્યતા થઈ ગઈ. તેથી ભરસભામાં આવી જ્ઞાનશક્તિ, ઇચ્છાશક્તિ, ક્રિયાશક્તિ પ્રથમના જન્મમાં હતી તેવી જ ઉદય થઈ. શ્રીજીમહારાજે પૂછ્યું તમે કોણ છો ? ત્યારે તેઓ બોલ્યા કે અમે તો અથર્વવેદી ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ છીએ એમ કહી વેદમાંનું અલ્લાસૂત્ર બોલવા માંડ્યા. શ્રીજીમહારાજે પૂછ્યું તમો કઈ જાત છો ? ત્યારે બોલ્યા અમે શુદ્ધ બ્રાહ્મણ છીએ, પણ અમને ગાઢ નિદ્રા થઈ હતી, તેમાંથી આપે અમને જગાડ્યા છે, માટે તમે તો સાક્ષાત્ સર્વોપરિ પૂર્ણપુરુષોત્તમ ભગવાન છો, તેથી અમારો મોક્ષ કરો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે ઠીક, તમારાં અંતઃકરણ અને જ્ઞાનાદિ ત્રણ શક્તિઓ બદલાઈ ગઈ છે. તમારું શરીર જે પહેલાં હતું તે રહેશે. એમ કહી રજા આપી. તેઓ દંડવત્ પ્રણામ કરીને "જય સ્વામિનારાયણ" કહી પગે લાગી ચાલ્યા ગયા. પછી શ્રીજીમહારાજે નાથભક્તને બોલાવી કહ્યું : હવે આ સર્વ સભાને તથા સવારીના માણસોને પ્રસાદ વહેંચાવો. ત્યારે નાથભક્તે સાકરના ભરેલા મોટા થાળ લાવીને શ્રીજીમહારાજના હાથથી પ્રસાદી કરાવી, ઘણા હરિભક્તોના હાથે સર્વ સભામાં વહેંચાવી. હવે સરકારે બ્રાહ્મણોને હુકમ કર્યો જે સર્વેને જમાડો. સરકારે શ્રીજીમહારાજ તથા સર્વ સંત હરિભક્ત મંડળને જમવા પધારવાની પ્રાર્થના કરી ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : સરકાર આપ પણ સવારના શ્રમિત થયા છો માટે

મહેલમાં પધારો. એમ કહી શ્રીજીમહારાજ સભામાંથી ઊઠ્યા, એટલે સરકાર પણ ''જય સ્વામિનારાયણ'' કહી પગે લાગી પધાર્યા.

## સદ્.શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો ગુણ લેવાથી અક્ષરધામની પ્રાપ્તિ થઈ

મહારાજે સંતો દ્વારા અનેક જીવોનો ઉદ્ધાર કર્યો છે. ગુણાતીતાનંદસ્વામી એકવાર જૂનાગઢમાં કાળવા નદીએ સ્નાન કરવા જતા હતા. નિજ મસ્તીમાં ધૂન-ભજન બોલતા હતા. તે જોઈને રસ્તામાં એક ફકીરને સ્વામીનો ગુણ આવ્યો. એટલે તે ફકીરથી સહજ બોલાઈ ગયું 'અરે...! દેખો દેખો સ્વામિનારાયણ કે ઓલિયા કી ક્યાં મસ્તી હૈ !' તે સાંભળી સ્વામીએ પાછું વાળીને જોયું. પછી રાજી થયેલા સ્વામીએ તે ફકીરને કહ્યું, 'તને મારો ગુણ આવ્યો, તેથી જા હું આશીર્વાદ આપું છું જે, અંતકાળે તને ધામમાં લઈ જઈશ. આજથી તારે બાંગ પોકારવી મટી.' તેથી ફકીર સ્વામીના પગમાં પડ્યો. આમ સ્વામીએ તેનું સહજમાં કલ્યાણ કર્યું.

## ધોરાજીમાં મુસ્લિમ બિરાદરને ગુણ આવ્યો

ધોરાજીમાં એક મુસ્લિમ બિરાદરને સહુના ગુણ લેવાની ટેવ હતી. એમાં કોઈ કારણોવશાત્ તે ગાંડો થઈ ગયો. પરંતુ જે મળે તેનાં વખાણ કરે. આ ટેવ તેની એમની એમ રહી. એકવાર ગુણાતીતાનંદસ્વામી વગેરે સંતો ધોરાજી આવ્યા. ત્યારે સંતોની મસ્તી જોઈને આ મુસ્લિમ સંતોનાં વખાણ કરતો કહે, ક્યાં સ્વામિનારાયણ કે ઓલિયા કા નૂર હૈં. વો તો સબસે બડા ઓલિયા હૈ। આમ સ્વામીનાં વખાણ કર્યાં અને સંતનો ગુણ લીધો તો જ્યારે તેનો અંતકાળ આવ્યો ત્યારે શ્રીજી મહારાજ તેને તેડવા આવ્યા અને અક્ષરધામનો અધિકારી બનાવ્યો.

## માંગરોળનાં નવાબ વજુદીનને ઐશ્વર્ય બતાવી પોતાને આધીન કર્યો

માંગરોળમાં મહારાજ જ્યારે પધાર્યા ત્યારે અનેક લોકો દર્શને આવ્યા ને સમાધિ થવા લાગી ત્યારે તેને જોઈને તે નગરીનો રાજા યવન હતો. તેનું નામ વજુદીન હતું. તેણે અતિ કોપાયમાન થઈને કહ્યું જે, ''એસા કોન જાદુગરા ફકીર હે, સો મેરે પુરમેં આયકે સહબ લોકકું ટોના (જાદુ-ટોણા) લગાયકે ગિરાયકે બાહુરા (બાવરાં; ગાંડાં-ઘેલા) કરતે હે ?'' તેમ કહીને રાજ્યપુરુષ મોકલીને મહારાજ પ્રત્યે

એમ કહેવરાવ્યું જે, 'તમે અમારા પુર મધ્યેથી જતા રહો.' ત્યારે સર્વે લોકના સ્વામીને સર્વે સાધુતાની અને ક્ષમાની પણ સીમા એવા જે શ્રીજીમહારાજ તે તેના પુર મધ્યેથી ચાલતા થયા. તે મોરેથી તે રાજાએ માર્ગ મધ્યે ફૂલવાડી મધ્યે બેસીને મનસૂબો બાંધ્યો જે, 'આ રસ્તે નીકળી ત્યારે તે ફકીરકું પકડકે કબજ કર દેંગે.' તેમ મનસૂબો કરીને તે (રાજા ને તેના રાજપુરુષ) બેઠા છે.

અને હવે શ્રીજીમહારાજ ચાલ્યા આવે છે, ને પોતાની વાંસે હરિજન સભીત થકા આવે છે જે, 'આ પુરનો નરેશ અતિ કોપાયમાન થયો છે, તે શું જાણીને મહારાજને શુંએ કરશે ?'

તેમ કરતાં શ્રીજીમહારાજને તેને સમીપે આવ્યા. ત્યારે તે સર્વે મહારાજને પકડવા સારું સામા ધોડ્યા. ત્યારે શ્રીજીમહારાજે તે સામું જોઈને બે હાથની તાળી પાડી અને ઊંચે સ્વરેથી હુંકાર શબ્દ કર્યો. તેથી તે કાળે તેના સર્વે મનુષ પૃથ્વી ઉપર પડી ગયા. ને તે રાજનો ગુરુ એક ફકીર હતો. તેનું નામ મૂરાદસા હતું. તે અતિ વિરાવળી ને મેલા મંત્રનો ઉપાસક હતો. તેણે નરેશને કહ્યું જે, "તે સાધુ જાદુગરા હે, ઈનકું મૂઠ નાંખકે હમ જીતેંગે, સર્વે બેખીર સે રહેના." તેમ મોઢેથી કહેતો હતો અને એ જ સર્વે ઉપાધિ કરાવતો, એવો હતો. ને તેણે મનશું એમ જાણ્યું જે, 'આ તો અતિ સામર્થીવાન છે.'

પછી તે મહારાજ પ્રત્યે બોલ્યો જે, "હે ફકીર !" તુમને આ ક્યા કર દિયા ?" ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "જો અમે આ સબકું ગિરાયા હે તો તુમ ઈન સબનકું ઉઠાઈ દ્યો." ત્યારે તેણે એમ કહ્યું જે, "સબકું ગિરાયા હે પણ અમકું ક્યું ન ગિરાયા ?" ત્યારે તેને શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "તમારા રૂ (જીવ) તો દોજખી (નારકી-પાપી) હે." ત્યારે તે બોલ્યો જે, "અમકું દોજખ (જમપુરી; નરક) બતાવો."

પછી શ્રીજીમહારાજે તાળી પાડીને હુંકાર શબ્દ કર્યો, તેથી તે પડી ગયો ને મહાભયાનક દોજખને જોતો હવો. અને તે (અગાઉ પડી ગયેલા) રાજાને તેના ચાકર સર્વે યવન તે ભીસ્ત (સ્વર્ગ) અને તેના પેગંબરને

જોતા હવા. પછી શ્રીજીમહારાજ પોતે વીરાસને બેસીને ધ્યાન કરતા હવા. ત્યારે તે નવાબનો સભાસદને બુદ્ધિમાન એક ભાટ હતો. તે શ્રીજીમહારાજ પ્રત્યે હાથ જોડીને બોલ્યો જે, ''હે મહારાજ ! આ સર્વે તમારો અપરાધ કરવા ઈચ્છતા તે સર્વે પોતે પોતાના પાપથી પડીને ક્યાં ગયા હશે ?''

ત્યારે તે પ્રત્યે શ્રીજીમહારાજે કહ્યું જે, ''તે સર્વે ઊઠે ત્યારે તમે તેને જ પૂછજો. તે સર્વે વાત કહી દેખાડશે.'' પછી શ્રીજીમહારાજ પ્રત્યે તે ભાટે કહ્યું જે, ''હે મહારાજ ! આ સર્વે જનને તમે ઉઠાડો ને આપ તે સર્વેના અપરાધને ક્ષમા કરવા જોગ્ય છો.'' તેમ કહીને ગરજુ થઈને ઘણીકવાર સુધી સ્તુતિ કર્યાથી શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થયા. તેથી મહારાજે પોતાના બે હાથની તાળી પાડીને ઊંચે સ્વરે હાક મારી, તેથી એક કાળે સર્વે યવન ઊઠ્યા. અને ઊઠીને શ્રીજીમહારાજને પગે લાગતા થકા એમ કહ્યું જે, ''હે મહારાજ ! તુમ તો બડે હો ને હિંદુ લોકકે કનૈયા હો. ને જો તુમારા હમ ગુના કિયા હૈ તે સબ તકસીર માફ કરના.'' તેમ તે સર્વે બોલ્યા.

ત્યારે તે સર્વેને શ્રીજીમહારાજે અને તેના સભાસદ ભાટે પૂછ્યું જે, ''તમે જેમ દીઠું હોય તેમ કહો.'' ત્યારે તેણે એમ કહ્યું જે, ''અમકું તમે ભીસ્ત દેખાયા ને પેગંબર ભી દેખાયા હૈ.'' ત્યારે મહારાજે એમ કહ્યું જે, ''હમ તો આંહી બેઠે હે. પૂછો, તુમારા ભાટકું પૂછો.'' ત્યારે તેમણે એમ કહ્યું જે, ''હે મુરશિદ (ધર્મોપદેશ ગુરુ) ! તુમ અમારી અગાડી હતા ને તુમારેપીછે હમ સબકુ લેકે દેદાર કરાયા હે એસે ઇ તુમ હો.''

અને તેનો ગુરુ ફકીર તે પડ્યો'તો, તેના શરીરને જમ મારતા હતા, તે ઊંચું ઊડીને પૃથ્વીને વિશે પછડાતું હતું. જેને જોઈ તે નરેશે શ્રીજીમહારાજ પ્રત્યે કહ્યું જે, ''હે મહારાજ ! આ મેરા ગુરુ હે, ઈનકું ઉઠાવો.'' તેને શ્રીજીમહારાજે હાક મારીને ઉઠાડ્યો. તેને પોતે કહ્યું જે, ''તુમને ક્યા દેખ્યા હે ? તે કહો.'' ત્યારે તેણે એમ કહ્યું જે, ''મેં તો દોજખ દેખ્યા હે.''

ત્યારે શ્રીજીમહારાજે તે નરેશને એમ કહ્યું જે, ''તમારા ગુરુ દોજખી

હે, સો તુંમકુ દોજખ મેં લે જાયેગા.'' ત્યારે તેણે એમ કહ્યું જે, ''હે મહારાજ ! આપકા દેદાર થયા, તેથી મેરા રૂ તો ભીસ્તમેં જ પોચાડના. ને હે મહારાજ !'' મેરા પુરને વિશે તુમ સદાયે રહો ને તુમારા કોન નામ લેવે ? બે ફીકરસે આપ રહો ને હત મારી નો કરેંગે (મારી નાખ્યા જેવો કરીશું.)'' ત્યારે મહારાજે તેને એમ કહ્યું જે, ''અમેતો કેવા છીએ ? તો અમારે વિશે અચ્છા દેખે (ઇચ્છે) તિનકા અચ્છા હોય, ને અમારે વિશે બૂરા ઈચ્છે ઈનકા બૂરા હોતા હે.'' તેમ કહીને તેને કલ્પતરુના દૃષ્ટાંતે વાત કરી સમઝાવ્યો, પછી તે શ્રીજીમહારાજને પોતાના હેતુ (હિતેચ્છુ) માનતો હવો.

પછી તે બાગ મધ્યે ઘણાંક ચકલાં જોઈને તે ભાટે મહારાજને કહ્યું જે, ''હે મહારાજ ! તમે સર્વે મનુષને સમાધિ કરાવી પણ આ સર્વે વિહંગ જે ચિરિયાં હે તિનકુ સમાધિ થાય ?'' પછી તે પ્રત્યે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, ''અનેક જનનાં નાડીપ્રાણ તાણે એવા સમર્થ હોય, તે તો સર્વે બ્રહ્માંડના જીવના પ્રાણને લીન કરે, તેમાં શું આશ્ચર્ય છે ?''

ત્યારે તેણે કહ્યું જે, ''તેને તમે સમાધિ કરાવો ખરા ?'' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, ''તેને પણ થાય.'' ત્યારે તે સર્વે બોલ્યા જે, ''હે મહારાજ ! અમકુ દેખાવો.'' ત્યારે તે સમે શ્રીજીમહારાજે તે સર્વે વિહંગ સામું જોઈને પોતાની જોગમાયાથી એક કાળે સર્વે ચકલાંનાં નાડીપ્રાણ તાણ્યાં. તે ઊંચા પગ કરીને સર્વે પડી ગયાં. તેને જોઈને સર્વે સભા આશ્ચર્યમય થઈ ગઈ. પછી તે સર્વે બોલ્યા જે, ''હે સમર્થ ! સબ ચિડિયાકુ ઉઠાઈ દ્યો.'' ત્યારે શ્રીજીમહારાજે પોતાના હાથની તાળી પાડીને સર્વે વિહંગને એકાળાવચ્છિને ઉઠાડ્યાં. તે સર્વે આશ્ચર્યને જોઈને તે નરેશે શ્રીજીમહારાજને તેની શિબિકામાં બેસારીને પોતાના પુરમાં પધરાવ્યા.

તે સમે કુસંગી લોક તે એમ કહેતા હતા જે, ''આ બાવે આપણા રાજાને પરસાદી ખવરાવીને ગાંડો કર્યો છે. તે બાવાને ઝાલવા ગયો'તો તે જ શિબિકા મધ્યે બેસારીને લાવ્યો. તે હવે આપણી શી ગતિ થાશે ? સર્વે જનને ગાંડા કરી નાંખશે.'' તેમ સર્વે જન પુર મધ્યે કહેતા હતા.

## જૂનાગઢમાં રાજાએ મંદિરની જગ્યાનો લેખ કરી આપ્યો

શ્રીજીમહારાજના દર્શનને અર્થે તે પુરના જે નરેશ તેના મનુષ્ય જે સભાસદ ને તેના અમાત્ય તે શ્રીજીમહારાજની સમીપે સભામાં આવીને બેઠા. ત્યારે શ્રીજીમહારાજે તેને ઘણું માન આપીને શુભ વચનથી બોલાવ્યા અને તે સર્વે મનુષ્યને રાજી કરીને મહારાજે તે પ્રત્યે એમ કહ્યું જે, "આ જાયગા અમને ઝીણાભાઈએ ને દાદાભાઈએ મંદિર કરવા સારુ ધર્માદા આપી છે, પણ આ લખત મધ્યે નવાબની સહી જોઈએ. ત્યારે તે લખત કબૂલ-મંજૂર થાય." ત્યારે તે સર્વેએ એમ કહ્યું જે, "હે મહારાજ ! આ સર્વે ભુમી તમને આપી તે તેની જ છે, પણ જો તમારે રાજાની સહી કરાવવી હોય તો તમે અમારા ભેગા ચાલો. ને અમે તમોને તેડવા સારુ જ આવ્યા છૈયે."

તે સમે શ્રીજીમહારાજ સર્વે અશ્વારે સહિત ચાલ્યા, તે સર્વે પોતાના મનુષ્ય તથા તે રાજાના મનુષ્ય જે અશ્વાર ને પાળા તે સર્વે જનને શોભાડતા થકા તે પુરની બજારું ને શેરીઓ તે મધ્યે વસતા જે મનુષ્ય સ્ત્રી-પુરુષ તેને પોતાની મૂર્તિનાં દર્શન દેતા હતા, ને ત્યારે ઢોલ, ત્રાંસાં, મૂર્ફા, નગારાં, શરણાઈઓ, ભૂંગળ, ભેરી, રણશિંગીઓ (યુદ્ધમાં વગાડવાનું તતૂડું), પડઘમ ને બાંસુરી આદિક ઘણાંક વાજાં વાગતાં હવાં ને ઘણાંક બંદીજનને માગધજન તે વખાણ કરતા હવા.

તે રાજાના રાજદરબારને દરવાજે સર્વે જને સહિત શ્રીજીમહારાજ પહોંચ્યા. પછી દ્વારપાળ પાસે રજા મંગાવીને શ્રીજીમહારાજ તે રાજાની સભા પ્રત્યે ગયા.

ત્યારે તે નરેશ ઘણાક આદરમાનથી મળીને નમ્યો ને પોતાની રાજગાદીથી હેઠા ઊતરીને પૃથ્વીને વિશે ઊભો રહીને હાથ જોડીને એમ બોલ્યો જે, "હે મહારાજ ! મેરા બડા ભાગ્ય હે, ને મેરા પુરકે લોકનકા બી બડા ભાગ્ય હૈ, જો આપ પધારી કે દેદાર દિયા હે. ને તુમ તો હિંદુ લોકકા કનૈયા હો. ને બોત દૂરસે આયકે તુમ ઝીણાભાઈકું આપકા દેદાર દેકે ઈનકા રૂ કા અચ્છા કર દિયા હે." તેમ કહીને પોતે શ્રીજીમહારાજને એમ કહ્યું જે, "હે મહારાજ ! અમારી ગાદી ઉપર તમે બેસો." ત્યારે

શ્રીજીમહારાજે તે નરેશને એમ કહ્યું જે, "અમે કોઈ રાજાના આસન ઉપર બેસતા નથી."

પછી બીજા આસને બેસીને શ્રીજીમહારાજે તે રાજા પ્રત્યે કહ્યું જે, "અમને ઝીણાભાઈએ તથા દાદાભાઈએ મંદિર કરવા ધર્માદામાં ભોમી આપી છે. તે પુરના પતિ તમે જ છો. તે તમારા હાથની સહી કરી આપો. ને અમારું મંદિર કરીએ તે મધ્યે હરેક પદાર્થ જોઈએ તેના તમે દાણ માફી કર્યાના લેખ ને સહી કરી આપો, તો તમારા પુર મધ્યે બડા મંદિર બનાવીએ. તેથી તમારું પુર તે અતિ શોભાયમાન થાશે. તેમ શ્રીજીમહારાજે તે રાજા પ્રત્યે કહ્યું."

ત્યારે તે રાજાએ એમ કહ્યું જે, "હે મહારાજ ! આ નગરીને ઉપર ઘણાક રાજા રાજગાદી ઉપર બેસીને તેની સર્વે સમૃદ્ધિ મેલીને ગયા. તેમ મારે પણ જાવું છે. તે સારુ તમ જેવા મોટા પુરુષને મારે તો રાજી કરવા છે." તેમ કહીને દાણમાફીનો લેખ ને પોતાની સહી કરી દીધાં.

પછી શ્રીજીમહારાજને ભારે વસ્ત્રનો પોશાક આપ્યો. પછી શ્રીજીમહારાજે તેને એક ઘોડી ભેટ આપીને પોતાની મૂર્તિ સાથે હેત કરાવીને તેના જીવનો મોક્ષ થાય તેમ કરતાં થકાં 'જય સચ્ચિદાનંદ' કહીને રજા માગી અને ગાજતેવાજતે સર્વે શત્રુને દબાવતા થકા પોતાના ઉતારા પ્રત્યે આવ્યા. પછી સ્નાનવિધિ કરીને જમીને પોતાના પલંગ ઉપર બેસીને સર્વે જેમ વાત થઈ ને રાજા સંગાથે મળીને સર્વે જે કાંઈ કામનો બંદોબસ્ત કર્યો,

**● બ્રહ્માનંદ સ્વામીએ ઘોડાને નિર્વાસનિક કર્યો**

જ્યારે બ્રહ્માનંદ સ્વામી જુનાગઢ મંદિરના કાર્ય માટે આવ્યા ત્યારે અમુક વિઘ્નસંતોષીના કહેવાથી રાજાએ મંદિર બનાવવાની પરવાગી આપી નહી તે વખતે રાજ્યમાં એક ઘોડો અતીકામી અને તોફાની હતો મુસ્લીમ બિરાદરીના લોકોએ કહ્યું કે જો બ્રહ્માનંદજી આ ઘોડાની અસવારી કરે તો નવાબ લેખ કરી જગ્યા આપે - નવાબે પણ તે વાત મંજુર રાખીને સ્વામીને વાત કરી ત્યારે બ્રહ્માનંદ સ્વામી ઘોડા પાસે આવી તેના પર હાથ માથે તેને કામ સંપૂર્ણ નાશ થઈ ગયો અને ઘોડો શાંત બની ગયો.

પછી સ્વામી તે ઘોડા પર બેસી જુનાગઢની પરિક્રમા કરી તેથી નવાબને ગુણ આવ્યોને મંદિર બનાવવા માટે બ્રહ્માનંદ સ્વામીને મદદ કરી.

**● જુનાગઢના નવાબનો દેહ ત્યાગ**

એકવાર શ્રીજી મહારાજ ગઢડામાં સભા કરીને બીરાજેલા તે સમયે વાત કરતાં મહારાજે મુખ આગળ રૂમાલ દીધો તેથી સભાસદોએ પૂછ્યુ મહારાજ કેમ મુખ આગળ રૂમાલ મુક્યો ત્યારે શ્રીજીમહારાજ કહે જુનાગઢના નવાબને બ્રહ્માનંદ સ્વામીનો ગુણ આવેલો અને મંદિર બનાવવામાં ખુબજ મદદ કરી હતી તે તેનો અંતકાળ આવ્યો તો તેડવા ગયો હતો. પરંતુ તેને ખુબજ દારૂ પીધો હતો માટે મુખ આગળ રૂમાલ મુક્યો.

મહારાજે તે નવાબે દારૂ પિધો હતો તો પણ સત્સંગના કાર્યમાં મદદ કરી તેથી અંતકાળે શ્રીજી મહારાજે દેહ મુકાવીને ગોલોકના દરવાજે દ્વારપાળ  બનાવી કલ્યાણ કર્યું.

# ગ્રંથ સંદભ સુચિ


- વચનામૃત
- શ્રીહરિચરિત્રામૃત સાગર
- શ્રીમદ્ ભાગવત
- શ્રી રામાયણ
- શ્રી અક્ષરાનંદસ્વામીની વાતો
- શ્રી ઘનશ્યામ લીલામૃત
- શ્રી હરિવનવિચરણ
- શ્રી ઉન્મતગંગા મહાત્મય
- શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો
- શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો
- શ્રી હરિકૃષ્ણ લીલામૃત
- ઉત્તર ગુજરાતની લીલાઓ
- શ્રી હરિ લીલામૃત
- અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ
- શ્રી સ્વામિનારાયણ સહિંતા
- શ્રી તદ્રુપાનંદ સ્વામીની વાતો
- શ્રી સ્વામિનારાયણ ભાગવત
- ભક્ત આખ્યાન
- શ્રીજીમહારાજ પ્રગટની વાતો
- સંત આખ્યાન
- વિશ્વાસુ ભક્ત દાદાખાચર
- યોગાનંદસ્વામીનું જીવન કવન
- શ્રી હરિચરિત્ર ચિંતામણી ભાગ-૧,૨,૩
- શ્રી અદ્ભુતાનંદ સ્વામીની વાતો
- શ્રીહરિ સ્મૃતિ
- આદર્શ ભક્ત ગાથા
- શ્રીમદ્ સત્સંગી જીવન
- શ્રીમદ્ સત્સંગીભૂષણ
- સંત સુમન સુજ
- બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ
- ભાયત્માનંદ સ્વામીની વાતો
- પ્રસાદાનંદ સ્વામીની વાતો
- શ્રી પુરૂષોત્તમ લીલા (કચ્છનીલીલા)
- મહારાજની લીલા
- શ્રીહરિ લીલા સિંધુ
- મોનજી ભગતની વાતો
- ગઢપુરની લીલા
- ભક્ત ચરિત્રમ્
- જનમંગલ કથાસાર
- શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર
- લીલાચરિત્રની વાતો
- શ્રી પ્રેમાનંદ સ્વામીના ગ્રંથો
- શુક્રાનંદ સ્વામી કૃત ગ્રંથાદિ
- ધીરજ આખ્યાન
- શ્રી હરિકૃષ્ણનારાયણ ચરિત્રામૃત
- શ્રી માર્કેંડેય પુરાણ
- શ્રી માધવદાસજી સ્વામીનો ગ્રંથ
- શ્રી દુર્ગપુર મહાત્મય
- શ્રી હરિલીલા કલ્પતરું
- અવધ દિગ્વિજય
- શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણી
- પાર્ષદ ગુમાનજીનો ગ્રંથ
- લીલા ચિંતામણી

## પુસ્તકમાં સેવા આપનાર સહદાતાશ્રી

૧. પ.ભ.શ્રી જશવંતભાઈ અને મધુબેન પટેલ

૨. પ.ભ.શ્રી વિનીતભાઈ અને જયશ્રીબેન મહેતા

૩. પ.ભ.શ્રી અ.નિ.શૈલેષકુમાર છગનલાલ ગદાણી
પ.ભ.શ્રી વર્ષાબેન શૈલેષભાઈ ગદાણી (લોરેન્સ)

૪. પ.ભ.શ્રી અ.નિ. રમણભાઈ ચતુરભાઈ પટેલ પરિવાર
પ.ભ.શ્રી ગં.સ્વ.શાંન્તાબેન, નરેન્દ્રભાઈ, મુકુંદભાઈ, ઘનશ્યામભાઈ, શિલાબેન

૫. પ.ભ.શ્રી નરેન્દ્ર કનુભાઈ પટેલ (માણસા)

૬. અ.નિ. હિરાબેન ગાંડાભાઈ જુગલદાસ પટેલ
જગદીશભાઈ અને અલ્કાબેન પટેલ (સોલાવાળા)

૭. પ.ભ.શ્રી વસંતભાઈ અને દેવીકાબેન ત્રિવેદી

૮. પ.ભ.શ્રી ગં.સ્વ. સાકરબેન આત્મારામભાઈ પટેલ

૯. પ.ભ.શ્રી સંતોકબેન અને બળદેવભાઈ ચૌધરી

૧૦. પ.ભ.શ્રી બીપીનભાઈ અને નીતાબેન કવી

૧૧. પ.ભ.શ્રી મધુબેન ઈશ્વરભાઈ પટેલ (કાલામાઝુ)

૧૨. પ.ભ.શ્રી જતીનકુમાર અને ઝંખનાબેન મજુરદાર

૧૩. પ.ભ.શ્રી અર્ચનાબેન અને ઊમંગભાઈ ભટ્ટ




-:: પ્રકાશક ::-

**Midwest Shree Swaminarayan Temple**

(Under Nar Narayan Dev Diocese)

**International Swaminarayan Satsang Organisation**

21 W 710 Irving Park Road, Itasca. IL-60143

Ph. : (866) 838 - 4778 Fax : (630) 351 - 1885

Live Darshan : http://www.issochicago.org